શ્રી

વ્યાખ્યાન-
-સાહિત્ય સંગ્રહ.

ભાગ ૧ લો.

(દેવ, ગુરૂ અને ધર્મના સ્વરૂપને સમજાવી આત્મસત્તા દર્શાવનાર ગ્રંથ.)

સંશોધક અને વિવેચક,
મુનિરાજ શ્રી વિનયવિજયજી.

પ્રસિદ્ધ કર્તા,
દેવચંદ દામજી શેઠ.
અધિપતિ અને માલેક, "જૈન"
ભાવનગર.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યો.

વિક્રમ સંવત ૧૯૭૧. વીર સંવત ૨૪૪૧. સને ૧૯૧૫.

મૂલ્ય રૂા. ૨-૮-૦

अनन्तपारं किळ सर्वशास्त्रं स्वल्पं तथायुर्बहवश्च विघ्नाः
सारं ततो ग्राह्यमपास्य फल्गुहंसैर्यथा क्षीरमिवाम्बुमध्यात् ।

શાસ્ત્રો અનંત છે, ભણવાનું ઘણું છે, આયુષ્ય અલ્પ છે, વિઘ્ન ઘણાં છે, વાસ્તે આવશ્યક હોય તેનોજ અભ્યાસ કરવામાં હંસનો નિરક્ષીર વિવેક પ્રાપ્ત કરવો.

શાસન હિતચિંતક શ્રી માંગરોળ જૈન

શ્વેતાંબર તપગચ્છ સંઘ સમસ્ત

શ્રી માંગરોળ,

ધર્મ બન્ધુઓ !

શાસનનો અભ્યુદય, સાહિત્યની ખીલવણી અને કેળવણીની અભિવૃદ્ધિમાં રહેલો છે, તે ઉચ્ચ વિચારને અવલંબી તમોએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના નિર્વાહના ઉપયોગી કાર્યમાં લગભગ સારી જેવી રકમ આપવા ઉદારતા બતાવી છે, તેમજ જૈન સાહિત્ય સંગ્રહ ગ્રંથની ઉપયોગીતા જોઇ તેની પણ $\frac{૧}{૩}$ જેટલી કોપી અગાઉથી ખરીદવાની જે ઉદાર લાગણી દર્શાવી છે તે, અને તેવા કેળવણીના શુભ પ્રસંગોમાં શાસનની ઉન્નતિ ખાતર તમે માંગરોળ તેમજ મુંબઇમાં વેપારાર્થે વસતા ભાઇઓ જે ઉત્સાહ દેખાડો છો, એ સર્વે હકીકતથી તમારો સાહિત્ય પ્રેમ જોઇ, આ ગ્રંથ તમો બન્ધુઓને અર્પણ કરતાં મને આનંદ થાય છે.

ભાવનગર આષાઢ શુકલ ચતુર્દશિ (ચોમાસી ચોદશ) સંવત ૧૯૭૧	પ્રકાશક.

यस्यास्याद्वचनोर्मिरंगललिता संनिर्गता शांतिदा ।
स्याद्वादामलतीरतत्त्वविटपिप्रौल्लाससंदायिनी ।
भव्यात्मानघपांथतर्पणकरी ग्रंथावलीजान्हवी ।
नित्यं भारतमापुनाति विजयानंदाख्यसूरिं नुमः ॥ १ ॥

જેમના મુખમાંથી પ્રગટ થયેલી ગ્રંથ શ્રેણિરૂપ ગંગા કે જે વચનરૂપ તરંગોના રંગથી સુંદર છે, જે સ્યાદ્વાદરૂપ નિર્મલ તીર ઉપર રહેલા તત્ત્વરૂપી વૃક્ષોને ઉલ્લાસ આપનારી છે, અને ભવી આત્મારૂપી નિર્દોષ મુસાફરોને તૃપ્તિ અને શાંતિ આપનારી છે, તે ગ્રંથ શ્રેણિરૂપ ગંગા અદ્યાપિ આ ભારતવર્ષને પવિત્ર કરે છે. તે **શ્રી વિજયાનંદસૂરિને** અમે સ્તવીએ છીએ. ૧

મરહુમ આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજ

(આત્મારામજી મહારાજ.)

ગ્રંથરચના વિવેચન.

આશીર્વાદાત્મક.

शार्दूलविक्रीडितम्. *

नानापट्टपुराणकाव्यततितो नानेतिहासादितो
नानाशास्त्रकथाप्रबन्धसुमहत्साहित्यकोशादितः
संगृह्यातिसुयत्नतः प्रकटितो व्याख्यानसौकर्यकृद्
भाषामिश्रित एषकोऽस्तु भवतां ग्रन्थो मुदे सर्वदा ॥ १ ॥

ભિન્ન ભિન્ન પ્રકારમાં પટ્ટ (સંઘપટ્ટાદિક) પુરાણો તથા કાવ્યાદિની પંક્તિઓ-માંથી, ભિન્ન ભિન્ન ભારતાદિ ઈતિહાસ વિગેરેમાંથી, ભિન્ન ભિન્ન શાસ્ત્રો, કથાઓ, પ્રબંધો

---

* આ પદ્યનું વૃત શાર્દૂલવિક્રીડિત છે તેનું લક્ષણ " सूर्याश्वैर्यदिमः सजौ सततगाः शार्दूलविक्रीडितम् " અર્થાત્ ૧૨ અને ૭ અક્ષરે વિરામ અને म ગણ स ગણ ज ગણ स ગણ त ગણ त ગણ અને ગુરૂ એક અક્ષર એમ ૧૯ અક્ષરનું એક પદ બને છે તેવાં ચાર પદનું એક વૃત્ત થાય છે.

ગણ म, न, भ, य, ज, र, स, અને त એમ આઠ છે. અને તે એક એક ગણ ૩—૩ અક્ષરો મળી થાય છે. છન્દ શાસ્ત્રમાં જણાવ્યું છે કે છન્દો મુખ્ય બે પ્રકારના છે, તેમાં કેટલાક આર્યા વગેરે માત્રા મેળ છે અને બાકીના ઘણા છન્દો ગણ મેળ છે. ગણનું રૂપ આપતાં જણાવે છે કે मस्त्रि गुरु स्त्रि लघुश्चनकारो भादि गुरुः पुनरादिलघुर्यः । जो गुरु मध्यगतोरल मध्यः सोऽन्त्यगुरुः कथितोऽन्त्यलघुस्तः ॥ दोधकं એટલે જેમાં ત્રણેય અક્ષર ગુરૂ હોય તે म ગણ (ઉદાહરણ—માતાજી SSS) અને જેમાં ત્રણ લઘુ હોય તે न ગણ (ઉદાહરણ—નગર III) આદિ અક્ષર ગુરૂ હોય તે भ ગણ (ભારત SII) અને આદિ લઘુ તે य ગણ (પથારી ISS) જેમાં ગુરૂ અક્ષર મધ્યમાં હોય તે ज ગણ (સુતાર ISI) અને લઘુ મધ્યમાં હોય તે र ગણ (કાંકરા SIS) અને અન્ત્ય ગુરૂ હોય તે स ગણ (પથરા IIS) અને છેલ્લો લઘુ હોય તે त ગણ (સૂથાર SSI) ગુરૂ લઘુની પીછાણ માટે જણાવે છે કે સ્વરોમાંથી अ इ उ ऋ ऌ સિવાયના તમામ સ્વરો દીર્ઘ સ્વર કહેવાય आ ई ऊ ॠ ए ऐ ओ औ अं अः તે દીર્ઘ. તેમ क कि कु कृ कॢ આ પાંચ અક્ષર હસ્વ અને का की कू कॄ के कै को कौ कं कः આ અક્ષરો દીર્ઘ (ગુરૂ) છે, તેમ ख

અને મહાન્ સાહિત્યના ભંડારો વિગેરેમાંથી સારી રીતે યત્નથી સંગ્રહ કરી આ "વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ" ગ્રન્થ પ્રસિદ્ધ કરેલ છે. વળી તેમાં ભિન્નભિન્ન શ્લોકો ભિન્નભિન્ન ગ્રંથોમાંથી ભાષાન્તર તથા વિવેચન સહિત લેવામાં આવ્યા છે જેથી આ ગ્રન્થ વ્યાખ્યાનના કાર્યમાં સરલતાને કરવાવાળો તેમજ આપ સર્વના આનન્દ માટે થાઓ. ૧

વિનયવિજયજી.

વગેરે તમામ અક્ષરનું જાણી લેવું. અને વિશેષમાં એટલું પણ જાણવું કે અક્ષર પોતે હ્રસ્વ હોય પરંતુ તેના પછી જોડાક્ષર આવે તો તે લઘુ અક્ષર દીર્ઘ (ગુરૂ) કહેવાય છે. જેમકે "कक्ष" આમાં क અક્ષર હ્રસ્વ છે પરંતુ क्ष જોડાક્ષર આવતાં તે क દીર્ઘ (ગુરૂ) જાણવો. અને આર્યા વગેરેની માત્રા ગણવી પડે ત્યાં ગુરૂ અક્ષરની બે માત્રા અને લઘુ અક્ષરની એક માત્રા ગણવી. પરંતુ તેના બીજા તથા ચોથા ચરણમાંનો છેલ્લો અક્ષર વિકલ્પે ગુરૂ હોય તો લઘુ ગણાય અને લઘુ હોય તો ગુરૂ ગણાય, પરંતુ માત્રા એક વધતી ઘટતી હોય તો તેમ થઇ શકે છે અને ल તે લઘુ અક્ષરનું અને ग તે ગુરૂ અક્ષરનું ચિન્હ જાણવું. આ છંદનાં સામાન્ય ભેદ દર્શાવ્યા, પરંતુ છંદશાસ્ત્ર વિશાળ છે તેથી વિશેષ જ્ઞાતાના મુખથી જાણી લેવું.

याचना.

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः
विहसन्ति खला स्तत्र समादधति सज्जनाः ॥ १ ॥

જે મનુષ્ય ગતિ કરતો હોય તેને ક્યાંકપણ પ્રમાદથી ઠેસ લાગે છે જ. પરંતુ તેવે પ્રસંગે ખલ પુરૂષો (તેને દેખીને) હસે છે અને સજ્જન પુરૂષો (તેનું) સમાધાન કરે છે. ૧

આ વાક્યને અનુસરી આ ગ્રન્થમાં કોઈ પણ ઠેકાણે મારો પ્રમાદ થયો હોય તો તેને માટે સૂચના કરવાની સજ્જન મહાશયોને હું વિનંતિ કરૂં છું કે જેથી અન્ય પ્રસંગે તે તરફ ઉપકાર સહ લક્ષ આપી શકાય.

આ ગ્રંથમાં અકેક વિષયની વિશાળતા અને પુષ્ટિ તરફ લક્ષ આપતાં તેમાં જૈન તેમજ જૈનેતર બહોળાં શાસ્ત્રોના પ્રમાણોનો સંગ્રહ થવા પામેલ છે. તેથી કોઇ સ્થળે વિપરીત ભાવ જણાય, તો સમજુવર્ગ તે જણાવશે તો ઉપકાર થશે.

વિનય.

પૂર્વ કર્મનું વર્તમાન સંબોધન.

उपजाति.

विधिर्विधाता नियतिः स्वभावः कालो ग्रहाश्चेश्वरकर्मदेवाः ।
भाग्यानि पुण्यं नियमः कृतान्तः पर्यायनामानि पुराकृतस्य ॥ १ ॥

વિધિ (ભાગ્ય) ૧, વિધાતા (બ્રહ્મા) ૨, નિયતિ (ભાવિભાવ) ૩, સ્વભાવ (પ્રકૃતિ)૪, કાલ (સમયધર્મ) ૫, ગ્રહો (સૂર્યાદિ નવ ગ્રહો) ૬, ઇશ્વર (પરમેશ્વર) ૭, કર્મ (પ્રારબ્ધ) ૮, દૈવ (કર્મ પ્રેરક શક્તિ) ૯, ભાગ્ય (નશીબ) ૧૦, પુણ્ય (શુભ અદૃષ્ટ ધર્મ) ૧૧, નિયમ (કુદરતી પદ્ધતિસર ચાલતો ઉપક્રમ)૧૨, કૃતાંત (પૂર્વ જન્મમાં કરેલા કર્મનું ફલોન્મુખ દૈવ) ૧૩. એમ તેર પૂર્વ જન્મમાં કરેલા કર્મનાં પર્યાય નામો છે.

મુનિમહારાજ શ્રી વિનયવિજયજી મહારાજ,
(જૈન સાહિત્ય સંગ્રહ તથા જૈન શ્વે. ગ્રંથમાળાના કર્તા.)

મુનિમહારાજશ્રી વિનયવિજયજીનું

જીવન ચરિત્ર.

વનની શરૂઆત.

coming events cast their shadows before.

પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય.

यथा मृत्पिंडतः कर्ताकुरुते यद्यदिच्छति
एवमात्मकृतं कर्म मानवः मपिपद्यते

જેમ માટીના ગોળાનો કુંભાર ઇચ્છીત આકાર કરી શકે છે તેમ હરેક માણસ પોતાનું સારૂં કે નઠારૂં નસિબનું બંધારણ પોતાની જાતે જ મેળવી શકે છે.

આ અપૂર્વ ગ્રંથનું સંશોધન કરી વર્ષોના પરીશ્રમ પછી સ્પષ્ટાર્થ અને વિવેચન યુક્ત દેવ, ગુરૂ, અને ધર્મને ઓળખાવતા કિમતી સાહિત્યનો ખજાનો આપણા માટે અર્પણ કરનાર મુનિ શ્રી વિનયવિજયજીના વર્તમાન જીવનની શરૂઆત કાઠિયાવાડના એક નાના ગામડામાંથી થાય છે.

છોડવડી ગામ જુનાગઢ નજીકનું એક ગામડું છે, કે જ્યાં દેવકરણ જાદવજી નામના વિશાશ્રીમાળી વણિક ગૃહસ્થને ઘરે તેમનો જન્મ સં. ૧૯૨૭ ના આષાઢ વદી ૧૧ ના રોજ થયો હતો. આ વખતે તેમનું નામ વીરજી રાખવામાં આવ્યું હતું.

માતા-પિતાનો મુખ્ય ગુણ પુત્રવાત્સલ્યનો હોય છે, અને તેમાં પણ દેવકરણ શેઠને ત્યાં એકજ સંતાનની પ્રાપ્તિ હોવાથી તેમને બહુ લાડથી ઉછેરવામાં આવતા

હતા. તેમની આનંદી બાળચેષ્ટા, નિર્દોષ હાસ્ય અને સરલ ગમ્મતથી તેમનાં માતા ઝવેરબાઇ બહુ ખુશિ રહેતાં અને તેમની સંભાળમાંજ સઘળો વખત આનંદથી પસાર કરતાં. કમનસિબે માતાને પુત્રરત્નના પ્રારબ્ધને વિશેષ નિહાળવાનો પ્રસંગ મળે તે પૂર્વે પુત્રની ઉમ્મર હજુ તો સાત વર્ષની થઇ તેટલામાં દેહમુક્ત થયાં અને તેથી પીતા પુત્રને કૌટુંબિક વર્ગ સાથે ખાવા-રહેવાની ગોઠવણ કરવી પડી.

"પુત્રનાં લક્ષણ પારણામાંથીજ વર્તાય." તે ન્યાયે તેમની કેળવણી પરત્વે રૂચી, તપાસવાની ટેવ તથા ગ્રાહ્ય શક્તિ અસાધારણ હતાં. છતાં તેમનું જન્મસ્થળ ખુણામાં પડેલ હોવાથી અગિયાર વર્ષની ઉમ્મરે તેઓ ગુજરાતી છ ચોપડીનો અભ્યાસ કરી રહ્યા તેટલામાં તેમને દુકાનમાં જોડી દેવામાં આવ્યા. દુકાનમાં તેમને મુખ્ય કામ નામાનું કરવાનું હતું. છતાં તે ઉપરાંત પોતાની ખેતી ઉપર દેખરેખ પણ રાખવી પડતી. અગર જો કે ખેતીનું કામ કરવાને માટે ખેડુતને નોકર (સાથી) રાખેલ હતો, તોપણ જમીનની માલેકી અને ફારમની જવાબદારી તેના કુટુંબને શીર હતી અને તેથી જમીનની આવકમાં તેમના આસ મનાતા વર્ગનો લાભાલાભ સમાયલો હતો.

વર્તમાન સંજોગોમાં જેમ મોટે ભાગે જોવાયછે, તેમ ઘણા કુટુંબોમાં સંજોગોની પ્રતિકુળતાથી બાળકને શિક્ષણનો સમય છતાં નજીવી આવક માટે ધંધાની ધુસરી કે નોકરીની બેડીમાં નાંખી દેવાય છે તેમ આપણા શ્રીયુત વીરજીભાઇ માટે થયું, છતાં કેટલીક વખત નજીવા સંજોગો પણ ખાસ અનુકુળ થઇ પડે છે તે ન્યાય આ પ્રસંગે વીરજીભાઇને લાગુ પડયો. કેમકે તેનું હૃદય કોમળ હતું, તેથી ખેતી જેવી સખ્ત મજુરી કરનાર ખેડૂત (મજુર)ના શ્રમ માટે તેમને દયા આવતી અને પોતે શેઠની ઉપાધીવાળા છતાં તે મોટાઇને બાજુ મુકી પાક તપાસવા જતાં પોતાના ખેડૂત સાથીને બપોરના જમવાને ભાત સાથે લઇ જઇ આપતા તથા તેમની સાથે વાતચીતમાં કેટલોક કાળ રોકતા, આ પ્રવૃત્તિથી તેઓને આનંદ એ થતો કે પોતાનો સાથી પુખ્ત ઉમ્મરનો અને ધર્મનો રાગી હતો તેથી તે ભજન લલકારતો તે તેઓને સાંભળવાને હોંસ વધવા લાગી. સાથી જેનું નામ બહેચર હતું તે ગૃહસ્થાશ્રમી છતાં સ્રી પુરૂષ બંનેએ ચોથાવ્રતના નિયમ કર્યા હતા. અને તે વખતો વખત બે ત્રણ ઉપવાસ એકી સાથે ખેંચી કાઢતો. આટલું છતાં તે હમેશાં કામ ઉપર જતો અને રાત્રે તંબુરો લઇ મોડી રાત સુધી ભજન કીર્તન કરતો. વીરજીભાઇને પરીચય વધતો ગયો; તેમ તેમ તે રાત્રીના ભજનમાં પણ જોડાવા લાગ્યા અને પોતે પણ સાથે ગાવા અને ભજન તથા પ્રલ્હાદ આખ્યાન, ધ્રુવઆખ્યાન, કુંવર બાઇનું મામેરૂં વિગેરે કેટલાક ગામડામાં સર્વ પરિચિત જોવાતા ભજનો મોંએ કરી નાંખ્યા. આ સઘળાનું પરિણામ એ થયું કે વીરજીભાઇને ભક્તિ ઉપર પ્રેમ જાગ્યો અને બહેચર તથા વીરજીભાઇ બંને ભક્તના નામથી ઓળખાવા લાગ્યા.

વીરજીભાઇનું કુટુંબ જૈન હતું, તેઓ જૈનના પુત્ર હતા. અને જૈન નામે ઓળખાતા હતા છતાં આજ કાલની ધર્મ—ધર્મ શબ્દ પોકારનારની ધર્મ ભાવના હૃદયમાંથી ખસીને જીભમાં આવી વસી હોય તેમ તેઓ જૈન તત્ત્વ જાણવાને એનસીબ હતા.

દરેક ધર્મમાં જોઇશું તો ઘણો ભાગ પોતાના કહેવાતા ધર્મનું મોં માથું પણ ભાગ્યેજ જાણવા છતાં ફક્ત ધર્મનું ધડ પકડી ઝુઝે છે. પણ તેઓ ધર્મના રહસ્યને સમજતાં શીખે તો પછી આત્મહિત સહેજે સુલભ થઇ શકે. તો પણ સુભાગ્યે ધર્મના અંગે મુકરર થયેલાં નિયમિત ક્રિયાકાંડ અને વૃત નિયમ તથા પર્વ દિવસોની સરલતા એવી તો અનુકુળ અને સુદૃઢ પદ્ધિતિથી યોજાએલ છે કે ભવિજીવોને તે પોતાની ફરજનું સહજ ભાન કરાવે છે.

પર્યુષણ પર્વ એ જૈન પ્રજા માટે એવો દિવસ છે કે જેનાથી “ જૈન ” બિરૂદ ધરાવતાં બાળ વૃદ્ધ સર્વ જાણીતા છે. મોટા શહેરમાં કે નાના ગામડામાં, સેંકડો માણસોથી કે જંગલમાં વસતો એક જ જૈન પણ આ પર્વના દિવસ તપ, જપ, ધ્યાન, ભાવના–સેવા–ભક્તિ અને ધર્મારાધનમાં પસાર કરે છે. ગામડાના લોકો પોતે જૈન છે તે પર્યુષણના આઠ દિવસ જાણી શકે છે. સામાયિક પ્રતિક્રમણ પૂજા શાસ્ત્રવાંચન વગેરે નિત્ય આવશ્યક આત્મહિત ક્રિયાનું આરાધન આ આઠ દિવસ અને નહિ તો છેલ્લા એક દિવસ તો સર્વ કોઇ કરે છે. આ પ્રમાણે છોડવડીમાં પણ પર્યુષણના દિવસ આવતાં વીરજીભાઇને પોતે “ જૈન ” હોવાનું ભાન થયું.

ગામનો મોટો ભાગ વૈષ્ણવ સંપ્રદાયી હોવાથી અને વીરજી ભક્તને પ્રથમ સંસ્કાર બેચર ભક્તના થવાથી તેમનું હૃદય વૈદિક ધર્મમાં રંગાયું હતું. તે પર્યુષણ પર્વમાં શાસ્ત્ર શ્રવણ થતાં નવું જાણવા આકર્ષાયું. અને એકડાનો પાઠ પાકો થવા પછી એકુ શીખવાને જેમ વિદ્યાર્થીનું ચિત્ત આકર્ષાય છે, તેમ પોતાના કુળ ધર્મ માટે અભ્યાસ કરવાની જીજ્ઞાશા થઇ આવી.

વીરજીભાઈ જૈન ધર્મ માટે જેમ જેમ નવું નવું વાંચતા ગયા તેમ તેમ વધારે ઉંડા ઉતરવા ઇચ્છા થતી ગઈ અને તેના પરિણામે વૈરાગ્ય ભાવ થઈ આવ્યો. અત્યાર સુધીમાં તેઓ દુકાનના કામમાં બહુ ઓછો ભાગ લેતા હતા. અને બાકી પુસ્તકો વાંચવા અને સ્તવન, ભજન કરવામાં દિવસ કાઢતા હતા. તેથી તેમના પિતાને વીરજીભાઇના લગ્ન જલદી કરવા ઇચ્છા થઇ. તેઓ માનતા હતા કે સંસારમાં પુત્રનું જોડાણ કરવા અને તેનું ધંધામાં ચિત્ત લગાડવાને સ્ત્રી રૂપી બેડી પહેરાવવા જરૂર છે. સ્ત્રીને મોહિનીનું રૂપ એટલા માટે આપેલ છે કે તેના સંસર્ગ પાસની મોહ દિશામાં પુરૂષ અંધ બની જવાથી પોતાનું આત્મકલ્યાણ ધર્મધ્યાન અને વૈરાગ્યના વિચારને વિસરી જાય છે. આ ઉપરથી પોતાના પુત્રના વૈરાગ્યભાવને સંસાર પક્ષમાં ખેંચી રાખવાને તથા પોતાની ઘરભંગ સ્થિતિ હોવાથી પુત્રવધુ આવતાં

બાર ખુલ્લે તે માટે તેમણે વીરજીભાઇનો સંબંધ–સગાઇ કરવા ધાર્યું. પણ આ ખબર વીરજીભાઇને પડી જવાથી તેમને તેમ કરવા સાફ ના પાડી અને તેઓ ખરીદ અર્થે ૧૯૫૨ માં જેતપુર ગયા કે જ્યાં ઢુંઢોયાના સાધુ માણેકચંદજી સ્વામી (તપસ્વી) ચોમાસું હતા તેથી તેમને મળ્યા અને ધર્મચર્ચા થવાથી તેમને આનંદ થતાં પોતાને દીક્ષા લેવાની ઇચ્છા થઇ હતી, ને આ અવકાશ મળી આવ્યો, જેથી તુર્ત તેમણે ત્યાંજ દીક્ષા લેવા ધારી, રજા માટે પોતાના પિતાને પત્ર લખ્યો.

પ્રેમ એ અદ્ભુત લાગણી છે. સામાન્ય પરિચિત બે વ્યક્તિ વચ્ચે પ્રેમનું બીજ ન ધારેલી રીતે વવાઇ જવા પછી તે વૃક્ષ એવી છુપી રીતે વધી જવા પામે છે કે તેની મજબુતી અને વિશાળતાનું ખરૂં ભાન પ્રસંગે જ થઇ શકે છે. આ સામાન્ય વ્યકિતના પ્રેમનું સ્વરૂપ છે. ત્યારે પીતા પુત્ર વચ્ચેનો કુદરતી પ્રેમ કેટલો વિશાળ હોય તેની ગણના થવી બહુ મુશ્કેલ છે; ગમે તેવા અપરાધ વચ્ચે પણ પિતા પુત્રને નિર્દોષ જુએ છે, ગમે તેવા કુરૂપ વચ્ચે પણ પિતા પુત્રને તેજસ્વી માને છે. અને ગમે તેવા વર્તન છતાં પણ પિતા પુત્રને ચાહે છે, તેનું કારણ કુદરતી પ્રેમ નહિ તો બીજું શું ? કહ્યું છે કે—

बंधनानि खलु संति बहूनि प्रेमरज्जुदृढबंधनमेव
दारुभेदनिपुणोऽपि षडंघ्रिर्निष्क्रियो भवति पंकजकोशे

"બંધન ઘણા હોય છે, પરંતુ પ્રેમરૂપ દોરડી દ્રઢબંધન છે. કેમ કે ભ્રમર લાકડું ભેદવામાં ચતુર છતાં પણ કમળ કોશને ભેદી શકતો નથી."

પોતાના પુત્રનું ચિત્ત સંસારમાં જોઇએ તેવું નથી, તેમ દેવકરણ શેઠ જાણતા હતા; છતાં જ્યારે તે દીક્ષા લેવાના છે તેમ તેને ખબર મળ્યા કે તુર્ત જાણેકે તેઓ હમેશને માટે પુત્રરત્ન ગુમાવી બેસતા હોય તેવો આઘાત થયો. પુત્રના વર્તનમાં તેનું હિત કેટલે અંશે સધાય છે તે ગણના કરવા જેટલી તેમની પ્રેમદ્રષ્ટિ ઉદાર થઇ શકી નહિં. તેથી તેઓ પોતાના ભાઇ જીવાભાઇ સાથે જેતપુર આવ્યા અને દીક્ષાને માટે રજા આપવાને બદલે અનેક પ્રકારે આક્રંદ કરતા વીરજીભાઇને પોતાની સાથે લઇ ગયા. કહ્યું છે કે—

पादाकुलकं

हा हा दुष्टकदर्थितकायैः क्षिप्तं जन्म मुधा व्यवसायैः
काकिण्यर्थे चिन्तारत्नं हारितमेतदकृत्वा यत्नम्

" જેમ કોઇ કોડી મેળવવા માટે ચિંતામણી રત્ન ખોઇ બેસે છે, તેમ દુષ્ટ સંસારની વાસના માટે નિષ્ફળ પ્રયત્નવાળા પુરૂષો પ્રભુ ભજનનો યત્ન કર્યા વિના જન્મ ગુમાવી દે છે. "

મન એ સ્વતંત્ર છે. શરીરને રોકવા-કાબુમાં રાખવા કે કેદ કરવા ભલે સર્વ કોઈ પ્રયત્ન કરે, પરંતુ મનને રોકવા કોઇ સમર્થ નથી. મનનો પ્રવાહ અકળ-અસિમ અને અગાધ છે. મનની સ્થિરતા જેમાં પ્રેમ જોડે છે, તેમાંજ તે ચિરસ્થાયી લાગી રહે છે. તેને બીજી વાત, શ્રૃંગાર કે મોહક વસ્તુ પણ તુચ્છ લાગે છે. તેમ વીરજીભાઇ તેમના પિતાદી-કૌટુંબીક આગ્રહથી ઘરે પાછા ફર્યા, પરંતુ તેમનું મન વૈરાગ્યથી પાછું ફર્યું નહેતું. સ્વાભાવિક કહેવાય છે કે **मन एव मनुष्याणां कारणम् बंध मोक्षयोः** મન એજ મનુષ્યને બંધ (મોહાદિ) અને મોક્ષ (છુટાપણા) નું કારણ છે. અને તે પ્રમાણે વીરજીભાઈનું મન મોક્ષ (સંસારથી છુટાપણું) ચાહતું હતું. તેથી તેઓએ ઘરે આવવા પછી-ભૂમિશયન, એકાસણાં, બ્રહ્મચર્યવ્રત, સચેત ત્યાગ, એ વગેરે વિરક્ત ભાવનાના આચાર ગ્રહણ કર્યા હતા. અગર જો કે પોતાની પાસે રહી આ પ્રમાણે કરવા સામે તેમનું કુટુંબ તાત્કાલિક વાંધા લેતું હતું નહિ તોપણ વીરજીભાઈનું મન હમેશને માટે બંધનમાં રહી તેમ કરવાથી કદી સ્ખલના થવાની શંકા રાખતું હતું. વળી ગમે તેટલી છુટ છતાં સંસાર અવસ્થા અને પરિચિત મોહ તેમના ધર્મકાર્યમાં કદાચ અંતરાય લાવે તે બનવાજોગ હતું અને તેથી એક વર્ષમાં ચાર પાંચ વખત તપસ્વી પાસે જા આવ થઇ અને અંતે ૧૯૫૩ ના ચોમાસામાં તપસ્વી વેરાવળ હોવાથી ત્યાં તેમની પાસે ગયા અને દીક્ષા લેવાનો દ્રઢ સંકલ્પ જણાવ્યો કે જે ખબર પુનઃ તેમના પિતાને આપતાં તેઓ ત્યાં આવી પાછા તેડી જવા કહેવા લાગ્યા.

વીરજીભાઈનો નિશ્ચય દ્રઢ હતો, અને તેથી સરલતાથી માર્ગ કરવા અને બને તો પરહિત કરવાના હેતુથી તેમણે પોતાના પિતાને જવાબમાં વિનંતી કરી કહ્યું કે–

"પિતાજી ! ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશવા છતાં ઉજ્વળ આત્માઓનો ધર્મ સ્વતઃ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. બાહ્યદ્રષ્ટિથી જ્યાં સુધી ઉજ્વળ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં દર્શન દે છે, ત્યાં સુધી તે કથનની સિદ્ધતા કવચિત્ દુર્લભ છે; એ નિઃસંશય છે.

મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી. એનાં સઘળાં પ્રવચનોમાં એમણે એજ પ્રદર્શિત કર્યું છે; તેમ તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી કાયા, યશોદા જેવી રાણી, અઢળક સામ્રાજ્ય લક્ષ્મી, અને મહા પ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ છતાં તેના મોહને ઉતારી દઇ જ્ઞાન દર્શન યોગપરાયણ થઇ એણે જે અદ્‌ભૂતતા દર્શાવી છે, તે અનુપમ છે. એનું એજ રહસ્ય પ્રકાશ કરતાં પવિત્ર ઉત્તરાધ્યયન સૂત્રમાં, આઠમા અધ્યયનની પહેલી ગાથામાં કપિલ કેવળીની સમીપે તત્વાભિલાષીના મુખ કમળથી મહાવીર કહેવરાવે છે કેઃ—

अधुवे असासयंमि संसारंमि दुरूखपउराए
किं नाम दुध्यं तकम्मयं जेणाहं दुग्गइं न गछेज्ञा

વળી મને એ શંકા છે કે—

क्वचिद्विद्वद्गोष्टिः क्वचिदपि सुरामत्तकलहः
क्वचिद्वीणावादः क्वचिदपि च हा हेति रुदितम्
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जरतनु-
र्नजाने संसारः किममृतमयः किं विषमयः

સંસારમાં કોઇ વખત વિદ્વાનોનો વિનોદ, કોઇ વખત મદિરા પીને મસ્ત થએલાઓનો કલહ, કોઇ વખત વીણાનો નાદ, કોઇ વખત હાહાકાર થતું રૂદન, કોઇ વખત મનોહર સ્ત્રી અને કોઇ વખત વૃદ્ધાવસ્થાથી જર્જરીત થએલ શરીર દેખાય છે. આ ઉપરથી સંસારને અમૃતમય કહેવો કે વિષયમય તે સમજી શકાતું નથી.

હે પિતા ! આ એવો ગુંચવણવાળો પ્રશ્ન છે કે જે ઉકેલવા સમર્થ પુરૂષોની જરૂર છે, અને તેવા પુરૂષોની પ્રાપ્તિ માટે સંસાર મોહથી વિરકત થવા પ્રથમ જરૂર છે કારણ કે તેવા સમર્થ નરો સંસારમાં રહીને મેળવી શકાતા નથી. કેમકે—

रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं न गेयादिकम्,
किंवा प्राणसमासमागमसुखं नैवाधिकं प्रीतये ।
किंतूद्भ्रान्तपतत्पतंगपवनव्यालोलदीपांकुर-
च्छायाचंचलमाकलय्य सकलं संतो वनान्तं गताः ॥

મહેલવાળી અગાશીઓમાં રહેવું શું રમ્ય નથી ? ગાયનાદી સંગીત શ્રવણ કરવાં તે શું પસંદ નથી પડતું ? કે શું પ્રાણથી પણ પ્રિય સંબંધીઓનું સમાગમ સુખ અધિક પ્રીતિનું પાત્ર નથી ? હાં છે. પરંતુ વસ્તુતઃ એ સર્વ પતંગીયાની પેઠે પળવાર ઊંચે ચઢી પડી જાય તેવું, અને દીપકની જ્યોતિની છાયાં પેરે ચલાયમાન છે, તેમ જોઇ સત્પુરૂષો વનમાં ચાલ્યા ગયા છે.

માટે હે પિતાશ્રી ! જો આપ મારા હિતૈષી હો તો ઉભય ભવના કલ્યાણ અર્થે મને જે ભાવના ઉદ્‌ભવી છે તેમાં અવરોધ લાવો નહીં.

આ વચનોની ધારેલી અસર દેવકરણ શેઠના હૃદય ઉપર થઇ એટલુંજ નહિ પણ તેડવા આવેલ પિતા પોતે પણ દિક્ષા લેવા તૈયાર થયા.

તપસ્વીએ તેમને અભ્યાસ શરૂ કરાવ્યો અને વીરજીભાઇને તેમની આજ્ઞાથી દિક્ષા આપવા નક્કી કર્યું.

દીક્ષા.

शुद्धः प्रसिद्धिमायान्ति लघवोऽपीह नेतरे ।
तमस्यपि विलोक्यन्ते दन्तिदन्ता न दन्तिनः ॥

જેમ અંધારામાં રહેલા હાથીના દાંત દેખાય છે પરંતુ હાથી દેખાતો નથી. (કેમકે દાંત ધોળા છે અને હાથી કાળો છે) તેમ નાના છતાં શુદ્ધ પુરૂષ પ્રસિદ્ધિ પામે છે. અને મોટા ડુંગર જેવડા પણ અશુદ્ધ હોવાથી પ્રસિદ્ધિ પામતા નથી.

સતાવીશ વર્ષની પૂર યુવાન અવસ્થાએ કુટુંબનો આગ્રહ પ્રેમ અને સુખસંપત્તિ વચ્ચે સંસાર ઉપર અનિત્ય ભાવ ભાવનાર આપણા ગ્રંથનાયક વિરજીભાઇને દીક્ષા લેવાનું મુહૂર્ત સં. ૧૯૫૪ ના કાર્તિક વદી. ૬ નું મુકરર થયું અને તેથી વેરાવળના ઢુંઢીઆભાઈઓ મહોત્સવને માટે પંદર દિવસથી ખાસ મંડપ અને દેશપરદેશ કંકોત્રી લખી ઉત્સાહ ભરી તૈયારી કરવા લાગ્યા. આ પ્રસંગે પિતા અને પુત્ર સાથે દિક્ષા લેનાર છે તે ખબરથી વીરજીભાઈ અને તેના પીતાના નામના વહીવટથી મુક્ત કરવા તેમના લેણા તથા દેવાની સર્વ વ્યવસ્થા કરી નાંખી; વળી સમકિતસાર ગ્રંથ બહાર પાડવા માટે વેરાવળના ઢુંઢીયા ભાઈઓએ મદદ કરી હશે તેથી તપ્પા સંઘ સાથે સ્નેહ નહોતો તે માટે તે ગ્રંથનો ત્યાંથી સદંતર નાશ કરવા કબુલવાથી એકસંપી થતાં મહોત્સવ સંતોષકારક થઇ પડયો. આ મહોત્સવ પ્રસંગે બહાર ગામથી દોઢથી બે હજાર મેમાન એકઠા થયા. દીક્ષામહોત્સવના કાવ્યો અને ગ્રંથો રચાયા અને આ સર્વ સંયોગો વચ્ચે મુકરર તારીખે દિક્ષા લેવા પછી તેઓ **વીરજી સ્વામીના** નામે પ્રસિદ્ધ થયા. જ્યારે તેમના પીતા દેવકરણ શેઠ અભ્યાસમાં આગળ વધી દીક્ષા લે તે પૂર્વે તાવની બીમારીમાં તે પછી બે ત્રણ માસમાં ગુજરી ગયા.

માણેકચંદજી સ્વામીને વીરજી સ્વામીનો પરિચય જેમ જેમ વધતો ગયો તેમ તેમના બુદ્ધિબળે માણેકચંદજી સ્વામીના હૃદયમાં ઉચ્ચ વિચારો જમાવ્યા અને તેમના જ્ઞાનથી ખુશી થઇ સવારના વ્યાખ્યાન સિવાય બાકી ઉપદેશ—વ્યાખ્યાન વગેરે માટે વીરજી સ્વામી ઉપર ભાર આવ્યો. આ સ્થિતિ વચ્ચે જેતપુર તથા પોરબંદરના ચોમાસાં શાંતિથી પસાર થયાં, આ અરસામાં વીરજી સ્વામીને વાંચવા ભણવાને બહુ તક મળી અને માણેકચંદજી સ્વામીના ગ્રંથ સંગ્રહનો મોટો ભાગ તેઓએ દૃષ્ટિ તળે કાઢી ગયા.

જ્યારે જ્યારે વીરજીસ્વામીને વાંચનમાં કંઈપણ પ્રશ્ન થતો ત્યારે માણેકચંદજી સ્વામીને પુછતા, અને જયાંસુધી પોતાના મનનું સમાધાન ન થાય ત્યાંસુધી હા માં હા મેળવી દેતા નહિ. એક વખત પ્રકરણ રત્નાકર ભાગ ૩ જામાં હુંડીનું સ્તવન વાંચતા તેમાં જીન પ્રતિમા સંબંધી પાઠો સૂત્રના અર્થ સાથે વાંચવાથી તેમના મનને પ્રતિમા પૂજાની આવશ્યકતા માટે શંકા થઈ અને તેના પરિણામે સમકિત સલ્યોદ્ધાર ગ્રંથ વાંચવો શરૂ કર્યો અને આ રીતે બંને ગ્રંથના વાંચનથી તેમના હૃદયમાં અનેક પ્રશ્ન ઉત્પન્ન થયા. પોતાના હમેશના રીવાજ પ્રમાણે આ સર્વે માટે તેમણે

ગુરૂને પુછ્યું, પણ કશું સંતોષકારક સમાધાન ન થતાં તે ગ્રંથ વાંચવા મના થઇ અને તેથી ઉત્પન્ન થયેલા પ્રશ્નો શંકા રૂપે દૃઢ થવા પામ્યા.

શંકાશુ હૃદય થવા સાથે દૃષ્ટિ ભ્રમમાં આવવા પછી તેનું નિરાકરણ ન થાય ત્યાં સુધી તેને લગતા સામાન્ય પ્રસંગ પણ બારીક તર્ક કરવાનો કારણ આપે છે તેમ તે પછીના વિહારમાં તપસ્વીના પગલાં કોઇ સ્થળે લેવાયાં તે જોઇ પગલાં પ્રત્યેની પુજ્ય ભાવનાના દેખાવે પ્રભુ પ્રતિમા માટે તેમના મનને વધારે દ્રઢ બનાવવા કારણ આપ્યું અને વળી વધારે ઉંડાણમાં આવતાં તેઓશ્રીના ફોટા લેવાયાનું જાણી વીરજીસ્વામીને સ્થાપનાની જરૂરીયાત માટે જે વિચાર થયા હતા તે છેક મજબુત થયા અને તેથી પોતાની શંકાના વિશેષ સમાધાન માટે કોઇ વિદ્વાનનો પ્રસંગ શોધવા લાગ્યા.

શિહોરમાં પોપટનામનો એક જન્મમુંગો માણસ મહારાજ શ્રી (હાલ ઉપાધ્યાયશ્રી છે તે) વીરવિજયજી મહારાજના પુણ્યબળે તેમનાં દર્શનથી બોલતો થયો. તેવા ખબર તેમણે સાંભળ્યા હતા, તેથી જ્યારે તેઓ પોતાના ગુરૂ માણેકચંદજીસ્વામી સાથે અમરેલીમાં સં. ૧૯૫૬નું ચોમાસું રહ્યા ત્યારે તેમની ઇચ્છા ઉપરોક્ત વિચારો માટે તેઓશ્રી પાસેથી શંકાનું સમાધાન કરાવવાની થઇ આવી અને તેજ અરસામાં મહારાજશ્રી વીરવિજયજી કે જેઓ પાલીતાણે ચોમાસું હતા ત્યાં પત્ર લખી પોતાની શંકા માટે પ્રશ્ન પુછવા ઇચ્છા જણાવી અને તેનો ઉત્તર મળી જવાથી પૂછ્યું કે —

આપ શ્રી જે વસ્તુને હાથમાં અગર કેડમાં રાખો છો અને તેને (મુહપતિ) કહો છો તે ફેરવી તેને હાથપત્તિ અથવા કેડપત્તિ કહો તો શું ખોટું ?

આના જવાબમાં ઉપાધ્યાયજી મહારાજે લખ્યું કે " મહાનુભવ વ્યાખ્યાનાદિ બોલતી વખતે મુખ આચ્છાદન કરવાની વસ્તુ છે માટે શાસ્ત્રકારે મુહપત્તિ કહી છે; અને જો તમારા કહ્યા મુજબ મોઢે બાંધવાથીજ મુહુપત્તિ કહેવાતી હોય તો તમે આહાર કરવા બેસો ત્યારે તેનું નામ શું કહેશો ? કારણ કે તે વખતે મુહુપત્તિ મોઢે બાંધેલી હોતી નથી.

જે વસ્તુ રજ હરે છે તેને તમો રજોહરણ કહો છો તો પછી વિહાર કરો ત્યારે પગે બાંધીને ફરો તો રજોહરણ કહેવાશે નહીંતર કાખહરણ કહેવાશે, કારણ કે તે વખતે કાખમાં રાખો છો. આવીજ રીતે પગરખાનું તથા અંગરખા વિગેરે ઘણાં દ્રષ્ટાંતો આપી તે પ્રશ્નોત્તરનું ઘણું સારી રીતે સમાધાન કર્યું.

એવી રીતે જુદા જુદા એકવીશ પ્રશ્નનો જવાબ મળવાથી વીરજીસ્વામીનો ઉપાધ્યાયજી મહારાજ પરનો ગુરૂભાવ દિનપ્રતિદિન વધતો ગયો.

વિચારવમળ વચ્ચે વીરજીસ્વામીએ પોતાના ગુરૂ માણેકચંદજી સ્વામી સાથે અમરેલીથી વાંકાનેર તરફ વિહાર કર્યો. તેટલામાં પ્રેમચંદ નામના એક શખ્સે દીક્ષા લેવા અરજ કરી અને તેઓ વીરજી સ્વામીજીના શિષ્ય થયા. આ રીતે શિષ્ય સંખ્યા શરૂ થવાથી વીરજીસ્વામીને ઉલટું સંકટ આવી પડ્યું. કેમકે પોતે જે માર્ગમાં શંકાયુકત હતા, તેમાં જાણી બુઝીને એક નવા માણસને જોડવો તે તેમના મનને ઠીક લાગ્યું નહિ, અને તેથી પોતાની શંકાઓ તેમને જણાવી દીધી કે જેથી તેણે

પણ તેમાં સામેલ થવા ઇચ્છા બતાવી અને તે રીતે પોતાને તે એક સમક્તિદર્શક સ્થાન થઇ પડયું જાણી સર્વ વાતથી તેમને વાકેફ કર્યા.

અનુક્રમે ૧૯૫૭ ના ચોમાસામાં કુંડલા રહેવાનું થયું, જ્યારે ઉપાધ્યાયશ્રી વીરવિજયજી વગેરે મુનિ મંડળનું ચોમાસું **પાટણ** ગુજરાતમાં હતું અને તેથી પત્ર વહેવાર શરૂ રાખી અનેક શંકાનું સમાધાન થતાં સંવેગ દિક્ષા લેવા દૃઢ નિશ્ચય કર્યો પરંતુ આ સર્વ કાર્ય દરમિયાનમાં કુંડલાના ઢુંઢીયા ભાઇઓને શંકા પડવાથી કેટલોક ખુલાસો પૂછયો. આ સમય ધર્મ સંકટનો હતો. શ્રદ્ધાનો રંગ જે સંવેગમાં પલટાયો હતો, તે વાત દૃઢ હતી; ત્યારે બીજી તરફ ચોમાસામાં ગમન તે ચારિત્રાવસ્થામાં વિઘ્નરૂપ હતું. આવા સંજોગોમાં કાર્તિકી પુનમ આવી અને સવારના વીરજીસ્વામી દેરાસરમાં જઇ ચૈત્યવંદન કરવા બેઠા. આ બનાવે મોટો કોલાહલ કરી મૂક્યો કાર્તકી પૂનમે ઢુંઢીયા અને જૈનો સર્વ સાથે મોટા આડંબરથી વાજતે ગાજતે શત્રુંજયના દર્શન અર્થે ગામ બહાર જતા હતા તેની તૈયારીમાં હોવાથી આ દેખાવ જોઇ ઢુંઢીયા ભાઇઓને લાગી આવ્યું અને મુત્સદ્દી વર્ગમાં ફરીયાદ રજુ કરી.

મહારાજ વીરજી સ્વામી દર્શન કરી ત્યાંના શ્વેતાંબર ઉપાશ્રયમાં જઇ બેઠા હતા તેથી જૈન સંઘનાં આગેવાન શેઠ મૂળજી લવજી પાસે જઇ મહારાજશ્રીને ઉપાશ્રયમાંથી રજા આપવા જણાવ્યું. તેના ઉત્તરમાં મુળજી શેઠે જણાવ્યું કે "ઉપાશ્રય મારી માલેકીનો નહિ પણ શ્રી સંઘની માલેકીનો છે, અને સંઘમાં સાધુ વર્ગનો પણ સમાવેશ થાય છે, તેથી તેમનો જ્યાં હક્ક છે ત્યાંથી હું ઉઠાડી શકું, કે રજા આપી શકું તે મારી સત્તાની બહારની વાત છે." હવે બીજા પ્રશ્નનો અવકાશ રહ્યો નહીં. શેઠ મજકુરની પ્રભાવ અને પુન્ય પ્રકૃતિના તેજ સામે વિશેષ કહેવું તે વ્યર્થ હતું. હવે વીરજી સ્વામીને આ પ્રમાણે ન કરવા જણાવવાથી કહ્યું કે—"ભાઇઓ! હું દીર્ઘ વિચાર પછી જીનપ્રતિમા શાસ્ત્રાનુસાર વંદનિય-પૂજનિય હોવાની જરૂર સ્વીકારૂં છું. તેમાં તમને ઓછું આવે તે આશ્ચર્ય છે. કેમકે તેમાં હું તમને દુઃખ દેતો નથી, તમારો ભાગ્યોદય આ દિશાનું જ્ઞાન થવામાં અંતરાય કરે તે તમારા ભાગ્યની વાત છે." વગેરે રીતે શાંત પણ દૃઢ જવાબ આપવાથી બીજો માર્ગ ન હોઇને સર્વે પોતપોતાના સ્થાને ગયા અને સંઘ શત્રુંજયના દર્શન કરવા વાજતે ગાજતે જઇ આવ્યો. તે પછી વીરજી સ્વામીએ ત્યાંથી શેઠ મુળજીભાઇની દેખરેખ ભરી મદદ સાથે પાલીતાણા તરફ વિહાર કરી શ્રી શત્રુંજય ગીરીવરે જઇ યાત્રાનો લાભ લીધો, ને ત્યાંથી પાટણ—ગુજરાત જઇને ગુરૂ વીરવિજયજી મહારાજને મળ્યા.

સંવેગ દીક્ષા અને વિહાર.

गुणेषु क्रियतां यत्नः किमाटोपैः प्रयोजनम्
विक्रियन्ते न घंटाभिर्गावः क्षीरविवर्जिताः

ગુણમાં યત્ન કરવો, ડોળનું પ્રયોજન શું છે ? કેમકે જેમ દૂધ વિનાની ગાયને ઘંટા વડે શણગારવાથી કોઇ ખરીદતું નથી તેમ ગુણ વિનાનો આડંબર નકામો છે.

આ પ્રમાણે તત્ત્વરૂચી થવાથી **પાટણમાં** તેમને કાર્તિક વદી ૧૦ ના રોજ સંવેગ દીક્ષા આપવામાં આવી ને ત્યારથી તેઓ **શ્રી વિનયવિજયજી** મહારાજના નામથી ઓળખાવા લાગ્યા. આ પ્રસંગે પાટણમાં આચાર્ય શ્રી **વિજયકમળસૂરિજી** તથા પ્રવર્તક શ્રી **કાંતિવિજયજી** મહારાજ શિષ્ય સમુદાય ના મોટા પરિવાર સાથે હતા.

આ પ્રસંગ વિહારનો હતો એટલે તુર્તજ ત્યાંથી વિચરવાનું હતું, તેથી સૂરિશ્વરની આજ્ઞાનુસાર ગુરૂ ઉપાધ્યાય શ્રી વિરવિજયજી, પન્યાસ શ્રી દાનવિજયજી, પ્રેમવિજયજી તથા વિનયવિજયજી વગેરે સર્વેએ વડોદરા તરફ વિહાર કર્યો, અને અનુક્રમે ચોમાસું છાણીમાં કર્યું.

અભ્યાસ પ્રત્યે પૂર્ણ પ્રેમ હોયને વિનયવિજયજી મહારાજે પ્રથમથીજ દશવૈકાલીક, ઉત્તરાધ્યયન, વગેરે કેટલાક શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું અને તેથી તપગચ્છના પંચપ્રતિક્રમણ મોંએ કરી સારસ્વત વ્યાકરણ શિખવાનો લાભ લીધો અને ચોમાસા પછી ૧૯૫૯ માં ગુરૂ આજ્ઞાનુસારે ઉંઝે ગયા. કે જ્યાં આચાર્ય શ્રી વિજયકમલસૂરિ, ઉપાધ્યાય શ્રી વિરવિજયજી, પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી, શ્રીમન્ મુનિ હંસવિજયજી વગેરે મુનિશ્વરો પોતાના શિષ્ય સમુદાય સાથે નવદિક્ષિત મુનિ વર્ગને જોગ વહેવરાવવા એકત્ર થયા હતા. અને તેથી ત્યાં વિધિસહ જોગવહનની ક્રિયા પૂર્ણ થવાથી સર્વ સાથે વિનયવિજયજી મહારાજને મહા શુદી ૫ ના રોજ વડી દીક્ષા આપવામાં આવી.

મહારાજ શ્રી વિનયવિજયજીનો વિહાર ગુરૂ શ્રી ઉપાધ્યાય વિરવિજયજીની સાથેજ આગળ શરૂ થયો, અને અનુક્રમે પાલણપુર તે ચોમાસુ થયું. તેમનો અભ્યાસ પ. દાનવિજયજી, મુનિ ચતુરવિજયજી તથા મુનિ પ્રેમવિજયજી પાસે આગળ શરૂ હતો, અને વળી તેઓએ મુળ દિક્ષા લીધેલી ત્યારથી હમેશાં એકજ વખત અહાર લેતા તેથી મગજનો દુઃખાવો શરૂ થયો. આ વ્યાધિથી તેમના ગુરૂએ શરીર સંભાળવા ભલામણ કરી. પરંતુ પુન્યના ઉત્કૃષ્ટ પ્રભાવ માટે દૃઢ ભાવનાથી તેમણે એકાસણા કરવાની પદ્ધતિ શરૂજ રાખી અને તે નિશ્ચય છેક અત્યારસુધી જાળવતા રહ્યા છે, એટલુંજ નહિ પણ પ્રાયશઃ વિગય (ઘી) પણ વાપરતા નથી, તેમજ કેરીનો હમે-

શને માટે ત્યાગ છે. આવા અનેક વ્રત અને પરીસહો સહન કરવા તે તેમના પુણ્યતેજની નીશાની છે. અને તેઓ તેથી અત્યારે તપસ્વી મહારાજના ઉપનામથી પણ ઓળખાય છે.

ચોમાસા પછી ત્યાંથી કુંભારીયાજીની યાત્રાએ નીકળેલા સંઘમાં ઉપાધ્યાય શ્રી સાથે તેમનો વિહાર શરૂ થયો હતો અને તે પ્રસંગે આચાર્ય શ્રી પણ ઈડરના સંઘ સાથે ત્યાં આવ્યા હતા. જે હકીકત આ પ્રસંગની ભાવના માટે વિનયવિજયજી માહારાજે એક સ્તવન રચેલું છે તે ઉપરથી જાણી શકાય છે. કુંભારીયાથી ડભોઇ રસ્તે વડોદરા થઇ ગુરૂ અજ્ઞાથી ૧૯૬૦નું ચોમાસુ છાણી થયું. ચાતુર્માસ પછી સં. ૧૯૬૧માં વડોદરામાં જૈન કોન્ફરન્સ ભરવામાં આવી હતી, આ પ્રસંગે તેઓ છાણીથી ત્યાં ગુરૂ પાસે ગયા હતા, અને કોન્ફરન્સમાં ખાસ ભાષણ કરેલ (રીપોર્ટમાં જુઓ) જે ઘણું અસરકારક થઇ પડયું, અને નારગામના પટેલ ઉમેદભાઇએ પોતાના બે પુત્ર તથા ભત્રીજા અને ભાણેજ સાથે તેમની પાસે દીક્ષા લેવા નિશ્ચય કર્યો કે જે પછી તેઓ પૈકી ચારે પં. દાનવિજયજી મહારાજ પાસે અને એકે મુનિ નયવિજયજી પાસે દીક્ષા લીધી.

યોગીને યાત્રા–યોગ–ધ્યાન અને ધર્મકથા એજ કલ્યાણ તથા કર્તવ્ય છે. તે પ્રમાણે ઉપાધ્યાયશ્રીની ઈચ્છા શીખરજીની યાત્રા કરવાની થતાં તેઓએ ગુરૂની સાથે માળવા તરફ વીહાર શરૂ કર્યો અને રતલામ, ઈંદોર, ઉજ્જયની થઇ માંડવગઢની યાત્રા કરી ચોમાસા ઉપર લશ્કર-ગ્વાલીયર પહોંચ્યા. અહીં ચોમાસામાં ગુરૂને શ્વાસ જણાતાં પ્રસંગોપાત તેમને વ્યાખ્યાન આપવાને તક મળવા લાગી અને તેમાં તેઓ મુળ અભ્યાસને લીધે જલદી ઝળકી નીકળ્યા. વળી ચોમાસા દરમિયાન "પ્રબોધ ચંદ્રિકા" નો ગ્રંથ કંઠાગ્રે કર્યો. આ પ્રસંગે ઉપાધ્યાજીના ઉપદેશથી ત્યાંના સંઘમાં ચાલતો કલેશ દૂર થવાથી દેવદ્રવ્યની ઘણી રકમ એકઠી થઇ હતી.

ચોમાસા પછી ઉપાધ્યાયશ્રી સાથે તેઓનો વિહાર બંગાળા તરફ આગળ વધ્યો અને બનારસ (કાશી), અયોધ્યા, સિંહપૂરી, ચંદ્રપુરી, કાકિંદિ, રત્નપુરી-ધુનાવા, લખનોર, કાનપુર, વગેરે સ્થળે યાત્રા કરી શિખરજી પધાર્યા. અને ત્યાં કલકત્તાના આવેલા સંઘની વિનંતિથી તે તરફ જવું થતાં સં. ૧૯૬૨ નું ચોમાસુ કલકત્તામાં થયું.

કલકત્તાથી ચોમાસા પછી સંઘ સાથે ઉપાધ્યાયજી સહીત મુર્શિદાબાદ (મક્ષુદાબાદ), થઇ અજીમગંજ આવતાં ત્યાં આચાર્યશ્રી વિજયકમળસૂરિ મળ્યા. અહીં બાબુ ધનપતસિંહે છપાવેલ શાસ્ત્રો વહોરી તેના વાંચનનો લાભ લીધો, અહીંથી ચંપાપુરીનો મોટો સંઘ હાથી, મોટરો, ગાડી, ઘોડા અને રેલવેના રીઝવર્ડ ડબા સાથે બાબુ તરફથી નીકળતાં તેમાં પાદ વીહાર કરતાં ચંપાપુરીની યાત્રા કરી ઉપાધ્યાયજી સાથે ૧૯૬૩ નું ચોમાસું આગ્રામાં કર્યું, કે જે દરમિયાન ત્યાં ઉપાધ્યાયજીના

નામથી પાઠશાળા શેઠ ગુલાબચંદજી મીઠનલાલજી તરફથી ખોલવામાં આવી. ત્યાંથી ચોમાસું પૂર્ણ થતાં વિચરી દિલ્હી, અંબાલા, લુધીઆના, અમૃતસર, લાહોર થઇ ગુજરાનવાલા આવ્યા. અહીં મહુંમ આચાર્યશ્રી **વિજયાનંદસુરિશ્વર** (આત્મારામજી) મહારાજની પાદુકાનો પ્રતિષ્ઠા મહોત્સવ થયો. આ પ્રસંગે આચાર્યશ્રી વિજયકમળસૂરિનું પણ ત્યાં પધારવું થયું હતું.

ધર્મના ઝઘડાનું આ વખતે ત્યાં પ્રબળ હતું. અને તેમાં પણ તેજ વખતે અજ્ઞાન તિમિર ભાસ્કર પર સનાતન ભાઇઓ વચ્ચે મોટો ઝઘડો ઉભો થયો હતો. આ બાબતમાં વાદ વિવાદ માટે મુનિશ્રી વલ્લભવિજયજી મહારાજનું ગુજરાત, તરફના વિહારમાંથી પાછું ગુજરાનવાલા આવવું થતાં સર્વેને ત્યાંજ ચોમાસું સાથે રહેવા તક મળી ને તેથી તેમની સેવામાં તેઓ પોતાનો અભ્યાસ ઘણો આગળ વધારી શકયા.

આ દરેક ચોમાસામાં ઉપાધ્યાયશ્રીની તબીયત નાદુરસ્ત જણાતાં વ્યાખ્યાન તેમને વાંચવું પડતું હતું, તથા વલ્લભવિજયજી મહારાજને પણ પરિચયમાં તમની શકિતને માટે વધારે ઉંચો મત બંધાયો હતો. આ લાંબી મુદતમાં ગુજરાત કાઠિયાવાડમાંથી વિનયવિજય મહારાજને હવે આ તરફ વિચરવા રજા આપવા માટે ઉપાધ્યાયજી તરફ પત્રો આવતા હોવાથી ગુજરાનવાલેથી વીહાર કરવા પછી અંબાલામાં પં. દાનવિજયજી મહારાજ મળવાથી તે પછી ગુરૂ આજ્ઞાથી તેમો કેશરવિજયજી મહારાજ સાથે હસ્તિનાપૂર થઇ દિલ્હી ગયા. અહીં વૃદ્ધ મુનિ ચંદનવિજયજી બિમાર હોવાથી તેમની ચાકરીમાં રોકાવું થયું ને તે દરમિયાન સંઘના આગ્રહથી ગુરૂ આજ્ઞા મળતાં ત્યાં ચાતુર્માસ રહ્યા.

વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહની શરૂઆત.

while we live let us live.

" જીવવાનું સાર્થક કરી લ્યો. "

મહારાજને વાંચનનો શોખ એટલો બધો છે કે વ્યાખ્યાન—ઉપદેશ ઉપરાંતનો બચી શકતો વખત વાંચનમાંજ પસાર થાય છે. આમ વાંચનમાં જે કંઇ તત્ત્વ મળે તેનો સંગ્રહ કરી ભવિષ્યની પ્રજા માટે સારો સંગ્રહ શોધી રાખવા તેમના હૃદયમાં દિલ્હીથી પ્રેરણા થઇ અને તે વખતથી તેમણે આ ગ્રંથ લખવાનું શરૂ કર્યું કે જેના પરિણામે સાત વર્ષના સતત્ પરિશ્રમના ફળ રૂપે સંગ્રહાએલ સાગર મહોદધીમાંથી એક લહરી તરીકે આ ગ્રંથ અત્યારે આપણે પ્રકાશમાં આવેલ જોઈ શકયા છીએ

દીલ્હીથી ચોમાસા પછી સિકંદરાબાદ (બુંદેલખંડ) જતાં ત્યાં શેઠ જવાહરલાલ જૈનીનો જ્ઞાન ભંડાર જોવા તક મળવાથી તેને વ્યવસ્થામાં મુકી સૂચિપત્રાદિ કરવા સાથે ત્યાંથી કેટલાક નવા ગ્રંથો મળી શકયા. તે પછી વિચરી સં. ૧૯૯૬ નું ચોમાસું ગુરૂ આજ્ઞાથી આગ્રામાં કર્યું.

આગ્રામાં યાત્રાળુઓને ઉતરવા સાધન ન હોવાથી મહારાજશ્રીના ઉપદેશથી ત્યાંના જૈનોએ મોટા ખર્ચે ધર્મશાળા બંધાવીને તે પછી તેમાં ગુરૂ ઉપદેશથી પાઠશાળા તથા લાયબ્રેરી ખોલવામાં આવેલ છે.

ચોમાસા પછીના વિહારમાં જયપુર પહોંચતાં અઠ્ઠાઈમહોત્સવાદી શુભ કાર્ય થવા પામેલ તે પછી કીસનગઢ જતાં અજમેરનો સંઘ આમંત્રણ કરવા આવવાથી ત્યાં પૂજાદિ ધર્મારાધન થવા પછી અજમેર જતાં ગુરૂઆજ્ઞા તથા સંઘનાં આગ્રહથી ૧૯૯૭ નું ચોમાસું ત્યાંજ કર્યું. અને તે દરમિયાનમાં ફલોધી પાર્શ્વનાથ તથા મેડતાની યાત્રા કરી ત્યાંના ભંડાર ઉઘડાવી સુચીપત્રાદીની વ્યવસ્થા કરી.

અજમેરથી ચોમાસા પછીના વિહારમાં નયાશહેર (બાયાવર) થઇ સોજત આવતાં ત્યાંના દેરાસર તથા ઉપાશ્રયની હજારો રૂપિયાની જમીન વગેરેની ગેરવ્યવસ્થા હતી તે માટે ઉપદેશ દઇ સુધારો કરાવ્યો, ત્યાંથી પાલી, રાણકપુરની પંચતીર્થિ નાની તથા મોટી કરી, આબુજી થઇ પાલણપુર આવતાં ગુરૂઆજ્ઞાએ ૧૯૯૮ નું ચોમાસું ત્યાં કર્યું.

આ વિહાર દરમિયાન મહારાજશ્રીને એ ભંડારો જોવાનો તથા સુત્રો અને અનેક ભાષા ગ્રંથોનો પરિચય થયો હતો, આટલા ઉપરથી આવા ગ્રંથોમાં શું છે ? તેના સ્મરણાર્થે જૈન ગ્રંથોની ગાઇડની જરૂરીયાત જણાવાથી પાલણપુરના ચોમાસા દરમિયાન તે કામ હાથ ધર્યું. અને ત્યાંજ પુરૂં કર્યું " આ ગ્રંથ (જૈન ગ્રંથ ગાઇડ) ત્યાંનાજ વતની ગાંધી ચંદુલાલ ભાઇચંદના સ્મરણાર્થે

તેમનાં વિધવા સ્ત્રી બાઇ મોતીની મદદથી અત્રેની આત્માનંદ સભા માર્ફત બહાર પડી ચુકેલ છે. અને જેના માટે જુદા જુદા પ્રશંસાપત્રો બહાર આવ્યા છે.

ચોમાસા પછી ત્યાંથી વિહાર કરી તારંગાજી થઈ ઉંઝાના સંઘ સાથે કેશરીયાજીની યાત્રા કરી પછી ભોયણીજી (મલ્લીનાથ) પાનસર, શંખેશ્વર થઇ વઢવાણકાંપ પધારતાં ત્યાં જાહેર ભાષણ કર્યું. ત્યાંથી લીંબડી આવતાં ત્યાં પણ ભક્તિથી પુર પ્રવેશ થવા સાથે જાહેર ભાષણ કર્યું. કે જેમાં ત્યાંના ઠાકોર સાહેબ તથા ઢુંઢીયાના સાધુ શ્રી નાગજી મુનિ, નાનચંદ મુનિ વગેરેએ તેમજ બંને ફિરકાના જૈન ભાઇઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પછી ત્યાંથી રાણપુર, ચુડા, બોટાદ, વળા, પછેગામ થઇ પાલીતાણા પધાર્યા કે જે દરમિયાન ઉપરના સર્વ સ્થળે વંદન મહોત્સવ અને જાહેર ભાષણથી અનેક ઉપકાર થયા હતા.

મહારાજશ્રી પાલીતાણા પધારવાના ખબર કુંડલે થવાથી ત્યાંના સંઘે પ્રેમથી આમંત્રણ કર્યું ને ગુરૂ આજ્ઞા મેળવતાં ૧૯૬૯ નું ચોમાસું ત્યાં કર્યું. આ પ્રસંગે પાલીતાણેથી કુંડલે પધારતાં કુંડલાની ટોળી સામે આવી ગારીયાધાર, ભેંસવડી, જુનાસાવર વગેરે સ્થળે પૂજા ભણાવવાદિક ધર્મારાધન કર્યું હતું.

આ વર્ષમાં કાઠીયાવાડ અને ખાસ કરી પાલીતાણા તથા કુંડલામાં અતિ વૃષ્ટિ થવાથી ત્યાં અને આસપાસનાં ગામોમાં અનેક કુટુંબો પાયમાલ થયાં હતાં તેથી મહારાજશ્રીએ મુંબઇ વલ્લભવિજયજી મહારાજ ઉપર પત્ર લખતાં મુંબઇના સંઘ મારફત તથા પાટણ, પાલણપુર વગેરે તરફથી મળેલા લગભગ બે હજાર રૂપિયા નાના ગામોમાં નુકશાનમાં આવેલ કુટુંબોમાં ગુપ્તદાન રૂપે વહેંચાયા હતા.

કુંડલાના ચોમાસા પછી ગીરનારજીની યાત્રા કરવા જતાં કુંડલાની ટોળી સાથે જઇ ધારગણી, ચલાળા, ધારી, ભાડેર વગેરે સ્થળે સ્વામીવાત્સલ્ય તથા પૂજા મહોત્સવ કર્યો હતો અને તે પછી બગસરે જતાં ત્યાં પ્રવેશ મહોત્સવ, અઠ્ઠાઇમહોત્સવ, સ્વામીવાત્સલ્યાદિ ધર્મ કાર્ય થયાં હતાં અને તેજ પ્રસંગે ઢુંઢીયા સંપ્રદાયના તપસ્વીજી માણેકચંદજી સ્વામી તથા જેચંદ મુનિ ત્યાં હોવાથી તે સંઘમાં પણ બે સ્વામીવાત્સલ્ય થયાં હતાં. વળી તે પ્રસંગે બગસરામાં ધર્મારાધન માટે ઉપાશ્રય ન હોવાથી ઉપદેશ દેતાં દોશી કુરજી ભાભાની વિધવા બાઇ ગગલ તથા સંતોક તરફથી ઉપાશ્રય માટે ગોઠવણ કરવામાં આવી હતી. તથા સંઘે દેરાસરજી કરવા જમીન લઇ તે માટે તૈયારી કરી હતી.

ત્યાંથી વીહાર કરી અમરેલી જતાં ત્યાંના નાગનાથના વિશાળ ચોકમાં " શુદ્ધ ભાવના " એ વિષય ઉપર જાહેર ભાષણ આપ્યું હતું, ત્યાંથી માવજીજવા, ભેંસાણ થઇને પોતાના જન્મસ્થાન છોડવડી ગયા હતા. મહારાજશ્રીના આ તરફના

વિહારમાં જૈનધર્મ માટે ઘણી જાગૃતિ થઇ હતી અને દરેક સ્થળે ત્રણ વખત વ્યાખ્યાન, પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્યાદિ મહોત્સવ થઇ રહ્યા હતા. છોડવડીમાં ત્રણ સ્વામીવાત્સલ્ય થયાં હતાં. અને જેતપુરથી ગાછા તેડવા જનાર જીવાભાઇએ પણ આ પ્રસંગે ગુરૂભક્તિ અને શાસન ઉન્નતિમાં સ્વામીવાત્સલ્યાદિ કરી સારો ભાગ લીધો હતો. તેમજ માર્ગમાં રેવન્યુ કમીશનર, વહીવટદારો વગેરે મંડળે પ્રતિબોધ માટે પ્રસંગ મેળવી આત્મહિત પ્રાપ્ત કર્યું હતું. એમાં એકંદર માવજીંજવેથી જુનાગઢ સુધીના દરેક ગામથી શ્રાવક વર્ગ સાથે ચાલી ગીરનારજીની યાત્રા સંઘ સમુદાય યુક્ત કરી હતી. આ પ્રસંગે માર્ગમાં રાણપુર તથા બારચોયામાં દેરાસર તથા ઉપાશ્રય કરાવવા ગોઠવણ થઇ હતી અને ત્યાં જાહેર ભાષણ કરવામાં આવ્યાં હતાં. જ્યારે વડાળમાં અને સખપરમાં પૂજા, જાહેર ભાષણ વગેરે શાસન ઉન્નતિના કાર્ય થયાં હતાં.

જુનાગઢ યાત્રા માટે રોકાયા દરમિયાન મહાવીર જયંતીનો પ્રસંગ આવતાં ચૈત્ર શુદ ૧૩ ના રોજ જયંતી ઉજવવામાં આવી હતી. જે પ્રસંગે મોટા મેળાવડામાં પ્રસિદ્ધવક્તાશ્રી ચરિત્રવિજયજી મહારાજે તથા તેઓશ્રીએ જયતી માટે ભાષણ કરી જયંતી તરફ લોકરૂચી ઉત્પન્ન કરી હતી.

જુનાગઢથી માંગરોળ પધારતાં ત્યાં દીક્ષામહોત્સવ તેમજ અઠ્ઠાઇમહોત્સવના પ્રસંગ પસાર થવા પામ્યા હતા. દરમિયાન ચાતુર્માસ આવતાં ગુરૂ આજ્ઞાથી સં. ૧૯૭૦ નું ચાતુર્માસ માંગરોળ કર્યું. અને ચોમાસા દરમિયાન પણ ધર્મચર્ચા તેમજ જ્ઞાનગોષ્ટિ વિશેષ થવા સાથે એકત્ર થએલ સંગ્રહને પ્રકાશમાં લાવવા ત્યાંના સંઘનો આગ્રહ થતાં તેનો આ પ્રથમ ભાગ બહાર આવવા પામ્યો. ચાતુર્માસ પછી વીહાર કરતી વખતે તીર્થયાત્રાનો લાભ લેતાં સુધી સંઘ સાથે ગયો અને ત્યાં સ્વામીવાત્સલ્યાદિ થવા સાથે તીર્થની વ્યવસ્થા માટે કેટલીક યોજના દર્શાવી. આ પ્રસંગે વેરાવળથી પણ ત્યાં સંઘ આવેલ હતો તેથી મહારાજશ્રીને ત્યાં પધારવા વિનંતી કરી અને વેરાવળ તરફ પધાર્યા. આ પ્રસંગે માર્ગમાં ચોરવાડ–લાદરી વગેરે સ્થળે સ્વામીવાત્સલ્ય થયાં હતાં અને વેરાવળ જવાથી ત્યાં સમવસરણ તથા અઠ્ઠાઇ મહોત્સવ થવા સાથે નીરાશ્રીતાશ્રયની યોજના આવા પ્રસંગે અમલમાં મુકવામાં આવી તેમજ જમણ શુદ્ધિ માટે વ્યવસ્થા થઇ.

વેરાવળ મહોત્સવ ક્રિયા શરૂ હતી તેટલામાં માંગરોળ દીક્ષા મહોત્સવનો બીજા પ્રસંગ ઉપસ્થીત થતાં આમંત્રણથી ત્યાં જવું પડયું અને પછી ત્યાંથી વીહાર રાજકોટ તરફ આગળ શરૂ કર્યો. જ્યારે માર્ગમાં દરેક સ્થળે જાહેર ઉપદેશ શરૂ રાખવા ઉપરાંત ભાણવડમાં અઠ્ઠાઇ મહોત્સવ થયો અને હમેશના જાહેર લેકચરમાં હિંદુ મુસલમાન સૌ એક સરખા ઉત્સાહથી જોડાવા લાગ્યું.

અનુક્રમે વિહાર આગળ વધતાં જામનગર પધારવું થયું અને ગુરૂ આજ્ઞાથી સં. ૧૯૭૧ નું ચોમાસું ત્યાં થયું.

જામનગર નજીકનો વાગડ પ્રદેશ કેળવણીમાં બહુ પછાત છે એમ મહારાજશ્રીના અનુભવમાં આવતાં તેઓશ્રીએ તે ભાગના કેળવણી ક્ષેત્રની ખીલવણી માટે સાનુકુળતા થવા માટે યોગ્ય ઉપદેશ આપવાથી યોગ્ય હીલચાલ અને વ્યવસ્થા થઇ અને સ્થાનીક લાભ માટે હમેશના વ્યાખ્યાન ઉપરાંત દરેક અઠવાડીએ જાહેર લેકચર આપવાને શરૂ રાખ્યું કે જેથી જુદા જુદા પ્રસંગોએ જુદા જુદા વિષયો પર લોકમત કેળવવાને કારણ મળી શકયું. અને ચોમાસા દરમિયાન મહાવીર જયંતી તેમ ગુરૂ આત્મારામજી જયંતી ઉજવી તે ધોરણ કાયમ જળવાય તેવી યોજના કરી.

ઉપરોકત જીવન શ્રેણીથી જોઇ શકાય છે કે મહારાજશ્રીના નિત્ય અભ્યાસની પ્રથા અને સંશોધન પ્રકૃતિ ઉપકારક છે. વળી નિયમ, મનોનિગ્રહ અને લેલુપતાના ત્યાગથી તપસ્વી ભાવના પણ વંદનિય છે. તેમજ સત્યશોધક ગૃહસ્થ વૃતિ સાથે નમ્રતાના સદ્દગુણથી જોવાતી ગુરૂભકિત પણ આદરણીય છે. અને જેના પરીણામે ગુરૂ શ્રી ઉપાધ્યાય **વીરવીજયજી** મહારાજના નામ સ્મરણ સાથે આજ્ઞાધારક વૃત્તિ સર્વદા જળવાયેલ જોવાય શકે છે.

પ્રકાશક.

શેઠ મકનજી કાનજી—માંગરોળ.

શેઠ મકનજી કાનજીનું જીવન ચરિત્ર.

જીવન ચરિત્રનો ઉદ્દેશ.

यस्मिन्जीवन्ति बहवः सतु जीवति
काकोपि किं न करूतु चंच्चा स्वोदरपूरणम्

જેના આશ્રયથી ઘણા જીવે છે, તેજ જીવતો છે તેમ જાણવું, કારણકે પોતાનું પેટ તો શું કાગડો પણ ચાંચથી નથી ભરતો ?

જગત્માં જન્મ ધરતી શુદ્ધ અન્તઃકરણવાળી મનુષ્ય વ્યક્તિઓના જીવન વૃત્તાન્ત ઉપરથી જનસમાજને ધડો લેવાનું પ્રાપ્ત થાય છે કેમકે તેથી મનુષ્ય પોતાની જીંદગીમાં આવી પડતા સુખદુઃખોથી પ્રસન્નાપ્રસન્ન ન થતાં પોતાની જીંદગીને ઉત્તમ રીતે નિભાવી લે છે. મતલબકે સજ્જનોના વૃત્તાન્તની રૂપરેખા તે ખરેખર મનુષ્યના જીવનને ઉપયોગી થઇ પડે છે.

જન્મ પ્રસંગ.

આ ગ્રંથને પ્રકાશમાં લાવવાના વિચારને મૂળ પુષ્ટિ આપીને જ્ઞાનમાં કર્તાની ઇચ્છા પ્રમાણે બુક ૧૨૫ વાપરવા અને ૨૫ સ્વીકારી છપાએલ જોવાની હોંશ દર્શાવનાર શેઠ મકનજીભાઇનો જન્મ સૌરાષ્ટ્ર દેશમાં આવેલા શ્રી માંગરોલ શહેરમાં નિવાસ કરતા શેઠ કાનજીનાં ધર્મપત્ની બાઇ આણંદની કુક્ષિથી વિક્રમ સંવત્ ૧૯૨૧ ના ભાદ્રપદ શુદિ ૧ ના રોજ થયો હતો. તેઓ હજી તો સ્કુલમાં જોડાવાને યોગ્ય સાત વર્ષની ઉંમરે પહોંચ્યા, તેટલામાં તેમના પિતા કે જે દેશકાળને અનુસરતી નિશાળમાં વ્યાપારોપયોગી આવરા ખાતાવહીના પાકા નામાને લગતો અભ્યાસ કરી મુંબઇમાં શેઠ મથુરાદાસ રવજીની ઓફીસમાં મેતાગીરીની નોકરી કરી પોતાની આબરૂ સારી જમાવી રહ્યા હતા તેઓ ત્રીશ વર્ષની ભરયુવાન વયે સં. ૧૯૨૮ ના આષાઢ સુદી ૧ ના રોજ ગુજરી ગયા.

પતિના સ્વર્ગવાસ સમયે આણંદબાઇની ઉમ્મર નાની હોવા સાથે આશ્વાસન તરીકે મકનજીભાઇ એકજ પુત્રરત્ન હતું. તેની ઉમ્મર બાળક હતી તેથી પતિ વિયોગની ચિંતા સાથે પુત્રરક્ષણનો ભાર પણ તેમના શિરે આવી પડયો, છતાં આવે પ્રસંગે ધૈર્યને ન ખોઇ દેતાં પુત્રને કેળવણીના મંદિરમાં મોકલી દીધા અને ઘરમાં પણ પોતે વિનય, વિવેક તેમજ ધર્મ સંબન્ધી ઉપદેશ આપી ઉત્તમ ગુણોનું બીજ રોપવા લાગ્યાં. મકનજી શેઠ આમ સાત વર્ષની ઉમરે દેશી સ્કુલમાં દાખલ થઈ ૫ વર્ષમાં એટલે ૧૨ વર્ષની ઉમર થતાં તે વખતે ચાલતા અભ્યાસની છેલ્લી પરિસ્થિતિ પામ્યા. એટલે નામા લેખા વગેરેનું ઉત્તમ વ્યાપારોપયોગી શિક્ષણ પ્રાપ્ત કર્યું અને પ્રસંગે પ્રસંગે આવતા ધાર્મિક ઉત્સવોમાં પોતાના પુત્રને માતુશ્રીએ ધર્મકાર્યોમાં જોડી તેને ધર્મશ્રધા પણ ઘણી સારી છાપ બેસાડી.

સામાન્ય સ્થિતિ વચ્ચે ઘર કાર્યભાર ઉપાડી નિર્વાહની વ્યવસ્થા કરવા સાથે પુત્રને ભણાવવાની સગવડ તૈયાર રાખવામાં આણંદબાઇને અનેક પ્રકારે સંકડામણમાંથી પસાર થવું પડયું, પણ મકનજીભાઇની ઉમર બાર વર્ષની થતાં માતાના આ પરિશ્રમનો બદલો તાકીદે વાળી દેવા તેમને તીવ્ર ઇચ્છા થઇ આવી; આ વખતે દેશમાં ઘરખર્ચ નભી શકે તેવી નોકરી કે ભવિષ્યના ઉદયની આશા ન હતી, તેમ સ્વતંત્ર ધંધા માટે જોઇતી સગવડ ન હતી; તેથી આટલી નાની ઉમરે નોકરી અર્થે મુંબઇ ગયા. ત્યાં જતાં પ્રથમ જમવા રહેવા ઉપરાંત અઢી રૂપૈયાના માસિક પગારથી શેઠ સુન્દરજી ખીમજીને ત્યાં નોકરી મળી, જે સ્વીકારી. આ પ્રમાણે બે વર્ષ (સં. ૧૯૩૩ સુધી) નોકરી કરવા પછી બીજે ઠેકાણે માસિક છ રૂપૈઆના પગારથી દાખલ થયા, ત્યાં બે વર્ષ રહેવા પછી સં. ૧૯૩૬ની સાલમાં ત્રીજે ઠેકાણે માસિક રૂા. ૧૧ના પગારથી દાખલ થયા. કે જ્યાં આઠ વર્ષ સુધી એટલે સં. ૧૯૪૪ ની સાલ સુધી રહ્યા. દરમિયાન માતાને ભાર ઓછો થયો કેમકે શેઠના લગ્ન બાઈ હેમકોરની સાથે થયાં. તેમને સં. ૧૯૪૪ની સાલમાં એક પુત્રનો જન્મ થયો. પરન્તુ કર્મ સંયોગે તે પુત્ર બાળવયમાં જ મરણ શરણ થયો અને તે પછી અત્યાર સુધી સંતતી સુખ માટે તેઓ બેનસીબ રહેલા છે, કે જે ખામી તેઓ ધર્મ પ્રેમથી સંતોષે છે.

સ્થીતિનું પરાવર્તન.

શેઠશ્રીની નીતિ નિપુણતાની સાથે વ્યાપારમાં કાર્ય કુશળતા વ્યાપારીઓની દૃષ્ટિમાં તરવા લાગ્યાં તેથી શેઠ વનરાવન પુરૂષોત્તમે તેમને સ્વતંત્ર દુકાન કરવા પ્રેરણા કરી, એટલું જ નહિ પણ તે માટેની મદદ કરવા ઇચ્છા બતાવી. આ પ્રમાણે તેમની હોંસને પુષ્ટિ મળતાં સં. ૧૯૪૫ ના કાર્તિક માસમાં શેઠશ્રીએ મુંબઇમાં કાપડની દુકાન ખોલી અને તેમાં વચન આપનારની મુડી મળવા પૂર્વે પોતાના વગવસીલામાંથી રૂા. ૨૦૦૦૦) નો માલ ભર્યો એટલે મદદ આપવાનું કહેનારે

રૂા. ૮૦૦) દુકાન માંડયા બાદ ૬ માસે આપ્યા. જયારે પોતાની ચાલાકીથી જથાબન્ધ માલ ભરી વ્યાપાર કરવા માંડયો. એક વર્ષના વ્યાપારમાં સારો લાભ થવાથી સં. ૧૯૪૬ માં બીજી દુકાન અને સં. ૧૯૪૮ ની સાલમાં ત્રીજી દુકાન ચલાવવી શરૂ કરીને ત્રણે દુકાનો ૧૨ નોકરોની મદદથી પોતે ચલાવવા માંડી. જેથી વ્યાપારી લોકોમાં અને જ્ઞાતિમાં પોતે પ્રસિદ્ધિમાં આવ્યા.

“ સંતોષ એજ પરમ સુખ છે ” એ ન્યાયે શેઠ શ્રી ત્રણ દુકાન ખોલવા પછી લક્ષ્મી દેવીની કૃપા પ્રાપ્ત કરી શકયા. પરંતુ તે સાથે જે વ્યવસાય વધી પડયો તે આત્મકલ્યાણના હેતુમાં વિઘ્નરૂપ થતો જણાયો, તેથી મળેલ અનુકુળતાથી સંતોષ માનવાનું ધારી વ્યાપારને હદમાં રાખીને દેશમાં રહેવા સાથે આત્મસાધન કરવાને વિચાર કર્યો અને તે માટે સં. ૧૯૫૩ની સાલમાં ત્રીજી દુકાન બન્ધ કરી બે દુકાનોથી વ્યાપાર કરવો શરૂ રાખ્યો. અને–પોતે–પોતાના ધર્મપત્ની તથા માતુશ્રી સાથે દેશમાં (માંગરોળમાં) આવ્યા કે પુત્રના ઉદયથી શાંત થતાં તેમનાં માનો ફાગણ વદિ ૧૧ ને દિવસે સ્વર્ગવાસ થયો. ત્યારબાદ શેઠના શરીરની તંદુરસ્તી પણ જોઇએ તેવી ન રહેવાથી સં. ૧૯૬૦ની સાલમાં મુમ્બઇમાં એક દુકાન ચલાવવી શરૂ રાખી (જે આજ પર્યન્ત ચાલુ રહી છે) અને પોતે સં. ૧૯૬૦ની સાલથી પોતાના ધર્મપત્ની સાથે પોતાના જન્મસ્થાન માંગરોળમાં જ હમેશાં રહેવાનું યોગ્ય ધારી આનન્દમાં પોતાના દિવસો નિર્ગમન કરે છે.

ધાર્મિક કાર્યો.

ધર્મના શુભ કાર્યોમાં શેઠ મકનજીભાઇ પોતાની ઉન્નતિ સાથે વધારે પ્રમાણમાં ભાગ લેતા રહ્યા છે. પરંતુ મોટા ભાગે તેઓ ખાનગી સખાવત કરવાને વધારે પસંદ કરે છે. તો પણ ખાસ કરીને પર્યુષણ પર્વો અને મહોત્સવાદિ પ્રસંગોમાં આગળ પડતો ખર્ચ દરવર્ષે કરતા જોવાય છે. આ ઉપરાંત સં. ૧૯૬૮ની સાલમાં તેમનાં ધર્મપત્ની બાઇ હેમકોરે વર્ષીતપ કર્યું હતું. તેના ઉજમણામાં રૂા. ૩૦૦૦) થી વધારે દ્રવ્યનો સદુપયોગ કર્યો હતો આ સિવાય મુનિઓને પ્રવજર્યા વગેરે ધાર્મિક કાર્યોમાં પોતે અગ્ર ભાગ લેતા આવ્યા છે. એટલુંજ નહિં પરંતુ પોતે મેળવેલી ઘણી સંપત્તિમાંથી માત્ર રૂા. ૨૫૦૦૦) પોતાપાસે રાખી બાકીના ધનનો સદુપયોગ કરી દીધો છે. અને પોતાની પાસેના દ્રવ્યમાંથી પણ ધાર્મિક કાર્યોમાં જ ખર્ચ કરવાની ઉત્કંઠા ધરાવતા રહ્યા છે. આ ઉપરાંત માંગરોળ પાંજરાપોળ ખાતાના મુંબઇમાં રહેલા વહીવટના ટ્રસ્ટી તરીકે તથા માંગરોળના દેરાસરજીના આભૂષણો વગેરે દ્રવ્યના સંરક્ષક (ટ્રેઝરર) તરીકે ઉત્સાહથી કાર્ય બજાવતા રહ્યા છે. આવા શુભ કાર્યોમાં તેઓનું ચિત્ત એટલું તો પ્રેમથી જોડાએલ રહે છે કે તેવા સંજોગોમાં વ્યવહાર મોહને તેઓ મોટા ભાગે વીસરી જાય છે.

કે જે પ્રમાણે ૧૯૭૦માં તેમના તરફથી થએલ દીક્ષા મહોત્સવ પ્રસંગે માંગરોળની પોતાની દુકાને ચોરી થવાના સમાચાર મળવા છતાં તે વાતથી ઉદ્‌વેગ ન લાવતાં કંઇ જ ન બન્યું હોય તેમ વાતને દાબી દેવામાં આવી અને મહોત્સવ પ્રસંગને વધારે હોંસથી દીપાવ્યો. શેઠ મકનજીભાઈના જીવનના કાર્યોની આટલી ટુંક રૂપરેખા દર્શાવવાથી અનેક ઉછરતા ઉત્સાહી વ્યક્તિઓમાં તે માનનિય થશે તેમ ધારતાં ઈચ્છીશું કે આવા અનેક પ્રસંગો સાથે તેમનું જીવન વિશેષ ઉજ્વળ બનતું રહો !

પ્રકાશક.

ઉપોદ્ઘાત.

—:o;—

સાહિત્યના માટે આપણો દેશ–આપણી આર્ય પ્રજા અને ખાસ કરીને જૈન પ્રજા એટલાં તો મગરૂર છે, કે નૈતિક ભાવનાની પરીપાટીએ અત્યાર સુધીમાં કોઇ પણ દેશ કે ધર્મનું સાહિત્ય તેની હરીફાઇ કરી શકેલ નથી. મતલબ કે વર્તમાન સમયમાં પ્રવર્તતા શાસન નાયક શ્રી ચર્મ તિર્થંકર વીર પરમાત્માથી લઇને અત્યાર સુધીમાં સેંકડો આચાર્ય–પંડિતો–સાક્ષરો અને સમર્થ સંશોધકોએ મળીને જૈન પ્રજા માટે સાહિત્યનો જે વારસો મુકયો છે તે અગમ્ય અને અલૌકિક સંકલનાથી ગુંથાએલ હોવા સાથે એટલો તો વિશાળ છે કે આ અમૂલ્ય સમૃદ્ધિના વિસ્તારનું નામ માત્રથી પણ સંપૂર્ણ દિગ્દર્શન કરાવી શકાયું નથી.

આર્ય સમાજ માટે, કહો કે સામાન્ય દેશની પ્રવૃત્તિમાં નૈતિક ભાવનાને પોષવાને પણ વિક્રમ—ભોજ આદિ રાજવંશીઓએ સાહિત્યનું બહુ વિશાળ ભાવનાથી પોષણ કર્યું હતું. અને આવા રાજ્યાશ્રિત શાંત જમાનામાં સામાન્યોપયોગી ઉચ્ચ કોટીનું સાહિત્ય બહુ સારી રીતે ખેડાઇ શકયું હતું.

આ પ્રમાણે ઉપલક દૃષ્ટિથી જોઇશું તો પણ સહજ ભાસ થશે કે આપણી દૃષ્ટિ સન્મુખ જોવાતો સાહિત્યનો ભંડોળ એટલો તો વિશાળ છે કે આ સર્વ દેશીય અમૃત ઝરણાનું પાન કરી લેવાની લાલસા આયુષ્યના ક્ષેત્ર પ્રમાણમાં દુઃસાધ્ય છે.

બીજી તરફથી વિચાર કરતાં વર્તમાન સમયમાં આજીવિકાના ફાંફાંમાં અગર તો લક્ષ્મીના વિશેષ મોહમાં ગરીબ અને શ્રીમંત સૌ એક સરખા ભાવથી એકાકાર થઇ જતાં વ્યવહારિક પ્રવૃત્તિનું સામ્રાજ્ય એટલું તો જામી ગયું છે કે આવા અમુલ્ય ખજાનાનો લાભ લેવા અગર તેમ નહિ તો તપાસવા અને જાળવવા જેટલો પણ અવકાશનો અભાવ મોટો ભાગ બતાવતો જોવાય છે.

આ પ્રમાણે છતે સાધને સંકડામણ ભોગવાતા પ્રસંગમાં કિમતી સાહિત્યનું દોહન કરી આવા સંશોધનના સંગ્રહવડે જનસમાજને સંતોષવા અને અલ્પાવકાશે પણ વિશેષ લાભ મેળવી શકાય તેવા હેતુથી જૈન કે જૈનેતર કોઇ પણ સમાજના નૈતિક તત્ત્વોનો વિશાળ સંગ્રહ મહારાજશ્રી **વિનયવિજયજી** એકત્ર કરે છે તેવું જાણવામાં આવતાં તે બહોળા સંગ્રહ પૈકી એક સુત્ર ટીકા સહ બે વર્ષ પૂર્વે મારા તરફથી પ્રગટ થએલ “ જૈન દર્શન ” નામના ગ્રંથમાં બહાર મૂકવામાં આવ્યું હતું

અને તે પછીના ટુંક વખતમાં આ સંશોધન તરફ લોકલાગણીએ ધારવા કરતાં પણ વધારે પ્રેમ દર્શાવેલ જોઇ તેવા સંગ્રહમાંથી એક ભાગ જનસમાજના ઉપયોગાર્થે પ્રકાશમાં લાવવાને આ તક હાથ ધરી છે.

જનસમાજની લાગણીમાં નૈતિક ભાવ રેડી તેને ઉચ્ચકોટીએ કેળવવાનું કાર્ય જેમ લેખકોનું છે તેમ વક્તાઓનો પણ તેમાં સારો હિસ્સો છે. નહિ લખી વાંચી શકનાર વર્ગને પણ માનુષિ ફરજોનું ભાન કરાવવા માટે આવો વક્તા વર્ગ પ્રથમ દરજ્જે ઉપકારક છે તેમ કહેવું ખોટું નથી. આવા વક્તાઓને માટે કોઇ વિષય ઉપર બોલતાં તે વિષયના પ્રમાણ ભૂત સિદ્ધાંતો અને દૃષ્ટાંતોનો જેમ વિશેષ અનુભવ હોય તેમ પોતાના ચર્ચવાના વિષયને વધારે સુઘટીત રીતે પોષી સારી અસર કરી શકે છે તેથી તેમના ઉપયોગાર્થે આ સાહિત્યસંગ્રહમાં દરેક વિષય સાથે તેને ઘટતા લૌકિક દૃષ્ટાંતો તથા સામાન્ય પદ્યો પણ જોડવામાં આવ્યાં છે.

આ ગ્રંથમાં ધર્મનાં નૈતિક અને આત્મશકિત દર્શક તત્ત્વોનો સંગ્રહ કરેલ હોવાથી જેમ હિંદુધર્મના ષટ્ દર્શન (છ દર્શન) કહેવાય છે તેમ આ પ્રથમ ભાગમાં છ પરિચ્છેદ રાખવામાં આવ્યા છે અને તેવા દરેક પરિચ્છેદને પેટા અધિકારથી અલંકૃત કરવામાં આવેલ છે.

આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવા માટે પ્રથમ દેવ ગુરૂ અને ધર્મના સ્વરૂપને ઓળખવા જરૂર છે તેથી આ ગ્રંથમાં ખાસ કરી આ ત્રીપુટી વિષયક ઉંડાણમાં અભ્યાસ થઇ શકે તે માટે ખાસ કાળજી રાખી પછીજ આત્મસ્વરૂપનો અભ્યાસ કરાવવામાં આવેલ છે. અને તેવા હેતુથી ગ્રંથની સંકલનાનો ક્રમ તેજ ધોરણે રાખવામાં આવેલ છે તેમ નીચેની ટુંકી હકીકતથી જણાઇ આવશે.

અગાઉ જણાવેલ છે તેમ ગ્રંથમાં યોજેલા છ પરિચ્છેદ પૈકી પ્રથમ પરિચ્છેદમાં બાર અધિકાર રાખવામાં આવ્યા છે. જેમાં શરૂઆતમાં મંગળાચરણ-સ્તુતિ કરતાં શાસન નાયક અર્હંત પ્રભુ અને તે પછી સીદ્ધના સ્વરૂપને ઓળખાવી તેમની સ્તુતિ કરવા સાથે અષ્ટ પ્રકારે પૂજા કરવાની ઉચ્ચભાવના અને લાગણી છતાં તેના વિધિવિધાન તથા હેતુ સમજવાની ગેરહાજરીથી ફળની પ્રાપ્તિ દુર્લભ થઇ પડે છે, તેવા પ્રસંગમાં પ્રદક્ષિણાદિ ક્રિયા અને પુષ્પાદિ દ્રવ્યપૂજા તેમજ ભાવનાદિ ભાવપૂજા-અર્ચા ક્રિયા સહવર્તમાન દર્શાવી પૂજાના વિષયને બહુ સ્ફુટ કરવામાં આવેલ છે. એટલુંજ નહિ પણ ક્રિયા સેવનથી આત્મા નિર્મળ થતાં એટલે ગુણશ્રેણીએ ચઢવા પછી દ્રવ્ય પૂજનના અવલંબન પર (સાધુ અવસ્થામાં) ભાવપૂજાથી જે ભક્તિ કરવાની છે, તે સર્વ કોઇને વિશેષ આવશ્યક હોયને તે ખાસ વિસ્તારથી આપવાને પ્રયત્ન કરવામાં આવ્યો છે. તથા તે સાથે પ્રભુભક્તિ માટે પુષ્પ ઉપરાંત વસ્ત્રાભરણ, ધૂપ, દિપ, ઘંટનાદ આરતી આદિ સાધન વડે થતી ભાવના તેમજ નૃત્યાદિ ઉલ્હાસના નિત્ય કર્મ, હેતુ તથા ક્રિયા સાથે સમજાવવા યત્ન થયો છે.

ત્યારબાદ આરાધનેના સંબંધે બોલતાં સર્વતત્વના સારરૂપ મહામંત્ર નૌકારના સ્વરૂપને બહુ વિસ્તારથી સમજાવવામાં આવેલ છે, તેમજ તિર્થાધિરાજ સિદ્ધાચળ મહાત્મ્યને ટુંકમાં દાખલ કરવામાં આવેલ છે.

અવલંબન ક્રિયા સાથે કર્મ નિર્જરાર્થે મનમર્કટને અંકુશમાં રાખવા તપશ્ચર્યા એ મુખ્ય સાધન છે. આ હેતુથી ત્યારબાદ તપશ્ચર્યાના સ્વરૂપને સમજાવી તેના માટે ઉઝમણા (ઉદ્યાપના)આદિ થતી ક્રિયાઓની આવશ્યકતા હેતુ પુરઃસર સમજાવવાને પણ ખાસ યત્ન કર્યો છે.

ભક્તિ અને ઉપાસના અર્થે ઉપરોકત વિષયો ચર્ચવા પછી સર્વ ક્રિયા કર્મના અવલંબનરૂપ દેવના સ્વરૂપને ઓળખાવવાને ખાસ વિસ્તારથી લખાએલ છે. જેમાં કોઇ પણ ધર્મ માટે સુદેવના લક્ષણ શું છે તે સમજાવવાને ખાસ પ્રયત્ન કર્યો છે. કે જેમ કરતાં દેવ તરીકે કયા અઢાર દોષો ત્યાજ્ય છે. અને કયા ચોત્રીશ અતિષયો તેમની યોગ્યતા દર્શાવે છે, તે વિસ્તારથી જણાવી તેવા સર્વગુણ સંપન્ન કોઇ પણ દેવને દેવ તરીકે સ્વીકારવા ભલામણ કરવામાં આવી છે. એટલું જ નહિ પણ તેવા સર્વ ગુણો વિભૂષિત અર્હંત પ્રભુને ઓળખાવતાં મનુષ્ય કોટીમાંથી તિર્થંકર પદ પ્રાપ્ત કરવાના પ્રસંગે તેમના જન્મ દિક્ષા અને કૈવલ્ય તેમજ નિર્વાણ મહીમાના સ્વરૂપને સમજાવવા સાથે કૈવલ્યાવસ્થાની પ્રાપ્તિ માટે મનુષ્ય કયા ધોરણે અધિકાર પ્રાપ્ત કરી શકે તે સમજાવી દેવના સ્વરૂપનું ભાન કરાવતાં પ્રથમ પરિચ્છેદ પૂર્ણ કરવામાં આવ્યો છે.

બીજા પરિચ્છેદમાં ગુરૂના સ્વરૂપને ઓળખાવવાને યત્ન થયો છે. અને તે માટે અઢાર અધિકારો રાખેલ છે, જેમાં પ્રથમ સુસાધુના લક્ષણ અને આચરણની ઓળખ આપી, ધર્મભેદ વિના સાધુ તરીકેની લાયકાત ધરાવતા જીવનને નિર્મળ સ્વરૂપમાં સમજાવવાને બહુ સ્ફુટ રીતે પ્રયત્ન કર્યો છે. અને તે સાથે સાધુ ધર્મના મુખ્ય લક્ષણો સ્થિરતા–સંતોષ–નિરાબાધપણું (લોભ અને મમત્તનો ત્યાગ) નિસ્પૃહતા (મોહ અને માયાનો ત્યાગ) અને નિર્ભય અવસ્થાના સ્વરૂપને સમજાવી સાધુ જીવનનું તત્વદષ્ટિ તરફ પ્રયાણ કરાવી, તે સ્થિતિ વચ્ચે તેમને સર્વ સમૃદ્ધિ (દેવ–અપવર્ગ સુખ) સહજ પ્રાપ્ત થવાની શાસ્ત્રાધારે ખાત્રી કરી આપી છે.

આટલી ઉચ્ચ કક્ષાએ સાધુ જીવનને મુકવા પછી તેમની ગુરૂ તરીકેની યોગ્યતા સમજાવવા સાથે તેમના આત્મજ્ઞાનની મહત્તા વર્ણવી છે. અને તે સાથે ગુરૂસ્તુતિ કરી ગુરૂ આવશ્યક્તા પુરવાર કરતાં સાધુ તરીકેની લાયકાતના મુખ્ય ગુણ સરલતા તેમજ સત્યવક્તાપણા માટે વીસ્તારથી અનુભવ કરાવ્યો છે.

આગળ વધતાં વંદનિય ગુરૂવર્યો પોતાની પાછળ યોગ્ય વારસો (શિષ્ય સંપ્રદાય) કેવી કુશાગ્ર બુદ્ધિથી સદ્બોધી તૈયાર કરી શકે છે તે દર્શાવતાં શિષ્યને હિતબોધના શિક્ષાસુત્રો આપી વિષયને વધારે વિકાસ આપ્યો છે, અને તેમાં સ્વામી

વિવેકાનંદના શિષ્યોપદેશના ઉપયોગી ભાગને પણ ખાસ ઉમેરવામાં આવ્યો છે; એટલુંજ નહિ પણ છેવટ બ્રાહ્મણગુરૂ, બ્રહ્મચારી–યતિ વગેરે સર્વ દેશિય ગુરૂ લક્ષણનો પરીચય કરાવી વિષયને સર્વ પક્ષે વિશાળ અને ગુરૂ પીછાણ્યુ માટે ઉપયોગી થઇ પડે તે માટે ખાસ નિઃપક્ષ કાળજી રાખવામાં આવી છે.

ત્રીજા પરિચ્છેદમાં દિક્ષિત નહિ તેવા સુજન (સંસાર વ્યવહારમાં રહેલા સાધુ) ના લક્ષણ દર્શાવી સંસારી તરીકે પણ સાધુ જીવન કેવી રીતે પસાર કરી શકાય તે બતાવવામાં આવેલ છે. જેમાં સજ્જન પુરૂષોના ગુણને અનેક ઉચ્ચ પગથીપર દર્શાવવા સાથે તેમના કાર્યના માર્ગમાં કંટકરૂપ દુર્જનના લક્ષણ અને અધર્માચરણો સમજાવી તેથી ચેતવા તેમજ તેમના તેવા સ્વાભાવિક વર્તન માટે દયા ખાવાને સૂચવી વ્યવહારમાં વસતા વર્ગને સુજન દુર્જનના રીત રીવાજ અને વર્તનનો ઉંડો અભ્યાસ કરાવવા સાથે સજ્જનતામાં પ્રવેશ કરાવવા પ્રેરણા કરી છે; એટલુંજ નહિ પણ છેવટે સત્સંગતિના લાભ દર્શાવી દૃષ્ટાંતો સાથે સત સમાગમની મહત્તા સુદૃઢ કરવામાં આવી છે.

ચોથા પરિચ્છેમાં કુસાધુ યાને દુર્જનના દુર્લક્ષણોને વિસ્તારથી દર્શાવી તેનાથી બચવા અને બચાવવાને શિક્ષોપદેશ આપી વૈરાગ્ય વૃત્તિ પ્રાપ્ત કરવાને શાસ્ત્રોકત પદ્ધતિથી મુનિકર્તવ્ય સમજાવતાં સાધુનું પાંચ પ્રકારનું સ્વાધ્યાય સ્વરૂપ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ભેદ, બાહ્ય અને અભ્યંતર તપના ભેદ, વિકારનું સ્વરૂપ, તેને જીતવાના માર્ગ, બાવીશ પરીસહોના ભેદ તથા તે સહવાની આવશ્યક્તા તેમજ અઢાર હજાર શીલાંગ ધારણ કરવાના માર્ગને વિસ્તારથી બતાવેલ છે અને તેનું સેવન કરવા ભલામણ કરવા પછી આઠ સિદ્ધિની પ્રાપ્તિના માર્ગ અને સિદ્ધિના ક્ષેત્રોથી વાકેફ કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતના અનુભવ પછી પણ કદાચ કોઇ વ્યકિત હુર્દૈવે કુસાધુ યાને દુર્જનના નિત્ય પરિચયથી કુસંસ્કાર પામી ઉત્કર્ષના શિક્ષા સુત્રોને ન અનુસરી શકવાથી અર્ધદગ્ધ સ્થીતિમાં આવી અટકે તો તેમના હિતાર્થે તેવી વ્યકિતનાં સ્વરૂપને સમજાવી આત્મનિંદા કરાવી લઘુતામાં ખેંચવા યત્ન કર્યો છે, કે જેના અવલોકનથી તેઓ સહજ ઉદ્ધરી શકે.

સદરહુ અધિકારોમાં સાધુ વર્ગને ઉદ્દેશી લખવા પછી ગુરૂ અને ગૃહસ્થના ભેદને સમજાવી ગૃહસ્થાશ્રમ ભોગવતા સમુદાયમાં જોવાતા કુત્રકતાને ઓળખાવવા સાથે તેના ઉત્સુત્ર વકતવ્ય, આજ્ઞાભંગ પ્રકૃતિ તેમજ ક્રિયાથી હિન વૃત્તિને ખુલ્લાં પાડી તેવા કુબ્રાહ્મણના લક્ષણને પણ દર્શાવવામા આવ્યાં છે, અને તેમના ઉદ્ધાર માટે યોગ્ય ઉપકારી સાધનો છતાં તેમની અધમ પ્રકૃતિમાં રહેલી વક્રભાવના તથા વ્રતભંગપણું કેટલે અંશે હોય છે, તે બતાવ્યું છે.

પાંચમા પરિચ્છેદમાં દુર્જનને અનેક પ્રકારે બોધ આપવા છતાં જેમની પ્રકુતિ જ ઝડ વક્ર છે, તેવા અભવિ આત્માના સ્વરૂપને ઓળખાવી તેમનામાં રહેલ દંભ,

ધૂર્તતા, કૃતઘ્નતા, શત્રુભાવ, વિઘ્નસંતોષ વૃત્તિ વગેરેનું ભાન કરાવવા પછી તેવાઓથી બચવા માટે કુસંગતિના દુષ્ફળ દર્શાવવામાં આવેલ છે. અને તે રીતે ભવિ આત્માને આત્મજ્ઞાનનો અભ્યાસ કરાવવા પૂર્વે તેમને ગભવિથી નિરાળા કરવામાં આવ્યા છે.

છઠા પરિચ્છેદમાં ધર્મના સ્વરૂપને દર્શાવવામાં આવેલ છે, જેમાં સામાન્ય દૃષ્ટિથી ધર્મની પરીક્ષા કરાવી ધર્માચરણનું ફળ દૃષ્ટાંત સાથે બતાવવા પછી ધર્મની સ્યાદ્વાદ શૈલીને સમજાવી ધર્માધર્મના ભેદ દર્શાવતાં ધર્મ ભાવનાને સુદૃઢ કરી છે.

ત્યારબાદ ધર્મારાધન માટે તીર્થ ગૌરવ અને તેના સેવનનો વિધિ ફળ સાથે દૃષ્ટાંત પુરઃસર સમજાવતાં સંઘનું ગૌરવ અને તેની ભક્તિના માર્ગ તેમજ મહાત્મ્ય બતાવેલ છે, અને એ વસ્તુ પ્રાપ્ત કરાવવા પછી શ્રાવક તરીકેની યોગ્યતા પ્રાપ્ત થએલી જાણી શ્રાવકના ૨૧ ગુણ અને નિત્યકર્મ વિસ્તારથી આપેલ છે.

છેવટે શાસ્ત્રાધ્યયનની આવશ્યકતા તેમજ તેના લાભ દર્શાવવા સાથે પર્વારાધનના હેતુ જણાવી દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિ વડે આત્માના મૂળ સ્વરૂપને ઓળખાવેલ છે તથા તેની પુષ્ટિમાં આત્મસત્તાનું દિગ્દર્શન કરાવવા સાથે આત્મપ્રકાશનો અનુભવ કરાવતાં આત્મભવ્યતા દર્શાવી અંતે આત્મસિદ્ધિના પરમપદને સાધ્ય કરવાના શીરોબીંદુએ લઇ આવી આ પ્રથમ ભાગ પૂર્ણ કરતાં ઉપસંહારથી મનુષ્ય પ્રકૃતિ અને વૃત્તિનું બળ બતાવી દરેક મનુષ્ય કેવી રીતે મોક્ષનો અધિકારી થઇ શકે છે તે ખુલ્લું બતાવી આપેલ છે.

દરેક પરિચ્છેદ અને તેના અધિકારો તેમજ પેટા અધિકારોમાં ચર્ચાતા વિષયને બની શકતા યત્ને તટસ્થ વૃત્તિથી સ્ફુટ કરવામાં આવ્યા છે અને તેથી કોઇ પણ હકીકત માટે કોઇ પણ યોગ્ય પ્રમાણ લેવામાં ધર્મ કે વ્યક્તિનો ભેદ રાખવામાં આવ્યો નથી. આવા સંજોગોમાં કોઇ સ્થળે જૈનેત્તર દૃષ્ટિએ અસંબંધ ભાસતું હોય તો તે જૈન મતને સંમત છે તેમ આ ગ્રંથ સાક્ષી પુરતો નથી. પરંતુ જૈનીઝમ સ્યાદ્વાદ સ્વરૂપે હોય ને નીતિ અને ન્યાયના પ્રમાણોનો તેમાં અંશ જોવાથી તે સર્વને વિષય પુષ્ટી અર્થે આદર અપાયો છે એમ જણાવવાની આ તકે જરૂર નથી.

ગ્રંથમાં ચર્ચાએલા વિષયનો ઉપરની ટુંક હકીકતમાં અનુભવ થવો મુશ્કેલ છે. કેમકે દરેક અધિકારની પુષ્ટી માટે ભિન્ન ભિન્ન વિચારકોના પ્રમાણો શ્લોક–પદ્ય–ગદ્ય અને દૃષ્ટાંતોથી એટલાતો વિસ્તારપૂર્વક સંયોજેલા છે કે તે જાણવાને ગ્રંથ આદ્યંત વાંચી જવો તેજ સલાહકારક છે, તોપણ આવા કોઇ વિષયના સંબંધમાં ફરી ફરીને જોવા જાણવાને સરલતાથી બની શકે તેટલા માટે પરિચ્છેદ અને પેટા અધિકારોની અનુક્રમણિકા આપવા ઉપરાંત કોઇપણ શ્લોક શોધી શકાય તેવા હેતુથી ગ્રંથમાં આવતા શ્લોકોની અક્ષરાનુક્રમણિકાને પણ ગ્રંથને છેડે જોડવામાં આવી છે. તેમજ

ગ્રંથમાં વપરાએલા દરેક છંદના માપ તથા ગણના સ્વરૂપને જાણી શકવા માટે તેવા જુદા જુદા છંદ નીચે તેના માપ તથા લક્ષણ આપવામાં આવેલ છે. અને તેમાં આવતા ગણ તેમજ લઘુ ગુરૂની ઓળખ માટે ગ્રંથ કર્તાના વિવેચનમાં ખાસ નોંધ લેવામાં આવી છે, એટલુંજ નહિ પણ એ સર્વ કોઇપણ પ્રસંગે જોઇ જાણી શકવા માટે છંદાનુક્રમણિકા પણ દાખલ કરી છે, તેથી આશા છે કે કાવ્યપ્રેમી વર્ગને તેમજ અભ્યાસી માટે આવી ભિન્ન ભિન્ન સુચી (અનુક્રમણિકા) નો શ્રમ ઉપયોગી થઇ પડશે. અને વ્યાખ્યાન કરવાવાળાને તો તે ખાસ સાહ્યક થશે.

આ ગ્રંથના સંગ્રહના સંશોધન માટે મહારાજ**શ્રી વિનયવિજયજી**નો સાત વર્ષથી સતત શ્રમ ચાલુ જ છે. અને તેથી તે દરમિયાન તેમજ અત્યારે અને હજુ પછી તે માટે હરહમેશ થતાં વાંચનમાંથી મહારાજશ્રી ઉપયોગી નોંધ જાળવી રાખે છે આવો સંગ્રહ અત્યાર સુધીમાં તેઓશ્રી પાસે જે એકત્રીત થએલ છે. તેના પ્રમાણમાં આ પ્રગટ થતો ભાગ માત્ર તેના એક વિભાગરૂપે લગભગ સવાસો ગ્રંથોનું દોહન છે. જ્યારે તેવો બહોળો ખજાનો બીજા ભાગોરૂપે જનસમાજના હિતાર્થે પ્રકાશમાં આવવા પામે તેવી તકને આવકાર આપી, પ્રકાશકોને સંગ્રહ આપવાની તેઓશ્રી કૃપા કરતા રહેશે તેમ હું મહારાજશ્રીને વિનંતી કરવા આ તકે રજા લઉં છું.

ઉપરોકત સંગ્રહની પ્રેસ કોપી કરવા અને મેટરને યથાક્રમે લખવા વગેરે કાર્યની વ્યવસ્થાથી ગ્રંથ જલદી પ્રકાશમાં આવી શકશે તેવા હેતુથી જીજ્ઞાસુવર્ગ તરફથી તેવા કાર્યના ખર્ચ માટે રૂા. ૧૨૫ બગસરાનાં સંઘે તથા રૂા. ૧૦૦ એકલેરાવાળા શેઠ નાનચંદ ન્યાલચંદે આપી શાસ્ત્રી રોકવાનો પ્રબંધ કરવાથી વ્યવસ્થાસર મેટર તૈયાર થયું હોય તેમ જાણવામાં આવ્યું છે, તેમજ આવા તૈયાર થએલ મેટરને પ્રકાશમાં મુકવા અર્થે લગભગ ત્રણસો જેટલી પ્રતો ખરીદવાને માંગરોળના સંઘે અગાઉથી વચન આપવા સાથે તેની પ્રથમથી લેવાના હિસાબે થાય તે કિંમત ભરી આપેલ છે. તે સર્વ અનુકુળતા વચ્ચે આ ગ્રંથને પ્રકાશમાં લાવવા તક મળી છે. સબબ તેવા ઉત્સાહી વર્ગને ધન્યવાદ ઘટે છે

મુનિમહારાજશ્રી વિનયવિજયજી મહારાજ આ ગ્રંથનો આટલો બહોળો સંગ્રહ કરવાને જે અવકાશ મેળવી શકયા છે તેમાં નિત્ય સહગામી મુનિમહારાજશ્રી કેસરવિજયજીની સ્હાય ઉપકારક થઇ પડી છે તેમ જણાવતાં હર્ષ થાય છે, તેમજ દીલ્હીવાળા અગ્રવાલ મુનાલાલે પણ માનસિક મદદ સારી કરી છે તે પ્રસંશાને પાત્ર છે.

ગ્રંથના સંશોધક અને સંગ્રહ કરનાર તરીકે શ્રમ ઉઠાવનાર મહારાજશ્રી વિનયવિજયજીના જીવન ચરિત્રમાંથી વાચકને ઘટતું જાણવા અને શીખવાને મળીશકે તેમ છે, તેથી ગ્રંથની શરૂઆતમાં તેઓશ્રીના જીવન પૈકી મળીશકેલ જાહેર હકીકત એકઠી કરી જીવન ચરિત્ર આલેખવામાં આવ્યું છે અને તે ફોટા સાથે પ્રસિદ્ધ કર્યું છે,

કે જેથી ઉપકારી પુરૂષના દર્શનનો લાભ પણ મળી શકે. વળી તે સાથે તેમના ગુરૂશ્રી ઉપાધ્યાયશ્રી વિરવિજયજીના નામને જોડતા ઉપરાંત ઉપાધ્યાયશ્રીના ગુરૂ (ગુરૂવર્ય) શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજનો ફોટો પણ મુકવામાં આવેલ છે કે જે જૈનસમાજને દર્શનિય-વંદનીય થઇ પડશે. તેમજ પ્રસિદ્ધ આચાર્યશ્રીના અનેક ઉપકારો પછી પણ તેમની શિષ્ય પરંપરામાં રહેલી જ્ઞાનોપાસનાનો ખ્યાલ આવી શકશે

ગ્રંથના સંશોધન માટે શ્રમ—અને બુદ્ધિનો જે ઉપયોગ ધન્યવાદને પાત્ર છે તે સધળું માન મહારાજશ્રી વિનયવિજયજીને છે. જ્યારે ગ્રંથને યથાક્રમે ગોઠવવા તથા છાપવામાં જે જે સ્ખલના-અસંબંધ કે અશુદ્ધિ જોવાય તે માટે અમારી બુદ્ધિ દોષિત છે, તો તેવી અશુદ્ધિ કે અસંબંધ માટે ક્ષમા માગતાં જાણી શકાય તેટલી ભુલોનું શુદ્ધિપત્ર ગ્રંથને છેડે મુકવામાં આવેલ છે. તેના સાથે તપાસી-સુધારી વાંચવાને વિનંતી છે. અને તેવી જણાવેલ ભુલ્યો ઉપરાંત કંઈ અગત્યની સૂચના રહી જતી હોય તે વાચક વર્ગ જણાવવા તસ્દિ લેશે તો આ ગ્રંથની દેવનાગરી ટાઇપમાં બીજી આવૃત્તિ કરે છે, તેમાં ઉપયોગી થઇ શકે, તેમજ આ સંગ્રહનો બીજો ભાગ પ્રકાશમાં મુકવા તૈયારી સંભળાય છે, તો તે વખતે પણ તેવી સૂચનાનો અમલ થઇ શકે ઇત્યલમ્

આનંદ પ્રેસ. ભાવનગર.
સં. ૧૯૭૧ ચોમાસી ચૌદસ.

દેવચંદ.

આ ગ્રંથમાં આવેલ શ્લોકોના વ્રતનાં લક્ષણોની અક્ષરાનુક્રમણિકા.

व्रतो.	पत्र.
अनुष्टुप्.	५
आर्या.	६
इन्द्रवज्रा.	९
इन्द्रवंशा.	४४
उपगीति.	२०८
उपजाति.	९
* उपजाति.	२६४
उपेन्द्रवज्रा.	९
गीति.	५३
तोटक.	१८३
द्रुतविलम्बित.	१०
पुष्पिताग्रा.	१९२
प्रहर्षणी.	१७४
भुजङ्गप्रयात.	४६
मन्दाक्रान्ता.	११८
मालिनी.	६८
रथोद्धता.	३९०
रुचिरा छन्द.	१०२
वंशस्थ.	६८
वसन्ततिलका.	१
वैतालीय.	१७३
शार्दूल विक्रीडित. (ગ્રંથ નિવેદનમાં)	५
शिखरिणी.	१८
स्रग्धरा.	४७
हरिणी.	६९

* ઇંદ્રવંશા અને વંશસ્થનો સંકર થવાથી જે ઉપજાતિ છંદ થાય છે તે.

પરિચ્છેદના અધિકાર (વિષય)ની અનુક્રમણિકા.

નં.	અધિકાર	પૃષ્ઠ
	પ્રથમ પરિચ્છેદ.	
૧	શ્રી મંગલાચરણ સ્તુતિ કુસુમાંજલિ	૧
૨	અર્હદ્ ભક્તિ	૫
૩	સિદ્ધ સ્તુતિ	૯
૪	સરસ્વતી સ્તુતિ	૧૨
૫	જિનબિંબ	૧૩
૬	પૂજા	૧૫
૭	ભાવપૂજા	૨૩
૮	પંચપરમેષ્ઠિ સ્મરણ માહાત્મ્ય	૨૬
૯	સિદ્ધાચળ માહાત્મ્ય	૩૩
૧૦	ઉદ્યાપન	૩૬
૧૧	સુદેવ	૩૮
૧૨	અરિહંત	૪૮
૧૩	તીર્થંકર	૪૯
૧૪	કેવળી સર્વ બરાબર	૫૨
	દ્વિતીય પરિચ્છેદ.	
૧	સુસાધુ	૫૪
૨	સ્થિરતા	૭૫
૩	તૃપ્તિ	૭૯
૪	નિર્લેપ	૮૪
૫	નિઃસ્પૃહતા	૮૯
૬	નિર્ભય	૯૦
૭	તત્વદૃષ્ટિ	૯૪
૮	સર્વ સમૃદ્ધિ	૯૭
૯	ગુરૂ સ્વરૂપ	૧૦૧
૧૦	આત્મ જ્ઞાન	૧૦૮
૧૧	ગુરૂ સ્તુતિ	૧૧૦
૧૨	ગુરૂ આવશ્યક	૧૧૩
૧૩	સાધુસરલતા	૧૧૬
૧૪	સુવક્તા	૧૨૦
૧૫	શિષ્ય હિતોપદેશ	૧૨૫
૧૬	શિષ્ય શૌર્યોપદેશ	૧૨૭
૧૭	સુલક્ષણ	૧૩૮
૧૮	યતિસ્થાનાતિશય વર્ણન	૧૪૧
	તૃતીય પરિચ્છેદ	
૧	સુજન	૧૪૫
૨	સુજન દુર્જનતા	૧૫૫
૩	ગુણ પ્રશંસા	૧૬૧
૪	એક ગુણ સમગ્ર દોષનો નાશ કરે છે.	૧૬૭
૫	એક ગુણતો અવશ્ય ધારણ કરવો જોઇએ.	૧૬૮
૬	એટલા ગુણો વૈર કરાવનારા છે	૧૬૯
૭	ગુણવાન્ પુરૂષો ઘણું કરીને ક્લેશને પ્રાપ્ત થાય છે	૧૬૯
૮	ગુણવાન પુરૂષ લાંબા વખત સુધી એક સ્થાનમાં ટકે તે દૈવથી સહન કરી શકાતું નથી	૧૭૧
૯	ગુણવાન પુરૂષોમાં ગુણ ગુણરૂપ થાય છે	૧૭૧
૧૦	ગુણી ગુણવાળાને છોડતો નથી	૧૭૨
૧૧	ગુણી પુરૂષનો દોષ પણ શ્રેષ્ઠ છે.	૧૭૫
૧૨	ગુણી પુરૂષોના નાના દોષ પણ મહાન્ દેખાય છે.	૧૭૬
૧૩	સ્વીકાર કરેલ મનુષ્યનું પાલન	૧૭૬
૧૪	ગુણી અનાચારનું આચરણ કરે નહીં.	૧૭૭
૧૫	કહેલા વચનનું પ્રતિપાલન કરે.	૧૭૮
૧૬	ગુણ ગુપ્ત રહી શકતો નથી ...	૧૭૮
૧૭	વસ્તુ ગુણોવડે પૂજાય છે, પણ જન્મથી નહીં.	૧૭૯
૧૮	ગુણને ગુણાંતરની અપેક્ષા છે ...	૧૮૩
૧૯	ગુણી જ ગુણવાનને જાણે છે ...	૧૮૪
૨૦	ગુણના લાભના અભાવમાં મહાન્ પુરૂષો સ્થાનનો ત્યાગ કરે છે.	૧૮૫
૨૧	સત્પુરૂષોની વિભુતિ બીજાના કલ્યાણના માટે જ હોય છે.	૧૮૬
૨૨	જેના ગુણને જે જાણતો નથી, તે તેની નિંદા કરે છે. ...	૧૯૧
૨૩	મહાન પુરૂષો ચાલ્યા જવાથી તેવા પુરૂષને કાંઇ હાની થતી નથી પણ બીજાને જ નુકશાન થાય છે ...	૧૯૩

૨૪ મહાપુરૂષમાં હલકાઇની શંકા ન કરવી ૧૯૫
૨૫ ગુણવાન્ પુરૂષ દુર્બળ હોય તોપણ ઉત્તમ છે ૧૯૬
૨૬ સુસંગતિ ૧૯૮
૨૭ મહાનના સંગમાં વિપત્તિ પણ શોભે છે ૨૦૯
૨૮ સંગનું ફળ ૨૧૦

ચતુર્થ પરિચ્છેદ

૧ કુસાધુ... ... ... ૨૧૪
૨ યતિ શિક્ષોપદેશ ૨૫૦
૩ અર્ધદગ્ધ સાધુ અવસ્થા ૨૮૧
૪ સાધુ આત્મ નિન્દા ૨૮૩
૫ ગુરૂ ગૃહસ્થ ભેદ ૨૮૬
૬ કુવક્તા ૨૯૦
૭ ઉત્સૂત્રભાષિ દોષ ૩૦૧
૮ આજ્ઞા ભંગ દોષ ૩૦૪
૯ ક્રિયાહીન જ્ઞાન નિષ્ફળ ૩૦૬
૧૦ કુબ્રાહ્મણ ૩૧૧
૧૧ વક્રભાવના ૩૨૫
૧૨ વ્રતભંગ દોષ... ... ... ૩૨૮

પંચમ પરિચ્છેદ

૧ દુર્જન નિંદા ૩૩૧
*૨ દુર્જન પુરૂષ થોડામાં અહંકારી થાય છે ... ... विषभार० ૩૪૫
૩ દુર્જન શિક્ષાને પાત્ર છે खलानां० ૩૪૬
૪ દુર્જન પુરૂષનો સ્નેહ પણ દુઃખક્ષથી છે अनवास्थित० ૩૫૦
૫ હું દુર્જનને પ્રથમ વંદું છું दुर्जनं० ૩૫૫
૬ દુર્જનોએ સેવેલ ઉત્તમ વસ્તુ પણ શોભતી નથી प्रायः स्वभाव० ૩૫૫
૭ દંભ દોષ पश्य० ૩૫૭
૮ નાના (પ્રકારના) ધૂર્ત मुखं० ૩૬૨
૯ પિશુનતા દોષ विषधरतो० ૩૬૪
૧૦ કૃતઘ્ન નિંદા यथा गजपति० ૩૬૭
૧૧ મુર્ખ લોકો ગુણી પુરૂષને જાણતા નથી गौरीतनु० ૩૭૮
૧૨ નીચ પુરૂષ ઉત્તમ પુરૂષ સાથે સ્પર્ધા રાખે છે दहमाना० ૩૭૯
૧૩ દુર્જન પોતાના પ્રાણોને તજીને પણ બીજાને વિઘ્ન કરે છે त्यक्त्वापि० ૩૮૬
૧૪ પરવિઘ્ન સંતોષી परविघ्नेन० ૩૮૯
૧૫ નીચ પુરૂષ બીજાને પ્રેરે છે प्रेरयति० ૩૮૯
૧૬ નીચ પુરૂષને અધિકાર મળતાં તે દુઃસહ થઇ જાય છે अन्यस्मालब्ध० ૩૯૦
૧૭ નીચ પુરૂષ અધમનેજ ગ્રહણ કરે છે मूर्खोहि० ૩૯૧
૧૮ સત્ય વસ્તુ પ્રાપ્ત થતાં અસત્ય વસ્તુ નાશ પામે છે तावद्गर्जन्ति० ૩૯૩
૧૯ સત્ય વસ્તુના અભાવમાં અસત્યવસ્તુની પ્રશંસા થાય છે, खद्योतो० ૩૯૩
૨૦ આ ઉત્તમ છે પણ આ ઉત્તમ નથી. वंदारिघं० ૩૯૬
૨૧ ખલ પુરૂષ સર્ષવ જેવા અન્યના દોષને મોટા કહી જાણે છે. खल० ૩૯૯
૨૨ નીચ પુરૂષના વિનયનો આડંબર गाढं० ૪૦૦
૨૩ ખળ પુરૂષની સુંદરતાનો આડંબર चारुता० ૪૦૨
૨૪ દુર્જનના સર્વ અંગોમાં ઝેર હોય છે तक्षकस्य० ૪૦૩
૨૫ દુષ્ટનો દુરાગ્રહ पाषाणो० ૪૦૪
૨૬ નીચ પુરૂષ નીચની સેવા કરે છે. नीचं० ૪૦૫

* દુર્જન પુરૂષ થોડામાં અહંકારી થાય છે ત્યાંથી આરંભીને દુર્જનનું હૃદય દુષ્ટ હોય છે. ત્યાં સુધીના દુર્જનના પેટા વિભાગના અધિકારો ૨૯ ગણ્યા છે. તેમાંથી કેટલાંકના પાનામાંના નામ લખાણાં છે ને કેટલાંકનાં લખાયાં નથી તેથી બીજી આવૃત્તિમાં તે સુધરી જશે. તે કયા કયા પત્રમાં સુધરવા તથા હાલ વાંચવામાં અનુકુળના આવે માટે અહીં સુચના કરી તેઓનાં પત્ર ટાંકી આપ્યાં છે. તથા તેની સારી સમજણ પડે તેને માટે એ અધિકારના પ્રથમ શ્લોકનો આદિ શબ્દ આ સાંકળીયામાં પત્રની પાસે મેલ્યો છે.

૨૭ દૂધનો બળેલ મનુષ્ય છાશને પણ છોડી દે છે — દુર્જન. ૪૦૬
૨૮ પોતાના આશ્રયનું નિકંદન કરનાર — यस्मिम् ૪૦૬
૨૯ દુર્જનની ઉત્તમતા બીજાના નાશને માટે છે — व्याघ्रस्य ૪૦૮
૩૦ દુર્જનનું હૃદય દુષ્ટ હોય છે सगुणापि ૪૦૯
૩૧ કુસંગતિ ૪૦૯

ષષ્ઠ પરિચ્છેદ

૧ ધર્મ સ્વરૂપ ૪૧૯
૨ સ્યાદ્વાદ ૪૩૬
૩ ધર્મોદ્યમ આવશ્યક ૪૪૨
૪ તીર્થ માહાત્મ્ય ૪૫૭
૫ સંઘ ભક્તિ ૪૬૭
૬ સુશ્રાવક ૪૭૩
૭ સુશાસ્ત્ર ૪૭૯
૮ પર્યુષણ પર્વ ૪૮૬
૯ દ્રવ્ય શૌચ ૪૯૪
૧૦ ભાવ શૌચ ૪૯૬
૧૧ આત્મ વિચાર ૫૦૨
૧૨ આત્મસત્તા ૫૦૫
૧૩ આત્મપ્રકાશ ૫૧૨
૧૪ આત્મભવ્યતા ૫૧૩
૧૫ આત્મસિદ્ધિ ૫૧૭
૧૬ ઉપસંહાર. ... ૫૨૧

शिष्टाचार.

ગ્રન્થારંભમાં મંગળાચરણુ કરવાનો આ શિષ્ટાચાર લેખક તથા પાઠકોને તે તે ગ્રન્થની નિર્વિઘ્નતા પૂર્વક સમાપ્તિ થવા માટે પૂર્વકાલથી પ્રચલિત છે. અને તે ધોરણે મંગળાચરણુમાં આશીઃ નમસ્ક્રિયા, વસ્તુનિર્દેશ, આ ત્રણુ પ્રકાર હોય છે. તેમાં આ ગ્રન્થના આરંભમાં " શ્રી ઋષભદેવ ભગવાન્ " એજ પરમ વસ્તુ છે, તે શ્રી ભગવાનના અંગોમાં ઉત્તમાંગ–શિરોભાગ તે વિશેષ મંગળકારી છે. કે જેનાં દર્શન, વન્દન, શ્રવણુ, સ્મરણુ અને ગુણુ ગાનથી સમગ્ર વિઘ્નો મૂળથી નષ્ટ થઇ જાય છે. પુનઃ તે જૈન શાસનાનુયાયીઓ તથા જૈનેતરનું પરમ વન્દનીય દૈવત છે. અતએવ મંગળાચરણુ તેઓશ્રીના સ્વરૂપ રૂપી વસ્તુ નિર્દેશથી કરવામાં આવે છે.

વ્યાખ્યાન

સાહિત્ય સંગ્રહ.

શ્રીમંગળાચરણસ્તુતિકુસુમાંજલિઃ

*વસંતતિલકા. (૧ થો ૮)

देवः स वः शिवमसौ तनुतां युगाद्यो, यस्यांसपीठलुलितासितकुंतकाली ।
दोःस्तंभयोरुपरि मन्मथमोहदर्पजैत्रप्रशस्तिफलकश्रियमाश्रयेताम् ॥ १ ॥

જે પ્રભુના બંને ખભાની પીઠ ઉપર આવેલી શ્યામ કેશની બે શ્રેણી (લટો), કામ અને મોહ—એ બંનેનો ગર્વ ઉતારવાથી પ્રાપ્ત કરી પોતાના બંને ભુજ સ્તંભ ઉપર લટકાવેલા વિજય પ્રશસ્તિના બે પટ્ટાની શોભાને ધારણ કરે છે, તે શ્રી યુગાદિ ઋષભદેવ પ્રભુ તમારૂં કલ્યાણ કરો. ૧

સારાંશ—આ શ્લોકમાં કવિ પ્રભુના ખભા ઉપર રહેલ કેશની બે લટો ઉપર ઉત્પ્રેક્ષા કરે છે. જ્યારે કોઇ વીર પુરૂષ કોઇ મહાન્ યોદ્ધા ઉપર વિજય મેળવે છે, ત્યારે તેની ભુજા ઉપર વિજય પ્રશસ્તિનો પટ્ટ બાંધવામાં આવે છે, તેવી રીતે પ્રભુએ કામઅને મોહરૂપી બે મહાન્ યોદ્ધાઓનો વિજય કર્યો છે, તેથી તેમની બે ભુજા ઉપર કેશની બે લટોના મિષથી વિજયપ્રશસ્તિના બે પટ્ટાઓ બાંધવામાં આવ્યા હોય તેમ દેખાય છે.

---

* उक्ता वंसततिल्का तभजा जगौ गः त ગણ ભ ગણ જ ગણ જ ગણ અને બે ગુરૂ અક્ષરો મળી ૧૪ અક્ષરોનું એક પાદ બને છે. તેવાં ચાર પાદનું ૧ વસંતતિલકા વૃત્ત થાય છે.

પ્રભુના કેશને નીલીદળ અને ભ્રમર શ્રેણીનું રૂપક.

आदिप्रभोरनिशमंसतटी निबण्णकेशच्छलेन परितो वदनारविन्दम् ।
किं नीलिकादलमिदं तदुपेयुषी वा सद्गन्धलुब्धमधुपावलिराविभाति ॥ २ ॥

જેની ચારે બાજુ ખભાના પીઠ ઉપર હંમેશા કેશ રહેલા છે, એવું શ્રી આદિ પ્રભુનું મુખ કમળ જાણે તે કેશના મિષથી ત્યાં નીલીદળ બાઝી ગયું હોય! અથવા તો તે મુખ કમળના સુગંધમાં લુબ્ધ થઇને ભ્રમરાઓની શ્રેણી ત્યાં આવી હોય, તેવું શોભે છે. ૨

સારાંશ—આ શ્લોકથી કવિ પ્રભુના ખભા ઉપર પથરાએલા કેશને ઉદ્દેશીને બીજી રીતે ઉત્પ્રેક્ષા કરે છે. જેવી રીતે કમળની આસપાસ જળની લીલ બાઝે છે. અને તેની સુગંધ લેવાને ભ્રમરાઓ આવે છે, તેવી રીતે પ્રભુના મુખ કમળની આસપાસ રહેલા શ્યામ કેશને નીલીદળ અને ભ્રમરાની શ્રેણીની સાથે સરખાવ્યા છે. અને તે ઉપરથી પ્રભુના કેશની શ્યામતા નીલીદળ અને ભ્રમરની શ્રેણીના જેવી છે, એમ દર્શાવ્યું છે.

પ્રભુના કેશની શોભાને દીક્ષા લક્ષ્મીની વંદનમાળાનું રૂપક.

निष्कासिताविरतियोषिति बाहुदंभस्तंभोपरिस्थकिशलोपमकेशकांतिः ।
श्रीनाभिजस्य हृदयावसथे विशंत्या, दीक्षाश्रियः स्फुरति वंदनमालिकेव ॥ ३ ॥

જેમાંથી અવિરતિ રૂપી સ્ત્રીને કાઢી મુકી છે, એવા શ્રી આદિનાથ પ્રભુના હૃદય રૂપી મંદિરમાં પ્રવેશ કરતી દીક્ષા રૂપી લક્ષ્મીને માટે જાણે રત્નમાળા બાંધી હોય, તેવી તેમના (આદિનાથ પ્રભુના) બાહુ રૂપી બે સ્તંભ ઉપર રહેલ કેશ રૂપી પલ્લવોની કાંતિ સ્ફુરણાયમાન દેખાય છે. ૩

સારાંશ—આ શ્લોકથી કવિ પ્રભુના કેશને ત્રીજી રીતે ઉત્પ્રેક્ષા કરી વર્ણવે છે. જેમ કોઇને મંદિરમાં પ્રવેશોત્સવ કરવો હોય ત્યારે મંદિરના દ્વારમાં બે સ્તંભ (ટોડા) ઉપર નવ પલ્લવોનું તોરણ બાંધવામાં આવે છે, તેવી રીતે અહિં દીક્ષા રૂપી લક્ષ્મીનો પ્રભુના હૃદય મંદિરની અંદર પ્રવેશોત્સવ દર્શાવ્યો છે. પ્રભુની બે ભુજાઓને બે સ્તંભની ઉપમાં આપી છે અને તે ઉપર પથરાએલા કેશને નવ પલ્લવના તોરણની ઉપમાં આપી છે. પ્રભુ છદ્મસ્થાવસ્થામાં અવિરત હતા, તે જ્યારે દીક્ષિત થયા ત્યારે વિરત થયા છે, તેથી તેમના હૃદય મંદિરમાંથી અવિરતિ નાશ પામી, તેથી કહેવામાં આવ્યું છે કે, અવિરતિ રૂપી સ્ત્રીને કાઢી મુકીને દીક્ષા રૂપી લક્ષ્મીનો પ્રવેશ કરાવવામાં આવ્યો છે.

પ્રભુના કેશની શોભાને બ્રહ્મચર્ય રૂપ અગ્નિના ધૂમાડાની લહરીનું રૂપક.

एषा यदादिमजिनस्य शिरोरुहश्रीरुद्भूतधूमलहरीव विभोर्विभाति ।
सद्ब्रह्मरुपमनुमेयमघेन्धनेद्धमंतः स्फुरत्तदिह नूनमनूनमार्चिः ॥ ४ ॥

શ્રી આદિનાથ પ્રભુના મસ્તકના કેશની શોભા અંદરથી પ્રગટ થયેલી ધૂમાડાની લહરીના જેવી શોભે છે. તે ઉપરથી નિશ્ચય થાય છે કે, તેમના અંતરમાં કર્મ રૂપ ઇંધણાના હોમથી વધેલો સદ્બ્રહ્મચર્ય રૂપ અનુપમ અગ્નિ પૂર્ણરીતે સ્ફુરી રહ્યો છે. ૪

સારાંશ—આ શ્લોકથી કવિ પ્રભુના મસ્તકના કેશને એક અદ્ભુત ઉત્પ્રેક્ષાથી વર્ણવે છે. પ્રભુના મસ્તકના કેશને ધૂમાડાની લહરી (ગોટા) ની સાથે સરખાવ્યા છે. જ્યાં અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોવો જોઇએ એ નિયમથી કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, પ્રભુના હૃદયમાં સદ્ બ્રહ્મચર્ય રૂપ અગ્નિ સળગી રહ્યો છે, કે જે અગ્નિ કર્મરૂપી ઇંધણાઓનો હોમ થવાથી વધેલો છે. તે અગ્નિમાંથી ધૂમાડાની લહરીઓ નીકળે છે, જે આ મસ્તકના કેશ રૂપે દેખાય છે. અગ્નિનો ધૂમાડો ઉંચે જાય છે, તેથી મસ્તકના ઉર્ધ્વ ભાગ ઉપર રહેલા કેશની સાથે બરાબર ઘટે છે. અને બ્રહ્મચર્ય રૂપ અગ્નિ નીંચે અંતરમાં–હૃદયમાં રહેલો છે. તે પણ યથાર્થ રીતે ઘટે છે.

કેશની શ્યામતાને સંયમના ભારથી પડેલા કાંધેલાનું રૂપક.

स्कंधे पुरः स्फुरति कोमलकुंतलश्रीर्दंभादमुष्य वृषभस्य विभोरभीक्ष्णम् ।
स्कंधाधिरुढदृढसंयमभूरिभारव्यक्तीभवत्किणगणोल्वणकालिकेयम् ॥ ५ ॥

શ્રી ઋષભ દેવ ભગવાનના સ્કંધ ઉપર જે કોમળ એવા કેશની શોભા વારંવાર દેખાય છે, તે પ્રભુએ પોતાના સ્કંધ ઉપર ઉપાડેલા દૃઢ સંયમના ભારને લઇને પડેલા કાંધેળાની તીવ્ર કાળશ તે કેશની શોભાના મિષથી દેખાતી હોય એમ લાગે છે. ૫

સારાંશ—આ શ્લોકથી કવિ પ્રભુના સ્કંધ ઉપર રહેલા કેશની વિચિત્ર ઉત્પ્રેક્ષા કરી વર્ણવે છે. જેમ બોજો વહેનાર વૃષભની કાંધ ઉપર કાળું કાંધેલું પડી જાય છે, તેવી રીતે પ્રભુએ પોતાના સ્કંધ ઉપર સંયમનો ભાર–બોજો ઉપાડેલો છે, તેથી ત્યાં રહેલા કેશ તે કાંધેલાના જેવા દેખાય છે. એ હેતુને લઇને કવિએ કાવ્યમાં પ્રભુનું વૃષભ નામ દર્શાવ્યું છે.

પ્રભુના કેશની શોભાને મેઘશ્રેણી સાથે સરખામણી.

सैष प्रभुः कनकभंगनिभांगयष्टिः, लोकम्पृणो न कथमस्तु यदंसदेशे ।
मेरोरुपांतविलसद्घनराजिगर्वसर्वंकषा स्फुरति पेशलकेशलक्ष्मीः ॥ ६ ॥

જેમના શરીરની કાંતિ ભાંગેલા સુવર્ણના જેવી છે, એવા તે શ્રી આદિનાથ પ્રભુ લોકોને પ્રીતિ ઉપજાવનારા શા માટે ન થાય? કારણ કે, જેમના સ્કંધ ભાગ ઉપર આવેલી કોમળ કેશની શોભા મેરૂપર્વત પાસે વિલાસ કરતી મેઘશ્રેણીની શોભાના ગર્વને તોડનારી છે. ૬

સારાંશ—આ શ્લોકથી કવિ પ્રભુના કેશની શોભાને અદ્ભુત રીતે વર્ણવે છે. અહિં કવિએ પ્રભુના શરીરને મેરૂ પર્વત સાથે સરખાવ્યું છે અને સ્કંધ ઉપર રહેલા કેશને મેઘશ્રેણીની સાથે સરખાવ્યા છે. મેરૂ પર્વત સુવર્ણનો છે અને મેઘશ્રેણી શ્યામ છે, તેથી પ્રભુના સુવર્ણ કાંતિવાળા શરીરની અને કેશની શ્યામતાની યથાર્થ ઘટના થાય છે. મેઘ જ્યારે લોકોને પ્રીતિ ઉપજાવનારો થાય છે તો પછી તત્સમાન ધર્મવાળા પ્રભુ લોકોને પ્રીતિ ઉપજાવનારા કેમ ન થાય? પ્રભુના કેશની શોભા મેઘશ્રેણીના ગર્વને તોડનારી છે, એમ કહીને કવિએ વ્યતિરેકાલંકારની છાયા દર્શાવી છે. ૬

પ્રભુના મુખચંદ્રની અધિકતા.

मन्ये विशोध्य विधिरैंदवमेव विंबं, श्रीनाभिपार्थिवभुवो मुखमुच्चकार ।
तस्य ध्रुवं तदियमंसनिवेशकेशच्छायाछलादपतदंककलंकरेखा ॥ ७ ॥

વિધાતાએ ચંદ્રના બિંબને શોધીને શ્રી નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ ભગવાનનું મુખ રચેલું છે, એમ ખાત્રી થાય છે, કારણ કે, તે ચંદ્રના કલંકની રેખા પ્રભુના ખભા ઉપર રહેલા કેશની છાયાના મિષથી પડેલી હોય એમ લાગે છે. ૭

સારાંશ—આ શ્લોકથી કવિ પ્રભુના મુખને ચંદ્રની સાથે સંપૂર્ણ રીતે ઘટાવી વર્ણવે છે. વિધાતાએ ચંદ્રને શોધીને એટલે ચંદ્રમાંથી કલંકના ભાગને દૂર કરીને પ્રભુનું મુખ બનાવેલું છે, એમ કવિ ઉત્પ્રેક્ષાથી નિશ્ચય કરે છે. ચંદ્રને શોધવાથી તેના કલંકનો ભાગ જુદો પાડયો એટલે તે પ્રભુના મુખચંદ્રથી દૂર થઇ કેશની છાયાના મિષથી પ્રભુના ખભા ઉપર આવીને રહેલો હોય, એમ કવિની ઉત્પ્રેક્ષા છે. કલંક શ્યામ છે, તેથી કેશની સાથે તેની ઘટના કરી છે.

પ્રભુના ખભા ઉપર સંયમની રાજલક્ષ્મીની મણિમય ક્રીડાભૂમિ.

अंसस्थली चिकुरकंचुकिता युगादिदेवस्य विग्रहगृहे विहिताश्रयायाः ।
क्रीडाकृते मरकतोपलबद्धभूमिशोभां दधाति गुरुसंयमराजलक्ष्म्याः ॥ ८ ॥

કેશ રૂપી કાંચળીને ધારણ કરનારી શ્રી ઋષભદેવ ભગવાનની ખભાની સ્થળી–

ભૂમિ, તેમના શરીર રૂપી મંદિરમાં વાસ કરીને રહેલી મહાસંયમની રાજલક્ષ્મીને ક્રીડા કરવા માટે મરકત મણિઓથી બાંધેલી ભૂમિની શોભાને ધારણ કરે છે. ૮

સારાંશ—આ શ્લોકથી કવિ પ્રભુના કેશને અને ખભાને એક રમણીય ઉત્પ્રેક્ષા કરી વર્ણવે છે. જેમ કોઇ મહારાજાની રાણીને ક્રીડા કરવા માટે તેના અંતઃપુરના મંદિરમાં મણિમય ભૂમિકા (ઓટલી) બાંધવામાં આવે છે, તેમ અહિં કવિ વર્ણવે છે કે, પ્રભુએ ગ્રહણ કરેલ મહાન્ સંયમની રાજલક્ષ્મી કે જે પ્રભુના શરીર રૂપી મંદિરમાં વાસ કરીને રહેલી છે, તેણીને ક્રીડા કરવા માટે પ્રભુના કેશ રૂપી મરકત મણિઓથી ખભા રૂપી ભૂમિકા બાંધવામાં આવેલી છે. કેશનો વર્ણ શ્યામ હોવાથી તેને મરકતમણિ સાથે અને ખભા વજ્રસંહનન નારાચવાળા હોવાથી તેને ભૂમિકા–ઓટલાની સાથે સરખાવ્યા છે.

अर्हद् भक्ति-अधिकार.

આ પુસ્તકનો આરંભ કરતાં શ્રી અર્હદ્ ભગવાનની ભક્તિનો અધિકાર શરૂઆતમાં મુકવો અમોને ઠીક લાગ્યો છે અને તે સર્વ સુજ્ઞ પુરૂષોને પણ યોગ્ય જ લાગશે. કારણ કે મંગળમાં શ્રી અર્હત્ ભગવાન્ કે જે, આપણું પરમ દૈવત છે, તેમનું પ્રાથમિક સ્મરણ કરવું તે હિતરૂપ છે. જગત્ના મનુષ્યો સ્ત્રી, ધન, પુત્ર વગેરે અનેક નશ્વર સ્થાવર જંગમ પદાર્થોની ભક્તિ કરે છે, પરંતુ તેની ભક્તિનું ફળ નાશવાળું છે અને શ્રી અર્હદ્ ભગવાનની ભક્તિનું ફળ સર્વોત્તમ છે, તેનું અપૂર્વ ગૌરવ સમજાવવા સારૂ તથા તેવા વીતરાગોની ભક્તિ શા વાસ્તે કરવી? તે જણાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

પૂજાના પાંચ પ્રકારનું સ્વરૂપ.

+अनुष्टुप्.

पुष्पाद्यर्चा तदाज्ञा च, तद्द्रव्यपरिरक्षणम् ।
उत्सवास्तीर्थयात्रा च, भक्तिः पंचविधा जिने ॥ १ ॥

+श्लोके षष्ठं गुरु ज्ञेयं सर्वत्र लघु पंचमम् । द्विचतुष्पादयोर्ह्रस्वं सप्तमं दीर्घमन्ययोः

અનુષ્ટુપ્—શ્લોક—માં એક પાદ ૮ અક્ષરનું હોય છે અને તેવા ૪ પાદ મલી ૩૨ અક્ષરનો તે છંદ છે. તેમાં ચારેય ચરણમાં ૬ ઠ્ઠો અક્ષર દીર્ઘ અને પાંચમો અક્ષર—હ્રસ્વ અને ૨ જા તથા ૪ થા પાદમાં ૭ મો અક્ષર -હ્રસ્વ અને પહેલા તથા ૩ જા પાદમાં ૭ મો અક્ષર દીર્ઘ આવે છે.

પુષ્પાદિકથી પ્રભુની પૂજા કરવી (૧) પ્રભુની આજ્ઞાનું પાલન કરવું (૨) દેવ દ્રવ્યની રક્ષા કરવી, (૩) અનેક પ્રકારના ઉત્સવો કરવા (૪) અને તીર્થયાત્રા કરવી (૫) એ પાંચ પ્રકારે શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ કરાય છે. ૧

તે ભક્તિમાં વિનય અને મર્યાદા સંભાળવાની જરૂર છે. તે માટે કહ્યું છે કે.

*आर्या.

पञ्चविधाभिगमोऽसौ खड्गच्छत्रे उपानहौ स्वपदोः ।
मुकुटं च चमरयुग्मं विमुच्य वन्देत केवलिनम् ॥ २ ॥

ખડ્ગ, છત્ર, પગની મોજડી, મુગટ અને બે ચમર ત્યજીને કેવળ ભગવંતને જે વંદના કરવી, તે પાંચ પ્રકારનો **અભિગમ** કહેવાય છે. ૨

આ પ્રમાણે વિનયથી જિનદ્વારમાં પ્રવેશ કરવો એ વ્યવહારમોહનો ત્યાગ છે. અને તે રીતે વ્યવહાર મોહ છોડવાથી ભક્તિની મર્યાદા સાચવી શકાય છે. દર્શને જતાં પ્રથમ દેવ દ્રવ્યના રક્ષણ અને વ્યવસ્થા માટે વિચાર કરવો જોઈએ.

દેવ દ્રવ્યની રક્ષા કરનાર તથા વૃદ્ધિ કરનારને થતું ફળ.

रक्खंतो जिणदव्वं, परित्तसंसारिओ जिओ होइ ।
वड्ढन्तो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥ ३ ॥

જે જીવ જિન દ્રવ્યની રક્ષા કરે છે તે જીવ પરિમિત સંસારી (અલ્પ સંસારી) થાય છે. અને જે જીવ જિન દ્રવ્યની વૃદ્ધિ કરે છે, તે જીવ તીર્થંકરપણાને પ્રાપ્ત થાય છે. ૩

દેવ દ્રવ્યાદિ વ્યવસ્થા તપાસવા પછી દર્શનનો લાભ લેવો.

શ્રી જિન ભગવાનના નમસ્કારનું ફળ.

अरिहन्तनमुक्कारो, जीवं मोरकइ भवसमुद्दाओ ।
भावेण कीरमाणो, होइ पुणो बोहिलाभाए ॥ ४ ॥

ભાવ થકી શ્રી અરિહંત ભગવાનને કરેલ નમસ્કાર આ જીવને ભવસમુદ્રથી પાર ઉતારે છે. અર્થાત્ મોક્ષ પ્રાપ્તિ કરાવે છે, કદાપિ કર્મ યોગે તેજ ભવમાં મોક્ષ પ્રાપ્તિ ન થાય તો બીજા જન્મમાં બોધિલાભ (સમ્યકત્વ) ની પ્રાપ્તિ થાય છે. ૪

* " यस्याः पादे प्रथमे द्वादशमात्रास्तथा तृतीयेऽपि अष्टादश द्वितीये चतुर्थके पंचदश सार्या "
જેના ૧ લા તથા ૩ જા ચરણમાં ૧૨–૧૨ માત્રા અને ૨ જા ચરણમાં ૧૮ અને ૪ થા ચરણમાં ૧૫ માત્રા આવે એ વૃત્તને આર્યા કહેવામાં આવે છે.

વળી શ્રી અર્હંત ભગવાનને નમસ્કાર કરનાર પ્રત્યે અનુમોદન કરનારને પણ મહાન્ ફળ મળે છે. કહ્યું છે કે—

> अरिहंतनमुक्कारो, धन्नाणं भवक्खयंकरं ताणम् ।
> हिअयं अणुमोअन्तो, विसुत्तिआवारओ होइ ॥ ५ ॥

સંસારનો ક્ષય કરનારા અને ધન્ય એવા પુરૂષો અરિહંતને નમસ્કાર કરે છે, તેને હૃદયથી અનુમોદના કરનાર પ્રાણી પણ સંસારના દુઃખ તથા આસક્તિનો નિવારણ કરનાર થાય છે. ૫

અર્હંત્ ભક્તિ ઉપર પ્રશ્નોત્તર.

* **એક શિષ્ય પોતાના ગુરૂને પુછે છે કે**—હે મહારાજ! ગુરૂની સેવા (ભક્તિ) કરવાથી તેઓ પ્રસન્ન થાય છે. અને સેવા કરનારા તેના સદુપદેશશ્રવણનો તેમજ અનેક શાસ્ત્રના અભ્યાસનો લાભ પામે છે. એટલે ગુરૂ સેવાનું ફળ તો સેવકને પ્રત્યક્ષ દેખાય છે, તેથી તે તો કરવી યુક્ત છે; પરંતુ દેવો તો વીતરાગ સિદ્ધ નિરંજન છે, તે સેવા ભકિત કરવાથી સેવક ઉપર પ્રસન્ન થતા નથી, તેમ ન કરવાથી અપ્રસન્ન થતા નથી, ત્યારે તેમની સેવા-ભક્તિ કરવાથી કે ન કરવાથી સેવકજનોને કાંઇ લાભ હાનિ દેખાતી નથી, માટે અરિહંત, સિદ્ધ મારા દેવ છે એમ માનવું તો જરૂરનું છે કારણ કે તેથી સમ્યક્દ્રષ્ટિપણું નિર્મળ થાય છે; પરંતુ તેમની સેવા ભકિત વિશેષે કરવાની તો જરૂર જણાતી નથી; તેઓ તેને ઇચ્છતા પણ નથી તો તે શામાટે કરવી જોઇએ?

ઉત્તર—હે ભવ્ય! ગુરૂ સેવાનું દ્રષ્ટાંત આપીને તમે કહ્યું કે 'દેવ વીતરાગ હોવાથી તે સેવા ભકિત કરવાથી પ્રસન્ન થતા નથી અને ન કરવાથી અપ્રસન્ન થતા નથી તે તો બરાબર છે. પણ' 'સેવા ભકિત કરવાથી કે ન કરવાથી સેવક જનોને કાંઇ લાભ હાનિ દેખાતી નથી' એ કહેવું અસત્ય છે. ભકિત કરવાથી લાભ છે. અને ન કરવાથી હાનિ છે, તેથીજ મોક્ષાર્થિઓને દેવ પૂજા કરવી અવશ્ય ઘટિત છે. સર્વ ધર્મનું મૂળ દેવ ભક્તિ છે. તે વિનાં સર્વ ધર્મ ક્રિયા નિષ્ફળ થાય છે. અને દેવ ભક્તિ સાથે કરેલી સર્વ કરણી સફળ થાય છે એટલે કરવાથી લાભ ને ન કરવાથી હાનિ છે એ પ્રત્યક્ષ સિદ્ધ છે. જેમ ચિંતામણિ રત્ન અચેતન હોવાથી તેની પૂજા કરનાર ઉપર તે પ્રસન્ન થતું નથી, પરંતુ તેની પૂજા કરનાર તેની ભક્તિથી આ લોક સંબંધી ઈચ્છિત સુખને પામે છે. તેમ વીતરાગ દેવની ભકિત કરવાથી સેવક આ લોકમાં અને પરલોકમાં સર્વ પ્રકારના કલ્યાણનું ભાજન થાય છે. વળી જેમ અગ્નિને કોઇ અજતનાથી રાખે અને અનાદરથી સેવે તો તેના ઉપર તે રૂષ્ટ થતો

* તત્ત્વવાર્તા.

નથી પણ તેને બાળી દે છે; તેમ વીતરાગને વિશે પણ અભકિત—અનાદર કરનાર પોતાના તેવા પરિણામથી જ પોતાના કરેલા સર્વ ધર્મ કૃત્યના ફળ નષ્ટ કરી નાખે છે, આટલા ઉપરથી એ સિદ્ધ થાય છે કે વીતરાગ દેવ પોતે ભક્તિ કરવાથી તુષ્ટમાન થતા નથી કે ન કરવાથી રૂષ્ટમાન થતા નથી; પરંતુ કરનારને અને નહીં કરનારને ભકિતથી અને અભકિતથી થનારૂં તોષ ને રોષનું ફળ તો પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન—હે મહારાજા! આપે કહ્યું કે ' સર્વ ધર્મનું મૂળ દેવ ભકિત છે ' તેનો સાર હું સમજી શકયો નહીં તેથી તે સમજાવવા કૃપા કરો.

ઉત્તર—હે ભવ્ય, દેવ સર્વથી ઉત્કૃષ્ટ, જ્ઞાન દર્શનાદિ ગુણ સ્વભાવમય હોય છે, તેથી તેવાં વંદનિક અતિશાયી ચેતનને અવલંબીને સર્વ મુમુક્ષુ જનોને એવી બુદ્ધિ ઉપજે કે '' આ ભગવાન સ્તવવા લાયક, પૂજવા લાયક, માનવા લાયક, નમવા લાયક, અને ધ્યાવા લાયક છે, અને તેમનો સર્વ ઉપદેશ આત્મ હિતેચ્છુ જીવોએ આદરવા લાયક છે. એ સર્વજ્ઞ પરમાત્માએ સર્વ જીવોને હિતકારી ઉપદેશ કરેલો છે, તેથી એ પ્રભુ સર્વના પરમ ઉપકારી છે '' આવી બુદ્ધિ તેવા દેવને આશ્રયા વિના નિરાલંબીને ઉપજતી નથી. પૂજ્યને વિષે પૂજ્ય બુદ્ધિ પૂજ્યના આલંબનથી જ ઉત્પન્ન થાય છે અને એવી ધર્મવિચારણાવાળી બુદ્ધિ જ ધર્મનું મૂળ છે. વળી તેવી બુદ્ધિ વીતરાગ દેવના અવલંબનથી ઉપજેલી હોવાને લીધે તે બુદ્ધિના મૂળ કારણ દેવ હોવાથી દેવ ભકિતજ સર્વધર્મનું મૂળ છે. એમ અમે કહ્યું છે. વળી દેવના અવલંબનથી એવી ધર્મ બુદ્ધિ પામીને ભવ્ય જીવને તે ધર્મ બુદ્ધિની પ્રેરણાથી દેવ ઉપર પારમાર્થિક ભકિતરાગ પ્રગટે, અને તેવા ભકિત રાગથી તે દેવના ગુણોની સ્તવના કરવામાં, તેમની પૂજા કરવામાં, તેમને નમવામાં, તેમના સ્મરણમાં, તેમના નામનો જાપ કરવામાં, તેમનું ધ્યાન ધરવામાં, ઉદ્યમવંત થાય. તેમજ દેવ મંદિર કરાવવામાં, જિન બિંબ ભરાવવામાં તેમના પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં, તેમની પુષ્પહાર કેશર ચંદનાદિ વડે વિશેષ ભકિત કરવામાં અને વિવિધ અલંકારાદિ વડે તેમને શૃંગારવામાં પોતાના દ્રવ્યની સફળતા સમજે, વળી ગુરૂ મુખે વિધિ પૂર્વક જિનાગમ ભણવામાં અને શ્રવણ કરવામાં પોતાની જીંદગીની સફળતા માને, તેમજ શક્તિ પ્રમાણે દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મ આદરવામાં, વિધિ શુદ્ધ તપ સંયમ પાળવામાં ઉદ્યમવંત થાય. આ બધું પારકી પ્રેરણા વિના દેવ ભકિતના પ્રેમ રસથી ભરેલી ધર્મ બુદ્ધિના ઉલ્લસિતપણાથી થાય. એવો જિન ભકિતનો પ્રબળ પ્રભાવ છે. તેથી 'સર્વ ધર્મનું મૂળ દેવ ભકિત છે,' એમ અમે કહ્યું છે, વળી દેવભક્ત ઉલ્લસિત થઇને સર્વ ધર્મ કૃત્યોમાં પ્રવર્ત્તે છે, તેથી દેવ ભકિત જ સર્વ ધર્મ સફળ છે અને ભકિતહીન પ્રાણી ધર્મમાં તેવો ઉલ્લસિત થતો નથી. તેથી તેના ધર્મકૃત્ય મોક્ષ પ્રાપ્તિની અપેક્ષાએ નિષ્ફળ છે, એમ અમે

કહ્યું છે. કદિ તેવા ધર્મ કૃત્યથી સાંસારિક સુખની પ્રાપ્તિ થાય છે પણ પરમાર્થ વૃત્તિએ વિચારતાં મોક્ષ ફળ ન આપવાથી તે નિષ્ફળ છે. માટે સમ્યક્‌દૃષ્ટિથી કરાતો જે ધર્મ તેજ શુદ્ધ ધર્મ જાણવો. એ ધર્મ પામવાથી અવશ્ય મોક્ષપ્રાપ્તિ થાય છે. એ સમ્યક્‌ત્વ મિથ્યાત્વાદિક પાપકર્મનો નાશ કરવાથી પ્રાપ્ત થાય છે, મિથ્યાત્વાદિનો નાશ તથાભવ્યતા પાકવાથી થઇ શકે છે. એવી તથાભવ્યતા અરિહંતાદિક ચાર શરણ આદરવાથી, દુષ્ટકૃત્યોને નિંદવાથી અને સુકૃત્યોને અનુમોદવાથી પાકે છે, માટે શુદ્ધ ધર્મના અર્થી અને મોક્ષના અભિલાષી ભવ્ય જીવોએ ચાર શરણાદિકને અંગીકાર કરવાનો તેમજ ઉપર બતાવ્યા પ્રમાણે સાલંબન ધર્મ કરણી કરવાનો યથાશક્તિ પ્રયત્ન અવશ્ય કરવો. ૯

सिद्धस्तुति–आधिकार.

શ્રી અર્હત્ ભગવાન પછી બીજો અધિકાર સિદ્ધ એવા નિરંજન નિરાકારનો છે, માટે બીજા અધિકાર તરીકે “ સિદ્ધસ્તુતિ ” નામના સિદ્ધ પુરૂષોના સ્તવનરૂપ અધિકારને ગોઠવવામાં આવ્યો છે. પ્રથમ તેમાં એવી જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે કે– સિદ્ધ મહાત્માઓ કોને કહેવા ? તથા તેની ભાવપૂજા કેવા પ્રકારના ઉપહાર (ચન્દન, તન્દુલ, પુષ્પમાળા, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફળ, વિગેરે) થી થઇ શકે ? તે સમજાવવા સારૂ ભાવપૂજા, ક્રમથી આ અધિકારમાં આપવામાં આવી છે, તેથી શ્રદ્ધાળુ પુરૂષોએ આ સિદ્ધ સ્તુતિના શ્લોકોનું અર્થાનુસંધાન પૂર્વક પઠન કરવું, તેથી સિદ્ધપરમાત્માના અનંત ચતુષ્ટયાદિ ગુણો પોતાનામાં પ્રગટ કરવાની ભાવના થાય.

શ્રી સિદ્ધ મહાત્માઓના નામનો પ્રભાવ.

* उपजाति.

यथाग्नितापः सुखदो जनानां शीतं सदा हन्ति न संशयोऽत्र ।
श्रीसिद्धजापो हि तथा च हन्ति पापं प्रकृष्टं च किमत्र चित्रम् ॥ १ ॥

* उपजाति તથા इन्द्रवज्रा તથા उपेन्द्रवज्रा નું લક્ષણ સાથેજ સમજી શકાય છે તેથી અત્ર આપવામાં આવે છે.

“ इन्द्रवज्रा ” स्यादिन्द्रवज्रा यदि तौ जगौ गः અર્થાત્ ત ગણ ત ગણ જ ગણ અને છેલ્લા બે અક્ષરો ગુરૂ, એમ આ છન્દ ૧૧ અક્ષરનો છે. “ उपेन्द्रवज्रा प्रथमे लघौ सा ” ઉપરના છન્દમાં દરેક ચરણનો ૧ લો અક્ષર લઘુ હોય તો તે उपेन्द्रवज्रा કહેવાય છે અને “ अनन्तरोदीरितलक्ष्मभाजौ पादौ-यदीयावुपजातयस्ताः । ” ઇન્દ્રવજ્રા તથા ઉપેન્દ્રવજ્રાના ચરણો મિશ્રિત હોય તે उपजाति કહેવાય છે.

જેમ અગ્નિનો તાપ સુખદાયક થઇ સદા મનુષ્યોની તાઢને હણે છે, એ નિઃસંશય વાત છે, તેમ સિદ્ધ નામના મંત્રનો જાપ ઉત્કૃષ્ટ એવા પાપને હણે છે તેમાં શું આશ્ચર્ય ? ૧

સિદ્ધ પુરૂષો કેવા હોય છે ?

×इन्द्रवज्रा (૨—૩)

येऽनादिमुक्तौ किल सन्ति सिद्धा, मायाविमुक्ता गतकर्मबन्धाः ।
एकस्वरूपाः कथिता मुनीन्द्रैः, सिद्धान्तशास्त्रेषु निरञ्जनास्ते ॥ २ ॥

જે સિદ્ધાત્માઓ અનાદિ મુક્તિને વિષે રહેલા છે, તેઓ માયાથી મુક્ત અર્થાત્ રહિત, કર્મના બંધથી રહિત, એકજ સ્વરૂપ વાળા અને નિરંજન છે, એમ મુનિઓના ઇંદ્ર એવા તીર્થંકરોએ સિદ્ધાંત શાસ્ત્રોમાં કહેલ છે. ૨

તેમના નામ સ્મરણનું ફળ.

सर्वज्ञदेवस्य च नामजापात्, प्राप्नोति किन्नाग्निभयं क्षयं च ।
प्राप्नोति किं राजभयं न नाशं, प्राप्नोति किञ्चोरभयं न नाशम् ॥ ३ ॥

શ્રી સર્વજ્ઞ દેવના નામનો જપ કરવાથી શું અગ્નિનો ભય ક્ષય નથી પામતો? શું રાજાનો ભય નાશ નથી પામતો? અને શું ચોરનો ભય વિનાશ નથી પામતો? અર્થાત્ સર્વ ભય નાશ પામે છે. પણ તે જાપ ખરા શુદ્ધ અંતઃકરણ પૂર્વક હોવો જોઇએ; ૩

સિદ્ધ ભગવાનની ભાવ પૂજા.

*द्रुतविलम्बित. (૪ થી ૧૧)

निजमनोमणिभाजनभारया शमरसैकसुधारसधारया ।
सकलबोधकलारमणीयकम् सहजसिद्धमहम्परिपूजये ॥ ४ ॥

પોતાના મન રૂપી મણિમય પાત્રમાં ભરેલી એવી સમતારસરૂપ એક અમૃતની ધારા વડે સર્વ પ્રકારના બોધની કળાથી અર્થાત્ કેવળજ્ઞાનથી રમણીય એવા સહજ સિદ્ધ પરમાત્માને હું પૂજું છું. ૪

---

* द्रुतविलंबित નું લક્ષણ × પાનું ૯ મું જુઓ.

" द्रुतविलंबितमाह नभौ भरौ "

न ગણ भ ગણ भ ગણ અને र ગણ આમ ૧૨ અક્ષરનું એક ચરણ છે.

સિદ્ધ ભગવાનની ચંદન પૂજા.

सहजकर्मकलङ्कविनाशनैरमलभावसुवासितचन्दनैः ।
अनुपमानगुणावलिनायकं, सहजसिद्धमहम्पहिपूजये ॥ ५ ॥

સહજ—સ્વાભાવિક કર્મ કલંકને નાશ કરનારા, નિર્મળ ભાવ રૂપ સુગંધી ચંદન વડે અનુપમ એવી ગુણ શ્રેણીના નાયક સહજ સિદ્ધ પરમાત્માને હું પૂજું છું. ૫

સિદ્ધ ભગવાનની અક્ષત પૂજા.

सहजभावसुनिर्मलतन्दुलैः सकलदोषविशालविशोधनैः ।
अनुपरोधसुबोधनिधानकं सहजसिद्धमहंपरिपूजये ॥ ६ ॥

જેનો અવરોધ ન થાય એવા ઉત્તમ બોધના ભંડાર રૂપ એવા સહજ સિદ્ધ પરમાત્માને, સર્વ દોષોના વિશાળ શોધન કરનારા સહજ ભાવ રૂપ નિર્મળ અક્ષત વડે હું પૂજું છું. ૬

પૂષ્પ પૂજા.

समयसारसुपुष्पसुमालया सहजकर्मकरेण विशोधया ।
परमयोगबलेन वशीकृतं सहजसिद्धमहम्परिपूजये ॥ ७ ॥

સહજ કર્મના સમૂહને શોધનારી એવી સિદ્ધાંતના સાર રૂપ પુષ્પોની માળા વડે પરમ યોગના બળથી વશ કરેલા સહજ સિદ્ધ પરમાત્માને હું પૂજું છું. ૭

નૈવેદ્ય પૂજા.

अकृतबोधसुदिव्यनिवेद्यकैर्विहितजातजरामरणान्तकैः ।
निरवधिप्रचुरात्मगुणालयं सहजसिद्धमहम्परिपूजये ॥ ८ ॥

જેમણે જન્મ, જરા અને મૃત્યુનો નાશ કરેલો છે, એવા સ્વાભાવિક બોધરૂપ દિવ્ય નૈવેદ્ય વડે અવધિરહિત ઘણાં આત્માના ગુણોના સ્થાન રૂપ એવા સહજ સિદ્ધ પરમાત્માને હું પૂજું છું. ૮

દીપક પૂજા.

सहजरत्नरुचिप्रतिदीपकैरुचिविभूतितमःप्रविनाशनैः ।
निरवधिस्वविकासविकाशनं सहजसिध्दमहम्परिपूजये ॥ ९ ॥

સાંસારિક કામનાઓ અને વૈભવરૂપ અંધકારને નાશ કરનારા એવા સહજ જ્ઞાનરૂપ રત્નની રૂચિરૂપ દીવાઓ વડે આત્માના નિરવધિ વિકાશને કરનારા સહજ સિદ્ધ પરમાત્માની હું પૂજા કરૂં છું. ૯

ધૂપ પૂજા.

निजगुणाक्षयरूपसुधूपनैः, स्वगुणघातमलप्रविनाशनैः ।
विशदबोधसुदीर्घसुखात्मकं, सहजसिद्धमहम्परिपूजये ॥ १० ॥

આત્માના ગુણોનો ઘાત કરનારા, મળનો નાશ કરનારા એવા પોતાના ગુણના અક્ષયરૂપ સુન્દર ધૂપ વડે ઉજ્વળ બોધથી અતિ દીર્ઘ (અક્ષય) એવા સુખ સ્વરૂપ સહજ સિદ્ધ પરમાત્માને હું પૂજું છું. ૧૦

ફળ પૂજા.

परमभावफलावलिसम्पदा, सहजभावकुभावविशोधया ।
निजगुणस्फुरणात्मनिरञ्जनं, सहजसिद्धमहम्परिपूजये ॥ ११ ॥

સહજ ભાવમાં રહેલ કુભાવને શોધનારી ઉત્કૃષ્ટ ભાવરૂપ ફલની શ્રેણીની સમૃદ્ધિ વડે આત્મગુણની સ્ફુરણારૂપે નિરંજન એવા સહજ સિદ્ધ પરમાત્માને હું પૂજું છું. ૧૧

सरस्वतीस्तुति–अधिकार.

" સિદ્ધ સ્તુતિ " નામના બીજા અધિકારમાં શ્રી સિદ્ધ મહાત્માઓનું જે સ્તવન કર્યું તેમાં સરસ્વતી (વાણી) ની અપેક્ષાની ખાત્રી સુજ્ઞ જનોને થઇ હશે કે આવી ભાવ પૂજાઓરૂપે સ્તવન કરવામાં સરસ્વતી (વિદ્યાદેવી) ની ઉપાસના (અભ્યાસ) સિવાય સ્તવન કાર્ય થઇ શકે નહિ, તેમ સરસ્વતી એ મનુષ્યોની બુદ્ધિ રૂપી વનિતાની એક મુક્તાફળ માળા છે અને તેજ સરસ્વતી વીતરાગ દેવની (વાણી) ન હોત તો વિદ્વાન્ તથા મૂર્ખોને મનુષ્યો જાણી કેમ શકત ? અત એવ સરસ્વતીજીનું સ્તવન કરવું યોગ્ય છે એમ ધારી આ અધિકાર આરંભાય છે.

સરસ્વતી તે વિદ્વાન્ તથા મૂર્ખ મનુષ્યની બુદ્ધિરૂપી સોનાની કસોટી છે.

अनुष्टुप्. (૧—૨)

पातु वो निकषग्रावा मतिहेम्नः सरस्वती ।
प्रज्ञेतरपरिच्छेदं वचसैव करोति या ॥ १ ॥

મતિ રૂપ સુવર્ણની કસોટી એવી સરસ્વતી તમારૂં રક્ષણ કરો, કે જે સરસ્વતી વચનથી જ વિદ્વાન્ અને મૂર્ખનું વિવેચન કરી આપે છે. ૧

વિરોધાભાસ અલંકારથી સરસ્વતીજીના ભંડારનું વર્ણન.

अव्यये व्ययमायाति व्यये याति सुविस्तरम् ।
अपूर्वः कोऽपि भण्डारस्तव भारति दृश्यते ॥ २ ॥

હે સરસ્વતિ? તમારો કોઇ અપૂર્વ ભંડાર દેખાય છે, કે જે ભંડાર નહીં ખર્ચાવાથી ખુટી જાય છે અને ખર્ચવાથી સારા વિસ્તારને પામે છે. ૧

સરસ્વતીથી કવિઓની શાસ્ત્ર સંપત્તિનું દર્શન.

आर्या.

श्रुतसम्पदः कवीनामुक्तिभिरेव प्रकाशतां यान्ति ।
सिन्धोरपारजलभरमुद्गारा एव कथयन्ति ॥ ३ ॥

કવિઓની શાસ્ત્રીય સંપત્તિઓ તેમની ઉક્તિઓથી જ પ્રકાશતાને પામે છે. સમુદ્રના અપાર જળના સમૂહને તેના ઉદ્ગારો જ જણાવી આપે છે. એટલે જેમ સમુદ્રના મોજાઓ ઉપરથી તેનામાં અગાધ જળ છે એમ જણાઇ આવે છે, તેમ કવિઓની કવિતા ઉપરથી તેમનામાં શાસ્ત્રોનો બોધ કેટલો છે તે જણાઇ આવે છે. ૩

जिनबिंब–अधिकार.

પ્રાસંગિક સરસ્વતીસ્તુતિનામના અધિકારને પૂર્ણ કરી પુનઃ પ્રસ્તુત વિષયને અનુસરાય છે, એટલે પ્રથમના અર્હત્ ભક્તિનામના અધિકારમાં શ્રી અર્હત્ ભગવાનની ભક્તિ કરવાનું સિદ્ધ કર્યું. તેમાં શ્રી અર્હત ભક્તિમાં ભગવાનની પૂજાના પાંચ પ્રકાર જણાવ્યા છે તો તે પ્રમાણે પૂજન કયા સ્થાનમાં કરવું? એવી રીતનો પ્રશ્ન ઉદ્ભવે છે, કારણ કે અર્હત્ ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપે સદાકાળ દર્શન થતાં નથી, અને પૂજાતો ચન્દન પુષ્પાદિથી કરવાની તેમાં જણાવેલી છે. તો તે પૂજા પ્રત્યક્ષ સુન્દર મૂર્ત્તિ વિના કેમ થઇ શકે? તે પ્રશ્નોનો ઉદ્ભવ થતાં તેનો ઉત્તર આપવા માટે શ્રી જિન ભગવન્તોના બિંબોની સ્થાપના કરવાનું સિદ્ધ કરવા તથા તેના ફળ માટે અધિકાર આરંભાય છે.

પ્રતિમા કરવાનું ફળ.

आर्या (१—२)

जो कारवेइ पडिमं जिणाणं जियरागदोसमोहाणं ।
सो पावइ अन्न भवे, सुहजम्मं धम्मवररयणं ॥ १ ॥

જેમણે રાગ, દ્વેષ અને મોહ જીતેલા છે, એવા શ્રી જિન ભગવંતની પ્રતિમાને જે પુરૂષ કરાવે છે, તે પુરૂષ અન્ય ભવને વિષે શુભ જન્મ અને ધર્મરૂપી ઉત્તમ રત્નને પામે છે. ૧

दारिद्दं दोहग्गं कुजाइ कुसरीर कुमइ कुगइओ ।
अवमाणे रोग सोगा न हुंति जिण बिम्बकारिणाम् ॥ २ ॥

શ્રી જિન બિંબ કરાવનારા પુરૂષોને દારિદ્રય, દુર્ભાગ્ય, કુજાતિ, કુશરીર, કુબુદ્ધિ, દુર્ગતિ. અપમાન, રોગ અને શોક થતાં નથી. ૨

वसन्ततिलका.

अङ्गुष्ठमानमपि यः प्रकरोति बिम्बं वीरावसानवृषभादिजिनेश्वराणाम् ।
स्वर्गे प्रधानविपुलर्द्धिसुखानि भुक्त्वा पश्चादनुत्तरगतिं समुपैति धीरः ॥ ३ ॥

જે ધીર પુરૂષ શ્રી ઋષભદેવ ભગવાનથી માંડીને છેલ્લા શ્રી મહાવીર પ્રભુસુધીના જિનેશ્વરોનું એટલે ચોવીશ તીર્થંકર પૈકી ગમે તે તીર્થંકરનું અંગુષ્ઠ પ્રમાણ પણ બિંબ કરાવે છે, તે પુરૂષ સ્વર્ગને વિષે વિસ્તારવાળી સમૃદ્ધિના સુખ ભોગવ્યા પછી અનુત્તર ગતિ–મોક્ષને પામે છે. તો પછી અધિક કરાવનારને માટે તો કહેવું જ શું? ૩

જિનાલય બંધાવનારને ફલ.

शार्दूलविक्रीडित. (४—५)

रम्यं येन जिनालयं निजभुजोपात्तेन सुष्टवर्पितं
मोक्षार्थं स्वधनने शुद्धमनसा पुंसा सदाचारिणा ।
वेद्यन्तेन नरामरेन्द्रमहितं तीर्थेश्वराणां पदं
प्राप्तं जन्मफलं कृतं जिनमतं गोत्रं समुद्योतितम् ॥ ४ ॥

સદાચારવાળા અને શુદ્ધ હૃદયવાળા જે પુરૂષે મોક્ષને અર્થે પોતાની ભુજાથી મેળવેલા (ન્યાયોપાર્જિત) ધનવડે રમણીય જિનાલય કરાવી સારી રીતે અર્પણ કરેલું છે; તે પુરૂષે મનુષ્ય અને દેવતાઓના ઇન્દ્રોએ પૂજેલા શ્રી તીર્થંકરોના પદને

મેળવ્યું છે, પોતાના જન્મનું ફળ પ્રાપ્ત કર્યું છે, જિનશાસન પાળ્યું છે અને પોતાના ગોત્રને ઉજ્વળ કર્યું છે. ૪

કુમારપાળ રાજાની સેવા.

आज्ञावर्तिषु मण्डलेषु विपुलेष्वष्टादशस्वादरा
दब्दान्येव चतुर्दश प्रसृमरांमारीं निवार्यौजसा ।
कीर्तिस्तम्भनिभान् चतुर्दशशतीसंख्यान् विहारांस्तथा
जैनान्निर्मितवान् कुमारनृपतिर्द्रव्यव्ययं भूरिशः ॥ ५ ॥

કુમારપાળ રાજાએ પોતાના પરાક્રમથી આજ્ઞામાં વર્ત્તનારા અને વિસ્તારવાળા અઢાર મંડળ-દેશોમાં ચૌદવર્ષ સુધી અમારી ઘોષણા કરાવી પોતાની કીર્ત્તિના સ્થંભ જેવાં ચૌદસો જૈન વિહારો-જૈન મંદિરો કરાવ્યાં હતાં અને ઘણું દ્રવ્ય ખર્ચ્યું હતું. ૫

पूजा-अधिकार.

જિન બિંબઅધિકારમાં શ્રી જિન બિંબની સ્થાપના વગેરેનું પ્રતિપાદન થયું છે. હવે તે જિન બિંબોની પૂજા કયા પ્રકારથી કરવી ? તે પ્રશ્ન ઉદ્ભવે છે. તેનો યથાયોગ્ય રીતે જવાબ જણાવતાં આ પૂજાધિકાર શરૂ કરવો અત્ર ઉચિત લાગે છે. આ અધિકારમાં શ્રી જિન પ્રભુની નવાંગ પૂજા કરવામાં આવે છે તેનું તથા ચન્દન વગેરેથી કરાતી પૂજાનું ફળ વિસ્તારથી આપવામાં આવ્યું છે. આ વિષય શ્રાવકો તથા સાધુઓ વગેરેને ઘણોજ મનન કરવા યોગ્ય છે, એટલુંજ નહિ પણ તે અક્ષરશઃ આદરવા યોગ્ય છે.

જિનેશ્વરની ભક્તિથી ફળપ્રાપ્તિ.

अनुष्टुप—(१ थी ४)

दर्शनाद्दुरितं हन्ति वन्दनाद्वाञ्छितप्रदः ।
पूजनात् पूरकः श्रीणां, जिनः साक्षात् सुरद्रुमः ॥ १ ॥

શ્રી જિન ભગવાન્ એ સાક્ષાત્ કલ્પવૃક્ષ જ છે. જે દર્શનથી પાપનો નાશ કરે છે, વંદના કરવાથી વાંછિત આપે છે અને પૂજવાથી સર્વ પ્રકારની લક્ષ્મીઓને પૂરનારા થાય છે. ૧

શ્રી અક્ષત પૂજા.

अक्षतान् ढौकयेद्योऽत्र देवाग्रे भक्तिपूर्वकम् ।
अखण्डसुखमाप्नोति स्त्रीपुत्रधनसंयुतम् ॥ २ ॥

જે પુરૂષ જિનેશ્વરની આગળ ભક્તિ પૂર્વક અક્ષત ધરે છે, અર્થાત્ જે અક્ષત પૂજા કરે છે. તે પુરૂષ સ્ત્રી, પુત્ર અને. દ્રવ્યથી સુખી થઇ અંતે અક્ષય--મોક્ષરૂપ અખંડ સુખ પ્રાપ્ત કરે છે. ૨

ફળ પૂજા.

फलपूजाविधौ तु स्यात् सौभाग्यं जनमान्यता ।
ऐश्वर्यं रूपमारोग्यं स्वर्गमोक्षसुखान्यपि ॥ ३ ॥

જિનેશ્વર ભગવાનની ફળ પૂજા કરવાથી સૌભાગ્ય, લોકમાન, ઐશ્વર્ય, રૂપ, આરોગ્ય અને સ્વર્ગ યાવત્ મોક્ષનાં સુખ પણ મળે છે. ૩

શ્રી જિનેશ્વર ભગવાનની પૂજાનું ફળ.

उपसर्गाः क्षयं यान्ति छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे ॥ ४ ॥

શ્રી જિનેશ્વરને પૂજવાથી ઉપદ્રવો ક્ષય પામે છે, વિઘ્નરૂપી લતાઓ છેદાઇ જાય છે, અને હૃદય પ્રસન્નતાને પ્રાપ્ત થાય છે. ૪

જિન મંદિરમાં પ્રવેશ કરવા વગેરેનું ફળ.

आर्या.—(૫ થી ૭)

संपत्तो जिण भवणे, पावइ छम्मासिअं फलं पुरिसो ।
संवच्छरि अन्तुफलं दारदेसट्ठिलहइ ॥ ५ ॥

જે પુરૂષ જિન ભવનને પ્રાપ્ત કરે છે તે છમાસી તપનું ફળ પામે છે, અને જિન ભગવાનના દ્વાર પ્રદેશમાં સ્થિર થતાં સંવત્સરી (વર્ષી) તપનું ફળ મેળવે છે. ૫

પ્રદક્ષિણા વગેરેનું ફળ.

पायखिणेण पावइ, वरि ससयंफलं तउजणे महिये ।
पावइवरिस सहस्सं अणंत पुणं जिणे थुणिये ॥ ६ ॥

જિનેશ્વરને પ્રદક્ષિણા કરવાથી સો વર્ષીતપનું ફળ મેળવે છે. પૂજવાથી હજાર વર્ષીતપનું ફળ મેળવે છે, અને સ્તુતિ કરવાથી અનન્તગણું ફળ મેળવે છે. ૬

શ્રી જૈન બિંબને પ્રમાર્જન કરનારને ફળ.

सयं पमज्जणे पुण्णं सहस्सं च विलेवणे ।
सयसाहस्सिआ माला अणन्तं जीअवाइए ॥ ७ ॥

પ્રભુને પ્રમાર્જન કરવાથી સોગણું, ચંદન વડે વિલેપન કરવાથી હજારગણું, પુષ્પમાળા ચડાવવાથી લાખગણું અને ગીત વાદિત્ર કરવાથી અનંતગણું ફળ થાય છે. ૭.

વીતરાની સેવાથી મોક્ષ પ્રાપ્તિ.

उपजाति. (૮ થી ૧૦)

गृहादिकर्माणि विहाय भव्याः, श्रीवीतरागं परिपूजयन्ति ।
ये शुद्धभावात्रिदशाधिपत्वं, सम्पादयन्त्याशु शिवं क्रमेण ॥ ८ ॥

જે ભવ્ય મનુષ્યો ઘર વગેરેના કામ છોડી દઈ શુદ્ધ ભાવથી શ્રી વીતરાગ ભગવાનને પૂજે છે, તેઓ ઇંદ્ર પણાને પ્રાપ્ત કરે છે; અને પછી અનુક્રમે સત્વ–મોક્ષને પામે છે. ૮.

પુષ્પ પૂજા.

पूर्वं नवाङ्गं नवभिः प्रसूनैः, पूजाकृता श्येनकमालिकेन ।
ततो नवस्वेव भवेषु लक्ष्मीं, नवां नवां प्राप शिवर्द्धिमन्ते ॥ ९ ॥

પૂર્વે શ્યેનક નામના માલીએ નવ પુષ્પોથી પ્રભુના નવ અંગે પૂજા કરી હતી, તેથી તેણે નવ ભવને વિષે નવી નવી લક્ષ્મીને પ્રાપ્ત કરી છે છેવટે તે મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત થયો. ૯.

न यान्ति दास्यं न दरिद्रभावं, न प्रेष्यतां नैव च हीनयोनिम् ।
न चापि वैकल्यमिहेन्द्रियाणां, ये कारयन्त्यत्र जिनेन्द्रपूजाम् ॥ १० ॥

જેઓ આ લોકને વિષે જિનેંદ્ર ભગવાનની પૂજા કરાવે છે, (ભણાવે છે,) તેઓ દાસપણાને અને દારિદ્ર્યપણાને પામતા નથી, કોઇની તાબેદારી ઉઠાવતા નથી, હલકી જાતિમાં જન્મતા નથી અને ઇંદ્રિયોની વિકળતા પામતા નથી. તો પછી જે પોતે પૂજા કરે તેનું તો કહેવું જ શું? ૧૦

પૂજાનાં ઉપકરણ.

द्रुतविलम्बित.

उदकचन्दनतन्दूलपुष्पकैश्चरुसुदीपसुधूपफलार्घकैः ।
धवलमङ्गलगानरवाकुले, जिनगृहे जिनदेवमहं यजे ॥ ११ ॥

ધવળ મંગળના ગીતના શબ્દોથી ગાજી રહેલ એવા જિનાલયને વિષે જળ, ચંદન, અક્ષત, પુષ્પ, ચરૂ, (નૈવેદ્ય) દીપ, ઉત્તમ ધૂપ, ફળ અને અર્ઘથી હું જિનેશ્વરની પૂજા કરૂં છું. ૧૧.

શ્રી જિન ભગવાન્‌ની પૂજાના લાભ.

* शिखरणी.

कदाचिन्नातङ्कः कुपित इव पश्यत्यभिमुखं,
विदूरे दारिद्रं चकितमिव नश्यत्यनुदिनम् ।
विरक्ता कान्तेव त्यजति कुगतिः सङ्गमुदयो,
न मुञ्चत्यभ्यर्णे सुहृदिव जिनार्चां रचयतः ॥ १२ ॥

જે ભવ્ય મનુષ્ય શ્રી જિનેશ્વરની પૂજા કરે છે, તેના મુખની સામું જાણે કોપ પામ્યો હોય, તેમ રોગ જોતોજ નથી, જાણે ભય પામ્યું હોય, તેમ દારિદ્રય હમેશાં તેનાથી દૂર નાશે છે, વિરક્ત થયેલી સ્ત્રીની જેમ દુર્ગતિ તેનો સંગ છોડી દે છે અને મિત્રની જેમ ઉદય તેની પાસેથી ખસતોજ નથી. ૧૨

શ્રી જિન મંદિરમાં જવા વિગેરેનું ફળ.

शार्दूलविक्रीडित. (૧૩ થી ૨૧)

यास्याम्यायतनं जिनस्य लभते ध्यायँश्चतुर्थं फलं,
षष्ठश्चोत्थित उद्यतोऽष्टममथो गन्तुं प्रवृत्तोऽध्वनि ।
श्रद्धालुर्दशमं बहिर्जिनगृहात्प्राप्तस्ततो द्वादशं,
मध्ये पाक्षिकमीक्षिते जिनपतौ मासोपवासं फलम् ॥ १३ ॥

' હું જિનાલયમાં જઈશ ' એવો વિચાર થતાં ચતુર્થ તપ (એક ઉપવાસ)નું ફળ મળે છે. ત્યાં જવાને ઉઠતાંજ છઠ્ઠ તપનું ફળ મળે છે, તેને માટે ઉદ્યોગ કરતાં અઠ્ઠમનું ફળ મળે છે, ને શ્રદ્ધાળુ થઈ રસ્તે ચાલવા પ્રવર્ત્તતાં જ દશમનું ફળ મળે છે, જિનાલયની બાહેર આવતાં દ્વાદશ તપનું ફળ મળે છે, ચૈત્યમાં અર્થાત્ મંદિરની

---

* " शिखरिणी " નું લક્ષણ.

" रसै रुद्रैश्छिन्ना यमनसभलागः शिखरिणी "

૬ અને ૧૧ અક્ષરે વિરામ તથા यગણ मગણ नગણ सગણ भગણ અને એક અક્ષર લઘુ તથા છેલ્લો એક અક્ષર ગુરુ મળી ૧૭ અક્ષરનું એક ચરણ એમ ચાર ચરણ મળીને " शिखरिणी " છંદ થાય છે.

અંદર જતાં પાક્ષિક તપનું ફળ મળે છે શ્રી જિનેશ્વરનાં દર્શન થતાંજ માસોપવાસનું ફળ મળે છે. ૧૩

ભાવ પૂજા.

नेत्रोन्मीलिविकाशभावनिवहैरत्यन्तबोधाय वै,
वा गन्धाक्षतपुष्पदामचरुकैः सद्दीपधूपैः फलैः ।
यश्चिन्तामणिशुद्धभावपरमज्ञानात्मकैरर्चयेत्,
सिद्धं स्वादुमगाधबोधमचलं तं चर्चयामो वयम् ॥ १४ ॥

જે પુરૂષ, મોક્ષ અર્થે નેત્રોને ઉન્મીલન કરનારા (હૃદયના) વિકાશ ભાવના સમૂહરૂપ અને ચિંતામણિ સમાન શુદ્ધભાવ તથા પરમ જ્ઞાનરૂપ એવા ગંધ, અક્ષત, પુષ્પમાળા, ચરૂ, દીપ, ધૂપ અને ફળોથી સ્વાદિષ્ટ રૂપી અગાધ બોધ અને અવિચળ એવા સિદ્ધ ભગવાનને પૂજે છે, તેવા પુરૂષને અમે પૂજીએ છીએ. ૧૪ *

પૂજાથી ભિન્ન ભિન્ન ફળ પ્રાપ્તિ.

वस्त्रैर्वस्त्रविभूतयः शुचितरालङ्कारतोऽलङ्कृतिः,
पुष्पैः पूज्यपदं सुगन्धितनुता गन्धैर्जिने पूजिते ।
दीपैर्ज्ञानमनावृतं निरुपमं भोगर्धिं रत्नादिभिः,
सन्त्येतानि किमद्भुतं शिवपदप्राप्तिस्ततो देहिनाम् ॥ १५ ॥

શ્રી જિન ભગવાનને વસ્ત્રો વડે પૂજવાથી વસ્ત્રોની વિભૂતિ પ્રાપ્ત થાય છે, અતિ પવિત્ર અલંકારો વડે પૂજવાથી અલંકારો મળે છે, પુષ્પો વડે પૂજવાથી પૂજ્ય પદવી મળેછે, ગંધ વડે પૂજવાથી શરીર સુગંધી થાય છે, દીપ વડે પૂજવાથી આવરણ રહિત જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને રત્ન વગેરેથી પૂજવાથી અનુપમ ભોગ સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ટુંકમાં તીર્થંકર ભગવાનની પૂજાનું ફળ વર્ણન કરી શકાય તેમ નથી, કેમકે એ બધા ફળ પ્રાપ્ત થાયછે એટલુંજ નહિ પણ તે પ્રભુની પૂજાથી પ્રાણીઓને મોક્ષ પદની પણ પ્રાપ્તિ થાય છે. ૧૫

જિનેશ્વરની પૂજાનું અકથ્ય ફળ.

आयुष्कं यदि सागरोपममितं व्याधिव्यथावर्जितं,
पाण्डित्यं च समस्तवस्तुविषयं प्रावीण्यलब्धास्पदम् ।
जिह्वा कोटिमिता च पाटवयुता स्यान्मे धरित्रीतले,
नो शक्नोमि तथापि वर्णितुमलं तीर्थेशपूजाफलम् ॥ १६ ॥

---

* આ કાવ્યથી ભાવ પૂજાનું વર્ણન કરેલું છે

આ પૃથ્વી ઉપર મારૂં આયુષ્ય વ્યાધિ અને પીડા વગરનું સાગરોપમ જેટલું હોય, મારામાં પ્રવીણતાની લબ્ધિનું સ્થાન રૂપ એવું સર્વ પદાર્થોના વિષયોના જ્ઞાનવાળું પાંડિત્ય હોય, અને ચાલાકી વાળી કોટિ પ્રમાણ જીહ્વાઓ હોય, તોપણ શ્રી તીર્થંકરની પૂજાનું ફળ વર્ણન કરવાને હું સમર્થ થઈ શકું નહીં. ૧૬

શ્રી જિન ભગવાનની પૂજાના સર્વોત્તમ લાભ.

नौरेषा भववारिधौ शिवपदमासादनिःश्रेणिका,
मार्गः स्वर्गपुरस्य दुर्गतिपुरद्वारप्रवेशार्गला ।
कर्मग्रन्थिशिलोच्चयस्य दलने दम्भोलिधारासमा,
कल्याणैकनिकेतनं निगदिता पूजा जिनानां परा ॥ १७ ॥

શ્રી જિનેશ્વરોની પૂજા આ સંસાર સાગરમાં નૌકા રૂપ છે, મોક્ષપદ રૂપ મહેલ ઉપર ચડવાની નિસરણી છે, સ્વર્ગ રૂપ નગરનો માર્ગ છે, દુર્ગતિ રૂપ નગરના દરવાજાની ભૂગળ છે, કર્મગ્રંથિ રૂપ પર્વતને તોડવામાં વજ્રની ધારાસમાન છે અને કલ્યાણનું એક સ્થાન રૂપ છે. એમ શાસ્ત્રકારોએ કહેલું છે. ૧૭

પૂજાથી મનુષ્યને થતા લાભ.

नेत्रानन्दकरी भवोदधितरी श्रेयस्तरोमञ्जरी,
श्रीमद्धर्ममहानरेन्द्रनगरी व्यापल्लताधूमरी ।
हर्षोत्कर्षशुभप्रवाहलहरी भावद्विषां जित्वरी,
पूजा श्रीजिनपुङ्गवस्य विहिता श्रेयस्करी देहिनाम् ॥ १८ ॥

સર્વોત્તમ એવા શ્રી જિનેશ્વરની પૂજા નેત્રોને આનન્દ કરનારી, સંસાર સાગરમાંથી તારનારી, કલ્યાણ રૂપ વૃક્ષની મંજરી જેવી, શ્રી ધર્મ રૂપ મહાન્ રાજાની રાજ્યધાનીરૂપ, વિપત્તિરૂપ લતાઓમાં ધુમસરૂપ, હર્ષના ઉત્કર્ષ તથા શુભના પ્રવાહ ની ઊર્મિરૂપ, અંતરના કામ ક્રોધાદિશત્રુને જિતનારી અને પ્રાણીઓનું શ્રેય કરનારી કહેલી છે. ૧૮

અર્ચાનું ફળ.

पापं लुम्पति दुर्गतिं दलयति व्यापादयत्यापदं,
पुण्यं सञ्चिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम् ।
सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः,
स्वर्गं यच्छति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ॥ १९ ॥

શ્રી અર્હન્તોની કરેલી પૂજા પાપને લોપેછે, દુર્ગતિને હણે છે, આપત્તિનો નાશ કરે છે, પુણ્યનો સંચય કરે છે, લક્ષ્મીને વિસ્તારે છે, આરોગ્યનું પોષણ કરે છે, સૌભાગ્યને સાધ્ય કરે છે, પ્રીતિને વિસ્તારે છે, યશને ઉત્પન્ન કરે છે, સ્વર્ગને આપે-છે, અને મોક્ષને રચે છે. ૧૯

શ્રી જિન પૂજાથી મોક્ષ પર્યન્તની પ્રાપ્તિ.

स्वर्गस्तस्य गृहाङ्गणं सहचरी साम्राज्यलक्ष्मीः शुभा,
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ।
संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यञ्जसा,
यः श्रद्धाभरभाजनं जिनपतेः पूजां विधत्ते जनः ॥ २० ॥

જે મનુષ્ય અતિ શ્રદ્ધાનું પાત્ર બની શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરે છે તેને સ્વર્ગ ઘરનું આંગણું થાય છે, ઉત્તમ એવી સામ્રાજ્યની લક્ષ્મી તેની સહચરી—થાય છે, તેના શરીર રૂપી ઘરમાં સૌભાગ્ય વગેરે ગુણોની શ્રેણી સ્વેચ્છાથી વિલાસ કરે છે, તેને આ સંસાર સહેલાઇથી તરી શકાય તેવો થાય છે અને તેની હથેળીમાં મોક્ષ પ્રત્યક્ષ આવી ક્રીડા કરે છે, અર્થાત્ શ્રદ્ધાથી જિન પૂજા કરનારને સ્વર્ગ, સામ્રાજ્યલક્ષ્મી, સૌભાગ્ય વગેરે ગુણો, સંસારની સુગમતા અને મોક્ષ પ્રાપ્ત થાય છે. ૨૦

જિન ભકિતથી નિકાંચિત કર્મનો નાશ.

यः पुष्पैर्जिनमर्चति स्मितसुरस्त्रीलोचनैस्सोऽर्च्यते,
यस्तं वन्दत एकशस्त्रिजगता सोऽहर्निशं वन्द्यते ।
यस्तं स्तौति परत्र वृत्रदमनस्तोमेन स स्तूयते,
यस्तं ध्यायति क्लृप्तकर्मनिधनः स ध्यायते योगिभिः ॥ २१ ॥

જે મનુષ્ય (શુદ્ધ ભાવથી) પુષ્પો વડે શ્રી જિનેશ્વર દેવનું અર્ચન કરે છે, તે મન્દ હાસ્ય યુક્ત દેવાંગનાઓના નેત્રોથી પૂજાય છે એટલે તે પુરુષને દેવાંગનાઓ પણ સોત્કંઠ થઇને જુવે છે, જે ભગવાનની અરા ભાવથી વન્દના કરે છે તે સદા ત્રણ લોકના સમૂહથી વન્દન કરાય છે, જે આ લોકમાં શ્રી જિનેશ્વર દેવની સ્તુતી કરે છે તે પરલોકમાં ઇંદ્ર દેવના સમૂહોથી સ્તવાય છે અને જે ભગવાનનું ધ્યાન ધરે છે તે સર્વ કર્મનો નાશ કરી સ્વસ્વરૂપને પ્રાપ્ત થાય છે; કે જેથી યોગી પુરુષો પણ તેનું ધ્યાન ધરે છે. ૨૧

શ્રી જિનેશ્વર ભગવન્તોની નવાંગ* પૂજા.

दुहा.

+जल भरी संपूटपत्रमां युगलिक नर पूजंत ।
ऋषभ चरण अंगुठडो दायक भवजल अंत ।। २२ ।।
जानुबले काउसगा रह्या । विचर्या देश विदेश ।।
खडां खडां केवल लह्युं । पूजो जानुं नरेश ।। २३ ।।
लोकांतिक वचने करि । वरस्या वरसी दान ।।
करकांडे प्रभु पूजना । पूजो भवी बहुमान ।। २४ ।।
मान गयुं दोय अंशथी । देखी वीर्य अनंत ।।
भूजा बले भव जल तर्या । पूजो खंधं महंत ।। २५ ।।
सिद्धशिला गुण उजली । लोकान्ते भगवंत ।।
वसिया तेणे कारण भवि । शिर शिखा पूजंत ।। २६ ।।
तीर्थंकर पद पून्यथी । त्रिभूवन जन सेवंत ।।
त्रिभूवन तिलक समा प्रभु । भाल तिलक जयवंत् ।। २७ ।।
सोल पहोर प्रभु देशना । कंठे विवर वस्तुल ।।
मधुर ध्वनि सुरनर सुणे । तेणे गले तिलक अमूल ।। २८ ।।
हृदय कमल उपशम बले । बाळ्या रागने रोष ।।
हिम दहे वन खंडने । हृदय तिलक संतोष ।। २९ ।।
रत्नत्रयी गुण उजली । सकल सुगुण विसराम ।।
नाभि कमलनी पूजना । करतां अविचल धाम ।। ३० ।।
उपदेशक नव तत्वना । तिणे नव अंग जिणंद ।।
पूजो बहु विध रागथी । कहे शुभ विर मुणिंद ।। ३१ ।।

---

* ચરણનો અંગુઠો, ૧ ગોઠણ, ૨ મણિબંધ, ૩ ખભા, ૪ શિરશિખા, ૫ ભાલ, ૬ ગળું, ૭ હ્રદય, ૮ અને નાભિ. ૯

+ ભાષા પૂજા સંગ્રહ.

* भावपूजा-अधिकार.

આ અધિકાર તે પૂજા અધિકારનો પેટાભાગ છે; એટલે પૂજા બે પ્રકારની છે, તેમાં આગળના અધિકારમાં જે પૂજા જણાવી છે, તે ચન્દન વગેરે દ્રવ્યોથી થઇ શકે છે અને તે પૂજા કરવાનો અધિકાર સર્વ શ્રાવક મહાશયોને છે પરંતુ આ ભાવ પૂજાનો અધિકાર તો અભેદ ઉપાસનાના અધિકારી સાધુ મહાત્માઓને છે તેમજ શ્રાવકોને પણ આનો અધિકાર ઉપલક્ષણથી છે, તેથી તેશ સાધુ મહાશયોને આ બાબત જાણવાની ઘણી જરૂરની છે, તેમ આ બાબત ઉપર ઉત્તમ શ્રાવકોએ પણ ધ્યાન આપવું જરૂરનું છે, અત એવ ઉપયોગી જાણી આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

દયારૂપી જળથી સ્નાન કરી સંતોષરૂપો શુભ વસ્ત્ર ધરી વિવેકરૂપો ચન્દનનું તિલક કરી ભાવનાથી પવિત્ર અન્તઃકરણવાળો થઈ ભાવપૂજન કરવું જોઇએ. કહ્યું છે કે—

अनुष्टुप्. (૧ થી ૮)

दयाम्भसा कृतस्नानः, सन्तोषशुभवस्त्रभृत् ।
विवेकतिलकभ्राजी भावनापावनाशयः ॥ १ ॥
भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः ।
नवब्रह्माङ्गतो देवं, शुद्धमात्मानमर्चय ॥ २ ॥

શબ્દાર્થ—દયારૂપી જળથી જેણે સ્નાન કર્યું છે, સંતોષ રૂપી શુભ વસ્ત્રો જેણે ધારણ કર્યાં છે, વિવેક રૂપી તિલકથી જે શોભે છે, ભાવનાએ કરીને જેનો આશય પવિત્ર છે, એવા તમે ભક્તિ અને શ્રદ્ધારૂપી કેશરથી મિશ્રત ચંદને કરીને નવ બ્રહ્માંગે શુદ્ધાત્મારૂપ દેવની પૂજા કરો.

વિવેચન—દયા એટલે સર્વ પ્રાણીઓને વિષે દ્રવ્ય અને ભાવકરૂણા તે રૂપી જળથી જેણે સ્નાન કર્યું છે પાપમેલના ત્યાગરૂપ આત્માંગનું પ્રક્ષાલન જેણે કર્યું છે, સ્વભાવને વિષે નિશ્ચલપણું એટલે કે સંતોષ રૂપી સકલ સુખના હેતુભૂત ઉજ્વળ વસ્ત્ર જેણે ધારણ કર્યાં છે—મનરૂપી અંગ ઉપર ધર્યાં છે;—વિવેક એટલે સ્વપર સ્વરૂપની ભિન્નતાનો નિર્ધાર કરનાર જ્ઞાન. તે રૂપી તિલકથી જે શોભે છે; ભાવના એટલે દેહાદિ

* "सिद्धस्तुति" અધિકારમાં ભાવપૂજન જણાવવામાં આવ્યું છે તે કેવલ સિદ્ધ પરમાત્માઓ પરત્વે છે અને આ ભાવ પૂજન સમુચ્ચય જિનેશ્વર ભગવન્તો પરત્વે છે માટે પુનરુક્તિ દોષની શંકા ન કરવી.

અનિત્ય છે, અને આત્મા અવિનાશી છે, તે રૂપી ચિંતનની પરિણુતિ, તેણે કરીને જેનો અભિપ્રાય પવિત્ર છે એવા તમે ભક્તિ એટલે એકાગ્ર ચિત્તવૃત્તિરૂપ આરાધ્યતાની પરિણુતિ, અને શ્રદ્ધાન એટલે ચિત્તની પ્રસન્નતા, તે પૂર્વક જિન મતમાં પરમ આસ્તિક્ય, તે રૂપી કેશર સાથે મિશ્રિત ચંદને બ્રહ્મચર્ય રક્ષણના નવ અંગ-ઉપાયો ને વિષે પૂજા કરતા, નિર્વિકાર આત્મસ્વભાવરૂપ દેવને પૂજો. ૧-૨

પ્રભુના અંગમાં કેવી જાતની પુષ્પ માળા તથા વસ્ત્ર આભૂષણો ધરાવવાં જોઈએ?

क्षमापुष्पस्रजं धर्मयुग्मक्षौमद्वयं तथा ।
ध्यानाभरणसारं च, तदङ्गे विनिवेशय ॥ ३ ॥

શબ્દાર્થ—ક્ષમારૂપી પુષ્પનો હાર, બે ધર્મરૂપી બે વસ્ત્રો, અને ધ્યાનરૂપી શ્રેષ્ઠ આભરણ, તે પ્રભુના અંગે સ્થાપો.

વિવેચન—ક્ષમા એટલે-ક્રોધ ત્યાગની પરિણુતિ, તે રૂપી સુગંધી પુષ્પની માળા, ધર્મ એટલે શ્રુત, ચારિત્રરૂપ અથવા દેશ વિરતિ, સર્વવિરતિરૂપ; અથવા નિશ્ચય, વ્યવહારરૂપ, તેનું યુગ્મ, તે રૂપી બે વસ્ત્રો અને ધર્મ અને શુકલ ધ્યાનરૂપ શ્રેષ્ઠ અલંકાર, પૂર્વોક્ત શુદ્ધાત્મ દેવના શરીર ઉપર વિશિષ્ટ વિધિએ રચો-સ્થાપો. ૩.

પ્રભુ આગળ અષ્ટ મંગળ લખી કેવી રીતનો ધૂપ કરવો?

मदस्थानभिदात्यागैर्लिखाग्रे चाष्टमङ्गलीम् ।
ज्ञानाग्नौ शुभसङ्कल्पकाकतुण्डं च धूपय ॥ ४ ॥

શબ્દાર્થ—મદસ્થાનના પ્રકારોના ત્યાગે કરીને તે દેવની સમક્ષ અષ્ટ મંગળ રચો; અને જ્ઞાનાગ્નિને વિષે શુભ સંકલ્પરૂપ કૃષ્ણાગુરૂનો ધૂપ કરો.

વિવેચન—મદ એટલે અહંકાર વિશેષ તેના આઠ સ્થાનો છે. એટલે કે જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, શ્રુતમદ, તપમદ, પ્રભુતામદ, અને લાભમદ. તેના પ્રકારોનો પરિહાર કરી શુદ્ધાત્મ દેવના મુખાગ્રે સ્વસ્તિક આદિ અષ્ટ મંગળ રચો, અને નિર્મળ જ્ઞાનરૂપી ધૂમરહિત વહ્નિને વિષે ઉજ્વળ મનોરથ રૂપી કૃષ્ણાગરૂનો ધૂપ કરો. ૪

કેવી જાતનું લવણોતાર કર્મ કરવું? તથા કેવા પ્રકારની આરતિ કરવી?

प्राग्धर्म लवणो तारं, धर्मसन्न्यासवह्निना ।
कुर्वन् पूरय सामर्थ्यराजन्नीराजनाविधिम् ॥ ५ ॥

શબ્દાર્થ—ધર્મ સન્ન્યાસ રૂપી અગ્નિએ કરીને પૂર્વે ધર્મોને લવણાવતરણ કરીને સામર્થ્ય યોગે કરીને શોભતા આરતિ વિધિ કરો.

વિવેચન—ધર્મ સન્ન્યાસ એટલે ઔદયિક સ્વભાવ રૂપ ઇચ્છાના પરિણામોનો દ્વિતીય અપૂર્વ કરણને વિષે ત્યાગ, તે રૂપી અગ્નિકુંડ કરીને, પ્રાગ્ધર્મ એટલે સરાગ અવસ્થાથી થતા ક્ષાયોપશમિક ધર્મો, સમ્યક્ દર્શનાદિ તેનું ક્ષાયિક ભાવની પ્રાપ્તિએ કરીને લવણાવતરણ રચીને, સામર્થ્ય, એટલે ક્ષપકશ્રેણિના શિખર ઉપર લબ્ધ પરિણામ, તેણે કરીને શોભતા આરતિની વિધિ પૂરો રચો. પ્રાગ્ધર્મ એટલે પૂર્વના સરાગધર્મ તે રૂપી લુણ-મીઠું-પ્રભુ ઉપરથી ઉતારીને અગ્નિમાં નાંખો. એટલે સરાગ ધર્મનો ત્યાગ કરો, અને ધર્મ સન્ન્યાસ અગ્નિએ કરીને આરતિ ઉતારો-યાને વીતરાગ ધર્મનો આદર કરો. ૫

કેવા પ્રકારનો દીવો તથા નૃત્ય વગેરે જોઇએ?

स्फुरन्मङ्गलदीपं च, स्थापयानुभवं पुरः ।
योगनृत्यपरस्तौर्यत्रिकसंयमवान्भव ॥ ६ ॥

શબ્દાર્થ—અનુભવ રૂપી સ્ફુરત્ મંગળદીપ તે દેવની અગ્રે સ્થાપો, યોગરૂપી નૃત્યને વિષે તત્પર થાઓ, અને તૌર્યત્રિક રૂપ સંયમવાળા થાઓ.

વિવેચન—અનુભવ એટલે આત્મસ્વરૂપના આસ્વાદનયુક્ત સ્પર્શજ્ઞાન, તે રૂપી વિલાસ ધારણ કરવા વાળા, સર્વ ઉપદ્રવ શાંત કરનાર, મંગળનો પ્રદીપ શુદ્ધાત્મ દેવના મુખાગ્રે સ્થાપો; અને યોગ એટલે મન વચન અને કાયાનું શુદ્ધ આત્મભાવને વિષે એકાગ્રય પ્રવર્તન તે રૂપી નૃત્ય ને વિષે તત્પર થાઓ-ઉપયોગ વૃત્તિ કરો; તૌર્ય એટલે મુરજાદિ વાદિત્રના ધ્વનિઓ તેનો ત્રિક-સંઘ- તે રૂપી ઇંદ્રિયયોગ કષાય નિગ્રહરૂપ સંયમ વાળા થાઓ. મન સંયમ, વચન સંયમ અને કાય સંયમ વાન્ થાઓ. ૬

પ્રભુ આગળ કેવા પ્રકારની ઘંટા જોઇએ?

उल्लसन्मनसः सत्यघण्टां वादयतस्तव ।
भावपूजारतस्येत्थं, करक्रोडे महोदयः ॥ ७ ॥

શબ્દાર્થ—આ પ્રમાણે ભાવ પૂજાને વિષે તત્પર, ઉલ્લાસ યુક્ત મનવાળા અને સત્ય ઘંટા નાદ કરનારનો મહોદય કરક્રોડ ને વિષે છે.

વિવેચન—પૂર્વોક્ત વિધિ પ્રમાણે ભાવ પૂજા એટલે શુદ્ધ સ્વભાવે કરીને પૂજા અથવા શુદ્ધ સ્વભાવ સામગ્રીમય પૂજા, યાને શુદ્ધ સ્વભાવની પૂજા, અર્ચના, તેને વિષે જે તત્પર છે તેનો અને જેનું ચિત્ત પરમ આહ્લાદવાળું છે તેનો, તથા સત્ય એટલે

યથાર્થ સ્વરૂપ, યથાવાદી તથા કારિત્વરૂપ પ્રસિદ્ધવાદ તે રૂપ ઘંટા બજાવનારને, મોક્ષ હસ્તતલ — હથેળીમાં જ છે. ૭

ભેદોપાસના રૂપ દ્રવ્ય પૂજા તેમજ ભાવ-પૂજા કોણે કરવી !

द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।
भावपूजा तु साधूनामभेदोपासनात्मिका ॥ ८ ॥

શબ્દાર્થ—ભેદન વિષે આરાધના રૂપ દ્રવ્ય પૂજા ગૃહસ્થને ઉચિત છે. અને અભિન્ન આરાધના સ્વરૂપ ભાવ પૂજા સાધુને ઉચિત છે.

વિવેચન—ભેદો પાસના એટલે સ્વાત્મ સત્તાથી ભિન્ન આનંદ ચિદ્ વિલાસી સકલ કૃત્યો જેનાં સિદ્ધ થયાં છે એવા અર્હત્ પરમેશ્વરને વિષે આલંબન વાળી આરાધના તે રૂપી દ્રવ્ય પૂજા ગૃહસ્થોને ઉચિત છે. અને અભિન્ન આધારને અવલંબન કરનારી ભાવપૂજા-નિર્વિકલ્પ એવા સાધુઓને ઉચિત છે. સવિકલ્પ ભાવપૂજા ગૃહસ્થને પણ ઉચિત છે. ૮

ઇત્યાદિ કહી આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

पंचपरमेष्ठि स्मरण माहात्म्य—अधिकार

પૂજા અધિકાર પછી આ અધિકારનો આરંભ કરતાં વાચક મહાશયોને જણાવવાની અપેક્ષા પડે છે કે શ્રદ્ધાળુ જીવોને શ્રી જિનેશ ભગવાનની પૂજા કર્યા પછી પંચપરમેષ્ઠિ ભગવન્તોને નમસ્કાર તથા તેઓનું ધ્યાન, સ્મરણ, નવકાર મંત્રનો જપ વગેરે કરવાનું પ્રાપ્ત થાય છે. તે કાર્યોમાં પ્રવૃત્ત થવાં પ્રહેલાં એવા પ્રકારના પ્રશ્નો ઉદ્ભવે છે કે—પરમેષ્ઠિ ભગવન્તોની મહત્તા કેટલી છે ? કારણ કે કોઇ પણ વ્યક્તિની મહત્તા જાણ્યા વિના તેમાં પ્રેમ થતો નથી, માટે મહત્તા જાણવાની પણ જરૂર પડે છે. તેમ તેઓને ઉદ્દેશીને કરાતા નમસ્કાર, ધ્યાન, નામ સ્મરણ વગેરેથી મનુષ્યને શું ફળ પ્રાપ્ત થાય છે ? અને તેઓના નામનો રહસ્યરૂપ એવા નવકાર મંત્રનો જપ કરવાથી શું ફળ મળે છે ? વગેરે પ્રશ્નોનું નિરાકરણ કરવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

પંચ પરમેષ્ઠિના નમસ્કારનું ફળ.

अनुष्टुप्. (૧ થી ૨૩)

अपवित्रः पवित्रो वा, सुस्थितो दुःस्थितोऽपि वा ।
ध्यायेत्पञ्चनमस्कारं, सर्वपापैः प्रमुच्यते ॥ १ ॥

(કોઇ) અપવિત્ર કે પવિત્ર અવસ્થામાં હોય, સારી સ્થિતિમાં હોય કે નઠારી સ્થિતિમાં હોય પણ જો તે પંચ નમસ્કારનું ધ્યાન કરે છે તો તે સર્વ પાપોથી મુક્ત થઇ જાય છે. ૧

પરમાત્માના સ્મરણનું ફળ.

अपवित्रः पवित्रो वा, सर्वावस्थाङ्गतोऽपि वा ।
यः स्मरेत्परमात्मानं, स बाह्याभ्यन्तरःशुचिः ॥ २ ॥

જે અપવિત્ર કે પવિત્ર હોય અથવા સર્વ પ્રકારની અવસ્થામાં રહ્યો હોય, પણ જો પરમાત્માનું સ્મરણ કરે તો તે બાહિર અને અંદર પવિત્ર થઇ જાય છે. ૨

પરમાત્માના અપરાજિત મંત્રનું ફળ.

अपराजितमन्त्रोऽयं, सर्वविघ्नविनाशकः ।
मङ्गलेषु च सर्वेषु, प्रथमम्मङ्गलं मतम् ॥ ३ ॥

જે અપરાજિત (યાને બીજાથી જીતી ન શકાય એવો) પંચપરમેષ્ઠિ મંત્ર છે, તે સર્વ વિઘ્નોને નાશ કરનારો છે, અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળરૂપ છે. ૩

અર્હમ્ પદનું સ્વરૂપ.

अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणमाम्यहम् ॥ ४ ॥

'अर्हम्' એ અક્ષર બ્રહ્મરૂપ છે, પંચપરમેષ્ઠિનો વાચક છે અને સિદ્ધચક્રનું ઉત્તમ બીજરૂપ છે. તેને હું સર્વ પ્રકારે પ્રણામ કરૂં છું. ૪

સિદ્ધચક્રને નમસ્કાર.

कर्माष्टकविनिर्मुक्तं, मोक्षलक्ष्मीनिकेतनम् ।
सम्यक्त्वादिगुणोपेतं, सिद्धचक्रं नमाम्यहम् ॥ ५ ॥

આઠ કર્મોથી મુક્ત થયેલું, મોક્ષ લક્ષ્મીનું સ્થાનરૂપ, અને સમ્યકત્વાદિ ગુણવાળું જે સિદ્ધચક્ર પદ છે, તેને હું નમસ્કાર કરૂં છું. ૫

નવકાર મંત્રની મહત્તા.

चक्रिविष्णुप्रतिविष्णुबलाद्यैश्वर्यसम्पदः ।
नमस्कारप्रभावाब्धेस्तटमुक्तादिसन्निभाः ॥ ६ ॥

ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, અને બળદેવ વગેરેના ઐશ્વર્યની જે સંપત્તિઓ છે, તે નવકાર મંત્રના પ્રભાવરૂપ સમુદ્રના તીરપર પડેલા મોતી વગેરેની સમાન છે. ૬*

વશીકરણ વગેરે કર્મમાં આ મંત્રની સત્તા.

वश्यविद्वेषणक्षोभस्तम्भमोहादिकर्मसु ।
यथाविधि प्रयुक्तोऽयं, मन्त्रः सिद्धिं प्रयच्छति ॥ ७ ॥

વિધિ પ્રમાણે એ પરમેષ્ઠિમંત્રનો પ્રયોગ કરવામાં આવે તો તે વશીકરણ, શત્રુ મારણ, સ્તંભન અને મોહાદિક કર્મોની સિદ્ધિને આપે છે. ૭

નવકાર મંત્ર કે કલ્પવૃક્ષ ?

तिर्यग्लोके चन्द्रमुख्याः, पाताले चमरादयः ।
सौधर्मादिषु शक्राद्यास्तदग्रेऽपि च ये सुराः ॥ ८ ॥
तेषां सर्वाः श्रियः पञ्चपरमेष्ठिमहत्तरोः ।
अङ्कुरा वा पल्लवा वा, कलिका वा सुमानि वा ॥ ९ ॥

તિર્યગ્ લોકમાં ચંદ્ર પ્રમુખ, પાતાળ–અધોલોકમાં ચમરેંદ્ર વગેરે, ઉર્ધ્વ લોક–સૌધર્માદિ દેવલોકમાં શક્રેંદ્ર વગેરે અને તેમની આગળ રહેલા જે દેવતાઓ છે, તેમની સર્વ સમૃદ્ધિઓ તે પંચપરમેષ્ઠિ મંત્રરૂપ કલ્પવૃક્ષના અંકુરો, પલ્લવો, કળિઓ અને પુષ્પો છે. ૮–૯

શ્રી પરમેષ્ઠિ મંત્ર જાપનું ફળ.

ते गतास्ते गमिष्यन्ति, ते गच्छन्ति परं पदम् ।
आरूढा निरपायं ये, नमस्कारमहारथम् ॥ १० ॥

જેઓ નમસ્કાર મંત્રરૂપી અવિનાશી મહા રથ ઉપર આરૂઢ થયેલા છે, તેઓ પરમપદ–મોક્ષને પામેલા છે, પામવાના છે અને પામે છે. ૧૦

* ૬ થી ૨૩ નમસ્કાર મહાત્મ્ય–સિદ્ધસેન દિવાકરકૃત.

લક્ષ નવકાર મંત્ર જપનારને ફળ.

जपन्ति ये नमस्कारलक्षंपूर्णं त्रिशुद्धितः ।
जिनसङ्घपूजितैस्तैस्तीर्थंकृत् कर्म बध्यते ॥ ११ ॥

જેઓ મન, વચન અને કાયાની શુદ્ધિથી પૂરેપૂરા એક લાખ નવકાર જપે છે. તેઓ ચતુર્વિધ સંઘથી પૂજિત થઇ તીર્થંકર નામ કર્મ ઉપાર્જિત કરે છે. ૧૧

વિપત્તિમાં નમસ્કાર સ્મરણ.

प्रदीप्ते भुवने यद्वत्, शेषं मुक्त्वा गृही सुधीः ।
गृह्णात्येकं महारत्नमापन्निस्तारणक्षमम् ॥ १२ ॥

જેમ સદ્ બુદ્ધિમાન્ પુરૂષ જ્યારે પોતાનું ઘર સળગી ઉઠે છે, ત્યારે આપત્તિમાંથી તારવાને સમર્થ એવું એક મહા રત્ન લઇ લે છે.

(તેવી રીતે ભવ્ય પ્રાણી અનેક દુઃખથી સળગી ઉઠેલા આ સંસારમાંથી તારવાને સમર્થ એવું નવકાર મંત્રરૂપ રત્ન લઇ લે છે.) ૧૨

નવકાર મંત્રનો ઉપયોગ.

आकालिकरणोत्पाते, यद्वा कोऽपि महाभटः ।
अमोघमस्त्रमादत्ते, सारं दम्भोलिदण्डवत् ॥ १३ ॥

જેમ કોઇ મહાન્ યોદ્ધો, અકસ્માત્ રણભૂમિમાં ઉત્પાત થઇ આવે ત્યારે વજ્રના દંડના જેવા સાર રૂપ અમોઘ અસ્ત્રને ગ્રહણ કરે છે. તેવી રીતે ભવ્ય જીવે આ સંસારમાં ઉત્પાત થઇ આવે ત્યારે નવકાર મંત્રના સ્મરણ રૂપ અમોઘ અસ્ત્રને ગ્રહણ કરવું. ૧૩ કેમકે—

एवं नाशक्षणे सर्वश्रुतस्कन्धस्य चिन्तने ।
प्रायेण न क्षमो जीवस्तमात्तद्गतमानसः ॥ १४ ॥

એવી રીતે નાશને વખતે માણસનું હૃદય પ્રાયે કરીને તે નાશના વિચારમાં જ હોવાથી તે સર્વ આગમના સ્કંધનું ચિંતવન કરવાને સમર્થ થઇ શકતો નથી, તેથી તેણે પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવું યોગ્ય છે. ૧૪

અન્તકાળનું આશ્વાસન.

सर्वथाप्यक्षमो दैवाद्यद्वान्ते धर्मबान्धवात् ।
शृण्वन् मन्त्रममुं चित्ते, धर्मात्मा भावयेदिति ॥ १५ ॥

સર્વથા અસમર્થ એવો માણસ દૈવયોગે જો પોતાની પાસે રહેલા ધર્મ બાંધવ પાસેથી એ નવકાર મંત્રને સાંભળે તો તે ધર્માત્મા પોતાના ચિત્તમાં તેની ભાવના કરી શકે છે. ૧૫

ધર્માત્મા મનુષ્યે ચિંતવવા યોગ્ય ભાવના.

अमृतैः किमहं सिक्तः, सर्वाङ्गं यदि वा कृतः ।
सर्वानन्दमयोऽकाण्डे, केनाप्यनघबन्धुना ॥ १६ ॥

અહો ! શું મારા સર્વ અંગોમાં અમૃતનું સિંચન થયું ? કોઇ પણ નિર્દોષ એવા મારા શુદ્ધ બંધુએ મને અકસ્માત્ સર્વ આનંદમય બનાવી દીધો ? ૧૬ અને માનવું કે—

परं पुण्यं परं श्रेयः, परं मङ्गलकारणम् ।
यदिदानीं श्रावितोऽहं, पञ्चनाथनमस्कृतिम् ॥ १७ ॥

હાલ જે-મને પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું શ્રવણ કરાવ્યું, તે મારે પરમ પુણ્ય, ઉત્કૃષ્ટ કલ્યાણ અને પરમ મંગળનું કારણ થયું છે. ૧૭

अहो दुर्लभलाभो मे, ममाहो प्रियसङ्गमः ।
अहो तत्त्वप्रकाशो मे, सारमुष्टिरहो मम ॥ १८ ॥

અહો મને દુર્લભ લાવ પ્રાપ્ત થયો ! અહો મને પ્રિયનો સમાગમ થયો ! અહો મને તત્વનો પ્રકાશ થયો અને અહો સાર વસ્તુથી મારી મુષ્ટિ ભરાઇ ગઇ. ૧૮

अद्य कष्टानि नष्टानि, दुरितं दूरतो ययौ ।
प्राप्तः पारं भवाम्भोधेः, श्रुत्वा पञ्चनमस्कृतिम् ॥ १९ ॥

આજે પંચપરમેષ્ઠિ મંત્ર સાંભળીને મારાં કષ્ટો નષ્ટ થઇ ગયાં. મારૂં પાપ દૂર થઇ ગયું અને હું આ સંસાર સાગરના પારને પામી ગયો. ૧૯

प्रशमो देवगुर्वाज्ञापालनं नियमस्तपः ।
अद्य मे सफलं जन्म, श्रुतपञ्चनमस्कृतेः ॥ २० ॥

આજે જેણે પંચપરમેષ્ઠિ મંત્ર સાંભળ્યો છે, એવા મને પ્રશમ, દેવગુરૂની આજ્ઞાનું પાલન, નિયમ અને તપ પ્રાપ્ત થવાથી મારો જન્મ સફળ થઇ ગયો. ૨૦

स्वर्णस्येवाग्निसन्तापो, दिष्ट्या मे विपदप्यभूत् ।
यल्लेभेऽद्य महानर्घ्यं, परमेष्ठिमयं महः ॥ २१ ॥

અંતકાળની વિપત્તિમાં પણ આજે મહા અમૂલ્ય એવા પંચપરમેષ્ઠિમય તેજનો મને જે લાભ થયો છે, તે સુવર્ણને જેમ અગ્નિનો સંતાપ થાય તેમ થયો છે, તેથી હું મારૂં સદ્ ભાગ્ય સમજું છું. ૨૧

આવી ઉચ્ચતમ ભાવનાનું ફળ.

एवं शमरसोल्लासपूर्वं श्रुत्वा नमस्कृतिम् ।
निहत्य क्लिष्टकर्माणि, सुधीः श्रयति सद्गतिम् ॥ २२ ॥

આવી રીતે સદ્ બુદ્ધિવાળો પુરૂષ શમતા રસના ઉલ્લાસ પૂર્વક નવકાર મંત્ર સાંભળી પોતાના કિલષ્ટ કર્મોને હણી સદ્ગતિને પામે છે. ૨૨

ઉક્ત ભાવનાની સિદ્ધિનો ક્રમ.

उत्पद्योत्तमदेवेषु, विपुलेषु कुलेष्वपि ।
अन्तर्भवाष्टकं सिद्धः, स्यान्नमस्कारभक्तिभाक् ॥ २३ ॥

નવકાર મંત્રને ભજનારો મનુષ્ય ઉત્તમ દેવતાના કુળોમાં અને તે પછી વિશાળ એવા ઉત્તમ મનુષ્ય કુળોમાં ઉત્પન્ન થઇ આઠ ભવની અંદર સિદ્ધિને પામેછે. ૨૩

નવકાર મંત્રારાધકની સત્તા.

आर्या. (૨૪ થી ૨૮)

जिण सासण स्ससारो चउद्दसपुव्वाण जोसमुद्धारो ।
जस्समणे नवकारो संसारो तस्स किंकुण ॥ २४ ॥

શ્રી જીન શાસનના સારરૂપ અને ચૌદ પૂર્વોના ઉદ્ધાર રૂપ એવા નવકાર મંત્રને જે સ્મરે છે, તેને આ સંસાર શું કરી શકે ? ૨૪+

નવકાર મંત્રના ચિન્તનમાં રહેલુ સુખ.

एसो मङ्गल निलओ भवविल ओसव्वसंति जणओअ ।
नवकार परम मंत्तो चिंति अमित्तो सुहंदेइ ॥ २५ ॥

મંગળનું સ્થાન રૂપ, સંસારનો વિલય કરનાર અને સર્વ પ્રકારની શાંતિને આપનાર એવો પરમ નવકારમંત્ર માત્ર ચિંતવવાથીજ સુખને આપે છે. ૨૫

નવકાર મંત્રની કલ્પવૃક્ષ અને ચિન્તામણિ સાથે સરખામણી.

अपुव्वी कप्पतरु, एसो चिंतामणी अपुव्वोअ ।
जो गाय इ सयकाळे सोपाव इसि वसुहं विउलं ॥ २६ ॥

+૨૪ થી ૨૮ સૂક્તિમુક્તાવલી.

અપૂર્વ કલ્પ વૃક્ષ જેવા અને અપૂર્વ ચિંતામણિ જેવા શ્રી નવકાર મંત્રને જે સદાકાળ ગાય છે, તે વિશાળ એવા મોક્ષ સુખને પામે છે. ૨૬

નવકાર મંત્રનું મહાપાપ છેદવાનું સામર્થ્ય.

नवकारइक्क अक्कर, पावं फेडेइ सत्त अयराणं ।
पन्नासं च पएणं सागरपणसय समग्गेणं ॥ २७ ॥

નવકાર મંત્રનો એક અક્ષર ગણવાથી સાત સાગરોપમના પાપનો નાશ થાય છે, એક પદ ગણવાથી પચાસ સાગરોપમના પાપનો નાશ થાય છે. અને સમગ્ર-આખો નવકાર ગણે તો પાંચસો સાગરોપમના પાપ નાશ થાય છે. ૨૭

એક લાખ નવકાર મંત્ર જપનારને બીજું ફળ,

जो गुण इल क्खमेगं पूएइ, विही इजिण नमुक्कारं ।
तित्थय र नाम गोअं सोबंध इनत्थि संदेहो ॥ २८ ॥

જો મનુષ્ય એક લાખ નવકાર ગણે અને વિધિથી ભગવાનની પૂજા કરે તો તે તીર્થંકર નામ ગોત્ર બાંધે છે, એમાં કોઈ જાતનો સંદેહ નથી. ૨૮

નવકાર મંત્રથી સંકટમાં પણ શાંતિ.

वसन्ततिलका.

सङ्ग्रामवारिधिकरीन्द्रभुजङ्गसिंहदुर्व्याधिवह्निरिपुबन्धनसम्भवानि ।
दुष्टग्रहभ्रमनिशाचरशाकिनीनां, नश्यन्ति पञ्चपरमेष्ठिपदैर्भयानि ॥२९॥

પંચ પરમેષ્ઠિ મંત્રના જપ વડે સંગ્રામ, સમુદ્ર, ગજેંદ્ર, સર્પ, સિંહ, દુષ્ટ રોગ, અગ્નિ, શત્રુ, બંધન, દુષ્ટ ગ્રહો, રાક્ષસો અને ભૂત-ડાકણથી ઉત્પન્ન થયેલા ભય નાશ પામી જાય છે. ૨૯

નવકાર મંત્રના સ્મરણથી મહા પાપીને મોક્ષની આશા.

शार्दूलविक्रीडित.

हिंसावाननृतप्रियः परधनाहर्ता परस्त्रीरतः
किञ्चान्येष्वपि लोकगर्हितमहापापेषु गाढोद्यतः ।
मन्त्रेशं स यदि स्मरेदविरतं प्राणात्यये सर्वथा
दुष्कर्मार्जितदुर्गदुर्गतिरपि स्वर्गी भवेन्मानवः ॥ ३० ॥

જે મનુષ્ય હિંસા કરનાર, અસત્ય બોલનાર, પરધનને હરનાર, પરસ્ત્રીમાં આસક્ત અને બીજાં લોક નિંદિત, એવા મહા પાપ કરવામાં ગાઢ ઉદ્યમવંત હોય અને તેવા દુષ્ટ કર્મો કરી દુર્ગ એવી દુર્ગતિને ઉપાર્જન કરનારો થયો હોય; પણ જો તે મનુષ્ય પ્રાણ જતી વખતે પશ્ચાતાપ પૂર્વક વારંવાર શુદ્ધ અંતઃકરણથી નવકાર મંત્રને સંભારે છે તો તે મનુષ્ય સ્વર્ગની ગતિને પ્રાપ્ત કરનારો થાય છે. ૩૦

सिद्धाचल माहात्म्य–अधिकार.

પૂર્વોક્ત અધિકારોમાં જે ભક્તિ, સ્તુતિ, પૂજા, ભાવપૂજા, નવકાર મંત્ર જપ વગેરેનું ફળ સહિત પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે કર્મ કયા સ્થળમાં કરવામાં આવે તો તત્કાળ ઉત્તમ પ્રકારના ફળનું વિતરણ કરે? એટલે પ્રત્યેક સત્કર્મમાં અપેક્ષિત એવાં દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મસાનુકુળ હોવાં જોઇએ. આમાં દેશ શબ્દને પ્રથમ મૂકવામાં આવેલ છે તેથી સત્કર્મ કરવા માટે પવિત્ર દેશ જાણવાની સહજ જિજ્ઞાસા મનુષ્યને ઉદ્ભવે છે, કારણ કે ઉત્તમ દેશમાં કરેલું પૂજનાદિ મનુષ્યને થોડા વખતમાં વાંછિત ફળ આપે છે, આ જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે શ્રી સિદ્ધાચળ અને જેનું બીજું નામ શત્રુંજય આદિ નામો કહેવામાં આવે છે, અને જેમાં શ્રી જિનેન્દ્ર ભગવન્તોના ઉત્તમ પ્રકારનાં સ્વરૂપો, મંદિરો, ગજેન્દ્રપદ કુંડ વગેરે મહા પવિત્ર સ્થાનકો છે, તે શ્રી સિદ્ધાચળ પર્વતનાં દર્શન, પ્રણામ, આરોહણ કરી ભગવન્તોનું યજન કરવા વગેરેનું ફળ જણાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

જગત્માં જણાતિ ત્રણ અદ્વિતીય વસ્તુ.

अनुष्टुप्. (૧ થી ૭)

नवस्कारसमो मन्त्रः, शत्रुञ्जयसमो गिरिः ।
गजेन्द्रपदजं नीरं, निर्द्वन्द्वं भुवनत्रये ॥ १ ॥+

આ ત્રણ ભુવનને વિષે નવકાર મંત્ર, શત્રુંજય પર્વત (તીર્થ) અને ગજેંદ્રપદ કુંડનું જળ–એ અદ્વિતીય છે, અર્થાત્ બીજું તેની સમાન કોઈ નથી. ૧

સિદ્ધાચળ તીર્થ સેવનથી પાપી પશુઓનો ઉદ્ધાર.

कृत्वा पापसहस्राणि, हत्वा जन्तुशतानि च ।
इदं तीर्थं समासाद्य, तिर्यञ्चोऽपि दिवं गताः ॥ २ ॥

+ ૧ થી ૧૧ સૂક્તિમુક્તાવલી.

હજારો પાપ કરીને અને સેંકડો જંતુઓનો ઘાત કરીને તિર્યંચો પણ આ શત્રુંજય તીર્થમાં આવી સ્વર્ગે ગયેલા છે. ૨

સિદ્ધાચળનાં દર્શન અને પ્રણામનાં ફળ.

यो दृष्टो दुरितं हन्ति, प्रणतो दुर्गतिद्वयम् ।
संघेशार्हन्त्यपदकृत्, स जीयाद्विमलाचलः ॥ ३ ॥

જે દર્શન કરવાથી પાપને હણે છે અને નમસ્કાર કરવાથી નરક અને તિર્યંચ એ દુર્ગતિને હણે છે, તે સંઘપતિ અને અર્હંત પદને આપનારો શ્રી શત્રુંજય ગિરિ જય પામો. ૩

સિદ્ધાચળનું ત્રીજું માહાત્મ્ય.

वच्मः किमस्य चोच्चैस्त्वं, येन पूर्वजिनेशितुः ।
अधिरुह्यात्र लोकाग्रं, पुत्रैरपि करे कृतम् ॥ ४ ॥

શત્રુંજય પર્વતની ઉચ્ચતાને માટે શું કહીએ ? કેમકે જેની ઉપર ચડીને આદિનાથ ભગવાનના પુત્રોએ પણ લોકાગ્ર પોતાને હાથ કરી લીધું હતું ૪

સિદ્ધાચળના ધ્યાન અને અભિગ્રહથી થતું ફળ.

पल्योपमसहस्रन्तु, ध्यानाल्लक्षमभिग्रहात् ।
दुष्कर्म क्षीयते मार्गे, सागरोपमसाञ्चितम् ॥ ५ ॥

શ્રી શત્રુંજય પર્વતનું ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમનું દુષ્કર્મ ક્ષય પામે છે, ત્યાં જવાનો અભિગ્રહ કરવાથી એક લાખ પલ્યોપમનું દુષ્કર્મ ક્ષય પામે છે અને માર્ગે ચાલવાથી સાગરોપમ દુષ્કર્મ ક્ષય પામે છે. ૫

શ્રી શત્રુંજય પર્વત ઉપર શ્રી જિન ભગવાનનાં દર્શનથી થતું ફળ.

शत्रुञ्जये जिनेदृष्टे, दुर्गद्वितयं क्षिपेत् ।
सागराणां सहस्रं च, पूजास्नात्र विधानतः ॥ ६ ॥

શ્રી શત્રુંજયને વિષે રહેલા જિન ભગવાનનાં દર્શન કરવાથી નરક અને તિર્યંચ બંને પ્રકારની દુર્ગતિનો નાશ થાય છે અને પૂજા તથા સ્નાત્ર વિધિ કરવાથી હજાર સાગરોપમ પ્રમાણ દુષ્કર્મનો નાશ થાય છે. ૬

વન્દનથી થતું ફળ.

मिथ्यात्वगरलोद्गारः, सम्यग्दृष्टिसुधारसः ।
पूर्वो ह्रस्वः परो दीर्घो, नाभिनन्दनवन्दने ॥ ७ ॥

શ્રી નાભી રાજાના પુત્ર શ્રી ઋષભદેવ ભગવાનને વંદના કરવાથી મિથ્યાત્વરૂપી વિષનો ઉદ્‌ગાર ટુંકો થઈ જાય છે અને સમ્યગ્ દૃષ્ટિરૂપી અમૃતના રસનો ઉદ્‌ગાર લાંબો થઈ જાય છે. ૭

શ્રી શત્રુંજયનું પ્રમાણ.

वसन्ततिलका.

शत्रुञ्जयाद्रिरयमादियुगे गरीयान् ,
आसीदसीमसुकृतोदयराशिरेव ।
आदीयमानसुकृतः किल भव्यलोकैः,
काले कलौ भजति सम्प्रति दुर्बलत्वम् ॥ ८ ॥

* આ શત્રુંજય પર્વત આદિ યુગને વિષે અનંત સુકૃતોના ઉદયનો અતિ મહાન્ રાશિ-ઢગ હતો, પછી ભવ્ય જીવોએ તેમાંથી સુકૃતોને ગ્રહણ કરવા માંડયા, તેથી આ કલિયુગને વિષે હાલ તે દુર્બલ પણાને પ્રાપ્ત થયો છે. ૮

મનુષ્ય જન્મ તથા પ્રાપ્ત થયેલ વૈભવની સફળતા કેમ થાય?

आर्या. (૯ થી ૧૧)

एअं जम्मस्स फलं, सारं विहवस्स इत्तिअं चेव ।
जं अच्चिज्जइ गंतुं, सित्तुंजे रिसहति त्थयरो ॥ ९ ॥

શત્રુંજય ગિરિ પર જઈને શ્રી ઋષભદેવ તીર્થંકરની પૂજા કરવી તેજ મનુષ્ય જન્મનું ફળ છે અને પ્રાપ્ત થયેલા વૈભવનો સાર પણ તેજ છે. ૯

તપયુક્ત યાત્રાનું ફળ.

छट्ठेणं भत्तेणं अपाणएणं तु सत्त जत्ताओ ।
जो कुणइ सित्तुंजे सो तइअभवे लहइ सिद्धिम् ॥ १० ॥

---

* પૂર્વે શત્રુંજય પર્વતની જે ઊંચાઇ હતી, તે હાલ ઓછી છે, તે ઉપર કવિએ આ અલંકારી કલ્પના કરેલી છે.

જે પ્રાણી-જળ વિના ચોવીહારો છઠ્ઠ કરીને, એટલે બે ઉપવાસ કરીને-શત્રુંજયની સાત યાત્રાઓ કરે તે ત્રીજે ભવે સિદ્ધિપદને પામે છે. ૧૦

શત્રુંજય પર પૂજાદિ કરવાનું ફળ.

जीओ सुवन्नभूमी भूसण दाणेण अन्नतित्थेसु ।
जं पावइ पुन्नफलं पूआण्हवणेण सित्तुंजे ॥ ११ ॥

મનુષ્ય-જીવ બીજા તીર્થોમાં સુવર્ણ, ભૂમિ અને આભૂષણના દાનથી જે પુણ્યફળ મેળવે છે, તેટલું પુણ્યફળ શત્રુંજય ઉપર પૂજા તથા સ્નાત્ર માત્ર કરવાથી મેળવે છે. ૧૧

ઇત્યાદિ શત્રુંજય મહાત્મ્યના સહજ સંસ્કારથી અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

उद्यापन अधिकार.

ગત અધિકારોમાં જણાવેલ પૂજા વગેરે ભાવના-ક્રિયા તથા કરેલી તપસ્યાનું ઉદ્યાપન કરવું જોઇએ. કારણ કે ઉદ્યાપન કર્યા સિવાય વ્રતાદિ તપસ્યાનું શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ફળ પ્રાપ્ત થઇ શકતું નથી. માટે તે બાબત શ્રદ્ધાળુ મહાશયોને જણાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

ઉદ્યાપન (ઉજમણું) કરનારને લાભ.

उपजाति. (૧-૨)

लक्ष्मीः कृतार्था सफलं तपोऽपि, ध्यानं सदोच्चैर्जनबोधिलाभः ।
जिनस्य भक्तिः क्रमतः शिवश्रीर्गुणाः स्युरुद्यापनतो नराणाम् ॥ १ ॥

મનુષ્યોને ઉદ્યાપાન-(ઉજમણું) કરવાથી ઘણા ગુણો થાય છે. જેમકે, લક્ષ્મી કૃતાર્થ, થાય છે, તપ સફળ થાય છે. સદા શુભ ધ્યાન રહે છે. બીજા લોકોને અનુમોદનથી બોધિલાભ થાય છે. શ્રી જિન ભગવાનની ભકિત થાય છે અને અનુક્રમે મોક્ષની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૧*

* ૧ થી ૪ સુકિત મુકતાવળી.

ઉધ્યાપનથી તપમાં મહત્તા.

गर्भो यथा दोहदपूरणेन, कायो यथा षड्रसभोजनेन ।
विशेषशोभां लभते यथोक्तेनोद्यापनेनैव तथा तपोऽपि ॥ २ ॥

જેમ દોહદ પૂરવાથી ગર્ભ અને ષટ્ રસ ભોજનથી શરીર વિશેષ શોભાને પ્રાપ્ત કરે છે, તેમ યથાર્થ કહેલા ઉદ્યાપન કરવાથી તપ પણ વિશેષ શોભાને પ્રાપ્ત કરે છે. ૨

તપ અને ઉધ્યાપનનો ક્રિયા સંબંધ.

इन्द्रवज्रा.

सूत्राणि सन्तः सुतपोभिरुच्चैराराध्य कण्ठे दधते तथापि ।
मालां च सर्वोद्यमनाय नूनं, श्रेयोगुणश्रीयशसां जयस्य ॥३॥

સત્પુરૂષો ઉત્તમ પ્રકારના તપ વડે ઉચ્ચ રીતે આરાધીને સૂત્રોને કંઠમાં ધારણ કરે છે, તો પણ તેઓ સર્વ પ્રકારના ઉદ્યમ–ઉદ્યાપનને માટે કલ્યાણ, ગુણલક્ષ્મી યશ અને વિજયની માળા પહેરે છે. કહેવાનો ભાવાર્થ એવો છે કે, ઉપધાન કરવા-વાળા તપ પૂર્વક સૂત્રોને કંઠે ધારણ કરે છે કે જે માળા-ઉદ્યાપન ક્રિયાથી ઉત્સાહ પૂર્વક વિજય માળરૂપ છે. ૩

તપસ્યાની પૂર્ણતાએ ઉદ્યાપન કરનારને ફળ.

शार्दूलविक्रीडित.

प्रासादे कलशाधिरोपणसमं, बिम्बे प्रतिष्ठोपमम्,
पुण्यश्रीस्फुटसंविभागकरणं विश्रद्धिशिष्टे जने ।
सौभाग्योपरि मञ्जरीमतिनिभं पूर्णे तपस्यावधौ,
यः शक्त्योद्यमनं करोति विधिना सम्यग्दृशां सोऽग्रणीः ॥४॥

જે મનુષ્ય તપસ્યાનો અવધિ પૂર્ણ થાય ત્યારે પોતાની શક્તિ પ્રમાણે જિન પ્રાસાદ ઉપર કલશ ચઢાવ્યા જેવું, જિનબિંબની પ્રતિષ્ઠા કરવા જેવું, વિશિષ્ટ જનમાં પુણ્યલક્ષ્મીનો સ્ફુટ રીતે સંવિભાગ કરવા જેવું, અને સૌભાગ્ય ઉપર મંજરી આ-વ્યા જેવું ઉજમણું વિધિ પૂર્વક કરે છે, તે મનુષ્ય સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોમાં અગ્રેસર થાય છે. ૪

આ પ્રમાણે તપક્રિયા એ ઉદ્યાપન (ઉજમણા) થી અલંકૃત અને ફળવતી છે એ આ અધિકારથી દર્શાવેલ છે.

सुदेव–अधिकार

આરંભના શ્રી અર્હદ્ ભક્તિ અધિકારથી આરંભી ઉત્થાપન અધિકાર પર્યન્ત સાત અધિકારોમાં ઠેકાણે ઠેકાણે અર્હદ્ ભગવાન્, સિદ્ધ ભગવન્તો, પંચ પરમેષ્ઠિ ભગવંતોના સ્તવન, નમન, પૂજન વગેરેનું પ્રતિપાદન કર્યું છે. તેમાં એવી શંકા ઉદ્ભવે છે કે—જિનેન્દ્ર ભગવન્તો સિવાય બીજા પણ ઘણા દેવતાઓ છે. તેઓનું પૂજન કરવા વગેરેનું તેમાં શા વાસ્તે નથી કહ્યું ? એટલે અન્ય દેવો કરતાં શ્રી જિનેન્દ્ર ભગવાન્માં વિશેષ કઇ જાતની શક્તિ–વૈભવો વગેરે છે ? કે જેથી સર્વ દેવોને તજી તેને એકને જ ભજવા. ઇત્યાદિ જિજ્ઞાસા ઉદ્ભવે છે તેનું સમાધાન કરવા માટે આ અધિકારનો આરંભ છે. હવે આ અધિકારમાં સુદેવનું પ્રતિપાદન કરતાં પ્રથમ તેમાં બ્રાહ્મણ ધર્મના પુસ્તકોમાં શું કહેવામાં આવ્યું છે ? ત્યાંથી આરંભી અનેક પ્રમાણોથી શ્રી જિનેન્દ્ર ભગવાનનું સુદેવત્વ ૩૮ સંસ્કૃત પદ્યોથી સિદ્ધ કરવામાં આવ્યું છે. ત્યાર પછી ગુજરાતી પદ્ય તથા ગદ્યોથી શ્રી અરિહન્ત ભગવાન્ તથા તીર્થંકરો વગેરેની સત્તાનું વર્ણન કર્યું છે.

વાચક મહાશયોને સરલ પડવા સારૂ આ સર્વ બાબતનું યત્કિંચિત્ દિગ્દર્શન અત્ર કરાવી હવે આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

પુરાણમાં બ્રાહ્મણો કોને દેવ કહે છે ?

अनुष्टुप् (૧ થી ૨૦)

निर्ममो निरहङ्कारो, निस्सङ्गो निःपरिग्रहः ।
रागद्वेषविनिर्मुक्तस्तं देवं ब्राह्मणा विदुः ॥ १ ॥

જે મમતા, અહંકાર, સંગ અને પરિગ્રહથી રહિત હોય અને જે રાગ તથા દ્વેષથી મુક્ત હોય તેને બ્રાહ્મણો 'દેવ' કહે છે. ૧.

એવા સહજ વિદ્વાન્ ઐશ્વર્ય સંપન્ન અને સુંદર કોણ છે ?

अनध्ययनविद्वांसो, निर्द्रव्यपरमेश्वराः ।
अनलङ्कारसुषमाः पान्तु युष्माञ्जिनेश्वराः ॥ २ ॥

જેઓ અભ્યાસ કર્યો વિના વિદ્વાન્ છે, દ્રવ્ય ન છતાં પરમ વૈભવવાળા છે, અને અલંકાર ન છતાં સુંદર દેખાવવાળા છે, તેવા જિનેશ્વરો તમારૂં રક્ષણ કરો. ૨

નિષ્પક્ષ ભાવના.

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥ ३ ॥

મારે શ્રી વીરભગવાન્ ઉપર પક્ષપાત નથી, અને કપિલ વગેરેની ઉપર દ્વેષ નથી પરંતુ જેનું વચન યુક્તિવાળું છે, તેનો પરિગ્રહ સ્વીકાર મારે કરવો છે. ૩

કવિ કેવા દેવને પ્રણામ કરે છે ?

मो मा रा मं मे मा दं द्वे, हे यो गं दं लो नं भं षः ।
एते यस्य न विद्यन्ते, तं देवं प्रणमाम्यहम् ॥ ४ ॥

જેનામાં મોહ, માયા, રાગ, મદ, મળ, માન, દંભ અને દ્વેષ એ દોષ નથી તે દેવને હું પ્રણામ કરૂં છું. ૪

જીહ્વાનો ઉપયોગ.

निन्द्येन मांसखण्डेन, किं तया जिह्वया नृणाम् ।
माहात्म्यं या जिनेन्द्राणाम्, न स्तवीति क्षणे क्षणे ॥ ५ ॥

જે મનુષ્યોની જિહ્વા શ્રી જિનેશ્વરોના માહાત્મ્યને ક્ષણે ક્ષણે સ્તવતી નથી, તો પછી એક માંસના નિંદવા યોગ્ય કટકા જેવી તે જિહ્વા માણસને શા કામની છે ? ૫*

કર્ણેંદ્રિયનું કર્તવ્ય.

अर्हच्चारित्रमाधुर्यसुधास्वादानभिज्ञयोः ।
कर्णयोश्छिद्रयोर्वापि, स्वल्पमप्यस्ति नान्तरम् ॥ ६ ॥

જે માણસના બે કાન શ્રી અરિહંત ભગવાનની ચરિત્રની મધુરતારૂપ અમૃતના સ્વાદને જાણનારા ન હોય, અર્થાત્ ભગવાનના ચરિત્રને સાંભળતા ન હોય તો પછી તેઓમાં અને છિદ્રોમાં શો તફાવત છે ? ૬

ચક્ષુરિંદ્રિયનું કર્તવ્ય.

सर्वातिशयसम्पर्का, ये जिनार्चा न पश्यतः ।
न ते विलोचने किन्तु, वदनालयजालके ॥ ७ ॥

---

* ૫ થી ૨૦ નમસ્કાર મહાત્મ્ય.

જે માણસનાં બે નેત્રો સર્વ અતિશયોથી સંપન્ન એવી શ્રી જિનેશ્વરની પ્રતિમાને જોતાં ન હોય, તો તે નેત્રો નથી, પણ સુખરૂપી ઘરના બે જાળીયાં છે. ૭

અર્હત્ ભગવાનની મૂર્તિનાં દર્શનનું ફળ.

अनार्येऽपि वसन् देशे, श्रीमानार्द्रकुमारकः ।
अर्हतः प्रतिमां दृष्ट्वा, जज्ञे संसारपारगः ॥ ८ ॥

શ્રી આર્દ્રકુમાર અનાર્ય દેશમાં વસતો હતો, પણ શ્રી અરિહંતની પ્રતિમાને જોઇને આ સંસારના પારને પામનારો થયો. ૮ અને તેવીજ રીતે-

जिनबिम्बेक्षणादृष्टात्तत्त्वः शय्यम्भवद्विजः ।
निषेव्य सुगुरोः पादानुत्तमार्थमसाधयत् ॥ ९ ॥

શ્રી જિનેશ્વની પ્રતિમાને જોવાથી શય્યંભવ નામનો બ્રાહ્મણ તત્વનો જ્ઞાતા બની સદ્ગુરૂના ચરણને સેવી ઉત્તમાર્થ–મોક્ષનો સાધક થયો. ૯

દૃઢ ભક્તિનું દૃષ્ટાન્ત.

अहो सात्त्विकमूर्धन्यो, वज्रकर्णो महीपतिः ।
सर्वनाशेऽपि यो यस्मै, न ननाम जिनं विना ॥ १० ॥

અહો–આશ્ચર્ય છે કે, સત્વ ગુણી પુરૂષોમાં મુગટરૂપ એવા વજ્રકર્ણ રાજાએ પોતાના સર્વનો નાશ થયો છતાં પણ શ્રી જિનભગવાન્ સિવાય બીજાને નમસ્કાર કર્યો નહીં. ૧૦

ત્રણ તત્વમાં સ્થિરાત્મા પુરૂષનું દૃષ્ટાંત.

देवतत्त्वे गुरुतत्त्वे, धर्मतत्त्वे स्थिरात्मनः ।
बलिनो वानरेन्द्रस्य, महनीयमहो महः ॥ ११ ॥

દેવતત્વ, ગુરૂતત્વ અને ધર્મતત્વ ઉપર સ્થિર રહેનાર બલવાન્ એવા વાનરોના ઇંદ્ર હનુમાનનું તેજ અહો ! કેવું પૂજવા યોગ્ય છે. ૧૧

દર્શન કરવા જતાં દેડકાને થયેલ શુભ ફળ.

श्रीवीरं वन्दितुं भावाच्चलितौ दर्दुरावपि ।
मृत्वा सौधर्मकल्पान्तर्जातौ शक्रसमौ सुरौ ॥ १२ ॥

જે બન્ને દર્દુર–દેડકાઓ શ્રી ભગવાનને વંદના કરવાને ભાવથી ચાલ્યા હતા, તેઓ મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકની અંદર શક્ર–ઇંદ્રના જેવા દેવતા થયા. ૧૨

જિનબિંબ સમાન આકારવાળા અન્ય પદાર્થની નમસ્કૃતિનું ફળ.

श्रूयते चरमाम्भोधौ, जिनबिम्बाकृतेस्तिमेः ।
नमस्कृतिपरो मीनो, जातस्मृतिर्दिवं ययौ ॥ १३ ॥

ચરમ (સ્વયંભૂરમણ) સમુદ્રને વિષે તિમિ જાતનો એક મત્સ્ય જિનબિંબના જેવી આકૃતિવાળો થયો હતો, તેને જોઇ કોઇ ભવી મત્સ્યને જાતિ સ્મરણ જ્ઞાન થવાથી અંતે નમસ્કારમાં તત્પર એવો તે મત્સ્ય સ્વર્ગે ગયો, એમ સાંભળવામાં આવે છે. ૧૩

જિન ભગવાન્ સર્વોત્તમ દેવ છે.

वह्निज्वाला इव जले, विषोर्मय इवामृते ।
जिनसाम्ये विलीयन्ते, हरादीनां कथामथाः ॥ १४ ॥

અગ્નિની જ્વાળાઓ જેમ જળમાં નાશ પામે છે અને વિષના તરંગો જેમ અમૃતથી નાશ પામે છે તેમ મહાદેવ વગેરે બીજા દેવોની કથાઓ તો શ્રી જિન ભગવાનની તુલનામાં નાશ પામે છે, અર્થાત્ તેની બરાબરી કરી શકતી નથી. ૧૪

જિનેશ્વર ભગવાનના ચરણ કમળની રજ પણ અતિ દુર્લભ છે.

सुलभास्त्रिजगल्लक्ष्म्यः, सुलभाः सिद्धयोऽष्ट ताः ।
जिनाङ्घ्रिनीरजरजःकणिकास्त्वतिदुर्लभाः ॥ १५ ॥

ત્રણ જગત્‌ની લક્ષ્મીઓ સુલભ છે અને આઠ સિદ્ધિઓ સુલભ છે, પરંતુ શ્રી જિનેશ્વના ચરણ કમળની રજની કણિઓ અતિ દુર્લભ છે. ૧૫

સર્વ મતોનું ઉત્પતિસ્થાન શ્રી જિનેંદ્ર ભગવાન્ છે.

रोहणाद्रेरिवादाय, जिनेन्द्रात्परमात्मनः ।
नाना विधानि रत्नानि, विदग्धैर्व्यवहारिभिः ॥ १६ ॥
सुवर्णभूषणान्याशु, कृत्वा स्वस्वमतेष्वथ ।
तत्तद्देवेष्वाहितानि, कालात्तन्नामतामगुः ॥ १७ ॥

ચતુર એવા [૧]વ્યાપારીઓએ રોહણાચળ પર્વત જેવા શ્રી જિનેંદ્ર પરમાત્મામાંથી વિવિધ રત્નો લઈને સુવર્ણના આભૂષણ રૂપ એવા પોતપોતાના મત–દર્શનો તે તે દર્શનોના દેવતાઓમાં જડ્યા, તે કાળે કરીને તે તે દેવના નામે ઓળખાયા. ૧૬–૧૭

૧ અહીં વ્યાપારી એટલે તે તે દર્શનને ચલાવનારા આચાર્યો સમજવા.

લોકાધિરૂઢ ભગવન્તના અન્યદેવો રૂપે કહેવાતાં નામ.

अमृतानि यथाब्दस्य, तडागादिषु पततः ॥
तज्जन्मानि जनाः प्राहुर्नामान्येवं तथार्हतः ॥ १८ ॥
लोकाग्रमधिरूढस्य, निलीनानि हरादिषु ॥
तेषां सत्यानि गीयन्ते, लोकैः प्रायो बहिर्मुखैः ॥ १९ ॥

જેમ આકાશમાં રહેલા વર્ષાદનાં અમૃતરૂપ જળો તળાવ વગેરેમાં પડે છે, તે જળને લોકો તે તળાવ વગેરેમાંથી થયેલાં કહે છે, તેવા રીતે લોકાગ્ર ઉપર રહેલા અર્હંત ભગવાન્‌માંથી થયેલાં નામોને બહિર્દૃષ્ટિથી જોનારા લોકો મહાદેવ વગેરે દેવોથી થયેલા કહે છે અને પ્રાયઃ તેને સત્યરૂપે ગાય છે. ૧૮-૧૯

જિન ભગવાન્ પોતે જ સર્વ રૂપે છે.

जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽयमेव च ॥ २० ॥

શ્રી જિન ભગવાન્ દાતા છે. શ્રી જિન ભગવાન્ ભોક્તા છે, આ સર્વ જગત્ પણ જિન ભગવાન્ જ છે, જિન ભગવાન્ સર્વત્ર જય પામે છે અને જે જિન ભગવાન્ છે તે આજ છે. ૨૦

શ્રી જિનેંદ્ર ભગવાન્ ૧૮ પ્રકારના દોષોથી મુક્ત છે.

इन्द्रवज्रा.

यो वर्जितः पञ्चभिरन्तरायैर्हास्येन रत्यारतिभीतिशोकैः ।
मिथ्यात्वकामाविरतिप्रमीलाद्वेषैर्जुगुप्साजडतातिरागैः ॥ २१ ॥

उपजाति.(૨૨ થી ૨૪)

अमीभिरष्टादशभिर्विमुक्तो, दोषैस्तमःपुष्टिकृते प्रदोषैः ।
तथा चतुस्त्रिंशदुदारसारविस्तारिशोभातिशयातिगम्यः ॥ २२ ॥

દાનાંતરાય (૧), લાભાંતરાય (૨), ભોગાંતરાય (૩), ઉપભોગાંતરાય (૪) અને વીર્યાંતરાય (૫) એ પાંચ અંતરાય, હાસ્ય (૬), રતિ (૭), અરતિ (૮), ભય (૯), શોક (૧૦), મિથ્યાત્વ (૧૧), કામ (૧૨), અવિરતિ (૧૩), પ્રમાદ (૧૪), દ્વેષ (૧૫), જુગુપ્સા (૧૬), જડતા (૧૭), અને રાગ (૧૮) આ અઢાર દોષ કે જેઓ અંધકારની પુષ્ટિને માટે પ્રદોષ કાળ જેવા છે, તેનાથી જે મુક્ત થયેલા છે અને જેઓ ઉદાર,

શ્રેષ્ઠ અને વિસ્તારવાળી શોભાવાળા ચોત્રીશ અતિશયોથી યુકત છે તેજ શ્રી જિનેશ્વર દેવ છે. ૨૧–૨૨+

નિર્દોષ એવા શ્રી જિનેન્દ્ર ભગવાન્ જ પ્રણામ, ધ્યાન અને સ્તુતિ કરવા યોગ્ય છે.

समस्तजीवे करुणाशरीरः, सम्प्राप्तसंसारपयोधितीरः ।
देवाधिदेवः कृतशक्रसेवः, सर्वावभासी शिवसद्मवासी ॥ २३ ॥
श्री वीतरागो भुवि भाति योऽत्र, स एव देवो न परे सदोषाः ।
नित्यं मनःकायवचःप्रपञ्चैः, ध्येयः प्रणम्यः स्तवनीय एषः ॥ २४ ॥

જે જિનેશ્વર ભગવાન્ સર્વ જીવ ઉપર કરૂણા મય શરીર વાળા છે, જેમણે આ સંસારસાગરના તીરને પ્રાપ્ત કરેલ છે, શક્ર–ઇંદ્રે જેમની સેવા કરેલી છે જેઓ સર્વ પદાર્થોને પ્રકાશ કરનારા છે અને જેઓ શિવ–મોક્ષરૂપ મંદિરમાં વાસ કરનારા છે, તે શ્રી વીતરાગ ભગવાન્ આલોકને વિષે શોભી રહ્યા છે અને તે જ ખરેખરા દેવ છે બાકીના બીજા દેવતાઓ જે દોષવાળા છે, તેઓ દેવ નથી. માટે તેવા નિર્દોષ શ્રી જિનેશ્વર ભગવાન્ જ હમેશાં મન, વચન અને કાયાના યોગ વડે ધ્યાન કરવા યોગ્ય, પ્રણામ કરવા યોગ્ય અને સ્તવન કરવા યોગ્ય છે. ૨૩–૨૪.

જિનેન્દ્ર ભગવાન્‌ની યોગમુદ્રાપણ અન્ય દેવોથી શિખી શકાણી નથી.

उपेन्द्रवज्रा.

वपुश्च पर्यङ्कशयं श्लथं च, दृशौ च नासानियते स्थिरे च ।
न शिक्षितेयं परतीर्थनाथैर्जिनेन्द्र मुद्रापि तवान्यदास्ताम् ॥ २५ ॥

હે જિનેંદ્ર ! પર્યંક–આસન અને શિથિલ–કોમળ એવું શરીર અને નાસિકા ઉપર નિયત કરીને સ્થિર કરેલાં બે નેત્રો–આવી તમારી યોગ મુદ્રાને પણ અન્ય તીર્થિઓના દેવો શીખ્યા નથી તો પછી બીજી વાત તે શી કરવી ? ૨૫

શ્રી જિનેન્દ્ર ભગવાન્‌નો વૈભવ.

उपजाति. (૨૬ થી ૨૯)

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥ २६ ॥

+ ૨૧ થી ૨૪ નરવર્મ ચરિત્ર

અશોક વૃક્ષ (૧), દેવતાએ કરેલી પુષ્પોની વૃષ્ટિ (૨), દિવ્ય ધ્વનિ (૩), ચામર (૪), આસન (૫), ભામંડલ (૬), દુંદુંભિનોનાદ (૭) અને છત્ર (૮) એ આઠ પ્રાતિહાર્ય શ્રી જિનેશ્વર ભગવંતની સાથે હંમેશાં વિદ્યમાન હોય છે. ૨૬

શ્રી જિનેન્દ્ર ભગવાન્‌ના દિવ્ય સ્વરૂપનું વર્ણન.

तेषां च देहोऽद्भुतरूपगन्धो, निरामयः स्वेदमलोज्झितश्च ।
श्वासोऽब्जगन्धो रुधिरामिषन्तु, गोक्षीरधाराधवलं ह्यविस्रम् ॥ २७ ॥

જિનેશ્વરોનું શરીર અદ્દભુત રૂપ અને સુગંધવાળું રોગથી રહિત, તેમજ પસીનો તથા મળથી વર્જિત હોય છે (૧) તેમનો શ્વાસ કમળના જેવા ગંધવાળો હોય છે (૨) તેમનું રૂધિર તથા માંસ ગાયના દૂધની ધારા જેવું ઉજવળ અને દુર્ગંધ રહિત હોય છે (૩) ૨૭÷

શ્રી જિનેન્દ્ર ભગવાન્‌ના અતિશયનું તેજ.

आहारनीहारविधिस्त्वदृश्यश्चत्वार एतेऽतिशयाः सहोत्थाः ।
क्षेत्रे स्थितिर्योजनमात्रकेऽपि, नृदेवतिर्यग्जनकोटिकोटेः ॥ २८ ॥

તેમનો આહાર તથા નીહાર (ઉત્સર્ગ) નો વિધિ અદૃશ્ય હોય છે એટલે ચર્મચક્ષુ જોઈ શકતાં નથી (૪). આ ચાર અતિશયો સહજ એટલે તેમના જન્મથી જ હોય છે, તેમના અતિશયે કરી એક યોજન પ્રમાણ સમવસરણની ભૂમિમાં મનુષ્ય, દેવતા અને તિર્યંચની કોટા કોટી રહી શકે છે. (૫) ૨૮

શ્રી જિનેન્દ્ર ભગવાન્‌ની ભાષા તથા ભામંડળ કાન્તિ.

वाणी नृतिर्यक्सुरलोकभाषासंवादिनी योजनगामिनी च ।
भामण्डलं चारु च मौलिपृष्ठे, विडम्बिताहर्पतिमण्डलश्रि ॥ २९ ॥

તેમની વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવતાને સ્વસ્વ ભાષામાં પરિણમે–એટલે તેઓ બધા સમજી શકે તેવી અને એક યોજન સુધી સંભળાય તેવી હોય છે. (૬) સૂર્યના મંડળની શોભાને હરાવનાર સુંદર ભામંડળ તેમના મસ્તક પાછળ હોય છે. (૭) ૨૯

શ્રી જિનેન્દ્ર ભગવાન્‌ના વિહારમાં શાંતિનું સામરાજ્ય.

* इन्द्रवंशा.

साग्रे च गव्यूतिशतद्वये रुजा, वैरेतयो मार्यतिवृष्टयवृष्टयः ।
दुर्भिक्षमन्यस्वकचक्रतोभयं, स्यान्नैतएकादश कर्मघातजाः ॥ ३० ॥

÷ ૨૭ થી ૩૪ અધ્યાત્મ કલ્પદ્રુમ

* "इन्द्रवंशा" નું લક્ષણ "स्यादिन्द्रवंशा ततजैरसंयुतैः" ત ગણ ત ગણ જ ગણ અને ર ગણ આમ બાર અક્ષરનું એક ચરણ થાય છે. એવાં ચાર ચરણ મળી "इन्द्रवंशा" છંદ કહેવાય છે.

જ્યાં જિનેશ્વર ભગવાન્ વિચરે ત્યાં ફરતા પાંચસો કોશમાં રોગ, (૮) વેર (૯) *ઈતિ, (૧૦) મારી, (૧૧) અતિ વૃષ્ટિ (૧૨) અના વૃષ્ટિ, (૧૩) દુષ્કાળ, (૧૪) સ્વચક્ર અને પરચક્રનો ભય (૧૫) આ બધાં થતાં નથી. એ અગીઆર એટલે પાંચથી પંદર સુધીના અતિશય, (૧) જ્ઞાનાવરણ (૨) દર્શનાવરણ (૩) મોહનીય અને (૪) અંતરાય એ ચાર ઘાતિ કર્મના ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે. ૩૦.

ભગવાન્‌ના ચોત્રીશ અતિશયનું સ્વરૂપ.

इन्द्रवज्रा.

खे धर्मचक्रं चमराः सपादपीठम्मृगेन्द्रासनमुज्ज्वलञ्च ।
छत्रत्रयं रत्नमयध्वजोऽङ्घ्रिन्यासे च चामीकरपङ्कजानि ॥ ३१ ॥

ભગવાનની આગળ આકાશમાં ધર્મ ચક્ર ચાલે છે. (૧) બે બાજુ ભગવાન્‌ને ચામર વીંજાય છે. (૨) બેસવાને પાદ પીઠ સહિત ઉજવળ સિંહાસન પ્રાપ્ત થાય છે (૩) મસ્તક ઉપર ત્રણ છત્ર હોય છે, (૪) રત્નમય ધ્વજ (ઇંદ્ર ધજા) આગળ ચાલે છે. (૫) ભગવાન જ્યાં ચરણ મૂકે ત્યાં દેવતા સુવર્ણનાં કમળો રચે છે. (૬) ૩૧.

તથા—

इन्द्रवंशा.

वप्रत्रयञ्चारुचतुर्मुखाङ्गताश्चैत्यद्रुमोऽधोवदनाश्चकण्टकाः ।
द्रुमानतिर्दुन्दुभिनाद उच्चकैर्वातोऽनुकूलः शकुनाः प्रदक्षिणाः ॥ ३२ ॥

દેવતા ત્રણ ગઢ સહિત સુંદર સમવસરણ રચે છે, (૭) સમવસરણમાં બિરાજે ત્યારે ભગવાન્ ચાર મુખે દેશના દેતા નજરે આવે છે એટલે એક તરફ ભગવાન્ પોતે સાક્ષાત્ બિરાજે છે અને ત્રણ બાજુ તેમના જેવાજ રૂપના ત્રણ બિંબ દેવતા પધરાવે છે. એટલે ચારે તરફ દર્શનનો લાભ લોકોને મળે (૮) દેવતા ભગવાન્‌ના ઉપર ચૈત્ય વૃક્ષ બનાવે છે. (૯) તથા ભગવાન્ વિચરે ત્યાં કાંટાઓ અધો મુખ થઇ જાય છે. (૧૦) વૃક્ષો નમી જાય છે. (૧૧) આકાશમાં દેવ દુંદુભિનો ઉચ્ચ ધ્વાન થાય છે, (૧૨) પવન અનુકૂળ વાય છે (૧૩) અને જમણી તરફનાં શુકનો થાય છે (૧૪) ૩૨. એ સિવાય—

उपजाति.

गन्धाम्बुवर्षंस्वहुवर्णपुष्पवृष्टिः कचस्मश्रुनखाप्रवृद्धिः ।
चतुर्विधा मर्त्यनिकायकोटिर्जघन्यभावादपिपार्श्वदेशे ॥ ३३ ॥

* " धान्योपद्रवकारी प्रचुरो मूषिकादिप्राणिगण: " ધાન્યનો ઉપદ્રવ કરનાર ઉંદર ટીડ વગેરે.

ભગવાન્ જિનેશ્વર દેવ પધારે ત્યાં સમવસરણીમાં સુગંધી જળની વૃષ્ટિ થાય છે, (૧૫) તથા પાંચ વર્ણના પુષ્પોનો વર્ષાદ થાય છે, (૧૬) ભગવાનના કેશ તથા દાઢી મુંછના વાળ અને નખ વધતા નથી, (૧૭) ભગવાનની સેવામાં નિરંતર જઘન્ય ભાવથી પણ ચાર જાતિના એક ક્રોડ દેવતા રહે છે (૧૮) ૩૩.

તેમજ

अनुष्टुप्

ऋतूनामिन्द्रियार्थानामनुकूलत्वमित्यमी ।
एकोनविंशतिर्दैव्याश्चतुस्त्रिंशच्चमीलिताः ॥ ३४ ॥

છએ ઋતુઓ અનુકૂળ રહે છે. (૧૯) એ ઓગણીસ અતિશય દેવતાઓના કરેલા, સર્વ એકંદર મળી ચોત્રીસ અતિશય શ્રી જિનેશ્વર દેવના જાણવા. ૩૪

જિનેશ્વરની સમાન દૃષ્ટિનું સ્વરૂપ.

* भुजङ्गप्रयात.

न कोपो न लोभो न मानो न माया, न हास्यं न लास्यं न गीतं न कान्ता ।
न वा यस्य पुत्रा न मित्रं न शत्रुस्तमेकं भवन्दे जिनं देवदेवम् ॥ ३५ ॥

જેમને ક્રોધ, લોભ, માન, માયા, હાસ્ય, નૃત્ય, ગીત અને સ્ત્રી હોતા નથી. તેમજ જેમને પુત્રો મિત્ર અને શત્રુ હોતા નથી, તે દેવાધિદેવ એવા શ્રી જિનેશ્વર ભગવાનને હું ઉત્કર્ષપણે વંદના કરૂં છું. ૩૫

વર્ત્તમાનમાં દેવોની તેમના ગુણ સ્વરૂપથી પીછાણ.

वसन्ततिलका.

प्रत्यक्षतो न भगवानृषभो न विष्णुरालोक्यते न च हरो न हिरण्यगर्भः ।
तेषां स्वरूपगुणमागमसम्भवादाद्, ज्ञात्वा विचारयत कोऽत्र परापवादः ॥ ३६ ॥

હે ભવ્યજનો! ભગવાન્ ઋષભદેવ, વિષ્ણુ, શંકર, અને હિરણ્યગર્ભ-બ્રહ્મા એ પૈકી કોઈપણ દેવ પ્રત્યક્ષ જોવામાં આવતા નથી. તો તેમના સ્વરૂપ તથા ગુણ, આગમ-શાસ્ત્રથી જાણીને વિચારો તો પછી તેમાં બીજાઓનેઃ અપવાદ શી રીતે રહે? ૩૬

* ભુજંગપ્રયાત નું લક્ષણ ભુજङ्गप्रयातं भवेद्यैश्चतुर्भिः ચાર ય ગણથી ભુજંગ પ્રયાત (ભુજંગી) છન્દ થાય છે, એટલે તેના પ્રત્યેક ચરણમાં ૧૨ અક્ષરો હોય છે; એમ ચાર ચરણ આ છંદમાં છે.

શ્રી જિનેન્દ્ર ભગવાન્‌માં અન્ય દેવોની ઉત્પ્રેક્ષાએ નિર્દોષપણું.

शार्दूलविक्रीडित.

चन्द्रः किं स न यत् कलङ्ककलितः सूर्योऽपि नो तीव्रकृत् ,
मेरुः किन्न स यन्नितान्तकठिनो विष्णुर्न यत्सोऽसितः ।
ब्रह्मा किन्न जरातुरः स च जराभीरुर्न यत्सोऽतनुः,
ज्ञातं दोषविवर्जितोऽखिलगुणाकीर्णोऽन्तिमस्तीर्थकृत् ॥ ३७ ॥

÷ શું આ ચંદ્ર હશે? નહીં, તે તો કલંક વાળો છે, અને આ નિષ્કલંક છે. ત્યારે શું સૂર્ય હશે? નહીં, તે તો તીવ્ર કાંતિવાળો થઇ બીજાઓને તપાવે છે, અને આતો શીતલતા આપે છે! ત્યારે શું મેરૂ પર્વત હશે? નહીં, તે મેરૂ પર્વત તો અત્યંત કઠિન છે; અને આ તો નમ્ર લાગે છે! ત્યારે શું વિષ્ણુ હશે? નહીં, તે કાળો છે, અને આતો સ્વર્ણવર્ણો છે! ત્યારે શું બ્રહ્મા હશે? નહીં, તે તો જરાવાળો છે, એટલે વૃદ્ધ છે, અને આતો યુવા માલમ પડે છે? ત્યારે શું કામદેવ હશે? ના, તેતો અતનુ–શરીર વિનાનો છે, અને આ તો શરીરધારી છે? અહો હવે જાણવામાં આવ્યું આ તો દોષ રહિત અને સર્વગુણ સંપન્ન એવા છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ છે!! ૩૭

* स्रग्धरा.

નીચે જણાવેલા ગુણવાળો ગમે તે દેવ હોય તેને નમવાનો જરૂર.

यो विश्वं वेदवेद्यं जननजलनिधेर्भङ्गिनः पारदृश्वा,
पौर्वापर्याविरुद्धं वचनमनुपमं निष्कलङ्कं यदीयम् ॥
तं वन्दे साधुवन्द्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषन्तं ।
बुद्धं वा वर्द्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥ ३८ ॥

જે આ સર્વ જાણવા યોગ્યને જાણે છે જે આ જન્મજરા રોગ સોગ દુ:ખાદિ

÷ આ કાવ્યમાં શ્રી વીરભગવાનને જોઇને ઇન્દ્રભૂતિએ જુદી જુદી ઊપમાના તર્કો કરેલા છે.

* સ્રગ્ધરા નું લક્ષણ

" म्रौ भ्नौ यानां त्रयेण त्रिमुनियतियुता स्रग्धरा कीर्तितेयम् " મગણ રગણ ભગણ નગણ અને ત્રણ યગણ એમ ૨૧ અક્ષરનું એક ચરણ વાળું આ વૃત્ત છે અને સાત સાત અને સાત અક્ષરે વિરામ છે આમ ચાર ચરણ મળી " સ્રગ્ધરા વૃત્ત " કહેવાય છે.

તરંગોએ કરીને વિચિત્ર ભંગવાળા સંસારસાગરના સ્વરૂપને જોનાર છે, અર્થાત્ જે સર્વજ્ઞ છે, અને જેનું વચન પૂર્વાપર વિરોધ વગરનું, ઉપમારહિત (ઉત્કૃષ્ટ–પ્રધાન) અને નિષ્કલંક છે એવા, સાધુઓએ કરીને વંદનીય, સર્વ ગુણોના ભંડાર રૂપ અને દોષરૂપી શત્રુઓને નાશ કરનારા ગમે તો બુદ્ધ હોય, ગમે તો મહાવીર હોય, ગમે તો બ્રહ્મા કે શંકર હોય તેને હું વંદના કરૂં છું. ૩૮

જિનેન્દ્ર ભગવાનનું સર્વોપરિ ઉત્તમોત્તમ બળ.

ભુજંગ પ્રયાત.

સુણો વીર્ય બોલું વિશાલો વિબોધો, નરે બાર યોધે મળી એક ગોધો;
દશે ગોધલે લેખવો એક ઘોડો, તુરંગેણુ બારે મળી એક પાડો. ૩૯
દશે પાંચ પાડે મહોન્મત્ત નાગો, ગજા પાંચસે કેશરી વીર્ય તાગો;
હરિ વીસથી વીર્ય અષ્ટાપદે કો, દશે લક્ષ અષ્ટાપદે રામ એકો. ૪૦
બલા રામ યુગ્મે સમો વાસુ દેવો, હુવે વાસુદેવે ગણી ચક્રી લેવો;
બલા લક્ષ ચક્રીસમો નાગ શૂરો, વળી કોડિ નાગાધિપે ઇંદ્ર પૂરો. ૪૧
અનંતે સુઇંદ્રે મળી વીર્ય જે તું, ટચી અંગુલી અગ્રથી જિન તે તું. ૪૧॥

આ પ્રમાણે કહી સુદેવ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

अरिहंत–अधिकार.

અરિહંત પિછાણના પ્રશ્નોત્તર.

પ્રશ્ન—* અરિહંત સર્વજ્ઞ છે, તે સર્વે ભાવોને જાણે છે કે, તેમને પણ કોઇ ભાવ અજાણ્યો રહે છે?

ઉત્તર—હે ભદ્ર ! તે પ્રભુ સર્વ ભાવો જાણે છે, કોઇપણ ભાવ તેનાથી અજાણ્યો રહેતો નથી. જેને કોઇપણ ભાવ અજાણ્યો રહે તે સર્વજ્ઞ જ ન કહેવાય.

પ્રશ્ન—જો એમ છે તો તે અરિહંતોએ તો તમારા કહેલા આત્માદિ સર્વ પદાર્થોની આદિ–પ્રથમતા જાણી છે કે નહી? જો જાણી છે તો તે સર્વે પદાર્થો સાદિ સિદ્ધ થયા અને જો જાણી નથી તો પછી એટલું અજાણ પણું હોવાથી તેઓ સર્વજ્ઞ કહેવાશે નહીં.

ઉત્તર—હે ભવ્ય ! અરિહંત સર્વજ્ઞ છે, અને તે પ્રભુ સર્વ જાણે છે કેમકે તેઓ નિરાવરણ જ્ઞાનવાળા છે, પરંતુ તે પ્રભુ યથાર્થ જ્ઞાનવંતા છે, તેથી જે પદાર્થો

* तत्ववार्ता.

વિશ્વમાં જે પ્રકારે છતા છે તે પ્રકારે તેને છતા જાણે છે, ને જે પ્રકારે જે પદાર્થો અછતા છે તે પ્રકારે તેને અછતા જાણે છે, તેથી આત્માદિક પદાર્થોને આદિપણે અછતા જાણ્યા છે. તેમની આદિનો અત્યંતાભાવ તે પ્રભુએ જાણ્યો છે, તેથી સર્વ ભાવને જાણનાર હોવાથી તેઓ સર્વજ્ઞ જ છે, જેનો અત્યંત અભાવ છે તે કોઇ કાળે પણ ભાવરૂપે છતા હોય જ નહીં—સર્વ કાળે અછતા જ હોય. જેમ આકાશનું ફુલ. માટે જીવ પ્રમુખ પદાર્થોની આદિ નથી તે અનાદિ પણે જ છતા એટલે વિદ્યમાન છે.

આ પ્રમાણે કહી અરિહંત અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

तीर्थंकर—अधिकार.

તીર્થંકર વિષે પ્રશ્નોત્તર.

પ્રશ્ન—* હે મહારાજ! જો સર્વ તુલ્ય થાય છે તો પછી અરિહંતોને દેવ માનવા, તેમની પ્રતિમાઓ કરાવવી, પુષ્પ અલંકારાદિકે બહુ માન પૂર્વક તેમની પૂજા કરવી અને અન્ય વીતરાગ સર્વજ્ઞોને દેવપણે ન માનવા, તેમની પ્રતિમાઓ ન કરવી ઇત્યાદિ લોક રૂઢિ ચાલી આવે છે કે તેમાં કાંઇ હેતુ છે?

ઉત્તર—હે ભવ્ય! જિનશાસનમાં અરિહંતોને અને અનેરા સર્વજ્ઞ સિદ્ધ નિરંજનોને—બન્નેને દેવપણે માનેલા છે, તેમનાં દેરાં, પ્રતિમા, પૂજા મહોત્સવ કરવામાં આવે છે, હમણાં પણ સિદ્ધાચળાદિ ઉપર તેમનાં દેરાંને પ્રતિમાજી છે, પણ પ્રાયઃ ઘણા માણસ તે વાત જાણતા નથી; અરિહંતોને જ દેવ તરીકે જાણે છે, તેનું કારણ અરિહંતોના પ્રભાવનું અતિશાયી પણું છે, અરિહંત વિના બીજા જ્યારે વીતરાગ સર્વજ્ઞ થઇ સિદ્ધપણે નિષ્પન્ન થાય છે ત્યારે તે દેવપણે પૂજાય છે પણ અતિશય રહિત પૂજાય છે; અને અરિહંત ભગવાન્ તો અરિહંત પણે અવતરે ત્યાંથી સર્વ કાળે પૂજાય છે, કેમકે તેઓ ગર્ભાવતારથી જ સાતિશય હોય છે. તેનો પણ હેતુ એ છે કે—અનાદિ સૂક્ષ્મ નિગોદમાં જેમ બીજા સર્વ ભવ્ય રહે છે તેમ ભાવી અરિહંતના જીવો પણ અનંતો કાળ રહ્યા હતા અને અનંતા ભાવી અરિહંત હજુ પણ ત્યાં ભવ્યપણે રહેલા છે. પરંતુ ભાવી અરિહંતોની ભવ્યતા ત્યાં નિગોદાવસ્થામાં પણ બીજા ભવ્ય જીવોની ભવ્યતા કરતાં વિલક્ષણતાવાળી અને ઉત્તમતા

અરિહંતના જીવની અધિકતા.

---

* તત્ત્વવાર્તા.

યુક્ત હોય છે, જેમ રત્નોની ખાણોમાં સર્વ જાતિનાં રત્નોના અંકૂરા સરખાપણે ઉગેલા હોય છે પરંતુ ચિંતામણિઓના અંકૂરા સમધિક તેજવાળા વિલક્ષણ હોય છે અને તેથી જ શરાણે ચડતાં તેનામાં બીજા રત્નો કરતાં અધિક તેજ આવે છે; તેમ અરિહંતોના જીવોમાં પણ મુક્તિ ગમન યોગ્ય ભવ્યતા ઉત્તમ પ્રભાવની સત્તાવાળી નિગોદાવસ્થામાં પણ હોવાથી જ અરિહંત પણામાં બીજા સામાન્ય કેવળીયો કરતાં અતિશય પ્રભાવવાળી ઉત્પન્ન થાય છે, અને તેથી જ તે કાળે પણ તેની ભવ્યતા અન્ય જીવો કરતાં વિલક્ષણ હતી એમ સિદ્ધ થાય છે. કારણ કે—કારણને સદૃશ કાર્ય થાય છે, વળી તે ભાવી અરિહંતોની ભવ્યતા જ્યારે પરિપક્વ થાય છે ત્યારે તેમની સમ્યક્ત્વ પ્રાપ્તિ પણ નિયમા સ્વલ્પ કાળમાં—સંખ્યાતા ભવમાં સિદ્ધિ દાયિની, ભગવદ્ ભાવને નિષ્પન્ન કરતી અને અન્ય ભવ્યોની સમ્યક્ત્વ પ્રાપ્તિથી વિલક્ષણતા વાળી હોય છે. તેમને તત્વજ્ઞાત સમજાવતા ઉપદેશક ગુરૂને અધિક પરિશ્રમ પડતો નથી. સહજ કથન માત્રથી યથાર્થભાસ તેમના હૃદયમાં પ્રવૃત્ત થાય છે. તેવા સુકર બોધ સ્વભાવ ગુણવડે તે પ્રથમ ભવથીજ સ્વયં સંબુદ્ધ હોય છે. ત્યાંથી જ તેમને એવી ભાવના પ્રવૃત્ત થાય કે— "અહો ! જૈન ધર્મનો પ્રકાશ છતાં આ સંસારી જીવો ઘોર મહાંધકારમાં ભૂલા ભમે છે તે મહા આશ્ચર્ય છે ? તેથી હું પ્રબળ ઉદ્યમ કરીને એ મોહાંધકારમાંથી તે સર્વને કાઢી. શુદ્ધ મોક્ષ પંથે ચડાવું અને પરમ સુખીયાં કરૂં." આવી ભાવના તેમને સદાય વર્તે છે. અને તેમ કરવાને તેઓ પ્રવૃત્ત થાય છે. વળી તે જ્યાં સુધી સંસારમાં રહે ત્યાં સુધી મહા કરૂણાના સમુદ્ર, કૃતજ્ઞ શિરોમણિ, વિનય પ્રધાન, અતિ ઐદાર્ય ધૈર્ય ગાંભિર્ય, શૌર્યવાન્ શરણાગત વત્સલ, ન્યાય માર્ગગામી, દેવગુરૂના ભક્ત, પરમ પરોપકારી, પ્રાર્થના ભંગ ભીરૂ અને જગજ્જન બંધુ હોય છે તથા તીર્થંકર થવાના ભવથી પહેલાંના ત્રીજા ભવને પામે ત્યારે તે ભવમાં જિનાગમ પ્રસિદ્ધ વીશ સ્થાનકોના

ગર્ભાવતાર

આરાધનનો તપ અવશ્ય કરે છે, તેથી તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કરી, સ્વર્ગ લોકમા મહર્દ્ધિક દેવતા થાય છે. ત્યાંથી ચ્યવી જ્યારે મનુષ્યલોકમાં રાજકુળમાં જનનીની કુક્ષિમાં ચરમ અવતારે અવતરે છે, ત્યારે તે રાત્રિએ જનની ચૌદ મહા સ્વપ્ન દેખે છે. જિન ગર્ભાવતારના પ્રભાવે ઇંદ્રાસન કંપે છે અને ઇંદ્ર ગર્ભમાં વર્તતા પ્રભુને વાંદે છે. પછી ઇંદ્રની આજ્ઞાથી દેવતાઓ તેમના માતા પિતાનું ઘર સોનું, રૂપું, રત્ન, વસ્ત્ર, અલંકાર, અને ધન ધાન્યાદિકે પૂર્ણ કરે છે. માતા પિતાને શ્રદ્ધા શુદ્ધ ધર્મબુદ્ધિ પ્રવર્તે છે, માતાના હૃદયમાં જગત્‌ને અભય દાન દેવાના—અમારી પ્રવર્તાવવાના મનોરથ થાય છે. વૈર, વિરોધ શાંત થાય છે, દેશ બધામાં લોકો સુખીયા નિરોગી ને નિરૂપદ્રવી થાય છે. આ પ્રમાણેનો તો ગર્ભાવતારનો પ્રભાવ હોય છે. પછી જે રાત્રિએ જન્મ થાય છે તે રાત્રિએ ત્રણ ભુવનમાં સર્વત્ર ઉદ્યોત થાય છે,

જન્મોત્સવ

ભૂમિ પણ ચાર અંગુળ ઉલ્લસાયમાન થાય છે, દિશાઓ પણ આનંદ પામી હોય તેમ પ્રસન્ન–નિર્મળ થાય છે. વનરાજી નવપલ્લવ પુષ્પફળે પૂર્ણ અને નૃત્ય કરતી જણાય છે વાયુ સુગંધી શીતળ અને મધુર મંદ મંદ વાય છે, પક્ષી પણ જયકારી ધ્વનિ કરતા કલ્લોલ કરે છે. સર્વ પ્રજાને પ્રમોદ થાય છે, ઘેર ઘેર વસંત ક્રીડાદિક મહોત્સવ પ્રવર્તે છે, છપ્પન દિશા કુમારીઓનાં અને ચોસઠ ઇંદ્રોનાં આસનો કંપાયમાન થાય છે, તેઓ અવધિજ્ઞાન વડે પ્રભુનો જન્મ થયો જાણી પરમાનંદથી પૂર્ણ થઈ શીઘ્રપણે પોત પોતાની સર્વ ઋદ્ધિ અને પરિવાર સહિત આવે છે. પ્રથમ દિશાકુમારીઓ આવીને ભૂમિ શોધી, સુગંધી જળ ને પુષ્પની વૃષ્ટિ કરી પ્રસૂત કાર્ય કરી જાય છે, પછી ઇંદ્ર આવીને પ્રભુને મેરૂ શિખરે લઇ જઈ મહા વિસ્તારથી વિવિધ પ્રકારના મહોત્સવ વડે જન્માભિષેક મહિમા કરી પ્રભુને માતા પાસે મુકી સ્વસ્વસ્થાને જાય છે, પ્રભુ પણ રાજ ઋદ્ધિ ભોગવી વર્ષીદાન દઈ દીક્ષા લેવા તત્પર થાય છે, તે વખતે પણ પાછા ઈંદ્રાદિક આવી અભિષેક અને

દીક્ષોત્સવ

દીક્ષા મહોત્સવ કરે છે, પ્રભુ દીક્ષા અંગીકાર કરીને તપ સંયમ વડે જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી કેવળ

જ્ઞાન દર્શન ઉપજાવી

વીતરાગ સર્વજ્ઞ થાય છે, તે વખતે ઇંદ્રાદિક આવી સમવસરણ રચે છે, પ્રભુ રત્ન સિંહાસને બીરાજી ત્રિભુવનની પર્ષ-

જ્ઞાનોત્સવ

દામાં યથાર્થ વસ્તુ ધર્મમય દેશના આપે છે, તે દેશના એક યોજન પૃથ્વીમાં સર્વ જીવોને સ્વ સ્વ ભાષાપણે પરિણમે છે, અનેક જીવોએ પૂછેલા જુદા જુદા પ્રશ્નોનો ઉત્તર પ્રભુજી તેમના મનનું સમાધાન થાય તેવો એક વચને આપે છે, પછી ધર્મ દેશના દેતા સતા મહિમંડળમાં વિચરે છે, અષ્ટ મહા પ્રાતિહાર્ય અને ચોત્રીશ અતિશય વડે અલંકૃત થાય છે. માર્ગમાં વૃક્ષો નમે છે. પક્ષીઓ પ્રદક્ષિણા દે છે. કાંટા અધોમુખ થઇ જાય છે, છએ ઋતુ સર્વ કાળે સુખ આપે તેવી વર્તે છે. ઇત્યાદિ અનંત મહિમાવાળા તીર્થંકરો થાય છે. સામાન્ય

નિર્વાણમહિમા.

કેવળીઓને આ કહેલ પ્રભાવ હોતો નથી. તેઓ કેવળ જ્ઞાન દર્શનવંતા હોય છે. આ પ્રમાણે અરિહંત દેવ પરમાર્થે પરમ ઉપકારી હોવાથી મુખ્યતાએ " દેવ " કહેવાય છે. તેમનો જે કોઇ અજ્ઞાની જીવ અશાતના અનાદર અવજ્ઞાદિક કરે છે તે અનંત કાળ પર્યંત દુર્ગતિમાં રઝળે છે. અને તેમની ભક્તિ કરનારા જીવો સર્વ પ્રકારની સુખ સંપદા પામેછે.

આખરે સર્વ કર્મ ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરે છે તે વખતે પણ ઈંદ્રાદિ દેવતાઓ મહિમા કરે છે એવી રીતે તીર્થંકરોના પાંચે કલ્યાણક મહિમાવાળાં હોવાથી જગતમાં તેમની અધિકતા સ્વાભાવિક હોય તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

પ્રશ્ન—હે મહારાજ ! જેવી રીતે અરિહંતો અહીં મહા પ્રભાવવાળા હોવાથી અને અનંત મહિમાવાળા હોવાથી સર્વ કેવળીઓ કરતાં શ્રેષ્ઠ છે તેમ મોક્ષમાં પણ સર્વ સિધ્ધો કરતાં તેમની સિદ્ધતા શ્રેષ્ઠતાવાળી હોય છે કે નહીં ?

ઉત્તર—હે ભવ્ય ! અહીં બીજા કેવળીઓ કરતાં તીર્થંકરોનો જે અધિક પ્રભાવ હોય છે તે તેમની યોગ્યતા વિશેષથી ઉપાર્જન કરાતી મહા પુણ્યરૂપ શુભ કર્મરાશિના સહચારી ફળરૂપ હોય છે, તેવો કર્મનો સહચારી ભાવ તો ભવસ્થને હોય છે. મોક્ષ તો તેમને પણ સકળ કર્મ ક્ષય જન્ય અન્ય સર્વજ્ઞોની સમાનજ હોય છે. કારણ સમાન હોવાથી કાર્ય સમાનજ થાય છે. તેમ મોક્ષમાં સર્વ સિધ્ધોને કર્મના સહચારી પણાનો સર્વથા અભાવ સમાન હોવાથી સિદ્ધ થયેલા અરિહંતોની સિદ્ધતામાં કિંચિત્ પણ અધિકતા હોતી નથી.

આ પ્રમાણે કહી તીર્થંકર અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

केवळी सर्व बराबर—अधिकार.

પ્રશ્ન—*હે મહારાજ! જે પ્રમાણે અરિહંત, વીતરાગ સર્વજ્ઞ થાય છે, તેજ પ્રમાણે અન્ય જીવો પણ વીતરાગ સર્વજ્ઞ થાય છે કે કાંઇ ન્યૂનપણે થાય છે?

ઉત્તર—હે ભવ્ય! વીતરાગ સર્વજ્ઞ સર્વ તુલ્યજ થાય છે.

પ્રશ્ન—તેમના જેવી પુણ્યરાશિ બીજા ભવ્ય જીવો ઉપાર્જન કરી શકે કે નહીં?

ઉત્તર—જે ભાવનાથી અરિહંતો તેવી મહા પુણ્ય રાશિ ઉત્પન્ન કરે છે તેવી ભાવના આવવાની યોગ્યતા અન્ય ભવ્ય જીવોમાં અનાદિથી નથી અને તેની ભાવનાની પરિણતિ વિના તેવી મહા પુણ્યરાશિ ઉપાર્જન થઇ શકતી નથી. કોદરાના બીજથી કમોદના અંકુરા ઉત્પન્ન થતા જ નથી તેથી ભાવિ અરિહંત વિના તેવી પુણ્યરાશિ અનેરા ભવ્ય જીવો ઉપાર્જન કરી શકે નહીં.

આ પ્રમાણે કહી કેવળી સર્વ બરાબર અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

---

* તત્ત્વ વાર્તા.

ગ્રંથસંગ્રહિતા.

*ગીતિ.

विनयविजयमुनिनायं प्रथमपरिच्छेद एवमत्रैव ।
सद्ग्रथितः सुगमार्थं व्याख्यातॄणां मुदे सदा भूयात् ॥

વિનયવિજય મુનિએ આ (વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ નામના) ગ્રંથનો પ્રથમ પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓની સુગમતામાટે સંગ્રથિત કર્યો છે, તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓ આદિના આનંદને માટે થાઓ.

प्रथम परिच्छेद परिपूर्ण.

* ગીતિની માત્રા—પહેલા તથા ત્રીજા ચરણમાં ૧૨ અને બીજા તથા ચોથા ચરણમાં ૧૮

द्वितीय परिच्छेद.

જ્ઞાન-ભાવના કે વ્યવહાર વિચારમાં દેવ સ્તુતિ એ મંગળના હેતુ રૂપ છે. કેમકે દેવ સ્મરણ, પ્રભુ પૂજા, એ માનસિક ભાવનાને નિર્મળ બનાવી શુદ્ધ સંસ્કારો વડે મનોબળને સતેજ કરી શકે છે. આ હેતુથી જ ગ્રંથારંભમાં દેવસ્તુતિ કરતાં દેવની ઓળખ કરાવવાને યત્ન કર્યો છે. કેમકે જે પવિત્ર ભાવના દેવસ્મરણ માટે છે તે ભાવનાની સિદ્ધિ તેવાજ પવિત્ર-પૂજ્ય દેવના ધ્યાનથી પ્રાપ્ત થઇ શકે છે. અને તેટલાજ માટે સુદેવની ઓળખ આપવા સાથે અર્હંત્, સિદ્ધ, આદિ પવિત્ર નિરાબાધ દેવોની ઓળખ આપતાં તેમના ગુણ, શક્તિ અને પ્રભાવને દર્શાવવા સાથે તેમની દ્રવ્ય તેમજ ભાવપૂજાનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે. આ સ્વરૂપને વિસ્તારથી અને સરલ ભાવથી સમજાવવાનું કાર્ય ગુરૂનું છે. અને તેથી ગુરૂસ્મરણની જરૂરીયાત કોઇ પણ કાર્યમાં તેટલીજ અગત્યની ગણાય છે. દેવસ્મરણ એ જેટલે અંશે મનને નિર્મળ કરે છે તેટલેજ અંશે ગુરૂ મનને સરલ અને સમજદાર કરી શકે છે. કોઇ પણ વાતચિત, વ્યવહાર, વાંચન કે ધર્માચરણ અથવા જગત્‌ના કોઇ પણ વ્યવહારમાં ગુરૂ-દર્શકની પ્રથમ જરૂર છે. જ્યાં સુધી કોઇ વાતને ગુરૂ સન્મુખ મૂકવામાં આવતી નથી ત્યાં સુધી તે સ્પષ્ટ અને સુદૃઢ અસર કરી શકતી નથી. અને તેટલાજ માટે ગુરૂને દીપકની ઉપમા અપાય છે એવા પવિત્ર જ્ઞાનમય મહાત્મા ગુરૂનું આ પ્રસંગે સ્મરણ કરતાં ગુરૂના સ્વરૂપને દર્શાવવાને આ પરિચ્છેદમાં યત્ન કરવામાં આવ્યો છે.

सुसाधु—अधिकार.

ગુરૂ યાને સાધુની ઓળખ કરવા માટે વ્યવહાર અને આચરણને જાણવા માટે સુગુરૂના લક્ષણ પ્રથમ દર્શાવવામાં આવે છે.

અતિથિ કોને કહેવો ?

अनुष्टुप् (१ थी ३०)

तपश्शीलसमायुक्तं, ब्रह्मचर्यदृढव्रतम् ।
अलोलमशठं दान्तमतिथिं जानामि तादृशम् ॥ १ ॥

જે તપ અને શીળથી યુક્ત હોય, બ્રહ્મચર્ય અને દૃઢતાથી વ્રતને કરનાર હોય, લોલુપતા રહિત, માયા મૃષાવાદથી રહિત અને ઇંદ્રિયોને દમન કરનાર હોય તેવાને હું અતિથિ જાણું છું. ૧÷

કેવા અતિથિ ગુણવાન્ કહેવાય ?

स्नानोपभोगरहितः, पूजालङ्कारवर्जितः ।
मधुमांसनिवृत्तश्च, गुणवानतिथिर्भवेत् ॥ २ ॥

સ્નાન તથા ઉપભોગથી રહિત, પૂજા તથા અલંકારોથી વર્જિત, મદ્ય માંસના ત્યાગી અને ગુણવાન્ એવા અતિથિ (મુનિ) હોય છે. ૨

વળી કહ્યું છે કે:—

કેવો પુરૂષ અતિથિ કહેવાય ?

सत्यार्जवदयायुक्तं, पापारम्भविवर्जितम् ।
उग्रतपस्समायुक्तमतिथिं विद्धि तादृशम् ॥ ३ ॥

જે સત્ય, સરળતા, અને દયાથી યુક્ત હોય, જે પાપના આરંભથી વર્જિત અને જે ઉગ્ર તપસ્યાથી યુક્ત હોય તેવા પુરૂષને અતિથિ જાણ. ૩

સુગુરૂની નિર્લોભ વૃત્તિ.

हिरण्ये वा सुवर्णे वा, धने धान्ये तथैवच ।
अतिथिं च विजानीयाद्यस्य लोभो न विद्यते ॥ ४ ॥

સોના રૂપાનો દ્રવ્યનો અને ધાન્યનો જેને લોભ ન હોય તેને અતિથિ મુનિ જાણવો. ૪

ગુણથી જાતિની પરીક્ષા.

उर्वशीगर्भसम्भूतो, वसिष्ठस्तु महामुनिः ।
तपसा ब्राह्मणो जातस्तस्माज्जातिरकारणम् ॥ ५ ॥

÷ ૧ થી ૩૩ પુરાણ તથા મહાભારત.

મહામુનિ વસિષ્ઠ ઉર્વશી અપ્સરાના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા હતા અને પછી તપસ્યા કરીને બ્રાહ્મણ થયા હતા, એમ ઉચ્ચતાનું કારણ જાતિ નથી, પણ ગુણ છે. ૫

કેટલાએક મહાત્માઓની માતાઓની જાતિ અને સ્થળ.

रेणुकाजनयद्राममृष्यशृङ्गं वने मृगी ।
कैवर्त्यजनयद्व्यासं, कक्षावन्तं च शूद्रिका ॥ ६ ॥

રેણુકાએ પરશુરામને જન્મ આપ્યો, હરણીએ વનમાં શૃંગી ઋષિને જન્મ આપ્યો, ઢીમરની છોકરીએ વ્યાસને જન્મ આપ્યો અને શૂદ્રની છોકરીએ કક્ષાવાન મુનિને જન્મ આપ્યો હતો. ૬

દયાનું પ્રાધાન્ય.

यस्य चित्तं द्रवीभूतं, कृपया सर्वजीविषु ।
तस्य ज्ञानं च मोक्षश्च, किं जटाभस्मचीवरैः ॥ ७ ॥

જેનું ચિત્ત સર્વ પ્રાણીઓને વિષે દયાથી આર્દ્ર થઈ જાય છે, તેને જ જ્ઞાન થયેલું છે, અને તેનો જ મોક્ષ થવાનો છે. બાકી જટા, ભસ્મ અને કાષાય વસ્ત્રોથી કાંઈ થવાનું નથી. ૭

બ્રહ્મની પ્રાપ્તિ ક્યારે થાય?

यदा न कुरुते पापं, सर्वभूतेषु दारुणम् ।
कर्मणा मनसा वाचा, ब्रह्म सम्पद्यते तदा ॥ ८ ॥

જ્યારે સર્વ પ્રાણીઓ ઉપર મન, વચન અને કાયાથી દારૂણ-ભયંકર એવું પાપ ન કરવામાં આવે ત્યારે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ૮

બ્રહ્મ પ્રાપ્તિનાં પાંચ લક્ષણો.

त्यक्त्वा कुटुम्बवासं तु, निर्ममो निष्परिग्रहः ।
युक्तश्चरति निःसङ्गः, पञ्चमं ब्रह्मलक्षणम् ॥ ९ ॥

જે કુટુંબનો વાસ છોડી દઈ મમતા રહિત થઈ, પરિગ્રહનો ત્યાગ કરી, યોગ ધારી અને સંગ રહિત થઈ વિચરે છે, ત્યારે તેનામાં પાંચમું લક્ષણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે એટલે મમતા રહિત, પરિગ્રહ રહિત, યોગધારી અને નિઃસંગ એ ચાર લક્ષણોવાળા પુરૂષમાં પાંચમું બ્રહ્મનું લક્ષણ પ્રાપ્ત થાય છે. ૯

મહાત્માનું આશ્રમસ્થાન.

किमरण्यैरदान्तस्य, दान्तस्य च किमाश्रमैः ।
यत्र यत्र वसेदान्तस्तदरण्यं तदाश्रमम् ॥ १० ॥

જે ઇંદ્રિયોનું દમન કરનાર ન હોય તેને અરણ્યવાસ શા કામનો છે? અને ઇંદ્રિયોનું દમન કરનાર છે, તેમને આશ્રમોની શી જરૂર છે? ઇંદ્રિયોને દમન કરનાર મહાત્મા જ્યાં જ્યાં વસે છે, તે તે અરણ્ય અને તે તે આશ્રમ છે. ૧૦

આજીવિકા કોને આપવી?

अयाचनकशीलानां, दीक्षितानां तपस्विनाम् ।
अहिंसकानां मुक्तानां, कुरु वृत्तिं युधिष्ठिर ॥ ११ ॥

હે યુધિષ્ઠિર રાજા! જેઓ કોઇની પાસે યાચના કરતા ન હોય, જેઓએ દીક્ષા લીધી હોય, જેઓ તપશ્યા કરતા હોય, જેઓ હિંસા કરતા ન હોય અને જેઓ સંસારથી મુક્ત થયેલા હોય તેઓને આજીવિકા આપો. ૧૧

કર્મનું શોધન.

नो मृत्तिका नैवजलं, नाप्यग्निः कर्मशोधन : ।
शोधयन्ति बुधाः कर्म, ज्ञानध्यानतपोजलैः ॥ १२ ॥

કર્મને શોધનારા મૃત્તિકા, જલ કે અગ્નિ નથી, પરંતુ વિદ્વાન્ પુરૂષો જ્ઞાન, ધ્યાન અને તપરૂપી જળવડે કર્મને શોધે છે. ૧૨

કેમકે—

अशुचिः पापकर्मा यः, शुद्धकर्मा शुचिर्भवेत् ।
तस्मात्कर्मात्मकं शौचमन्यं शौचं निरर्थकम् ॥ १३ ॥

જે પાપ કર્મ કરનાર છે, તે હંમેશા અશુચિ છે અને શુદ્ધ કર્મ કરનાર છે, તે હંમેશા શુચિ છે, તેથી કર્માત્મક-કર્મરૂપ શૌચ (શુદ્ધિ) સત્ય છે અને બાકીનું (મૃત્તિકા જળ વગેરેનું) શૌચ નિરર્થક છે. ૧૩

ક્રિયામાં તીર્થો.

सत्यं तीर्थं तपस्तीर्थं, तीर्थमिन्द्रियनिग्रहः ।
सर्वभूतदया तीर्थमेतत्तीर्थमुदाहृतम् ॥ १४ ॥

સત્ય તીર્થ છે, તપસ્યા કરવી એ તીર્થ છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ તીર્થ છે અને સર્વ પ્રાણી ઉપર દયા રાખવી એ તીર્થ છે. એટલાં તીર્થ કહેલાં છે. ૧૪

ખરી પવિત્રતા કઇ છે ?

समता सर्वभूतेषु, मनोवाक्कायनिग्रहः ।
पापध्यानकषायाणां, निग्रहेण शुचिर्भवेत् ॥ १५ ॥

સર્વ પ્રાણીઓ ઉપર સમતા રાખવી, મન, વચન અને કાયાનો નિગ્રહ કરવો અને અશુભ ધ્યાન તથા કામ ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવો એથી પવિત્ર થવાય છે. ૧૫

ખરૂં સ્નાન કયું છે ?

नोदकक्लिन्नगात्रोऽपि, स्नात इत्यभिधीयते ।
स स्नातो यो दमस्नातः, स बाह्याभ्यन्तरः शुचिः ॥ १६ ॥

જળમાં શરીર બોળવું, એથી કાંઇ સ્નાન કરેલો કહેવાતો નથી પરંતુ જે ઇંદ્રિયોનું દમન કરવારૂપ સ્નાન કરે છે, તેજ ન્હાયેલો કહેવાય છે અને તે બાહેર અને અંદર પવિત્ર થાય છે. ૧૬

મન, વચન અને કાયાની શુદ્ધિ.

चित्तं शमादिभिः शुद्धं, वचनं सत्यभाषणैः ।
ब्रह्मचर्यादिभिः कायश्शुद्धो गङ्गां विनापि सः ॥ ॥ १७ ॥

શમદમ વગેરેથી ચિત્ત શુદ્ધ થાય છે, સત્ય ભાષણ કરવાથી વચન શુદ્ધ થાય છે અને શુદ્ધ જળ વિના પણ બ્રહ્મચર્ય વગેરેથી કાયા શુદ્ધ થાય છે. ૧૭

આ જગતમાં સદા કોણ જાગે છે ?

भवभ्रमणविभ्रान्ते, मोहनिद्रास्तचेतने ।
एक एव जगत्यस्मिन्, योगी जागर्त्यहर्निशम् ॥ १८ ॥

સંસારના ભ્રમણથી વિભ્રાંત થયેલ, અને મોહ નિદ્રાથી ચેતન રહિત થયેલ એવો આ જગતમાં એક યોગી રાત્રિ દિવસ જાગતો રહે છે. ૧૮

બ્રહ્મચર્યનું મહત્વ.

देवमानुष्यतिर्यक्षु, मैथुनं वर्जयेद्यदा ।
कामरागविमुक्तस्य, ब्रह्म सम्पद्यते सदा ॥ १९ ॥

જ્યારે દેવ, મનુષ્ય અને તિર્યંચોમાં મૈથુનનો ત્યાગ કરે અને કામ રાગથી મુક્ત થાય ત્યારે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ૧૯

મમત્વ ત્યાગ.

यदा सर्वं परित्यज्य, निस्सङ्गो निष्परिग्रहः ।
निश्चिन्तश्च चरेद्धर्मं, ब्रह्म सम्पद्यते तदा ॥२०॥

જ્યારે સર્વનો ત્યાગ કરી સંગ અને પરિગ્રહ છોડી નિશ્ચિંત થઇને ધર્મનું આચરણ કરે ત્યારે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ૨૦

ચાતુર્માસમાં સ્થિરતા.

ग्रीष्महेमन्तिकान्मासानष्टौ भिक्षुः प्रचक्रमेत् ।
दयार्थं सर्वभूतानां, वर्षामेकत्र संवसेत् ॥२१॥

ગ્રીષ્મ ઋતુ અને હેમંત ઋતુ વગેરેના આઠ માસ સુધી મુનિએ વિચરવું અને વર્ષા ઋતુમાં સર્વ પ્રાણીઓની દયા પાળવા માટે એક સ્થળે રહેવું. ૨૧

મુનિને પાણી વોહોરવાને શિવજીએ પાર્વતીજીને કરેલ બોધ.

यदमीषां महर्षीणां, जलदानादपि प्रिये ।
सुकृतं प्राप्यते लोकैर्न हि तद्यज्ञकोटिभिः ॥२२॥

હે પ્રિયા ! એ મહા મુનિઓને જળદાન કરવાથી લોકોને જેટલું સુકૃત-પુણ્ય પ્રાપ્ત થાય છે, તેટલું પુણ્ય કોટી યજ્ઞો કરવાથી પણ થતું નથી. ૨૨

અર્હદ્‌ભક્તને ભોજન આપવાનું ફળ.

दशभिर्भोजितैर्विप्रैर्यत्कृते जायते फलम् ।
अर्हद्भक्तस्य तद्दाने, जायते तत्फलं कलौ ॥२३॥

કલિયુગમાં દશ બ્રાહ્મણોને જમાડવાથી જે ફળ થાય છે, તે ફળ અર્હદ્‌ભક્તને જમાડવાથી થાય છે. ૨૩

મુનિએ એક સ્થળે કેટલું રહેવું જોઇએ. ?

एकरात्रं स्थितिर्ग्रामे, पञ्चरात्रं स्थितिः पुरे ।
तथा तिष्ठेद्यथा प्रीतिर्द्वेषश्च नास्य जायते ॥ २४ ॥

ગામડામાં મુનિએ એક રાત્રિ (પાંચ છ દિવસ) રહેવું અને શહેરમાં પાંચ

રાત્રિ (ઉત્કૃષ્ટ એક માસ) રહેવું, અને તે એવી રીતે રહેવું કે જેથી કોઈની સાથે રાગ અને કોઇની સાથે દ્વેષ થાય નહીં. ૨૪

સર્વોત્કૃષ્ટ પવિત્રતા.

परदारपरद्रोहपरद्रव्यपराङ्मुखः ।
गङ्गाप्याह कदागत्य, मामयं पावयिष्यति ॥ २५ ॥

પરસ્ત્રી, પરનો દ્રોહ અને પરદ્રવ્યથી વિમુખ રહેનારા પુરૂષને માટે ગંગા પણ કહે છે કે, "એવો પુરૂષ ક્યારે આવીને મને પવિત્ર કરશે.?" ૨૫

સ્નાન, યજ્ઞ, જ્ઞાન અને ધ્યાનનું લક્ષણ.

स्नानं मनोमलत्यागो, यागश्चेन्द्रियरोधनम् ।
अभेददर्शनं ज्ञानं, ध्यानं निर्विषयं मनः ॥ २६ ॥

મનના મેલનો ત્યાગ કરવો એ સ્નાન છે, ઇંદ્રિયોનો નિરોધ કરવો એ યજ્ઞ છે, સર્વ પ્રાણી ઉપર અભેદ દૃષ્ટિથી જોવું, એ જ્ઞાન છે અને મનને વિષય રહિત રાખવું, એ ધ્યાન છે. ૨૬

ગુરૂનાં લક્ષણ.

महाव्रतधराधीरा, भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥ २७ ॥

જેઓ પંચ મહાવ્રતોને ધરનારા હોય, જેઓ માત્ર ભિક્ષા ઉપર જીવનારા હોય, જેઓ હંમેશા સામાયિક કરનારા હોય અને જેઓ ધર્મનો ઉપદેશ કરનારા હોય તેવા ગુરૂ કહેવાય છે. ૨૭

લક્ષ્મી ત્યાગમાં રહેલું સુખ.

अर्थिनो धनमप्राप्य, धनिनोऽप्यवितृप्तितः ।
कष्टं सर्वेऽपि सीदन्ति, परमेको मुनिः सुखी ॥ २८ ॥

ધનના અર્થીઓ ધન ન મળવાથી અને ધનવાન્ પુરૂષો અસંતોષથી–એ સર્વે પણ કષ્ટથી સીદાય છે, (પીડાય છે) માત્ર એક મુનિ જ સુખી છે. ૨૮

જ્ઞાનીને વિધિ પણ કાંઇ કરી શકતો નથી.

निर्धनत्वं धनं येषां, मृत्युरेव हि जीवितम् ।
किं करोति विधिस्तेषां, सतां ज्ञानैकचक्षुषाम् ॥ २९ ॥

જેઓને નિર્ધન પણું એજ ધન છે અને મૃત્યુ એજ જીવન છે, એવા જ્ઞાન રૂપી એક નેત્રવાળા સત્પુરૂષોને વિધિ શું કરી શકે? ૨૯

સદ્ગુણીની સત્તા.

हृदयं सदयं यस्य, भाषितं सत्यभूषितम् ।
कायः परहितोपायः, कलिः कुर्वीत तस्य किम् ॥ ३० ॥

જેનું હૃદય દયાવાળું છે, જેનું ભાષણ સત્યથી ભૂષિત છે અને જેનું શરીર બીજાના હિતને માટે છે. તેને દુષમકાળ શું કરી શકે? ૩૦

કેવો મહાત્મા લોકમાં જય પામે છે?

आर्या.

परपरिवादे मूकः, परदारावक्त्रवीक्षणेऽप्यन्धः ।
पङ्गुः परधनहरणे, सजयति लोके महापुरुषः ॥ ३१ ॥

જે બીજાની નિંદા કરવામાં મુંગો છે, પરસ્રીનું મુખ જોવામાં આંધળો છે. અને પારકુ ધન હરી લેવામાં પાંગળો છે, તે મહા પુરૂષ લોકમાં જય પામે છે. ૩૧

કુળના કરતાં શીળ વધારે ઉત્તમ છે.

उपजाति. (૩૨થી૪૩)

शीलं प्रधानं न कुलं प्रधानं, कुलेन किं शीलविवर्जितेन ।
भूयो नरा नीचकुलेषु जाताः, स्वर्गं गताः शीलमुपास्य धीराः ॥ ३२ ॥

શીલ પ્રધાન છે, કુળ પ્રધાનથી શીલ વગરનું કુળ શા કામનું છે? નીચ કુળમાં ઉત્પન્ન થયેલા ઘણા પુરૂષો ધીર બની શીળની ઉપાસના કરી સ્વર્ગે ગયેલા છે. ૩૨

મનુષ્ય શરીરમાં રહેલાં તીર્થો.

मनो विशुद्धं पुरुषस्य तीर्थं, वाक्संयमश्चेन्द्रियनिग्रहश्च ।
एतानि तीर्थानि शरीरजानि, मोक्षस्य मार्गं च निदर्शयन्ति ॥ ३३ ॥

શુદ્ધ મન, વાણીનો સંયમ, અને ઇંદ્રિયોનો નિગ્રહ—એ પુરૂષના શરીરનાં તીર્થો છે, તે તીર્થો મોક્ષના માર્ગને બતાવે છે. ૩૩

કેવાં ગુરૂદર્શન યોગ્ય છે.

प्रक्षालयन्तं जनपापपङ्कं, प्रमादवादे विहिताभिशङ्कम् ।
विस्तारयन्तं सुकृतप्रयोगं, गुणंधराख्यं गुरुमालुलोक ॥ ३४ ॥

લોકોના પાપરૂપી કાદવને ધોઈ નાખનારા, પ્રમાદ અને વાદની શંકા રાખનારા (અર્થાત્ તેથી ડરનારા) અને પુણ્યના પ્રયોગને વિસ્તારનારા ગુણુંધર નામના ગુરૂનાં તેણે દર્શન કર્યાં. ૩૪ +

સદ્‌ગુરૂનાં લક્ષણ.

संसारसन्तापसुधाप्रकारो, विचित्रचारित्रविधूतमारः ।
अनेकधा सूत्रितभूविहारः, परोपकाराय कृतावतारः ॥ ३५ ॥

જે ગુરૂ આ સંસારનો સંતાપ દૂર કરવામાં અમૃત જેવા છે, જેમણે પોતાના વિચિત્ર ચારિત્રથી કામદેવનો તિરસ્કાર કરેલો છે. જેઓ આ પૃથ્વી ઉપર અનેક પ્રકારે વિહાર કરે છે, અને જેમનો અવતાર પરોપકારને માટે છે. ૩૫

કેવા ગુરૂને દેખી હર્ષ થાય છે ?

मरुस्थलीकल्पतरूपमानं, मोहान्धकारोच्चयनित्यभानुम् ।
संसारवारांनिधियानपात्रं, तं वीक्ष्य जातः प्रमदैकपात्रम् ॥ ३६ ॥

જેઓ મરૂ સ્થળમાં કલ્પવૃક્ષના જેવા છે, જેઓ મોહરૂપી અંધકારના સમૂહને નાશ કરવામાં નિત્યે સૂર્ય રૂપ છે અને જેઓ આ સંસાર રૂપી સમુદ્રમાં વહાણ સમાન છે, તેવા ગુરૂને વિલોકી તે હર્ષનું પાત્ર બની ગયો. ૩૬

કેવા ગુરૂને નમસ્કાર કરવો ?

दोषप्लुषे पुण्यपुषे गुणौघजुषे क्षताशेषरुषे समन्तात् ।
सप्तार्चिषे दर्पकदर्थकक्षे, समत्वभाजे खलु दुःखसौख्ये ॥ ३७ ॥
प्रशान्तचित्ताय भवाब्धितीरगताय ताताय जगज्जनानाम् ।
मोहान्धकारोत्करभास्कराय, नमोनमः सूरिवराय तुभ्यम् ॥ ३८ ॥

દોષોને બાળનારા, પુણ્યને પોષનારા, ગુણોના સમૂહને સેવનારા ચારે બાજુ બધા રોષનો નાશ કરનારા, ગર્વના અનર્થ રૂપ ઘાસમાં અગ્નિરૂપ, દુઃખ અને સુખમાં સમતાને રાખનારા, શાંત ચિત્તવાળા, સંસાર રૂપ સમુદ્રને તીર ગયેલા, જગતના

+ ૩૪ થી ૪૪ નરવર્મ ચરિત્ર.

જીવોના પિતા રૂપ, અને મોહરૂપી અંધકારના સમૂહમાં સૂર્યરૂપ, એવા આપ સૂરિવરને નમસ્કાર છે. ૩૭-૩૮

સુકૃત-પુણ્યની ગર્જના કેવી હોય છે?

अन्यत्र देवे विगतस्वरूपा, श्रीवीतरागे कृततत्त्वरूपा ।
विनिश्चिता या हृदि देवबुद्धिर्या जायते सा सुकृतस्य गर्जा ॥ ३९ ॥

બીજા દેવના સ્વરૂપ વગરની અને શ્રીવીતરાગ ભગવાન્‌માં જ તત્વરૂપ કરનારી જે નિશ્ચયવાળી હૃદયમાં દેવ બુદ્ધિ ઉત્પન્ન થાય, તે સુકૃત-પુણ્યની ગર્જના કહેવાય છે. ૩૯

સાધુ પુરૂષના આચાર.

षड्भेदयुक्तं व्रतमाचरन्तः, षड्जीवकायान् परिपालयन्तः ।
अकल्पमाहारमनाहरन्तो, नैवाददाना गृहभाजनानि ॥ ४० ॥

જેઓ છ ભેદ વાળા વ્રતને આચરનારા છે, જેઓ ષટ્કાય જીવોનું પાલન કરનારા છે, જેઓ અકલ્પનીય આહારને લેતા નથી, જેઓ ગૃહસ્થના ભંડોપકરણનો પરિગ્રહ રાખતા નથી. ૪૦

અને વળી—

पल्यङ्कमासंदिकमुज्जिहाना गेहे निषद्यां च न सन्दधानाः ।
आजन्मतः स्नानमनाचरन्तः, स्वदेहशोभां परिवर्जयन्तः ॥ ४१ ॥

જેઓ પલંગ તથા ઉત્તમ આસનને છોડનારા છે, જેઓ ગૃહસ્થના ઘરમાં બેઠક રાખતા નથી, જેઓ જન્મથીજ (દીક્ષા લીધા પછી સર્વથા) સ્નાન કરતા નથી. જેઓ પોતાના દેહની શોભા કરતા નથી. ૪૧

તથા—

अत्युग्ररूपं यतिपालनीयमाचारमष्टादशधा दधानाः ।
त्रिगुप्तिगुप्ताः समितीश्च पञ्च, प्रपञ्चयन्तश्चतुरावधानाः ॥ ४२ ॥

જેઓ અતિ ઉગ્ર અને યતિઓને પાળવા યોગ્ય એવા અઢાર પ્રકારના આચારને આચરનારા છે જેઓ ત્રણ ગુપ્તિ તથા પાંચ સમિતિને ધારનારા છે જેઓ સદા ચતુર પણે સાવધાન રહેનારા છે. ૪૨

તેમજ—

नवापि तत्त्वानि विचारयन्तः, सिद्धान्तसिंधुं हृदि धारयन्तः ।
उत्सर्गमार्गेऽप्यपवादमार्गे, विचारवन्तो विगतप्रमादाः ॥ ४३ ॥

જેઓ નવ તત્વનો વિચાર કરનારા છે. જેઓ સિદ્ધાંતના મહાસાગરને હૃદયમાં ધરનારા છે. જેઓ ઉત્સર્ગ તથા અપવાદ માર્ગે વિચાર પૂર્વક વર્તનારા છે, જેઓ પ્રમાદ રહિત છે. ૪૩

વળી—

इन्द्रवज्रा. (૪૪ થી ૪૬)

कुर्वन्त उच्चैर्द्विविधं तपो ये, सर्वक्रियायां बहुधा विधिज्ञाः ।
हृद्वाणिकायैरपि संवदन्तः, स्वाध्यायपीयूषरसं पिबन्तः ॥ ४४ ॥

જેઓ ઉચ્ચ પ્રકારે બાહ્ય અને આભ્યંતર એવા બે પ્રકારના તપને કરનારા છે, જેઓ સર્વ પ્રકારની ક્રિયાની વિધિને બહુધા જાણનારા છે, જેઓ મન, વચન અને કાયાની સાથે સંવાદ કરનારા છે એટલે તેમના અશુભ યોગનો નાશ કરનારા છે, જેઓ સ્વાધ્યાય રૂપી અમૃત રસને પીનારા છે. ૪૪

અને—

श्रुत्वोपदेशं विशदं गुरूणां, भव्यः प्रबोधं सहसा लभेत ।
शुद्धाञ्जनं वै नयनस्य तेजच्छायामपाकृत्य व्यनक्ति वेगात् ॥ ४५ ॥

ગુરૂઓનો શુદ્ધ ઉપદેશ સાંભળી ભવ્ય જીવ તત્કાળ પ્રતિબોધને પામે છે, જેમકે શુદ્ધ અંજન નેત્રની છાયા (પડળ) દૂર કરી વેગથી તેજને પ્રગટાવે છે. ૪૫

તથા—

कष्टे त्वकष्टे समचेतसो ये, ते भैक्ष्यमास्तारयितुं समर्थाः ।
गुप्तेन्द्रिया आत्मविचारदक्षा लाभेत्वलाभे समभावनाश्च ॥ ४६ ॥

જેઓ કષ્ટ અને અકષ્ટમાં એટલે દુઃખ અને સુખમાં સમાન ચિત્તવાળા છે, અને જેઓ લાભ અને અલાભમાં સમભાવવાળા છે, જેઓ ઇંદ્રિયોને નિયમમાં રાખનારા અને આત્મવિચાર કરવામાં દક્ષ છે તેઓ મુનિચર્યાને વિસ્તારવા સમર્થ છે. ૪૬

તેમજ—

उपजाति (૪૭ થી ૫૭)

परोपकारप्रवणाः स्वसत्त्वानुरूपयत्ना यतमानचित्ताः ।
समस्तविध्वस्तकुकर्मयोगाः, साधुक्रियासु प्रबलप्रयोगाः ॥ ४७ ॥

જેઓ પરોપકાર કરવામાં પ્રવીણ છે, જેઓ પોતાના સત્વ-વીર્ય પ્રમાણે યત્ન કરનારા છે, જેઓ ચિત્તનો નિરોધ કરનારા છે, જેઓ કુકર્મના સર્વ યોગને નાશ કરનારા છે, જેઓ સારી ક્રિયાઓમાં પ્રબળ પ્રયોગ કરનારા છે, ૪૭ +

વળી—

ममत्वमायामदमानलोभक्रोधादिभावारिगणं जयन्तः ।
सन्त्यक्तसङ्गा अतिशान्तदान्ताः, सद्धर्मकर्माचरणेन कान्ताः ॥ ४८ ॥

જેઓ મમતા, માયા, મદ, માન, લોભ અને ક્રોધાદિ ભાવ શત્રુઓના સમૂહને જીતનારા છે, જેઓ સંગને છોડનારા છે. જેઓ અતિશાંત તથા ઇંદ્રિયોને દમન કરનારા છે, જેઓ સદ્ધર્મ કર્મના આચરણથી મનોહર છે ૪૮

તથા—

प्रबोधयन्तो भविकाम्बुजानि, सच्चक्रहर्षं परिपोषयन्तः ।
मोहान्धकारप्रसरं हरन्तो, महःस्वरूपा भुवि भानुरूपाः ॥ ४९ ॥

જેઓ ભવિપ્રાણી રૂપ કમળોનો વિકાશ કરનારા, સત્પુરૂષોના સમૂહને હર્ષનું પોષણ કરનારા, અને મોહરૂપી અંધકારના પ્રસરને હરનારા છે તેઓ આ પૃથ્વી ઊપર સૂર્ય રૂપ તેજોમય પુરૂષો છે. ૪૯

તેમજ—

चन्द्रोपमानाः कृतसच्चकोरप्रमोदपूरावरतारकेशाः ।
मेरूपमा निश्चलचित्तवृत्त्या, निराश्रयत्वादनिलोपमानाः ॥ ५० ॥

જેઓ સત્ પુરૂષ રૂપી ચકોર પક્ષીને હર્ષના સમૂહને આપનારા અને ઉત્તમ તારક[1] સ્વામી રૂપ હોવાથી ચંદ્રની ઉપમા વાળા છે, જેઓ ચિત્તની વૃતિમાં નિશ્ચળ રહેનારા હોવાથી મેરૂપર્વતની ઉપમા વાળા છે, જેઓ કોઇ અન્યનો આશ્રય લેવા વગરના હોવાથી પવનની ઉપમા વાળા છે. ૫૦

તથા—

अधृष्यभावेन मृगारितुल्याः, शौण्डीर्यचर्याभिरिभस्वभावाः ।
गम्भीरभावेन पयोधितुल्याः, सर्वं सहत्वेन वसुन्धराभाः ॥ ५१ ॥

જેઓ અધુષ્ય ભાવથી એટલે કોઇનાથી ધર્ષણ ન થવાના સ્વભાવથી સિંહના જેવા છે, જેઓ બળ ચાતુર્યથી ગજેંદ્રના જેવા સ્વભાવ વાળા છે. જેઓ ગાંભીર્યપણાથી સમુદ્રની તુલ્ય છે, જેઓ સર્વને સહન કરનારા હોવાથી પૃથ્વીના જેવા છે. ૫૧

× ૪૭ થી ૫૫ નરવર્મ ચરિત્ર

૧ તારક-ભવસાગરને તારનારા સ્વામી રૂપ છે અને ચંદ્રપક્ષે તારક-તારાઓનો સ્વામી છે.

વળી—

शिष्यप्रशिष्यावलिदत्तशिक्षा दक्षेषु मुख्याः कृतजीवरक्षाः ।
चारित्रसंसाधनबद्धकक्षाः, कदर्थमोहोरगभङ्गताक्ष्याः ॥ ५२ ॥

જેઓ પોતાના શિષ્યો અને પ્રશિષ્યોને શિક્ષા આપનારા છે, જેઓ દક્ષ પુરૂષોમાં મુખ્ય ગણાય છે, જેઓ જીવોની રક્ષા કરનારા છે, જેઓ ચરિત્રને સાધવામાં બદ્ધપરિકર રહે છે, જેઓ નઠારા અર્થ તથા મોહ રૂપી સર્પોનો ભંગ કરવાને ગરૂડ સમાન છે. પર

તેમજ—

अकिञ्चनाः काञ्चनलोष्टतुल्याः, समस्तशोकोद्धृतपापशल्याः ।
एवं विधाः श्रीनरवर्मराजन्, सदागमज्ञा गुरवो भवन्ति ॥ ५३ ॥

જેઓ અકિંચન–કાંઇ પરિગ્રહ નહીં રાખનારા છે, જેઓ સુવર્ણ અને માટીના ઢેફાને સરખા માનનારા છે, જેઓ સર્વ પ્રકારના શોક તથા પાપ રૂપી શલ્યને કાઢનારા છે, અને જેઓ સત્ આગમને જાણનારા છે, (માટે) હે નરવર્મ રાજા, આવા પુરૂષો જ ગુરૂ કહેવાય છે. ૫૩

કેવા મુનિને જયની આશીષ આપવી ?

कारुण्यकेलीकलिताङ्गयष्टे, ज्ञानादिरत्नत्रयजातपुष्टे ।
सद्ध्यानधाराक्षतकर्मसृष्टे, मुनीश जीयाः कृतपुण्यविष्टे ॥ ५४ ॥

જેનો દેહ દંડ કરૂણા–દયાની ક્રીડાને કરનારો છે, જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી ત્રણ રત્નોથી જેની પુષ્ટિ થયેલી છે, જેણે શુભ ધ્યાનની ધારાથી કર્મોની સૃષ્ટિનો નાશ કર્યો છે અને જેણે પુણ્યમાં પ્રવેશ કરેલો છે, એવા હે મુનિપતિ ! તમે જય પામો. ૫૪

કેવા પુરૂષને લોકો હર્ષથી અનુસરે છે ?

नद्यः पयोधिं नयिनं गुणौघाः, धर्मं विवेकी विनयी च विद्याम् ।
यथानुगच्छन्ति तथा सहर्षाः, श्रेयोविचारप्रवणं पुमांसं ॥ ५५ ॥

જેમ નદીઓ સમુદ્રને અનુસરે છે, ગુણોના સમૂહ નીતિમાન્ પુરૂષને અનુસરે છે, વિવેકી પુરૂષ ધર્મને અનુસરે છે અને વિનયી પુરૂષ વિદ્યાને અનુસરે છે, તેમ કલ્યાણનો વિચાર કરવામાં તત્પર એવા પુરૂષને લોકો હર્ષથી અનુસરે છે ૫૫

ખરા માતા પિતા કોણછે? અને ખરો શત્રુ કોણ છે?

माता पिता स्वः सुगुरुश्चतत्वात्, प्रबोध्य यो योजयति स्वधर्मे ।
न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्मविघ्नादिकृते च जीवम् ॥ ५६ ॥

જે જીવને તત્વથી પ્રતિબોધ આપી સ્વધર્મમાં યોજે છે, તેજ પુરૂષ પોતાના માતા, પિતા, પોતાનો (સમ્બન્ધી–આપ્ત) અને ગુરૂ છે અને જે જીવને ધર્મમાં વિઘ્ન વગેરે કરનારા સંસાર સમુદ્રમાં નાંખે છે, તેના જેવો કોઈ શત્રુ નથી. ૫૬

ગુણી ગુરૂ વિના વિચક્ષણ માણુસ પણ ધર્મ જાણી શકતો નથી.

विना गुरुभ्यो गुणनीरधिभ्यो, जानाति धर्मं न विचक्षणोऽपि ।
आकर्णदीर्घोज्ज्वललोचनोऽपि, दीपं विना पश्यति नान्धकारे ॥ ५७ ॥

જેમ કાન સુધી વિશાળ અને ઉજ્વળ નેત્રવાળો માણુસ પણ અંધકારમાં દીપક વિના જોઇ શકતો નથી તેમ, ગુણોના સમુદ્ર રૂપ ગુરૂ શિવાય વિચક્ષણ માણુસ પણ ધર્મને જાણુતો નથી. ૫૭

સત્કર્મમાં પ્રવૃત્ત રહેનારને વનવાસ કરવાની જરૂર નથી.

वनेऽपि दोषाः प्रभवन्ति रागिणां, गृहेऽपि पञ्चेन्द्रियनिग्रहस्तपः ।
अकुत्सिते कर्मणि यः प्रवर्तते, निवृत्तरागस्य गृहं तपोवनम् ॥ ५८ ॥

સંસારી વિષયવાળા મનુષ્યોને અરણ્યમાં પણ અનર્થો પ્રાપ્ત થાય છે અને પંચ ઇંદ્રિયોને વશ કરનાર વૈરાગી મનુષ્યને ઘરમાં પણ તપશ્ચર્યા સાધી શકાય છે. હમેશાં જે મનુષ્ય શુભ કર્મ કરે છે તેને પોતાનું ઘર તેજ તપ કરવાનું વન છે એમ માનવું. ૫૮

કેવાઓનો મોક્ષ થતો નથી.

उपेन्द्रवज्रा (૫૯–૬૦)

न शब्दशास्त्राभिरतस्य मोक्षो, न चैव रम्याऽऽवसतिप्रियस्य ।
न भोजनास्वादनतत्परस्य, न लोकवित्तग्रहणे रतस्य ॥ ५९ ॥

જે કેવળ શબ્દશાસ્ત્ર–વ્યાકરણમાં તત્પર રહેનારો છે, જેને રમણીય સ્થાન પ્રિય છે, જે ભોજનનો સ્વાદ લેવામાં જ તત્પર રહેનારો છે. અને જે લોકોનું દ્રવ્ય લેવામાં આસક્ત છે, તેવાઓનો મોક્ષ થતો નથી. ૫૯

ગુરૂથી થતો લાભ.

गुरुं विना को न हि मुक्तिदाता, गुरुं विना को न हि मार्गगन्ता ।
गुरुं विना को न हि जाड्यहर्ता, गुरुं विना को न हि सौख्यकर्ता ॥६०॥

ગુરૂ વિના કોઇ મુક્તિ આપનાર નથી, ગુરૂ વિના કોઇ સન્માર્ગે ચાલી શકતું નથી, ગુરૂ વિના કોઇ જડતાને હરી શકનાર નથી અને ગુરૂ વિના કોઇ સુખ કરનાર નથી. ૬૦

કેવા ગુરૂની સેવા કરવી?

÷ वंशस्थ.

मनः स्थिरं यस्य विनावलम्बनं, दृष्टिः स्थिरा यस्य विनैव दर्शनम् ।
वपुः स्थिरं यस्य विना प्रयत्नतः, स एव योगी सगुरुश्च सेव्यताम् ॥ ६१ ॥

જેનું મન કોઇપણ આલંબન વિના સ્થિર રહે છે, જેની દૃષ્ટિ દર્શન વિના સ્થિર રહે છે અને જેનું શરીર પ્રયત્ન વિના સ્થિર રહે છે, તે જ યોગી કહેવાય છે, તેવા યોગી ગુરૂની સેવા કરો. ૬૧

કેવા ગુરૂ સર્વ ક્લેશને દહે છે?

❀ मालिनी. (૬૨ થી ૬૪)

यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा, परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी ।
विहितहितमिताशी क्लेशजालं समूलं, दहति निहतनिद्रो निश्चिताध्यात्मसारः ॥६२॥

યમ-નિયમના અતિશયથી જેનો બાહ્ય તથા અંતરાત્મા શાંત હોય છે, જેને સમાધિ પ્રાપ્ત થઇ છે, જે સર્વ જીવ ઉપર અનુકંપાવાળા છે; જે યોગ્ય હિત કરનાર, અલ્પ ભોજન કરનાર છે, અને વળી જે નિદ્રા રહિત છે, જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કરેલો છે, તે મૂળમાંથી ક્લેશના જાળને બાળી નાંખે છે. ૬૨.

કેવા ગુરૂઓ મુક્તિના પાત્ર બને છે?

समधिगतसमस्ताः सर्वसावद्यदूराः, स्वहितनिहितचित्ताः शान्तसर्वप्रचाराः ।
स्वपरसफलजल्पाः सर्वसङ्कल्पमुक्ताः, कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः ॥६३॥

જેઓ સર્વ પદાર્થોને ક્ષયોપસમ પ્રમાણે જાણનારા છે, જેઓ સર્વ દોષોથી

÷ વંશસ્થવૃત્ત નું લક્ષણ. " जतौ तु वंशस्थमुदीरितं जरौ. " જેમાં જ ગણ, ત ગણ, જ ગણ અને ર ગણ આવે તે વંશસ્થવૃત્ત કહેવાય છે, એકંદર આ વૃત્તમાં બાર અક્ષરો આવે છે.

❀ માલિની છંદનું લક્ષણ—"ननमयययुतेयं मालिनी भोगिलोकैः" જેમાં પહેલા બે ન ગણ પછી મ ગણ અને તે પછી બે ય ગણ આવે અને જેના ઉચ્ચારમાં આઠ અને સાત અક્ષરોએ વિરામ આવે તે માલિની છંદ કહેવાય છે. એકંદર પંદર અક્ષરો આ છંદના એક ચરણમાં આવે છે, એમ ચાર ચરણ મળી માલિની છંદ થાય છે.

દૂર રહેનારા છે, જેઓ આત્મહિતનું ચિંતવન કરનારા છે, જેમની સર્વ પ્રવૃત્તિ શાંત હોય છે, જેમનું કથન સ્વ અને પરને માટે સફળ છે, અને જેઓ સર્વ સંકલ્પોથી મુક્ત થયેલા છે, તેવા મુક્ત પુરૂષો આ લોકમાં મુક્તિના પાત્ર કેમ ન બને? ૬૩

મુનિ વર્ત્તન કેવું આશ્ચર્યકારક છે?

सकलविमलबोधो देहगेहाद् विनिर्यन्, ज्वलन इव स काष्ठं निष्ठुरं भस्मयित्वा।
पुनरपि तदभावे प्रज्वलत्युज्ज्वलः सन्, भवति हि यतिवृत्तिः सर्वथाश्चर्यभूमिः ॥६४॥

જેમ અગ્નિ કઠોર કાષ્ઠને બાળીને કાષ્ઠનો અભાવ છતાં ઉજ્વળ થઇ પ્રજ્વલિત રહે છે તેમ સર્વ પદાર્થોનો તે નિર્મળ બોધ, દેહરૂપી ઘરમાંથી નીકળી પાપનો નાશ કરી ઉજ્વળ થઇ પ્રજ્વલિત રહે છે. તેથી મુનિવૃત્તિ સર્વથા આશ્ચર્યની ભૂમિરૂપ છે. ૬૪

આ જગત્માં ગુરૂ શિવાય બીજો કોઇ નરકમાંથી બચાવનાર નથી.

शिखरिणी.

पिता माता भ्राता प्रियसहचरी सूनुनिवहः,
सुहृत्स्वामी माद्यत्करिभटरथाश्वः परिकरः।
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलं,
गुरोर्धर्माधर्मप्रकटनपरात्कोऽपि न परः ॥६५॥

ધર્મ તથા અધર્મને પ્રગટ કરનારા ગુરૂ શિવાય પિતા, માતા, ભાઇ, પ્રિય સ્ત્રી, પુત્રોનો સમૂહ, મિત્ર, સ્વામી, મદ ભરેલા હાથી, સુભટ, રથ, અશ્વ અને પરિવાર કે બીજો કોઇ પણ (પદાર્થ) નરકના ખાડામાં બુડતા એવા જીવને બચાવવાને સમર્થ થઇ શકતો નથી. ૬૫

જ્યારે સંસાર સમુદ્રનો કાંઠો પ્રાપ્ત થાય છે, ત્યારે મનુષ્યનું વર્ત્તન કેવું થાય છે?

÷ हरिणी.

विषयविरतिः सङ्गत्यागः कषायविनिग्रहः,
शमयमदमास्तत्त्वाभ्यासस्तपश्चरणोद्यमः।

÷ હરિણી છંદનું લક્ષણ. "रसयुगहयैः न्सौ म्रौ स्लौ गो यदा हरिणी तदा" જેમાં ન ગણ, સ ગણ, મ ગણ, ર ગણ, સ ગણ, અને છેલ્લા બે અક્ષરમાં લઘુ, ગુરૂ આવે છે જેનો ઉચ્ચાર કરતાં છ, ચાર અને સાત અક્ષરોએ વિરામ આવે છે એમ એક ચરણમાં સત્તર અક્ષરો ગણાય છે એવાં ચાર ચરણ મળી હરિણી છંદ કહેવાય છે.

नियमितमनोवृत्तिर्भक्तिर्जिनेषु दयालुता,
भवति कृतिनः संसाराब्धेस्तटे निकटे सति ॥ ६६ ॥

પુણ્યવાન્ મનુષ્યને જ્યારે સંસારરૂપ સમુદ્રનું તીર નજીક આવે છે, ત્યારે તેનામાં વિષયોની વિરતિ થાય છે, સંગનો ત્યાગ થાય છે, કષાયોનો નિગ્રહ થાય છે, શમ, યમ તથા દમાદિ ઉત્પન્ન થાય છે, તત્ત્વોનો અભ્યાસ સુઝે છે, તપસ્યા કરવામાં તથા ચારિત્ર પાળવામાં ઉદ્યમ થાય છે, મનની વૃત્તિનો નિરોધ થાય છે, શ્રી જિન ભગવંતની ભક્તિ થાય છે અને દયાળુપણું પ્રાપ્ત થાય છે. ૬૬

સંસારીઓના કરતાં મુનિઓનું જીવન ઉચ્ચ અને આનંદમય છે.

शार्दूलविक्रीडित. (૬૭ થી ૭૫)

धन्यानां गिरिकन्दरेषु वसतां ज्योतिः परं ध्यायता-
मानन्दाश्रुकणान्पिबन्ति शकुना निश्शङ्कमङ्केशयाः ।
अस्माकं तु मनोरथोपरचितप्रासादवापीतट-
क्रीडाकाननकेलिकौतुकजुषामायुः परं क्षीयते ॥ ६७ ॥

જે મહાત્માઓ પર્વતની ગુફાઓમાં રહી પરમ જ્યોતિ પરમાત્માનું ધ્યાન કરી બેઠેલા છે, તે મહાત્માઓના ઉત્સંગમાં (ખોળામાં) આવી પક્ષીઓ તેમના આનંદના અશ્રુના બિંદુઓનું નિઃશંકય થઇ પાન કરે છે, તે મહાત્માઓને ધન્ય છે, પરંતુ જે અમે સંસારીઓ મનોરથ વડે રચેલા મેહેલો, વાપીકાઓના તટ, અને ક્રીડાવનમાં ક્રીડા કરવાના કૌતુકને સેવનારા છીએ, તેવું અમારૂં આયુષ્ય નકામું ક્ષય પામે છે—વૃથા જાય છે. ૬૭

અદ્યાપિ સત્પુરૂષો અનેક સ્વરૂપે વિચરે છે.

भर्तारः कुलपर्वता इव भुवो मोहं विहाय स्वयं,
रत्नानां निधयः पयोधय इव व्यावृत्तवित्तस्पृहाः ।
स्पृष्टाः कैरपि नो नभोविभुतया विश्वस्य विश्रान्तये,
सन्त्यद्यापि चिरंतनान्तिकचराः सन्तः कियन्तोऽप्यमी ॥ ६८ ॥

કેટલાક કુળ પર્વતોની માફક મોહનો ત્યાગ કરીને સ્વયં પોષકો છે એટલે સ્થૈર્યથી સર્વના હિત ચિન્તકો છે કેટલાએક અનેક સદ્રત્નોના ભંડાર હોવા છતાં સમુદ્રોની પેઠે તૃષ્ણા રહિત છે કેટલાઓ જગતના શ્રેયાર્થે આકાશ મંડળ પર્યન્ત

આમ વિભૂતીઓનો પણ સ્પર્શ કરતા નથી અને કેટલાએક નિત્ય સમીપમાં વિચરનારા સત્પુરૂષો અદ્યાપિ (વર્તમાન સમયમાં) પણ છે. ૬૮

મહાત્મા પુરૂષો અમારા મનને પવિત્ર કરો.

येषां भूषणमङ्गसङ्गतरजः स्थानं शिलायास्तलं,
शय्या शर्करिला मही सुविहितं गेहं गुहा द्वीपिनाम् ।
आत्मात्मीयविकल्पवीतमतयस्त्रुट्यत्तमोग्रन्थय-
स्ते नो ज्ञानधना मनांसि पुनतां मुक्तिस्पृहानिस्पृहाः ॥ ६९ ॥

જેમનું આભૂષણ અંગ સાથે મળેલ રજ છે, શિલાતળ જેમનું સ્થાન છે, કાંકરાવાળી જમીન જેમની શય્યા છે, વાઘોને રહેવાની ગુફા જેમનું ઘર છે, જેમની બુદ્ધિ આત્મા તથા શરીરના સંકલ્પ વિકલ્પથી રહિત છે. જેમની તમ-અજ્ઞાનની ગ્રંથિઓ તુટી ગઇ છે અને જેમને મુક્તિ ઉપર પણ સ્પૃહા નથી, એવા જ્ઞાનધન-મહાજ્ઞાની મહાત્માઓ અમારા મનને પવિત્ર કરો. ૬૯

સત્પુરૂષોને કેવો પુરૂષ વંદનીય છે?

यत्प्राग्जन्मनि सञ्चितं तनुभृता कर्माशुभं वाशुभं,
तद्दैवं तदुदीरणादनुभवन् दुःखं सुखं वागतम् ।
कुर्याद्यः शुभमेवसोऽप्यभिमतो यस्तूभयोच्छित्तये,
सर्वारम्भपरिग्रहगृहपरित्यागी स वन्द्यः सताम् ॥ ७० ॥

પ્રાણી પૂર્વ જન્મને વિષે જે શુભ કે અશુભ સંચિત કર્મ કરે છે તે દૈવ કહેવાય છે. તે દૈવ-કર્મની ઉદીરણાથી સુખ દુઃખ આવેલું છે, તેને અનુભવતો જે મહાત્મા શુભ કર્મને જ કરે છે. તે પણ યોગ્ય છે અને જે શુભ-અશુભનો ઉચ્છેદ કરવા માટે સર્વ પ્રકારના આરંભ, પરિગ્રહ અને ગૃહનો ત્યાગ કરે છે, તે મહાત્મા સત્પુરૂષોને પણ વંદન કરવા યોગ્ય છે. ૭૦

જેમની પાસે શુદ્ધ વિવેક રૂપી વજ્ર ફર્યા કરે છે તેમને વિકારો કાંઇપણ કરી શકતા નથી.

आताम्रायतलोचनाभिरनिशं सन्तर्ज्य सन्तर्ज्य च,
क्षिप्तस्तीक्ष्णकटाक्षमार्गणगणो मत्ताङ्गनाभिर्भृशम् ।
येषां किन्नु विधास्यति प्रशमितप्रद्युम्नलीलात्मनां,
येषां शुद्धविवेकवज्रफलकं पार्श्वे परिभ्राम्यति ॥ ७१ ॥

જેમની પાસે શુદ્ધ વિવેક રૂપી વજાનું ફળું ફર્યા કરે છે અને જેમણે કામદેવની લીલાને શમાવી દીધી છે, એવા માહાત્માઓની ઉપર શતા અને વિશાળ લોચન વાળી ઉન્મત્ત વનિતાઓ હંમેશા તિરસ્કાર કરીને પોતાના કટાક્ષરૂપી તીક્ષ્ણ બાણોનો સમૂહ ફેંકયા કરો, તો પણ તેમને તે શું કરી શકવાનો હતો. ? ૭૧÷

કેવા મહાત્માઓએ આ પૃથ્વીને પવિત્ર કરી છે ?

कारुण्येन हता वधव्यसनिता सत्येन दुर्वाच्यता,
सन्तोषेण परार्थचौर्यपटुता शीलेन रागान्धता ।
नैर्ग्रन्थ्येन परिग्रहग्रहिलता यैर्यौवनेऽपि स्फुटं,
पृथ्वीयं सकलापि तैः सुकृतिभिर्मन्ये पवित्रीकृता ॥ ७२ ॥

જેઓએ યૌવન વયમાં પણ કરૂણાથી હિંસાના વ્યસનનો, સત્યથી દુર્વચન પણાનો, સંતોષથી પારકાદ્રવ્યની ચોરીની ચતુરતાનો, શીળથી રાગાંધ પણાનો અને નિર્ગ્રંથપણાથી પરિગ્રહની ઘેલશાનો નાશ કરેલો છે, તેવા સુકૃતિ પુરૂષોએ જ આ બધી પૃથ્વી પવિત્ર કરેલી છે, એમ હું માનું છું. ૭૨

કેવા પુરૂષોને ધન્ય છે ?

यत्राज्ञोऽपि विचित्रमञ्जरिभरव्याजेन रोमाञ्चितो,
दोलारूढविलासिनीविलसितं चैत्रे विलोक्याद्भुतम् ।
सिद्धान्तोपनिषन्निषण्णमनसां येषां मनः सर्वथा,
तस्मिन्मन्मथबाधया न मथितं धन्यास्त एव ध्रुवम् ॥ ७३ ॥

જે ચૈત્ર (વસંત) માં હીંડાળા ઉપર ચડેલી સ્ત્રીયોના અદ્ભુત વિલાસને જોઇ ને જડ એવું વૃક્ષ પણ વિચિત્ર મંજરીના સમૂહના મિષથી રોમાંચિત થઇ જાય છે, તે વસંતરૂતુમાં પણ સિદ્ધાંતના જ્ઞાનને વિષે આરૂઢ થયેલું જેમનું હૃદય સર્વથા કામદેવની બાધાથી વ્યાકુલ થયેલું નથી, તેજ મહાત્માઓને ધન્ય છે ? ૭૩

કેવા ધન્ય મહાત્માઓ સુખે રાત્રિ પ્રસાર કરે છે?

स्वाध्यायोत्तमगीतिसङ्गतिजुषः सन्तोषपुष्पाञ्चिताः,
सम्यग्ज्ञानविलासमण्डपगताः सध्यानशय्यां श्रिताः ।
तत्त्वार्थप्रतिबोधदीपकलिकाः क्ष्यान्त्यङ्गनासङ्गिनो,
निर्वाणैकसुखाभिलाषिमनसो धन्या नयन्ते निशाम् ॥ ७४ ॥

÷ ૭૧ થી ૭૫ કાવ્યમાળા ગુચ્છક સાતમો.

સ્વાધ્યાયરૂપી ઉત્તમ સંગીતનું સેવન કરનારા, સંતોષરૂપી પુષ્પોથી પૂજાએલા, સમ્યગ્જ્ઞાન વિલાસરૂપ મંડપમાં રહી સદ્ધ્યાનરૂપી પલંગ ઉપર સુતેલા, તત્ત્વાર્થના પ્રતિબોધરૂપી દીવાઓના પ્રકાશમાં રહેલા અને શાંતિરૂપી સુંદરીનો સંગ કરનારા એવા જે મહાત્માઓ પોતાના મનને મોક્ષના સુખનું અભિલાષી કરી રાત્રિને નિર્ગમન કરે છે, તે મહાત્માઓને ધન્ય છે. ૭૪

મિત્ર અને શત્રુમાં સમાન હૃદયવાળા તો થોડાજ પુરૂષો નીકળી આવે છે.

दृश्यन्ते बहवः कलासु कुशलास्ते च स्फुरत्कीर्तये,
सर्वस्वं वितरन्ति ये तृणमिव क्षुद्रैरपि प्रार्थिताः ।
धीरास्तेऽपि च ये त्यजन्ति झटिति प्राणान् कृते स्वामिनो,
द्वित्रास्ते तु नरा मनः समरसं येषां सुहृद्वैरिणोः ॥ ७५ ॥

જેઓ કળાઓમાં કુશળ અને કીર્તિને માટે ક્ષુદ્ર જનોની પ્રાર્થનાથી પણ તૃણની જેમ સર્વસ્વને અર્પણ કરનારા તો ઘણા પુરૂષો દેખાય છે, તેમજ જેઓ પોતાના સ્વામીને અર્થે તત્કાળ પ્રાણનો ત્યાગ કરે છે, તેવા પણ ધીર પુરૂષો જણાઇ આવે છે, પણ જેમનું હૃદય મિત્ર અને શત્રુમાં સમાન રસવાળું છે, એવા પુરૂષો તો બે ત્રણ જ માલમ પડે છે. અર્થાત્ ઘણા જ થોડા છે. ૭૫

વંદનીય સાધુઓના ગુણો.

स्रग्धरा. (૭૬–૭૭)

संविग्नाः सोपदेशाः श्रुतनिकषविदः क्षेत्रकालाद्यपेक्षा-
नुष्ठानाश्शुद्धमार्गप्रकटनपटवः प्रास्तमिथ्याप्रवादाः ।
वन्द्याः सत्साधवोऽस्मिन्नियमशमदमौचित्यगाम्भीर्यधैर्य-
स्थैर्यौदार्यार्यचर्या विनयनयदयादाक्ष्यदाक्षिण्यपुण्याः ॥ ७६ ॥

જેઓ સંવેગ (વૈરાગ્યને) ધરનારા છે, જેઓ સદ્ ઉપદેશના દેનારા છે વળી જેઓ આગમની કસોટીને જાણનારા છે. જેઓ દ્રવ્ય ક્ષેત્ર તથા કાળ વગેરેની અપેક્ષાએ આચરણ કરનારા છે, જેઓ શુદ્ધ માર્ગને પ્રગટ કરવામાં ચતુર છે, જેઓ મિથ્યાત્વના વાદને દૂર કરનારા છે અને જેઓ નિયમ, શમ, દમ, યોગ્યતા, ગાંભીર્ય, ધૈર્ય, સ્થિરતા, ઉદારતા, ઉત્તમચર્યા, વિનય, નય, દયા, ડાહાપણ અને દાક્ષિણ્યતાથી પવિત્ર છે, તેવા સત્ સાધુઓ જ આ જગત્‌માં વંદન કરવા યોગ્ય છે. ૭૬

સર્વમાં સમદર્શી મહાત્મા તો કોઇ એક જ હોય છે.

सौधोत्सङ्गे श्मशाने स्तुतिशपनविधौ कर्दमे कुङ्कुमे वा,
पल्यङ्के कण्टकाग्रे दृषदि शशिमणौ चर्मचीनांशुकेषु ।
शीर्णाङ्गे दिव्यनार्यामसमशमवशाद्यस्य चित्तं विकल्पै-
र्नालीढं सोऽयमेकः कलयति कुशलः सामलीलाविलासम् ॥ ७७ ॥

મેહેલના અગ્ર ભાગે કે શ્મશાનમાં, સ્તુતિ કે શાપમાં, કાદવ કે કેશરમાં, પલંગમાં કે કાંટા ઉપર, પાષાણુમાં કે ચંદ્રકાંત મણિમાં, ચર્મમાં કે ચીનાઇ વસ્ત્રમાં અને શીર્ણ થયેલા ભાગમાં કે દિવ્ય વનિતામાં જેનું હૃદય અસમાન શમને વશ થઇ સંકલ્પ-વિકલ્પ કરતું નથી, એવો કોઇ એક મહાત્મા જ સામ-શાંતિની લીલાનો વિલાસ અનુભવે છે. ૭૭

માણુસ બીજા કાર્યો પોતાની જાતે કરી શકે છે; પરંતુ ધર્મનું કાર્ય તો ગુરૂથી જ કરી શકાય છે.

आर्या.

इहलोकविधीन्कुरुते, स्वयं जनो न तु गुरुं विना धर्मम् ।
अश्वो हि तृणान्यत्ति, स्वयं घृतं पाय्यतेऽन्येन ॥ ७८ ॥

માણુસ આ લોકના બીજા કાર્યો પોતાની જાતે કરી શકે છે, પણ ગુરૂ વિના પોતાની જાતે ધર્મ કરી શકતો નથી. ઘોડો ઘાસ પોતાની મેળે ખાય છે, પણ તેને ઘી તો બીજો જ પાય છે. ૭૮

જેમ સમુદ્રમાં પુષ્કળ રત્નો હોય પણ તે સર્વ આપણે ગ્રહણ કરી શકતા નથી તેમ સુસાધુમાં અનેક ગુણો રહેલા છે, પણ તે બધા વર્ણન કરવાને આપણે શક્તિમાન નથી તેથી સુસાધુ અધિકારના પેટા વિભાગના અધિકારોનું વર્ણન કરવાનો અવકાશ લેવા માટે આ **સુસાધુ** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सुसाधु (स्थिरता)–अधिकार.

ચારિત્રથી અલંકૃત થયેલા મુનિએ સ્થિરતા ગુણ પ્રાપ્ત કરવો જોઇએ. કારણ કે, અસ્થિર મનપરિણામવાળો મુનિ સદ્ભાવનાની મગ્નતાના મહાન્ ગુણને મેળવી શકતો નથી. ભોગ તૃષ્ણાદિકથી થતી અસ્થિરતા શુદ્ધ બોધ પ્રાપ્ત કરવામાં મહાન્ અંતરાય ઉત્પન્ન કરે છે. આર્હંત શાસ્ત્ર એટલે સુધી લખે છે કે, " અસ્થિરતાથી કરેલી મોક્ષદાયક ક્રિયા પણ નિષ્ફળ થાય છે. " તેથી સંયમના ધારક મુનિએ સર્વદા સ્થિરતા પ્રાપ્ત કરવી જોઈએ. સ્વ સ્વભાવની સ્થિરતા મુનિને પૂર્ણાનંદનો પ્રભાવ બતાવી આપે છે. તેથી અહિં સુસાધુના અધિકારમાં સ્થિરતાનો પેટા અધિકાર કહેવામાં આવે છે.

મનની અસ્થિરતાથી ભ્રમણનો ખેદ થાય છે, તે વિષે શિષ્યને ઉપદેશ.

अनुष्टुप्.

वत्स किं चञ्चलस्वांतो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥ १ ॥

શબ્દાર્થ—હે વત્સ, ચંચલ મન પરિણામવાળો હોઇને (સુખને સારૂ) ભ્રમણ કરીને શા માટે કલેશ પામે છે ! (કારણ કે) તે (સુખ રૂપી) ખજાનો સ્થિરતા તારી પાસે જ બતાવશે.

વિવેચન—હવે સ્થિરતાનું સ્વરૂપ ગ્રંથકાર કહે છે. હે બંધુ, સુખ પ્રાપ્તિને અર્થે અસ્થિર મન પરિણામવાળો હોઇને અને સુખની ગવેષણા કરતો કરતો શા માટે તું વિષાદને પામે છે ? વ્યર્થ કલેશ શા માટે કરે છે. ? તારે જે સુખ પ્રાપ્ત કરવાનું છે તે વનિતાદિ પરવસ્તુને વિષે નથી. ધર્મ, મોક્ષ, તારે જે પ્રાપ્ત કરવાના છે તે નિમિત્તભૂત પરવસ્તુને વિષે વિદ્યમાન નથી. પરંતુ તે સર્વ સુખ તારી પાસે જ છે, માટે સ્થિરતા પ્રાપ્ત કર. પૂર્ણાનંદ રૂપ કોશાગાર સર્વ અન્ય સ્થાનાંતર વર્જીને સ્વ સમીપે જ છે એમ સ્થિરતા–સ્વભાવને વિષે નિશ્ચલતા–તને બતાવશે. પૂર્ણા-

નંદને પરભાવને વિષે અભાવ છે માટે હે બંધુ, ચંચલતા તજીને સ્વાત્માને વિષે સ્થિર થા.

અસ્થિરતાથી લોભ અને વિક્ષોભ રૂપી કૂર્ચક જ્ઞાન રૂપી દૂધનો નાશ કરે છે, તેનું દૃષ્ટાંત પૂર્વક નિરૂપણ.

ज्ञानदुग्धं विनश्येत, लोभविक्षोभकूर्चकैः ॥
अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥ २ ॥

શબ્દાર્થ—ખાટા પદાર્થથી જેમ દૂધનો નાશ થાય છે તેમ અસ્થિરતાથી-લોભથી થતા વિક્ષોભ રૂપી કૂર્ચકે (કાદવે) કરીને જ્ઞાનરૂપી દૂધનો નાશ થાય છે, એમ સમજીને તું સ્થિર થા.

વિવેચન—ખટાશવાળા કાંજી આદિ પદાર્થોથી જેમ દૂધ બેસ્વાદ થઈ નાશ પામે છે, તેમ અનિશ્ચલ પરિણામથી ભોગ તૃષ્ણાદિથી થતી ચંચલતાથી-શુદ્ધ બોધ રૂપી દૂધનો નાશ થાય છે-સ્વકાર્ય કરવાને અસમર્થ થઈ જાય છે. લોભ એટલે જીવનો અભિલાષ પરિણામ વિશેષ તેથી થતો વિક્ષોભ એટલે ચિત્તનું વ્યર્થ સંચાલન તે રૂપી કૂર્ચાએ કરીને પૂર્વે પ્રાપ્ત કરેલ આત્મદર્શન પણ ફરીથી પામી શકે નહીં, કારણ કે અભિલાષ રૂપી દોષથી જ્ઞાનનો નાશ થાય છે. સમ્યક્ પ્રકારે આમ જાણીને હે બંધુ, તું સ્થિર સ્વભાવવાળો થા. અસ્થિર ચિત્તે કરેલી મોક્ષ આપનારી ક્રિયા પણ નિષ્ફળ થાય છે.

મનની અસ્થિરતાથી મન, વચન અને કાયાની ચેષ્ટાઓ ગોપવવી તે કલ્યાણકારી નથી.

अस्थिरे हृदये चित्रा, वाग्नेत्राकारगोपना ।
पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥ ३ ॥

શબ્દાર્થ—હૃદય અસ્થિર સતે વિવિધ પ્રકારે વાચા, નેત્ર અને આકારનું ગોપવું તે અસતી સ્ત્રીના ગોપનની જેમ કલ્યાણકારી નથી એમ જ્ઞાનીઓએ કહ્યું છે.

વિવેચન—ભોગ તૃષ્ણાથી જ્યારે ચિત્તની ચંચલતા થયેલી છે ત્યારે વાચા, નેત્રો અને આકારે કરીને શરીરનું જે ગોપવું-વિકારોત્પત્તિની રક્ષા કરવાને માટે જે ક્રિયા કરવી તે જ્ઞાનાદિ સંપત્તિની વૃદ્ધિ કરનાર નથી. જેમ અસતી સ્ત્રીનું વિવિધ પ્રકારનું ગોપન સ્વઅભિમત યશ સુખ આપતું નથી, તેમ અસ્થિર ચિત્તે વિવિધ પ્રકારનું જે ગોપન તે આત્મજ્ઞાનની વૃદ્ધિ કરતું નથી. એમ જ્ઞાની પુરૂષોનું કહેવું છે. અસ્થિરતા હૃદયગત શલ્ય તુલ્ય થાય છે તે કહે છે. જાર કર્મ કરનારી સ્ત્રી વાચા, નેત્ર, અને આકારનું ગોપન કરી સતી સ્ત્રીના દેખાવ માત્રમાં જ પ્રવર્તન કરે તે તેને

આજ્ઞાકારી નથી તેમજ અસ્થિર હૃદય સતે સમજવું.

જ્યાંસુધી હૃદયમાંથી અસ્થિરતારૂપ શલ્ય ગયું ન હોય ત્યાંસુધી ક્રિયારૂપ ઔષધ ગુણ કરતું નથી.

अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोध्धृतम् ।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥ ४ ॥

શબ્દાર્થ—અસ્થિરતારૂપી હૃદય ગત મહાશલ્ય જો તેં કાઢી નાંખ્યું નથી તો ગુણ નહીં કરનાર ક્રિયારૂપી ઔષધનો શું દોષ ?

વિવેચન—હે યોગિન્! સ્વ હૃદયે સ્થિત અસ્થિર પરિણામરૂપ મહાશલ્ય જો ઉખેડી નાંખ્યું નથી તો સ્વફલ સિદ્ધને નહીં આપનાર આવશ્યકાદિ ક્રિયારૂપી ઔષધનો બિલકુલ દોષ નથી; દોષ તો અસ્થિરતા રૂપી શલ્યનો જ છે. અને તેથી જ સ્વફલની સિદ્ધિ થતી નથી, દોષ તો પ્રમાદનો જ છે.

મન, વચન અને કાયાની સ્થિરતા રાખનારા યોગીઓ અહર્નિશ સમભાવ પરિણામી થાય છે.

स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां मता ।
योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥ ५ ॥

શબ્દાર્થ—જે યોગીની સ્થિરતા, વચન, મન અને કાયાએ કરીને અંગાંગિત થયેલી છે, તે યોગીઓ શહેરમાં તેમજ અરણ્યમાં, દિવસે તેમજ રાત્રિએ સમભાવ પરિણામી હોય છે.

વિવેચન—સ્થિરતાનું ફળ બતાવતાં ગ્રંથકાર કહે છે કે વાક્ એટલે વચન વ્યાપાર, મન એટલે માનસિક વ્યાપાર અને કાય એટલે ગમન વિલોકનાદિ શરીર વ્યાપાર તેણે કરીને સ્થિરતા જેની અંગાગિત થઇ છે, હાડોહાડ બેસી ગઈ છે—તન્મયતાને પામી છે, અભેદ ધર્મ ધર્મી સંબંધ ભાવને પામી છે—એવા મુનિઓ જનસમૂહ વ્યાપ્ત એવા નગરને વિષે અને વનાદિને વિષે દિવસે તેમજ રાત્રિએ તુલ્ય સ્વભાવવાળા હોય છે. દેશકાલના ભેદથી પણ તેઓની પરિણતિમાં ભેદ થતો નથી.

જ્યાં સ્થિરતારૂપ રત્નમય દીપ પ્રકાશતો હોય ત્યાં વિકલ્પ રૂપી ધુમાડો અને મલિન આશ્રવ શું કરવાના છે ?

स्थैर्यरत्नप्रदीपश्चेद्दीप्रः सङ्कल्पदीपजैः ।
तद्विकल्पैरलं धूमैरलं धूमैस्तथाश्रवैः ॥६॥

શબ્દાર્થ— સ્થિરતારૂપી તેજોમય રત્ન પ્રદીપ હોય તો સંકલ્પ દીપથી ઉત્પન્ન થતા વિકલ્પ ધૂમથી શું, અને મલિન આશ્રવથી પણ શું ?

વિવેચન—જો મુનિના હૃદયમાં સ્થિરતારૂપી પ્રકાશિત રત્નમય પ્રદીપ હોય તો સંકલ્પ એટલે અશુદ્ધ ચાપલ્યતારૂપ મનોરથ તે રૂપી જે દીપ તેથી ઉત્પન્ન થતા વિકલ્પરૂપી ધૂમે કરીને શર્યું અને અતિ મલિન કર્મબંધ હેતુ આશ્રવથી પણ શર્યું તાત્પર્ય એ છે કે, સંકલ્પ વિકલ્પથી તથા આશ્રવ સેવવાથી કાંઇ સાધ્ય નથી. માટે નિર્ધૂમ સ્થૈર્ય રત્ન પ્રદીપ આદરવા યોગ્ય છે.

અસ્થિરતારૂપી પવન ધર્મમેઘરૂપ સમાધિની ઘટાને વીખેરી નાંખે છે.

उदीरयिष्यसि स्वान्तादस्थैर्यपवनं यदि ।
समाधेर्धर्ममेघस्य, घटां विघटयिष्यसि ॥७॥

શબ્દાર્થ—જો સ્વ હૃદયમાંથી અસ્થિરતારૂપી પવનને તું પ્રેરીશ તો સમાધિરૂપી ધર્મમેઘની ઘટાને વિખેરી નાંખીશ.

વિવેચન—મોહના ઉદયથી આત્માને વિષે ઉપયોગ રહિત અસાવધાન થઇને અંતઃકરણમાંથી અસ્થિરતારૂપી પવનને તું પ્રેરીશ, એટલે કે, સ્થિરતા તજીને ચંચલ પરિણામી થઇશ તો સમાધિ એટલે મન, વચન, અને કાયાનું એકાગ્રપણું તે રૂપી જે ધર્મમેઘ નામના સમાધિની ઘટા, સ્વ સ્વભાવરૂપી મેઘની ઘટા–અભ્રમાલા–તેને પવન વિખેરી નાંખશે. જેવી રીતે વાયુ પ્રેરિત મેઘની ઘટાનો નાશ થઇ જાય છે, તેવી રીતે અસ્થિરતાથી સમાધિરૂપી ધર્મમેઘની ઘટાનો નાશ થાય છે.

સિદ્ધના જીવો પણ સ્થિરતારૂપ ચારિત્રને ચાહે છે.

चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते ।
यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥ ८ ॥

શબ્દાર્થ—સિદ્ધ જીવોમાં પણ સ્થિરતારૂપ ચારિત્ર મનાય છે. માટે તે સ્થિરતાની જ સિદ્ધિને અર્થે મુનિઓ યત્નવાળા અવશ્ય થાઓ.

વિવેચન—હે યોગીશ્વરો, સ્થિરતા એટલે આત્મપ્રદેશની જ્ઞાન દર્શનાત્મક ઉપયોગની નિશ્ચલતા, સ્વરૂપ, નિષ્પત્તિને અર્થે પ્રચુર ઉદ્યમવંતા થાઓ. સિદ્ધને વિષે ચારિત્રનો આગમમાં જે નિષેધ કહેલો છે તે ક્રિયાત્મક ચારિત્ર સમજવું, ચારિત્ર બે પ્રકારનું છે. નિશ્ચય ચારિત્ર અને વ્યવહાર ચારિત્ર. વ્યવહાર ચારિત્ર ક્રિયાત્મક છે તે સિદ્ધને વિષે નથી.

सुसाधु (तृप्ति) अधिकार.

ઉત્તમ સાધુ જ્યારે સ્થિરતાને પ્રાપ્ત કરે છે, તે પછી તેને પરમ તૃપ્તિ પ્રાપ્ત થાય છે. સાધુ જીવનની ઉચ્ચતા તૃપ્તિમાં જ રહેલી છે. એ તૃપ્તિ સ્વગુણોમાં રમણ કરવાથી પ્રાપ્ત થાય છે. જ્યારે આ જગત્‌ના પૌદ્ગલિક પદાર્થોની વિષયવાસનાઓની તદ્દન નિવૃત્તિ થાય છે ત્યારેજ પરમ તૃપ્તિ પ્રગટે છે, એ તૃપ્તિના પ્રભાવથી આત્મવીર્યનો ઉલ્લાસ ઉત્પન્ન થાય છે, પછી તેવા સ્વયં તૃપ્ત મહાત્માને પરતૃપ્તિનો સમારોપ ઘટતો નથી. તેના તૃપ્ત હૃદયમાંથી મનઃકલ્પિત ભ્રાંતિઓ દૂર થઈ જાય છે, એ તૃપ્તિનો મહાન્ ગુણ આ અધિકારથી કહેવામાં આવે છે.

મુનિ શો ઉપભોગ કરી પરમ તૃપ્તિ પામે છે.

अनुष्टुप्.

पीत्वा ज्ञानामृतं भुक्त्वा, क्रियासुरलताफलम् ।
साम्यताम्बूलमास्वाद्य, तृप्तिं याति परां मुनिः ॥१॥

શબ્દાર્થ—જ્ઞાનરૂપી અમૃતનું પાન કરીને ક્રિયારૂપી સુર લતાના (કલ્પલતાના) ફલનું ભોજન કરીને અને સામ્ય તાંબુલનું આસ્વાદન કરીને મુનિ ઉત્કૃષ્ટ તૃપ્તિને પામે છે.

વિવેચન—વ્યવહારમાં ભોજનાદિ પણ ક્રિયા છે અને તે ભોજનાદિ ક્રિયાથી કેટલાએક તૃપ્તિ માને છે. પરંતુ તે આત્યંતિકી તૃપ્તિ નથી, તેથી જ્ઞાનક્રિયાથી થયેલી તૃપ્તિ આત્યંતિકી છે, એમ બતાવતા કહે છે કે, મુનિ એટલે જ્ઞાનક્રિયાવાળા યોગી સ્વ પર સ્વરૂપનો અનુભાસ કરનાર બોધજ્ઞાન તે રૂપી અમૃતનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન રૂપ ધારાએ પાન કરીને, મનને અભિમત ક્રિયારૂપી કલ્પલતાના ફલનું સ્વાભાવિક આનંદરૂપ ફલનું-ભોજન કરીને, ધીમે ધીમે ચાવી, સુબુદ્ધિરૂપી જિહ્વાએ સ્વાદ લઇને, અને સર્વત્ર તુલ્ય દૃષ્ટિરૂપી તાંબૂલનું—આત્માને વિષે રતિરૂપ સુગંધી વિભુષાકારી નાગવલ્લીના પાનનું આસ્વાદન કરીને, સામ્ય તરંગિત થઇને, તદ્દજન્ય લીલા અનુભવીને સર્વોત્કૃષ્ટ તૃપ્તિને-સર્વ ઇચ્છાની નિવૃત્તિને પામે છે.

ગુણોથી શાશ્વત તૃપ્તિ પ્રાપ્ત કરનારને વિષયોની નાશવંત તૃપ્તિ શા હીસાબમાં છે ?

स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।
ज्ञानिनो विषयैः किं तैर्यैर्भवेत्तृप्तिरित्वरी ॥२॥

શબ્દાર્થ—જ્ઞાનીને સ્વગુણોથી જ જો ચિરકાલ સ્થાયિની અવિનશ્વરી તૃપ્તિ થાય છે તો જે નાશવંત તૃપ્તિને ઉપજાવનારા છે તે વિષયોથી શું ?

વિવેચન—યથાર્થ વસ્તુ સ્વરૂપના જાણનારને નિઃસ્પૃહત્વાદિ ધર્મે કરીને સર્વ કાલ સ્થાયી, અવિનાશી, ઇચ્છા નિવૃત્તિ, થાય તો વિનાશ શીલવાળી, અલ્પકાળ રહેનારી તૃપ્તિ ઇચ્છા નિવૃત્તિ જે કે પૂર્વોક્ત શબ્દાદિ વિષયોથી થાય છે તેનું શું પ્રયોજન છે !

શાંત રસના સ્વાદની તૃપ્તિના જેવી ષટ્રસની તૃપ્તિ હોતી નથી.

या शान्तैकरसास्वादाद्भवेत्तृप्तिरतीन्द्रिता ।
सा न जिह्वेन्द्रियद्वारा, षड्रसास्वादनादपि ॥३॥

શબ્દાર્થ—એક શાંત રસના આસ્વાદથી જે અતીંદ્રિય તૃપ્તિ થાય છે તે જિહ્વા ઇંદ્રિયદ્વારા ષટ્ રસના આસ્વાદનથી થતી નથી.

વિવેચન—જિહ્વા ઇંદ્રિયને જીતવાથી બીજી સર્વે ઇંદ્રિયો જીતાય છે તે માટે તેના વિષયની નીરસતા બતાવતાં શાંત રસની સ્તુતિ કરે છે. હે આત્મન્, કહેવાને અશક્ય અને અપૂર્વ એવી જે સ્વભાવ અનુયાયી, નિર્વેદ સ્થાયી, જીવની જે પરિણતિ, તે એક શાંત રસનો અનુભવ પ્રેમ સંક્રમ-તેથી થતી જે અતીંદ્રિય અનુભવ રૂપી રસનેંદ્રિયથી જાણી શકાય એવી-નિષ્કામ વૃત્તિ જે થાય, તે તૃપ્તિ જિહ્વા રૂપી દ્વારે-સાધને કરીને તિક્ત,કટુ, કષાય, આમ્લ, મધુર, અને લવણ એ છ રસના સ્વાદથી પણ થતી નથી.

અભિમાનીકી તૃપ્તિ સ્વપ્નવત્ મિથ્યા છે અને ભ્રાંતિ વગરની તૃપ્તિ સત્ય છે.

संसारस्वप्नवन्मिथ्या, तृप्तिः स्यादाभिमानिकी ।
तथ्या तु भ्रान्तिशून्यस्य, सात्मवीर्यविपाककृत ॥४॥

શબ્દાર્થ—સંસારમાં અભિમાનિકી તૃપ્તિ સ્વપ્નવત્ મિથ્યા છે. આત્મ વીર્યના વિપાક કરેલી ભ્રાંતિશૂન્યની તૃપ્તિ ખરેખરી છે.

વિવેચન—સાંસારિક તૃપ્તિ માત્ર ભ્રાંતિરૂપ છે એમ બતાવતાં કહે છે કે હે ચેતન, કર્મોના ઉદયથી થતા જન્માદિ રૂપ ભવને વિષે અભિમાનિકી એટલે મોહોદય મિશ્રિત અહંતાજ્ઞાન તે અભિમાન, તેથી-થતી જે તૃપ્તિ તે-ખોટી છે. છતાં મન કલ્પનાથી અહીં માનેલી માત્ર ભ્રાંતિરૂપ છે. રાત્રિને વિષે સ્વપ્નમાં જેમ મહારાજ્યાદિની પ્રાપ્તિ થાય છે, તેની જેમ અભિલાષની શાંતિ મિથ્યા છે. યથાર્થ તૃપ્તિ કઈ છે? તે કહે છે. આત્મવીર્ય એટલે જીવની સહજ શક્તિનો ઉલ્લાસ, તેની વૃદ્ધિ કરનારી ભ્રમ રહિત સદ્જ્ઞાનવાળાની તૃપ્તિ એજ ખરી છે—સત્ય છે.

જ્ઞાનીને આત્મતૃપ્તિ જ છે, તેને વિષે પરતૃપ્તિનો સમારોપ ઘટતો નથી.

पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना ।
परतृप्तिसमारोपो, ज्ञानिनस्तन्न युज्यते ॥५॥

શબ્દાર્થ—પુદ્ગલથી પુદ્ગલ તૃપ્તિ પામે છે, અને આત્મા આત્માથી તૃપ્તિ પામે છે. માટે પરતૃપ્તિનો સમારોપ જ્ઞાનીને ઘટતો નથી.

વિવેચન—હે ચેતન,! દેહ, ઇંદ્રિય, મન આદિ મૂર્તિમાન્ પુદ્ગલજન્ય પદાર્થો, આહાર, વસ્ત્ર, અલંકારાદિ પુદ્ગલોથી તૃપ્તિ પામે છે; કારણકે તેઓનો સમાન ધર્મ છે, જ્યારે આત્મા-જીવ અનિચ્છાદિ સ્વભાવથી તૃપ્ત થાય છે. પરંતુ પુદ્ગલથી તૃપ્ત થતો નથી; કારણકે તેમનો વિલક્ષણ ધર્મ છે. ઉક્ત કારણથી જાણ્યો છે, વસ્તુ સ્વભાવ જેણે એવા જ્ઞાનીને, પરકૃત તૃપ્તિનો સમારોપ, ઉપચાર, ઘટતો નથી. વિધર્મમાં સુખ માનવું એ બુદ્ધિનો વિપર્યાસ છે.

આ લોકના પદાર્થોથી બાહ્ય એવી પરબ્રહ્મની તૃપ્તિના સ્વાદને લોકો જાણતા નથી.

मधुराज्यमहाशाकाग्राह्ये बाह्ये च गोरसात् ।
परब्रह्मणि तृप्तिर्या, जनास्तां जानतेऽपि न ॥६॥

શબ્દાર્થ—પરબ્રહ્મને વિષે જે તૃપ્તિ છે, તેને લોકો ઇન્દ્રિયોના રસથી અગ્રાહ્ય સ્વાદિષ્ટ ઘૃતશાકાદિમાં અને દૃશ્ય બાહ્ય વિષયોમાં જાણતા પણ નથી.

વિવેચન—જે પર ઉપભોગમાં તૃપ્તિ માને છે તે સત્ય તૃપ્તિને જાણતા નથી, તે બતાવે છે. હે મુનિ, મિષ્ટ રસ યુક્ત જે ઘૃત અને અતિ પ્રધાન તિક્ત આમ્લ રસાદિએ સંસ્કૃત એવાં શાક તેના આસ્વાદનથી જેના સ્વરૂપનું અનુમાન થઇ શકે નહીં તેવી, અથવા મનોહર ભોગ સાધન રાજ્યને વશવર્તી, ભોગલુબ્ધ

જીવોથી જેનું સ્વરૂપ કળી શકાય નહીં એવી, વળી ગોરસ એટલે ગીત, નૃત્ય, સ્તુતિ રૂપ વાણી રસ તેની બહાર એટલે શબ્દોમાં કહી શકાય નહીં તેવી, અથવા ગોરસ એટલે દૂધાદિથી નિવૃત્ત થયું છે સ્વરૂપ જેનું એવી; પરબ્રહ્મ એટલે સર્વ પ્રધાન, સકલ વિકાર રહિત, અનંત વિજ્ઞાન ઘન શુદ્ધ ચૈતન્ય, તેને વિષે અપૂર્વ તૃપ્તિ ઇચ્છા નિવૃત્તિ–તેને વિવેકહીન પુરૂષ જાણતો નથી એ મોટું આશ્ચર્ય છે. તે તૃપ્તિની પ્રાપ્તિને માટે પ્રયાસ કરવાનું તો દૂર રહ્યું પરંતુ તેને જાણતો પણ નથી.

પુદ્ગળથી અતૃપ્ત જીવને ઝેરી ઓડકાર આવે છે અને જ્ઞાનથી તૃપ્ત એવા જીવને ધ્યાનામૃતના ઓડકાર આવે છે.

विषयोर्मिविषोद्गारः, स्यादतृप्तस्य पुद्गलैः ।
ज्ञानतृप्तस्य तु ध्यानसुधोद्गारपरंपरा ॥७॥

શબ્દાર્થ—પુદ્ગલથી અતૃપ્ત જીવને વિષયની ઉર્મિરૂપ વિષ ઉદ્ગાર થાય છે. અને જ્ઞાનથી તૃપ્ત જીવને ધ્યાન રૂપી અમૃતની ઉદ્ગાર પરંપરા થાય છે.

વિવેચન—પુદ્ગલની ભોગ તૃષ્ણાએ આતુર જીવની વિષોદ્ગાર જેવી દુર્ગતિ થાય છે; અને જ્ઞાનના સ્વાદથી તૃપ્ત જીવની ધ્યાન રૂપી અમૃતના ઉદ્ગાર જેવી સદ્ગતિ થાય છે તે કહે છે.

પુદ્ગલ એટલે શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શત્વે કરીને પરિણત, પરમાણુનો સ્કંધ તેથી જે તૃપ્ત થયા નથી. તેના ભોગમાં જે તૃષ્ણાતુર છે તેને શબ્દાદિ વિષય ભોગ તેની ઉર્મિઓ મનોરથ તરંગ–તે રૂપી ઝેરનું વમન–દુઃખ ફલમય દુર્ગતિ થાય છે, પરંતુ યથાર્થ સ્વરૂપના બોધથી જેના અભિલાષ પૂર્ણ થયા છે તેને, ધર્મ અને શુક્લ ધ્યાન રૂપ અમૃત, તેના ઉદ્ગાર–સુખમય સદ્ગતિ આદિ ફલની પ્રાપ્તિ રૂપ ઉદ્વમન–તેની શ્રેણી–સુખ ઉપર સુખ સંતતિ થાય છે.

એક જ્ઞાન તૃપ્ત ભિક્ષુક ઈંદ્રાદિકના કરતાં પણ સુખી છે.

सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।
भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ॥ ८ ॥

શબ્દાર્થ—વિષયને વિષે તૃપ્ત ઇંદ્ર અને ઉપેન્દ્રાદિ પણ સુખી નથી, પરંતુ લોકોમાં જ્ઞાનતૃપ્ત, અંજન રહિત એક ભિક્ષુક સુખી છે.

વિવેચન—શબ્દાદિ વિષયમાં જે તૃષાતુર છે, જેની ભોગાભિલાષા નિવૃત્ત થઈ નથી એવા સુરપતિ, ઉપેંદ્ર એટલે ચક્રવર્તી, વાસુદેવાદિ રાજા, અને આદિ પદે

કરીને સામાન્ય ઋદ્ધિમાન્ દેવ, મનુષ્યો તેઓ પણ સુખી નથી; કારણ કે તેમનાં હૃદય વ્યાકુલિત છે. આમ છે ત્યારે બીજા પ્રાણીનું તો શું કહેવું ? દેવ અને મનુષ્યોમાં સ્વપર ધર્મ વિલાસિએ કરીને જે તૃપ્ત છે, સકલ અભિલાષ જેના નિવૃત્ત થયા છે, અને વળી જે નિરંજન છે–ઇષ્ટ, અનિષ્ટ, સંકલ્પ પ્રતિબંધ રૂપ અંજનથી રહિત છે, એવા એક મુનિ જ સુખી છે–પરમાનંદ વિલાસી છે.

सुसाधु (निर्लेप) अधिकार.

તૃપ્તિ ગુણને પ્રાપ્ત થયેલ સાધુ નિર્લેપ થવાને અધિકારી થાય છે, તેથી તૃપ્તિ પછી નિર્લેપ અધિકારનો પ્રસંગ આપ્યો છે.

આ સંસારમાં પ્રત્યેક સંસારી જીવ સ્વાર્થ બુદ્ધિથી દેહ, ધન, કુટુંબાદિ મમત્વ ભાવમાં લેપાય છે, એ લેપને લઈને સંસારને કાજળના ગૃહની ઉપમા અપાય છે, એ સંસારરૂપ કાજળના ગૃહમાંથી મુક્ત થયેલ જ્ઞાની મુનિ તેમાં લેપાતો નથી. કારણ કે, તેની મનોવૃત્તિમાં પુદ્‌ગલ ભાવો તરફ કોઈ જાતની અહંતા રહેતી નથી. તે પોતાને પરભાવથી ભિન્ન શુદ્ધાત્મા સમજે છે. એ સમજૂતીથી તેનામાં નિર્લેપ ભાવ પ્રગટે છે, જે ભાવ પરિણામે જ્ઞાનીને મુક્તિમાર્ગમાં પૂર્ણ સહાયકારી થાય છે. તેથી નિર્લેપ ભાવ સુસાધુનો ઉચ્ચ ગુણ છે, તે અહિં કહેવામાં આવે છે.

સ્વાર્થસિદ્ધ પુરૂષ સંસારમાં લેપાય છે, જ્ઞાનસિદ્ધ પુરૂષ તેમાં કદિ પણ લપાતો નથી.

अनुष्टुप्.

संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोको ज्ञानसिद्धो न लिप्यते ॥१॥

શબ્દાર્થ—સંસારરૂપ કાજળમય ગૃહમાં રહેતો સ્વાર્થ તત્પર, નિખિલ લોક લેપાય છે. જ્ઞાનસિદ્ધ લેપાતો નથી.

વિવેચન—સ્વાર્થ એટલે પોતાના દેહ, ધન કુટુંબાદિ મમત્વ ભાવનો જે લોભ તેમાં તત્પર એવો સમસ્ત પ્રાણીઓનો સમૂહ કાજળમય ગૃહમાં, ભવવાસમાં રહેતો સતો લેપાય છે, પાપ કર્મરૂપી ધુલિથી ઢંકાય છે. જ્ઞાનવાન્ મુનિ લેપાતો નથી–બંધ હેતુથી બંધાતો નથી.

જે પુદ્‌ગલ ભાવોનો કરનાર, કરાવનાર અને અનુમોદન કરનાર નથી તે આત્મજ્ઞાની શી રીતે સંસારમાં લેપાય ?

नाहं पुद्गलभावानां, कर्ता कारयिता च न ।
नानुमन्तापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥२॥

શબ્દાર્થ—પુદ્ગલ ભાવનો હું કર્તા નથી, કરાવનાર નથી અને તદ્દગુણ અનુયાયી નથી. આવા આત્મજ્ઞાનવાળો કેમ લેપાય ?

વિવેચન—પુદ્ગલભાવ એટલે પરમાણુથી થયેલા દેહ, કર્મ, વિષય પંચક, ગતિ, જાતિ, આકાર, યોગાદિ, ભાવ તેનો કર્તા હું નથી. સ્વતંત્ર નિષ્પાદક નથી. હું જ્ઞાનવાન છું, શુદ્ધાત્મા છું, પરભાવ હોવાથી તેઓનો કર્તા નથી. દરેક વસ્તુનું સ્વભાવને વિષે કર્તૃત્વ છે માટે. એમ ન માનીએ તો અતિ પ્રસંગ દૂષણથી સિદ્ધના જીવોને પણ પરભાવ કર્તાપણું આવે. વળી તે પુદ્ગલ ભાવનો બીજા પાસેથી હું નિષ્પાદયિતા નથી તથા તેના ગુણનો અનુયાયી-પક્ષપાતી-પણ હું નથી. આ રીતે સ્વરૂપનો વેત્તા જીવ કેમ કરીને લેપાય ? અર્થાત્ ન જ લેપાય.

અંજનથી જેમ ચિત્રાકાશ લેપાતું નથી તેમ હું પુદ્ગલોથી લેપાતો નથી, એમ ચિંતવનાર જ્ઞાની કદી પણ લેપાતો નથી.

लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् ।
चित्रव्योमाञ्जनेनेव, ध्यायन्निति न लिप्यते ॥३॥

શબ્દાર્થ—પુદ્ગલથી પુદ્ગલ સ્કંધ લેપાય છે, પણ અંજનથી ચિત્ર વ્યોમની જેમ હું લેપાતો નથી; એવું ધ્યાન કરનાર લેપાતો નથી.

વિવેચન—દેહાદિ રૂપ પુદ્ગલનો સ્કંધ સમૂહ, લિંગ-શરીર, પુદ્ગલથી લેપાય છે. પુદ્ગલથી કરેલો ઉપચય તેમાંજ થાય છે. પરંતુ આત્મામાં થતો નથી. હું સત્ લક્ષણવાળો આત્મા, લેપાતો નથી; મિશ્રિત થતો નથી. ભિન્ન સત્તા સ્વભાવ છે માટે વિવિધ રંગના આલેખની જેમ ગગન, અંજનથી-શ્યામ વર્ણના પદાર્થથી-લેપાતું નથી, તેમ મારા આત્માની શુદ્ધ સત્તામાં પણ કર્મ આલેખ થતો નથી. ચૈતન્ય અચૈતન્ય મિશ્ર થાય જ નહીં. પૂર્વોક્ત પ્રકારનું ધ્યાન કરતો-ચિંતવન કરતો-આત્મા કર્મ રેણુથી લેપાતો નથી. સ્વ સ્વભાવને અનુયાયી પરિણામવાળી પરિણતિ છે માટે.

નિર્લેપ જ્ઞાનીની ક્રિયા સર્વત્ર ઉપયોગી થાય છે.

लिप्तताज्ञानसम्पातप्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ॥ ४ ॥

શબ્દાર્થ—નિર્લેપ જ્ઞાનને વિષે મગ્ન એવા પુરૂષની સર્વ ક્રિયા કેવળ લિપ્તતા જ્ઞાન સંપાતના નિવારણ અર્થે છે.

વિવેચન—નિર્લેપ એટલે આત્મા નિબંધ છે એવા ભાવે કરીને થયેલો જે પ્રતિભાસ-જે જ્ઞાન-તેને વિષે જેનું ચિત્ત સંલીન છે, એવા પુરૂષની સર્વ ક્રિયા

વેષ્ટન શેને માટે છે ? તો કહે છે કે કર્મ પુદ્ગલના સમૂહની સાથે જે સંમિલિત ભાવ, તેનું જે જ્ઞાન તેને લિપ્તતાજ્ઞાન કહીએ. કર્મોએ કરીને આત્મા બદ્ધ છે એવું જે વ્યવહારિક સંકલ્પથી જાણવું તેનું જે સમાપતન તેના પ્રતિઘાત–નિવારણ–ને અર્થે છે.

ભાવના જ્ઞાનથી પૂર્ણ એવો પુરૂષ ક્રિયા કરે નહીં તો પણ લેપાતો નથી.

तपःश्रुतादिना मत्तः, क्रियावानपि लिप्यते ॥
भावनाज्ञानसंपन्नो, निष्क्रि योऽपि न लिप्यते ॥ ५ ॥

શબ્દાર્થ— તપ અને શ્રુત જ્ઞાનાદિએ મત્ત એવો ક્રિયાવાન પણ લેપાય છે. પરંતુ ભાવના જ્ઞાને કરીને પૂર્ણ એવો ક્રિયારહિત પણ લેપાતો નથી.

વિવેચન—કર્મ રૂપી વનનું દહન કરનાર, બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારનો જે તપ, અનેશ્રુત— શાસ્ત્રનું જ્ઞાન આદિ પદે કરીને જાતિ કુલાદિ ગ્રહણ કરવાં. તે તપ અને જ્ઞાના દિથી મત્ત થયેલ અભિમાની, સંયમ ક્રિયામાં ઉદ્યમવંત હોય તો પણ પાપકર્મથી લેપાય છે. સત્ધર્મ સ્વસ્વભાવને વિષે પુનઃ પુનઃ આત્માને પરિણાવવો તે ભાવના રૂપી જ્ઞાનેકરીને પૂર્ણ, આવશ્યકાદિ ક્રિયા રહિત હોય તો પણ લેપાતો નથી, કર્મોથી બંધાતો નથી. તેથી કરીને નિર્લેપ આત્મ સંપાદનને અર્થે ક્રિયા કરનારાએ મદનો ત્યાગ કરવો જોઇએ. ઉપાધ્યાયજી અન્યત્ર કહે છે.

૫૬

પરપરનતિ અપની કરમાને, કિરિયા ગર્વે ઘેલો;
ઉનકું જૈન કહો કયું કહિયે, સો મૂરખમેં પહેલો;
પરમ ગુરૂ જૈન કહો કયું હોવે.

જ્ઞાની અને ક્રિયાવાન પુરૂષનો આત્મા કેવી દૃષ્ટિએ શુદ્ધ થાય છે ?

अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः ।
शुध्यत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तयादृशा ॥ ६ ॥

શબ્દાર્થ—નિશ્ચય નયે કરીને આત્મા અલિપ્ત છે અને વ્યવહારથી લિપ્ત છે. જ્ઞાની અલિપ્ત દૃષ્ટિએ અને ક્રિયાવાન્ લિપ્ત દૃષ્ટિએ તેને શુદ્ધ કરે છે.

વિવેચન—નય વિભાગે કરીને આત્માનુ લિપ્ત, અલિપ્તપણું દર્શાવતાં કહે છે કે આત્મા–ચૈતન્ય સ્વરૂપી જીવ નિશ્ચય નયની દૃષ્ટિએ અલિપ્ત છે. કર્મ રેણુના સંસર્ગથી રહિત છે. વળી તે નયથી તો આત્મા અનુત્પન્નાવિનષ્ટ, સ્થિર, એક રૂપ કર્તૃત્વ ભોકતૃત્વ રહિત છે, વ્યવહાર નયથી જેતાં, પર્યાયિક નયથી લિપ્ત છે. કર્મ રેણુથી

સંશ્લિષ્ટ છે. ઉત્પાદ વ્યય ધ્રુવમેવ વસ્તુ હોય છે તેથી શુદ્ધ અશુદ્ધતાથી બદ્ધ, લિપ્ત કહેવાય છે. એમ દર્શાવનારી નેત્રથી-શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતો-આત્માને શુદ્ધ કરે છે, રાગાદિ બંધનનો નિરોધ કરવાથી કર્મમલ રહિત થાય છે અને તપ આવશ્યકાદિ ક્રિયામાં પ્રવર્તમાન લિપ્ત એટલે અનાદિ પ્રવાહિક કર્મ મેલથી" હું લિપ્ત છું માટે શુદ્ધ થાઉં" એમ દર્શાવતાં નેત્રે કરીને મહા મોહાદિ દોષના રોકવાથી વિમલ થાય છે મોટા દોષની નિવૃત્તિ ક્રિયાના બળથી જ થાય છે, સૂક્ષ્મ દોષની નિવૃત્તિ જ્ઞાનના બળથી જ હોય માટે—

જીવને જ્ઞાન અને ક્રિયારૂપ નેત્રો કેવી રીતે મુખ્ય ગણાય છે?

ज्ञानक्रियासमावेशः सदैवोन्मीलने द्वयोः ।
भूमिकाभेदतस्त्वत्र भवेदेकैकमुख्यता ॥ ७ ॥

શબ્દાર્થ—સત્ કર્મના ખીલવાથી (ઉદય થવાથી) જ્ઞાન અને ક્રિયાનો સમાવેશ થાય છે અને બન્નેની ભૂમિકા ભેદે કરીને અત્ર એકની મુખ્યતા થાય છે.

વિવેચન-જીવને જ્ઞાન અને ક્રિયાનો લાભ સાથે જ થાય છે તે બતાવે છે. પૂર્વોક્ત જ્ઞાન નેત્ર અને ક્રિયા નેત્ર તે ઉદ્ઘાટન કરવાને જ્ઞાન અને ક્રિયાનો એકી ભાવ સાથેજ થાય છે, પરંતુ કાલ ભેદે કરીને થતો નથી. કારણ કે જ્ઞાનની રૂચિ અને ક્રિયાની રૂચિ ભેદે કરીને થતી નથી. પરંતુ અત્ર એટલે સમ્યક્ દૃષ્ટિ જીવને વિષે ભૂમિકા એટલે દેશ પ્રમત્ત, સર્વ પ્રમત્ત, અપ્રમત્ત, સરાગ, વીતરાગાદિ સંયમવાનની અવસ્થા તેનો ભેદ એટલે કાલ ગુણાદિથી થયેલી ભિન્નતા તેણે કરીને એક એકની, ક્વચિત્ ક્રિયાની અને ક્વચિત જ્ઞાનની મુખ્યતા, પ્રધાન્યરૂપ, થાય છે. ભાવાર્થ, જ્ઞાન અને ક્રિયાનો એકી ભાવ છે. કોઈ વખતે જ્ઞાનની મુખ્યતાની સાથે ક્રિયાની ગૌણતા હોય છે, અને ક્રિયાની મુખ્યતાની સાથે જ્ઞાનની ગૌણતા છે તે માત્ર પૂર્વોક્ત ભૂમિકા ભેદ આશ્રીને છે. સમકિત ગુણ સ્થાનવર્તી જીવને સમકિત પણાની કરણીની મુખ્યતા છે. દેશવિરતિ, સર્વ વિરતિને તે સ્થાનની કરણીની મુખ્યતા છે. પરંતુ સાતમા આઠમા અને નવમા ગુણસ્થાને વર્તતા જીવને જ્ઞાનની મુખ્યાતા છે.

જેનું જ્ઞાન અને અનુષ્ઠાન નિર્લેપ રહેલું છે, તે મહાત્માને નમસ્કાર.

सज्ज्ञानं यदनुष्ठानं न लिप्तं दोषपंकतः ॥
शुद्धबुद्धस्वभावाय तस्मै भगवते नमः ॥ ८ ॥

શબ્દાર્થ—જ્ઞાન પૂર્વક જેનું અનુષ્ઠાન દોષ પંકથી લિપ્ત નથી એવા શુદ્ધ, બુદ્ધ, સ્વભાવી મહાત્માને નમસ્કાર છે.

વિવેચન—અલિપ્તની સ્તુતિ કરતાં સમાપ્ત કરે છે. જ્ઞાન પૂર્વક જે મહાત્માની વ્રત પાલનાદિ ક્રિયા, દોષ એટલે ઈહ લોકાશંસા, પરલોક આશંસા, મિથ્યાત્વ, વિષય, કષાયાદિ તે રૂપ પંક-કાદવ, આદિ રૂપ મલ, તેથી જેની ક્રિયા દગ્ધ થયેલી નથી, એવા વિમલ, હેયોપાદેય જ્ઞાન યુક્ત, મન પરિણામવાળા યોગીને-જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્યવાનને નમસ્કાર છે.

ઇતિ સુસાધુ (નિર્લેપ) અધિકાર

सुसाधु (निःस्पृहता)-अधिकार.

જે નિર્લેપ હોય છે, તે નિઃસ્પૃહ થઈ શકે છે. તેથી હવે નિસ્પૃહતા અધિકાર કહેવામાં આવે છે.

સ્પૃહા અથવા આશા એ ચારિત્ર રૂપી અમૃતમાં વિષ રૂપ છે. મુનિ ધર્મ રૂપ મહાગિરિના શિખર ઉપર ચડેલો મુનિ સ્પૃહાનો યોગ થવાથી અધઃપતનને પામે છે. તેથી મુનિએ પોતાના ચારિત્ર જીવનની ઊન્નતિ કરવા માટે નિસ્પૃહતા રાખવાની જરૂર છે. જ્યાંસુધી નિઃસ્પૃહતા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી નિર્લેપ ભાવ કે મનો-નિગ્રહ થઈ શકતો નથી, તેથી સુસાધુએ પરસ્પૃહા રૂપી વિષલતાનું છેદન કરવું જોઈએ. એવી નિઃસ્પૃહતાનું માહાત્મ્ય દર્શાવવા માટે આ અધિકારની ઉપયોગિતા છે.

નિઃસ્પૃહ મુનિ આત્મ-ઐશ્વર્ય મેળવી શકે છે.

अनुष्टुप्.

स्वभावलाभात् किमपि प्राप्तव्यं नावशिष्यते ।
इत्यात्मैश्वर्य-संपन्नो निःस्पृहो जायते मुनिः ॥ १ ॥

શબ્દાર્થ—સ્વભાવ લાભથી બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી માટે નિઃસ્પૃહ મુનિ આત્મ ઐશ્વર્યથી યુકત થાય છે.

વિવેચન—હે પ્રાણી, સ્વભાવલાભ એટલે સમગ્ર સ્વધર્મમય વસ્તુની-નિજ સહજ સ્વરૂપની-આવરણતા અભાવથી પ્રાપ્તિ તેના કરતાં બીજું કાંઈ આ જગત્માં જીવને પ્રાપ્ત કરવાનું નથી. સર્વ પ્રાપ્તિમાં સ્વભાવપ્રાપ્તિનું પ્રધાનત્વ છે. એ હેતુથી અનાત્મીય ભાવને વિષે નિરાશ્રિત ભાવને પામેલો સાધુ આત્માનું જે સહજ ઐશ્વર્ય, જ્ઞાનાદિ વિભૂતિ તેણે કરી યુકત થાય છે.

सुसाधु (निर्भय) अधिकार.

જે નિઃસ્પૃહ છે, તે સદા નિર્ભય રહી શકે છે, તેથી આ અધિકારની આવશ્યકતા અહીં ઉપસ્થિત થાય છે.

આ સંસારના ભયંકર વાસમાંથી મુક્ત થયેલો મુનિ સર્વ પ્રકારે નિર્ભય બને છે. આ લોક તથા પરલોકના ભયનો ત્યાગ થવાથી મુનિના હૃદયમાં અનુપમ આનંદ પ્રાપ્ત થાય છે અને નિજ સ્વરૂપને પ્રગટાવનાર જ્ઞાનાનંદનું સુખ પ્રાપ્ત કરવાને તે શક્તિમાન્ થાય છે. તેવી નિર્ભયતા બતાવવા માટે જ આ અધિકારનો ઉદ્દેશ છે.

પરાપેક્ષાથી રહિત એવા મુનિને નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

यस्य नास्ति परापेक्षा स्वभावाद्वैतगामिनः ।
तस्य किं न भयभ्रान्तिक्लान्तिसंतानतानवम् ॥ १ ॥

શબ્દાર્થ- અભેદ સ્વભાવને વિષે પ્રવર્તશીલ જેને પરની અપેક્ષા નથી તેને ભય, ભ્રાંતિ અને કલાંતિના પ્રવાહની તનુતા-ક્ષીણતા શું થતી નથી ?

વિવેચન- સ્વકીય નિજ ભાવથી અભેદ ગમનશીલ છે એવા વક્ષ્યમાણ ગુણે કરીને યુક્ત, જેને પર એટલે આત્માથી ભિન્ન પદાર્થોથી દેહ, વિષયાદિથી સુખાદિની આકાંક્ષા નથી, એવાને ભય એટલે ઇહલોકાદિ સાત પ્રકારનો ત્રાસ, ભ્રાંતિ એટલે વિષયાદિમાં સુખ પ્રાપ્તિ આદિ ભ્રમ, અને કલાંતિ એટલે સાંસારિક પ્રવર્તનમાં પીડા થાય તે, તે ત્રણની પરંપરા-પ્રવાહ તેની તનુતા-સ્વલ્પતા શું નથી થતી? અર્થાત્ થાય છે.

ભયંકર રૂપ ભવના સુખથી નિર્ભય જ્ઞાનનું સુખ વિશેષ છે.

भवसौख्येन किं भूरिभयज्वलनभस्मना ।
सदा भयोज्झितं ज्ञानं सुखमेव विशिष्यते ॥ २ ॥

શબ્દાર્થ—અત્યંત ભયરૂપી અગ્નિની ભસ્મરૂપ સંસાર સુખથી શું ? સદા પૂર્વોક્ત ભય જેણે તજ્યો છે એવું સર્વથા અબાધક સુખ જ્ઞાન જ છે.

વિવેચન—ઇહલોક, પરલોક, જે પ્રચુરભય તે રૂપી સુખનું જ્વલન કરવાને વન્હિ તેથી થયેલી ભસ્મ-રક્ષા, તે ભસ્મરૂપ સંસારનાં સુખથી શું ? અર્થાત્ કાંઇ જ નહીં.

કારણકે ભય આનંદનું શોષણ કરે છે માટે નિઃસ્વાદનીય છે. પૂર્વોક્ત ભયનો જેને વિષે ત્યાગ છે એવું નિજ સ્વરૂપનું આવેદન કરનાર જ્ઞાન આનંદરૂપ સુખ, સર્વ સુખથી અધિક છે, કારણ કે તેજ એક સુખ રૂપે વધે છે.

જેને ગોપ્ય, આરોપ્ય, હેય અને દેય નથી તેવા જ્ઞાનીને શો ભય છે ?

न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ॥ ३ ॥

શબ્દાર્થ—જે મુનિને કાંઇ ગોપ્ય નથી, આરોપ્ય નથી, હેય નથી, દેય નથી, અને જ્ઞાને કરીને જ્ઞેયને જાણે છે, તેવા મુનિની સ્થિતિ શું ભયવાળી છે ?

વિવેચન—મુનિ એટલે પરમાત્મ ભાવ પ્રાપ્તિના ઉપાયને વિષે જેનું પ્રવર્તન છે તે સાધુને શહેરમાં અથવા અરણ્યમાં, દિવસે, તેમજ રાત્રિએ, કાંઇ ગોપ્ય નથી કોઇ વસ્તુ વસ્ત્રાદિથી સંતાડવાની નથી-બીજાઓ તે વસ્તુનું હરણ કરે એવો તેનો સ્વભાવ નથી. સ્વભાવ ધર્મનું અન્યત્ર લઇ જવું અશકય છે. સ્વભાવમાંથી કાંઇ તજવા યોગ્ય નથી, તેમજ બીજાને દેવા યોગ્ય કાંઇ નથી. જ્ઞેય વસ્તુને સ્વ અનુભવ બોધથી જોતાં સાધુની સ્થિતિ કયા પૂર્વોક્ત ભયવાળી છે ? અર્થાત્ તેમને કોઇ જગ્યાએ ભય નથી.

રણમાં રહેલા મહાન્ ગજેંદ્રની જેમ મોહની સામે લડવા તૈયાર થયેલો મુનિ નિર્ભય રહી શકે છે.

एकं ब्रह्मास्त्रमादाय निघ्नन् मोहचमूं मुनिः ।
बिभेति नैव सङ्ग्रामशीर्षस्थ इव नागराट् ॥ ४ ॥

શબ્દાર્થ—એક બ્રહ્માસ્ત્રને લઇને મોહના સૈન્યને હણતા મુનિ, યુદ્ધને મોખરે ઉભેલા હસ્તિની જેમ બિહતા નથી.

વિવેચન—ધર્મરૂપી ધનવાળા સાધુ બીજા સર્વ શસ્ત્રો તજીને એક શુદ્ધ જ્ઞાન રૂપ શસ્ત્ર ધારણ કરી, મોહના-મોહનીયાદિ સર્વ કર્મના-સકલ સૈન્યનો નાશ કરતાં ભય પામતા નથી. જેમ યુદ્ધના અગ્ર ભાગમાં સ્થિત થયેલો ગજરાજ ત્રાસ પામતો નથી, તેમ મુનિપણ ભીમ પરિષહ અને ઉપસર્ગથી ત્રાસ પામતા નથી. બ્રહ્મસ્વરૂપના આવેદનમાં જેનું ચિત્ત લીન થયું છે તે દેહપીડા જાણતા નથી.

જ્યાં જ્ઞાનદૃષ્ટિ રૂપી મયૂરી હોય ત્યાં ભય રૂપ સર્પો ટકી શકતા નથી.

मयूरी ज्ञानदृष्टिश्चेत् प्रसर्पति मनोवने ।
वेष्टनं भयसर्पाणां न तदानंदचन्दने॥ ५॥

શબ્દાર્થ—મનરૂપી વનમાં જ્ઞાનદૃષ્ટિ રૂપી મયૂરી વિલાસ કરતે સતે, આનંદ રૂપી ચંદનને વિષે ભય રૂપી સર્પનું વેષ્ટન નથી.

વિવેચન—હે આત્મા, જો મન રૂપી આરામમાં, શુદ્ધ ચૈતન્યના સ્વરૂપની અનુયાયી જ્ઞાનની પરિણુતિ રૂપ મયુરી–ઢેલ–વિલાસ કરે છે. તો, પરમ પ્રમોદ રૂપ ચંદન વૃક્ષને વિષે પૂર્વોક્ત ભય રૂપી સર્પોનું પરિવેષ્ટન થતું નથી. ભાવાર્થ એ છે કે, સ્વસ્વરૂપ અવિનાશી છે એવો નિર્ધાર જેણે કર્યો છે તેને ભયનો અભાવ છે. ચંદન વૃક્ષ સર્પોનું સાધારણ આશ્રમ સ્થાન–વિહારસ્થાન–છે અને મયૂર મયૂરીનો સ્વર સાંભળતાં જ સ્વાભાવિક વૈરને લીધે તે નાશી જાય છે.

જ્ઞાન રૂપી કવચ ધરનારને કર્મ યુદ્ધમાં ભય લાગતો નથી.

कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्म बिभर्ति यः ।
क्वभीस्तस्य क्व वा भङ्गः कर्मसङ्गरकेलिषु ॥६॥

શબ્દાર્થ—મોહના શસ્ત્રનું જેણે વૈફલ્ય કર્યું છે એવા જ્ઞાન રૂપ કવચને જે ધારણ કરે છે, તેને કર્મયુદ્ધની ક્રીડામાં ભય કયાંથી હોય, અને પરાજય કયાંથી હોય?

વિવેચન—કામ, ક્રોધ, હર્ષ, શોક, અરતિ, અજ્ઞાન, ભય, અને જુગુપ્સાદિ જે મોહનીય કર્મના શસ્ત્રો છે તેને જેણે નિષ્ફળ કર્યાં છે–શક્તિ વિનાનાં કરી દીધાં છે અને સ્વપરના જ્ઞાન રૂપી કવચ–બખ્તર–પોતાના શરીર ઉપર ધારણ કર્યું છે–યથાર્થ જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે, એવા ગુણવાનને જ્ઞાનાવરણાદિ કર્મોની સાથે થતા યુદ્ધમાં જે દુ:ખ, આઘાત રૂપી ક્રીડા કરવી તેમાં શું ભય છે? અથવા પરાજય છે? જ્ઞાનના ઉદયથી સર્વ ભયનો નાશ થયો છે.

જ્ઞાની પુરૂષનું એક રૂવાંડુ પણ ભયરૂપી પવનથી કંપતું નથી.

तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः
नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥ ७ ॥

શબ્દાર્થ—રૂ જેવા હલકા મૂઢ (અજ્ઞાની) ભય રૂપી પવને કરીને ગગનમાં ભમે છે. તે ભયથી જ્ઞાન ગરિષ્ટનું એક રોમ પણ કંપાયમાન થતું નથી.

વિવેચન—અજ્ઞાની પુરૂષો આકડાના રૂની જેમ હલકા છે અને તેથી પૂર્વોક્ત ભયરૂપી પવને કરીને સકલ લોકાકાશ રૂપી ગગન મંડલમાં વિવિધ જન્મરૂપ એક સ્થાનથી બીજા સ્થાનમાં ભ્રમણ કરે છે. પરંતુ પૂર્વોક્ત જ્ઞાને કરીને જે ગરિષ્ઠ

છે.-ભારે છે. વિશાલ બોધે કરીને અતિ મહાન્ છે, તેઓનું એક રોમ પણ-જીવપ્રદેશ પણ-પૂર્વોક્ત ભયથી કંપતું નથી.

જ્ઞાનરૂપી મહાન્ રાજ્ય ઉપર રહેલા સાધુને કોનો ભય છે ?

चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम् ।
अखण्डज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम् ॥ ८ ॥

શબ્દાર્થ—ભય રહિત ચારિત્ર જેના ચિત્તમાં વ્યાપ્યું છે, એવા અખંડ જ્ઞાન રાજ્યવાળા સાધુને કયાંથી ભય હોય ?

વિવેચન—જેને વિષે કાંઇ ભીતી નથી, જેમાં સકલ વિભાવની નિવૃત્તિ થઇ છે, એવું ચારિત્ર જે ભવ્ય પુરૂષના મનમાં સકલ આત્મપ્રદેશમાં અંગાંગીભાવ થયું છે એવા, જેનું જ્ઞાન રાજ્ય સ્વભાવ અનુયાયી રાજ્ય મિથ્યાત્વાદિ અદૂષિત છે, એવા સાધુને કોનાથી ભય હોય ? અર્થાત્ કોઇ કારણથી ભય હોય નહી.

ઉત્કર્ષને નિર્ભયતાની શી જરૂર છે તે વિષે સ્વાનુભવનો દાખલો આપું છું. એક વખત હિમાલયના ઘોર અરણ્યમાં અચાનક પાચ રીંછ 'રામ' ના શરીર ઉપર ધસી આવ્યાં; પરંતુ તેઓ 'રામ'ને બીલકુલ ઇજા કરી શકયાં નહિ. એનું કારણ શું ? ફકત નિર્ભયતા. હું દેહ નથી, મન નથી, હું સર્વેશ્વર છું. પરબ્રહ્મ છું. અગ્નિ મ્હને બાળી શકતો નથી અને શસ્ત્ર મને છેદી શકે તેમ નથી ? " ઇત્યાદિ ભાવનાઓમાં 'રામ' તદ્રૂપ બની ગયો હતો, તેથી તે રીંછની સામે એકી ટશે જોતાં જ તે ન્હાસી ગયાં. એક વખત તો ડોળા દેખાડતાં જ એક હિંસક વરૂ ન્હાસી ગયું. બીજી એક વેળાએ એક વાઘ પણ એવી જ રીતે ન્હસાડયો.

ગામડાંઓની શેરીઓમાં ચાલતાં ભીતિનાં ચિન્હ બતાવતાં જ કુતરાંઓ ભસે છે, પાછળ દોડે છે અને સતાવે છે એ શું ત્હમે નથી અનુભવ્યું ? ગભરાઇશું તો કુતરાંઓ પણ આપણને ફાડી ખાશે; પરંતુ નિર્ભય રહીશું તો વાઘ વરૂને પણ જીતીને પાળેલા કુતરા જેવા કરી દઇશું. કોઇ પણ પ્રવાહી પદાર્થ એક વાસણમાંથી બીજામાં નાખતાં હાથ જરીક પણ કંપતાં જ તે પદાર્થ ઢોળાય છે. પરંતુ વિચારો કર્યા વગર અને ધ્રુજયા વગર એકદમ તે બીજા વાસણમાં રેડો એટલે એક ટીપું પણ ઢોળાશે નહિ.

ઉનનાં ગરમ કપડાંઓથી આચ્છાદિત થએલો ખાસો સાડા ત્રણ મણનો દેહ એકાદ ક્ષુલ્લક ફટાકડાના અવાજથી, ન્હાના સરખા ઉંદરથી, ખડખડ થતાં પાંદડાંથી એટલું જ નહિ પણ એકાદ ચંચળ છાયાથી પણ ડરીને પાછો પડે એ શું ઓછું શોચનીય છે ?

सुसाधु (तत्वदृष्टि)–अधिकार.

જ્યારે નિર્ભયતા પ્રાપ્ત થાય છે, ત્યારે શાંતિ ઉપલબ્ધ થાય છે અને જ્યાં શાંતિ ત્યાંજ તત્વ દૃષ્ટિ સુલભ છે. તેથી અહિં તત્વદૃષ્ટિના અધિકારનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

ચારિત્રના મુખ્ય આંતર સાધનોમાં તત્વદૃષ્ટિ મુખ્ય સાધન છે. બાહ્ય ચર્મ-દૃષ્ટિ પુદ્‍ગલ જનિત પદાર્થોને જ વિલોકી મૂર્છા વડે ભ્રાંત થઇ જાય છે. ત્યારે તત્વ દૃષ્ટિ નિર્વિકાર ચિદાનંદ સ્વરૂપને વિલોકી તન્મગ્ન બની જાય છે. જ્ઞાનથી સમૃદ્ધ બનેલી તત્વદૃષ્ટિ ભ્રમનો આશ્રય કરતી નથી; તેથી ચારિત્રધારી મહાત્મા તે તત્વ દૃષ્ટિ વડે વિશ્વનું સૂક્ષ્મ અવલોકન કરી આત્મસ્વરૂપનો પૂર્ણદૃષ્ટા બને છે. તેથી આ અધિકારમાં એ મહા ગુણનું વિવેચન કરવામાં આવે છે.

તત્વદૃષ્ટિ પુરૂષ અરૂપી આત્મસ્વરૂપમાં સદા મગ્ન રહે છે.

रूपे रूपवती दृष्टि र्दृष्ट्वा रूपं विमुह्यति ।
मज्जत्यात्मनि नीरूपे तत्वदृष्टिस्त्वरूपिणी ॥ १ ॥

શબ્દાર્થ––જેની દૃષ્ટિ રૂપવતી છે, તે રૂપને જોઇને રૂપને વિષે મોહ પામે છે, અને જેની દૃષ્ટિ અરૂપી તત્વદૃષ્ટિ છે તે, નીરૂપ આત્મામાં મગ્ન છે.

વિવેચન– રૂપવતી એટલે આકાર વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણ જેને છે તેવી જેની દૃષ્ટિ છે, ચર્મ ચક્ષુ છે, એવો, રૂપને પુદ્‍ગલ જનિત પ્રકારાદિ ગઢ હવેલી પ્રમુખને જોઇને, રૂપને વિષે સુરૂપ આકાર વર્ણાદિમત સ્ત્રીપુરૂષશરીરાદિને વિષે વિવિધ પ્રકારે અજ્ઞાનથી થએલી મૂર્છાએ કરીને ભ્રાંતિ પામે છે. પરંતુ જેની તત્વદૃષ્ટિ છે, ઇંદ્રિયની અપેક્ષા રહિત, સ્વતંત્ર, સાક્ષાત્ વસ્તુના સદ્દભાવનું વિલોકન કરવા સમર્થ છે, એવી જેની દૃષ્ટિ અરૂપી છે, આકાર વર્ણાદિ તત્વ રહિત છે, એટલે જેને જ્ઞાન ચક્ષુ છે, તે નિર્વિકાર ચિદાનંદ સ્વરૂપને વિષે મગ્ન થાય છે.

સુખેચ્છુ તત્વ દૃષ્ટિ બાહ્ય દૃષ્ટિમાં રમણ કરતી નથી.

भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम् ।
अभ्रांतस्तत्त्वदृष्टिस्तु नास्यां शेते सुखाशया ॥ २ ॥

શબ્દાર્થ—જે બાહ્ય દૃષ્ટિ છે તે ભ્રમની વાડી છે, અને તેનું અવલોકન ભ્રમની છાયા છે. જે અભ્રાંત, તત્ત્વ દૃષ્ટિવાન છે તે તેમાં સુખની ઇચ્છાથી શયન કરતો નથી.

વિવેચન—જેની દૃષ્ટિ અનાત્મીય છે, શરીર કુટુંબાદિ પદાર્થો પોતાના છે એમ જે જુએ છે, તે દૃષ્ટિ, ભ્રમ એટલે મિથ્યાજ્ઞાન; અથવા ચિત્તની ભ્રાંતિ, તેની વાટિકા-નિવાસ ભૂમિ-જાણવી. તે દૃષ્ટિનું વિલોકન પૂર્વોક્ત ભ્રમની છાયાનું પ્રતિબિંબ છે. એવી પરમાર્થદર્શી દૃષ્ટિ સુખની આશાએ કરીને તે ભ્રમ ભૂમિમાં અથવા તેની છાયામાં શયન કરતી નથી, ભ્રમ પ્રાપ્ત કરતી નથી, સર્વ નિર્ભ્રાંત જ જુએ છે. અર્થાત્ ભયનો આશ્રય તત્ત્વ દૃષ્ટિ કરે નહીં.

બાહ્ય દૃષ્ટિ મોહને માટે થાય છે અને આંતર દૃષ્ટિ વૈરાગ્યને માટે થાય છે.

ग्रामारामादिमोहाय यद् दृष्टं बाह्यया दृशा ।
तत्वदृष्ट्या तदेवान्तर्नीतं वैराग्यसम्पदे ॥ ३ ॥

શબ્દાર્થ—બાહ્યદૃષ્ટિથી જોયેલ ગ્રામ, આરામાદિ મોહને માટે છે. તત્વદૃષ્ટિએ સમાલોચિત તેજ વસ્તુઓ વૈરાગ્ય પ્રાપ્તિને માટે છે.

વિવેચન—આકારાદિ દર્શનને વિષે પ્રવૃત્ત થયેલી દૃષ્ટિએ કરીને શુભાશુભ અનુકૂલ, પ્રતિકૂલ નગર, વાડીઓ, ગજ, અશ્વ, વસ્ત્રાલંકારો જોવાં તે અજ્ઞાન રૂપ જડભાવની વૃદ્ધિને માટે છે. જ્ઞાનદૃષ્ટિએ કરીને તેજ વસ્તુઓ સમાલોચે તો વૈરાગ્યની સમૃદ્ધિ-પ્રાપ્તિ-ને માટે થાય છે.

બાહ્યદૃષ્ટિ અને તત્વદૃષ્ટિમાં કેટલો અંતર છે? તેનું દૃષ્ટાંત.

बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।
तत्वदृष्टेस्तु सा साक्षाद्विण्मूत्रपिठरोदरी ॥ ४ ॥

શબ્દાર્થ—બાહ્યદૃષ્ટિએ જોતાં સુંદરી સુધાસારથી બનાવેલી ભાસે છે, પણ તત્વદૃષ્ટિથી જોતાં સાક્ષાત્ વિષ્ટા અને મૂત્રના ભાજન રૂપ ઉદરવાળી ભાસે છે.

વિવેચન—મનોહર જેનું રૂપ છે એવી દેવી અથવા માનુષી સ્ત્રી, અમૃતના સત્વથી રચેલ હોય તેમ બાહ્યદૃષ્ટિએ ભાસે છે, પરંતુ તત્વદૃષ્ટિએ કરીને જોતાં પ્રત્યક્ષ વિષ્ટારૂપ-મળ મૂત્રના સ્થાનરૂપ, જેનું ઉદર છે, એવી ભાસે છે. તત્વદૃષ્ટિથી જોઇએ ત્યારેજ વસ્તુના સત્ય સ્વરૂપનું ભાન થાય છે.

બાહ્યદૃષ્ટિ અને તત્વદૃષ્ટિ શરીરને કેવી રીતે જુએ છે?

लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृक् ।
तत्वदृष्टिः श्वकाकानां भक्ष्यं क्रमिकुलाकुलम् ॥५॥

શબ્દાર્થ– બાહ્યદૃષ્ટિ શરીરને લાવણ્યના તરંગથી પવિત્ર જુએ છે, પરંતુ તત્વદૃષ્ટિ તેજ શરીરને કૃમિના સમૂહથી, ભરેલ શ્વાન અને કાગડાનું ભક્ષણ છે. એ પ્રમાણે જુએ છે.

વિવેચન–જેની બાહ્યદૃષ્ટિ છે. તે શરીરને લાવણ્ય એટલે કાન્તિનું સૌન્દર્ય તેના તરંગોએ કરીને પવિત્ર જુએ છે. અહો? આનું શરીર કેવું શોભાયમાન છે.? એમ જુએ છે. પરંતુ તેની અંન્તર્દૃષ્ટિ છે, તે લાવણ્ય લહરીના પુણ્યે કરીને શોભાયમાન તેજ શરીરને, કીડાઓથી ભરેલ કાગડા અને કુતરાના ભાવી ભોજન રૂપ જાણે છે.

રાજભુવન ઉપર બાહ્યદૃષ્ટિ અને તત્વદૃષ્ટિમાં કેવો ભેદ છે?

गजाश्वैर्भूपभुवनं विस्मयाय बहिर्दृशः ।
तत्राश्वेभवनात्कोऽपि भेदस्तत्वदृशस्तुन ॥६॥

શબ્દાર્થ– હસ્તિઓ અને અશ્વોએ કરીને નૃપમંદિર બાહ્યદૃષ્ટિથી જોનારને વિસ્મય પમાડે છે. પરંતુ ગજ અને અશ્વના વનથી તેમાં તત્વદૃષ્ટિવાળાને કાંઇ ભેદ લાગતો નથી.

વિવેચન– અતત્વદૃષ્ટિથી જોઇએ તો હસ્તી અને અશ્વોથી શોભિત નૃપ મંદિર વિસ્મય પમાડે છે. "અહો? આ રાજા પુણ્યવાન છે. જેણે આવી દુર્લભ વસ્તુઓ પ્રાપ્ત કરી છે," એવો પ્રમોદ ઉત્પન્ન કરે છે, પરમાર્થ દર્શીને તે નૃપમંદિરમાં અને હસ્તી અને અશ્વના ઉત્પત્તિ સ્થાન ભૂત વિંધ્યાચલ આદિ અટવીમાં કાંઈ ભેદ લાગતો નથી, કારણકે રાજાના મંદિરમાં સ્થિત અને વનમાં સ્થિત હસ્તિઓ સમાન છે.

મલીન શરીર ઉપર બાહ્યદૃષ્ટિ અને તત્વદૃષ્ટિનું દર્શન કેવું હોય છે?

भस्मना केशलोचेन वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग् वेत्ति चित्साम्राज्येन तत्ववित् ॥७॥

શબ્દાર્થ– બાહ્યદૃષ્ટિ, ભસ્મે, કરીને કેશ લોચેકરીને, અથવા શરીર ઉપર રાખેલાં મલીન વસ્ત્રોએ કરીને મોટો માને છે. તત્વદૃષ્ટિ, જ્ઞાનસામ્રાજ્યે કરીને ગરિષ્ઠ જાણે છે.

વિવેચન—બાહ્યદૃષ્ટિએ જોતાં કોણ મોટો=ગરિષ્ઠ, લાગે છે, તે કહે છે. જે પુરૂષ શરીરપર ભસ્મ લગાવે છે, અથવા તો કેશનો લોચ કરીને મુંડો રહેનારને,

અથવા શરીર ઉપર ધારણ કરેલ પ્રસ્વેદથી થયેલ મેલ તેનાથી જેનાં વસ્ત્રો તથા ગાત્રો મલિન છે, તેને ગુણગણવાળો પુરૂષોત્તમ છે, એમ સમજે છે. પરમાર્થ ગ્રહણ કરવાથી અંતર્ગત ગુણરાશિ જોનારને જ્ઞાનના સામ્રાજ્યથી જે ગરિષ્ઠ છે તેજ પુરૂષોત્તમ છે એમ જણાય છે.

તત્ત્વદૃષ્ટિ પુરૂષોની ઉત્પત્તિ વિશ્વના ઉપકાર માટે છે.

न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ॥८॥

શબ્દાર્થ—વિસ્તારવાળી કરૂણારૂપી અમૃતની વૃષ્ટિને કરનારા તત્ત્વદૃષ્ટિ પુરૂષો વિશ્વના ઉપકારને માટે નિર્માણ થયેલા છે; પરંતુ વિકારને માટે નિર્માણ થયેલા નથી.

વિવેચન—સ્ફુરત્ એટલે જાગ્રત્ સ્વભાવથી વિસ્તાર પામતી કરૂણા રસની પ્રચુરતા તે રૂપી અમૃતને વર્ષાવનારી એવી જેની તત્ત્વદૃષ્ટિ છે તે, ત્રિભુવનના ઉપકારને માટે સદ્જ્ઞાનનો ઉપદેશ કરવાને અર્થે છે. પરંતુ તે, ભ્રાંતિ અજ્ઞાનાદિ રૂપ ચિત્ત વિભ્રમને માટે અથવા બીજાના સંતાપને માટે નથી. ૮

આ પ્રમાણે કહી તત્ત્વદૃષ્ટિ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सुसाधु (सर्व समृद्धि)–अधिकार.

જ્યારે બાહ્યદૃષ્ટિનો પ્રચાર નિરૂદ્ધ થાય છે. અને તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, ત્યારે મહાત્માઓને સર્વ સમૃદ્ધિઓ પ્રત્યક્ષ દેખાય છે. જે સમૃદ્ધિના પ્રભાવથી તે મહાત્માઓ ધર્મના ચક્રવર્ત્તીઓ બની જાય છે. સર્વ સમૃદ્ધિ સંપન્ન એવા મુનિઓ શુદ્ધ જ્ઞાન ક્રિયાત્મક એવા અનુષ્ઠાનનું આચરણ કરી સ્વાત્મ ભાવની નિર્મલતા સંપાદન કરી શકે છે. તેથી અહિં આ સુસાધુના અધિકારમાં સર્વ સમૃદ્ધિ અધિકારની ઉપયોગિતા સિદ્ધ થાય છે. તે આ સ્થળે દર્શાવે છે.

મુનિને સર્વ સમૃદ્ધિ ક્યારે પ્રત્યક્ષ થાય છે?

अनुष्टुप् (१ थी ८)

बाह्यदृष्टिप्रचारेषु मुद्रितेषु, महात्मनः ।
अन्तरेवावभासन्ते, स्फुटाः सर्वाः स_द्धयः ॥ १ ॥

શબ્દાર્થ—બાહ્યદૃષ્ટિના પ્રચાર નિરૂદ્ધ કર્યે સતે મહાત્માની સર્વે સમૃદ્ધિઓ આત્માને વિષે પ્રત્યક્ષ દેખાય છે.

વિવેચન—જે બાહ્યદૃષ્ટિનું સ્વરૂપ આગળ કહેવામાં આવ્યું તેના પ્રચાર—આત્મસ્વભાવથી ભિન્ન વિષયાંતરમાં સંચાર કરે એવું પ્રવર્તન, તેના પ્રકાશે, નિરૂદ્ધ થયે સતે, સદ્ભાવને જાણનાર મહાપુરૂષની અશેષ સમૃદ્ધિઓ આત્માને વિષે જ સ્વ અનુભવથી પ્રત્યક્ષ દેખાય છે. ૧ *

મુનિને પ્રાપ્ત થતી મહેંદ્રના જેવી સંપત્તિનું વર્ણન.

समाधिर्नंदनं धैर्यं, दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ॥ २ ॥

શબ્દાર્થ—સમાધિરૂપી નંદન વન, ધૈર્યરૂપી વજ્ર, સમતારૂપી શચી (ઈંદ્રાણી), અને જ્ઞાનરૂપી મહાન્ વિમાન, આ સર્વે મહેંદ્રને યોગ્ય સંપત્તિ મુનિની છે.

વિવેચન—વાસવ એટલે મહેંદ્ર તેને ભોગવવા લાયક વિમાનાદિ સંપત્તિઓ સર્વે યોગીશ્વરોને પણ છે, તેનું સ્વરૂપ દર્શાવે છે. સમાધિ એટલે ત્રણ યોગની એકાગ્રતાએ કરીને નિજ સ્વરૂપમાં મગ્નતા—તે રૂપી રમણીય આરામ છે. ધૈર્ય એટલે પરિષહાદિ છતાં નિજ સ્વભાવમાં સ્થિર નિશ્ચલ પરિણામીપણું—તે રૂપી, કર્મરૂપી દૈત્યોનું નિકંદન કરવાને વજ્ર છે, સમતા એટલે સર્વત્ર ઈષ્ટાનિષ્ટ વિકલ્પના પરિહારે કરીને તુલ્યદર્શીપણું, તે રૂપી શચી—સ્વસ્વરૂપને સંગમ કરનારી, જ્ઞાન વચનોનો વિલાસ આપનારી, ઈંદ્રાણી છે. અને સ્વપર સ્વરૂપનો નિર્ધાર કરનાર જ્ઞાનરૂપી મહાન્ વિમાન છે. ૨

સર્વ સમૃદ્ધિવાળા મુનિ, ચક્રવર્ત્તી કેમ ન કહેવાય ?

विस्तारितक्रियाज्ञानचर्मच्छत्रो निवारयन् ।
मोहम्लेच्छमहावृष्टिं, चक्रवर्ती न किं मुनिः ॥ ३ ॥

શબ્દાર્થ—ક્રિયા અને જ્ઞાનરૂપી ચર્મછત્ર જેણે વિસ્તાર્યું છે એવા, મોહરૂપી મ્લેચ્છની મહાવૃષ્ટિને નિવારતા મુનિ, ચક્રવર્તી કેમ ન હોય ?

વિવેચન—સમગ્ર સાધુના આચાર તે ક્રિયા, અને સમસ્ત વસ્તુ સદ્ભાવનો પ્રકાશ કરનાર જ્ઞાન તે રૂપી ચર્મરત્ન અને છત્રરત્ન જેણે વિસ્તાર્યું છે; અને મોહનીય કર્મરૂપી મ્લેચ્છ—ભક્ષ્યાભક્ષ્યના વિચાર રહિત સર્વ અકાર્યના કરનાર અને સત્પુરૂષને ઉપદ્રવ કરનાર યવન—તેણે કરેલી કુવાસનારૂપ જળધારાનો પૂર્વોક્ત ક્રિયા

* ૧ થી ૮ : પ્રાકરણ્ય‌. : .

અને જ્ઞાનથી નિષેધ કરનાર, યોગીશ્વર શું ચક્રવર્તી નથી.? અર્થાત્ તે ચક્રવર્તી જ છે એમ સમજવું. ચક્રવર્તીની પાસે ચર્મરત્ન અને છત્રરત્ન હોય છે. જ્યારે તે વૈતાઢ્ય પર્વતનું ઉલ્લંઘન કરી મ્લેચ્છનો મુલક જીતવાને જાય છે, ત્યારે મોટી નદીઓ ર-સ્તામાં આવે છે, તે ઉતરવાને માટે ચર્મરત્ન પાથરે, અને તે એટલું વિશાળ થઇ જાય છે કે ચક્રવર્તીનું સકલ સૈન્ય તે ઉપર થઇને નદીને પેલેપાર ઉતરે છે. પછી મ્લેચ્છની સાથે ભારે યુદ્ધ થાય છે, મ્લેચ્છ રાજા પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરે છે. જેથી તે દેવો ચક્રવર્તીના સૈન્યને હેરાન કરવા ઘણીજ ભારે વૃષ્ટિ કરે છે, તે વખતે ચક્રવર્તી છત્ર રત્ન વિસ્તારે છે જેથી પોતાની સેનાને બિલકુલ અડચણ થતી નથી. છેવટે મ્લેચ્છનો પરાજય કરે છે. તે પ્રમાણે મુનિના સંબંધમાં ક્રિયારૂપી ચર્મરત્ન છે અને જ્ઞાનરૂપી છત્રરત્ન છે અને તેનો વિસ્તાર કરી મોહરૂપી મ્લેચ્છનો પરાજય કરે છે. ૩

મુનિને પ્રાપ્ત થતી નાગલોકપતિના જેવી સમૃદ્ધિનું સ્વરૂપ.

नवब्रह्मसुधाकुण्डनिष्ठाधिष्ठायको मुनिः।
नागलोकेशवद् भाति, क्ष्मां रक्षन् प्रयत्नतः ॥ ४ ॥

શબ્દાર્થ—નવ પ્રકારના બ્રહ્મચર્ય રૂપ અમૃત કુંડને વિષે જેની સ્થિતિ છે, અને જે અધિષ્ઠાયક છે, એવા મુનિ પ્રયત્નથી પૃથ્વીનું રક્ષણ કરવા નાગલોકના સ્વામી શેષનાગની જેમ પ્રકાશે છે.

વિવેચન—નવ પ્રકારનું બ્રહ્મચર્ય સર્વ બ્રહ્મ ક્રિયાને દર્શાવનાર આચારાંગ-જીના નવ અધ્યયનને વિષે કહેલો આચાર તે રૂપ નવ અમૃતકુંડ છે, જેને તે રૂપી જન્માદિ સર્વ રોગને હણનાર અને સદુપાય દર્શાવનાર જ્ઞાનામૃતના કુંડોને વિષે જે સ્થિત છે અને જે અધિષ્ઠાયક છે, રક્ષણ કરવાના સામર્થ્ય યુક્ત છે. એવા યોગીશ્વર પ્રૌઢ ઉદ્યમે કરીને પૃથ્વીનું રક્ષણ કરનાર પાતાલ લોકના સ્વામીની જેમ શોભે છે. અનંત નાગ નવ સુધા કુંડનો સ્વામી છે, અને પૃથ્વીને ધારણ કરે-છે, એવી લોક પ્રસિદ્ધિ છે. ૪

લૌકિક દેવ-શંકરની સમૃદ્ધિની સાથે મુનિની સરખામણી.

मुनिरध्यात्मकैलासे, विवेकवृषभस्थितः ।
शोभते विरतिज्ञप्तिगङ्गागौरीयुतः शिवः ॥ ५ ॥

શબ્દાર્થ—અધ્યાત્મરૂપી કૈલાસમાં વિવેકરૂપી વૃષભ ઉપર સ્થિત, અને વિરતિ તથા જ્ઞપ્તિરૂપી ગંગા, ગોરી યુક્ત શિવ-મુનિ શોભે છે.

વિવેચન-શુદ્ધ જ્ઞાન ક્રિયાત્મક અનુષ્ઠાન રૂપી કૈલાસ પર્વત-શિવના સ્થાનભૂત સ્ફટિકમય પર્વત,(સિદ્ધસંજ્ઞા) ને વિષે વિવેક રૂપી વૃષભ પર સ્થિત થયેલ, અને વિરતિ

એટલે સકલ પરભાવથો વ્યાવૃત્તિ રૂપ પરિણુતિ તે રૂપી ગંગા તથા ઋદ્ધિ એટલે શુદ્ધ જ્ઞાન દશા તે રૂપી ગૌરી, તેણે સમાલિંગિત, શિવરૂપ મુનિ વિરાજે છે. ૫

મુનિની વિષ્ણુ સાથે સમાનતા.

ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य नरकच्छिदः ।
सुखसागरमग्नस्य, किं न्यूनं योगिनो हरेः ॥ ६ ॥

શબ્દાર્થ—જ્ઞાન અને દર્શન રૂપી ચંદ્ર અને સૂર્ય નેત્રવાળા, નરકને કાપવાવાળા, સુખસાગરમાં મગ્ન એવા યોગિને વિષ્ણુ કરતાં કઈ ન્યૂનતા છે? શું ઓછું છે?

વિવેચન—જ્ઞાન એટલે વસ્તુનો વિશેષ સ્વભાવ ગ્રહણ કરનાર સ્યાદ્વાદ બોધ અને દર્શન એટલે સામાન્ય સ્વભાવગ્રાહી નિરાકાર બોધ તે રૂપી ચંદ્ર અને સૂર્ય નેત્રવાળા સાધુ. અને વળી સમ્યક્ પ્રકારે મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયો સેવવાથી નરક તીર્યંચાદિ ગતિને જે કાપી નાંખે છે—તત્પ્રાયોગ્ય કર્મ બાંધતા નથી. વળી પરમાનંદ રૂપી ક્ષીરસાગરને વિષે મગ્ન છે. એવા યોગીશ્વરને વિષ્ણુ કરતા કઈ ન્યૂનતા છે? વિષ્ણુ પણ ચંદ્રાર્ક નેત્ર કહેવાય છે. નરકાસુરનો છેદક છે. અને ક્ષીરસાગરમાં મગ્ન છે, એવી લોક પ્રસિદ્ધિ છે. માટે વિષ્ણુથી કઇ ન્યૂનતા મુનિને છે? અર્થાત્ કાંઇ ન્યૂનતા નથી. ૬

બ્રહ્માની સૃષ્ટિના કરતાં મુનિની ગુણ સૃષ્ટિની અધિકતા.

या सृष्टिर्ब्रह्मणो बाह्या, बाह्यापेक्षावलम्बिनी ।
मुनेः परानपेक्षांतर्गुणसृष्टिस्ततोऽधिका ॥ ७ ॥

શબ્દાર્થ—બાહ્ય અપેક્ષાના અવલંબનથી રચાએલી બ્રહ્માની બાહ્ય સૃષ્ટિ કરતાં સાધુનો પર અપેક્ષા રહિત, અબાહ્ય ગુણની સૃષ્ટિ અધિકી છે.

વિવેચન—બાહ્ય એટલે અનાત્મીય પંચમહાભૂતની અપેક્ષા–કાર્ય કારણ સંબંધ–તેનું–અવલંબન કરે છે એવી–તેના વિના કરી શકે નહિ એવી, લોકપ્રસિદ્ધ દેહ ઇંદ્રિયાદિરૂપ, નાશવંત, અસત્ય એવી બ્રહ્માની સૃષ્ટિ છે, સાધુની સૃષ્ટિ કેવી છે, તે કહે છે, પર એટલે માયાદિની અપેક્ષા કારણપણાએ કરીને જેમાં અપેક્ષા નથી, એટલે સ્વાધીન, એવી વળી અબાહ્ય–અવિનશ્વરી–વળી જ્ઞાનાદિ ધર્મોની સૃષ્ટિરચના છે તે બાહ્યસૃષ્ટિની અધિક છે. કારણ કે તેમાં પરની અપેક્ષા નથી અને વળી અવિનાશી છે. ૭

રત્નત્રયથી પવિત્ર યોગસિદ્ધ સાધુને તીર્થંકર પદવી દૂર નથી.

रत्नैस्त्रिभिः पवित्रा या, श्रोतोभिरिव जान्हवी ।
सिद्धयोगस्य साप्यर्हत् पदवी न दवीयसी ॥ ८ ॥

શબ્દાર્થ— ત્રણ સ્રોતથી ગંગાની જેમ રત્નત્રયથી પવિત્ર, સિદ્ધયોગ સાધુને અર્હત્પદવી પણ દૂર નથી.

વિવેચન— યોગ એટલે જ્ઞાન, ક્રિયા, ધ્યાન, શાસ્ત્રભક્તિ, તે યોગ જેનો સિદ્ધ થયો છે, એવા સાધુની ત્રિભુવનને વિષે ત્રણ–સ્વર્ગ, પૃથ્વી અને પાતાલ–પ્રવાહે કરીને ગંગાની જેમ સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્રે કરી પવિત્ર, પૂજનીય, અર્હત્ પદવી–જિનેશ્વરપણાની પદવી–સુરેન્દ્રશ્રેણીથી પૂજ્યતા, સમવસરણની રચના, અષ્ટ પ્રાતિહાર્યાદિથીવિરાજીત એવી પદવી પણ દૂરવર્તી નથી–પાસેજ છે. સુપ્રાપ્ય છે. ૮

તે વિષે ગુર્જર કવિ પણ કહે છે,

ઇંદ્રવિજય.

જે અરિ મીત બરાબર જાનત, પારસ ઓર પાષાન જુ હોઈ;
કંચન કિચ સમાન અહે, જસ નીચ નરેસમેં ભેદ ન કોઈ;
માન કહા અપમાન કહા, મત ઐસો વિચાર નહિત સહોઇ
રાગરૂ રોસ નહિ ચિત જાકે જુ, ધન્ય અહે જગમેં જન સોઇ ૯
જ્ઞાની કહો જુ અજ્ઞાની કહો કોઈ, ધ્યાની કહો મન માનજુ કોઇ
જોગી કહો ભાવે ભોગી કહો કોઇ, જાકુ જિસો મન ભાસત હોઇ
દોષી કહો નિરદોષી કહો, પિંડપોષી કહો કોઇ ઓ ગુણ જોઇ
રાગરૂ રોસ નહિં સુણ જાકું જુ, ધન્ય અહે જગમેં જન સોઇ ૧૦
સાધુ સુસંત મહંત કહો કોઇ, ભાવે કહો નિરગ્રંથ સુપ્યારે.
ચોર કહો ચાહ ઢોર કહો કોઇ સેવ કરો કોઉ જાણ દુલારે.
વિને કરી કોઉ ઉંચે બેઠાવે જુ, દૂરથી દેખ કહો કોઉ જારે
ધાર સદા સમ ભાવ ચિદાનંદ, લોક કહાવત સુનિત ન્યારે ૧૧

આ પ્રમાણે કહી આ સર્વ સમૃદ્ધિ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

ગુરુસ્વરૂપ—અધિકાર.

ઉપર કહેલા વિવિધ–અધિકારોથી સુસાધુની યોગ્યતાનું સ્વરૂપ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એવા સુસાધુ ગુરૂતત્ત્વના સંપૂર્ણ અધિકારી થઇ શકે છે, તેથી હવે ગુરૂસ્વરૂપનો અધિકાર દર્શાવવામાં આવે છે. ત્રણ તત્ત્વોમાં દેવ અને ધર્મ તત્ત્વને યથાર્થ રીતે પ્રરૂપનાર ગુરૂ મહારાજ છે. તેથી સર્વતત્ત્વમાં ગુરૂતત્ત્વની મુખ્યતા

રહેલી છે. આર્હતધર્મમાં જે તત્ત્વો પ્રરૂપેલાં છે, તે તત્ત્વોનું સ્વરૂપ ગુરુદ્વારા જ જાણી શકાય છે, એટલું જ નહીં પણ સર્વ સમાજની ધાર્મિક ઉન્નતિનો આધાર ગુરુતત્ત્વ ઉપરજ રહેલો છે, તેથી ગુરુતત્ત્વની શુદ્ધિની પૂર્ણ આવશ્યકતા છે, જાતિવંત રત્નની જેમ એ ગુરુતત્ત્વની પરીક્ષા કરવાની આવશ્યકતા છે, તેથી ગુરુસ્વરૂપનો ઉપયોગી અધિકાર આ સ્થળે દર્શાવવામાં આવે છે.

÷ રુચિરા છંદ. (૧ થી ૨૩)

આ સંસાર રૂપ શત્રુનો નાશ કરવા માટે કેવા ગુરુને નમન કરવું જોઈએ ?

जिनेश्वरक्रमयुगभक्तिभाविता विलोकितत्रिभुवनतत्त्वविस्तराः ।
षट्व्रतान् षडिह गुणांश्चरन्ति ये नमामि तान्भवरिपुभिदये गुरून् ॥ १ ॥

જેઓ શ્રી જિનેશ્વરના ચરણયુગલની ભક્તિથી ભાવિત થયેલા છે, જેમણે ત્રણ જગત્‌ના તત્ત્વોનો વિસ્તાર અવલોક્યો છે અને જેઓ છ વ્રતવાળા છ ગુણોને આચરે છે, તેવા ગુરુઓને આ સંસારરૂપી શત્રુને ભેદવાને માટે હું નમસ્કાર કરું છું. ૧+

આ જગત્‌માં કેવા ગુરુઓ દુર્લભ છે ?

समुद्यतास्तपसि जिनेश्वरोदिते, वितन्वते निखिलहितानि निःस्पृहाः ।
सदा न ये मदनमदैरपाकृताः, सुदुर्लभा जगति मुनीश्वरा इह ते ॥ २ ॥

જેઓ જિનેશ્વરે કહેલા તપને વિષે ઉદ્યમવંત છે, જેઓ નિઃસ્પૃહપણે સર્વનું હિત કરે છે અને જેઓ હંમેશાં કામ તથા મદથી પરાભવ પામેલા નથી તેવા મુનીશ્વરો આ જગત્‌માં દુર્લભ છે. ૨

નિર્મળ પદ (મોક્ષ) પ્રાપ્તિને માટે કેવા ગુરુનો આશ્રય કરવો જોઈએ ?

वचांसि ये शिवसुखदानि तन्वते, प्रकुर्वते स्वपरपरिग्रहग्रहम् ।
विवर्जिताः सकलममत्वदूषणैः, श्रयामि तानमलपदाप्तये यतीन् ॥३॥

÷ चतुर्ग्रहैरिह रुचिरा जभौ सजौ गः । જગણ, ભગણ, સગણ, જગણ, તથા એક ગુરુ અક્ષર મળી કુલ ૧૩ અક્ષરનું એક ચરણ થાય છે; તેવાં ચાર ચરણ મળી રુચિરા છંદ કહેવાય છે, અને આ છંદમાં ચોથે તથા નવમે અક્ષરે યતિ આવે છે.

+ ૧ થી ૨૩ સુભાષિત રત્ન સંદોહ.

જેઓ મોક્ષ સુખને આપે એવાં વચનો બોલે છે, જેઓ પોતાના અને બીજાના પરિગ્રહનો નિગ્રહ કરે છે અને જેઓ મમતાનાં સર્વ દૂષણોથી રહિત છે, એવા તે મુનિઓનો નિર્મલ પદની પ્રાપ્તિને માટે આશ્રય કરૂં છું. ૩

કૃપાળુ ગુરૂઓથી જે ગુણ થાય છે, તે બીજા કોઈથી થતો નથી.

न बांधवस्वजनसुतप्रियादयो, वितन्वते तमिह गुणं शरीरिणाम् ।
विभेदतो भवभयभूरिभूभृतां, मुनीश्वरा विदधति यं कृपाकवः ॥ ४ ॥

કૃપાળુ એવા મુનિઓ આ સંસારના ભય રૂપી પર્વતોને ભેદી પ્રાણીઓને જે ગુણ કરે છે, તે ગુણ સ્વજનો, પુત્રો અને પ્રિય સ્ત્રી વગેરે કરી શકતા નથી. ૪

દયાથી જનક સમાન એવા ગુરૂઓ સદા ભજવા યોગ્ય છે.

शरीरिणः कुलगुणमार्गणादितो, विबुद्धये विदधति निर्मलां दयां ।
विभीरवो जननदुरन्तदुःखतो, भजामि ताञ्ज नकसमान्गुरून् सदा ॥ ५ ॥

જન્મ (તથા મરણ) ના દુષ્ટ અંતવાળા દુઃખથી ભય પામનારા એવા જે ગુરૂઓ પ્રાણીઓના બોધને માટે કુળ તથા ગુણની માર્ગણા વગેરે કરી તેમની પર નિર્મળ દયા કરે છે; તેવા પિતા સમાન ગુરૂઓને હું સદાકાળ ભજું છું. ૫

વચન શુદ્ધિવાળા ગુરૂઓ સદા મોક્ષને માટે થાય છે.

वदन्ति ये वचनमनिन्दितं बुधै रपीडकं सकलशरीरधारिणाम् ।
मनोहरं रहितकषायदूषणं, भवन्तु ते मम गुरवो विमुक्तये ॥ ६ ॥

વિદ્વાનોએ નિંદા નહીં કરેલું, સર્વ પ્રાણીઓને નહીં પીડા કરનાર, મનોહર અને કષાયના દોષથી રહિત એવું વચન જેઓ ઉચ્ચારે છે, તે ગુરૂઓ મને મોક્ષને માટે થાઓ. ૬

અદત્તાદાનના ત્યાગી મહાવ્રતવાળા ગુરૂને નમસ્કાર.

न काति यः स्थितपतितादिकं धनं, पुराकरक्षितिधरकाननादिषु ।
त्रिधा तृणप्रमुखमदत्तमुत्तमो, नमामि तं जननविनाशिनं गुरुम् ॥ ७ ॥

જે ઉત્તમ ગુરૂ મન, વચન અને કાયાથી શહેર, ખાણ, પર્વત અને વન વગેરેમાં રહેલું અને પડી ગયેલું ધન કે તૃણ પ્રમુખ અદત્ત—કોઈએ આપ્યા શિવાય લેતા નથી, તેવા ગુરૂને હું નમસ્કાર કરૂં છું. ૭

બ્રહ્મચર્ય ધરનારા વિષયવિનાશી ગુરૂ પરમપૂજ્ય છે.

त्रिधा स्त्रियः स्वसृजननीसुतासमा विलोक्य ते कथनविलोकनादितः ।
पराङ्मुखाः शमितकषायशत्रवो, यजामि तान् विषयविनाशिनो गुरून् ॥ ८ ॥

જેઓ મન, વચન અને કાયાવડે સર્વ સ્ત્રીઓને બ્હેન, માતા અને પુત્રી જેવી જોઈને તેઓની સાથે (રાગથી) ભાષણ તથા જોવા વગેરે થી વિમુખ રહે છે; તેમજ જેઓએ કષાયરૂપી શત્રુઓનો નાશ કર્યો છે, એવા-વિષયોને નાશ કરનારા ગુરૂઓને હું પૂજું છું ૮

અપરિગ્રહ વ્રતધારી ગુરૂ સંસારને છેદનારા થાય છે.

परिग्रहं....द्विविधं त्रिधापि ये, नगृह्णते तनुममताविवर्जिताः ।
विनिर्मलस्थिरशिवसौख्यकाङ्क्षिणो, भवन्तु ते मम गुरवो भवच्छिदः ॥९॥

જેઓ મન, વચન અને કાયાથી બે પ્રકારના (બાહ્ય તથા આભ્યંતર) પરિગ્રહનો ત્યાગ કરનારા છે, જેઓ શરીરની મમતાથી રહિત છે અને જેઓ વિશેષ નિર્મળ તથા સ્થિર એવા મોક્ષ સુખની ઇચ્છાવાળા છે, તેવા ગુરૂઓ મારા સંસારનો ઉચ્છેદ કરનારા થાઓ. ૯

ઇર્યાપથિકીથી વિચરનારા ગુરૂઓ ભવ્ય પ્રાણીઓને સુખદાયક છે.

विजन्तुके दिनकररश्मिभासिते, व्रजन्ति ये पथि दिवसे युगेक्षणाः ।
स्वकार्यतः सकलशरीरधारिणां, दयालवो ददति सुखानि तेऽङ्गिनाम् ॥१०॥

જેઓ દિવસે સૂર્યના કિરણોથી પ્રકાશિત અને જંતુ રહિત એવા માર્ગમાં પોતાના જરૂરી કાર્યથી ઇર્યાપથિકિ વડે ચારે તરફ ધોંસરા જેટલી પૃથ્વી જોઇને ચાલે છે અને જેઓ સર્વ પ્રાણીઓની ઉપર દયા કરનારા છે, તે ગુરૂઓ પ્રાણીઓને સુખ આપે છે. ૧૦

આ સંસારરૂપી શત્રુથી પીડાએલાં પ્રાણીઓને વચન સમિતિ ધરનારા ગુરૂઓ જ શરણરૂપ છે.

दयालवो मधुरमपैशुनं वचः, श्रुतोदितं स्वपरहितावहं मितम् ।
ब्रुवन्ति ये गृहिजनजल्पनोज्झितं, भवारितः शरणमितोऽस्मि तान् गुरून् ॥११॥

દયાળુ એવા જે ગુરૂઓ મધુર, પિશુનતા રહિત, શાસ્ત્રમાં કહેલું હોય તેવું, પોતાને અને પરને હિતકારી અને ગૃહસ્થ જન બોલે તેવું નહીં તથા મિત એટલે જોઇએ તેટલુંજ વચન બોલે છે, તેવા ગુરૂઓના શરણે હું આ સંસારરૂપી શત્રુથી ભય પામીને ગયો છું. ૧૧

જેઓ શુદ્ધ એષણા સમિતિ સહિત છે. તેઓ જ ગુરૂ થવાને યોગ્ય છે.

स्वतो मनोवचनशरीरनिर्मितं, समाशयाः कटुकरसादिकेषु ये ।
न भुञ्जते परमसुखैषिणोऽशनं, मुनीश्वरा मम गुरवो भवन्तु ते ॥ १२ ॥

પરમ સુખ–મોક્ષ સુખની ઈચ્છા રાખનારા જે ગુરૂઓ કટુ અને મધુર રસ વગેરેમાં સમાન દૃષ્ટિવાળા થઈ પોતાના ઉદ્દેશથી મન, વચન અને કાયાથી નિર્મિત એવું અશન (ભોજન) લેતા નથી, તેવા મુનિઓ મારા ગુરૂ થાઓ. ૧૨

ભંડોપકરણાદિ નિક્ષેપણ સમિતિ સહિત સર્વ પ્રાણી ઉપર દયાળુ એવા ગુરૂઓ જ જન્મ જરા અને મૃત્યુને કંપાવનાર છે.

शनैः पुरा विकृतिपुरस्सरं च ये, विमोक्षणग्रहणविधिं वितन्वते ।
कृपापरा जगति समस्तदेहिनां, धुनन्ति ते जननजराविपर्ययान् ॥ १३ ॥

જેઓ પ્રથમ હળવે હળવે વિકૃતિ (યત્ન) પૂર્વક ભંડઉપકરણાદિ મોક્ષણ અને ગ્રહણનો વિધિ કરે છે અને જેઓ જગતૂના સર્વ પ્રાણીઓની ઉપર દયાવાળા છે, તેવા ગુરૂઓ જન્મ, જરા અને મૃત્યુને કંપાવે છે. ૧૩

શુદ્ધ પરિષ્ઠાપનિકા સમિતિ જાણનારા મુનિઓ જ ગુરૂ થવાને યોગ્ય છે.

सविस्तरे धरणितलेऽविरोधके, निरीक्ष्यते परजनताविनाकृते ।
त्यजन्ति ये तनुमलमङ्गिवर्जिते, यतीश्वरा मम गुरवो भवन्तु ते ॥ १४ ॥

વિસ્તારવાળી, અવિરોધી, અન્ય જનથી રહિત, (અથવા અન્યની માલિકી વિનાનો પ્રદેશ) અને નિર્જીવ એવી ભૂમિ ઉપર નિરીક્ષણ કરીને જેઓ મલત્યાગ કરે છે, તેવા યતીશ્વરો મારા ગુરૂ થાઓ. ૧૪

જેઓ ધૈર્યના બળથી ઇંદ્રિયરૂપી શત્રુઓને જીતનારા છે, તેવા ગુરૂઓ જ હર્ષ આપનારા થાય છે.

शरीरिणामसुखशतस्य कारणं, तपोदयाशमगुणशीलनाशनम् ।
जयन्ति ये धृतिबलतोऽक्षवैरिणं, भवन्तु ते यतिवृषभा मुदे मम ॥ १५ ॥

પ્રાણિઓને સૈકડો દુઃખનું કારણ રૂપ અને તપ, દયા, શમ, ગુણ અને શીળને નાશ કરનાર ઇંદ્રિય રૂપી શત્રુને જેઓ ધૈર્યના બળથી જીતી લે છે, તે

શ્રેષ્ઠ (વૃષભ ધોરિની સમાન ચારિત્રના ભારને વહનારા) મુનિઓ મને હર્ષને માટે થાઓ. ૧૫

કષાયરૂપી શત્રુઓને કંપાવનારા ગુરૂઓ જ સ્તુતિ કરવાને યોગ્ય છે.

वृषं चितं व्रतनियमैरनेकधा, विनिर्मलस्थिरसुखहेतुमुत्तमम् ।
विधुन्वतो झटिति कषायवैरिणो, विनाशकानमलधियः स्तुवे गुरून् ॥१६॥

અનેક પ્રકારના વ્રતો તથા નિયમોથી સંચય કરેલા અને નિર્મળ તથા સ્થિર એવા સુખના હેતુરૂપ એવા ઉત્તમ ધર્મને કંપાવનારા જે કષાયરૂપી શત્રુઓ છે તેને સત્વર નાશ કરનારા એવા નિર્મળ બુદ્ધિવાળા ગુરૂઓને હું સ્તવું છું. ૧૬

હરિપ્રમુખ દેવતાઓને તાબે કરનાર કામદેવને પણ ભેદનારા ગુરૂઓનું જ નમન કરવું જોઇએ.

विनिर्जिता हरिहरवह्निजादयो, विभिन्दिता युवतिकटाक्षतोमरैः ।
मनोभुवा परमबलेन येन तं, विभिन्दतो नमत गुरूञ्शमेषुभिः ॥ १७ ॥

જે કામદેવે પરમ બળથી વિષ્ણુ, શંકર અને બ્રહ્માદિક દેવોને જુવાન સ્ત્રીઓના કટાક્ષરૂપી બાણોથી ભેદીને જીતી લીધા છે, તેવા કામદેવને શમરૂપી બાણોથી ભેદનારા ગુરૂઓને તમે નમસ્કાર કરો. ૧૭

સદા શુદ્ધ મનન કરી પોતાના ચારિત્ર ઉપર દૃષ્ટિ રાખનારા ગુરૂઓ જ મનને પ્રમોદ આપનારા થાય છે.

न रागिणः क्वचन न रोषदूषिता न मोहिनो भवभयभेदनोद्यताः ।
गृहीतसन्मननचरित्रदृष्टयो, भवन्तु मे मनसि मुदे तपोधनाः ॥ १८ ॥

જેઓ ક્યારે પણ રાગી થતા નથી, ક્રોધથી દૂષિત થતા નથી અને મોહ પામતા નથી, તેમજ જેઓ સંસારના ભયનો નાશ કરવાને ઉદ્યમવંત અને ઉત્તમ પ્રકારનું મનન તથા ચરિત્ર ઉપર દૃષ્ટિ રાખનારા છે, તેવા તપસ્વી મુનિઓ મારા મનને હર્ષ કારક થાઓ. ૧૮

સમાન હૃદયવાળા તપસ્વી ગુરૂઓ જ આ સંસારને છેદનારા થાય છે.

सुखासुखस्वपरवियोगयोगिताप्रियाप्रियव्यपगतजीवितादिभिः ।
भवन्ति ये सममनसस्तपोधना भवन्तु ते मम गुरवो भवच्छिदः ॥ १९ ॥

જેઓ સુખ અને દુઃખ સ્વજન અને પરજનં, વિયોગ અને યોગ, પ્રિય અને અપ્રિય, મૃત અને જીવિત વગેરેમાં સમાન હૃદયવાળા છે. તેવા તપસ્વી ગુરૂઓ મારા સંસારને છેદનારા થાઓ. ૧૯

જિનવચનોને જમાન આપનારા મુમુક્ષુ ગુરૂઓ જ પાપને હરનારા થાય છે.

जिनोदिते वचसि रता वितन्वते, तपांसि ये कलिलकलङ्कमुक्तये ।
विवेचकाः स्वपरमवश्यतत्त्वतो, हरन्तु ते मम दुरितं मुमुक्षवः ॥ २० ॥

જેઓ દુર્ભેદ્ય આ (દુષ્ટ) કલંકમાંથી મુક્ત થવાને શ્રી જિનેશ્વરે કહેલાં વચનમાં તત્પર થઇને તપસ્યા આચરે છે અને જેઓ અવશ્ય તત્ત્વથી સ્વ વસ્તુ તથા પર વસ્તુનું વિવેચન કરનારા છે, તેવા મુમુક્ષુ ગુરૂઓ મારા પાપને હરો. ૨૦

જે પિતા તુલ્ય હિતકારી મુનિઓ ચતુર્વિધ સંઘની રક્ષા કરનારા છે, તેઓજ ગુરૂપદના અધિકારી છે.

अवन्ति ये जनकसमा मुनीश्वराश्चतुर्विधं गणमनवद्यवृत्तयः ।
स्वदेहवद्दलितमदाष्टकारयो, भवन्तु ते मम गुरवो भवान्तकाः ॥ २१ ॥

જેમણે આઠ પ્રકારના મદરૂપી શત્રુઓનો સંહાર કર્યો છે, અને જેમની મનોવૃત્તિ નિર્દોષ છે, એવા જે મુનિઓ પિતા સમાન થઇ પોતાના દેહની જેમ ચતુર્વિધ સંઘનું રક્ષણ કરે છે, તે મુનિઓ મારા ગુરૂ થઇ સંસારને નાશ કરનારા થાઓ. ૨૧

જેઓ જિનપ્રરૂપિત ધર્મ બતાવી પ્રાણિઓને આ સંસાર સાગરમાંથી તારે છે, તેવા જ ગુરૂઓ પોતાના આશ્રિતાને મોક્ષે લઇ જાય છે.

वदन्ति ये जिनपतिभाषितं वृषं, वृषेश्वराः सकलशरीरिणां हितम् ।
भवाब्धितस्तरणमनर्थनाशनं, नयन्ति ते शिवपदमाश्रितं जनम् ॥ २२ ॥

ધર્મના નિયંતારૂપ એવા જેઓ સર્વ પ્રાણીઓને હિતકારી, સંસારરૂપ સમુદ્રથી તારનારા અને અનર્થનો નાશ કરનારા એવા શ્રી જિનેશ્વરે પ્રરૂપેલા ધર્મને કહે છે, તેવા ગુરૂઓ પોતાના આશ્રિત જનને મોક્ષપદમાં લઇ જાય છે. ૨૨

ચતુર્વિધ સંઘનો વિનય કરનારા સાધુઓ દુરિત-વનને બાળી નાંખે છે.

तनूभृतां नियमतपोव्रतानि ये, दयान्विता ददति समस्त लब्धये ।
चतुर्विधे विनयपरा गणे सदा, दहन्ति ते दुरितवनानि साधवः ॥ २३ ॥

જે દયાળુ થઈને પ્રાણીઓને સર્વ લબ્ધિને માટે સદા નિયમ, તપ અને વ્રતોનો ઉપદેશ આપે છે અને જેઓ ચતુર્વિધ સંઘને વિષે સદા વિનીત થઈ રહે છે. તેવા સાધુઓ દુરિત–પાપ રૂપી વનને બાળી નાંખે છે. ૨૩

શુભા શુભ કર્મ કરનાર, કરાવનાર, અનુમોદનાર અને સહાય કરનાર એ સર્વને સમાન ફળ થાય છે.

इन्द्रवज्रा.

कर्तुस्तथा कारयितुः परेण, तुष्टेन चित्तेन तथानुमन्तुः।
साहाय्यकर्तुश्च शुभाशुभेषु, तुल्यं फलं तत्त्वविदो वदन्ति ॥ २४ ॥

પોતે કરનાર બીજા પાસે કરાવનાર, પ્રસન્ન ચિત્તે અનુમોદના કરનાર અને શુભ–અશુભમાં સહાય કરનાર એ સર્વને સરખું ફળ થાય છે. એમ તત્ત્વવેત્તા કહે છે. ૨૪

આ પ્રમાણે કહી ગુરૂ સ્વરૂપ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે,

आत्मज्ञान–अधिकार.

*આત્મજ્ઞાન સંપાદન કરવામાટે જેમણે આત્માનો સાક્ષાત્કાર કરેલો હોય તેવા **સદ્ગુરૂની આવશ્યકતા** છે તે જ્યારે અધિકારી પુરૂષને ઉપદેશ કરે છે ત્યારે તે અધિકારીને આત્માનું વાસ્તવ સ્વરૂપ સમજાય છે, ગુરૂના ઉપદેશથી જેમને આત્મ સાક્ષાત્કાર નથી થયો એવા અજ્ઞાની પુરૂષો જો કદાપિ બહુ કાળ સુધી કોઇ શિષ્યને આત્મોપદેશ કરે છે તોપણ તેને જ્ઞાન થતું નથી. તેમજ નાના પ્રકારના તર્કોવડે ચિંતન કરવાથી પણ માણસને આત્મજ્ઞાન થતું નથી. પરંતુ ખરેખર જેમને આત્મજ્ઞાનનો અનુભવ થયો હોય તેવા સદ્ગુરૂ દ્વારાજ્ઞાનનો ઉપદેશ થાય છે તોજ આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે.

જેમ અત્રેથી આપણે અમેરીકામાં આવેલું ન્યુયોર્ક ક્યાં આવ્યું છે તે સંબંધમાં ભૂગોળમાં વાંચીએ તેમજ સ્કુલ માસ્તર મારફત જાણીએ છીએ તે ઉપરથી આપણને ન્યુયોર્કમાં આવેલી વસ્તી, તેમજ વર્ણીક ત્યાંના માણસોની રીતભાત વિગેરેનું જેવું ભાન થાય તેના કરતાં એક માણસ ન્યુયોર્ક જઈ ત્યાં અનુભવ મેળવી

* ભાગ્યોદય અંક ૮ મો સને ૧૯૧૩ અકટોબર

અને ત્યાંનું વર્ણન કરે તે ઉપરથી આપણા મનમાં ન્યુયોર્ક વિષે ઘણોજ સારો ખ્યાલ આવી શકે છે, તેવીજ રીતે જે માણસો પુસ્તકોદ્વારા આત્માના સામર્થ્ય વિગેરેનું માત્ર પોપટીયું જ્ઞાન પ્રાપ્ત કરી આપણને આત્માનો ઉપદેશ આપે તેથી શું આપણને આત્મજ્ઞાન થવાનું ? કદીજ નહિ. ત્યારે જેમને આત્મ સાક્ષાત્કાર થયેલો છે તેવા સદ્ગુરૂદ્વારા ઉપદેશને ગ્રહણ કરવાથી અવશ્ય આત્મજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે.

કોઇપણ ગામનો રસ્તો જેણે દીઠો હોય તેને આપણે માર્ગ પૂછીએ કે ફલાણા ગામનો માર્ગ કયાં થઇને છે; અને તે આપણને ત્યાં જવાનો જે સરળ રસ્તો બતાવે છે તેવો રસ્તો કોઇ અજાણ્યો મનુષ્ય બતાવી શકે ? નહિજ. તેજ પ્રમાણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ જેમને આત્મ સાક્ષાત્કાર થયેલો છે તેવા સદ્ગુરૂને પૂછવાથી અને તેમણે બતાવેલા માર્ગે પ્રયાણ કરવાથી આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. માટે આત્મજ્ઞાન મેળવવા માટે વિવેકી મનુષ્યોએ સદ્ગુરૂ કરવામાં પણ બહુ સાવચેતી રાખવાની જરૂર છે.

ગુરૂ મુખથી કરેલા શ્રવણ, મનન, અને નિદિધ્યાસનથી જ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે કારણ કે આત્મા સૂક્ષ્મતર પદાર્થોથી પણ અતિ સૂક્ષ્મ છે, માટે તે દુર્વિજ્ઞેય કહેવાય છે અને કાંઇ તર્ક કરવાથી પ્રાપ્ત થતો નથી. પરંતુ ગુરૂ ઉપદિષ્ટ માર્ગે પ્રયાણ કરવાથી જ પ્રાપ્ત થાય છે, આત્મજ્ઞાન માટે સદ્ગુરૂએ કરેલા ઉપદેશ ઉપરાંત આપણે પણ અશુદ્ધ વિચારો—તર્કોને છેદન માટે પણ નાના પ્રકારની યુક્તિઓથી આત્મજ્ઞાન થવાને માટે હંમેશાં પ્રયત્ન કરવાની જરૂર છે. સદ્ગુરૂ બોધિત ઉપદેશનું નિરંતર રટણ કરવાથી આત્મ સાક્ષાત્કાર થાય છે. જેઓ શાસ્ત્ર અને ગુરૂના ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખી પ્રયત્ન કરતા નથી તેમને આત્મજ્ઞાન થતું નથી પણ જેઓ શાસ્ત્ર અને ગુરૂના વચનોમાં અવિશ્વાસવાળા હોઇ મિથ્યા તર્ક વિતર્ક કરવાનું મુકી દઇ ઉપદિષ્ટ સાધનોદ્વારા હંમેશાં પ્રયત્ન કરે છે તેજ આત્મજ્ઞાનને મેળવે છે.

શ્રદ્ધા અને વિશ્વાસ સિવાય આત્મજ્ઞાન ઉત્પન્ન થતું નથી કારણ કે આત્મા એ અનુભવનો વિષય છે, તર્ક વિતર્કનો નહીં. અને તેથી તેનું જ્ઞાન મેળવવાને માટે તર્ક વિતર્ક કરી શાસ્ત્રમાં કે ગુરૂના વચનમાં વિશ્વાસ ધરવાની જરૂર નથી પણ માત્ર તેમના વચનોમાં શ્રદ્ધા રાખી ઉપદિષ્ટ માર્ગે પ્રયાણ કરી અનુભવમાં ઉતારી ખાત્રી કરવાની જરૂર છે.

આ પ્રમાણે કહી આત્માજ્ઞાન અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

गुरु स्तुति–अधिकार.

પદ. રાગ અગમ ઉદાસી.

+અનુભવી આવોરે આપણા દેશમાં, વિવેક મળે તો કરીએ ગુંજની વાત જો;
ગુરૂમુખી જાણેરે આત્મ જ્ઞાનને, સચ્ચિદાનંદ કરે સાક્ષાત જો. અનુભવી. ટેક.
અભિમાની જાણે નહી ગુરૂ ઉપદેશને, મનમુખી તો જાણે નહી જુગદીશ જો,
અનુભવીને પરમ ગુરૂ પરમાત્મા, તન મન ધન તે સોંપી દે એ શિષ્ય જો. અનુ. ૧
મુમુક્ષુ ઉત્તમરે મળવા દોહ્યલા, અંતર બાહીર પરમ ગુરૂ શું પ્રેમ જો;
અસત્ય ભાષણ અંતરમાં નવ ઉપજે, સત્ય જ્ઞાનનો અવિચળ નેમ જો. અનુ. ૨
સદ્ગુરૂ વિના તેનાં ચિત્ત ઠરે નહી, અભિમાનીના સંગથી ઉપજે દુઃખ જો;
ભાળ્યા દીઠા વિણુરે ભાષણ જે કરે, મોહનસ્વરૂપ સતસંગથી ઉપજે સુખજો. અનુ. ૩

વિવેકી મળવારે વીરા દોહ્યલા, સત્ય અસત્યનો શુદ્ધ કરે વિચારજો;
રાગ દ્વેષનો સંભવ નહિ ચિત્તમાં, ઉપદેશ કરી ઉતારે પાર જો. વિવેકી૦
અમને જે વીતી તે વીરા વર્ણવું, વૈભવ તજીને લીધો છે વૈરાગ જો;
પિંડ પડે પણ પરમેશ્વરને પ્રીછવા, સંત સમાગમ કીધે ઉપજ્યો ત્યાગજો. વિવેકી૦ ૫
સાધ્ય વિના બોલે તે સનેપાતીયા, એક કહે ઇશ્વર કરે તે થાય જો;
એક કહે અદ્રષ્ટથી સરવે ઉપજે, કોઇ કહે છે કાળ થકી નિરમાયજો. વિવેકી૦ ૬

આત્મદર્શી ગુરૂ મળીયારે મનના ભાવતા, તેણે કીધો મને દેહ છતાં નિર્દેહજો;
હુંને મારૂં સમી ગઇ મનની માન્યતા, તેણે કરી ટળીયાં ચિત્તથી સુતપિતા ગેહજો. આ. ૭
પોતાનો જાણીને કૃપા મુજને કરી, જોયો નહીં કાંઇ અપરાધીનો ફંદ જો
આપીને વરદાન ભવ ભય ટાળીયું, પાયું મુજને અમૃત બ્રહ્માનંદ જો. આ. ૮
હું અસંગી સંગ નહી મારે આ અંગનો, છાશ પડી રહી જેમ માખણ દુર થાયજો;
ભાસું સૌ સરખો પણ સૌથી વેગળો, રંગ તણો સ્ફાટકમાં ભાસે ન કાંઇજો. આ. ૯

રાગ ધનાશ્રી ધોળ.

પરમ ગુરૂની પ્રાર્થના.–પ્રાર્થના કરૂં મારા પરમ ગુરૂ, તજીને અહમેવ;
સુરનર કરે સેવ, પરમ ગુરૂની પ્રાર્થના. ૧૦
અગમ અગોચર અનિર્વચનીય, અદૃશ્ય દશ્ય ન કહાય;
જે જન જાએ ખોળવારે, ખોળણહારો તેમાં ખોવાય. પર. ૧૧

+ મોહન પદ રત્નાવળી

હોરી, રાગ કાફી.

પરમ ગુરૂને રંગ રચાયો, સ્વરૂપ નિજ પદ પરખાયો. પરમ૦ ટેક.
પ્રેમ પીચકારી શ્રોત્રમે મારી ભીતર સબ ભીજવાયો,
ત્વંપદ તત્પદ એકતા કરી કે, અસિ પદ એકતા આયો;
રોમ રોમ રંગ મચાયો. પરમ૦ ૧૨

ગરબો

પુરવને પુણ્યેરે ગુરૂ મુજને મળ્યા, અંતર જામી અબલાના આધારજો;
સુર્તી શોધન કરતી સદ્‌ગુરૂ દેવનું,ક્યારે મળશે મુક્તિવધુ ભરતારજો, પૂરવ. ૧૩
તીરથ વ્રત સાધનરે સખી મેં બહુ કર્યાં, તોપણ વૃત્તિ પામી નહિં વિશ્રામ જો;
મનસુબો દેખાડે મિથ્યા સુખને, ગુરૂ ગમ વિના ઠરી ન બેસે ઠામ જો. પૂરવ. ૧૪
પછી પ્રાર્થના કરીરે સદ્‌ગુરૂ દેવની, ચિત્ત દ્વારાએ સુદ્ધ કર્યો વિચારજો;
પદ્માસન વાળ્યુંરે પિયુને પ્રીછવા, નૈત્ર મુંદીને રોધ્યાં દશે દ્વારજો. પૂરવ. ૧૫
બહાર વૃત્તિ અંતરમાં ઉતરી, નિવૃત્તિને પામ્યું મારૂં મનજો;
યાદી મુજને આવીરે સદ્‌ગુરૂ ગમની, સમર્પ્યું સદ્‌ગુરૂને તન મન ધનજો. પૂરવ ૧૬
સુખદાઇ સંબંધીરે સખી મુજને મળ્યાં, વિવેક વિચાર શાંતિને સંતોષજો;
ભક્તિ શ્રદ્ધા માતા ભેટયાં મુજને, દહન થયા હવે અનંત જન્મના દોષજો. ૧૭

પદ. ગરબી.

સદ્‌ગુરૂનો ઉપકાર ન સખી હું વિસરૂં. ટેક.

કૃપા નાથે કર્યો મુજને ઉપદેશજો, સ્વપ્નાનાં સુખડાંરે મને ગમતાં નથી;
વિચારી જોતાં આત્મસુખ વિશેષજો, સદ્‌ગુરૂનો ઉપકાર ન સખી હું વિસરૂં. ૧૮
દેહ તણા સંબંધી રે સ્વાર્થના સગા, કુટુંબ સઘળું ધન દેખીને ધાયજો,
જન્મ મરણનું કષ્ટ કોઇ લેતું નથી, પરમ ગુરૂ વિના દુખડાં નવ હરાયજો. સદ્‌ગુરૂ ૧૯
માતા ને પીતારે સંબંધી શરીરનાં, અંતકાળે કોઇ નહિ આવે કામજો,
વિષયનાં સુખડાં રે ચિત્તતું છોડજે, મોહ તજી મન પરમ ગુરૂપદ પામજો. ૨૦

રાગ. વૈરાગ ભર્થરી

ગુરૂ વિના જ્ઞાન ઉપજે નહી, કરીએ કોટી ઉપાયજી,
ત્રિવિધ તાપમાં તન તપે; વૃત્તિ વિષયે વહી જાયજી. ગુરૂ વિના. ૨૧
ગરૂ ગમ આવી કેમ જાણીએ, ઉપજ્યો વિવેક વૈરાગજી;
આવરણથી અળગા રહે, આશા તૃષ્ણાનો ત્યાગજી. ગુરૂ વિના, ૨૨

શુદ્ધ વિચાર જેના ચિત્તમાં, પામ્યા પરમ આનંદજી;
જીવન મુક્ત તે જાણવા, મીટયા માયાના ફંદજી. ગુરૂ વિના. ૨૩
આઠે પોહોર આનંદમાં, કરે કલેશનો નાશજી;
વૃત્તિ વિષયથી વાળીને, ભાળ્યો બ્રહ્મ વિલાસજી. ગુરૂ વિના. ૨૪
માયાથી મન ચળે નહિં જાણ્યો જુઠો સંસારજી;
સ્વપ્નામાં પણ ચુકે નહી, પ્રીછયા પ્રાણાધારજી ગુરૂ વિના ૨૫

ગુરૂગમ આવી જેના ઘટમાં, તેના ટળે નહી ટેકજી;
સ્વપ્નામાં ચિત્ત ચળે નહીં, નિત્યા નિત્ય વિવેકજી, ગુરૂ ગમ૦ ૨૬
પરમ ગુરૂની પરીક્ષા, જીરે કેમ જણાયજી,
શીલ સંતોષ ક્ષમા દયા, અનુભવીથી ઓળખાયજી. ગુરૂ ગમ૦ ૨૭
સદ્ ગુરૂથી સુખ ઉપજે, દર્શને દુઃખ જાયજી,
સંશયના રે ચુરા કરે, પરપંચ પળાયજી, ગુરૂ ગમ૦ ૨૮
એવા સદ્ગુરૂને સેવતાં, ઉઘડે અનંત લોચનજી,
દુર્ગુણ કોના દેખે નહીં, તે પરમાત્મા પ્રસન્નજી. ગુરૂ૦ ૨૯

ગુરૂ ઉપદેશ જેના ઘટમાં, તેને ઉપજે વૈરાગજી.
તૃષ્ણા ત્યાં ઉભી નવ રહે, કરે તનમાંથી ત્યાગજી. ગુરૂ ઉપ૦ ૩૦
સુખ દુઃખનો સંભવ નહી, તજે હર્ષને શોકજી
દ્રશ્ય પદારથ જેટલું, જાણે નાશવંત ફોકજી. ગુરૂ ઉપ૦ ૩૧
આશા તૃષ્ણાથી અળગા રહે, નિરખે નિજ સ્વરૂપજી;
ઉપાધિ અંતરમાં ગમે નહી, દેખે ડાકેણ રૂપજી. ગુરૂ ઉપ૦ ૩૨
આશા તૃષ્ણાને ઉપાધિરે, ત્રણે અવિદ્યાનું અંગજી;
વિરોધી વિવેક વિચારના. પાડે ભજનમાં ભંગજી. ગુરૂ ઉપ૦ ૩૩
પરપંચથી પાછુ ફરી, ઉતરે અંતરમાં મનજી;
મોહન સ્વરૂપ એવા ગુરૂપદે, સોંપીએ તન મન ધનજી. ગુરૂ ઉપ૦ ૩૪

આ પ્રમાણે કહી આ ગુરૂસ્તુતિ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

अथ गुरु आवश्यक—आधिकार

*ઘણા છોકરા એક હોડીમાં બેસીને મોટી નદીમાં સેહેલ કરતા હતા એટલામાં કાંઈ અકસ્માતથી તે હોડી ડુબવા લાગી તેથી ઘણા છોકરાઓ નદીમાં કુદી પડયા અને કિનારે પહોંચવા માટે તરફડિયાં મારવા લાગ્યા. એ વખતે ઉભેલા કોઇ ભલા માણસે તે છોકરાઓને બચાવવા માટે નદીમાં દોરડું ફેંક્યું જે છોકરાએ એ દોરડાંને પકડી રાખ્યું તેઓ બચી ગયા, પણ જે છોકરાઓ પોતાના જોર ઉપર મુસ્તાક રહ્યા ને એવું અભિમાન કર્યું કે અમને દોરડાની જરૂર નથી; અમે એમજ કિનારે પહોંચી જઇશું તેઓ નદીના પૂરમાં તણાઇ જઇને ડુબી મુવા.

આપણે પણ અજ્ઞાની છીએ, એટલે તે છોકરાઓના જેવાજ છીએ. આપણું વ્હાણ તે સંસાર છે. નદી એ કાળનો પ્રવાહ છે. કિનારેથી દોરડું ફેંકનાર તે ગુરૂ છે, ને દોરડું તે ધર્મ છે. જેઓએ દોરડું ન પકડયું તેઓ ડુબી મુવા. તેમજ આપણે પણ સદ્ગુરૂએ બતાવેલા ધર્મ ન પાળીએ તો જન્મ-મરણના ચક્કરમાં પડી જઇએ માટે ડુબતાઓને બચાવે તેવા દયાળુ સદ્ગુરૂની જરૂર છે.

આ પ્રમાણે કહી આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

साधु सरळता अधिकार

જેઓ ધર્મ અને નીતિતત્ત્વના વેત્તાઓ છે, તેવા મહાન પુરૂષોના હૃદયમાં કદિ પણ વિકાર થતો નથી. આ વિશ્વનું શ્રેય કરવા પ્રવૃત્તિ કરનારા તે મહાત્માઓ સર્વદા નિર્વિકાર વૃત્તિથી રહે છે. ગમે તેવા પ્રસંગો પ્રાપ્ત થાય તો પણ તેમના અમૃતમય હૃદય ઉપર વિકારનું વિષ પ્રસરતું નથી. જેઓ ક્ષુલ્લક વૃત્તિવાળા અને સંકુચિત હૃદયવાળા છે. તેવાઓને જ આ વિશ્વના વિકારોની અસર થાય છે. વિકારને વશ નહીં થનારા મહાત્માઓ તેજ ગુરૂ પદને યોગ્ય છે. તેથી ગુરૂ આવશ્યકનો અધિકાર દર્શાવ્યા પછી આ અધિકારનો પ્રસંગ દર્શાવવામાં આવે છે.

* સ્વર્ગ વિમાન.

મોટાઓને કદિ પણ વિકાર થતો નથી તેનું દ્રષ્ટાંત સહિત પ્રતિપાદન કરે છે.

अनुष्टुप् (૧ થી ૬)

गवादीनां पयोऽन्येद्युः, सद्यो वा जायते दधि ।
क्षीरोदधेस्तुनाद्यापि, महतां विकृतिः कुतः ॥ १ ॥

ગાય, ભેંસ, બકરી વિગેરેનું દૂધ બીજે દિવસે અથવા તરતજ દહિં થઇ જાય છે. પણ દૂધના સમુદ્રનું દૂધ અદ્યાપિ દહીં થયું નથી. અર્થાત્ જે સત્ પુરૂષો છે, તેમને વિકાર કેમ થાય? ન જ થાય. ૧

તે વિષે સમુદ્ર અને હસ્તીનું અસરકારક દૃષ્ટાંત.

रत्नैरापूरितस्यापि, मदलेशोऽस्ति नाम्बुधेः ।
मुक्ताः कतिपयाः प्राप्य, मातङ्गा मदविह्वलाः ॥ २ ॥

સમુદ્ર રત્નોથી ભરપૂર છે, તથાપિ તેનામાં લેશ માત્ર પણ મદ થતો નથી. અને હાથીઓ થોડાં મોતીઓ પ્રાપ્ત કરી મદ વડે વિહ્વલ બની જાય છે કહેવાનો આશય એવો છે કે, ઉત્તમ પ્રકારના પુરૂષો ગમે તેટલો વૈભવ પ્રાપ્ત કરે તો પણ તેઓ ગર્વ કરતા નથી અને ક્ષુદ્ર મનુષ્યો થોડો વૈભવ મળતાં બહેકી જાય છે. ૨

વિકારના બાહ્ય સ્વરૂપનાં દર્શન વિષે શંખનું દૃષ્ટાંત.

सन्तो न यान्ति वैवर्ण्यमापत्सु पतितास्वपि ।
वह्निना दग्धशङ्खोऽपि, शुक्लत्वं नैव मुञ्चति ॥ ३ ॥

સત્પુરૂષો આપત્તિઓ આવી પડે તો પણ પોતાનો વર્ણ[1] બદલતા નથી. શંખને અગ્નિથી બાળ્યો હોય તો પણ તે પોતાનો શુક્લ વર્ણ છોડતો નથી. ૩

સુવંશ (સારો વાંસ અથવા સારા વંશમાં થયેલો પુરૂષ) કષ્ટમાં આવી પડે તોપણ કુવચન બોલતો નથી.

छिन्नः स निशितैः शस्त्रैर्विद्धश्च नव सप्तधा ।
तथापि हि सुवंशेन, विरसं नापजल्पितम् ॥ ४ ॥

સારો વંશ-વેણુ તીક્ષ્ણ શસ્ત્રોથી છેદવામાં આવ્યો, તથા સાત અથવા નવ પ્રકારે વીંધવામાં આવ્યો, તો પણ તેણે અપશબ્દો ઉચ્ચાર્યો નહીં.+ ૪

---

૧ ક્રોધાદિ કષાયો ઉત્પન્ન થવાથી માણસ પોતાનો વર્ણ બદલે છે એટલે ક્રોધમાં રાતો થઇ જાય છે અને અપકૃત્ય કરવાથી શ્યામ થઇ જાય છે.

+ બીજો અર્થ એવો પણ થાય કે, જેનો સારો વંશ-કુલ હોય તેને ગમે તેટલું દુઃખ આપવામાં આવે તોપણ તેવો પુરૂષ મુખમાંથી અપશબ્દો કાઢતો નથી.

મોટા માણસને સંતાપ કર્યો હોય તો પણ તે હિત કરે છે.

हिताय नाहिताय स्यान्महान् सन्तापितोऽपि हि ।
पश्य रोगापहाराय, भवेदुष्णीकृतं पयः ॥ ५ ॥

મોટા પુરૂષોને સંતાપ કર્યો હોય તો પણ તે હિતકારી થાય છે પરંતુ અહિતકારી થતો નથી. જુવોને ગરમ કરેલું દૂધ રોગને નાશ કરનારૂં થાય છે. ૫

સાધુપુરૂષ દોષને અંતરમાંજ પચાવી દે છે.

न मुखेनोद्गिरत्यूर्ध्वं, हृदयान्न नयत्यधः ।
जरयत्यन्तरा साधुर्दोषं विषमिवेश्वरः ॥ ६ ॥

જેમ શંકર વિષને મુખની બાહેર કાઢતા નથી તેમ હૃદયની નીચે ઉતારતા નથી પરંતુ વચ્ચમાં રાખી જીરવે છે, તેમ સાધુપુરૂષ દોષને મુખની બાહેર કાઢતો નથી, તેમ હૃદયની નીચે ઉતારતો નથી પરંતુ વચમાંજ જીરવી રાખે છે. ૬ *

મહા પુરૂષોની ખરી શક્તિ આપત્તિઓમાંજ દેખાઇ આવે છે.

आर्या (૭ થી ૧૪)

आपत्स्वेव हि महतां, शक्तिरभिव्यज्यते न सम्पत्सु ।
अगुरोस्तथा न गन्धः, प्रागस्ति यथाग्निपतितस्य ॥ ७ ॥

મહાન્ પરૂષોની શક્તિ જેવી આપત્તિઓમાં પ્રગટી નીકળે છે, તેવી સંપત્તિઓમાં પ્રગટી નીકળતી નથી. અગરૂની સુગંધ અગ્નિમાં પડયા પછી જ હોય છે, તેની પહેલાં તેવી હોતી નથી. ૭

દર્પણના જેવા નિર્મળ હૃદયને ધારણ કરનારા સજ્જનોનેજ નમસ્કાર છે.

स्वस्त्यस्तु सज्जनेभ्यो, येषां हृदयानि दर्पणनिभानि ।
दुर्वचनभस्मसंगादधिकतरं यान्ति निर्मलताम् ॥ ८ ॥

જેઓનાં હૃદયો દર્પણની જેમ દુર્વચન રૂપી ભસ્મના સંગથી નિર્મળ થાય છે, તેરા સજ્જન પુરૂષોનું કલ્યાણ થાઓ. ૮

* ૬ થી ૧૭ સૂક્તિ મુક્તાવલી

સાધુ પુરૂષ દુખમાં પણ પોતાના સ્વભાવને વધારે સારો કરે છે.

सन्तापितोऽपि साधुः, शुभस्वभावं विशेषतो भजति ।
क्वथितं किं न क्षीरं, मधुररसमनोहरं भवति ॥ ९ ॥

સાધુ પુરૂષને સંતાપ પમાડયો હોય તો પણ તે પોતાના શુભ સ્વભાવને વધારે ભજે છે. ઉકળેલું દૂધ શું મધુર રસથી વિશેષ મનોહર નથી બનતું ? ૯

સાધુપુરૂષને દુર્જન સંતાપે તોપણ તે વધારે સાધુપુરૂષ બને છે.

दुर्जनजनसंतप्तो, यः साधुः साधुरेव स विशेषात् ।
अपि पावकसन्तप्तः, खण्डः स्याच्छाकरो मधुरः ॥१०॥

જે સાધુ પુરૂષ છે, તે દુર્જનથી પરિતાપ પામ્યો હોય ત્યારે તે વધારે સાધુ બને છે. સાકરનો કડકો અગ્નિમાં તપાવવાથી વધારે મધુર બને છે. ૧૦

દુર્જન ગમે તેવા દુર્વચનો સંભળાવે તો પણ આર્ય-સાધુપુરૂષના મુખમાંથી વિપ્રિય વચન નીકળતું નથી.

दुर्जनवचनाङ्गारैर्दग्धोऽपि न विप्रियं वदत्यार्यः ।
न हि दह्यमानोऽप्यगरुः, स्वभावगन्धं परित्यजति ॥ ११ ॥

આર્યપુરૂષ દુર્જનના વચનરૂપી અંગારાઓથી દગ્ધ થયો હોય તો પણ તે અપ્રિય બોલતો નથી. અગરૂને બાળવામાં આવે તો પણ તે પોતાનો સ્વાભાવિક ગંધ છોડતો નથી. ૧૧

પિશુન જનો દૂષિત કરે તો પણ સત્પુરૂષોની વાણીનું માધુર્ય વિકૃત થતું નથી.

पिशुनजनदूषिता अपि, ननु सन्तः सत्यमेव सद्वाचः ।
अपि बर्बरचरणहतः, खर्जूरो मिष्ट एव स्यात् ॥ १२ ॥

સત્પુરૂષો ચુગળી કરનારા લોકોએ દોષિત કર્યા હોય તો પણ તેઓ ખરેખર સદ્વચન બોલનારા રહે છે. મ્લેચ્છ લોકોએ ચરણોથી [1]હણેલ ખજૂર મધુર જ થાય છે. ૧૨

---

૧ ખજૂરને જ્યારે તૈયાર કરવામાં આવે છે, ત્યારે તે લોકો તેને પગથી ખૂંદે છે.

સજ્જન પુરૂષ જ દાક્ષિણ્યતાનો મહાસાગર છે.

सहते कटुं न जल्पति, क्लाति न दोषान् गुणान्प्रकाशयति ।
रुष्यति न रोषवत्स्वपि, दाक्षिण्यमहोदधिः सुजनः ॥१३॥

ડાહાપણુના ભંડાર રૂપ સજ્જન પુરૂષ કટુ વચન સહન કરે પણ કટુ વચન બોલતો નથી. કોઇના દોષ લેતો નથી પણ ઉલટા ગુણોને પ્રકાશે છે અને પોતાની ઉપર રોષ કરનારા ઉપર પણ તે રોષ કરતો નથી. ૧૩

કર્ત્તવ્યનિષ્ઠ માણસ દુર્જનોની વચ્ચે પણ કુશલ રહે છે.

निजकर्मकरणदक्षः, सह वसति दुरात्मनापि निरपायं ।
किं न कुशलेन रसना, दशनानामन्तरे चरति ॥ १४ ॥

પોતાના કર્ત્તવ્ય કામમાં ચતુર એવો પુરૂષ દુર્જનોના સહવાસમાં પણ કુશળ રહે છે. શું જિહ્વા દાંતોની વચ્ચે કુશળ નથી રહેતી ? ૧૪

જ્યાંસુધી હૃદયમાં મૂઢતા છે, ત્યાંસુધી જ વિષયો સારા લાગે છે; જ્યારે હૃદયમાં તત્ત્વજ્ઞાનના વિચારો આવે છે, ત્યારે તે વિષયોનું સુખ રૂચિકર લાગતું નથી.

द्रुतविलम्बित.

ददति तावदमी विषयाः सुखं, स्फुरति यावदियं हृदि मूढता ।
मनसि तत्त्वविदां तु विचारके, क्व विषयाः क्व सुखं क्व परिग्रहः ॥१५॥

જ્યાંસુધી હૃદયની અંદર મૂઢતા સ્ફુરણાયમાન થાય છે, ત્યાંસુધી જ આ ઇંદ્રિયોના વિષયો સુખ આપે છે, પરંતુ જ્યારે મન તત્ત્વજ્ઞાનનો વિચાર કરનારૂં થાય છે, ત્યારે પછી વિષયો કયાં ? સુખ કયાં ? અને પરિગ્રહ કયાં ? અર્થાત્ હૃદયમાં તત્ત્વજ્ઞાન થવાથી વિષયો, સુખ અને પરિગ્રહ રૂચિકર લાગતા નથી. ૧૫

એક રાજાને ઉદ્દેશીને કોઇ મહાત્મા કહે છે કે ખરા સત્પુરૂષને દુર્જનના સંગનો દોષ પણ લાગતો નથી.

मालिनि (१६-१७)

भवति किल विनाशो दुर्जनैः सज्जनाना-
मिति वदति जनोऽयं सर्वमेतद्धि मिथ्या ।
भुजगफणमणीनां किं निमित्तं हि राजन् ,
न भवति विषदोषो निर्विषो वा भुजङ्गः ॥१६॥

હે રાજા લોકો કહે છે કે, દુર્જનોની સાથે રહેનારાઓનો વિનાશ થઇ જાય છે. પણ એ વાત મિથ્યા છે. કારણ કે, સર્પની ફણા ઉપર રહેલા મણિઓને સર્પના વિષનો દોષ લાગતો નથી, તેનું શું કારણ? અથવા શું સર્પ નિર્વિષ છે, એમ સમજવું? અથવા મણિના સહવાસથી સર્પ પણ નિર્વિષ થતો નથી. ૧૬

મુમુક્ષુ પુરૂષોને મન અને શરીર ઉપર કોઇ જાતનું દુઃખ લાગતું નથી.

क्षितितलशयनं वा प्रान्तभैक्षाशनं वा, सहजपरिभवो वा नीचदुर्भाषितं वा ।
महति फलविशेषे नित्यमभ्युद्यतानां, न मनसि न शरीरे दुःखमुत्पादयन्ति ॥१७॥

જે મહા પુરૂષો મોક્ષનું મોટું ફળ મેળવવાને માટે હંમેશાં ઉદ્યમવંત થયેલા છે, તેમના મન અને શરીરને પૃથ્વી ઉપર શયન, ભિક્ષાનું જેવું તેવું ભોજન, સ્વાભાવિક પરિભવ, અથવા નીચ લોકોનાં દુર્વચનો દુઃખ ઉત્પન્ન કરી શકવાં નથી. ૧૭

ઉત્તમ પુરૂષોને પ્રાણાંતકાળે પણ પ્રકૃતિમાં વિકૃતિ થતી નથી.

*मन्दाक्रान्ता (૧૮-૧૯)

दग्धन्दग्धम्पुनरपि पुनः काञ्चनं कान्तवर्णं,
घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम् ।
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादितं चेक्षुदण्डं,
प्राणान्तेऽपि प्रकृतिविकृतिर्जायते नोत्तमानाम् ॥ १८॥

સોનાને જેમ જેમ બાળે તેમ તેમ તે વિશેષ ચળકતું થાય છે, ચંદનને જેમ જેમ ઘસવામાં આવે તેમ તેમ તે વિશેષ સુગંધી બને છે અને શેલડીને જેમ જેમ કાપવામાં આવે, તેમ તેમ તે વધારે સ્વાદિષ્ટ બને છે, તે ઉપરથી સમજવાનું કે, પ્રાણાંત થાય તોપણ ઉત્તમ પુરૂષોની પ્રકૃતિમાં વિકાર થતો નથી. ૧૮

સાધુપુરૂષને દુર્જન ગમે તેટલું દુઃખ આપે તોપણ તે પોતાનો સત્સ્વભાવ છોડતો નથી.

अस्यत्युच्चैः शकलितवपुश्चन्दनो नात्मगन्धं,
नेक्षुर्यन्त्रैरपि मधुरतां पीड्यमानो जहाति ।
यद्वत्स्वर्णन्न चलति हितं छिन्नघृष्टोपतप्तं,
तद्वत्साधुः कुजननिहतोऽप्यन्यथात्वं न याति ॥ १९ ॥

मन्दाक्रान्ता વૃત્તનું લક્ષણ. "मन्दाक्रान्ता जलधिषडगैर्म्भौ नतौ ताद्गुरु चेत्." જેમાં મગણ, ભગણ, નગણ, તગણ અને તગણ પછી બે ગુરૂ અક્ષર આવે અને જેનો ઉચ્ચાર કરતાં ચાર, છ અને સાત અક્ષરે વિરામ આવે તે મન્દાક્રાન્તા છંદ કહેવાય છે.

જેમ ચંદનના શરીરને કાપીને ઘસવામાં આવે છે, તોપણ તે પોતાની સુગંધ છોડતું નથી. શેલડીના સાંઠાને યંત્રમાં પીલવામાં આવે છે, તોપણ તે પોતાની મધુરતા છોડતો નથી, અને સુવર્ણને કાપી ટીપી અને તપાવવામાં આવે છે, તોપણ તે પોતાની કાંતિથી ચલિત થતું નથી, તેમ સજ્જન પુરૂષ દુર્જનોથી પીડિત થાય તોપણ તે અન્યથા થતો નથી, એટલે પોતાની સજ્જનતા તોડતો નથી. ૧૯

વિકારી પદાર્થોને ખાનારા પુરૂષો જો ઈંદ્રિયનો નિગ્રહ કરી શકે તો પછી સમુદ્રમાં વિંધ્યાચલ પર્વત તરે, એ વાત સત્ય ગણાય.

शार्दूलविक्रीडित.

विश्वामित्रपराशरप्रभृतयो वाताम्बुपर्णाशनाः
तेऽपि स्त्रीमुखपङ्कजं सुललितं दृष्ट्वैव मोहं गताः।
शाल्यन्नं सघृतं पयोदधियुतं ये भुञ्जते मानवाः,
तेषामिन्द्रियनिग्रहो यदि भवेद्विन्ध्यस्तरेत्सागरम् ॥२०॥

વિશ્વામિત્ર અને પારાશર વગેરે મુનિઓ પવન, પાણી અને પાંદડા ખાઇને રહેનારા હતા. તો પણ સ્રીના સુંદર મુખ કમળને જોઇને મોહ પામી ગયા હતા, તો પછી જે મનુષ્યો ઘી, દુધ અને દહીં સાથે ઉંચી જાતનું અન્ન ખાનારા છે, તેવાઓ જો ઈંદ્રિઓનો નિગ્રહ કરી શકે તો પછી વિંધ્યાચલ પર્વત સમુદ્ર ઉપર તરે એ વાત સંભવે. ૨૦

ઉપરના શ્લોકનો ઉત્તર આપતાં કવિ કહે છે કે,

ઈંદ્રિય નિગ્રહ કરવાની શક્તિ આહારને આધીન નથી પણ મનને આધીન છે, તેનું દૃષ્ટાંત.

वसन्ततिलका.

सिंहो बली द्विरदशोणितमांसभोजी, सम्वत्सरेण कुरुते रतिमेकवारम् ।
पारावतः खरशिलाकणभक्षणेन, कामी भवत्यनुदिनं वद कोऽत्र हेतुः ॥ २१ ॥

જે સિંહ બલવાન્ હાથીઓના રૂધિર અને માંસને ખાનારો છે. તે વર્ષમાં એક વાર વિષય ભોગ કરે છે. અને જે પારેવા પક્ષી રેતીના કઠોર કણનું ભક્ષણ કરે છે, તે પ્રતિદિવસ કામી થાય છે. કહો તેનું શું કારણ ? ૨૧

ઉપરના શ્લોકનું જ સમર્થન કરતાં કહે છે કે,

વિષયો કાયર પુરૂષને વશ કરી શકે છે, સત્પુરૂષને વશ કરી શકતા નથી.

આર્યા.

विषयगणः कापुरुषं, करोति वशवर्तिनं न सत्पुरुषं ।
बध्नाति मशकमेव हि, लूतातन्तुर्न मातङ्गम् ॥ २२ ॥

ઇંદ્રિયોના વિષયોનો સમૂહ નઠારા પુરૂષ એટલે વિષયવાનને વશ કરે છે પણ જે સત્પુરૂષ છે, તેને વશ કરી શકતો નથી. કરોળીયાનો તંતુ મશલાને બાંધી લે છે પણ હાથીને બાંધી શકતો નથી. ૨૨

જગત્માં જે વડા (મોટા) કહેવાય છે, તે દુઃખ પામતા પણ પોતાની વડાઇ છોડતા નથી.

ઈંદ્રવિજય છંદ.

*મારી કુટી ચકચૂર કરી, ભભરાવીએ ભૂકી મરી મરચાની;
મિશ્રિત ખારતણું જળ છાંટી, પીડા કરી વેલણથી વણવાની;
અંતર છેદ કરી ઉચકી, તળીયે વળી તેલ વિષે તપતાની;
તોપણ પંડ જણાય પ્રફુલિત, વિશ્વ વિષે જુઓ રીત વડાની. ૨૩

આ પ્રમાણે કહી સાધુ સરળતા અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सुवक्ता–अधिकार.

મહાન પુરૂષોનું સદા નિર્વિકારી સ્વરૂપ છે, એ વાત પૂર્વના અધિકારમાં દર્શાવી, હવે સુવક્તા–સારા વક્તા પુરૂષો કેવા હોય છે ? તે વિષેનો આ અધિકાર દર્શાવવામાં આવે છે. કારણ કે, જે સદા નિર્વિકારી રહેનારા હોય. તેવા પુરૂષો જો સુવક્તા હોય તો સુવર્ણ અને સુગંધનો યોગ ગણાય છે. ઉત્તમ સુવક્તાની વાણીમાં દિવ્ય, આકર્ષક ગુણ રહેલો છે, તે વાણી વિદ્યુત્ના ચમકારાની જેમ શ્રોતાઓના આસ્તિક હૃદય ઉપર સારી અસર કરી શકે છે. સુવક્તાની વાણીનું બળ વિશ્વમાં સર્વોત્તમ ગણાય છે અને તેના દિવ્ય પ્રભાવથી ધર્મ, નીતિ અને વ્યવહારની ભાવનાઓ પ્રવર્ત્તે છે, સુવક્તા એ વિશ્વની માનસ શક્તિનો મહાન્ પ્રેરક અને પ્રવર્તક ગણાય છે.

* દલપત કાવ્ય ભાગ ૨ જો.

જેઓ જગતનો ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખનારા છે, તેવા સુ-વક્તાઓ દુર્લભ છે.

अनुष्टुप्. (१ थी ७)

जना घनाश्च वाचालाः, सुलभाः स्युर्वृथोत्थिताः ।
दुर्लभा ह्यन्तरार्द्रास्ते, जगदभ्युज्जिहीर्षवः ॥ १ ॥

વૃથા ઉઠી વાચાળ થનારા પુરૂષો અને મેઘ સુલભ છે, પણ જેઓ જગતનો ઉદ્ધાર કરવાની ઇચ્છાવાળા છે, અને અંતરમાં આર્દ્ર રહેનારા છે, તેવાઓ દુર્લભ છે. એટલે જેમ ગાજતા મેઘ વરસતા નથી તેમ કેવળ વાચાળ પુરૂષો કાંઇ કામના નથી. ૧

જે વાણી સ્વજન, પરજન, વિદ્વાન્, મૂર્ખ અને શત્રુના મનને આ-કર્ષે તેજ વાણી સભામાં બોલવા યોગ્ય છે.

तास्तु वाचः सभायोग्या याश्चित्ताकर्षणक्षमाः ।
स्वेषां परेषां विदुषां, द्विषामविदुषामपि ॥ २ ॥

જે વાણી મિત્ર અને સામાન્ય મનુષ્યો, વિદ્વાનો, શત્રુઓ, અને મૂર્ખોના ચિત્તને આકર્ષણ કરવામાં શક્તિવાળી થાય છે તે વાણી સભાને યોગ્ય જાણવી. ૨*

સુવક્તાની બુદ્ધિ, કર્મ અને મન બીજાના કરતાં વિલક્ષણ હોય છે અને તે સદા એક વચની હોય છે.

तीक्ष्णा नारुन्तुदा बुद्धिः, कर्म शान्तं प्रतापवत् ।
नोपतापि मनः सोष्म, वागेका वाग्मिनः सतः ॥ ३ ॥

સત્પુરૂષની બુદ્ધિ તીક્ષ્ણ છતાં મર્મસ્થળને પીડા કરનારી નથી. તેનું કર્મ શાંત છતાં પ્રતાપી છે, તેનું મન ગરમ છતાં પરિતાપવાળું નથી અને તે વકતા છતાં તે એક વચની હોય છે. ૩

ઉચ્ચ આશયવાળો સુવકતા કેવું વચન બોલે છે ? તે કહે છે.

प्रासादरम्यमोजस्वि, गरीयो लाघवान्वितम् ।
साकाङ्क्षमनुपस्कारं, विष्वग्गति निराकुलम् ॥ ४ ॥
न्यायनिर्णीतसारत्वान्निरपेक्षमिवागमे ।
अप्रकम्प्यतयान्येषामाम्नाय वचनोपमम् ॥ ५ ॥

---

* ૨ થી ૭ સુભાષિત રત્ન ભાંડાગાર.

अलङ्घ्यत्वाज्जनैरन्यैः, क्षुभितोदन्वदूर्जितम् ।
औदार्यादर्थसम्पत्तेः, शान्तं चित्तमृषेरिव ॥ ६ ॥
इदमीदृग्गुणोपेतं, लब्धावसरसाधनम् ।
व्याकुर्यात्कः प्रियं वाक्यं, यो वक्ता नेदृगाशयः ॥७॥

જે વચન તીવ્ર છતાં પ્રાસાદ ગુણથી રમણીય છે, જે પ્રૌઢ છતાં લઘુતાવાળું છે, જે આકાંક્ષાવાળું છતાં ઉપસ્કાર વગરનું છે, જે ચોતરફ લાગુ પડતું છતાં આકુળતાથી રહિત છે. ૪

જે વચનનો સાર ન્યાયથી નિર્ણીત કરેલો હોય છે, તેને આગમની અપેક્ષા રહેતી નથી. અને જે વચન કોઈથી પરાભૂત થાય તેવું ન હોવાથી બીજાઓને આમ્નાય-આગમોના વચન જેવું થઇ પડે છે. ૫

જે વચન અન્ય જનોને અલંઘ્ય હોવાથી ખળભળેલા સમુદ્રના જેવું ઉગ્ર છે અને જે વચન અર્થ સંપત્તિના ઔદાર્ય (મહત્તા) ને લઇને મુનિના ચિત્તના જેવું શાંત છે. ૬

આવા ગુણવાળું અને અવસરે સાધનરૂપ થનારૂં પ્રિય વચન એવા આશયવાળો વક્તા ન હોય તો બીજો કોણ બોલી શકે ? ૭

જે સુવક્તાની વાણી પ્રસંશા પાત્ર ગણાય છે, તે તેના આશ્રયનો પ્રભાવ છે.

उपजाति (૮ થી ૧૦)

तथा च यत्किञ्चिदहं ब्रुवेऽहं, सोऽयं प्रभावहः सकलः प्रभूणाम् ।
यद्दर्दुरो नृत्यति नागमौलौ, नान्योनरेन्द्रादिह हेतुरस्ति ॥ ८ ॥

હું જે કાંઇ કહું છું, તે સર્વ પ્રભાવ પ્રભુઓનો છે. જે દેડકો સર્પના મુગટ ઉપર નૃત્ય કરી શકે, તેનું કારણ નરેંદ્ર (ગારૂડી[1]) શિવાય બીજું નથી. ૮*

આગમના બહુ શ્રુત સદ્વક્તાઓ લોકનું કલ્યાણ કરીશકે છે.

द्रव्यादिसाफल्यमतुल्यचेतोनैर्मल्यवात्सल्यगुणान् दधानाः ।
भव्या भवन्त्यागमवाचनायां, त्रिधा प्रवृत्ताः शुभराजिभाजः ॥ ९ ॥

૧ ગારૂડી લોકો સર્પને વશ કરી તેના માથા ઉપર દેડકાને નચાવવાની રમત કરે છે.

* ૮ થી ૧૦ સૂક્તિમુક્તાવલી.

જે ભવ્ય પુરૂષો દ્રવ્યાદિની અનુકૂળતા, ચિત્તની અનુપમ નિર્મળતા અને વાત્સલ્ય ગુણોને ધારણ કરનારા થઇ મન, વચન અને કાયાથી આગમની વાચનામાં પ્રવૃત્ત થાય છે, તેઓ કલ્યાણની શ્રેણીને ભજનારા થાય છે. ૯

સુવક્તાનો હિતોપદેશ સાંભળવાથી શાસ્ત્રોના સર્વ આશયો જાણી શકાય છે.

समृद्धिवृद्धी प्रभुता प्रतिष्ठा, जिनत्वमन्येऽपि मनोज्ञभावाः ।
हितोपदेशश्रवणे भवन्ति, ते चात्र शास्त्रे सकला भवन्ति ॥ १० ॥

સમૃદ્ધિ, વૃદ્ધિ, પ્રભુતા, પ્રતિષ્ઠા, અને તીર્થંકરપણું અને તે શિવાય બીજા જે જે ઉત્તમ ભાવો હિતોપદેશ સાંભળવામાં રહેલા છે, તે બધા આલોકમાં શાસ્ત્રની અંદર આવી જાય છે. ૧૦

કોઇ એક ધનવાન્ લક્ષ્મીની અન્ધતામાં અંજાઇને મહાન્ સુવક્તાને સત્ય બોધ દેતા અટકાવવાનો પ્રયત્ન કરતો જોઇ ને કવિ કહે છે કેઃ—

સત્ય કહેનારા સુવક્તાને લક્ષ્મીની લાલચ અટકાવી શકતી નથી.

मालिनी.

अधिगतपरमार्थान्पण्डितान्मावमंस्था स्तृणमिव लघुलक्ष्मीर्नैवतान्संरुणद्धि ।
मदमिलितमिलिन्दश्यामगण्डस्थलानां, न भवति बिसतन्तुर्वारणं वारणानाम् ॥ ११ ॥

જેમણે પરમાર્થ જાણેલો છે એવા પંડિતોની અવજ્ઞા તું કરીશ નહીં, કારણ કે, તૃણના જેવી હલકી લક્ષ્મી તેઓને રોકી શકવાની નથી. મદથી એકઠા થયેલા ભ્રમરાઓ વડે જેમના ગંડસ્થળ શ્યામ બની ગયેલા છે એવા ગજેંદ્રોને કમળના રેસાનો તંતુ અટકાવી શકતો નથી. ૧૧

કેવા ગુણવાળો સુવકતા સત્પુરૂષોનો પણ ગુરૂ બની શકે છે. ?

हरिणी.

श्रुतमविकलं शुद्धावृत्तिः परप्रतिबोधने, परिणतिरुरूद्योगो मार्गप्रवर्तनसद्विधौ ।
बुधनुतिरनुत्सेको लोकज्ञता मृदुता स्पृहा,यतिपतिगुणा यस्मिन्नन्ये च सोऽस्तु गुरुस्सताम् १२

પરિપૂર્ણ સત્ શાસ્ત્ર, શુદ્ધ વૃત્તિ, બીજાઓને પ્રતિબોધ કરવામાં પરિણતિ, માર્ગાનુસારિપણાની વિધિમાં મહાન્ ઉદ્યોગ, વિદ્વાનોની પ્રશંસા કરવાની પ્રવૃત્તિ,

નિરભિમાનિતા, લોકજ્ઞતા, કોમળતા, અને નિઃસ્પૃહતા–એ અને બીજા ઉત્તમ મુનિઓના ગુણો જેનામાં રહેલા છે, તેવો પુરૂષ સત્પુરૂષોનો ગુરૂ થાઓ. ૧૨

સુવકતાએ કેવા ગુણો ધારણ કરી મધુર અક્ષરોથી ધર્મ કથા કહેવી જોઇએ.

शार्दूलविक्रीडित. (१३–१४)

प्राज्ञः प्राप्तसमस्तशास्त्रहृदयः प्रव्यक्तलोकस्थितिः,
प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेव दृष्टोत्तरः ।
प्रायः प्रश्नसहः प्रभुः परमनोहारी परानिन्दया,
ब्रूयाद्धर्मकथां गणी गुणनिधिः प्रस्पष्टमिष्टाक्षरः ॥ १३ ॥

પ્રાજ્ઞ, સર્વ શાસ્ત્રના આશયને સમજનાર, લોકસ્થિતિને જાણનાર, કોઇની આશા–સ્પૃહા નહીં રાખનાર, ઉત્તમ બુદ્ધિવાન્, શમતાવાન્, પ્રથમથીજ ઉત્તમ જાણી લેનાર, પ્રાયે કરીને પ્રશ્નોને સહન કરનાર, એટલે બીજાના પ્રશ્નોથી કંટાળો નહીં પામનાર, સમર્થ, પરનિંદાનો ત્યાગ કરવાથી બીજાઓના મનને હરનાર, ગુણોના ભંડાર રૂપ અને સ્પષ્ટ મધુર–અક્ષરો બોલનાર એવા ગણી ગુરૂએ ધર્મ કથા કહેવી જોઇએ અર્થાત્ એવો પુરૂષ ધર્મ કથા કરવાને યોગ્ય છે. ૧૩

સુવકતાના મુખમાંથી કેવાં વચનો નીકળવાં જોઇએ ?

तद्वक्ता सदसि ब्रवीतु वचनं यच्छृण्वतां चेतसः,
प्रोल्लासं रसपूरणं श्रवणयोरक्ष्णोर्विकासश्रियम् ।
क्षुन्निद्राश्रमदुःखकालगतिहृत्कार्यान्तरप्रस्मृतिं,
प्रोत्कण्ठामनिशं श्रुतौ वितनुते शोकं विरामादपि ॥ १४ ॥

સભામાં વક્તાએ તેવું વચન બોલવું કે, જે શ્રવણ કરનાર શ્રોતાનાં ચિત્તને ઉત્તમ પ્રકારના રસને પૂરી આનંદ પૂર્વક ઉલ્લાસ પમાડે, કાન અને નેત્રોને જે વિકસિત કરે, ક્ષુધા, નિદ્રા, શ્રમ, દુઃખ, કાળ, અને ગતિને જે હરણ કરે, જે બીજા કાર્યને ભૂલાવે, સાંભળવામાં જે હમેશાં ઉત્સુકપણું રખાવે અને જ્યારે વચન (કથા) બંધ થાય ત્યારે શોક ઉત્પન્ન થાય. ૧૪

રસજ્ઞ સુવકતાએ સભામાં કેવાં વચનો ઉચ્ચારવાં જોઇએ. ?

स्रग्धरा.

तथ्यं पथ्यं सहेतु प्रियमितमृदुलं सारवद्दैन्यहीनं,
साभिप्रायं दुरापं सविनयमशठं चित्रमल्पाक्षरं च

बह्वर्थं कोपशून्यं स्मितयुतघनदाक्षिण्यसन्देहहीनं,
वाक्यं ब्रूयाद्रसज्ञः परिषदि समये सप्रमेयाममत्तम् ॥ १५ ॥

રસજ્ઞાતા મનુષ્યે સભામાં યોગ્ય સમયમાં સાચું, હિતકર, સપ્રમાણ, પ્રીતિકર, કોમળ, સારવાળું, દીનતારહિત, અભિપ્રાયવાળું, દુર્લભ, વિનયવાળું, શઠતાવિનાનું, ચિત્રવિચિત્ર, થોડા અક્ષરવાળું, બહુ અર્થવાળું, કોપરહિત, હાસ્યયુક્ત, બહુ હુશીયારીવાળું, સંદેહ વિનાનું વાક્ય બોલવું. ૧૫

આ પ્રમાણે કહી આ સુવક્તા અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

शिष्य हितोपदेश–अधिकार.

સુવક્તા કેવો હોય ? તેનામાં કેવા કેવા ગુણો જોઇએ ? અને તેના મુખમાંથી કેવાં વચનો નીકળવાં જોઇએ, એ સમજૂતી આપી હવે આ અધિકારમાં સુવક્તા ગુરૂની કટુવાણી પણ પરિણામે હિતકારી હોવાથી તે સર્વ પ્રકારે ગ્રાહ્ય છે, એ વિષે વિવેચન કરવામાં આવશે. દીર્ઘ દર્શી અને પ્રાણી માત્રનું હિત કરનાર શુદ્ધ ઉપદેશક ગુરૂની વાણી કદિ કઠોર લાગતી હોય તથાપિ તેની અંદર લોકોના કલ્યાણની વાર્તા હોવાથી, તે સર્વ પ્રકારે માન્ય અને ગ્રાહ્ય હોય છે. તે વિશેષે જણાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

પ્રિયવાદી ઘણાં મળી આવે છે, પરંતુ અપ્રિય અને હિતકારી વક્તા અને તેનો શ્રોતા મળવા દુર્લભ છે.

अनुष्टुप्. (૧ થી ૪)

सुलभाः पुरुषा राजन्, सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य, वक्ता श्रोता च दुर्लभाः ॥ १ ॥

હે રાજન્ ! હમેશાં પ્રિય બોલનાર પુરૂષો મળવા સુલભ છે પણ કઠોર અને પથ્ય (ફાયદા કારક) બોલનાર અને તેને (કઠોર અને પથ્યને) શ્રવણ કરનાર પુરૂષો મળવા દુર્લભ છે. ૧

વક્રતા કર્યા વિના સરળતા જાણી શકાતી નથી.

कार्या कार्याय कस्मैचित्सरलैरपि वक्रता ।
ऋजुतां वस्तुनो वेत्ति, किं चक्षुः कूणनं विना ॥२॥

સરળ પુરૂષોએ પણ કોઈ કાર્યને માટે વક્રતા કરવી જોઈએ. નેત્ર ખૂણાની વક્રતા કર્યા વિના શું વસ્તુની સરળતા જાણી શકે છે? ૨

જેની પાસે વૈદ્ય, મંત્રી અને ગુરૂ ખુશામતીયા હોય તે રાજા સર્વ રીતે પાયમાલ થઈ જાય છે.

वैद्यो गुरुश्च मन्त्री च, यस्य राज्ञः प्रियंवदाः ।
शरीरधर्मकोशेभ्यः, क्षिप्रं स परिहीयते ॥ ३ ॥

જે રાજાની આગળ વૈદ્ય, ગુરૂ અને મંત્રી પ્રિયવાદી હોય તે રાજા શરીર, ધર્મ અને ખજાનામાં સત્વર હીન થઈ જાય છે ૩

વડીલોનાં વચનો કઠોર હોય તો પણ સજ્જન શ્રોતાના મનને ખીલાવે છે.

विकाशयन्ति भव्यस्य, मनोमुकुलमंशवः ।
रवेरिवारविन्दस्य, कठोराश्च गुरूक्तयः ॥ ४ ॥

જેમ સૂર્યનાં કિરણો કમળની કળીને ખીલાવે છે, તેમ ગુરૂ (વડિલ જન) નાં કઠોર વચનો ભવ્ય પુરૂષની મનરૂપી કળીને ખીલવે છે. ૪

વડિલોના કઠોર વચનોના તિરસ્કારથી ઉલટી મહત્તા પ્રાપ્ત થાય છે.

उपजाति.

गीर्भिर्गुरूणां परुषाक्षराभि स्तिरस्कृता यान्ति नरा महत्त्वं ।
अलब्धशाणोत्कषणा नृपाणां, न जातु मौलौ मणयो वसन्ति ॥ ५ ॥

માતા, પિતા, ગુરૂ કે વડિલોની કઠોર વાણી વડે તિરસ્કાર થયેલા પુરૂષો પરિણામે મોટી પદવી પામે છે. જ્યાં સુધી વડિલોની કઠોર વાણીથી અપમાન ન પામ્યા હોય ત્યાં સુધી મોટી પદવી પામતા નથી. જેમ શાણ પર નહિ ઘસાયલા મણિ હોય, તે રાજાઓના મુકુટના સ્થાનને કયારે પણ પામતા નથી. (અર્થાત્ શાણથી ચળકેલા મણીઓ રાજાના મુકુટમાં મેલવામાં આવે છે.) ૫+

નીચ માણસના સંસર્ગના લાભના કરતાં સારા માણસ તરફથી અપમાન સારૂં છે.

वंशस्थवृत्त. (૬-૭)

वरं सखे ! सत्पुरुषापमानितो, न नीचसंसर्गगुणैरलङ्कृतः ।
वराश्वपादेन हतो विराजते, न रासभस्योपरि संस्थितो नरः ॥ ६ ॥

+ ૫ થા ૮ સુભાષિત રત્ન ભાંડાગાર.

હે મિત્ર! સત્પુરૂષોથી અપમાન પામવું સારૂં પરંતુ નીચના સંસર્ગ રૂપ ગુણો વડે સુશોભિત થવું એ સારૂં નથી; જેમકે સુંદર ઘોડાની લાત ખાવી સારી પરંતુ ગધેડા ઉપર સ્વારી કરવી એ યોગ્ય નથી. ૬

આલોકમાં સ્વાદિષ્ટ અને હિતકારી ઔષધની જેમ વિદ્વાન્ મિત્ર મળવો દુર્લભ છે.

मनीषिणः सन्ति न ते हितैषिणो, हितैषिणः सन्ति न ते मनीषिणः ।
सुहृच्च विद्वानपि दुर्लभो नृणां, यथौषधं स्वादु हितं च दुर्लभम् ॥ ७ ॥

જે પુરૂષો બુદ્ધિમાન્ હોય છે, તે (આપણું) હિત ઇચ્છનારા હોતા નથી. અને જેઓ આપણું હિત ઇચ્છનારા છે. તેઓ (ઘણું કરીને) બુદ્ધિવાળા નથી. જેમ સ્વાદિષ્ટ તથા પથ્ય (હિતકારક) ઔષધ મળવું દુર્લભ છે, તેમ મનુષ્યોને વિદ્વાન્ તથા હિતચિંતક મિત્ર મળવો દુર્લભ છે. ૭

જેમ કેસર કડવું છતાં રમણીય લાગે છે, તેમ વિદ્વાન્ માણસોનો રોષ પણ રમણીય લાગેછે.

वसन्ततिलका.

विश्वाभिरामगुणगौरवगुम्फितानां, रोषोऽपि निर्मलधियां रमणीय एव ।
लोकप्रियैः परिमलैः परिपूरितस्य, काश्मीरजस्य कटुतापि नितान्तरम्या ॥८॥

જગતને આનંદ આપનાર એવા ગુણોના ગૌરવથી સંયુક્ત એવા સ્વચ્છ બુદ્ધિવાળા મનુષ્યોને કદાચ કોપ ઉત્પન્ન થાય તો સારો માનવો; કારણ કે મનુષ્યોને પ્રીય એવી સુગંધથી પરિપૂર્ણ કેસરની કડવાશ, હમેશાં મનોહર ભાસે છે.

(અર્થાત્ જેમ કેશરની સુગંધથી તેમની કડવાશની કોઇ નિંદા કરતું નથી તેમ સત્પુરૂષનો ક્રોધ હિતકર હોવાથી તેમની પણ કોઈ નિંદા કરતું નથી.) ૮

આ પ્રમાણે કહી આ **શિષ્યહિતોપદેશ** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

શિષ્ય શૌર્યોપદેશ-અધિકાર.

મહાંત પુરૂષો—ગુરૂઓ જ્ઞાન ગોષ્ઠિથી આત્મહિત કરે છે એટલુંજ નહીં પણ બીજા મનુષ્યોને સ્તવન કરવાને અનેક શુભ સંસ્કારોવડે શિષ્ય પરંપરાને પોષી જગતમાં તેનો બહોળો વિસ્તાર કરે છે.

શિષ્ય પરંપરાને આપવાની હિત ઔષધી તેઓ કેવી રીતે પાય છે, તે આપણે પૂર્વ અધિકારમાં જોઇ ગયા છીએ. માતા જેમ બાળકના હિત માટે કડવું ઔષધ આપી બાળકને નિરોગી અને બળવાન્ રાખે છે તેમ ગુરૂ-શિષ્ય હિતાર્થે કટુતાથી પણ ઉપદેશ આપી તેને સરલ-ભદ્રિક બનાવે છે વળી તે સાથે તેનામાં નિસ્તેજ ભાવ ન આવે માટે શૌર્ય પણ રેડે છે. તેથી આ રીતે શિષ્યને જમાનો ઓળખાવી ઉપદેશ કરેલ દૃષ્ટાંત આ અધિકારમાં આપવામાં આવે છે.

જે શિષ્યે જ્ઞાન સંપાદન કરવા માટે કૃપાળુ ગુરૂથી થતું અપમાન સહન કર્યું નથી તે શિષ્ય સર્વ વિશ્વનું અપમાન વારંવાર સહન કરે છે પણ જે શિષ્યે ગુરૂનું અપમાન સહન કરી તેની ઇશ્વરની માફક પૂજા કરી બોધ ગ્રહણ કરેલ છે તે શિષ્ય કદી પણ લેશ માત્ર જગતનું અપમાન સહન કરતો નથી એટલે તે એટલો બધો વ્યવહાર તથા પરમાર્થમાં વધી જાય છે કે દરેક મનુષ્ય તેનું વર્તન તથા અભિપ્રાય લેવા વારંવાર સરલ અને ગુણ ગ્રાહી રહે છે.

શિષ્યોને શિક્ષા.

+હું તમોને આથી વહેલો પત્ર લખી શકયો નહિ તેનું કારણ હું ન્યુયોર્કથી બોસ્ટન આમતેમ પર્યટન કરતો હતો તે છે. હું હિંદમાં કયારે પાછો ફરીશ તે હું પોતે જાણતો નથી જે પ્રભુ મને પીઠ પાછળ રહી દોરે છે. તેનાજ હાથમાં સૌ વાત મૂકવી એ વધારે ઇષ્ટ છે. મારા વગર કાર્ય કરવામાં પ્રવૃત્ત રહો અને તે એવી રીતે કે જાણે હું કદી પણ અસ્તિત્વ ધરાવતો નહતો કોઈને માટે, યા કોઇ વસ્તુને માટે અટકી રાહ જોતાં બેસી ન રહો જે તમારાથી બની શકે તે કરો અને કોઇ ઉપર તમારી આશાનો મદાર બાંધો નહિ.

ભાષણનું કાર્ય મેં અહીં બહુ કર્યું છે. ખર્ચ પણ અહીં જબરદસ્ત થયેલ છે. જો કે ઘણા સુંદર અને મોટા કુટુંબવાળાએ મારી સંભાળ દરેક સ્થળે લીધી છે. છતાં મારી પાસેથી પૈસો ચાલ્યો જાય છે.

આ ઉનાળામાં હું અહીંથી વિદાય થઇશ કે નહિ તે હું જાણતો નથી બનતાં સુધી તો નહિ પણ તે દરમ્યાન તમે આપણી યોજનાને વ્યવસ્થિત કરી ગતિમાં મૂકો તમે સર્વ કરી શકો તેમ છો. તેમાં શ્રદ્ધા રાખો બરાબર સમજો કે ભગવાન આપણી સાથે જ છે. અને તેથી બહાદૂર આત્માઓ આગળ વધો ?

મારા પોતાના દેશમાં મારી પુરતી કદર થઇ છે. કદર કે નકદર પણ નિદ્રાવશ ન રહો, ધીમા ન પડો તમારે એજ યાદ રાખવાનું છે કે આપણી યોજનાનો કિંચિત્ અંશ માત્ર પણ અમલમાં હજુ સુધી આવ્યો નથી.

+ વિવેકાનંદ.

તમારૂં કાર્ય શિક્ષિત યુવક જનોપર બજાવો, તેમને એક સંપમાં લાવી વ્યવસ્થિત કરો. મહાન્ કાર્યો મહાન્ આત્મભોગથીજ બની શકે છે. કોઇ જાતની સ્વાર્થ પરાયણતાના, કોઇનાં નામ કે કીર્તિ મારાં કે તમારાં, અરે મારા ગુરૂનાં નામ કે કીર્તિ રાખવાની બીલકુલ જરૂર નથી. કાર્ય કરો વિચાર અને યોજનાને કાર્યમાં મૂકો-મારા શિષ્યો, મારા બહાદૂર, ઉમદા અને સંસ્કારી આત્માઓ!-કટી બદ્ધ થઇ ચક્રને ગતિમાન કરો નામ કે કીર્તિ કે એવા અર્થહીન મમત્વ માટે પાછળ જોવા અટકો નહિ પોતાની જાતને-મમત્વને કાઢી નાખી કાર્ય કરો તમે શીખી ગયા છો કે તૃણમાં તૃણ ભેગું કરી દોરડું વણીએ છીએ તે દોરડા વડે ગાંડો હાથી બાંધી શકાય છે, તે યાદ લાવો તમો સર્વ પર પ્રભુના આશીર્વાદ છે. તેમની શક્તિ તમારા સર્વમાં હો-તેવી શક્તિ તમારામાં કયારની છે તે હું માનું છું. જાગૃત થાઓ અને સાધ્ય જયાં સુધી પ્રાપ્ત નથી કર્યું ત્યાં સુધી વિરમો નહિ-**उत्तिष्ठत जागृत प्राप्य वरान्निबोधत**-એવું વેદો કહે છે. ઉઠો, ઉઠો લાંબી રાત્રી પસાર થઇ ગઇ છે. અને દિવસ આવે છે. સમુદ્રનું મોજું ઉછળ્યું છે. હવે તે ભરતીનું રૂપ લે છે. ત્યારે તેના વેગ સામે પ્રતિરોધ કરવા કંઇ પણ શક્તિમાન્ થઈ શકશો નહિ તે ભરતી તે મારા શિષ્યો! પ્રેમ છે! અરે પ્રેમ છે! શ્રદ્ધા છે! તો ભય ન રાખો, ભય તે તો મહાનમાં મહાન્ પાપ છે.

સર્વને મારા આશીર્વાદ છે, ત્યાં સર્વ ઉમદા જીવોને જેણે આપણા કાર્યમાં સહાય આપી છે. તેને કહેજો કે હું તેમને મારો શાશ્વત પ્રેમ અને ઉપકાર મોકલું છું, પણ તેમને ધીમા ન પડવાની યાચના કરૂં છું આ ભાવનો સર્વ સ્થલે પ્રચાર કરો અભિમાની બનશો નહિ; અને મતવાદ પર આગ્રહ રાખશો નહિ આપણું કાર્ય રસાયનિક વસ્તુઓ એકઠી કરી મૂકવાનું છે. અને તેનુ વર્ગી કરણ-પૃથક્ કરણ જે રૂપ લે છે. તે તો ભગવાન્ જ જાણે છે સૌ કરતાં વિશેષ તો એ છે કે મારી તમારી ફતેહ થાય તેથી ફુલાઇ જશો નહિ. મહાન્ કાર્યો કરવાનાં છે. જે કરવાનું રહે છે તેના પ્રમાણમાં આ નાની ફતેહ શું વિસાતમાં છે? શ્રદ્ધા, દ્રઢ શ્રદ્ધા રાખો કે પ્રભુની આજ્ઞા થઇ છે ઇશ્વરનો જુસ્સો આગળ વધ્યો છે કે હિંદ જાગૃત થશે જ હિંદના સામાન્ય પ્રજા જનો અને ગરીબો સુખી થવાના છે. હર્ષિત થાઓ, અધ્યાત્મિક જલવેગ ઉછળ્યો છે; તે જલ ભૂમિ પર પસાર થાય છે, કોઇ તેને અટકાવી શકતું નથી, પ્રમાણમાં સીમા વગરનું આગળ ધસે છે, અને સર્વને પોતામાં સમાવી દે છે એવું હું જોઉં છું-દરેક માણસ મોખરે આવે છે, દરેક સારૂં સારૂં તે વેગના બલમાં ઉમેરાતું જાય છે, દરેક બલ પોતાના માર્ગને સહેલો કરે છે, અને તેનો જશ ઇશ્વર પર છે.

મને કોઇ પ્રકારની સહાયની અપેક્ષા નથી. એક ફંડ એકઠું કરવા મંડો, તે ફંડમાંથી થોડાંક મેજીક લેંટર્ન (જાદુઇ ફાનસ) નકશા પૃથ્વીના

ગોળાઓ વગેરે થોડા રસાયનિક પદાર્થો ખરીદ કરો પછી સાંજે ગરીબ અને હલકા વર્ણના માણસોનું ટોળું અરે? તેમાં શૂદ્ર જાતિના માણસો પણ ભેગા કરો અને તેમની આગળ પ્રથમ ધર્મ સંબંધો ભાષણો આપો; અને પછી મેજીક લેંટર્ન અને બીજી વસ્તુઓ દ્વારા ખગોળ વિદ્યા ભૂગોળ આદિ શાસ્ત્રો લોક ભાષામાં શીખવો ઉત્સાહી યુવક જનોની મંડળીને કેળવો. તમારો જુસ્સો તેમાં રેડો, અને ધીમે ધીમે આ વ્યવસ્થિત મંડળને વધારે વિશાલ બનાવી વધારો જે સરસ બની શકે તે કરો, પણ નદીમાંથી સર્વ પાણી જતું રહે ત્યારે જ તે નદી ઓળંગવી એવા વિચારથી રાહ જોઇ બેસી ન રહો. બેશક માસિકો, લેખો વગેરે છાપવાં એ સારૂં છે, પણ શાશ્વત કાલ સુધી જે લખાણ લખીએ અને જે વાતો કરીએ તેના કરતાં અનંતમા ભાગ જેટલું પણ કાર્ય ચડે છે.

(મા) એક સભા બોલાવો, થોડા પૈસા મેળવો, અને જે હું હમણાં જણાવી ગયો તે વસ્તુઓ ખરીદો. પછી એક ઝુંપડું ભાડે રાખી તેમાં આ કાર્ય ચલાવો. માસિકો ગૌણ છે. પણ આ પ્રધાન છે. તમારો સામાન્ય પ્રજાજનો પર કાબુ હોવો જોઇએ. નાની શરૂઆત થાય તો તેથી બીઓ નહી કારણ કે મહાન્ વસ્તુઓ પછીથી આવે છે. ધૈર્યવાન્ થાઓ. તમે તમારા બંધુઓને દોરવાને પ્રયત્ન ન કરો. પણ તેમની સેવા કરવામાં પ્રવૃત્ત થાઓ. માણસોને દોરવાની પશુવત્ ઘેલછાથી જીવન રૂપી પ્રવાહમાં અનેક મ્હોટા વહાણો ડુબી ગયાં છે. આને માટે ખાસ સાવધ થતાં શીખો, મતલબ કે મરણ પર્યંત નિરવાર્થી બનો. જે મારે કહેવાનું હતું તે બધું હું લખી શકયો નથી, પણ મારા બહાદૂર પુત્રો! ભગવાન્ તમને બધુ સમજવાની બુદ્ધિ આપશે. તે તરફ મારા પુત્રો! પ્રયાણ કરો. પ્રભુનો જય થાઓ! આપનો પ્રેમશીલ વિવેકા—મારા બહાદૂર પુત્રો!—વ્યવસ્થિત સંસ્થાથી કામ ચાલવા દો....પ્રેમ, શુદ્ધ અંતઃકરણ પૂર્વક લાગણી અને ધૈર્ય—આ ત્રણ વસ્તુ સિવાય બીજું કંઇ ઉપયોગનું નથી. આ ત્રણુના બળથીજ સર્વ કાર્યની સિદ્ધિ છે. વૃદ્ધિ એટલે ઉત્તરોત્તર વધવું. પ્રેમ એજ મનુષ્ય જીવનનું રહસ્ય છે. તેથી સર્વ પ્રકારનો પ્રેમ એજ જીવન છે, તેજ જીવનનો કેવલ નિયમ છે, અને બધી જાતનો સ્વાર્થ એજ જીવનનો અંત–મરણ છે. આ વાત આ લોકમાં તેમજ પરલોકમાં સત્ય પ્રમાણ ભૂત છે. બીજાનું સારૂં કરવું એ જીવવું છે, બીજાનું સારૂં ન કરવું એ જીવવું નહિ પણ મરવું છે. તમે જુઓ છો કે મનુષ્ય જાતનો નેવું ટકા જેટલો ભાગ મૃતક છે—પિશાચો છે, કારણ કે મારા પુત્રો! જે પ્રેમવાન્ છે તે સિવાય કોઇ પણ જીવતું નથી. મારા બાલકો! લાગણી દર્શાવો! ગરીબ, અજ્ઞાની, દબાઇ ગયેલા એવાઓને માટે લાગણી રાખો! જ્યાં સુધી લાગણી બતાવતાં તમારૂં હૃદય બંધ પડી જાય મગજ બેશુદ્ધ બની જાય અને તમને જણાય કે હવે હું ગાંડો થઇ જઇશ. ત્યાંસુધી તમે

તેઓપર લાગણી બતાવો! આમ લાગણી બતાવતાં તમારી ઉપર કહેલી સ્થિતિ થાય, ત્યારે તમારો આત્મા પ્રભુના ચરણે મૂકો, એટલે તમારામાં અદ્દભુત શક્તિ, સહાય અને અતુલ કાર્ય શક્તિ આવશે. છેલ્લાં દશવર્ષો થયાં મારો મુદ્રા લેખ એ હતો કે જ્યાં સુધી કાર્ય ન થાય ત્યાં સુધી તે પાછળ મંડ્યા રહેવું પ્રયત્નો કર્યાજ કરવા; અને હજુ પણ એજ તમને કહું છું. જ્યારે સર્વત્ર અંધકાર સિવાય કંઈ દેખાતું ન હતું ત્યારે પણ હું તેજ મુદ્રાલેખનો-મંત્રનો જાપ કરતો; હમણાં જ્યારે જ્ઞાનનાં પ્રકાશનાં કિરણો અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, ત્યારે પણ હું તેજ કહું છું. મારા બાલકો! ભય બિલકુલ રાખશો નહિ, બીક મનમાં રાખી આકાશમાંના તારાની શ્રેણી સામું જાણે કે તે તમને કચરી નાખશે એવી રીતે ઊંચી દૃષ્ટિ કરશોજ નહિ. સબૂરી પકડો! થોડા કલાકમાં તે બધુ તમારે શરણે થશે. રાહ જુઓ, પૈસો કે કીર્તિ કે બુદ્ધિથી લાભ મેળવશો નહિ. પ્રેમજ સર્વ લાભ આપી શકે છે, શુદ્ધ વર્તનજ વિઘ્નોની વજ્રમય દિવાલોને ભેદી પોતાનો માર્ગ કાપી શકે છે.-હવે આપણી સન્મુખ જે પ્રશ્ન ખડો છે તે એ છેકે, સ્વતંત્રતા સિવાય જીવનની વૃદ્ધિ કદિ નથી. આપણા પૂર્વજોએ ધાર્મિક વિચારમાં સ્વતંત્રતા લીધી અને આપી અને તેના ફળ તરીકે આપણી પાસે અદ્દભુત ધર્મ છે; પણ તેઓ એ સમાજના પગમાં ભારે બેડીઓ નાંખી અને તેના ફળ તરીકે આપણી સમાજ ટુંકમાં કહીએ તો ભયંકર, પિશાચ સમાન છે. પશ્ચિમમાં સમાજને હમેશાં સ્વતંત્રતા હતી અને તેના ફળ તરીકે જુઓ? તેમની સમાજ કેટલી ગતિમાન્ થઇ છે? તેવીજ રીતે બીજી બાજુએ આપણો ધર્મ જુઓ? (તેપણ તેથીજ ગતિમાન થયો છે.)

જીવન વૃદ્ધિને માટે પહેલાં પ્રથમ સ્વતંત્રતા અત્યંત આવશ્યક છે. જેવી રીતે મનુષ્યને વિચારવાની અને બોલવાની સ્વતંત્રતાની જરૂર છે જ તેવી રીતે તેને જ્યાંસુધી તે બીજાને નુકશાન કરતો નથી ત્યાં સુધી ખોરાક, પોશાક અને લગ્નમાં, તેમજ બીજી બધી બાબતમાં સ્વતંત્રતાની જરૂર છે,

ભૌતિક સંસ્કૃતિથી વિરૂદ્ધ આપણે મૂર્ખ બની બોલીએ છીએ. કારણ કે દ્રાક્ષ ખાટી છે=એટલે તે મળી શકે તેમ નથી. એક વખત આ બધી મૂર્ખ વાતને પણ કબુલ કરીએ, તો આખા હિંદુસ્તાનમાં ધારો કે એક લાખ ખરા ધાર્મિક-આધ્યાત્મિક સ્ત્રી પુરૂષો છે. હવે આની આધ્યાત્મિક સ્થિતિ માટે ત્રીશ કરોડ માણસોની પ્રજાએ જંગલી દશામાં અને ભૂખે મરતા પડી રહેવું? શામાટે તેમણે ભૂખે મરવું? હિંદુઓને મુસલમાનોએ જીતી લીધા એનું શું કારણ? તેનું કારણ હિંદુઓનું ભૌતિક-જડવાદી સંસ્કૃતિનું અજ્ઞાન છે. મુસલમાનોએ પણ તેઓને દરજીએ બનાવેલાં કપડાં પહેરવાનું શીખવ્યું, શેરીની ધૂળ ખોરાકમાં ન ભેળવી શુદ્ધ-સ્વચ્છ રીતે ખાવાનુ મહોમેદનો પાસેથી હિંદુઓ શીખ્યા હતા. ભૌતિક સુધારણા બલ્કે મોજ શોખ પણ

જરૂરના છે કારણ કે તેથી ગરીબોની રોજી જાગેછે. રોજી! રોજી! જે પ્રભુ અહીં મને રોજી–રોટલી ન આપે, સ્વર્ગમાં શાશ્વત સુખ આપે તે પ્રભુને હું માનતો નથી. છટ! હિંદને ઉન્નત કરવાનો છે તેના ગરીબ માણસોને અનાજ પૂરૂં પાડવાનું છે, કેળવણીનો પ્રસાર કરવાનો છે, અને સાધુઓથી થતાં દુઃખનો નાશ કરવાનો છે, સાધુઓના પ્રપંચ મટે તો, સર્વ સામાજિક જૂલમ મટે તેમ છે! જેમ વધુ રોજી મળે તેમ દરેક માટે વધુ તક મળે છે! આપણા જુવાનો મૂર્ખા છે કે, અંગ્રેજો પાસેથી વધારે સત્તા મેળવવાને સભાઓ ભરે છે; જ્યારે તે અંગ્રેજો આ જોઇ ફક્ત હસે છે. જે સ્વાતંત્ર્ય આપવા તત્પર નથી તે સ્વતંત્રતા મેળવવા માટે લાયક નથી. ધારો કે અંગ્રેજો તેમને બધી સત્તા આપી દે, તેથી શું થશે? કે મેળવેલી સત્તાથી તેઓ લોકોને દાબશે, અને લોકો સ્વતંત્રતા માગશે તો આપશે નહિ. આથી એમ બનશે કે ગુલામોને સ્વતંત્રતા આપવાથી તે ગુલામો બીજા વધુ ગુલામો બનાવે છે.

હવે, સ્વતંત્રતાનો પ્રવેશ ધીમે ધીમે કરવાની જરૂર છે, અને આપણા ધર્મ ઉપર મુસ્તાક બની સમાજને સ્વાતંત્ર્ય આપો. સાધુ મહારાજોના પ્રપંચ પ્રાચીન ધર્મમાંથી નિર્મૂળ કરો, અને તેમ થતાં આખા જગતમાં આપણો ધર્મ ઉત્તમ રીતે પંકાશે. આ કહું છું તે યથા સ્વરૂપ તમે સમજી શકો છો? મારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે હિંદના ધર્મનું મિશ્રણ કરી યુરોપીઅન સમાજના ધોરણ ઉપર તમે તમારી સમાજ બનાવી શકો તેમ છે? મારી શ્રદ્ધા છે કે તે શક્ય છે, તે થવુંજ જોઇએ....ભવ્ય યોજના એ છે કે મધ્ય હિંદમાં એક સંસ્થાન એવું સ્થાપવું કે જ્યાં તમે સ્વતંત્ર રીતે તમારા પોતાના વિચારોનું પાલન કરી શકો, અને પછી જે થોડું અમૃત છે તે બધાને અમૃત મય કરશે. તે દરમ્યાન એક કેન્દ્રસ્થાનરૂપ સંસ્થા સ્થાપી તેની શાખાઓ આખા આર્યાવર્તમાં જુદી જુદી ફેલાવો, હમણાં તો તેને ધર્મના પાયાઓ ઉપર શરૂ કરો, પણ અત્યારે એકદમ હચમચાવી નાંખે એવા સાંસારિક સુધારાનો ઉપદેશ કરશો નહિ, ફક્ત મૂર્ખ વહેમો છે તેને ઉત્તેજન ન આપો, શંકરાચાર્ય, રામાનુંજ અને ચૈતન્ય જેવા પ્રાચીન મહાત્માઓએ બોધેલા સર્વ વ્યાપક મોક્ષના અને સમાનતાના પ્રાચીન પાયા ઉપર સમાજને સજીવન કરવાના પ્રયત્ન કરો.

જુસ્સો રાખી તેને સર્વત્ર ફેલાવો, કાર્ય કરો, બસ કાર્ય કરો. બીજાને દોરવા જતાં તમે સેવક બનો, નિઃસ્વાર્થી રહો, એક મિત્રનું બીજાપર આક્ષેપ કરતું કથન એકાંતમાં–ખાનગીમાં કદી ન સાંભળો, અનંત ધૈર્ય રાખો એટલે તમારો વિજયજ છે...બીજાની નિંદા ન થાય તેમ હમણાં ખાસ કાળજી–સાવધાની રાખો, હું મારા પત્રો તમને હમેશાં મોકલું છું તેનું કારણ એ નથી કે, મારા બીજા મિત્રો ઉપર તમે તમારૂં મહત્વ જણાવવાનો પ્રયત્ન કરો, હું જાણું છું કે તમે તેમ કરી મૂર્ખ કદી પણ બનશો નહિ; પણ તે છતાં તમને તે વિષે ચેતવણી આપવાની મારી ફરજ છે.

આમ થવાથીજ સર્વ વ્યવસ્થિત સંસ્થાઓ મરણ પામી છે. કાર્ય કરો બસ કાર્ય કરો. કારણ કે બીજાના ભલામાટે કાર્ય કરવું એજ જીવનું રહસ્ય છે—જીવન છે.

હું માત્ર એજ માગું છું કે દંભ, લુચ્ચાઇ, પ્રપંચ હોવાં ન જોઇએ. મેં હમેશાં પ્રભુપર વિશ્વાસ રાખ્યો છે, સૂર્યના પ્રકાશ સમાન વિશાલ જ્વલંત સત્યપરજ હમેશાં આધાર રાખ્યો છે, નામ, કીર્તિ મેળવવાને અરે! બીજાનું ભલું કરવા માટે પણ, તે મેળવવાને હું જેસ્યુટીસમ જેવો દંભ કરી મારા હૃદય ઉપર કલંક લઇ મરવા માગતો નથી. અસદાચરણનો એક શ્વાસ પણ, ખરાબ કાવાદાવાનું કલંક પણ હોવું ન જોઇએ. બહારનો દેખાવ, આડંબર, દંભ, ડોળ, એ સર્વ મિથ્યા છે, તેમાંનું કંઇ પણ ખુણામાં રહીને કરવાનું નથી. ગુરૂદેવ ઉપર ખાસ પ્રિયતા બતાવવાની નથી, અને કોઇ ગુરૂએ તે માટે કંઇ ઇચ્છા રાખવાની નથી. મારા બહાદુર પુત્રો! તમારે આગળ ધસવાનું છે. ધન મળો અગર ન મળો, મનુષ્યો મળો, યા ન મળો પણ આગળ ધસો. તમારામાં પ્રેમ છે, ઇશ્વર છે! તમે સામા શત્રુમાં ભંગાણ પાડો ત્યાં સુધી આગળ વધો અને ધસો. પછી તમારી સામે કોઇ થઇ શકનાર નથી. તમારૂં નામ કોઇ લઇ શકનાર નથી.—થીઓસોફીનાં માસિકો કહે છે કે, મારા વિજયનો માર્ગ બધો તેઓએ કરી આપ્યો; એ કેટલું બધું બેહુદું—અસત્ય—તદ્દન મિથ્યા-વચન છે.—સંભાળ રાખો, અને જે અસત્ય છે તે સર્વથી ચેતતા રહો. સત્યને વળગી રહો અને આપણે ધીમે ધીમે પણ સચોટ પણે વિજય પામીશું. હું કદિ હતોજ નહિ એમ ધારી કાર્ય કર્યા કરો. તમારામાંના દરેક ઉપર આખું કાર્ય રહેલું છે એમ ધારી કાર્ય કર્યા કરો. કર્યા કરો. પચાશ શતકો તમારા પ્રત્યે દૃષ્ટિ ફેંકે છે, હિંદના ભવિષ્યનો તમારા પરજ આધાર છે, તો કાર્ય આગળ ચલાવ્યે જાઓ. ક્યારે આવી શકીશ તે હું પોતે જાણતો નથી. હિંદમાં આવું તો હિંદીઓ મને બહુ બહુ કરે તો ખૂબ વખાણે, પણ કોઇ કાર્ય માટે તેઓ એક પાઇ પણ આપવાના નથી. આમ પોતેજ ભીખારીઓ બન્યા છે, તો તેઓ કેની પાસેથી શું મેળવી શકશે? તેથીજ તેઓએ છેલ્લાં બે હજાર વર્ષ કે તેથી વધારે વર્ષ થયાં લોકહિત કરવાની શક્તિ ખોઇ છે, હમણાંજ તેઓ પ્રજાના, સમાજના, વિચાર કરતાં શીખ્યા છે, તેથી મારે તેમને દોષ આપવાની જરૂર નથી. વધુ હવે પછી.

પુસ્તકો અને તેમાની 'થીઅરીઓ' થી શું સરવાનું છે? લોકોના હૃદયોને જાગૃત કરવાનો ઉચ્ચમાં ઉચ્ચ અને એકજ માર્ગ, આપણું શુદ્ધ જીવન છે; તેજ વ્યક્તિગત આકર્ષક લોહચુંબક છે....પરમાત્મા દિન પ્રતિદિન મને ઉંડામાં ઉંડું અને તેથી ઉંડું દર્શન કરાવે છે. કાર્ય કરો, બસ કાર્ય કર્યા કરો....મૂર્ખાઇ ભરેલ વાતો તદ્દન છોડી દો; પ્રભુનીજ વાત કરો. કપટ અને છળની વાતો કરવામાં વખત ગાળવા જેટલી આ જીંદગી નથી, તે બહુ ટુંકી છે.

તમારે સર્વદા એ સ્મરણમાં રાખવાનું છે કે દરેક પ્રજાએ પોતાનો બચાવ પોતાની મેળે કરવો જોઇએ; તેવીજ રીતે દરેક મનુષ્યના સંબંધમાં સમજવું; બીજા ઉપર આધાર રાખવાની કદી વૃત્તિ રાખશો નહિ; અહીં ફક્ત પરિશ્રમ શીલ કાર્ય કરીનેજ હું તમારા કાર્યને માટે થોડા પૈસા વારંવાર મોકલાવવા શક્તિમાન્ થઈશ; પણ તે શિવાય બીજું કંઇ નહિ, જો તમારે તે સિવાય બીજાની જરૂર રહેતી હોય અને તેની આશામાં રહ્યાજ કરતા હો, તો તમારે તુરત જ બંધ કરી દેવું બહેતર છે. વળી આ પણ જાણજો કે મારા વિચારોનું મહાન્ ક્ષેત્ર આ દેશ છે અને પછી તેઓ હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તીઓ હો તેની મને દરકાર નથી. પરંતુ જે પ્રભુ પ્રત્યે પ્રીતિ રાખે છે તેને હમેશાં મારી સેવા મળતીજ રહેશે.

હું શાંતિથી અને મૌનપણે કાર્ય કરવા ચાહું છું, અને પરમાત્મા મારી સાથેજ હમેશાં છે. તમારી ઇચ્છા હોય તો અતિ ઉગ્રપણે હૃદયનિષ્ઠ, સંપૂર્ણ નિઃસ્વાર્થી અને તે સર્વ ઉપરાંત સંપૂર્ણ પણે પવિત્ર બનીને મારી પાછળ ચાલો. મારા આશીર્વાદો તમારી સાથેજ છે. આ ટુંકા જીવનમાં એક બીજાને ધન્યવાદ આપવામાં વખત ગાળવા જેવું નથી. આપણું યુદ્ધ પૂરૂં થાય ત્યાર પછી આપણે એક બીજાનાં કામની નોંધો તપાસી એક બીજાને જે ધન્યવાદ ઘટતા હશે તે પેટ ભરીને આપીશું; હમણાં તો મિથ્યાલાપ કરવાનો સમય નથી. કાર્ય કરો, કાર્ય કરો, બસ કાર્ય કર્યા કરો ! તમે હિંદમાં કંઇ પણ કર્યું હોય તેમાંથી સ્થાયી કાર્ય એક પણ જોતો નથી તમે એક પણ કેંદ્રિત સ્થાન કરેલું મારા જોવામાં આવતું નથી તમે એક પણ મંદિર કે મકાન બંધાવ્યું હોય તેમ પણ દેખવામાં આવતું નથી—કોઇ તમારી સાથેને સાથે રહી કાર્ય કરતું હોય તેમ પણ દેખાતું નથી. જ્યાં જુઓ ત્યાં અતિશય વાતો વાતો ને વાતોજ કરવામાં આવે છે ! (કે) આપણે મહાન્ છીએ, આપણે મહાન્ છીએ ! આ સૌ મિથ્યાલાપ જ છે ! આપણે બાયલા છીએ; એજ ખરૂં છે. નામ તથા કીર્તિ માટે બહુ કથનો કરવાં અને તેમાં બીજાં અર્થહીન ફારસ કરવાં તે સૌથી મને શું પ્રાપ્ત કરી આપો છો ! મને તે બધાની શું દરકાર છે ? હું તો એજ જોવા ચાહું છું કે પરમાત્મામાં પોતાની જાતને અર્પણ કરનારા સેંકડો માણસો બહાર આવે છે ! આવા કયાં છે ? મારે તેની જરૂર છે, હું તેઓને જોવા ચાહું છું. તમારે આવા માણસો શોધી કહાડવા આવશ્યક છે. તમે મને ફક્ત મોટું નામ તથા મોટો જશ આપો છો. આવાં નામ તથા જશ પર પૂળો મૂકો. મારા બહાદૂર વીરો ! કાર્ય કરો, બસ કાર્યમાંજ પરિસમાપ્તિ છે. તમારામાં હજુ મારો જુસ્સો—કાર્યોત્સાહ પ્રવેશવા પામ્યો નથી—તમે હજુ મને ઓળખતા નથી ! તમે તો આલસ્ય અને વિલાસોના જૂના ચીલાઓમાં ઘસડાયા જાઓ છો, આ સર્વ આલસ્ય ખંખેરી નાંખો, અને હમણાના તેમજ હવે પછીના ભોગ વિલાસો પર ડામ દો. ઉત્સાહની અગ્નિમાં

કૂદકો મારી લોકોને પ્રભુ સંન્મુખ લાવો. તમાશમાં મારો જુસ્સો પ્રવેશો, તમો ઉગ્ર રીતે હૃદય નિષ્ઠ બનો, તમે યુદ્ધ ક્ષેત્રપર એક વીર તરીકે મૃત્યુ પામો—તેજ સદાની પ્રાર્થના છે જેની એવો—વિવેકાનંદ.

તા. ક.—અ,—ક,—ડા૦ બ—અને બીજા સર્વને એવું કહે જો કે માવજીભાઇ, કે પેથોભાઇ આપણી તરફેણમાં કે વિરૂદ્ધમાં જે કહે તે પર બીલકુલ માન્યતા તેઓ રાખે નહિ, પરંતુ કાર્ય ઉપર પોતાની સર્વ શક્તિને એકાગ્ર—એકત્રિત કરે, વિવેકાનંદ.

વિશેષ એક વાત એ કહેવાની કે સર્વના દાસ બનો અને કોઇને કાબુમાં રાખવાની તલમાત્ર પણ કોશેશ ન કરો. તેમ કરશો તો અદેખાઇ ઉત્પન્ન થશે અને સર્વ ભાંગી પડશે....કૂચ કરો. અત્યાર સુધીમાં તમે આશ્ચર્ય કારક રીતે સારૂં કર્યું છે. મારા પુત્ર! તું આત્માવલંબી, વફાદાર અને સહન શીલ બન. આપણે બધું સાધી શકીશું. મારા બીજા મિત્રો સાથે શત્રુભાવ રાખીશ નહિ—વાદવિવાદ કરીશ નહિ. સર્વની સાથે સંપથી રહેજે. સર્વને મારા શાશ્વત પ્રેમ સાથે. આપનો સદાનો આશીર્વાદ સહ—વિવેકાનંદ.

તા. ક. જો તમે નેતા તરીકે આગળ વધશો તો તમને સહાય આપવા કોઇ આવશે નહિ. પ્રથમ તો અહંભાવનું નિકંદન કરો, ત્યાર પછીજ વિજયની ધારણા સંપૂર્ણ પાર પડશે.—તમારા પ્રત્યે સદાને માટે પ્રેમસહ વર્તમાન, તમારો હૃદયનિષ્ઠ—વિવેકાનંદ.

તમોને (અ—ને) મારે કહેવું જોઇએ કે તમારો બચાવ તમારે જાતે જ કરવાનો છે. સાવ બાળક પેઠે શા માટે વર્તો છો? તમારા ધર્મ પર કોઇ આક્ષેપ કરે તો શા માટે તમે તેની પાસે બચાવ કરી શકતા નથી? મારા વિષે પૂછો તો તમારે કોઇ પણ જાતની ભીતિ રાખવાની નથી. અહીં મારા શત્રુઓ છે, તેના કરતાં મિત્રો વધારે છે, અને આ દેશમાં ત્રીજો ભાગ ખ્રિસ્તીઓ છે, અને શિક્ષિત વર્ગમાંથી તો ઘણી જ જુજ સંખ્યા ખ્રિસ્તી મિશનરીઓ માટે પરવા રાખે છે. બીજું વળી એ છે કે જે વસ્તુ સામે મિશનરીઓ અભાવ બતાવે છે, તેજ વસ્તુ એષણીય હોવી જોઇએ, એમ શિક્ષિત વર્ગ માને છે. તે મિશનરીઓની આગળની સત્તા હવે અહીંથી ગઇ છે. અને દિવસે દિવસે નાબુદ થતી જાય છે. તેઓના કરેલા આક્ષેપોથી તમને દુઃખ થતું હોય તો શા માટે જક્કી બાલકની પેઠે તમે વર્તો છો, અને તે વાત મને ભળાવો છો અને પૂછો છો?....બાયલાપણું રાખવું એ સદ્ગુણ નથી.

અહીં મને અનુસરનાર ઘણા પ્રતિષ્ઠિત પુરૂષો ક્યારના થઇ ચૂક્યા છે. બીજે વરસે હું એવી વ્યવસ્થા કરનાર છું કે તેને કાર્યગત શ્રેણી પર મૂકી આપીશ અને પછી આપણું કાર્ય ચાલુ થયાં જશે, અને જ્યારે હું હિંદમાં આવવા અહીંથી ઉપડીશ ત્યારે અહીં એવા મિત્રો રહેશે કે જે મને અવલંબન આપતા રહી હિંદમાં

પણ મદદ કર્યા કરશે, તો તમારે કંઇ પણ બીહીવાનું નથી. જ્યાં સુધી તમે મિશનરીઓના પ્રયત્નો જોઇ રહ્યા કરશો, અને તે માટે કંઈ પણ કરવા શક્તિમાન થયા વગર કૂદકા માર્યા કરશો ત્યાં સુધી હું તમારા પ્રત્યે હાસ્ય કરતો જ રહીશ તમે નાની પુતળીઓ જેવા છો, અર્થાત તમે કોણ માત્ર છો.... સ્વામી પુરાણા બાળકો માટે શું કરી શકશે?

મારા પુત્ર હું જાણું છું કે મારે આવીને તમારા ટોળામાંથી ખરા મનુષ્યોને ઉપજાવવા પડશે. હું સારી રીતે જાણું છું કે હિંદમાં ફક્ત સ્ત્રીઓ અને બાયલાઓ જ વસે છે. આથી તમે ગુસ્સે થતા નહિ ત્યાં કાર્ય કરવા માટે મને સાધનોનો ખપ પડશે હું નિર્વીર્ય પુરૂષોના હસ્તકમાં મને મૂકવા માગતો નથી. તમારે તે બાબતની ફીકર રાખવાની નથી. જે થોડું તમારાથી બને તે કર્યા કરો મારે તો પહેલેથી તે છેડા સુધી પંડે જ કાર્ય કરવાનું રહ્યું છે.....આ આત્મા નિર્વીર્યથી પ્રાપ્ત થવાનો નથી મારા માટેની ભીતિ તમારે રાખવાની નથી. પરમાત્મા મારી સાથે જ રહેલ છે તમારે તો ફક્ત તમારો બચાવ કરવાનો છે, અને તેમ તમે કરી શકો છો એટલુ જ મને બતાવી આપશો તો મને સંતોષ થશે; અમુક આમ મારા વિષે કહે છે, એવું લખીને હવે વધારે વાર મારૂં માથું ખાશો નહિ. મારા વિષે મૂર્ખ અમુક ચુકાદો આપે છે, તે સાંભળવાને હું રાહ જોતો નથી. તમે નાનાં બચ્ચાંઓ! યાદ રાખો કે મહાન્ પરિશ્રમો, મહાન્ ધૈર્ય, મહાન્ સહનશીલતા, અને મહાન્ પ્રયત્નોથી જ પ્રાપ્ત થાય છે....ક—નું મન વખતો વખત બદલાતું જાય છે. એવી બીક મને રહે છે.

મહાન્ કાર્યો માત્ર શૂરવીરો જ કરી શકે છે, નહિ કે બાયલાઓ. અશ્રદ્ધાળુ બચ્ચાંઓ! છેવટનું એકી વખતે આટલું તો જાણી લ્યો કે હું પરમાત્માના હસ્તકમલમાં છું જ્યાં સુધી હું પવિત્ર છું અને તે પરમાત્માનો દાસ છું ત્યાં સુધી મારા માથાના એક વાળને પણ કોઇ અડકી શકનાર નથી. વાંકો કરી શકનાર નથી....દેશ પ્રજા માટે કંઇ કરો પછી તેઓ તમને મદદ આપશે અને ત્યારે આખી પ્રજા તમારી સાથે જ તમારી સહાયમાં રહેશે. બહાદૂર બનો, વીર બનો, મનુષ્યનું મરણ માત્ર એક વખત જ થાય છે. મારા શિષ્યો બાયલા કદી ન જ હોવા જોઇએ. પ્રેમ પૂર્વક આપનો સદાનો વિવેકાનંદ.

વ્હાલા (અ)મિશનરીઓના મિથ્યા પ્રલાપ માટે તમને બહુ ગંભીરપણે લાગી આવે છે એ જાણી હું આશ્ચર્ય ચકિત થાઉં છું. હિંદના લોકો હું હિંદુ ખોરાક જ લઉં એમ ઇચ્છતા હોય તો તેઓને એક રસોયો તથા તેના નિભાવ માટેના પૈસા મોકલવાનું કૃપા કરી કહેજો આ મૂર્ખાઓ ખરી મદદનો એક નાનો સરખો કકડો પણ આપ્યા વગર બકવાટ કરે છે, તેથી મને હસવું આવે છે. બીજી બાજુએ જો મિશનરીઓ એમ તમને કહેતા હોય કે, સન્યાસીનાં બે મહાન્ વ્રતો—નામે પવિત્રતા

અને અકિંચનતા--નો મેં ભંગ કર્યો છે તો તેમને કહેજો કે તેઓ મહાન જૂઠા છે. (૯) મિશનરીને મહેરબાની કરી પત્ર લખીને પૂછજો કે તેઓએ મારામાં જે અસત્ વર્તનો જોયાં હોય તેની એક વિગતવાર યાદી લખી તમોને મોકલાવે, અગર તેને મારા વિષે કોણે કોણે ખબર આપી છે. તેનાં નામો મોકલાવે, તથા તે ખબરો એક ચોકસ મનુષ્ય તરફથી સીધી રીતે આવી છે? આમ કરશો તો આખા પ્રશ્નનુ એની મેળે નિરાકરણ થઇ જશે; અને આખો ઘટાટોપ એની મેળે ઉડી જશે. મારા વિષે પૂછો તો યાદ રાખજો કે કોઇ મારો મુખત્યાર નથી. હું કોઇના કહેવા પ્રમાણે ચાલવા બંધાયેલ નથી. મારા જીવનનું મિશનઅંતિમ ઉદ્દેશ હું સારી રીતે જાણું છું અરે મારી પાસે ચરિવળીના નિયમ નથી. જેમ હું હિંદનો વતની છું તેમ આખી દુનિયાનો વતની છું. તો તે સંબંધે મિથ્યા પ્રલાપ કરવાનો નથી.... મેં મારાથી બની શકે તેટલી મદદ તમોને આપી છે હવે તમોને તમારી પોતાની મદદ મળવી જોઇએ. એવો કયો દેશ છે કે જેનો ખાસ હક્ક મારાપર પહોંચે છે? શું હું કોઈ પ્રજાનો વેચાયેલો ગુલામ છું? તમે બેઇમાની નાસ્તિકો! હવે પછી એવો મૂર્ખ,અર્થહીન પ્રલાપ વધારે વખત કરતા નહિ.

મેં ઘણી વખત રીતે કાર્ય કર્યું છે અને જેટલો મારી પાસે પૈસો આવ્યો તે કલકત્તા અને મદ્રાસ મોકલાવી આપ્યો છે, અને આ બધું કર્યા પછી શું હું તેઓના કહેવા પ્રમાણે ચાલવા બંધાએલ છું? તમે શરમાતા નથી? શું હું તેઓનો કોઇ રીતે દેવાદાર છું? તેઓ મારાં વખાણ કરે તેની હું લેશમાત્ર દરકાર કરૂં તેમ છું? અને તેઓ મને નિંદે તેથી શું હું ડરૂં તેમ છું? મારા વ્હાલા પુત્ર! હું કોઇ વિલક્ષણ મનુષ્ય છું અને તમે પણ મને હજુ સુધી સમજી શકયા નથી. તમે તમારૂં કાર્ય કર્યા જાઓ, જો ન કરી શકો તો બંધ રાખો; પણ મને તમારો મિથ્યા પ્રલાપ કહી સતાવવાનો પ્રયત્ન કરતા નહિ. મારી પીઠ પાછળ રહી સહાય આપનાર મનુષ્ય-શક્તિ કરતાં મહાન્ શક્તિ, અથવા પ્રભુને અથવા કોઇ દેવને હું જોઈ શકું છું. મારી આખી જીંદગી સુધી હું બીજાને મદદ આપતો આવ્યો છું....જે દેશે મહાન્માં મહાન્ પુરૂષ—રામકૃષ્ણ પરમ હંસને જન્મ આપ્યો છે તે દેશમાં તેનાં કાર્યને સહાય આપવા થોડા રૂપીઆ પણ જેઓ એકઠા કરી શકતા નથી, અને મિથ્યા પ્રલાપ કરવો હોય તો તૈયાર રહે છે, અને જેને માટે તેઓએ કંઇ કર્યું નથી પણ જેણે તેમને માટે બની શકે તેટલું બધું કર્યું છે તેને તું આમ કર, તારે આમજ કરવું જોઇએ! એમ આદેશ આપી તેને તે પળાવવા માંગે છે! આવી ઉપકાર વગરની-કૃતઘ્ની દુનિયા છે.

શું તમે એમ કહેવા ઇચ્છો છો કે જે જ્ઞાતિના દોરમાં દબાયેલા, વહેમી દયાહીન, દાંભિક, નાસ્તિક, બાયલાઓ, કેળવાયેલા હિંદુમાં તમોને મળી આવે છે તેવા-

માંના એક તરીકે જીંદગી ગુજારવા અને મરણ પામવા હું જન્મેલ છું ? હું હીચકારા પણાને ધિક્કારૂં છું હીચકારા કે રાજકીય મિથ્યા પ્રલાપ કરનારા સાથે મારે કંઇ પણ લેવા દેવા કે નિસબત નથી કોઇ રાજનીતિમાં મને શ્રદ્ધા નથી. જગતમાં પ્રભુ અને સત્ય એ બે રાજ્યનીતિ છે. બાકીનું સર્વ મિથ્યા છે,—હું કાલે લંડન ઉપડી જાઉં છું.

આશિષ સાથે આપનો વિવેકાનંદ.

આ પ્રમાણે કહી આ શિષ્યશૌર્યોપદેશ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सुब्राह्मण–अधिकार.

ગત અધિકારમાં ગુરૂ શિષ્યને શૌર્ય બતાવે છે. તેમાં ગુરૂ શબ્દનો અર્થ આચાર્ય–ઉપદેશક અથવા વડિલ થાય છે. તેમાં ઉપદેશક–ગુરૂને ઉદ્દેશીને તેના લક્ષણો કહેવાને આ સુબ્રાહ્મણ–અધિકારનો આરંભ કરવામાં આવે છે. ધર્મોપદેશક ગુરૂમાં ઉત્તમ પ્રકારનું બ્રહ્મત્વ હોવું જોઇએ. તેથી તેવા ગુરૂઓ જ સુબ્રાહ્મણ કહેવાય છે. અને તે સુબ્રાહ્મણમહાત્માઓ જ ખરા બ્રાહ્મણ કહેવાય છે. ઇતર બ્રાહ્મણો માત્ર નામધારી છે. ખરા સુબ્રાહ્મણો જ ઉપદેશ આપવાને અધિકારી છે અને તેમનો ઉપદેશ સર્વ પ્રકારે આદરણીય છે.

સુબ્રાહ્મણનાં અગીયાર લક્ષણો.

अनुष्टुप्. (૧ થી ૧૦)

क्षमा दमो दया दानं, सत्यं शीलं धृतिर्घृणा ।
विद्या विज्ञानमास्तिक्यमेते ब्राह्मणलक्षणम् ॥ १ ॥

ક્ષમા, દમ, દયા, દાન, સત્ય, શીળ, ધીરજ, કોમળતા, વિદ્યા, વિજ્ઞાન અને આસ્તા—એ બ્રાહ્મણનાં લક્ષણો છે. ૧ +

બ્રાહ્મણનું બ્રહ્મત્વ શું કહેવાય ?

सत्यं ब्रह्म तपो ब्रह्म, ब्रह्म चेन्द्रियनिग्रहः ।
सर्वभूतदया ब्रह्म, एतद्ब्राह्मणलक्षणम् ॥ २ ॥

+ ૧ થી ૧૨ પુરાણ, સ્મૃતિ વિગેરે.

બ્રહ્મ એટલે સત્ય, બ્રહ્મ એટલે તપ, બ્રહ્મ એટલે ઇંદ્રિયોનો નિગ્રહ અને બ્રહ્મ એટલે સર્વ પ્રાણીઓ ઉપર દયા. એ બ્રહ્મ જ બ્રાહ્મણનું લક્ષણ છે. ૨

ખરો બ્રાહ્મણ કોણ ?

अहिंसा सत्यमस्तेयं, ब्रह्मचर्यापरिग्रही ।
कामक्रोधनिवृत्तस्तु, ब्राह्मणः स युधिष्ठिर ॥ ३ ॥

હે યુધિષ્ઠિર રાજા, જે હિંસા કરે નહીં, જે સત્ય બોલે, જે ચોરી કરે નહીં, જે બ્રહ્મચર્ય પાળે, જે પરિગ્રહ રાખે નહીં અને જે કામ તથા ક્રોધથી નિવૃત્ત રહે તે બ્રાહ્મણ કહેવાય છે. ૩

ખરા બ્રહ્મત્વની પ્રાપ્તિ ક્યારે થાય છે ?

यदा न कुरुते पापं, सर्वभूतेषु दारुणं ।
कर्मणा मनसा वाचा, ब्रह्म सम्पद्यते तदा ॥ ४ ॥

જ્યારે મન, વચન અને કર્મથી સર્વ પ્રાણીઓ ઉપર દારૂણ પાપ કરે નહીં ત્યારે બ્રહ્મને પ્રાપ્ત કરે છે. ૪

કેવાં વચનો બોલનાર બ્રહ્મત્વને પામે છે?

यदा सर्वानृतं त्यक्त्वा, मृषावादादिवर्जितं ।
अनवद्यं च भाषेत, ब्रह्म सम्पद्यते तदा ॥ ५ ॥

જ્યારે સર્વ અનંત અસત્યનો ત્યાગ કરી મૃષાવાદ પ્રમુખથી રહિત એવું નિર્દોષ વચન બોલે ત્યારે જ બ્રહ્મ પ્રાપ્ત થાય છે. ૫

જ્યારે અદત્તાદાન ત્યાગ નામનું મહાવ્રત ધારણ કરવામાં આવે ત્યારે જ બ્રહ્મત્વની પ્રાપ્તિ થાય છે.

यदा सर्वं परद्रव्यं, बहिर्वा यदि वा गृहे ।
अदत्तं नैव गृह्णाति, ब्रह्म सम्पद्यते तदा ॥ ६ ॥

જ્યારે બાહેર અથવા ઘરમાં અદત્ત એવું સર્વ પરદ્રવ્ય ગ્રહણ કરે નહીં અર્થાત્ ચોરી કરે નહિં ત્યારે બ્રહ્મ પ્રાપ્ત થાય છે. ૬

કેવો પુરૂષ આયુષ્યનો ક્ષય થતાં બ્રહ્મ સ્થાનનો અધિકારી બને છે?

येषां जपस्तपः शौचं, क्षान्तिर्मुक्तिर्दयाशमः ।
तैश्चायुषःक्षये वत्स, ब्रह्मस्थानं विधीयते ॥ ७ ॥

હે વત્સ, જેમને જપ, તપ, શૌચ, ક્ષમા, મુક્તિ, દયા અને શમ હોય છે, તેમને આયુષ્યનો ક્ષય થતાં બ્રહ્મસ્થાન પ્રાપ્ત થાય છે. ૭

સર્વ જાતિઓમાં કેવા પુરૂષો બ્રાહ્મણ ગણાય છે ?

ब्रह्मचर्यतपोयुक्तास्समकाञ्चनलोष्टकाः ।
सर्वभूतदयायुक्ता ब्राह्मणास्सर्वजातिषु ॥ ८ ॥

જેઓ બ્રહ્મચર્ય અને તપથી યુક્ત છે, જેઓ સુવર્ણ અને માટીના ઢેફાંને સમાન ગણનારા છે અને જેઓ સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખનારા છે, તેવાઓ સર્વ જાતિઓમાં બ્રાહ્મણ ગણાય છે. ૮

બ્રહ્મચર્ય શિવાયનો બ્રાહ્મણ નામધારી બ્રાહ્મણ છે.

ब्राह्मणो ब्रह्मचर्येण, यथा शल्येन शल्यिकः ।
अन्यथा नाममात्रं स्यादिन्द्रगोपाख्यकीटवत् ॥ ९ ॥

જેમ શલ્ય વડે શલ્યિક કહેવાય છે, તેમ બ્રહ્મચર્ય વડે બ્રાહ્મણ કહેવાય છે. જો તેનામાં બ્રહ્મચર્ય ન હોય તો ઇંદ્રગોપનો કીડો કે જે નામથી 'દેવની ગાય' કહેવાય છે, તેમ તે નામથી બ્રાહ્મણ કહેવાય છે. ૯

બીજે પ્રકારે બ્રહ્મનાં અગીયાર લક્ષણો.

शमो दमस्तपः शौचं, सन्तोषः क्षान्तिरार्जवम् ।
ज्ञानं दयाच्युतात्मत्वं, सत्यं च ब्रह्मलक्षणम् ॥ १० ॥

શમ, દમ, તપ, શૌચ, સંતોષ, ક્ષમા, સરલતા, જ્ઞાન, દયા પરમાત્મભાવ અને સત્ય એ બ્રહ્મનાં લક્ષણો છે. ૧૦

કેવા બ્રાહ્મણો લોકોને તારવાને સમર્થ થઈ શકે છે ?

उपजाति (११–१२)

ये शान्तदान्ताः श्रुतपूर्णकर्णा जितेन्द्रियाः प्राणिवधान्निवृत्ताः ।
परिग्रहे सङ्कुचिता निरीहा स्ते ब्राह्मणास्तारयितुं समर्थाः ॥ ११ ॥

જેઓ શાંત, દાંત, શાસ્ત્ર શ્રવણ કરનરા, ઇંદ્રિયોને જીતનારા, પ્રાણીઓનો વધ કરવાથી નિવૃત્ત થયેલા, પરિગ્રહ રાખવામાં સંકોચ કરનારા અને નિઃસ્પૃહ છે. તેવા બ્રાહ્મણો તારવાને સમર્થ થાય છે. ૧૧

કેવો બ્રાહ્મણ શાંત બ્રહ્મલોકનો આશ્રિત બને છે?

मोक्षाश्रमं यश्चरते यथोक्तं, शुचिः स्वसङ्कल्पितयुक्तबुद्धिः ।
अनिन्धनं ज्योतिरिव प्रशान्तं, स ब्रह्मलोकं श्रयते द्विजातिः ॥ १२ ॥

જે પવિત્ર અને પોતાના સંકલ્પ પ્રમાણે બુદ્ધિને પ્રેરનારા થઇ યથાર્થ મોક્ષાશ્રમને આચરે છે, તે બ્રાહ્મણ ઇંધણા વગરના અગ્નિના જેવા શાંત બ્રહ્મ લોકને પામે છે. ૧૨

આ પ્રમાણે કહી આ સુબ્રાહ્મણ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

यतिस्थानातिशय वर्णन--अधिकार.

ગત અધિકારમાં ઉત્તમ બ્રહ્મત્વને ધારણ કરનારા યતિઓજ કહેવાય છે, કારણ કે, બ્રહ્મત્વનાં સર્વ લક્ષણો તેમને વિષેજ રહેલાં હોય છે, તેવા સત્ય બ્રાહ્મણ રૂપ યતિઓ જે સ્થાને વસે છે, તે સ્થાન સર્વ દેવરૂપ અને સર્વ તીર્થરૂપ ગણાય છે, તેવા યતિસ્થાનનું મહાત્મ્ય બતાવવાને આ યતિસ્થાનાતિશયના વર્ણનનો અધિકાર કહેવામાં આવે છે.

જે સ્થાનમાં યતિ રહે છે, તે સ્થાનમાં સર્વ તીર્થો અને સર્વ દેવતાઓ રહે છે.

अनुष्टुप्. (૧ થી ૨)

जितेन्द्रियः सर्वहितो, धर्मकर्मपरायणः ।
यत्र तिष्ठति तत्रैव, सर्वतीर्थानि देवताः ॥ १ ॥

જ્યાં ઇંદ્રિયોને જીતનાર, સર્વ પ્રાણીમાત્રનું હિત કરનાર અને ધર્મ કર્મમાં તત્પર એવા મુનિ વસે છે, ત્યાં સર્વ તીર્થો અને દેવતાઓ વસે છે. ૧ *

જે સ્થાને યોગીઓ માત્ર નિમિષ કે અર્ધ નિમિષ રહે છે, તે સ્થાન સર્વ કલ્યાણકારી તીર્થ અને તપોવન રૂપ મણાય છે.

निमिषं निमिषार्द्धम्वा, यत्र तिष्ठन्ति योगिनः ।
तत्रैव सर्वश्रेयांसि, तत्तीर्थं तत्तपोवनं ॥ २ ॥

* ૧-૨ નારદીય પુરાણ

જે સ્થાનમાં યોગીઓ એક નિમિષ અથવા અર્ધ નિમષ રહે છે, તે સ્થાનમાં સર્વ કલ્યાણો રહે છે અને તે સ્થાન તીર્થરૂપ અને તપોવનરૂપ ગણાય છે. ૨

મહાન્ યતિઓના સ્થાનમાં તિર્યંચો પણ પરસ્પરનો વૈરભાવ છોડી દે છે.

वसन्ततिलिका.

व्याजृम्भमाणवदनस्यहरेः करेण, कर्षन्ति केसरसटाः कलभाः किलैके ।
अन्ये च केसरिकिशोरकपीतमुक्तं, दुग्धं मृगेन्द्रवनितास्तनजं पिबन्ति ॥ ३ ॥

કેટલાંએક હાથીનાં બચ્ચાંઓ (મહાત્માના આશ્રમમાં) બગાસાં ખાતા સિંહની કેશવાળીઓને પોતાની સુંઢથી ખેંચે છે, અને કેટલાંક બચ્ચાંઓ સિંહના બાળકોએ ધાવ્યા પછી છોડી દીધેલ સિંહણોના સ્તનમાંથી ઉત્પન્ન થતું દૂધ ધાવે છે. ૩

યોગીઓના તપોવનમાં વૃક્ષો પણ આતિથ્ય કરે છે.

मालिनी.

मधुरमिव वदन्ति स्वागतं भृङ्गनादै—
र्नतिमिव फलनम्रैः कुर्वतेऽमी शिरोभिः ।
ननु ददत इवार्घं पुष्पवृष्टिं किरन्तः,
कथमतिथिसपर्यां शिक्षिताः शाखिनोऽपि ॥ ४ ॥

ભમરાના નાદો વડે જાણે મધુર આવકાર આપતા હોય એમ દેખાય છે, ફળના ભાર વડે જાણે મસ્તકથી નમ્રતા બતાવતા હોય એમ જણાય છે, પુષ્પની વૃષ્ટિ કરવાથી જાણે અર્ઘ આપતા હોય એમ દેખાય છે. (આવી ચેષ્ટા ઉપરથી) આ વૃક્ષો જાણે અતિથિઓની પૂજા કરવામાં કેળવાયેલા હોય એવા જણાય છે. ૪

તપોવનના તિર્યંચોની વૈરભાવ રહિત ચેષ્ટાઓનું વર્ણન.

शार्दूलविक्रीडित.

क्रीडन्माणवकाङ्घ्रिताडनशतैरुज्जागरस्य क्षणं,
शार्दूलस्य नखाङ्कुरेषु कुरुते कण्डूविनोदं मृगः ।
चञ्चच्चन्द्रशिखण्डितुण्डघटनानिर्मोकनिर्मोचितः,
किञ्चायं पिबति प्रसुप्तनकुलश्वासानिलं पन्नगः ॥ ५ ॥

* ૩ થી ૫ સુભાષિત રત્નભાંડાગાર,

રમતું એવું જે મૃગલાનું બચ્ચું તેની પાટુના પ્રહારો વડે ક્ષણવારમાં જાગેલો એવો જે સિંહ તેના નખ રૂપી અંકોરો ઉપર તે બાળક મૃગલાનું બચ્ચું પોતાના અંગની ખરજ મટાડે છે; ચળકતા પિચ્છાવાળા આ મોરલાએ પોતાના ચાંચના પ્રહાર થી જેની કાંચળી ઉતારી નાખી છે એવો સર્પ, સૂતેલા નોળીયાના શ્વાસના પવનનું પાન કરે છે. એટલે સુંઘે છે. ૫

આ પ્રમાણે કહી આ **યતિસ્થાનાતિશયવર્ણન** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

ગ્રંથસંગ્રહિતા.

गीति.

विनयविजयमुनिनायं, द्वितीयपरिच्छेद एवमत्रैव ।
सङ्ग्रथितः सुगमार्थं, व्याख्यातॄणां मुदे सदा भूयात् ॥

વિનય વિજય મુનિએ આ (વ્યખ્યાન સાહિત્ય સંગ્રહ નામના) ગ્રંથનો દ્વિતીય પરિચ્છેદ વ્યખ્યાન કરનારાઓની સુગમતા માટે સંગ્રથિત કર્યો છે, તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓના આનંદને માટે થાઓ.

द्वितीय परिच्छेद परिपूर्ण.

तृतीय परिच्छेद.

દ્વિતીય પરિચ્છેદમાં સુસાધુની ઓળખ વિષે ટુંક વર્ણનમાં સ્થિરતા કોને કહેવી. તૃપ્તિ કેમ ધારણ કરવી, સંસારમાં નિર્લેપ કેમ રહેવું, દરેક પદાર્થમાં નિઃસ્પૃહતા કેમ રાખવી, સર્વ પ્રાણીઓથી નિર્ભય કેમ રહેવું, સંસારમાં ખરૂં તત્વ શું છે, સર્વ સમૃદ્ધિ કોને કહેવી તથા આ સર્વ મહદ્ ભાવનાનું સ્વરૂપ પ્રાપ્ત થયેલ ગુરૂનું વર્ણન જોવાથી સાધુપુરૂષમાં રહેલી સરલતા, ભાષા બોલવાની ઢબ, અને ઉપદેશ શ્રેણીનો અનુભવ થઇ શકેલ હશે

દરેકને સુખી અને શ્રેષ્ઠ થવાને ઇચ્છા હોય છે, પરંતુ તે સ્થિતિએ પહોંચવામાં ધૈર્ય, નિઃસ્પૃહતા અને નિરાભિમાન વૃતિની જરૂર છે આ પ્રમાણે મનુષ્ય તરીકે ઓળખાવાને જે લાયકાત પ્રાપ્ત કરવી જોઇએ તેના માટે યોગ્ય થવા પૂર્વે મનુષ્ય તરીકેની ગણના થવી પણ મુશ્કેલ છે, તો પછી તેમના માટે ઉપરોક્ત સાધુ સ્થિતિ કેટલી દૂર થઇ પડે ? આટલા માટે મનુષ્યતરીકે યોગ્ય ગણત્રીમાં મૂકિ શકાય તેવા (સુજન) ના સંબંધમાં વિવેચન કરવું યોગ્ય થઇ શકશે.

સંસાર વ્યવહારમાં રહેવા છતાં ઉચ્ચવર્તન અને ઉત્કૃષ્ટ ભાવનાથી સંસારી–સાધુ જીવન ભોગવતા જોવાય છે. એટલુંજ નહિ પણ સંસારમાં ગૃહસ્થ ભાવે રહીને સુજન પંક્તિને યોગ્ય સદ્ગુણનું સેવન કરવાથી ક્રમે ક્રમે મનોબલ દ્દઢ થતાં ભાવના નિર્મલ થવાથી સાધુ પુરૂષના પદને પહોંચવા ને પણ યોગ્ય અવસર પ્રાપ્ત થઇ શકે છે. તેથી સુસાધુના પદને પ્રાપ્ત કરવામાં નિઃસરણીરૂપ સુજન અધિકારનો અત્રે આરંભ કરવામાં આવે છે.

सुजन—अधिकार.

આ ભૂમિ તેમજ તેમાંના સર્વસ્થાનો સજ્જનોથી જ શોભે છે, કે જેઓ પ-રોપકારપરાયણ, ગુરૂ વાક્યોનું યથાર્થ પાલન કરનારા, સદાચારીઓ, દાન દેવામાં આનન્દ માનનારા, બીજા પ્રાણીઓને દુઃખી જોઇ પોતે દુઃખી થનારા, સમથના હિ-તમાં અને અભ્યુદયમાં ખુશી માનનારા, સમૃદ્ધિના સમયમાં વિનયથી વર્તન કરનારા, ભૂમિના ભૂષણ રૂપ, અમૃતમય વાક્યોથી લોકને અનુરંજન કરનારા, અડગ રીતે સત્યનું પાલન કરનારા, કોઇને કટુ ન લાગે તેવાં ખરાં વાક્ય કહેનારા. વગેરે અનેક ઉત્તમ ગુણગણોથી ભરપૂર હોય છે, તેઓનું ચારિત્ર સેવનથી મનુષ્ય માત્ર મુક્તિ મે-ળવી શકે છે, જેને માટે, તેઓ કેવી રીતે વર્તન કરે છે, ઇત્યાદિ અનેક કાર્યો દર્શાવવા સદૃષ્ટાન્ત આ અધિકાર આરંભાય છે, કે જેનું યથાર્થ મનન કરવાથી સંસારમાં સુચારિત્રથી વર્તીને પરિણામે મોક્ષપદે પહોંચાય છે.

કયી માતા જ પુત્રવતી ગણાય?

इन्द्रवज्रा. (૧–૨)

गृहे गृहे सन्ति सुता अनेके, द्रोहप्रमादव्यसनावलीढाः ।
सत्त्वैकवर्यं धृतधर्मधैर्यं, त्वामेव पुत्रं जननी प्रसूता ॥ १ ॥

એક સુજન પ્રત્યે કોઇ વિદ્વાનનું કહેવું છે કે ઘેર ઘેર એક બીજાનો દ્રોહ આલસ્ય અને અનેક પ્રકારનાં દુર્વ્યસનોથી યુક્ત ઘણા પુત્રો છે પણ સાત્વિક વૃત્તિ-વાળાઓમાં એક ઉત્તમ ધર્મ અને ધીરજતાને ધારણ કરનાર તુંનેજ તારી માતાયે જન્મ આપ્યો છે; અર્થાત્ આવા પુરૂષોના જન્મથી જ માતા જન્મ આપનારી (પુત્ર-વતી) ગણાય છે. ૧

પૃથ્વીની શોભા શું છે ?

ऐरावणेनैव सुरेन्द्रसेना, कल्पद्रुमेनैव सुमेरुभूमिः ।
श्रीकौस्तुभेनैव मुकुन्दवक्षः, पञ्चाननेनैव गुहा विभाति ॥ २ ॥

ઐરાવણ હાથી વડે જેમ ઇંદ્રની સેના શોભે છે, કલ્પવૃક્ષથી જેમ સુમેરૂપર્વ-તની ભૂમિ શોભે છે, કૌસ્તુભ મણીવડે જેવી રીતે શ્રીકૃષ્ણ મહારાજનું વક્ષઃ સ્થલ (છાતી) શોભે છે અને સિંહ વડે જેમ ગુફા શોભે છે; તેમ જે પુરૂષ ઐરાવણ હાથીના જેવો દરેક કાર્યમાં મસ્ત બની ગંભીરતાથી ગમન કરતો હોય, કલ્પવૃક્ષની માફક સર્વની ઇચ્છા પૂર્ણ કરતો હોય, કૌસ્તુભ મણીની પેઠે પોતાના તેજથી બીજાઓને આચ્છાદિ-

ત કરી સર્વનાં અન્તઃકરણને પ્રિય થઇ પડતો હોય અને સિંહ સરખો પરાક્રમી હોય તે પુરૂષથી જ ભૂમિ શોભે છે. ૨

સુજનોને શું શોભાવે છે?

उपजाति (३ थी ६)

गुरूपदेशः श्रुतिमण्डनानि, सत्यं मुखेऽलङ्करणं च येषां ।
कराम्बुजे कङ्कणमेव दानं, सर्वाङ्गशृङ्गारकरं च शीलम् ॥ ३ ॥

જેને ગુરૂનો ઉપદેશ તેજ કાનનાં ઘરેણાં છે. અને જેઓનાં મુખમાં સત્ય રૂપીજ અલંકાર રહેલો છે, અને હાથમાં દાન તેજ કંકણ (કડું) છે. અને આખા શરીરમાં શોભા કરનારૂં શીળરૂપ ઘરેણું છે, આવા અલંકારોથી સુજનો શોભે છે. ૩

સુજનનો શણગાર.

श्रोत्रं श्रुतेनैव न कुण्डलेन, दानेन पाणिर्न तु कङ्कणेन ।
विभाति काया करुणापराणां, परोपकारेण न चन्दनेन ॥ ४ ॥

કૃપા પરાયણ પુરૂષોના કાન શાસ્ત્ર શ્રવણથી શોભે છે, કુંડળથી શોભતા નથી, હાથ દાનથી શોભે છે, પણ કંકણથી નહિં, અને શરીર પરોપકારથી શોભે છે પણ ચન્દનથી નથી શોભતું; અર્થાત્ સુસપુરૂષો સદા સત્કથા શ્રવણ, દાન અને પરોપકાર કરતા રહે છે. ૪

સર્વ રીતે પ્રશંસનીય કોણ?

वर्ण्यः स यो नाधमकर्मकारी, स संयमी यः स्मरवीरवारी ।
शूरः स यो कर्मरिपुप्रहारी, शुचिः स यो नान्यधनापहारी ॥ ५ ॥

જે નીચ (નિન્દવા લાયક) કર્મો ન કરે, તેજ વખાણવા લાયક, જે કામને પાછો હઠાડે (જીતે) તે સંયમી. જે કર્મરૂપ શત્રુઓને હણે (મોક્ષ માર્ગને પામે) તે શૂરવીર અને બીજાનું કાંઇ પણ દ્રવ્ય ન ચોરે, તે પવિત્ર સમજવો. ૫

ખરો ઉદાર ચરિત કોને કહેવો?

दानी स यः स्वल्पधनोऽपि दत्ते, मानी स यो दैन्यवचो न वक्ति ।
गुणी स यः सर्वजने हितार्थी, सा स्त्री च या शीलगुणप्रसक्ता ॥ ६ ॥

પોતાની પાસે થોડું ધન હોય તોપણ જે દાન આપે, તેજ દાતાર જાણવો. કોઇ સમયે પણ જે દીનતાવાળું (નબળું) વચન ન બોલે તે માની, સર્વ પ્રાણી માત્રનું જે હિત ચિંતવે તે ગુણી અને જે શીયળવ્રત પરાયણ હોય તેજ સ્ત્રી કહેવાય. ૬

અર્થાત્ સજ્જનો દાન આપવામાં પછાત રહેતા નથી, દીનતા ભરેલું વચન સંભળાવતા નથી અને પ્રાણી માત્રનું હિત ચાહેછે.

સત્પુરૂષોની સમૃદ્ધિમાં તટસ્થભાવના

वंशस्थ (૭-૮)

भवन्ति नम्रास्तरवः फलोद्गमैर्नवाम्बुभिर्दूरविलम्बिनो घनाः ।
अनुद्धतास्सत्पुरुषाः समृद्धिभिः, स्वभाव एवैष परोपकारिणाम् ॥ ७ ॥

વૃક્ષો ફળ આવવાથી નમ્ર થાય છે, વાદળાંઓ નવા જલથી ઘણાં નીચે આવેછે અને સત્પુરૂષો સંપત્તિઓથી નમ્ર થાય છે માટે પરોપકારી પુરૂષોનો એવો જ સ્વભાવ છે. ૭

પૃથ્વીને રત્નોની ખાંણ શાથી જાણવી

त एव धन्या यशसां निकेतनं, तैरेव रत्नप्रसवा वसुन्धरा ।
बलेन वीर्येण धियाङ्गिया श्रिया, कुर्वन्ति ये श्रीजिनशासनोन्नतिम् ॥ ८ ॥

જે પુરૂષો બળથી, પરાક્રમથી, બુદ્ધિથી અને શરીર સંપત્તિથી શ્રી જૈન શાસન (શ્રી તીર્થંકરો પ્રણીત આજ્ઞા વાક્યો) ની ઉન્નતિ કરે છે, તેજ ધન્ય અને યશોનું નિવાસસ્થાન છે અને તે નરરત્નો વડે જ પૃથ્વી રત્નપ્રસવા (રત્નોને જન્મ આપનારી) છે. ૮

પૃથ્વી બહુ રત્ના છે, તેથી કોઈ દાનાદિક ગુણોથી વિસ્મય પામવું નહિં.

अनुष्टुप्.

दाने तपसि शौर्ये च, विज्ञाने विनये नये ।
विस्मयो न हि कर्तव्यो, बहुरत्ना वसुन्धरा ॥ ९ ॥

કોઇના દાન, તપ, શૌર્ય, વિજ્ઞાન, વિનય અને નય (ન્યાય) જોઈ વિસ્મય પામવું નહીં, કારણકે, પૃથ્વી બહુ રત્નવાળી છે, એટલે પૃથ્વીમાં તેનાથી ચડીયાતા બીજા મળી આવે તેમ છે. ૯

સત્પુરૂષોનો સ્વાભાવિક સ્વભાવ.

द्रुतविलम्बित.

विपदि धैर्यमथाभ्युदये क्षमा, सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरतिर्व्यसनं श्रुतौ, प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥ १० ॥

વિપત્તિમાં ધૈર્ય, આબાદીમાં ક્ષમા, સભામાં વાણીની કુશલતા, યુદ્ધમાં પરાક્રમ, યશ મેળવવામાં પ્રીતિ અને શાસ્ત્રમાં આસક્તિ, એટલા ગુણ મહાત્માઓને સ્વભાવથી જ સિદ્ધ છે.

સુજનોમાં પરહિત વૃત્તિ.

वसन्ततिलका. (૧૧-૧૨)

पद्माकरं दिनकरो विकचीकरोति, चन्द्रो विकासयति कैरवचक्रवालम् ।
नाभ्यर्थितो जलधरोऽपि जलं ददाति, सन्तः स्वयं परहिते विहिताभियोगाः ॥११॥

સૂર્ય કમલોને વિકાશી કરે છે, ચંદ્ર પોયણાના ઢગને પ્રફુલ્લિત કરે છે અને વાદળું પ્રાર્થના કર્યા શિવાય જલ આપે છે, તેમ સત્પુરૂષો પોતે પરહિતમાં તૈયાર છે. ૧૧

જૈનેતર શાસ્ત્રોનું કહેવું છે કે કૂર્મપતિ શા વાસ્તે ધરણી ધારણ કરે છે?

येषां मनांसि करुणारसरञ्जितानि, येषां वचांसि परदोषविवर्जितानि ।
येषां धनानि सकलार्थिजनाश्रितानि, तेषां कृते वहति कुर्मपतिर्धरित्रीम् ॥१२॥

જેઓનાં મન કરૂણારસથી આનંદિત છે, જેનાં વાકયો બીજાના દોષ (નિન્દા) થી રહિત છે, જેનાં ધનો સમગ્ર અર્થિજનોથી આશ્રિત છે અર્થાત્ જેનું દ્રવ્ય દરેક અર્થીને મળવાથી ઉપયોગમાં આવે છે, તેવા પુરૂષોને માટે મહાકૂર્મ (કાચબાનું સ્વરૂપ ધારી પરમાત્મા પોતાની પીઠ ઉપર ધરણીને ધારણ કરે છે. ૧૨

કેવા પુરૂષો દુર્લભ છે.

मालिनी

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णास्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं, निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥१३॥

જેનાં મન, વચન અને કાયા પુણ્યરૂપ અમૃતથી પરિપૂર્ણ છે* જે પુષ્કળ ઉપકારથી ત્રણે જગતને ખુશી કરે છે અને બીજાના થોડા ગુણને પર્વત જેવડા મોટા કરી સદા પોતાના મનમાં ખુશી થાય છે, એવા સત્પુરૂષો કેટલા છે? (અર્થાત્ બિરલા જ છે) ૧૩

* મન, વચન, અને કાયાથી જે શુભ કાર્ય કર્યાજ કરે છે.

સજ્જનોની કુદરતી શોભા.

शिखरिणी (૧૪ થી ૧૬)

करे श्लाघ्यस्त्यागः शिरसि गुरुपादप्रणयिता,
मुखे सत्यावाणी विजयीभुजयोर्वीर्यमतुलं ।
हृदि स्वच्छावृत्तिः श्रुतमधिगतं च श्रवणयो-
र्विनाप्यैश्वर्येण प्रकृतिमहतां मण्डनमिदम् ॥ १४ ॥

હાથમાં ઉત્તમ પ્રકારનું દાન, મસ્તકમાં ગુરૂના પગને પ્રણામ કરવાપણું, મુખમાં સત્ય વાણી, વિજયવાળા હાથમાં અગાધ બળ, અને હૃદયમાં શુદ્ધભાવના તથા કાનમાં શુદ્ધ શાસ્ત્રનું શ્રવણ, એ સ્વભાવથી મોટા પુરૂષોનો ઐશ્વર્ય વિના પણ શણગાર છે. ૧૪

સંતનું તરવારની ધાર ઉપર રહેવા જેવું વ્રત

प्रिया न्याय्या वृत्तिर्मलिनमसुभङ्गेऽप्यसुकरं,
त्वसन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यः कृशधनः ।
विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महतां,
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥ १५ ॥

ન્યાયથી આજીવિકા ચલાવવા ઉપર પ્રેમ, પ્રાણનો નાશ થવાનો સમય આવે તો પણ પાપ કરવું નહિ, અધમ પુરૂષોને યાચવા નહિ, દુર્બળ મિત્રની પાસે કંઇ માગવું નહીં, દુઃખ આવે ત્યારે ઉત્તમ રીતે વર્તવું, અને સત્પુરૂષોને પગલે ચાલવું, આવું તરવારની ધાર જેવું વ્રત સત્પુરૂષોને કોણે શીખવ્યું છે? (અર્થાત્ સ્વતઃ સિદ્ધ હોય એમ જણાય છે.) ૧૫

સદ્ગુણીનાં લક્ષણ.

प्रदानं प्रच्छन्नं गृहमुपगते सम्भ्रमविधिः,
प्रियं कृत्वा मौनं सदसि कथनं नाप्युपकृतेः ।
अनुत्सेको लक्ष्म्यां निरभिसाराः परकथाः,
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥ १६ ॥

ગુપ્ત રીતે દાન દેવું, ઘેર આવેલ પરોણાને આદરથી માન આપવું, કોઈનું પ્રિય કરીને ચુપ રહેવું, સભાને વિષે કરેલ ઉપકાર કહેવો નહીં, ધનાઢ્ય છતાં મદ નહિં, નિંદાવાળી પારકી વાતો કરવી નહિં, એવી રીતે મહાવિકટ તરવારની ધાર જેવું વ્રત સત્પુરૂષોને કોણે બતાવ્યું છે? કોઇએ નહીં. (એ સ્વાભાવિક જ જણાય છે.) ૧૬

સજ્જનો કેવા સત્પુરૂષને વર્ણવે છે.

मन्दाक्रान्ता. (१७ थी २४)

यो नाक्षिप्य प्रवदति कथां नाऽप्यसूयां विधत्ते,
न स्तौति स्वं हसति न परं वक्ति नान्यस्य मर्म ।
हन्ति क्रोधं स्थिरयति शमं प्रीतितो न व्ययीति
सन्तः सन्तं व्यपगतमदं तं सदा वर्णयन्ति ॥ १७ ॥

જે આક્ષેપ કરીને (નિન્દા કરીને) વાત કરતો નથી, કોઇની ઇર્ષ્યા કરતો નથી, પોતાની પ્રશંસા કરતો નથી, બીજાની હાંસી કરતો નથી, તેમ બીજાની ગુહ્ય વાત બોલતો નથી, ક્રોધને હણે છે, શમને સ્થિર રાખે છે, પ્રીતિથી જુદો ન પડે અથવા નાશ ન પામે એવા મદરહિત સંતપુરૂષને હમેશાં સજ્જનો વખાણે છે. ૧૭ †

મહત્પુરૂષોની પરદુઃખભંજન વૃત્તિ.

वार्धेश्चन्द्रः किमिह कुरुते नाकिमार्गस्थितोऽपि,
वृद्धौ वृद्धिं श्रयति यदयं तस्य हानौ च हानिम् ।
अज्ञातो वा भवति महतः कोऽप्यपूर्वस्वभावो,
देहेनापि व्रजति तनुतां येन दृष्ट्वान्यदुःखम् ॥ १८ ॥

અહિં જેવાતી રીતે અકાશમાં રહેલો પણ ચન્દ્રમા સમુદ્રનું શું કરે છે? કે જે આ ચંદ્રમા સમુદ્રની વૃદ્ધિમાં (ભરતીમાં)પોતે પણ વૃદ્ધિનો આશ્રય કરે છે, અને તેની હાનિમાં (ઓટમાં)પોતે પણ હાનિ(ક્ષીણતા)ભોગવે છે અથવા તો મહાત્માઓનો કોઇ અપૂર્વ સ્વભાવ જાણી શકાય તેવો નથી, કે જે બીજાનાં દુઃખ જોઇને પોતે પણ શરીરથી ઘસાઇ જાય છે.

સારાંશ—શુકલ પ્રતિપદાથી સમુદ્રની પૂર્ણિમા સુધી વૃદ્ધિ થતી રહે છે તેજ પ્રમાણે ચંદ્ર પણ શુકલ પ્રતિપદાથી પૂર્ણિમા સુધી વૃદ્ધિ પામે છે. પછી સમુદ્ર તથા ચંદ્ર બન્ને ક્ષીણતા પામે છે, એ જોઇને કવિએ ચંદ્રને સુજન બનાવી સમુદ્રના સુખથી સુખી ને દુઃખથી દુઃખી એમ દર્શાવેલ છે. બેઉનો પરસ્પર આશ્રય હોવાથી આ કલ્પના અયોગ્ય નથી. ૧૮

સજ્જનોનું કર્તવ્ય.

सत्यां वाचं वदति कुरुते नात्मशंसान्यनिन्दे,
नो मात्सर्यं श्रयति तनुते नापकारं परेषाम् ।

† ૧૭ થી ૨૪ સુભાષિત રત્ન સંદોહ.

नो शप्तोऽपि व्रजति विकृतिं नैति मन्युं कदाचि-
त्केनाप्येतज्जिगदितमहो चेष्टितं सज्जनस्य ॥ १९ ॥

સાચી વાણી બોલે છે, પોતાનાં વખાણ અને બીજાની નિન્દા કરતો નથી, કદાપિ મત્સર(ખાર–અદેખાઇ)નો આશ્રય કરતો નથી, બીજાઓનું બુરૂં કરતો નથી, પોતાને ગાળો આપે, નિન્દે તોપણ વિકાર પામતો નથી, કોઇ સમયે પણ ક્રોધવશ થાય નહિં આવું આશ્ચર્ય જનક સજ્જનોનું કર્તવ્ય કોણે બતાવેલું છે. (કહેલું છે.) (અર્થાત્ સ્વભાવથી જ સિદ્ધ છે.) ૧૯

સજ્જન દિવસનીપેરે શોભે છે.

नश्यत्तन्द्रो भुवनभवनोऽद्भुततत्त्वप्रदर्शी,
सम्यङ्मार्गप्रकटनपरो ध्वस्तदोषाकरश्रीः ।
पुष्यत्पद्मो गिलिततिमिरो दत्तमित्रप्रतापो,
राजत्तेजा दिवससदृशः सज्जनो भाति लोके ॥ २० ॥

તન્દ્રા (સુસ્તિ) નો નાશ કરનાર, ભુવનરૂપી ભવનમાં ઉત્પન્ન થયેલા અદ્ભૂત-તત્ત્વને બતાવનાર, સારીરીતે માર્ગને પ્રગટ રીતે દેખાડનાર, ચન્દ્રમાની શોભાને હણનાર, કમલનું પોષણ કરનાર, અંધકારને ગળનાર, મિત્રદેવને(સૂર્યને)પ્રતાપ આપનાર, સમૃદ્ધ તેજવાન દિવસના જેવોજ સજ્જન એટલે સુસ્તિ હરનાર; ભૂમિમાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓને ઉત્તમ તત્ત્વજ્ઞાનનો માર્ગ બતાવનાર, સમ્યગ્જ્ઞાનના માર્ગ પ્રકટ કરવામાં તત્પર, દોષના ભંડારની સમૃદ્ધિનો નાશક, પદ્માસનનું પોષણ કરનાર અજ્ઞાનરૂપ અન્ધકારને ગળી જનાર (નાશકરનાર) મિત્રોનો અભ્યુદય કરનાર મહાતેજસ્વી સજ્જન પુરૂષ (દિવસસમાન) લોકમાં શોભે છે. ૨૦

મુનિયોની સાથે સજ્જનોની ઘટના.

सम्यग्धर्मव्यवसितपरः पापविध्वंसदक्षो,
मित्रामित्रस्थिरसममनाः सौख्यदुःखैकचेताः ।
ज्ञानाभ्यासात्प्रशमितमदक्रोधलोभप्रपञ्चः,
सद्वृत्ताढ्यो मुनिरिव जनो सज्जनो राजतेऽत्र ॥ २१ ॥

સમ્યક્ ધર્મનું આચરણ કરવામાં પરાયણ, પાપનો નાશ કરવામાં કુશળ, શત્રુ મિત્રમાં સ્થિર રીતે સમાન મનવાળો, સુખ દુઃખમાં એક સરખી ભાવનાયુક્ત હૃદયવાન, જ્ઞાનના અભ્યાસથી જેણે મદ, ક્રોધ, લોભ, પ્રપંચ વગેરે શાન્ત કરેલ છે એવો અને સદ્વર્તનથી ભરપૂર મુનિની માફક આ સંસારમાં સજ્જન પ્રાણી શોભે છે. ૨૧

ડાહ્યા માણસો સજ્જનમાં કયારે ગણે?

चित्ताह्लादि व्यसनविमुखः शोकतापापनोदि,
प्रज्ञोत्पादि श्रवणसुभगं न्यायमार्गानुयायि ।
तथ्यं पथ्यं व्यपगतमलं सार्थकं मुक्तबाधं,
यो निर्दोषं रचयति वचस्तं बुधाः सन्तमाहुः ॥ २२ ॥

જે પુરૂષ દુઃખથી રહિત (નિર્ભય રીતે) મનને પ્રસન્ન કરનારૂં, શોક અને તાપને હરનારૂં, બુદ્ધિને ઉત્પન્ન કરનારૂં, કાનને પ્રિય, ન્યાય માર્ગનું અનુસરનારૂં, સાચુ, પ્રિય, મલરહિત, અર્થયુકત, બંધન રહિત, નિર્દોષ વાકય ગોઠવે (બોલે) તેને સજ્જનો જ્ઞાની કહે છે. ૨૨

વિદ્વાનોની વાક્ચાતુરીમાં રહેલુ વશી કરણ.

मातृस्वामिस्वजनजनकभ्रातृभार्याजनाद्या-
दातुं शक्तास्तदिह न फलं सज्जना यद्ददन्ते ।
काचित्तेषां वचनरचना येन सा ध्वस्तदोषा,
यां शृण्वन्तः शमितकलुषा निर्वृतिं यान्ति सत्त्वाः ॥ २३ ॥

જે ફળ સજ્જનો આપે છે, તે ફળ આપવાને માતા, પતિ (સ્વામી) પોતાના પિતા, ભાઇ, સ્ત્રી, વગેરે જનો સમર્થ નથી કે જે સત્પુરૂષના પ્રસાદ ફળવડે તે મનુષ્યોની કોઇ વચન રચના જ નિર્દોષ હોય છે કે જેનું શ્રવણ કરતાંજ પ્રાણીઓ નિર્વૈર (ઝેર વિનાનાં) શાન્ત બનીને નિવૃત્તિને પામે છે. ૨૩

પવિત્ર પુણ્યવાનો થોડા હોય છે.

मुक्त्वा स्वार्थं सकृपहृदयाः कुर्वते ये परार्थं,
ये निर्व्याजां विजितकलुषां तन्वते धर्मबुद्धिम् ।
ये निर्गर्वा विदधति हितं गृह्णते नापवादं,
ते पुन्नागा जगति विरलाः पुण्यवन्तो भवन्ति ॥ २४ ॥

જેઓ સદય હૃદયવાળા, (દયાલુઓ) પોતાના સ્વાર્થને છોડી દઇને પરમાર્થનું કાર્ય કરે છે, જેઓ નિષ્કપટ (બદલાની ઇચ્છાવિના) પાપરહિત ધર્મબુદ્ધિને વિસ્તારે છે, જેઓ અભિમાન રહિતપણે હિતકાર્યો કરે છે અને અપવાદ ગ્રહણ કરતા નથી, તેવા પુણ્યશાળી પુરૂષ ગજો (ઉત્તમ પુરૂષો) દુનિયામાં થોડા જ થાય છે. ૨૪

વંદનીય પુરૂષો.

शार्दूलविक्रीडित. (૨૫ થી ૨૯)

वाञ्छा सज्जनसङ्गमे परगुणे प्रीतिर्गुरौ नम्रता,
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद्भयम् ।
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले-
ष्वेते येषु वसन्ति निर्मलगुणास्तेभ्यो नरेभ्यो नमः ॥ २५ ॥

સજ્જન પુરૂષના સમાગમની ઇચ્છા, પારકા ગુણમાં પ્રીતિ, ગુરૂમાં નમ્રભાવ, વિદ્યામાં આસક્તિ, પોતાની સ્ત્રીમાં સંતોષ, લોકાપવાદથી ભીતિ, અર્હત્દેવમાં ભક્તિ, આત્માને દમન કરવામાં (વશ કરવામાં) શક્તિ, અને ખળપુરૂષના સમાગમથી મુક્તિ એવા નિર્મળ ગુણો જેઓમાં વાસ કરે છે તેવા પુરૂષોને નમસ્કાર. ૨૫

સચ્ચારિત્ર.

न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं,
सन्तोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।
स्वश्लाघां न करोति नोज्झति नयं नौचित्यमुल्लङ्घय-
त्युक्तोप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम् ॥ २६ ॥

સત્પુરૂષો પારકા દોષને બોલતા નથી, થોડા એવા પણ પારકા ગુણને નિરંતર કહે છે, વળી પર સંપતિને વિષે અભિલાષા રાખતા નથી, પર પીડાને વિષે શોકને ધારણ કરે છે. તથા આત્મપ્રશંસા કરતા નથી, નય (ન્યાય અથવા વિનય) નો ત્યાગ કરતા નથી, યોગ્યતાને ઉલ્લંઘન કરતા નથી. પોતાને કોઇ દુષ્ટ વચન કહેતો તેના તરફ ક્રોધ બતાવતા નથી, તેથી આ સત્પુરૂષોનું ચારિત્ર સર્વોત્તમ છે. ૨૬

સજ્જનોને ઉપમા આપવા લાયક કોઇ પણ પદાર્થ નથી.

क्षारो वारिनिधिः कलङ्ककलुषश्चन्द्रो रविस्तापकृ-
त्पर्जन्यश्चपलाश्रयोऽभ्रपटलादृश्यः सुवर्णाचलः ।
शून्यं व्योम रसा द्विजिह्वविधृता स्वर्धामधेनुः पशुः,
काष्ठं कल्पतरुर्दृषत्सुरमणिस्तत्केन साम्यं सताम् ॥ २७ ॥

સમુદ્ર ખારો છે, ચંદ્રમાં કલંકી છે, સૂર્ય ઉષ્ણ છે, મેઘ વીજળીનો આશ્રય કરીને રહ્યો છે, મેરૂ મેઘનાં વાદળાથી અદૃશ્ય છે, આકાશ શૂન્ય છે, પૃથ્વીને શેષનાગે ધારણ કરેલી છે, કામધેનું પશુ છે, કલ્પવૃક્ષ કાષ્ઠ છે, અને ચિંતામણિ પત્થર

છે, તેથી સત્પુરૂષોની કોઇ પદાર્થની સાથે તુલના કરી શકાય તેમ નથી. (અર્થાત્ સત્પુરૂષની સન્મુખ ઉપલાં સર્વ પદાર્થ નિસ્તેજ છે. ૨૭

ઉત્તમ જનમાં રહેલા નવ અમૃતના કુંડો.

चेतः सार्द्रतरं वचः सुमधुरं दृष्टिः प्रसन्नोज्वला,
शक्तिः क्षान्तियुता मतिः श्रितनया श्रीर्दानदैन्यापहा ।
रूपं शीलयुतं श्रुतं गतमदं स्वामित्वमुत्सेकता,
निर्मुक्तं प्रकटान्यहो नव सुधाकुण्डान्यमून्युत्तमे ॥ २८ ॥

અતિશય કોમળતા યુકત હૃદય, સુન્દર મિષ્ટ વચન, પ્રસન્નતાથી ઉજ્વલ દૃષ્ટિ, (મીઠી નજર) સહનશીલતા યુકત શકિત, ન્યાયના આશ્રયવાળી બુદ્ધિ, દાનથી દીનતા હરનારી લક્ષ્મી, સદાચરણ યુકત સ્વરૂપ, ગર્વ વિનાનું શાસ્ત્ર–શ્રવણ, ઉદ્ધતપણા વગરનું સ્વામીપણું, (અધિકારીત્વ) આવી રીતે ચોખ્ખા દેખાતા ઉત્તમ પુરૂષમાં નવ અમૃતના કુંડો છે. ૨૮

મહાન્ પુરૂષોના સત્ય બળના આધારથી આ પૃથ્વી ટકી રહી છે.

के दीनेषु दयालवः स्पृशति यानल्पोऽपि न श्रीमदो,
व्यग्रा ये च परोपकारकरणे हृष्यन्ति ये याचिताः ।
स्वस्थाः सन्ति च यौवनोन्मदमहाव्याधिप्रकोपेऽपि ये,
तैः स्तम्भैरिव सुस्थिरैः किल भरक्रान्ता धरा धार्यते ॥ २९ ॥

જે ગરીબ મનુષ્યો ઉપર દયાળુ છે, અલ્પ એવો લક્ષ્મીમદ પણ જેને અડકતો નથી, (ધનાઢય છે છતાં અભિમાન રહિત છે,) પરોપકાર કરવામાં વ્યગ્ર ચિત્ત છે, યાચના કરવાથી ખુશી થાય છે, યૌવનરૂપી સંનિપાતના મોટા વ્યાધિના કોપમાં પણ જેઓ સ્વસ્થ રહે છે, અચળ એવા તે થાંભલાથી (મહાન્ પુરૂષોથી) ઘણા ભારવાળી આ પૃથ્વી અચળ રહી છે. ૨૯

સર્વજન હિતકર માર્ગ.

स्रग्धरा—(३०–३१)

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं,
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ।
तृष्णास्रोतोविभङ्गो गुरुषु च विनयः सर्वभूतानुकम्पा,
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पन्थाः ॥ ३० ॥

પ્રાણિની હિંસા કરવી નહિ, પરધન ચોરવું નહિ, સત્ય બોલવું, સમય આવે શક્તિ પ્રમાણે દાન કરવું, પરસ્ત્રી સાથે વાત કરવી નહિ, તૃષ્ણાનો નાશ, ગુરૂજી તરફ વિનય, સર્વ પ્રાણિ ઉપર દયા, ઉપરના સર્વ નિયમો સર્વ શાસ્ત્રને માન્ય છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે કલ્યાણનો રસ્તો આજ છે. ૩૦

સજ્જનો કોને વન્દનીય નથી?

नम्रत्वेनोन्नमन्तः परगुणकथनैः स्वान्गुणान्ख्यापयन्तः,
स्वार्थान्सम्पादयन्तो विततबहुतरारम्भयत्नाः परार्थे ।
क्षान्त्यैवाक्षेपरूक्षाक्षरमुखरमुखान्दुर्जनान्दुःखयन्तः,
सन्तः साश्चर्यचर्या जगति बहुमता कस्य नाभ्यर्थनीयाः ॥३१॥

જેઓ બીજાને નમવાથી મોટાઇ પામેલા, બીજાના ગુણના વખાણ કરવાથી પોતે પ્રખ્યાત થયેલા, પરોપકાર વૃત્તિથી કરેલ કાર્યને લીધે સ્વાર્થને સાધનારા, (ઇશ્વરની કૃપાવાળા) મુખથી અપમાનના કઠોર અક્ષર બોલનારા મૂર્ખોને જેઓ તિતિક્ષા (શાંતિ) ગુણથી દુઃખી કરનારા (મૂર્ખને લજ્જાળુ કરનારા) જગત્‌માં બહુમાન પામેલા, એવા આશ્ચર્ય યુક્ત આચરણવાળા સંત પુરૂષોની કોણ પ્રાર્થના ન કરે? (અર્થાત્ સર્વ પ્રાર્થના કરે) એવો ભાવ છે. ૩૧

છપ્પો.

કામ વિચારી કરે, ડરે નહિ તે જન ડાહ્યો,
ગુણનો ન ધરે ગર્વ, સર્વથી હોય સવાયો;
વડું ન વાલે વેર, ઝેરની જીભ ન રાખે,
મધુર વચનનાં મિષ્ટ, ચતુર થઇને ફળ ચાખે;
વળી કળાય નાહ તે કોઇથી, પરનો પામે પાર છે,
દુનિયામાં તે દલપત કહે, ડાહ્યો ડહાપણદાર છે. ૩૨

सुजन दुर्जनता–अधिकार.

જગત્‌માં વસ્તા અનેક મનુષ્યોનો સ્વભાવ અને વર્તન એક સરખું હોઇ શકતું નથી, ઉપર જોયેલ ગુણવાળા સજ્જન પુરૂષો હોય છે, તેમ જગત્‌માં દુર્જનો પણ છે તેના સંબન્ધમાં દરેક વ્યક્તિએ જાણવુંજ જોઇએ કારણકે, અનેક દુર્જનો કેવા હોય છે તેનું જ્ઞાન તેના રૂપ ઉપરથી થતું નથી, પરંતુ તેના ઉત્તમાધમ ગુણ ઉપરથી

થઇ શકે છે તેમાં જગતમાં કેટલાક પામરો એમ માને છે કે-ઉત્તમ સ્થાન ઉત્તમ વસ્ત્રો, ઉત્તમ ભૂષણો, ઉત્તમ ભોજન વગેરે કરવામાંજ ઉત્તમતા છે તે પુરૂષોને ઉત્તમ એવા સજ્જન અને અધમ એવા દુર્જનનો ભેદ બતાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

કાર્ય ઉપરથી સજ્જન-દુર્જનની સમજ.

अनुष्टुप् (१ थी ८)

नीचाः शरीरसौख्यार्थमृद्धिव्यापायमध्यमाः ।
कस्मैचिदद्भुतार्थाय, यतन्ते पुनरुत्तमाः ॥ १ ॥

નીચ પુરૂષો શરીરના સુખ માટે યત્ન કરે છે, અને મધ્યમ પુરૂષો ઋદ્ધિ (ધન) ની પ્રાપ્તિ માટે યત્ન કરે છે અને ઉત્તમ પુરૂષો તો અદ્ભુત (સર્વને સુખ ઉત્પન્ન કરનાર) એવા અર્થ માટે યત્ન કરી રહ્યા છે, ૧ તેમજ—

बाल्येऽपि मधुराः केऽपि, द्राक्षावत्केऽपि चूतवत् ।
विपाके न कदापीन्द्रवारुणीफलवत्परे ॥ २ ॥

કેટલાક બાલ્યાવસ્થામાં દ્રાક્ષની માફક મધુર છે. અને કેટલાક આંબાની માફક મધુર છે. પરન્તુ તેઓમાંથી કેટલાક ઇંદ્રવારૂણીના ફલ (ઇંદરવારૂણીયા-ઇંદ્રામણાં) ની માફક પાકે ત્યારે પણ મધુર થતા નથી. ૨ વળી—

गीतशास्त्रविनोदेन, कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणां, निद्रया कलहेन वा ॥ ३ ॥

પંડિત-જ્ઞાની પુરૂષોનો વખત શાસ્ત્રવાંચવાના આનંદથી અને મૂર્ખનો સમય વ્યસન ક્લેશ કે નિદ્રાથી નિર્ગમન થાય છે. ૩

સજન-દુર્જનની નીશાની.

तुष्यन्ति भोजनैर्विप्रा मयूरा घनगर्जितैः ।
साधवः परसन्तोषैः, खलाः परविपत्तिषु ॥ ४॥

બ્રાહ્મણો ભોજનથી, મયૂર મેઘ ગર્જનાથી, સત્પુરૂષો બીજાઓને સંતોષ થવાથી, અને ખળ પુરૂષો બીજાઓને દુઃખી થવાથી, સંતોષ પામે છે. ૪ તેમજ—

नालिकेरसमाकारा दृश्यन्ते केऽपि सज्जनाः ।
अन्ये तु बदराकारा बहिरेव मनोरमाः ॥ ५ ॥

કેટલાક સજ્જન પુરૂષો નાલિકેર (નાળીયેર)ના સમાન આકારવાળા દેખાય છે, પરંતુ બીજા તો બોરના જેવા આકારવાળા છે એટલે બહારથી જ સુન્દર મનોહર દેખાય છે પરંતુ અંદર તો વિકારી છે. ૫

સજ્જનને સુપડાની ઉપમા અને દુર્જનને ચાલણીની ઉપમાથી ઘટાવે છે.

सन्त्यज्यशूर्पवद्दोषान्, गुणान्गृह्णाति पण्डितः ।
दोषग्राही गुणत्यागी, पल्लोलीव हि दुर्जनः ॥ ६ ॥

વિદ્વાન—સજ્જન પુરૂષ સૂપડાની પેઠે દોષો ત્યજી ગુણો જ ગ્રહણ કરે છે અને દુર્જન ચાલણીની પેઠે ગુણ તજી દઇ દોષ ગ્રહણ કરે છે. ૬

સજ્જનને હંસની સાથે ને દુર્જનને ભુંડની સાથે ઘટાવે છે.

दुर्जनो दोषमादत्ते, दुर्गन्धिमिव सूकरः ।
सज्जनश्च गुणग्राही, हंसः क्षीरमिवाम्भसः ॥ ७ ॥

જેમ ભુંડ દુર્ગંધ (વિષ્ઠા) ગ્રહણ કરે છે તેમ દુર્જન દોષજ સ્વીકારે છે; જેમ હંસ પાણીથી મિશ્રિત દૂધ જુદુ પાડીને તેને (દુધને) ગ્રહણ કરે છે, તેમ સજ્જન પુરૂષ અવગુણમાંથી ગુણજ-ગ્રહણ કરે છે. ૭

કોને કઇ વસ્તુ પ્રિય હોય છે. ?

मक्षिकाः क्षतमिच्छन्ति, धनमिच्छन्ति पार्थिवाः ।
नीचाः कलहमिच्छन्ति, शान्तिमिच्छन्ति साधवः ॥ ८ ॥

જેમ માખીઓ પોતાને બેસવા માટે ચાંદાને, (ગડગુમડને) રાજાઓ ધનને, નીચ પુરૂષો કલેશને ઇચ્છે છે, તેમ સંત પુરૂષો શાંતિ ઇચ્છે છે. ૮

દુર્જન તથા સુજન પુરૂષોનું અવગુણ ગુણ ગ્રાહીપણું.

आर्या—(૯ થી ૧૧)

प्रच्छादयति दुरात्मा, सुजनः प्रकटयति परगुणान्काले ।
तिरयति भुवनानि तमस्तान्येव रविः प्रकाशयति ॥ ९ ॥

દુરાત્મા પુરૂષો પારકાના ગુણોને જ્યારે વખત મળે ત્યારે ઢાંકી દેય છે, અને સુજન પુરૂષો પ્રગટ કરે છે. જેમ રાત્રિ વિષે અંધારૂં ભુવનોને ઢાંકી દેય છે, અને સૂર્ય ભુવનોને પ્રકાશવાળાં કરે છે. ૯

ગુણાગુણ ગ્રહણ કરવામાં સોયના બે ભાગનું દૃષ્ટાંત

अनुकुरुतः खलसुजनावग्रिमपाश्चात्ययोः सूच्याः ।
विदधाति रन्ध्रमेको, गुणवानन्यस्तु पिदधाति ॥ १० ॥

સોયની અણી તુલ્ય દુર્જન, ને સોયનું દોરા યુક્ત નાકું સજ્જન પુરૂષ છે, કારણ કે સોય જેમ છિદ્ર ન હોય ત્યાં છિદ્ર પાડે છે તેમ દુર્જન પુરૂષ પણ જેનામાં દોષ ન હોય તેનામાં દોષનો આરોપ કરે છે. જેમ સોયનું નાકું દોરાથી છિદ્ર ઢાંકે તેમ ગુણવાન્ સુજ્જન પુરૂષ બીજાના છિદ્રને ઢાંકે છે. ૧૦

ગુણીમાં દોષ ગુણરૂપ છે અને દોષવાળામાં ગુણ પણ દોષ થઇ જાય છે.

दोषो गुणाय गुणिनां, महदपि दोषाय दोषिणां सुकृतम् ।
तृणमिव दुग्धाय गवां, दुग्धमिव विषाय सर्पाणाम् ॥ ११ ॥

દોષ પણ ગુણી મનુષ્યોના ગુણ માટે થાય છે. અને મ્હોટો પણ ગુણ (સુકૃત) દોષવાળા મનુષ્યોના દોષને માટે થાય છે, ત્યાં દાખલો આપે છે કે, ઘાંસ (ગુણહીન છે તો પણ) ગાયોના દૂધને ઉત્પન્ન કરે છે અને સર્પોને આપેલું દૂધ (ગુણવાળું છે તો પણ) જેમ તેના ઝેરમાં વૃદ્ધિને કરે છે. વદ્વત્. ૧૧

સજન તથા દુર્જનને વિદ્યાદિ શક્તિ મળે તો કેમ ઉપયોગ કરે છે?

उपजाति.

विद्या विवादाय धनं मदाय, शक्तिः परेषां परिपीडनाय ।
खलस्य साधोर्विपरीतमेतज्ज्ञानाय दानाय च रक्षणाय ॥ १२ ॥

દુર્જનને વિદ્યા વિવાદને માટે, ધન મદને માટે અને શક્તિ બીજાને પીડવાને માટે થાય છે. અને સજ્જન પુરૂષને તેથી વિપરીત–એટલે વિદ્યા જ્ઞાનને માટે, ધન દાનને માટે અને શક્તિ બીજાના રક્ષણને માટે થાય છે. ૧૨

કોઇથી દુઃખ પામેલો સજ્જન ને સુખ પામેલો દુર્જન કેમ વર્તે છે?

वसन्ततिलका.

आक्रोशितोऽपि सुजनो न वदत्यवाच्यं, निष्पीडितोऽपि रसमुद्गिरते यथेक्षुः ।
नीचो जनो गुणशतैरपि सेव्यमानो, हास्येन तद्वदति यत्कलहेऽप्यवाच्यम् ॥१३॥

જેમ શેરડીનો સાંઠો યંત્રમાં પીલાણો હોય તો પણ તે મધુર રસ આપે છે, તેમ કોઇએ સત્પુરૂષનો તિરસ્કાર કર્યો હોય તો પણ તે નીંદવા યોગ્ય વચન કયારે પણ બોલતો નથી, ઉલટું મિષ્ટ ભાષણ કરે છે. પરંતુ સેંકડોબંધ લાભો આપીને દુર્જનની સેવા કરી હોય છતાં કલેશમાં પણ જે વચન ન બોલવું જોઇએ તેવું વચન દુર્જન મશ્કરીમાં બોલે છે. ૧૩

એક રંગીમાં ભેદ વિષે.

शार्दूलविक्रीडित. (૧૪-૧૫)

शौक्ल्ये हंसबकोटयोः सति समे यद्वद्गतावन्तरं,
कार्ष्ण्ये कोकिलकाकयोः किल यथा भेदो भृशं भाषिते ।
पैत्ये हेमहरिद्रयोरपि यथा मूल्ये विभिन्नार्घता,
मानुष्ये सदृशे तथार्यखलयोर्दूरंविभेदो गुणैः ॥ १४ ॥

હંસ અને બગલો બન્ને ધોળા હોય છે, પરન્તુ જ્યારે ગતિ કરે છે, ત્યારે બગલો અને હંસ એમ માલૂમ પડે છે. તેમ કાગડો અને કોયલ બન્ને કાળાં હોય છે, પરન્તુ જ્યારે બોલે ત્યારે ભેદ જણાય છે. તેમ સોનું અને હલદર બન્ને પીળાં હોય છે પણ મૂલ્ય થાય ત્યારે વિભેદાર્થતા (ભેદવાળો અર્થ) જણાય છે. તેમ આર્ય (સજ્જન) અને ખળ (દુષ્ટ) બન્ને મનુષ્ય છે પરન્તુ બન્નેના ગુણોથી ભેદ જણાય છે. ૧૪

સજ્જન-દુર્જન-અને રાક્ષસ કોને કહેવા ?

ते वै सत्पुरषाः परार्थघटकाः स्वार्थान्परित्यज्य ये,
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये ।
तेऽमी मानुषराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये,
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥ १५ ॥

જે પુરૂષો સ્વાર્થનો ત્યાગ કરી પરોપકાર કાર્ય કરે છે તે સત્પુરૂષો કહેવાય છે, જે પોતાનું સુધારીને બીજાનું પણ સુધારે તે મધ્યમ પુરૂષો કહેવાય છે, જે સ્વસુખ સાધવાને માટે પરનું બગાડે છે તે મનુષ્યજાતિમાં રાક્ષસ માનવા, પરંતુ પોતાનો સ્વાર્થ સુધરે નહિ તે અન્યનું વગર કારણે બગાડવું તે પુરૂષોને કઇ ઉપમા આપવી એ અમો જાણી શકતા નથી. ૧૫

સારા નરસા મનુષ્ય વિષે.

"મા પાવા તે ગઢથી ઉતર્યાં, મહાકાળી રે" એ રાગ.

* જન ભલા એ ભૂતળ માંય, ધન્ય જનમ ધરિયા !
જે જુલમી જનો જણાય, એ શિદ અવતરિયા ? ૧૬
જેણે કીધાં રૂડાં કામ, ધન્ય જનમ ધરિયા !
ન રહ્યું જો નિશ્ચળ નામ, એ શિદ અવતરિયા ? ૧૭

* દલપત કાવ્ય ભાગ પહેલો.

જેણે સેવ્યા માને બાપ, ધન્ય જનમ ધરિયા !
જેણે સેના લીધા શાપ, એ શિદ અવતરિયા ? ૧૮
જેણે પાળ્યા માણસ પાંચ, ધન્ય જનમ ધરિયા !
જેણે લોભે લીધી લાંચ, એ શિદ અવતરિયા ? ૧૯
જેણે ધરી ધરમની રીત, ધન્ય જનમ ધરિયા !
જેની પાપ ઉપર બહુ પ્રીત, એ શિદ અવતરિયા ? ૨૦
જેણે સાૈને દીધાં સુખ, ધન્ય જનમ ધરિયા !
દુનિયાને દીધાં દુઃખ, એ શિદ અવતરિયા ? ૨૧
જેણે દીધો સદૈવ સુબોધ, ધન્ય જનમ ધરિયા !
જેણે કર્યો ગરિબપર ક્રોધ, એ શિદ અવતરિયા ? ૨૨
જેનાં વિધ વિધ થાય વખાણ, ધન્ય જનમ ધરિયા !
જેણે પરના લીધા પ્રાણ, એ શિદ અવતરિયા ? ૨૩
જેણે દયાથી દીધાં દાન, ધન્ય જનમ ધરિયા !
જે નિર્લજ ને નાદાન, એ શિદ અવતરિયા ? ૨૪
જે પ્રજા તણા પ્રતિપાળ, ધન્ય જનમ ધરિયા ?
જે ચોર થયા ચંડાળ, એ શિદ અવતરિયા ? ૨૫
સત્યવાદી શાણા શેઠ, ધન્ય જનમ ધરિયા ?
જેણે પાપે ભરિયાં પેટ, એ શિદ અવતરિયા ? ૨૬
જેની તનમન સારી ટેવ, ધન્ય જનમ ધરિયા ?
ન ભજ્યા દલપતના દેવ, એ શિદ અવતરિયા ? ૨૭

સુજન બીબી અને દુર્જન મીયાંની વાર્તા.

* વે દિન કહાં કે મિઆંકે પાંઉમેં જુતી ?

મીયાં બહુ કરીને ગામડામાં રહેનાર એક મુસલમાન હતો. તે બિચારાને કાંઇ પણ નોકરી નહીં મળવાથી ખડનો ભારો લાવી વેચી પોતાનો નિભાવ ઘણી મુશ્કેલીથી કરતો હતો. પંડ પર ફાટલ–તુટલ લુગડાં એ મિઆંનો શણગાર હતો. લુખો–સૂકો જારનો રોટલો ને આછી–પાતળી છાશ તેનું ભોજન હતું. પગમાં પગરખું પહેર્યાંને પંદરેક વર્ષ વિતી ગયાં હશે, એટલી મુદતમાં રૂપિઓ–સવા રૂપિઓ ખરચી પગરખાં લેવાની શકિત આવી નહોતી. તેની સ્ત્રી મરીઅમ ઘણી ભલી હતી. રેંટીઆ પૂણીની ઉપજ પોતાના ખાવિંદને ઘર ચલાવવામાં તે મોટી મદદગાર થઇ પડતી હતી. મિઆંભાઇ પોતે હિણુકમાઉ પણ મિજાજનો ભંડાર હતો, કહેવત છે કે–"**નબળો માંટી બૈરી પર શૂરો**" હરવખત મિઆંભાઇ બીબીને સતાવ્યા કરતો પણ સમજુ બિચારી મરીઅમ ખુનીઆદનું ફરજંદ હોઇને ખામોશ પકડતી.

* કોતુકમાળા.

એક વખત મિઆંભાઈએ ઘણી તકરાર કરતાં બીબીને ન કહેવાનાં વચન કહ્યાં તેથી બીબીએ નમ્રતાથી મિઆંને કહ્યું કે—" મિઆં સાહેબ, અબ બહુત હુઈ, મેરે તેં માફ કરના "

મિઆં—ક્યા બહુત હુઈ ? કુછ મારી તો નાહ ?

બીબી—ઇતનાહી બાકી હે ! એ ભી મરજી હોવે તો કર લો.

મિઆં—(ગુસ્સે થઇને) રંડી ! જાદે ટકટક કરેગી તો સાત વાલીકાં જૂતીઆં માર મારકે હડી તોડ ડાલુંગા.

બીબી—" વે દિન કહાં કે મિઆંકે પાઉમેં જૂતિ ? "

આ સાંભળી મિઆંનું વેણુ પોતાના મનમાં જ રહ્યું.

પોતાની પાસે ન હોય તેવા સાધનથી બડાઈ મારનાર મૂર્ખના દૃષ્ટાંતની આ વાત છે. મિઆં દુજન હતો અને બીબી સુજનતાવાળી હતી.

આ પ્રમાણે કહી આ **સુજન-દુર્જનતા** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

ગુણપ્રશંસા—અધિકાર.

ગત અધિકારમાં સજ્જન અને દુર્જન પુરૂષોના સંબંધમાં કહેવામાં આવ્યું છે, તેમાં બીજી કોઇ રીતે નહિ પણ ઉત્તમ એવા ગુણોથી સુજનપણું અને દુર્ગુણોથી નીચપણું સિદ્ધ કરવામાં આવ્યું છે તેમાં એટલું જ્ઞાતવ્ય બાકી રહે છે કે, ગુણો શું કરી શકશે ? એટલે ગુણોમાં કયા પ્રકારની સત્તા છે તે જણાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

આ અધિકારના પેટા ભાગમાં " એક પણ ગુણ દોષોનો નાશ કરે છે ૧, એક ગુણ તો અવશ્ય ધારણ કરવો જોઇએ ૨, એટલા ગુણ વૈર કરાવનારા થાય છે ૩, ગુણવાન્ પુરૂષો ઘણું કરીને કલેશને પ્રાપ્ત થાય છે ૪ ગુણવાન્ પુરૂષ લાંબા વખત સુધી એક સ્થાનમાં ટકે તે દૈવથી સહન કરી શકાતું નથી, ૫, ગુણવાન્ પુરૂષોમાં ગુણો ગુણરૂપ થાય છે ૬, ગુણવાન્ પુરૂષ ગુણને છોડતો નથી, ૭, ગુણી પુરૂષોનો દોષ પણ વર (શ્રેષ્ઠ) છે ૮, ગુણી પુરૂષોનો ન્હાનો દોષ પણ મહાન્ દેખાય છે ૯, ગુણી અંગીકૃત વસ્તુનું પ્રતિપાલન કરે છે ૧૦, ગુણી અનાચારનું આચરણ કરે નહીં ૧૧, કહેલા વચનનું પ્રતિપાલન કરે ૧૨, ગુણ ગુપ્ત રહી શકતો નથી ૧૩, ગુણોથી પૂજ્યપણું છે નહિ કે જન્મથી ૧૪, ગુણ બીજા ગુણની અપેક્ષા રાખે છે ૧૫, ગુણી પુરૂષ જ ગુણીને જાણે છે ૧૬, ગુણના લાભના અભાવમાં મહાન્ પુરૂષો સ્થાનનો ત્યાગ કરે છે ૧૭, પરોપકારને માટે સત્પુરૂષોનો

વિભૂતિ રૂપી ગુણ છે ૧૮, જે જેને જાણતો નથી તે તેને નિંદે છે ૧૯, મહા પુરૂષો ને હાનિ નથી પરંતુ તે સ્થાનને હાનિ છે ૨૦, મહા પુરૂષમાં હલકાઈની શંકા ન કરવી ૨૧, ગુણવાન્ પુરૂષ દુર્બલ હોય તો પણ ઉત્તમ છે ૨૨ ”

આમ બાવીશ પ્રકારે ગુણીનું સ્વરૂપ જાણી શકાય છે તેથી તેનું આ અધિકાર સાથે એકીભાવ (એકપણું) છે. માટે તે બાબતમાં વિશેષ ન લખતાં આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

ગુણોની પ્રસિદ્ધિ સ્વતઃજ થાય છે.

अनुष्टुप् (૧ થી ૧૦)

गुणाः कुर्वन्ति दूतत्वं, दूरेऽपि वसतां सताम् ।
केतकीगन्धमाघ्राय, स्वयं गच्छन्ति षट्पदाः ॥ १ ॥

સત્પુરૂષો ઘણા દૂર વસતા હોય, પણ પોતાના ગુણો દૂતપણું કરે છે (અર્થાત્ પોતાના ગુણો જગત્માં પ્રસિદ્ધ થવાથી મનુષ્યો દર્શન અર્થે આવે છે) જેમકે કેતકીમાં સુગંધીનો ગુણ હોવાથી ભમરાઓ પોતાની મેળે કેવડા તરફ આકર્ષાય છે ૧ *

ગુણવાન્ પદાર્થના સંસર્ગનું ફળ.

गुणवज्जनसंसर्गाद्याति सर्वोऽपि गौरवम् ।
पुष्पमालाप्रसङ्गेन, सूत्रं शिरसि धार्यते ॥ २ ॥

ગુણહીન મનુષ્ય જો ગુણવંત સજ્જનની સોબતમાં આવે તો અવશ્ય મ્હોટાઇ મેળવે છે, જેમકે સૂતર પુષ્પની માળામાં ગુંથાવાથી દેવ કે મનુષ્યના કંઠમાં રહે છે કારણ કે પુષ્પ રહિત સૂતર કંઠમાં પેરાય નહિ. ૨

ગુણો જણાવવામાં સોગન ખાવાની જરૂર નથી.

यदि सन्ति गुणाः पुंसां, विकसन्त्येव ते स्वयम् ।
न हि कस्तूरिकामोदः, शपथेन निवार्यते ॥ ३ ॥

જે માણસોમાં ગુણો ભરેલા છે તે માણસો ગુણોને લીધે પોતાની મેળે જગત્માં જાહેર છે; જેમકે આ કસ્તુરી છે અન્ય વસ્તુ નથી એવી કસ્તુરીની સાબીતી કરવા માટે સોગન ખાવાની જરૂર નથી. કારણ કે કસ્તુરીની સુગંધી જ સુપ્રસિદ્ધ છે. ૩

* ૧ થી ૬ સુભાષિત રત્ન ભાંડાગાર.

ગુણગ્રાહી, દોષને જોતો નથી.

केतकीकुसुमं भृङ्गः, खण्ड्यमानोऽपि सेवते ।
दोषाः किं नाम कुर्वन्ति, गुणापहृतचेतसः ॥ ४ ॥

કાંટાથી ખંડિત થયેલો ભ્રમર પણ ગુણગ્રાહી હોવાથી કેવડાના પુષ્પનું સેવન કરે છે; કારણકે ગુણોવડે હરણ થઇ ગયેલ છે અંતઃકરણ જેનું એવા મનુષ્યને દોષો શું કરે ? (અર્થાત્ ગુણગ્રાહી પુરૂષો દોષને જોતા જ નથી.) ૪

ગુણો મેળવવા માટે પુરૂષનો પ્રયત્ન જણાવે છે.

अहो गुणानां प्राप्त्यर्थं, यतन्ते बहुधा नराः ।
मुक्ता यदर्थं भग्नास्या इतरेषां च का कथा ॥ ५ ॥

આશ્ચર્યની વાત છે કે ગુણોને માટે ઘણા પ્રકારે પુરૂષો પ્રયત્ન કરે છે જેને માટે (ગુણ-દોરા માટે) મોતિ પણ છીદ્રવાળાં થઇ જાય છે તેમજ મોક્ષ પામનારા પુરૂષો નાશ પામે છે (અર્થાત્ ઉદારિક શરીરનો નાશ કરવો પડે છે) તો બીજાની તો શું વાત કરવી ? ૫

મનુષ્ય ગુણથી પૂજાય છે, પણ રૂપથી પૂજાતો નથી.

गुणेन स्पृहणीयः स्यान्न रूपेण युतो जनः ।
सौगन्ध्यवर्ज्यं नादेयं, पुष्पं कान्तमपि स्वयम् ॥ ६ ॥

દરેક મનુષ્ય ગુણ વડે ગ્રાહ્ય (સ્પૃહા કરવા યોગ્ય) છે. કાંઇ રૂપ વડે માણસ ગ્રહણ કરવા યોગ્ય થતો નથી. કારણકે પુષ્પ ઘણું સુંદર અને મનોહર હોય પરંતુ સુગંધ રહિત હોય તો તે ગ્રહણ કરવા યોગ્ય નથી. ૬

ગુણી તથા નિર્ગુણી મનુષ્યમાં મોટું અન્તર છે.

गुणिनां निगुर्णानां च, दृश्यते महदन्तरम् ।
हारः कण्ठगतः स्त्रीणां, नूपुराणि च पादयोः ॥ ७ ॥

ગુણી અને નિર્ગુણી મનુષ્યમાં ઘણોજ ફેરફાર છે. (એટલે પોતપોતાની યોગ્યતા પ્રમાણે માન મળે છે) ત્યાં દૃષ્ટાંત આપે છે કે-મોતીનો હાર (ગુણ-સુતરને લીધે) કંઠમાં પહેરાય છે, ને ઝાંઝરનો ઉપયોગ પગમાં જ થાય છે. ૭*

દુનીયામાં ગુણાનુરાગી પણ થોડા છે.

आसतां गुणिनस्तावद्भूषिताशेषभूतलाः ।
येषां गुणानुरागोऽस्ति, साम्प्रतं तेऽपि दुर्लभाः ॥८॥

* ૭ થી ૧૧ સૂક્તિ મુક્તાવળી.

સમગ્ર ભૂમંડળને શણગારવાવાળા ગુણિ પુરૂષો તો એક તરફ રહ્યા પરંતુ જે-ઓને ગુણમાં પ્રેમ છે, તેવા પુરૂષો પણ હમણાં (આજ કાલના વખતમાં) દુર્લભ છે.૮

મનુષ્યો ગુણોથી જ ગૌરવને પામે છે.

गुणैर्गौरवमायान्ति, न महत्याऽपि सम्पदा ।
पूर्णेन्दुः किं तथा वन्द्यो, निष्कलङ्को यथा कृशः ॥९॥

મનુષ્યો ગુણોથી જ ગૌરવ (મ્હોટાઈ) ને પ્રાપ્ત થાય છે, મ્હોટી સંપત્તિથી નહિ. કૃશ, (પાતળો) કલંક રહિત બીજનો ચન્દ્રમા જેમ મનુષ્યોથી વન્દાય છે, તેમ સકલંક એવો પૂર્ણ ચન્દ્ર વન્દનાને પાત્ર થતો નથી. ૯

પૂર્ણ સંપત્તિવાળાએ પણ ગુણનો ત્યાગ ન કરવો.

गुणेष्वनादरं भ्रातः, पूर्णश्रीरपि मा कृथाः ।
सम्पूर्णोऽपि घटः कूपे, गुणच्छेदात्पतत्यधः ॥ १० ॥

હે ભાઇ ! તને સંપૂર્ણ લક્ષ્મી પ્રાપ્ત થાય તો પણ ગુણોમાં અનાદર કર નહિ. કારણકે ઘડો સંપૂર્ણ હોય તો પણ ગુણ (દોરડા) ના કપાવાથી કૂવામાં નીચે પડી જાય છે. ૧૦

ગુણીપણું કેવળ સ્વાભાવિક હોતું નથી.

शिखरिणी.

गता ये पूज्यत्वं प्रकृतिपुरुषा एव खलु ते,
जना दोषत्यागे जनयत समुत्साहमतुलम् ।
न साधूनां क्षेत्रं न च भवति नैसर्गिकमिदं,
गुणान् यो यो धत्ते स भवति साधुर्भजत तान् ॥११॥

જે લોકો પૂજ્યપણાને પામ્યા છે તે નક્કી સ્વભાવથી પુરૂષો છે (કાંઇ દેવ-તાઓ નથી) માટે હે મનુષ્યો ! દોષના ત્યાગમાં અતુલ એવા ઉત્સાહને ધારણ કરો. સાધુ (ગુણી) પુરૂષોનું કયાંય ક્ષેત્ર (ખેતર) નથી હોતું. તેમ સ્વભાવથી જ કોઇને ગુણીપણું હોતું નથી. પરંતુ જે જે પુરૂષ ગુણોને ધારણ કરે છે તે તે સાધુ (ગુણી) કહેવાય છે માટે તમે ગુણોને ભજો. ૧૧

ગુણી પર દૃષ્ટાંત.

+ સુરતમાં એક વિજયકુંવર નામની સ્ત્રીને ઠીંઠણપાળ નામના કુલિન અને ગૃહસ્થ ધણી સાથે નાનપણમાં તેનાં માબાપે પરણાવી હતી. તે લાયક ઉમરની થઇ

+ કૌતુકમાળા.

એટલે સાસરે આવી. સાસરામાં સર્વ પ્રકારનું સુખ હતું પણ તેના ધણીનું ઠીંઠણુ-પાળ નામ સાંભળી તેને ખેદ થયો. અરે દૈવ ! કયાં મારૂં નામ વિજયકુંવર અને કયાં ઠીંઠણુપાળ. કેવું કાને ડરામણું ને ખરાબ લાગે છે ? વળી તેનો અર્થ શો ? તે તો કાંઇ જણાતો નથી. અર્થ વગરના આવા કઢંગા નામ પાડનારને ધિક્કાર છે ? અરેરેરે ! મારે માટે તે કયાંથી નવું નામ ઉત્પન્ન થયું ? માણસોનાં કેવાં કેવાં ચંપકરાય, નવનિધરાય, નટવરરાય, મનમોહનરાય, પ્રિતમલાલ, મનસુખલાલ વગેરે સુંદર, મનહરણ અને ઉત્તમ નામ છે વળી ગુણ પણ નામ પ્રમાણે જ હશે ? જેનું નામ ખરાબ તેનામાં ગુણ કયાંથી સારા હોય? અરે, તેવા નામ ઉપર ઉલટ આવેજ કેમ ? સારાને વિદ્વાનનો સંગ તેવાને હોય જ કયાંથી ? પછી તેનામાં સારા ગુણ કેમ હોય ? એમ ખેદ કરવા લાગી. વળી તેની સહીયરો જ્યારે ભેગી થાય, ત્યારે પરસ્પર પોતાના ધણીના નવલશંકર, દોલતરાય, ગૌરીશંકર, ગિરધરલાલ, જગજીવનદાસ, કેશવરામ, ભગવાનલાલ વગેરે કાનને પ્યારાં લાગે એવાં સુંદર નામના દાખલા આપી તેને બહુજ ખીજવે, તેથી વિજયકુંવરના મનમાં શોક થયા કરે. એ ચિંતામાં તેનું શરીર ઉતરી ગયું, ઠીંઠણુપાળના નામની શોચનાને લીધે તેના ઉમદા ગુણ તરફ તો તે ધ્યાન આપતી નહિ, તેથી તેણીના મનનું સમાધાન થઇ રોષ ભરેલા નેણ શી રીતે ઉતરે. હવે તો તેને દરેક માણસનું નામ પૂછવાની ટેવ પડી ગઇ હતી. તેથી જેને તેને નામ પૂછયા કરતી હતી.

એક વખત વિજયકુંવર હવેલીના ઓટલા ઉપર નિરાંતથી બેઠી હતી, તેવામાં એક ગરીબ બાઇ હાથમાં થોડી લાખ લઇ વેચવા નીકળી. તેણે વિજયકુંવરને કહ્યું કે, “ અરે બાઇ સાહેબ, તમારે લાખ જોઇતી હોય તો લ્યો. તેની કિંમત જે તમારી નજરમાં આવે તે આપો. મારે તે વેચવાની ઘણી જરૂર છે એમ આગ્રહ કરી, ફરી ફરી કહ્યું. ”

વિજયકુંવરે પ્રથમ તો તેણીને હાથમાં લાખ, દેખાવે કંગાલીયત ને ભૂખની આરસી જેવી જોઇ સામું પણ જોયું નહિ. છેવટે તેના આગ્રહથી પૂછયું, અરે બાઇ, તું આમ કેમ છેક દીનતા બતાવે છે ? તમારૂં નામ જ શું એવું છે કે ? ”

લાખવાળી બાઈ—મારૂં નામ તો લક્ષ્મી છે.

વિજયકુંવર—તારૂં નામ જ સાક્ષાત્કાર લક્ષ્મિ છે, તો પછી તારે આ લાખના થોડા પૈસા ઉપજાવવા સારૂ ઘેર ઘેર આથડવું પડે છે શા માટે ?

લાખવાળી બાઈ—નામ લક્ષ્મી એમાં શું વળ્યું ! ઘરમાં ખાવા દાણાને રાતી પાઇ સરખી નથી. છોકરાં બૂમો પાડતાં હશે, તેથી જ્યારે આ લાખ વેચીને એના દાણા લાવી રોટલા કરીશ, ત્યારે ખાવાનું પામશું, નામ પ્રમાણે ગુણ હોય તો હું તો ઘણી રાજી છઉં.

પણ એમ બને કેમ? નામતો માણસો સારાં સારાં પાડે છે, પણ **ધૂળ ઉપર લીંપણ;** મારા પડોશમાં ગલાલ અને કંકુ નામની બાઇડીયો કાજળથી કાળી છે, ઝવેર ને મોતી તો ફુટી બદામની ગણતરીમાં નથી,ગુલાબતો ગંધાતી રહે છે ને સાકર કડવા ઝીબી છે વધારે શું કહું ? માટે નામ પ્રમાણે ગુણ હોયજ નહિ.

એમ કહી તે તો ચાલી ગઇ, થોડીવાર થઇ ત્યાં એક ધનપાળ નામનો માણુસ ભિખ માગવા આવ્યો, તેણે વિજયકુંવરને કહ્યું કે "બાઇ તમારા હૃદયમાં પ્રભુ વસે તો કાંઇ આપો. **હાથે તેજ સાથે છે,** તમને ધર્મ થશે. મારી આંતરડી દુવા દેશે ને તમારૂં ભલું થશે.

વિજયકુંવર—અરે ભાઇ તું આમ ભીખ માગતો ફરે છે તેથું, તારૂં નામ એવું ભીખારીદાસ છે. ?

ધનપાળ—ના, બાઇ મારૂં નામ તો ધનપાળ છે. પણ તેમાં કામ શું આવે. મારો જન્મ બધો ભીખ માગવામાં ગયો છે.

વિજયકુંવર—વળી ધનપાળને પણ ભીખ માગવી પડે કે? શું, નામ એવા ગુણ ન હોય ?!

ધનપાળ—અરે બાઇ, નામ એવા ગુણ કયાંથી હોય? એક મિયાંનું નામ દરીઆવખાં હતું, પણ પાણી વગર તરસ્યો મરતો હતો. નામમાંથી એક ટીપું પાણી પણ કામ ન આવ્યું. અરે! શીતલદાસ નામનો સાધુ ઘણો ક્રોધી હતો. નાગાનંદ તો સુશોભિત વસ્ત્રાલંકારથી ગરકાવ રહે છે. હનુમાનદાસ તો બબે બાઇડીયો રાખે છે.

એવામાં એક સંતોષદાસ નામનો સાધુ આવ્યો ને વિજયકુંવર પાસે સવાલ નાખ્યો, ત્યારે તેણીએ પૂછ્યું કે "મહારાજ, તૈયાર રસોઇ જમી લેશો કે સિધું લેશો."

સંતોષદાસે કહ્યું કે, "તૈયાર રસોઇ પાવેંગે, ઔર થોડા ઔર સિધા પણ લેંગે." આથી ધનપાળના કહેવાનો વિજયકુંવરને ખાત્રી થઇ કે નામ પ્રમાણે ગુણ હોતા નથી.

એવામાં પાડોશમાં રહેનાર એક વાણીઓ ગુજરી ગયો, તેની બુમરાણી પડી. વિજયકુંવરે તજવીજકરી તો માલૂમ પડયું કે તે અમરચંદ નામનો વીશ વર્ષનો જુવાન હતો. અમર નામ છતાં મરી ગયાનું સાંભળી, તે બાઇની તમામ ભ્રાંતિ દૂર થઇ, અરે નામ એવા ગુણ હોવા નથી. માટે નામ નઠારૂં હોય તો પણ શું ને સારૂં હોય તોપણ શું? પણ ગુણ સારા હોય તો દીપી નીકળે છે, હું અત્યાર સુધી અંધારે કુટાઇને નામ ઉપરથી ગુણનું અનુમાન કરી રોષમાં રહી, તે મોટી ભૂલ કરી છે, એમ પસ્તાવો કર્યો, પછીથી તેની સહીઅરો મળી ખીજવવા લાગી ત્યારે કહ્યું કે,

દોહો.

" લાખ વેચંતી લક્ષ્મી, ભિખંતો ધનપાળ;
અમર મરંતો મેં સુણ્યો, (તો) ભલો મારો ઠીંઠણપાળ. "

માટે મારો ધણી ઠીંઠણપાળ નામનો છે તેજ ભલો સમજવો, કેમકે તેના ગુણ તરફ જોતાં ઘણો સારો છે.

નામ ગમે તેવું હોય તો તે ગુણ કર્મની સાથે સંબંધ રાખતું નથી. માટે સારા નામ ઉપર મોહિત થવું ને નરસા નામને વખોડવું એ કેવળ અજ્ઞાનતા છે.

एकोऽपि गुणोनिहंतिदोषान्.

અર્થાત્.

એક ગુણ સમગ્ર દોષોનો નાશ કરે છે.

वसन्ततिलका.

वक्रोऽपि पङ्कजनितोऽपि दुरासदोऽपि, व्यालाश्रितोऽपि विफलोऽपि सकण्टकोऽपि ।
गन्धेन बन्धुरसि केतक पुष्पजेन, ह्येको गुणः खलु निहन्ति समस्तदोषान् ॥१॥

હે કેવડા તું વાંકો છે, કાદવમાંથી ઉત્પન્ન થયો છે, દુઃખથી મેળવી શકાય તેવો છો, તું સર્પોથી વિંટાયેલ છે, ફળ રહિત છો, કાંટાવાળો છો, પરંતુ પુષ્પમાંથી ઉત્પન્ન થયેલા ગંધથી સર્વનો મિત્ર છે, કારણ કે તારો સુગંધી ગુણ તારામાં રહેલા સર્વ દોષોને નાશ કરે છે. ૧*

નિર્ગુણ છતાં માત્ર સ્વકુટુંબ વાત્સલ્ય ગુણથી કાગડાને વખાણે છે.

शार्दूलविक्रीडित.

गात्रं ते मलिनं तथा श्रवणयोरुद्वेगकृत्केकृतं,
भक्ष्यं सर्वमपि स्वभावचपलं दुश्चेष्टितं ते सदा ।
एतैर्वायस सङ्गतोऽस्यविनयैर्दोषैरमीभिः परं,
यत्सर्वत्र कुटुम्बवत्सलमतिस्तेनैव धन्यो भवान् ॥ २ ॥

* ૧–૨ સુભાષિત રત્નભાંડાગાર.

હે કાગડા ! તારૂં શરીર કાળું છે, તારી ભાષા કાનને ઉદ્વેગ ઉત્પન્ન કરનારી છે, સર્વ પ્રકારની સારી વા નરસી વસ્તુઓ તું ખાય છે; અને સ્વભાવથીજ ચંચળ હોવાથી તારી ચેષ્ટાઓ પણ સારી નથી. આ પ્રકારે અવિનયાદિ સર્વ પ્રકારના દોષ તને પ્રાપ્ત થયેલા છે, પરંતુ તારા કુટુંબીઓ પ્રત્યે તું જે વાત્સલ્યભાવ રાખે છે તેથી તને ખરેખર ધન્યવાદ આપવામાં આવે છે. ૨

એક ગુણની જરૂર આવશ્યકતા.

" ઓધવજી સંદેશો કહેજયો શામને " એ રાગ.

૧પોપટજી બેઠા સોનાને પાંજરે, રાજા રાણી જોઇ રાજી થાયજો;
ચાકર રોજ કરે પોપટની ચાકરી, જુઓજી પોપટ કયાંઇ ન રમવા જાયજો. પોપટ.૧

એકજ ગુણ પણ આ જગમાં એવો ભલો, વિશેષ સૌથી વિશ્વ વિષે વખણાયજો;
જશ જામે તેનો સઘળા સંસારમાં, ચતુરજનો સૌ તેને ચિત્તમાં ચ્હાયજો. પોપટ ૨

મોતી તો આભુષણમાં શોભે ભલાં, માણસમાં તે તેથી પામ્યાં માનજો;
આંબો પણ રસ આપે એક પ્રકારનો, તે ગુણથી તે ગણાય છે ગુણવાનજો. પોપટ. ૩

સુગંધનો ગુણ સરસ ગુલાબ વિષે વસે, ભક્ષ કર્યાથી ભાગે નહી જન ભૂખજો;
અફીણ તો આવે ઓસડ ઉપયોગમાં, દેહતણું તે દૂર કરે છે દુઃખજો. પોપટ૦ ૪

સોમલ પણ સંહારે રોગ શરીરનો, તદબિરથી તેનો કરતાં ઉપયોગજો;
ઘોડું તો ઘણી મજલ કરે દિન એકમાં, જણાય ઉત્તમ જનને વાહન જોગજો. પો૦ ૫

હેમતણી વીંટી શોભાવે હાથને, શોભાવે નહિ એવું સોનું શેરજો;
લેખણ તો લખવું હોય તે આપે લખી, પામી તે એકજ ગુણ ઉત્તમ પેરજો. પો૦ ૬

---

૧ દલપતકાવ્ય ભાગ ૧ લો.

एते गुणा वैरकरा भवंति.

(આટલા ગુણો વૈર કરાવનારા હોય છે.)

ગુણોનું દુઃખ કહે છે.

अनुष्टुप्

गुणानामेव दौरात्म्याद्धुरि धुर्यो नियोज्यते ।
असञ्जातकिणस्कन्धः, सुखं तिष्ठति गौर्गले ॥ १ ॥

ગુણોના જ દુરાત્મ્ય (દુષ્ટપણા) થી ધોંસરીને વહન કરવામાં સમર્થ એવો બળદ ધોંસરીમાં જોડાય છે, અને જેને ગળાના કાન્ધમાં ધોંસરીનો ઘા નથી પડયો એવો (ઊકન), બળદ (ગોધલો) બન્ધાઇને સુખે રહે છે. ૧

કયા કયા ગુણો વૈરકારી છે.

उपजाति.

मांसं मृगाणां दशनौ गजानां, मृगद्विषां चर्म फलं द्रुमाणां ।
स्त्रीणां च रूपं च नृणां हिरण्यमेते गुणा वैरकरा भवन्ति ॥ २ ॥

મૃગલાઓનું માંસ, હાથીના દાંત, સિંહોનું ચર્મ, (ચામડું) વૃક્ષોનું ફળ, સ્ત્રીઓનું રૂપ અને મનુષ્યોનું ધન આ ગુણો (એટલે ગુણ રૂપ છે તોપણ) વેરને કરાવનારા થાય છે. ૨

गुणन्वतः क्लिश्यन्ते प्रायेण.

(ગુણવાન્ પુરૂષો ઘણું કરીને કલેશને પ્રાપ્ત થાય છે.)

आर्या.

गुणवन्तः क्लिश्यन्ते, प्रायेण भवन्ति निर्गुणाः सुखिनः ।
बन्धनमायान्ति शुका यथेष्टसञ्चारिणः काकाः ॥ १ ॥

ગુણવાન માણસો ઘણું કરીને દુઃખી હોય છે, અને ગુણ રહિત માણસ સુખી થાય છે; જેમકે પોપટ સુંદર મધુરી વાણી બોલે છે ત્યારે તેને બંધનમાં (પાંજરામાં) રહેવું પડે છે. અને ગુણહીન કાગડા પોતાની મરજી પ્રમાણે ઉડે છે. ૧

પ્રારબ્ધાધીન થવા વિષે.

* જે લુગડાં સારાં હોય છે, તેનેજ ધોકા મારીને ધોવાય છે. ફાડી નાંખવા

* સ્વર્ગવિમાન.

સારૂ કાંઇ તેને ધોકા મારતા નથી, પણ તેનો મેલ કાઢવા સારૂ જ તેને ધોકા મારવામાં આવે છે. કારણ કે દુઃખરૂપી ધોકાથી જ તે પવિત્ર થાય છે. પણ જે ફાટેલાં, સડેલાં ગંદીલાં ચીંથરાં હોય છે, તેને તો કાકડીમાં કે મસાલોમાં બાળી જ દેવામાં આવે છે. એવાં બળી જવાને યોગ્ય રખડતાં ચીંથરાંઓને ધોવાની મહેનત કોઈ લેઇ નહીં; સારાં કપડાં હોય તેજ ધોવાય. + + તેમજ [અશુભ કર્મ ભોગવવાને જ] દુઃખ હોય છે. માટે દુઃખથી હિંમત નહીં હારી જાઓ, પણ તેને ખુશીથી ભોગવો. એમાં ખુબી એજ છે કે દલગીર થઇને ભોગવશો તો દુઃખમાં ડુબી જશો, ને પ્રારબ્ધાધીન થઇને શાંતિથી ભોગવશો તો તરી જશો.

અસલના વખતમાં એક મહાત્મા હતા તે મહાત્માને કોઈ એક ગરીબ ભક્તે કહ્યું કે, તમે ડાહ્યા છો ને જ્ઞાની છો, માટે મારી એક વાતનો ખુલાસો કરો. મહાત્માએ કહ્યું કે બોલ, તારી શું વાત છે ? મારાથી બને તે ખુલાસો કરવા હું તૈયાર છું. ત્યારે તે ગરીબ ભક્તે કહ્યું કે, હું બહુ ગરીબ માણસ છું ને તેમ છતાં દરરોજ વધારે ને વધારે ગરીબ થતો જાઉં છું. હવે મારી પાસે કાંઇ રહ્યું નથી. માત્ર એક ઘાસની ઝુંપડી મને રહેવા માટે હતી તેમાં પણ કાલે આગ લાગી તેનું કારણ શું ? + + + મારા જેવા "દુઃખી ઉપર ડહામ ને પડયા ઉપર પાટુ" જેવું દુનિયામાં ઘણે ઠેકાણે બને છે. તેનું કારણ શું છે? એ ભેદ જાણવા હું ઇચ્છું છું.+ + +

ત્યારે દયાળુ મહાત્મા બોલ્યા કે, ભાઇ મને એક ઇંટ જોઈએ છીએ તે લાવી આપ, પછી તને જવાબ આપી દઉં. પેલો ગરીબ ભક્ત શહેરમાંના સુંદર મોહોલ્લાના ભભકાદાર મેહેલોમાં ગયો પણ સુંદર મકાનોમાંથી ઇંટ લેવાની તેની ઇચ્છા થઇ નહીં એ પછે તે ગરીબોના લતામાં ગયો ત્યાં એક તુટેલી દીવાલ પડી જવાને માટે ઝુકી રહી હતી, તેમાંથી એક ઇંટ ખેંચી લીધી ને તે મહાત્માને આપી. ત્યારે પેલા મહાત્માએ કીધું કે, આ ઇંટ તું કયાંથી લાવ્યો ? ત્યારે પેલા કંગાળ ભકતે કહ્યું કે, એક અરધી તુટેલી ને વધારે તુટવા માટે ઝુકી પડેલી એક ગરીબ માણસની દીવાલમાંથી તે લાવ્યો. મહાત્માએ કહ્યું કે, ગજબ ? ગજબ ? એતો તેં બહુ ગેરવ્યાજબી કર્યું. મોટા મોટા મહેલ છોડીને એક ગરીબ માણસની તુટેલી દીવાલમાંથી તેં શામાટે ઇંટ લીધી ? એ તુટેલી દીવાલને તેવીજ સ્થિતિમાં વધારે વખત રહેવા દીધી હોત ને તેને બદલે કોઈ મોટા મહેલમાંથી એક ઇંટ ખેંચી લીધી હોત તો તને શું અડચણ હતી ? શામાટે તેં એમ ન કર્યું ?

ભકતે કહ્યું કે, મહારાજ ? મોટા મહેલમાંથી એક ઇંટ ખેંચવાથી તેની સુંદરતા બગડી જાત, ને ભાંગેલી દીવાલમાંથી ઇંટ ખેંચી કહાડવાથી તે દીવાલ પડી ગઇ ને હવે ત્યાં બીજી નવી દીવાલ બંધાશે. આ સાંભળી મહાત્માએ કહ્યું કે, અશુભ કર્મનો નાશ થયે દુઃખ જશે ને શુભ કર્મનો ઉદય થયે પુણ્ય સુખ ભોગવી, અંતે ઇશ્વર તુલ્ય થઇશ; એ આ ઇંટના ઉદાહરણથી તારે સમજી લેવું. + + +

गुणवान् सुचिरस्थायी, दैवेनापि न सह्यते.

(ગુણવાન્ પુરૂષ લાંબા વખત સુધી એક સ્થાનમાં ટકે તે દૈવથી સહન કરી શકાતું નથી.)

अनुष्टुप्

गुणवान् सुचिरस्थायी, दैवेनापि न सह्यते ।
तिष्ठत्येकां निशां चन्द्रः, श्रीमान् सम्पूर्णमण्डलः ॥ १ ॥

ગુણવાન પુરૂષ વધારે વખત ટકે તે દૈવથી પણ સહન કરી શકાતું નથી. કારણકે સંપૂર્ણ મંડળવાળો ચન્દ્રમા એક રાત્રિ જ શોભાયુક્ત રહી શકે છે (એટલે બીજે દિવસેથી તેની કાન્તિ ક્ષીણ થતી જાય છે એવો પ્રકાર ગુણી પુરૂષ તરફ જાણી લેવો. ૧

गुणा गुणज्ञेषु गुणी भवन्ति.

(ગુણવાન્ પુરૂષોમાં ગુણો ગુણરૂપ થાય છે.)

उपजाति.

गुणा गुणज्ञेषु गुणीभवन्ति, ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः ।
सुस्वादुतोयाः प्रवहन्ति नद्यः, समुद्रमासाद्य भवन्त्यपेयाः ॥ १ ॥

ગુણો ગુણને જાણનારાઓને પામીને ગુણી બને છે. અને તેજ ગુણો નિર્ગુણને પ્રાપ્ત થઇને દોષરૂપ બને છે. જેમ નદીઓ ઘણાં જ સ્વાદવાળાં જળવાળી છે. પરંતુ તેજ જ્યારે મહા સમુદ્રમાં મળે છે, ત્યારે તેનું જળ પીવા જેવું રહેતું નથી. ૧ +

अनुष्टुप् (२-३)

ગુણગ્રાહી વિના ગુણીને સંકટ.

गुणिनोऽपि हि सीदन्ति, गुणग्राही न चेदिह ।
सगुणः पूर्णकुम्भोऽपि, कूप एव निमज्जति ॥ २ ॥

આ ઠેકાણે જો કોઇ ગુણનો ગ્રહણ કરનાર હોય નહિ તો ગુણવાન માણસો પણ બેસી રહે છે. ગુણ (દોરડા) સાહત એવો પૂર્ણ કુંભ હોય તો પણ તેને કુવામાંથી કહાડવાને કોઇ મનુષ્ય ન હોય તો તે કુવામાં જ ડુબેલો રહે છે. ૨

ગુણી પુરૂષોના ગુણોની અપૂજાનું દુઃખ જણાવે છે.

गुणा यत्र न पूज्यन्ते, का तत्र गुणिनां गतिः ।
नग्नक्षपणकग्रामे, रजकः किं करिष्यति ॥ ३ ॥

+ १-२ સુભાષિત રત્નભાંડાગાર.

જે સ્થાનમાં ગુણોનો સત્કાર થતો નથી, ત્યાં ગુણીમનુષ્યોની શી ગતિ થાય? કારણ કે નાગા બાવાના ગામમાં ધોબી શું કરે? એટલે કેનાં વસ્ત્ર ધુએ? ૩

गुणी गुणं न मुञ्चति.

અર્થાત્

ગુણી ગુણવાળાને છોડતો નથી,

आर्या. (૧ થી ૩)

अतिकुपिता अपि सुजना, योगेन मृदूभवन्ति न तु नीचाः ।
हेम्नः कठिनस्यापि, द्रवणोपायोऽस्ति न तृणानाम् ॥ १ ॥

સુજન પુરુષો અતિ કોપાયમાન થયા હોય તોપણ યોગ (અમુક રીતે સાંત્વન કરવા) થી સુકોમળ (શાન્ત) થઇ જાય છે. પરંતુ નીચ પુરુષો કોઇ પણ રીતે શાન્ત થતા નથી. ત્યાં દૃષ્ટાંન્ત આપે છે કે—સોનું કઠિન છે તોપણ તેને ગાળવાનો ઉપાય છે, પરંતુ ઘાંસના તરણા સુકોમલ છે પણ તે બળી જવું કબુલ કરે છે પણ ગળતાં નથી. ૧

ઉત્તમ પુરૂષને દુર્જનનો સંગ થાય તો પણ તેની તેને અસર થતી નથી.

निवसन्नपि समभितरैरभिजातः शिक्षते न दुर्वचनम् ।
ध्वान्तविरावी न पिकः, स्थितवानपि बलिभुजां भवने ॥ २ ॥

ઉત્તમ (ગુણવાન્) પુરુષ બીજા (દુર્જન લોકો) ની સાથે વસતો હોય તોપણ તે દુર્વચન (દુષ્ટ વચન) શિખતો નથી ત્યાં દૃષ્ટાંન્ત આપે છે કે—કોયલ કાગડાના ઘરમાં વસે છે તો પણ તે કાગડા પ્રમાણે શબ્દ કરતો નથી—એટલે કોયલ પોતાના બચ્ચાં (ઇંડા) રૂપે હોય ત્યારે કાગડાના માળામાં મૂકી આવે છે અને કાગડાના ઇંડાને ઉપાડી ફેંકી દીયે છે પરંતુ તે વાતને ન જાણનાર કાગડો પોતાના બચ્ચાંની બુદ્ધિથી કોયલનાં બચ્ચાનું પોષણ કરે છે, પરંતુ જ્યારે તે બચ્ચાં બોલવા શીખે છે ત્યારે કોયલની ભાષા જ બોલે છે. પણ કાગડાના દુષ્ટ વચનની તેને અસર થતી નથી. ૨

મહાત્માઓ ઉપકારીને ઉંચે ધારણ કરે છે.

तरुमूलादिषु निहितं, जलमाविर्भवति पल्लवाग्रेषु ।
निभृतं यदुपक्रियते, तदपि महान्तो वहन्त्युच्चैः ॥ ३ ॥

વૃક્ષોનાં મૂળ વિગેરેમાં સીંચેલ પાણી, તેના પલ્લવના અગ્રભાગમાં પ્રગટ થાય છે. તેવી રીતે જે ગુપ્ત રીતે ઉપકાર કરાય છે, તેને મહાત્માઓ ઉંચે પ્રકારે વહે છે. (જગત્‌માં સુપ્રસિદ્ધ કરે છે.) ૩

મહાન્ પુરૂષનું ગૌરવ દુર્જનના વચનથી નાશ પામતું નથી.

*વૈતાલીય.

वचनैरसतां महीयसो, न खलु व्येति गुरुत्वमुद्धतैः ।
किमपैति रजोभिरौर्वरैरवकीर्णस्य मणेर्महार्घता ॥ ४ ॥

દુષ્ટની કઠોર વાણીથી તેજસ્વી પુરૂષની મોટાઇ ઘટતી નથી. કારણકે, પૃથ્વીની રજથી ઢંકાયેલ મણિની કિમ્મત ઘટે છે ? (અર્થાત્ નહિ.) ૪

ચન્દન વૃક્ષ કદિ પણ સુગન્ધને છોડતો નથી તે, કવી તેને અન્યોક્તિથી કહે છે

उपजाति.

मुले भुजङ्गाः शिखरे विहङ्गाः, शाखा विहङ्गैः कुसुमानि भृङ्गैः ।
सन्तिष्ठसे दुष्टजनस्य मध्ये, न मुञ्चसे चन्दन चारुगन्धम् ॥ ५ ॥

હે ચન્દન વૃક્ષ ! તારા મૂળમાં સર્પો છે અને શિખર (ડાળની ટોચ) ઉપર પક્ષીઓ બેઠાં છે શાખા (ડાળીઓ) પણ પક્ષીઓથી ઘેરાયેલી છે. પુષ્પો ભમરાઓથી વીંટાયેલાં છે એમ તું દુષ્ટજનના મધ્યમાં રહે છે તો પણ તારા સુન્દર ગન્ધને મુકતો (ત્યાગ કરતો) નથી. એટલે તને ધન્ય છે એમ એક સુજનને ઉદ્દેશીને કવિએ ચન્દન વૃક્ષને કહ્યું છે. કારણકે તે સુજન પુરૂષ નીચ પુરૂષના સબન્ધમાં રહ્યો છતાં તેમાં દુર્જનો કાંઇ પણ અસર કરી શકયા નહિં તેથી પ્રસન્ન થતાં કહ્યું છે. ૫

---

*विषमे ससजा गुरुः समे, सभरा लोऽथ गुरुर्वियोगिनी.

૧ લા તથા ત્રીજા ચરણમાં સ ગણ, સ ગણ, જ ગણ અને છેલ્લો દશમો અક્ષર ગુરૂ હોય છે; ૨ જા તથા ૪ થા ચરણમાં સ ગણ, ભ ગણ, ર ગણ અને લઘુ, ગુરૂ મળી ૧૧ અક્ષર થાય છે, આ વ્રતને વિયોગિની કે વૈતાલીય છંદ કહે છે.

સજ્જનના સંગની અસર દુર્જનને થાય છે, પરંતુ દુર્જનના સંસર્ગની અસર સજ્જનને થતી નથી.

*प्रहर्षणी.

संसर्गाद्भवति हि साधुता खलानां, साधूनां न च खलसङ्गमात्खलत्वम् ।
आमोदं कुसुमभवं मृदेव धत्ते, मृद्गन्धं न च कुसुमानि धारयन्ति ॥ ६ ॥

ખળ (નીચ) પુરૂષોને સાધુ પુરૂષોની સાથે સંસર્ગ થવાથી તેને સાધુતા (સજ્જનતા) પ્રાપ્ત થાય છે. પરંતુ ખળ પુરૂષના સંસર્ગથી સજ્જન પુરૂષોમાં ખળપણું પ્રાપ્ત થતું નથી ત્યાં દૃષ્ટાન્ત આપે છે કે—માટીજ કુસુમ (ફુલ) થી ઉત્પન્ન થયેલા ગન્ધને ધારણ કરે છે. પરંતુ મૃત્તિકાના ગન્ધને કુસુમો ધારણ કરતાં નથી. ૬

સાધુ (ગુણી) પુરૂષો કરેલા ઉપકારને ભૂલતા નથી.

मालिनी.

प्रथमवयसि पीतं तोयमल्पं स्मरन्तः, शिरसि निहितभारा नालिकेरा नराणाम् ।
उदकममृतकल्पं दद्युराजीवतान्तं, न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ॥ ७ ॥

નાળીએરનાં વૃક્ષો જે પોતાની ઉચ્છરતી વયમાં લોકોની પાસેથી થોડું જળ પીધેલું હતું, તેને યાદ રાખી પછી મસ્તકપર ભાર ઉપાડીને લોકોને (પોતાને ઉચ્છેરનારને) આખી જીંદગી સુધી અમૃત જેવું મધુર જળ આપે છે. કારણ કે, શ્રેષ્ઠ પુરૂષો કરેલા ઉપકારને ભૂલતા નથી. ૭

ગુણી પુરૂષ કદી નીચ કૃત્ય કરતો નથી.

शार्दूलविक्रीडित.

कूपे पानमधोमुखस्य हि भवेद्वाप्यो वराक्यस्त्रियः,
सामान्यं बकटिट्टिभैः सह सरस्येवं समालोकयन् ।
नादत्ते तृषितोऽपि सिन्धुसलिलं क्रूरैर्वृतं जन्तुभि–
र्मीनादुध्धृतकन्धरः सुरपतिं तच्चातको याचते ॥ ८ ॥

---

* "प्रहर्षणी" नुं लक्षण.

म्नौ ज्रौ गस्त्रिदशयतिः प्रहर्षणीयम् " म गण न गण ज गण र गण અને છેલ્લો અક્ષર ગુરૂ મળી ૧૩ અક્ષરનું એક ચરણ થાય છે, તેવાં ચાર ચરણ મળી પ્રહર્ષણી છંદ કહેવાય છે. અને આ છંદમાં ત્રીજે તથા દશમે અક્ષરે યતિ આવે છે.

કુવામાં જો પાણી પીવામાં આવે તો તે નીચી મુખમુદ્રા રાખનાર જ પાણીનું પાન કરી શકે એટલે મુખ નીચું થાય અને વાવો છે તે તુચ્છ એવી સ્ત્રીઓ છે તેથી તેનું પાણી કોણ પીએ? અને તળાવમાં પાણી પીવાય તે તો બગલા અને ટીટોડા નામના (તુચ્છ) પક્ષીઓની સાથે સામાન્યપણું પ્રાપ્ત થાય, અને સમુદ્રનું પાણી ક્રૂર (નિર્દય) એવા જલ જંતુઓથી વીંટાયેલ છે, માટે એમ વિચાર કરતો બપૈયો મીન-સંક્રાંતિથી એટલે ચૈત્ર માસથી શરૂ કરી (આખા ચોમાસા સુધી) ઊંચી ડોક રાખીને મેઘરાજા પાસે તે પાણીની યાચના કરે છે. ૮

સોનું તે સોનું જ છે.

દોહરો.

*સંપ કરી કદી સો જણા, કહે કનકને તુચ્છ;
પણ અંતે જુઠા પડે, હોય હેમ જો સ્વચ્છ. ૯

गुणिनां दोषोऽपि वरः

(ગુણી પુરૂષોના દોષ પણ શ્રેષ્ઠ છે.)

वसन्ततिलका.

सद्वंशजस्य परितापनुदः सुवृत्तशुद्धात्मनः सकललोकविभूषणस्य ।
छिद्रं प्रजातमपि साधुजनस्य दैवान्मुक्तामणेरिव गुणाय भवत्यवश्यम् ॥१॥

ઉત્તમ વંશમાં જન્મેલ, બીજાની પીડાને નાશ કરનાર, સારા ચરિત્રથી (મોતીના પક્ષમાં ગોળપણાથી) શુદ્ધ આત્માવાળો અને સમગ્ર લોકના ભૂષણરૂપી સાધુ-પુરૂષને દૈવથી મોતીની માફક એટલે જેમ ઉપરના ગુણ ધરાવનાર મુક્તામણિમાં જેમ છિદ્ર પડે છે તો પણ તે ગુણ (અંદર દોરો આવવા માટે થાય છે) તેમ દુષણ પ્રાપ્ત થાય તો પણ તે નક્કી તેના ગુણને માટે જ થાય છે. ૧ +

---

*દલપત્તકાવ્ય ભાગ ૨ જો.

× સુભાષિત રત્નભાંડાગાર.

गुणिनां स्वल्पदोषोऽपि महान्

(ગુણી પુરૂષોના નાનો દોષ પણ મહાન્ ગણાય છે.)

ગુણિનો સ્વલ્પ દોષ પણ ગ્રહણ કરવો સહેલો છે પરંતુ તેના મોટા ગુણો ગ્રહણ કરી શકાતા નથી.

शार्दूलविक्रीडित.

दोषः सर्वगुणाकरस्य महतो दैवानुरोधात्कचि
द्यातो यद्यपि चन्द्रलाञ्छनसमस्तं द्रष्टुमन्धोऽप्यलम् ।
द्रष्टाप्नोति न तावदस्य पदवीमिन्दोः कलङ्कं जगत्,
विश्वं पश्यति तत्प्रभाप्रकटितङ्किंकोऽप्यगात्तत्पदम् ॥ १ ॥

સર્વ ગુણોની ખાણરૂપ એવા મ્હોટા પુરૂષને કદિ દૈવના બળથી ચંદ્રના કલંકની જેમ દોષ પ્રાપ્ત થાય તે વખતે જો કે તેના સંપૂર્ણ લાંછનને અન્ધ[1] મનુષ્ય પણ જોઇ (જાણી) શકે છે તોપણ તેને દેખીને કોઈ તેની પદવીને પામી શકતું નથી પરંતુ તેની કાન્તિથી પ્રગટ થયેલા જગતને મનુષ્ય જોઇ શકે છે એટલે શું કોઇ મનુષ્ય સજ્જનના પદને પામી શકે છે? અર્થાત્ કે નહિં. ત્યાં ચન્દ્રનું દષ્ટાન્ત આપે છે કે—ચન્દ્રના સમ્પૂર્ણ લાઞ્છનને અન્ધ મનુષ્ય પણ જોઈ (જાણી) શકે છે પણ તે લાંચ્છનને દેખી જગત્ (જનસમાજ) તેની પદવીને પામી શકતું નથી, પરંતુ તે લાંછિત ચન્દ્રમાની કાન્તિથી પ્રગટ દેખાતા સમગ્ર જગતને તે જનસમાજ જોઈ શકે છે. તે શું કોઇ મનુષ્ય તે ચન્દ્રના અધિકારને પામી શકે તેમ છે? અર્થાત્ કે નહિં—તક્ષત—૧ *

अङ्गीकृतं पालयेत्.

સ્વીકાર કરેલ મનુષ્યનું પાલન.

आर्या. (१–२)

गुरुआ न गणन्ति गुणे पडिवन्नं निगुणंपि पालन्ति ।
अफला सफला वि तरु गिरिणा सीसेण वुज्झन्ति ॥ १ ॥

---

१ અહીં અંધ શબ્દ અજ્ઞાની વાચક છે, ચંદ્ર પક્ષમાં પણ સામાન્ય રીતે બાળ ગોવાળ (ગોપાળ=ભરવાડ) જનવાચક છે, તેથી અહીં અંધ શબ્દને અતિશયોક્તિમાં વાપર્યો છે.

* આત્માનું શાસન.

મહાન્ પુરુષો, અંગીકાર કરેલ ગુણી કે નિર્ગુણીને પાળે છે, કેમકે પર્વત ફળવાળાં કે ફળરહિત વૃક્ષોને પોતાના મસ્તક ઉપર રાખે છે. ૧

સજ્જનનો ધર્મ.

पतितोऽपि राहुवदने, तरणिर्बोधयति पद्मखण्डानि ।
भवति विपद्यपि महतामङ्गीकृतवस्तुनिर्वाहः ॥ २ ॥

રાહુના મુખમાં પડેલ (ગ્રહણ વખતે પણ) સૂર્ય કમળોને પ્રકાશિત કરે છે, કારણ કે મહાન્ પુરૂષો વિપત્તિમાં પણ અંગીકાર કરેલી વસ્તુનો નિર્વાહ કરે છે. (અર્થાત્ પાલણ પોષણ કરે છે.) ૨ *

वसन्ततिलका.

दोषाकरोऽपि कुटिलोऽपि कलङ्कितोऽपि, मित्रावसानसमये विहितोदयोऽपि ।
चन्द्रस्तथापि हरवल्लभतामुपैति, नैवाश्रितेषु महतां गुणदोषशङ्का ॥ ३ ॥

દોષની ખાણ રૂપ (પક્ષે દોષા રાત્રિને કરનાર), વાંકો, કલંકી અને મિત્ર (સૂર્ય)ના દુઃખ વખતે ઉદય કરનાર એવો ચન્દ્ર (પક્ષે દુષ્ટ પુરૂષ) છે. તથાપિ તે શંકરને (પક્ષે મહાન્ પુરૂષને) પ્રિય થયો છે, તેથી મોટા પુરૂષોને પોતાના આશ્રિતની ઉપર ગુણ અને દોષની શંકા રહેતી નથી. ૩

अनाचारं नाचरेत्.

(ગુણી અનાચારનું આચરણ કરે નહીં)

સજ્જનની હંસની સાથે ઘટના.

अनुष्टुप्.

विपद्यपि गताः सन्तः, पापकर्म न कुर्वते ।
हंसः कुक्कुटवत्कीटानत्ति किं क्षुधितोऽप्यलम् ॥ १ ॥

વિપત્તિ (દુઃખ) ને પામ્યા હોયતો પણ સત્ પુરૂષો પાપ કર્મ કરતા નથી, કારણ કે હંસ અત્યન્ત ભૂખ્યો થયો હોય તોપણ શું તે કુકડાની માફક કીડાનું ભક્ષણ કરે છે? અર્થાત્ કે નહિં. તેમ સજ્જન પુરૂષ કદિ નીચ વૃત્તિ કરતો નથી. ૧ §

* ૨—૩, સુભાષિત રત્ન ભાંડાગાર.
§ ૧ રૂપસેન ચરિત્ર.

उक्तं पालयेत्

(કહેલા વચનનું પ્રતિપાલન કરે.)

સજ્જનનું વાક્ય તે શિલાલેખ છે.

अनुष्टुप् (૧-૨)

सद्भिस्तु लीलया प्रोक्तं, शिलालिखितमक्षरम् ।
असद्भिः शपथेनापि, जले लिखितमक्षरम् ॥ १ ॥

સત્પુરૂષો ફકત રમત ગમતથી જે વચન બોલે, તે શિલામાં લખેલ અક્ષર સમજવા (અક્ષય એવો શિલાલેખ છે) ને દુષ્ટો સોગન ખાઈને જે વચન બોલે તે પાણીના લખેલ અક્ષર સમજવા. (અર્થાત્ જેમ પાણીમાં અક્ષર રહે નહિ તેમ બોલેલ શબ્દ નિરર્થક) ૧ *

સજ્જનનું વાકય હાથીદાંત સમાન છે.

दन्तिदन्तसमानं हि, निःसृतं महतां वचः ।
कूर्मग्रीवेव नीचानां, पुनरायाति याति च ॥ २ ॥

મહાન્ પુરૂષોના મોઢામાંથી જે વચન નીકળ્યું તે હાથીદાંત સરખું છે. (અર્થાત્ હથીના દાંત જેમ નીકળેલા પાછા મુખમાં જતા નથી તેમ મહાપુરૂષો પોતાનું વચન પાળે છે) અને નીચ પુરૂષો જે વચન બોલે છે, તે કાચબાની ડોક જેવું છે, (અર્થાત્ ડોક જેવી નીકળે છે તેવી પાછી અંદર જાય છે તેમ દુષ્ટો પોતાનું બોલેલ વચન પાળતા નથી.) ૨

गुणो गुप्तोऽपि सुप्रसिद्धः

(ગુણ ગુપ્ત રહી શકતો નથી.)

સજ્જન સર્વત્ર પ્રસિદ્ધ છે.

आर्या.

यद्यपि खदिरारण्ये, गुप्तो वस्ते हि चम्पको वृक्षः ।
तदपि च परिमलमतुलं, दिशि दिशि कथयेत्समीरणस्तस्य ॥ १ ॥

* ૧-૨ સુભાષિત રત્નભાંડાગાર.

જો ચંપકનું ઝાડ કદાચ બોરના જંગલમાં ગુપ્ત રીતે ઉગ્યું હોય તો પણ પવન સર્વ દિશામાં તેમની સુગંધી પ્રસારી ને પ્રસિદ્ધ કરે છે. ૧ *

ઉક્ત બાબતનું ગુર્જર કવિતાથી સમર્થન કરે છે.

મનહર.

તારાકી જોતમેં ચંદ્ર છુપે નહિ, સુર છુપે નહિ બાદલ છાયા;
રીડ પડે રજપૂત છુપે નહિ, દાતા છુપે નહિ માગન આયા;
ચંચલ નારીકો નેન છુપે નહિ, પ્રીત છુપે નહિ પીઠ દિખાયા;
ગંગ કહે સુણ શાહ અકબર, (પણ) કર્મ છૂપે નહિ ભભુત લગાયા. ૨

गुणैः पूज्यं न जन्मना.

(વસ્તુ ગુણોવડે પૂજાય છે, પણ જન્મથી નહીં.)

રાજ માન્યાદિ કારણથી જ્યેષ્ઠતા.

अनुष्टुप् (૧ થી ૯)

राजमान्यो धनाढ्यश्च, विद्यावाँस्तपसान्वितः ।
रणे शूरश्च दाता च, कनिष्ठो ज्येष्ठ उच्यते ॥ १ ॥

રાજાઓની પાસે માન પામેલ, ધનાઢ્ય, વિદ્વાન્, તપસ્વી, રણસંગ્રામમાં શૂરવીર અને દાતા આ મનુષ્ય ઉમરે ન્હાનો હોય તો પણ તે જ્યેષ્ઠ (મ્હોટો) કહેવાય છે. ૧

સર્વત્ર ગુણો પૂજાય છે.

गुणाः सर्वत्र पूज्यन्ते, पितृवंशो निरर्थकः ।
वासुदेवं नमस्यन्ति, वसुदेवं न ते जनाः ॥ २ ॥

ગુણો (ગુણવાળા માણસો) ની પૂજા કરવામાં આવે છે પણ (ગુણ રહિત) બાપના વંશની પૂજા કરવામાં આવતી નથી માટે તે નિરર્થક છે કારણ કે જે મનુષ્યો વાસુદેવને નમન કરે છે તે માણસો કાંઈ વસુદેવને નમન કરતા નથી. ૨ †

---

* સુભાષિતરત્ન ભાંડાગાર.

† ૨ થી ૫ સુભાષિતરત્ન ભાંડાગાર

ગુણથી જ્યેષ્ઠપણું છે.

न हि जन्मनि ज्येष्ठत्वं, ज्येष्ठत्वं गुण उच्यते ।
गुणाद्गुरुत्वमायाति, दधि दुग्धं घृतं यथा ॥ ३ ॥

નક્કી જન્મમાં (એટલે પ્રથમ જન્મ થવામાં) મ્હોટાપણું નથી પરંતુ ગુણ તે જ મ્હોટાપણું છે, કારણ કે ઉત્તરોત્તર ગુણ—સંપાદન કરવાથી દુધ, દહિં, ઘૃત (ઘી) મ્હોટાઇને પ્રાપ્ત કરે છે. ૩

ગુણમાં કુળનું કારણ નથી

किं कुलेनोपदिष्टेन, शीलमेवात्र कारणम् ।
भवन्ति सुतरां स्फीताः, सुक्षेत्रे कण्टकिद्रुमाः ॥ ४ ॥

ઉપદેશવાળું (સુશોભિત) કુળ હોય તેથી શું ? અહીં તો માત્ર સ્વભાવ એજ મુખ્ય બાબત છે, કારણ કે સારા ખેતરમાં (દુઃખ આપનારાં) કાંટાવાળાં વૃક્ષો (બોરડી વિગેરે) ઘણાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ સારા કુળમાં દુષ્ટ મનુષ્યો પણ ઉત્પન્ન થાય છે એ, ભાવ સમજવો ૪ તથા—

किं कुलेन विशालेन, शीलमेवात्र कारणम् ।
कृमयः किं न जायन्ते, कुसुमेषु सुगन्धिषु ॥ ५ ॥

પ્રખ્યાત કુળથી શું (ફાયદા) છે ? જે વિનયી તે મનુષ્ય સારો. કારણ કે સુગંધીવાળા પુષ્પોમાં શું જંતુઓ ઉત્પન્ન નથી થતા ? અર્થાત્ સારા કુળમાં દુર્જન પણ થાય છે. ૫ તે પ્રમાણે—

यस्य तस्य प्रसूतोऽत्र, गुणवान्पूज्यते नरः ।
सुवंशोऽपि धनुर्दण्डो, निर्गुणः किं करिष्यति ॥ ६ ॥

અહિં ગમે તે મનુષ્યને ત્યાં જન્મેલો પુરૂષ ગુણવાન્ હોય તો તે પૂજાય છે ધનુષ્નો દંડ સારા વંશ (ઉત્તમ વાંસડાના વંશ) માં ઉત્પન્ન થયેલ છે. પરંતુ જો તે ગુણ (દોરી-પ્રત્યંચા) રહિત હોય તો શું કરી શકે ? અર્થાત્ કાંઇ પણ કરી શકે નહિં ૬ તથા—

विशिष्टकुलजातोऽपि, यः खलः खल एव सः ।
चन्दनादपि सम्भूतो, दहत्येव हुताशनः ॥ ७ ॥

ઉત્તમ કુળમાં જન્મ્યો હોય તો પણ જે ખળ છે તે તો ખળ જ રહે છે ચન્દનના વૃક્ષમાંથી પણ ઉત્પન્ન થયેલો અગ્નિ (પદાર્થને) બાળીને ભસ્મ જ કરે છે એટલે જન્મસ્થાન તે ગુણનું કારણ નથી એવો ભાવ છે. ૭ વળી—

गुणानर्चन्ति जन्तूनां, जातिं केवलां कचित् ।
स्फाटिकं भाजनं भग्नं, काकिन्यापि न गृह्यते ॥ ८ ॥

લોકો પ્રાણીઓના ગુણોને પૂજે છે કેવળ જાતીને પૂજતા નથી. સ્ફટિકના ભાંગી ગયેલા વાસણની કાકિની (વીશ કોડીની કીંમત) પણ કોઇ આપતું નથી તેમજ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો હોય, પણ ગુણહીન હોય તો ક્યાંથી પૂજાય ? ૮ તેમજ—

गौरवाय गुणा एव, न तु ज्ञातेयडम्बरः ।
वानेयं गृह्यते पुष्पमङ्गजस्त्यज्यते मलः ॥ ९ ॥

ગૌરવ (મ્હોટાઇ) માટે ગુણોજ છે, જ્ઞાતિ (નાત) નો આડંબર મ્હોટાઈ માટે નથી. કારણ કે વનમાં ઉત્પન્ન થયેલું પુષ્પ મનુષ્યોથી ગ્રહણ કરાય છે અને અંગમાં ઉત્પન્ન થયેલો મૂત્રાદિ મલ તજી દેવાય છે ૯ * તે પ્રમાણે—

आर्या. (१०-११)

पङ्कान्वयमपि सरसिजमधिरोहति देवदेवमूर्धानम् ।
पश्यत गुणमहिमानं, चरणादपि मृज्यते पङ्कः ॥ १० ॥

(હે સજ્જનો !) તમે ગુણનો મહિમા જુઓ, કમળ પંક (કાદવ)ના વશંમાં જન્મ્યું છે તોપણ (તે ગુણી છે માટે) દેવોના દેવ એવા ભગવાનના મસ્તક ઉપર ચડે છે અને પંક પગથી કચરાય છે. ૧૦ તથા—

गुणहीणा जेपुरिसा कुलस्स गवं वहन्ति ते मूढा ।
वंसूप्पन्नोवि धणू गुणहीणे नत्थि टङ्कारो ॥ ११ ॥

સારા કુળમાં ઉત્પન્ન થયા, તોપણ પોતાનામાં ગુણો નહીં છતાં, જે પુરૂષો પોતાનું કુળ ઉંચું છે એવું જે અભિમાન રાખે છે, તે મૂર્ખાઓ છે; કારણ કે સારા વાંસડામાંથી ઉત્પન્ન થયેલ ધનુષ્ય જો ગુણ (પ્રત્યંચા) રહિત હોય તો ટંકાર (બાણ ફેંકવા) ને યોગ્ય નથી. ૧૧ વળી—

वसन्ततिलका.

किं जन्मना च महता पितृपौरुषेण, शक्त्या हि याति निजया पुरुषःप्रतिष्ठाम् ।
कुम्भा न कूपमपि शोषयितुं समर्थाः, कुम्भोद्भवेन मुनिनाम्बुधिरेव पीतः ॥ १२ ॥

* ૯ થી ૧૧ સૂક્તિમુક્તાવલી

કોઇ મનુષ્ય પોતાના કુળની પ્રખ્યાતિથી કે પિતાના પુરૂષાર્થથી કાંઇ પ્રસિદ્ધિ મેળવતો નથી, પણ પોતાની શક્તિને લીધે જ પ્રસિદ્ધિ મેળવે છે, જેમકે ઘડાઓ, એક કૂવાના પાણીને પણ શોષણ કરવાને સમર્થ નથી પણ તે ઘડામાંથી ઉત્પન્ન થયેલા અગસ્ત્ય મુનિએ બધા સમુદ્રનું પાન કર્યું. ૧૨ * તે પ્રમાણે—

मन्दाक्रान्ता.

जन्मस्थानं न खलु विमलं वर्णनीयो न वर्णो,
दूरे पुंसां वपुषि रचना* पङ्कशङ्कां करोति ।
यद्यप्येवं सकलसुरभिद्रव्यगर्वापहारी,
को जानीते परिमलगुणः कोऽपि कस्तूरिकायाः ॥ १३ ॥

કસ્તૂરિનું જન્મસ્થાન સ્વચ્છ નથી; (ચામડાના ગોટામાં ઉત્પન્ન થાય છે) તેનો વર્ણ (રંગ) વખાણવા યોગ્ય નથી; (કાળો છે) તેને વેગળેથી જોવામાં આવે તો તેની રચના એવી દેખાય છે કે મનુષ્યના અંતઃકરણમાં કાદવની શંકા ઉત્પન્ન થાય છે; † જો કે એમ છે તોપણ સર્વ પ્રકારનાં સુગંધમય દ્રવ્યોના ગર્વને ત્રોડનાર એવો જે તેનો પરિમલનો ગુણ તેને કોઇ કોઇ મનુષ્ય જાણે છે. ૧૩

ગુણહીન કુળમાં જન્મ્યા છતાં ગુણોજ ગુણી જનને પ્રસિદ્ધ કરે છે.

शार्दूलविक्रीडित.

कौशेयं कृमिजं सुवर्णमुपलाद्दिन्दीवरं गोमयात्,
पङ्कात्ताम्ररसं शशाङ्क उदधेर्गोपित्ततो रोचना ।
काष्ठादग्निरहेः फणादपि मणिर्दुर्वापि गोरोमतः,
प्राकाश्यं स्वगुणोदयेन गुणिनो यास्यन्ति किं जन्मना ॥ १४ ॥

કૌશેય (રેશમ) છે તે કૃમિથી ઉત્પન્ન થાય છે. અને સુવર્ણ પાષાણમાંથી ઉત્પન્ન થયેલ છે. નીલ કમલ, ગોમયથી (છાણમાંથી) ઉત્પન્ન થયેલ છે, રક્તકમલ કાદવથી, ચંદ્રમા સદ્રમુમાંથી, ગોપિત્તથી (ગાયના પિત્તથી) ગોરોચન, કાષ્ઠથી અગ્નિ, સર્પની ફેણથી મણિ, અને ગાયના રોમથી દૂર્વા (ધરો) ઉત્પન્ન થાય છે. એવી રીતે આ ચીજો નીચસ્થાનથી ઉત્પન્ન થયેલી છે, તોપણ તે

---

* ૧૨ થી ૧૪ સુભાષિત રત્ન ભાંડાગાર.

* निहिता એવો પણ પાઠ સૂક્તિ મુક્તાવળીમાં છે.

†અથવા શરીર ઉપર લેપ કર્યો હોય તો કાદવ ભાસે છે.

સર્વે ઉત્તમ છે, તેજ રીતે ગુણી માણુસો પણ પોતાના ગુણો વડે જ પ્રકાશી નીકળશે તેમાં જન્મથી શું છે? અર્થાત્ સારા કુળમાં જન્મ્યો હોય અને ગુણ બીલકુલ હોય નહિં તો તે સારા કુળમાં જન્મવાનું ફળ શું? ૧૪

गुणो गुणान्तरापेक्षी.

(ગુણને ગુણાન્તરની અપેક્ષા છે.)

अनुष्टुप्. (૧-૨)

गुणो गुणान्तरापेक्षी, स्वरूपख्यातिहेतवे ।
स्वभावरम्यं लावण्यं, तारूण्येन मनोहरम् ॥ १ ॥

પોતાના સ્વરૂપની સ્તુતિ થવા માટે એક ગુણ બીજા ગુણની ઇચ્છા રાખે છે. રૂપ સ્વભાવથી જ સારૂં હોય, પરંતુ યુવાવસ્થા વડે ઘણું સુંદર દેખાય છે. ૧ ‡

તથા—

गुणैस्सर्वज्ञकल्पोऽपि, सीदत्येको निराश्रयः ।
अनर्घमपि मांणिक्यं, हेमाश्रयमपेक्षते ॥ २ ॥

ગુણો વડે સર્વજ્ઞ તુલ્ય હોય તોપણ આશ્રય વિનાનો એકલો દુ:ખ પામે છે અતિ કિંમતી (અમૂલ્ય) માણેક છે, તે પણ સુવર્ણના આશ્રય વિના શોભતું નથી. ૨

ગુણી પરસ્પર ગુણવાન્‌ની અપેક્ષા રાખે છે.

*तोटकछन्द.

मणिना वलयं वलयेन मणिर्मणिना वलयेन विभाति करः,
कविना च विभुर्विभुना च कविः, कविना विभुना च विभाति सभा ।
शशिना च निशा निशया च शशी, शशिना निशया च विभाति नभः,
पयसा कमलं कमलेन पयः, पयसा कमलेन विभाति सरः ॥ ३ ॥

મણિ વડે કંકણ શોભે છે અને કંકણ વડે મણિ શોભે છે, તથા મણિ અને કંકણ એ બેઉ વડે હાથ શોભે છે. કવિથી રાજા શોભે છે, રાજાથી કવિ શોભે છે અને

‡ ૧ થી ૩ સુભાષિત રત્ન ભાંડાગાર.

* "वद तोटकमब्धिसकारयुतम्" ચાર સ ગણવાળું બાર અક્ષરનું એક ચરણ થાય છે, તેવાં ચાર ચરણ મળી તોટક છંદ કહેવાય છે.

રાજા તથા કવિ એ બેથી સભા શોભે છે. ચંદ્રથી રાત્રી શોભે છે, રાત્રી વડે ચંદ્ર શોભે છે, અને ચંદ્ર તથા રાત્રી એ બેઉ વડે આકાશ શોભે છે. પાણિ વડે કમલ શોભે છે, કમલ વડે પાણિ શોભે છે અને કમલ તથા પાણી એ બેઉથી તળાવ શોભે છે. ૩

गुण्येव गुणिनं वेत्ति

(ગુણી ગુણવાનને જાણે છે.)

કવિના ઉત્તમ ભાષણોથી કવિઓ જ પ્રસન્ન થાય છે.

अनुष्टुप् (१-२)

कवयः परितुष्यन्ति, नेतरे कविसूक्तिभिः ।
नह्यकूपारवत्कूपा वर्द्धन्ते विधुकान्तिभिः ॥ १ ॥

કવિયોની ચમત્કૃતિવાળી કાવ્યશક્તિથી કવિઓ જ સંતોષ પામે છે બીજા સંતોષ પામતા નથી. કારણ કે ચંદ્રની કાંતિઓથી સમુદ્ર જેમ વધે છે (સમુદ્રનુ-પાણી ઉચ્છળે છે) તેમ બીજા કૂવાઓ ઉછળતા નથી. ૧

સત્પુરૂષોનાં દુઃખોને સત્પુરૂષો જ હણી શકે છે.

सन्त एव सतां नित्यमापदुद्धरणक्षमाः ।
गजानां पङ्कमग्नानां, गजा एव धुरन्धराः ॥ २ ॥

સત્પુરૂષોના દુઃખોને નાશ કરવાને સત્પુરૂષો જ શક્તિવાળા હોય છે. કારણ કે કાદવમાં ખુચી ગયેલા હાથીઓને બહાર કાઢવાને હાથીઓ જ ધુરંધર (સમર્થ છે) ૨

સત્પુરૂષની દુર્લભતા.

आर्या (३-४)

विरला जाणन्ति गुणा, विरलाविरयंतिललिअकव्वाइं ।
विरलासाहस्सधणा, परदुःखेदुरिकया विरला ॥ ३ ॥

ગુણોને વિરલા પુરૂષો જ જાણે છે, સુંદર કાવ્યોને વિરલા પુરૂષો જ રચે છે, સાહસરૂપી ધનવાળા પુરૂષો (સાહસિક પુરૂષો) વિરલા જ હોય છે, તથા પારકા દુઃખે દુઃખી એવા પુરૂષો પણ વિરલા જ હોય છે. ૩

ગુણજ્ઞ પુરુષ ગુણી પુરુષથી આનન્દ પામે છે.

गुणिनि गुणज्ञो रमते, नागुणशीलस्य गुणिनि परितोषः ।
अलिरेति वनात्कमलं, न दर्दुरस्त्वेकवासोऽपि ॥ ४ ॥

ગુણી મનુષ્ય ગુણવંત મનુષ્યને જોઈ ખુશી થાય છે પણ ગુણરહિત મનુષ્ય ગુણજ્ઞને જોઈ સંતોષ પામતો નથી, કારણકે ભમરો વનમાંથી કમલની સુગંધી લેવાને આવે છે. અને દેડકો એક સ્થાનમાં (કમલની પાસે) રહે છે તોપણ સુગંધી લેવા સામુ જોતો નથી. ૪

ઉચ્ચ પુરુષોના મનોરથોને ઉચ્ચ પુરુષો જ પૂરી શકે છે.

उपजाति.

तुङ्गात्मनां तुङ्गतराः समर्था मनोरथान्पूरयितुं न नीचाः ।
धाराधरा एव धराधराणां, निदाघदाहं शमितुं न नद्यः ॥ ५ ॥

બળવાન્ પુરૂષોના મનોરથ પૂરવાને બળવાન્ પુરૂષો જ સમર્થ હોય છે, પણ નીચ પુરૂષો સમર્થ નથી. કારણકે, પર્વતોને લાગેલા ઉષ્ણ ઋતુના દાહને શમાવવાને મેઘ જ શક્તિવાન્ છે. નદીઓ શક્તિવાન્ નથી. ૫

गुणलाभाभावे महान्तः स्थानं त्यजन्ति.

(ગુણના લાભના અભાવમાં મહાન્ પુરૂષો સ્થાનનો ત્યાગ કરે છે.)

અપમાનથી સ્થાન ત્યાગ છે અને નથી.

अनुष्टुप् (૧ થી ૩)

त्रयः स्थानं न मुञ्चन्ति, काकाः कापुरुषा मृगाः ।
अपमाने त्रयो यान्ति, सिंहाः सत्पुरुषा गजाः ॥ १ ॥

અપમાન થાય તોપણ કાગડા, નીચપુરૂષો અને મૃગલાઓ આ ત્રણ પ્રાણીઓ સ્થાનનો ત્યાગ કરતા નથી અને અપમાન થતાં સિંહો, સત્પુરૂષો અને હાથીઓ સ્થાનનો ત્યાગ કરી ચાલ્યા જાય છે. ૧

સ્થાનભ્રષ્ટ થાય તોપણ નીચેની વ્યક્તિઓ શોભે છે.

पूगीफलानि पात्राणि, राजहंसतुरङ्गमाः ।
स्थानभ्रष्टाः सुशोभन्ते, सिंहाः सत्पुरुषा गजाः ॥२॥

પૂગીફળ (સોપારી,) પાત્રો, (વાસણો) રાજહંસ (ઉત્તમ એવા હંસ નામના પક્ષીઓ,) ઘોડાઓ, સિંહો, સત્પુરૂષો અને હાથીઓ આ વ્યક્તિઓ સ્થાનભ્રષ્ટ થઈ હોય તો પણ શોભે છે. ૨

મહાન્ પુરૂષો કયા સ્થાનનો ત્યાગ કરે છે?

यत्र विद्यागमो नास्ति, यत्र नास्ति धनागमः ।
यत्र ग्रामे सुखं नास्ति, न तत्र दिवसं वसेत् ॥ ३ ॥

જ્યાં વિદ્યાની પ્રાપ્તિ નથી, જ્યાં ધનની પ્રાપ્તિ નથી, જે ગામમાં સુખ નથી તે સ્થળમાં એક દિવસ પણ ન રહેવું–અર્થાત્ મહાન્ પુરૂષો આવા સ્થાનનો ત્યાગ કરે છે. ૩

સ્થાન ત્યાગ કરવા વિષે ભ્રમરપ્રતિ અન્યોકિત.

शार्दूलविक्रीडित.

दग्धा सा बकुलावली कवलितास्ते ते रसालद्रुमाः,
प्लुष्टास्तेऽपि विनिद्रपुष्पपटलीपीतातपाः पादपाः ।
भ्रातर्भृङ्ग दवाग्निना वनमिदं वल्मीकशेषंकृतं,
किं त्वं सम्प्रति काननान्तरपरिस्पन्दाय मन्दायसे ॥ ४ ॥

સુંદર બકુલ વૃક્ષોની હારો બળી ગઈ, પેલાં બધાં આમ્રવૃક્ષો પણ બળી ગયાં, અને ખીલેલ પુષ્પોના સમૂહવાળાં આ (બીજાં) વૃક્ષો પણ અગ્નિના ઉગ્ર તાપથી ખાખ થઈ ગયાં; હે ભાઈ ભ્રમર! દાવાગ્નિએ આ વનને કેવળ વલ્મિક શેષ (સર્પ કે ઉધઈના રાફડા શિવાય બીજું કાંઇપણ રહ્યું નથી, જેમાં તેવું) કરી નાંખ્યું! ત્યારે હવે તું બીજા વનમાં જવાને મંદાદર (આળસુ) કેમ છે? અર્થાત્ હવે તારે બીજા વનમાં ગયા વિના છૂટકો જ નથી, તોપછી એકદમ જવામાં વિશેષ લાભ છે. ૪

परोपकाराय सतां विभूतिः

(સત્પુરૂષોની વિભુતિ (વૈભવ) બીજાના કલ્યાણના માટે જ હોય છે.)

अनुष्टुप्—(१ थी ३)

नीरसान्यपि रोचन्ते, कार्पासस्य फलानि मे ।
येषां गुणमयं जन्म, परेषां गुह्यगुप्तये. ॥ १ ॥

કપાસનાં ફળ રસરહિત હોય છે, છતાં તે મને પ્રિય લાગે છે, કારણ કે, તેમનો ગુણમય જન્મ (સૂતર) બીજાઓના ગુહ્ય ભાગ ઢાંકવાને માટે ઉપયોગી થાય છે. ૧

કહેવાનો આશય એવો છે કે, કદિ વસ્તુ નીરસ હોય પણ જો તે લોકોપયોગી હોય તો તે આદર કરવા યોગ્ય છે, કેમકે આત્મગુણ ખીલવવાનો એ સરલ માર્ગ છે, જ્યાંસુધી આત્મા સરલભાવ–પરગુણ પ્રિયતા અને સ્વાત્મ નિંદામાં નિમગ્ન થતો નથી; ત્યાંસુધી સાધુવૃત્તિ પ્રાપ્ત થઇ શકતી નથી. કેમકે સાધુ પુરૂષો બીજાની આપત્તિમાં વત્સલ થાય છે. કહ્યું છે કે—

परस्यापदि जायंते, साधवस्तीव्रवत्सलाः ।
महावृक्षा विशेषेण, ग्रीष्मकाले हि शाड्वलाः ॥ २ ॥

સાધુ પુરૂષો બીજાને આપત્તિ આવે ત્યારે તીવ્ર વત્સલ બને છે. ગ્રીષ્મઋતુમાં મોટા વૃક્ષો વધારે લીલા અને પલ્લવિત થાય છે, એટલે તાપના વખતમાં પ્રાણીઓને છાંયાની જરૂર પડે છે, તેથી તેમની તાપની આપત્તિ દૂર કરવાને વૃક્ષો નવપલ્લવિત બને છે. ૨

વળી તેમનો સ્વભાવ હમેશાં પરોપકારી હોય છે, અને તેથીજ સત્પુરૂષો પોતાના અપકાર કરનાર માણસ ઉપર પણ ઉપકારી થાય છે. કહ્યું છે કે—

अपकारिण्यपि प्रायः, स्वच्छाः स्युरुपकारिणः ।
मारकेभ्योऽपि कल्याणं, रसराजः प्रयच्छति. ॥ ३ ॥

જેમ રસરાજ (પારો) પોતાને મારનારા પુરૂષોનું પણ કલ્યાણ કરે છે યાને ઔષધ ઉપચારમાં મારેલો પારો તેના મારનારાને પણ નીરોગી કરે છે. તેમ સ્વચ્છ પવિત્ર પુરૂષો પ્રાયે કરી પોતાના અપકારી ઉપર પણ ઉપકાર કરનારા થાય છે. ૩

આ બીના સામાન્ય જન સમાજ માટે પણ દૃશ્ય છે, કેમકે ઉપકાર ઉપર ઉપકાર કરવો તે વિશેષ નથી. આવી રીતે ઉપકાર કરનારને ભૂલી જાય છે તે કૃતઘ્નીજ કહી શકાય અને મારા શબ્દોમાં તો તે મનુષ્યત્વથી પણ હીન ગણી શકાય ત્યારે સાધુ પુરૂષમાં તેથી વિશેષ ખુબી એ છે કે સાધુ પુરૂષ સારી સ્થિતિમાં ન હોય તો પણ બીજાનો ઉપકાર કરે છે. કહ્યું છે કે—

आर्या.—(૪ થી ૯)

यद्यपि चन्दनविटपी, विधिना फलकुसुमवर्जितो विहितः ।
निजवपुषैव परेषां, तथापि सन्तापमपहरति ॥ ४ ॥

જો કે, વિધિ (વિધાતા) એ ચંદનના વૃક્ષને ફળ તથા પુષ્પ વગરનું કરેલું છે. તથાપિ તે પોતાના શરીરથીજ બીજાઓના સંતાપને દૂર કરે છે. ૪

વળી સાધુ પુરૂષો બીજાનું કાર્ય કરવા માટે કલેશ ભોગવે છે તે માટે શાસ્ત્ર પ્રમાણ એ છે કે—

यदमी दशन्ति दशना, रसना तत्स्वादसुखमवाप्नोति ।
प्रकृतिरियं धवलानां क्लिश्यन्ति यदन्यकार्येषु ॥ ५ ॥

જેમ દાંત ચાવી દે છે અને સ્વાદના સુખનો અનુભવ જિહ્વા કરે છે. તેવી રીતે જે નિર્મળ પુરૂષો છે, તેમની એવી પ્રકૃતિ હોય છે કે તેઓ બીજાના કાર્ય માટે કલેશ પામે છે. ૫ *

ટુંકામાં કહીએ તો પ્રાણીઓના હિતને માટે ઉત્તમ પુરૂષો શું નથી કરતા ? મતલબ કે તેમના ગુણ વર્તન અમાપ ઉપકારી જ હોય છે કેમકે—

लङ्घयति भुवनमुदधेर्मध्यं प्रविशति वहति जलभारम् ।
जीमूतः सत्त्वहिताः, किं न कुर्वन्ति चान्यार्थाः ॥ ६ ॥

મેઘ પ્રથમ ત્રણ ભુવનને ઓળંગે છે, સમુદ્રના મધ્યમાં પ્રવેશ કરે છે અને જળનો ભાર ઉપાડે છે, તેમ જે પ્રાણી માત્રના હિતકારી પુરૂષો છે, તે બીજાને માટે શું નથી કરતા ? (સર્વદા હિતાવહજ હોય છે.) એટલુંજ નહિ પણ ઉત્તમ પુરૂષો પોતાને પીડા કરનારનો પણ ઉપકાર કરે છે. ૬

बाधाविधायिनामपि, विदधत्युपकारममलात्मानः ।
बद्धमपि किं न जनयति, सौरभ्यं केतकीकुसुमम् ॥ ७ ॥

નિર્મળ હૃદયવાળા ઉત્તમ પુરૂષો પોતાને પીડા કરનારા માણસોને પણ ઉપકાર કરે છે. કેતકીનું પુષ્પ માળા સાથે બાંધીને ગુંથ્યું હોય તો પણ શું તે સુગંધ નથી આપતું ? એટલુંજ નહિ પણ સત્પુરૂષો વિપત્તિ ભોગવીને પણ બીજાનો ઉપકાર કરેછે. ૭

उपकारमेव तनुते, विपद्गतः सद्गुणो महताम् ।
मूर्छाङ्गतो मृतो वा, निदर्शनं पारदोऽत्र रसः ॥ ८ ॥

સત્પુરૂષોનો સમુહ વિપત્તિમાં આવે તો પણ તે ઘણુંઓનો ઉપકાર જ કરે છે. તે ઉપર મૂર્છિત કરેલો અથવા મારેલો પારો દૃષ્ટાંતરૂપછે. એટલે પારો પોતે મરીને પણ રોગી જનોના રોગને દૂર કરવાનો ઉપકાર કરે છે. ૮ *

उपकृतिसाहसिकतया, क्षतिमपि गणयन्ति नो गुणिनः
जनयन्ति हि प्रकाशं, दीपशिखाः स्वाङ्गदाहेन ॥ ९ ॥

જેમ દીપકની શિખા (વાટય) પોતાનું અંગ બાળીને પણ પ્રકાશ આપે છે, તેમ ગુણી પુરૂષો બીજાનો ઉપકાર કરવામાં એવા સાહસિક બને છે, કે તેઓ

* ૫ થી ૭ સૂક્તિ મુક્તાવલી.

* ૮ થી ૧૦ સુભાષિતરત્ન ભાંડાગાર.

પોતાનો ક્ષય થતો હોય તો પણ તેને ગણતા નથી. ૯ એકંદરે જોતાં સત્પુરૂષોનો વૈભવ પરોપકારને માટેજ હોય છે કેમકે—

उपजाति

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः, स्वयं न खादन्ति फलानि वृक्षाः।
नादन्ति सस्यं खलु वारिवाहाः, परोपकाराय सतां विभूतयः॥ १०॥

નદીઓ પોતાનું જળ પોતે પીતી નથી. વૃક્ષો પોતાનાં ફળ પોતે ખાતા નથી. અને મેઘ પોતે ઉત્પન્ન કરેલું ઘાસ પોતે ખાતા નથી. તે ઉપરથી સમજવાનું કે, સત્પુરૂષોની વિભૂતિ (વૈભવ) પરોપકારને માટેજ હોય છે. ૧૦

મનુષ્ય જન્મ એ મોક્ષગતિ પ્રાપ્ત કરવાને મુખ્ય સ્થાન છે, અને તેથી તે તકનો લાભ ગુમાવવો તે ચોમાસું જવા પછી જમીન ખેડનારને થતા પશ્ચાતાપ જેવું છે. અગરજો કે ખેતીકારતો પોતાની ભૂલ બીજા વર્ષના ચોમાસા પૂર્વે સુધારી શકે છે, પરંતુ મનુષ્યદેહ મળેલ છતાં આત્મહિત સાધવામાં જો પ્રમાદ સેવાય તો પછી તે તક પુનઃ મળવી દુર્લભ છે. અને તેથીજ કહ્યું છે કે આ શરીર પરોપકારને માટેજ છે. તેમાટે કહેલ છે કે—

उपेन्द्रवज्रा.

परोपकाराय फलन्ति वृक्षाः, परोपकाराय वहन्ति नद्यः।
परोपकाराय चरन्ति गावः, परोपकारार्थमिदं शरीरम्॥ ११॥

વૃક્ષો પરોપકારને માટે ફળે છે, નદીઓ પરોપકારનેમાટે વહે છે એને ગાયો પરોપકારને માટે ચરે છે. તેવી રીતે આ શરીર પણ પરોપકારને માટેજ છે, ૧૧

उपजाति.

रत्नाकरः किं कुरुते स्वरत्नैर्विन्ध्याचलः किं करिभिः करोति।
श्री खण्डखण्डैर्मलयाचलः किं, परोपकाराय सतां विभूतिः॥ १२॥

રત્નાકર —સમુદ્ર પોતાના રત્નોથી શું કરે છે? વિંધ્યાચળ પર્વત પોતાનામાં ઉત્પન્ન થતા હાથીઓવડે શું કરે છે? અને મલયાચળ પર્વત પોતાનામાં ઉગતા શ્રીખંડ—ચંદનનો પોતે શો ઉપયોગ કરે છે અર્થાત્ તેઓ પોતે ઉપયોગ કરતા નથી પણ બીજાઓના ઉપયોગને માટે રાખે છે. ૧૨

વળી કહ્યું છે કે—સજ્જનોને પરહિત કરવામાં જેવો આદર હોય છે, તેવો પોતાનું હિત કરવામાં હોતો નથી.

मालिनी,

धवलयति समग्रं चन्द्रमा जीवलोकं, किमिति निजकलङ्कं नात्मसंस्थं प्रमार्ष्टि ।
भुवनविदितमेतत्प्रायशः सज्जनानां, परहितनिरतानामादरो नात्मकार्ये ॥ १३ ॥

ચંદ્ર પોતાની કાંતિથી સર્વ જીવ લોકને ધોળે છે (ઉજ્વળ કરે છે) પરંતુ તે પોતાનામાં રહેલ કલંકને કેમ ધોઇ નાંખતો નથી? તે ઉપરથી એતો જગજાહેર છે કે, પ્રાયે કરીને બીજાનું હિત કરવામાં તત્પર એવા સજ્જનોને પોતાના કર્યમાં આદર હોતો નથી. ૧૩

કેમકે—સાધુ પુરૂષો સ્વભાવથીજ પરહિત કરવામાં કટિબદ્ધ રહે છે. અને તેજ મહાન્ ગુણવડે તેઓ પોતાનું જીવન ઉજ્વળ કરી શકે છે કહ્યું છે કે

मन्दाक्रान्ता—(१५-१६)

कस्यादेशात् क्षपयति तमः सप्तसप्तिः प्रजानां,
छायां कर्तुं पथि विटपिनामञ्जलिः केन बद्धः ।
अभ्यर्थ्यन्ते नवजलमुचः केन वा वृष्टिहेतो-
र्जात्यैवैते परहितविधौ साधवो बद्धकक्षाः ॥ १४ ॥

સૂર્ય કોની આજ્ઞાથી પ્રજાઓના અંધકારનો નાશ કરે છે? માર્ગમાં છાયા કરવાને માટે વૃક્ષોને કોણ અંજળિ જોડે છે? અને વૃષ્ટિ કરવાને માટે નવીન મેઘની પ્રાર્થના કોણ કરે છે? (કોઈ નહી) છતાં તે તેમનો પરમાર્થી સ્વભાવ છે. તેમ સાધુ પુરૂષો સ્વભાવથીજ બીજાનું હિત કરવાને કટીબદ્ધ થાય છે. ૧૪

ખરૂં કહીએ તો સજ્જન પુરૂષો પ્રાણીઓને ગુણ કરી પોતે દોષ વ્હોરી લે છે. તે માટે કહેલ છે કે—

यद्वद् भानुर्वितरति करैर्मोदमम्भोरुहाणां,
शीतज्योतिः सरिदधिपतिं लब्धवृद्धिं विधत्ते ।
वार्दो लोकानुदकविसरैस्तर्पयत्यस्तहेतु-
स्तद्वद्दोषं रचयति गुणैः सज्जनः प्राणभाजाम् ॥१५॥

જેમ સૂર્ય અસ્તનો હેતુ બની પોતાના કિરણોથી કમળોને હર્ષ આપે છે. ચંદ્ર પોતે અસ્તનો હેતુ બની સમુદ્રને વધારે છે. મેઘ પોતે અસ્તનો હેતુ બની લોકોને પાણીની છોળથી તૃપ્ત કરે છે. તેમ સજ્જન પુરૂષો બીજાને ગુણ કરી પોતે દોષ વ્હોરે છે. ૧૫

આ હકીકતની વિશેષ પુષ્ટિ માટે ઉત્તમ પુરૂષ બીજાને ઉપયોગી સાધનભૂત થવામાં કેટલું દુઃખ વ્હોરે છે. તે માટે કપાસનું દૃષ્ટાંત તપાસીએ.

शार्दूलविक्रीडित.

निष्पेषोऽस्थिचयस्य दुःसहतरः प्राप्तस्तुलारोहणं,
ग्राम्यस्त्रीनखचुम्बनव्यतिकरस्तन्त्रीप्रहारव्यथा ।
मातङ्गोक्षितमण्डवारिकणिकापानं च कूर्चाहतिः,
कार्पासेन परार्थसाधनविधौ किं किं न चाङ्गीकृतम् ॥१६॥

પ્રથમ અતિ દુ:સહ એવા અસ્થિચયનું પેષણ એટલે કપાસનાં ફળ (કાલાં) ને તોડી ફોલવામાં આવે છે તે, પછી તુલારોહણ એટલે ત્રાજવા ઉપર નાંખી તોળવામાં આવે છે. તે પછી ગામડાની સ્ત્રીઓ તેને નખવડે તૂંછે છે. તે પછી તેની ઉપર તંત્રી–તાંતના પ્રહારની પીડા થાય છે, એટલે પીંજવામાં આવે છે. તે પછી ચંડાળ લોકો તેની ઉપર પાણીના કોગળાની કણીયો નાંખે છે, તેવા જળનું તેને પાન કરવું પડે છે, અને તે પછી તેના ઉપર કૂચડાના આઘાત થાય છે, આટલા વાનાં બને છે, ત્યારે કપાસનું વસ્ત્ર થાય છે. પછી તે વસ્ત્ર લોકોના ઉપયોગમાં આવે છે. આ ઉપરથી સમજવાનું કે, બીજાના ઉપયોગને માટે કપાસે શું શું સહન નથી કર્યું ? ઉત્તમ પુરૂષો, પણ બીજાના ઉપકારને માટે અનેક કષ્ટો સહન કરે છે. ૧૬

આ સાધુ પુરૂષના ગુણના બંધારણ ઉપરથી તેમના પ્રત્યે જનસમાજની પૂજ્ય બુદ્ધિ હોય તેસ્વભાવિક છે, છતાં જનસ્વભાવ એકજ પ્રકરના હોતા નથી ! શાસ્ત્રકાર કહે છે કે જીવાત્માની ગણના ભવી અને અભવી એમ બે પ્રકારે વહેંચાયેલી છે. અભવિ જીવાત્માનો સ્વભાવ ગુણદૃષ્ટિથી તદ્દન બે નસિબ હોય છે અને તેથી—

यो यस्य न जानाति स तमेव निन्दति

(જેના ગુણને જે જાણતો નથી, તે તેની નિંદા કરે છે.)

उपजाति.

न वेत्ति यो यस्य गुणप्रकर्ष, स तं सदा निन्दति नात्र चित्रम् ।
यथा किराती करिकुम्भजातां, मुक्तां परित्यज्य बिभर्ति गुञ्जाम् ॥ १ ॥

ભીલડી હાથીના કુંભસ્થળમાંથી ઉત્પન્ન થયેલું મોતી છોડી દઇ ચણોઠીને ધારણ કરે છે તેમ, જે માણુસ જેના ગુણના ઉત્કર્ષને જાણતો નથી તેમાણુસ તેની નિંદા કરે તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. ૧ ÷

÷ ૧–૨ સુભાષિતરત્ન ભાંડાગાર.

આવી રીતે એ દરકાર માણસ અવજ્ઞા કરે તેથી ખેદ કરવો નહીં કારણ કે તેવી અવજ્ઞાથી ઉલટાં જ્ઞાનીના પાપ નાશ પામે છે અને આત્માનો ઉત્કર્ષ થાય છે. વ્યવહારમાં પણ સંઘ સ્વામીવાત્સલ્ય કરનાર પોતાના ઊત્સાહને શ્રેષ્ઠ કરવા માટે તે કાર્ય જો પોતાના દુષ્મનને સોંપે તો તે વધારે પ્રશંસાપાત્ર થઇ પડે છે, કેમકે દુશ્મન તેના ઘરમાં નુકશાન કરવાના હેતુથી ઉદાર થઇ પ્રમાણ બહાર ખર્ચ કરે છે. કે જે ખર્ચ, કરનારની શોભારૂપ થઇ પડે છે. આ પ્રમાણે સાધુ જીવનમાં પણ તેવો અવજ્ઞા કરનાર વર્ગ સામે હોવાથી વિશેષ જાગૃતિ રહેવા સાથે આત્મહિત સાધન ઉત્કૃષ્ટ રીતે થઇ શકે છે. અને તેથીજ ખરી મોક્ષ સમૃદ્ધિ સરલ થાય છે. જગત્‌માં નઠારૂં એ શબ્દ ન હોય તો સારૂં કેવી રીતે પીછાણી શકાય? તે વિચારવા જેવી વાત છે. અને તેથી નઠારાથી જ સારાની ખરી કિંમત અંકાય છે. કેમકે—

* पुष्पिताग्रा.

कमलिनि मलिनीकरोषि चेतः, किमिति बकैरवहेलितानभिज्ञैः ।
परिणतमकरन्दमार्मिकास्ते, जगति भवन्तु चिरायुषो मिलिन्दाः । २ ।

હે! કમલિનીઃ! તારા ગુણને નહીં જાણનારા બગલાએ તારી અવજ્ઞા કરેછે,તેથી તું તારા અંતઃકરણને શામાંટે મલિન કરે છે ? અર્થાત્ શામાટે મનમાં ક્ષોભ પામે છે? કેમકે તારા જામેલા મકરંદ (પુષ્પરસ) ના સ્વાદનો મર્મ જાણનારા ભમરાઓ આ જગત્‌માં દીર્ઘાયુષ્ય રહો. અર્થાત્ તારા ગુણને જાણનારા ભમરાઓ કાયમ રહે તો પછી એ કદર બગલાઓના અપમાનની દરકાર રાખવી નકામી છે. ૨

આ બાબતમાં અભવિ માણસની જાતનો દોષ દઇએ તે કરતાં તેના સ્વભાવનો દોષ વિશેષ છે, કેમકે તેનો આત્મા જડ હોવાથી **અયોગ્ય માણસ ઉંચી જાતની વસ્તુની કદર કરી શકતો નથી. અને અજ્ઞાની માણસ જ્ઞાનીને ઓળખી શકતો નથી,** કહ્યું છે કે—

स्रग्धरा.

कश्चिद् ग्रामीण एकं पथि विनिपतितं प्राप मुक्ताफलं तद्
हस्तेनादाय दृष्ट्वा मम किल यवकाः सन्ति यच्चे प्रभूताः ।
एकेनानेन किं स्यादिति मनसि विचार्याक्षिपच्च मतस्थे,
नाज्ञा जानन्ति विज्ञान पणमिव हकमृज्जातु मुक्ताफलानाम् ॥ ३ ॥

---

* नयुजि नयुगरेफतो यकारो, युजि च नजौ जरगाश्च पुष्पिताग्रा. પહેલા તથા ત્રીજા ચરણમાં ન ગણ, ન ગણ, ર ગણ અને ય ગણ એમ બાર, બાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં ન ગણ, જ ગણ, જ ગણ, ર ગણ અને તેરમો અક્ષર ગુરૂ એમ તેર, તેર અક્ષર થી આ પુષ્પિતાગ્રા છંદ છે.

કોઇ ગામડીઆ ખેડૂતને રસ્તામાં પડેલું એક સાચું મોતી જડયું, તેણે તે મોતીને હાથમાં લઇ જોયું; ત્યારે વિચાર્યું કે, "મારા જવના ક્ષેત્રમાં આવા ઘણા જવ છે, તો આ એકજ શા કામનું ?" આ પ્રમાણે મનમાં વિચારી તે ખેડૂતે તે સાચું મોતી નાંખી દીધું અને પોતે ત્યાંથી ચાલતો થયો. આ ઉપરથી સમજવાનું કે, જેમ તે ખેડૂત સાચા મોતીના મૂલ્યને પોતે પણ જાણી શકયો નહિ તેમ અજ્ઞાન માણસો વિદ્વાન્ પુરૂષોને જાણી શકતા નથી. ૩

કોઇ કોઈ વાર એવું બનેછેકે મહાન્ પુરૂષોની પ્રભામાં અભવિ આત્માને ગ્લાનિ જણાયછે. અને તેથી તેવાઓ ભવિ જીવોથી વિમુખ રહેવા માગેછે અને "પોતાનું જ સારૂં" તેવા વિચારમાં પારકા ઉત્તમ વિચારોને તપાસવામાં પણ હાનિ સમજે છે, ખરૂં કહીએ તો આ તેમની એકપક્ષીય અંધભાવના છે. તત્વ જાણનારે તો સર્વ દિશામાંથી સંશોધન કરી સારૂં શોધી કાઢીને "સારૂં હોય તે મારૂં" કરી લેવું જોઇએ છે. દરેકને દરેક બાબતમાં વિચાર કરવાને હક્ક છે અને તે હક્ક લુંટી લેવો એ અન્યાય છે. તેથી સાધુ પુરૂષો તેવી લુંટ કદી પણ ચલાવતા નથી. પરંતુ સર્વમાંથી તત્વ તપાસી શ્રેષ્ઠ વસ્તુ સ્વીકારે છે. અને બીજાની નીંદા કરતા નથી, પણ ઉપેક્ષા કરેછે તથા તેના પ્રત્યે અને તેમના એકદૃષ્ટિ ભાવ પ્રત્યે દયાની દૃષ્ટિથી જુએ છે. આટલું છતાં પોતાના ઝાંખા પ્રકાશને જાહેરમાં લાવવાને દૂર રહેવા ઇચ્છે છે.

महति गते हानिर्न महताम्

(મહાન્ પુરૂષો ચાલ્યા જવાથી તેવા પુરૂષને કાંઇ હાનિ થતી નથી. પણ બીજાને જ નુકશાન થાય છે.) કેમકે—

इन्द्रवज्रा

यत्रापि कुत्रापि भवन्ति हंसा हंसा महीमण्डलमण्डनानि ।
हानिस्तु तेषां हि सरोवराणां, येषां मरालैः सह विप्रयोगः ॥ १ ॥

હંસો ગમે ત્યાં હોય ત્યાં તેઓ પૃથ્વી મંડળમાં આભૂષણ રૂપ થાય છે. પરંતુ જે સરોવરોને તે હંસોનો વિયોગ થાય છે તે સરોવરોનેજ હાનિ થવાની. અર્થાત હંસો ગમે ત્યાં જશે ત્યાં તે શોભા રૂપ થશે; પણ જે સરોવરમાંથી ચાલ્યા જશે, તે સરોવરોની શોભા ઘટશે. તેથી સરોવરોને હાનિ છે, હંસોને નથી. તેવી રીતે જેમની પાસેથી સજ્જન પુરૂષો ચાલ્યા જશે, તેઓને હાનિ થશે, સજ્જન પુરૂષોને તો કાંઇ પણ હાનિ થશે નહીં. ૧ *

*૧ થી ૩ સુભાષિત રત્ન ભાંડાગાર.

આ હકીકત માટે એક અન્યોકિત છે કે-

वसन्ततिलका. (२-३)

अस्मान् विचित्रवपुषस्तव पृष्ठलग्नान्,
कस्माद्विमुञ्चति भवान् यदि वा विमुञ्च ।
रे नीलकण्ठ गुरुहानिरियं तवैव,
मौलौ पुनः क्षितिभृतो भविता स्थितिर्नः ॥ २ ॥

પીંછાંઓને છોડી દેનાર મયૂરને તેના પિછાંઓ કહે છે "હે મયૂર, વિચિત્ર-રંગ બેરંગી સ્વરૂપવાળાં અમો તારા પૃષ્ઠ ભાગે વળગ્યાં છીએ, છતાં અમોને તું શામાટે છોડી દે છે? અથવા તું ભલે છોડી દે, તેથી કાંઇ અમારે હાનિ થવાની નથી પરંતુ તેથી તને પોતાને મોટી હાનિ થવાની છે. અમારી સ્થિતિ તો રાજાના મુગટ ઉપર થશે. આ ઊપરથી સમજવાનું કે જે સજ્જનનો સહવાસ છોડી દે છે, તેને જ મોટી હાનિ થાય છે, કારણકે સજ્જનને તો જ્યાં જશે ત્યાં માન મળશે જ. ૨

ઉપર કહેલા આશય ઉપર ગજેંદ્રની બીજી અન્યોકિત છે કે-

दानार्थिनो मधुकरा यदि कर्णतालै-
र्दूरीकृताः करिवरेण मदान्धबुद्ध्या ।
तस्यैव गण्डयुगमण्डनहानिरेषा,
भृङ्गाः पुनर्विकचपद्मवने चरन्ति ॥ ३ ॥

મદાંધ બુદ્ધિવાળા ગજેંદ્રે દાન (મદ) ના અર્થી એવા ભમરાએને પોતાના કર્ણતાળથી દૂર કરી દીધા, તેથી તે ગજેંદ્રને પોતાના બંને ગંડસ્થળની શોભામાં હાનિ થઇ છે. ભમરાઓને કાંઇપણ હાનિ થઇ નથી, કારણ તે ભમરાઓ તો વિકાશ પામેલા કમળોના વનમાં વિચરશે. તે ઉપરથી સમજવાનું કે, જેઓ મદથી દાનની ઇચ્છા કરનારા ઉત્તમ પાત્રોને વિમુખ કરે-પાછા વાળે છે, તેથી તે પાછા વાળનારને અપકીર્તિ થવાથી હાનિ થાય છે, જે પાત્ર છે, તેમને તો બીજે સ્થળે પણ દાન માન મળશે. ૩

વળી તે ઉપર શેલડી અને ગધેડાનો પ્રસંગ એવો છે કે-

મનહર છંદ.

શેલડી કહે છે સુણુ ગર્ધવ આ સાકરને,
શું થયું જો તારા જેવા આદર ન આપશે;

હેવે તેના સ્વાદનો તને ન અધિકાર આપ્યો,
એથી ઇર્ષ્યાથી એની આબરૂ ઉથાપશે.
તારો અંતે થશે તોલ ધમકશે ઢીલા ઢોલ.
તારા બોલે બોલ બધા તુજને સંતાપશે;
અમથો બકે શું આમ કહે દલપતરામ,
સાકર તો ઠામ ઠામ વિશ્વ વિષે વ્યાપશે. ૪

આટલા ઉપરથી સમજાશે કે અભવિ જીવાત્મા માટે કંઇ ગ્રાહ્ય છે જ નહિ, જ્યારે ભવિ જીવાત્મા કવચિત્ કુસંગના મલિન પડથી આછાદિત થઇ પરનિંદામાં પડી જાય તેથી બચાવવા તે જરૂરનું છે. ગુણ ગ્રહણ કરનારનો ધર્મ એ છે કે વિશાળ વિશ્વમાંના અનંત અવગુણનાં સ્થાન પ્રત્યે અંધ થઇ ગુણને જોઇ શકે છે. ત્યારે અલ્પજ્ઞનો સ્વભાવ ગમે તેટલા વિશાળ ગુણ વચ્ચે પણ અવગુણ શોધવાનો હોય છે. કે જે પ્રકૃતિ જ આત્મ વિકાશમાં વિઘ્નરૂપ થાય છે.

આત્મપ્રસંશા એ જ આત્મ ઉત્કર્ષમાં આવરણરૂપ છે છતાં કોઈ કોઇ વખત જ્ઞાની પુરૂષો પોતાની પીછાણ આપતાં જે શબ્દો પ્રકાશે તે પ્રશંસાથી દૂરનો વિષય છે, કેમકે તેમાં તેમનો હેતુ સ્વાત્મપ્રશંસાનો હોતો નથી પણ અન્યને સત્ય ઉત્તર આપવાનો હોય છે, છતાં આ વાતને નિંદારૂપે ગણી એક શબ્દને હેતુ વગર ગોખી રાખવો તે ઉચિત નથી. કેમકે જ્ઞાન અને ભાવના વિવેકયુક્ત હોય તે જ ફળદાયક છે. કહેલ છે કે–

महति लघुत्वशङ्का न कर्तव्या

(મહા પુરૂષમાં હલકાઇની શંકા ન કરવી)

अनुष्टुप्

यद्यपि स्वच्छभावेन, दर्शयत्यम्बुधिर्मणीन् ।
तथापि जानुदघ्नोऽयमिति चेतसि मा कृथाः ॥ १ ॥

હે મનુષ્ય ! સમુદ્ર પોતાની સ્વચ્છતાથી અંદર રહેલ મણિઓને દર્શાવી આપે છે, તે ઉપરથી તારે એમ ન સમજવું કે, " આ સમુદ્ર ઢીંચણ જેટલો ઉંડો છે. " ૧

કહેવાનો આશય એવો છે કે, કોઇ મહાત્મા પોતાના હૃદયની નિર્મળતાથી –સરળતાથી પોતાનો આશય જણાવી આપે, તે ઉપરથી એમ ન સમજવું કે, તે મહાત્મા ગંભીર અથવા દીર્ઘદર્શી નથી. મહાત્મા પુરૂષ ઉપર તેવી લઘુતાની શંકા કરવી જ નહી.

સત્પુરૂષો અશુભ કામમાં પ્રવૃત્તિ કરતા નથી.

आर्या.

यदिनाम सर्षपकणं, शक्नोति करी करेण नादातुम् ।
इयतैव तस्य ननु किं, पराक्रमग्लानिरिह जाता ॥ २ ॥

કદી હાથી પોતાની શુંઢ વડે સર્ષવના દાણાને ગ્રહણ કરી શકે નહીં, તેટલા જ ઉપરથી શું તેનામાં પરાક્રમ ઓછું છે એમ સમજવું. ? આ ઉપરથી સમજવાનું છે કે, જે મહાન્ પુરૂષ હોય તે ક્ષુદ્ર–હલકા વિષયમાં પ્રવૃત્તિ કરતા નથી; તેવી હલકી પ્રવૃત્તિ કરવામાં તેમનું સામર્થ્ય ન હોય તેથી તેમનામાં લઘુતાની શંકા કરવી નહીં ૨

પરંતુ ખાસ કરીને સ્વભાવથી મોટા પુરૂષોમાં (પ્રભા) તેજ જોવાનું છે, તેમની મૂર્ત્તિ જોવાની નથી.

हरिणी

अणुरपि मणिः प्राणत्राणक्षमो विषभक्षिणां,
शिशुरपि रुषा सिंहीसूनुः समाह्वयते गजान् ।
तनुरपि तरुस्कन्धोद्भूतो दहत्यनलो वनं,
प्रकृतिमहतां जात्यं तेजो न मूर्त्तिमपेक्षते ॥ ३ ॥

મણિ નાનો હોય છે, તોપણ તે વિષ ભક્ષી પ્રાણીઓના પ્રાણને બચાવવાને સમર્થ થાય છે, સિંહણનું બચ્ચુ નાનું હોય તો પણ તે ક્રોધથી હાથીઓની સામે થાય છે અને વૃક્ષનાથડીઆમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ ઝીણો હોય છે, તો પણ આખા વનને બાળી નાંખે છે. તે ઉપરથી સમજવાનું કે, જેઓ સ્વભાવથી મોટા છે તેઓમાં જે જાતિવંત તેજ રહેલું છે, તે મૂર્ત્તિની અપેક્ષા રાખતું નથી. ૩

गुणवान् कृशोऽपिवरः

(ગુણવાન પુરૂષ દુર્બળ હોય તો પણ ઉત્તમ છે.)

આટલા ઉપરથી સ્પષ્ટ થશે કે, ખરી પૂજા ગુણની છે.

अनुष्टुप्.

निः स्वोऽपि सङ्गतः साधुर्वरमृद्धोऽपि नाधमः ।
अश्वः कृशोऽपि शोभायै, पुष्टोऽपि न पुनः खरः ॥ १ ॥

સાધુ પુરૂષ નિર્ધન હોય તો પણ સારો છે અને દુર્જન પુરૂષ સમૃદ્ધિમાન હોય તો પણ સારો નથી. ઘોડો દુર્બલ હોય તો પણ શોભા આપે છે અને ગધેડો પુષ્ટ હોય તો પણ શોભા આપતો નથી. ૧

આ સર્વે હકીકતનો વિચાર કરવા પછી એટલું તો સહજ સમજી શકાશે કે, ગુણવાન્ ગમે ત્યાં છાનો રહે તો પણ તે પોતાના ગુણોથી પ્રકાશિત થાય છે. કેમકે—

आर्या.

विषमस्थितोऽपि गुणवान्, स्फुटतरमाभाति निजगुणैरेव ।
जलनिधिजलमध्येऽपि हि, दीप्यन्ते किं न रत्नानि ॥ २ ॥

જેમ રત્નો સમુદ્રના જળની અંદર રહેલાં છે તો પણ તે પ્રકાશી નીકળે છે તેમ ગુણવાન્ માણસ વિષમ સ્થાનમાં રહ્યો હોય તો પણ તે પોતાના ગુણથી સ્ફુટ રીતે ઝળકી નીકળે છે. ૨

એટલું જ નહિ પણ કેટલાએક પદાર્થો અમુક વખતે ઓછા થવાથી જેમ શોભે છે, તેમ

મહાત્મા પુરૂષ કસાવાથી ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત કરે છે.

शिखरिणी

मणिः शाणोल्लीढः समरविजयी हेतिनिहतो,
मदक्षीणो नागः शरदि सरितः श्यानपुलिनाः ।
कलाशेषचन्द्रः सुरतमृदिता बालवनिता,
तन्निम्ना शोभन्ते गलितविभवाश्चार्थिषु नृपाः ॥ ३ ॥

શરાણથી છોલેલો મણિ, રણભૂમિમાં હથીઆરોથી ઘાયલ થયેલો વિજયી વીરનર, મદથી ક્ષીણ થયેલો હાથી, શરદઋતુમાં સુકાઈ ગયેલા કાંઠાવાળી નદી, અવશેષ કળાવાળો બીજનો ચંદ્ર, ક્રીડામાં ગ્લાની પામેલી બાલ વનિતા અને યાચકોને દાન આપી વૈભવ રહિત થયેલા રાજાઓ એ બધા ઓછા થવાથી શોભે છે. ૩

આ પ્રમાણે કહી આ ગુણપ્રશંસા અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सुसङ्गति–अधिकार.

વિશ્વમાં સત્સંગને સર્વ ધર્મ ચુસ્ત પુરુષો એક સરખી રીતે પ્રસન્ન થઇ માન આપી રહ્યા છે, એટલે સત્સંગ કરવામાં કોઈપણ બે મત નથી, પરંતુ દરેક ધર્મના અનુયાયી મંડલમાં સત્સંગ કરનારા ઘણા થોડા હોય છે, અને કુસંગી ઘણા હોય છે, તેથી ધર્મને પણ દૂષિત કરવાના આરોપો ઉદ્ભવે છે, સત્સંગના મહાત્મ્યની એટલી બધી પ્રસંસા શાસ્ત્રોમાં કરવામાં આવી છે, કે તે મોક્ષ સુખને પણ મેળવી આપે છે, ત્યારે ધન, પુત્ર. સ્ત્રી ઉત્તમ ભૂષણો, સ્વર્ગ વગેરે તેનાથી પ્રાપ્ત થાય તેમાં શું આશ્ચર્ય ? આમ સર્વત્ર સત્સંગની પ્રશંસા દશ્ય થાય છે, તે બાબતમાં સજ્જન મહાશયોનું ચિત્ત આકર્ષવા ટુંક વર્ણન કરવામાં આવે છે.

આ અધિકારના પેટાભાગમાં " મહાપુરૂષોના સંગમાં વિપત્તિ પ્રાપ્ત થાય તો પણ સારૂં[1] " " સંગતિફળ[2] " આ નામના બે અધિકારો દાખલ કરવામાં આવ્યા છે. તે આ અધિકારની સાથે એકીભૂત હોવાથી તે બાબત વિશેષ નહિં લખતાં આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

શાન્ત પુરૂષના દર્શનનો પ્રભાવ.

अनुष्टुप् (૧ થી ૧૩)

सौम्यस्य दर्शने नूनमार्द्रः स्यात्कठिनोऽपि हि ।
चन्द्रालोकेन किं न स्यात्पाषाणेऽपि जलद्रवः ॥ १ ॥

શાન્ત પુરૂનાં ખરેખર દર્શનથી કઠિન મનુષ્ય પણ આર્દ્ર (દ્રવીભૂત–પીગળેલ હૃદયવાળો) થઈ જાય છે. દૃષ્ટાન્ત આપે છે કે–ચન્દ્રના દર્શનથી (ચન્દ્રકાન્ત નામના) પાષાણમાંથી પણ શું જળ (પાણી) તુલ્ય દ્રવ (રસ[1]) નથી નીકળતો ? અર્થાત્ કે ચન્દ્રના દર્શનથી ચન્દ્રકાન્ત મણિ–પાષાણ છે તોપણ તે રસ થઈ જાય છે તેમ કઠિન. મનુષ્યપણ સજ્જનના દર્શન માત્રથી પીગળી જાય છે. ૧

દુર્જન સત્સંગથી સજ્જન થાય છે.

मलयाचलगन्धेन, त्विन्धनं चन्दनायते ।
तथा सज्जनसङ्गेन, दुर्जनः सज्जनायते ॥ २ ॥

જે પ્રમાણે લાકડું, મલયાચલમાં રહેલ ચંદનના લાકડાથી સુગંધીવાળું થઇ ચંદન થાય છે; તે પ્રમાણે સત્પુરૂષના સંગથી દુર્જન પણ સજ્જન થાય છે. ૨ §

§ ૨ થી ૫ સુભાષિતરત્ન ભાંડાગાર.

તથા—

मन्दोऽप्यमन्दतामेति, संसर्गेण विपश्चितः ।
पङ्कच्छिदः फलस्येव, निकर्षेणाविलं पयः ॥ ३ ॥

વિદ્વાનના સંસર્ગથી મૂર્ખ જેવો પુરૂષ પણ વિદ્વાન્ થઇ જાય છે. *કતકના ફળના સંસર્ગથી ડોળું પાણી નિર્મળ થઇ જાય છે. ૩

સત્પુરૂષોના માનિતાને ફળ.

कीटोऽपि सुमनःसङ्गादारोहति सतां शिरः ।
अश्मापि याति देवत्वं, महद्भिः सुप्रतिष्ठितः ॥ ४ ॥

કીડો પણ ફુલના સંગથી સત્પુરૂષોના મસ્તક પર ચઢે છે. પાષાણ પણ મોટા પુરૂષોએ (શાસ્ત્ર મંત્રવડે) પ્રતિષ્ઠા કરવાથી દેવપણાને પામે છે ૪

સત્સંગનું ફળ.

काचः काञ्चनसंसर्गाद्धत्ते मारकतीर्द्युतीः ।
तथा सत्सन्निधानेन, मूर्खो याति प्रवीणताम् ॥ ५ ॥

જેમ કાચ સુવર્ણના સંગથી મરકત મણિની શોભાને ધારણ કરે છે. તેમ સત્પુરૂષના સંગથી મૂર્ખ વિદ્વાન્ થાય છે. ૫

સત્સંગથી જ સાથે જન્મેલો દોષ પણ નાશ પામે છે.

आस्तामौपाधिको दोषः, सहजोपिऽपि सुसङ्गतः ।
अपयाति यथा कर्म, जीवस्य ज्ञानसङ्गमात् ॥ ६ ॥

ઉપાધિથી ઉત્પન્ન થયેલો દોષ તો એક તરફ રહ્યો. (એટલે સત્સંગથી ઉપાધિ જન્ય દોષ નાશ પામે તે વાતતો એક તરફ રહી.) પરંતુ સહજ (સાથે જન્મેલો) દોષ પણ "જેમ જીવનું કર્મ જ્ઞાનના સંગથી નાશ પામે છે તેમ" સુસંગથી નાશ પામે છે. ૬ +

સચેતનના સંગથી સુખાસુખ થાય તે વાત તો એક તરફ રહી પણ જડ વૃક્ષના આશ્રયથી પણ તે થઇ શકે છે.

आस्तां सचेतसां सङ्गात्सदसत्स्यात्तरोरपि ।
अशोकः शोकनाशाय, कलये तु कलिद्रुमः ॥ ७ ॥

* કતક જાતની ઓષધીનું એક ફુલ થાય છે તેનું ચૂર્ણ કરી જળમાં નાખવાથી જળ નિર્મળ થઇ જાય છે.

+ ૬ થી ૧૧ પાર્શ્વનાથ ચરિત્ર

ચેતનવાળાં (જંગમ પ્રાણીઓ-મનુષ્યો) ના સંગેથી સારાં નરતાં ફળની પ્રાપ્તિ થાય તે વાત તો એક તરફ રહી પરંતુ જડ-સ્થાવર એવા વૃક્ષના સંગથી પણ સારૂં નરતું ફળ પ્રાપ્ત થાય છે. એટલે અશોક (આશોપાલવ) નો આશ્રય કરવાથી શોકનો નાશ થાય છે અને કલિદ્રુમ (વિભીતક-બહેડાં) ના વૃક્ષનો આશ્રય કરવાથી કલહ (કજીયો) ઉત્પન્ન થાય છે. ૭

સત્સંગ સુલભ નથી.

सुसङ्गस्योपदेशोऽपि, लभ्यते न यथा तथा ।
इत्यर्थे लोकविख्याता, प्रभाकरकथोच्यते ॥ ८ ॥

સહેલી રીતે ઉત્તમ સંગનો ઉપદેશ (માત્ર) પણ મળી શકતો નથી એ નિર્ણય કરવા માટે સુપ્રસિદ્ધ પ્રભાકર (એક બ્રાહ્મણના પુત્ર) ની કથા કહેવાય છે. ૮ *

---

* ભરતપુર નામના નગરમાં નિત્ય સંધ્યાદિ છ કર્મ કરનારો દિવાકર નામનો બ્રાહ્મણ વસતો હતો તેને ઘણી ખોટનો એકનો એક પુત્ર હતો જેનું નામ પ્રભાકર હતું તે પુત્ર જ્યાંથી સમજવા શીખ્યો ત્યાંથી નિરંકુશ હાથીની માફક વિચરવા લાગ્યો અને જુગાર ખેલવા વગેરેનું કામ કરવા લાગ્યો તેનો પિતા અનેક પ્રકારે તેને શીખામણ આપે છે પરંતુ તે તેને માનતો નથી અને પોતાની મરજી મુજબ આહાર વ્યવહાર કરવા લાગ્યો એમ કરતાં દિવાકર બ્રાહ્મણનું મરણ પાસે આવ્યું. ત્યારે પુત્રને પાસે બોલાવીને કહ્યું કે ભાઇ ! તને મેં અનેક વખત શીખામણો આપી પરંતુ તેં તે ઉપર ધ્યાન આપ્યું નહિં હવે મારો આ અવસાનનો સમય છે માટે તને ટુંકી ત્રણ શિક્ષા (શીખામણ) આપું તે શાંભળ. પ્રથમતો સત્યને જાણનાર શેઠ (સ્વામી) ની નોકરી કરવી (૧) બીજું સુન્દર સ્વભાવવાળી સ્ત્રી પરણવી (૨) અનેત્રીજું નિર્લોભી મનુષ્યને મિત્ર કરવો (૩) પ્રભાકર પણ આ વાત સાંભળી જુગાર રમવા ચાલ્યો ગયો. ત્યાં જુગાર રમતાં સાંભળ્યું કે "તારો પિતા મરણ શરણ થયો" ત્યારે પ્રભાકરે પોતાના મિત્રને કહ્યુ કે મિત્ર ! તું જા અને મારા પિતાના શબનો દાહ વગેરે કર તેથી તે મિત્રે તે કર્મ બધું કર્યું અને પ્રભાકર તો દ્યૂતના ગૃહમાં જ બેસી રહ્યો આમ તેની ઉત્તર ક્રિયા પણ તે પ્રભાકરે મિત્રદ્વારા કરાવી પછી કેટલોક સમય ગયા બાદ તેણે વિચાર કર્યો કે મારો પિતા જે મને ભલામણ કરી ગયેલ છે તેની પરીક્ષા કરવી કે સત્ય ન જાણનાર સ્વામીની નોકરીથી શું સંકટ થાય છે ? તેમ કુશીલા સ્ત્રી તથા લોભી મિત્ર કરવાથી શું પરિણામ આવે છે ? તેનો તપાસ કરવો એમ વિચાર કરી તેણે એક "સિંહ" નામના એક ગામના ઠાકોરની નોકરી કરવાનું નક્કી કરી તે કામમાં જોડાણો અને ત્યાં તેની દાસી જે વેશ્યા હતી તેનેજ પરણ્યો અને ગામમાં એક "લોભાનન્દી" કરીને વાણીઓ હતો તેની સાથે મિત્રતા બાંધી હવે પ્રભાકર બ્રાહ્મણ અને સિંહ નામનો ઠાકોર બન્ને જણાએ લશ્કર એકત્ર કરી યુદ્ધ કરીને પાસેના મ્હોટા દેશના રાજાને મારી દેશ પચાવી પાડયો. એટલે પ્રભાકરની મદદથી "સિંહ" ઠાકોર મહોટા દેશનો અધિપતિ થઇ ગયો તેમ પ્રભાકરને પણ રાજાએ ધન સંપત્તિ આપી. તે બધી ધન સંપત્તિ પ્રભાકરે પોતાના મિત્ર લોભાનન્દીને ત્યાં રાખી. આ આનન્દ ચાલી રહ્યો છે તેમાં પ્રભાકરે વિચાર કર્યો કે રાજાનો, મિત્રનો અને સ્ત્રીનો મારા ઉપર કેટલો પ્યાર છે ? તેની પરીક્ષા કરૂં એમ ધારી

પંડિતની સાથે મરણ ઉત્તમ છે; પરંતુ મૂર્ખની સાથે રાજ્ય કરવું ઉત્તમ નથી.

नृणाम्मृत्युरपि श्रेयान्, पण्डितेन सह ध्रुवम् ।
न राज्यमपि मूर्खेण, लोकद्वयविनाशिना ॥ ९ ॥

પંડિત પુરૂષોની સાથે પુરૂષોનું મરણ થઇ જાય તે ખરેખર કલ્યાણકારી છે, પરંતુ આલોક તથા પરલોક બન્નેનો નાશ કરનાર એવા મૂર્ખ માણુસની સાથે રાજ્ય ભોગવવું ઉત્તમ નથી. ૯

સત્સંગતિનું ફળ.

शिरसा सुमनस्सङ्गाद्धार्यन्ते तन्तवोऽपि हि ।
तेऽपि पादेन मृद्यन्ते, पटेषु मलसङ्गतः ॥ १० ॥

પુષ્પનો સંગ કરવાથી (સૂતરના) તંતુઓ (દોરા) પણ મનુષ્ય વડે મસ્તકથી ધારણુ કરાય છે. અને તે જ તન્તુઓ (દોરા) વસ્ત્રોમાં મળ (મેલ) નો સંગ કરે તો તેથી તે તન્તુઓ પગથી ધોવામાં મર્દન કરાય છે. ૧૦

તેણે " સિંહ " રાજાનો પરમ પ્રિય એક મયૂર (મોર) હતો, તેને પોતાના ઘરમાં સંઘરી મૂકયો અને સ્ત્રી સગર્ભા હતી તેથી તેણે મોરના માંસની માંગણી કરી હતી તેથી તેને બીજા પ્રાણીનું માંસ આપી રાજાના મોરને મારી નાંખ્યાનું કહ્યું. એવામાં રાજાને જમવાનો સમય થયો ત્યારે, પોતાના વ્હાલા મોરને યાદ કર્યો પરંતુ પહેરીગરોએ જણાવ્યું કે આપનો મોર પ્રભાકર નામના આપના દીવાન લઇ ગયા છે તેથી તેણે પ્રભાકરને ત્યાં અનુચરો મોકલ્યા તેઓને પ્રભાકરે આવતા જોયા કે તે ત્યાંથી પછવાડેના બારણાથી ભાગી છૂટયો અને પોતાના મિત્રને ત્યાં જઇ કહેવા લાગ્યો કે મારાથી આ ક્રૂર કર્મ થયું છે જેથી મને રાજાથી બચાવ તે સાંભળી લોભાનન્દી કહેવા લાગ્યો કે અહીંથી તું જા, કારણુ કે રાજાના ગુન્હેગારને સંઘરીને શું મારે મ્હારાં ઘરબાર લુંટાવવાં છે ? આમ સાંભળી ખિન્નતાનો દેખાવ કરી પ્રભાકર પાછો પોતાના ઘરમાં આવે છે ત્યાં સ્ત્રીને જોઇ કહેવા લાગ્યો કે મને બચાવ. કારણુ કે મેં તારા સારૂ મોરને મ્હાર્યો છે, ત્યારે સ્ત્રી બોલી કે રાજાના મોરને મારવાનું મેં કયાં કહ્યું હતું? હવે તું તારૂં ભોગવ. મને તો બીજો ધણી મળી રહેશે. તેટલામાં રાજાના તરફનો ઢંઢેરો પીટાતાં સાંભળ્યો કે જો કોઇ રાજાના મોરના સમાચાર આપશે તો તેને એકસો આઠ સોનામ્હોરો તથા અભયદાન રાજા તરફથી મળશે, આ ઢંઢેરો પ્રભાકરની સ્ત્રીએ સાંભળ્યો, તેથી તેણે વિચાર કર્યો કે–રાજાને જઇને ખબર આપું કે–મારા ધણીએ તમારા મોરને માર્યો છે એમ વિચાર કરી રાજાની પાસે જઇ ઉપરની બીના જણાવી, તે સાંભળી "સિંહ" રાજાએ પ્રભાકરને બોલાવી તેને કહ્યું કે દુષ્ટ! તેં જ મારા મોરના પ્રાણ લીધા છે તેથી મારા મોરને આપી દે, નહિતર આ તરવારથી તારૂં મસ્તક છેદી નાખું છું. ત્યારે પ્રભાકરે ઘણી જાતના કાલાવાલા કર્યા, પણ રાજા ન માન્યો ત્યારે પ્રભાકરે કપટથી સંતાડેલ મોર પાછો રાજાને આપ્યો, અને તે રાજાની નોકરી તથા સ્ત્રી તથા લોભાનન્દી મિત્રને છોડી ચાલી નીકળ્યો.

તથા—

पश्य सत्सङ्गमाहात्म्यं, स्पर्शपाषाणयोगतः ।
लोहं स्वर्णं भवेत्स्वर्णयोगात्काचो मणीयते ॥ ११ ॥

કે હે ભાઇ! તું સત્સગનું મહાત્મ્ય જો, (કારણ કે) સ્પર્શ પાષાણ (પારસમણિ) ના યોગથી લોઢું સોનું થઇ જાય છે. અને સોનાના સંયોગથી કાચ મણિ તુલ્ય દેખાય છે. ૧૧

સતના આશ્રિતને થતું ફળ.

महिमानं महीयांसं, सङ्गः सूते महात्मनां ।
मन्दाकिनी मृदो वन्द्यास्त्रिवेदीवेदिनामपि ॥ १२ ॥

મહાત્મા પુરૂષોનો સંગ મહાન્ મહિમાને પ્રગટ કરે છે, કારણ કે મન્દાકીની (ગંગા) ની માટી (ઋગ્, યજુઃ, સામ) એમ ત્રણ વેદને જાણનારા પુરૂષોને પણ વન્દન કરવા યોગ્ય છે. એટલે ગંગાજીના સંગમથી માટીનું એટલું મહાત્મ્ય વધી જાય છે. ૧૨

ત્યાંથી આગળ ચાલી વિચાર કર્યો કે—મારા પિતાની શિખામણથી વિરૂદ્ધ કાર્ય કરવાનું ફળ તો નજરે જોયું. પણ હવે તેની શિખામણ પ્રમાણે ચાલી તેનું ફળ દેખું એમ વિચાર કરી એક શહેરમાં જઇ પહોંચ્યો, ત્યાં હેમરથ નામનો રાજા રાજ્ય કરતો હતો, અને તેના પુત્રનું નામ "ગુણસુન્દર" હતું, તેની મિત્રતા બાંધી એમ કેટલોક વખત જતાં હેમરથ રાજા મરણ શરણ થયો અને ગુણસુન્દર કુમાર રાજાધિરાજ થયો ત્યારે તેણે પોતાના રાજ્યનું પ્રધાનપદ પ્રભાકરને આપ્યું તેથી પ્રભાકર આનન્દમાં આવી ગયો. અને એક ગુણાઢય નામના શેઠની મિત્રતા બાંધી તથા સુન્દર સ્વભાવની "સુશીલા" નામની બ્રાહ્મણ જાતિની ઉત્તમ કન્યાને પરણ્યો, એક દિવસ ઘોડાની હોડ થવાથી પ્રધાન તથા રાજા વગેરે તમામ ઘોડેસ્વાર થઇ ગામની બહાર નીકળ્યા તેમાં પ્રધાન તથા રાજાના ઘોડા એવા મસ્ત હતા કે—એક વખત કશા (કોરડા) નો પ્રહાર થતાં આકાશમાં ઉડતા હોય તેમ ભૂમિને માપીને ઘોર અરણ્યમાં ચાલ્યા ગયા, દરમ્યાન ઘોડા કુદતા હતા, તેમાં પ્રભાકર પ્રધાને એક આંબળાના વૃક્ષમાંથી ૩ આંબળા લઇ પોતાના ખીસામાં નાંખ્યાં હતાં. હવે રાજા તથા પ્રધાન નિર્મનુજ પાણી વગરના વનમાં ચાલ્યા ગયા તેમાં વૈશાખ માસના તડકાનો અસહ્ય તાપ પડવાથી રાજાનું મ્હોઢું સુકાવા માંડયું અને પરિણામે મૂર્છા ખાઇ તરસને લીધે રાજા પૃથ્વીમાં પડી ગયો, તેને જોઇ પ્રધાને એક આંબળાનું ચૂર્ણ કરી તેના મુખમાં નાંખ્યું તેથી રાજાને શુદ્ધિ આવી. એમ એક વખત મૂર્છા વળતાં ક્ષણમાં બીજી ત્રીજી વખત મૂર્છા આવી તે વખતે પ્રધાને બીજું ત્રીજું એમ આંબળાઓનું ચૂર્ણ તેના મુખમાં નાંખ્યું અને રાજાની મૂર્છા ઉતરી ગઇ દરમ્યાન એક કલાક જેટલો સમય થવાથી પછવાડેથી રાજાનું લશ્કર આવી પહોંચ્યું તેની પાસે ઘણું અન્ન તથા પાણી હતું તેથી રાજાને કોઇ પણ પ્રકારની હરકત આવી નહિ. આવી રીતે ઘણી વખત રાજાને પ્રસન્ન કરવાથી આપણી વાર્તાનો નાયક પ્રભાકર (પ્રધાન) મહાન્ થઇ ગયો એટલે તેણે રાજાની દયાથી પોતાના ઘણા લાગતા વળગતાઓને ધનાઢય કરી દીધા આમ ચાલતું હતું તેમાં પિતાના વચનની પરીક્ષા કરવા સારૂ તેણે એક દિવસ રાજાના એકના એક પ્યારા પાંચ

સાધુનો સંગમ સર્વથી શીતલ છે.

चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमाः ।
चन्द्रचन्दनयोर्मध्ये, शीतलः साधुसङ्गमः ॥ १३ ॥

આ જગત્‌માં ચંદન શીતળ છે, ચંદનથી ચંદ્રમા શીતળ છે અને ચંદન તથા ચંદ્ર એ બન્નેથી સત્પુરૂષનો સમાગમ શીતલ છે. ૧૩

ગુણની મહત્તા.

आर्या.

वंशभवो गुणवानपि, सङ्गविशेषेण पूज्यते पुरुषः ।
न हि तुम्बीफलविकलो, वीणादण्डः प्रयाति महिमानम् ॥ १४ ॥

સારા વંશમાં ઉત્પન્ન થયેલ ગુણવાન્ પુરૂષ પણ સંગને લીધે પૂજાય છે. (ખરાબ સંગ થવાથી તેમની કોઈ પણ ગણના કરતું નથી) જેમ સારા વંશ (વાં-

વર્ષનાં પુત્રનું હરણકરી પોતાના ઘરમાં સંતાડી દીધો. હવે રાજાને જમવાનો વખત થતાં રાજાએ પુત્રને યાદ કર્યો તેથી રાજાના અનુચરો તે કુમારને શોધવા મંડ્યા તેઓને એમ પત્તો લાગ્યો કે–કુમારને દીવાન લઇ ગયા છે, તેથી તેઓ દીવાનને ત્યાં જઇ રાજપુત્રની ખબર પૂછવા લાગ્યા પણ તે વખતે જાણે પોતે ગુન્હો કર્યો હોય તેમ જણાવી પ્રભાકરભાઈ ઘરમાં પેશી ગયો ને પોતાની સ્ત્રીની પાસે રાંક સમાન થઇ બેશી રહ્યો, તેથી સ્ત્રીએ કહ્યું કે કાંઈ હરકત નહિ મારા પ્રાણ જાય તો ભલે પણ હું તમારા પ્રાણ બચાવીશ એમ કહી તે સ્ત્રી, રાજા પાસે ગઇ ને કહેવા માંડી કે રાજાજી હુંજ તમારા પુત્રને મારવા વાળી છું માટે મને શિક્ષા કરો–આમ જ્યાં સ્ત્રી કહી રહી છે તેટલામાં પ્રભાકરના મિત્ર ગુણાઢ્યને ખબર પડવાથી તે પોતાનું સર્વસ્વ ધન લઇ હાજર થઇ રાજાને કહેવા લાગ્યો કે મને મારી નાંખો અને આ બધું મારૂં ધન લુંટી લ્યો મેં તમારા પુત્રને માર્યો છે–તે વખતે સીપાઇઓએ પકડીને એક તરફ બેસાડેલ પ્રભાકર બોલ્યો કે હે રાજાજી ! મારી સ્ત્રી તથા મારો મિત્ર ગુણાઢ્ય મને બચાવવા ખાતર પોતાના પ્રાણ આપવા તૈયાર થયા છે પરંતુ કુંવરને મારનાર હું છું માટે મારામાટે જે શિક્ષા યોગ્ય લાગે તે ફરમાવો. તે સાંભળી રાજા વિચારમાં પડી ગયો કે–આમાં કોને શિક્ષા કરવી ? છેવટ એમ નક્કી થયું કે પ્રભાકર (દીવાન)જ ગુન્હેગાર છે. ત્યારે વિચાર થયો કે ગમે તેમ હો પણ આ પ્રધાન મારા જીવનને આપનાર છે, તેથી તેને કેમ મારી શકાય ? એમ વિચાર કરી રાજા બોલ્યો કે હે પ્રધાનજી ! ભલે તમે કુંવરને માર્યો હોય તોપણ તમોને હું શિક્ષા કરતો નથી પરંતુ તમે મને તરસથી મારો જીવ જવાના પ્રસંગમાં ત્રણ આમળાં તમે ખવરાવ્યાં હતાં તેમાંથી એક આંબળાનો ઉપકાર રદ કરૂં છું અને હજી બે આંબળાંનો ઉપકાર જમા રાખું છું. એમ કહિ પ્રભાકરને બન્ધનમાંથી મુક્ત કરાવ્યો. ત્યારે પ્રભાકરે કુમારને લાવી અર્પણ કર્યો અને પોતાની જન્મથી માંડી સર્વ વાર્તા રાજાને કહી, સ્નેહથી તેની સાથે આનંદ કરવા લાગ્યો એટલે સત્સંગનો પ્રભાવ એટલો મહાન્ છે કે ત્રણ શિખામણના શબ્દો પ્રભાકરને મહાન્ સંકટમાંથી બચવાના સાધનરૂપ થયા.

સ) માંથી થયેલો (બનાવેલો) વીણા દંડ જો તુંબડીના ફળ (તંબુર)ની સાથે સંયોગ ન હોય, તો તે મહિમાને પામતો નથી. (અર્થાત્ સારા વાંસમાંથી બનાવેલ, નકશી કામથી કોતરેલ એવો જે સારંગીનો દંડ, ગુણ-લોઢાના તાર વાળો હોય પણ જો સત્સંગ રૂપી તુંબડામાં બેસતો કરેલ ન હોયતો તે સારી રીતે વાગવામાં ઉપયોગી નથી.) ૧૪

* સજ્જનના સંગથી દુઃસાધ્ય તે સુસાધ્ય થાય છે.

उपजाति.

असज्जनः सज्जनसङ्गिसङ्गात्करोति दुःसाध्यमपीह साध्यम् ।
पुष्पाश्रयाच्छम्भुशिरोऽधिरूढा, पिपीलिका चुम्बति चन्द्रबिम्बम् ॥१५॥

દુષ્ટ પુરૂષ, મહા કષ્ટથી જે કાર્ય ન સાધી શકાય તે સજ્જનો સંગ કરનારાના સુસંગથી સાધી શકે છે; જેમકે પુષ્પમાં રહેલી કીડી પુષ્પની સાથે જ્યારે શંભુના મસ્તક ઉપર ચઢે છે ત્યારે તેમના મસ્તક ઉપર બીરાજતા ચંદ્રબીંબનું ચુંબન કરે છે. ૧૫

સત્સંગ શું કરી શકતો નથી?

वसन्ततिलका. (૧૬ થી ૧૯)

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्त्तिम्,
सत्सङ्गतिः कथय किन्न करोति पुंसाम् ॥ १६ ॥

પુરૂષોને સત્સંગ શું (ફાયદો) નથી કરતો? જેમકે સત્સંગ બુદ્ધિની જડતાને હરે છે, વાણીમાં સત્યતાનું સિંચન કરે છે, માનથી ઉન્નત્તિ અપાવે છે, પાપને દૂર કરે છે, ચિત્ત પ્રસન્ન કરે છે, અને દિશાઓમાં કીર્ત્તિને ફેલાવે છે (અર્થાત્ સત્સંગથી સર્વ ફાયદા જ છે.) ૧૬

સત્સંગ નિષ્ફળ નથી.

किं वा परेण बहुना परिजल्पितेन,
सत्सङ्ग एव महतां महते फलाय ।
अम्भोनिधेस्तटरुहास्तरवोऽपि येन,
वेलाजलोच्छलितरत्नकृतालवालाः ॥ १७ ॥

* જૈનેતરઉક્તિ.

હવે વિશેષ કહેવાથી શું ? સત્પુરૂષનો સંગ મહાન્ ફળદાયક છે. જેમકે સમુદ્રના કાંઠા ઉપર જે વૃક્ષો છે તેનાં ક્યારા સમુદ્રની વેળના પાણીથી ઉછળેલ રત્નોથી ભરપૂર છે. ૧૭

સુસંગતિની મહત્તા.

कान्तारभूमिरुहमौलिनिवासशीलाः,
प्रायः पलायनपरा जनवीक्षणेन ।
कूजन्ति तेऽपि हि शुकाः खलु रामनाम,
सङ्गः स्वभावपरिवर्तविधौ निदानम् ॥ १८ ॥

જંગલના વૃક્ષોના શિખર ઉપર વાસ કરનારાં, મનુષ્યોને જોઇ ઉડી જનારાં એવાં જે શુક પક્ષીઓ રામ નામ જપે છે; તે સ્વભાવ બદલવાનું મૂળ કારણ સત્સંગતિ છે એમ નિર્ણય થાય છે. ૧૮

અજ્ઞાન માણસ કુમાર્ગે ચાલે તેમાં તેનો શો અપરાધ ?

एकं हि चक्षुरमलं सहजो विवेकस्तद्वद्भिरेव सह संवसतिर्द्वितीयम् ।
एतद् द्वयं भुवि न यस्य स तत्त्वतोऽन्धस्तस्यापमार्गचलने खलु कोऽपराधः ॥१९॥

સહજ એવો જે વિવેક (જ્ઞાન) તે એક નિર્મળ નેત્ર કહેલ છે અને વિવેકી (જ્ઞાનિ) પુરૂષોની સાથે રહેવું એ બીજું નેત્ર છે. પૃથ્વીમાં આ બે નેત્રો (આંખો) જેને નથી તે પુરૂષ તત્ત્વથી (શુદ્ધ જ્ઞાનથી) આંધળો છે એમ જાણવું તેથી તેનો ખરાબ માર્ગ તરફ ચાલવામાં કયો અપરાધ (ગુન્હો) છે ?

અર્થાત્ કે જેને વિવેક અને વિવેકીનો સંગ નથી, એવો પુરૂષ કુમાર્ગે ચાલે તે સ્વાભાવિક છે માટે સુજ્ઞ પુરૂષે પ્રથમનું નેત્ર મેળવવા માટે વિવેકી પુરૂષોનો સંગ કરવો અને આ બન્ને નેત્ર મળવાથી જરૂર કુમાર્ગથી તે અટકી શકશે એવો ભાવાર્થ છે. ૧૯

સજ્જનોની સંગતિ મનુષ્યોનું શું શું ભલું કરી શકતી નથી !

मन्दाक्रान्ता.

हन्ति ध्वान्तं हरयति रजः सत्त्वमाविष्करोति,
प्रज्ञां सूते वितरति सुखं न्यायवृत्तिं तनोति ।
धर्मे बुद्धिं रचयतितरां पापबुद्धिं धुनीते,
पुंसामो वा किमिह कुरुते सङ्गतिः सज्जनानाम् ॥ २० ॥

અજ્ઞાનરૂપી અન્ધકારનો નાશ કરે છે, રજોગુણનું હરણ કરે છે, સત્ત્વ ગુણને પ્રગટ કરે છે, બુદ્ધિને જન્મ આપે છે, સુખને વિસ્તારે છે, ન્યાયની વૃત્તિને પાથરે છે, ધર્મમાં અત્યન્ત બુદ્ધિને કરે છે. અને પાપરૂપી કુબુદ્ધિનો નાશ કરે છે. એમ સજ્જન પુરૂષોની સંગતિ (સંગ) પુરૂષોનું અહિં શું શું હિત કરતી નથી ? અર્થાત્ મનુષ્યોમું સર્વ જાતનું હિત કરે છે. ૨૦

સત્સંગથી થતા ફાયદા.

हरिणी.

हरति कुमतिं भिन्ते मोहं करोति विवेकितां,
वितरति रतिं सूते नीतिं तनोति गुणावलिम् ।
प्रथयति यशो धत्ते धर्मं व्यपोहति दुर्गतिं,
जनयति नृणां किं नाभीष्टं गुणोत्तमसङ्गमः ॥ २१ ॥

મનુષ્યોને ગુણવાળાજનોનો સંગ શું ઇચ્છિતને નથી આપતો ? અર્થાત્ સર્વ આપે છે. તે બતાવે છે. સુસંગ કુબુદ્ધિને હરે છે તથા અજ્ઞાનને ભેદે છે. વિવેકપણું બતાવે છે, સંતોષને આપે છે, ન્યાયને પ્રસવે છે. તથા ગુણશ્રેણીને વિસ્તારે છે. અને કીર્તિને ફેલાવે છે. ધર્મને ધારણ કરેછે. નરક (તિર્યગ્ગતિ) ને નાશ કરે છે. એમ ગુણોત્તમજનનો સંગ તે અભીષ્ટ પદાર્થ આપે છે તે માટે ઉત્તમ જનોનો સંગ કરવો. ૨૧ તથા—

शार्दूलविक्रीडित. (૨૨ થી ૨૪)

लब्धुं बुद्धिकलापमापदमपाकर्तुं विहर्तुं पथि,
प्राप्तुं कीर्तिमसाधुतां विधुवितुं धर्मं समासेवितुम् ।
रोद्धुं पापविपाकमाकलयितुं स्वर्गापवर्गश्रियं,
चेत्त्वं चित्त समीहसे गुणवतां सङ्गं तदङ्गीकुरु ॥ २२ ॥

હે ચિત્ત ! જો તું પુષ્કળ બુદ્ધિ મેળવવાને, દુઃખ નાશ કરવાને, ન્યાય માર્ગમાં ચાલવાને, કીર્ત્તિ મેળવવાને, ખળતા નાશ કરવાને, ધર્મ સેવવાને, પાપ રોકવાને, સ્વર્ગ તથા મોક્ષની સમૃદ્ધિ મેળવવાને ઇચ્છતું હો તો સત્સંગ સ્વીકાર. ૨૨

મિત્રને સત્સંગનો બોધ.

ये जात्या लघवः सदैव गणनां याता न ये कुत्रचित्,
पङ्कयामेव विमर्दिताः प्रतिदिनं भूमौ विलीनाश्चिरम् ।

उत्क्षिप्ताश्चपलाशयेन मरुता पश्यान्तरिक्षे सखे !
तुङ्गानामुपरि स्थितिं क्षितिभृतां कुर्वन्त्यमी पांसवः ॥ २३ ॥

સદા જે રજ (ધૂડ) જાતિથી હલકી છે, તેમ ક્યાંઇ પણ જે ગણના (હીસાબ) માં ગણાતી નથી અને મનુષ્યોએ પોતાના પગથી જેનું મર્દન (ચૂર્ણ) કરી નાંખ્યું છે, માટે જે લાંબા વખત સુધી ભૂમિમાં સંતાઇ રહી છે અને હમણાં વેગવાળા પવનથી ઉંચી ફેંકવામાં આવી છે, માટે હે મિત્ર! તું તેને આકાશમાં જો કે આ રજ ઉંચા પર્વતોની ઉપર સ્થિતિ કરી રહી છે, આમ સત્સંગ હલકા પ્રાણીને પણ ઉચ્ચ સ્થિતિ ઉપર બેસાડી દે છે, એટલા માટે તું સત્સંગ કર આમ કથનીય છે. ૨૩

સન્મહાત્મા વસ્ત્રાદિથી સુશોભિત ન હોય તો શું તેને માન ન આપવું ?

कर्णे चामरचारुकम्बुकलिकाः कण्ठे मणीनां गणः,
सिन्दूरप्रकरः शिरः परिसरे पार्श्वान्तिके किङ्किणी।
लब्धश्चेन्नृपवाहनेन करिणा बद्धेन भूषाविधि–
स्तत्किं भूधरधूलिधूसरतनुर्मान्यो न वन्यः करी ॥ २४ ॥

કાનની પાસે ચામરનાં કરેલાં સુંદર કર્ણભૂષણ, કંઠમાં મણિઓના સમૂહનો હાર, ગંડસ્થલ ઉપર સિંદૂરનું ચિત્ર અને બાજુઓમાં ઘંટડીઓ, એ પ્રકારનાં આભૂષણ (રાજ્ય) હસ્તિને મળે છે, તોપણ પૃથ્વીની ધૂળથી ધૂળવાળું કરેલું છે પોતાનું શરીર જેણે એવો વનમાં રહેનારો હસ્તિ શું માન્ય નથી? એટલે તેને માન ઘટતું નથી? અર્થાત્ આપવું ઘટે છે જ. એટલે સત્પુરૂષની પરીક્ષા ઉપરના ડોળથી થતી નથી પરંતુ તેના અંતઃકરણનું નિરીક્ષણ કરી તે સન્મહાત્માનો સંગ કરવો. ૨૪

હવે સત્સંગનો મહિમા ગુર્જર કાવ્યોથી કહે છે.

इंद्रविजय

*ફૂલકે સંગ ફુલેલ ભયો તિલ તેલ તેતો સહુકે મન ભાવૈં,
પારસ કે પરસંગથી દેખિએ લોહાજુ કંચન હોય વિકાવૈં;
ગંગમેં જાય મિલ્યો સરિતા જલ તેહુ મહા જગ ઉપમા પાવૈં,
સંગત કો ફલ દેખ ચિદાનંદ નીચ પદારથ ઉંચ કહાવૈં. ૨૫

* ચિદાનંદજી.

મનહર

સુણી ભૃંગ કેરો શબ્દ કીડ પ્રીટ ભૃંગ થયો,
લોહકો વિકાર ગયો પારસ પરસથી,
ફુલકે સંજોગ તિલતેલ હુ ભયો ફુલેલ,
તરૂ ભયે ચંદન સુવાસકે ફરસથી;
મુક્તાફલ સ્વાતકે ઉદક ભયો સીપ સમ,
કાષ્ઠ હુ પાષાણુ જ્યું સૈલોદક સરસથી;
ચિદાનંદ આતમા પ્રમાત્મા સ્વરૂપ થયો,
અવસર પાય ભેદ જ્ઞાન કે દરસથી. ૨૬

છાંડકૈં કુસંગતિ સુસંગથી સનેહ કીજે,
ગુણ ગ્રહિ લીજે અવગુણ દૃષ્ટિ ટાર કેં;
ભેદ જ્ઞાન પાય યોગ જ્વાલા કરિ ભિન્ન કીજે,
કનક ઉપલકું વિવેક ખાર ડારકૈં;
જ્ઞાની જો મિલેતો જ્ઞાન ધ્યાન કો વિચાર કીજે,
મિલે જો અજ્ઞાની તો રહિજે મૌન ધારકૈં;
ચિદાનંદ તત્વ યેહિ આતમ વિચાર કીજે,
અંતર સકલ પરમાદ ભાવ ડાર કૈં. ૨૭

એક સત્સંગના સંબંધમાં ચતુરાઇવાળી વાર્તા.

પારસ પરસ્યા છતાં લોખંડજ રહ્યું

* એક સમય અકબર શાહ રાજપાટીકા ફરવા છડી સ્વારીએ પધાર્યા હતા, ત્યાંથી પાછા ફરતાં પુનઃ શહેરના ચોકમાં આવી પહોંચ્યા, તે વખતે એક ડોશી પોતાના હાથમાં એક તરવાર પકડી ઉભી રહેલી હતી અને પોતાના સાથેના માણસો પણ બીજાં હથિયારો લઇ ઉભાં હતાં, તે તરફ અકબરશાહની દૃષ્ટિ જઇ પડી. તેથી વિસ્મય કારી બનાવ જોઇ તે ડોશીની નજીક જઇ પૂછ્યું કે " બાઇ તરવારને ગ્રહણ કરી ચોક બજારમાં શા કારણથી ઉભાં છો? અને આ સાથેના માણસો પણ શસ્ત્રધારી છે તે પણ તમારા જ છે?" તે સાંભળી ડોશી બોલી કે " નેક નામદાર? આ તરવારને વેચવાના ઇરાદે અહીંયાં ઉભી છું અને આ માણસો પાસે જે શસ્ત્રો છે તે પણ વેચવાનાં જ છે, તે સાંભળી શાહે કહ્યું કે " જોઉં તે તરવાર કેવી છે?" આ પ્રમાણે શાહનું વચન સાંભળતાં ડોશી પોતાના હાથમાંની તરવાર શાહને આપી. જ્યારે તે તરવારને

* બીરબલ બાદશાહ.

મ્યાનમાંથી કહાડી પોતે નિહાળી ત્યારે બીલકુલ ખરાબ અને માત્ર નામની જ તરવાર કહેવાય તેવી લોખંડના પત્રાની બુઠી–નકામી જણાઇ તેથી તે તરવાર મ્યાન કરી ડોશીને પાછી આપી, તેથી તે તરવાર મ્યાનમાંથી કહાડી ડોશી ધારી ધારીને જેમ કોઇએ પોતાની તરવાર બદલાવી લીધી હોય તેવો ભાવ બતાવતી તરવારને નિહાળવા લાગી, તેથી શાહે પૂછ્યું કે "બાઇ! સશંક મુદ્રા વડે તરવાર તરફ ધારી ધારીને શું જુવો છો?" તે સાંભળી હાથ જોડી દીન વાણી વડે બોલી કે "ગરીબ પરવર હું મારી તરવાર બદલાઇ છે એવી કાંઇ શંકા લાવી જોતી નથી પણ એ જોઉં છું સાક્ષાત પારસ સમાન આપના હાથનો મારી તરવારને સ્પર્શ થયો છતાં પણ મારાં કમનસીબ છે? કે સોનાની કેમ ન બની? તે તપાસું છું" આ પ્રમાણે તેનું ચમત્કારિક યુક્તિ ભર્યું બોલવું સાંભળી તેની ચાતુરી તથા દિન પ્રતિદિન દીર્ઘ દૃષ્ટિ કરી તે ડોશીને તરવાર ભારોભાર સોનું આપવાનો હુકમ કર્યો અને તેને સંતોષી તેની દુઃખાવસ્થા દૂર કરી, તેમ ડોશી પણ શુભાશીર્વાદ આપી પોતાને ઘેર ગઇ.

महतां सङ्गे विपदापि वरं

અર્થાત્

મહાન્‌ના સંગમાં વિપત્તિ પણ શોભે છે.

अनुष्टुप्

महतां प्रार्थनेनैव, विपत्तिरपि शोभते ।
दन्तभङ्गो हि नागानां, श्लाघ्यो गिरिविदारणे ॥१॥

મહાન્ નરોની સાથે હરિફાઇ કરતાં વિપત્તિ થાય તે પણ શોભે છે, જેમકે પર્વતને ત્રોડવામાં થયેલો હાથીઓના દાંતનો ભંગ વખાણવા યોગ્ય છે. ૧

ઉપદેશ ન આપે તો પણ સત્પુરૂષોનો સંગ ન છોડવો.

आर्या (૨–૩)

उपचरितव्याः सन्तो, यद्यपि कथयन्ति नैकमुपदेशम् ।
यास्त्वेषां स्वैरकथास्ता एव भवन्ति शास्त्राणि ॥ २ ॥

સત્પુરૂષો જો કે એક પણ ઉપદેશ (વાક્ય) ને ન કહેતા હોય તો પણ તેઓની સાથે રહીને તેઓની સેવા કરવી; કારણ કે તેઓની સ્વાભાવિક વાર્તાઓ પણ શાસ્ત્ર હોય છે એટલે તેમની સ્વાભાવિક વાર્તામાં શાસ્ત્રોપદેશ રહેલો છે. ૨

ગુણી પુરૂષની સમીપે રહેવાથી ગુણહીન પુરૂષ પણ પૂજાય છે.

गुणिनः समीपवर्ती, पूज्यो लोकस्य गुणविहीनोऽपि ।
विमलेक्षणप्रसङ्गादञ्जनमाप्नोति काणाक्षि ॥ ३ ॥

ગુણહીન પુરૂષ પણ ગુણી પુરૂષની સમીપમાં રહેતો હોય તો તે લોકનો પૂજ્ય થાય (લોકમાંપૂજાય) છે, કારણ કે નિર્મળ (દેખતા) નેત્રના સંગથી કાણી આંખ પણ અંજન (આંજણ)ને પ્રાપ્ત થાય છે નહિતર બેય આંખ ફુટેલ હોય તો કોણ આંજે ? અર્થાત્ કોઈ ન આંજે. ૩

सङ्गतिफलम्.

સંગનું ફળ.

अनुष्टुप् (૧ થી ૩)

मत्कुणानां च संयोगात्, खट्वा दण्डेन ताड्यते ।
पुष्पमालानुसङ्गेन, सूत्रं शिरसि धार्यते ॥ १ ॥

માકડનો સંગ કરવાથી ખાટલાને દંડનો માર સહન કરવો પડે છે. અને પુષ્પોની માળાનો સંગ કરવાથી સૂતર મસ્તક ઉપર ધારણ કરાય છે, માટે સત્સંગ કરવો પણ કુસંગ ન કરવો એવો ભાવ છે. ૧

તેમાં રાત્રિનું દૃષ્ટાન્ત આપે છે

सङ्गतिर्यादृशी तादृक्, ख्यातिरायाति वस्तुनः ।
रजनिर्ज्योत्स्नया ज्यौत्स्नी, तमसा च तमस्विनी ॥ २ ॥

મનુષ્યને જેવી જાતની સંગતિ હોય તેવી જાતની તેની પ્રસિદ્ધિ (ખ્યાતિ–નામ) પ્રાપ્ત થાય છે, એટલે કે રાત્રિ ચાન્દનીના સંગથી " જ્યૌત્સ્ની " કહેવાય છે અને અન્ધકારથી " તમસ્વિની " કહેવાય છે એટલે રાત્રિ પોતે ઉપર મુજબ સંગથી " પ્રકાશવાળી " તથા " અન્ધકાર વાળી " કહેવાય છે, તેવું સંગનું ફળ છે. ૨

એક પોપટનું બચ્ચું કહે છે કે

माताप्येका पिताप्येको, मम तस्य च पक्षिणः ।
अहं मुनिभिरानीतः, स तु नीतो गवाशिभिः ॥ ३ ॥

મારી અને તે પક્ષીની માતા એક અને પિતા પણ એક. મને મુનિઓ અહિં લાવ્યા અને તે પક્ષી (મારા ભાઇ) ને તો ગોમાંસ ભક્ષણ કરનારા મ્લેચ્છ લોકો લઇ ગયા. ૩

તેથી સાંસર્ગિક દોષ કહે છે

उपजाति.

गवाशिनां वै सगिरः शृणोति, अहश्च राजन् मुनिपुङ्गवानाम् ।
न चास्य दोषो न च मद्गुणो वा, संसर्गजा दोषगुणा भवन्ति ॥४॥

હે નૃપ તે ગાયોને ભક્ષણ કરનારા મ્લેચ્છ મનુષ્યોનાં વચનને સાંભળે છે અને હું પવિત્ર મુનિઓનાં વચન સાંભળું છું તેથી આનો દોષ નથી અને મારો ગુણ નથી કારણ કે દોષ અને ગુણ સંસર્ગથી જ ઉત્પન્ન થાય છે. ૪ *

સંગથી થતું તુંબડીને સુખ દુઃખ

मन्दाक्रान्ता.

एके तुम्बा व्रतिकरगताः पात्रतामानयन्ति,
गायन्त्यन्ये सरसमधुरं शुद्धवंशे विलग्नाः ।
एके तावद् ग्रथितसगुणा दुस्तरं तारयन्ति,
तेषां मध्ये ज्वलितहृदया रक्तमेके पिबन्ति ॥ ५ ॥

કેટલાંક તુંબડાં યોગી પુરૂષોના હાથમાં પાત્ર રૂપે રહેલ છે, કેટલાંક શુદ્ધ વંશ (વાંસ) ને છેડે લગાડવાથી રસભર મધુર શબ્દ કરે છે; કેટલાંક દોરડાથી ગુંથી શરીરની સાથે બાંધવાથી વિકટ જળસ્થાનમાંથી તારે છે; અને તે માંહેનાં કેટલાંએક એવાં પણ છે કે જે અંતઃકરણ બાળીને રક્ત પીએ છે. ૫

સજ્જનોને સત્પુરૂષના સંગથી જ પ્રેમ ઉદ્ભવે છે.

शार्दूलविक्रीडित.

नैवास्वाद्यरसायनस्य रसनात्पीयूषपानाच्च नो,
नो साम्राज्यपदाप्तितः प्रतिदिनं नो पुत्रलाभादपि ।
नैवायत्नसुरत्नलाभवशतो नैवान्यतोप्यस्ति सा,
या सम्प्रीतिरुदेति सज्जननृणां सद्भिः समं सङ्गमात् ॥ ६ ॥

સજ્જન મનુષ્યોને સત્પુરૂષોની સાથે સંગમ (મીલાપ) થવાથી જે ઉત્તમ પ્રીતિ (આનન્દ) ઉદય પામે છે તેવો પ્રેમ ખાદ્ય (જમવા યોગ્ય એવા લાડુ વગેરે)

---

* આ શ્લોક, તથા તેની પહેલાનો શ્લોક મુનિના ઘરમાં રહેનારા કોઇ શુક પક્ષીએ મ્લેચ્છ ને ઘેર રહેલા પોતાના સહોદર ભાઇના કુસંગના પરિણામને સાંભળી એક રાજાને કહેલ છે.

રસાયન (રસ ભર્યા અન્ન) ના ભોજનથી, અમૃતના પાનથી, ચક્રવર્તીના પદની પ્રાપ્તિથી, પ્રતિ દિવસ પુત્ર સુખના લાભથી, વગર મહેનતે મળેલ ઉત્તમ રત્નોના લાભથી અને બીજી કોઇ રીતે પણ ઉત્પન્ન થતો નથી. ૬

સજ્જન પ્રેમ સંબંધે ગુર્જર કાવ્ય.

મનહર.

* ગંગામાં ગયું જે જળ ગણાયું તે ગંગાજળ,
ગટરમાં ગયું જળ ગંદુ તે ગણાયું છે;
ખારે દરીયે ગયું તે ખરેખરૂં ખારૂં થયું,
છાશમાં પડયું તે છાશ રૂપે થૈ છણાયું છે;
શેલડીયે સોશ્યું થયું શેલડીના રસ રૂપે,
ચૂનામાં ભળ્યું તે ચૂના રૂપ થૈ ચણાયું છે;
એકજ આકાશની પેદાશ દલપત કહે,
જેવો જેવો જોગ થયો તેવું તે જણાયું છે. ૭

સત્પુરૂષને શુદ્ધ વાતાવરણના સંયોગની જરૂરીયાત.

÷આજે સ્થળે સ્થળે, રાગના, દ્વેશના, ઇર્ષ્યાના, અસૂયાના, સ્વાર્થના, અમર્યાદ લોભના, ક્રોધના, વૈરના, અને એ વિના વિવિધપ્રકારના દુરાચારના વિચારો પ્રજાના મોટા ભાગમાં પ્રસરેલા તથા પ્રસરતા હોવાથી, આપણા દેશમાં વિચારનું જે વાતાવરણ બંધાયું છે તથા બંધાય છે, તેની મર્યાદામાં નિવાસ કરનાર સર્વને, તે વિચારોની ન્યૂનાધિક પ્રમાણમાં અસર થયા વિના રહેતી નથી. ઘણા સત્સંસ્કારી સજ્જનો શુદ્ધ વિચારને સેવવાનો આગ્રહથી પ્રયત્ન સેવતાં છતાં પણ ઘણે પ્રસંગે તેમનાં નિર્દોષ અંતઃકરણમાં દોષ અથવા અશુદ્ધ વિચાર પ્રકટેલો તેમને જણાય છે. આનું કારણ અન્ય કાંઇ નથી, પણ દોષવાળા વિચારોનું તેમની આજુબાજુ બંધાયલું વાતાવરણ જ છે. કોઇ મનુષ્ય પોતના ઘરમાં ગમે તેટલી સ્વચ્છતા રાખતો હોય તોપણ જે મહેલ્લામાં તે રહેતો હોય ત્યાં ભારે ગંદકી રહેતી હોય તો તે ગંદકીવાળી અસ્વચ્છ હવા, તેના સ્વચ્છ ઘરમાં પણ આવી તેને નડયા વિના રહેતી નથી, તેમ મનુષ્ય પોતાના અંતઃકરણને શુદ્ધ રાખવાનો— ગમે તેટલો પ્રયત્ન સેવતો હોય તોપણ જે નગરમાં અથવા દેશમાં તે રહેતો હોય, તે નગર અથવા દેશનું, વિચારનું વાતાવરણ જો અશુદ્ધ અર્થાત્ દોષના વિચારોવાળું હોય છે તો તેના શુદ્ધ અંતઃકરણમાં પ્રસંગોપાત્ત દોષ પ્રકટ થયા વિના રહેતા નથી. આથી કરીને સત્યયુગમાં અર્થાત્ જે સમયે સમગ્ર પ્રજાજન શુદ્ધ વિચારને સેવતા હોય છે, તે સમયે અંતઃકરણને શુદ્ધ રાખી રહેવાનું કાર્ય અત્યંત સરળ હોય છે, તથા કલિયુગમાં અર્થાત્

* દલપત કાવ્ય ભાગ ૨ જો.

÷ અધ્યાત્મ બલપોષક ગ્રંથમાળા પ્રથમ અક્ષ.

જે સમયે પ્રજાનો મોટો ભાગ અશુદ્ધ વિચારને સેવતો હોય છે તે સમયે અંતઃકરણને પવિત્ર રાખવાનું કાર્ય વિકટ હોય છે, એવું જે કોઈ કોઇ સ્થળે પ્રતિપાદન કરાયલું છે, તે કેવળ સત્ય છે.

જેમ જેમ શુદ્ધ વિચારને સેવનાર ઘણા મનુષ્યો થાય છે, તેમ તેમ તે સ્થળે શુદ્ધ વિચારનું વાતાવરણ બંધાતું જાય છે, અને જેમ જેમ અશુદ્ધ વિચારને સેવનાર ઘણા મનુષ્યો થાય છે, તેમ તેમ તે સ્થળે અશુદ્ધ વિચારનું વાતાવરણ બંધાતું જાય છે; અને આથી જ કરીને જે સ્થળે નિરંતર શુદ્ધ વિચારો સેવાતા હોય છે, એવા સત્પુરુષોના આશ્રમમાં પ્રવેશ કરતાં મનુષ્યોને અનાયાસ પોતાના વિકારો દબી ગયેલા ભાસે છે, તથા શાંતિનું ભાન થાય છે, અને જે સ્થળે નિરંતર અશુદ્ધ વિચારો સેવાતા હોય છે, એવાં કસાઇખાનાંમાં, ખુન વગેરે ઘોર કર્મો થતાં સ્થળોમાં, અયોગ્ય શૃંગારને ભજવનારાં નાટકગૃહોમાં, તથા એવાં જ વિવિધ દોષવાળાં સ્થળોમાં પ્રવેશ કરતાં, મનુષ્યોના વિકારો અનાયાસ ઉદ્દભવે છે, પુષ્ટિને પામે છે, તથા તેઓનો રાજસ તામસ ગુણ વધી તેમને વ્યાકુળતા તથા અશાંતિનું ભાન થાય છે. આમ હોવાથી સુખ અને શાંતિને સર્વત્ર પ્રવર્તાવવાની ઇચ્છા રાખનારે વિચારનું વાતાવરણ સુધારવું, એ તેમનું પ્રથમ કર્તવ્ય છે.

આ પ્રમાણે કહી આ **સુસંગતિ** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

ગ્રંથ સંગ્રહિતા.

गीति.

विनयविजयमुनिनायं, तृतीयपरिच्छेद एवमत्रैव ।
ग्रथितश्चै सुगमार्थं तु, व्याख्यातॄणां मुदे सदा भूयात् ॥

વિનયવિજય મુનિએ આ (વ્યાખ્યાનસાહિત્યસંગ્રહ નામના) ગ્રંથનો તૃતીય પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓ (અને શ્રોતાઓ) ની સુગમતા માટે સંગ્રથિત કર્યો છે; તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓ (અને શ્રોતાવર્ગ) ના આનંદને માટે થાઓ.

तृतीय परिच्छेद परिपूर्ण.

---

१ चकार ગ્રહણ કરવાથી श्रोतॄणां એ શબ્દ અધ્યાહાર છે એમ સૂચવે છે.

चतुर्थ परिच्छेद.

સુજન એ સાધુ પુરૂષના ઉપનામને દીપાવનાર છે. કેમકે સાધુની ઓળખ તેમના વેશમાં હોય તેના કરતાં તેમની પ્રતિષ્ઠા તેમાં જોવાતા ગુણ ઉપર વધારે રહે છે. આવા પવિત્ર ગુણનું જ્ઞાન થઇ શકે તે માટે સુજન–સત્પુરૂષમાં રહેલા ઉમદા ગુણો, પવિત્ર ભાવના અને ઉચ્ચ વર્તન સંબંધે ગયા પરિચ્છેદમાં વિસ્તારથી વર્ણન કરેલું છે.

સાધુ પુરૂષના ગુણ જાણવાથી દરેક ગુણની પીછાણ થતાં તે તે ગુણનો અભ્યાસ કરવાને તક લેવી તેજ મનુષ્ય કર્ત્તવ્ય છે. પરંતુ આવા ગુણ અને ગુણીના અભ્યાસીઓએ દુર્ગુણોથી ચેતવાને પણ શીખવું જરૂરનું છે. કેમકે મનુષ્ય પ્રકૃતિ કંઇ એક સરખી હોઇ શકતી નથી. સૃષ્ટિમાં જેમ સરલ પુરૂષો વસે છે તેમ નિંદકો અને દુષ્ટ ભાવનાવાળા અભવિ મનુષ્યો પણ હોય છે. આવા મનુષ્યનો સમાગમ નિર્મળ મનુષ્યને ઉતરતી સ્થિતિએ મૂકી દે છે. કારણ કે નિર્મળ મનુષ્યનું હૃદય પાણી જેવું સ્વચ્છ અને નિર્મળ હોય છે તેથી જેમ નિર્મળ જળમાં જેવો રંગ નાખીએ તેવો રંગ પાણી લે છે તેમ નિર્મળ મનુષ્યના હૃદય ઉપર સમાગમની છાપ સહજ પડી આવે છે આટલા માટે તેવી દુષ્ટ ભાવનાવાળા મનુષ્યના પરિચયમાંથી બચવાને દુર્જન–કુસાધુના વર્તનની ઓળખાણ કરાવવી ઉચિત સમજી આ ચોથા પરિચ્છેદમાં તેવા અધિકારો ગોઠવવામાં આવે છે.

कुसाधु–अधिकार.

આ કુસાધુ–અધિકારનો આરંભ કરતાં પ્રથમ એક એવી શંકા ઉપસ્થિત થાય છે કે, આ દોષ નિરૂપણ પ્રકરણના વિષયમાં સમય તથા જ્ઞાનનો ભોગ આપવા કરતાં સુસાધુ અધિકરણમાં જ કેમ ન પ્રવૃત્ત રહેવું જોઇએ ? પ્રત્યુત્તરમાં જણાવ-

વાનું કે તે પ્રકરણમાં ગુણોનાં લક્ષણો જાણવાથી જેમ તે ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે. તેમ દોષોનું પણ જાણવામાં આવે તો તેઓનું હેયત્વ (ત્યજવાપણું) થાય છે જેથી આ અધિકારણોક્ત કુલક્ષણોનું પણ સ્વરૂપ જાણવાની જરૂર છે. કારણ કે વિશ્વની સમગ્ર વ્યકિતઓ પોતે જે જે સંયોગોમાં, સંસ્થાઓમાં નિયુકત થઇ છે તેમાં પોતાના આચાર વિચારને ગુણ રૂપજ માને છે તેમાં આત્મ દોષ નિરીક્ષણ કરનાર કોઇક જ વ્યકિત અપવાદ તરીકે હશે. પુનઃઆગળ વિચાર કરતાં જે જે જન સમાજને આત્મદોષ નિરીક્ષણ કરવાનું જ્ઞાન આપી તે દૂર કરવા માટે જગત્‌માં અનેક પ્રકારો છે તેમાં સાધુઓ પ્રથમ પદે છે કારણ કે તેવા મહાત્માઓના બોધથી તે તે જનસમાજ દૂષણનું સ્વરૂપ જાણી તેમાંથી મુકત થઇ શુદ્ધ સ્વરૂપ બને છે. પરંતુ તે પોતે ઉપદેષ્ટાઓ જ તેવા દુર્લક્ષણોથી ગ્રસિત હોયતો બીજાના દોષોનું પૃથક્કરણ કરી શકે નહિં, તેથી તેવા ગુરૂઓ, સાધુઓ, મહાત્માઓ આ પરિશ્રમના પરિશીલનનો લાભ લઇ સ્વયંશુદ્ધ થઇ બીજાઓને શુદ્ધ કરશે. જેથી વ્યાખ્યાન કર્તાના આ પરિશ્રમનો સફળતા થશે એવી આકાંક્ષા પુરઃસર આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

નિર્મળ ભાવ રહિત સાધુનાં ફળ.

अनुष्टुप् (૧ થી ૮)

*अग्निहोत्रं वने वासः, स्वाध्यायो दानसत्क्रिया ।
तान्येवैतानि मिथ्यास्युर्यदि भावो न निर्मलः ॥ १ ॥

(સાધુ પુરૂષમાં) જો નિર્મળ ભાવ ન હોય તો અગ્નિ હોત્ર, વનમાં વાસ, શાસ્ત્રાભ્યાસ, દાન, સારી ક્રિયા, તે આ બધાં નક્કી મિથ્યા જ થાય છે. ૧+

કેવળ બાહ્ય ક્રિયાઓથી સાધુતા નથી.

मुण्डनाच्छ्रमणो नैव, संस्काराद्ब्राह्मणो न च ।
मुनिर्नारण्यवासित्वाद्वल्कलान्न च तापसः ॥ २ ॥

મસ્તકમાં મુંડાવવાથી યતિ નથી જ (કહેવાતો) અને સંસ્કાર (માત્ર) થી બ્રાહ્મણ નથી કહેવાતો. જંગલમાં રહેવાથી મુનિ (ન કહેવાય) અને વલ્કલ (જાડની છાલ પહેરવા) થી તપસ્વી ન (કહેવાય.) ૨

* ઘણાખરા શ્લોકોમાં જૈનેતર ઉકિત છે.

+ ૧ થી ૭ પુરાણ.

ઇન્દ્રિયોને આધીન રહેનાર સાધુનું સ્થાન.

किमरण्यैरदान्तस्य ह्यदान्तस्य किमाश्रमैः ।
यत्र तत्र वसेद्दान्तस्तदरण्यन्तदाश्रमम् ॥ ३ ॥

અદાન્ત (જેણે પોતાની ઇન્દ્રિઓને આધીન નથી કરી તેવા સાધુ)ને વનોથી (વનવાસોથી) શું ? આશ્રમોથી શું ? (પરંતુ) જ્યાં જ્યાં દાન્ત સાધુ રહે તે વન ને તે આશ્રમ છે ૩

દુરાચારી સાધુ માટે દૂર રહેતી શુદ્ધિ.

मृदो भारसहस्रेण, जलकुम्भशतेन च ।
न शुध्यति दुराचारस्तीर्थस्नानशतैरपि ॥ ४ ॥

માટીના હજાર ભારથી (શરીર ઉપર ઘણી માટી ચોપડવાથી) અને જળના સો ઘડાથી અને તીર્થોમાં સેંકડો વખત નાવાથી પણ પુરૂષ શુદ્ધ થતો નથી. ૪ તથા—

चित्तमन्तर्गतन्दुष्टं, तीर्थस्नानैर्न शुध्यति ।
शतशोऽपि जलैर्धौतं, सुराभाण्डमिवाशुचि ॥ ५ ॥

અંદરનું દુષ્ટ ચિત્ત તીર્થના સ્નાનોથી શુદ્ધ થતું નથી. જેમ સેંકડોવાર જળથી ધોયેલું મદિરાનું પાત્ર અપવિત્ર જ છે. ૫

અપવિત્ર પુરૂષ માટે તીર્થ સ્થળમાં કિંમત.

कामरागमदोन्मत्ता ये च स्त्रीवशवर्तिनः ।
न ते जलेन शुध्यन्ति, स्नानैस्तीर्थशतैरपि ॥ ६ ॥

કામ (અનેક પ્રકારની વિષય ભોગની ઇચ્છાઓ) રાગ (સંસાર સંબંધી સ્નેહ) અને (ધન, વિદ્યા, કુળ આદિના) મદથી મત્ત થયેલા અને જેઓ સ્ત્રીઓને આધીન છે તે મનુષ્યો જળથી, સેંકડો તીર્થોમાં ન્હાવાથી પણ શુદ્ધ થતા નથી. ૬

પવિત્ર સ્થળોમાં દુર્ગુણીનો તિરસ્કાર.

चित्तं रागादिभिः क्लिष्टमलीकवचनैर्मुखम् ।
जीवघातादिभिः कायस्तस्य गङ्गा पराङ्मुखी ॥ ७ ॥

જેનું ચિત્ત રાગ (સંસારાસક્તિ) વિગેરેથી ક્લેશ પામેલ છે, મ્હોઢું અસત્ય વચનોથી ક્લિષ્ટ થયેલ છે, (અને) જીવહિંસા વિગેરેથી શરીર ક્લિષ્ટ થયેલ છે, તેને (તેવા પુરૂષથી) ગંગા વિમુખ થાય છે. ૭

અનાચારી ગુરૂના ઉપદેશનું નિષ્ફળપણું.

सर्वाभिलाषिणस्सर्वभोजिनः सपरिग्रहाः ।
अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो मताः ॥ ८ ॥

સર્વ પદાર્થોની ઇચ્છા રાખનારા, સર્વ ભક્ષી, ધનાદિ પરિગ્રહવાળા, બ્રહ્મચર્ય હીન ગુરૂઓ, મિથ્યા ઉપદેશવાળા મનાયેલા છે (અર્થાત્ તેઓનો ઉપદેશ વૃથા છે.) ૮

માત્ર નામધારી સાધુઓને નમવાની મના.

आर्या (૯ થી ૧૪)

वन्दामि तवं तहसंज, मंच खन्तीय बम्भचेरञ्च ।
जंजीवाण नहिंसा जञ्च नियत्ता गिहावासा ॥ ए ॥

જેઓમાં તપ તેમજ સંયમ, ક્ષમા, બ્રહ્મચર્ય, શાન્તિ, પ્રાણી માત્રની અહિંસા અને અનિયત ગૃહવાસ એક આશ્રમ–મઠમાં નિત્ય ન રહેવું તે ઇત્યાદિ શુભ ગુણો છે તેઓને હું નમન કરૂં છું ૯

વંદનીય ગુણ છે કે વેશ ?

ज इते लिङ्गपमाणं वन्दाही निन्हए तुमं सव्वे ।
एए अवन्दमाणस्स लिङ्गमवि अप्पमाणंते ॥१० ॥

જો લિંગ માત્ર વન્દનીય હોય તો એટલે કે યતિનો વેષ ધારણ કરવાથી વન્દનીય ઠરતા હોય તો ધૂર્તો–નિન્હવો પણ વન્દનાને પાત્ર થાય છે, માટે કેવળ બાહ્ય ચિન્હધારી વન્દનાને પાત્ર નથી; કારણકે એ પોતેજ અપ્રમાણ હોવાથી તેનો વેશ પણ અપ્રમાણ જ છે. ૧૦

વિશેષ પ્રમાણો.

पासत्थाइं वन्दमाणस्स नेव कित्तीं न निज्जरा होइ ।
कायकिलेसं एमेव कुणइ तह कम्मबन्ध अ ॥ ११ ॥

પાસત્થાદિકને વંદના કરતાં યશકીર્તિ અથવા નિર્જરા કંઈ પણ થાય નહિ માત્ર કાયકલેશ તથા નવાં કર્મ બંધાય છે પણ લાભ થતો નથી. ૧૧ *

વળી કહ્યું છે કે—

असुइठाणे पडिया चम्पगमाला न कीरई सीसे ।
पासत्थाइठाणेसु वट्टमाणा तह अपुज्जा ॥ १२ ॥

* ૧૧ થી ૧૬ સંઘપટ્ટકની ટીકાના.

જેમ અશુચિ સ્થાનમાં પડેલી ચાંપાના ફુલની માળા મસ્તકે ધારણ કરવા યોગ્ય નથી. તેમ પાસત્થા, ઉસન્ના, કુશીલિયા, સંસત્થા, અહાછંદા એ પંચ પ્રકારની અપવિત્રતામાં પડેલા સાધુઓ પણ તેવી રીતે અપૂજનીય, અવંદનીય અને અગ્રાહ્ય છે. ૧૨ કેમકે.

पक्कणकुले वसन्तो सउणीपारोवि गरहिउ होइ ।
इयगरहिया सुविहिया मज्झि वसन्ता कुसीलाणम् ॥१३॥

જેમ ચંડાલના સમુદાયમાં પવિત્ર જાતિવાળો બ્રાહ્મણ પણ નિંદાપાત્ર થાય છે તેમ સુવિહિત ગીતાર્થ પુરૂષ પણ કુશીલિયાનાં ટોળામાં રહેવાથી નિંદાપાત્ર બને છે. ૧૩

ચારિત્ર ભ્રષ્ટ પુરુષની સ્થિતિ.

सुबहुं पि सुयमहीयं किं काही चरणविप्पहीणस्स ।
अन्धस्स जह पलित्ता दीवसयसहस्सकोडीवि ॥ १४ ॥

અતિશય શાસ્ત્રાભ્યાસ તે ચારિત્રહીન પુરૂષને શું કરી શકે તેમ છે ! ત્યાં દૃષ્ટાંત કહે છે કે આંધળા પુરૂષ આગળ હજારો દીવા કર્યા હોય તો પણ તેથી તે અંધ પુરૂષને શો લાભ છે ? અર્થાત્ કાંઇ નહિ. ૧૪

વૈદક—જ્યોતિષી સાધુની કિંમત.

अनुष्टुप्

विज्जयं जोइसं चेव कम्मं संसारि अं तहा ।
विद्यामंतं कुणंतो य सोहू होइ विराहओ ॥ १५ ॥

સંસારની વૃદ્ધિ કરવાવાળા એવા જે વૈદક જ્યોતિષ વિદ્યા મંત્ર વિગેરે દુષ્ટ કર્મ કરતો જે સાધુ તે આજ્ઞા વિરાધક થાય છે. ૧૫

કુગુરૂનું ભવ ભ્રમણ.

* उपगीति

सप्पो इक्कम्मरणं कुगुरु अणंताइमरणाइं ।
तो वरं सप्पगहिअं मा कुरु कुगुरुसेवणं भद्द ॥१६॥

---

* आर्योत्तरार्धतुल्यं, प्रथमार्धमपि प्रयुक्तं चेत् ।
कामिनि तामुपगीतिं, प्रकाशयन्ते महाकवयः ॥

હે સ્ત્રી પહેલા ચરણમાં ૧૨ માત્રા, બીજા ચરણમાં ૧૫, ત્રીજા ચરણમાં ૧૨ અને ચોથા ચરણમાં ૧૫ માત્રા હોય તે उपगीति છંદ કહેવાય છે.

સર્પ કરડે તો એક વખત મરણ થાય, પણ કુગુરૂ સેવનથી અનંતા મરણ થાય છે. તેથી સર્પ સેવન કરવું તે સારૂં છે. પણ હે ભોળા જીવ ! કુગુરૂ સેવન કદી પણ કરશો નહિ. ૧૬

નિર્ગુણીનો ત્યાગ.

इन्द्रवज्रा.

एभिर्गुणौघैः परिवर्जिता ये, मद्वेषपोषाय सखीभवन्तः ।
सारम्भलोकव्यवहारभृङ्गा रामारमारागवशीकृताङ्गाः ॥ १७ ॥

આ ગુણોના સમૂહોથી જેઓ વર્જિત છે. (અને) દ્વેષના પોષણ માટે મિત્ર રૂપ થતા. આરંભ સહિત લોક વ્યવહારમાં ભ્રમર તુલ્ય (સંસારમાં અત્યંત લુબ્ધ થયેલા), સ્ત્રી, ધનોના સ્નેહથી જેનાં અંગો વશ કરાયેલાં છે તેવા ૧૭ તથા—

उपजाति. (૧૮ થી ૨૧)

कुसङ्गलीला हतसङ्गशीलाः, कुग्राहमूलाः प्रमदानुकूलाः ।
अत्यन्तमोहाः कुगतिप्ररोहाः, विज्ञेन ते दूरत एव हेयाः ॥१८॥

ખરાબ સંગોમાં રમવા વાળા (અને) તેવા દુઃસંગથી જેઓનું સુશીલ નષ્ટ થયું છે, અને ખરાબ આગ્રહ જેનું મૂળ છે અને જેઓ સ્ત્રીઓને અનુકૂલ છે, અત્યન્ત અજ્ઞાનવાળા, ખરાબ ગતિના પ્રરોહો (નવાંકુરો) રૂપ તે દુષ્ટ (સાધુઓ) ને વિદ્વાન્ પુરૂષે છેટેથી જ તજી દેવા. ૧૮ *

બાહ્ય વેશધારી સાથે શું કરવું. ?

स्वलिङ्गिनो वा परलिङ्गिनो वा, सुमार्गबाह्याः कुगुरुस्वरूपाः।
स्वयं प्रमादोज्झिततत्त्वरूपाः, कूपा इव त्याज्यपदे विधेयाः ॥१९॥

પોતાનાં ચિન્હો (વેશ) વાળા, અથવા બીજાના ચિન્હો (વેશ) વાળા અને સન્માર્ગથી બાહ્ય કુત્સિત (ખરાબ) ગુરૂના સ્વરૂપને ધારણ કરનારા પોતે પ્રમાદને લીધે તત્ત્વથી તથા સ્વરૂપથી ભ્રષ્ટ થયેલા (આવા ગુરૂઓ) ને કુવાઓની માફક તજીદેવા. ૧૯

પ્રતિકૂળ સંયોગ વખતે શું કરવું ?

गतार्थसार्थस्य वरं विदेशो, भ्रष्टप्रतिज्ञस्य वरं विनाशः ।
कुबुद्धिसङ्गाद्वरमेकताद्रौ, वरं दरिद्री बहुपापचितात् ॥ २० ॥

---

* ૧૮ થી ૨૪ નરવર્મચરિત્ર.

જેનો સાર્થ તથા અર્થ (ધન) ચાલ્યું ગયેલ છે, તેણે પરદેશમાં રહેવું ઉત્તમ છે. પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલને મોત સારૂં છે, કુબુદ્ધિપુરુષ (કુગુરૂ) ના સંગ કરતાં પર્વતોમાં મળી જવું (વનનિવાસ કરવો) એ સારૂં છે, બહુ પાપમાં ચિત્ત રાખનાર કરતાં દરિદ્રી (કંગાલ) માણસ ઉત્તમ છે. ૨૦ તેમજ—

कोपस्य सङ्गाद्वरमग्निसेवनं, मनोऽभिषङ्गाद्वरमद्रिलङ्घनं ।
सछद्मबुद्धेर्वरमल्पबुद्धिता, गर्तानिपातो वरमुग्रलोभतः ॥ २१ ॥

ક્રોધના સંગ કરતાં અગ્નિનું સેવન (અગ્નિમાં પડવું) સારૂં છે. મનને આધીન થવા કરતાં પર્વતોનું ઉલ્લંઘન ઉત્તમ છે. કપટી બુદ્ધિવાળા કરતાં અલ્પ બુદ્ધિપણું શ્રેષ્ઠ છે, ઉગ્ર (અત્યન્ત) લોભ કરતાં ખાડમાં પડવું સુન્દર છે. ૨૧ વળી—

इन्द्रवज्रा.

गेही वरं नैव कुशीललिङ्गी, मूर्खो वरं मा विबुधः प्रमादी ।
अन्धो वरं मा परवित्तदृष्टिः, मूको वरं मा बहुकूटभाषी ॥ २२ ॥

કુત્સિત સ્વભાવવાળા યતિ કરતાં ગૃહસ્થાશ્રમી પુરૂષ ઉત્તમ છે. (કુયતિ ઉત્તમ નથી જ.) મૂર્ખ ઉત્તમ છે, (પણ) પ્રમાદી (ઇન્દ્રિયાધીન) વિદ્વાન્ ઉત્તમ નથી, આંધળો પુરૂષ ઉત્તમ છે, (પણ) બીજાના ધનમાં નજર રાખનાર પુરૂષ ઉત્તમ નથી, મૂંગો માણસ શ્રેષ્ઠ છે. (પણ) બહુ ખોટું બોલનાર ઉત્તમ નથી. ૨૨

એટલું જ નહિ પરંતુ—

वंशस्थ.

वरं च दास्यं विहितान्यमार्गणाद्वरं च शस्त्र्या न परस्त्रिया गमः ।
वरं विषं मा गुरुदेववञ्चनं, वरं विनाशो न कलङ्कि जीवितम् ॥ २३ ॥

લાભવાળા અન્યાયના રસ્તા કરતાં દાસપણું કરવું સારૂં છે. છુરી સાથે ભેટવું સારૂં છે, પરંતુ પરસ્ત્રી સાથે ભેટવું સારૂં નથી. વિષ (ઝેર ખાવું) સારૂં (પણ) ગુરૂ તથા દેવોને છેતરવું સારૂં નથી, મરણ સારૂં છે (પણ) કલંકી જીવવું સારૂં નથી. ૨૩

કુસાધુઓનું દંભિપણું.

उपजाति (૨૪ થી ૨૯)

पीयूषधारामिव दाम्भिकाः प्राक्, प्रगल्भनीयाङ्गिरमुद्गिरन्ति ।
पुनर्विपाकेऽखिलदोषधात्री, सैवाशेते बत कालकूटम् ॥ २४ ॥

દાંભિક પુરૂષો પહેલાં અમૃતની ધારાની માફક બડાઇવાળી વાણી બોલે છે. પુનઃ (ફરી) પરિણામે તે જ વાણી બધા દોષોને ધારણ કરનારી થાય છે. અને આશ્ચર્ય છે કે ઝેર કરતાં પણ વધી જાય છે ૨૪

કુસાધુઓના સંગથી સંસારમાં ડૂબવાપણું.

न भावि धर्मैरविधिप्रयुक्तैर्गामी शिवं येषु गुरुर्न शुद्धः ।
रोगी हि कल्यो न रसायनैस्तै र्येषां प्रयोक्ता भिषगेवमूढः ॥ २५ ॥

જેઓમાં વિધિહીન જોડી કાઢેલ ધર્મો પ્રમાણે ચાલનાર ગુરૂ છે તે શુદ્ધ ગુરૂ નથી, અને (તેઓનું) કલ્યાણ થતું નથી. (ત્યાં દૃષ્ટાંત કહે છે કે) જે ઔષધોનો પ્રયોક્તા (આપનાર) વૈદ્ય જ મૂઢ હોયતો ચોક્કસ તે ઔષધોથી રોગી શક્તિમાન્ ન થાય. (સાજો ન થાય) ૨૫ તેમજ—

समाश्रितस्तारकबुद्धितो यो, यस्यास्त्यहो मज्जयिता स एव ।
ओघं तरीता विषयं कथं स तथैव जन्तुः कुगुरोर्भवाब्धिम् ॥२६॥

તારનાર છે એવી બુદ્ધિથી જેણે જેનો આશ્રય કર્યો છે તેજ તેને ડુબાવે છે; તો તે શીરીતે જળપ્રવાહ તરી શકે? તેમજ જીવ કુસાધુ—કુગુરૂથી ભવ સમુદ્રને કે તેમાં રહેલ (વિષમય) વિષયને કેમ તરી શકે? ૨૬*

કુપથ્યનું ફળ.

माद्यस्यशुद्धैर्गुरुदेवधर्मैर्धिग्दृष्टिरागेण गुणानपेक्षः ।
अमुत्र शोचिष्यसि तत्फले तु, कुपथ्यभोजीव महामयार्तः ॥२७॥

ધિક્કાર વાળી દૃષ્ટિના રગથી (શમદમાદિ) ગુણોની અપેક્ષા ન રાખનારો તું અશુદ્ધ એવા ગુરૂ દેવના ધર્મોથી મત્ત બને છે તેથી તેના પરિણામ રૂપ પર લોકમાં તું શોક કરીશ. (ત્યાં દૃષ્ટાન્ત કહે છે કે) જેમ કુપથ્ય (રોગોત્પાદક) અન્નને ખાનાર પુરૂષ મહા રોગથી ઘેરાય છે (પીડાય છે) તેમ. ૨૭

તત્ત્વ ન જાણનારનું ઉભય ભ્રષ્ટપણું

मुण्डी जटी वल्कलवांस्त्रिदण्डी, कषायवासा व्रतकार्शिताङ्गः ।
त्यक्तैहिको वा यदि-नाप्ततत्त्वस्तदा तु तस्योभयमेव नष्टम् ॥२८॥

મસ્તક મુંડાવનાર, જટા ધારણ કરનાર, વલ્કલ (ઝાડની છાલ) ના વસ્ત્ર ધારણ કરનાર, ત્રણ દંડ ધારણ કરનાર, ભગવાં વસ્ત્ર પહેરનાર, વ્રતો (ઉપવાસો) થી દુબળા

*૨૬, ૨૭, ૨૮. અધ્યાત્મ કલ્પ દ્રુમ

અંગવાળો અને આ લોક સંબન્ધી સુખોનો ત્યાગ કરનાર એવા યતિએ પણ જો તત્ત્વની પ્રાપ્તિ ન કરી હોય તો તેનું તો બન્ને (ઐહિક પરલૌકિક) નષ્ટ થાય છે. ૨૮

દયા વિગેરે ધર્મોની અપેક્ષા.

त्यक्त्वा कुटुम्बं च धनं समस्तमादाय वेषं श्रमणस्य पुंसा ।
न पालितो येन दयादिधर्मो, हा हारितं तेन मनुष्यजन्म ॥२९॥

કુટુંબ તથા બધા ધનને છોડીને યતિના વેષને ધારણ કરીને જે પુરૂષે દયા વિગેરે ધર્મનું પાલન નથી કર્યું; તેણે મનુષ્ય જન્મ હારેલો છે એમ ખેદથી કહેવું પડે છે. અર્થાત્ વ્યર્થ ગુમાવ્યો છે. ૨૯

સંસારમાં ધ્યાન ન આપવાની યતિની ફરજ.

इन्द्रवज्रा.

संसारकं येन सुखं सकष्टं, ज्ञात्वेति वैराग्यबलेन मुक्तम् ।
पश्चाद्देया खलु तेन दृष्टिः, संसारसिन्धौ प्रतिपूर्णकष्टे ॥ ३० ॥

સંસારનું સુખ કષ્ટવાળું જાણી જેણે વૈરાગ્યના બળથી છોડી દીધું છે, તે યતિએ પછી પૂર્ણ કષ્ટવાળા સંસાર સમુદ્રમાં દૃષ્ટિ (નજર) ન દેવી. ૩૦*

કુગુરૂઓની કરેલ સેવાનું નિષ્ફળપણું

वंशस्थ

नाम्रं सुसिक्तोऽपि ददाति निम्बकः, पुष्टा रसैर्वन्ध्यगवी पयो न च ।
दुष्टो नृपो नैव सुसेवितः श्रियं, धर्मं शिवं वा कुगुरुर्न सेवितः ॥ ३१ ॥

સારી રીતે સિંચેલ હોય તોપણ નિમ્બ વૃક્ષ (લીંબડો) આંબાના ફલને આપતો નથી. અને રસોથી પુષ્ટ કરેલ હોય (તોપણ) વન્ધ્ય (વાંઝણી) ગાય દૂધ આપતી નથી, સારી રીતે સેવેલ હોય (તોપણ) દુષ્ટ રાજા લક્ષ્મી (ધન) આપતો નથી; તેમ (સારી રીતે) સેવેલ હોય (તોપણ) કુગુરુ (ખરાબ ગુરુ) કલ્યાણકારી ધર્મને બતાવી શકતો નથી. ૩૧

કુગુરુઓની કપટ જાળ.

वसन्ततिलका.

यात्राः प्रतीत्य पितरौ भवतोऽत्र चैत्ये, यद्वात्र मासि विहिता धनिनामुना यत् ।
कार्यास्त्वयापि च तथेति कथं गृहस्थैर्धर्मोयमित्यनुचितं रचयन्ति धूर्ताः ॥३२॥

*૩૦ થી ૩૨ સુભાષિત રત્નભાંડાગાર.

(એક ધૂર્ત ગુરૂ સ્વ સેવકને છેતરે છે) કે તારાં માબાપ આ ધર્મ સ્થાનમાં યાત્રા નિમિત્ત આવી (રહેતાં) અથવા આ માસમાં આ ઠેકાણે આ શેઠે જે યાત્રા (સેવા) કરી છે, તારે પણ તેવી રીતે યાત્રાઓ (પૂજાઓ) (માતા પિતાના પુણ્યાર્થે) કરવી જોઇએ ગૃહસ્થોનો આ ધર્મ છે. આ પ્રમાણે ધૂર્ત સાધુઓ અનુચિત રચના (બનાવટો) શા વાસ્તે કરે છે? ૩૨

કપટ જાળથી મુકત રહેવાની સાધુની ફરજ.

मालिनी

भवति नियतमत्रासंयमस्स्याद्विभूषा, नृपतिककुदमेतल्लोकहासश्च भिक्षोः ।
स्फुटतर इह सङ्गः सातशीलत्वमुच्चै रिति न खलु मुमुक्षोस्सङ्गतं गब्दिकादि ३३

નક્કી મુમુક્ષુ સાધુ પુરૂષને ગાદી તકીઆ વિગેરે રાજોપચાર યોગ્ય નથી (ત્યાં કારણ જણાવે છે કે) આમાં નક્કી ઇન્દ્રિયોનો સંયમ થઇ શકતો નથી તેમ ત્યાં અનેક જાતની શોભા થાય છે અને આ રાજાસન છે (રાજાને યોગ્ય છે) અને ભિક્ષુ પુરુષને તો આ લોકોના હાસ્યનું ઠેકાણું છે કારણ કે અહિં પ્રસિદ્ધ રીતે લોકોનો સંગ થાય છે ને ઉચ્ચ પ્રકારના શીલનો નાશ થાય છે આ કારણથી યતિને આદિ પર્યંકાદિ રાજોપચાર વર્જ્ય છે. ૩૩

ઉપદ્રવ ન થાય તેવા વચનની જરૂર.

मन्दाक्रान्ता

इत्थं मिथ्यापथकथनया तथ्ययापीह कश्चिन् ,
मेदं ज्ञासीदनुचितमथो मा कुपत्कोऽपि यस्मात् ।
जैनभ्रान्त्या कुपथपतितान्वीक्ष्य नॄंस्तत्प्रमोहा-
पोहायेदं किमपि कृपया कल्पितं जल्पितं च ॥ ३४ ॥

આવી રીતે સત્ય છે તોપણ માર્ગના મિથ્યા લક્ષણો (દુર્લક્ષણો) ના કથનથી કોઇ પુરૂષ આને અયોગ્ય ન જાણો. અને કોઇ પણ ગુસ્સે ન થાઓ કારણકે જૈન ધર્મની ભ્રાન્તિથી ખોટે રસ્તે પડેલાં માણસોને દેખીને તેઓના અજ્ઞાનના નાશ માટે કાંઈ પણ આ (ગુરૂ દેવની) કૃપાથી રચ્યું છે અને કહ્યું છે. અર્થાત્ જૈન ગુરૂની ભ્રાંતિથી કુગુરૂમાં ફસાવું નહીં ૩૪*

*૩૪ થી ૩૬. સંઘપટ્ટકની ટીકાના.

શુદ્ધ ભાવનાહીન ક્રિયાઓની નિષ્ફળતા

शार्दूलविक्रीडित. (૩૫ થી ૫૧)

ज्वालाभिश्शलभा जलैर्जलचरास्तिर्यग्जटाभिर्वटा
मुण्डैरेडडकाः समस्तपशवो नग्नाः खरा भस्मभिः ।
काष्ठाभिस्सकला द्रुमाः शुकवराः पाठाद्बका ध्यानतो,
नो शुध्यन्ति विशुद्धभावचपला नैते क्रियातत्पराः ॥३५॥

કેવળ તે તે ક્રિયાઓથી જીવ શુદ્ધ થતો હોયતો પતંગીયાઓ જ્વાળાઓથી, (તેમાં બળીમરવાથી) જળચર પ્રાણીઓ જળોથી, વટવૃક્ષો નીચી જટાઓ રાખવાથી, ગાડરો માથાં મુંડાવવાથી, સમસ્ત પશુઓ નગ્ન (દિગંબર)છે તેથી, ગધેડાંઓ ભસ્મથી, (રાખમાં લોટવાથી) સમગ્ર વૃક્ષો એક ઠેકાણે ઉભા રહેવાથી, ઉત્તમ પોપટો પાઠ કરવાથી, બગલાઓ ધ્યાન કરવાથી (શુદ્ધ થવા જોઈએ પણ તેઓ) શુદ્ધ થતા નથી. કારણ કે આ બધાઓ શુદ્ધ ભાવ રહિત છે અને ક્રિયા કરે છે પણ તે કાર્ય લક્ષ પૂર્વક કરતા નથી ૩૫

યતિ ને નિષિદ્ધ અન્નભક્ષણનો નિષેધ

षट्कायानुपमृद्य निर्दयमृषीनाधाय यत्साधितं,
शास्त्रेषु प्रतिषिध्यते यदसकृन्निस्त्रिंशताधायि यत् ।
गोमांसाद्युपमं यदाहुरथ यद्भुक्त्वायतिर्यात्यध-
स्तत्कोनाम जिघित्सतीह सघृणः सङ्घादिभक्तिं विदन् ॥३६॥

નિર્દય રીતે ષટ્કાય નામના પ્રાણીઓ (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાઇ) નું મર્દન કરીને જેરૂષિઓ (યતિઓ) નો ઉદ્દેશ કરીને સિદ્ધ કરેલું છે. અર્થાત્ જે અન્ન સાધુઓને માટેજ રાંધેલું છે. અને જેનો હમેશાં શાસ્ત્રોમાં નિષેધછે. અને જે નિર્દયપણાને ધારણ કરનારૂં છે. અને જે આધાકર્મી અન્નને યતિઓ માટે ગોમાંસ વિગેરેની ઉપમા(શાસ્ત્રોમાં)આપવામાં આવી છે. અને જેનું ભક્ષણ કરી યતિ નરકને પ્રાપ્ત થાય છે. તેવા અન્નની કયો યતિ જમવાની ઇચ્છા રાખે ? કે (યતિ) દયા યુક્ત છે અને સંઘ ભક્તિ વિગેરે સારૂ રંધાણું છે એમ જાણવાવાળો છે. ૩૬

કુસાધુઓના સ્વધર્માજ્ઞાનનું સ્પષ્ટીકરણ.

यत्किञ्चिद्वितथं यदप्यनुचितं यल्लोकलोकोत्तरो-
त्तीर्णं यद्भवहेतुरेव भविनां यच्छास्त्रबाधाकरम् ।
तत्तद्धर्म इति ब्रुवन्ति कुधियो मूढास्तदर्हन् मत-
भ्रान्त्या लान्ति च हा दुरन्तदश्चमाश्चर्यस्य विस्फूर्जितम् ॥३७॥

(જગત્માં) જે કંઇ અસત્ય (ખોટું) છે; અને જે અયોગ્ય છે; અને જે દુનિયા તથા તેના લોકોમાં ઉતરેલું છે. (પ્રસરેલું છે.) અને જે સંસારી જીવોને સંસાર (જન્મ જરા મરણ) ના કારણરૂપ છે. અને જેને શાસ્ત્રોમાં પીડા કરનારૂં કહેલ છે. તે તે (વર્તન--આચરણને) કુત્સિત બુદ્ધિવાળા યતિઓ ધર્મ એવી રીતે કહે છે. અને તદનુયાયી મૂઢ લોકો તેને અર્હન્ ભગવાનના મતની ભ્રાન્તિથી. (આ અર્હન્મત છે એવી ભૂલથી) ગ્રહણ કરે છે તેને ખેદ પુરઃસર કહેવું પડે છે કે દુરન્ત (દુઃખરૂપ અન્તવાળું) દશમા આશ્ચર્યનું ગર્જિત છે. ૩૭

ગુણશીલ વર્જિત કુસાધુઓની મોહદશા.

निर्वाहार्थिनमुज्झितं गुणलवैरज्ञातशीलान्वयं,
तादृग्वंशजतद्गुणेन गुरुणा स्वार्थाय मुण्डीकृतम् ।
तद्विख्यातगुणान्वया अपि जनालग्नोग्रगच्छग्रहा
देवेभ्योऽधिकमर्चयान्ति महतो मोहस्य तज्जृम्भितम् ॥३८॥

નિર્વાહ (ઉદર ભરવા) ના અર્થવાળો અને જેમાં લેશ પણ ગુણ નથી તેમ જેના સ્વભાવ વંશની કોઇને ખબર નથી અને જે તેવાજ વંશમાં જન્મેલા અને તેવા ગુણવાળા ગુરૂથી સ્વાર્થ માટે (પોતાના ધનાદિનો વારસો આપવા સારૂ) મુંડાએલ છે તેવા પુરૂષ (કુસાધુ) ના તે તે પ્રસિદ્ધ ગુણ તથા વંશવાળા અને ઊંચા ગચ્છરૂપી ગ્રહોમાં પકડાએલા ઉત્તમ જનો પણ દેવો કરતાં અધિક પૂજા કરે છે. તે (આ) મહા મોહ (અજ્ઞાન) નું ગર્જિત છે. (પ્રકટ સ્વરૂપ છે) ૩૮*

વેષધારી કુટિલ સાધુઓથી થતો અનર્થ.

क्षुत्क्षामः किल कोऽपि रङ्कशिशुकः प्रव्रज्य चैत्ये क्वचित्,
कृत्वा कञ्चनपक्षमक्षतकलिः प्राप्तस्तदाचार्यकं,
चित्रं चैत्यगृहे गृहीयति निजे गच्छे कुटुम्बीयति,
स्वं शक्रीयति बालिशीयति बुधान्विश्वं वराकीयति ॥३९॥

ક્ષુધાથી કૃશ-દુર્બળ થયેલો કોઇપણ રંકનો બાળક કોઇ દેવસ્થાનમાં પ્રવ્રજ્યા લઈ અને કોઇ (ગચ્છ) ના પક્ષનો આશ્રય કરી જો કે પોતામાં કળિ-ક્રોધ લેશપણ ઓછો થયો નથી તોપણ આચાર્ય પદને પ્રાપ્ત થાય છે. ત્યાં આશ્ચર્ય છે કે તે કુયતિ દેવસ્થાનને ઘર કરે છે, પોતાના ગચ્છ (અનુયાયી) સંઘમાં કુટુંબ જેવું કરી મૂકે છે, પોતાનો કોઇ (સંબંધી હોય) તેને ઇન્દ્રતુલ્ય ધનાઢ્ય કરે છે અને

*૩૮ થી ૪૯ સંબધદ્ધક.

વિદ્વાનોને મૂર્ખ બનાવે છે, અને આખા જગત્‌ને કોડી (કાકણિકા) તુલ્ય ગણે છે. ૩૯

તેવા શ્રાવકોનું વિકળપણું

किन्दिङ्मोहमिताः किमन्धबधिराः किं योगचूर्णीकृताः,
किन्दैवोपहताः किमङ्ग टकिताः किं वा ग्रहावेशिताः ।
कृत्वा मूर्ध्नि पदं श्रुतस्य यदमी दृष्टोरुदोषा अपि,
व्यावर्त्तन्ते कुपथाज्जडा न दधते सूयन्ति चैतत्कृते ॥ ४० ॥

આ સર્વ શ્રાવકો (કે જેઓ તેવા ધૂર્તોના મતને અનુસારનારા છે) તેઓ શું આ બધા દિગ્મૂઢ થયા છે? શું અન્ધ કે બધિર (બ્હેરા) થયા છે? શું સંસારના યોગથી ચૂર્ણ રૂપ થયા છે? શું દૈવથી હણાય ગયા છે? અથવા હે મિત્ર! તેઓ છેતરાયેલા છે? શું ગ્રહો (પાપગ્રહો) થી આવેશિત થયા છે? અર્થાત્ શું પાપગ્રહોએ મત્ત બનાવી દીધા છે? કે ઘણા દોષો જોતાં છતાં પણ આ જડ કુશ્રાવકો ધર્મશાસ્ત્રને માથે પગ મૂકીને કુમાર્ગથી પાછા હઠતા નથી અને આને માટે (અધિકાધિક) બીજા સન્માર્ગે ચાલનારાઓની નિન્દા કરી રહ્યા છે. ૪૦

કુયતિઓના શ્રાવકોનો દુઃખપ્રદ શ્રમ

उत्सूत्रोच्चयमूचुषः सुखजुषः सिद्धान्तपद्यामुषः,
प्रोत्सर्पद्भवतापकापथपुषः सम्यग्दृशां विद्विषः ।
ये क्षुद्राः प्रतिजानते गुरुतया सूरीन्कुसूरीनहो,
ते चुम्बन्ति सहस्रशः श्रमभरोदश्राश्चतस्रोगतीः ॥४१॥

ઉત્સૂત્રો (સૂત્રવિરૂદ્ધ) ના સમૂહોનો ઉચ્ચાર કરનારા અને તેથી સુખોને સેવવાવાળા, સિદ્ધાન્તોના માર્ગને લોપનારા—ભૂલાવનારા, ઉત્કટ સંસાર (હું અને મારૂં) ના કુત્સિત માર્ગનું પોષણ કરનારા, સારા વિદ્વાનોના શત્રુઓ, એવા ઘણા કુસુરિઓ (દુષ્ટ આચાર્યો) ને જે તુચ્છ લોકો ગુરૂ પણાથી જાણે છે, (સેવે છે) તેઓ હજારો વખત કેવળ પરિશ્રમના ભારથી દુઃખરૂપ એવી (નર્ક, તીર્યંચ–મનુષ્ય–દેવ) રૂપી ચાર ગતિઓનું ચુમ્બન કરે છે અર્થાત્ કર્મ પ્રમાણે તે ગતિ ભોગવવી પડે છે. ૪૧

કુત્સિત સાધુઓના દંભમાં રહેલું સર્વોપરિપણું.

सर्वत्रास्थगिताश्रवाः स्वविषयव्यासक्तसर्वेन्द्रिया
वल्गद्गौरवचण्डदण्डतुरगाः पुष्यत्कषायोरगाः ।

सर्वाकृत्यकृतोऽपि कष्टमधुनात्याश्चर्यराजाश्रिताः,
स्थित्वा सन्मुनिमूर्धसूद्धतधियस्तुष्यन्ति पुष्यन्ति च ॥४२॥

સર્વ સ્થાનોમાં જતાં પાંચ પ્રકારના સંયમોને નહીં રક્ષણ કરનારા, (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ રૂપી) તે તે પોત પોતાના વિષયોમાં સર્વ ઇન્દ્રિઓને આસક્ત રાખનારા, વધી પડેલા ગૌરવથી (મ્હોટાઇથી) જીવને દંડ કરાવનાર એ-વા પાપી મન-વચન-કાયા રૂપી ઘોડાઓ જેના નિયમમાં નથી એવા અને કષાયો (ક્રોધ-માન-માયા-લોભ) રૂપી સર્પોનું પોષણ કરનારા, સર્વ અકૃત્યો (ન કરવા-નાં કાર્યો) ને કરનારા, (વસ્તુતાએ આવા છે) તોપણ ખેદથી કહેવું પડેછે કે હમણાં આશ્ચર્ય સહિત રાજાઓના આશ્રિત બની ઉદ્ધત બુદ્ધિવાળા આ કુસાધુએ શ્રેષ્ઠ મુ-નિઓના મસ્તકો ઉપર ઉભા રહી પ્રસન્ન થાય છે અને પુષ્ટ બને છે. ૪૨

ગૃહસ્થ કરતાં પણ તેવા યતિઓની હીનતા.

सर्वारम्भपरिग्रहस्य गृहिणोऽप्येकाशनाद्येकदा,
प्रत्याख्यायनरक्षतो हृदि भवेत्तीव्रानुतापस्सदा ।
षट्कृत्वस्त्रिविधंत्रिधेत्यनुदिनं प्रोच्यापि भञ्जन्ति ये
तेषां तु क्व तपः क्व सत्यवचनं क्व ज्ञानिता क्व व्रतम् ॥४३॥

બધા ધનગૃહ વિગેરે પરિગ્રહવાળા ગૃહસ્થને પણ "હું એક વખત ભોજન કરીશ અર્થાત્ એકાસણા આદિ કરીશ" એમ પ્રતિજ્ઞા કરીને તે પ્રતિજ્ઞા પ્રમાદથી પાળી ન શકાય તો હૃદયમાં હમેશાં ઘણો પરિતાપ-ખેદ થાય છે કે મેં પ્રતિજ્ઞાનો ભંગ કર્યો. ત્યારે જે યતિઓ હમેશાં પ્રાતઃ અને સાયંકાળે કાયિક, વાચિક અને માનસિક અને તે કરવું, કરાવવું અને અનુમોદન આપવું એમ ત્રિવિધે-ત્રિવિધે પચ્ચખાણ કરે છે તોપણ તે પ્રતિજ્ઞાનો ભંગ કરે છે તેઓનું તપ ક્યાં? સત્ય વચન ક્યાં? જ્ઞાનિપણું ક્યાં? અને વ્રત ક્યાં? ૪૩

ધર્મના નામે કુસાધુની ધૂર્તતા.

देवार्थव्ययतो यथारुचि कृते सर्वर्तुरम्ये मठे,
नित्यस्थाः शुचिपट्टतूलिशयनाः सद्गब्दिकाद्यासनाः ।
सारम्भाः सपरिग्रहाः सविषयाः सेर्ष्याः सकाङ्क्षाः सदा,
साधुव्याजविटा अहो सितपटाः कष्टं चरन्ति व्रतम् ॥४४॥

દેવ-ભગવાન (જિનમંદિર)ને માટે વ્યય (ખર્ચના) બ્હાનાથી પોતે પોતાની મરજી મુજબ સુન્દર આશ્રમ (ઉપાશ્રયાદિ) બનાવે છે કે જેમાં શીત ઉષ્ણ વર્ષા વિગેરે બધી

ઋતુઓ અનુકૂળ રહે એવા સ્થાનોમાં પોતે હમેશાં રહે છે, અને સ્વચ્છ વસ્ત્રોવાળાં ગાદલાંઓમાં શયન કરે છે, અને સુન્દર ગાદી તકીયા વિગેરેથી સુશોભિત આસનોમાં બેસે છે. (તથા સાંસારિક કાર્યોનો) આરંભ, (ધનાદિ) પરિગ્રહ, (સાંસારિક) વિષયો, અદેખાઇ અને અનેક કામનાઓ વાળા, અને સાધુના મિષથી કામી, ધોળાં વસ્ત્રો ધારણ કરનારા, આ કુસાધુઓ વ્રત ચર્ચાનો ડોળ કરી રહ્યા છે એ મહા ખેદની વાત છે. ૪૪

તેવા યતિ, ધર્મના સર્વ રીતે શત્રુ છે.

इत्याद्युद्धतसोपहासवचसः स्युः प्रेक्ष्य लोकाः स्थितिं,
श्रुत्वान्येऽभिमुखा अपि श्रुतपथाद्वैमुख्यमातन्वते ।
मिथ्योक्त्यासुदृशोऽपि बिभ्रति मनःसन्देहदोलाचलं,
येषान्ते ननु सर्वथा जिनपथप्रत्यर्थिनोऽमी ततः ॥४५॥

ઇત્યાદિ (પૂર્વ શ્લોકમાં કહેલી કે જે યતિને માટે નિષિદ્ધ છે) તેને જોઇને લોકો ઉદ્ધતપણાથી અનેક હાસ્ય વચનો કહે છે. અને બીજા (ધર્મી સેવકો) તેનાથી સન્મુખ છે (ભક્તિવાળા છે) તેઓ પણ કાનના માર્ગથી સાંભળીને વિમુખ બને છે અર્થાત્ તેને પૂજ્ય તરીકે માનતા નથી. અને જેઓના મિથ્યા ભાષણથી શુદ્ધ નજરવાળા (પવિત્ર પુરૂષો) પણ સંદેહના હીંચકામાં ચલાયમાન થાય છે (તેનું કારણ દર્શાવે છે કે) આ કુસાધુઓ નક્કી બધી રીતે જૈન પથ (ધર્મ) ના શત્રુઓ છે તેથી આમ બધું બને છે. ૪૫

તેઓનાં દુર્લક્ષણોનું વિશેષ સ્પષ્ટીકરણ.

भिक्षा सूतकमन्दिरे भगवतां पूजा मलिन्या स्त्रिया,
हीनानां परमेष्ठिसंस्तवविधेर्यच्छिक्षणं दीक्षणम् ।
जैनेन्द्रप्रतिमाविधापनमहो तल्लोकलोकोत्तर
व्यावृत्तेरथहेतुमप्यधिषणाः श्रेयस्तया चक्षते ॥४६॥

સૂતકીને ઘેર ભિક્ષા કરવી, તથા મલિન સ્ત્રી પાસે ભગવાનની પૂજા કરાવવી, હીન જાતિવાળાંઓને પરમેષ્ઠિ ભગવાનના સ્તવન વિધિનું શિક્ષણ આપવું, અને દીક્ષા આપવી, અન જૈનેન્દ્ર ભગવાનની પ્રતિમાનું વિધિ વિધાન તેવા હીન જાતિવાળા પાસે કરાવવું, આ બધું લોક તથા લોકોત્તર સમાજમાં નિષેધના કારણ રૂપ કહેલ છે તોપણ આ બધાં વિધાનોને પામર ગુરૂઓ શ્રેયપણાથી જણાવે છે અર્થાત્ આમાં ધર્મ છે એમ માની સમજાવે છે-કરાવે છે. ૪૬

તથા—

कष्टं नष्टदिशां नृणां यदृशां जात्यन्धवैदेशिकः,
कान्तारे प्रदिशत्यभीप्सितपुराध्वानं किलोत्कन्धरः ।
एतत्कष्टतरन्तु सोऽपि सुदृशः सन्मार्गगांस्तद्विद-
स्तद्वाक्यान्यनुवर्त्तिनो हसति यत्सावज्ञमज्ञानिव ॥४७॥

હા કષ્ટ છે કે દિશા ભૂલી ગયેલાં આંધળાં માણસોને જન્માન્ધ વિદેશી પુરૂષ અરણ્યમાં ઉંચી કંધરા (ડોક) રાખીને જે નક્કી ઇચ્છિત શહેરનો રસ્તો બતાવે છે એટલુંજ નહિં પરંતુ આનાથી પણ બીજું એક મહા કષ્ટ છે કે તે જન્માન્ધ પુરૂષ સુન્દર દૃષ્ટિવાળા, સારા માર્ગમાં ચાલનારા, અને તે માર્ગના સત્યત્વને જાણનારા પુરૂષોને તથા તેવા મહાત્માઓના વાક્યોને અનુસરનારાઓને અવજ્ઞા પૂર્વક અજ્ઞાનીઓની માફક હસે છે. ૪૭

મોક્ષપદમાં પ્રવેશ કરવા શિવાય બધા વ્યાપાર વ્યર્થ છે.

किं वेदैः स्मृतिभिः पुराणपठनैः शास्त्रैर्महाविस्तरैः,
स्वर्गग्रामकुटीनिवासफलदैः कर्मक्रियाविभ्रमैः ।
मुक्त्वैकं भवदुःखभाररचनाविध्वंसकाकानलं,
स्वात्मानंदपदप्रवेशकलनं शेषैर्वणिग्वृत्तिभिः ॥४८॥

સંસારની દુઃખ રૂપ રચનઓ (કલ્પનાઓ) નો નાશ કરવામાં પ્રલય કાળના અગ્નિતુલ્ય એક સ્વકીય (પોતાના) આત્માના આનન્દમય પદમાં પ્રવેશ કરવા (મોક્ષ પ્રાપ્તિ) નો જે વિચાર તેને છોડીને અર્થાત્ આ વિચારને એક તરફ મૂકી દઇ બીજાં વ્યાપરીઓની (આ લોકની) કમાણી જેવાં (વધારેમાં વધારે) સ્વર્ગ, ગામ-કુટી (ઝુપડી) ના નિવાસના ફળને આપનારા અને કર્મ ક્રિયાઓના ભ્રમવાળાં વેદ, સ્મૃતિઓ, અને પુરાણોના પાઠોથી તથા મહા વિસ્તારવાળા ધર્મ શાસ્ત્રોથી શું? અર્થાત્ કાંઇ ફળ નહિં એટલે મોક્ષ તેજ પરમ પુરૂષાર્થ છે. ૪૮

મોક્ષ માર્ગની પ્રવૃત્તિ વિરૂધ સ્વકીય પશ્ચાત્તાપ.

न्यस्ता मुक्तिपथस्य वाहकतया श्रीवीर ये प्राक्तया,
लुण्टाकास्त्वदृतेऽभवन् बहुतरास्त्वच्छासने ते कलौ ।
बिभ्राणा यतिनाम तत्तनुधियां मुष्णन्ति पुण्यश्रियः,
फूत्कुर्मः किमराजके ह्यपि तवारक्ष्या न किं दस्यवः ॥४९॥

હે શ્રીમાન્ વીરસ્વામી ! આપે મોક્ષ માર્ગના વાહક પણાથી (ચલાવનાર પણાથી) જેઓને પૂર્વકાળથી ભૂમીમાં રાખ્યા છે; તેવા ઘણા કુસાધુઓ આપના જૈન

શાસન (ધર્મ) માં રહી આપના સ્વધામ પ્રયાણ પછી લુંટારા થઇ ઉઠ્યા છે. અને યતિના નામને ધારણ કરનારા તેઓ તેના શરીરના દર્શન માત્રથી આ યતિવર્ય છે એવી બુદ્ધિવાળાઓની પુણ્યોરૂપી સંપત્તિઓનું હરણ કરે છે. તેથી ક્યાં સુધી પુંકાડા મારીએ ! (સહન કરીએ;) કારણકે રાજા વગરના દેશમાં તેવા લોકોને આપે ન રાખવા જોઇએ. શું તેઓ દસ્યુ તુલ્ય ચોર રૂપ નથી ? અર્થાત્ તેવા છે. ૪૯

કુસાધુઓના મનને ક્રૂર કરનારાં ઉપાદાનો–નિદાનો–દર્શાવે છે.

सर्वैरुत्कटकालकूटपटलैः सर्वैरपुण्योच्चयै–
स्सर्वव्यालकुलैस्समस्तविधुराधिव्याधिदुष्टग्रहैः ।
नूनं क्रूरमकारि मानसममुं दुर्मार्गमासेदुषां,
दौरात्म्येन निजघ्नुषां जिनपथं वाचैषसेत्यूचुषाम् ॥५०॥

જગત્‌માંના બધીજાતનાં ઝેરના સમૂહો થી; બધા પાપોના રાશિથી, સર્વ સર્પોના કુળોથી બધાં દુઃખ, મન પીડા, રોગો, તથા દુષ્ટ એવા મંગલાદિ પાપ ગ્રહોથી આ કુમાર્ગે (અધર્મને માર્ગે) ગયેલા આ કુ યતિઓનું મન ક્રૂર (નિર્દય) કરાયું છે. કારણ કે તેઓ શુદ્ધ જિન માર્ગનું ખંડન કરી રહ્યા છે અને વાણીથી અધર્મ માર્ગને " આ શુદ્ધ જૈન ધર્મ માર્ગ છે " એમ બોલી રહ્યા છે. અર્થાત્ ભ્રાન્ત ચિત્તવાળા થઇ ગયા છે તેથી ઉપરની સંભાવના છે. ૫૦

કુસાધુઓના કથન શ્રવણથી બચવાની જરૂર.

दुर्भेदस्फुरदुग्रकुग्रहतमःस्तोमास्तधीचक्षुषां,
सिद्धान्तद्विषतां निरन्तरमहामोहादहंमानिनाम् ।
नष्टानां स्वयमन्यनाशनकृते बद्धोद्यमानां सदा,
मिथ्याचारवतां वचांसि कुरुते कर्णे सकर्णः कथम् ॥५१॥

દુર્ભેદ્ય પ્રસિદ્ધ ભયંકર ખરાબ આગ્રહરૂપી અંધારાના સમૂહથી પાખંડયુક્ત બોધથી જેઓનાં બુદ્ધિરૂપી નેત્રો હરાય ગયેલાં છે. અને તેથી સિદ્ધાન્તો (ધર્મોના શુદ્ધ તત્ત્વો) ની નિંદા કરવાવાળા તથા નિરન્તર મહા અજ્ઞાનથી મિથ્યાભિમાનવાળા પોતે નષ્ટ થયેલા અને હમેશાં બીજાઓનો નાશ કરવા (ધર્મ ભ્રષ્ટ કરવા) સારૂ ઉદ્યમોને બાંધનારા મિથ્યા આચારવાળા આ કુસાધુઓના વચનોને કર્ણ (જ્ઞાન) શક્તિવાળો (સહૃદય) મનુષ્ય શાવાસ્તે કાને કરેછે? અર્થાત્ ધ્યાન દઇ સાંભળેછે? ૫૧

જૈન મંદિરમાં શુદ્ધ અર્હન્મતાનુસારી મહાત્માઓ વસતા નથી.

स्रग्धरा–(પર--પ૩).

गायद्गन्धर्वनृत्यत्पणरमणिरणद्वेणुगुञ्जन्मृदङ्ग–
प्रेङ्खत्पुष्पस्रगुद्यन्मृगमदलसदुल्लोलचञ्चज्जनौघे ।
देवद्रव्योपभोगध्रुवमठपतिताशातनाभ्यस्त्रसन्तः,
सन्तः सद्भक्तियोग्ये न खलु जिनगृहेऽर्हन्मतज्ञा वसन्ति ॥५२॥

જે જિન ભગવાનની ભક્તિ કરવાને યોગ્ય છે અને જેમાં ગંધર્વો ગાન કરી રહ્યા છે, ગણિકા નાચી રહી છે, વેણુઓ વાગી રહ્યા છે મૃદંગો ધિકતાન્ કરી રહ્યા છે ફુલોની માળાઓ ખ્હેકી રહી છે અને જે કસ્તુરિ આદિના પરિમલથી મત્ત આમતેમ ચાલતા જન સમૂહથી ભરપૂર છે એવા જિનગૃહ (જીન મંદીર) માં અર્હન્ ભગવાન્ના શુદ્ધ મતને જાણનારા સત્પુરૂષો રહેતા નથી, કારણ કે તેઓ દેવના દ્રવ્યના ઉપયોગથી તથા આશ્રમોના નક્કી થયેલા ધણીપણાથી થતી આશાતનાથી ત્રાસ પામે છે. પર

કુયતિઓ જનસમાજને છેતરવા માટે કરતા આડંબરો.

आक्रष्टुं मुग्धमीनान् बडिशपिशितवद्बिम्बमादर्श्य जैनं,
तन्नाम्ना रम्यरूपानपि वरकमठान् स्वेष्टसिध्यै विधाप्य ।
यात्रास्नानाद्युपायैर्नमसितकनिशाजागराद्यैश्छलैश्च
श्रद्धालुर्नामजैनैश्छलित इव शठैर्वञ्च्यते हा जनोऽयम् ॥ ५३ ॥

અજ્ઞાની મીનતુલ્ય ભોળાં લોકોને ખેંચવા સારૂ મત્સ્યવેધન (જાળમાં રહેલ લોહશંકુ) માં રહેલા માંસરૂપ જીન પ્રતિમાનું દર્શન કરાવીને તે પ્રતિમાના નામથી સુન્દર મંદીર (દેરાસરો) પોતાનું ઇચ્છિત પાર પાડવા સારૂ કરાવીને–બંધાવીને યાત્રા (પૂજા) સ્નાન (અભિષેક વિગેરે ઉપાયોથી તથા છળોથી (કપટ જાળથી) નમસ્કાર, રાત્રિના જાગરણો વિગેરે ઉપાયોથી ઈત્યાદિ બ્હાનાએ કરી જૈનાચાર્યના નામને ધારણ કરનારા શઠોથી (નીચ પુરૂષોથી) શ્રદ્ધાળુ એવો આ જનસમાજ છેતરાયેલ છે અને હજી પણ આગળ છેતરાતો હોય તેમ જણાય છે.) પ૩

પ્રસ્તાવિક ઉદાહરણો.

–દોહા–

* દો કોડીકા ગોપીચંદન, દો કોડીકી વાની;
દો કોડીકી લીની તૂમડી, છ કોડીમૈ સ્વામી. ૫૪

* ચિદાનંદજી.

ચોપાઇ

શાંતિનાથ તુમ શાંતિ કરે, ગોળ કપાશીયા મોંઘા કરે;
એતા માથે ચોટી ધરે, એતો જાય એતાને ઘરે. ૫૫

ભજન

જિનકા વેશ લજાયા એ જિનવર રૂપ ન પાયા એ–જિનકા–ટેક.
ઘરકું છોડ કર શિર મુંડાયા બેઠા બનકે યોગી
યોગ માર્ગકા મર્મ ન જાના અંતરમેં હય ભોગી ૫૬
સંસારિક સબ કલેશ છોડ કેં ગચ્છ મમતા ઘર બેઠા
વાદ વિવાદે મસ્ત રહે નિત લડતા જેસા ઘેટા—જિનકા૦ ૫૭
ક્રોધ કરીને જગમાં પોતે મુનિ નામને લજાવે રે
ભોળા જનને વેશ બતાવી કલેશ તણાં બી વાવે—જિનકા૦ ૫૮
કલેશોત્પાદક બોધ દેઇને મૂરખને ભરમાવે રે
પક્ષકાર થઇ દંભ વડે તે કટુ વાણીથી તપાવે—જિનકા૦ ૫૯

મનહર

ફૂલ્યો ફિરે ભૂલ્યો મોહ મદિરાકી છાક માંહિં
ધાર્યો નહિ આતમ અધ્યાતમ વિચારકું
પંડીત કહાયો બહુ ગ્રંથ પઢિ આયો નાંહિં
સાચો ભેદ પાયો ધાયો વિષય વિચારકું
પ્રભુતાઇ ધારે નવિ પ્રભુકો સંભારે મુખ
જ્ઞાનતો ઉચ્ચારે નવિ મારે સોમનાર કું
ખોટો ઉપદેશ દેવે અતિ અનાચાર સેવે
તેતો નહિં પાવે ભવ ઉદધિ કે પારકું ૬૦

બગ ધરે ધ્યાન શુક કથે મુખ જ્ઞાન મચ્છ
કચ્છ અસનાન પયપાન શિશુ જાણિયે
ખર અંગ છાર ધાર ફણિપોનકો આહાર
દીપ શીખા અંગ જાર પતંગ પિછાણિએ
ભેડ મૂળ ચાવે લઠા પશુ બન પઠા અરૂ
જટા ધારવે કે રૂખ વૃક્ષ જું બખાણિએ
આસન ઉંધેતો રહે ગિદ્ધી સદા કાલ તાકિ
ઇત્યાદિક કરણી ન ગિણતિમેં આણિએ. ૬૧

છપ્પો

* વગર મહેનતે ખાય, પારકા માગી મેવા;
વગર મહેનતે ખાય, હરાયા સાંઢા જેહવા;
જીવે પારકું ખાય, ડીલનો ડાળ વધારે;
દીલમાં દાનત બૂરી, હાથમાં માળા ધારે;
એ માલ પારકો ખાઇને, નિજ મનમાં હરખાય છે;
દુનિયા મૂર્ખ બની એમને, મલીદા આપે જાય છે. ૬૨

\+ ભેગટાની જમાતે આવતી રે, અંગ દિસે ન લુગડું એક;
રહી નાગા નિંદે છે નાથને રે. ડેક. ૬૩
ડીલ આખું દિગંબર દીપતું રે, ધીક ધીક ઉંધી એ ટેક. રહી૦
હોય એવી ઇચ્છા જો ઇશ્વરી રે, કેમ ત્યારે ઉગેજ કપાસ. રહી૦
પાપ શેનું અંચળને ઓઢતાં રે, નહીં પેચે શેનો સંન્યાસ! રહી૦ ૬૪
એબ ઢાંકયાની ઈચ્છા ઇશ્વરી રે, ખાસ દીસે કર્યાથી તપાસ; રહી૦
છાલ પાને ઢાંકે જન જંગલી રે, આતો પ્રભુ વિરૂદ્ધ પ્રયાસ. રહી૦ ૬૫
પડે આવો પ્રચાર શીત દેશમાંરે, થોડિવારે સે'જે બંધ થાય; રહી૦
જખમારી મૂકી દેવો પડેરે, નિકર ટાઢે તુરત મરી જાય. રહી૦ ૬૬
ગામ વચ્ચે ફરે તે નાગડારે, ઘણી એથી બે અદબી થાય; રહી૦
બંધ રાખી શકે શું બાઇલારે, બાઇડીઓ તેની કને જાય. રહી૦ ૬૭
કોઇ ભૂંડું બોલે સ્રી સૂણતાંરે, ત્યારે તેને કરડવા ધાય; રહી૦
હશે ભુંડા શીરે શું શીંગડાંરે? એજ ભુંડાથી ભુંડું ગણાય. રહી૦ ૬૮
કોઇ એવા લ્હેરી પણ લોકછેરે, ઘરે તેડી આણે ઉલટાજ; રહી૦
પછી પાયે પડે ત્યાં પ્રેમથીરે, સુત સ્રીયાદી સર્વ સમાજ. રહી૦ ૬૯
હોય શૂરા યૂરોપિઅન જો કદીરે, અને આવી બેઅદબી જોય; રહી૦
ઠેર કરી નાખે ત્યાંજ તેમનેરે, ફરી એવું કરે નહિ કોય. રહી૦ ૭૦

ઝુલણા છંદ.

† કંઠિ ધાર ટિકા કિયા ભેખનિકા, બને ઠિક ઠિકા ચલે રાવનમેં;
સબે પાય લાગે ધરે ભેટ આગે, બહુ ચાતુરી લોક બોલાવનમેં.
સાખિ બોત શિખિ કરે વાત તિખી, ધની રિતઠાને ગુન ગાવનમેં;
બ્રહ્માનંદ કહે બોત જ્ઞાન જાને, તેરા તાન તો રાંડ રીઝાવનમેં. ૭૧

* સજ્જન સન્મિત્ર. + સુબોધ ચિંતામણિ. ૧ (કુદરતિ.) † બ્રહ્માનંદ.

કરે રોજ સેવા ઠગી દ્રવ્ય લેવા, હિયે નીચ હેવા છલે ટોકરીમેં;
કહો કોન કાજે ધર્યા ભેખ ભુંડું, રહ્યા દાબ ડુબ્યા લજા લોઠરિમેં;
કબુ સંતકી ટેલ તો નાહિ કરે, રહે હાજર રાંડકી નોકરીમેં;
બ્રહ્માનંદ કહે રિઝે રામ કેસે, તેરા ચિત્ત તો છોકરા છોકરીમેં. ૭૨

સંત ભેખ ધર્યા અરૂ દ્વેષ ધરે, જન લેશ વિચાર ન જોવતા હે;
ઘટ ભિંતર તો અતિ મેલ ભર્યા, અરૂ બાહેર તનકું ધોવતા હે;
તેરે અંતર જાલ જપિ નહિ ઠામકી, રામાકી કેલિયે રોવતા હે;
બ્રહ્માનંદ કે માંહિસેં મન મુંડે વિન, મુંડ મુંડે કહા હોવતા હે. ૭૩

લડુ ખાંડહુકા ચૈયે લાલજીકું, ગુડ બાત ગરમ જનાવતા હે;
ઘોઈ મિસરીકા બાલ ભોગ ચહે, દુધ ભેંસહુકા ઘના ભાવતા હે;
ચૈયે ભાંગ ગાંજા મેરે લાલજીકું, ભાજિ તાજીયાં ભોગ લગાવતા હે.
બ્રહ્માનંદ કહે ઠગિલેત પેસા, એસા લોકકું જ્ઞાન બતાવતા હે. ૭૪

કહે બાઇયાં કું ધન તન હુંસે, સદા ચાકરી સંતકી કિજિયોજી;
કોઇ આઇ કહે રામ આજ મિલ, એસી બાતકું નાંહિ પતી જિયોજી;
અછે ભોગ ધરો મેરે લાલજીકું, ધોઇ શાલીગરામકું પીજિયોજી;
બ્રહ્માનંદ કહે ખબડદાર રેના, દેના હોય સો હમકું દીજિયોજી. ૭૫

ચલ્યા મુંડ મુંડાઈ કે હોઇ સાધુ, જગે બાંધકે માંગકિ લાવતા હે;
રાંઠ મુંડિયાં દ્વારસે માર કાઢે, ખુબ રડિયાં દેખ ખિલાવતા હે;
નખ શિખ ભર્યા તન ધાઇધામેં, તાના માંઝા સાથ મિલાવતા હે;
બ્રહ્માનંદ કે માનમેં ટંટ રહ્યા, ઠાલા કાયકું ઘંટ હિલાવતા હે. ૭૬

માઇ દેખ તેરા યહ દેહ ખોટા, તાતે સંતકે કામ લગાવનાંજી;
સાધુ દ્વાર ખડે ગઉ રામજકી, ખુબ માલ તાજા ખવરાવનાંજી;
ભિન ભાવ ન રાખિયે ભેખહુંસે, તાકિ સીત પ્રસાદી બી પાવનાંજી;
બ્રહ્માનંદ કહે કછુ મંત્ર કહે ગે, એકાંત આસનપે આવનાજી. ૭૭

સબી ઢોર ઢાંઢે મેરે રામજીકે, ભેંશ રામજીકી દુધ પાવનેકું;
સબે ખેત વાડી મેરે રામજીકી, ભાજિ શાક બિ ભોગ ધરાવનેકું;
હોય છોકરા છોકરિ રામજિકે, એક ટેલવી છાન ઉઠાવનેકું;
બ્રહ્માનંદ કહે રામકા નામ લેવે, સબે આપને કામ લગાવનેકું ૭૮

કરે એક ચેલી રખે આપ ભેલી, તાકિ બંદગી બાત બખાનતા હે;
સદગ્રંથકિ રીત ન કાન ધરે, કરે વાદ ખોટા મત તાનતા હે;
કરે કુડ કપટ રૂ ચોરહુકા, ધન આપને મંદિર આનતા હે;
બ્રહ્માનંદ કે રામકી બાત નહિ, મનમાંઇ કિ જાતમેં માનતા હે. ૭૯

કુંડલીઆ છંદ.

ભેખ બનાવ્યા સંતકા પુંકી ધરત હે પાવ, વાનર ઉપર સિંહને કિયા કપટકાદાવ;
કિયા કપટકા દાવ દેખિ વાનર મન ભાયા, યહ કોઉ સંત સાચા તિન્ન તન ભક્તિ છાયા;
દાખત બ્રહ્માનંદ ચહુત વાનરકુ ખાયા, કુંકી ધરત હે પાવ સંતકા ભેખ બનાયા. ૮૦
શરને આયા સિંહકે સાચા સાધુ જાન, લપટ જપટ મુખ મેલીયા નિપટ કપટકી ખાન;
નિપટ કપટકી ખાન જાન વાનર હશિ દિના, સિંહ પર્યો મન સોચ ભઇ યહવા તનવિના;
પૂછત વિકસ્યા વદન વાનરા વનપર ધાયા, સાચા સાધુ જાન સિંહકે શરને આયા. ૮૧
વન પર રોવે વાનરા બુરિ કરિ તે વીર, યા વન વિશ્વાસી ઘને તાકિ મોકું પિર;
તાકી મોકુ પીર સંતકા ભેખ બિગાચા, પેટ કાજ કરી કપટ ભક્તિકા માતમ ખોયા;
દાખત બ્રહ્માનંદ દુષ્ટ સબકી પત્ય ખોવે, બુરી કરી તે વીર વાનરા વનપર રોવે. ૮૨

ત્રિભંગી છંદ

ભટ વેદ પઢંદા સંધ્યા વંદા કર્મ ન કુંદા ઉઝુંદા,
ઑંકાર જપંદા સુન્ય રહંદા અંતર મંદા મુકુંદા;
ઑં પૂર્ની કથા કહંદા લોક ઠગંદા વિકલ ફિરંદા વરતંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૩
સંન્યાસ સહુતા ખિન ન થરૂતા ફિરત વશુતા જગ ખુતા,
માયાકે પૂતા નગર રહુતા ધરન વિભૂતા ધનધૂતા;
ભૈખ અરૂ ભૂતા જપત સંજુતા રંડિરૂતા ન તરંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માંનંદા સાચ કહંદા સબહંદા. ૮૪
જગ કાવત જોગી સબ વિધી ભોગી અંતર રોગી અઘ ઓઘી,
મદ્યમાંસ ભખોગી ભૂત જપોગી લજ્યા ખોગી કામોગી;
તનકા નફટોગી બેશુદ્ધ હોગી ફરત હે પૂંગી કુકંદા,
સદ ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૫
અરૂ જંગમ કહાવે લીંગ લટકાવે ઘંટ બજાવે શિવ ગાવે,
પુની ભીખ મંગાવે પૈસા પાવે ત્રપત ન આવે તન તાવે;
ફિર શ્વાન ભસાવે લોક હસાવે ભેખ લજાવે ભરમંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૬
અરૂ ફકિરા ફરતા કલમા ભરતા અંતર જરતા નહિ ડરતા,
જિવનકું મરતા શંક ન ધરતા જુહુર કરંતા નહિ ડરતા;
બોલત બરબરતા કંઠહુ કરતા પછીમ ધરતા ઘૂમંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૭

કહાવત વૈરાગી લુબ્ધા લાગી અંતર આગી ત્રિય રાગી,
જગાલા વિષ જાગી માયા પાગી અકલવે કાગી નિર્ભાગી;
બાંધત ઘર બાગી લજ્યા ત્યાગી ધન અરૂ હાંગી ધારંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૮
ભક્તિએ ભગલા બાતન ફગલા અંતર દગલા વિષ ઠગલા,
દેખત ટગ ટગલા ડોલત નગલા થિર હવ પગલા જગઠગલા.
બહાર ગતિ બગલા અંતર કગલા વાકા સંગલા છાંડંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૯
ગલે ધારત માલા અંતર કાલા વિષે બિહાલા ચિત ચલા,
મજબુત મસાલા ત્રપત રસાલા ઠાકુર થાલા પંડ પાલા;
મનક્રોધ કરાલા જરત જંજાલા અંતર ઠાલા મુગ્ધંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૯૦
વૈરાગી ઝંડી દેખત ભંડી આતમ ખંડી ક્રમ કંડી,
ઉર જડતા ઉંડી મમતા મંડી ટીલા ટુંડી પાખંડી;
રાખત ઘર રંડી સબવિધિ છંડી પથરા પિંડી પૂજંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સત્ય કહંદા સબ હંદા. ૯૧
નાવત જલનીકા ધારત ટીકા ગલ કંઠીકા તુલસીકા,
અરૂ મિઠા જીયકા કપટી હિયકા નાહીનઠીકા મુરખીકા;
બાના હરજીકા વીકલ બિલીકા કિંકર ત્રિયકા વિષકંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૯૨
ભેખનકે ધારિ સબમેં ખારિ અંતર ભારિ અહંકારિ,
બોલત મુખ ગારિ રાખત નારી માયા મારી વ્યાપારી;
જબ મંગલ કારિ ગુરૂ મિલયારી ભ્રમના ટારી જગ ફંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૯૩

ચંદ્રવલા છંદ.

× ભગવું કરીને શ્વાન ભસાવે કાઢે સંતનો વેશ,
દમડા કારણ ઘેર ઘેર ડોલે રેણિ ન મલે લેશ;
રેણી ન મલે લેશ તે કહીયેં એવા સંતથી અલગા રૈયે,
કહે ગોવિંદરામ હરિ તેના સુપનામાં ન આવે;
ભગવું કરિને શ્વાન ભસાવે કાઢે સંતનો વેશ. ૯૪

× ગોવિંદરામ.

ભેખ માંઇ તો ભેલ પડી છે તે કાલિંગાનું કામ,
બાજીમાં રાજી થઈ બેઠા ત્યાંથી ઉઠયા રામ;
ત્યાંથી ઉઠયા રામ તે કોપી વાંસે લાજ ધર્મની લોપી,
કહે ગોવિંદરામ સંત થઇને મતિ બગડી છે;
ભેખ માંઇ ઇતો ભેલ પડી છે તે કાલિંગાનું કામ. ૯૫

જ્યાં કામ ક્રોધ ને લોભ રહે છે એ પ્રગટ નર્કનો પંથ,
એ માર્ગે તો અંધા ચાલે પણ કેદિ ન ચાલે સંત;
કેદિ ન ચાલે સંત તે કેવા ધ્રુ પ્રહલાદ સનકાદિક જેવા,
કહે ગોવિંદરામ એમ ગીતા કહે છે;
જ્યાં કામ ક્રોધ ને લોભજ રહે છે એ પ્રગટ નર્કનો પંથ. ૯૬

બગડયાં બે બાવો ને બાવી નવરાં લે છે નામ,
કલંક ભર્યાં કાનજ કુકી કઇક બગાડયાં ગામ;
કઈકે બગાડયાં ગામ તે કેવાં અંધ ગુરૂ તેના ચેલા પણ એવા,
કહે ગોવિંદરામ ગુરૂની ગમતો નાવી;
બગડયાં બે બાવો ને બાવી નવરાં લે છે નામ. ૯૭

ભેખમાંઇ ભડવાપણું પેઠું ખોઇ ધરમની લાજ,
આગળ તો કાંઇ એવું નોતું પણ એવું મંડાણું આજ;
એવું મંડાણું આજ શે માટે કામ ક્રોધ ને લોભ તે માટે,
કહે ગોવિંદરામ બદલાયું બેઠું;
ભેખમાંઇ ભડવાપણું પેઠું ખોઇ ધરમની લાજ. ૯૮

મોર ગુરૂ ને વાંસે ચેલા નવરા નરકે જાય,
ગુરૂ મરીને શ્વાનજ સર્જે શિશ ગીંગોડા ખાય;
શિષ ગીંગોડા ખાય તે શામાટે ઠગીને દ્રવ્ય લીધું તે માટે,
કહે ગોવિંદરામ જમપુરીમાં પહેલા;
મોર ગુરૂ ને વાંસે ચેલા તે નવરા નરકે જાય. ૯૯

શીતલદાસ પણ બળતી સગડી બડબડ કાઢે બોલ,
જ્ઞાન ગુષ્ઠી તે જાણે નહીં જાણીયે ભુંકયો ખોલ;
જાણીયેં ભુંકયો ખોલ તે ખોલો ને રેણી કરણીની કોરનો પોલો,
કહે ગોવિંદરામ બાવું પેઠું તેનું ઘર ગયું બગડી;
શીતલદાસ પણ બળતી સગડી બડબડ કાઢે બોલ. ૧૦૦

આ પ્રમાણે ધર્મના નામે દુનિયાને અનાચાર અને અધર્મમાં દોરી જનાર

સાધુને કઇ ઉપમા આપવી તે ગંભીર પ્રશ્ન છે. સને ૧૯૧૧ "ગુજરાતી" પત્રમાં "સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન" નામક વાર્તામાં કેટલાક દાંભિક ધર્મ પ્રયોગોના સંબંધમાં લખે છે કે—

'हिन्दुस्तान के साधु' ये हमारे आजके व्याख्यान का विषय है. आजकल हिन्दुस्तानमें साधुओंकी संख्या भयंकरतासे बढती जाती है, और उन्के निर्वाहकाभार स्वल्प आयवाले आरत भारत के गृहस्थ निवासीओं के सरपर पडनेसे दिन दिन भारतवर्ष अवनतिके समुद्रमें डूबता जाता है. कदाचित् यहां कोइ ए शंका उपस्थित करेगा के साधु तो संसार बंधनको तोडनेवाले और धर्मका मार्ग बतानेवाले है, वो अवनतिके कारण किस रीतिसे हो सकते हयें ? ये शंका यथार्थ है और मयेंभी कहता हुं के यदि साधु–सच्चा साधु, निःस्पृही और उद्योगी के कर्तव्यपरायण हो, तो वो अवश्य उन्नतिके शिखर उपरही ले जाता है. परंतु अयसे साधु बहोत कम मिल सकतें हयें. विशेषतः आजकलके साधु निरक्षर, जाहिल, और दुर्व्यसनी ही होते हयें. जो विद्वान् तथा प्रतिष्ठित हयें वो निज कर्त्तव्यको भुल मान, अभिमान, प्रतिष्ठा तथा वैभवविलासमें तल्लीन होकर, साधु नाम धारण करते हुवे बडे गृहस्थ बने बयठे हयें. अर्थात् भारतवर्ष के गृहस्थ इन साधुओंके पालनपोषण में जो धनका व्यय करते हयें उसका बदला उन्हें कुछभी नही मिलता हय. देशमें उद्योगहीन और आलस्य भक्तोंकी संख्या बढने के कारण देश दिन प्रतिदिन दारिद्र्य के अंधःकारसे गीरा जाता हय फिर कोइ ये कहेगा के भाइ ! साधुओंका सिवा रामनाम जपनेके और कर्त्तव्य ही क्या हय ? क्यों के संसार के कर्त्तव्योंको छोड करके वो साधु बने हैं–अगर कर्त्तव्य करना होता तो साधु क्यों बनतें ? ये कोटि ठीक नहीं हय. जो ये मानेंगे, तो फिर जितने कर्त्तव्यहीन पुरुष हों, उन सबको साधुही मानना होगा. साधुसंसारके अश्लील प्रपंचोंको तो त्यागता हय, परंतु फिरभी उसका एक कर्त्तव्य अज्ञान प्रजाको सज्ञान बनानेका हय. बीमारोंकी सुश्रुषा करना और दुःखी मनुष्योंके मनका सांत्वन करना येभी साधुओंका परम कर्त्तव्य हय. परमार्थ साधु होनेके बदले वर्तमान कालमें साधु स्वार्थ साधु ही बने फिरते हयें, लक्ष्मीका तथा ललनाका लोभ रखते हयें, और खानपानकी वस्तुओंको स्वादसे चखते हयें ! यही उन्का आजकल परम धर्म, परम कर्त्तव्य और जीवन हो रहा हय. मयेंने अयसे अनेक साधु देखे हयें के जो साधु के स्वरुपमें शयतान हयें–किसीने ठीक

कीया है के "नीम हकीम खतरये जान, नीम मुल्ला खतरये इमान!" यानी आधा हकीम जानको जोखममें डाल देता हय, और अर्धदग्ध धर्मगुरु धर्मका नाश करनेवाला होता हय. दुर्भागी भारतवर्षमें इस कहावतकी सत्यताका हम आजकल प्रत्यक्ष अनुभव कर रहे हयें. साधु नामधारी शयतान अयसे दांभिक और गलकट्टे होते हयें के परमात्मा बचावे! अनेक प्रकार के पाखंडोंका विस्तार करके अज्ञान पुरुष वर्ग और भाविक स्त्रीवर्गको वो भ्रममें डाल देते हयें, और उन्के धन, शील, तथा सर्वस्वका हरण करके स्वयं महात्मा बने अमनचमन उडाते हयें. सिर्फ इतना ही नहीं, बर्नो साधु–अहिंसा परमो धर्मका प्रतिपादन करनेवाले साधु–मनुष्य हिंसा और स्त्रीहत्या करनेको तो अपना परमधर्म मानते हयें–कहिये महाशय! अयसे साधुओंको आर्यावर्त्तमें होना क्या आर्यावर्त्त के उदयका चिह्न हय? मयें अयसेही एक सयतान साधुका चेला था, और अपनी अज्ञानावस्थामें शयतान गुरुकी आज्ञानुसार मयें खुद अयसे कनिष्ट कर्म करता था–मगर जब आंखो खुली तो अयसे कर्मों पर तिरस्कार तथा धिक्कार होने लगा. गुरु शिष्य के संबंधका तोड डाला और पवित्रतामें जीवनको व्यतीत करके जनसमाजको अयसें साधुओंके कपट जालसे बचनेका मार्ग दिखला देनेका निश्चय कर लिया. मोरी सर्व महाशयाओंका यही प्रार्थना हय के किसी साधुमें विश्वास करते समय पात्र अपात्रका विचार करो, अंधश्रद्धालु न बनो, और विना कारण दीन करके धनका नाश न करो. अपात्रको दान देनेसे मनुष्य पाप भागी होता हय, ये क्या आप नहीं जानते? मगर आजकल बहुधा रेशमकी गदी उपर बयठने वाले हाथीकी स्वारी करनेवाले, व्यभिचारमें रत रहनेवाले, और वैभवोंके भोगनेवाले कुपात्र साधुओंकोही दान दिया जाता हय; और सच्चे साधुओंका वो दांभिक न होने के कारण अपमान किया जाता हय यही कहावत ठीक मालुम होती हय के 'भरेको सब कोइ भरता हय, और गरीबोंको देना हो तो तीनपाच करता हय.' रुग्ण, अवयवहीन तथा साधनहीन किंवा सुशील कर्त्तव्यपरायणोंका परिपालन करो उन्के दुःखोंका क्षालन करों; परंतु पापी कलंकित साधुओंके संगका त्याग करो–उन्के दर्शनसे दुर रहो; नहीं तो जिन्दगीकी बरबादी होगी, और हर घरमें और सारे मुलकमें खाना खराबकी आबादी होगी."

વળી તેજ બાતમાં કેટલાક ધર્મના દાંભિક સ્વરૂપ બતાવતાં લખે છે કે. હવે આપણે વામાચારીઓના ધર્મ વિધિનું નિરીક્ષણ કરીશું. એ વામ માર્ગીઓની ધર્મ ક્રિયાઓ સાધારણ શાકતધર્મની ક્રિયાઓથી વિરૂદ્ધ છે અને વામીઓ તેમનો જાહેર રીતે સ્વીકાર કરે છે. તેઓ શિવની શક્તિ સ્વરૂપીણી દેવીનીજ પૂજા કરે છે; પરંતુ વિશેષતઃ એ છે કે, તેઓ પોતાની ઉપાસનામાં લક્ષ્મી, સરસ્વતી, માતૃ, નાયકા યોગીની, એટલુંજ નહી પણ અપવિત્ર યોનિ ડાકિની અને શાકિનીઓનો પણ સ્વીકાર કરે છે એઉપરાંત વામાચારીઓ અને દક્ષિણાચારીઓ ખાસ કરીને ભૈરવના રૂપમાં શિવની પણ ઉપાસના કરે છે. શિવ ઉભયમાર્ગીઓની ઉપાસનાઓનો એક સામાન્ય વિષય થઈ પડયો છે.

વામાચાર્યોની ધર્મક્રિયાનો પ્રકાર તંત્રોના એક ભાગમાંથી લેવામાં આવ્યો છે અને પંથ પરત્વે તે ધર્મક્રિયા વળી ઘણા ભાગોમાં વ્હેંચાઈ ગએલી છે, ઉપાસના તાત્કાલિક હેતુ પ્રમાણે ઉપાસ્ય શક્તિના વિશિષ્ટ સ્વરૂપો નિયત કરેલાં છે; પરંતુ દેવીની કોઇ પણ સ્વરૂપમાં પૂજા કરતી વખતે પંચ મકાર અથવાતો એમાંના અમુક મકારોની યોજના તો અવશ્ય થવીજ જોઇએ, એવો સર્વ સાધારણ નિયમ છે. માંસ, મત્સ્ય, મદ્ય, મૈથુન અને મુદ્રા એ શક્તિ ધર્મના પંચમકાર. સર્વ શબ્દોનો પ્રારંભ 'મ' અક્ષરથી થતો હોવાથી મકાર કહેવાય છે. એ પૂજાનો અંત જેવી રીતે લાવવાનો હોય તેના પ્રમાણમાં તેવા મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે અને એ મંત્રોમાં બહુધા બીભત્સ અથવા અશ્લીલ અર્થો રહેલા હોય છે.

જ્યારે પૂજાનો અપવિત્ર આત્મા (પિશાચો) ઓ પર સત્તા મેળવવાનો અને તેમની સાથે વાતચીત કરવાનો ઉદ્દેશ હોય છે ત્યારે એક મડદું (મનુષ્યનું મૃતશરીર) અવશ્ય જોઇએ છે. ઉપાસક મધ્યરાત્રિના ભયંકર સમયે કબ્રસ્તાન, સ્મશાન અથવા તો વધસ્થાનમાં તે મૃત શરીરને લઇને એકલો જાય છે અને તે મડદાંપર એસીને પિશાચોને જે કાંઇ નૈવેદ્ય આપવાનું હોય છે તે આપે છે. આ ક્રિયાને તે કોઇ પણ પ્રકારના ભય વિના પાર પાડી શકે છે તો ભૂત અને યોગિની આદિ પુરૂષ અને સ્ત્રી પિશાચાત્માઓ તેને વશ થઇ જાય છે—તેનાં ગુલામ થાય છે એમ માને છે.

એ અને ઉપાસનાના બીજા પ્રકારોમાં એકાંતની યોજના તો અવશ્ય કરવામાં આવે છે. એ ઉપાસના વેળાએ દેવીની પ્રતિ આકૃતિ અને સજીવ પ્રતિનિધિરૂપ એક સ્ત્રીની હાજરી તો અવશ્ય હોવીજ જોઇએ. જો વિધિ બહુધા સંમિશ્રત સમુદાયમાં કરવામાં આવે છે તો એ સમુદાયમાંના પુરૂષો ભૈરવો અને વીરો મનાય છે તથા સમુદાયમાંની સ્ત્રીઓ ભૈરવી કે નાયિકારૂપ લેખાય છે. મુખ્ય સ્ત્રી મદ્ય અને માંસ દેવીના પ્રસાદ તરીકે દેવીભક્તોને વ્હેંચી આપે છે. કેટલાક મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે, અંગુલીવડે અશ્લીલ મુદ્રાઓનો વિધિ કરાય છે, બીજા પણ કેટલાક ભિન્નભિન્ન વિધિઓ કરવામાં આવે છે અને છેવટે એ સ્ત્રી પુરૂષ દેવીભક્તોના

અત્યંત નિંદ્ય રાગ્યુત્સવ વ્યભિચારમય વિધિ--સાથે એ પૂજાનો અંત થાય છે. એ શાકતવિધિ શ્રીચક્ર અથવાતો પૂર્ણાભિષેકના નામથી ઓળખાય છે.

ખરી રીતે જોતાં એ અપવિત્ર વિધિઓનો મૂળ તંત્રોમાં નિષેધજ કરાયલો છે, છતાં વામમાર્ગીઓએ વિધિને પરમ ઇષ્ટ વિધિ માને છે અને એમાં પૂર્ણ ભાવના રાખે છે.

આર્યાવર્ત્તમાં એ શક્તિધર્મના અનુયાયિ જનોની સંખ્યા ઘણીજ મોટી છે અને તેમાં પણ બ્રાહ્મણોનું પ્રમાણ વિશેષ છે. એ શાકતધર્મમાં થિઓસોફિલ સોસાયટી અને સ્વામી નારાયણના પંથ પ્રમાણે સર્વ જાતિ કે ધર્મનો ભેદ ન માનતાં સર્વને સમાન ગણવામાં આવે છે. બહાર જુદી જુદી જાતિના અને જુદા જુદા ધર્મના લોકો પોતાના જાતિભેદ કે ધર્મભેદને ધારણ કરે છે; અને પોતે શાકત નથી એમજ બતાવે છે. પરંતુ સિંદુરનાં તિલક અને કટિએ લાલ રેશમના કકડાથી તેઓ શક્તિ તરીકે તરત ઓળખાઇ આવે છે.

દક્ષિણાચારી અને વામમાર્ગીઓ ઉપરાંત શાકતોનો એક બહુજ અશ્લીલ ત્રીજો પંથ પણ છે અને તે 'કાંચુલીય' માર્ગના નામથી પ્રસિદ્ધ છે. એ કાંચુલીય માર્ગનો દક્ષિણ દેશમાં વિશેષ પ્રચાર છે. ગુજરાત અને કાઠિયાવાડમાં એ પંથને ચોળી માર્ગના નામથી ઓળખવામાં આવે છે. એ પંથવાળાઓની ધર્મક્રિયાઓ કૌલ અથવા વામાચારીઓ જેવીજ છે. માત્ર એક વિશેષ વિધિથી એ પંથ બીજા શાકત પંથોથી ભિન્ન છે. સ્ત્રી મૈત્રીના ગ્રંથિઓને પુરૂષ સાથે મેળવી દેવી અને દેવીભકતોમાં સ્ત્રીઓના સમુદાયનો વધારો કરવો એટલુંજ નહી, પણ જે સ્વાભાવિક લજ્જાબંધન હોય તેને પણ તોડીને નિરંકુશ થઇ વર્તવું એવો એ વિધિનો આશય છે. એમ કહેવામાં આવે છે કે એ કાંચળીયા રથવાળાના ધર્મ વિધિના સમયમા સર્વ સ્ત્રીઓ પોતપોતાની ચોળીઓ ઉતારીને ગુરૂના અધિકારમાં ત્યાં પડેલી એક પેટીમાં મૂકે છે. જ્યારે સાધારણ ધર્મક્રિયાની સમાપ્તિ થાય છે, ત્યારે પ્રત્યેક પુરૂષ તે પેટીમાંથી એક એક ચોળી ઉપાડી લે છે. જે સ્ત્રીની ચોળી જે પુરૂષના હાથમાં આવે, તે સ્ત્રી ગમે તો તે પુરૂષની નિકટતમ સંબંધીની એટલે કે ભગિનિ કે પુત્રી હોય તોપણ તેટલા સમયને માટે તે પુરૂષના કામ વ્યાપારની ભાગિની થાય છે. એટલે નિઃસર્ગકૃત નીતિના સ્વાભાવિક દુર્ગને પણ એ વિધિથી તોડી નાખવામાં આવે છે.

મકરાણ પ્રદેશમાં જે હિંગુલા દેવીનું સ્થાન આવેલું છે, તે બહુધા વામમાર્ગીઓ અને એ કાંચળીયા પંથના દેવીભકતોનુંજ તીર્થસ્થાન છે ! ! પ્રતિવર્ષ ત્યાં હજારો શાકત મતવાદીઓ યાત્રા માટે જાય છે. જે પ્રદેશમાં એ સ્થાન આવેલું છે ત્યાંની ભૂમિમાં પરવાળા જેવા એક જાતના દાણા થાય છે અને તેનો રંગ લાલ

હોય છે. જે લોકો હિંગુલા દેવીની યાત્રા કરી આવે છે તેઓ યાત્રાના ચિન્હ તરીકે એ લાલ દાણાની કંઠી ગળામાં બાંધે છે કે જે 'ઠુમરા'ના નામથી ઓળખાય છે. આજકાલ જે ગિરિ, પુરી અને ભારતી આદિ દશનામીઓમાંના અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થએલા સાધુ છે, તેઓ સર્વ વામમાર્ગી અને કાંચળીયા પંથનાજ છે અને સર્વ દુરાચારોમાં અગ્રેસર છે એમ કહેતાં અતિશય ખેદ ઉત્પન્ન થાય છે.

કુસાધુને બોધ.

* વિશ્વાસ રાખી શરણે આવેલાને છેહ દેવો, તેના જેવું એકે પાપ નથી તે તો ખોળે સુતેલાનું માથું કાપવા જેવું જુલમી છે. ભલા ભલા બુદ્ધિશાળી લોકો પણ ધર્મના બહાને વિશ્વાસ કરે છે, તેવા ધર્મના અર્થી જનોને સ્વાર્થ અંધ બની ધર્મના બહાનેજ ઠગવા એ મહા અન્યાય છે પોતામાં પોલંપોલા છતાં ગુણી ગુરૂનો આડંબર રચી પાપી એવા વિષયાદિ પ્રમાદના પરવશપણાથી મુગ્ધ લોકોને ઠગવા તેના જેવો એકે વિશ્વાસઘાત નથી. ભોળા ભક્ત જાણે છે કે, આપણે ગુરૂની ભકિત કરી ગુરૂનું શરણ લહી, આ ભવજળ તરી જવાના. ત્યારે પથ્થરની નાવ પેઠે અનેક દોષોથી દૂષિત છતાં મિથ્યા મહત્વને ઇચ્છનારા હલી કુગુરૂઓ પોતાને અને પરીક્ષા રહિત અંધ પ્રવૃત્તિ કરનાર પોતાના મુગ્ધ આશ્રિતોને ભવ સમુદ્રમાંજ બૂડાડે છે, આમ સ્વ–પરને મહા દુઃખ ઉપાધિમાં હાથે કરીને નાંખે છે. જેનાં મહા કટુક ફળ તે ધર્મ ઠગોને આ સંસાર ચક્રમાં ફરતાં વિશેષ વેઠવાં પડે છે. આ માટે જ શ્રી સર્વજ્ઞ દેવે ધર્મગુરૂને રહેણી કહેણી એક સરખી રાખી નિર્દંભપણેજ વર્તવા ફરમાવ્યું છે. આપણે પ્રકટ જોઇ શકીએ છીએ કે કેટલાક કુમતિના પાશમાં પડેલા અને વિષય વાસનાથી ભરેલા છતાં, ધર્મગુરૂનો ડોળ ઘાલી કેવળ પોતાનો તુચ્છ સ્વાર્થ સાધવા અનેક પ્રપંચ રચી, અને અનેક કુતર્કો કરી સત્ય, અને હિતકર સર્વજ્ઞ ઉપદેશને પણ ગોપવે છે. આમ પોતે ધર્મગુરૂજ ધર્મ ઠગપણું આદરી મુગ્ધ મૃગલાં જેવા કેવળ કાનના રસીયા અને આંખ મીંચીને હાજીહાજ કરનારા સ્વાશ્રિત ભોળા ભકતોને સ્વપરનું પ્રગટપણે બગાડે છે, તે વિવેકી હંસો કેમ સહન કરી શકે? દિન દિનપ્રતિ તે પાપી ચેપ પ્રસરી દુનિયાને પાયમાલ કરે છે. તેથી તે ઉપેક્ષા કરવા યોગ્ય નથીજ. જગત્ માત્રને હિત શિક્ષા આપવાને બંધાયેલા દિક્ષિત સાધુઓ જેઓ સર્વજ્ઞ પ્રભુની પવિત્ર આજ્ઞા–વચનોને ઉરમાં ધારી રાખનારા, અને કપટ રહિતપણે તદ્વત્ વર્તવા સ્વશકિત સ્ફુરાવનારા અને સર્વ લોભ લાલચને પરિહરિ જન્મ મરણના દુઃખથી ડરી લેશ માત્ર પણ વીતરાગ વચનને નહિ ગોપવતાં શ્રી સર્વજ્ઞ આજ્ઞાને પૂર્ણ પ્રેમથી આરાધવા ખપ કર્યા કરે છે, તેઓજ ધર્મગુરૂના નામને સાચું કરી બતાવવા સમર્થ થઇ શકે છે. તેવા સિંહ કિશોરોજ સાચા સર્વજ્ઞ પુત્રો

* જૈન હિતબોધ.

કહેવાય છે. બાકી, હાથીના દાંતની પેઠે દેખાડવાના પણ ન્યારા, અને ચાવવાના પણ ન્યારા છે, તેમના નામને તો દોઢ ગાઉનો નમસ્કાર ! ! ભો ભવ્યો વિવેક ચક્ષુ ખોલી સુગુરૂ અને કુગુરૂ-સાચા ધર્મગુરૂ અને ધર્મ ઠગને બરાબર ઓળખી લોભી, લાલચુ, અને દંભી, કુગુરૂનો કાળા નાગની માફક સર્વથા ત્યાગ કરી, અશરણ શરણ ધર્મ-ધુરંધર અને સિંહ કિશોર સમાન સમર્થ સાચા સર્વજ્ઞ પુત્રોનું પરમ ભક્તિ ભાવે સેવન કરવા તત્પર થાઓ ? જેથી સર્વ જન્મ જરા અને મરણની ઉપાધી ટાળી,તમે અંતે અક્ષય પદ વરી શકો ? ઉત્તમ સારથી કે ઉત્તમ નિયામક જેવા સદ્ગુરૂનાજ દઢ આલંબનથી પૂર્વે પણ અસંખ્ય પ્રાણીયો આ દુ:ખમય સંસારનો પાર પામ્યા છે. આપણને પણ એવાજ મહાત્માનું સદા શરણ હો ! એવા પરોપકારશીલ મહાત્મા કદાપિ પ્રાણાંતે પણ પરવંચન કરેજ નહીં કિંતુ જગતને એકાંત હિતકારીજ હોય

મનન કરી ધારણ કરવા યોગ્ય વિચારશ્રેણિ

*પોતાના મનમાં મસ્ત રહેવું, જગતની પરવા કરવી નહિ, કંઇ પણ કામકાજ કરવું નહિ, આળસમાં દિન વ્યતીત કરવા કે ધર્મને નામે મિથ્યાચાર સેવવા એને સાધુપણું કેટલેક સ્થળે સમજવામાં આવે છે.

જીવનમાં પ્રમાદ, આળસ, અવ્યવસ્થા, સંકુચિતતા વ્યગ્રતા અને ચિંતાએ ધામા નાખ્યા છે; કર્તવ્ય નિષ્ઠા, શ્રદ્ધા, ઉદારતા, પ્રેમ અને સત્યનિષ્ઠાને સ્થાને તેમનામાં કર્તવ્ય વિમુખતા, વ્હેમ, સ્વાર્થ, સંકોચ, મોહ, કૃપણતા, પ્રપંચ અને પ્રતારણાએ પ્રવેશ કર્યો છે; કેટલાક સ્થળેનો બહારના આડંબર, દંભ અને ડોળનાં જ નાટક ભજવવામાં આવે છે. તોપણ શ્રદ્ધાનું તત્ત્વ આપણ લોકને પરંપરાએ માતાના ધાવણની સાથેજ મળતું હોવાથી એ જીવન પ્રત્યેની આપણી સન્માનવૃત્તિને લીધેજ હજી એ જીવન સુધારી લેવામાં આવે તો બહુ સારૂં કામ કરી શકે એમ છે.

પ્રત્યેક સુવિચારક જાણે છે કે, કોઇ પણ સમાજની કે ધર્મની ઉન્નતિ, પ્રસાર, કે અવનતિનો આધાર તેના ઉપદેશક વર્ગ ઉપર રહે છે, અને ધાર્મિક ઉન્નતિ વિના સામાજીક સુધારણાની આશા વ્યર્થ છે. સંસારિક અભ્યુદય અને પારમાર્થિક નિ:શ્રેયસ્ ના ઉપદેશો યોગ્ય અચાર્યોદ્વારા નીકળતા અને શાસન ઉન્નત અવસ્થાએ પહોંચતુ એ વાત પણ આપણા ઇતિહાસથી સુસિદ્ધ છે. જંબુસ્વામી, ભદ્રબાહુસ્વામી, હેમચંદ્રાચાર્ય, હરિભદ્રસૂરિ, મુનિસુંદર વગેરે આચાર્યોના પ્રયાસ પ્રત્યેક જૈન ધર્માભિમાનીને સુવિદિત જ હશે. કાળે કરી ઉપદેશક વર્ગમાં શિથિલતા આવી, ગચ્છભેદના કલહ વધ્યા, પરસ્પર વિદ્વેષનાં બીજ રોપાયાં, ઉપદેશક વર્ગ તરફથી તેમાં જળ સિંચન થતું ગયું, એક જૈન ધર્મ અનેક શાખા પ્રશાખામાં વ્હેંચાઇ ગયો, સંઘશક્તિ—સંયુક્તબળ છિન્ન ભિન્ન થઇ ગયું, અને વ્યવહાર તેમ પરમાર્થના તેમ જૈન

*શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ. ઓગષ્ટ, સપ્ટેમ્બર ૧૯૧૭

તત્ત્વજ્ઞાનના વાસ્તવ સ્વરૂપનું જેમને બીલકુલ ભાન કે જ્ઞાન નહીં એવા નામના વેષધારી પુરૂષો ઉપદેશક વર્ગમાં ઉભરાવા લાગ્યા. આથી પરિણામે ક્રિયા જડતા શુષ્કજ્ઞાન, બાહ્ય ક્રિયામાંજ રાગ, આંતર દોષોની સંવૃદ્ધિ, વિવેચક શકિતને અભાવે પરીક્ષક શકિતનો અભાવ, અયોગ્યનો આદર કર્ત્તવ્ય-અકર્ત્તવ્ય યોગ્ય-અયોગ્ય ઔચિત્યનું અજ્ઞાન, અને એવાં બીજાં અનેક હાનિકર અનિષ્ટ તત્ત્વો પ્રજામાં પ્રસરી ગયાં. આ નામના ઉપદેશકોએ જો કાંઇપણ કર્યું હોય તો તે એટલુંજ કે જૈન પ્રજામાંથી ધર્મનું સંજ્ઞામાત્ર નામ જતું અટકાવી રાખ્યું છે. ધર્મને સ્થાને ધર્મા ભાસ, જ્ઞાનને સ્થાને ક્રિયા જડતા આવ્યાં ખરાં, પણ કોઇને કોઇ રૂપે ધર્મ રહ્યો તો ખરો (ઉપકાર!) નામના ઉપદેશકોએ ટકાવી રાખેલ એ નામના ધર્મથી કંઇ વિશેષ લાભ નથી, એવા ધર્માભાસથી સંતોષ માની બેસી રહેવું એ શ્રેયસ્કર નથી.

જૈનદર્શન જે તત્ત્વજ્ઞાનથી ભરપુર છે અને 'તર્ક' પર બંધાયલ છે. તેનું રહસ્ય પૂર્ણ જ્ઞાન પામવાની યોગ્યતા સંસાર વાસનામાં સુખ માનનારા, બહારના આડંબર-ટાપટીપ વિચાર શૂન્ય ક્રિયામાં લાગી રહેલા જ્ઞાન રહિત પુરૂષોમાં હોવી જ ઘટતી નથી. તો એ દર્શનના ઉત્તમ વિચારોને અન્યમાં સંક્રાંત કરવાની યોગ્યતા તો કયાંથીજ હોય! જૈન ધર્મ મલિન-અસ્વચ્છ નાસ્તિક-સાર રહિત અને અગ્રાહ્ય છે એવું કેટલેક સ્થળે મનાય જાય છે. તે પણ આવા નામના ઉપદેશકોને પ્રતાપેજ. લોક મત હમેશાં હાર્દ સમજીને બંધાતો નથી લોકને કંઇ તત્ત્વ સમજવાની ઇચ્છા નથી અવકાશ નથી તેમ જરૂર પણ નથી. એ તો ઉપર ઉપરની ક્રિયા, બાહ્યવ્યાપાર અનુયાયી વર્ગના આચાર વિચાર અને ધર્મની કહેવાતી પુરાણ કથાઓ ઉપરથી કાંઇક સાધાર અને કંઇક નિરાધાર કલ્પનાઓને પ્રમાણરૂપે ગણી મત બાંધે છે. આવા સ્વભાવવાળો પ્રજા વર્ગ, નામના ઉપદેકોના ઉપદેશ, શિથિલાચાર, જડક્રિયા પરાયણતા અને અનુયાયી વર્ગની અજ્ઞાન યુક્ત પ્રવૃત્તિઓ જોઇ વિરૂદ્ધ અનુમાન બાંધે તો તેમાં અપરાધ એમનો નહિ પણ જૈન દર્શનના જ્ઞાન તથા કર્મ આદિના રહસ્ય અને ગૌરવથી છેક અજ્ઞાન એવા **ઉપદેશકોનો** છે, એમ કહેવામાં ધૃષ્ટતા નહિજ ગણાય. આમ આપણે જોયું કે કોઇ પણ સમાજ અને ધર્મની ઉન્નત અવસ્થા થવામાં વિદ્વાન્ ઉપદેશક વર્ગ બહુ અગત્યનો ભાગ બજાવે છે અને વિશેષે કરીને એ વર્ગ જેમ ત્યાગી, નિસ્પૃહી, સર્વ સંગ પરિત્યાગી, જ્ઞાન વિજ્ઞાન યુક્ત, દેશકાલાદિનો સૂક્ષ્મ વિવેક કરી કર્તવ્ય યોજના ઘડનાર, તેને અમલમાં મૂકવાની શક્તિ ધરાવનાર અને **તેથીજ** પૂજ્ય અને વંદનીય હોય તેમ તે વધારે સારૂં કામ બજાવી શકે છે. જૈન ધર્મમાં આવા સમર્થ ઉપદેશકો થઇ ગયા છે. અહિં આ વાત લખતાં લેખકને અભિમાન થાય છે કે જૈનમાં જે ચતુર્વિધ સંઘનું બંધારણ તથા તેના કર્તવ્ય વિભાગ આદિની વ્યવસ્થા છે તે બહુ સુંદર, ઉપકારક અને સર્વ પ્રકારના

દેશકાળ પરિસ્થિતિમાં કામ લાગી શકે તેવી ઉત્તમ છે. આ ધર્મે સ્ત્રીઓને વીસરી નથી, મોક્ષનો અધિકાર તેના હાથમાંથી છીનવી લીધો નથી તેને પણ પરમ ગતિ પામવાનો અધિકાર સ્વીકાર્યો છે; અને વિવેક વિરાગ સંપન્ન મોક્ષેચ્છુ તેમજ શાસ્ત્રોક્ત લક્ષણ યુક્ત સ્ત્રી ઇચ્છાનુસાર પુરૂષની પેઠેજ દીક્ષા લઇ શકે છે. આવા સાધ્વીના વર્ગ માટે કેટલાંક ઉંચા પ્રકારનાં બંધારણો બાંધવમાં આવ્યાં છે. ઉપદેશનો લાભ સ્ત્રી વર્ગ ચોક્કસજ મર્યાદામાં પામી શકે છે; તેમનો સહવાસ અમુક નિયમો આધીન રહી સેવી શકે છે અર્થાત્ એ વર્ગનો વધારે લાભ લઇ શકાય એમ નથી. આ શ્રાવિકા વર્ગની ઉંન્નતિ માટે સાધ્વીનો વર્ગ બંધાયો છે. સંસારની કટુતામાં સ્ત્રી વર્ગ તરફથી વધારો નહિ પણ ઘટાડો કરવા, તેને સ્વર્ગમય બનાવવા, સ્ત્રીનાં કર્તવ્ય તેને યથાવત્ સમજાવવા, કર્તવ્યમાં ઉત્સાહ લેતી કરવા, ધર્મ અને નીતિના સંસ્કારો ભરવા, તે સાધ્વી વર્ગને કેળવવાની કેટલી અગત્ય છે. એ વગેરે બાબતનું વિવેચન કરવાનો અહિં પ્રસંગ નથી એટલે એ સબંધમાં મૈન રાખવું પડે છે. તોપણ સુવિચારક વિવેકી વાચક જોઇ શકશે કે, આ ધર્મ અને નીતિના સંસ્કારથી સંસ્કૃત થયેલા સાધ્વી વર્ગથી શિખી સ્ત્રી વર્ગ ધાર્મિક અને નીતિમય જીવન શિખી સંસાર સુધારી શકે છે, પોતાને અને પોતાનાં કુટુમ્બીઓને ઉચ્ચ ગતિએ લઇ જઇ શકે છે. પુરૂષ અને સ્ત્રી વર્ગ જે રાત્રિ દિવસ સંસારના કાર્યના ભારથી દબાએલો, ધર્મ અને પરમાર્થ જ્ઞાન પામી શકવાને અનુકૂળ નહિ તેવી સ્થિતિમાં રહેલો છે, તેમને સાધુ અને સાધ્વી વર્ગ કે જે ઉપાધ રહીત,નચિંત છે,ધર્મ અને પરમાર્થનાં તથા નીતિ અને વ્યવહારના સ્વરૂપને યથાવત્ સમજી તેમ સમજાવી શકે છે, ઉત્તમ પ્રકારનાં ચારિત્ર શીલ છે, તે ધર્મના સુવ્યવસ્થિત બંધારણોને લેઇ પોતાનો લાભ આપે—અભ્યુદય અને નિઃશ્રેયસ્સાધક ઉપદેશ આપે એ બંધારણ કેટલું બધું ઉત્તમ છે? ધર્મ, નીતિ, ચારિત્ર, સંયમ,તપ આદી સાત્વિક વૃત્તિ અને પ્રવૃત્તિઓના વાતાવરણ યુક્ત સ્થાનકો, ઉત્તમ સંસ્કાર વાળા સંયમી ચારિત્ર શીલ શાસ્ત્રનિર્દિષ્ટ લક્ષણથી યુક્ત સાધ્વી વર્ગ અને શ્રદ્ધા—તત્પરતાયુક્ત ભોળો ભલો ધર્મ ઉપર રૂચિવાળો શ્રાવક શ્રાવિકાનો વર્ગ આ સર્વનો સુઘટિત સંયોગ; અહો આ દર્શન કેટલું બધું રમ્ય, આકર્ષક અને રોચક છે? આ કેટલું બધું ઉન્નતિકર બંધારણ છે? ધન્ય છે તે શાસનના રચનારાઓને ! ધન્ય છે તેમની તત્વ ભાવના તથા ક્રિયા—કાંડાદિના રહસ્ય જ્ઞાનવાળા ઉપદેશક વર્ગને, કે જેમના પ્રયાસથી, શુદ્ધ સંકલ્પોથી સત્ય વિચારોથી જૈનધર્મ એક વખત સર્વોપરી પદને પામી ચૂકયો હતો, અકબર અને જહાંગીર જેવા બાદશાહો પાસે પોતાંના તીર્થ સ્થળમાં હિંસા બંધ કરવાના પરવાના લેઇ શકયો હતો ! એક વખત મ્હોટા મ્હોટા રાજા રાણાઓ આ શાસનની સત્તામાં મસ્તક નમાવતા હતા, નિઃસ્પૃહી ત્યાગી સાધુ

મહાત્માઓના પગ પાસે પોતાના રાજ્યની સર્વ વિભૂતિ–ઐશ્વર્ય અર્પણ કરતા હતા તેમના સામે હાથ જોડી ઉભા રહેતા હતા, અને આ મહાત્માઓ પણ તત્ત્વભાવનાઓમાં, તત્વચિંતનમાં,સ્વકર્તવ્યમાં એટલા મસ્ત રહેતા હતા કે એ સર્વથી લેશ પણ ડગતા નહિ કે ઘમંડ કરતા નહિ. પરંતુ ક્યાંછે એ મનોહર ચિત્ર,ક્યાંછે એ ઉત્તમ વાતાવરણથીયુક્ત સ્થાનકો,ક્યાંછે એ જ્ઞાની ચારિત્ર્યશીલ સાધુ મહાત્માઓ, ક્યાં છે એ ધર્મ પર રૂચિરાખનારા શ્રદ્ધાળુ શ્રોતા વર્ગ, ક્યાં છે એ વખતનાં શ્રેષ્ઠ શ્લાઘ્ય પરિણામો ? શી કાળની વિચિત્રતા, ગ્રહના અવળા યોગ ! શી અગમ્ય કારણોની પરંપરા! આજ એમાનું કશું નથી. 'કશું નથી' એટલે કેવળ શૂન્ય છે એમ નથી, અમારા આ ઉદ્ગાર સમથ રીતે છે નહિ, હોય શકે પણ નહિ, ગમે તેમ તોએ માનવદૃષ્ટિ પરિચ્છિન્ન છે; અમુક મર્યાદાથી બહાર તેની ગતિ નથી, એટલે આ દૃષ્ટિની પરિચ્છિન્નતા,તથા જ્ઞાનની અલ્પતાના અંશ, એ ઉદ્ગાર કહાડવાનાં કારણોમાં ભળી જાયજ. આવી સ્થિતિમાં ઉચ્ચારાયલા આ ઉદ્ગાર માટે કષાય ત્યાગી સાધુ મહાત્માઓ તથા શ્રાવક વર્ગ ક્ષમાદૃષ્ટિ રાખશે એવી આશા છે.

વસ્ત્ર પાત્રાદિ ઉપકરણોની તાલ મેલ, શિષ્ય ક્ષેત્ર અને પુસ્તકૈષણા, આહાર પાણીની તજવીજ અને ગોચરીનાજ નિયમોનું પઠન પાઠન જ્ઞાન, તથા ગામ ગપાટામાં સાધુ જીવન વ્યતીત થાય તો તેથી વધારે શોકની વાત કઈ છે વારૂ ? કેટલેક સ્થળે તો સમજ્યા વગરના સૂત્ર સિદ્ધાન્તોના અશુદ્ધ મુખપાઠ સિવાય અન્ય શાસ્ત્રનાં વાંચનનો, કાવ્ય વ્યાકરણ સાહિત્ય ફિલોસોફી આદિના અભ્યાસનો, વિદ્વચ્ચર્ચાનો, અન્ય ધર્મના વિચારોના સંસર્ગનો વગેરેનો નિષેધ હોઇ જ્ઞાન અને સુધારાનાં દ્વાર બંધ થયાં છે. ધર્મને નામે સંકુચિત દૃષ્ટિ, વ્હેમ, જડતા ઉપદેશાય છે. અને કંઇ પણ સત્ક્રિયા થાય તો ધર્મનો ભંગ થાય, સમકિત નાશ થાય. કર્મબંધ થાય એવી માન્યતાથી કેવળ અહંત્વ પૂર્વક આત્મપરાયણ રહેવામાં ધર્મ અને મુનિત્વ સમાયલાં સહમજાય છે. મુનિત્વ શામાં છે એનો શાસ્ત્ર તેમ વ્યવહારની દૃષ્ટિએ વિચાર કરતાં એમ તો નહિજ જણાય કે, નિયમ બદ્ધ ખાનપાનના પાલનમાં, ડોળ ડમાકવાળાં ટાપ ટીપીઆં ભાષણમાં, નાટકીયાં ગાયનો રચવામાં અને જેવાં તેવાં પુસ્તકો બહાર પાડવામાં મુનિત્વ સમાયલું છે, તો પછી પરસ્પર વિદ્વેષ કરવામાં અન્યના છિદ્રો તપાસવામાં, અન્યના જરા જેટલા દોષને મ્હોટો કરી બતાવવામાં ઝીણી ઝીણી વાતોને મનમાં રાખી કુસંપ વધારવામાં, પોતાના વાડામાંનાં ઘેટાંઓ બીજાના વાડામાં ન ઘુસી જાય તે માટે એક નાદાન ભરવાડ જેટલા જ જુસ્સાથી મ્હોટાં ડાંગોરાં લઈ સામ સામા શબ્દ વિષયથી ભર્યા પ્રહારો કરવામાં, શિષ્ય કરવા માટે એક અમુક ગૃહસ્થ જેટલી ચિંતા સેવી ગમે તેવા પ્રપંચોમાં પડવામાં, અને બિચારા ભોળા અજ્ઞાત વર્ગને ફસાવવામાં મુનિત્વ શાનુંજ

હોય ? પરંતુ જનોઈના દોરામાં બ્રાહ્મણત્વ અને રાતા વસ્ત્રમાં સન્ન્યાસીત્વ મનાય છે તેમ, મુનિત્વ પણ એવા એવા નિષિદ્ધ વ્યવહારોમાં મનાઈ ગયું છે. વિરાગ, અભ્યાસ, વિચારણા, ધર્મધ્યાન, યોગાનુષ્ઠાન, પ્રજાહિતના સંકલ્પ, અભ્યુદય સાધક ઉપદેશ અને શિક્ષણ એનાં તો સ્વપ્નાંજ રહ્યાં છે. કોઇ કોઇ ઉપદેશકનાં વ્યાખ્યાન કવચિતજ સંભળાય છે. **मननात् मुनिरुच्यते** ' મનન કરે છે માટે મુનિ ' કહેવાય છે પરંતુ મનન શાનું ? શું આહાર, નિદ્રા, ભય, મૈથુનાદિ પશુધર્મોનું ? શું કેવળ આપ સ્વાર્થનું ? પરદોષ દર્શન કે પરનિંદા કથનનું ? શાસ્ત્રનિષિદ્ધ ત્યાજ્ય વ્યવહારનું ? ના, ના, એમ તો નજ હોય અને નથીજ. એ મનન તે નિદ્રા, લોકવાર્તા, શરીર આદિના વિસ્મરણ પૂર્વક આત્મભાવનું, શાસ્ત્રનું, લોકસ્થિતિનું, દેશકાલાદિનું, વારંવાર બદલાતી જતી જવાબદારીનું મનન છે. આવા મનનમાં મસ્ત એજ મુનિ. આવા મનનને પારણામે નીપજતી સંશય અને વિપર્યય રહીત નિશ્ચિત કર્તવ્ય પદ્ધતિને ઘડવામાં અને જવાબદારી બજાવવામાં નિમગ્ન એજ મુનિ. આત્મહિત સાધી ચુકેલો, ભવસાગર તરી પાર ગયેલો, અહેતુક દયાથી લોકહિત અર્થે પ્રયતમાન એજ ' યતિ ' આનંદ ઘનોર્મિમાં કહ્યું છે કે " આતમજ્ઞાની શ્રમણ કહાવે બીજા તો દ્રવ્ય લિંગીરે........" શાંત–દાંત–ધીર-રાગદ્વેષ રહીત–જ્ઞાન, દર્શન, ચારિત્ર, સંયમમાંજ ક્રીડા કરનાર–પ્રીત રાખનાર–તૃપ્તિ લેનાર તેજ પૂજ્ય–વંદનીય જૈન મુનિ છે. શાસ્ત્રદીપના પ્રકાશવડે આવું આદર્શ મુનિત્વ સ્પષ્ટ સ્હમજાય છે. ચિત્તગત દોષોના સામર્થ્યવશાત્ આ વાત આપણે ન સમજીએ, એ પ્રકાશથી જ્ઞાન પામી તદનુસાર ન વર્તીએ, તો આપણો દોષ છે, અને તેની શિક્ષા પણ આપણેજ ભોગવવી પડે છે.— ભોગવીએ પણ છીએ.

તો પણ જમાનો પલટાયો છે. હજુ પલટાય છે. મુદ્રણકળા, પત્રવ્યવહારાદિની થયેલી સગવડ, કેળવણીની સુલભતા, પાશ્ચાત્ય વિચારોનો સહવાવાસ, નવશિક્ષિત યુવક વર્ગ, બદલાયલા દેશકાળ સંબંધ આદિનો યોગ થયો છે. અંધશ્રદ્ધા ધર્મઘેલછા, ગચ્છ ભેદનાકલહ, મતભેદની અસહિષ્ણુતા, હૃદય સંકોચ, સ્વાર્થ, આડંબર બાહ્યસ્થૂલ, વિચારશૂન્ય, ધર્માભાસ, જડક્રિયા, પરાયણતા એ સર્વને સ્થાને કોઇ કોઇ સ્થળે કંઇક કંઇક (સર્વાંશે તો નહિજ) ઘણો ભાગ હજી ઉપર કહી તેવી સ્થિતિમાં છે. વિચાર યુકત શ્રદ્ધા, ખરૂં ધર્માભિમાન, સહનશીલતા, હૃદય વિસ્તાર પરાર્થ બુદ્ધિ, તત્ત્વભાવના અને જ્ઞાનપર રૂચિ આંતરદોષો ટાળવાની પ્રવૃત્તિ તથા હરેકની કહ્યું સાંભળવાની વૃત્તિ જોવામાં આવે છે. જમાનો વિચાર સ્વતંત્રતાનો છે. ન્યાયસિદ્ધ પ્રમાણોની કસોટીએ ચડાવેલા સિદ્ધાંતોજ સ્વીકારાય છે, દરેક સિદ્ધાંતનું રહસ્ય જોવાય છે, દરેક ક્રિયાનું પ્રયોજન–ફલ–વિધિ પૂછાય છે, જેવું તેવું ચલાવી લેવામાં આવતું નથી; આવી સ્થિતિ થતી જાય છે–થવા પર છે.

આથી મુનિવર્ગ ઉપર પણ અસર થવા માંડી છે. એ વર્ગ પણ પોતાની ખરી મહત્તા શામાં છે તે આસ્તે આસ્તે સમજવા લાગ્યો છે. જો કે પ્રમાણમાં અજ્ઞાન, અંધકાર અને અથડામણ વિશેષ છે ખરાં, તો પણ કંઇક સંતોષ થાય એવી સ્થિત સૂચક ચિન્હ જોવામાં આવે છે ખરાં.

મુનિઓએ કેવા થવું અને શું કરવું એ બે પ્રશ્નો હમેશાં વિચારવા જોઇએ. તેમના કેટલાક ધર્મો દેશકાલાદિની દૃષ્ટિએ ફેરવાય છે; કેટલાક નથી ફેરવાતા. જમાનાનો વિચાર કરી પ્રજાહિત માટે તેમણે તત્પર રહેવું જોઇએ. ભગવાન્, શંકર, બુદ્ધ, પતંજલી વગેરે પૂર્વાત્ય અને કેન્ટ, મીલ, હર્બટ, સ્પેન્સર વિગેરે પાશ્ચાત્ય તત્વજ્ઞ, અર્થશાસ્ત્રી, ન્યાયશાસ્ત્રીના વિચારોનો પ્રવાહ, સંબંધ, સહવાસ અને આજુબાજુની હવાને અંગે બેસતા કેટલાક સંસ્કારો. એ સર્વ પર લક્ષ આપી હાલની કર્તવ્ય યોજના ઘડવાનો દીર્ઘ દૃષ્ટિથી અભ્યાસ કરનાર, ઘડેલી યોજનાને અમલમાં મૂકનાર તેમજ મૂકાવવાની શક્તિ (સત્તા) ધરાવનાર મુનિવર્ગની અત્યારે જરૂર છે. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞોના ઉલ્લેખો અને સ્વતંત્ર લેખોથી વાકેફ થઇ નવ શિક્ષિત યુવકોને નવીન પદ્ધતિએ જૈન ધર્મનાં રહસ્યભૂત તત્ત્વો સમજાવવાની અગત્ય છે. નવીન ફિલોસોફી સાથે જૈન તત્ત્વજ્ઞાનને સરખાવી સર્વ હકીકત બરાબર રીતે સમજાવવા-ઉપદેશવા પૂરતી જ્ઞાન સામગ્રી મેળવવી જોઇએ. પ્રજાની જરૂરીઆતો અને પરિ સ્થિતિ સમજી તેમના ઉદ્ધાર માટે વિચાર પૂરઃસર ઉપદેશ પદ્ધતિ ઘડવી જોઇએ પ્રજાહિત અને આત્મહિતના વિશુદ્ધ સંકલ્પો અને સત્ય વિચારોમાં નિમગ્ન રહેવું જોઇએ. એમ અનેક વિધિઓ જમાનાની નજરે બતાવી શકાય એમ છે.

સમાજરૂપ ગાડાને યોગ્ય માર્ગે દોરી જવાનું સારથીપણું જેને પ્રાપ્ત થયું છે એવો મુનિ વર્ગ યોગ્ય માર્ગના જ્ઞાનવાળો, તેવે માર્ગે દોરી જવાથી શક્તિવાળો કુશળ, વિવેકી હોવો જોઇએ એ નિઃસંદેહ છે. એ વર્ગ તેવો થાય તે માટે પ્રયાસ લેવાનું કામ સર્વનું છે. વાસ્તવિક રીતે મુનિઓનો કર્તવ્ય પ્રદેશ સંકુચિત નહિ પણ વિશાળ છે. વિસ્તાર ભયથી અહિં તો કંઇક દિગ્દર્શન આ પ્રમાણે થઇ શકે:—

(૧) મુનિજીવનનો પાયો વિશુદ્ધ વૈરાગ અને વિવેક ઉપર રચાવો જોઇએ.

(૨) વિવેક—વૈરાગ સંપન્ન જ્ઞાતિ મુનિ હોય તેજ પોતાના કર્તવ્ય પ્રદેશનું સ્વરૂપ સમજી તેમાં ચારે ખૂણે વિચરી શકે છે.

(૩) કર્તવ્ય જાણવાની ઇચ્છા, કર્તવ્ય સમજવાની શક્તિ અને કર્તવ્ય પાળવાની દૃઢતા એ કર્તવ્ય નિષ્ઠાનાં ત્રણ અંગ છે, આ ત્રણમાંથી એક પણ અંગ જેમાં ન્યૂન ન હોય તેજ કર્તવ્યનિષ્ઠ રહી શકે છે.

(૪) આ વિવેક વૈરાગશીલ, જ્ઞાની, કર્તવ્યનિષ્ઠ મુનિનો કાર્ય પ્રદેશ વિશાળ હોય છે. અને વગર બતાવ્યે તે તેમાં ઘુમી શકે છે અને ઉચ્ચતમ પરિણામો લાવે છે.

જ્યાં જ્યાં વિહાર કરવાનો હોય ત્યાં ત્યાં લોકોની સ્થિતિ, ધર્મરૂચિ, જરૂરીઆતો વગેરેનું, જ્ઞાન મેળવી, પછી લાંબો વિચાર કરી તદનુસાર ઉપદેશ પદ્ધતિ રાખવી અને કંઇને કંઈ સારૂં કામ કરાવવું.

ધર્મની કેળવણીનો, પુસ્તકાલયોનો, સદ્જ્ઞાનનો પ્રસાર કરવો ધર્મવૃત્તિને સતેજ બનાવી સમાજમાં ધર્મવૃદ્ધિ કરવી.

કુસંપ, વિદ્વેષ, ઝઘડા, તડ વાંધાનો સમૂળ નાશ થાય તે માટે બનતા પ્રયાસ કરવા.

શાસ્ત્ર જ્ઞાન પામી તેનું રહસ્ય લોકોને સ્હમજાવી ધર્મને નામે ચાલતી કેટલીક વિનાશક રૂઢિઓનો નાશ કરવો, લોકોને ભ્રમમાંથી કાઢી સાચી હકીકતથી વાકેફ કરવા.

સાધુશાળા અને સાધ્વીશાળા ખોલાવવી તથા સાધુ સાધ્વીનો વર્ગ ઉચ્ચ પ્રકારનો નીવડે એવા પ્રયાસ લેવા.

નમાલા ગ્રંથો બહાર પાડવાની જગતની જૂઠી મ્હોટાઈ મેળવવાની, અને જે પ્રવૃત્તિ સામાન્ય ગૃસ્થો પણ સેવી શકે તેવી પ્રવૃત્તિઓમાં પડી કવિ–પંડિત–લેખક ગ્રંથકાર કહેવડાવવાની લાલસાને અટકાવી માગધી અને સંસ્કૃત ભાષામાં નિષ્ણાત થઇ ધર્મ શાસ્ત્રોનાં ગંભીર રહસ્યોના ચિંતનમાં મસ્ત થઈ અપૂર્વ તત્વો બહાર લાવી નવીન પ્રકાશ પાડવો. ઉંડા ઉતરી ખરાં મોતી બહાર લાવવાં, સપાટી ઉપર તરવાથી કે કાંઠે કાંઠે રખડવાથી તો નમાલાં શંખલાં અને કોડીઓજ મળશે. આવાં શંખલાં અને કોડીથી રમવાની બાલ રમતો મુનિને શોભે નહિ.

ધર્મના પ્રદેશમાંથી પ્રપંચ, પ્રતારણો દૂર કરવાં.

પ્રજાના હિત શોધનમાં નિષ્કામ ભાવે મસ્તિષ્કનું વ્યય કરવું.

જૈન સમાજમાંથી યોગનું નામ જતું રહ્યું છે. યોગનો ઉપદેશ તો કોઇકજ સ્થળે થતો હશે. તો આપણુ એક કર્તવ્ય છે. યોગ સાધવાને મુનિઓને કેટલીક અગવડો છે ખરી, પણ એક એવું ખાસ મંડળ સ્થાપી એકાંત સ્થળમાં એ શાસ્ત્રનો અભ્યાસ થાય, કંઇક અનુષ્ઠાન થાય, અને યોગ–વિદ્યા ખીલે તો અવશ્ય કંઈ સિદ્ધિ જણાય. આ વિષય એવો છે કે તેના પર વિસ્તારથી લખવાની જરૂર છે. સુજ્ઞ મુનિવરો વિચારશે.

લેખક પોતાને ઉચ્ચસ્થાને બેસાડી કર્તવ્યનો ઉપદેશ આપવાનું ઘમંડ નથી ધરાવતો, તે પણ એક સાધારણ વ્યક્તિ છે. તેને ઇચ્છાઓ મહાન છે ખરી, એ ઇચ્છા પાર પાડવાની અનુકુળતા તેને હાથ નથી. આવી ઈચ્છાના વેગે આ લેખને જ-

ન્મ આપ્યો છે. એ વેગથી તીવ્રતામાં કંઈ વિરૂદ્ધ લખાયું હોય તો તે માટે ક્ષમા મળશે એમ તેને વિશ્વાસ છે.

અંતમાં મુનિનું નિશ્ચિંત અવ્યગ્ર જીવન ગાળવાનું સદ્ભાગ્ય જેઓને મળ્યું છે. તે વર્ગ તે જીવનનું સ્વરૂપ અને ઉદ્દેશ યથાવત્ સમજી તેનો સદુપયોગ કરે અને તેના કુશળ સારથીપણાથી સમાજ ઉચ્ચ સ્થાનને પામે એવી પ્રાર્થના પૂર્વક

આ કુસાધુ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

यतिशिक्षोपदेश—अधिकार.

ઉત્તમ પ્રકારના સાધુ થવાને માટે પ્રત્યેક સાધુએ યતિશિક્ષાનો ઉપદેશ હૃદયમાં લેવો જોઇએ. જેના હૃદયમાં યતિશિક્ષાનો ઉપદેશ આરૂઢ થયો નહોય તે સાધુ પોતાના ચારિત્ર ધર્મને મેળવી શકતો નથી. તેવો સાધુ કુસાધુ ગણાય છે; જેને વિષે ઉપરના કુસાધુ અધિકારમાં કહેવામાં આવ્યું છે. કુસાધુનાં લક્ષણો લક્ષમાં રાખવાથી સુસાધુ બનવાની ઇચ્છા પ્રગટી આવે છે, તેથી તે કુસાધુના અધિકાર પછી સુસાધુ થવા માટે ઉપયોગી એવો આ યતિશિક્ષાના અધિકારનો આરંભ કરવામાં આવે છે.

વૈરાગ્ય વગરના સકામ તપના કરતાં ગૃહસ્થાવાસ ઘણે દરજ્જે સારો છે.

अनुष्टुप्

वरं गार्हस्थ्यमेवाद्य, तपसो भाविजन्मनः ।
सुस्त्रीकटाक्षलुण्टाकैर्लुप्तवैराग्यसम्पदः ॥ १ ॥

સુંદર સ્ત્રીના કટાક્ષરૂપી લુંટારાઓએ જેમાં વૈરાગ્યની સંપતિ લુંટી લીધી છે અને જેથી ભવિષ્યમાં પાછો જન્મ લેવા ઇચ્છા રાખી છે, તેવા તપના કરતાં ગૃહસ્થાવાસ ઘણે દરજ્જે સારો છે. ૧

સાધુના વેશમાત્રથી મોક્ષ મળતો નથી

उपजाति. (૨ થી ૧૧)

स्वाध्यायमाधित्ससि नो प्रमादैः, शुद्धा न गुप्तीः समितीश्च धत्से
तपो द्विधा नार्जसि देहमोहादल्पे हि[1] हेतौ दधसे कषायान् ॥ २ ॥

---

१ अल्पेऽपीति पाठान्तरं.

परीषहान्नो सहसे न चोपसर्गान्न शीलाङ्गधरोऽपि चासि ।
तन्मोक्ष्यमाणोऽपि भवाब्धिपारं, मुने ! कथं यास्यसि वेषमात्रात् ॥३॥ युग्मम्

હે મુનિ ! તું વિકથાદિ પ્રમાદ કરીને સ્વાધ્યાય (સજ્ઝાય ધ્યાન) કરવા ઇચ્છતો નથી, વિષયાદિ પ્રમાદથી સમિતિ અને ગુપ્તિ ધારણ કરતો નથી, શરીરપર મમત્વથી બન્ને પ્રકારનાં તપ કરતો નથી, નજીવા કારણથી કષાય કરે છે, પરીષહ તથા ઉપસર્ગ સહન કરતો નથી, (અઢાર હજાર) શીલાંગ ધારણ કરતો નથી તે છતાં તું મોક્ષ મેળવવા ઇચ્છે છે, પણ હે મુનિ ! વેશમાત્રથી સંસારસમુદ્રનો પાર કેવી રીતે પામીશ?

વિવેચન—+અત્ર **વ્યતિરેકરૂપે** મુનિઓએ શું કરવું જોઇએ તે કહે છે.

૧ પાંચ પ્રકારનો સ્વાધ્યાય મુનિએ દરરોજ કરવો જોઇએ.

વાંચના (વાંચવું તે), **પૃચ્છના** (શંકા પૂછવી તે), **પરાવર્તના** (સંભારવું-રીવીઝન), **અનુપ્રેક્ષા** (વિચારણા) અને **ધર્મ કથા;** આ પાંચ પ્રકારના સ્વાધ્યાય છે.

૨ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ તે **પ્રવચનમાતા** કહેવાય છે અને સાધુપણાનું ખાસ લક્ષણ છે નિર્જીવ માર્ગે સૂર્ય ઉગ્યા પછી સાડા ત્રણ હાથ આગળ દૃષ્ટિ રાખી, જોઇને ચાલવું તે **ઇર્યા સમિતિ.**

નિરવદ્ય, સાચું, હિતકારી અને પ્રિય વચન વિચારીને બોલવું તે **ભાષા સમિતિ.**

અન્ન, પાણિ વિગેરે બેંતાળીશ દોષ રહિત લેવાં તે **એષણા સમિતિ.**

કોઈ પણ વસ્તુ જીવ રહિત ભૂમિ જોઇને તથા પ્રમાર્જના કરીને મૂકવી કે લેવી એ **આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ.**

મળ, મૂત્રાદિ જીવ રહિત ભૂમિએ તજવાં તે **પારિષ્ઠાપનિકા સમિતિ.**

મનપર અશુભ ચિંતવન માટે પૂર્ણ અંકુશ રાખવો અથવા સર્વથા મનોવ્યાપાર નકરવો એ **મનોગુપ્તિ.**

કોઇ પણ પ્રકારનું સારૂં કે ખરાબ વચન બોલવું નહિ અથવા સવિદ્ય વર્જી નિરવદ્ય બોલવું તે **વચન ગુપ્તિ.**

કાયાને અજયણાએ પ્રવર્તાવવી નહિ અથવા સર્વથા પ્રવર્તાવવી નહિ તે **કાય ગુપ્તિ.**

૩ સાધુએ બે પ્રાકારનાં તપ કરવાં જોઇએ

બાહ્યતપ—ઉપવાસાદિ કરી બીલકુલ ખાવું નહિ, ઓછું ખાવું, ઓછી વસ્તુઓ ખાવી, રસવાળી વસ્તુઓ ઘી વિગેરે ન ખાવાં, કર્મ ક્ષય કરવા માટે શરીરને કષ્ટ આપવું અને અંગોપાંગ ઇંદ્રિઓ અને મનને સંકોચી રાખવાં આ સ્થૂળતપ કહેવાય છે.

અભ્યંતરતપ—કરેલ પાપકૃત્યનું પ્રાયશ્ચિત લેવું, જિનાદિ દશનો યથાયોગ્ય વિનય કરવો, જિનાદિ દશનું યોગ્ય વૈયાવચ્ચ કરવું, વાંચના વિગેરે

પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો, ધ્યાન કરવું અને બાહ્ય અભ્યંતર ઉપાધિનો ત્યાગ કરવો. આ અભ્યંતર તપ કહેવાય છે.

૪ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભ તથા તેને જન્મ આપનાર તેમજ તેની સાથે રહેનાર હાસ્ય, રતિ, આરતિ વિગેરે નોકષાય છે તે ન કરવા જોઇએ, અથવા બની શકે તેટલો તેનો ત્યાગ કરવો જોઇએ.

૫ ભૂખ, તરસ સહન કરવા વિગેરે બાવીશ પ્રકારના પરીષહો છે. તેનું સ્વરૂપ શાસ્ત્રમાં આપેલું છે. તથા મનુષ્ય અને દેવતા વિગેરેના કરેલા અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગો સમતાથી સહન કરવા જોઇએ. એ વખતે મનમાં જરાપણ ક્રોધ, દ્વેષ કે કલેશ ન આણવો જોઇએ. એવી રીતે પોતાનું વર્તન કરી સમતામય જીવન કરવું જોઇએ.

૬ શાસ્ત્રકારે ચાર મુખ્ય અને તેના પેટા ભેદથી સોળ પ્રકારના ઉપસર્ગ કહ્યા છે.

૧ દેવકૃત.

૧ હાસ્યથી, ૨ દ્વેષથી, ૩ વિમર્શથી (વિચાર–સહન કરી શકે છે કે નહિ તે દ્રઢતા જોવા માટે પરીક્ષા કરવી તે), ૪ પૃથક્‌વિમાત્રા (ધર્મની ઈર્ષા આદિને અંગે વૈક્રિય શરીર કરીને ઉપસર્ગ કરે છે તે).

૨ મનુષ્યકૃત.

૧ હાસ્યથી, ૨ દ્વેષથી, ૩ વિમર્શથી, ૪ કુશીલ માટે (બ્રહ્મચારીથી પુત્ર થાય તે બળવાન્ હોય છે એમ ધારીને ધર્મ વાસના વિનાનું માણસ બ્રહ્મચર્યથી ચળાવવા અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગ કરે તે).

૩ તિર્યંચકૃત

૧ ભયથી (મનુષ્યને જોઇને મને અનર્થ કરશે એમ ધારી સામા ધસે તે, ૨ દ્વેષથી, ૩ આહાર માટે (ભૂખ લાગ્યાથી તેનું નિવારણ કરવા માટે શિયાળ ગૃધ્રાદિ ઉપસર્ગ કરે તે), ૪ પોતાનાં બચ્ચાનાં રક્ષણ માટે.

૪ આત્મકૃત

૧ વાત, ૨ પિત્ત, ૩ કફ, ૪ સંનિપાત.

૭ અઢાર હજાર શીલાંગ ધારણ કરવાં જોઇએ. એ અઢાર હજાર શીલાંગ શું છે તે સંબંધી જરા લંબાણ પણ ઉપયોગી નોટ ઉપમિતિ ભવ પ્રપંચના પીઠબંધના ભાષાંતરમાંથી અત્ર ઉતારી લેવામાં આવે છે. યોગ ત્રણ, કરણ ત્રણ, સંજ્ઞાચાર, ઇંદ્રિય પાંચ, પૃથ્વી કાયારંભાદિક દશ અને શ્રમણધર્મ દશ તેણે કરીને અઢાર હજાર શીલાંગ થાય છે શીલાંગ અટલે ચારિત્રના અવયવો (વિભાગ) તે નીચે

પ્રમાણે:—યોગ ત્રણ છે મનયોગ, વચનયોગ, કાયયોગ, કરણ ત્રણ છે. કરવું, કરાવવું અને અનુમોદવું. સંજ્ઞા ચાર છે; આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા અને મૈથુન સંજ્ઞા. ઇંદ્રિય પાંચ છે; સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેંદ્રિય, પૃથ્વીકાયા રંભાદિક દશઃ પૃથ્વીકાય આરંભ, અપ્કાય આરંભ, તેઉકાય આરંભ, વાઉકાય આરંભ, વનસ્પતિકાય આરંભ, બે ઇંદ્રિય આરંભ, તે ઇંદ્રિય આરંભ, ચૌરિંદ્રિય આરંભ, પંચેદ્રિય આરંભ અને અજીવ આરંભ[1] યતિ ધર્મ દશ છે. ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભપણું (મુકિત), તપ, સંજમ, સત્ય, શૌચ, અકિંચનપણું અને બ્રહ્મચર્ય. આમાંના દરેકનું એકેક પદ લઇ જૂદા જૂદા ભેદ કરવાના છે. પ્રથમ ભેદ દાખલા તરીકે નીચે પ્રમાણે કરાય—"મને કરી આહારસંજ્ઞા રહિત થઇ શ્રોત્રેંદ્રિયનો સંવર કરી ક્ષમાયુકત રહી પૃથ્વીકાયનો આરંભ કરે નહી." આ વાકય કાયમ રાખી 'ક્ષમાયુકત' શબ્દને બદલે માર્દવયુકત વિગેરે દશ ધર્મો મૂકે ત્યારે દશ ભેદ થાય, પણ તે બધા પૃથ્વીકાય સંબંધે જ થયા. તે જ્યારે અપ-કાય વિગેરે ઉપર જણાવેલા દશ ભેદ સાથે દશ દશ ભેદ કરે ત્યારે સો ભેદ થાય. તે બધા શ્રોત્રેંદ્રિયે થયા, અને તેવી જ રીતે બાકીની ચાર ઇંદ્રિયો સાથે મેળવતાં પાંચસે ભેદ થાય. તે દરેકને આહાર, ભય, પરિગ્રહ અને મૈથૂન સંજ્ઞા સાથે મેળવતાં બે હજાર ભેદ થાય. મન, વચન, કાયાના યોગ સાથે મેળવતાં છ હજાર ભેદ થાય અને તેને કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણ સાથે મેળવતાં અઢાર હજાર ભેદ થાય.

આ ભેદને માટે શ્રીં પ્રવચન સારોદ્ધાર ગ્રંથના પૃષ્ઠ ૩૩૯ મે (પ્રકરણ રત્ના-કર ભાગ ૩ જો) એક કોષ્ટક આપેલું છે તેની ખૂબિ એવી છે કે તે નજર આગળ રાખવાથી ૧૮૦૦૦ ગાથા બનાવી શકાય છે. જિજ્ઞાસુઓએ તે જરૂર વાંચવું, કારણ કે તે ઉપયોગી હોવા સાથે કર્તાની અપૂર્વ વિદ્વત્તા બતાવે છે.

મોક્ષાર્થી જીવે ઉપર પ્રમાણે વર્તન કરવું જોઇએ. તું નથી કરતો સ્વાધ્યાય તેમજ નથી રાખતો સમિતિ ગુપ્તિ, વળી નજીવા કારણસર કષાય કરી નાખે છે અને તપસ્યા કરતો નથી, તેમજ પરીષહ ઉપસર્ગ પણ સહન કરતો નથી અને સદરહુ શીલાંગ ધારણ કરતો નથી. તું જાણે છે કે મોક્ષે જવાના ઉપાય તો ઉપર કહ્યું તેમ સજ્ઝાય વિગેરે છે; તો પછી તું વાંછે છે મોક્ષ જવાનું અને કાર્ય કરે છે તેની વિરૂ-દ્ધનાં. આ મોક્ષનગર દૂર છે, ત્યાં પહોંચવા માટે સંસાર સમુદ્રનો પાર પામવો જોઇએ; તેને યોગ્ય નાવ તો તું તૈયાર રાખતો નથી, ત્યારે તું ત્યાં કેવી રીતે જઇશ? તારે યાદ રાખવું કે વેશ માત્રથી મોક્ષ મળતો નથી. વેશાનુસાર કરણી—વર્તન જો-

---

૧ જીવની બુદ્ધિથી અજીવને મારવાથી તેમજ ઉપકરણાદિકની પડિલેહણ નહિ કરવાથી જે આરંભ થાય તે અજીવ આરંભ કહેવાય છે.

ઇએ, બાકી તો મેરૂ પર્વત જેટલાં ઓઘા મુહુપત્તિ કર્યાં તેમાં પણ કાંઇ આત્માનું વળ્યું નથી. ૨-૩ +

તારા કયા ગુણ માટે તું ખ્યાતિની ઇચ્છા રાખે છે ?

न कापि सिद्धिर्न च तेऽतिशायि, मुने क्रियायोगतपःश्रुतादि ।
तथाप्यहङ्कारकदर्थितस्त्वं, ख्यातीच्छया ताम्यसि धिङ् मुधा किम् ॥ ४ ॥

હે મુને ! તારામાં નથી કોઇ ખાસ સિદ્ધિ કે નથી ઉંચા પ્રકારનાં ક્રિયા, યોગ તપસ્યા કે જ્ઞાન; છતાં પણ અહંકારથી કદર્થના પામેલો પ્રસિદ્ધિ પામવાની ઇચ્છાથી હે અધમ ! તું નકામો પરિતાપ શા માટે કરે છે ?

ભાવાર્થ—અણિમા વિગેરે આઠ સિદ્ધિ[1], તારામાં હોય અથવા ઉંચા પ્રકારની આતાપના લેવા રૂપ કે ઘોર પરીષહ ઉપસર્ગાદિ સહેવારૂપ ક્રિયા હોય કે યોગવહન*

+ ૨ થી ૨૭ અધ્યાત્મકલ્પ દ્રુમ.

૧ આઠ સિદ્ધિઓ નીચે પ્રમાણે છેઃ—

૧ અણિમા સિદ્ધિ. એથી શરીર એટલું સૂક્ષ્મ કરી શકાય છે કે જેમ સોયના કાણામાંથી દોરો ચાલ્યો જાય છે તેમ તેટલી જગામાંથી પોતે પસાર થઇ શકે.

૨ મહિમા સિદ્ધિ. અણિમા સિદ્ધિથી ઉલટી. એટલું મોટું રૂપ કરી શકે કે મેરૂ પર્વત પણ તેના શરીર આગળ જાનુ પ્રમાણ થાય.

૩ લઘિમા સિદ્ધિ. પવનથી પણ વધારે હલકા (તોલમાં) થઇ જાય છે.

૪ ગરિમા સિદ્ધિ. વજ્રથી અત્યંત ભારે થઇ જાય. એ ભાર એટલો બધો થાય કે ઇંદ્રાદિક પણ સહન કરી શકે નહિ.

૫ પ્રાપ્તિ શક્તિ સિદ્ધિ. શરીરની એટલી બધી ઉંચાઇ કરી શકે કે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલિના અગ્ર ભાગ વડે મેરૂ પર્વતની ટોચ અને ગ્રહાદિકને સ્પર્શે. (વૈક્રિય શરીરથી નહિ)

૬ પ્રાકામ્ય શક્તિ. પાણીની પેઠે જમીનમાં ડૂબકી મારી શકે અને જમીનની પેઠે પાણીમાં ચાલી શકે.

૭ ઇશિત્વ. ચક્રવર્તી અને ઇંદ્રની ઋદ્ધિ પ્રગટ કરવાને શક્તિવાન્ થાય.

૮ વશિત્વ. સિંહાદિ ક્રૂર જંતુઓ પણ વશ થઇ જાય—આદિશ્વર ચરિત્ર સર્ગ ૧ લો ૮૫૨–૮૫૯

* યોગવહન—સૂત્ર સાધુથી વાંચી શકાય, અમુક વર્ષના દીક્ષાપર્યાય પછી વાંચી શકાય અને યોગવહનની ક્રિયા કર્યા પછી વાંચી શકાય. આ ત્રણે બાબત બહુ ઉપયોગી છે પણ તેના હેતુ સંબંધી વિશેષ વિવેચન કરવાનું અત્ર સ્થળ નથી; પરંતુ શાસ્ત્રના ઉપયોગી રહસ્ય ઉપર એ હકીકત બંધાયલી છે. શ્રાવક આરંભમાં રક્ત હોય ત્યાં રહસ્યની વાત જાણવામાં આવતાં અપવાદ સેવી જાય. સાધુ પણ અમુક દીક્ષા પર્યાય પછીજ અપવાદ માર્ગો ગ્રહણ કરી શકે, કારણ કે સંયમમાં અમુક વખત સુધી રમણતાથી અને યોગવહન કરવાથી મન વચન કાયાપર યોગ્ય અંકુશ આવે એ યોગવહનના સામાન્ય હેતુ છે.

અથવા યોગચૂર્ણાદિ+ તને પ્રાપ્ત થયા હોય વા ઘોર તપસ્યા—માસખમણાદિ તેં કરેલ હોય અથવા તો સૂત્ર સિદ્ધાંતનું રહસ્ય પામવા જેટલું તેમજ વિદ્યાદિકનું ગીતાર્થ યોગ્ય જ્ઞાન તેં મેળવ્યું હોય અને માન મેળવવાની વાંછા કરતો હોય તો જાણે સમજ્યા (જો કે એવો વિદ્વાન્ કે તપસ્યાવાન્ કદિ માન કરતાજ નથી) પણ તું તે શું જોઇને અભિમાન કરે છે ? તારામાં એવો કયો અસાધારણ ગુણ છે કે તું પ્રસિદ્ધિ મેળવવાની ઇચ્છાથી કદર્થના પામી તે મળતી નથી એટલે સંતપ્ત રહ્યા કરે છે. અરે સાધુ ! ગુણ તો કસ્તુરી જેવો છે; તેથી જો એ હોય છે તો પોતાની મેળે ભભુકી ઉઠે છે, માટે નકામાં ફાંફાં મારવાં મૂકી દે અને તારૂં કર્તવ્ય કર. તારામાં લાયકાત હશે તો સ્વાભાવિક રીતે ખ્યાતિ વધશે એ તું નિઃસંશય સમજી રાખજે. ૪

નિર્ગુણ હોય છતાં સ્તુતિની ઇચ્છા રાખે તેનું ફળ.

हीनोऽप्यरे भाग्यगुणैर्मुधात्मन् , वाञ्छंस्तवार्चाद्यनवाप्नुवंश्च ।
ईर्ष्यन् परेभ्यो लभसेऽतितापमिहापि याता कुगतिं परत्र ॥ ५ ॥

હે આત્મા* તું નિષ્પુણ્યક છે છતાં પણ પૂજા વિગેરેની ઇચ્છા રાખે છે અને તે મળતાં નથી ત્યારે બીજા ઉપર દ્વેષ કરે છે. (પણ તેમ કરવાથી) આ ભવમાં બળતરા વહોરી લે છે અને પરભવે કુગતિમાં જવાનો છે.

યોગવહનની ક્રિયામાં અમુક વિધિ અને તપસ્યા કરવા પછી પાઠ વાંચવાનો આદેશ મળે છે અને ઉદ્દેશ કહેવામાં આવે છે. એથી વધારે યોગ્યતા થાય ત્યારે ગુરૂમહારાજ એ પાઠનું પુનરાવર્તન કરવા અને સ્થિર કરવા તથા તે સંબંધમાં શંકા સમાધાન વિગેરેની વાતચીત કરવાની રજા આપે છે એ સમુદ્દેશ. એથી પણ વધારે યોગ્યતા થાય ત્યારે તેજ પાઠો ભણાવવાની, સંભળાવવાની અને તેનો ગમે તે લાયક ઉપયોગ કરવાની રજા આપવામાં આવે તે અનુજ્ઞા. આ ત્રણ બાબત ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

+ યોગચૂર્ણ પુદ્ગલની અનંત શક્તિ છે બે વસ્તુના સંયોગથી અથવા ઘણી વસ્તુના સંયોગથી એવા પ્રકારનાં ચૂર્ણો નીપજાવી શકાય છે કે તેથી ઘણા ચમત્કાર બતાવી શકાય. દાખલાતરીકે એ ચૂર્ણ પાણીમાં નાખવાથી માછલાં થઇ જાય, સિંહ થઇ જાય, જળ માર્ગ આપે વિગેરે વિગેરે અનેક આશ્ચર્ય થઇ શકે છે પુદ્ગલની અનંત શક્તિ છે તે (વસ્તુ વિજ્ઞાન શાસ્ત્ર)ના અભ્યાસીને તુરત સમજાઇ જાય તેવું છે

* આત્માની અચિંત્ય શક્તિ અને નિર્લેપપણું યાદ દેવરાવી પોતાના સ્વભાવમાં રમણતા કરવા માટે પ્રતિનાયકને ઉદ્દેશીને આ સંબોધન મૂકયું છે

અથવા પ્રતિનાયકને પોતાને ઉદ્દેશીને આખો ગ્રંથ વાંચતો કે વિચારતો હોય તો તેના શુદ્ધ સ્વરૂપને ઉદ્દેશીને પોતાના આત્માને આવી રીતે કહી શકે તેટલા માટે આ સંબોધન મૂકવામાં આવ્યું છે.

ભાવાર્થ—તું નશીબનો મોળો છે, પરભવે દાનાદિ કર્યાં નથી છતાં આ ભવમાં પ્રસિદ્ધિ મેળવવાની ઇચ્છા રાખે છે અને નથી મળતી ત્યારે ખેદ પામે છે, પણ તેમાં તારી ભૂલ છે, કોઇ પણ બાબતની ઇચ્છા રાખ્યા પહેલાં તેને માટે લાયક થવાની ઘણી જરૂર છે. જો સ્તુતિ મેળવવાની તારી ઇચ્છા હોય તો ગુણવાન્ થા, અભ્યાસ કર, તારી ફરજ બજાવ, સ્તુતિ એવી વસ્તુ છે કે જે તેને ઇચ્છે છે તેનાથી તે દૂર જાય છે, પણ જે તેને લાત મારી તેનાં કારણો મેળવે છે તેને તે વળગતી આવે છે મતલબ, સ્તુતિને ઇચ્છવાની જરૂર નથી, પણ ગુણ પ્રગટ કરવા માટે પ્રયાસ કરવાની જરૂર છે.

અને ખાસ કરીને તું કોણ છે? એક રીતે જોઇશ તો તું તદ્દન વહેવારૂ જીવ છે, અનંત જીવ સમુદાયમાંના માત્ર એક સમુદાયમાંનો તું એક છે, ત્યારે સ્તુતિ શી? કેટલો વખત ચાલશે? કોણ યાદ રાખશે? વળી બીજી રીતે જોઇશ તો તું સાધુ છે, વીર પરમાત્માનો જ્યેષ્ઠ પુત્ર છે, તેનું શાસન તારાપર વર્તે છે, વીર પરમાત્મા કદિ સ્તુતિની ઇચ્છા કરતા હતા? ઇંદ્રના મહોત્સવથી કે દશાર્ણભદ્રના સામૈયાથી તેઓના મનપર જરા પણ અસર થઇ હતી? તારા વડીલ–તારા ઉપકારીને પગલે ચાલ, લાયક થા અને આવો સારો પ્રસંગ મળ્યો છે તેનો સદુપયોગ કરી લે.

છતાં પણ જો તું સ્તુતિની ઇચ્છા કરીશ તો તેથી તને શું લાભ છે? ગુણ વગર કોઇ તારી સ્તુતિ કરશે? નહિ કરે, એટલે તને ખેદ થશે. વળી સ્તુતિ મેળવવા માટે તારે ફોકટ પ્રયાસ કરવો પડશે તે લાભમાં રહેશે.

બાકી તો અત્ર સંતાપ અને પરત્ર દુર્ગતિ છે માટે પહેલાં લાયક થા અને પછી ઇચ્છાકર. ૫

પરિગ્રહ ત્યાગ.

परिग्रहं चेद्व्यजहा गृहादेस्तत्किं नु धर्मोपकृतिच्छलात्तम्[1] ।
करोषि शय्योपधिपुस्तकादेर्गरोऽपि नामान्तरतोऽपि हन्ता ॥ ६ ॥

ઘર વિગેરે પરિગ્રહને તેં તજી દીધા છે તો પછી ધર્મના ઉપકરણને બ્હાને શય્યા, ઉપધિ, પુસ્તક વિગેરેનો પરિગ્રહ શા માટે કરે છે? ઝેરને નામાંતર કર્યાથી પણ તે મારે છે.

ભાવાર્થ—ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ વિગેરે સર્વ સાંસારિક પરિગ્રહનો હે મુને! તેં ત્યાગ કર્યો છે તેં મહા કષ્ટ વેઠી આ પૈસા અને ઘર મહેલ વિગેરે પરનો મોહ ઉતર્યો છે, આવી રીતે તું સંસાર સમુદ્ર તરી જવાની અણી ઉપર આવી ગયો છે, ત્યારે હવે તારી પાસે શય્યાની પાટ, પુસ્તક કે બીજાં ઉપકરણો છે તેનો પરિગ્રહ શા માટે કરે છે? તે વસ્તુની મૂર્છારૂપ પરિગ્રહ પણ તજી દે.

---

૧ त्वमिति वा पाठः

આ પ્રસંગે પરિગ્રહ શું છે અને પરિગ્રહ કોને કહેવાય તે સમજવું ઉપયોગી થઇ પડશે. ઉપકરણો તજી દેવાનો કે પુસ્તકોનો ત્યાગ કરવાનો અત્ર ઉદ્દેશ નથી. પરિગ્રહ એટલે મૂર્છા. **मुच्छा परिग्गहो वुत्तो.** એક વસ્તુ ઉપર મારા પણાની બુદ્ધિ થાય—મમત્વ થાય એનો ત્યાગ કરતાં ખેદ થાય, એ પરિગ્રહ છે. એવા પ્રકારની મૂર્છા કોઇ પણ ઉપર રાખવી નહિ. ધર્મનાં ઉપકરણને નામે પણ સાંસારિક રાગ સાધુમાં કોઇવાર થઇ જાય છે એ મનુષ્ય સ્વભાવની નબળાઇ કહો કે પંચમ કાળનો પ્રભાવ કહો કે વિભાવ દશાને સ્વભાવદશામાં પલટન પામેલી સ્થિતિનો આવિર્ભાવ કહો, ગમે તે કહો, પરંતુ એટલો સ્થૂળ પરિગ્રહ પણ ત્યાજ્ય છે. જે વસ્તુઓ ધાર્મિક ક્રિયામાં સાધનરૂપ છે તે તેટલે અંશે રાખવા યોગ્ય છે; પણ તેના ઉપર મારાપણાની બુદ્ધિ અથવા તો એનો વારસો મુકરર કરવાની પોતાની સત્તા કે એને લગતી કોઇ પણ જાતની ખટપટ તાજ્ય છે. આ બાબતમાં જો કાંઈ પણ અપવાદ હોય તો તે ગુણનિષ્પન્ન ગીતાર્થ અધિપતિ માટે છે, જેના સંબંધમાં અત્ર ઉલ્લેખ નથી આ છ શ્લોકમાં આ વિષય બહુ દૃષ્ટાંત આપીને ચર્ચ્યો છે. અધિપતિ વ્યતિરિક્ત વ્યક્તિએ શાસ્ત્રમાં ગણાવેલાં ઉપકરણથી અધિક રાખવાં એ પણ પરિગ્રહ છે એ ઉપલક્ષણથી સમજી લેવું.

હે મુનિ! તું કોઇ પણ વસ્તુને ધાર્મિક ઉપકરણનું નામ આપી તેનાપર મૂર્છા કરીશ તો તે તને ભવાંતરમાં દુઃખ આપશેજ; નામ ફેરવવાથી કાંઇ પરિણામ ફરી જતું નથી. પરિણામ તો અભિપ્રાય ફેરવવાથી ફરે છે. ઝેરી કિંપાકને 'ફળ' કહી નામાંતર કરવામાં આવે તો તેથી તેનું દારુણ ફળ મળ્યા વગર રહેતું નથી, અથવા 'મીઠાઈ'નું નામ આપવાથી ઝેર પોતાનું ફળ આપ્યા વગર રહેતું નથી, એવી જ રીતે પરિગ્રહને બીજું કંઇ પણ કલ્પિત નામ આપવાથી કામ થતું નથી. તારી મરજી હોય તો તેને ધર્મોપકરણ કહે કે ગમે તે કહે પણ જો તેના ઉપર તારી મૂર્છા હશે તો તે તને પોતાનો દુર્ગુણ બતાવ્યા વગર રહેશે નહીં. ૬

પરિષહ સહન—સંવર.

शीतातपाद्यान्न मनागपीह, परीषहांश्चेत्क्षमसे विसोढुम् ।
कथं ततो नारकगर्भवासदुःखानि सोढासि भवान्तरे त्वम् ॥ ७ ॥

આ ભવમાં જરાપણ ઠંડી, તાપ વિગેરે પરીષહો સહન કરવાને શક્તિવાન્ થતો નથી તો પછી ભવાંતરમાં નારકીનાં તેમજ ગર્ભવાસનાં દુઃખો કેવી રીતે સહન કરી શકીશ?

ભાવાર્થ—હવે જૂદા જૂદા વિષયો ઉપર પ્રકીર્ણ શ્લોકોમાં ઉપદેશ આપે છે. એનું સાધ્ય મુનિજીવન છે અને બહુધા એક વિષય બીજા વિષય

સાથે ખાસ સંકળના ધરાવતો હોય એવું ધોરણ નથી. છતાં આ+ શ્લોક-માં પરીષહ સહન કરવાનો મુખ્ય ઉપદેશ છે. હે મુનિ! જે દ્વારા નવાં કર્મો આવતાં અટકે એને શાસ્ત્રકાર સંવર કહે છે. વિભાવ દશામાં મનોવૃત્તિ ઘણું કરીને વિનશને (અધો) માર્ગે જ ગમન કરે છે, કારણ કે તેના પર આધિપત્ય રાગદ્વેષ વિગેરેનું હોય છે. આ જીવને પ્રતિકૂળ વિષયો મળે છતાં પણ ચલાવી લેતાં શીખવવું, અને રાગાદિ શત્રુઓનો દોર અટકાવવો એ સંવરનું કામ છે અને તે ખાસ કરીને પરીષહોને જીતવાથી જ બની શકે તેમ છે. એ પરીષહો જૈન શાસ્ત્ર-કાર બાવીશ ગણાવે છે જેમાંના કેટલાક અનુકૂળ પણ હોય છે. એનું વિશેષ સ્વ-રૂપ અત્ર સ્થળ સંકોચથી લખી સકાતું નથી. એ પરીષહ સહન કરવાથી નવીન કર્મોની રાશિ અટકી પડે છે અને પૂર્વોપાર્જિત પ્રબળ કર્મો ક્ષય પામે છે એ બહુજ મોટો લાભ થાય છે. હે મુનિ! તારા જીવનમાં આ પરીષહસહન તો બહુજ અગત્યનો ભાગ બજાવે એમ હોવું જોઈએ અને યાદ રાખજે કે જો અત્ર તે ખુશી-થી સહન કરવામાં પાછો પડીશ તો કુંભીપાક અથવા ગર્ભવાસનાં દુઃખો તો ખમ-વાં જ પડશે, ફેર એટલો કે અત્ર સ્વવશથી અને થોડો વખત પરીષહો સહન કરવા પડશે જ્યારે ભવાંતરમાં એથી વિપરીત થશે. ૭ *

महातपोध्यानपरीषहादि, न सत्त्वसाध्यं यदि धर्तुमीशः ।
तद्भावनाः किं समितीश्च गुप्तीर्धत्से शिवार्थिन्न मनःप्रसाध्याः ॥ ८ ॥

ઉગ્રતપસ્યા, ધ્યાન, પરીષહ વિગેરે સત્ત્વથી સાધી શકાય તેવા છે તે સાધવાને તું શકિતવાન્ ન હોય તોપણ ભાવના, સમિતિ અને ગુપ્તિ જે મનથી જ સાધી શકાય તેમ છે તેને હે મોક્ષાર્થી! તું કેમ ધારણ કરતો નથી ?

વિવેચન—+છ માસાદિક તપસ્યા અને મહા પ્રાણાયામાદિક ધ્યાન તેમજ મોટા ઉપસર્ગ પરીષહો સહન કરવાનું કદાચ પંચમ કાળના પ્રભાવે હાલ શારી-રિક બળ ન હોય તોપણ તેઓ માટે રસ્તા બંધ નથી. તેઓ પણ ધારે તો લાભ પ્રાપ્ત કરી શકે તેમ છે. મનપર અંકુશ હોય તો તેને અનુસારે ઇંદ્રિય દમન, આત્મસંયમ, યોગરૂંધન વિગેરે શારીરિક કષ્ટ વગરનાં મહા વિકટ કાર્યો પણ બની શકે છે. તેથી જ ઉપર કહ્યું છે કે તારાથી માસખમણ વિગેરે તપસ્યા, મહા પ્રાણ-વાયુદમન (મહા પ્રાણાયામ) વિગેરે ધ્યાન અથવા સ્થૂળ બાવીશ પરીષહ સહન વિગેરે ન બને તોપણ તારે ધર્મ બુદ્ધિને અંગે ઉત્પન્ન થતી સંસારની અનિત્યતા ભાવવી, તારૂં એકત્વપણું વિચારવું, શરીરને અશુચિનો પિંડ સમજી તેના પરની મમતા ઘટાડવી વિગેરે સુપ્રસિદ્ધ બાર ભાવના ભાવવી એ તારૂં ખાસ કર્તવ્ય છે, તેમજ વર્ગવેલી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય

* જુઓ આગળ શ્લોક ૧૨

એ ચારે ભાવના નિરંતર ભાવવી એ પણ તારી ફરજ છે. એ ઉપરાંત કોઇ પણ વસ્તુ લેતાં મૂકતાં, ચાલતાં, બેસતાં, બોલતાં ઉપયોગ રાખવો એમાં સમિતિનો સમાવેશ થાય છે, જ્યારે મનવચન કાયાની પ્રવૃત્તિપર અંકુશ રાખવો એ ગુપ્તિ કહેવાય છે. એ સમિતિ ગુપ્તિ ધારણ કરવી તે તારા મનોબળપર આધાર રાખે છે, અને તું ધારીશ તો એને અંગે ઘણું કરી શકીશ. ૮

યોગરૂંધનની આવશ્યકતા.

×हतं मनस्ते कुविकल्पजालैर्वचोप्यवद्यैश्च वपुः प्रमादैः ।
लब्धीश्च सिद्धीश्च तथापि वाञ्छन्, मनोरथैरेव हहा हतोऽसि ॥ ९ ॥

તારૂં મન ખરાબ સંકલ્પ વિકલ્પથી હણાયેલું છે, તારાં અસત્ય વચન અને કઠોર ભાષણથી ખરડાયાં છે અને તારૂં શરીર પ્રમાદથી બગડયું છે, છતાં પણ તું લબ્ધિ અને સિદ્ધિની વાંછા કરે છે ખરેખર ! તું (મિથ્યા) મનોરથથી હણાયો છે.

ભાવ—'મનસાધ્યું તેણે સઘળું સાધ્યું'' તથા વચન, કાયાનો નિગ્રહ કરવાની જરૂરીઆત છે એ ત્રણે યુગોને છૂટા મૂકીને પછી લબ્ધિ સિદ્ધિની ઇચ્છા રાખવી એ તદ્દન મિથ્યા છે, અસંભવિત છે. અવિચારી છે. એવે પ્રસંગે લબ્ધિ થવાની કે સિદ્ધિ થવાની ઇચ્છા રાખવી એ મનમાં નકામો કલેશ કરાવનાર થઇ પડે છે. એનું પરિણામ કાંઇ આવતું નથી અને ખેદ થવાથી ઉલટી આત્મઅવનતિ થાય છે માટે ત્રિકરણ યોગોને મોકળા મૂકી દઇ લબ્ધિ સિદ્ધિ મેળવવાના નકામા મનોરથો કરવા જ નહિ. ગૌતમ સ્વામીને લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી એ આપણે જાણીએ છીએ, પરંતુ એનું યોગવશીકરણ એટલું તો ઉત્તમ હતું કે વીરપ્રભુપર રાગ ન હોત તો પરમ જ્ઞાન પણ ઘણુ જલ્દી મેળવી શકયા હોત. હે સાધુ ! યોગ વશ કરવાની બહુજ જરૂર છે. સંસાર દુઃખનો આત્યંતિક નાશ અને સિદ્ધિલક્ષ્મીનો પ્રસાદ તેનાથી બહુજ જલદી પ્રાપ્ત થાય છે. એટલું ધ્યાનમાં રાખવું. ૯

નિર્જરા નિમિત્ત-પરીષહ સહન.

महर्षयः केऽपि सहन्त्युदीर्याप्युग्रातपादीन्यदि निर्जरार्थम् ।
कष्टं प्रसङ्गागतमप्यणीयोऽपीच्छन् शिवं किं सहसे न भिक्षो ! ॥१०॥

× प्रथम पंक्तिस्थाने '' दग्धं मनो मे कुविकल्पजालैः '' चतुर्थ पंक्तिस्थाने '' मनोरथैरेव हहा विहन्ये'' इति वा पाठः આ પાઠાંતરમાં બીજા પુરૂષને ઉદ્દેશીને કહેવાને બદલે આત્માને ઉદ્દેશીને પ્રથમ પુરૂષમાં તેજ ભાવ રહે છે. એ પાઠ પણ સમીચીન છે. એનો અર્થ '' મારૂં મન કુવિકલ્પોથી બળી ગયું છે, વચન અસત્ય અને કઠોર ભાષણથી ખરડાયાં છે અને શરીર પ્રમાદથી બગડયું છે. છતાં પણ લબ્ધિ સિદ્ધિની વાંછા કરીને અરેરે ! હું મનોરથથી હણાયો છું '' આ અર્થનો ભાવ સમજાય તેવો છે. + ×

જ્યારે મોટા ઋષિમુનિઓ કર્મની નિર્જરા માટે ઉદીરણા કરીને પણ આતાપનાદિ સહન કરે છે તો તું મોક્ષની ઇચ્છા રાખે છે ત્યારે પોતાની મેળે પ્રાપ્ત થયેલ અત્યંત અલ્પ કષ્ટને પણ હે સાધુ ! તું કેમ સહન કરતો નથી.

ભાવ—કર્મનો ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલાં તેને પુરૂષાર્થથી આકર્ષણ કરી ભોગવી લેવાંતેને ' ઉદીરણા ' કહે છે. (પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરવા માટે તેની સ્થિતિ પ્રાપ્ત થયા પહેલાં તેને ઉદયમાં લાવી ભોગવીને આત્મપ્રદેશથી ખંખેરી નાખવા માટે કષ્ટાદિ સહન કરવું તે ' ઉદીરણા ' કહેવાય છે.) અદ્ભૂત ચારિત્રવાળા મહાત્માઓ આત્મલાભની પ્રાપ્તિ માટે કષ્ટને શોધે છે, પરમાત્માની પ્રાર્થના કરે છે કે ' અમને એવાં કષ્ટ આપો.' **विपदः सन्तु नः शश्वत्** અમને નિરંતર વિપત્તિ હો—આ પ્રમાણે સ્તુતિ કરીને પણ શુદ્ધ દૃષ્ટિથી આત્મકલ્યાણ માટે વિપત્તિ ભોગવનાર ધીર, વીર પુરૂષાર્થ કરનાર મધ્યાન્હે નદીની વેળુમાં આતાપના લે છે, પોસ માસની ખરી ઠંડીમાં કપડાં વગર નદીના તીર જેવા અતિ ઠંડીનાં સ્થળો ઉપર કાઉસ્સગ્ગ ધ્યાને રહે છે અને બીજાં અનેક કષ્ટ શોધીને ખમે છે. મોક્ષ સન્મુખ થવાની ઇચ્છા હોય તેને આ પ્રમાણે કરવાની ખાસ જરૂર છે; અને હે સાધુ ! તારી ઇચ્છા તો તે જ પ્રાપ્ત કરવાની છે, છતાં જરા કષ્ટ પડે કે તું હાય વોય કરે છે અથવા નિસાસા મૂકે છે એ તને છાજતું નથી. ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે કેટલાક સ્વાર્થનો પણ ભોગ આપવો પડે છે; પરંતુ આમાં તો તેવું પણ કાંઇ નથી. આગંતુક કષ્ટ પણ સહન કરવામાં તું પાછો શા માટે પડે છે ? આને બદલે ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરવી એ તારો સ્વાર્થ છે.

+વળી દુનીયામાં કોઇ પણ વસ્તુ એવી નથી કે જે અભ્યાસથી સાધી શકાય નહિ. ધર્મસંગ્રહમાં કહ્યું છે કેઃ—

एवं च विरतेरभ्यासेनाविरतिर्जीयते । अभ्यासादेव सर्वक्रियासु कौशलमुन्मिलति, अनुभवसिद्धं चेदं, लिखनपठनसंख्यानगाननृत्यादिसर्वकलाविज्ञानेषु सर्वेषामुक्तमपि—

अभ्यासेन क्रियाः सर्वा, अभ्यासात्सकलाः कलाः ।
अभ्यासाद् ध्यानमौनादि, किमभ्यासस्य दुष्करम् ॥

વિરતિનો અભ્યાસ પાડવાથી અવિરતિનો પરાજય થાય છે, અભ્યાસથી સર્વ ક્રિયામાં કુશળતા પ્રાપ્ત થાય છે, લેખન, પઠન, સંખ્યા, ગાયન, નૃત્ય વિગેરે સર્વ કળાવિજ્ઞાન અભ્યાસથી થાય છે, એ પ્રમાણે સર્વ વિદ્વાનોને અનુભવ સિદ્ધ છે. કહ્યું છે કે ' અભ્યાસથી સર્વ ક્રિયાઓ થઇ શકે છે, અભ્યાસથી સર્વ કળાઓ પ્રાપ્ત કરાય છે, અભ્યાસથી ધ્યાન મૌન વિગેરે થાય છે, અભ્યાસ પાસે શું મુશ્કેલ છે ? " આવી રીતે અભ્યાસ પાડવાની જરૂર છે. ગુપ્તિને પ્રવચન માતા કહેવામાં આવે છે,

તેનું કારણ પણ એ જ છે. એ બરાબર પ્રાપ્ત કરવાથી ભગવાનની સર્વ આજ્ઞા પળાય છે. હવે પછીના શ્લોકમાં મુનિને સીધી રીતે અને આક્ષેપરૂપે શિક્ષા આપી છે, તે બહુ ઉપયોગી છે, તે પ્રકીર્ણ હોવા સાથે યથાસ્થિત છે તેથી તે પર ધ્યાન આપવાની ખાસ જરૂર છે. ૧૦

ચારિત્ર પ્રાપ્તિ–પ્રમાદ ત્યાગ.

प्राप्यापि चारित्रमिदं दुरापं, स्वदोषजैर्यद्विषयप्रमादैः ।
भवाम्बुधौ धिक् पतितोऽसि भिक्षो, हतोऽसि दुःखैस्तदनन्तकालम्॥११॥

મહાકષ્ટથી પણ મળવું મુશ્કેલ એવું આ ચારિત્ર પ્રાપ્ત કરીને પોતાના દોષથી ઉત્પન્ન કરેલા વિષય અને પ્રમાદો વડે હે ભિક્ષુ! તું સંસારસમુદ્રમાં પડતો જાય છે અને તેના પરિણામે અનંતકાળ સુધી દુઃખ ખમીશ.

ભાવ—+કર્મબંધન દ્વારા તારા પોતાના ઉત્પન્ન કરેલા વિષય પ્રમાદો છે અને તેનો જો પ્રચાર થવા દઇશ તો પછી અનંતકાળ સુધી તારે દુઃખો ખમવાં પડશે. મુખ્ય વાત એજ છે કે વિષય પ્રમાદ અને તજ્જન્ય ક્રિયા ભવભ્રમણનો જ હેતુ થાય છે. સુજ્ઞજીવ વિચાર કર્યા વગર પ્રવૃત્તિ કરતો નથી, એમ જાણવા છતાં આ જીવ ગમે તેવું વર્તન ચલાવે તો પછી વાસ્તવિક રીતે અનંત દુઃખસમુદ્રમાં ડૂબતો જાય તેમાં નવાઈ નથી. ૧૧

પરીષહ સહન કરવાનો ઉપદેશ (સ્વવશતામાં સુખ.)

द्रुतविलम्बित.

सह तपोयमसंयमयन्त्रणां, स्ववशतासहने हि गुणो महान् * ।
परवशस्त्वतिभूरि सहिष्यसे, न च गुणं बहुमाप्स्यसि कञ्चन ॥ १२ ॥

તું તપ, યમ અને સંયમની નિયન્ત્રણા સહન કર. પોતાને વશ રહીને (પરીષહાદિનું દુઃખ) સહન કરવામાં મોટો ગુણ છે. પરવશ પડીશ ત્યારે તો દુઃખ બહુ ખમવું પડશે અને તેનું ફળ કાંઇ પણ થશે નહિ.

વિવેચન—તપ બાર પ્રકારનો છે છ બાહ્ય અને છ અભ્યંતર. બાહ્યતપમાં ઉપવાસ વિગેરે આવે છે, અને અંતરંગ તપમાં પ્રાયશ્ચિત વિગેરે આવે છે. + યમ પાંચ છે. જીવ વધત્યાગ, સત્ય વચન ઉચ્ચારણ, અસ્તેય (નષ્ટ થયેલું, પડેલું, વિસ્મરણ થયેલું અથવા ફેંકેલું પરદ્રવ્ય ન લેવું તે અથવા સર્વથા ચારે પ્રકારનાં અદત્તનો ત્યાગ કરવો તે), અખંડ બ્રહ્મચર્ય અને ધનની મૂર્છાનો ત્યાગ; એટલે ટુંકામાં કહીએ તો પાંચ અણુવ્રતો કે મહાવ્રતોનું આદરવું એ યમ છે. ઉપર લખેલાં પાંચ મ-

* गुणो महान् इतिस्थाने शिवे गुण इति वा पाठः

હાવ્રતોનું આચરણ, ચાર કષાયનો ત્યાગ, મન, વચન, કાયાના યોગોપર અંકુશ અગર નિરોધ અને પાંચ ઇંદ્રિયોનું દમન—એ સત્તર પ્રકારે સંયમ છે. આ તપ, યમ અને સંયમને પાળવામાં થતા બાહ્ય કષ્ટને યંત્રણા કહે છે. એ કષ્ટો છે પણ તે સ્વહસ્તે વહોરેલું અને પરિણામે શુભ ફળ આપનારૂં છે. એ દુઃખને ભવિષ્યમાં મહાન્ લાભ દેનાર જાણી સહન કરવામાં આવે તો તેમાંથી પણ આનંદ મળે છે, અને મનમાં શાંતિ રહે છે. વળી બીજી પંક્તિમાં કહે છે કે તે બહુ અગત્યનું છે. **સ્વવશપણે** સહન કરવામાં બહુ લાભ. ભર્તૃહરિ કહે છે કેઃ—

अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ।
व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः,
स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधते ॥

ઘણા વખત સુધી રહ્યા પછી પણ વિષયો આખરે તો જવના જ છે. લોકો જો તેને પોતાની મેળે તજી ન દે તો પણ તેનો વિયોગ થવાનો તેમાં કાંઇ બે મત છે જ નહિ. જો તેઓ પોતાની મેળે જશે તો મનપર મહા શોકની અસર મૂકીને જશે, જ્યારે આપણે જો તેઓને તજી દઇએ તો મહા શાંતિ આપે છે. આ હકીકત અનુભવ સિદ્ધ છે. ઘડપણમાં ઇંદ્રિયોના વિષયો શરીરની નબળાઇથી તજવા પડે છે, ત્યારે પછી પૂર્વની ઇચ્છાને લીધે બાળ ચેષ્ટાઓ કરવી પડે છે. દાખલા તરીકે ગાંઠીઆનો લોટ કરવો પડે છે અને પાનને સુડીમાં મૂકી કાપવું પડે છે. મોટી વય સુધી વિષયો તજવાની ટેવ ન પડવાને લીધે આવી હાસ્યાસ્પદ સ્થિતિ પ્રાપ્ત થાય છે. તેને બદલે જો તે ઉમ્મર પ્રાપ્ત થયા પહેલાં સ્વયમેવ વિષયોને તજવામાં આવે તો બહુ આનંદ થાય છે.

વળી આ મનુષ્યભવમાં દશ વીશ પચ્ચીશ કે પચ્ચાશ વરસ સંયમ પાળી સ્વવશપણે જે આત્મવિભૂતિ પ્રાપ્ત થાય છે, તેનું ફળ જ્યારે ચિરકાળ સુધીનાં સ્વર્ગનાં સુખ વા અનંતકાળ સુધીનાં મોક્ષનાં સુખ થાય છે ત્યારે અનુભવમાં આવે છે, અને અહીં જો તેમાં ગફલતી કરવામાં આવે છે તો પરભવે પરવશપણે અત્યંત દુઃખ સહન કરવાં પડે છે, અને લાભ કાંઇ પ્રાપ્ત થતો નથી. આવી રીતે આજ ભવમાં પરીષહ સહન કરવામાં જ્યારે અનેક પ્રકારના લાભ છે ત્યારે તે પરભવ ઉપર મુલતવી રાખવામાં દેખીતું નુકશાન છે એ બાબતનો વિચાર કરી અત્ર શુદ્ધ વર્ત્તન રાખી તપ, જપ, ધ્યાન, સંયમ, ઇંદ્રિય દમન વિગેરે બાબતમાં વારંવાર વધારો કરવા ચીવટ રાખવી યોગ્ય છે. ૧૨

લોક સત્કારનો હેતુ, ગુણ વગરની ગતિ.

वंशस्थविल.

गुणांस्तवाश्रित्य नमन्त्यमी जना, ददत्युपध्यालयभैक्ष्यशिष्यकान् ।
विना गुणान् वेषमृषेर्बिभर्षि चेत्, ततष्ठकानां तव भाविनी गतिः ॥१३॥

આ લોકો તારા ગુણોને આશ્રયીને તને નમે છે અને ઉપધિ, ઉપાશ્રય, આહાર અને શિષ્યો તને આપે છે. હવે જો ગુણ વગર ઋષિ (યતિ)નો વેશ તું ધારણ કરતો હોઇશ તો ઠગના જેવી તારી ગતિ થશે.

ભાવાર્થ—અર્થ સ્પષ્ટ છે. મૂળ તારા સેવકો સારાં કપડાં તને આપવા ઇચ્છે છે. ઘરમાં સારી વસ્તુ કરે તો તને પ્રથમ આમંત્રણ કરે છે પોતે ઝુંપડામાં રહે છતાં તને મહેલ જેવા ઉપાશ્રયો રહેવા આપે છે અને છેવટે પોતાના વહાલા પુત્ર પુત્રીને પણ તારા શિષ્યપણે અર્પણ કરી દે છે;[૧] એ બધું તારામાં સાધુપણાના ઉત્તમ ગુણો વિગેરે દશ યતિ ધર્મો છે, એમ ધારીને આપે છે. આ ગુણો વગરના તારા જીવનને તો દંભી-પાપી-ધુતારાની ઉપમા અપાય અને જીંદગીનું ફળ પણ તેવુંજ મળે.

આ તેરમા શ્લોકમાં લોકરંજનથી અટકી મુનિપણાનો ગુણ ગ્રહણ કરવા ઉપદેશ કર્યો છે. દંભ-કપટ વિગેરે કરીને બહારથી દેખાવ કરનારને આ ઉપરથી બહુ સમજવાનું છે. સ્વમાનના +રૂપમાં આ જમાનામાં દંભને સારૂં રૂપ આપવામાં આવે છે. બુદ્ધિમાન યતિએ તેમાં દંભ શું છે તે સમજી જવું જોઇએ. આ મીઠો અવગુણ બોધિવૃક્ષનો ઘાત કરે છે અને પ્રાણીને પોતાની ખરી ફરજ શું છે. તેનો ખ્યાલ આવવા દેતો નથી દરેક યતિ-સાધુએ યાદ રાખવું કે તેનું કામ લોકોને કેવળ ખુશી કરવાનું નથી, પણ બરાબર શુદ્ધ માર્ગે દોરવાનું છે, દુનિયાના ઉપદેશક હોવાનો દાવો એકાંતમાં કુકર્મ કરે એવા શોખીનોને માટે તો અધો લોક તૈયાર છે, પણ અત્ર કલ્પેલા મુનિવર્ય તો મનમાં પણ ખરાબ વિચાર લાવે નહિ અને કાયાનું વર્તન તો બહુજ શુદ્ધ રાખે. આવા મુનિ તેજ સાધુ કહેવાય, બાકી તો **યતિના જતિ અને ગુરૂજીના ગોરજી** થઇ ગયા છે. તે શબ્દની માફક વર્તનમાં પણ અપભ્રંશ બતાવે છે. વીર પરમાત્મા શુદ્ધ પવનનો ફેલાવો કરે !

---

૧ આ શ્લોક પરથી વૈરાગ્યવાન્ પુત્રપુત્રીને શિષ્ય તરીકે વહોરાવવાનો પ્રચાર અગાઉ હતો એમ જણાય છે. એ બાબતમાં ગૃહસ્થો અને માતા ઉદાર ચિત્ત રહેતાં હતાં. તેમજ સાધુઓ પણ શિષ્યને વહોરી લેતા હતા એમ જણાય છે. એ સંબંધમાં હીરવિજયસૂરિ વિગેરેનાં દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. એ સંબંધમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં ત્રીજા પ્રકાશને છેડે સાત ક્ષેત્રના નિરૂપણમાં પુત્રપુત્રી વહોરાવવાનો ક્રમ સ્પષ્ટ બતાવે છે અને તેજ વિષયમાં શ્રી માનવિજયજી ઉપાધ્યાય ધર્મસંગ્રહમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છે.

લોકરંજન એ વાસ્તવિક રીતે શું છે ? લોકો થોડો વખત કહે કે અમુક યતિ સારા છે એમાં વળ્યું શું ? જ્યાં સર્વ સુખ દુઃખનો આધાર કર્મબંધ ઉપર છે ત્યાં બાહ્યદૃષ્ટિની કિંમત કેવળ મીંડા માત્ર છે. વળી બને છે એમ કે શુદ્ધ વર્તનવાળા પુરૂષને કેટલાક કારણસર કેટલીકવાર નુકશાન જાય છે ત્યારે લોકો તેની નિંદા કરે છે, પણ સાધુને તેવું કાંઇ હોતું જ નથી. મલ્લિનાથના સ્તવનમાં ઉપાધ્યાયજીએ લોકરંજન અને લોકોત્તર રંજનનો તોલ કરી લોકોત્તર રંજનને પ્રાધાન્ય આપ્યું છે અનંત કાળચક્રના રેલામાં ઘસડાઇ જનાર પામર જીવ ! તારા માની લેધેલા નાના સર્કલના ઉપર ઉપરના વખાણ માટે તું બધું ગુમાવી દેવાની ભૂલ કરીશ નહિ. ૧૩

યતિ સાવદ્ય આચરે તેમાં પરવંચનનો દોષ.

*उपजाति. (૧૪-૧૫)

वेषोपदेशाद्युपधिप्रतारिता ददत्यभीष्टानृजवोऽधुना जनाः ।
भुङ्क्षे च शेषे च सुखं विचेष्टसे, भवान्तरे ज्ञास्यसि तत्फलं पुनः ॥१४॥

વેશ, ઉપદેશ અને કપટથી છેતરાયલા ભદ્રક લોકો તને હાલ વાંછિત વસ્તુઓ આપે છે, તું સુખે ખાય છે, સુવે છે અને ફરતો ફરે છે, પણ આવતા ભવે તેનાં ફળ જાણીશ.

ભાવાર્થ—તેરમા શ્લોકમાં આ બાબતમાં બહુ કહ્યું છે. હે યતિ ! ભદ્રક જીવો તને ગુણવાન્ ધારીને પોતે ન ખાય તેવી વસ્તુઓ તને ખાવા માટે આપે છે, તેમ જ તને દરેક પ્રકારની સગવડ કરી આપે છે, તેનો તું ગેરલાભ લે છે. સાધુપણાને યોગ્ય તારૂં વર્તન ન હોય તો તારો તે વસ્તુપર કોઇપણ પ્રકારનો હક નથી. હક વગર તું કાંઇ પણ ગ્રહણ કરીશ તો દેવાદાર થઇશ અને તે ઉપરાંત દંભ કરવાથી મહા દુર્ગતિમાં જવું પડશે.

દંભ કરનારને ભવાંતરે તો મહા કષ્ટ થાય છે પણ અત્રે બહુ ઉપાધિ થઇ પડે છે; ખોટો દેખાવ જાળવી રાખવા અનેક ખટપટો કરવી પડે છે અસત્ય બોલવું પડે છે ખુશામત કરવી પડે છે અને છતાં પણ ખુલ્લા પડી જવાના ચાલુ ભયમાં રહેવું પડે છે. ઉપરના શ્લોકોમાં કહેલી હકીકત ઉપાધ્યાયજી ટુંકા શબ્દોમાં કહે છે " જે જુઠો દીએ ઉપદેશ, મનરંજનને ધરે વેશ, તેનો જૂઠો સકળ કલેશ હો લાલ-માયા મોસ ન કીજે. " ત્યારે ઉપદેશ અને વર્તન જુદાં રાખવાં એ **માયામૃષાવાદ** થયું એટલી વાત હાલ તુરત ધ્યાનમાં રાખવી આગળ ઉપર પ્રસંગે એ બાબતપર વધારે ખુલાસો થશે. ૧૪

* ઇંદ્રવંશા અને વંશસ્થનો સંકર થવાથી ઉપજાતિ થાય છે. આ ઉપજાતિ તે જાતનો છે. જુઓ છંદોનુશાસન.

નિર્ગુણ મુનિની ભક્તિથી તેને તથા ભકતોને ફળ થતું નથી.

आराधितो वा गुणवान् स्वयं तरन्, भवाब्धिमस्मानपि तारयिष्यति ।
श्रयन्ति ये त्वामिति भूरिभक्तिभिः, फलं तवैषां च किमस्ति निर्गुण ! ॥ १५ ॥

આ ગુણવાન પુરૂષની આરાધના કરી હોય તો તે ભવસમુદ્ર તરે ત્યારે આપણને પણ તારશે એવા પ્રકારની બહુ ભક્તિથી ઘણાં માણુસો તારો આશ્રય કરે છે. તેથી હે નિર્ગુણ ! તને અને તેઓને શું લાભ છે ?

ભાવાર્થ—આ સાધુ ગુણવાન્ છે એમ ધારી કેટલાક શ્રાવકો ભક્તિભાવથી તને વહોરાવે છે પણ તેથી તેઓને પુણ્યબંધ થશે એમ કલ્પી તેના કારણભૂત થવાથી તને પુણ્યબંધ થશે એમ તું ધારતો હો તો તારી ભૂલ છે, કારણ કે તારામાં તેના ધારેલા સારા ગુણો જરા પણ નથી. તારામાં ગુણ હોય અને ભવસમુદ્ર તરવાની શક્તિ હોય તો જૂદી વાત છે બાકી ખાલી કલ્પનાઓ કરવામાં તને કાંઈ પણ લાભ થવાનો નથી, એટલુંજ નહિ પણ હવે પછીના શ્લોકમાં જણાવવામાં આવશે એમ આ તારા વર્તનથી તો પાપનો બંધજ થશે.

બિચારા અલ્પજ્ઞાની જીવો ભદ્રકભાવથી તારો ધર્મબુદ્ધિએ આશ્રય કરે છે તે સંસારસમુદ્ર તરવામાં તારી સહાયની ઇચ્છાથી કરે છે, એવી સહાય તો તું કાંઇ આપતો નથી આપી શકતો નથી, ત્યારે તેને શું લાભ થાય ? ૧૫

નિર્ગુણ મુનિને પાપ બંધ થાય છે.

वंशस्थविल. (૧૬ થી ૧૯)

स्वयं प्रमादैर्निपतन् भवाम्बुधौ, कथं स्वभक्तानपि तारयिष्यसि ।
प्रतारयन् स्वार्थमृजन् शिवार्थिनः, स्वतोऽन्यतश्चैव विलुप्यसेंऽहसा ॥१६॥

તું પોતે પ્રમાદવડે સંસારસમુદ્રમાં પડતો જાય છે ત્યાં પોતાના ભકતોને તે કેવી રીતે તારવાનો હતો ? બિચારા મોક્ષાર્થી સરળ જીવોને પોતાના સ્વાર્થ માટે છેતરીને પોતાથી અને અન્ય દ્વારા પાપવડે તું ખરડાય છે.

ભાવાર્થ—મોક્ષ મેળવી સંસારજાળથી ફારેગ થવાની ઇચ્છાવાળા સરળ જીવો તારો આશ્રય કરી તારા ઉપદેશ પ્રમાણે વર્તન કરે છે, તેઓને છેતરીને તું 'અન્યદ્વારા' પાપબંધ કરે છે અને તે લીધેલાં પચ્ચખાણુ (મહાવ્રતો) નો વિષય કષાયાદિપ્રમાદસેવનથી ભંગ કરી 'પોતાથી' પાપબંધ કરે છે આવી રીતે હે મુને ! તું નિર્ગુણ છે તેથી તને લાભ થતો નથી એતો નિઃસંશય

છે, તારા જેવા દંભી, લોક સત્કારના અર્થીને વસ્ત્ર કે અન્ન આપવાથી આપનારને લાભ થાય અને તેનું નિમિત્ત તું હોવાથી તને લાભ થાય એવો દાંભિક ખ્યાલ છોડી દે; પણ સમજી લેજે કે આવા વર્તનથી તો તું બેવડો ભારે થાય છે, મહા પાપપંકમાં ખરડાય છે અને અનેક ભવ સુધી ઊંચો આવી શકે નહિ એવા સંસાર સમુદ્રમાં ગળે પથ્થર બાંધીને ડુબતો જાય છે.

હે યતિ ! તારા હાથમાં સંસારસમુદ્રને તરવાનું વહાણુ આવી ગયું છે તેને આવી રીતે વાપરવાની તારી મૂર્ખતા તજી દે, કપ્તાન થા, પવન જો અને પેલે છેડે મોક્ષનગર છે તે સાધ્ય બિંદુ નજરમાં રાખી ત્યાં પહોંચવા યત્ન કર. વચ્ચે ખરાબા કે ડુંગરો આવે છે તે ધ્યાનમાં રાખ અને મનમાં હિંમત રાખ આ નૌકાનો જે સાધુ ઉપયોગ કરતા નથી અને તેનો સ્વતઃ નાશ કરી બચવાનાં સાધનોને જ ઉલટા ડૂબાડવાનાં સાધનોમાં ફેરવી નાખે છે તે કોઇ પણ રીતે પોતાનો તેમજ પોતાના આશ્રિતોનો કલ્યાણનો માર્ગ લેતા નથી અને સંસારસમુદ્રમાં રખડયા કરે છે અથવા તળીએ જઇને બેસે છે. ૧૬

ગુણ વગર સ્તુતિની ઇચ્છા કરનારૂં ઋણ.

गुणैर्विहीनोऽपि जनानतिस्तुतिप्रतिग्रहान् यन्मुदितः प्रतीच्छसि ।
लुलायगोऽश्वोष्ट्रखरादिजन्मभिर्विना ततस्ते भविता न निष्क्रयः ॥ १७ ॥

તું ગુણ વિનાનો છે છતાં પણ લોકો તરફથી વંદન, સ્તુતિ, આહાર પાણીનું ગ્રહણ વિગેરે ખુશી થઇને મેળવવા ઇચ્છા રાખે છે, પણ યાદ રાખજે કે પાડા, ગાય, ઘોડા, ઉંટ કે ગધેડાના જન્મ લીધા વગર તું તે દેવામાંથી છૂટો થઇ શકીશ નહિ.

ભાવાર્થ—દેવું ભારોભાર તોળી આપવું પડશે, લેણુદેણ પતાવવી પડશે અને હિસાબ ચૂકતો કરવો પડશે. તું સમજીશ નહિ કે લોકો વાંદે છે, પૂજે છે, આહાર વહોરાવવા સારૂ આડા પડીને ઘેર લઇ જાય છે તે તને મફત પચી જશે. જો અત્રે તારી ફરજ બજાવીશ તો તું તે સર્વ મેળવવા માટે હકદાર છે, નહિં તો આવતા ભવમાં બળદ કે પાડા થઇને ભાર ખેંચી દેવાં પૂરાં કરવાં પડશે અથવા ગધેડા કે ઘોડા થઇને વાહન ખેંચવાં પડશે. ભરૂચના પાડા થઇને દેવું આપવું પડશે માટે ગુણ વગર સ્તુતિની ઇચ્છા રાખ નહિ. ગુણ માટે પ્રયાસ કર. પડાઇ પછવાડે પૂંછડું ચાલ્યું આવે છે, તેમ ગુણ પછવાડે સ્તુતિ તો ચાલી જ આવે છે. ૧૭

ધર્મના નિમિત્તથી રાખેલ પરિગ્રહ.

परिग्रहात्स्वीकृतधर्मसाधनाभिधानमात्रात्किमु मूढ! तुष्यसि ।
न वेत्सि हेम्नाप्यतिभारिता तरी, निमज्जयत्यङ्गिनमम्बुधौ द्रुतम् ॥ १८ ॥

હે મૂઢ! ધર્મના સાધનને ઉપકરણાદિનું નામ માત્ર આપીને સ્વીકારેલા પરિગ્રહથી તું કેમ હર્ષ પામે છે? શું જાણતો નથી કે વહાણમાં જો સોનાનો પણ અતિ ભાર ભર્યો હોય તો તે પણ બેસનાર પ્રાણીને તુરત જ સમુદ્રમાં બૂડાડે છે!

ભાવાર્થ—સોનું સર્વને પ્રિય લાગે છે, તેનો રંગ જોઇને પ્રાણી મોહમાં પડે છે, છતાં પણ એક વહાણમાં તેનો અતિ ભાર ભરવામાં આવે તો તે વહાણ પણ ડૂબે છે અને બેસનારને ડુબાડે છે, તેવી જ રીતે પરિગ્રહ પ્રિય લાગે છે, બાહ્યરૂપ જોઇ તેના પર મોહ લગાડે છે અને ખાસ કરીને ધર્મને નિમિત્તે કરવામાં આવતો પરિગ્રહ તો જરા પણ ખોટો છે એમ કેટલીકવાર વિચાર કર્યા વગર સમજવામાં પણ આવતું નથી, છતાં પણ યતિજીવનરૂપ વહાણમાં એ બહારથી સુંદર દેખાતા પરિગ્રહરૂપ સર્વનો અતિ ભાર[1] ભરવામાં આવે તો ચારિત્રનૌકા સંસારસમુદ્રમાં નાશ પામે છે અને એનો આશ્રય કરનાર મૂઢ જીવ પણ ડૂબે છે.

આવી રીતે જીવ આત્મવંચન કરે છે એ માને છે ધર્મ, પરંતુ પોતાને મૂર્છા થાય છે તે સમજતો નથી, પુસ્તકની મોટી લાઇબ્રેરી રાખો કે ભંડાર રાખો તેની સાથે અત્ર સંબંધ નથી અત્ર કહેવાનો ઉદ્દેશ એ જ છે કે કોઇ પણ વસ્તુ ઉપર ધર્મને નામે પણ હૃદયમાં મારા પણાની બુદ્ધિનો અહંમમ ભાવનો ત્યાગ કરો, એ પ્રમાણે થશે નહિ ત્યાંસુધી તમે પરિગ્રહથી મુક્ત છો એમ કહી શકાશે નહીં. અલબત, પોતાની પાસે પૈસા રાખવા, અથવા અમુક નિમિત્ત મનમાં કલ્પી શ્રાવકને ત્યાં જમે રાખવા કે શાસ્ત્રનો આદેશ દૂર કરી ઉત્સર્ગ અપવાદના નિમિત્ત વગર વધારે વસ્ત્રપાત્રાદિ રાખવાં એ તો અત્યાચાર જ છે અને બહુધા સંસાર વધારનાર જ છે; અત્ર તો જે હોય તેનાપર મમત્વબુદ્ધિ તજવાનો ઉપદેશ છે. ૧૮

મત્સરત્યાગ.

ध्रुवः प्रमादैर्भववारिधौ मुने, तव प्रपातः परमत्सरः पुनः ।
गले निबद्धोरुशिलोपमोऽस्ति चेत्कथं तदोन्मज्जनमप्यवाप्स्यसि ॥ १९ ॥

હે મુનિ! તું પ્રમાદ કરે છે તેને લીધે સંસારસમુદ્રમાં તારો પાત તો જાણે નક્કીજ છે પણ વળી પાછાં બીજા ઉપર મત્સર કરે છે તે ગળે બાંધેલી મોટી શિલા જેવો છે. ત્યારે પછી તો તું તેમાંથી ઊંચો પણ કેવી રીતે આવી શકીશ?

---

૧ સંયમના નિર્વાહ માટે કામે લાગતાં વસ્ત્ર પાત્રાદિકને 'ઉપકરણ' કહેવામાં આવે છે અને જે નકામાં મમતા બુદ્ધિથી એકઠાં કરેલાં હોય તેવાં ઉપકરણોને અધિકરણ કહેવામાં આવે છે (યતિદિનચર્યા) આજ હેતુથી તેવાં અધિકરણને અત્ર અતિભારરૂપ કહેવામાં આવેલ છે.

ભાવાર્થ—પ્રમાદ કરવાથી સંસારસમુદ્રમાં પાત થાય છે, સાધુધર્મમાં આત્મજાગૃતિ રાખવી એ મુખ્ય ધર્મ છે. જાગૃત રાખ્યા વગરનો વ્યવહાર નિંદ્ય છે, હેય છે, અધઃપાત કરાવનારો છે. આત્મજાગૃતિ ચૂકનાર પ્રમાદને વશ પડે છે અથવા પ્રમાદવશ પડેલો હોય તે આત્મજાગૃતિ કરી શકતો નથી. આ બન્ને વચન બરાબર સત્ય છે. સાધુને અપ્રમત્ત અવસ્થામાં રહેવાનું તેટલા માટે જ ફરમાન છે* અને છદ્મસ્થપણામાં અપ્રમત્તદશા તેમજ પ્રમત્તદશાની સ્થિતિના સંબંધમાં જે શાસ્ત્રકારનો લેખ છે તે યથાસ્થિત છે. અત્ર તો વિશાળ અર્થવાળા પ્રમાદાચરણ, મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રામાં ન પડવાનો ઉપદેશ છે. એ પ્રમાદ કરનારો જીવ અવશ્ય ઉત્ક્રાંતિમાં નીચો પડી જાય છે, અને સાથે જો મત્સર–ઇર્ષ્યા કરે તો તો પછી અધઃપાત થતી વખત ગળે મોટો પથરો બાંધે છે તેથી એનાથી તરીને ઉપરજ આવી શકાતું નથી અને બિચારો ક્ષણિકસુખ ખાતર અનંત કાળ સુધી સંસારસમુદ્રને તળીએ સબડ્યા કરે છે.

અત્ર પરમત્સર ન કરવો, પરઅવર્ણવાદ ન બોલવા અને પ્રમાદ ન કરવો એ ઉપદેશ છે. સાધુજીવનમાં આ ઉપદેશ ખાસ ઉપયોગી છે, પણ બીજાને તેનું ઉપયોગીપણું ઓછું નથી. ૧૯

वसन्ततिलका (૨૦ થી ૩૧)

जानेऽस्ति संयमतपोभिरमीभिरात्म–
न्नस्य प्रतिग्रहभरस्य न निष्क्रियोऽपि ।
किं दुर्गतौ निपततः शरणं तवास्ते,
सौख्यञ्च दास्यति परत्र किमित्यवेहि ॥ २० ॥

મારા જાણવા પ્રમાણે હે આત્મન્! આવા પ્રકારના સંયમ અને તપથી તો (ગૃહસ્થ પાસેથી લીધેલાં પાત્ર, ભોજન વિગેરે) વસ્તુઓનું ભાડું પણ પૂરું થતું નથી. ત્યારે દુર્ગતિમાં પડતાં તને શરણ શું થશે? અને પરલોકમાં સુખ કોણ આપશે? તેનો તું વિચાર કર.

ભાવાર્થ—+ બાહ્યાચાર માત્ર વેશ રાખવામાં આવે અથવા તદ્દન બાહ્યાડંબર માટે કરવામાં આવે તેનું ફળ શું તે અત્ર વિચારે છે. ગૃહસ્થ પાસેથી ભોજન, વસ્ત્ર, પાત્ર વિગેરે યતિને મફત મળે છે, જેને માટે સુરિમહારાજ કહે છે કે ઉકત દેખાતા માત્ર તપ સંયમથી તો તેનું ભાડું પણ વળતું નથી માટે હે યતિ! તારૂં

* समयं गोयम मा पमायए "ગૌતમ! સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહીં." એ વાક્ય પ્રમાદનું અત્યંત અનર્થકારીપણું બતાવવા માટે જ સમય સરખા સૂક્ષ્મ કાળને માટે પ્રવર્તેલું છે. કેમકે સમયપ્રમાણ ઉપયોગ છદ્મસ્થનો હોતો નથી, પણ અંતર્મુહૂર્તપ્રમાણ જ હોય છે.

દેવું ફેડવા માટે પણ તારે તારૂં વર્ત્તન બહુ જ ઉંચા પ્રકારનું રાખવાની જરૂર છે, જેઓ દુનિયાના ઉપદેશક હોવાનો દાવો કરતા હોય તેઓનું ચારિત્ર તો એવું સરસ અને અનુકરણીય હોવું જોઇએ કે એમાં બે ભેદ પડે જ નહીં. બાહ્ય દેખાવ જૂદો અને આંતર વર્ત્તન તદ્દન જૂદા પ્રકારનું એ વાત શુદ્ધ દશામાં વર્ત્તનારા જીવોની કલ્પનામાં પણ આવે નહીં અને લોકો પોતાને માટે શું ધારે છે એવો તો એના મનમાં ખ્યાલ પણ ન હોય. તેને કાંઇ પણ ખ્યાલ હોય તો તે પોતાની ઉંચા પ્રકારની ફરજનો ખ્યાલ હોય છે. આત્માના આ ભવ અને પરભવના સુખ માટે વેશ અને વર્ત્તનની ઐકયતા કરવાની ખાસ જરૂર છે.

+ આવા શ્લોકોમાં બાહ્યાડંબર—વેશ ધારણ કરનારને માટે બહુ કહ્યું છે ગોરજી, શ્રીપૂજ્યો, જતિ અને સંવેગી પક્ષમાં પણ કેટલાક માત્ર વેશધારી હોય તેમણે આટલી હકીકત ઉપરથી બહુ બહુ સમજવાનું છે. દોરા ધાગા કરી, ગૃહકાર્યાદિ સાવદ્ય કામોમાં સલાહ કારક બની દૃષ્ટિરાગી ભગતો બનાવી, મુગ્ધ પ્રાણીઓને ધર્મને નામે છેતરનાર, ધર્મને બ્હાને આજીવિકા ચલાવનાર, કેશના પટીઆં પાડી ધર્મને દુનિઆની દૃષ્ટિમાં હલકો પાડનાર આવા મૂર્ખદત્તો પોતાની જાતને સંસારસમુદ્રમાં પાડે છે અને સાથે ડોકમાં આશ્રિત જનને ડુબાડવાના પાપરૂપપથ્થર બાંધે છે તેથી તે ફરીને ઉંચા આવતાજ નથી. વળી કેટલીકવાર સંવેગી પક્ષ જેવા શુદ્ધ કહાહમાં પણ કેટલાક નાપસંદ કરવા લાયક દેખાવો જોવામાં આવે છે. સંભળાય ન અસુસ કરીને તેવી શુદ્ધ ગુરૂણીજીઓના સમુદાયમાં પણ કેટલીકની સ્થિતિપર ધ્યાન આપવાની બહુ જરૂર જણાય છે વેશથી કાંઇ લાભ નથી અને તેથી લોકોને છેતરવારૂપ નુકશાન છે એ સ્પષ્ટ છે. વળી આટલું લખતાં સૂરિમહારાજ સારી રીતે જાણે છે કે વેશથી કોઇ વખત પ્રાણી શરમની ખાતર—દેખાવ ખાતર પણ અયોગ્ય રસ્તે જતાં અટકે છે. સાધુ—મહંત—ત્યાગી—વૈરાગી જેવા ભાવનામય જીવનનો દેખાવ રાખ્યાથીજ લોકો મહા ઉતમ વર્તનની આશા રાખે છે અને તેજ જગોએ જયારે કાંઇ પણ ચારિત્ર ન હોય ત્યારે કેટલું ખેદ કરવા જેવું ગણાય એ વિચાર કરવાથી સમજાઇ જાય તેવું છે + + ૨૦

વેશમાત્રથી કાંઇ વળતું નથી.

आजीविकार्थमिह यद्यतिवेशमेषं[1],
धत्से चरित्रममलं न तु कष्टभीरुः ।
तद्वेत्सि किं न न बिभेति जगज्जिघृक्षु[2]-
र्मृत्युः कुतोऽपि नरकश्च न वेषमात्रात् ॥ २१ ॥

१ मेव इत्यपि पाठान्तरं दृश्यते । २ जगज्जिवत्सुरिति पाठान्तरम्

તું આજીવિકા માટે જ આ સંસારમાં યતિનો વેશ ધારણ કરે છે પણ કષ્ટથી બ્હી જઇને શુદ્ધ ચારિત્ર પાળતો નથી; પણ તને ખબર નથી કે તમામ જગતને ગ્ર હણ કરવાની ઇચ્છાવાળું મૃત્યુ અને નરક કાંઇ કોઈ પણ પ્રાણીના વેશ ઉપરથી ડરી જતાં નથી.

ભાવાર્થ—કોઇ અજ્ઞાની જીવ સંસારના દુખથી પીડાઇ દુઃખ ગર્ભિત વૈરાગ્યનો ડોળ ધારણ કરી (યતિ થયા પછી) ત્યાં પણ શ્રાવકો પાસેથી સારી સારી ગોચરી મેળવવાનોજ લોભ રાખે છે, પણ ચારિત્રની ક્રિયા કરતો નથી, અગાઉના શ્લોકમાં ભાવાર્થરૂપે બતાવેલું વર્તન જરાપણ કરતો નથી, પરંતુ એક નવી જાતનોજ સંસાર આરંભે છે કેટલાક નામ ધારી શ્રીપૂજ્યો અને ગોરજીઓ તો ચારિત્રના પ્રાણભૂત ચતુર્થવ્રત ભંગ કરવા સુધીની હદે પણ પહોંચી જાય છે; તેઓને તો આ અધિકારમાં રહેવાની પણ જગ્યા નથી. શિથિળાચારી, એકલવિહારી, આધાકર્મી આહાર લેનાર વિગેરેને કષ્ટભીરૂ કહ્યા છે પરીષહ ઉપસર્ગથી ડરી જનારા યતિને ઉદ્દેશીને કહે છે કે મૃત્યુ આખી દુનિયાનો કોળીઓ કરી જતું વાટ જોઇ રહ્યું છે, તેના દાંતમાંથી કોઇ બચ્યું નથી અને તેની પેલી બાજુએ ભયંકર અંધકારથી ભરેલું દુઃખનુંજ સ્થળ અને કલ્પના માત્રથી પણ શરીરને ધ્રુજાવનાર નરક દેખાય છે. આ બન્ને (મૃત્યુ અને નરક) વેશની દરકાર રાખતા નથી તેઓ એવા સપ્ત છે કે કોઇને છોડતા નથી, છતાં પણ અગાઉના શ્લોકમાં ભાવાર્થ તરીકે કહ્યું તેવું આચરણ કરનારા મહાત્માઓ તો તેને પણ એવા જીતી જાય છે કે પાછા ફરી વાર તેનાં દર્શન પણ ન કરે, ટુંકામાં અજર અમર થઈ જાય છે. માટે શુદ્ધ ચારિત્ર ધારણ કરી મનમાં ખુશી થજે માત્ર વેશથી રાચીશ નહિ સાધુપણાની ફરજ એક બાજુએ અને બીજી બાજુએ નારકી તથા મૃત્યુ ધ્યાનમાં રાખજે ફરજ ભૂલ્યો તો બન્ને રાક્ષસો તૈયાર છે એ મનમાં ચોકસ રાખજે. ૨૧

કેવળ વેશ ધારણ કરનારને તો ઉલટો દોષ પ્રાપ્ત થાય છે.

वेषेण माद्यसि यतेश्चरणं विनात्मन्,
पूजां च वाञ्छसि जनाद्बहुधोपधिं च ।
मुग्धप्रतारणभवे नरकेऽसि गन्ता,
न्यायं बिभर्षि तदजागलकर्तरीयम् ॥ २२ ॥

હે આત્મન્! તું વર્તન (ચારિત્ર) વગર માત્ર યતિના વેશથીજ મક્કમ રહે છે (અહંકાર કરે છે) અને વળી લોકોની પૂજાની અપેક્ષા રાખે છે અને અનેક પ્રકારે વસ્ત્રપાત્રાદિ ઉપધિ મેળવવાની ઈચ્છા રાખે છે, તેથી ભોળા વિશ્વાસ રાખનારા લોકોને છેતરવાથી પ્રાપ્ત કરેલ નરકમાં તું જરૂર જવાનો છે એમ લાગે છે ખરેખર તું અજાગળ કર્ત્તરી ન્યાય ધારણ કરે છે.

ભાવાર્થ—ઉપધિ એ ધર્મોપકરણ સાધુનાં વસ્ત્ર, પાત્ર વિગેરેના સમૂહવાચી શબ્દ છે. લોકો વંદન નમસ્કાર કરે એવી ઇચ્છા રાખવી અને અનેક પ્રકારની ઉપધિ મેળવવા ઇચ્છા રાખવી એ ગુણ વગર ઠીક નથી. વંદન કોને ઘટે ? ઉપધિ શા માટે રાખવાની છે ? એ કાંઈ મોજ શોખનું સાધન નથી, એ તો સંયમ ગુણની વૃદ્ધિમાં અગવડ ન પડે તે સારૂ યોજેલ સાધન છે આવા બાહ્યાચાર ઉપર વૃત્તિ રાખવી અને પોતાનું વર્તન જરા પણ ઉંચું ન રાખવું એ પોતાને હાથે પોતાનો વધ કરવા જેવું છે. જેવી રીતે બકરીને એક ખાટકીએ મારવા તૈયાર કરી અને તે સારૂ છરી શોધવા લાગ્યો બીજેથી તેને છરી પ્રાપ્ત થઇ નહિ, પણ જાતિ સ્વભાવથી બકરીએ ભૂમિ ઉખેડી, પોતે દીઠેલી છરી કાઢી, ઉપર ધૂળ નાખી, અને તે ભાગ ઉપર ગળું રાખી તે છરી છુપાવવાની બુદ્ધિએ બેઠી. પરંતુ એમ કરવા જતાં એજ કાતિ વડે તેનો નાશ થયો આ (અજાગળ કર્તરી) ન્યાય છે આવી રીતે પોતાના હાથથીજ પોતાનો નાશ કરવો એ અનુચિત વર્તન છે. માત્ર વેશ યતિનો રાખવો અને વર્તન ખોટું રાખવું એથી દુર્ગતિરૂપ દુઃખ સ્વહસ્તે મેળવવા જેવું થાય છે. શુદ્ધ ચારિત્રવાન પણ વંદન, નમસ્કાર કે ઉપધિની વાંચ્છા કરતા નથી પણ કદિ તેઓ કરે તો નીતિની અપેક્ષાયે કાંઇ પણ વાજબી ગણાય, કારણ કે તેમ કરવાને તેઓનો હક છે. પણ હે નામધારી ! તારે તો એક પણ બચાવનું સાધન નથી. ૨૨

વર્તન વિનાનું લોકરંજન, બોધિવૃક્ષને કુહાડો, સંસારસમુદ્રમાં પાત.

किं लोकसत्कृतिनमस्करणार्चनाद्यै, रे मुग्ध तुष्यसि विनापि विशुद्धयोगान् ।
कृन्तन् भवान्धुपतने तव यत्प्रमादो, बोधिद्रुमाश्रयमिमानि करोति पर्शून् ॥ २३ ॥

તારા ત્રિકરણ યોગ વિશુદ્ધ નથી છતાં પણ લોકો તારો આદર સત્કાર કરે, તને નમસ્કાર કરે અથવા તારી પૂજા સેવા કરે ત્યારે હે મૂઢ ! તું શા માટે સંતોષ માને છે ? સંસારસમુદ્રમાં પડતાં તને આધાર ફક્ત બોધિવૃક્ષનો જ છે તે ઝાડને કાપી નાખવામાં નમસ્કારાદિથી થતો સંતોષાદ પ્રમાદ આ (લોક સત્કાર વિગેરે) ને કુહાડા બનાવે છે.

ભાવાર્થ—મનની અસ્થિરતા ઓછી થઇ નથી વચનપર અંકુશ આવ્યો નથી, કાયાના યોગો કાબુમાં નથી અને તેમ છતાં પણ લોકો વંદન, પૂજન[1], ભક્તિ કરે ત્યારે તારા મનમાં આનંદ આવે છે એ કેટલું ખોટું છે ? હે સાધુ ? તેવાં વંદન પૂજન ઉપર તારો હક શું છે ? તું જરા સમજ કે આ સંસાર એ સમુદ્ર છે, એમાં જે ડૂબે છે તેનો છેડો અનંતકાળે પણ આવતો નથી, છતાં તેમાંથી બચવા માટે બોધિવૃક્ષ-સમ્યક્ત્વતરૂ પ્રાપ્ત થઇ જાય તો બચાવ થાય છે. પરંતુ તને પ્રમાદ

૧ વાસક્ષેપ બરાસ વિગેર ઉત્તમ ગંધોથી.

થાય છે તે શિથિળતાને લીધે આ વંદન નમસ્કાર ઉપર કહેલા વૃક્ષને કાપી નાખવામાં કુહાડાનું કામ કરે છે, એ વૃક્ષનો નાશ થયો અને તેથી કરીને એ વૃક્ષનો એક વખત પણ આશ્રય તને ન મળ્યો તો પછી તું સંસારસમુદ્રમાં ઘસડાઇ જઇશ ત્યાં તને કોઇ પણ પ્રકારનો આશ્રય મળશે નહિ.

તારા શુદ્ધ વેશથી તારી જવાબદારી કેટલી વધે છે તેનો તું વિચાર કર દુનિયા તારી પાસેથી તારી પ્રતિજ્ઞાને અનુસારે કેટલા ઊંચા વર્તનની આશા રાખે તેનો ખ્યાલ કર હે મુનિ ! જરા અંતરંગચક્ષુ ઉઘાડ આવો યોગ આવી સામગ્રી તને ફરી મળવી બહુ મુશ્કેલ છે ડહાપણ વાપરી સમયનો ઉપયોગ કર. ઉપલક્ષણથી મુનિનો અધિકાર છતાં પણ શ્રાવકે ખાસ આ શ્લોકના ભાવાર્થથી વિચાર કરી સમજવાનું છે કે શ્રાવકપણાનો ડોળ ધારણ કરી ગુરુ સિવાય મારામારી કરી ધમાધમીથી નોકારશી આદિનાં જમણ જમવાં, અનેક પ્રકારની ભાવનાઓ વગર હકે, અનીતિથી, વગર ગુણે, એક વખતથી પણ વધારે વખત લેવાની તુચ્છતા કરી, તેના હકદાર તરીકે પોતાના આત્માને માનવો એ બહુ વિચારવા જેવું છે. આવો વિચાર શ્રાવકે પણ પોતાના આત્માને માટે આ અધિકારમાં દરેક સ્થળે કરવાનો છે. ૨૩

યતિપણાનું સુખ અને ફરજ.

नाजीविकाप्रणयिनीतनयादिचिन्ता, [1]नो राजभीश्च भगवत्समयं च वेत्सि ।
शुद्धे तथापि चरणे यतसे न भिक्षो, तत्ते परिग्रहभरो नरकार्थमेव ॥ २४ ॥

તારે આજીવિકા, સ્ત્રી, પુત્ર વિગેરેની ચિંતા નથી, રાજ્ય તરફની બીક નથી અને ભગવાનનાં સિદ્ધાંતો તું જાણે છે અથવા સિદ્ધાંતનાં પુસ્તકો તારી પાસે છે, છતાં પણ હે યતિ ! જો તું શુદ્ધ ચારિત્ર માટે યત્ન કરીશ નહિ તો પછી તારી પાસેની વસ્તુઓનો ભાર (પરિગ્રહ) નરક માટે જ છે.

ભાવાર્થ—તારે બે પાંચનાં પેટ ભરવાં નથી, સ્ત્રી સારૂ સાડી કે બંગડીઓ લેવી નથી, પુત્ર નું વેવિશાળ કે લગ્નાદિ કરવાં નથી કે કુટુંબની અનેક ઉપાધિઓ કરવી પડતી નથી. તારે કમાવાની માથાકુટ નથી અને આ સખ્ત હરિફાઇના જમાનામાં તારે હાથ પણ હલાવવો પડતો નથી, તારી પાસે મોટી પુંજી પણ નથી કે અગાઉના વખતમાં તને રાજ્ય તરફથી ભય હતો અને હાલના વખતમાં નકામા કજીઆના ખરચમાં લુંટાવાનો ભય છે, તેવો ભય તારે હોય. આ સર્વ ઉપરાંત તું જ્ઞાની છે, સમજું છે, શાસ્ત્રવિદ્ છે અને વીરપરમાત્માએ સર્વ સમયને અનુકૂળ થાય છે તેવાં બતાવેલાં સિદ્ધાંતોનું રહસ્ય જાણનાર છે. આટલી સગવડ છતાં પણ જો તું શુદ્ધ ચારિત્ર પાળતો નથી તો પછી તારૂં ભવિષ્ય અમને તો સારૂં લાગતું નથી. તું

१ नो राजभीर्वरसि चागमपुस्तकानीति वा पाठः

ઇંદ્રિયરૂપી ચોરોથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નોની રક્ષા.

दासत्वं विषयप्रभोर्गतवतामात्मापि येषां पर-
स्तेषां भो गुणदोषशून्यमनसां किं तत्पुनर्नश्यति ।
भेतव्यं भवतैव यस्य भुवनप्रद्योति रत्नत्रयं,
भ्राम्यन्तीन्द्रियतस्कराश्च परितस्त्वं तन्मुहुर्जागृहि ॥ ३७ ॥

હે મુનિ ! જેઓ વિષયરૂપી સ્વામીના દાસ થઇ ગયા છે, તેમનો જો કે આત્મા ઉત્કૃષ્ટ છે, પણ તેમનું મન ગુણ અને દોષથી શૂન્ય થઇ ગયું છે, એટલે તેમને પછી નાશ પામવાનું કાંઇ રહ્યું નથી, તેથી તેમને જાગ્રતિ રાખવાની જરૂર નથી, પરંતુ તારે તો બ્હીતા રહેવું. કારણ કે, આ ભુવનને પ્રકાશિત કરનારા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નો જે તારી પાસે રહેલાં છે, તેમને ચોરી લેવા માટે તેની આસપાસ ઇંદ્રિયરૂપી ચોર લોકો હંમેશાં ફર્યા કરે છે. ૩૭

યતિને માટે ટુંક શિખામણ.

મનહર.

* ભુલે ફિરે ભ્રમ તે કહત કછુ ઔર ઔર,
કરત ન તાપ દૂરી કરત સંતાપકુ;
દક્ષ ભયો રહે પુંની દક્ષપ્રજાપતિ જેસે
દેત પર દીક્ષણા ન દીક્ષા દેત આપકું.
સુંદર કહત એસે જામે ન યુગતી કછુ;
ઔર જાપ જપ ન જપત નીજ જાપકું,
બાલ ભયો જવાન ભયો વય વીતે વ્રધ ભયો,
વપુ રૂપ હોઇકે વીસરી ગયો આપકું ૩૮

આ પ્રમાણે બોધ આપતાં આ **યતિશિક્ષોપદેશ** અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

अर्धदग्ध साधु अवस्था-अधिकार.

કુસાધુના હિતાર્થે અને આત્મતેજ ઓળખાવવા યતિશિક્ષોપદેશ અધિકાર પૂર્વે લખાયો છે પરંતુ જ્યાં સુધી મનરૂપી ઘોડાની સ્થિતિ સાધુ અવસ્થામાં દ્રઢ થતી નથી ત્યાં સુધી ફક્ત સાધુવેશ પહેરવાથી આત્મકલ્યાણ સાધી શકાતું નથી પણ ઉલટું અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવી અવસ્થા થઇ રહે છે.

* સુંદરદાસ.

સંસારમાં કોઇ પણ જાતનો મોહ કે મમત્વ રહી જવાથી અથવા સાધુ અવસ્થા પ્રાપ્ત થવા છતાં ત્યાજ્ય કરેલ ભાવનામાં વૃત્તિ જવાથી તેવા અર્ધદગ્ધ સાધુની શી સ્થિતિ થાય તે જાણવાને આ અધિકાર લખવામાં આવે છે.

અસ્થિર ચિત્તમાં અશાંતિ.

अनुष्टुप्–(१-२).

वने रतिर्विरक्तानां, रक्तानां च जने रतिः ।
अनवस्थितचित्तानां, न वने न जने रतिः ॥१॥

સંસારથી વિરક્ત પુરૂષોને વનમાં આનન્દ રહે છે. સંસારમાં આસક્ત પુરૂષોને જન સમાજમાં આનન્દ રહે છે, અને અસ્થિર ચિત્તવાળાઓને તો અરણ્ય અગર જનસમાજ બન્નેમાં આનન્દ હોતો નથી. ૧

હિત શિક્ષાનો દુરોપયોગ.

अपथ्यसेवको रोगी, सद्वेषो हितवादिषु ।
नीरोगोऽप्यौषधमाशी, मुमूर्षुर्नात्र संशयः ॥२॥

રોગી છતાં જે પુરૂષ અપથ્ય–રોગોત્પાદક પદાર્થોને સેવે છે. અર્થાત્ તેવાં ભોજનાદિ ઉપયોગમાં લે છે. અને જે પુરૂષ હિત-ફાયદાકારક ઉપદેશ આપનારાઓમાં દ્વેષ રાખે છે. તથા જે પુરૂષ નીરોગી છતાં ઔષધો ખાધા કરે છે. આ ત્રણેય પુરૂષો મૃત્યુને ચાહનારા છે. તેમાં સંશય નથી. ૨

ગુરૂ ગુરૂમાં રહેલો તફાવત

उपजाति.

काष्ठे च काष्ठेऽन्तरता यथास्ति, दुग्धे च दुग्धेऽन्तरता यथास्ति ।
जले जले चान्तरता यथास्ति, गुरौ गुरौ चान्तरता तथास्ति ॥३॥

જેમ કાષ્ઠ કાષ્ઠમાં તફાવત છે. એટલે એક કાષ્ઠ–લાકડું થોડી કિંમતે મળે છે, અને બીજું લાકડું તેનાથી સો ગણી કિંમતે પણ તેટલું મળી શકતું નથી, જેમ દૂધ દૂધમાં તફાવત છે. અને જેમ પાણી પાણીમાં અન્તર છે. તેમ ગુરૂ ગુરૂમાં પણ તફાવત છે. ૩

અંધકારનું સ્થાન.

मन्दाक्रान्ता.

प्रातः पुष्णो भवति महिमानोपतापाय यस्मात् ,
कालेनास्तं क इह न गताः के न यस्यन्ति चान्ये ।

एतावत्तु व्यथयति यदा लोकबाह्यैस्तमोभि-
स्तस्मिन्नेव प्रकृतिमलिनैर्व्योम्नि लब्धोऽवकाशः ॥४॥

પ્રાતઃકાલે સૂર્યનો મહિમા મારા ઉપતાપ માટે નથી એટલેકે પ્રાતઃકાલે સૂર્યના ઉદયથી અન્ધકારનો નાશ થઈ જાય છે. તેમાં મને કશો ઉપતાપ નથી; કારણ કે આ જગત્માં કાળથી કયા પદાર્થો અસ્ત પામતા નથી. અથવા બીજા કયા પદાર્થો અસ્ત નહિં પામે ? અર્થાત્ તેમ સર્વનું થતું આવ્યું છે. પરન્તુ આમાં આટલી બાબત મને પીડા કરે છે. કે સ્વભાવથી મલિન એવાં તે લોક બાહ્ય અન્ધાકારએ તે આકાશમાં જ જગ્યા–રહેઠાણુ મેળવ્યું છે. અર્થાત્ સૂર્યે અન્ધકારને જ્યાંથી કાઢી મૂક્યું છે. તે સ્થાનના એક ભાગમાં અંધારૂં રહ્યું છે તે બાબતની પીડા થાય છે. ૪

ઇંદ્રવિજય.

માનિકું હોય ન મદૃવતા ગુણ,
મદૃવતા તવ કાહેકો માનિ;
દાનિ ન હોય અદત્ત જિકોજુ,
અદત્ત ભયો તેતો કાહેકો દાનિ;
ધ્યાનિકું ચંચલતા નવિ વ્યાપત,
ચંચલતા તબ કાહેકો ધ્યાની;
જ્ઞાનિ ન હોય ગુમાની શુણો નર,
માન અહેતવ કાહેકો જ્ઞાનિ   ૫

આ પ્રમાણે **અર્ધદગ્ધ સાધુની** સ્થિતિ સમજાવતાં આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

साधु आत्मनिन्दा—अधिकार.

સાધુ (ત્યાગી અને સજ્જન) પુરૂષમાં, મનોનિગ્રહ, મમત્વ ત્યાગ તેમજ માન માયાનો વિધ્વંસ હોવો જોઇએ. અને તેમ હોય તોજ વેશ શોભા યુક્ત હોઇ શકે, કેમકે ત્યાગ અને મોહ એ ઉભયનો સંબંધ એક સ્થાને હોઈ શકતો નથી. આટલું છતાં પૂર્વે સાધુના અયોગ્ય વર્તનમાટે કહેવામાં આવ્યું છે. આવા દુર્ગુણોથી મુક્ત થવા વિચાર કરવો અને તે તજવાને મથન કરવું તેમજ પોતાના દોષ–ભૂલ માટે પસ્તાવો કરવો તે પોતાની ખોવાએલ બાજી હાથ કરવાને સોનેરી તક છે. અને તેથી સાધુ પુરૂષોને પોતાની ભુલ સુધારવા માટે અને આત્માને ઓળખવા માટે આત્મનિંદાનો આ અધિકાર લખવામાં આવે છે.

સાધુવેષના આડંબરની નિંદા.

शार्दूलविक्रीडित (૧ થી ૪)

कट्यां चोलपटं तनौ सितपटं कृत्वा शिरोलुञ्चनं,
स्कन्धे कम्बलिकां रजोहरणकं निक्षिप्य कक्षान्तरे ।
वक्त्रे वस्त्रमथो विधाय ददतः श्रीधर्मलाभाशिषं,
वेषाडम्बरिणः स्वजीवनकृते विद्मो गतिं नात्मनः ॥१॥

કેડ પર ચોલપટ્ટાને ધારણ કરીને, શરીરપર શ્વેત વસ્ત્ર (કપડાં) ઓઢીને, મસ્તકનો લોચ કરીને, ખાંધે કામળી રાખીને, બગલમાં રજોહરણ (ઓઘો) નાંખીને, તથા મુખ ઉપર વસ્ત્ર (મુખવસ્ત્રિકા) રાખીને શ્રી ધર્મલાભ એવા આશીર્વાદને દેતા તથા પોતાની આજીવિકાને માટે વેશનો આડંબર કરતા એવા આત્માની (જીવની) કઇ ગતિ થશે ? એ અમે જાણતા નથી. ૧ *

પરિગ્રહની નિંદા.

वस्त्रं पात्रमुपाश्रयं बहुविधं भक्ष्यं चतुर्धौषधं,
शय्यापुस्तकपुस्तकोपकरणं शिष्यं च शिक्षामपि ।
गृह्णीमः परकीयमेव सुतरामाजन्म वृद्धाः वयं,
यास्यामः कथमीदृशेन तपसा तेषां हहा निष्क्रयम् ॥२॥

ઘણા પ્રકારનાં વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય, ચાર પ્રકારનો આહાર, ઔષધ, શય્યા, પુસ્તક, પુસ્તકના ઉપકરણ (સાપડા, પાટલી વિગેરે), શિષ્ય અને ઉપદેશ, આ સર્વ પારકી વસ્તુનેજ જન્મથી આરંભીને અમે વૃદ્ધો અત્યંત ગ્રહણ કરીએ છીએ, એટલે કે દીક્ષા ગ્રહણ કરી ત્યારથી આરંભીને અત્યારે વૃદ્ધ થયા છીએ ત્યાં સુધી પારકી વસ્તુઓજ ગ્રહણ કરી છે. તો અહો ! તે સર્વ વસ્તુના નિષ્ક્રયને (ઋણ રહિતપણાને) આવા તપથી અમે શી રીતે પામશું ? અર્થાત્ કાંઇપણ ઉત્કૃષ્ટ તપ કરતા નથી તેથી તે લીધેલી વસ્તુઓનો પ્રતીકાર કોઇ રીતે પણ થઇ શકશે નહીં. ૨

પાખંડની નિંદા.

अन्तर्मत्सरिणां बहिः शमवतां प्रच्छन्नपापात्मनां,
नद्यम्भःकृतशुद्धिमद्यपवणिग्दुर्वासनाशालिनाम् ।
पाखण्डव्रतधारिणां बकदृशां मिथ्यादृशामीदृशां,
बद्धोऽहं धुरि तावदेव चरितैस्तन्मे हहा का गतिः ॥३॥

* ૧ થી ૩ કાવ્યમાલા ગુચ્છક સાતમો.

અંતઃકરણમાં મત્સર (દ્વેષ) ને ધારણ કરનાર, બહારથી શમતાને ધારણ કરનાર, ગુપ્ત રીતે પાપ કરનાર, નદીના જળથી (આત્માની) શુદ્ધિ કરનાર, મદિરા પાનવાળા વણિક્‌ની જેમ દુષ્ટ વાસના અને આશાને ધારણ કરનાર, પાખંડ વ્રતનો અંગીકાર કરનાર, બગલાની જેવી દૃષ્ટિવાળા (બગધ્યાની), આવા મિથ્યાદૃષ્ટિઓના અગ્રભાગને વિષે તેવાજ આચરણોથી હું બંધાયેલો છું. તો અહો ! મારી શી ગતિ થશે ? અર્થાત્ આવા ચારિત્રોથી મારી દુર્ગતિ થશે. ૩

જ્ઞાનીની સ્તુતિપૂર્વક અજ્ઞાનીની નિંદા.

ब्रह्मज्ञानविवेकनिर्मलधियः कुर्वन्त्यहो दुष्करं,
यन्मुञ्चन्त्युपभोगभाञ्ज्यपि धनान्येकान्ततो निःस्पृहाः ।
सम्प्राप्तान्न पुरा न सम्प्रति न च प्राप्तौ दृढप्रत्यया,
वाञ्छामात्रपरिग्रहानपि परं त्यक्तुं न शक्ता वयम् ॥४॥

અહો ! બ્રહ્મજ્ઞાનના વિવેકે કરીને નિર્મળ બુદ્ધિવાળા પુરૂષો દુષ્કર કાર્યને કરે છે. કારણ કે તેઓ એકાંતપણે નિઃસ્પૃહ (ઇચ્છા રહિત) થઈને ઉપભોગમાં ઉપયોગી ધનનો પણ ત્યાગ કરે છે. પરંતુ અમને તો પહેલાં (પૂર્વ જન્મમાં) પણ પ્રાપ્ત થયેલા નથી, અત્યારે (આ ભવમાં) પણ પ્રાપ્ત થતા નથી, અને (હવે પછી એટલે આવતા ભવમાં) પ્રાપ્ત થશે કે નહીં તે વિષયમાં અમે દૃઢ વિશ્વાસવાળા નથી. તો પણ તે પરિગ્રહની માત્ર વાંછાને પણ અમે ત્યાગ કરવા સમર્થ થતા નથી, એ અતિ ખેદની વાત છે. ૪

ચારિત્ર પર અરૂચિ થવાનાં કારણો પૂર્વક આત્મનિંદા.

स्रग्धरा.

किं भावी नारकोऽहं किमुत बहुभवी दूरभव्यो नभव्यः,
किं वाऽहं कृष्णपक्षी किमचरमगुणस्थानकं कर्मदोषात् ।
वह्निज्वालेव शिक्षा व्रतमपि विषवत्खड्गधारा तपस्या,
स्वाध्यायः कर्णसूची यम इव विषमः संयमो यद्विभाति ॥५॥

શું હું કર્મના દોષને લીધે નારકી થવાનો હઈશ ? કે બહુભવ (ઘણા સંસાર વાળો) હઈશ ? કે દૂર ભવી હઈશ ? કે અભવ્ય હઈશ ? કે કૃષ્ણપખીયો હઈશ ? કે પહેલા ગુણસ્થાનક (મિથ્યાત્વ ગુણસ્થાન) વાળો હઈશ ? કે જેથી કરીને મને ધર્મશિક્ષા (ઉપદેશ) અગ્નિજવાળા જેવી ભાસે છે, વ્રત પણ વિષ જેવું ભાસે છે, ત-

પસ્યા ખડ્ગની ધારા જેવી ભાસે છે, સ્વાધ્યાય (સઝાયધ્યાન) કાનમાં સોય જેવો ભાસે છે, અને સંયમ (ચારિત્ર) યમરાજની જેવો વિષમ ભાસે છે. ૫

આમ પશ્ચાત્તાપ દર્શાવતાં **સાધુઆત્મનિંદા** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

गुरु गृहस्थ भेद–अधिकार.

સાધુ પુરૂષોનો ત્યાગગુણ એટલો તો મહાન્ છે કે તેથી તેમનામાં રહેલ તેજ અલૌકિક પ્રભાવશાળી જોવાય છે. કેટલાકનું માનવું છે કે સંસારમાં ગૃહસ્થ તરીકે રહીને પણ લોભ, માન, માયા વિગેરે દુર્ગુણોનો ત્યાગ કરવાથી પવિત્ર અને પ્રભાવશાળી જીવન પ્રાપ્ત થઇ શકે છે. પરંતુ તે બાબતમાં કેટલેક અંશે ભૂલ છે. અલબત એટલું ખરૂં છે કે સદ્ગુણના સેવનથી ગૃહસ્થજીવન પ્રસંશનીય લેખાશે પરંતુ ગૃહસ્થજીવનમાં રહ્યા થકા જૂદા જૂદા પ્રસંગોમાં વ્યવહાર દૃષ્ટિએ આવરણો આવી પડવાથી તેવા નિર્મોહજીવનમાં ક્વચિત્ અંતરાય આવી પડવાના દરેક સંભવ રહે છે. અને તેથી ગૃહસ્થને ગુરૂપદની ઉપમા વાસ્તવીક રીતે ઘટી શકતી નથી. મતલબ કે ગુરૂપદને યોગ્ય થવા માટે પ્રથમ ત્યાગની જરૂર છે. તેથી ગૃહસ્થ ગુરૂ કહી શકાય નહિ તેની ખાત્રી માટે આ અધિકાર લખવામાં આવે છે.

***પ્રશ્ન**—આપે પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિના પ્રસંગમાં કહ્યું છે કે–તે જીવ શુદ્ધ તત્ત્વના ઉપદેશક નિરારંભી ગુરૂ વિના અનેરા ગૃહસ્થાદિકને વિષે ગુરૂભાવ લાવે નહીં, તો ગૃહસ્થ, ગુરૂભાવને યોગ્ય ન હોય તેથી તેમ કહ્યું છે કે કોઇબીજા કારણથી કહ્યું છે?

ઉત્તર—મુખ્યપણે તો ગૃહસ્થ ગુરૂભાવને યોગ્ય જ નથી. ગુરૂ શબ્દનો અર્થ શાસ્ત્રમાં એમ કર્યો છે કે–ધર્મ વસ્તુતત્ત્વના જાણ, ધર્મના જ કરનાર, ધર્મમાં સદા રહેનાર અને ધર્મના જ ઉપદેશક જે હોય તેને ગુરૂ કહીએ. એ કહેલાં ગુરૂના લક્ષણ ગૃહસ્થમાં હોય નહીં તેથી તેનામાં ગુરૂભાવની યોગ્યતા નથી એમ અમે કહ્યું છે.

પ્રશ્ન—રજોહરણાદિ મુનિનાં ચિન્હ ધારણ ન કરવાથી ગૃહસ્થમાં ગુરૂપણું નથી કે કોઇ જ્ઞાનાદિકના અભાવના કારણથી નથી?

ઉત્તર—હે ભદ્ર! વેષનો અભાવ તો સર્વ મનુષ્યો દેખી શકે છે તેમાં વિશેષ નથી, પણ ધર્મ–વસ્તુતત્ત્વના જાણ એ પ્રથમ કહેલ ગુરૂનું લક્ષણ તેનામાં હોતું નથી તેથી તેનામાં ગુરૂપણું નથી.

*तत्त्ववार्ता.

પ્રશ્ન—ગૃહસ્થો પણ મહા પંડિત હોય છે તો તેઓ ધર્મ-તત્ત્વના જાણ કેમ ન હોય ? તેનામાં એ લક્ષણનો અભાવ ઘટી શકતો નથી.

ઉત્તર—હે ભદ્ર! પુત્રોને જણવાની પીડાથી પીડાતી અને રૂદન કરતી અનેક સ્ત્રીઓની પાસે બેસવાથી જો વંધ્યા સ્ત્રીને તેની પીડાનો અનુભવ થાય તો કાવ્ય, વ્યાકરણ, ન્યાય, તર્ક, છંદ, અલંકાર, કર્મગ્રંથ પર્યંત પ્રકરણો વિગેરે ઘણા શાસ્ત્રોનો જાણ અને ઘણા આગમોના સાંભળનાર ગૃહસ્થ મહા પંડિતને આગમના અભ્યાસી નિરારંભી મુનિની જેવો ધર્મ વસ્તુનો અનુભવ જાગે. પરંતુ તેમ થતું નથી તેથી ગૃહસ્થ મહા પંડિતો ને પણ નિરારંભી મુનિના જેવો ધર્મ વસ્તુનો અનુભવ જાગવો અસંભવિત છે, તેથી અમે તે લક્ષણનો અભાવ કહ્યો છે.

પ્રશ્ન—હે મહારાજ! ગૃહસ્થને મુનિની જેવો ધર્મના સ્વરૂપનો ભાસ નહીં જાગવાનું કારણ શું ?

ઉત્તર—હે ભવ્ય! ગૃહસ્થની આગમ ભણવારૂપ અયોગ્યતા હોવાથી તેને મુનિ જેવો અનુભવ જાગતો નથી, સર્વ કાર્યની સિદ્ધિ કરનારી યોગ્યતા ન હોવી તે મુખ્ય કારણ છે, બીજાં સર્વ તેનાં સહકારી કારણ છે.

પ્રશ્ન—ગૃહસ્થને આગમ ભણવાની યોગ્યતા ન હોવાનું શું કારણ ?

ઉત્તર—તેનું સવિશેષ કારણ તો કેવલીગમ્ય છે. અમે તો સર્વજ્ઞોએ આગમમાં ગૃહસ્થોને સિદ્ધાંત ભણવા ભણાવવાનો નિષેધ કરેલો છે તે ઉપરથી એમ જાણીએ છીએ, કે—અયોગ્યતા વિના સર્વ જીવોના પરમ ઉપકારી અરિહંત ગણધર જે કર્તવ્ય જેને સુખદાઈ હોય તેને તે કર્તવ્યનો નિષેધ કરે નહીં માટે અયોગ્યતા સિદ્ધ છે.

પ્રશ્ન—આગમમાં કેવી રીતે નિષેધ કરેલો છે ?

ઉત્તર—આગમમાં એમ કહ્યું છે કે—'જે કોઈ સાધુ અન્ય તીર્થીને તથા ગૃહસ્થને સિદ્ધાંતની વાંચના આપે અથવા અનેરા પાસે અપાવે અથવા જે પોતાની મેળે આપતો હોય તેને અનુમોદે તે સાધુને એક માશી અથવા ચાર માસી પ્રાયશ્ચિત્ત જાણવું'' ઇત્યાદિ લેખોથી ખુલ્લી રીતે ગૃહસ્થને આગમ ભણવા ભણાવવાનો નિષેધ સિદ્ધાંતમાં પ્રતિપાદન કરેલો છે.

પ્રશ્ન—શું એટલા ઉપરથીજ ગૃહસ્થ ગુરૂ ન થઇ શકે કે બીજા પણ હેતુ છે?

હે ભવ્ય ! સર્વ અનર્થનું મૂળ અજાણ પણું એકલુંજ સર્વ અયોગ્યતાનું મંદિર છે, તેથી બીજા હેતુની જરૂર રહેતી નથી તોપણ બીજા હેતુઓ છે તે આ પ્રમાણે—જેમ સાધુ, માત્ર ધર્મ કાર્યનાજ કરનારા હોય છે તેમ ગૃહસ્થ માત્ર ધર્મ કાર્યનાજ કરનારા હોતા નથી; તેઓ છકાયના આરંભ, વિષય ભોગ, પુત્ર પુત્રાદિકના વિવાહ વિગેરે સાંસારિક કાર્યના પણ કરનારા હોય છે, તેથી સદા ધર્મકર્તા એવું

ગુરૂનું બીજું લક્ષણ કહ્યું છે તેનો પણ તેનામાં અભાવ છે. વળી સાધુ, માત્ર ધર્મોપદેશના કરનારા છે તેમ ગૃહસ્થ, માત્ર ધર્મોપદેશના કરનારા નથી; તેઓ તો સાંસારિક ઉપદેશ પણ કરે છે. તારે પુત્ર નથી માટે બીજી સ્ત્રી પરણ, તારી પુત્રી મોટી થઇ છે તેનાં લગ્ન કર, દાણાનો, ઘીનો, તેલનો અથવા કપાસ વિગેરેનો બજાર તેજ થવાનો છે તેથી તેની ખરીદી કર ઇત્યાદિ અનેક આરંભના પણ કહેનારા હોય છે તેથી ધર્મોપદેશકરૂપ ગુરૂના ત્રીજા લક્ષણનો પણ તેનામાં અભાવ છે, તથા જેમ સાધુ રાત્રિ દિવસ ધર્મ વ્યાપારમાંજ રહે છે તેમ ગૃહસ્થ રાત્રિ દિવસ ધર્મ વ્યાપારમાં વર્તતા નથી, તેઓ કવચિત્ દેવપૂજાદિ ધર્મ કાર્યમાં રહે અને કવચિત્ સ્નાન ભોજન કામ વિલાસ વ્યાપાર રોજગારાદિ પાપ કાર્યમાં પણ પ્રવર્તે છે. તથા ધર્મમાં સ્થિતિરૂપ ગુરૂના ચોથા લક્ષણનો પણ તેનામાં અભાવ છે એટલે '**धर्मज्ञो धर्मकर्ता च धर्मोपदेष्टा धर्मस्थो गुरुरुच्यते**' એ ચાર લક્ષણનો અભાવ હોવાથી ગૃહસ્થ ગુરૂ થઇ ન શકે.

પ્રશ્ન—હે મહારાજ ! સાધુ પણ આહારાદિક તો કરે છે. ભિક્ષા લાવ, વસ્ત્રાદિ ધોઇ આપ, એમ શિષ્યોને આજ્ઞા કરે છે, એટલે સ્વાર્થ ઉપદિશે છે, નિદ્રાદિકમાં રહે છે, એટલે આપે કહેલા ચારે લક્ષણ સાધુમાં પણ નિરંતર ઘટતા નથી, તેનામાં પણ ગુરૂપણું ઘટી શકશે નહીં.

ઉત્તર—હે ભવ્ય ! સાધુઓનું શરીર ધર્મનું સાધન છે. શરીર વિના ધર્મ સાધી શકાય નહીં તેથી તે શરીરને ટકાવવાના કારણરૂપ આહારને વસ્ત્રપાત્રાદિ ઉપકરણ ગવેષીને લાવવા ધોવા શિવવા પડે છે. તેમજ બહિર્ભૂમિગમન નિદ્રાકરણ વિગેરે કરવું પડે છે પણ તે સર્વ તેને ધર્મકૃત્યજ છે. તેથી તેઓ રાતદિન ધર્મ વ્યાપારમાંજ રહે છે એમ સમજવું, માટે તેનામાં કહેલાં લક્ષણો ઘટી શકે છે.

પ્રશ્ન—હે મહારાજ ! પૂર્વકાળના ઉત્તમ સાધુઓ તેવા હતા તેથી તેમનાં બધાં કૃત્યો ધર્મ કૃત્ય તરીકે કહી શકાય પણ આ કાળમાં તો શરીરને રૂષ્ટ પુષ્ટ કરનારા શોભનિક રાખનારા, ઢીલા, શિથિલ વિહારી, પાસથ્થા ઘણા દેખાય છે; ખરેખરા સાધુ દેખાતા નથી, તેથી તેમના કરતાં તો ગૃહસ્થ ગુરૂ શું ખોટા છે ?

ઉત્તર—હે ભદ્ર એવાં વચન ન બોલવાં, એમ બોલવાથી મહા દોષ લાગે. પાંચમાં આરાના અંત સુધી વીર ભગવાને ચતુર્વિધ સંઘની સ્થિતિ કહી છે. વળી તું રૂષ્ટ પુષ્ટ વિગેરે વિશેષણોવાળાને દેખીને ભડકે છે પણ શાંત પરિણામ કરી તેનો હેતુ સાંભળ—પૂર્વકાળે ભરતક્ષેત્રમાં પાંચે પ્રકારના નિયંઠા એટલે નિગ્રંથ વિચરતા હતા. પરંતુ આગમમાં આચાર પ્રાયે કષાય કુશીળ નિગ્રંથોને ઉચિત પ્રરૂપ્યો છે. કારણ કે તે મધ્યમ નિગ્રંથ હોય છે. આ પાંચમાં આરામાં તો બે પ્રકારના નિયંઠાજ વિચરે છે. બુક્કસને કુશીલપડિસેવી તેમાં બુક્કસઆગમ બોધાદિ ગુણે કાં-

ઈક શ્રેષ્ઠ હોય, બાકી બાહ્ય ક્રિયામાં તો ઘણું કરીને બંને તુલ્ય હોય, બુક્કસને પિંડ વિશુધ્યાદિ ઉત્તર ગુણમાં ઘણા અતિચાર હોય અને કુશીળપડિસેવીને મૂળ ગુણને ઉત્તર ગુણ બન્નેમાં ઘણા અતિચાર હોય; એકવીશ સંબળ દોષથી તેનું ચારિત્ર ચિત્ર કાબરૂં હોય પણ અનાચાર બંનેને ન હોય. શરીરની શોભા વિભૂષા મુનિપણામાં થઇ શકે તેવી હસ્તપાદ મુખ પ્રક્ષાલનાદિરૂપ કરે, બાહ્ય વ્યવહારથી પાર્શ્વસ્થાદિક જેવા દેખાય પણ પાર્શ્વસ્થાદિક વ્રતમાં નિરપેક્ષ નિષ્ઠ્વંસ પરિણામી હોય ને આ વ્રતમાં સાપેક્ષ મૃદુપરિણામી હોય, તેથી આ કાળે પણ સાધુ છે અને તેમના કૃત્ય તેમના નિયંઠાની હદમાં હોવાથી ધર્મમય છે.

આ હકીકતથી ગૃહસ્થાવસ્થામાં રાખવાના સદ્ગુણી વર્તનની મહત્વતા ઓછી સમજવાની નથી. કેમકે ત્યાગી પુરૂષની અપેક્ષાએ સદ્ગુણી પુરૂષ શ્રેષ્ઠ પદે હોઇ શકે છે. તે માટે પ્રશ્ન થાય છે કે—

* **પ્રશ્ન**—હે મહારાજ ? જૈન દર્શન તો સ્યાદ્વાદ રૂપ છે તો તે અપેક્ષાએ ગૃહસ્થને ગુરૂ ભાવનો નિષેધ સર્વથા કેમ કહી શકાય ?

ઉત્તર—હે ભવ્ય! ગુરૂભાવ અનેક પ્રકારનો છે, તે સર્વ પ્રકારનો અમે નિષેધ્યો નથી. અમે તો સર્વત્ર સર્વ જીવોને શુદ્ધ ધર્મોપદેશક ગુરૂભાવ ગૃહસ્થને ન હોઈ શકે તેથી તેનો નિષેધ કર્યો છે. અન્યથા કોઇક ગૃહસ્થ કોઇક ભવ્ય જીવને ધર્માચાર્યરૂપ ધર્મોપદેશક ગુરૂ થઇ શકે છે. જેમ યુગબાહુને તેની સ્ત્રી મદનરેખા થઇ હતી, તેણીએ અંત સમયે પોતાના પતિને ધર્મ પમાડયો હતો, તેથી તે તેની ધર્માચાર્ય થઇ અને તેથી યુગબાહુએ દેવપણે ઉત્પન્ન થઇને તેની પાસે આવતાં પ્રથમ તેને વંદના કરી, પણ તેટલા ઉપરથી પાસે બેઠેલા વિદ્યાધરે તેને ઉત્તમ જાણ્યા છતાં ગુરૂભાવે વાંદી નહીં. તેમજ ચારૂદત્તે બકરાને અંત સમયે શુદ્ધ ધર્મ પમાડયો, તેથી તે નંદીશર નામે દેવ થયો, તે દેવે આવી ચારૂદત્તને ધર્માચાર્ય જાણી ગુરૂભાવે વાંદ્યા પણ પાસે બેઠેલા વિદ્યાધર મુનિના પુત્રોએ તેને ગુરૂભાવે ન વાંદ્યા, આ પ્રકારે હોવાથી જિન વાણીના સ્યાદ્વાદપણામાં વાંધો આવતો નથી.

આ પ્રમાણે ગુરૂ અને **ગૃહસ્થ ગુરૂ ભેદ** દર્શાવતાં આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

---

* તત્વપ્રશ્નોત્તરી.

कुवक्ता–अधिकार.

" વક્તા " શબ્દ કાંઇ થોડી મહતાવાળો નથી. કારણ કે જગત્‌માના તમામ ધર્મો વક્તા પુરૂષોની વકતૃત્વ શકિતથી વિસ્તારને પામી શકે છે. પરંતુ જોઇશું તો વ્યાખ્યાન કર્તાઓમાં સુવક્તા ઘણા થોડા હોય છે પણ વિદ્યાભ્યાસને અભાવે અગર તો અંધશ્રદ્ધા કે ગર્વબુદ્ધિથી કુવક્તાઓનું બાહુલ્ય હોય છે, એક નીતિશાસ્ત્રમાં કહેલ છે કેઃ—

शतेषु जायते शूरः सहस्रेषु च पण्डितः ।
लक्षेषु जायते दाता वक्ता कोटिषु दुर्लभः ॥

અર્થાત્ સો મનુષ્યમાં એક શૂરવીર પુરૂષ નિકળે છે, હજાર પુરૂષોમાં એક વિદ્વાન્ પુરૂષ મળી શકે છે, લાખ પુરૂષોમાં એક દાતા પુરૂષ પ્રાપ્ત થાય છે, જ્યારે વક્તા પુરૂષ તો ક્રોડ મનુષ્યોમાં એક મળવો પણ દુર્લભ થાય છે. એટલે વિષય સબન્ધ વિગેરે સાથે ન્યાયથી બોલનાર વક્તા દુર્લભ હોય છે જ્યારે વિષયાન્તર કરી વાર્તાઓના અપ્રાસંગિક ગપાષ્ટકો હાંકવા સાથે આડકતરા ગીતો ગાવાવાળા ઘણા પુરૂષો હોય છે અને તે પુરૂષો એમ પણ સમજતા નથી કે–"अनालोकित कार्यस्य वाग्जालं वाग्मिनो वृथा निमित्तादपराद्धेषोर्धानुष्कस्येव वल्गितम् "

એટલે કે જેમ લક્ષ્યથી જેનું બાણ ખસી ગયું છે તેવા ધનુષ્યધારીની લડાઇ વ્યર્થ છે, તેમ પ્રસંગ વિગેરેના કાર્યની જેનામાં જ્ઞાન શક્તિ નથી એવા વાચાળ પુરૂષનું બોલવું વ્યર્થ છે. આવી રીતે વકતવ્ય તેમ વકતાના ગુણ જ્ઞાન ઉપર ધર્મની મહત્તા અને વિશાળતા આધાર રાખે છે. તેથી વકતાની પીછાણ થવા સાથે કુવકતાના ભેદ સમજી શકાય તેટલા માટે આ કુવકતા—અધિકારનો આરંભ કરવામાં આવે છે.

અસંભવિત વકતવ્ય.

अनुष्टुप्. (૧ થી ૩)

असम्भाव्यं न वक्तव्यं प्रत्यक्षं यदि दृश्यते ।
यथा वानरसंगीतं तथा तरति सा शिला ॥ १ ॥

જો પ્રત્યક્ષ નેત્રથી જોયું હોય તોપણ જે અસંભવિત છે, તે ન બોલવું. જેમ વાનરાનું ગીત અને શિલાનું તરવું. અર્થાત્ " પથ્થર તરે છે " તે વાત. ૧

નર્કગામી ત્રિપુટી.

अहो ! व्यसनविध्वस्तैर्लोकः पाषण्डिभिर्बळात् ।
नीयते नरकं घोरं, हिंसाशास्त्रोपदेशकैः ॥ २ ॥

આશ્ચર્ય છે કે ! વ્યસનો–સાંસારિક દુઃખોથી વિનાશ પામેલા, હિંસા જેમાં બતાવવામાં આવેલ છે, એવા શાસ્ત્રોનો ઉપદેશ કરનારા એવા પાખંડિ કુવકતાઓ બળાત્કારથી લોકોને ઘોર નરકમાં લઇ જાય છે. ૨

પ્રાણિ હિંસાના મૃષા ઉપદેશકો.

प्रमाणीकृत्य शास्त्राणि यैर्वधः क्रियतेऽधमैः ।
सह्यते परलोके तैः श्वभ्रे शूलादिरोहणम् ॥ ३ ॥

ધર્મશાસ્ત્રોને પ્રમાણ કરીને જે નીચ પુરૂષો પ્રાણીઓની હિંસા કરે છે, તેઓ પરલોકમાં–યમનગર વિષે ખાડમાં શૂલ વિગેરે ઉપર ચડવાનું સંકટ સહન કરે છે. ૩

દૂષિત રસોમાં આસકત.

(आर्या–૪-૫)

गणयन्ति नापशब्दं, न वृत्तभङ्गं क्षयं न चार्थस्य ।
रसिकत्वेनाकुलिता वेश्यापतयः कुकवयश्च ॥ ४ ॥

રસિકપણાથી આકુળવ્યાકુળ થયેલ એવા જાર પુરૂષો અને કુત્સિત કવિઓ કુવકતાઓ અપશબ્દને, વૃત્તના ભંગને અને અર્થના નાશને ગણતા નથી. એટલે કે જાર પુરૂષો કોઇ પોતાને બે અવાચ્ય શબ્દો કહે તેને તથા શીલવ્રતના ભંગને અને પૈસાના નાશને ગણતા નથી. અને કુકવિઓ કવિતામાં આવતા કુ–ખરાબ શબ્દને, અનુષ્ટુપ્ આદિ વૃત્તના ભંગને અને કોઇ સ્થળમાં શબ્દાર્થ ન મળતો હોય તો તેને પણ ગણતા નથી. પરંતુ કેવળ દૂષિત રસોમાંજ આસકત રહે છે. ૪

અભવિને ઉપદેશ.

कुग्गहगहगहिआणं, मूढो जो देइ धम्मउवएसं ।
सो चम्मासीकुकुर, वयणम्मि खवेइ कप्पूरं ॥ ५ ॥

કદાગ્રહરૂપી ગ્રહથી ગ્રહિત અભવિને જે ધર્મોપદેશ આપે છે તે, ચર્મને ભક્ષણ કરનાર કૂતરાને સુંદર કપૂર આપ્યા બરોબર કામ કરે છે. ૫

નાટ્ય શાસ્ત્રોથી સંભાળવાની જરૂર.

उपजाति. (६ થી ૮)

किं मोदसे पण्डितनाममात्रात्, शास्त्रेष्वधीती जनरञ्जकेषु ।
तत्किंचनाधीष्व कुरुष्व चाशु, न ते भवेद्येन भवाब्धिपातः ॥ ६ ॥

મનુષ્યોને માત્ર રંજન કરનારા નાટકાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરનાર તું "હું પંડિત છું" આવા નામ માત્રથી શું આનન્દ પામી રહ્યો છો? અર્થાત્ તે બધા શાસ્ત્રો મોક્ષ માર્ગમાં કાંઇ કરી શકતા નથી. તેથી કાંઇક એવું શાસ્ત્ર ભણ, ને તે કામ તુર્ત કર કે જે ભણવાથી તથા ક્રિયામાં લાવવાથી તારે સંસાર સમુદ્રમાં પડવું ન પડે. ૬

ઉપદેશનું પાત્ર પ્રમાણ.

विचारसारा अपि शास्त्रवाचो मूढैर्गृहीता विफला भवन्ति ।
मितंपचग्राम्यदरिद्रदाराः कुर्वन्त्युदारा अपि किं सुजातीः ॥ ७ ॥

વિચાર કરતાં જેમાં ઘણો સાર ભરેલ છે, એવી શાસ્ત્રની વાણીઓ પણ મૂઢ લોકોએ ગ્રહણ કરેલી હોય તો તે નિષ્ફળ થઇ જાય છે. દૃષ્ટાન્ત છે કે કંગાલપણાને લીધે થોડું રાંધનારી ગ્રામ્ય (કુવડ) એવી સ્ત્રીઓને મોટા પ્રમાણમાં ભોજનની સામગ્રીઓ આપવાથી તે સુન્દર જાતની કરી શકતી નથી, પરંતુ ઉલટી બગાડી નાખે છે. ૭

કુવકતાની જડતા.

जडात्मको धारणया विमुक्तो वक्तुं न वेत्ता विशरारुवादी ।
प्रस्तावपर्षद्विषयान्न वेदी व्याख्याधिकार्येषु जनः कथं स्यात् ॥ ८ ॥

જે વકતા પોતે જડાત્મા (મૂર્ખ) છે ધારણાથી હીન છે. બોલી શકતો નથી. અથવા બોલે છે તો યદ્વાતદ્વા બોલી રહ્યો છે અને પ્રસ્તાવ, સભા, વિષય (પ્રસંગ) વિગેરેને જાણતો નથી, આવો પુરૂષ વ્યાખ્યાનના મુખ્ય કાર્યમાં કેમ જોડી શકાય? ૮

આત્મશ્લાઘાથી જ્ઞાનાવરોધ.

वंशस्थ. (९–११)

अधीतिनोऽर्चादिकृते जिनागमः
प्रमादिनो *दुर्गतिपापतेर्मुधा ।

* दुर्गतिपतनशीलस्य अत्र पापतेरिति पत्धातोः यङि डौ सास्हिवावह्चिाचलिपापतीरिति सूत्रेणषष्ठ्यां साधुः।

ज्योतिर्विमूढस्य हि दीपपातिनो
गुणाय कस्मै शलभस्य चक्षुषी ॥ ९ ॥

દુર્ગતિમાં પડનાર પ્રમાદી પ્રાણી સ્વાત્મપૂજા માટે શાસ્ત્રનો અભ્યાસ કરે છે તે નિષ્ફળ છે. દીવાની જ્યોતિમાં ફસાયલા દીવામાં પડનાર પતંગિયાની આંખો તેને શો લાભ કરનારી છે? ૯

ભાવાર્થ—આંખ વગર જીવન અકારૂં છે, પણ તેજ આંખોનો દુરૂપયોગ થાય તો તેઓજ આ જીવનનો નાશ કરે છે. જેમકે પતંગિયું આંખથીજ ફસાય છે. શાસ્ત્રાભ્યાસ વગર દુર્ગતિનો નાશ થતો નથી, પણ જ્યારે તેજ અભ્યાસ પોતાની પૂજા સત્કાર માટે તેમજ પહેલી ખુરશી મેળવવા માટે એટલે માનની પિપાસાથી થયો હોય ત્યારે નિષ્ફળ થાય છે એટલુંજ નહિ પણ નુકસાન કરનાર થાય છે. જરા માન મળે તેને લાભ કહો તો ભલે, પણ શાસ્ત્રકાર એને નુકશાન કહે છે. શાસ્ત્રાભ્યાસના પરિણામે માન મળે છે, પ્રમુખની ખુરશી મળે છે કે ગ્રંથકાર થવાય છે, પણ અભ્યાસીની અભ્યાસના ફળ તરીકે એ ઇચ્છા નહોવી જોઇએ; એ ઇચ્છા થઇ કે બધું ગયું એમ સમજવું. શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજ તેટલા માટે **વિષય પ્રતિભાસ જ્ઞાનની** વ્યાખ્યા કરતા કહે છે કે એ જ્ઞાનથી પ્રવૃત્તિ કેવી કરવી તે સંબંધમાં તદ્દન નિરપેક્ષ વૃત્તિ રહે છે; એ વર્તન વગર જ્ઞાનથી લાભ થતો નથી તે જેમ અત્ર દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે તેમ અષ્ટકમાં તેવા જ્ઞાનને મહા અપાયના કારણરૂપ કહ્યું છે + આપણે વ્યવહારમાં પણ એ વાતનો વારંવાર અનુભવ કરીએ છીએ. જેઓ અવ્યવસ્થિતપણે બહુ અભ્યાસ કરી ગયા હોય છે તેઓને પોતાની પ્રવૃત્તિના સંબંધમાં બહુ વિવેક રહેતો નથી. એકલું મગજ કેળવાયું હોય અને અંતઃકરણ પર તેની છાપ ન પડી હોય ત્યારે આવું ભયંકર પરિણામ આવે છે અને અંતઃકરણની કેળવણીનો તફાવત અત્ર સારી રીતે દૃષ્ટિગોચર થાય છે. એક વિદ્વાન્ ગણાતા મનુષ્યને અશુદ્ધ વ્યવહારમાં પ્રવર્તતો દેખવામાં આવે તો સમજવું કે તેનું જ્ઞાન પ્રથમની પંક્તિ ઉપરજ છે. પ્રવૃત્તિમાં આત્માને યથાસ્થિત લાભ અલાભનો સદ્ભાવ બતાવનાર જ્યાં સુધી તેના જ્ઞાનનો વિષય થાય નહિ ત્યાં સુધી જ્ઞાન આડંબર માત્ર છે, અને તે જ્ઞાનને શાસ્ત્રકાર અનેક પ્રસંગે અજ્ઞાનજ કહે છે. ૯ *

જ્ઞાનનો ક્રિયા સાથે સંબંધ.

अधीतिमात्रेण फलन्ति नागमाः
समीहितैर्जीवसुखैर्भवान्तरे ।

\+ જુઓ હરિભદ્રસૂરિનાં અષ્ટક નવમાનો ત્રીજો શ્લોક.

* ૯ થી ૧૪ અધ્યાત્મકલ્પદ્રુમ.

स्वनुष्ठितैः किंतु तदीरितैः खरो,

न यत्सितायां वहनश्रमात्सुखी ॥ १० ॥

જેવી રીતે સાકરનો બોજો ઉપાડવાના શ્રમથી ગધેડો કાંઇ સુખી નથી, તેમ માત્ર અભ્યાસથીજ ભવાંતરમાં ઇચ્છિત સુખ આપીને આગમો ફળતા નથી, પરંતુ તેમાં બતાવેલ શુભ અનુષ્ઠાનો કરવાથી આગમો ફળે છે. ૧૦

ભાવાર્થ—માત્ર અભ્યાસ કરી પરભવમાં તેથી સુખ કલ્પવું એ વાત અસંભવનીય છે, અધ્યયન ઉચ્ચ પ્રકારનું સુખ પ્રાપ્ત કરવાનું એક કારણ છે ખરૂં પણ એકલા અધ્યયનથી તે ફળ મળેજ છે એમ નથી, કારણકે અભ્યાસી હોવા છતાં વર્તનની અધમતાથી તેવું ફળ મળતું નથી એમ બને છે. તેમજ વળી અભ્યાસી ન હોય છતાં સદ્વર્તનથી ફળ પ્રાપ્તિ થાય છે એમ પણ બને છે, આથી માત્ર અભ્યાસ ઉપર કાંઇ પણ આધાર નથી. સુખ—આત્મિક સુખ મેળવવાનો ઉપાય શાસ્ત્રમાં ફરમાવેલા અનુષ્ઠાન—ચરિત્ર—વર્તનમાં છે. જેવી રીતે ગર્દભ સાકરનો બોજો ઉપાડે તેથી તેને કંઇ મીઠાશ આવતી નથી, તેવી રીતે જ્ઞાન પણ વર્તન વગર માત્ર બોજોજ છે એટલે જ્ઞાન પ્રમાણે વર્તન કરે તોજ જ્ઞાનની મીઠાશ પ્રાપ્ત થાય છે. ઉપદેશમાળામાં ધર્મદાસગણિ કહે છે કેઃ—

जहा खरो चंदणभारवाही, भारस्स भागी नहु चंदणस्स ।

एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी नहु सुग्गइए ॥

જેવી રીતે ચંદનનો—સુખડનો ભાર વહન કરનારો ગધેડો ભારનો ભાગી છે, પણ ચંદનનો નથી. તેવીજ રીતે વર્તન વગરના જ્ઞાનને જાણનારો જ્ઞાનનો ભાગી છે, પણ સુગતિનો નથી. આ હકીકત ઉપરના શ્લોકમાં પણ તેજ રૂપમાં કહી છે.

શાસ્ત્રાભ્યાસ સાથે વર્તનની સરળતા માટે જણાવવાનું કે જેઓ અભ્યાસની ખાતરજ અભ્યાસ કરતા હોય, સભાઓ જીતી પોતાના વિજય ડંકા વગાડવાની ઇચ્છા રાખતા હોય, અકારણે શાસ્ત્રોનો શુષ્કવાદ કરવાનું આમંત્રણ કરતા હોય તેઓએ તેરમો શ્લોક ગોખી રાખવા જેવો છે. આ ઉપરાંત કહેવાતા પંડિતો ઉપર આ અધિકારમાં સખત ચાબખો છે. ચોક્કસ ગંભીર શબ્દો યુક્ત ભાષામાં બોલતા આવા ડોળ ઘાલુઓની તે વખતની બોલવાની ઢબછબ, મુખનો રંગ અને આંખના અને હાથના ચાળા જોયા હોય તો જાણે મહા ઉંડા તત્વજ્ઞાનીનું ભાષણ ચાલ્યું. વળી તે વખત શ્રોતાને એમ પણ લાગે કે આવા માણસ તો અત્રેથી ઉઠીને આરંભાદિકમાં કે આશ્રવમાં પ્રવર્તતા પણ નહીં હોય; પણ ખાનગી રીતે જો ખાવા પીવામાં, સાંસારિક સુખભોગમાં, વ્યવહારમાં, લેણદેણમાં અને પ્રમાણિકપણામાં

તેઓનો વ્યવહાર જોયો હોય તો તેના જ્ઞાનની અસર માત્ર પણ તેઓમાં જણાતી નથી. આવા કેટલાક ડોળઘાલુઓ બહુ નુકશાન કરે છે; પોતે ડુબે છે અને પથ્થરના નાવની જેમ સાથે બેસનારને ડુબાડે છે, તેમજ ધર્મને પણ વગોવે છે. અમુક હદ સુધી જ્ઞાન અને ક્રિયાની જરૂર છે આટલા ઉપરથી ક્રિયાનો એકાંત પક્ષ કરવાનો આ હેતુ છે એમ ધારવાનું નથી; જ્ઞાનાભ્યાસની જરૂર બહુજ છે ને અમે સ્વીકારીએ છીએ, પણ કેટલાક પ્રમાદી જીવો તેનું બ્હાનું કાઢી ક્રિયા તરફ અપ્રીતિનો દેખાવ કરે છે. એટલુંજ નહીં પણ શુદ્ધ ક્રિયા કરનારને હસી કાઢે છે, તેઓને નીચેના બે મહાન વાકયો લક્ષમાં લેવાની આવશ્યકતા છે.

"ક્રિયા રહિત જ્ઞાન માત્ર નિષ્ફળ છે, કેમકે રસ્તાનો જાણનાર પણ ગતિ કર્યા વગર વાંછિત નગરે પહોચતો નથી."

(જ્ઞાનસાર ૯-૨ શ્રી યશોવિજયજી)

"ક્રિયા વિના જ્ઞાન નહીં કબહું, ક્રિયા જ્ઞાન બીનુ નાહી;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહત હે, જ્યૌ જલરસ જલમાંહી
પરમ ગુરૂ જૈન કહો કયું હોવે ॥"

આ પણ એજ ધુરંધર વિદ્વાનનું મહાવાકય છે. કહેવાની મતલબ એજ છે કે દેખાવ કરો નહિ, શુદ્ધ વર્તન કરો; દરેક માણસ મોટો થવા કે ધનવાન્ થવા બંધાયેલો નથી, પણ ભલો-સારો થવા બંધાયેલો છે.

આ અધિકારમાંથી એટલું પણ જણાય છે કે વિશેષ અભ્યાસ ન કર્યો હોય તો પણ શુદ્ધ શ્રદ્ધાથી ક્રિયા કરનાર જીવ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે છે.

છેલ્લા શ્લોકમાં 'રાસભનું' દૃષ્ટાંત મનન કરવા જેવું છે. જ્ઞાન ભણવાની પૂરેપૂરી-બહુજ જરૂર છે, પણ ભણીને પછી આગળ વધવું, અહંકાર કે દેખાવ કરવો નહિ, મુખ્ય રસ્તો એજ છે કે જ્ઞાનનો અભ્યાસ કરી પોતાને યોગ્ય ક્રિયા કરી શુદ્ધ વ્યવહાર કરવો, કારણ કે જ્ઞાનનું ફળ-જ વિરતિ છે. નહિ તો તે જ્ઞાન વંધ્ય છે. તું સાધુ હો તો સંસારનો અસારતા વિચાર, ધર્મોપદેશ આપી લોકોને યોગ્ય રસ્તે દોર, ઇંદ્રિયોપમ સંયમ કર, મનપર અંકુશ રાખ, તું શ્રાવક હો તો વ્રત દઢતા રાખ, વ્યવહાર શુદ્ધ રાખ, ચિત્તવૃત્તિમાંથી કચરો કાઢી નાખ, દેખાવ કરવાની ચાહનામાં ફસાઇ જઇશ નહિ. આ જમાનામાં ફસાવાનું કારણ બાહ્ય દેખાવ જ છે અને તેમાં ઘણા માણસો લલચાઇ જાય છે.

ચૌદ પૂર્વધર જ્યારે પ્રમાદવશ થઇ નિગોદમાં રખડે છે, ત્યારે સાદી રીતે સામાયિક કરનાર મોક્ષે જાય છે. તેનું કારણ સૂક્ષ્મ બુદ્ધિએ વિચારવા યોગ્ય છે. શ્રદ્ધા પૂર્વક અનુષ્ઠાન સિવાય **અંગારમર્દકાચાર્યનું** જ્ઞાન શું કામ આવ્યું ?

અને સ્કંદકાચાર્યના પાંચશે શિષ્યોની ગતિ શી થઇ અને તેઓની પોતાની ગતિ જ્ઞાન છતાં પણ શમના અભાવે કેવી થઇ? તે વિચારવાથી ખાત્રી થશે કે જ્ઞાન સાથે ઉચ્ચ વર્તન, ઇંદ્રિય-દમન, ચિત્તપર અંકુશ વિગેરે હોય તોજ ધારેલ લાભ થાય છે.

આ વિષયને અંગે શ્રી હરિભદ્રસૂરિ મહારાજનું નવમું અષ્ટક બહુ મનન કરવા યોગ્ય છે. જ્યાંસુધી **વિષયપ્રતિભાસ** જ્ઞાન હોય છે, ત્યાંસુધી બહુ લાભ થતો નથી.

ચાલુ જમાનામાં જ્ઞાનની તંગી નથી; જ્ઞાનીની પણ નથી; પણ બહુધા ઉપર કહ્યું તેજ જ્ઞાન જોવામાં આવે છે, આના પરિણામે ત્યાગ અને ગ્રહણનું શુદ્ધ સ્વરૂપ પણ મળતું નથી. અને તેથી ત્યાગ વૈરાગ્ય પણ થતા નથી, શાસ્ત્રકારો આ જ્ઞાનને અજ્ઞાનજ કહે છે. જ્યારે વસ્તુ સ્વરૂપનું શુદ્ધ ભાન કરાવનાર તત્ત્વસંવેદન જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારેજ જ્ઞાની હોવાનો દાવો કરી શકાય અને તેવા જ્ઞાની માટે આ આખા અધિકારમાં કાંઇ કહેવા જેવું રહેતું નથી. અત્ર જે આક્ષેપ છે તે પ્રથમતઃ જ્ઞાન માટેજ છે.

શાસ્ત્રાભ્યાસીને સંયમની જરૂર.

धिगागमैर्माद्यसि रञ्जयञ्जनान्, नोद्यच्छसि प्रेत्य हिताय संयमे ।

दधासि कुक्षिम्भरिमात्रतां मुने क ते क तत् क्वैष च ते भवान्तरे ॥११॥

"હે મુનિ? સિદ્ધાંતવડે તું લોકોને રંજન કરતો ખુશી થાય છે અને તારા પોતાના આમુષ્મિક હિત માટે યત્ન કરતો નથી તેથી તને ધિક્કાર છે? તું માત્ર પેટ ભરાપણુંજ ધારણ કરે છે; પણ હે મુનિ? ભવાંતરમાં તે તારાં આગમો ક્યાં જશે, તે તારૂં જનરંજન ક્યાં જશે, અને તારો સંયમ ક્યાં જશે.?"

ભાવ—શાસ્ત્રાભ્યાસ કરીને શું કરવું તે ઉપર સામાન્ય શબ્દોમાં કહ્યું, અત્ર સ્પષ્ટ શબ્દોમાં મુનિને ઉદ્દેશીને કહે છે કે જો પાંચ ઇંદ્રિયોપર સંયમ ન હોય તો અભ્યાસ વ્યર્થ છે,-પેટ ભરાપણુંજ છે, એટલે કે સર્વ સંપત્કરી ભિક્ષાનો અધિકારી તું થઇ શકતોજ નથી. આવા સાધુઓ નથી સાધતા આ ભવનું અને નથી સાધતા પરભવનું; તેવીજ રીતે પંડિત હોવાનો દેખાવ કરનારા કેટલાક શ્રાવકો પણ તેજ સ્થિતિમાં હોય છે. જે 'શુકપાઠી' કહેવાય છે તે આ વર્ગમાં આવે છે, અભ્યાસનું ફળ આત્મપરિણતિ સુધારવી એજ છે, એ ન બને તો પછી અભ્યાસ વંધ્ય થાય છે. ગ્રંથકાર પોતે તો નીચેની બારમી ગાથામાં આથી પણ નીચી હદે તે વાત મૂકે છે, જીવનનો હેતુ-અભ્યાસનો હેતુ શો છે, ક્યાં રહી શકે છે તે વિચારો. લોકરંજન કર-

નાર અભ્યાસીનું પેટભરાપણું તેરમાં શ્લોકમાં વિસ્તારથી આવશે. આમાં ખાસ વિચારવા યોગ્ય એટલુંજ છે કે પરભવમાં તું ક્યાં જઈશ? તારાં આગમો ક્યાં જશે? અને તારો સંયમ ક્યાં જશે? વળી તારૂં પ્રેત્ય હિત ક્યાં જશે. અને જેઓની પાસેથી તું કીર્તિની ઇચ્છા રાખે છે, તેઓ ક્યાં જશે? જરા માની લીધેલા માન નામના મનોવિકારને તૃપ્તિ આપવા ખાતર તારૂં બહુ બગડે છે અને તૃપ્તિ પણ પૂરી થતી નથી, અત્ર મરણ તો અનિવાર્ય છે અને ત્યારપછી તારી ગતિ તું જાણતો નથી, અને છેવટે સંસાર સમુદ્રના ઉંડા ખડક ઉપર તારૂં જીવન વહાણ તને દૂર ફેંકી દેશે, ત્યારે પછી તારો કીર્તિનો લોભ અને તે ખાતર સહન કરેલા પરીષહો તને કાંઇ ઉપયોગી નહિ થાય, ઉદ્દેશ અત્ર એજ છે કે શાસ્ત્રાભ્યાસ કરીને સંયમ રાખવો.

ટીકાકાર નોટ લખે છે કે "પિતા પુત્રને શિખામણ આપવા સારૂ તિરસ્કારનો શબ્દ લખે તે યુક્તજ છે." ૧૧

મુગ્ધબુદ્ધિ પંડિત.

वसन्ततिलका.

धन्यः स मुग्धमतिरप्युदितार्हदाज्ञारागेण यः सृजति पुण्यमदुर्विकल्पः ।
पाठेन किं व्यसनतोऽस्य तु दुर्विकल्पैर्यो दुस्थितोऽत्रसदनुष्ठितिषु प्रमादी॥१२॥

"માઠા સંકલ્પો નહીં કરનારો અને તીર્થંકર મહારાજાએ ફરમાવેલી આજ્ઞાઓના રાગથી શુભ ક્રિયા કરનારો પ્રાણી અભ્યાસ કરવામાં મુગ્ધ બુદ્ધિવાળો હોય તોપણ ભાગ્યશાળી છે, જે પ્રાણી માઠા વિચારો કર્યા કરે છે અને જે શુભ ક્રિયામાં પ્રમાદી હોય છે, તેવા પ્રાણીને અભ્યાસથી અને તેની ટેવથી પણ શો લાભ છે?" ૧૨

ભાવાર્થ—'તીર્થંકર મહારાજે કહ્યું છે તે ખરૂં છે બાકી સર્વ મિથ્યા છે' એવી સામાન્ય બુદ્ધિવાળા પ્રાણી સંસાર સમુદ્ર તરી જાય છે; પણ જે પ્રાણી માઠા વિચાર કરતો હોય, સંસારમાં રાચ્યોમાચ્યો રહેતો હોય, રાજકથાદિક વિકથામાં આસક્ત હોય અને શુભ ક્રિયામાં પ્રમાદી હોય, તે પ્રાણી વિદ્વાન્ હોય તો પણ કામનો નથી. શુદ્ધ શ્રદ્ધા કેટલો લાભ આપે છે તે અત્ર જોવાનું છે. શુદ્ધ શ્રદ્ધા વગર કાંઇ થઇ શકતું નથી, ગણુતરીમાં પણ જીવ ત્યારે જ આવે છે. અતીંદ્રિય વિષયમાં શ્રદ્ધા રાખવાની જરૂર છે. મનુષ્ય પ્રવૃત્તિમાં પ્રાણીને વિચાર કરવાનો પણ વખત મળતો નથી, તેથી જેઓએ વિચાર કર્યો હોય તેઓ પર આધાર રાખી તેઓને પગલે પગલે ચાલવું શ્રેષ્ઠ છે. મનુષ્ય જીવનનો કાળ અલ્પ છે, બુદ્ધિ મંદ છે અને અન્ય વ્યવહારમાં કાળક્ષેપ બહુ થાય છે, તેથી મોટે ભાગે તે જેઓનાં વચન આપ્ત લાગતાં હોય તેની પરીક્ષા કરીને તેને અનુસરવું એજ માર્ગ ગ્રહણ કરવા યોગ્ય જણાય છે. એક માણું ભાત રસોઇ માટે ચુલાપર ચડાવ્યા હોય, તો તેની પરીક્ષા એક કણથી કરવી

પડે છે, તેમ વીતરાગદશા, શુદ્ધ માર્ગ કથન, અપેક્ષાઓનું શુદ્ધ સ્થાપન, નય સ્વરૂપનો વિચાર અને સ્યાદ્વાદ વિચારશ્રેણી એ આપ્તતાની પરીક્ષા માટે પૂરતાં છે વિશેષ ક્ષયોપશમ હોય અને અનુકૂળતા હોય તેણે વિશેષ પ્રકારે પરીક્ષા કરવાનો અત્ર નિષેધ નથી, પરંતુ ગમે તેમ કરી આપ્તનાં વચન પ્રમાણે અનુષ્ઠાન કરવાની આવશ્યકતા અત્ર સ્વીકારી છે.

અત્ર જે માર્ગનું દર્શન કરાવવામાં આવ્યું છે, તેમાં પણ જ્ઞાન પ્રાપ્ત કરવાનો નિષેધ નથી, પણ દુર્વિકલ્પોનો ત્યાગ કરવાનો ઉપદેશ છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. ૧૨

માનપદના અભિલાષીની સ્થિતિ.

शार्दूलविक्रीडित. (૧૩-૧૪)

मोदन्ते बहुतर्कतर्कणचणाः केचिज्जयाद्वादिनाम्,
काव्यैः केचन कल्पितार्थघटनैस्तुष्टाः कविख्यातितः ।
ज्योतिर्नाटकनीतिलक्षणधनुर्वेदादिशास्त्रैः परे,
ब्रूमः प्रेत्यहिते तु कर्मणि जडान् कुक्षिम्भरीनेव तान् ॥ १३ ॥

ઘણા ન્યાયશાસ્ત્રોના તર્કમાં નિપુણ એવા કેટલાક નૈયાયિક પુરૂષો, વાદી પુરૂષોને જીતી જવાથી આનન્દ પામે છે. અને કેટલાક કવિ મનુષ્યો અર્થની ઘટનાથી રચેલ એવાં કાવ્યોથી "કવિ" એવી ખ્યાતિ પામીને સંતુષ્ટ થાય છે, અને બીજા વિદ્વાનો જ્યોતિષ, નાટક, નીતિ, સામુદ્રિક શાસ્ત્રો ધનુર્વેદ આદિ* શાસ્ત્રોથી સંતોષ માની રહ્યા છે. પરંતુ આવતા ભવમાં હિતકારી કાર્ય તરફ જો તેઓ અજ્ઞ (બેદરકાર) હોય તો અમે તો તેઓને ઉદરંભરિ (પેટભરા) જ કહીએ છીએ. ૧૩

ભાવાર્થ—કેટલાક ન્યાયની કોટીમાં ઉંડા ઉતરી આનંદ માને છે, જ્યારે કેટલાક કવિ થાય છે, કેટલાક જોશી, નાટકકાર, રાજદ્વારી નીતિમાં કુશળ, સામુદ્રિક જ્ઞાનમાં કુશળ, શસ્ત્રવિદ્યામાં કુશળ અને કેટલાક પૃથક્કરણશાસ્ત્રી, આંકડાશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, ખગોળવેત્તા, ભૂતળવેત્તા, વનસ્પતિવિદ્યાકુશળ, ગણિતશાસ્ત્રમાં પ્રવીણ, વૈયાકરણી વિગેરે વિગેરે થાય છે; ઉદ્યોગ, ગુરૂકૃપા અને ક્ષયોપશમ પ્રમાણે વિદ્વત્તા મેળવે છે, પણ જો તેમને ભવની બીક નથી તો આવતા ભવમાં હિતકારી ધર્માનુષ્ઠાન કરી શકતા નથી અને ધર્માનુષ્ઠાન કર્યા સિવાય આવતા ભવ માટે મોક્ષ તૈયાર નથી અને તે ધર્મી હોવા કરતાં ધર્મી હોવાનો દેખાવ માત્ર કરે છે. આ પ્રમાણે

* આદિ શબ્દ વાપરવાથી બ્રહ્મયામલ, રૂદ્રયામલ, વાસ્તુશાસ્ત્ર, કાત્યાયન વાત્સ્યાયન અને શકુન શાસ્ત્રનો સમાવેશ થાય છે.

હોય તો જાણવું કે તે માણસ પેટ ભરાજ છે અને કાળની સપાટીમાં લાગનારા પવન અનુસારે તણાઇ જવાના છે. અષ્ટકજીના ટીકાકાર કહે છે કે—

अवसेसिया मइ सम्मदिट्ठिस्स सा मइनाणं ।
मइअन्नाणं मिच्छादिट्ठिस्स सुयंपि एमेव ॥

"સમ્યગ્દૃષ્ટિની બુદ્ધિ તે 'મતિજ્ઞાન' છે અને મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ તે 'મતિઅજ્ઞાન' છે. મતિમાં કાંઇ ફેરફાર નથી. શ્રુતજ્ઞાનના સંબંધમાં પણ તેજ પ્રકારે સમજવું." મહાતર્ક કરનાર હોય તો પણ જ્યાંસુધી જ્ઞાનની અસર આત્મિક શુભ પ્રવૃત્તિમાં થતી નથી, ત્યાંસુધી તેવા જ્ઞાનને શાસ્ત્રકાર અજ્ઞાનજ કહે છે, અને અજ્ઞાન તો કષાયાદિ મહારિપુઓથી પણ વધારે ખરાબ છે. આથી અમુક વ્યક્તિ વિદ્વાન્ હોય તો તેથી કાંઇ બહુ ખુશી થઇ જવા જેવું નથી. વાસ્તવિક તુલના તો પ્રવૃત્તિ ઉપરજ રહે છે. અને જેઓ અમુક કાર્ય તો આત્મિક ઉન્નતિ અવનતિને અંગે શો સંબંધ છે તે વિચારતા નથી અથવા વિચાર કરવાની દરકાર કરતા નથી તેઓ વસ્તુતઃ અજ્ઞાનીજ છે, સંસાર રસિકજ છે, સંસારમાં રખડનારાજ છે અને તેથી તેઓને 'પેટભરા કહેવા યુક્તજ છે. જેઓ પોતાના પેટ પૂરતો વિચાર કરી બેસી રહે છે તેઓ પેટભરા કહેવાય છે. અત્ર સંસારના વધારનારને તે નામ આપવું બહુ સાર્થ છે, વિચાર કરીને સમજવા યોગ્ય છે અને સમજાઇ જાય તેવું છે.

'અમે' કહીએ છીએ એમ મુનિસુંદર મહારાજ ભાર મૂકીને કહે છે. ગ્રંથકારને બહુ વચનથી લખવાનો હક છે. એમાં માન જેવું કશું નથી. વસ્તુ સ્થિતિ લોકોના મન પર ઠસાવવા માટે ભાર મૂકીને કહેવાની આ પદ્ધતિ બહુ અસરકારક છે. ટીકાકારના કહેવા પ્રમાણે તે સમાન ધર્મવાળાઓની એક વાક્યતા એટલે સરખા વિચાર ધરાવનારાઓનો સર્વાનુમતે થયેલો નિર્ણય બતાવે છે. ૧૩

धन्याः केप्यनधीतिनोऽपि सदनुष्ठानेषु बद्धादरा,
दुःसाध्येषु परोपदेशलवतः श्रद्धानशुद्धाशयाः ।
केचित्वागमपाठिनोऽपि दधतस्तत्पुस्तकान् येऽलसाः
अत्रामुत्र हितेषु कर्मसु कथं ते भाविनः प्रेत्यहाः ॥ १४ ॥

કેટલાક પ્રાણીએ એ શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હોય તો પણ બીજાના જરા ઉપદેશથી મુશ્કેલીથી સાધી શકાય તેવાં શુભ અનુષ્ઠાનો તરફ આદરવાળાં થઇ જાય છે, અને શ્રદ્ધા પૂર્વક શુદ્ધ આશયવાળા થઇ જાય છે તેઓને ધન્ય છે? કેટલાક તો આગમના અભ્યાસી હોય અને તેનાં પુસ્તકો પાસે રાખતા હોય છતાં પણ આ ભવ પરભવના હિતકારી કાર્યોમાં પ્રમાદી થઇ જાય છે અને પરલોકને હણી નાંખે છે. તેઓનું શું થશે?" ૧૪

વિવેચન—વિદ્યા અને મુક્તિ પ્રાપ્તિને કેવો સંબંધ છે તે વિચારવા જેવું છે. વિદ્વાનોને જ મોક્ષ મળે છે એમ નથી, પણ અભ્યાસની સાથે સરળતા—સદ્વર્ત્તન જોઈએ.

સ્માઇલ્સ નામનો એક પ્રખ્યાત ગ્રંથકાર કહે છે કે અસાધારણ વિદ્વત્તાની સાથે હલકામાં હલકા દુર્ગુણો કેટલીકવાર મળેલા હોય છે, અને ઉચ્ચ ચારિત્રને વિદ્યા સાથે કાંઇ પણ ખાસ સંબંધ નથી; દેવ, ગુરૂ, ધર્મપર શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ વર્ત્તન અને સરળ સૌમ્ય પ્રકૃતિથી ઘણા ભદ્રક જીવો તરી ગયા છે. હકીકત આમ છે છતાં પણ વિદ્યાવાનને સંસાર તરવો સહેલો પડે છે, એમાં તો જરા પણ શક નથી. જ્ઞાનીને વિચારણા—વર્ત્તન સારા થઇ જવા બહુ સંભવ છે. અને અજ્ઞાની કરોડો વર્ષે જે કર્મક્ષય કરે તે જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં કરી શકે છે, પણ આવી સગવડ છે તે સાથે જ જો જ્ઞાની પ્રમાદી થઇ જાય, આડંબર કરનારો થઈ જાય, વાહવાહ બોલનારો થઇ જાય, આશાભાવ રાખી ધર્માચરણ કરે, તો તેને મોટું નુકશાન થાય છે અથવા ટુંકામાં તેનો અધઃપાત થાય છે. જેમ કર્મક્ષયનું પ્રબળ સાધન જ્ઞાનીના હાથમાં રહે છે, તેમ તીવ્ર કર્મબંધ અને જવાબદારીનું જોખમ પણ તેને માથે વધારે છે. જ્ઞાનવાને—વિદ્યાવાને બહુ વિચારીને દરેક કાર્ય કરવાની જરૂર છે. મૂળ શ્લોકમાં શાસ્ત્રનો નહીં અભ્યાસ કરનાર એમ કહ્યું છે, તે અલ્પ અભ્યાસ કરનાર માટે હોય એમ સમજાય છે. આ શ્લોકથી અજ્ઞાનવાદને પુષ્ટિ આપી નથી તે ખાસ સમજવાની જરૂર છે. આ આખા અધિકારમાં જ્ઞાનને અલ્પાંશે પદ આપવામાં આવ્યું હોય ત્યાં વિષય પ્રતિભાસ જ્ઞાનને અંગે તે કથન છે એમ સમજવું. તત્ત્વસંવેદન જ્ઞાન જ્યારે પ્રાપ્ત થાય, ત્યારે તો આ અધિકારમાં વર્ણવેલી સ્થિતિ હોય જ નહીં. તે જ્ઞાનવાનને હેય ઉપાદેયનો શુદ્ધ નિશ્ચય હોય છે, તેની વૃત્તિ સ્વસ્થ હોય છે.* તેવા જ્ઞાનવાળાનું વર્ત્તન બહુ શુદ્ધ હોય છે અને તેની અને અલ્પ અભ્યાસની કદિ પણ સરખામણી થઇ શકે જ નહીં, શાસ્ત્રકાર અજ્ઞાનવાદની કદિ પણ પુષ્ટિ આપતા નથી, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. બાકી જ્ઞાનનાં પુસ્તકોનો ભંડાર કબજામાં રાખવાથી અને મોટી સભાઓ જીતવા માત્રથી કાંઇ બહુ લાભ નથી એ અત્ર ઉદ્દેશ છે. ૧૪

આ પ્રમાણે કહી આ **કુવિદ્યા** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

---

* હરિભદ્ર અષ્ટક (૯–૬)

उत्सूत्र भाषिदोष—अधिकार.

પૂર્વે આપણે જે કુવકતાનું સ્વરૂપ જોયું તેમાં મોટે ભાગે આ ાપ્રસંશાના અધિકારી અને બાહ્યાડંબરથી ભરપૂર વકતાના સ્વરૂપનું ભાન થાય છે. જ્યારે કેટલાક વકતા-જ્ઞાતા પોતાના જ્ઞાનને આડે માર્ગે લઇ જનારા પણ હોય છે. કે જે વધારે અધમ છે.

ધર્મપ્રવર્તકો અને મહાન જ્ઞાતા યાને ત્રિકાળદર્શી કહો કે પછી કેવળજ્ઞાનની કોઇ સ્થિતિએ પહોંચેલા મહાપુરૂષો જે જે સૂત્રો-શાસ્ત્રો રચી ગયા છે તે સમજાવવામાં અને વધારે સ્ફુટ કરવામાં પોતાના સ્વાર્થને પુષ્ટિ મળે તેવા મનસ્વી તર્કો ઉમેરી મૂળ હેતુને ભુંસી નાંખવો અથવા આડે માર્ગે લઇ જવાનું કામ અર્ધદગ્ધ આત્મશ્લાઘાના ઉપાસકોમાં રહેલ હોય છે. આવા શસ્ત્ર વચનનું ઉન્મૂલન કરનાર વર્ગ ઉત્સૂત્ર ભાષિ કહેવાય છે. તેવા પુરૂષો ખરૂં કહીએ તો સ્વ—પરનું અહિત કરે છે. કેમકે સૂત્રને અનર્થમાં લઇ જવાથી પોતે ડુબે છે અને બીજાને પણ આડે માર્ગે દોરી જઇ ડુબાવે છે. તેવા ઉત્સૂત્ર ભાષિનું સ્વરૂપ તથા તેના દોષની જવાબદારી આ અધિકારથી દર્શાવવામાં આવે છે.

જીનાજ્ઞા ભંગનું ફળ.

आर्या. (૧ થી ૧૧)

जिणवरआणाभङ्ग उमग्गा उस्सुत्तले सदेसणयं ।
आणाभङ्गे पावं ता जिणमयदुक्करधम्मं ॥ १ ॥

જિનભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરી અંશ માત્ર પણ ઉપદેશ દેવામાં આવ્યો હોય તો જીનભગવાનનીજ આજ્ઞા ઉલ્લંઘન કરી ગણાય, અથવા ચાલતા શુદ્ધ માર્ગનો ત્યાગ કરી અવળે માર્ગે પ્રવર્તન કર્યું ગણાય. કારણ કે જીનભગવાનની આજ્ઞા ભંગમાં એટલું બધું તો પાપ છે કે જિનધર્મ મેળવવો અતિશય કઠિન થઇ પડે છે. ૧

કેવા ઉપદેશકથી દૂર રહેવું ?

बहुगुणविज्जाणिलओ उस्सूत्तभासी त हावि मुत्तव्वो ।
जह वरमणिजुत्तो विहुविग्घपरो विसहरो लोए ॥ २ ॥

● ૧ થી ૧૧ ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા.

સર્પની ફણમાં ઉત્તમ મણિ રહેલો છે. છતાં મણિસહિત સર્પનો ત્યાગજ કરવો જોઈએ. નહિંતર જરૂર તેમાંથી વિઘ્ન ઉત્પન્ન થાય છે. તેમ સૂત્ર અથવા જિનવાણીનું ઉલ્લંઘન કરી ઉપદેશ દેવાવાળો કદાચ ક્ષમાદિ યુકત અથવા વ્યાકરણાદિ શાસ્ત્રમાં નિષ્ણાત હોય તો પણ અવશ્ય તેવા માણસનો ત્યાગ કરવો. ૨

પ્રસંશા અર્થે ઉત્સૂત્રભાષિની સ્થિતિ.

इयरजणसंसणाए धि उस्सूत्तभासीए ण भयं ।
हा हा ताण णराणं दुहाइ जइ मुणइ जिणणाहो ॥ ३ ॥

અન્ય જીવોની પ્રશંસા કરવાથી, તેઓ મને સારી રીતે માન આપશે એવા કારણથી જે જિન સૂત્ર વિરૂદ્ધ બોલવામાં ભય રાખતો નથી તે જીવને ધિક્કાર છે. તે જીવનને આગામી ભવમાં એટલું બધું દુઃખ પ્રાપ્ત થાય છે કે તે દુઃખ જાણવાને કેવળી ભગવાન વિના અન્ય જીવમાં સામર્થ્ય નથી. ૩

ધીર પુરૂષોનો તે તરફ અભાવ.

उस्सूत्तभासियाणं बोहिणासो अणन्तसंसारो ।
पाणव्वए विधीरा उस्सूत्तं त्ताण भासन्ति ॥ ४ ॥

જો જીવ જિન સૂત્રનું ઉલ્લંઘન કરી ઉપદેશ દે, તેને સમ્યકત્વની પ્રાપ્તિ રૂપ બોધિકનો નાશ થાય છે' અને અનંત સંસાર વારંવાર ભોગવવો પડે છે. અર્થાત્ ધીર પુરૂષો પ્રાણનાશ સહન કરે છે પણ સૂત્રવિરૂદ્ધ કયારે પણ બોલવું કે સાંભળવું સહન કરતા નથી. ૪

વિપરીત આચરણની પ્રશંસામાં દોષ.

मुद्धाण रंजयणत्थ अविहियसंसं कयावि ण करिज्जं ।
किं कुलवहुणो कत्थवि थुणन्ति वेसाण चरियाइं ॥ ५ ॥

મૂર્ખોને પ્રસન્ન કરવા માટે મિથ્યાત્વીના વીપરીત આચરણની કયારે પણ પ્રશંસા કરવી યોગ્ય નથી. કુલવધૂ શું વેશ્યાના આચરણની સ્તુતિ કરે છે! અર્થાત નથી જ કરતી. ૫

સંસાર ભ્રમણનો ભય.

जिणआणाभङ्गभयं भवभयभीआण होइ जीवाणं ।
भवभयअभीरुयाणं जिणआणाभञ्जनं कीडा ॥ ६ ॥

જે જીવ સંસારથી ભયભીત છે તેને ભગવાનની આજ્ઞા ભંગનો ભય રહે છે, જેને સંસારનો ભય નથી, તેને જિન ભગવાનની આજ્ઞાનો ભંગ કરવો તે રમત માત્ર છે. ૬

તપશ્ચર્યાની નિષ્ફળતા.

ण सयं ण परं को वा जइजि अ उस्सुत्तभासणं विहिअं ।
ता हु बुसिणिञ्झंतं णिरत्थयं तव कुडाडोवं ॥ ७ ॥

જિનસૂત્ર વિરૂદ્ધ બોલવાથી જેમાં આપણું અથવા અન્યનું કલ્યાણ નથી એવા દોષથી યુક્ત હે જીવ! તું નિઃસંદેહ રીતે સંસાર સમુદ્રમાં ડુબી ગયો, એટલુંજ નહીં પણ તારા તપશ્ચર્યાદિ વૃથા જવાથી તે વૃથા આડંબર રૂપ છે. ૭

ગર્વભાષિત વકતા.

त इयाहिमाणअहमा कारणरहिया अ णाणगव्वेण
जे जपन्ति उसुत्तं ते सिं धिद्धिस्थुं पंडित्ते ॥ ८ ॥

જે જીવ ગર્વથી વગર કારણે અજ્ઞાનને લીધે સૂત્ર ઉલ્લંઘન કરી જિનમત વિરૂદ્ધ બોલે, તો તે પાપી કરતાં પણ મહા પાપી છે, એમ માનવો, ને એવી વિદ્વત્તાને ધિક્કાર છે. ૮

ગર્વ ઉત્સૂત્ર ભાષાનું ફળ.

जं वीरजिणस्स जिओ मरीइ उस्सूत्तलेसदेसणओ ।
सायरकोडाकोडिं हिंडिउं अइभीमभवरयणेण ॥ ९ ॥
ता ज इ इमं पि वयणं वारं वारं सुणन्तु समयम्मि ।
दोसेण अवाणिगत्ता उस्सुतुपयाइ सेवन्ति ॥ १० ॥
ताण कहं जिणधम्मं कहणाणं कह पहाणवेरग्गं
कूडाभिमाणपंडिय णडिआ बुडुंति णरयम्मि ॥ ११ ॥

શ્રી મહાવીર સ્વામીના જીવ મરીચે જીન સૂત્રથી વિરૂદ્ધ ઉપદેશ કર્યો તેથી કોડા કોડી સાગર પર્યંત અતિ ભયાનક ભવરૂપી વનમાં ભમ્યો, આવાં વચન શાસ્ત્રમાં સાંભળતાં છતાં દોષ ન ગણે, ને મિથ્યા સૂત્રના વચનનું સેવન કરે, તો તેને જિન ધર્મ કે સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી, ત્યારે ઉત્તમ વૈરાગ્ય તો કયાંથી હોય? આવો મિથ્યાભિમાની જીવ—મૂર્ખ પંડિત અવશ્ય નરકમાં ડુબે છે. ૯—૧૦—૧૧

આટલાં પ્રમાણો કહી આ ઉત્સૂત્ર ભાષિ દોષ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

आज्ञाभंग दोष–अधिकार.

મહાન પુરૂષોની આજ્ઞા વિરૂદ્ધ બોલવું કે વિરૂદ્ધ સમજાવવું તે જેમ દોષ છે તેજ રીતે આજ્ઞાનો ભંગ કરવો એટલે ફરમાનો વિરૂદ્ધ વર્તવું તે પણ દોષનું કારણ છે. કેમકે મહા પુરૂષોની આજ્ઞા હમેશાં હિતમય હોય છે. તે છતાં તેના ગૌરવને અને હેતુને સમજવા વગર કે ઇરાદા પૂર્વક તેનાથી વિરૂદ્ધ વર્તન કરવાથી અનેક આપત્તિઓ આવી પડે છે તેમજ પરભવનું બગડે છે. આવા આજ્ઞાભંગના પ્રસંગો કેવી રીતે બને છે અને તેવા આજ્ઞાવિરાધકો કેવી અવસ્થાને પ્રાપ્ત કરે છે? તે બતાવવા આ આજ્ઞાભંગ દોષ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

આજ્ઞાનો અનાદર કરવાથી સર્વ ક્રિયાઓ નિષ્ફળ છે.

आर्या. (૧ થી ૯)

इयराण चक्कुराण त्ति आणाभङ्गे वि होई मरणदुहम् ।
किं पुण तिलोयपहुणो जिणिन्ददेवाहिदेवस्स ॥ १ ॥

ચક્રવર્તી અથવા અન્ય રાજાની આજ્ઞા ભંગ કરવાથી ભયંકર દુઃખ પ્રાપ્ત થાય છે, ત્યારે ત્રણ લોકના પ્રભુ દેવાધિદેવ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા ભંગ કરવાથી શું દુઃખ ઉત્પન્ન ન થાય? અવશ્ય થાય. ૧ *

આજ્ઞામાં હિતકર ભાવના.

जगगुरुजिणस्स वयणं सयलाण जियाण होइ हियकरणं ।
ता तस्स विराहणया कह धम्मो कह णु जीवदया ॥ २ ॥

જગદ્ગુરૂ જિનેંદ્ર ભગવાનનું વચન સમસ્ત જીવને હિતકારી છે. તે વચન વિરૂદ્ધ આચરણ કરવાથી ધર્મ ક્યાંથી મેળવી શકાય? અથવા કેવી રીતે જીવદયા પાળી શકાય? ૨

અજ્ઞાન ભાવે તપશ્ચર્યા.

किरियाफडाडोवं अहिंसा हंति आगमविहूणं ।
मुद्धाण रंजणत्थं सुद्धाणं होलणत्थाए ॥ ३ ॥

જે જીવ આગમ રહિત તપશ્ચર્યાદિ ક્રિયાનો આડંબર બહુ રીતે કરે છે તેથી મૂર્ખ પુરૂષો પ્રસન્ન થાય છે; પણ જ્ઞાનીઓ તો તેના તરફ નિંદાભાવથી જુવે છે. ૩

* ૧ થી ૬ ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા.

ક્રિયાહીન પૂજા પણ નિષ્ફળ છે.

जं तंवंसि पुज्जसि वयणं हिलेसि तस्स राएण ।
ता कह वंदसि पुज्जसि जिणत्रायट्ठियं पि ण मुणसि ॥ ४ ॥

કોઈ અજ્ઞાની પુરૂષ ડાકડમાળથી શ્રી જિનેન્દ્ર ભગવાનની ભક્તિ તથા પૂજા બહુ પ્રકારે કરે છે ખરા; પરંતુ તેમના વચન (શાસ્ત્ર) પ્રમાણે વર્તન ન કરે, તો ભગવાનની કરેલી ભક્તિ અર્થાત્ નમસ્કાર કે પૂજા નિષ્ફળ છે. ૪

કુદેવ અને કુગુરૂની પીછાણ.

लोएवि इमं सुणियं जं आराहिज्जं तं ण कोविज्जो ।
मणिज्ज तस्स वयणं जइ इच्छसि इच्छियं काउं ॥ ५ ॥

આ વાત તો જગત્ પ્રસિદ્ધ છે કે, રાજાદિકની સેવા કરીને, કાંઇ ફળ મેળવવું હોય, તો તેમની આજ્ઞા પ્રમાણે અવશ્ય ચાલવું જોઇએ. કદાચ આજ્ઞા પ્રમાણે ન ચાલે તો ઉલટો દંડ થાય છે; માટે હે ભાઈ ! જો તું જિનેંદ્રભગવાનની પૂજા કરે છે, તો તેમના વચન (શાસ્ત્ર) પ્રમાણે ચાલ. તે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ-રાગ દ્વેષાદિક ઉત્પન્ન કરવાવાળા ક્ષેત્રપાલાદિ જે દેવ છે, તેને સુદેવ નહીં માનતાં કુદેવ માનવા, અને પરિગ્રહધારી વિષયાભિલાષી જે ગુરૂ છે તેને સુગુરૂ નહીં માનતાં કુગુરૂ માનવા. ૫

ઉપર પ્રમાણે ભગવાનની આજ્ઞા છે, તે પ્રમાણે વર્તન નહી રાખવાથી, મોક્ષ કે જે ભગવાનની ભક્તિ—પૂજાથી ઉત્પન્ન થતું ફળ છે, તે કયારે પણ મળશે નહિ.

આજ્ઞા ભંગથી દુઃખ વૃદ્ધિ.

बंधण मरण भयाइं दुहाइं तिक्खाइ अणेयदुक्खाइं ।
दुक्खाण दुहणिहाणं पहुवयणासायणाकरणं ॥ ६ ॥

આ લોકમાં બંધન (કેદ) કે મરણ એ મહા ભયંકર દુઃખ છે, છતાં જિનેંદ્ર ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી જે અનેક જન્મમાં મહાદુઃખ ઉત્પન્ન થાય છે, તેની આગળ આ લોકનું દુઃખ કાંઈ હિસાબમાં નથી. (અર્થાત્ તુચ્છ છે.) ૬

આજ્ઞાપાલન વૃદ્ધિની મહત્તા.

आणाइ तवो आणाइ संजमो तहय दाण माणाए ।
आणारहिओ धम्मो पलाल पुलव्व परिहाइ ॥ ७ ॥

જે ભગવાનની આજ્ઞાનું પાલણ પોષણ કરવું, તેજ તપ, તેજ સંયમ, તેજ

દાન દીધું કહેવાય છે. કારણ કે તેમની આજ્ઞાનો જે ભંગ કરવો, તે કદાચ ધર્મ ગણાતો હોય તો તે ધર્મનો પરાળ (ફોતરા)ની માફક નકામો જાણીને તજી દેવો. ૭*

આજ્ઞાભંગથી થતું ભવભ્રમણ.

भमिओभवोअणन्तो तुहआणा विरहिएहिंजीवेहिं ।
पुणभमियव्वो तेहिं, जेहिं नंगीकिया आणा ॥ ८ ॥

હે ભગવાન, જે જીવો આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે જીવો આ સંસારમાં વારંવાર ગોથાં ખાય છે, એટલુંજ નહિં પણ હે ભગવાન્, જે પ્રાણીઓ તમારી આજ્ઞા ફરી સ્વીકારશે નહિ, તે પ્રાણીઓ આ સંસારમાં ભટકયા કરશે. ૮

આજ્ઞા ભંગ થનારની ત્રણે લોકમાં સ્થિતિ.

जो न कुणइ तुहआणं, सो आणं कुणइ तिहुअणजणस्स ।
जोपुणकुणइ जिणाणं, तस्साणा तिहुवणेचेव ॥ ९ ॥

હે ભગવાન્, જે મનુષ્ય તમારી આજ્ઞા પાળે નહિ તો તે માણસને ત્રણ લોકની આજ્ઞા પાળવી પડે છે (સર્વત્ર ઠોકર ખાવી પડે છે) જે મનુષ્ય જિનેશ્વર ભગવાનની આજ્ઞા સ્વીકારે, તો તેમની આજ્ઞા ત્રણ લોક ઉઠાવે છે.

(અર્થાત ભગવાન્ની આજ્ઞા સેવનાર ભગવાન્ તુલ્ય બને છે તેથી તેમની આજ્ઞા ત્રણ લોક સેવે, એ સ્વાભાવિક સિદ્ધ છે.) માટે ભગવાન્નો જે જે ઉપદેશ હોય તે તે સર્વ મનુષ્યે ગ્રહણ કરવો જોઇએ, એવો અભિપ્રાય છે. ૯

આ પ્રમાણે કહી આ **આજ્ઞાભંગ દોષ** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

क्रियाहीन ज्ञान निष्फळ अधिकार.

સદ્ભાગ્યે કોઇ મનુષ્ય આજ્ઞા વિરૂદ્ધ ન વર્તે, પરંતુ કેવળ આજ્ઞાના અભ્યાસથી કાર્યસિદ્ધિ થતી નથી. કેમકે જગત્માં જ્ઞાન (જાણવા) માત્રથી કૃતાર્થતાન થી પણ તે મુજબ વર્તન કરવું જોઈએ એટલે ક્રિયા વગરનું જ્ઞાન વ્યર્થ છે એમ કહીએ તો પણ ખોટું નથી. તે બાબત એક ટુંક દાખલો આપીયે છીએ કે "એક વખત એક સ્ત્રી પુરૂષનું જોડું પોતાના ભુવનમાં રાત્રિના વખતે શયનગૃહમાં હતું, ત્યાં ઘરમાં ચોર આવ્યો. તેને જોઇ સ્ત્રીએ પોતાના સ્વામીને કહ્યું કે ચોર આવ્યો પ્રત્યુત્તરમાં પતિએ જણાવ્યું કે હું જાણું છું. પછી તે ચોરે આવી પેટી તોડી યથેચ્છિત

* ૭ થા ૯ ગચ્છાચારપ્રદીપિકાસમીર.

ધન ભુવશુદ્દિની ચોરી કરી. તે અરસામાં પાંચ સાત વખત પોતાના ધણીને સ્ત્રીએ કહ્યું કે આ ચોર ધન લઇ જાય છે વિગેરે. તેના જવાબમાં હું જાણું છું એવો જ ઉત્તર પતિએ આપ્યા કર્યો અને છેવટ ચોર ચોરી કરી ચાલ્યો ગયો તો પણ જાણું છું, જાણું છું, આમ જવાબ તે સ્ત્રીનો ધણી આપતો રહ્યો. ત્યારે છેવટમાં બહુજ ગુસ્સે થઇ સ્ત્રીએ જણાવ્યું કે તમારા જાણવામાં ધૂડ પડી ચોર બધું ધન લઇને ચાલ્યો ગયો " આ પુરૂષના જેવુંજ ક્રિયાહીન જ્ઞાનીનું જ્ઞાન વ્યર્થજ સમજવું માટે જ્ઞાન અને ક્રિયાનો સંબંધ સમજાવવા માટે આ પ્રસંગ યત્કિંચિત્ સમર્થન કરી આ અધિકરણનો આરંભ કરાય છે.

ક્રિયાની આવશ્યકતા.

अनुष्टुप्. (१ थी ४)

ज्ञानी क्रियापरः शान्तो, भावितात्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवांभोधेः, परं तारयितुं क्षमः ॥ १ ॥

શબ્દાર્થ—જ્ઞાની, ક્રિયાને વિષે તત્પર, શાંત ભાવનાથી વાસિત છે જેનો આત્મા, જિતેંદ્રિય, તેમજ ભવસમુદ્રને તરવાને અને બીજાને તારવાને સમર્થ છે. ૧

વિવેચન—ગુરૂમુખથી સર્વજ્ઞ પ્રોક્ત આગમ જેણે ગ્રહણ કર્યા છે, તે જ્ઞાની કહેવાય, ક્રિયાપર એટલે ઉભયકાળે આવશ્યક પડિલેહણ, આહારશુદ્ધિ, ઉગ્રવિહારાદિ, ક્રિયાને વિષે ઉદ્યમવંત, શાંત એટલે જેણે વિષય કષાયનો સંગ તજ્યો છે, ભાવિતાત્મા એટલે સમ્યકત્વ ભાવના, ધ્યાન અને શુભ અધ્યવસાયાદિએ કરીને જેનો માનસિક ઉપયોગ વાસિત છે; અને જિતેંદ્રિય એટલે વિષય પ્રવૃત્તિમાંથી ઇંદ્રિયોનું દમન કરીને પોતાને વશ જેણે કરી છે તે, પૂર્વોકત સમગ્ર ગુણોથી યુકત એવા મુનિ ભવરૂપી સમુદ્ર પોતે તરવાને અને પોતાથી અન્ય ભવ્ય જનોને તારવાને સમર્થ છે. માટે હે ચેતન, તું પણ તેવો જ્ઞાન પૂર્વક ક્રિયા કરનારો થા. મરૂ દેવી માતા હસ્તી ઉપર કેવલજ્ઞાન પામ્યાં અને કાંઇ ક્રિયા કરી નહોતી, એવું આલંબન લઇને ક્રિયામાં જે તત્પર નથી, તે અજ્ઞાની જાણવા. ૧ *

સંપૂર્ણ જ્ઞાનમાં પણ ક્રિયાનું આલંબન.

स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोऽप्यपेक्षते ।
प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ॥ २ ॥

શબ્દાર્થ—સ્વપ્રકાશ પ્રદીપ જેમ તૈલપૂર્તિઆદિની અપેક્ષા કરે છે, તેમ જ્ઞાને કરીને પુર્ણ એવો પુરૂષ પણ સ્વ અનુકૂળ ક્રિયાની અપેક્ષા કરે છે. ૨

* ૧-૨ જ્ઞાનસાર.

વિવેચન—કેવળજ્ઞાને કરીને પૂર્ણ એવા કેવલી પણ પોતાને ઉચિત ધર્મોપદેશ, વિહાર, યોગ નિરોધ, શૈલેશ્ય ગમનાદિ સ્વયોગ્ય ક્રિયાનું આલંબન કરે છે, કારણ કે પૂર્વોક્ત ક્રિયા વિના શેષ રહેલાં કેવલીનાં કર્મ પણ ક્ષય પામતા નથી. તો છદ્મસ્થનું શું કહેવું ? તે માટે દૃષ્ટાંત કહે છે કે પ્રદીપ પોતે ઉદ્યોતવાળો છતાં તેલ પૂરવાની અને વાટ વિગેરેની અપેક્ષા કરે છે. તેવી રીતે જ્ઞાન પણ મોક્ષ સાધવામાં સહકારી ક્રિયાની અપેક્ષા કરે છે. ૨

ઉપદેશ પ્રમાણે આચરણમાં મુશ્કેલી.

उपदेष्टुं च वक्तुं च, जनः सर्वोऽपि पण्डितः ।
तदनुष्ठानकर्तृत्वे, मुनयोऽपि न पण्डिताः ॥ ३ ॥

શાસ્ત્રનો ઉપદેશ કરવાને અને ભાષણ કરવાને તો સર્વજન (મનુષ્ય) સમૂહ પંડિત છે, પણ તે મુજબ વર્તવાને તો મુનિયો પણ પંડિતો નથી, અર્થાત્ કહેવા મુજબ વર્તવું મુનિયોને પણ કઠિન છે. ૩ *

ક્રિયાથી પાંડિત્ય પ્રાપ્તિ.

पठकः पाठकश्चैव, ये चान्ये शास्त्रचिन्तकाः ।
सर्वे व्यसनिनो ज्ञेया यः क्रियावान् स पण्डितः ॥ ४ ॥

શાસ્ત્રોને ભણનારો અને ભણાવનારો, અને બીજા શાસ્ત્રોનું ચિન્તન કરનારા પુરૂષો છે તે બધાઓ ફોગટ વ્યસનવાળા–દુઃખી જાણવા. પરન્તુ જે પુરૂષ શાસ્ત્ર મુજબ ક્રિયાવાળો છે તે પંડિત ગણાય છે. બીજાઓ ગણાતા નથી. ૪

ક્રિયા વિના શાસ્ત્રાભ્યાસ તથા જ્ઞાનતપાદિકની નિષ્ફળતા.

उपजाति.

अधीत्य शास्त्राणि भवन्ति मूर्खा यस्तुक्रियावान् पुरुषः स विद्वान् ।
सुचिन्तितं चौषधमातुरं हि न ज्ञानमात्रेण करोत्यरोगं ॥ ५ ॥

ક્રિયાહીન પુરૂષો શાસ્ત્રો ભણીને પણ મૂર્ખ રહે છે, પરંતુ જે શાસ્ત્ર મુજબ ક્રિયાવાળો પુરૂષ છે, તેજ વિદ્વાન્ ગણાય છે. ઔષધ સારી રીતે વિચારેલું હોય તો પણ તે જ્ઞાન માત્રથી આતુર–રોગી મનુષ્યને નીરોગી કરી શકતું નથી. ૫

ક્રિયાહીન ઉપદેશકની સ્થિતિ.

वसन्ततिलका.

शास्त्रावगाहपरिघट्टनतत्परोऽपि, नैवाबुधः समधिगच्छति वस्तुतत्त्वम् ।
नानाप्रकाररसमध्यगतापि दर्वी, स्वादं रसस्य सुचिरादपि नैव वेत्ति ॥ ६ ॥

* ૩ થી ૬ સૂક્તિમુક્તાવળી

શાસ્ત્ર ભણવામાં તથા તેનો ઉપદેશ આપવામાં કુશળ પણ પોતે અબુધ (શાસ્ત્ર ઉપદેશ પ્રમાણે નહીં ચાલનાર) એવો માણસ હોય તો (શાસ્ત્રમાં રહેલા) શુદ્ધ તત્ત્વને જાણતો નથી; કારણકે નાના પ્રકારના રસોમાં કાયમ રહેનારી કડછી સુંદર રસનો સ્વાદ જાણી શકતી નથી. ૬

ચારિત્ર્યથી સર્વ સાધ્યપણું.

उपजाति.

सद्दर्शनज्ञानतपोदमाद्याश्चारित्रभाजः सफलाः समस्ताः ।
व्यर्थाश्चरित्रेण विना भवन्ति ज्ञात्वेह सन्तश्चरिते यतन्ते ॥ ७ ॥

સમ્યક્ત્વ શાસ્ત્રનું જ્ઞાન, તપશ્ચર્યા અને દમ (ઇંદ્રિયનો નિગ્રહ) થી ભરપૂર (પરિપૂર્ણ) સંયોગો હોય, પરંતુ તે સર્વે જ્ઞાનતપાદિ ચારિત્રવાળા પુરૂષોનેજ ફળદાયક થાય છે અને ચારિત્ર (સુવર્તન) વિના તે સર્વ વૃથા થાય છે એવું જાણીને સંત પુરૂષો ચારિત્રને વિષે પ્રયત્ન કરે છે. ૭

લોકમાં શુદ્ધચારિત્રયુક્ત મહાત્માઓનું વિરલાપણું.

शार्दूलविक्रीडित.

केचित्काव्यकलाकलापकुशलाः केचिच्च सल्लक्षणाः,
केचित्तर्कवितर्कतत्त्वनिपुणाः केचिच्च सैद्धान्तिकाः ।
केचिन्निस्तुषबीजशास्त्रनिरता ज्योतिर्विदो भूरय—
श्चारित्रैकविलासवासभवनाः स्वल्पाः पुनः सूरयः ॥ ८ ॥

કેટલાક પુરૂષો કાવ્ય કળા-ચોસઠ કળાના સમૂહને જાણવાવાળા છે, કેટલાક શુભ લક્ષણશાસ્ત્ર એટલે સામુદ્રિકશાસ્ત્રને જાણનાર છે કેટલાક ન્યાય સંબંધી વિચારના તત્ત્વમાં નિપુણ છે, અને કેટલાક ધર્મના સિદ્ધાન્તને જાણવાવાળા છે. કેટલાક ફોતરા વગરના બીજની માફક શુદ્ધ એવાં શાસ્ત્રોમાં પ્રીતિવાળા છે, અને જ્યોતિષ્ શાસ્ત્રને જાણવાવાળા તો ઘણા પુરૂષો છે. પરંતુ શુભ ચરિત્ર-ષડિન્દ્રિય નિગ્રહાદિ-આનન્દોના એક નિવાસરૂપ અર્થાત્ જેઓ વીતરાગ થયા છે, એવા સૂરિ-પૂજ્ય વિદ્વાનો તો જગત્‌માં ઘણા થોડા છે. ૮

જ્ઞાની-પાપીનો પીછાણ.

* દીવો લઇને કુવામાં પડે તે જ્ઞાની પાપી કહેવાય છે. સાંભળો બધું, સ

* સ્વર્ગવિમાન.

મજે બધું, પણ કરે કાંઇ નહીં, તે જ્ઞાની પાપી કહેવાય છે. એવાં માણસો વાતો બહુ મોટી મોટી કરે છે, ઉપદેશ પણ બહુ આપે છે, ઉપર ઉપરથી દેખાવ પણ સારો સારો કરે છે, પણ અંતરમાં ઢમઢોલ ને માંહી પોલજ હોય છે. બીજાઓ તો અંધારાને લીધે કુવામાં પડે છે, પણ જ્ઞાની–પાપી તો પોતાના હાથમાં મસાલ લઇને કૂવામાં પડે છે. બીજાઓ તો અજ્ઞાનથી, ખરાબ સંજોગથી, કે અકસ્માતથી ભૂલચે ચુકચે મરે છે, પણ જ્ઞાની–પાપી તો જાણી બુજીને આપઘાત કરે છે. બીજા પાપીઓમાં ને જ્ઞાની–પાપીમાં જે ભેદ છે, તે એજ કે જ્ઞાની–પાપીઓ તે આંધળા જેવા છે ને તેમનું જ્ઞાન તે તેઓના **હાથમાં મસાલ જેવું છે, પણ** આંધળાને પોતાના હાથમાંની મસાલ પણ જેમ કામ આવતી નથી; તેમ જ્ઞાની–પાપીને પોતાનું જ્ઞાન પણ કામ આવતું નથી; કારણ કે જે જ્ઞાન વડે પાપથી બચવું જોઇએ, તેજ જ્ઞાનથી તેઓ વધારે પાપ કરે છે. સમજ્યા છતાં, જ્ઞાન છતાં માણસો કેમ પાપ કરે છે, એ એક મોટો સવાલ છે; પણ તેને માટે મહાત્માઓએ કહેલું કે, જ્ઞાન છે તે બન્ને બાજુથી ધારવાળી તરવારવાળું છે, તેથી આપણાં બંધન પણ કપાય છે, અને તેથી આપણું માથું પણ કપાય છે. જ્ઞાનની તરવારનો કેમ ઉપયોગ કરવો એ તેના વાપરનારના હાથમાં છે. ભક્ત લોકો જ્ઞાનની તરવારથી પોતાના કર્મના બંધનને કાપી નાંખે છે. અને જ્ઞાની–પાપીઓ જ્ઞાનની તરવારથી પોતાનાજ હૃદયમાં જખમ પાડે છે. જ્ઞાની–ભકતોમાં ને જ્ઞાની–પાપીઓમાં એજ ભેદ છે કે, જ્ઞાની–ભકત તરતો જાય છે, ને જ્ઞાની–પાપી ડુબતો જાય છે. માટે ભાઇઓ ! મુરખ રહી જવાય તો ફિકર નહીં, પણ જ્ઞાની–પાપી ન થવાય એ સંભાળજો.

નકશામાં વિલાયત જોયાથી કાંઇ વિલાયતનો અનુભવ થાય નહીં, તેમજ માત્ર શાસ્ત્ર વાંચી ગયાથી ધર્મના નિયમો પાળ્યા સિવાય કાંઇ ઉદ્ધાર થાય નહીં.

છોકરાઓ નકશામાં જેમ ઝટ લઇને ઇરાનની હદ બતાવી દેય છે, પણ ખરા ઇરાનની હદ જેમ એ છોકરાએ જોયેલી નથી, તેમ પોથીમાંથી શાસ્ત્રીઓ જીંદગીનો હેતુ કહી જાય છે, પણ તેઓ પોતે જીંદગીનો ખરો હેતુ સમજેલા હોતા નથી. જેમ છોકરાઓ પોતાની હુશીઆરી બતાવવા માટે ઝટ આંગળી મૂકીને સહારાનું મોટું ઉજડ રણ બતાવી દે છે, તેમ પૌરાણિક બાવાઓ જગતની ઉત્પત્તિ અને નાશની મોટી વાતો કર્યા કરે છે, પણ તેઓ પોતે જગતની ઉત્પત્તિ અને લયનો ભેદ સમજેલા હોતા નથી. છોકરાઓ નકશામાં ઝટ લઇને ચીનની દીવાલ બતાવી દે છે, પણ ખરી દીવાલ તેઓએ કદી પણ જોઇ નથી; તેમજ ભટજી મહારાજો આપણને માયાનું મિથ્યાપણું સમજાવે છે, પણ તેઓએ જરા પણ માયાનું મિથ્યાપણું અનુભવે

લું હોતું નથી. છોકરાઓ નકશામાં જેમ જેપાનના જ્વાલામુખી પહાડ બતાવે છે, પણ એ પહાડો જેમ તેણે જોએલા નથી, તેમજ શાસ્ત્ર વાંચી ગયેલા પંડિતો જીવનું સ્વરૂપ બતાવે છે, પણ તેઓ પોતે જીવનું સત્ય સ્વરૂપ સમજેલા હોતા નથી; અને જેમ છોકરાઓ એકજ આંગળી વડે કરીને એકજ સેકંડમાં હિમાલયનું ઉંચામાં ઉંચુ શિખર બતાવી દે છે, પણ એ શિખર જેમ આજ દિવસ સુધી કોઇએ જોએલું નથી, તેમજ કથા વાંચનારાઓ પ્રભુનાં સ્વરૂપની વાતો કરી જાય છે, પણ તેઓ કદી પણ એ સ્વરૂપને સમજેલા હોતા નથી, કારણકે કહી જવું એ કાંઇક જુદીજ વસ્તુ છે, અને સમજવું એ કાંઇક જુદીજ વસ્તુ છે. વાતો કરવામાં ને અનુભવ લેવામાં તો જમીન આસમાનનો ફેર છે, એવા અનુભવ તો ભાગ્યશાળી ભકતોજ લઇ શકે છે, અને પ્રભુના નામની લેહ લાગ્યા વિનાના પંડિતો તો નાનાં બાળકોની પેઠે નકશો જોવામાંજ રહી જાય છે.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે શાસ્ત્રો જાણવાં નકામાં છે; પણ કહેવાનો હેતુ એજ છે કે, માત્ર પેટ ભરવા સારૂ, વાતો કરવા સારૂ, મ્હોટાઇ મેળવવા સારૂ, કે વિવાદ કરવા સારૂ, શાસ્ત્રો વાંચી જવાથીજ કાંઇ વળવાનું નથી, પણ વાંચેલું હૃદયમાં ધારણ કરવું જોઇએ, અને તે જીંદગીમાં પ્રત્યક્ષ રીતે અનુભવવું જોઇએ, તોજ તે કામનું છે. પણ તે ભક્તિથી (પ્રભુપ્રેમથી) થઇ શકે છે, માટે જેમ બને તેમ પ્રભુ ઉપરનો પ્રેમ વધે તેમ કરો. પ્રભુપ્રેમને માટેજ શાસ્ત્રો છે, તે સારૂજ આ પણી જીંદગી છે, તે સારૂજ આ દુનિયાં છે અને તેમાંજ–પ્રભુપ્રેમમાંજ મોક્ષ છે. માટે ભાઇઓ ! નકશામાં વિલાયત જોવાના જેવાજ નહીં રહી જતાં ધર્મનાં રહસ્યો કાંઇક અનુભવમાં આવે અને પ્રભુ ઉપરનો પ્રેમ વધે તેમ કરો. + + +

આ પ્રમાણે કહી આ ક્રિયાહીન જ્ઞાન નિષ્ફળ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

कुब्राह्मण अधिकार.

આ અધિકારનો આરંભ કરતાં પહેલાં કેટલુંક તે સંબંધી જણાવવાની અપેક્ષા રહે છે. તેમાં પ્રથમ જણાવવાનું કે બ્રાહ્મણ ધર્મના ગ્રન્થોમાં બ્રાહ્મણોને ઉચ્ચ સ્થાને મૂકવામાં આવ્યા છે, અને તદનુયાયી વર્ગ ઘણા ભાવથી તે બ્રાહ્મણોનો સત્કાર કરતો આવેલ છે, અને અદ્યાપિ કરે છે. મતલબ કે બ્રાહ્મણ જાતિના પૂજ્યપણાનું કારણ પણ તે તે શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે આપવામાં આવ્યું છે તે એ છે કે તે બ્રાહ્મણોએ અન્ય ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રાદિક કરતાં ઘણાજ કઠણ નિયમો પાળન કરવાના છે. તે સંબંધમાં શ્રી ઋષભદેવ ભગવાને કીધું છે કે—

" ब्राह्मणस्यचदेहोऽयं क्षुद्रकामायनेष्यते । कच्छ्राय तपसे चेह प्रेत्यानन्तसुखाय च"

અર્થાત્ બ્રાહ્મણનો આ દેહ તુચ્છ વિષયભોગ ભોગવવા સારૂ નથી, પરંતુ તપ અને કષ્ટ ભોગવવા વાસ્તે છે. તેમ કરવાથી ફળ એ ઉત્પન્ન થાય છે કે આ દેહ તજ્યા પછી અનંત સુખ (મોક્ષ) મળે છે. પરંતુ ઉક્ત શ્લોક પ્રમાણે જે બ્રાહ્મણો તપ કષ્ટ આદિ સ્વધર્મના શાસનોથી અન્યથા-બીજી રીતે વર્તે છે, તેઓને માટે ભારતાદિમાં તેની નિંદાનું કથન પણ કરવામાં આવ્યું છે, અને તે ભાગ ઉપર જો તે બ્રાહ્મણસમૂહ લક્ષ આપી સુધરશે, તો તેને ઐહિક તેમજ પારલૌકિક બન્ને લોકના સુખની પ્રાપ્તિ થશે. તેમ અન્ય વાચકવૃન્દ પણ આ લેખનનો લાભ લઇ તેઓને સુધરવાનું જણાવશે તો પણ તેઓ શુદ્ધ ધર્મનું તત્ત્વ જોઇ સુખી થશે. જે કારણથી આ અધિકરણનો આરંભ કરવામાં આવે છે.

અધમ બ્રાહ્મણનાં લક્ષણો.

अनुष्टुप्–(૧ થી ૨૫)

कृषिवाणिज्यगोरक्षा राज्यसेवां चिकित्सितम् ।
ये ब्राह्मणा प्रकुर्वन्ति वृषलास्ते न संशयः ॥ १ ॥

કૃષિ-ખેડ, વ્યાપાર, ગાય વિગેરેની સેવા કરી તેના દુધ, દહિં, ઘી વગેરે વિક્રય કરી વૃત્તિ ચલાવવી તે, અને વૈદુ, રાજ્યની નોકરી જે બ્રાહ્મણો કરે છે, તેઓ શૂદ્ર તુલ્ય છે, એમા સંશય નથી. * ૧

સ્ત્રી સેવક બ્રાહ્મણો.

ये स्त्रीवशं गता नित्यं, विश्वासोपहताश्च ये ।
ये स्त्रीपादरजःस्पृष्टास्तेऽपि शूद्रा युधिष्ठिर ॥ २ ॥

હે ધર્મરાજા ! જે બ્રાહ્મણો હમેશાં સ્ત્રીઓને આધીન છે અને બીજાના વિશ્વાસથી જેઓ મૃતતુલ્ય થયા છે, અને જેઓ સ્ત્રીઓના ચરણની રજથી સ્પર્શ કરાયેલા છે. અર્શાત્ સ્ત્રીઓના દાસરૂપ થઇ ગયા છે. તે પણ બ્રાહ્મણો શૂદ્રતુલ્ય છે, એમ શાન્તિપર્વમાં ભીષ્મપિતામહે રાજા યુધિષ્ઠરને કહ્યું છે. ૨ વળી

ખેતીકાર બ્રાહ્મણો.

हलकर्षणकार्यं तु, यस्य विप्रस्य वर्त्तते
न हि स ब्राह्मणःप्रोक्तः सोऽपि शूद्रो युधिष्ठिर ॥ ३॥

---

* ૧ થી ૧૩ પુરાણ, મહાભારત તથા મનુસ્મૃતિ.

હે રાજા ધર્મ ! જે બ્રાહ્મણની વૃત્તિ–ધંધો હળ ખેડવાનો છે, અર્થાત્ કૃષિ–ખેડ કરવાનો છે, તે બ્રાહ્મણ નથી પણ શૂદ્ર છે. ૩

બ્રાહ્મણનાં પતિત આચરણો.

हिंसकोऽनृतवादी च, चौर्ये तूपरतश्च यः ।
परदारोपसेवी च सर्वे ते पतिता द्विजाः ॥ ४ ॥

જે બ્રાહ્મણ હિંસા કરનાર, મિથ્યાવાદી (અસત્ય બોલનાર) અને ચોરીના કામમાં પ્રીતિવાળો તેમજ બીજાની સ્ત્રીઓને ભોગવવાવાળો છે, તે બધા બ્રાહ્મણો પતિત જાણવા. ૪

શાસ્ત્રાભ્યાસથી વિરકત વર્ગ.

स्वाध्यायहीना वृषलाः परकर्मोपजीविनः ।
आकाशगामिनो, विप्रास्सर्वजातिषु निन्दिताः ॥ ५ ॥

જે બ્રાહ્મણો સ્વાધ્યાય–વેદશાસ્ત્રથી હીન બીજાના ધંધા ઉપર આજીવિકા ચલાવનારા અને આમન્ત્રણ વિના સર્વ સ્થાને જનારા છે, તેઓ શૂદ્ર તુલ્ય છે અને સર્વ વર્ણોમાં નિન્દાને પાત્ર છે. ૫

ગો વિક્રય કરનારા બ્રાહ્મણો.

गोविक्रयास्तु ये विप्रा ज्ञेयास्ते मातृविक्रयाः ।
तेन देवाश्च वेदाश्च विक्रीता नात्र संशयः ॥ ६ ॥

જે બ્રાહ્મણો ગોવિક્રય–ગાયો વેચવાનું કામ કરનારા છે, તે પોતાની માતાને વેચવાવાળા જાણવા અને તે બ્રાહ્મણોએ સવ વેદો તથા દેવોનો વિક્રય કર્યો એમ જાણવું તેમાં સંશય નહિં. કારણ કે ગાયના શરીરમાં તમામ વેદો તથા દેવો રહ્યા છે, એમ બ્રાહ્મણ ધમના શાસ્ત્રોમાં લખેલું છે. ૬

શુદ્રદાન સ્પર્શનું ફળ.

अधीत्य चतुरो वेदान् साङ्गोपाङ्गान् सवृत्तिकान् ।
शूद्रात्प्रतिग्रहं कृत्वा खरो भवति ब्राह्मणः ॥ ७ ॥

અંગ, ઉપાંગ તથા વૃત્તિ સહિત ચાર વેદોનો અભ્યાસ કરીને જે બ્રાહ્મણ શૂદ્ર પાસેથી દાન ગ્રહણ કરે તે બીજા જન્મમાં ખર (ગર્દભ) ના અવતારને પામે છે. ૭

તાજ્ય દાનથી ભવભ્રમણ.

खरो द्वादश जन्मानि, षष्टिजन्मानि शूकरः
श्वानः सप्ततिजन्मानि इत्येवं मनुरब्रवीत् ॥ ८

તેમાં બાર જન્મો સુધી ખર, સાઠ જન્મો સુધી સૂકર (ડુક્કર) અને સીતેર જન્મો સુધી શ્વાન-કૂતરા-ના જન્મને પામે છે. એમ મનુએ કહ્યું છે. ૮

અધમ વૃત્તિના બ્રાહ્મણોનું સ્થાન.

सत्यं नास्ति तपो नास्ति, नास्ति चेन्द्रियनिग्रहः ।
सर्वभूतदया नास्ति, एतच्चाण्डाललक्षणम् ॥ ९ ॥

બ્રાહ્મણમાં જો સત્ય નહોય, તપ નહોય, ઇન્દ્રિયોનો નિગ્રહ નહોય, સર્વ ભૂત (પ્રાણી) ઉપર દયા ન હોય, તો એ ચાંડાલનું લક્ષણ છે. અર્થાત્ તે બ્રાહ્મણ ચાંડાલ તુલ્ય જાણવો. ૯ તેમજ

चतुर्वेद्यपि यो भूत्वा, चण्डकर्म समाचरेत् ।
चण्डालस्स तु विज्ञेयो, नवेदास्तत्र कारणम् ॥ १० ॥

જે બ્રાહ્મણ ચાર વેદોને જાણનારો હોય તો પણ જો ઉગ્ર-બ્રાહ્મણ ધર્મ વિરૂદ્ધ કર્મ કરે તેને ચાંડાલ જાણવો. તેમાં-બ્રાહ્મણપણામાં-વેદો કારણરૂપ નથી. ૧૦

બ્રાહ્મણોને તજવા યોગ્ય માર્ગ.

वार्धकास्सेवकाश्चैव, नक्षत्रतिथिसूचकाः ।
एते शूद्रसमा विप्रा मनुना परिकीर्तिताः ॥ ११ ॥

જે બ્રાહ્મણો વ્યાજ ઉત્પન્ન કરી નિર્વાહ ચલાવનારા છે, બીજાની નોકરી કરવાવાળા છે, નક્ષત્રો અને તિથિઓને સૂચવવાવાળા અર્થાત્ જોશીના કામને કરનારા છે, આ બ્રાહ્મણોને મનુરાજ ઋષિયે શૂદ્ર સમાન કહ્યા છે. ૧૧ વળી—

અયોગ્ય વર્તનથી નિંદ્ય અવસ્થા.

क्रूराश्चण्डाश्च पापाश्च, परद्रव्यापहारिणः ।
निर्दयाः सर्वभूतेषु, चाण्डालास्सर्वजातिषु ॥ १२॥

જે બ્રાહ્મણો અત્યન્ત ક્રોધવાળા, પાપ કર્મ કરનારા, બીજાના ધનને ચોરવાવાળા, અને સર્વ પ્રાણી માત્રમાં દયા વગરના છે, તેઓ સર્વ વર્ણમાં ચાંડાલતુલ્ય છે. ૧૨

અધમ બ્રાહ્મણને ભોજન પ્રીતિ.

मोदका यत्र लभ्यन्ते, न दूरे पञ्चयोजनी ।
वटका यत्र लभ्यन्ते, न दूरे दशयोजनी ॥ १३ ॥

લાડુભટોને લાડુ મળતા હોય તો ૨૦ ગાઊ પણ દૂર નથી અને જો વડાંનું ભોજન મળતું તો ૪૦ ગાઊ પણ દૂર નથી. અર્થાત્ ભોજન સારૂ આટલા પન્થને પણ ગણતા નથી. ૧૩

અકરાંતિયો જમણપ્રેમ.

परान्नं प्राप्य दुर्बुद्धे, मा प्राणेषु दयां कुरु ।
दुर्लभानि परान्नानि, प्राणा जन्मनि जन्मनि ॥ १४ ॥

એક ઉદરંભરિ બ્રાહ્મણ સ્વ તનય-પુત્રને કહે છે કે હે દુર્બુદ્ધિવાળા ! પરાન્ન-બીજાના અન્નને પામી પ્રાણોમાં દયા રાખમા એટલે જમતાં પ્રાણ નીકળી જાય તો પણ ભોજનનો ત્યાગ કરમાં, કારણ કે પરાન્ન દુર્લભ છે અને પ્રાણો તો જન્મે જન્મે મળી શકે છે જેથી પરાન્નનું ભક્ષણ કરવામાં પ્રાણબાધાને પણ ગણમા. ૧૪

કેવા બ્રાહ્મણોને આપેલું દાન નિષ્ફળ થાય છે ?

चण्डस्य पुत्रहीनस्य, दम्भाचाररतस्य च ।
स्वकर्मत्यागिनश्चापि, दत्तं भवति निष्फलम् ॥ १५ ॥

ક્રોધી, પુત્રહીન, દંભ-જુઠો ડોળ-ના આચારમાં પ્રીતિવાળો, અને જેણે પોતાના સંધ્યાવન્દનાદિ કર્મોનો ત્યાગ કરેલ છે, એવા બ્રાહ્મણને આપેલું દાન નિષ્ફળ થાય છે. ૧૫* વળી કહ્યું છે કે—

परदाररतस्यापि, परद्रव्याभिलाषिणः ।
नक्षत्रसूचकस्यापि दत्तं भवति निष्फलम् ॥ १६ ॥

બીજાની સ્ત્રીઓમાં પ્રીતિવાળો, બીજાના ધનની ઇચ્છા રાખનાર, અને નક્ષત્રોને બતાવનાર-જ્યોતિઃશાસ્ત્ર ઉપર આજીવિકા ચલાવનાર-એવા બ્રાહ્મણને આપેલું દાન નિષ્ફળ થાય છે. ૧૬ તથા અભ્યાસીને કહે છે કે—

वेदविक्रयिणश्चापि, स्मृतिविक्रयिणस्तथा ।
धर्मविक्रयिणो विप्र, दत्तं भवति निष्फलम् ॥ १७ ॥

હે વેદાભ્યાસી ! વેદોનો વિક્રય કરનાર (વેચનાર) સ્મૃતિઓનો વિક્રય કરનાર, અને ધર્મને વેચનાર અર્થાત્ પોતે વ્રત વિગેરે કરી, તે નિમિત્તે પૈસા લઇ બીજાને ફળ આપનાર એવો જે બ્રાહ્મણ છે, તેને આપેલું દાન નિષ્ફળ જાય છે. ૧૭ તેમજ—

असिजीवी मषीजीवी, देवलो ग्रामयाजकः ।
धावको वा भवेत्तेषां, दत्तं भवति निष्फलम् ॥ १८ ॥

* ૧૫ થી ૨૨ નારદીય પુરાણ.

તરવાર બાંધી આજીવિકા ચલાવનાર એટલે લશ્કરની નોકરી કરનાર, ગળી વેચનાર, અથવા લેખન કરનાર, ધન લઈ દેવની પૂજા કરનાર ગામોટ અર્થાત્ જે આખા ગામનું ગોરપણું કરે છે તે, એક ગામથી બીજે ગામ સંદેશા અથવા પત્રો આપી વૃત્તિ ચલાવનાર, આ વૃત્તિ કરનારા બ્રાહ્મણોને આપેલું દાન નિષ્ફળ થાય છે. ૧૮ વળી—

पाककर्तुः परस्यार्थे, कवये गदहारिणे ।
अभक्ष्यभक्षकस्यापि, दत्तं भवति निष्फलम् ॥ १९ ॥

બીજા માટે પાક (રસોઈ કરનાર), કવિતા કરી ધન લેનાર, વૈદ્યનો ધંધો કરનાર અને અભક્ષ્ય–લશુન–પલાંડુ–વિગેરે પદાર્થોને ભક્ષણ કરનાર એવા બ્રાહ્મણને આપેલું દાન નિષ્ફળ જાય છે. ૧૯ અને—

शूद्रान्नभोजिनश्चैव, शूद्राणां शवदाहिनः ।
पौंश्चलान्नभुजश्चापि, दत्तं भवति निष्फलम् ॥ २० ॥

શૂદ્રોના અન્નનું ભક્ષણ કરનાર, શૂદ્રોનાં શવ–મુડદાંનો દાહ કરનાર અને વેશ્યા સ્ત્રીઓ તથા તેના જાર પુરૂષોના અન્નનું ભક્ષણ કરનાર એવા બ્રાહ્મણને આપેલું દાન પણ નિષ્ફળ થાય છે. ૨૦

બ્રાહ્મણોને નરકમાં જવાનો સિધ્ધો રસ્તો.

विश्वासघातिनां चैव मर्यादाभेदिनां तथा ।
परान्नलोलुपानां च, नरकं शृणु दारुणं ॥ २१ ॥

વિશ્વાસઘાત કરનારા, ધર્મની મર્યાદાને ભેદનારા, અને બીજાઓના અન્નનું ભક્ષણ કરવામાં લોલુપ–લોભવાળા–એવા બ્રાહ્મણોને દારૂણ નરકની પ્રાપ્તિ થાય છે, એમ તું શ્રવણ કર. ૨૧ તથા—

प्रतिग्रहरता ये च, ये वै नक्षत्रपाठकाः ।
ये च देवलोकान्नानां, भोजिनस्ताञ्शृणुष्व मे ॥ २२ ॥

જે બ્રાહ્મણો દાન લેવામાં પ્રીતિવાળા છે, અને જેઓ નક્ષત્રનો પાઠ કરનારા અર્થાત્ જ્યોતિઃશાસ્ત્રથી નિર્વાહ ચલાવનારા છે. અને જેઓ દેવલોક–દેવપૂજા કરી ધન ગ્રહણ કરનાર–બ્રાહ્મણોનું અન્ન ભક્ષણ કરનારા બ્રાહ્મણો છે, તેઓને નરકની પ્રાપ્તિ છે, એમ તું મારી પાસેથી સાંભળ. ૨૨

પતિત બ્રાહ્મણનાં લક્ષણ.

अव्रती कितवः स्तेनः, प्राणिविक्रयकोऽपि वा ।
प्रतिमाविक्रयं यो वै, करोति पतितस्तु सः ॥ २३ ॥

વ્રત કરનાર, કપટી, ચોરી કરનાર, પ્રાણી–ગાય, ભેંસ, ઘોડા, બકરાં–વિગેરેને વેચનાર, અથવા જે બ્રાહ્મણ મૂર્તિઓ–દેવ વિગેરેની પ્રતિમાઓ–નો વિક્રય કરે છે, તે બ્રાહ્મણ પતિત છે એમ જાણવું. ૨૩ તેવીજ રીતે—

जीवनार्थं परास्थीनि, धृत्वा तीर्थं प्रयाति यः
मातापित्रोर्विना सोऽपि:, पतितः परिकीर्तितः ॥ २४ ॥

જે બ્રાહ્મણ આજીવિકા સારૂ માતા પિતા સિવાય બીજાનાં અસ્થિ–હાડકાં–ને માથે ધારણ કરી તીર્થમાં જાય છે, તેને પણ પતિત કહેલ છે. ૨૪

મનુષ્યને બ્રહ્મહત્યાનુ પાપ.

यस्तु योगरतो विप्रो, विषयेषु स्पृहान्वितः ।
तत्संभाषणमात्रेण, ब्रह्महत्या भवेन्नृणाम् ॥ २५ ॥

જે બ્રાહ્મણ યોગ–સમાધિ–કાર્યને કરનાર છતાં સાંસારિક વિષયોમાં ઇચ્છા રાખી તેઓને ભોગવે છે, તેની સાથે ભાષણ માત્રથી મનુષ્યોને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. ૨૫

નીચ બ્રાહ્મણનો મનોરથ.

आर्या.

विग्रहमिच्छन्ति भटा, वैद्याश्च व्याधिपीडितं लोकम् ।
मृतकबहुलं च विप्राः, क्षेमसुभिक्षं च निर्ग्रन्थाः ॥ २६ ॥

લડવૈયાઓ યુદ્ધની ઇચ્છા રાખે છે, વૈદ્ય લોકો લોકને રોગગ્રસિત–રોગવાળો ચાહે છે, નીચ બ્રાહ્મણો વધારે મરણને ઇચ્છે છે, અને જેના હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠ છૂટી ગયેલ છે, એવા મહાત્માઓ ક્ષેમ અને સુભિક્ષ -સુખાકારી ચાહે છે.૨૬*

લાડુભટ્ટને અનેક પ્રકારની ઉપમા.

उपजाति.

अगस्तितुल्याश्च घृताब्धिशोषणे, दम्भोलितुल्या वटकाद्रिभेदने ।
शाकावलीकाननवह्निरूपास्त एव भट्टा इतरे भटाश्च ॥ २७ ॥

ઘીરૂપી સમુદ્રને પાન કરવામાં અગસ્ત્ય મુનિ જેવા, વડાંરૂપી ગિરિને નાશ કરવામાં ઇંદ્રના વજ્ર જેવા, અને શાકની પંક્તિરૂપ વનને બાળવામાં અગ્નિ જેવા (પુષ્કળ શાક ખાનારા) જે છે તે ભટ્ટ (લાડુભટ્ટ) કહેવાય છે. અને બીજાઓ ભટ–લડવૈયા કહેવાય છે. ૨૭

---

* ૨૬ થી ૨૯ સુભાષિત રત્ન ભાંડાગાર.

ભોજન પ્રિય બ્રાહ્મણોનું મહાવૃષભ સાથે શ્લેષ અલંકારથી નિરૂપણ.

वसन्ततिलका.

क्षेत्रेषु सस्यमतिभक्ष्य चिरं महोक्षा भीतिं जने विदधतो निजगर्जनाभिः ।
स्वज्ञातिपीडनपरा विगतान्यचिन्ता विप्रा इवाद्य विचरन्ति परान्नपुष्टाः ।२८।

આજ શરદ્ઋતુમાં ધાન્યો સારાં પાકવાથી ક્ષેત્રોમાં ધાન્યનું લાંબા વખત સુધી ભક્ષણ કરીને પોતાની ગર્જનાઓ (ઓગધા) ના શબ્દોથી લોકમાં ભયને ઉત્પન્ન કરવાવાળા, પોતાની જ્ઞાતિ–નાના આખલા વિગેરે–ને પીડા કરવાવાળા અને " દક્ષિણે ચક્રં વામે ત્રિશૂલં " આવા ચિહ્નવાળા હોવાથી ડબા વિગેરેમાં પુરાતા નથી તેથી બીજી ચિન્તાથી રહિત એવા મહા સાંઢો બીજાના અન્નથી પુષ્ટ થયેલા બ્રાહ્મણોની માફક વિચરે છે. ઉપરના વિશેષણો બ્રાહ્મણોમાં ઘટાવે છે કે–આજ શ્રાદ્ધપક્ષ હોવાથી યજમાનોના ધર્મક્ષેત્રોમાં લાડુ પાયસ વિગેરે અન્નનું લાંબા વખત સુધી ભક્ષણ કરીને લોકમાં પોતાની ગર્જનાઓથી ભયને ઉત્પન્ન કરતા, પોતાની જ્ઞાતિને પીડા કરવામાં તત્પર અને ઘરમાં ભોજનાદિનો ખર્ચ ન હોવાથી બીજી ચિન્તા રહિત અર્થાત્ ચિન્તા વગરના પરાન્નથી પુષ્ટ થયેલા બ્રાહ્મણો વિચરે છે. ૨૮

ભિક્ષુક બ્રાહ્મણની બાર પ્રકારે કુશળતા.

शार्दूलविक्रिडित.–(૨૯-૩૧)

उच्चैरध्ययनं पुरातनकथा स्त्रीभिः सहालापनं,
तासामर्भकलालनं पतिनुतिस्तत्पाकमिथ्यास्तुतिः ।
आदेशस्य करावलम्बनविधिः पाण्डित्यलेखक्रिया,
होरागारुडमन्त्रतन्त्रकविधिर्भिक्षोर्गुणा द्वादश ।२९।

ઉંચે સ્વરે ભણવું, જુની કથા કહેવી, સ્ત્રીઓની સાથે વાતચીત કરવી, તેમનાં બાળકોને લાડ લડાવવાં, સ્ત્રીઓના પતિઓનાં વખાણ કરવા, તેમની રસોઇની મિથ્યા સ્તુતિ કરવી, તેમના હુકમનું હાથવડે ઉઠાવવું, પંડિતપણું તથા લેખ ક્રિયામાં કુશળપણું બતાવવું, અને હોરા ગારૂડી મંત્ર તંત્રનો વિધિ જાણવો એ બાર ભિક્ષુકના ગુણ છે. ૨૯

તેઓનું નિત્ય કર્મ

प्रातःक्षालितलोचनाः करतले चञ्चत्पवित्राङ्कुरा-
स्तत्तत्स्थाननिवेशितोर्ध्वतिलकाश्चैलान्तबद्धाक्षताः

को जातश्च मृतोऽथवा मृततिथिः कस्यालये वर्तते,
चेत्थं हर्षशतैर्युताः प्रतिदिनं धावन्त्यहो भिक्षुकाः ।३०।

પ્રાતઃકાળમાં આંખો પાણીથી સાફ કર્યા પછી હાથમાં દર્ભો અથવા દુર્વાના અંકુરો રાખી, શરીરના તે તે યોગ્ય ભાગમાં ઉર્ધ્વ (ઉભુ) તિલક કરી અને વસ્ત્રના છેડામાં ચોખા બાંધી 'આજ કોણ જન્મ્યો છે?' 'આજે કોણ મરી ગયો છે?' અથવા 'આજે કોને ઘરે મરણ તિથિ છે'? એ પ્રમાણે હજારગણો આનંદ પામી, અહો ? હમેશાં ભિક્ષુકો દોડે છે. ૩૦

કુબ્રાહ્મણોના લક્ષણોને બ્હાને દમ્ભની ચેષ્ટાઓનું ઉત્પ્રેક્ષણ.

पाणौ ताम्रघटी कुशः करतले धौते सिते वाससी,
भाले मृत्तिलकः सचन्दनरसो न्यस्तैकपुष्पं शिरः ।
दूरात्क्षिप्रपदागतिर्दृढतरव्याश्लिष्टदन्ता गिरः
सोऽयं वञ्चयितुं जगद्भगवतो दम्भस्य देहक्रमः ।।३१।।

એક હાથમાં તામ્રઘટી–તાંબડી બીજા હાથમાં દર્ભ અને ધોયેલ એવાં બે વસ્ત્રો, ભાલ–કપાલમાં ચન્દનના રસવાળું મૃત્તિકાનું તિલક, અને મસ્તક ઉપર એક ફુલ તથા દૂરથી ઉતાવળા પગવાળી ગતિ, મજબૂત રીતે દાંતોને દબાવીને અશુદ્ધ પ્રાય એવી વાણી, તે આ ભગવાન્ દમ્ભનો દેહક્રમ મિથ્યાડોળ કુબ્રાહ્મણોની ચેષ્ટાઓને બ્હાને કરી જગત્‌ને છેતરવાને પ્રવૃત્ત થયો છે. ૩૧

પુનઃ કુબ્રાહ્મણોના દંભનું વિશેષ સ્ફોટન.

स्रग्धरा.

पीठीप्रक्षालनेन क्षितिपतिकथया सज्जनानां प्रवादैः,
प्रातर्नीत्वार्द्धयामं कुशकुसुमसमारम्भणव्यग्रहस्तः ।
पश्चादेते निमज्जत्पुरयुवतिकुचाभोगदत्तेक्षणार्धाः,
प्राणायामापदेशादिह सरिति सदा वासराणि क्षयन्ति ।।३२।।

પ્રાતઃકાળને પાટલાઓના ક્ષાલન કર્મથી, રાજાઓની વાર્તાથી અને સજ્જનોના મ્હોટા વાદોથી વ્યતીત કરીને ત્યાર પછી અર્ધો પહોર દર્ભ, પુષ્પો વિગેરે લેવામાં વ્યતીત કરે છે, અને ત્યારપછી મધ્યાહ્ન સંધ્યા વખતના પ્રાણાયામના બ્હાનાથી નદીમાં સ્નાન કરતી પુરની સ્ત્રીઓના સ્તનો તથા શરીરોમાં અર્ધ કટાક્ષથી કુદૃષ્ટિ કરવાવાળા આ બ્રાહ્મણો સદા ત્રણે વખત તેઓ નદીમાં દિવસો ગાળે છે. ૩૨

* બ્રાહ્મણ ભટ્ટા, નિત લાડુનું ગાડું હવે નહિ ચાલશે.
ભિક્ષા વૃત્તિ, ભુંડામાં ભુંડી ગણિ ધંધો જાણજે. ટેક૦
તું માગી ખાય ચપટી ચપટી, તને લાજ નથી પડતાંજ લટી,
તારૂં ડહાપણ શાખ બધું ફપટી,બ્રાહ્મણ ભટ્ટા૦
મર મોત બનેલું બહું ખોટું, પણ તું ન ગણે મોટું છોટું;
તારૂં તો ચિત લાડુમાં ચોંટયું. બ્રાહ્મણ ભટ્ટા૦ ૩૩
તું લોહિ કોળિયા મૂખ ભરે, નહિ અંત કાળ લાડુથી ડરે;
તને કેમ શિખામણ અસર કરે, બ્રાહ્મણ ભટ્ટા૦ ૩૪
તન તારૂં હરામ થયેલું છે, વળિ મન વિદ્યા વણ મેલું છે;
તને સમજાવ્યાનું ન સે'લું છે, બ્રાહ્મણ ભટ્ટા૦ ૩૫
તુજ દાઢ ગળ્યામાં સળકી છે, તેથી તેમાં પ્રીતિ વળગી છે;
પણ નીતિથી એ અળગી છે, બ્રાહ્મણ ભટ્ટા૦ ૩૬
બહુ દિન ઘૃત ખાધુ પીધું, કહિ "સ્વસ્તિ પ્રસન" સીધુ લીધું;
હવે બસકર બહુ સારૂં કીધું, બ્રાહ્મણ ભટ્ટા૦ ૩૭
તને હાથ પગો પ્રભુએ આપ્યા, નાથ ભાગિ પડયાં નથીરે કાપ્યા;
નથિ મોટા કરી તમને થાપ્યા, બ્રાહ્મણ ભટ્ટા૦ ૩૮
નથિ લાભ તને પણ ભિક્ષાથી, શ્રીમંત ન કોઇ થયો આથી,
ગરિબાઇ સદા થઇ છે સાથી, બ્રાહ્મણ ભટ્ટા૦ ૩૯
ચંડાળ તણો ધંધો સારો, પણ તેથી ભુંડો છે તારો;
ઉપદેશ વિચારી જો મારો, બ્રાહ્મણ ભટ્ટા૦ ૪૦
બહુ પ્રજા વધી પડી વિપ્રતણી, સૌએ ગ્રહિ ગુરૂપદની કરણી;
એથી અડચણ એમાં આવી ઘણી, બ્રાહ્મણ ભટ્ટા૦ ૪૧
જુજ જજમાનો ને ગોર ઘણા, પણ ઉદ્યમ ન કરે સર્વજણા;
તેથી રંક પણામાં રહિ ન મણા, બ્રાહ્મણ ભટ્ટા૦ ૪૨
મહારાજ પડયું છે નામ હવે, તે કેવળ બ્રાહ્મણ મૂર્ખ થવે;
જાણે આવ્યા અવતાર નવે, બ્રાહ્મણ ભટ્ટા૦ ૪૩
વિદ્યા છે તારો કુળ દેવી, તે સમય પ્રમાણે તું સેવી;
મેળવ પદ્વી પંડિત જેવી, બ્રાહ્મણ ભટ્ટા૦ ૪૪
તું પૂર્વજને જો સંભારી, ઋષિવર વિદ્વાન હતા ભારી;
મર મૂઢ પેટ પાળીમારી, બ્રાહ્મણ ભટ્ટા૦ ૪૫
તેં નામ બોળ્યું બ્રાહ્મણ કેરૂં, તું થયો કાંકરો મટિ મેરૂ;
કીધા આળસ ભ્રમને ભેરૂ, બ્રાહ્મણ ભટ્ટા૦ ૪૬

* સુબોધ ચિંતામણિ.

બ્રહ્મત્વ તણો તું તજ ફાંકો, બળિ મરતો થા ભણીને બાંકો;
નહિ વલ્લભ વાળ થશે વાંકો, બ્રાહ્મણ ભટ્ટા. ૪૭

લોભી બ્રાહ્મણ.

* ભાવનગરમાં માધવજી ભટ કરીને બ્રાહ્મણ રહેતો હતો. શાસ્ત્રાનુસાર પોતાનો ધર્મ શું તે કાંઇ સમજતો નહીં. જરા વાંચતા લખતાં નાનપણમાં શીખેલ, તે પણ ભાગ્યજોગે ભૂલી ગયેલ હતો. પોતે બોલીનો વાચાળ હોવાથી માની લીધું કે વિદ્યા ભણવાથી વિશેષ શું છે? ભણેલા ઘણા ભૂખે મરે છે; **વેદીઆ ઢોર** જેવા હોય છે. આજકાલ હજારો બ્રાહ્મણો નવી નવી યુક્તિ કરી ભીખ માગવાનું લઇ બેઠા છે, તે કરવા આપણે ક્યાં કમ હુશિઆર છીએ? આપણે તે ધંધો ઇશ્વર સલામત રાખે તો બસ છે? બાપદાદા એમના એમ ભીખ માગી મરી ગયા, તેમને કાંઇ અડચણ પડી નથી, તો આપણા જેવાને અડચણ શેની પડવાની છે; માટે ભણવાની માથાકૂટ કોણ કરે. એવા નિશ્ચયથી તેણે પોતાને મળેલા બ્રાહ્મણના અમૂલ્ય અવતારની ખરેખરી ફરજો સમજી કાંઇ સાર્થક કર્યું નહીં, પણ પોતાનો વંશ પરંપરાનો વારસામાં ઉતરેલો ભીખ માગવાનો ધંધો શરૂ કર્યો; અને તેમાં ઘણી અક્કલ દોડાવી યુક્તિઓ કરી તે વાચક નીચેની હકીકતથી જાણી અજાયબ થશે.

"ભીખ ને ભારો તે સવારનો સારો"

એ કહેવત અનુસરી ભટજી સવારના ઉઠે ત્યારથી તે દશ બાર વાગતા સુધી, હાથમાં વટલોઇ સાથે ઘરોઘર ભટકવું શરૂ કરે. પાઠ પૂજા, સંધ્યા વંદનાદિ પોતે જાણતો હોય તો કરેકની? વખતપર નવાયું તો ભલે, નહિતર વગર નાહ્યે પણ ભસ્મ ભુંસી યા ટીલા ટબકાં કરી નીકળે, પુરૂષ કરતાં સ્ત્રી વર્ગમાં તેનું વધારે ફાવતું. કોઇને ધર્માત્મા તો કોઇને ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, કોઇને સવરીબાઇ તો કોઇને **મીરાંબાઇ**, કોઇને **અન્નપૂર્ણા**, તો કોઇને **મહાલક્ષ્મી**, વગેરે ઉમદી ઉપમાઓ આપી પુલાવી પટાવી પુષ્કળ લોટ, દાળ આદિ ઘેર લાવતો; આ સવારનું તેનું નિત્ય કર્મ હતું.

સંક્રાંતિનું પર્વ આવવાનું હોય ત્યારે આઠ દિવસ આગળથી ને આઠ દિવસ પાછળથી ભટજી ગામડામાં માગવા નીકળે. "**સંક્રાંત પુન્ય પર્વણિ**" ના લાંબા સાદથી ખેડુતોનાં ખળાં ગજાવી મૂકે, સવારથી સાંજ સુધીમાં ત્રણ ચાર ગામને ફેરી ફરી, બે ત્રણ મણ દાણાનો કોથળો ભરી, મજુરની પેઠે માથે ઉપાડી ઘેર લાવે. ખુદ સંક્રાંતને દિવસે શેહેરમાં માગવા નીકળે, કેમકે શહેરવાળા તો પર્વના દિવસેજ આપે. શહેરને બધા ગામડામાં ફરી શકાય નહીં, જેથી પક્કા બ્રાહ્મણે સંક્રાંતનું પૂંછડું લાંબુ કરી દીધું.

---

* કૌતુકમાળા.

બળેવ આવે ત્યારે ભટજી રક્ષા બંધનથી (રાખડી બાંધી) બીજાનાં દુઃખકાપવાને પરગજુ થઇ પડે. સવારથી સાંજ સુધીમાં ઘરેઘર અને ઉંબરે ઉંબરા ફરી વળે. ઘરનાં નાના મોટાં સ્ત્રી પુરૂષો તથા છૈયાં છોકરાને રક્ષા બંધન કરે એટલુંજ નહિં, પણ ખડીયા, કલમ, દોતણીઆરૂં, રજીયાં, ચોપડા, ઘોડીયા અને ઢોરાં ઢાખરને પણ રાખડી બાંધવા ચુકે નહિ. તેનું કારણ કે કાંઇ પણ કરતાં ઘરધણી ખુશી થઇ, ઢાબા યા પાઇ પૈસાની દક્ષીણા આપે. એ રીતે રક્ષા બંધનના કલ્યાણકારી કામ સારૂ ભાઈબંધ, દોસ્તદારો, ઓળખીતા, જોએલા, સાંભળેલા, ને છેવટ રસ્તાની ઝપટમાં આવતાની હાજરી લીધા વગર છોડે નહિ, બેસતા વર્ષને રોજ પણ તેજ મુજબ આશીર્વાદ આપવા નિકળે. આથી કરીને ભટજીની થયેલ ઓળખાણ કદાચ આપણે ભૂલી ગયા હોઇએ, પરંતુ આ તેહેવાર ઉપર તે તો ખસુસ કરીને યાદ લાવી દર્શન આપેજ આપે. આવી ભટજીની વર્તણુકથી કેટલાક કંટાળેલા લોકોએ આખી બ્રાહ્મણની કોમને **“ બ્રાહ્મણભાઇ માગે ને મગવે ”** એમ પ્રસિદ્ધ રીતે કહેવા માંડયું, જો કે સર્વ તેમ હોતા નથી.

વર્ષના અમુક ભાગમાં એક વખત ટેલીઆ ભટ બની ટેલ નાખવા માંડે. શિયાળો હોય તો ડગલાની ટેલ નાંખે, લાંબા સાદથી **“ ટેલીઆ ભટની ટેલ છે, દાતારને મન સેહેલ છે; ડગલો ડગલો થાય છે, શિયાળો વહી જાય છે, ડગલે ડગલે પીળો પટી તે ડગલો ભટે પેહેર્યો નથી; ડગલે ડગલે રાતી કોર, તે ડગલો પહેર્યાનો કોડ. ”** એવા એવા લાંબા ઘાંટાના કાન ફોડનારા, તથા જે સાંભળી રોતાં છોકરાં છાનાં રહે ને ઉંઘતાં જાગી ઉઠે, તેવા અવાજથી પહેલી ને પાછલી રાતે શેહેરમાં સાદ પાડે. કેટલાક દિવસ તેની ટેલ થાય, એટલે શેરીના કે શેહેરના મુખ્ય માણસો ખરડો કરી ભટજીની વાંચ્છના મુજબ ડગલા કે બીજી ચીજો પૂરી પાડે.

કોઈ વખત કંકુના ચાંદલા કરી રૂપીઆ મેળવવાની ટેલ કરે. એક થાળીમાં શેર દોઢશેર કંકુ લઇને જે માણસો રસ્તામાં મળે તેમને ચાંદલો કરે, ને ઘેર ઘેર ફરીને ચાંદલા ઉપરાંત ઘરનાં બારણાંની સાખે કંકુના થાપા મારે. એમ બે ચાર મહિના ફર ફર કરી, છેવટ તમામને કંટાળો આપે. ના કહે તો માને નહિ, ને પોતાનું કામ કરે જ જાય, છેવટ દક્ષિણાની ઉઘરાણી શરૂ કરે. દક્ષિણામાં રૂપા નાણું જોઇએ! ઘણા દહાડાની મહેનત મટે તે વગર તો ચાલે કેમ ? વળી આટલા દિવસ તો મુંગે મોઢે ચાંદલા કરવાના હતા, પણ હવે તો બીજી યુક્તિ કરવી જોઇએ; તેથી કોઇએ ખરેખરૂં આપ્યું હોય, યા ન આપ્યું હોય, તો પણ લાંબા ઘાંટાથી **“ એક રૂપીઓ બોથડભાઈના ઘરનો આવ્યો છે, કાશી ક્ષેત્રમાં વાવ્યો છે; અડધો રૂપીઓ કાલીબાએ આપ્યો છે. ”**

એ પ્રમાણે બૂમો પાડે.

આવી રીતે બોલીને બીજાઓને તેમ આપવા લલચાવે છે. જશના ભૂખ્યા માણસો પુણ્ય તે શું, એ વાત સમજ્યા વગર ને પોતાનો જશ ગવરાવવા ખાતર આપે, ભટજીને જે મળે તેથી વધારે પરંતુ બોલી આખા ગામમાં આપનારની નામના ગાય. આ રીતે થોડા મહિનામાં કેટલાક રૂપિઆની ઉપજ કરી નાખે.

કોઇ વખત ભટજી બે ચાર સાગ્રિતો કરી ચુંદડી કરી કંકુ, નાળીએર, નાડાછડી, ત્રિશૂળાદિ લઇ પરગામ નીકળી પડે. ગામ વચ્ચે જઇ થાળી પીટી લોકો એકઠા કરે. પૂરાં માણસો ભેગાં થયાં કે એક જણ ચાદર ઓઢી ધૂણવા માંડી, સાક્ષાત્ બહુચરાજી માતાજી આવ્યાનો ડોળ બતાવે. તેના સાગ્રિતો '**ધન્ય મા, ધન્યમા**' ના અવાજ વચ્ચે માતાજી આવ્યાની નિશાનીઓ માગે. એટલે મ્હોંમાંથી નાળીએર, કંકુ, નાડાછડી વગેરે કાઢી આપે. આવી રીતના દેખાવથી ભોળા લોકો દાણા, દુણી, પાઇ, પૈસો, દીવાનું ઘી વગેરે માતાજીની આગળ હાજર કરે તે લઇને ચાલતા થાય

આવી રીતની અનેક યુકિત ભટજીએ કરવા માંડેલી, તેથી પાસે થોડી મુડી થઇ તેનાં બે ખેતરો લીધાં, વ્યાજે રૂપીઆ આપવા માંડયા તેની ઉપજ પણ આવવા લાગી, પણ ભીખારી ભટજીનો જીવ તો કવચિતજ ભીખારી મટે, એમાં નવાઇ નહિ; તેની સાબીતી નીચેની હકીકત વાંચનારને બતાવી આપશે.

બીજા બ્રાહ્મણો ભણી કથા કરતા હતા, તે જોઈ ભટજીને પસ્તાવો થવા લાગ્યો; તેથી ધીરે ધીરે અભ્યાસ કરવા માંડયો. થોડી મુદતે કથાઓ વાંચવાનું ખોખરૂં જ્ઞાન થયું કે પોતાની આપ બુદ્ધિ અને વાચાળ શક્તિથી કથાઓ વાંચવી શરૂ કરી. કોઇ વખત કોઇના ઘેર, તો કોઇ વખત શેરી કે મંદિરમાં વાંચે; તેમાં પણ કથાની ખરી ખુબી સાંભળનારાઓ સમજી શકે છે કે નહી, ને તેનો હેતુ પાર પડી શકે છે કે નહિ, એની તો દરકારજ શું કામ હોય ! ફકત લોકો રંજન થઇ ખડખડ હસે છે કે નહિ, એ ઉપર મુખ્ય ભટજીનું ધ્યાન જતું હતું; તેથી ' **કથા ત્યાં વાર્તા** " હોવીજ જોઇએ, એમ કહી આડી તેડી સંસારની માયા ને વિષયની રમુજી વાતો, કિસ્સા વિગેરે વખતો વખત કહેવા માંડે, તે સાંભળવાને ઘણા લોકો ખુશીની સાથ એકઠા થાય. કથામાં ભટજીને જમવાનું કહે તેના જમણની હકીકત કહેતાં મીઠું મરચું ભભરાવી પદ્યના આકારમાં મોટું *ડીંગળ કરી, ગાઇ બતાવે, એટલે બીજાઓ તુરત પોતાનો જશ ગવરાવવા માટે જમવાનાં નોતરાં ઉપરાઉપર આપે જાય. છેવટ કથાની પૂર્ણાહુતિ થતાં સુધીમાં ભટજી કેટલાક દાણાદુણી, લુગડાંલત્તાં, વાસણકુસણ ને રૂપીઆદિ પેદા કરી લે.

* અતિશયોક્તિવાળું--ગપ્પ ભરેલું પદ્ય

આ રીતે ભટજી પોતે પૈસાની સારી મુડી ને સ્થાવર મીલકતનો ધણી થયો, પણ ધંધો તો ભિક્ષાનો ને ભિક્ષાનો રાખે ગયો. જાહેર વાતચિત ને સરકાર દરબારમાં પણ પ્રસિદ્ધ રીતે ભિક્ષાનો ધંધોજ ચલાવ્યે જાય. એ વાતની કાંઇ લાજ કે શરમ લેલેખવે નહી. એક વખત કોર્ટમાં ભટજીની કોઇએ સાહેદી આપી સમન્સ કઢાવ્યો, તેથી કોર્ટમાં હાજર થવું પડયું. ત્યાં આગળ તેમનો ધંધો પૂછવામાં આવ્યો કે ભિક્ષાવૃત્તિનો બેધડક રીતે લખાવ્યો ને સાહેદી તો ખરેખરી પૂરી. મૂળ કોર્ટે તો ભટજીના ભીખારી ધંધાનો ખ્યાલ નહીં લાવતાં તે સાહેદી ઉપર વજન રાખી ફેસલો આપ્યો. તે કામની છેવટ અપીલ હાયકોરટમાં થઇ. વિદ્વાન્ જડજે ભીખારી ભટજીની સાહેદી ઉપર મોટી ટીકા કરી તેના બોલવાને નીચેની કોર્ટે વજન આપ્યું હતું તે ભૂલ ઠરાવી ભીખારી સાહેદી ઉપર ભરોંસો નહીં રાખતાં નીચેની કોર્ટનો ઠરાવ ફેરવ્યો. આ ઉપરથી વાંચનાર એ ધંધાની કેટલી આબરૂ તે સમજશે?

એક વખત ભટજીએ વૈષ્ણવના મંદિરમાં શ્રીમદ્ ભાગવતની સપ્તાહ માંડી હતી. તેની પૂર્ણાહુતિને રોજ કોડીલા વૈષ્ણવોએ મહારાજ સાહેબનો હાથી પૂરતા સાજ સહિત માગી આણી, ભટજીને હાથીપર બેસાડી ઘેર મૂકવા ચાલ્યા. શ્રીમંત વૈષ્ણવોએ વસ્ત્રાલંકારથી ભટજીને રાજવંશી જેવા બનાવી દીધા હતા. આગળ ઢોલ, ત્રાંસાં, નગારાં વાગે જાય છે, સેવકોનાં ટોળાં ચાલ્યા જાય છે. વચ્ચે વચ્ચે ઉડતા ગુલાબથી આકાશ રાતું થઇ રહ્યું છે. પાછળ ભાવિક સ્ત્રીઓ ઇશ્વર વિવાહનાં ગીતો મધુર રાગથી ગાય છે; તેમાં ભટ્ટાણી પણ ચાલી આવે છે. એવી અનેક તરેહની શોભા થઇ રહી છેઃ ચાલતાં ચાલતાં વરઘોડો શાકપીઠ આગળ આવી પહોંચ્યો; ત્યા આગળ એક ગૃહસ્થ ધર્મ દાખલ મૂળા વહેંચતો હતો, ને બ્રાહ્મણ સાધુને એકેક મૂળો આપતો હતો, તે જોઇ હાથીપર બેઠેલ ભટજીએ જાણ્યું કે, "**માગ્યા વિના મા પણ પિરસતી નથી**" તો બોલ્યા વગર રહેવાથી શેઠને શું ખબર પડશે કે આ બ્રાહ્મણ છે, તેને મૂળો આપું ? અરે ! તેમ થયું તો મૂળો ખોયો તો ! "**મફત કે મૂલેકી કેલે જેસી મજા**" આવવાની નહિંતો ! અહો જીવ ! આતો ઠીક નહિ, એમ ધારી તુરત લાંબે સાદેથી મૂળો માગ્યો, તે લેવા ભટ્ટાણી ઉભી રહી.

એ વખતે એક પરદેશી કવિ ભટજીની સ્વારી જોતા ઉભો હતો, તે અત્યાર સુધી ભટજીને મોટો જમીનદાર કે સરદાર જાણતો હતો, પણ તેણે મૂળો માગ્યો, તેથી સમજ્યો કે આ કોઇ લોભી અને ભિક્ષુક છે. તેને ઘણો ફિટકાર આપ્યો, અને ભટ્ટાણી જે મૂળો લેતી હતી, તેના પ્રત્યે કહ્યું કે.

"કંથડો કુંજર ચઢયો, કનક કડા દો હાથ;
માગ્યાં મુક્તાફળ મળે, (પણ) ભિખને માથે ભઠ."

એ ફિટકારની કાંઇ દરકાર ન કરતાં ભટ્ટાણી મૂંગી લઇ ચાલી ગઇ. ઇતિ.

આ પ્રમાણે કુબ્રાહ્મણનું સ્વરૂપ દર્શાવી આ કુબ્રાહ્મણ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

वक्रभावना-अधिकार.

વ્યવહાર-ધર્મ અગર તો સૃષ્ટિક્રમનું અંધારણ નિયમીત સર્વમાન્ય અને દિર્ઘદર્શિ બુદ્ધિગમ્ય ભાવનાયુકત વાતાવરણોના આંદોલનોમાં એવું તો ઉત્કૃષ્ટ ઘડાય રહે છે કે એ ક્રમના વિરૂદ્ધ રહેણી કરણી કરનાર સૃષ્ટિના નિયમના ભંગ માટે ગુન્હેગાર ગણાય છે. એટલુંજ નહિ પણ તેવા વિરૂદ્ધ વર્તનથી સામાજીક પ્રગતિમાં તે પાછળ પડી જાય છે. આ સઘળું છતાં પ્રકૃતિની ઘટના એકજ પ્રકારની હોઇ શકતી નથી. આત્માના ભવ્યાભવ્યપણાથી અગર તો નિકાચિંત કર્મના યોગે અનેક આત્માઓ એવા પણ હોય છે કે જેનું દૃષ્ટિબિંદુ તિરો ભાવે કાર્ય કરે છે; સરલ માર્ગને કઠીણ અને મુશ્કેલ પથને સરલ સમજી નિરંતર દુઃખી થવા પામે છે. આ ભવ અને પરભવનું બગાડે છે, છતાં પણ તેની મુળ વક્ર પ્રકૃતિ જેવીને તેવી એક સરખી વિરૂદ્ધ જ દિશાએ વહન કરે છે. ટુંકમાં જેમ બીજા વૃક્ષોના પલ્લવિત થવાથી જવાસો શુષ્ક થાય છે તેમ આવા વક્રાત્મા પારકા સુખે દુઃખી થાય છે. અને જેમ ઘૂવડ પોતાની ચક્ષુરેંદ્રિયના વક્ર હેતુથી રાત્રીને દિવસ અને દિવસને અંધકાર સમજે છે, તેમ આવા વક્ર (જડ) બુદ્ધિના પુરૂષો અન્યના કાર્ય તેમજ વર્તનને જુદીજ દૃષ્ટિથી જુએ છે. અને તેવા વક્ર વર્તનથી આઘાત પામવા છતાં પણ " પરા તો પરા મગર ઘોરે તો ચરા " ના મુખ્ય વિચારોને વળગી રહે છે. આવા વક્રાત્માના સ્વરૂપને ઓળખાવવા અને તેવા ભાવથી બચી શકવા માટે આ વક્રભાવના અધિકારનો અત્રે આરંભ કરવામાં આવે છે.

વર્તનમાં વક્રભાવ.

अनुष्टुप्.

दूतो वाचिकविस्मारी, गीतकारी खरस्वरः ।
गृहाश्रमरतो योगी, महोद्वेगकरास्त्रयः ॥ १ ॥

દૂતનું કામ કરનારો જો બહુ બોલકો તથા છેતરનારો હોય, ગવૈઓ હોય અને ગર્દભના સ્વર (રાગ) જેવો સ્વર હોય, યોગી હોય ને ગૃહાશ્રમી (સ્ત્રી પુત્રાદિકમાં પ્રીતિવાળો) હોય. આવી રીતે ઉપર કહેલા ત્રણે પુરૂષો મોટા ઉદ્વેગ કરનારાઓ છે. ૧

વક્ર પ્રકૃતિનું સ્વરૂપ.

वसन्ततिलका.

धत्तूरकन्टक फलप्रतिरोधबुध्या, वैरं वृथैव कुरुषे पनसेन सार्द्धम् ।
सन्तो हसन्ति न भजन्ति च चेतसा त्वां, भ्रान्ता भवन्ति पुरुषास्तत्सेवनेन ॥२॥

હે ધતુરાના કાંટા ? તને જે ફળ ઉત્પન્ન થતાં નથી તેમાં ફણસનો દોષ નથી કે તું ફણસની સાથે મિથ્યા વેર કરે છે. કારણ કે ડાહ્યા પુરૂષો પ્રીતિથી તારી સેવા કરતા નથી, એટલુંજ નહીં પણ તારી ઉલટી મશ્કરી કરે છે, કારણ કે તારૂં સેવન કરવાથી મનુષ્યો ગાંડા થાય છે. ૨

વક્રભાષિનું દ્રષ્ટાંત.

*મુંદ્રામાં એક આડેખાં કરીને મિઆં હતો, તેને એવી તો વિચિત્ર ટેવ હતી કે કોઇ પૂછે તો તેનો જવાબ સીધી રીતે સામા માણસને આપે નહી. મિઆંના લાભની વાત પૂછવામાં આવે તેને પણ એવોજ જવાબ આપે, તો બીજી વાતનો આડો જવાબ આપે એમાં નવાઇ શેની ? તેથી બનતાં સુધી તેને કોઇ બોલાવતું નહીં.

એક દિવસ ધીરજરામ તથા સૂર્યરામ કરીને બે પંડિત મિત્રોને પરસ્પર વાદ થયો, તેમાં ધીરજરામ કહે કે જો આપણે ભલાઇ ને નરમાશથી વર્તીએ તો સો માણસો આપણી જોડે તેમજ વર્તે તે બાબતમાં જે માણસ બીજાં માણસોનો વાંક કાઢે છે તે તેમની ભૂલ છે. સામો માણસ આડો ચાલે તેનું કારણ આપણેજ આપણા તરફથી આપેલું હોવું જોઇએ એ ન્યાયશાસ્ત્રનો ખાસ નિયમ છે."

બીજા પંડિત સૂર્યરામે કહ્યું કે "આપ કહો છો તે નિયમ છે ખરો, પણ એ સર્વેને લાગુ પડે તેમ નથી. કેટલાક માણસોના સ્વભાવજ એવા હોય છે કે ભલાઇ ને નરમાશથી તેના સાથે વર્તીએ તો પણ તે તો સામોને સામો થયા કરે છે. કહેવાય છે કે"

બાર ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા;
બુઢાપણામાં કેશ બદલે (પણ) લખણ ન બદલે લાખા.

આ રીત ધીરજરામને ગમી નહીં. તેથી એનું સમાધાન કરવા બંને એક જગોએ બેઠા, ત્યાં આગળ આડેખાં મીયાં નીકળ્યો. તેની સાથે પોતાનો છોકરો આંગળીએ વળગેલો હતો. મિઆંને જોઇએ સૂર્યરામે વાતચીત કરવા માંડી.

સૂર્યરામ—જમાદાર સાહેબ સલામ છે સલામ ?

મિયાં—(સામું જોઇને મનમાં) સલામવાલા કોનહય ? (મોટેથી) બોલ કયા, કામ હે કુચ્છ !

---

* કૌતુકમાળા.

સૂર્યરામ—કામ તો શું ? તમે ઘણા દિવસે આજ દેખાયા તેથી આનંદ થયો ને તમને બોલાવ્યા.

મિયાં—મેં તો સારા દિન ગાઉંમેં ફીરતા હું ઔર તુમકું દેખતા હું, લેકીન તુમ આંખ બંધ કરકે ચલતા હોગા તો કીસ તરેહસેં હમકું દેખ શકે ?

સૂર્યરામ—આ છોકરો આંગળીએ વળગેલો તે આપનો છે ?

મિયાં—સુભાન અલ્લા ! હમેરા નહિ તો ક્યા તુમેરા હૈ ?

સૂર્યરામ—ઘણી ખુશીની વાત ! આવડો મોટો દીકરો છે, પણ તેનું શરીર ઘણુંજ નબળું છે, તો તેને આ શિયાળામાં કાંઇ પાક કે દવા ખવરાવો તો શરીરે પુષ્ટ થશે.

મિઆં—અચ્છા ! મર સુક સુક્કે લકડી હો જાયગા ! તેરે યે બાતકા ક્યા કામ હય ?

સૂર્યરામ—જમાદાર સાહેબ, અમે તો તમારા છોકરાના ભલાંની ખાતર કહીએ છીએ. તે શરીરે સારો થાય ને ઇશ્વર તેને સો વર્ષની આવરદા આપે એમ અમો ઇચ્છીએ છીએ.

મિઆં—ક્યા તુમેરે કહેનેસે જીંદગાની લંબી હોતી હય ? તેરા ચલે તો ઇધર માર ડાલીઓ !

સૂર્યરામ—મીઆં, તમારૂં નામ શું ? હું ભૂલી ગયો છું, તે કહોને ?

મિયાં—તેરે ક્યા કામ હય ? ચલ નહીં બોલતા.

સૂર્યરામ—અરે ભલા માણસ ! માણસ માણસની સાથે વાત કરીને પૂછે, તેમાં તમે આડો જવાબ શામાટે દ્યો છો ?

મિયાં—(અતિ ક્રોધ કરીને) ભલા કિસ્કું કહેતા હય ? હમ તો ભલા નહિ લેકીન બુરાજ હય ! દેખ, અબી હમકું પૂછેગા તો માર ડાલુંગા !

એટલામાં એક ટંટાખોર ભગલોભંગડ જતો હતો, તેને સંભળાવવા સારૂ સૂર્યરામે મિઆંને કહ્યું કે " તમે અમને તો આડા જવાબ આપો છો ને વળી મારવાની ધમકી આપો છો તો લ્યો ! હવે આ ભગલા ભંગડને કેમ પાંસરો જવાબ આપશો ?

મિયાં—ઉસ્કા બાવાકી ક્યા પરવા હય ? ઉસ્સે હમ ડરનેવાલા નહિ, ઇસ્કું તો ક્યા, લેકીન ઇસ્કા બાવાકું ભી ઐસા જવાબ દેવે !

ભગલોભંગડ આ વાત સાંભળીને સમજ્યો કે મને કાંઇક મીઆંએ કહ્યું, તેથી પૂછવા લાગ્યો કે " કેમ મીઆં, મને કહો છો ? "

મિયાં—આહ! તુમ તો કયા, લેકીન તુમેરા બાવાસેં ભી કીયા જાય. હમ ડરનેવાલા નહીં વોહી દુસરા માનો! તુમકું કિસ સબબ નહિ કેહે શકે?

બગલોલબંગડ—જમાદાર, જવાદોને, તમારૂં નામઠામ તો મેં કાંઇ લીધું નથી, ને નકામા સામા થાઓ છો તો એમાં માલ નહિ. વખત પર મારા જેવો કોઇ મળ્યો તો વાંસો હલકો કરશે.

મિઆં—તુમ કયા મારનેવાલા! તેરી તાકાત કયા હય એક ઠોંસામેં જમીન પર ગીરા દકેંગા! તેરી મરજી હોવ તો આજા.

બગલોલબંગડ—ઠીક, આવી જાઓ.

એમ કહી બંને વઢી પડયા. મિઆંએ કેટલોક માર ખાધો ત્યારે નરમ પડયો. માણસો આવી પહોંચ્યાં તેમણે બન્નેને જૂદા પાડયા.

આથી સૂર્યરામના કહેવાની ધીરજરામને ખાત્રી થઇ.

આ પ્રમાણે વક્ર પ્રકૃતિની ઓળખ માટે કહી આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

व्रतभङ्ग दोष–अधिकार.

વ્રત આ શબ્દ ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં ચરિત્ર, સદાચાર, શીલ વગેરે પવિત્ર આચરણોથી પ્રયોજાય છે. તે વ્રતનો બીજો એવો પણ અર્થ થાય છે કે, અમુક કરેલ પ્રતિજ્ઞા–નિયમ વગેરે. એટલે બન્ને રીતે અર્થ કરતાં વ્રત શબ્દ ઘણી મહત્તાવાળો છે. તેથી તે સદાચરણરૂપે સદા પાલન કરવા યોગ્ય છે અને પ્રતિજ્ઞારૂપે સ્વીકારેલ હોય તો તેનું પરિપાલન બહુજ પ્રેમથી શ્રદ્ધા પૂર્વક કરવું જોઇએ. એવો બીજો ઉદ્દેશ છે.

સ્ત્રીઓ વિવાહ વખતે કરેલ પ્રતિજ્ઞાની ખાતર કર્માનુસાર સ્વામીનું મરણ થાય તો યાવત્‌જીવિત વૈધવ્ય પાળે છે. તેમ ઇતિહાસના ભાગમાંથી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે હજારો વીરવનિતા સાધ્વી સ્ત્રીઓએ પોતાના શીળ ધર્મની ખાતર અગ્નિમાં પડી પોતાના સર્વોત્તમ દેહને ભસ્મીભૂત કરેલ છે. આવી રીતે વ્રત (શીલ) ની મહત્તા અનેક શાસ્ત્રોમાં છે તે સુજ્ઞ મહાશયો જાણે છે, છતાં કેટલાક બહુલ સંસારી જીવો તે મહાન બંધારણને વિસરી જઇ વ્રતની મહત્તા ન સમજતાં 'અખી બોલ્યા અખી ફોક' ના ન્યાયે વ્રત ભંગ કરતા જોવાય છે. આવા દુરાત્માના સ્વરૂપને ઓળખાવવા અને તેવાથી બચી જવાના અધ્યયન માટે આ વ્રતભંગ દોષ અધિકારનો અત્રે આરંભ કરવામાં આવે છે.

વ્રતની દૃઢતા.

आर्या.

वरमग्गिमि पवेसो, वरं विसुद्धेण कम्मुणा मरणम् ।
मा गहिय व्वयभङ्गो, मा जीअं खलिअसीलस्स ॥ १ ॥

વિશુદ્ધ મનુષ્યે અગ્નિમાં પ્રવેશ કરી મરવું તે ઉત્તમ છે. પાણીમાં મજ્જન કરી મરણ પામવું તે પણ ઉત્તમ છે. પરંતુ વ્રત–સુશીલ–નો ભંગ તથા નીચ જીવન નક્કી ઉત્તમ નથી. અર્થાત્ વ્રત ભંગ કરીને જીવવું સારૂં નથી. ૧

વ્રતહીન જીવનની ગણના.

उपजाति.

गर्भेविलीनं वरमत्र मातुः, प्रसूतिकालेऽपि वरं विनाशः ।
असम्भवो वा वरमङ्गभाजो, न जीवितं चारुचरित्रमुक्तम् ॥ २ ॥

માતાના ઉદરમાં છોડ થઇને રહેવું અથવા ગર્ભમાંજ ગળી જવું સારૂં છે, અને જન્મ થતી વખતે મરણ પામવું પણ ઉત્તમ છે કે ન જન્મવું સારૂં છે. પરંતુ અશુદ્ધ ચારિત્ર–આચારહીન એવું દેહધારી પ્રાણીનું જીવન સારૂં નથી. ૨

ઉત્કૃષ્ટ આભૂષણ.

उपेन्द्रवज्रा

निरस्तभूषोऽपि यथा विभाति, पवित्रचारित्रविभूषितात्मा ।
अनेकभूषाभिरलङ्कृतोऽपि, विमुक्तवृत्तो न तथा मनुष्यः ॥ ३ ॥

જેમ ભૂષણોથી શણગારેલ ન હોય તો પણ વિશુદ્ધ ચારિત્રો–સદાચરણો–થી વિભુષિત આત્માવાળો પુરૂષ શોભે છે. તેમ અનેક ભૂષણોથી વિભુષિત કરેલો હોય તો પણ પવિત્ર આચરણોથી રહિત એવો મનુષ્ય શોભતો નથી.

સદાચરણની આવશ્યકતા.

शिखरणी.

वरं शृङ्गोत्सङ्गाद्गुरुशिखरिणः क्वापि विषमे,
पतित्वायंकायः कठिनदृषदन्ते विगलितः ।

वरं न्यस्तो हस्तः फणिपतिमुखे तीक्ष्णदशने,
वरं वह्नौ पातस्तदपि न कृतः शीलविलयः ॥ ४ ॥

મોટા પર્વતના શિખરના-ઉત્સંગ-ખોળામાંથી કોઇ પણ વિષમ સ્થાનમાં આ દેહને પાડીને કઠિન શિલાઓના અન્તમાં ચુરેચુરા કરી નાખવો તે પણ સારૂં, તથા તીક્ષ્ણ દન્તવાળા સર્પના મુખમાં હાથ નાખવો તે પણ સારૂં, અગ્નિમાં પડવું તે પણ સારૂં, પરંતુ શીળ-સદાચરણનો નાશ કરવો તે સારૂં નહિ. ૪

આ પ્રમાને વ્રતહિન જીવીતવ્યની નિષ્ફળતા દર્શાવતાં આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

ગ્રંથ સંગ્રહિતા.

ગીતિ.

विनयविजय मुनिनायं चतुर्थ परिच्छेद एवमत्रैव
सङ्ग्रथितः सुगमार्थं व्याख्यातॄणां मुदेसदाभूयात्

વિનયવિજય મુનિએ આ (વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ) ગ્રંથનો ચતુર્થ પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓની સુગમતા માટે સંગ્રહિત કર્યો છે, તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓ આદિના આનંદને માટે થાઓ.

चतुर्थपरिच्छेद परिपूर्ण.

पंचम परिच्छेद.

કુસાધુ અધિકારથી સાધુના કુલક્ષણો અને તેને સુધારવાના પ્રસંગો માટે કહેવાયું છે, પરંતુ જેમની પ્રકૃતિ જ કેવળ અધમ આચરણોથી યુક્ત હોય છે, તેવા દુર્જન મનુષ્યોના કુવર્તન અને રીતભાતથી સાવચેત રહેવાની જરૂર છે. આવા દુરાત્મા પ્રાયશઃ પોતે પત્થર સમાન વજનદાર હોવાથી નિરંતર ડુબતા જ જાય છે. એટલું જ નહિ પણ સરતચુકથી જો સહજ સમાગમ થવા પામે તો તેના સંગતિ દોષથી પણ દુર્ગંધનો પાસ લાગી જાય છે.

એ તો સ્વાભાવિક છે કે સાડા ત્રણ હાથની કાયાના દરેક ભાગો સારા અને નિરોગી છતાં જો તેમાં બીંદુમાત્ર સડો થવા પામે તો ક્રમે ક્રમે તે આખા શરીરને બગાડે છે અને છેવટ દેહને ચોકસ વખતે આત્માથી વિખુટા પડવું પડે છે. આટલા માટે આવા સહજ પણ સડાથી બચવા અને તેને ચેપ ન લાગે તેમ સંભાળથી નિર્મળ કરવાને જેમ આપણી ફરજ છે, તેમ દુર્જનથી બચી તેવા દુર્જનોનો ચેપ ન લાગે તેમ તેનું કલ્યાણ કરવાને બની શકે તેટલા માટે દુર્જનની ઓળખ આપવા તેવી કુસંગતિનાં ફળ સમજાવી તેથી સાવધાન રહેવાની સુલભતા ખાતર એ અધિકારોને પંચમ પરિચ્છેદમાં ગુંથવામાં આવ્યા છે.

दुर्जननिन्दा–अधिकार.

જગતમાં સુજનો કરતાં વંચક એવા દુર્જન મનુષ્યોનો મ્હોટો ભાગ છે અને તેઓના સંગમાં અજ્ઞ લોકો પોતાની ભુલથી ફસાતા જાય છે. તો દુર્જન કોને કહેવા જોઇએ, તેમનું જેને જ્ઞાન નથી તે તુર્તજ તેવાના આડંબરમાં ફસાઈ જઇ પોતાના અનેક જન્મોમાં કરેલા પુણ્યનો નાશ કરી આ લોકમાં પણ અનેક દુઃખો ભોગવી પરિણામે નરકમાં પડે છે. દુર્જનો પોતાના પ્રપંચમાં અજ્ઞ લોકોને તો ફસાવી દે છે, એટલું જ નહિ પરંતુ જો અલ્પજ્ઞ પુરૂષો તેના સપાટામાં આવે

તો તેને પણ પોતાની પ્રપંચજાળમાં એકદમ બાંધી લે છે, એટલે જગત્ના સુજ્ઞ માનવોએ તેવા ખળ પુરૂષોથી બરાબર પોતાનો બચાવ કરી ચાલવું. પરંતુ દુર્જનોથી બચવામાં પ્રથમ તો આ મનુષ્ય સુજન છે કે ? દુર્જન ? આ બાબત જો જાણવામાં આવે તોજ મનુષ્ય તેમાંથી બચી શકે. માટે તે દુર્જનોની પીછાન આપવા સારૂ આ અધિકારનો આરંભ છે.

આ અધિકારમાં ચન્દ્રમા ને ૨૭ મા શ્લોકમાં દુર્જન તરીકે જણાવવામાં આવેલ છે અને ૬૭ મા શ્લોકમાં સુજન તરીકે જણાવવામાં આવેલ છે તે માટે કહેવામાં આવે છે કે કવિ પોતે દરેક પદાર્થના ગુણોને ગ્રહણ કરી સુજનમાં ઘટાવે છે. અને તેજ પદાર્થના દોષોને ગણાવી દુર્જનમાં ઘટાવે છે, એટલે દરેક વસ્તુઓ ગુણ દોષથી યુક્ત હોવાથી તેમ થઈ શકે છે એટલે એક લક્ષણથી એક પદાર્થને દુર્જનમાં ઘટાવ્યો તેથી તે દુર્જન તુલ્ય છે એમ ધારવાનું નથી કારણ કે તેમાં બીજા સદ્ગુણો છે, તેથી તેને પદાર્થના દોષ તથા ગુણ બતાવી દુર્જનનું તથા સુજનનું સ્પષ્ટ લક્ષણ બતાવ્યું છે. તેમ હમેશાં દૃષ્ટાન્ત એકદેશી હોય છે. એટલે પુરૂષ કેવો કે ? સિંહ જેવો તેથી કરીને પુરૂષમાં પુછડું વગેરે નથી પણ માત્ર સિંહનો તથા પુરૂષની હિમતનું ઐક્ય બતાવવા સારૂ તેવી ઉપમા આપવામાં આવે છે. આમ સુજન પુરૂષે શંકાનો પરિહાર સમજવો. બાકી દુર્જનપણાને યથાર્થ સ્ફોટન કરવાનું આ અધિકારમાં વર્ણન કરવામાં આવ્યું છે તેથી ભુમિકામાં વિશેષ લંબાણ નહિ કરતાં આ અધિકારનો જ આરંભ કરીએ છીએ. સુજ્ઞ મનુષ્યોએ ત્યાંજ અક્ષરસઃ નિરીક્ષણ કરી દુર્જનથી બચી ચાલવું.

આ અધિકારના પેટામાં ૨૯ અધિકારો છે. તેના નામ " ૧ દુર્જન પુરૂષ થોડામાં અહંકારી થાય છે. ૨ દુર્જન શિક્ષાને પાત્ર છે. ૩ દુર્જન પુરૂષનો સ્નેહ પણ દુઃખદાયક છે. ૪ હું દુર્જનને પ્રથમ વન્દુ છું. ૫ દુર્જનોએ સેવેલ ઉત્તમ વસ્તુ પણ શોભતી નથી. ૬ દંભદોખષ. ૭ નાના (પ્રકારના) ધૂર્ત. ૮ પિશુનતા દોષ. ૯ કૃતઘ્ન નિન્દા. ૧૦ મુર્ખ લોકો ગુણી પુરૂષને જાણતા નથી. ૧૧ નીચ પુરૂષ ઉત્તમ પુરૂષો સાથે સ્પર્ધા રાખે છે. ૧૨ દુર્જન પોતાના પ્રાણોને ત્યજીને પણ બીજાને વિઘ્ન કરે છે. ૧૩ પરવિઘ્ન સંતોષી. ૧૪ નીચ પુરૂષ બીજાને પ્રેરે છે. ૧૫ નીચ પુરૂષને અધિકાર મળતાં તે દુઃસહ થઇ જાય છે. ૧૬ નીચ પુરૂષ અશુભને જ ગ્રહણ કરે છે. ૧૭ સત્ય વસ્તુ પ્રાપ્ત થતાં અસત્ય વસ્તુ નાશ પામે છે. ૧૮ સત્ય વસ્તુના અભાવમાં અસત્ય વસ્તુની પ્રશંસા થાય છે. ૧૯ આ ઉત્તમ છે પણ આ ઉત્તમ નથી. ૨૦ ખલ પુરૂષ સર્પ જેવા અન્યના દોષને મોટા કરી જાણે છે. ૨૧ નીચ પુરૂષના વિનયનો આડંબર. ૨૨ ખલ પુરૂષની સુન્દરતાનો આડંબર. ૨૩ દુર્જનના સર્વ અંગોમાં ઝેર હોય છે. ૨૪ દુષ્ટનો દુરાગ્રહ. ૨૫ નીચ પુરૂષ નીચની

સેવા કરે છે. ૨૬ દુધનો બળેલ મનુષ્ય છાશને પણ છોડી દે છે. ૨૭ પોતાના આ- શ્રયનું નિકન્દન કરનાર. ૨૮ દુર્જનની ઉત્તમતા બીજાના નાશ માટે છે. ૨૯ દુ- ર્જનનું હૃદય દુષ્ટ હોય છે. એમ ઓગણત્રીશ અધિકારો આપવામાં આવ્યા છે. પ- રંતુ તેઓનું આ દુર્જન નિન્દા અધિકારની સાથે એકપણું હોવાથી તે સંબંધે સર્વ તે તે અધિકારમાં જોઈ સુજન પુરૂષો જાણી શકે તેમ છે તેથી તેવા દરેક અધિકારને ભિન્ન ભિન્ન ન રાખતાં આ દુર્જન નિન્દા અધિકારનો આરંભ કરવામાં આવે છે.

દુર્જનનો ત્યાગ.

अनुष्टुप् (૧૦ થી ૧૫)

दुर्जनः परिहर्तव्यो, विद्यया भूषितोऽपि सन् ।
मणिना भूषितः सर्पः, किमसौ न भयंकरः ॥ १ ॥

વિદ્યાથી શણગારેલ દુર્જન હોય તોપણ (અવશ્ય) તેનો ત્યાગ કરવો કારણ કે મણિથી શોભિત સર્પ શું ભયંકર નથી ? (અર્થાત્ પ્રાણહર છે) ૧

પરનિંદાનું વ્યસન.

न विना परवादेन, रमते दुर्जनो जनः ।
काकः सर्वरसान् भुङ्क्ते, विना मेध्यं न तृप्यति ॥ २ ॥

દુર્જન અન્યની સાથે વાદવિવાદ કર્યા વિના શાંતિ પામતો નથી. જેમકે કાગડો સર્વ રસનું ભોજન કરે છે છતાં પણ અપવિત્ર વિષ્ઠાના આહાર વિના તૃપ્તિ મેળ- વતો નથી. ૨ *

છિદ્ર શોધવાનો સ્વભાવ.

बहुनिष्कपटद्रोही, बहुधान्योपघातकः ।
रन्ध्रान्वेषी च सर्वत्र दूषको मूषको यथा ॥ ३ ॥

જેવો ઉંદર તેવો દુર્જન છે. કેમકે ઉંદર બહુ કિંમતિ વસ્ત્રને કાપી નાખનાર, સર્વ જાતિનાં ધાન્યનો નાશક, કાણાં (ભોંણ) શોધનાર હોય છે. તે પ્રમાણે દુર્જન પુરૂષ, કપટ રહિત સત્પુરૂષનો દ્રોહ કરનાર, સર્વ પ્રકારે બીજાઓનો નાશક, અને અન્યનાં છિદ્રો શોધનાર હોય છે. ૨

દુર્જન અને કુતરાની પુછડીની સમાનતા.

वक्रतां बिभ्रतो यस्य, गुह्यमेव प्रकाशते ।
कथं न च समानः स्यात्पुच्छेन पिशुनः शुनः ॥ ४ ॥

* ૨ થી ૯ સુભાષિત રત્ન ભાંડાગાર.

જેમ કુતરાની પૂંછડી જ્યારે વાંકી વળે છે, ત્યારે પોતાની ગુદા ખુલ્લી દેખાય છે તેમ દુર્જન વક્ર (કુટિલપણું) ધારણ કરે છે ત્યારે ગુહ્ય (ગુપ્ત પાપ) પ્રકાશે છે. (અર્થાત્ દુર્જન શ્વાન પૂછ માફક છે.)

દુર્જન તથા હળનું તુલ્યપણું.

आजन्मसिद्धं कौटिल्यं, खलस्य च हलस्यच।
सोढुं तयोर्मुखाक्षेपमलमेकैव सा क्षमा ॥ ५ ॥

ખળ પુરૂષ તથા હળ એ બેઉ જન્મથીજ વાંકી રીતે ચાલે છે, માટે તેના મુખનો આક્ષેપ સહન કરવાને ક્ષમા (સહનશીલતા–બીજા પક્ષમાં પૃથ્વી) સમર્થ છે.

સર્પ કરતાં પણ દુર્જનની અધિક નીચતા.

सर्पदुर्जनयोर्मध्ये, वरं सर्पो न दुर्जनः ।
सर्पो दशति कालेन, दुर्जनस्तु पदे पदे ॥ ६ ॥

સર્પ અને દુષ્ટજન એ બેમાં સર્પ સારો પણ દુષ્ટજન સારો નહીં. કારણ કે સર્પ તો કાળે કરીને ડસે છે અને દુષ્ટજન તો પગલે પગલે ડસે છે. ૬

દુર્જનનો જાતિસ્વભાવ.

दुर्जनो नार्जवं याति, सेव्यमानोऽपि नित्यशः ।
स्वेदनाभ्यञ्जनोपायैः, श्वपुच्छमिव नामितम् ॥ ७ ॥

દુષ્ટ મનુષ્યની હમેશાં સેવા કરવામાં આવી હોય તો પણ તે સરલ થતો નથી. કારણ કે જેમ વાંકું વળેલ કૂતરાનું પૂછડું, ભીંજવવું કે ચોળવું એવા સેંકડો ઉપાયોથી સરલ થતું નથી, તેમ દુર્જનનો એ જાતિસ્વભાવ છે. ૭

દુર્જનથી દૂર રહેવાની જરૂર.

दुर्जनेन समं सख्यं, वैरं चापि न कारयेत् ।
उष्णो दहति चाङ्गारः, शीतः कृष्णायते करम् ॥ ८ ॥

ખળ પુરૂષની સાથે મિત્રતા કે શત્રુતા કરવી નહીં. કારણ કે અગ્નિનો અંગારો ગરમ હોય તો બાળે છે અને ઠંડો હોય તો હાથ કાળો કરે છે. ૮

પેટ ભરી પ્રકૃતિ.

कापुरुषः कुक्कुरश्च, भोजनैकपरायणः ।
लालितः पार्श्वमायाति, वारितो न च गच्छति ॥ ९ ॥

ખળ પુરૂષ તથા કૂતરો બંને ભોજનના યાર હોય છે. જો તેને લાડ લડાવવામાં આવે, તો પડખે આવીને ઉભો રહે છે, ને ના પાડયા છતાં પાછો જતો નથી. ૯

સન્નિપાતજ્વર અને દુર્જનની એકતા.

क्वचिदुष्णः क्वचिच्छीतः, क्वचित्साधारणो मतः ।
नैकरूपः खलजनः, सन्निपात इव ज्वरः ॥ १० ॥

કોઇ વખતે ગરમ, કોઇ વખતે ઠંડો, અને કોઈ વખતે સાધારણ (કાંઇક ઠંડો અને કાંઇક ઊનો) એવા સન્નિપાત નામના તાવની માફક નીચ પુરૂષ એક રૂપવાળો હોતો નથી એટલે ક્ષણમાં રૂષ્ટ અને ક્ષણમાં તુષ્ટ દેખાય છે. ૧૦ ×

દુર્જન અને ઝેરની સગાઇ.

दुर्जनः कालकूटं च ज्ञातमेतौ सहोदरौ ।
अग्रजन्मानुजन्मा च न विद्मः कतरोऽनयोः ॥ ११ ॥

દુર્જન પુરૂષ અને કાલકૂટનું ઝેર આ બન્ને જાણે એક ઉદરમાંથી જન્મ્યાં હોય તેમ જાણવામાં આવે છે. પરંતુ આ બન્નેમાં મ્હોટું (પ્રથમ જન્મેલું) કોણ ? અને ન્હાનું (પછી જન્મેલું કોણ ? તે અમે જાણતા નથી. ૧૧

દુર્જનમાં ઝેરનું સ્થાન.

वृश्चिकानां भुजङ्गानां, दुर्जनानां च वेधसा ।
विभज्य नियतं न्यस्तं, विषं पुच्छे मुखे हृदि ॥ १२ ॥

વીંછીઓના પૂંછડામાં, સર્પોના મુખમાં, દુર્જનોના હૃદયમાં એમ (કર્મરૂપી) બ્રહ્માએ વિભાગ કરીને ઝેર નાંખ્યું છે. ૧૨

ખળપુરૂષના ઝેરની અદ્ભુત અસર.

अहो खलभुजङ्गस्य कोऽप्यपूर्वो वधक्रमः ।
अन्यस्य दशतिश्रोत्रं प्राणैरन्यो विमुच्यते ॥ १३ ॥

અરે ! નીચ પુરૂષરૂપી સર્પનો મારવાનો ક્રમ કોઇ પણ અપૂર્વ (પૂર્વે ન થયેલો) છે કે એકને કાને કરડે છે અને બીજો મનુષ્ય પ્રાણ મુક્ત થઇ જાય છે એટલે સર્પ તો જેને કરડે તેજ મરે અને ખળપુરૂષ તો એકના કાનમાં જઇને એવી વાત કરે કે તેથી બીજો મનુષ્ય કે જેના સંબંધની ખલ પુરૂષે વાત કરી હોય તે મરણ શરણ થાય છે. ૧૩

× ૧૦ થી ૧૫ સૂક્તિમુક્તાવળી.

ઉંદર અને નીચપુરૂષનું સરખાપણું.

आखुभ्यः किं खलैर्ज्ञातं, खलेभ्यश्च किमाखुभिः ।
येषां परगृहोत्खातादन्यत्कर्म न विद्यते ॥ १४ ॥

ઉંદરો પાસેથી શું ખલપુરૂષો શીખ્યા હશે? કે ખલપુરૂષો પાસેથી શું ઉંદર શીખ્યા હશે? કેમકે ઉન્દર તથા ખલપુરૂષોને બીજાનું ઘર ખોદવા સિવાય બીજો ધંધો નથી. એટલે ઉન્દર જેમ બીજાનાં ઘરને પોતાના દાંતથી ખોદી નાખે છે, અને ખલપુરૂષો બીજાના ઘરમાં કલેશ વગેરે ઉત્પન્ન કરી તેનાં ઘર ભંગાવે છે અર્થાત્ બીજાઓને દુઃખ ઉત્પન્ન થાય તેમ કુકાર્ય કર્યાજ કરે છે. ૧૪

દુર્જન મનુષ્યથી કેટલું દૂર રહેવું?

शकटं पञ्च हस्तेन, दशहस्तेन वाजिनम् ।
हस्तिनं शतहस्तेन, देशत्यागेन दुर्जनम् ॥ १५ ॥

સુજ્ઞ પુરૂષે ગાડાથી પાંચ હાથ, ઘોડાથી દશ હાથ, હાથીથી સો હાથ દૂર રહેવું; પણ દુર્જન મનુષ્યથી તો દેશ છોડવાનો પ્રસંગ આવે તો તે દેશ છોડીને પણ અવશ્ય દૂર રહેવું. ૧૫

સજ્જન ક્ષમારૂપી ઔષધ શામાટે પીએ છે?

आर्या. (૧૬ થી ૧૮)

दुर्जनवदनविनिर्गतवचनभुजङ्गेन सज्जनो दष्टः ।
तद्विषघातनहेतोर्विद्वान् क्षान्त्यौषधं पिबति ॥ १६ ॥

દુર્જન પુરૂષના મુખમાંથી નિકળેલ વચનરૂપી સર્પથી કરડાયેલો વિદ્વાન્ પુરૂષ તે ઝેરનો નાશ કરવાના કારણથી ક્ષમા રૂપી ઔષધનું પાન કરે છે. ૧૬

દુર્જનની કાકતાલીય કાર્યસિદ્ધિ.

साधयति यत्प्रयोजनमज्ञस्तस्य काकतालीयम् ।
दैवात्कथमप्यक्षरमुत्किरति घुणोऽपि काष्ठेषु ॥ १७ ॥

અજ્ઞાની મનુષ્ય વખતે કોઇ કાર્યને સિદ્ધ કરે છે. તે તેનું કાર્ય કાકતાલીય ન્યાય પ્રમાણે જાણવું એટલે કાગડાનું બેસવું અને તાડનું પડવું દૈવયોગે સાથે થાય એમ સિદ્ધ થયેલું જાણવું. કારણ કે ઘુણ (ઘણ) નામનો કીડો પણ કાષ્ટ (લાકડા) માં દૈવયોગથી કોઇ રીતે અક્ષરને પણ કોતરે છે એટલે તે ઉપરથી ઘણને સાક્ષર ન માનવો તેમ દુર્જનને સુજન માનવો નહિ. ૧૭

દુર્જનની બીજામાં દોષ જોવાની દૃષ્ટિ.

अकलितपरस्वरूपः, स्वकमपि दोषं परस्थितं वेत्ति ।
नावि स्थितस्तटस्थानचलानपि विचलतो मनुते ॥ १८ ॥

જેમ વહાણમાં બેઠેલો મનુષ્ય કાંઠા ઉપર રહેલાં અચલ (એવા વૃક્ષાદિ પદાર્થોને ચલાયમાન જુવે છે તદ્વત્ બીજાના અને પોતાના રૂપને ન જાણનાર ખલ પુરૂષ પોતાના દોષને બીજામાં રહેલો જાણે છે. ૧૮

અધમ પ્રકૃતિના સામાન્ય સ્વભાવજન્ય લક્ષણો.

मालिनी.

काके शौचं द्यूतकारेषु सत्यं, सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशान्तिः ।
क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिन्ता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा ॥ १९ ॥

કાગડામાં નિર્મળતા, જુગારીમાં સત્યતા, સર્પમાં ક્ષમા, સ્ત્રીયોમાં કામની શાન્તિ, નપુંસકમાં ધીરજ, મદ્યપાન કરનાર માણસમાં તત્ત્વજ્ઞાનનો વિચાર અને રાજા કોઈનો મિત્ર હોય; એ બાબતો કોઇએ સાંભળી છે ? અથવા જોઈ છે ? સારાંશ કે એ બાબત કદી બનતી જ નથી. ૧૯

અનર્થકારી સાક્ષર દુર્જન.

रथोद्धता. (૨૦ થી ૨૧)

विद्यया विमलयाप्यलङ्कृतो, दुर्जनः सदसि मास्तु कश्चन ।
साक्षरा हि विपरीततां गताः, केवलं जगति तेऽपि राक्षसाः ॥ २० ॥

કદાચ નિર્મળ શુદ્ધ વિદ્યાથી દુષ્ટ મનુષ્ય શણગારેલો હોય તો પણ તેને સભામાં દાખલ ન કરવો. કારણકે साक्षरा (વિદ્વાનો) આ શબ્દને ઉલટાવીને એટલે અવળા અક્ષર બોલીએ તો राक्षसा (રાક્ષસો–દૈત્યો) એવો અર્થ થાય છે. આ ઉપરથી એ સમજવાનું છે કે કેવળ જડ અક્ષર અર્થનો અનર્થ કરે છે ત્યારે ચૈતન્યવાળો ખળ પુરૂષ સભામાં શું અનર્થ ઉત્પન્ન ન કરે? ૨૦

દુર્જન ઉંચે સ્થાને રહી શકતો નથી.

उन्नतं पदमवाप्य यो लघु, र्हेलयैव स पतेदिति ब्रुवन् ।
शैलशेखरगतः पृषद्गणश्चारुमारुतधुतः पतत्यधः ॥ २१ ॥

પર્વતના શિખર ઉપર ગયેલ જળબીંદુઓનો સમુદાય બીજાને શિખામણ

આપતો છતાં મૃદુ પવનના કંપાવાથી નીચે પડે છે, તેમ જે હલકો માણસ છે તે મહત્ સ્થાનને મેળવીને રમત માત્રમાં પાછો નીચે પડે છે. ૨૧

દુરાત્માઓનાં સ્વભાવ સિદ્ધ દુર્લક્ષણો.

द्रुतविलम्बित.

अकरुणत्वमकारणविग्रहः, परधने परयोषिति च स्पृहा ।
स्वजनबन्धुजनेष्वसहिष्णुता, प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम् ॥२२॥

નિર્દયતા, કારણ શિવાય વૈર, પરધન તથા પરસ્ત્રી તરફ ઇચ્છા, કુટુંબ તથા મિત્ર કે જ્ઞાતિ તરફ અક્ષમા, એ સર્વ બાબત ખળ પુરૂષને સ્વભાવથી જ સિદ્ધ થયેલ છે. ૨૨

ખળ તથા શ્વાનનો સંબંધ.

वसन्ततिलका.

सूक्ष्मं विरौति परिकुप्यति निर्निमित्तं, स्पर्शेन दूषयति वारयति प्रवेशम् ।
लज्जाकरं दशति नैव च तृप्यतीति, कौलेयकस्य च खलस्य च को विशेषः ॥२३॥

કુતરો અને ખલ (દુર્જન) પુરૂષમાં કોણ વિશેષ છે? અમને તો તે બન્ને સરખા લાગે છે. કારણકે તે બન્ને જણા કઠોર જેમ હોય તેમ બોલે છે (ભસે છે) અને કારણ વિના ગુસ્સે થાય છે, તેમ સ્પર્શ માત્રથી મનુષ્યને દૂષિત કરે છે, ચાલતા મનુષ્યને પ્રવેશ કરતાં અટકાવે છે. લજ્જાવાળા મનુષ્યને કરડે છે, અને કદી તૃપ્તિને પામતા નથી, આમ ખલ તથા કુતરાની ચેષ્ટા સમાન હોવાથી તેનું સમાનપણું જ છે. ૨૩

નીચ પુરૂષને કયો ઉત્તમ પુરૂષ સેવે ?

शार्दूलविक्रीडित. (૨૪ થી ૩૭)

वाक्यं जल्पति, कोमलं सुखकरं कृत्यं करोत्यन्यथा,
वक्रत्वं न जहाति जातु मनसा सर्पो यथा दुष्टधीः ।
नो भूतिं सहते परस्य न गुणं जानाति कोपाकुलो,
यस्तं लोक–विनिन्दितं खलजनंकः सत्तमः सेवते ॥२४॥

નીચ પુરૂષ કોમળ–સુખ કરનારૂં વચન બોલે છે, અને આચરણ તેથી જુદી રીતે કરે છે. અને દુષ્ટ બુદ્ધિવાળા સર્પની માફક વક્રપણું કોઇ દિવસ મનથી છોડતો નથી. બીજાની સમૃદ્ધિને સહન કરી શકતો નથી અને કોપથી આકુલ એવો તે

ખળ પુરૂષ ગુણને જાણી શકતો નથી તથા લોકમાં નિન્દાને પ્રાપ્ત થયેલ એવા તે નીચ પુરૂષને ઉત્તમ એવો કયો પુરૂષ સેવે છે અર્થાત્ કે કોઇ નહિ. ૨૪*

દુર્જનનો સદા ત્યાગ કરવા જરૂર.

नीचोच्चादिविवेकनाशकुशलो बाधाकरो देहिना-
माशाभोगनिरासनो मलिनताच्छन्नात्मनां वल्लभः ।
सद्दृष्टिप्रसरावरोधनपटुर्मित्रप्रतापाहतः,
कृत्याकृत्यविदा प्रदोषसदृशो वर्ज्यः सदा दुर्जनः ॥ २५ ॥

કૃત્ય, (કરવા યોગ્ય) અને અકૃત્ય (ન કરવા યોગ્ય) એવા કાર્યને જાણનાર પુરૂષે પ્રદોષ (અંધારી રાત્રિના આરંભ) ની માફક સદા દુર્જનનો ત્યાગ કરવો. તે દુર્જન પુરૂષ કેવો છે ? કે નીચ અને ઉચ્ચ પુરૂષોના વિવેકના નાશમાં કુશળ, (પ્રદોષ પણ ઉંચાં નીચાં સ્થાનના જ્ઞાનનો નાશ કરવામાં કુશળ છે) મનુષ્યોને પીડા કરનાર, (પ્રદોષ પણ ચોર વગેરેથી મનુષ્યોને પીડા કરે છે.) કોઇ પુરૂષની આશા તથા સુખનો નાશ કરનાર, (પ્રદોષ પણ દિશાના ફાંટાના જ્ઞાનને નાશ કરનારો છે એટલે તેમાં પૂર્વ પશ્ચિમાદિ જ્ઞાન થતું નથી.) મલિનતા (પાપીપણા)થી પોતાના શરીરને ઢાંકનારા પાપી લોકોને પ્રિય, (પ્રદોષ પણ ચોરોને પ્રિય હોય છે.) ઉત્તમ દૃષ્ટિ (જ્ઞાન) વાળા પુરૂષોના પ્રવેશને રોકવામાં ચતુર) (પ્રદોષપક્ષે નિરોગી આંખોની દર્શનશકિતને રોકવામાં ચતુર અને મિત્રના પ્રતાપનો ચોતરફથી નાશ કરનાર (પ્રદોષપક્ષે સૂર્યના પ્રતાપ (તેજ) નો નાશ કરનાર) એવો દુર્જન તથા પ્રદોષ છે. એટલે આ બન્નેની ક્રિયા સરખી છે, માટે સુજ્ઞ પુરૂષે દુર્જનનો સદા ત્યાગ કરવો ૨૫

ચન્દ્ર તથા દુર્જનનાં સમાન લક્ષણો.

ध्वान्तध्वंसपरः कलङ्कितनुर्वृद्धिक्षयोत्पादकः,
पद्माशी कुमुदप्रकाशनिपुणो दोषाकरो यो जडः ।
कामोद्वेगरसः समस्तभविनां लोके निशानाथव-
त्कस्तं नाम जनो महासुखकरं जानाति नो दुर्जनम् ॥ २६ ॥

મહા દુઃખને કરનાર એવા દુર્જનને કયો મનુષ્ય ચન્દ્રની માફક ઓળખતો નથી ? અર્થાત્ તમામ જાણે છે. હવે ઉપરના ત્રણ પદથી ચન્દ્રમાં અને દુર્જનનું સમાનપણું દર્શાવે છે કે ચન્દ્રમા પોતે કલંકિત શરીરવાળો છે છતાં બીજાના અન્ધકારનો નાશ કરવામાં તત્પર થાય છે. તેમ દુર્જન પણ પોતે કલંકિત હોય છતાં બીજાને

* ૨૪ થી ૩૫. સુભાષિત રત્નસંદોહ.

શુદ્ધ કરવામાં તત્પર થઇ જાય છે. ચન્દ્ર (કળાઓની) વૃદ્ધિ અને ક્ષયને ઉત્પન્ન કરનારો છે, તેમ દુર્જન પણ કોઇની વૃદ્ધિ (ચઢતી) થતી હોય તો તેનો નાશ કરનાર છે. ચન્દ્રમા પદ્મ (કમલ) નું ભક્ષણ કરનારો છે, એટલે હિમથી કમલનો નાશ કરે છે. તેમ દુર્જન પદ્મ (સંખ્યા) જેટલું ધન હોય તેટલું ભક્ષણ કરી જાય છે. ચન્દ્રમા કુમુદ નામના કમલોને પ્રકાશ કરવા (ખીલવવા) માં પ્રવીણ છે, તેમ દુર્જન મનુષ્ય કુત્સિત (નીચ) પુરૂષોના આનન્દને પ્રકાશ કરવામાં હુશીયાર છે, ચન્દ્રમા દોષા (રાત્રી) ને કરનારો છે તેમ દુર્જન દોષોની ખાણ છે. ચન્દ્રમાનું વિમાન જડ છે તેમ દુર્જન મનુષ્ય પણ જડ છે. ચન્દ્રમા લોકમાં સમસ્ત પ્રાણીને કામ (વિષય ભોગ) ની પીડાને (પોષણ કરવામાં) રસરૂપ છે, તેમ દુર્જન મનુષ્ય સમસ્ત પ્રાણીઓમાં કામ (વિષયભોગની ઇચ્છા અને ઉદ્વેગને કરવા માટે રસરૂપ છે. આમ ચન્દ્ર તથા દુર્જનને કોણ જાણતું નથી ? અર્થાત્ સર્વ જાણે છે. ૨૬

દુર્જન મનુષ્યથી સુજન પુરૂષો શા વાસ્તે ડરે છે ?

दुष्टो यो विदधाति दुःखमपरं पश्यन्सुखेनाचितं,
दृष्ट्वा तस्य विभूतिमस्तधिषणो हेतुं विना कुप्यति ।
वाक्यं जल्पति किञ्चिदाकुलमना दुःखावहं यन्नृणां,
तस्माद्दुर्जनतो विशुद्धमतयः काण्डाद्यथा बिभ्यति ॥ २७ ॥

જે દુષ્ટ પુરૂષ બીજાને સુખી જોઇ ન શકવાથી તેને દુઃખી કરે છે અને બીજા મનુષ્યની સમૃદ્ધિ જોઇને કારણ વિના ગુસ્સે થાય છે તથા ઉદ્વિગ્ન થઇને મનુષ્યોને દુઃખ આપનાર એવા કાંઇક વચનને બોલે છે તેથી દુર્જન મનુષ્યથી શુદ્ધ મતિવાળા સજ્જન પુરૂષો બાણથી જેમ ડરે તેમ ભયને પામે છે. ૨૭

ખલ પુરૂષને જ્ઞાન આપવાને કોઇ સમર્થ નથી.

यस्त्यक्त्वा गुणसंहतिं वितनुते गृह्णाति दोषान्परे,
दोषानेव करोति जातु न गुणं त्रेधा त्रयं दुष्टधीः ।
युक्तायुक्तविचारणाविरहितो विध्वस्तधर्मक्रियो,
लोकानन्दिगुणोऽपि कोऽपि न खलं शक्नोति संबोधितुम् ॥२८॥

જે નીચ પુરૂષ બીજા મનુષ્યમાં ગુણોનો સમૂહ હોય તેને તજીને દોષોને ગ્રહણ કરે છે તેમ વિસ્તારે છે. (જગત્‌માં પ્રસિદ્ધ કરે છે) અને દુષ્ટ બુદ્ધિવાળો જે ખળ પુરૂષ ત્રણ પ્રકારના (માનસિક, વાચિક, અને કાયિક) દોષોને જ ત્રણ પ્રકારે (કર્તા, કારયિતા, અને અનુમોદિતા એ) કરીને કર્યા કરે છે. પરંતુ કોઇ દિવસ ગુણને કરતો જ નથી. કારણ કે પોતે આ યોગ્ય છે. અને આ અયોગ્ય છે. એવા

વિચારથી રહિત છે તેમ તેની સમગ્ર ધર્મક્રિયાઓ પણ નાશ પામી ગઇ છે. માટે તેવા દુર્જન પુરૂષને જ્ઞાન આપવાને લોકમાં આનન્દ આપનાર ગુણવાળો કોઇ પણ મહાત્મા શક્તિમાન્ થઇ શકતો નથી. ૨૮

સન્ત પુરૂષો ખળ પુરૂષોથી શા માટે ડરે છે?

दोषेषु स्वयमेव दुष्टधिषणो यो वर्तमानः सदा,
तत्रान्यानपि मन्यते स्थितिवतस्त्रैलोक्यवर्त्यङ्गिनाम् ।
कृत्यं निन्दितमातनोति वचनं यो दुःश्रवं जल्पति,
चापारोपितमार्गणादिव खलात्सन्तस्ततो बिभ्यति ॥ २९ ॥

દુષ્ટ બુદ્ધિવાળો ખળ પુરૂષ પોતેજ હમેશાં દોષોમાં વર્તી રહ્યો છે, તેથી બીજા મનુષ્યોને પણ દોષમાં રહેલાં માને છે. અને ત્રણ લોકમાં વર્તનારા પ્રાણીઓએ નિન્દેલ એવા કાર્યને કરે છે. તેમ કાનને દુઃખ આપનાર એવા (કટુ) વચનને બોલે છે. આ કારણને લીધે ધનુષમાં ચડાવેલા બાણથી જેમ (મનુષ્યો) ડરે તેમ સત્ પુરૂષો નીચ મનુષ્યથી ભયને પ્રાપ્ત થાય છે. ૨૯

દુર્જન મનુષ્ય સર્વત્ર પીડારૂપ છે.

योऽन्येषां भषणोद्यतः श्वशिशुवच्छिद्रेक्षणः सर्पव-
दग्राह्यः परमाणुवन्मुरजवद्वक्त्रद्वयेनान्वितः ।
नानारूपसमन्वितः शरदिवोद्वक्रो भुजङ्गेशव-
त्कस्यासौ न करोति दोषनिलयश्चित्तव्यथां दुर्जनः ॥ ३० ॥

જે ખલ પુરૂષ કુતરના બચ્ચાં (કુરકુરીયા) ની માફક બીજાઓને ભસવામાં તૈયાર છે અને સર્પની માફક છિદ્ર એટલે સર્પ જેમ દર જોયા કરે છે, તેમ બીજાનું (દુશ્ચિન્હ) જોયા કરે છે. અને જે પરમાણુ (બહુ સૂક્ષ્મ) એવા રજકણની માફક હાથમાં આવે તેમ નથી અને મુરજ (મૃદંગ) ની માફક બે મોઢેથી બોલનારો છે. એટલે ઘડીમાં આમ ને ક્ષણમાં આમ એમ ભિન્ન ભિન્ન રીતે બોલી રહ્યો છે તેમ જે શરદ્ ઋતુની માફક નાના પ્રકારના રૂપોથી યુક્ત છે. તેમ સર્પના ઇશ (મહાસર્પ) ની માફક વક્ર (વાંકો) છે એવો દોષોના ઘરરૂપી આ દુર્જન પુરૂષ કયા મનુષ્યના ચિત્તમાં પીડા કરતો નથી? અર્થાત્ કે સર્વ મનુષ્યના મનમાં પીડા ઉત્પન્ન કરે છે. ૩૦

દુર્જનરૂપી સર્પને વશ કરવાને કોણ સમર્થ છે?

यत्सद्भूरितमन्त्रगोचरमतिक्रान्तो द्विजिह्वाननः,
क्रुद्धो रक्तविलोचनोऽसिततमो मुञ्चत्यवाच्याविषम् ।

रौद्रो दृष्टिविषो विभीषितजनो रन्ध्रावलोकोदितः,
कस्तं दुर्जनपन्नगं कुटिलगं शक्नोति कर्तुं वशम् ॥ ३१ ॥

સર્પની માફક જેના મુખમાં બે જીભ છે (એટલે ઘડી આમ બોલનાર અને ઘડી તેથી વિપરીત રીતે ભાષણ કરનાર) એવો દુર્જનરૂપી સર્પ સાધુ પુરૂષોએ બતાવેલ એવી મંત્રની ભૂમિને ઉલ્લંઘન કરી ગયો છે એટલે સર્પ જેમ મંત્રેલ કુંડાળાને ઠેકી જાય તેમ તે શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરી ગયો છે. અને કોપાયમાન થાય છે ત્યારે લાલચોળ નેત્રવાળો અને કાળો થઇ ગયેલો જે ખલરૂપી સર્પ અવાચ્ય (ન બોલવા યોગ્ય એવા) વચન રૂપી ઝેરને મુકે છે એટલે પોતાના મુખમાંથી બહાર કાઢે છે તેમ જે સર્પની માફક ભયંકર નેત્રમાં ઝેરવાળો મનુષ્યોને ભય ઉત્પન્ન કરનાર, બીજાના છિદ્ર જોવામાં તૈયાર થયેલ છે એવા વક્ર (વાંકી) ગતિ કરનારા તે દુર્જન રૂપી સર્પને વશ કરવાને કોણ સમર્થ છે ? અર્થાત્ કોઇ પણ નહિ. ૩૧

સત્પુરૂષો દુર્જન કોને કહે છે ?

वैरं यः कुरुते निमित्तरहितो मिथ्यावचो भाषते,
नीचोक्तं वचनं शृणोति सहते स्तौति स्वमन्यं जनं ।
नित्यं निन्दति गर्वितोऽभिभवति स्पर्धां तनोत्यूर्जिता,
मेवं दुर्जनमस्तशुद्धधिषणं सन्तो वदन्त्यङ्गिनाम् ॥ ३२ ॥

જે કારણ વિના બીજાની સાથે વૈર કરે છે, મિથ્યા વચનનું ભાષણ કરે છે, નીચ પુરૂષે કહેલા વચનને સાંભળે છે. અને તેને સહન કરે છે. એટલુંજ નહિ પરંતુ પોતાના વખાણ કરે છે તથા નિત્ય અભિમાની બનીને બીજાની નિન્દા કરે છે-પરાભવ કરે છે અને ખોટી અદેખાઇને વિસ્તારે છે. મનુષ્યોમાં શુદ્ધ બુદ્ધિથી હીન એવા તે લક્ષણવાળા પુરૂષને સત્પુરૂષો દુર્જન કહે છે. એટલે આવા લક્ષણવાળા દુર્જન પુરૂષના સંગનો ત્યાગ કરવો એ સુજ્ઞ પુરૂષોનું કર્તવ્ય છે. ૩૨

દુર્જનના મુખમાં સુવાક્યની ગેરહાજરી.

भानोः शीतमतिग्मगोरहिमता शृङ्गात्पयोऽधेनुतः,
पीयूषं विषतोऽमृताद्विषलता शुक्लत्वमङ्गारतः ।
वन्हेर्वारि ततोऽनलः सुरसजं निम्बाद्भवेज्जातुचि-
न्नो वाक्यं महितं सतां हतमतेरुत्पद्यते दुर्जनात् ॥ ३३ ॥

સૂર્યમાંથી શીતળતા, ચન્દ્રમાંથી ઉષ્ણતા, ગાયના શીંગડામાંથી દુધ, ઝેરમાંથી અમૃત, અમૃતમાંથી ઝેરની વેલી, કોયલામાંથી શ્વેતપણું, અગ્નિમાંથી પાણી, પાણી

માંથી અગ્નિ, અને લીંબડામાંથી સાકર ઉત્પન્ન થાય, પરંતુ સત્પુરૂષોએ વખાણેલું વચન હત (હણાયેલ) બુદ્ધિવાળા દુર્જન પુરૂષમાંથી એટલે તેના મુખમાંથી નિકળતું નથી. ૩૩

સુજ્ઞ મનુષ્યે સર્પની માફક કોને છોડી દેવો?

सर्वोद्वेगविचक्षणः प्रचुररुग्भुग्भ्रन्नवाच्यं विषं,
प्राणाकर्षपदोपदेशकुटिलस्वान्तो द्विजिह्वान्वितः ।
भीमभ्रान्तविलोचनोऽसमगतिः शश्वद्दयावर्जित–
श्छिद्रान्वेषणतत्परो भुजगवद्वर्ज्यो बुधैर्दुर्जनः ॥ ३४ ॥

સર્વને ઉદ્વેગ ઉત્પન્ન કરવામાં ચતુર, ભયંકર તેજવાળો, ન બોલવા યોગ્ય વચનરૂપી ઝેરને મુકતો, અન્યના પ્રાણ લઇ લેવાના સ્થાનના ઉપદેશને લીધે કુટિલ સ્વભાવવાળો, બે જીભવાળો, એટલે ઘડી આમ તો ઘડી આમ એમ બોલવાવાળો, ભયંકર ચકળ વકળ નેત્રવાળો, વાંકી ગતિવાળો, હમેશાં દયાથી વર્જિત, બીજાનાં છિદ્ર ગોતવામાં તત્પર એવો દુર્જન મનુષ્ય સર્પની માફક વર્જવા યોગ્ય છે એટલે સજ્જન પુરૂષે આવા દુર્જનનો ત્યાગ કરવો હિતકર છે. ૩૪

સાધુ તથા દુર્જનની સમાનતા.

धर्माधर्मविचारणाविरहिताः सन्मार्गविद्वेषिणो,
निन्द्याचारविधौ समुद्यतधियः स्वार्थैकनिष्ठापराः ।
दुःखोत्पादकवाक्यभाषणरताः सर्वाप्रशंसाकरा
द्रष्टव्या अपरिग्रहव्रतिसमा विद्वज्जनैर्दुर्जनाः ॥ ३५ ॥

વિદ્વાન્ પુરૂષોએ દુર્જન પુરૂષોને નિષ્પરિગ્રહ એવા વ્રતિ (સાધુઓ) સમાન જાણવા. કેમકે સાધુઓ બ્રહ્મદશાને પ્રાપ્ત થવાથી ધર્મ અધર્મના વિચારથી રહિત છે તેમ દુર્જન પુરૂષો પણ ધર્મ અધર્મના વિચાર વગરના છે. સાધુઓ જગત્‌માં ચાલતા અનેક સાંસારિક ધર્મોનો દ્વેષ કરનારા માને છે, તેમ દુર્જન પુરૂષો ઉત્તમ એવા ધર્મ માર્ગનો દ્વેષ કરનારા ગણે છે. સાધુઓ મોહાન્ધ પ્રાણીઓની નજરથી નિન્દાને યોગ્ય એવા આચારવાળા છે. તેમ દુર્જનો પણ લોકનિન્દ્ય એવા આચાર (ચોરી વગેરે) કરવામાં ઉદ્યમયુક્ત બુદ્ધિવાળા છે. સાધુઓ પોતાના આત્માનું ભલું કરવું તેવી એક નિષ્ઠાવાળા છે, તેમ દુર્જન પુરૂષો કેવળ સ્વાર્થ પરાયણ છે. સાધુઓ બીજાને દુઃખ ઉત્પન્ન કરનાર વાતો (એટલે સત્ય વાત કહેવાથી મનુષ્યને દુઃખ થાય છે) તેઓ નિઃસ્પૃહી હોવાથી કરતા નથી, તેમ દુર્જન પુરૂષો પણ દુષ્કર્મ છુપાવવા મૌન રહે છે. સાધુઓ એક મોક્ષસુખ સિવાય બીજા તમામ પ્રકારના સુખની નિન્દા કરવાવાળા છે, તેમ

દુર્જનો પણ સર્વની નિન્દા કરવાવાળા છે. આમ અપરિગ્રહ યોગી સમાન દુર્જનોને જાણવા. એટલે આવા લક્ષણવાળા દુર્જનોનો ત્યાગ કરવો અને સાધુ મહાત્માની સેવા કરવી એવો ભાવ છે. ૩૫

દુર્જનને રાહુની તુલના.

वीक्ष्यात्मीयगुणैर्मृणालधवलैर्यद्वर्धमानं जनं,
राहुर्वा सितदीधितं मुखकरैरानन्दयन्तं जगत् ।
नो नीचः सहते निमित्तरहितो न्यक्कारबद्धास्पृहः,
किञ्चिन्नात्र तदद्भुतं खलजने येन वृकेऽवस्थितिः ॥ ३६ ॥

જેમ રાહુ મુખરૂપ કિરણોથી જગત્‌ને આનંદ આપનારા અને કમળના રેસાના જેવા પોતાના ઉજ્વળ ગુણોથી વૃદ્ધિ પામનારા ચંદ્રને જોઇને તે સહન કરી શકતો નથી, પણ વિના કારણ તેનો તિરસ્કાર કરવામાં સ્પૃહા કરનારો થાય છે, તેમ નીચ માણસ મુખ[૧] તથા હાથથી જગત્‌ને આનંદ આપનારા અને કમળના રેસાના જેવા પોતાના ઉજ્વળ ગુણોથી વધતા એવા માણસને જોઇને તે સહન કરી શકતો નથી પણ કારણ વિના તેનો તિરસ્કાર કરવામાં તે સ્પૃહા રાખનારો થાય છે. કારણ કે, દુર્જનની સ્થિતિ વૃકના જેવી હોય છે. ૩૬

ખળ પુરૂષ શું શું કરે છે?

वन्द्यान्निन्दति दुःखितानुपहसत्याबाधते बान्धवा-
ञ्छूरान् द्वेष्टि धनच्युतान् परिभवत्याज्ञापयत्याश्रितान् ।
गुह्यानि प्रकटीकरोति घटयन् यत्नेन वैराशयं,
ब्रूते शीघ्रमवाच्यमुज्झति गुणान् गृह्णाति दोषान् खलः ॥ ३७ ॥

ખળ પુરૂષ પૂજ્ય લોકોની નિન્દા કરે છે, દુઃખિત લોકોને હસે છે, ભાઇઓ સાથે કલેશ કરે છે (હરકત કરે છે.) શૂર પુરૂષોનો દ્વેષ કરે છે. વ્યાપારાદિમાં દૈવથી ખોટ આવતાં ધનહીણ થયેલ એવા પુરૂષોનો પરાભવ કરે છે. પોતાના આશ્રિતજનોને આજ્ઞા કર્યા કરે છે. છાની વાર્તાને પ્રસિદ્ધ કરી આપે છે. મહેનતથી વૈરવાળા અન્તઃકરણને ઘટાવતો અવાચ્ય (ન બોલવાના) વચનને બોલે છે. ગુણોનો ત્યાગ કરે છે. અને દોષોને ગ્રહણ કરે છે. માટે સુજ્ઞ પુરૂષે આવા દુર્જનથી દૂર રહેવું. ૩૭

---

૧ મુખથી એટલે સારા મધુર વચનો બોલવાથી. અને હાથથી એટલે દાન તથા ઇનામો આપવાથી.

ક્ષુદ્ર દેડકાની હંસ પ્રતિ દુર્જનતા.

स्रग्धरा.

हं पक्षिन्नागतस्त्वं कुत इह सरसस्तत्कियज्ञो विशालं,
किं मद्धाम्नोऽपि बाढं तदतिविपुलतां पाप मा ब्रूहि मिथ्या,
इत्थं कूपोदकस्थः शपति तटगतं दर्दुरो राजहंसं,
नीचः प्रायः शठार्थो भवति हि विषमो नापराधेन दृष्टः ॥ ३८ ॥

એક દેડકો હંસને કહે છે, કે 'હે પક્ષી? તું ક્યાંથી આવ્યો?' 'સરોવરથી' તે કેવડું છે? 'ઘણું મ્હોટું છે.' તું સત્યથી કહે શું મારા ઘરથી પણ વિશાળ છે? 'તેનાથી તો ઘણું વિશાળ છે.' 'હે પાપી! તું મિથ્યા બોલ નહિ.' આ પ્રમાણે કુવાના પાણીનો દેડકો કાંઠે રહેલા રાજહંસને ગાળ્યો આપે છે તેમ જે ખળ પુરૂષ છે તે ઘણું કરીને લુચ્ચો અને નિત્ય અવળોજ હોય છે એટલે પોતે અજ્ઞાન તથા અપરાધી છતાં તે જોવામાં આવતું નથી. ૩૮

દુર્જન ભેટે તોપણ સારો નહિં.

દોહા.

*બાથ ભરી ભેટ્યા થકી, કરિયે નહિં વિશ્વાસ;
ફોફલને લે બાથમાં, સૂડી કરે વિનાશ. ૩૯

दुर्जनोऽल्पेऽप्यहंकुरुते

દુર્જન થોડા ઝેરને પણ ગુપ્ત રાખી શકતો નથી.

अनुष्टुप्—(१-४)

विषभारसहस्रेण, गर्वं नायाति वासुकिः ।
वृश्चिको बिन्दुमात्रेण, ऊर्ध्वं वहति कण्टकम् ॥१॥

પુષ્કળ વિષના ભારવડે વાસુકી નાગ ગર્વ ધારણ કરતો નથી, પણ ફક્ત એક બિંદુ માત્ર વિષથી વિંછી આંકડો (ગર્વને લીધે) ઊંચો રાખે છે. ૧

ઉક્ત બાબતનું કોયલ તથા દેડકાનું દૃષ્ટાંત.

दिव्यं चूतरसं पीत्वा, गर्वं नो याति कोकिलः ।
पीत्वा कर्दमपानीयं भेको रटरटायते ॥२॥

---

૧ આ શ્લોકમાં પ્રશ્નોતર છે. * દલપતરામ.

કોયલ પક્ષી દેવને યોગ્ય એવી કેરીના રસનું પાન કરીને ગર્વિષ્ઠ થતું નથી, પરંતુ કાદવવાળું પાણી પીઇને દેડકો ડરાઉં ! ડરાઉં ! બબડ્યા કરે છે. ૨

ખલના આડંબર માટે કાંસ્ય પાત્રનું દૃષ્ટાંત.

निःसारस्य पदार्थस्य प्रायेणाडम्बरो महान् ।
न सुवर्णो ध्वनिस्तादृग्,-यादृक्कांस्ये प्रजायते ॥३॥

ઘણે ભાગે હલકા (માણસો) આડંબર (ડોળ) રાખનારા છે. જેમકે કાંસાના પાત્રમાં જેવો ધ્વનિ હોય છે. તેવો ધ્વનિ (શબ્દ) સુવર્ણમાં હોતો નથી. ૩

દુર્જનની ચંચલ સ્થિતિ.

अहो सुसदृशी वृत्तिस्तुलाकोटेः खलस्य च ।
स्तोकेनोन्नतिमायाति, स्तोकेन यात्यधोगतिम् ॥ ४ ॥

અહો ? (આશ્ચર્ય છે કે) નીચપુરૂષની અને તોળવાના કાંટાની સરખી વૃત્તિ છે કે જરા ભારથી ઉંચો થઇ જાય અને થોડા ભારથી નીચે નમી જાય છે આમ ખલ મનુષ્ય પણ ક્ષણે તુષ્ટ અને ક્ષણે રૂષ્ટ થતા વાર લાગતી નથી. ૪

કોમલ મનુષ્યમાં પણ દુર્જન ગુસ્સે થઇ જાય છે.

आर्या.

प्राकृत एव प्रायो, मृदुषु तरां दीप्यते नसत्पुरुषाः
वारिणि तैलं विकसति, निर्मुक्तं स्त्यायते सर्पिः ॥ ५ ॥

ઘણું કરીને પ્રાકૃત (નીચ) કોમલ મનુષ્યોમાં અત્યન્ત કોપ કરે છે. પણ સત્પુરૂષો કોપ કરતા નથી એટલે જેમ પાણીમાં મોતીને શોધનારા મનુષ્યો પોતાના મોઢામાં તેલનો કોગળો લઇ પાણીમાં ઉતરી તેને મુખમાંથી કાઢી તેના પ્રકાશમાં મોતીને શોધી શકે છે પણ ઘી નાંખ્યું હોય તો તે જામી જાય છે. તેમ દુર્જન મનુષ્ય પરહિતમાં તે નિરૂપયોગી-જડ થઇ જાય છે. ૫

दुर्जनो दण्डयः

દુર્જન શિક્ષાને પાત્ર છે.

अनुष्टुप् (१ थी ४)

खलानां कण्टकानां च, द्विविधैव प्रतिक्रिया ।
उपानन्मुखभङ्गो वा, दूरतो वापि वर्जनम् ॥ १ ॥

ખળ પુરૂષ તથા કાંટાને (માત કરવા) માટે ફક્ત બેજ ઉપાય છે; પગમાં પહેરવાના જોડાથી તેમનું મુખ ભાંગી નાંખવું અથવા તેનાથી દૂર રહેવું. ૧*

કફ તથા ખળની સમાનતા.

अहो प्रकृतिसादृश्यं, श्लेष्मणो दुर्जनस्य च ।
मधुरैः कोपमायाति कटुकेनैव शाम्यति ॥ २ ॥

ખળ પુરૂષ તથા કફ બંને પ્રકૃતિમાં સરખાં છે. કેમકે જેમ મીઠા વચનથી ખળ કોપે છે તેમ ગળી વસ્તુથી કફ કોપાયમાન થાય છે, અને કડવા વચનથી ખળ તથા કડવી ઔષધિથી કફ શાંત થાય છે. ૨

દુષ્ટને સાફ કરવાનો ઉપાય

मालिन्यमवलम्बेत, यदा दर्पणवत्खलः ।
तदैव तन्मुखे देयं, रजो नान्या प्रतिक्रिया ॥ ३ ॥

જ્યારે દુષ્ટ પુરૂષ દર્પણની માફક મેલો થાય, ત્યારે (તેને સાફ કરવા માટે) તેના મુખમાં ધૂડ નાખી સાફ કરવો, એ સિવાય (શુદ્ધ કરવા માટે) બીજો ઉપાય નથી. ૩

કવિ ખળને નમન કરે છે.

सदा खण्डनयोग्याय तुषपूर्णाशयाय च ।
नमोऽस्तु बहुबीजाय खलायोलूखलाय च ॥ ४ ॥

ફોતરાંમાટે હમેશાં ખાંડવા (શિક્ષા) ને યોગ્ય, ખાંડણીયો. તથા નિષ્કારણ પંડહા કરનાર ખળ પુરૂષને નમસ્કાર હો કેમકે ખાંડણીમાં જેમ ફોતરા ચોંટી જાય છે તેમ ખળપુરૂષમાં નિષ્કારણ છડાનું આચ્છાદન રહે છે. ૪

ખળ પુરૂષ શિક્ષાનેજ પાત્ર છે.

स्त्रगधरा.

मार्गे रुद्ध्वा सगर्वं कमपिगतभयं गर्दभं कोऽपि पान्थो,
दृष्ट्वा संयोज्य हस्तौ विरचितविनतिः सादरं सम्बभाषे ।
आर्याध्वानं मदर्थं त्यज मयि च गते स्थास्यसि त्वं यथेच्छं,
नाश्रौषीदण्डितः सन् सपदि विचलितो दण्डय एवास्ति मूर्खः ॥५॥

---

* ૧ થી ૪ સુભાષિત રત્નભાંડાગાર.

કોઇ એક ગર્દભ (ગધેડા) ગર્વથી માર્ગ રૂંધીને ભયરહિત ઉભો હતો, તેને એક મુસાફરે જોઇ, બેહાથ જોડી, (વિનય પૂર્વક) નમ્રતા માન સાથે કીધું કેઃ—હે આર્ય ! મારે માટે (મારે જવા માટે) રસ્તો છોડી દ્યો, મારા ગયા પછી આપ મરજી માફક બિરાજશો. એમ કહ્યા છતાં ગર્દભભાઈએ તો સાંભળ્યું નહીં, પછી મુસાફરે (પુષ્પાંજલિ) શિક્ષા કરી કે તરતજ (મહેરબાન સાહેબે) રસ્તો છોડયો. (આ ઉપરથી એ સિદ્ધ થયું કે) મૂર્ખ શિક્ષાનેજ પાત્ર છે. ૫

દુષ્ટને શિક્ષા એજ શાંતિનું સ્થાન છે.

"એતો મિઆં ભાઈકા ખેત હે, બોડી (વિધવા) બમનીકા નહિ."

* બાદશાહી વખતમાં અમદાવાદથી બે મુસલમાન સ્વારો નોકરીનો હુકમ થવાથી પરગામ જવા નીકળ્યા, મિયાંને ઘેર તો હાંલ્લેહાંલ્લાં કુસ્તી કરતાં હતાં, પોતાનું પોષણ બહુ મુશ્કેલીથી થતું, તો ઘોડાને પેટપુર ખાવાની આશા શી? બિચારા ઘોડાના પેટમાં હાથ હાથના ખાડા પડ્યા હતા. ખેતરમાં લીલો-હરીઆળી જેવો ને ઘોડાચડ ઢંકાય જાય એવો ઊંચો મોલ જોઇને મિઆંઓએ તો ઘોડા માંહે છૂટા મૂકી દીધા, પણ ખેતરના માલિકને ખબર પડવાથી જોરથી હાકોટો કર્યો કે ફસકુમિઆંએ તરત ઘોડા બહાર કાઢી લઇ, જાણે કંઈજ બન્યું નથી. તેમ ડોલતા ડોલતા આગળ ચાલ્યા, થોડેક ગયા એટલે એક સ્વાર બોલ્યો, "યે ખેતરમેં કોઇ આદમી દીખા જાતા નહિ હે, ઇસમે ઘોડા છોડ દેંગે?" તેના સોબતીએ હા કહી તેથી ખેતરનો મોલ ચરવા ઘોડાને છૂટા મૂકી દીધા. એ ખેતર કોઈ બિચારી વિધવા બ્રાહ્મણીનું હતું, તે વખતે તે ત્યાં હતી, તેના ખેતરમાં ઘોડા પેઠેલા જોઇ સ્વાર પાસે જઈ પગે લાગી, ઘણાજ કાલાવાલા કર્યા, પણ દૈત્યને દયા શાની આવે? મિયાંભાઈએ ગણકાર્યું નહીં, પણ ઉલટી બે ચાર ગાળો દઇ મારવાની ધમકી આપી. બિચારી અબળાજાત શું કરે? લાચાર થઇ નુકશાન થયું તે જોયા કર્યું, મિયાંભાઈએ તો ઘોડા ચરાવતાં ચરાવતાં આગળ ચાલવા માંડયું. બ્રાહ્મણીનું ખેતર પૂરું થયું અને જોડે બીજું ખેતર આવ્યું, તો એ પણ બ્રાહ્મણીનુંજ હશે, એમ ધારી તેમાં પણ ચરાવવા જારી રાખ્યા, મિયાં ફસકુઓને ખબર નહિ કે એ કોઇ જાગીરદારનો વજીફો છે, નહિં તો શેઢાપર ચડત પણ નહીં.

જાગીરદારના માણસોએ પોતાના વજીફામાં ઘોડા સ્વાર સહિત પેઠેલા જોઇ, એકદમ દોડી કાંઇ પૂછપરછ કીધા વગર બંને સ્વારોને ઘોડેથી હેઠે નાખી મારવા માંડયા એટલે એક મિયાં બોલ્યો કે, "તુમ કાયકુ હમ લોકકું મારતા હય તુમેરા-કુચ્છ બિગાડતો નહિ કીયા? એ ખેતરતો બોડી બમની કા હે ઇસમે તુમેરા ક્યાં લીયા?"

* કૌતુકમાળા.

" એતો મિયાંભાઇકા ખેત હૈ બોડી બમનીકા નહી હૈ " આમ બોલી સ્વારોને મણના છ પાંચ શેરી કરી જવા દીધા.

હવે પછી મીયાં ખેતરોમાં પેઠા અવલ તેના ધણીના નામ ઠામ પૂછવા ટેવ રાખી. જો જવાબમાં બોડી બ્રાહ્મણીના, રાંડીકુંડી બાઇના, સાધુ વેરાગીના ખેતરો જણાય તો ખુશીની સાથ ઘોડા ચરાવા મંડી જાય. પણ જો મિયાંભાઈના કે કોઇ રજપૂત ગરાશીયાના જણાય તો " ચલોભાઇ ચલો " કહી ચાલવા માંડે.

હીચકારા લોકો નબળા ઉપર જે જુલમ ગુજારે છે તે ઉપરની વાત બતાવી આપે છે. તેઓ સબળાથી તો સદાય દોઢ ગાઉ દૂર રહે છે. અથાત્ **પોંચે તેને હાડે વિસમે છે ને જયાં લાગે ત્યાંથી તો ભાગે છે.** ધિક્કાર છે એવા હીચકારાઓને.

દુર્જન દંડથી જ પાધરો થાય છે.

" જૈસે કારી કાંબરી ચઢે ન દુજો રંગ. "

* એક દિવસ અકબરશાહે પોતાના વ્હાલા ગુલામને પૂછયું કેમ વ્હાલા અઇનાજ તું સાચેસાચું બોલ કે, દુનિયાંની કોઇ પણ ચીજની તને ઇચ્છા બાકી રહી છે? આવું નામવરનું બોલવું સાંભળી ગુલામ બોલ્યો કે—જી જહાંપનહાં ! સર્વ મારા મનની ઉમેદ આપ નામવરે પૂરી પાડો છે. પણ એક બાકી રહે છે માટે હજુર હુકમ આપે તો રોશન કરૂં. આ પ્રમાણે ગુલામનું બોલવું સાંભળી બાદશાહે ખુશીથી કહ્યું કે મારા પ્યારા જાન ? તું ખુશીથી જે બાકી રહ્યું હોય તે માગી લે, હું આપવા કબુલ કરૂંછું. આવો શાહનો સ્વાલ થતાં ગુલામ બોલ્યો કે સરકાર ! 'હું કોઇ દિવસ નાશી ગયો નથી માટે તે ઉમેદ મારા મનમાં બાકી રહી છે' આવું ગુલામ પદને નછાજતું બોલવું સાંભળવા છતાં પોતાનું વચન પાળવા પાદશાહે કહ્યું કે ઠીક જે તારી ઉમેદ છે તે પૂરીકર ! પછી ગુલામ ત્યાંથી નાશી એક પોતાના દોસ્તના ઘરમાં સંતાઈ રહ્યો. વ્હાલા ગુલામનો વિયોગ થયો જેથી બાદશાહ ઘણોજ બે ચેન થઈ ગયો અને હજુરીઆઓને હુકમ કર્યો કે અઇનાજ જયાં હોય ત્યાંથી શોધી મંગાવી મારી પાસે લાવો. પછી હજુર—મરજીદાનો અને કારભારી વગેરે તેને મનાવવા ગયા, પણ ગુલામભાઇએ તો ઉહુ ઉહુજ કર્યા કર્યું, મનાવા જનારાઓએ બહુજ તેને આજીજીથી યોગ્ય શુકનો કહ્યાં, પણ કોઇનું કહેવું તેણે ધ્યાનમાં લીધું નહીં તેથી થાકીને છેવટે તેઓ પાછા આવ્યા; પરંતુ શાહ તો જેમ જેમ વધારે વખત થતો ગયો તેમ તેમ તેના વિયોગથી બહુજ આકુળવ્યાકુળ થયો અને ખાસમંડળને હુકમ કર્યો કે જે અઇનાજ મનાવી લાવે તેને અમૂલ્ય હીરાનો હાર આપું. આવું શાહનું બોલવું સાંભળી બીજાતો કોઇએ હા પાડી નહીં, પણ શાહના બીરબલે કહ્યું કે ખાવિંદ !

* બીરબલબાદશાહ.

મનાવી લાવું છું જરા પણ અકળાતા નહીં એમ કહી તે ગુલામ જ્યાં હતો ત્યાં ગયો અને બોલ્યા ચાલ્યા વગર જતાવેંત લાત મુકીઓની ગરમાગરમ મીઠાઇ ચખાડવા માંડી જેથી ગુલામ ગભરાઇ બોલ્યો કે મહેરબાન મને શા સારૂ મારો છો. હું ક્યાં આપની સાથે આવવા ના પાડું છું. બીરબલે કહ્યું કે ત્યારે થા ઝટપટ આગળ એટલું કહેતાં તો તુરત તે ગુલામ આગળ થયો અને શાહના હજુર લાવી ખડો કર્યો તેને જોઇ પ્રેમઘેલો શાહ એકદમ ઉભો થઇને ભેટી પડયો અને પૂછ્યું કે વ્હાલા અઇનાજ! તુંને બીરબલ શું કરેણ દેઇને મનાવી લાવ્યો તે મને જણાવ? અઇનાજે જણાવ્યું કે બીરબલજીએ તો મને વાજુનો છત્રીશ શેરજ બોલ્યા ચાલ્યા વગર કરવા માંડયો તેથી મેં જાણ્યું કે હું જવાની હા નહીં પાડું તો આ મારા હમણાને હમણાંજ પ્રાણ કાહાડી નાંખશે માટે તુરત આવવાની કબુલત આપી, અઇનાજનું બોલવું સાંભળી શાહ બીરબલની વિચિક્ષણતા જોઇ એટલો તો ખુશી થયો કે તેને અમુલ્ય હીરાનો હાર ઇનાયત કરી દીધો.

દુર્જનની કૃપાનું ફળ.

अनुष्टुप् (१ थी ३)

अनवस्थितचित्तानां, प्रसादोऽपि भयंकरः ।
सर्पिण्यत्ति किल स्नेहात्स्वापत्यानि न वैरतः ॥ १ ॥

વૈર નહિ પણ સ્નેહાવેશમાં સર્પિણી (નાગણ) જેમ પોતાનાં બચ્ચાંને ખાઇ જાય છે, તેમ અસ્થિર ચિત્તવાળા મનુષ્યોની મહેરબાની પણ ભયંકર થાય છે. એટલે દુર્જનની કૃપા પણ દુઃખનું કારણ છે માટે તેની કૃપાની પણ ઇચ્છા રાખવી નહિ.૧

હલકી કોધીના પ્રસંગથી સોનાનો શરમ.

टंकच्छेदे न मे दुःखं, न दाघे न च घर्षणे ।
एतदेव महद्दुःखं, गुञ्जया सह तोलनम् ॥ २॥

સોનું કહે છે કે–ટાંકણા મારી મને કાઢવામાં આવ્યું, રેતીમાંથી જુદુ પાડવા-માટે બાળવામાં આવ્યું, અને તપાસ કરવામાટે ઘસવામાં આવ્યું, આ બાબતમાં મને દુઃખ થયું નથી, પણ ચણોઠીની સાથે તોળાવામાં મને મહા દુઃખ ઉત્પન્ન થયું છે. ૨

મિત્ર તથા વેરી તરીકે પણ ખલનો ત્યાગ કરવો જોઇએ.

वर्जनीयो मतिमता दुर्जनः सख्यवैरयोः ।
श्वा भवत्यपकाराय, लिहन्नपि दशन्नपि ॥ ३ ॥

બુદ્ધિશાળી પુરૂષે દુષ્ટ મનુષ્યની સાથે મિત્રતા તથા શત્રુતાનો ત્યાગ કરવો, કારણ કે મિત્રતાથી ચાહતો અને શત્રુતાથી કરડતો કૂતરો દ્રોહને માટે છે. ૩

દુર્જનનો સ્નેહ પણ દુઃખદાય છે.

* એક ફતેખાં કરીને મીયાં હતો, તે પોતાના ગામથી થોડે દૂરના ગામમાં હવાલદારી કરતો હતો, પોતાની વીશ વર્ષની ઉમરથી નોકરી કરતાં ચાલીશ વર્ષની ઉમર થવા આવી, તેથી વતનમાં જઇ રહેવાની મરજી હોઇને નોકરીનું રાજીનામું આપ્યું પરંતુ વીશ વર્ષ સુધી નોકરી કરી તે મુદતમાં ગામના લોક સાથે હળીમળીને મોઢે મીઠાશ રાખી રહેવાથી તેના પર સર્વ ખુશી હતા. મિઆંને ખાધાપીધાનું કાંઇ ખરચ બેસતું નહોતું, હમેશાં એક પછી એક ઘરવાળો તેને ખવરાવતો હતો. વળી કોઇ વિવાહ કે કારજના પ્રસંગ ઉપર મિયાંને જમવાનું પહેલું મળતું કેટલાક પટેલીઆ જોડે તો એવો સંબંધ બંધાઇ ગયો હતો કે વાર તહેવાર અને કોઇ કોઇ સાધારણ પ્રસંગ ઉપર મિયાંને નોતરવામાં આવતો હતો, એટલે સુધી લોકો તેના ઉપર પ્રીતિ રાખતા કે જાણે પોતાના કુટુંબનો માણસ હોય નહીં ! જતી વખત મિયાં ઉપર ભાવ દેખાડવા લોકો થોડે સુધી વળાવવા આવ્યા. છેવટ સલામ કરી 'આવજો, આવજોના' શબ્દોથી પરસ્પર રજા લીધી. ગામના લોક તો જ્યારે જ્યારે મિયાંની વાત નીકળે ત્યારે તેની તારીફ કરતા હતા, અને મિયાંને મળવાની કોઇવાર આતુરતા રાખતા હતા.

એક વખત પટેલીઆના છોકરા તથા ગામનાં માણસો મળી પંદર જણ એક દૂરને ગામ મેળો થતો હતો તે ઉપર જવાને તૈયાર થયા. રસ્તામાં મિયાંનું ગામ આવવાનું હતું, જેથી રાજી થતા થતા તેને મળવાના ઉલ્લાસમાં રસ્તો કાપવા લાગ્યા. ગામને પાદર ગયા ત્યારે એક પહોર દહાડો પાછલો બાકી હતો. પૂછતાં પૂછતાં મિયાંને ઘેર ટોળુંને ટોળું ઉભું રહ્યું. મિયાં આવકાર આપી સૌને ઉભા થઇ મળ્યા ને સલામ કરી બેઠા. મિયાંએ કહ્યું "ધનઘડી ! ધનદહાડો ! આજ તુમ સબ પટેલ લોક હમારે ઘરકું મીજબાન આયે, હમ બોત બોત ખુશ હુવા !"

મોઢેથી ઉપર પ્રમાણે બોલ્યો પરંતુ મિયાંના મનમાં તો કાંઇનું કાંઇ થવા લાગ્યું ! અરે પંદર વીશ ઘોરા (મરદ) આવીને બેઠા છે ! તેમને ત્યાં હજારો વખત આપણે ખાધેલું છે, તો એક વખત ખવરાવવાની ના કેમ કહેવાય. પ્રથમજ પરોણા આવ્યા છે તેને રોટલા ખીચડી પણ આગળ ધરાયજ નહિ આતો કંસારના મેમાન છે ! તેથી પાંચ સાત રૂપીઆને ઘેર ગોળી આવે એવું છે ! અરે ખુદા ! આતો પુરેપુરી કમબખ્તિ આવી ! ખર્ચ કરવાની મરજી તો નથી પણ મોડેથી તો ભલું મનવવું જોઇએ? યુક્તિથી ખરચમાંથી બચીએ અને ભલાઇ લે એવું બનાય-

* કોતુકમાળા.

નેતો ઠીક આવા આવા અનેક વિચારો મિયાંભાઇના મનમાં એક પછી એક આવવા માંડ્યા

આખર સૌના સાંભળતાં બીબીને કહ્યું કે આ સબ અપને બોત પીછાનવાલે હે, ઔર મૈને બોત દફે ઉસ્કે વાં ખાના અચ્છા અચ્છા ખાયા હય, તો ઉન્હોંકે વાસ્તે કંસારકી તૈયારી બનાદો, ઔર કિસીકું, રસોઇ પકાનેકું બોલાવ મેં બજારમેંસે ઘી, ગુડ, તરકારી વગેરે લાતા હુઁ" એમ કહી સૌ મેમાનને ઘેર બેસારી બહાર ગયો. મેમાને જાણ્યું કે મિઆંનો ભાવ આપણા ઉપર ઘણો છે. જુઓને કંસાર કરવાને કહ્યું ને ઘી ગોળ લેવા પણ ગયો. વાહ ! શું ભલો માણસ છે ! સિપાઇ તો આવો હોય નહિ, **"મીઆંભાઇનો યારી તે ઝાંપા લગી સારો"** એમ કહેવાય છે તે ફતેખાં ખોટું પાડે છે ?

મિઆંના મનમાં તો કપટ હતું તેથી તુરત પોતાના ભાઇબંધ જાલમખાંને ઘેર ગયો અને સર્વ વાતથી વાકેફ કરી કહ્યું કે "દેખ યાર અબી તો લાજ શરમ તેરે હાથમેં હય, જશકા જશ મીલે ને મીજમાનકું ખીલાના ન પડે ઐસા ઉપાય કરના મેરી હાલત અબી કૈસી હય સો તુમ જાનતે હો એ સાલા પાંચ સાત રૂપિયાકા નુકશાન કર જાય ઉસ્મે અપને કયા નફા ? અબીતો ઉનકા બાપાકી પરવા ભી નહી હૈ" જાલમખાં કહે અચ્છા, દોસ્ત મેરી પાસ ઉસ્કા ઉપાય તો હે, લેકીન બોત મુશ્કિલ બાત હૈ.

ફતેખાં—કૈસા મુશ્કિલ હૈ, બોલ તો સચ્ચ.

જાલમખાં—દેખ, મેરા ઐસા ઇરાદા હે કે મૈ પાંચ દશ આદમી જમા કરકે તેરા ઘરકી નજક આઊં ઔર ગાલી દેકે બોલું કો "એ સબ મીજબાનકું નીકાલ, એ મેરા ગુનેગાર હૈ, નહિ તો મૈ માર ડાલુંગા." ઉસી બખ્ત તુમને મેરી સામને હથીઆર લેકે ઉસ્કી તરફસેં લડાઇ કરનેકું તૈયાર હોના એ બાતસેં સબ મીજબાન ડરકે મારે, ભાગ જાએંગે, કબી ન ભાગ જાવે તો તે તરફસેં વખ્તપર બંદુકકા ભડાકા બી કરના પડેગા. ભડાકા સુનકે પીછે તો એ સબ ભાગ જાએંગે મગર ઉસી બખ્ત બડી હુશીયારી રખના કબી ગોલી છુટ જાવે તો જાન જાનેકા સટ્ટા હૈ !

ફતેખાં—યે બાત તો મીજબાનકું નીકાલનેકી બહુત અછી હે, લેકીન બંદુકકી ગોલીકી બાત અછી નહિ હૈ.

જાલમખાં—તબ, ચલ, ચલેજા તેરે ઘરકું. જશ ખાલી પીલી કીસ તરેહસેં મીલે ? **"જશ તો જાન ગયે મીલે"** તેરેકું માલૂમ હે ?

ફતેખાંનો દૃઢ વિચાર મેમાનને કાઢી મુકવાનો હતો તેથી લાઇલાજે તેનું કહેવું કબુલ રાખ્યું, ને પોતાને ઘેર જતી વખત જાલમખાંને પાછળથી આવવાનું કહેતો ગયો.

ફતેખાંએ ઘેર આવી કમાડ બંધ કરીને મેમાનોને વાસ્તે હોકા ભરાવ્યા ને અગાઉના વખતની વાતો કરવા માંડી.

જાલમખાંએ બીજા પાંચ સાત આદમીને બોલાવ્યા, ઢાલ, તરવાર, અને બંદુક હાથમાં લઇ લીધી, જામગરી સળગતી રાખી ફતેખાંના ઘર આગળ તે માણુસો સહિત આવી હાકોટો કર્યો કે, " અરે હરામી લોક! આઇ જાઓ અબી મેદાનમેં! હમારા બડા નુકસાન કરકે ઘરમેં ઘુસ ગયા હો, તો તુમ સબ કયા સમજતે હો!! ચલો સતાબી કરો અરે ઓ ફતેખાં ફસકું સુનતા કયું નહિ? નીકાલ સબ લોકકું બહાર નીકાલ સબ લોકકું બહાર!!" પેલા બિચારા ગામડીયા લોકો તો ચોંકયા કે આતે કોને બહાર નીકળવાનું કહે છે ફતેખાંએ તેમને શાંત પાડી અંદરથી તાડુકો કર્યો કે " ઓ જાલમખાં જુલમી, તુમ કિસકું નિકાલનેકું બોલતે હો ?

જાલમખાં—તુમેરા મીજબાનકું! ઉન્હોને હમારા બડા ગુન્હા કયા હૈ!

ફતેખાં—કયા ગુન્હા કિયા હૈ?

જાલમખાં—મેરા બાવા ઇનુકા ગાંઉમેં નોકરથા ઉસી બખ્ત ઇનુને ઉન્કુ મારાથા.

ફતેખાંના પૂછવાથી પેલા ગામડીઓએ જાલમખાં સાંભળે તેમ જવાબ દીધો કે, " ના ભાઈસાહેબ, અમે તો કાંઇ જાણુતા નથી! તેમજ એમના બાપને પણુ દીઠા નથી! તો અમોએ તેમને માર્યા તો કયાંથી હોય!!!"

જાલમખાં—જબ તુમને નહિ તો તુમેરા ભાઇએ મારા હોગા!
ઓ સબ એકાએકજ હૈ કે દુસરા? યાદ રખો, મૈં અબી છોડનેવાલા નહિ! યહ હથીયારસેં માર મારકે ટુકડે ટુકડા કર ડાલુંગા.

ગામડીઆઓ ગભરાવા લાગ્યા, તે જોઇ ફતેખાંએ પેલા ગામડીઆઓને હિંમત આપી કે જાલમખાંનો શો ભાર છે? તમને હું બેઠો છું ત્યાં સુધી ઉની આંચ આવવા દેનાર નથી. એમ કહી તે પણુ ઢાલ, તરવાર, બંદુક લઇ લડવાને તૈયાર થયો.

આથી પટેલીઆઓને હિમ્મત આવી તથા તેઓ નિર્દોષ હતા, તેથી મનમાં એમજ હતું કે આતો કોઇકને બદલે કોઇકને વઢવા આવેલ જણાય છે. તેથી થોડીવારમાં ફતેખાં સમજાવી કાઢી મુકશે. આમ વિચારીને તેઓ નિર્ભયપણે બેસી રહ્યા.

ફતેખાં ખડકીનાં બારણાં ઉઘાડાં મૂકી વચમાં ઉભો ઉભો કહેવા લાગ્યો. "એ જાલમખાં જુલમી, હમેશ ઘરકી લાજ લેતા હૈ! એ સબ હમેશ ઘરકે મીજબાન હે. ઉન્હોકું મારનેકું આયા તે ઉનકી પેહેલા મૈં તુમેરી સાથ લડુંગા. મૈંભી સિપાઇ બચ્ચા હોં! લડનેમેં કુચ્છ કમતી નહિ હોં!"

જાલમખાંએ આ બોલવાની કાંઇ ગણત્રી કરી નહિ. તે જાણતો હતો કે "ઉને પાણીએ કાંઈ ઘર બળવાનું નથી!" પણ હજી ગામડીઆઓ ડગ્યા નહિ, માટે કાંઇ તડાકા ભડાકા તો બતાવ્યા વિના છૂટકો નથી એમ ધારીને બંદુક હાથમાં લીધી પાંચ દશ ગાળો પણ દીધી, અને "અબે ફતેખાં ઉસ્કું નીકાલત હય કે નહિ દેખ તેરીભી કમબખ્તી આઈ હૈ!" એમ કહી ખાલી બંદુકના બહાર કરવા માંડ્યા. આથી પટેલીઆઓને ચટપટી થઇ તે તુરત ઉભા થઈ નાશી જવાનો રસ્તો શોધવા મંડીપડ્યા. પણ વિચાર થયો કે ફતેખાં તેમની તરફથી જબરી લડત કરશે એની આશાથી મન ફર્યું ને જવાનું બંધ રાખ્યું. વળી સાંજ પડી જવા આવી હતી તેથી બીજે કંઇ જવું ગમતું પણ નહોતું. આવી રીતનું પટેલીઆઓનું નિડરપણું જોઇ ગોળી ભરી બંદુક તૈયાર કરી ફતેખાં ઉપર તકી (મનમાં તો ભીંત સામી નિશાની ટરી હવે પછી એવા હાલ બધાના કરવાની ચેતવણી આપવાનો હેતુ હતો.) તુરત તેનો બહાર કર્યો. ફતેખાંએ પ્રથમથી જાણ્યું હતુ કે ગોળી વાગવાની નથી. તેથી તેણે ખશી જવાની તજવીજ કરી નહિ. તે ગોળી છૂટી તે હાથપર વાગી, તેથી લોહી વેહેવા માંડ્યું. આ દેખાવ પટેલીઆએ જોયો કે પોતાના હાથ હેઠા પડયા. તે તુરત વંડી ઉપરથી ઠેકી ઠેકીને બીજે રસ્તેથી નાઠા તે નજીકના ગામમાં અંધારૂં થતાં પહોંચી ગયા.

ફતેખાંને વાગી જવાથી જાલમખાં દીલગીર થયો, પણ તેમનો લડાઇનો હેતુ જશનો જશ મેળવી પટેલીઆઓને ખવરાવ્યા વિના નસાડવાનો હતો તે પાર ઉતરેલો જોઇ સંતોષ થયો.

ફતેખાંએ તેના મિત્ર જાલમખાંને કહ્યું કે તુમ કહેતેથે કે, "જશનો જાન ગયે બોલે એ બાત સચ્ચ હૈ.

ફોકટનો જશ મેળવા ઇચ્છવું એના જેવી નાહાની બીજી થેડીજ હશે તે ખરેખરૂં કપટ છે, ને કોઇ રીતે ગુમ રહેતું નથી. આખરતો જાહેર થાય છે જ. તે વખત જશને બદલે જુતીઆં ખમવાં પડે છે, તેમજ કોઇ ફોકટમાં જશ લેવા જાય છે તો તેને અસત્ય, વિશ્વાસઘાત વગેરે નીચ પાપી કામો કરવાં પડે છે. ને છેવટ પોતાનો જાન પણ જોખમમાં ઉતારવો પડે છે; એમ બતાવવાનો આ વાતનો હેતુ છે, માટે તેવા પ્રપંચથી સદા દૂર રહેવું જરૂરનું છે.

ખળપુરૂષને પ્રથમ નમન કરવાનું કારણ.

अनुष्टुप्

दुर्जनं प्रथमं वंदे सज्जनं तदनन्तरम् ।
मुखप्रक्षालनात्पूर्वं गुदप्रक्षालनं यथा ॥ १ ॥

હું ખળ પુરૂષને પ્રથમ નમીને પછી સત્પુરૂષને નમું છું. કારણ કે (પ્રાતઃ કાળમાં) પ્રથમ ગુદાપ્રક્ષાલન—(ઝાડે જંગલ જવું તે) કર્યા પછી મુખ પ્રક્ષાલન (દાતણ વિગેરેથી મુખ સાફ કરવું તે) કરવામાં આવે છે. ૧

દુષ્ટના પાસથી સુજન પાસે કંટાળો.

वसन्ततिलका.

प्रायः स्वभावमलिनो महतां समीपे,
तिष्ठन् खलः प्रकुरुतेऽर्थिजनोपघातम् ,
शीतार्दितैस्सकललोकसुखावहोऽपि,
धूमे स्थिते न हि सुखेन निषेव्यतेऽग्निः ॥ १ ॥

સ્વભાવથી મલિન એવો ખળ પુરૂષ મહાપુરૂષોની સમીપ રહેતો હોયતો ઘણું કરીને તે ખળ પુરૂષની સમીપ આવતા અર્થિ જનોના નાશને કરે છે. ત્યાં દૃષ્ટાંત આપે છે કે અગ્નિ સમગ્ર લોકને સુખ આપનારો છે, તોપણ ધુમાડો હોય ત્યાંસુધી શીત (તાઢ) થી પીડા પામેલા મનુષ્યોથી સુખે કરીને સેવી શકાતો નથી. ૧

દુર્જન સંગી સુજન પાસે જવાનો ભય.

शिखरिणी.

उपानीतं दूरात्परिमलमुपाघ्राय मरुता,
समायासीदस्मिन्मधुरमधुलोभान्मधुकरः ।
परो दूरे लाभः कुपितफणिनश्चन्दनतरोः,
पुनर्जीवन्यायाद्यदि तदिह लाभोऽयमतुलः ॥ २ ॥

પવનથી આણેલા ચન્દન વૃક્ષના સુગન્ધને છેટેથી સુંઘીને મધુર એવા મધુ (મકરન્દ) ના લોભથી ભમરો આ ચન્દન વૃક્ષમાં ગયો. એટલે છેટે ઉભો હતો ત્યાં તેને મ્હોટો લાભ હતો પરંતુ હવે કોપાયમાન જેમાં સર્પ છે, એવા ચન્દનના વૃક્ષમાંથી જો ફરી જીવતો પાછો અહિં આવે તો આ અતુળ (ન તોળી શકાય) એવો લાભ છે એટલે દુર્જનથી આવૃત એવા સુજન પાસે જતાં વધારે ભય છે. ૨

દુષ્ટના અમૂલ્ય સંગીનો ત્યાગ.

शार्दूलविक्रीडित (૨ થી ૫)

सौवर्णः कमलाकरः शशिशिलासोपानबन्धक्रमो,
वारि क्षीरसहोदरंतटतरुश्रेणी सुखाः क्षोणयः ।
सर्वं ते रुचिरं सरोवर परं निन्द्यः कुतोऽयं विधिः,
कूटग्राहभयात्प्रयान्ति विमुखाः पान्था निदाघेऽप्यमी ॥ ३ ॥

હે સરોવર ! તારામાં રહેલો કમલોનો સમૂહ સુવર્ણ સમાન રંગવાળો છે. અને ચન્દ્રકાન્ત નામના મણિઓથી તારા તીરના પગથીયાંની સીડી બાંધેલી છે. તેમ ક્ષીર (દુધ) સમાન તારૂં પાણી છે. તથા કાંઠાના વૃક્ષોની પંક્તિથી સુખરૂપી એવી તારા કાંઠાની ભૂમિ છે એમ તારૂં સર્વ સુન્દર છે. છતાં તને આ નિન્દવા યોગ્ય (વિધિ) દૈવ ક્યાંથી પ્રાપ્ત થયું ? કે આ (ભયંકર) ઉષ્ણ ઋતુમાં પણ મુસાફર લોકો ગુપ્ત રહેલા ઝુંડાની બીકથી વિમુખ (આડું મુખ રાખનારા) થઇ ચાલ્યા જાય છે ? મતલબ કે સજ્જન પુરૂષો પાસે આવા ઝુડ જેવા દુર્જનો હોય તો તેની પાસે કોઇ અર્થી જન જતો નથી. ૩

બાવળની નિરૂપયોગી પ્રથા. *

गात्रं कण्टकसङ्कटं प्रविरलच्छाया न चायासहृत्,
निर्गन्धः कुसुमोत्करस्तव फलं न क्षुद्विनाशक्षमम् ।
बब्बूलद्रुम मूलमेति न जनस्तत्तावदास्तामहो,
ह्यन्येषामपि शाखिनां फलवतां गुप्त्यै वृतिर्जायसे ॥ ४ ॥

હે બાવળના વૃક્ષ ! તારૂં શરીર કાંટાના સંકટવાળું છે, તારી આછી છાયા મનુષ્યના થાકને હરણ કરી શકતી નથી, તારા ફુલનો સમૂહ સુગન્ધ રહિત છે. તેમ તારૂં ફળ મનુષ્યની ક્ષુધાને નાશ કરવામાં સમર્થ નથી એટલુંજ નહિ પણ ફળવાળાં બીજા વૃક્ષોને પણ ઢાંકી દેવા સારૂ તું વાડરૂપ થાય છે. એટલે તેમાંથી પણ ફળ બીજાને લેવા દેતો નથી, આવા તારા નિરૂપયોગી લક્ષણથી મનુષ્ય તારાથી બીએ છે. ૪

કુસંગ માટે ભ્રમરને ઉપાલંભ.

किं कापि मलयानलैर्विटपिनो निर्दह्य भस्मीकृताः,
किं वा दैवगजेन पङ्कजवनं निष्कन्दमुन्मूलितम् ।

---

* બાવળ એ કેવળ નિરૂપયોગી વસ્તુ નથી, પરંતુ દુર્ગુણીના ચોક્કસ લક્ષણો ત્રાસનું કારણ છે તે ઘટાવવાને આવા દૃષ્ટાંતો આપવામાં આવે છે. કર્તા.

किं वा हन्त कृतान्तकेसरिभयात्त्यक्तो मदः कुञ्जरै,
र्येनास्मिन्विरसे करीरकुसुमे हा भृङ्ग ? विश्राम्यसि ॥ ५ ॥

હે. ભમરા ? પ્રલયના અગ્નિથી શું વૃક્ષો બળીને ભસ્મીભૂત થઇ ગયા છે ? શું ઇંદ્રના હાથીએ કન્દ સહિત કમલનું વન મૂળમાંથી ઉખેડી નાખ્યું છે ? અથવા શું કાળરૂપી સિંહના ભયથી હાથીઓએ પોતાના ગંડસ્થલમાં રહેલ મદનો ત્યાગ કર્યો છે ? કે જેથી તું આ રસહીન કેરડાના પુષ્પમાં વિશ્રાન્તિ કરી રહ્યો છે ? મતલબ કે ભમરાના વસવાના ત્રણ ઉચ્ચ સ્થાનકો (વૃક્ષો, કમળો અને હાથીનો મદ) હોવા છતાં તેને નીરસ કેરડાના વૃક્ષમાં રહેલો જોઇ આ પ્રશ્ન છે. ૫

दम्भदोष.

બાહ્યાડંબર.

બગલાનો દંભ.

अनुष्टुप् (૧ થી ૨)

पश्य लक्ष्मण पंपायां, बकः परमधार्मिकः ।
शनैश्च मुञ्चते पादौ, जीवानामनुकम्पया ॥ १ ॥

શ્રી રામચંદ્રજી લક્ષ્મણજીને કહે છે કે—હે લક્ષ્મણ ! પંપાનામના તળાવમાં પરમ ધાર્મિક એવો આ બગલો જીવો ઉપર દયાની ખાતર ધીમે ધીમે પગ મૂકી રહ્યો છે એ જો. કેમકે તેના દંભી વર્ત્તનને ઉત્તમ પુરૂષો જાણી શકતા નથી. ૧

મત્સ્યનો ખુલાસો.

सहवास्येव जानाति सहवासिविचेष्टितम् ।
प्रशस्यते च रामेण, तेनाहं नकुलीकृतः ॥ २ ॥

સહવાસીની ચેષ્ટાને સહવાસી જ જાણે છે. રામચન્દ્રજી બગલાના સહવાસી નથી તેથીજ બગલાની પ્રશંસા કરી રહ્યા છે. કેમકે તે નથી જાણતા કે એ કુળહીન કરાણો છે, અર્થાત્ આ બગલાએ મારા આખા કુળનું નિકન્દન કરી નાંખ્યું છે. ૨

દંભીનાં લક્ષણો.

आर्या. (૩ થી ૨૨)

निर्गुणलोकप्रणतः, सगुणे स्तब्धः स्वबन्धुषु द्वेषी ।
परजनकरुणाबन्धुः, कीर्त्यर्थी दाम्भिको धूर्तः ॥ ३ ॥

જે ગુણહીન એવા લોકને પ્રણામ કરે છે. ગુણવાન્ પુરૂષને દેખી અક્કડ રહે છે. પોતાના બન્ધુઓનો દ્વેષ કરે છે અને બીજા મનુષ્યોમાં દયાથી બન્ધુભાવ ધારણ કરે છે. તેવા કીર્તિના અર્થવાળા લક્ષણી ધૂર્ત પુરૂષને દંભી જાણવો. ૩ *

સ્વાર્થસાધક દંભીઓ.

कार्योपयोगकाले प्रणतशिराश्चाटुशतवचनकारी ।
सभ्रूभङ्गो मौनी, कृतकार्यो दाम्भिकः क्रूरः ॥ ४ ॥

દંભીપુરૂષ કાર્યના હેતુથી (ગરજે) મસ્તક નમાવનાર તથા સેંકડો ચાટુ (મીઠાં) વચનને બોલનાર થાય છે. અને કાર્ય સિદ્ધ થયા પછી ભ્રૂકુટી વાંકી કરી મૌનવ્રત ધારણ કરનાર અને ક્રૂર (નિર્દય) થઇ જાય છે. ૪

દંભી દૈત્ય.

स्तम्भितविबुधसमृद्धिर्दैत्यो योऽभूत् पुरा जम्भः ।
दम्भः सोऽयं निवसति भूमितले भूतदेहेषु ॥ ५ ॥

દેવતાઓની સમૃદ્ધિને રોકનાર એવો " જંભ " નામનો દૈત્ય જે પહેલાં થયો હતો. તે આ દંભરૂપે થઇ ભૂતલમાં ભૂત-પ્રાણી માત્રના શરીરોમાં નિવાસ કરી રહ્યો છે. ૫

દંભી ક્રિયા ઉપર નિસ્પૃહતાનું સામ્રાજ્ય.

शुचिदम्भः शमदम्भः स्नातकदम्भः समाधिदम्भश्च ।
निःस्पृहदम्भस्य तुलां यान्ति तु नैते शतांशेन ॥ ६ ॥

પવિત્રતાના દંભને રાખનારો, શમ (ઇન્દ્રિય નિગ્રહપણા) ના દંભને રાખનાર સ્નાતક (વિદ્યાસ્નાતક, વ્રતસ્નાતક અને વિદ્યાવ્રતસ્નાતક) આમ ત્રણ પ્રકારના સ્નાતકના અભિમાનને ધારણ કરનારો અને સમાધિ (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આમ અષ્ટાંગ યોગ) ને જાણું છું, એમ દંભ રાખનારો આ ચાર પ્રકારના દંભીઓ નિસ્પૃહી દંભી પુરૂષની સ્પર્ધામાં પણ ટકી શકે તેમ નથી. એટલે નિસ્પૃહતાનો દંભી સર્વોપરિ છે. ૬

શૌચનાં દંભ.

शौचाचारविवादी मृत्क्षयकारी स्वबान्धवस्पर्शी ।
शुचिदम्भेन जनोऽयम् विश्वामित्रत्वमायाति ॥ ७ ॥

* ૩ થી ૨૧ કાવ્યમાલા પ્રથમ ગુચ્છક.

શોચના આચારનો વાદ કરવાવાળો એટલે મૃત્તિકાનો ક્ષય કરનારો અને પોતાના બાન્ધવોને જ સ્પર્શ કરનારો મનુષ્ય પવિત્રપણાના દંભથી જગતના શત્રુભાવને પામે છે. ૭

અહિંસા વ્રતનો દંભ

संहृतबहुविधसत्वो, निःक्षेपद्रविणवारिबहुतृष्णः ।
सततमहिंसादम्भो वडवाग्निः सर्वभक्षोऽयम् ॥ ८ ॥

ઘણાં પ્રાણીઓનો સંહાર કરનાર અને બીજાની થાપણના ધન રૂપી પાણીમાં ઘણી તૃષ્ણા રાખનાર એ સમુદ્રમાં રહેલા વડવાનલ નામના અગ્નિની માફક સર્વનું ભક્ષણ કરનારો મનુષ્ય છે તેથી તેને અહિંસા વ્રતના દંભને રાખનારો જાણવો. ૮

દંભની લીલા.

मुण्डो जटिलो नग्नश्छत्री दण्डी कषायचीरी वा ।
भस्मस्मेरशरीरो दिशि दिशि भोगी विजृंभते दम्भः ॥ ९ ॥

કોઇ—માથું મુંડાવનાર તો કોઈ જટા રાખનાર કોઇ નગ્ન (નાગોતો) કોઇ મસ્તક ઉપર છત્ર રાખવાવાળો, કોઇ દંડને ધારણ કરનારો, કોઇ ભસ્મ (રાખ) થી ધોળા શરીર વાળો એવો દેહ ધારી (એટલે પાખંડી રૂપે થયેલો) દંભ જગત્માં આનન્દ કરી રહ્યો છે. ૯

દંભીના આડંબર.

खल्वाटः स्थूलवपुः शुष्कतनुर्मुनिसमानरूपो वा ।
शाटकवेष्टितशीर्षश्चैत्योन्नतशिखरवेष्टनो वापि ॥ १० ॥

કોઇ માથે ટાલવાળો, તો કોઇ સ્થૂળ શરીરવાળો, કોઈ શુષ્ક (સુકાયેલ) શરીરવાળો, તો કોઇ મુનિના સમાન રૂપને ધારણ કરનારો કોઇ રેશમી વસ્ત્રથી મસ્તકને બાંધનારો તો કોઇ મન્દિરના ઉંચા શિખર સમાન જટાના કેશને બાંધનારો, આમ અનેકરૂપે દંભી પુરૂષે જગતને પોતાના દંભની જાલમાં ગ્રહણ કરેલ છે ૧૦

દંભનું કુટુંબ.

लोभः पितातिवृद्धो जननी माया सहोदरः कूटः ।
कुटिला कृतिश्च गृहिणी पुत्रो दम्भस्य हुंकारः ॥ ११ ॥

અત્યન્ત વૃદ્ધ (વૃદ્ધિ પામેલ) લોભ દંભનો પિતા છે. માયા (કપટ) માતા છે. કૂટ (અસત્ય ભાષણ) સહોદર (સગો) બન્ધુ (ભાઈ) છે. અને કુટિલ એવી જે કૃતિ (કામ) તે સ્ત્રી છે અને માન (હુંકાર કરીને જવાબ આપવો) તે પુત્ર છે. અર્થાત્ આ સર્વ દંભના કુટુંબ છે. ૧૧

શરીર ચેષ્ટાથી દંભીનો જોવાતો હાર્દ.

नयनाञ्चलैः सकोपैर्भ्रूकुटिहुंकारवदनसंज्ञाभिः ।
बहुविधकदर्थनाभिः, कथिताखिलहृदयवाञ्छितो मौनी ॥ १२ ॥

દંભી પુરૂષ મૌન રાખીને પણ કોપ રહિત એવા નેત્રના ઇસારાથી ભ્રૂકુટી ચડાવી હુંકારવાળા મુખની સંજ્ઞાઓથી અને ઘણા પ્રકારની કુત્સિત ચેષ્ટાઓથી પોતાના હૃદયનું તમામ ઇચ્છિત દર્શાવી આપે છે. ૧૨

પવિત્ર બ્રહ્મલોકમાં દંભની દરખાસ્ત.

रक्षन्परसंस्पर्शं शौचार्थी ब्रह्मलोकेऽपि ।
दम्भः पुरोऽस्य तस्थावुत्थित एवासनाकाङ्क्षी ॥ १३ ॥

બ્રહ્મલોકમાં પણ બીજાથી સ્પર્શ (અડકવા) ને બચાવતો એટલે સંકુચિત વસ્ત્ર કરી ચાલતો શૌચનો જેને હેતુ છે, એવો દંભ આ બ્રહ્માજીની આગળ આસનની ઇચ્છા રાખીનેજ ઉઠીને ઉભો રહ્યો એટલે પવિત્ર બ્રહ્મલોકમાં પણ પોતાનું અતિ પવિત્રપણું બતાવતો ઉભો રહ્યો કે આ બધા સ્થાનકો અપવિત્ર છે જેથી મને પવિત્ર સ્થાનક આપો. ૧૩

બ્રહ્માનો ઉત્તર.

उपविश पुत्र ममाङ्के नियमेन महीयसातिचित्रेण ।
अर्होसि गुणगणोद्भूतगौरवसंवादिनानेन ॥ १४ ॥

હે પુત્ર ! દંભ ! મારા ખોળામાં નિયમથી તું બેસ કારણકે ગુણના સમૂહની મોટાઇને કહેનાર એવા આ (તારા) અતીવ મોટા ચારિત્રથી તું (મારા ખોળાના આસનને) લાયક છો. ૧૪

દંભનું વર્તન.

इत्युक्तो विश्वसृजा तस्यांकमशंकया ससंकोचः ।
अभ्युक्ष्य वारिमुष्ट्या कृच्छ्रेणोपाविशद्दंभः ॥ १५ ॥

બ્રહ્માજીથી આ પ્રમાણે કહેવાયલા દંભે સંકોચની સાથે હાથમાં પાણી લઇ તે બ્રહ્માજીના ખોળાનાં છાંટયું. અને (એમ પવિત્ર કરી) પછી શંકા છોડીને કષ્ટથી તેમાં બેઠો. ૧૫

દંભની નવી દરખાસ્ત.

नोच्चैर्वाच्यमवश्यं यदि वाच्यं हस्तपद्मेन ।
आच्छाद्य वक्त्ररन्ध्रं स्पृष्टो न स्यां यथास्य वातांशैः ॥ १६ ॥

તમારે અવશ્ય ઉંચે સ્વરેથી ન બોલવું. અને જો બોલવું પડેતો પ્રથમ તો હાથ રૂપી કમલથી મુખના છિદ્રને ઢાંકીને બોલવું. કે જેથી મુખના પવનના અંશ રૂપ થુંકના છાંટાથી હું અહિં સ્પર્શિત ન થાઉં. એટલે મને તમારા થુંકના છાંટા ન ઉડે. ૧૬

દંભની જગતમાં મુસાફરી.

अथ मर्त्यलोकमेत्य भ्रान्त्वा दम्भो वनानि नगराणि ।
विनिवेश्य गौडविषये निजजयकेतुं जगाम दिशः ॥१७॥

હવે (સ્વર્ગથી) દંભ મનુષ્ય લોકમાં આવીને વનો તથા નગરોમાં ભ્રમણ કરીને ગૌડ દેશ*માં પોતાના વિજયની ધ્વજાને ચડાવીને પછી અન્ય દિશાનો વિજય કરવા ચાલ્યો. ૧૭

દંભનો નિવાસ.

तदनु च गणकचिकित्सकसेवकवणिजां सहेमकाराणाम् ।
नटभटगायकवाचकचक्रिचराणां च हृदयानि ॥ १८ ॥

ત્યારપછી દંભે જોશી, વૈદ્ય, નોકર, વાણીઆ, સોની, નટ, (નાચકરનારા,) લડવૈયા, ગવૈયા, કથાવાંચનારા, અને ચક્રવર્તિ રાજાઓના ગુપ્ત અનુચરોના હૃદયમાં પ્રવેશ કર્યો. ૧૮

દંભનો પક્ષીઓમાં પ્રવેશ.

मत्स्यार्थी चरति तपः सुचिरं निःस्पंद एकपादेन ।
तीर्थेषु बकतपस्वी तेन विहंगान्गतो दम्भः ॥ १९ ॥

માછલાના અર્થવાળો તોપણ ઘણા વખત સુધી એક પગે સ્થિર રહ્યો ને તપસ્વી એવો બગલો તીર્થોમાં તપ કરી રહ્યો છે, તેથી (તે બગલા માર્ફત) દંભ પક્ષિઓમાં પેઠો. ૧૯

વૃક્ષમાં રહેલો દંભ.

विपुलजटावल्कलिनः शीतातपवातकर्शिताः सततम् ।
वृक्षा जलार्थिनो यद्दम्भस्य विजृम्भितं तदपि ॥ २० ॥

મોટી જટા અને વલ્કલ (છાલ) ને ધારણ કરવાવાળાં તેમ હમેશાં તાઢ તથા તડકાથી દુર્બળ થયેલાં (એટલે ઉપરથી તપસ્વીના સમાન વેશ તથા તપ કરવાવાળાં) વૃક્ષો જળની ઇચ્છા રાખીને ઉભાં છે તે પણ દંભનું પ્રકટ સ્વરૂપ છે. ૨૦

* ગૌડ દેશમાં દંભી પુરૂષો વધારે છે એમ કવિનો અભિપ્રાય છે.

દંભનો પ્રભાવ.

दम्भविकारः पुरतो, वञ्चकचक्रस्य कल्पवृक्षोऽयम् ।
वामनदम्भेन पुरा, हरिणा त्रैलोक्यमाक्रान्तम् ॥ २१ ॥

શઠ લોકોને દંભનો વિકાર કલ્પવૃક્ષ સમાન છે. કારણ કે પહેલાં ભગવાને વામન રૂપનો દંભ કરીને આખું ત્રૈલોક્ય (બલિરાજાનું રાજ્ય) લઈ દબાવી દીધું હતું. ૨૧

વ્રતદંભનું સામ્રાજ્ય.

शमदमभक्तिविहीनस्तीव्रव्रतदुर्ग्रहग्रस्तः ।
अभिभवति मतिपरया साधुजनं कीर्तिचौरोऽसौ ॥ २२ ॥

શમ (ઇન્દ્રિયનિગ્રહ) દમ (મનોનિગ્રહ) અને ભક્તિથી હીન છતાં પણ તીવ્ર એવાં વ્રતોરૂપી દુષ્ટ ગ્રહોથી ગળાયેલો એટલે અન્તઃકરણમાં શમ, દમ, ભક્તિ નથી તો પણ દંભ બતાવવા સારૂ અનેક ઉપવાસાદિ વ્રતને કરવાવાળો એટલે કીર્તિનો ચોર અર્થાત્ કે આમ ઉપવાસાદિ વ્રત કરૂં તો લોકો મને ધર્મિષ્ઠ કહે, એવી કીર્તિની અભિલાષા ખાતર ઉપવાસાદિ વ્રતને કરનારો દંભી પુરૂષ સજ્જન પુરૂષને વિશ્વાસ પેદા કરી તેનો પરાભવ કરે છે. ૨૨

ધૂર્તના ત્રણ લક્ષણ.

अनुष्टुप्. (૧-૨)

मुखं पद्मदलाकारं, वाचा चन्दनशीतला ।
हृदयं कर्तरीतुल्यं, त्रिविधं धूर्तलक्षणम् ॥ १ ॥

મુખ પદ્મ (કમલ) ના દલ સરખું છે. અને વચન ચન્દનસમાન શીતલ (ઠંડું) છે, પરંતુ હૃદય તો કાતર તુલ્ય છે એટલે આ ત્રણ ધૂર્ત (ધૂતારા) મનુષ્યનાં લક્ષણો છે.

ધૂર્તનાં બીજાં લક્ષણ.

धृष्टो दुष्टोऽपि पापिष्टो, निर्लज्जो निर्दयः कुधीः ।
निश्शङ्को यो भवेत्क्रूरः, एतद्धूर्तस्य लक्षणम् ॥ २ ॥

દંભીપુરૂષ બીજાનો પરાભવ કરનાર, દુષ્ટ, પાપી, લજ્જાહીન, દયારહિત, કુત્સિત ધ્યાન કરનારો (કુબુદ્ધિવાળો) અને ક્રૂર હોય છે છતાં પણ તે માટે તે શંકા રહિત હોય છે એટલે આ કહેલા દુર્ગુણો પોતામાં છે છતાં તે પોતામાં નથી એમ બીજાને બતાવવા સારૂ શંકારહિત થઇ વિચરે છે. ૨

મંત્ર દંભી યોગી.

आर्या. (૩ થી ૭)

वेश्याकर्षणयोगी पथि पथि रक्षां ददाति नारीणाम् ।
रतिकामतन्त्रमूलं मूलं मंत्रं न जानाति ॥ ३ ॥

વશીકરણ તથા આકર્ષણ કરવા સારૂ જેણે યોગ ધાર્યો છે. એવો દંભીપુરૂષ સ્થળે સ્થળે સ્ત્રીઓને રક્ષા (રાખ) ની ચપટી આપી રહ્યો છે એટલે આ રક્ષાથી તને પુત્ર, ધન વિગેરેની પ્રાપ્તિ થશે, તારો પતિ તને આધીન થશે ઇત્યાદિ કહે છે. જ્યારે “ રતિ કામતંત્ર ” વાત્સ્યાયન શાસ્ત્રના મૂલ મંત્રને પણ જાણતો નથી છતાં યોગમાર્ગનો દંભ કરી રહ્યો. છે ૩ *

વિષયી ગુરૂઓ.

बहवो रथ्यागुरवो, लघुदीक्षाः स्वल्पयोगमुत्पाद्य ।
व्याधा इव वर्धन्ते, मुग्धानां द्रविणदारहराः ॥ ४ ॥

કેટલાક શેરી શેરીના ગુરૂ થયેલા (પામરો) હલકી દીક્ષા લઇ થોડા યોગને ઉત્પન્ન કરી, પારાધીઓની માફક અજ્ઞાની લોકોનાં ધન તથા સ્ત્રીઓનું હરણ કરનારા થઇને વધી રહ્યા છે. એટલે પોતા ઉપર વિશ્વાસુ બનેલાને ચેલા કરી તેઓની સંપત્તિ તથા સ્ત્રીઓને પણ ભોગવે છે. ૪

સામુદ્રિક શાસ્ત્રનો દંભ રાખનાર દુર્જનો.

हस्तस्था धनरेखा विपुलतरास्याः पतिश्च चलचित्तः ।
मृद्नाति कुलवधूनामित्युक्त्वा कमलकोमलं पाणिं ॥ ५ ॥

સામુદ્રિક શાસ્ત્રનો દંભ દર્શાવી કહે છે કે—આ સ્ત્રીના હાથમાં રહેલી રેખા ઘણીજ વિશાળ છે. પરંતુ આનો ધણી ચલચિત્ત (ચલાયમાન ચિત્ત) વાળો છે, એટલે બીજી સ્ત્રીઓમાં પ્રીતિ વાળો છે. એટલે આ સ્ત્રી ઉપર તેના ધણીનો પ્રેમ નથી એમ કહીને દંભી પુરૂષ કુલવતી સ્ત્રીઓના કમલ સમાન કોમલ હાથનું મર્દન કરે છે. ૫

દંભી પ્રપંચથી સર્વ કોઇને ઠગી શકે છે.

अभिनवसेवकविनयैः, प्राघूर्णोक्तिभिर्विलासिनोरुदितैः ।
धूर्तजनवचननिकरैरिह कश्चिदवञ्चितो नास्ति ॥ ७ ॥

* ૩ થી ૬ કાવ્યમાળા પ્રથમ ગુચ્છક.

સેવક (નોકર) ના વિવિધ વિનયોથી. નવિન આવેલા પરોણા (મેમાન) ના ભાષણોથી વિલાસિની (કામિની) સ્ત્રીઓના રૂદનથી, અને ધૂર્ત જનોના વચનના સમૂહોથી અહિં કોઇ પણ પુરૂષ ન છેતરાતો હોય તેમ નથી અર્થાત્ ઉપરના પ્રપંચો સર્વ જન સમૂહને છેતરે છે. ૭

ચાડીયો મનુષ્ય વિષધર કરતાં પણ વિષમ છે.

आर्या.

विषधरतोऽप्यतिविषमः, खल इति न मृषा वदन्ति विद्वांसः ।
यदयं नकुलद्वेषी, सकुलद्वेषी पुनः पिशुनः ॥ १ ॥×

ખળ પુરૂષ વિષધર (સર્પ) કરતાં પણ અતિ વિષમ (દુઃખ દાયક) છે, આ પ્રમાણે વિદ્વાનો કહે છે તે વાત સત્ય જણાય છે. કારણ કે સર્પ તે" **नकुल**" નોળીયના દ્વેષને કરનારો છે અને ચાડીયો (નીચ) પુરૂષ " **सकुल**" કુળવાન્ મનુષ્યોનો દ્વેષ કરે છે. એટલે નકુળનો દ્વેષ કરનાર કરતાં સકુળનો દ્વેષ કરનાર અતિ વિષમ છે આ વિદ્વાનોનું કથન સત્ય છે. ૧

ઘૂવડ અને ચાડીયાનું સમાનપણું.

दोषालोकननिपुणाः पुरुषगिरो दुर्जनाश्च घूकाश्च ।
दर्शनमपि भयजननं येषामनिमित्तपिशुनानाम् ॥ २ ॥

બીજાના દોષને જોવામાં ચતુર (ઘુવડ પક્ષે રાત્રિયે જોવામાં નિપુણ) કઠોર વાણીવાળા (એટલે ઘુવડની વાણી પણ કઠોર હોય છે) આવા પ્રકારના દુર્જન લોકો અને ઘુવડ નામનાં પક્ષીઓ છે. કારણ કે નિષ્પ્રયોજન બીજાનું ભુંડું સૂચવવાવાળા ઘુડ તથા દુર્જન લોકોનું દર્શન પણ ભયને ઉત્પન્ન કરનાર છે. એટલે દુર્જનને જોઇને મનુષ્યને ભયની પ્રાપ્તિ થાય છે તેમ ઘુડને દેખીને પણ અનિષ્ટ ફળની ધાસ્તીથી મનુષ્ય ડરે છે. ૨

ચાડીયાની ચાલણીની સાથે સમાનતા.

स्वमपि भूरिच्छिद्रश्चापलमपि सर्वतो मुखं तन्वन् ।
तितउस्तुल्यः पिशुनो, दोषस्य विवेचनेऽधिकृतः ॥ ३ ॥

જેમ પોતે ઘણા કાણાવાળી છતાં પોતાના ચપળ મુખને ચોતરફ ફેરવતી ચાલણી ફોતરાનો વિભાગ કરવામાં અધિકારને પામી છે તેમ પોતે ઘણા છિદ્ર (લાં-

× થી ૧૧ સુભાષિત રત્નભાંડાગાર.

છન—દૂષણ) વાળો હોય તો પણ સર્વ ઠેકાણે પોતાના ચપલતાયુક્ત મ્હોઢાને ફેરવતો એવો ચાડીયો મનુષ્ય જગતના દોષના વિવેચન કરવામાં પામેલો છે. ૩

નીચનું ઓસડ નીચ.

पिशुनः खलु सुजनानां खलमेव पुरो निधाय जेतव्यः ।
कृत्वाज्वर मात्मीयं, जिगाय बाणं रणे विष्णुः ॥ ४ ॥

જેમ વિષ્ણુ ભગવાને પોતાના (તાઢીયા) તાવને આગળ કરીને રણસંગ્રામમાં બાણાસુરને જીત્યો હતો તેમ સજ્જન પુરૂષોએ જો ચાડીયા (નીચ) પુરૂષને જીતવો હોય તો તેના સમાન નીચ પુરૂષનેજ આગળ કરીને જીતવો. ૪

ચાડીયાની જીભનો કાળી નાગણી સાથે સરખામણી.

वदने विनिवेशिता भुजङ्गी, पिशुनानां रसनामिषेण धात्रा ।
अनया कथमन्यथा विलीढा नहि जीवन्ति जना मनागमन्त्राः ॥५॥

બ્રહ્માજીએ ખળ પુરૂષના મુખમાં જીભના નિમિત્તથી નાગેણ મેલી છે (જે જીભ છે તે સર્પિણીના જેવું કામ કરે છે) એટલે કે જેમ નાગેણ મનુષ્યોને કરડે છે અને મંત્ર ભણનારા પુરૂષો પોતાનો બચાવ કરનારા ન મળી શકે અર્થાત્ પોતે મંત્ર રહિત થાય તો અવશ્ય પોતાનું મરણ થાય છે. તેમ જીભરૂપી સર્પિણી જેઓને કરડે છે, તેઓ જો મંત્ર રહિત થાય અર્થાત્ વિચાર કર્યા વિના ચાલે) તો અવશ્ય મરણને શરણ થાય છે. ૫

સજ્જન તથા ચાડીયાની જીભમાં તફાવત.

पुष्पिताग्रा.

प्रकटमपि न संवृणोति दोषं गुणलवलंपट एष साधुवर्गः ।
अतिपुरुषरुषां विनापि दोषैः, पिशुनशुनां रुषतां प्रयाति कालः ॥ ६ ॥

ક્ષણ માત્ર પણ ગુણમાં આસક્ત એવો સાધુ પુરૂષોનો સમૂહ બીજાનો દોષ પ્રકટ દેખાતો હોય તો પણ તેને ઢાંકે છે ત્યારે ચાડીયા મનુષ્યો અન્યના દોષ વિના પણ અત્યન્ત કઠોર રોષવાળાં વચનોથી બરાડા પાડતાં (કુતરાના પક્ષમાં ભસતાં) જાય છે. ૬

ચાડીયો મનુષ્ય અતિદુષ્કર કામ પણ કરી શકે છે.

द्रुतविलम्बित.

क पिशुनस्य गतिः प्रतिहन्यते दशति दृष्टमपि श्रुतमप्यसौ ।
अतिसुदुष्करमभ्यतिरिक्तदृक् श्रुतिभिरप्यथ दृष्टिविषैरिदम् ॥ ७ ॥

ચાડીયો (નીચ પુરૂષ) ની ગતિ કોઇ ઠેકાણે શું કહેવાય છે ? નહીંજ કારણ કે હલકી દૃષ્ટિવાળો પુરૂષ, પોતાને (સાધવામાં) બહુ શ્રમ પડે તેવું કાર્ય હોય, તો પણ ઝેરી નજરથી જોયેલું કે પોતાના (ઝેરી) કાનથી સાંભળેલું જે (મનુષ્ય કે કાર્ય) હોય તેનો દંશીને (અવળું બોલીને) નાશ કરે છે. ૭

શું ચાડીયાઓની જીભ ગુણના રસને જાણી શકતી હશે?

शिखरिणी.

अभूदम्भोराशेः सहवसतिरासीत्कमलया,
गुणानामाधारो नयनफलमिन्दुः प्रथयति ।
कथं सिंहीसूनुस्तमपि तुदति प्रौढदशनै—
र्गुणानामास्वादं, पिशुनरसना किं रसयति ॥ ९ ॥

ચન્દ્રમા: કે જે સમુદ્રમાંથી ઉત્પન્ન થયો છે. અને ત્યાં લક્ષ્મીજીની સાથે (બેન ભાઇ હોવાથી) રહેતો એવો ગુણોના આધારરૂપી હોવાથી (શાન્તિ આપી) નેત્રના ફલને આપે છે એવા સુજન ચન્દ્રમાને પણ દાંતોથી રાહુ શા વાસ્તે દુઃખ આપતો હશે ? એટલે જેમ ચાડીયા (નીચ પુરૂષ) ની જીભ ગુણોના સ્વાદને જાણી શકતી નથી, તેમ રાહુનો હેતુ સમજી શકતો નથી. ૯

દોષ શોધક દુર્જનો.

मन्दाक्रान्ता.

जिह्मोलोकः कथयति पुरा हन्त हित्वा गुणौघा—
नम्भः क्षारं गुणगणनिधेस्तस्य रत्नाकरस्य ।
विश्वे छिद्रानुसरणसमारूढसर्वेन्द्रियाणां,
दोषे दृष्टिः पिशुनमनसां नानुरागो गुणेषु ॥ १० ॥

કપટી લોક ગુણના ભંડારરૂપ રત્નાકર (સમુદ્ર) ના ગુણોને તજીને રત્નાકરનું પાણી ખારૂં કર્યું છે, એમ (દોષ બતાવી) બબડ્યા કરે છે; કારણ કે જગત્‌માં દોષ શોધવામાં આરૂઢ ઇંદ્રિયોવાળા, તથા ચાડીયા મનવાળા એવા દુષ્ટ પુરૂષોની દૃષ્ટિ દોષ જોવામાં રહે છે, પણ તેમની ગુણો ઉપર પ્રીતિ થતી નથી. ૧૦

ચાડીયાની જીભમાં કસ્તુરીની કિંમત.

शार्दूलविक्रीडित.

धातस्तात तवैव दूषणमिदं यन्नाम कस्तूरिका,
कान्तारान्तरवारिणां तृणभुजां यन्नाभिमूले कृता ।

यद्येवं पिशुनस्य हन्त रसनामूलेऽकरिष्यस्तदा,
प्रायासेन विना भविष्यदतुला कीर्तिश्च निर्दोषता ॥ ११ ॥

હે દેવ ! વનની અંદર ચાલનારાં, ખડ ખાનારાં એવાં મૃગલાઓના નાભિદેશમાં જે તેં કસ્તૂરી ઉત્પન્ન કરી છે, તેમાં ખરેખર તારોજ દોષ છે, કારણ કે ખળ પુરૂષની જીભ ઉપર જો તે કસ્તૂરી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો તારી દોષ રહિત અગણિત (પુષ્કળ) કીર્તિ મહાન્ શ્રમ વિના પ્રસિદ્ધિ પામત. ૧૧

ચાડીયાને શિક્ષા.

× એક દિવસ બાદશાહે બિરબલને પુછયું કે " બીરબલ ચાડી કરનારને શું શિક્ષા કરવી યોગ્ય છે ? " બિરબલે પોતાની ચાડી કરનારાઓનો ઘાટ ઘડવાનો દાવ આવ્યો જાણી બોલ્યો કે " ગરીબ પરવર ! ચાડી કરનારને તેના કાનચ્છેદ કરવાની શિક્ષા યોગ્ય છે ! આ સાંભળી શાહ બોલ્યો કે " ખરોખર તે ચાડી કરનારાઓ કાનમા આવી પારકી આડી અવળી વાતો ભરાવે છે, તેમ તેઓ ખોટી નપગી ગપ સાંભળી બીજાનું અનિષ્ટ કરવા ધારે છે, માટે કાનચ્છેદ કરવામાં આવે તો બેશક ચાડીયા ચાડી કરતા અટકે એમાં જરા શક નથી, એમ કહી પાદશાહ બીરબલની યુક્તિના વખાણ કરવા લાગ્યા.

कृतघ्ननिन्दा.

(સુખકાર ઉપર અપકાર.)

નીચ પુરૂષને જે ડાળે બેસે તેનેજ કાપે.

अनुष्टुप् (૧ થી ૧૧)

यथा गजपतिश्श्रान्तश्छायार्थी वृक्षमाश्रितः ।
विश्रम्य तं द्रुमं हन्ति, तथा नीच स्वमाश्रयम् ॥ १ ॥

જેમ હાથી છાયામાટે વૃક્ષનો આશ્રય કરી વિશ્રાન્તિ થયા બાદ તે વૃક્ષને હણી નાખે છે તેમ નીચ પુરૂષ પોતાના આશ્રય સ્થાનને (કાર્ય સિદ્ધ થયા પછી) હણી નાખે છે. ૧

પૃથ્વીનો ફરીયાદ.

न हि मे पर्वता भारा न मे भाराश्च सागराः ।
कृतघ्नाश्च महाभारा भारा विश्वाघातकाः ॥ २ ॥

પૃથ્વી કહે છે કે મને પર્વતનો ભાર નથી સમુદ્રોનો ભાર નથી પરતું જે પુરૂષો કૃતઘ્ન, (કર્યો ઉપકારનો નાશ કરવા વાળા અર્થાત્ ઉપકારી મનુષ્યનો અપ

× બીરબલ બાદશાહ.

કાર કરવાવાળા) તેનો મહાભાર લાગે છે તેમ વિશ્વાસઘાત કરનારા મનુષ્યોનો અતિભાર લાગે છે. ૨

દુષ્ટને કરેલો ઉપકાર અપકારજ થાય છે.

उपकारोऽपि नीचानामपकारो हि जायते ।
पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ॥ ३ ॥

જેમ સર્પને દૂધ પીવરાવવું તે કેવળ વિષની વૃદ્ધિ કરનારૂં છે. તેમ ખળ પુરૂષોને કરેલ ઉપકાર (ઉલટો) અપકાર રૂપે (દ્રોહરૂપે) ગણાય છે. ૩

કેશ તથા કુપુરૂષો વક્રતા છોડતા નથી.

अलकाश्च खलाश्चैव मूर्धभिः सुजनैर्धृताः ।
उपर्युपरि संस्कारेऽप्याविष्कुर्वन्ति वक्रताम् ॥ ४ ॥

કેશ તથા ખલ પુરૂષોને સુજન લોકો પોતાના માથા ઉપર ધારણ કરે છે, અને તેઓનો ઉપરા ઉપર સંસ્કાર કર્યા કરે છે તોપણ તે (કેશ તથા ખલ પુરૂષો) પોતાની વક્રતા (વાંકાપણું) ક્ષણે ક્ષણે પ્રકટ કરે છે. ૪

ખળને અહિત કરવાની પ્રથા.

खलानां धनुषां चापि सद्वंशजनुषामपि ।
गुणलाभो भवेदाशु, परहृद्भेदकारकः ॥ ५ ॥

ધનુષ જેમ સારા વંશ (વાંસડા) માંથી ઉત્પન્ન થયેલ છે તેમ નીચ પુરૂષો ઉત્તમ વંશમાં જન્મેલા હોય તો પણ તેને જે ગુણની (ધનુષ પક્ષે ગુણ–દોરી–પ્રત્યંચાની) પ્રાપ્તિ થઇ હોય તો તે ગુણ–લાભ તુર્ત બીજાના હૃદયને ભેદનાર થાય છે. માટે દુર્જનમાં રહેલો ગુણ કશા કામનો નથી. પણ ઉલટો દુઃખપ્રદ થાય છે. ૫

કત્રિમ નમ્રતાનું અનિષ્ટ છેવટ.

स्वभावकठिनस्यास्य, कृत्रिमाम्बिभ्रतो नतिं ।
गुणोऽपि परहिंसायै, चापस्य च खलस्य च ॥ ६ ॥

સ્વભાવથી કઠિન, બનાવટી નમ્રતાને ધારણ કરનાર એવા આ ધનુષ તથા ખળ પુરૂષનો ગુણ (ધનુષ પક્ષે પ્રત્યંચા) પણ બીજાની હીંસા માટે છે. ૬ *

* સુભાષિત રત્નભાંડાગાર.

ખળ પુરૂષ અગ્નિ જેવો છે.

यथा यथैव स्नेहेन भूयिष्ठमुपचर्यते ।
धत्ते तथा तथा तापं महान्वैश्वानरः खलः ॥ ७ ॥

જેમ જેમ સ્નેહથી--ઘી કે તેલવડે અગ્નિમાં હોમ કરવામાં આવે, તેમ તેમ તે મોટો થયેલો અગ્નિ વિશેષ તાપને ધારણ કરે છે; તે પ્રમાણે જેમ જેમ ખળ પુરૂષને સ્નેહ–પ્રીતિથી અધિક રીતે સત્કાર કરવામાં આવે તેમ તેમ તે અધિક સંતાપને (બીજાને દુ:ખ દેવું તે) ધારણ કરે છે. અર્થાત્ ખળ તથા અગ્નિ બન્ને દાહક સ્વભાવવાળાં છે. ૭

કૃતઘ્નને કરેલો ગુણ અવગુણને માટે થાય છે.

खलः सत्क्रियमाणोऽपि, ददाति कलहं सतां ।
दुग्धधौतोऽपि किं याति वायसः कलहंसताम् ॥ ८ ॥

ખળ પુરૂષ ગમે તેટલો સત્કાર પામ્યો હોય, છતાં સત્પુરૂષોમાં કંકાસ ઉત્પન્ન કરે છે. કેમકે કાગડો કદાચ દૂધથી સ્નાન કરે તોપણ શું તે રાજહંસ બને ખરો? (અર્થાત્ નહીં) ૮

ખળના હૃદયમાં અહિત.

वर्धनं वाथ सन्मानं, खलानां प्रीतये कुतः ।
फलन्त्यमृतसेकेऽपि न पथ्यानि विषद्रुमाः ॥ ९ ॥

જેમ ઝેરનાં વૃક્ષો અમૃતના પાણીથી સિંચાય તો પણ હિતકારી ફળથી ફળતાં નથી, તેમ ખળ પુરૂષોનું સન્માન તથા (તેમની આબાદીનું) વધારવું, એ ખળ પુરૂષોની પ્રીતિને માટે ક્યાંથી થાય? (અર્થાત્ તેથી ખળપુરૂષો પ્રસન્ન થતા નથી.) ૯

દુર્જનોને શાંતિમાં આતાપ.

सद्भिः संसेव्यमानोऽपि, शान्तवाक्यैर्जलैरपि ।
श्लुष्टपाषाणवदुष्टस्तापमेवाभिमुञ्चति ॥ १० ॥

દુષ્ટ મનુષ્ય સત્પુરૂષોવડે શાન્ત વચનોરૂપી પાણીથી સારી રીતે સેવાતો હોય તો પણ (ચુનાની ભઠ્ઠીમાં) બળેલા પથ્થરની માફક તાપનેજ મુકે છે. એટલે શાન્ત કરવાં પણ બીજાને સળગાવીદે છે. ૧૯

નીચ પુરૂષનો ખળભળાટ.

अतियत्नगृहीतोऽपि, खलः खलु खलायते ।
शिरसा धार्यमाणोऽपि, तोयस्यार्धघटो यथा ॥११॥

જેમ પાણીનો અધુરો ઘડો મસ્તક ઉપર ધારણ કર્યો હોય તો પણ જેમ તે ખળભળાટ કરે છે, તેમ અતિ મહેનતથી ગ્રહણ કરેલો હોય તો પણ નીચ પુરૂષ નક્કી ખળભળાટ કર્યા કરે છે. ૧૧

કૃતઘ્નનો ત્યાગ કરવારૂપ પૃથ્વીને ઉપદેશ.

आर्या (૧૨ થી ૧૬)

उपकारिणि विश्रब्धे, शुद्धमतौ यः समाचरति पापम् ।
तं जनमसत्यसन्धं, भगवति वसुधे कथं वहसि ॥ १२ ॥

હે ભગવતિ પૃથ્વિ ? ઉપકાર કરનાર, વિશ્વાસુ, શુદ્ધ બુદ્ધિવાળો એવો કોઇ મનુષ્ય હોય તેના ઉપર જે માણસ પાપનો આરોપ કરે છે, તેવા સત્યહીન (ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાળા) પુરૂષને તું કેમ વહન કરે છે ? (અર્થાત્ તારા શરીરમાં તેને ડુબાવી દે.) ૧૨

કૃતઘ્નને કરેલો ઉપકાર નિષ્ફળ થાય છે.

व्योमनि शम्बा कुरुते, चित्रं निर्माति यत्नतः सलिले ।
स्नपयति पवनं सलिलैर्यस्तु खले चरति सत्कारम् ॥ १३ ॥

જે મનુષ્ય ખળ પુરૂષ ઉપર ઉપકાર કરે છે, તે આકાશમાં બે વાર (બે ગણુ દઈને) હળ ખેડે છે, પાણીમાં યત્ન પૂર્વક ચિત્ર કાઢે છે, અને પાણીથી પવનને સ્નાન કરાવે છે (અર્થાત્ સર્વ નિષ્ફળ છે.) ૧૩ *

કૂતરા કરતાં પણ કૃતઘ્ન હલકો છે.

शोकं मा कुरु कुक्कुर, सत्त्वेष्वहमधम इति मुधा साधो ।
कष्टादपि कष्टतरं, दृष्ट्वा श्वानं कृतघ्ननामानम् ॥ १४ ॥

હે કૂતરા તું સર્વ પ્રાણીમાં અધમ છો એમ માની વ્યર્થ શોક કર નહીં; કારણ કે તારાથી પણ અધિક કષ્ટકારી એવો કૃતઘ્ન નામનો શ્વાન (કૂતરો) છે, તેને તો તું જો. ૧૪

કૃતઘ્નને મચ્છરની તુલના.

अर्थग्रहणे न तथा व्यथयति कटुकूजितैर्यथा पिशुनः
रुधिरादानादधिकं दुनोति कर्णे क्वणन्मशकः ॥ १५ ॥

જેમ કાનને અપ્રિય શબ્દ (ગુણગણાટ) કરનાર મચ્છર (શરીરમાં ચટકો ભરીને) રૂધિર—ચાખીને જે પીડા કરે છે, તેના કરતાં વધારે વ્યથા ગુણગણાટ શ-

* ૧૩ થી ૧૫ સૂક્તમુક્તાવલી.

ષ્ટથી કરે છે તેમ ખળ પુરૂષ પૈસો લઇ જવાથી જે પીડા કરી શકે તેના કરતા કડવા (મર્મ ભેદક) વચનથી વધારે પીડા કરે છે. ૧૫ +

ઉચ્છ્રંખળ મનુષ્યોને કોણ પોતાનું છે?

उपजाति.

छायां प्रकुर्वन्ति नमन्ति पुष्पैः फलानि यच्छन्ति तटद्रुपा ये ।
उन्मूल्य तानेव नदी प्रयाति, तरङ्गिणां क प्रतिपन्नमस्ति ॥ १६ ॥

જે કાંઠાના વૃક્ષો છાયા કરે છે, પુષ્પોથી નમસ્કાર કરે છે. તથા ફળો આપે છે. તેજ વૃક્ષોને (મૂળમાંથી) ઉખેડીને નદી ચાલી જાય છે. એટલે તરંગિણી નદીના તરંગની માફક ઉચ્છ્રંખળ સ્વભાવવાળાં મનુષ્યોને કોણ અંગીકૃત (પોતાનું કરેલ) છે? અર્થાત્ કોઇ પણ પોતાનું નથી. ૧૬

કૃતઘ્ન માણસ ઉપકાર કરનારનો નાશ કરે છે.

वसन्ततिलका.

संवर्धितोऽपि भुजगः पयसा न वश्य-
स्तत्पालकानपि निहन्ति बलेन सिंहः ।
दुष्टः परैरुपकृतस्तदनिष्टकारी,
विश्वासलेश इह नैव बुधैर्विधेयः ॥ १७ ॥

દૂધવડે પાળીને ઉછેરેલ સર્પ પણ વશ થતો નથી, સિંહ પણ પોતાના પાળકનો બળવડે નાશ કરે છે, તેમ પરોપકારી પુરૂષોથી ઉપકાર પામેલ દુષ્ટ પુરૂષ પરોપકારીનુંજ અનિષ્ટ કરે છે, તેથી આ (બાબતમાં) સૂચન કરવાનું કે ડાહ્યા માણસોએ જરા પણ તેવા દુષ્ટ માણસનો વિશ્વાસ કરવો નહીં ૧૭

એક કૃતઘ્નીને ઉદ્દેશીને હાથી પ્રતિ કવિનું કથન.

शार्दूलविक्रीडित (૧૮ થી ૧૯)

पीतं यत्र हिमं पयः कवलिता यस्मिन्मृणालाङ्कुरा-
स्तापार्तेन निमज्य यत्र सरसो मध्ये विमुक्तः श्रमः ।
धिक् तस्यैव जलानि पङ्किलयतः पाथोजिनीं मथ्नतः
कूलान्युत्खनतः करीन्द्र भवतो लज्जापि नो जायते ॥१८॥

+ ૧૫ થી ૧૮ સુભાષિત રત્નભાંડાગાર.

હે કરીન્દ્ર ! હાથીના સ્વામી ! જે તળાવમાં તેં ઠંડું પાણી પીધું, જેમાંથી કમલના અંકુરોનું ભક્ષણ કર્યું, તેમ તાપથી પીડાયેલા તેં જે તળાવના મધ્યમાં નિમજ્જન [સ્નાન] કરીને પોતાનો થાક ઉતાર્યો, તેજ તળાવના પાણીને મેલાં કરતા કમલોનું મર્દન કરતા કાંઠાઓને ઉખેડી નાખતા એવા તને શરમ પણ થતી નથી, માટે તને ધિક્કાર છે. ૧૮

ઉત્તમ સાધન છતાં ખળની વક્રતા.

नो निर्धूतविषं पिबन्नपि पयः सम्पद्यते पन्नगो,
निम्बाङ्गाः कटुतां पयोमधुघटैः सिक्तोऽपि नो मुञ्चति ।
गोशीर्षैरपि सर्वदा विलसितं धान्यं ददात्यूषरं,
नैवं मुञ्चति वक्रतां खलजनः संसेवितोऽप्युत्तमैः १९

સર્પ દુધનું પાન કરતો હોય તો પણ તેનું ઝેર નાશ પામતું નથી; લીંબડાનું શરીર દુધ તથા મધુના ઘડાઓ વડે સેચન કરવામાં આવે, તો પણ તે કડવાસને છોડતું નથી. તેમ ઉત્તમ પ્રકારના સુગંધીવાળા જલોથી હમેશાં શોભાવવામાં આવે તો પણ રણની ખારી જમીન ધાન્યને આપતી નથી. તેજ પ્રમાણે ખળ પુરૂષનું ભલે ઉત્તમ પુરૂષો સેવન કરે, તો પણ તે પોતાની વક્રતા (વાંકાઇ) ને છોડતો નથી.

કૃતજ્ઞતાને બદલે કૃતઘ્નતા

મનહર છંદ

[1]ઝાડીમાં અજાડી મધપૂડો પાડયો પારધીએ, પાપી વાઘ અંગે પીડા પૂરણ પમાડી છે;
દયાળુ મનુષ્યે દીઠો; દયા તેને દીલ આવી, તેથી તેણે તારી બારી, છુટ્યાની ઉઘાડી છે;
છાપો મારી છોડનારનાજ તેં છોડાવ્યા પ્રાણ, તેમાં તેં શી જગતમાં બા'દુરી જગાડી છે,
કહે દલપતરામ, કૃતજ્ઞતા કરી તેને, ખરેખરી કૃતઘ્નતા, તેં કરી દેખાડી છે.— ૨૦
સિંહનો શિકાર કરનાર નર નિરખીને, ચોંપે એક અજ ચાલ્યો સિંહને ચેતાવવા;
જાણે ભાળી મારો ભાવ વિસારશે વૈરભાવ, એથી મારે એની પાસે થશે જવા આવવા;
કૂદકારો મારી સિંહે અજને વિદારી નાંખ્યો, કહ્યું શાણો થૈને, આવ્યો મને સમજાવવા
અંતર વિચારી આમ, કહે દલપતરામ, જોરાવરને ન જૈએ ડાપણ શિખાવવા—૨૧

કૃતઘ્ની સુરદાસનું દૃષ્ટાંત.

સુરદાસકી ટેકી, લગી તો લગી, નહિ તો રામગુક તો લગાઈ હૈ.

* ચડોતરના એક ગામમાં મથુરદાસ કરીને પાટીદાર રહેતો હતો. તેને કાંઇ સંતાન નહોતું; ધણી ધણીઆણી બેઉ ધર્મપર સારી આસ્થા રાખતાં હતાં. તેમને

૧ દલપત કાવ્ય ભાગ બીજો. * કૌતુકમાળા

જાત્રા કરવાની ઇચ્છા થવાથી ઘરની ગાડી જોડી ડાકોરજી તરફ ચાલ્યા, ત્યાં આવી ગોમતી સ્નાન ને રણછોડરાયના દર્શન કર્યા બાદ પાટીદારની સ્ત્રીએ પોતાના બેઉ હાથપર +છાપ લીધી. પાટીદારે તો એવા ડામથી બેનશીબ રહેવાનું ધાર્યું.

જાત્રા પૂરી કરીને પાટીદાર અને તેની સ્ત્રી ઘર તરફ પાછાં વળ્યાં. પટલાણી ગાડીનો પોણો ભાગ રોકી મોટી પલાંઠી વાળી ગાડામાં બેઠી છે, પાટીદાર રાશો ઢીલી મૂકી પટલાણી સામું મ્હોં રાખી વાતો કરતો અને બળદ અટકી જાય ત્યારે ડચકારી વગાડતો જાય છે. તેવામાં એક સુરદાસ માર્ગમાં અહીંથી તહીં આથડીયાં ખાતો તેમની નજરે પડયો તેને જોઇ પાટીદારની ઓરતને દયા આવી ને ગાડી ઉભી રખાવી બાવાને પૂછયું કે " મહારાજ ? આમથી તેમ રખડો છો શા સારૂ ? " બાવાએ ઉત્તર દીધો કે " બાઇ મૈ રસ્તા ભૂલ ગયા હે, બહુત દેરસેં ઢુંઢતા હે લેકીન પત્તા નહિ લગતા; મૈં *સુરદાસ હે, ઔર શામકા વખ્ત હે, સો મેરેપર કિરપા કરકે નજીકકે ગાઉંએ પહુંચાઓ તો રણછોડજી તુમ્હારા ભલા કરેગા. " આવા કરૂણા જનક કાલાવાલા સાંભળી બાઇનું દીલ દયાથી પીગળ્યું, અને પોતાના ધણીને કહ્યું આ સુરદાસને આપણા ગાડામાં બેસાડી નજીકના ગામ આગળ ઉતારી મુકીએ તો ઠીક. નહિ તો તેને આ વગડામાં કોઇ જનાવર મારી નાખશે. પાટીદાર પહોંચેલ હતો. બાઇના જેવો છેક પોચા હૃદયનો તથા ભોળો નહોતો. તેણે કહ્યું, ઉપરકી તો અચ્છી, મગર ભીંતરકી તો રામજી જાણે, સુરદાસ મ્હોડેથી મીઠું મીઠું બોલે છે, પણ તે અજાણ્યો અને પરદેશી છે. માટે તેને સાથે બેસાડી લઇ જવો તે અજાણ્યું ફળ ચાખવા બરાબર છે. તેથી વખતે માઠું પરિણામ પણ નીપજે. માટે આપણે તેને રસ્તે ચઢાવીએ. એટલે એની મેળે ચાલ્યો જશે. સુરદાસે ઘણી આજીજી કરવા માંડી તેથી તથા બાઇડીના ઘણા આગ્રહથી પાટીદારે તેને તેના સામાન સહિત ગાડીમાં બેસાડી ગાડી ચાલતી કરી. થોડીવારે એક ગામ આવ્યું. ત્યાં આગળ ગાડી ઉભી રાખી સુરદાસને પાટીદારે કહ્યું....

સુરદાસ, આ ગામ મોટું છે માટે ઉતરી જાઓ, અમારે સાંજ પડે છે તેથી જલદીથી જવું છે.

સુરદાસ—અબે કુનબી ? કીસકું ઉતરનેકું બોલતા હૈ !

પાટીદાર—મહારાજ તમને

સુરદાસ—હમને તુમ્હારી ગાડી ભાડે કીયી હૈ, સો તુમ મુકામપે નહિ પહુંચ-

---

+ વિષ્ણુના શંખ, ચક્ર, ગદા, પદ્મના આકારમાં લોઢાના બિબા ઉના કરીને ચાંપે છે તે

* સુરદાસ એક ભકત તથા કવિ થઇ ગયો તે આંધળો હતો તેથી હાલ દરેક સાધુ પોતાને સુરદાસ કહે છે ને લોકો પણ તેજ નામે બોલાવે છે,

વાતા ઔર બીચમેં ઉતરનેકા કહેતા હૈ, તો તુમકું ભાડા નહિ મીલેગા, ચલ, હમ ઔર હમારી ઓરત દોનોકું ઉતાર દે ! ! !

પાટીદાર—મહારાજ ? તમારી ઓરત કયાં છે?

સુરદાસ—હમારી સંગ ગાડીમાં બેઠી હે એ. તુમ જાનતા હૈ ઔર કાયકું પૂછતે હો, કયા હમારી ઓરતકું લે જાનેકા વિચાર હૈ ! ! !

પાટીદારની સ્ત્રી જે પાસે બેઠી બેઠી આ બધી રકઝક સાંભળતી હતી તે વિસ્મિત થઇ ખેદ પામી કહેવા લાગી " મહારાજ! તમે તો મારા ભાઈ અને બાપને ઠેકાણે છો. અરે, તમે સાધુ થઇને આવું અણુઘટતું અને જુઠું બોલો છો. તે મોટા પાપી થાઓ છો, તમે નર્કમાં પડશો, જલદીથી ઉતરી જાઓ નહિ તો જબરજસ્તી કરી ઉતારવા પડશે. " સુરદાસે (ખીજાઇ જઇને) કહ્યું " અએ રંડી ! તુમબી ફીર જાતી હે ? કુનબી બડા ખબરદાર તેરેકુંબી ફીરા દીઇ ? લેકિન મૈં તુઝે નહિ છોડનેવાલા, ચુપકીસે હમારી સંગ ચલી આતી તો ઠીક હૈ, નહિતો અમલદારકી પાસ ફીરીયાદ કરૂંગા."

પાટીદાર કહેવા લાગ્યો કે " આ તો ચીભડામાંથી વરાળ નીકળી. રાંડને હું પ્રથમથીજ કહેતો હતો કે, અજાણ્યાને સાથે બેસાડવાનું કહે મા. પણ રાંડે માન્યું જ નહિ. હવે આ પરદેશમાં આપણું કોણ સાહેદી થશે ? " આવું ત્રણે જણાનું બાઇડી બાબતના વાંધાનું બોલવું સાંભળીને ગામના લોકો ભેગા થઇ ગયા, પણ તેમનાથી એ વાંધો પતાવી શકાયો નહિં. સુરદાસે તે ગામના અમલદારને જાહેર કરી પાટીદાર તથા તેની ધણીઆણી એ બેઉને પકડાવ્યાં.

અમલદારે એક પછી એક એમ ત્રણે જણની હકીકત સાંભળી લીધી, તે ઓરત પોતાની છે એમ પાટીદાર કહેતો હતો પણ તે વખતે તે બાબતનો સબળ પુરાવો નહોતો. બાઇડીના કહેવાપર વજન રાખવું એ જોખમ ભરેલું હતું. કદાચ સુરદાસ તેનો ખરો ધણી હોય, પણ તેને છોડી દઇ બાઈની કણબી સાથે જવાની મરજી થઇ હોય તો કણબીની બાઇડી છું', એમ ખોટું બોલે એ સંભવિત છે. સુરદાસને પોતાની ઓરત છે, તે બાબતનો તેનો પણ સબળ પૂરાવો નહોતો, પણ સુરદાસને ડાકોરજીમાં પોતાના હાથ ઉપર છાપ લીધેલી હતી તેવીજ તે ઓરતનાહાથપર પણ હતી; તેથી તે બેઉએ સાથે જાત્રા કરી છાપ લીધી હોય એમ સંભવ હતો. આવી રીતનાં શંકાપૂર્વક અનુમાનો ઉપરથી ખરી રીતે તે ઓરત કોની છે, તે નક્કી ઠરાવી શકાય એમ જણાયું નહિં, ત્યારે ન્યાયાધીશે એ ત્રણે જણને જૂદી જૂદી કોટડીમાં પૂરી, તે ઉપર પહેરો ચાલતો રાખી તેઓ રાતમાં શું બોલે છે, તે બરાબર રીતે સાંભળી લેવા હુકમ કર્યો.

રાતમાં પેલા પાટીદાર અને તેની ધણીયાણીએ તો કલ્પાંત કર્યા કર્યું એટલે નિરાંત કરી સુવાનું તો ક્યાંથીજ હોય ?

પાટીદાર બોલતો હતો કે "રાંડની જાત ભોળી છે. તેણે દંભી સુરદાસને તેની આજીજીથી દયા ખાઇ ગાડીમાં બેસાડ્યો, તો આ ફાંદામાં ફસાયા. હે પરમેશ્વર ! આ પરોપકારનું કામ કરતાં દુઃખી થઇએ છીએ, તેમાંથી બચાવ કર. આતો નમાજ પઢતાં મસીદ કોટે વળગી છે. આમાંથી છુટું તો પછી રાંડને પૂરી શિક્ષા કરી એવી સમજાવું કે ફરીને ઉપરથી સારૂં જોઇ ભોળવાય નહિ.

પાટીદારની ઓરત તેની કોટડીમાં બોલતી હતી કે, "હે રણછોડરાયજી ! અમને સહાય થા. મારા ધણીની ના છતાં મેં આગ્રહ કરી સુરદાસને ગાડીમાં બેસાડ્યો તેનું આ ફળ ?; ધરમ કરતાં ધાડ આવી. હે દીનદયાળ ! હે ભગવાન્ ! અમારી ખરી વાત છતાં માર્યા જઇએ છીએ. તે તું નહિ સાંભળે તો બીજો કોણ સાંભળશે ? કરવા ગયા કંસાર ને થઇ ગઇ થુલી એના જેવું અમારે તો થયું છે. કદાચ મને મારા ધણીથી છૂટી પાડી દુષ્ટ સુરદાસને સોંપવા વિચાર થયો તો મારે તો જીવવું નથી તેજ વખત આપઘાત કરી મારા પ્રાણ તજીશ."

સુરદાસ તો નિશ્ચિંત ઉંઘતો હતો. વચમાં જાગી ઉઠતો, ત્યારે બોલતો કે "અપનેકું તો કુછ નુકસાન તો હૈ નહીં. કુનબીકા પૂરાવા નહીં મીલેગા, ને ઉસકી ઓરત અપનકું મીલેગી "**સુરદાસકી ટેકો લગી તો લગી, નહિ તો રામજીકુ તો લગાઇ હૈ.**"

સવાર થતાં પેહેરેગીરોએ ન્યાયાધીશને રાતની તમામ હકીકત જાહેર કરી. તે ઉપરથી ન્યાયાધીશને ખાત્રી થઇ કે એ ઓરત પાટીદાસનીજ છે, અને સુરદાસ ખોટો ગળે પડે છે; તેથી મજકુર ઓરત પાટીદારને હવાલે કરી ગળેપડુ સુરદાસને શિક્ષા કરી.

પક્કા તપાસ કર્યા શિવાય કોઇ અજાણ્યા માણસના ઉપર વિશ્વાસ રાખવાથી કોઇ વખતે ઘણી મુશ્કેલીમાં આવી જવાય છે, જો કે આખર સત્યજ તરે છે; તો પણ સોનું લઇએ કશી અને માણુસ જોઇએ વશી.

તને તો મીંઆઉં પણ તારા બાપને પણ મીંઆઉં

* દમણ ગામમાં બોઘાશા નામે કોઇ મોટો વેપારી રહેતો હતો તેને વેપારમાં ભારે ખોટ આવીને ઘણો દેવાદાર થઇ ગયો જેથી પોતાની દુકાન બંધ કરી ઘરમાં સંતાઇ રહ્યો. લેણદારો સખ્ત ઉઘરાણી કરવા મંડયા, આંટાપર આંટા ખાય પણ પત્તો લાગે નહીં. કેટલેક દહાડે તેમના જાણવામાં આવ્યું કે બોઘો શાહ અમુક ગુમ જગાએ ઘરમાં ભરાઇ બેઠા છે. તે ઉપરથી લે કે એ તેની પાસે ઉઘરાણી કરવા

* કૌતુકમાળા.

જવાનો નિશ્ચય કર્યો. આ વાત ઓઘાશાના જાણવામાં આવ્યાથી ગભરાયો કે હવે લોકો અહીંયાં આવશે તેનો શો ઉત્તર આપીશ ? માટે તેણે પોતાની પીછાનવાળા પણ તેના લેણદાર, ધીરજલાલ શેઠની સલાહ લેવાનો ઇરાદો કરી તેને પોતાની પાસે બોલાવ્યો.

ઓઘાશા—શેઠજી આપ જાણો છો કે, હું હાલ ઘણી તંગી હાલતમાં આવી પડયો છું, મારે એટલું બધું દેવું છે કે રૂપીએ એક રામ (આનો) મુજબ ચુકવવા જેટલી પણ મારી પુંજી નથી. આપનું જે દેવું છે તે તો હું પુરેપુરૂં પતાવીશ પરંતુ હાલ બીજા લેણદારોની કનડગતમાંથી મોકળો કરાવો તો તમારા જેવો પ્રભુએ નહિ. એવો કાંઇ ઉપાય બતાવો કે તેઓ ઉઘરાણી કરતા જ બંધ થઇ જાય.

ધીરજલાલ—જો ભાઇ તને ઇલાજ તો બતાવું પણ ગરજ સરી કે વૈદ વેરી એ પ્રમાણે થાય નહિ.

ઓઘાશા—નાજી, એમ નહિ થાય. હું શું બેવકુફ છું જે કરેલો ઉપકાર ભૂલી જાઉં.

ધીરજલાલ—તો ઠીક, સાંભળ. એ બાબતનો ઇલાજ ટુંકો છે. કોઇ લેણદાર ઉઘરાણીએ આવે તેને બીજો કાંઇ ઉત્તર નહિ આપતાં " મીંઆઊં " ' મીંઆઊં ' કર્યા કરવું એથી કરીને લેણદારો ધારશે કે, આ બિચારો ગાંડો થઇ ગયો છે તો " પડયા પર પાટુ શી મારવી ? " એટલે ઉઘરાણી કરતા બંધ પડશે.

આ ઉપાય ઓઘાશાહને ઠીક ગમ્યો. બીજે દિવસે થાપણ મૂકનારા તથા વેપાર કરનારા તમામ લેણદારો આવી તકાજો કરી લાગ્યા:—

એક વેપારી—ઓઘાશા અમારો હિસાબ ચુકવી આપો.

ઓઘાશા—મીંઆઊં.

બીજો વેપારી—પાધરો જવાબ આપતાં કાંઇ મોઢું દુ:એ છે. રૂપીઆ ગણી આપોને ?

ઓઘાશા—મીંઆઊં.

સરાફ—મીંઆઊં વાળા તો જાણ્યું ડહાપણ બાપની મતા હતી જે રૂપીઆ કોથળી ભરીને લઇ ગયો હતો; જો બિચારો ? લેતી વખત તો નાણાવટી થઇને આવ્યો હતો, પણ યાદ રાખ, કે રૂપીઆ લીધા વગર જનાર નથી.

ઓઘાશા—મીંઆઊં.

કઠિયારો—ભણ્યામાણસ ! મેં તો થાપણ મૂકી છે એમા શું બ ધુ પીધું છે ? કોઇ ઉતાવળના વખતમાં અમારા જેવા ઘરખુણીય ના રૂપિઆ કામ લાગતા તે હવે બેઠાની ડાળ શા માટે કાપે છે ? અમને ગરીબને તો આપ.

ઓઘાશા—મીંઆઉં !!!

એક લેણુદારનો દીકરો—દેવાળીયાના દીકરા તું સમજતો નહિ કે " આ વાંઝીયાનો માલ છે તે તને પચશે " પણ આતો પછવાડે આવડા આવડા દાંતવાળા બેઠા છીએ તે તારો જીવ લેશું. માટે ઝટ દઇને રૂપીઆ કાઢી આપ.

ઓઘાશા—મીંઆઊં !!!

પિંજારો—બોધ ભાઇ આ શો ગજબ, રૂપીઆ લેતી વખત અમને " સો મણની તળાઇમાં સુઇ રહેવાનું કહેતા હતા, ને હવે આ શું સમજવું ? અમારો રાંકરોષ ને પ્રાણરોશ જવા દો ને રૂપિયા આપો.

ઓઘાશા—મીંઆઊં !!!

રાંડીરાંડ—અરે ભાઇ ! **રાંડી રૂએ માંડી રૂએ, પણ સાત ભરથારી તો મોંએ ન ઉઘાડે એમ હોતું હશે ?** તમે ઘણી તરફથી આવકવાળા, લાખોનો વેપાર કરનારા, સારી શાખવાળા થઇને આ શું બોલો છો ? મેં મારી રાંડીરોળાની થાપણ મૂકી છે તે ઉપર મારો રંડાપો છે, માટે આપો.

ઓઘાશા—મીંઆઊ !!!

સોની—શેઠ તમારે પારકા ઘર ઉપર આ બધી ધામધૂમ ને વેપાર શામાટે કરવો પડયો હતો પોતાનું ઘર તપાસીને વાત કરવી એવું શું 'સોનું પહેરીએ કે કાન તૂટે.' આ લીધા છે રૂપીઆ તે તો આપવા પડશે.

ઓઘાશા—મીંઆઊં !!!

ખોજો—**મુળાનાપતીકા** જેવા રૂપીઆ ગણી આપ્યા છે ને હવે આડો જવાબ શામાટે આપો છો ? લેતી વખત આપવા પડશે એમ જાણતા નહોતા ?

ઓઘાશા—મીંઆઊં !!?

આવી રીતે જુદા જુદા લેણદારોએ અનેક પ્રશ્ન કર્યાં પણ તેનો ઉત્તર મીંઆઊં મીંઆઊં સિવાય બીજો કાંઇ ઓઘાશા પાસેથી મળ્યો નહિ. તેથી તે ગાંડો થઇ ગયો છે, એમ ધારી તે બધાએ નિરાશ થઇ ઉઘરાણી કરવી બંધ કરી.

આ ઇલાજ ઓઘાશાને રામબાણ જેવો થઇ પડયો. ઉઘરાણીરૂપી દુઃખ દૂર નાશી ગયું જાણી તે ખુશી થયો પણ પછીથી તે લાભકારી વાત જોઇ હરામના આપેલ રૂપીયા જોડે મડાગાંઠ વાળી બેઠો. ગમે તેમ થાય પણ ચમડી તુટે પણ દમડી ન છુટે એવા ઠરાવ પર આવી ગયો.

કેટલાક દીવસ વીત્યા પછી ધીરજલાલ શેઠે વિચાર્યું કે હવે તો ઓઘાશાના સઘળા લેણદારો ઉઘરાણી કરતા બંધ પડયા હશે, માટે હવે જઇને મારાં નાણાં

પતાવી લાવું. આ ઉમેદથી ધીરજલાલ શેઠે બોઘાશાહને ઘરે આવી પોતાના રૂપીઆની ઉઘરાણી કરતાં બોઘાશાએ " મીંઆઉં " કહ્યું. ધીરજલાલ શેઠ તો ચકિત થઇ ને કહે છે, " અરે ભલા આદમી ? મને પણ " મીંઆઉં ??? તને તો મીંઆઊં પણ તારા બાપને પણ ' મીંઆઊં ' બોઘાશા એ ઉત્તર દીધો. આથી ધીરજલાલ પસ્તાઇ ને વીલે મોઢે ચાલ્યો ગયો.

દુનિયામાં કેટલાક સ્વાર્થના ભુખ્યા હોય છે. તે પોતાનો અર્થ સર્યો એટલે ઉપકારને આંખના પાટા જેવો ગણે છે. તેમજ જેઓ ફક્ત પોતાનો લાભ તાકી બીજાનું ખરાબ કરવા ઇચ્છે તેને " હાથના કરેલ હૈયે વાગે છે. " તે વખતે પૂરો પસ્તાવો થાય છે.

મૂર્ખ લોકો ગુણી પુરૂષને જાણતા નથી.

શ્રી રામચન્દ્રજી જ્યારે લંકાથી સીતાજીને લઇને અયોધ્યા પધારતા હતા ત્યારે રસ્તામાં કિષ્કિંધા નગરીમાં ઉતરી વિશ્રામ લીધો. ત્યાં સીતાજીને દેખીને વાનરની સ્ત્રીઓ કહેવા લાગી કે—

वसन्ततिलका.

गौरी तनुर्नयनमायतमुन्नता च नासा कृशा कटितटी च पटी विचित्रा ।
अंगानि रोमरहितानि सुखाय भर्तुः पुच्छं न तुच्छमिति कुत्र समस्तवस्तु ॥१॥

આ સીતાજીનું શરીર ગૌર છે. નેત્ર વિશાળ છે. નાસિકા (પોપટની માફક) ઉંચી છે. કટિભાગ પાતળો છે. અને વિચિત્ર પ્રકારની સુન્દર સાડી છે. તેમ અંગો રોમથી રહિત છે એટલે સીતાજીનું સર્વ સૌન્દર્ય સ્વામી એવા શ્રી રામચન્દ્રજીના સુખને માટે છે. પરંતુ (વિધાતાએ) તુચ્છ (નાનું સરખુ) પુછડું ન કર્યું તેથી આ બધું વસ્તુ સૌન્દર્ય શું કામનું છે ? અર્થાત્ નકામું છે. આ ઉપર તાત્પર્ય એવો છે કે મૂર્ખ માનવો બીજાના સૌન્દર્યમાં રણ ખામીઓ જોતાં વસ્તુના સૌન્દર્યને જાણતા નથી.

ગામડાના લોકો હાથીને જોઇ હાંસી કરે છે.

शार्दूलविक्रीडित.

ऊर्णां नैव दधाति नापि विषयो वाहस्य दोहस्य वा,
तृप्तिर्नास्ति महोदरस्य बहुशो घासैः पलालैरपि ।
हा कष्टं कथमस्य पृष्ठशिखरे गोणी समारोप्यते,
को गृह्णाति कपर्दकैरमुमिति ग्राम्यैर्गजो हास्यते ॥२॥

* સુભાષિત રત્ન ભાંડાગાર

આ હાથી (ઘેટાની માફક) ઉનને ધારણ કરતો નથી. એટલે તેના શરીર ઉપર ઉન નથી કે, જેના ધાબળા વગેરે પહેરીએ. તેમ તે વાહનના (ઘોડા વગેરેની માફક) કામમાં આવતો નથી, તેમ આના મ્હોટા પેટની ઘણા પ્રકારના ધાન્યો તથા પલલો (ધાન્યનાં ફોતરા પીંછા વગેરે) થી તૃપ્તિ થાય તેમ નથી. હા કષ્ટ છે કે, આના વાંસાના શિખર ઉપર (દાણા) નો ગુણ કેમ ચઢાવી શકાય ? (એમ સર્વ રીતે નકામો હોવાથી કોડી માત્ર ધનથી પણ (હાથીને) કોણ વેહુચાતો રાખે ! એમ ગામડાના (મૂર્ખ) મનુષ્યોથી હાથીની હાંસી કરાય છે. એટલે ગ્રામ્ય બુદ્ધિવાળા મૂર્ખ લોકો વિદ્વાન્ પુરૂષોની પણ આ પ્રમાણેજ દશા કરે છે. કારણ કે તેઓને તેના ગુણનું જ્ઞાન નથી. જેથી કવિએ તેવા લોકોને ઉદ્દેશીને હાથી પ્રત્યે ગ્રામ્ય લોકોની ઉક્તિથી જણાવ્યું છે.

ગુણી ગાયક પ્રતિ શેઠની યુક્તિ.

મનહર

એક શરણાઇવાળો સાત વર્ષ સુધી શીખી, રાગ રાગણી વગાડવામાં વખણાણો છે;
એકનેજ જાચું એવી ટેક છેક રાખી દિલ શઠ શેઠ પાસે મોજ લેવાને મંડાણો છે;
કહે દલપત પછી બોલ્યો તે કંજુસ શેઠ, ગાયક નલાયક તું ફોકટ ફુલાણો છે;
પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી, સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે;

ગુણ ન સમજનાર ગોવાળ.

સોદાગર એક શુક સારિકાને સારી રીતે, શીખવી કવિત નીત સારા સ્વરમાં;
કોઇ ભારે ભૂપતિને ભેટ કરવાને ચાલ્યો, ગામડામાં વાસો વસ્યો ગોવાળના ઘરમાં;
તારીફ સુણીને જોવા ત્યાં લોકો તમામ મળ્યા,નોખી રીતભાત કશી ન આવી નજરમાં
કહે દલપતરામ ગામનો ગમાર બોલ્યો, તેવા તેતર તો છે મારા ખેતરમાં ૪

અશક્તિથી પારકા દૂષણ જોવાની પ્રથા.

अनुष्टुप् (૧ થી ૫)

दह्यमानाः सुतीव्रेण, नीचाः परयशोऽग्निना ।
अशक्तास्तत्पदं गन्तुं, ततो निंदां प्रकुर्वते ॥ १ ॥

બીજાના યશરૂપી પ્રચંડ અગ્નિથી બળતા એવા નીચ પુરૂષો તેના પદને પામવાને અશકત (અસમર્થ) છે. તેથી તે (સત્પુરૂષો) ની નિન્દા કરે છે. ૧

પરછિદ્ર શોધક વૃત્તિ.

दूषयन्ति दुराचारा निर्दोषामपि भारतीम् ।
विधुबिम्बश्रियं कोकाः सुधारसमयीमिव ॥ २ ॥

જેમ *ચક્રવાક (ચકોરપક્ષી) અમૃતમય ચંદ્રબિંબની શોભાને દૂષિત કરે છે, તેમ દુરાચારી પુરૂષો નિર્દોષ એવી ભારતી (વાણી) ને દૂષિત કરે છે. ૨

સજ્જન પુરૂષને ખલની સાથે સ્પર્ધા કરવાથી ગેરલાભ.

का खलेन सह स्पर्धा सज्जनस्याभिमानिनः ।
भाषणं भीषणं साधु दूषणं यस्य भूषणम् ॥ ३ ॥

સજ્જન પુરૂષને નીચ પુરૂષની સાથે શી સ્પર્ધા (સરસાઇ) હોય ? એટલે સજ્જન પુરૂષ નીચની સાથે સરસાઈ કરતાજ નથી. કારણ કે અભિમાની એવા નીચ પુરૂષનું ભાષણ ભયંકર હોઇને સાધુપુરૂષને દૂષણ રૂપ છે. જ્યારે ખલપુરૂષને તો તે ભાષણ ભૂષણરૂપ છે. ૩ *

અધમ લોકોની અસિમ અધમતા.

अहो राहुः कथं क्रूरश्चन्द्रं गिलति मुञ्चति ।
गिलन्ति न हि मुञ्चन्ति दुर्जनाः सज्जनव्रजम् ॥ ४ ॥

અહીં ! રાહુને શા વાસ્તે નિર્દય કહેવો તે પ્રશ્ન છે. કારણ કે ચન્દ્રમાને ગળીને પાછો છોડી આપે છે પણ દુર્જન પુરૂષો તો સજ્જન પુરૂષોના સમૂહને ગળી જાય છે તે પુનઃ છોડતાજ નથી. અર્થાત્ દુર્જનો રાહુ કરતાં પણ ખરાબ છે.

અધમ પુરૂષની કરવત સાથે સરખામણી.

उद्वेजकोऽतिचाटूक्त्या मर्म-स्पर्शी हसन्नपि ।
निर्गुणो गुणनिन्दाकृत्, क्रकचप्रतिमः पुमान् ॥ ५ ॥

દુર્જન મનુષ્ય અતિ ચાટુ (મીઠા) શબ્દના ભાષણથી પણ બીજાના મનમાં ઉદ્વેગ પેદા કરે છે. અને હસતા છતાં પણ બીજાના મર્મનો સ્પર્શ કરે છે. એટલે બીજાને કલેજે ઘા મારે છે. તેમ પોતે ગુણહીન છે તેથી બીજાના ગુણોની નિન્દા કરી રહ્યો છે, એટલે અધમ પુરૂષ કરવતની સમાન છે. કારણ કે કરવત પણ લાકડાને કાપતી વખતે મીઠો મીઠો ધ્વનિ કરે છે, પણ તે ધ્વનિ સાંભળનારને ઉદ્વેગ ઉત્પન્ન કરે છે અને દાંતાથી હસતું હોય તેમ દેખાય છે છતાં લાકડાના મર્મ ભાગને કાપી નાખે છે અને તેમાં દોરી નથી તેથી બીજાના ગુણ (દોરા) ને કાપનાર છે તેમ અધિકારી સજ્જનને દુર્જન પણ પીડા કરે છે. ૫

* शिखरिणी–रथाङ्गाह्वानानां भवति विधुरङ्गारशकटी" ચંદ્રમા ચકોરપક્ષીને અંગારાની સગડી તુલ્ય છે, કારણ કે ચકોર દંપતિ (સ્ત્રીપુરૂષ) ને રાત્રિમાં એક બીજાનો વિયોગ વેઠવો પડે છે.

* ૩ થી ૫ સૂક્તિમુક્તાવલી

નિષ્પ્રયોજ શત્રુભાવ.

आर्या (૬ થી ૭)

मृगमीनसज्जनानां, तृणजलसन्तोषविहितवृत्तीनाम् ।
लुब्धकधीवरपिशुना निष्कारणवैरिणो जगति ॥ ६ ॥

મૃગલાં ઘાસ ખાઇને સુખી રહેનારાં, છતાં વગર કારણે તેમનો પારાધી શત્રુ છે, માછલાં જળપાન કરી સુખેથી આજીવિકા ચલાવનારાં છે છતાં વગર કારણે ઢીમર (મચ્છીમાર) તેનો શત્રુ છે તેમ સત્પુરૂષો સ્વયમેવ સંતોષી છે, છતાં ખલ પુરૂષ તેમના વગર કારણે શત્રુ છે.

અહિત કર્તવ્યની પ્રકૃતિ.

अविकारिणमपि सज्जनमनिशमनार्यः प्रबाधतेऽत्यर्थम् ।
कमलिन्या किमिह कृतं हिमस्य यत्तां सदा दहति ॥ ७ ॥

જેમ કમલિનીએ હિમનું ભુંડું કર્યું નથી, છતાં તેને (કમલિનીને) તે હમેશાં બાળી નાખે છે તેમ વિકારરહિત (કોઇનું બુરૂં ન કરનાર) એવા સજ્જન પુરૂષને પણ નીચ મનુષ્ય અત્યન્ત પીડા કરે છે. ૭

ઉત્તમ, મધ્યમ, અને અધમાધમ બુદ્ધિનું કાર્ય.

रथोद्धता.

दूषणं मतिरुपैति नोत्तमी, माध्यमी स्पृशति भाषते न च ।
वीक्ष्य पार्श्वमथ भाषतेऽधमो, रारटीति सहसा धमाधमः ॥ ८ ॥

ઉત્તમ પુરૂષોની બુદ્ધિ (બીજાના) દૂષણને પ્રાપ્ત કરતી નથી, મધ્યમ લોકોની બુદ્ધિ બીજાના દૂષણને સ્પર્શ કરે છે પણ તે બોલી બ્હાર પાડતી નથી; અધમ (નીચ) પુરૂષ દૂષણને જોઇને તેને વચનદ્વારા તુર્ત પ્રગટ કરી દે છે. જ્યારે અધમાધમ (નીચમાં પણ નીચ) પુરૂષ તો બીજાના દૂષણને પ્રસિદ્ધ કરવા સારૂ અત્યન્ત રાડારાડ કરી મુકે છે. ૮

પોપટની મધુરતાનો અંતે જય.

उपजाति.

सुभाषितस्याध्ययनेऽनुषक्तं, शुकं वराकाः प्रहसन्ति काकाः ।
तमेव संसत्सु गिरं किरन्तं, दृष्ट्वा भवन्ति त्रपयानतास्याः ॥ ९ ॥

સુંદર ભાષણના અભ્યાસમાં આસકત એવા પોપટને નીચ એવા કાગડાઓ હસે છે કે–આ શું મફતની માથાકુટ કરી રહ્યો છે ? પરંતુ સભાઓમાં મધુર વાણીને બોલતાં તેને જોઈને તે કાગડાઓ લજ્જાથી હકાં મ્હોઢા શરમનારા થાય છે એટલે શરમથી નીચું જોઈ જાય છે તેમ વિદ્યાભ્યાસ કરનારની હાંસી કરનાર નીચ પુરૂષની અંતે એ સ્થિતિ થાય છે. ૯

સુજનની વાણી સામે દુર્જનની ભયંકરતા.

मालिनी.

इदमपटुकपाटं जर्जरः पञ्जरोऽयं, विरमति न गृहेऽस्मिन्क्रूरमार्जारयात्रा ।
शुक मुकुलितजिह्वः स्थीयतां किं वचोभि स्तववचन–विनोदे नादरः पामराणाम् ॥ १०॥

હે પોપટ આ તુટેલ કમાડ છે. અને આ તારૂં પાંજરૂં પણ જીર્ણ થઇ ગયું છે તેમ આ ઘરમાં નિર્દય એવા બિલાડાંઓનું આવવું બંધ પડતું નથી માટે તારી જીભને દબાવીને સ્થિર થઈ જા. કારણ કે તારા મધુર વચનોથી આ સ્થળે શું ફળ છે ? કેમકે તારા ભાષણનું શ્રવણ જો બીલાડાંને થશે તો ઉલટા તારા પ્રાણની હાનિ થશે.

અલ્પાવસ્થામાં મદ બળ.

शार्दूलविक्रीडितम् (११ थी १९)

स्पर्धंतां सुखमेव कुञ्जरतया दिक्कुञ्जरैः कुञ्जरा
ग्राम्या वा वनवासिनो मदजलप्रस्निग्धगण्डस्थलाः ।
आःकालस्य कुतूहलं शृणु सखे प्राचीनपालोमलैः,
प्रायः स्निग्धकपोलपालिरधमः कोलोऽपि संस्पर्धते ॥ ११ ॥

ખેદયુકત કાળનું કૌતુક એ છે કે જન્મ વખતના ગંડસ્થળમાં રહેલા મલોથી ભીંજાએલ ડુક્કર હાથીની સામે સ્પર્ધા કરે છે તો પછી મદના પાણીથી ભીંજાયેલ ગંડસ્થળવાળા ગામમાં રહેવાવાળા અથવા વનમાં વસવાવાળા હાથીઓ પોતે હાથી છે તેથી દિશાના હાથીઓની સાથે સ્પર્ધા કરે તેમાં શું ખોટું ? ૧૧

દુર્જનનું ખરૂં સ્વરૂપ.

मेषं कोऽपि झरे पिबन्तमवदद्वारि च्युतं ते मुखा–
दायातीति वृको न चैवमुरणोऽधोऽस्मीति वर्षात्पुरा ।
मा वोचो वृक रे न मे जनिरभूत्तातस्तवोक्त्वा गृहीत्,
कश्चिद्दोषमसन्तमप्यथ वदन्दीनं खलो बाधते ॥ १२ ॥

એક નાર (જંગલમાં) ઝરાની અંદર પાણી પીતો હતો, તેજ વખતે એક ઘેટો પણ નારના નીચા ભાગમાં પાણી પીવા લાગ્યો, તેને જોઇ નાર બોલ્યો, (અરે મૂર્ખ !) તારા મુખમાંથી (અજીઠું) પાણી (મારી તરફ) આવે છે એ તું જોતો નથી ? ઘેટો (નરમાશથી) બોલ્યો કે નારભાઈ ! હું પાણીના ઢોળ (નીચાણમાં) મં છું, (એટલે ત્યાં પાણી આવવા સંભવ નથી.) ત્યારે નાર (શરમાઇને યુકિત કરી બોલ્યો કે) (હે મૂર્ખ ! આ વાત આજની નહીં પણ) એક વર્ષ પહેલાની કહું છું; જવાબમાં ઘેટે જણાવ્યું કે હે નારભાઇ ! તે વખતે તો મારો જન્મ પણ નહતો. (એ જવાબ સાંભળતાંજ બીજી યુકિતથી) તે બોલ્યો કે આવી જાતનો અપરાધ તારા પિતાએ કર્યો છે (એમ સત્યાસત્ય સમજાવી નજર ચુકવી કુદકો મારી) તે ઘેટાને પકડી લીધો.

આનો સારાંશ એ છે કે ગરીબ માણસમાં દોષ ન હોય તો પણ તેમના ઉપર દોષનો આરોપ કરી ખળ પુરૂષ તેને અનેક રીતે પીડે છે.

કોયલ સામે કાગડાની અસ્થાને સ્પર્ધા.

यस्याकर्ण्य वचः सुधाकवलितं वाचंयमानामपि,
व्यग्राणि व्यथयन्ति मन्मथकथां चेतांसि चैत्रोत्सवे ।
रेरे काक वराक साकममुना पुंस्कोकिलेनाधुना,
स्पर्धाबन्धमुपेयुषस्तव नु किं लज्जाऽपि नो जायते ॥१३॥

ચૈત્ર માસના વસંતના ઉત્સવમાં અમૃતના ઉદ્ગારવાળા જેના શબ્દને સાંભળીને વાણીને નિયમમાં રાખનારા મુનિ લોકોનાં ચિત્ત કામદેવની કથા તરફ વ્યગ્ર (આસક્ત) થઇ વ્યથાને પ્રાપ્ત થાય છે. એવી મીઠી કોયલ સાથે સ્પર્ધા કરતાં અરે તુચ્છ કાગડા ! તને શરમ કેમ નથી આવતી ? કેમકે હે કાગડા ! તું કયાં ? અને કોયલ કયાં ? ૧૩

સત્પુરૂષ ઉપર ખળની ખળતા.

सम्यग्मार्गपुषः प्रशान्तवपुषः प्रीतोल्लसच्चक्षुषः,
श्रामण्यर्धिमुपेयुषः स्मयजुषः कन्दर्पकक्षप्लुषः ।
सिद्धान्ताध्वनि तस्थुषः शमजुषः सत्पूज्यतां जग्मुषः,
सत्साधून् विदुषः खलाः कृतदुषः क्षाम्यन्ति नोचद्द्रुषः ॥१४॥

બીજા ઉપર ખોટી રીતે દોષોનો આરોપ કરનારા એવા જે દ્વેષી ખળ પુરૂષો છે તે; ભગવત્ પ્રણીત શાસ્ત્રને પોષણ કરનારા, પ્રશાંત અંતઃકરણ તથા શરીરવાળા, શત્રુને જોઇને પણ પ્રફુલ્લિત નેત્રવાળા, પાંચમહાવ્રત (પ્રાણાતિપાત, મૃષાવાદ, અદ-

ત્તાદાન, મૈથુન, પરિગ્રહ.) ને સદા પાળનારા, અહંકાર રહિત, કામદેવરૂપી ઘાસ (ખડ) ને બાળનારા, સિદ્ધાંત માર્ગ પ્રમાણે ચાલનારા, ક્ષમાવાળા, વિવેકી જનસમૂહથી સેવાતા એવા જે વિદ્વાન્ સત્પુરૂષો છે, તેનો દ્વેષ કરે છે. ૧૪

સર્વ ગુણમાં ખળ પુરૂષની સર્વ વ્યાપકતા.

जाड्यं ह्रीमति गण्यते व्रतशुचौ दम्भः शुचौ कैतवं,
शूरे निर्घृणता मुनौ विमतिता दैन्यं प्रियालापिनि ।
तेजस्विन्यवलिप्तता मुखरता वक्तर्यशक्तिःस्थिरे,
तत्को नाम गुणो भवेत्स गुणिनां यो दुर्जनैर्नाङ्कितः ॥ १५ ॥

લજ્જાળુ પુરૂષને વિષે જડતા. પવિત્ર વ્રત પાળનારને વિષે દંભ, શુદ્ધતામાં કપટ, શૂરવીર ઉપર નિર્દયતા, મનનશીલ પુરૂષને વિષે બુદ્ધિહીનપણું મધુર વાક્ય બોલનારને વિષે ગરીબાઇ, તેજસ્વીમાં ઉદ્ધતાઇ, વક્તા ઉપર વાયડાપણું, સ્થિર–શાંતને વિષે અશક્તિ, એમ ગુણીનો કયો ગુણ દુર્જન પુરૂષોએ અંકિત (આળ ચઢવ્યા) વિનાનો (બાકી) રાખ્યો છે ? ૧૫

દુર્જન પુરૂષોની દૃષ્ટિએ સુજન પુરૂષોના ગુણમાં દોષારોપ.

सत्या योनिरुजं वदन्ति यमिनो दम्भं शुचेर्धूर्ततां,
लज्जालोर्जडतां पटोर्मुखरतां तेजस्विनो गर्वतां ।
शान्तस्याक्षमतामृजोरमतितां धर्मार्थिनो मूर्खता-
मित्येवं गुणिनां गुणास्त्रिभुवने नादूषिता दुर्जनैः ॥ १६ ॥

નીચ પુરૂષો સતી સ્ત્રીના જનનસ્થાનમાં રોગને, યમ (ઇન્દ્રિય નિગ્રહ) કરનાર પુરૂષમાં દંભને, પવિત્ર મનુષ્યમાં ધૂર્તપણાને, લજ્જાવાન્ મનુષ્યમાં જડપણાને, ચતુર પુરૂષમાં વાચાલપણાને તેજસ્વિ મનુષ્યમાં અભિમાનપણાને, શાન્ત પુરૂષમાં અસમર્થપણાને, સરલ પુરૂષમાં નિર્બુદ્ધિપણાને, અને ધર્માર્થી મનુષ્યમાં મૂર્ખપણાને, કહી રહ્યા છે. એટલે આ પ્રમાણે ત્રણ ભુવનમાં ગુણી પુરૂષોના ગુણોને દુર્જન પુરૂષોએ દૂષિત કરી નાંખ્યા છે. * ૧૬

---

* આ શ્લોકમાં સર્વષષ્ઠયન્ત પદનો સમ્બન્ધાર્થે છે તેથી તે પુરૂષોના ગુણમાં દોષનો આરોપ કરે છે એમ વક્તવ્ય છે. તો પણ શુદ્ધ ગુજરાતી કરતાં સાતમીનો અર્થ કરવાથી વિશેષ સ્પષ્ટ સમજી શકાય છે તેથી તેમ કરવું યોગ્ય ધાર્યું છે.

નકટા મનુષ્યના શહેરમાં એક વેપારીનું જવું.

स्रग्धरा.

पण्याजीवस्तु कश्चित् क्वचिदपि नगरे यत्र विघ्रासमग्रा
न्यग्रोऽभूत्तत्र गत्वा गरूड इति वचस्तर्जितस्तालिकाभिः ।
तत्रत्यैरेव सर्वैरथ स कथमपि स्वां च चिच्छेद नासां,
दुष्टाः स्वैरेव दोषैरधिगतसविधान्योजयन्त्येव साधून् ॥ १७ ॥

એક વેપારી કોઇ નગરમાં ગયો કે જ્યાં સર્વ મનુષ્યો નકટાં (નાક રહિત) રહે છે, તેમને જોઇને સર્વ નાકકટાં મનુષ્યો એક બીજાને તાળી આપીને "આ ગરૂડ છે, આ ગરૂડ છે," એમ મશ્કરી કરવા લાગ્યાં, આવી મશ્કરી નહીં સહન કરવાથી તેણે પોતાનું નાક મહા મહેનતે કાપી નાખ્યું, આ રીતે દુષ્ટ પુરૂષો સત્પુરૂષો ઉપર પોતાના દોષનો આરોપ મેલીને દોષિત કરે છે. ૧૭

સત્પુરૂષ ફક્ત જ્ઞાનીનો ગુરૂ છે તે માટે દૃષ્ટાંત.

* કોઇ એક ગામમાં એક ભલો માણસ હતો તે સૌને પ્રસંગોપાત બહુ સારો ઉપદેશ આપતો હતો, તેથી ઘણા લોકો તેને ગુરૂ તરીકે બહુ માન આપતા હતા; તેથી તે ભલા માણસની એક મૂર્ખ માણસને અદેખાઈ લાગી. તે મૂર્ખને એમ વિચાર થયો કે એ માણસ બધાનો ગુરૂ તે શા માટે થઇ બેઠો છે; એવા તો દુનિયામાં સતરસો પડ્યા છે. એ મફતનું માન ખાટી જાય છે ને મારો તો કોઈ ભાવ પણ પૂછતું નથી. માટે એનું ગુરૂપણું ભૂલાવું તો હું ખરો. લાગ મળે ત્યારે પ્રયત્ન કરીશ એટલે એની મેળે પાધરો થઇ જશે. એમ ધારી તેનો લાગ જોવા લાગ્યો. એટલામાં તે ભલો માણસ બહાર ગામ જતો હતો, ત્યાં રસ્તામાં પેલો અદેખો મૂર્ખ માણસ સામો મળ્યો. તેથી પોતાના હાથમાંની ડાંગ ઉપાડીને કહ્યું કે, ગામમાં બધાનો ગુરૂ બન્યો છે તે તું કે ? ત્યારે તે ગુરૂએ જવાબ દીધો કે, કેમ ભાઇ ? તારે શું કામ છે ? ત્યારે તેણે કહ્યું કે મારે તેની ખબર લેવી છે, થોડીક પૂજા કરવી છે. ગુરૂ ચેતી ગયા, એટલે તેણે કહ્યું કે ભાઇ ? હું તો જ્ઞાનીનો ગુરૂ છું; અજ્ઞાનીનો દાસ છું. તારો તો હું દાસ છું; હું કાંઈ તારો ગુરૂ નથી; મને તું શું કરવા મારે છે ? એવી રીતે કાલાવાલા કરીને તેને સમજાવ્યો ત્યારે તેણે તેને છોડી દીધો.

આવી રીતે સારા ગુરૂઓ છે તે જેઓ નવું જાણવાની ઇચ્છાવાળા છે, ધર્મ ઉપર પ્રેમવાળા છે, અને જેને પ્રભુના નામની લેહ લાગી છે તેઓને માટે છે. આસુરી

* સ્વર્ગ વિમાન.

વૃત્તિવાળા લોકોને માટે તે નથી એવા અદેખાઓ, નાસ્તિકો, લુચ્ચાઓ કે અરધા વટલેલાઓદુરથી સારા ગુરૂઓ ઉપર પથ્થરા ફેંકે તેથી કાંઇ સારા ગુરૂઓનું ગુરૂપણું મટી જતું નથી, ઉલટી તેઓની તરફ લોકોની દિલસોજી વધતી જાય છે; કારણ કે તેઓ એવા છલકાતા અધુરા ઘડાઓની દરકાર કરતા નથી, પણ રોજ રોજ પોતે જાતે સુધરતા જાય છે, રોજ રોજ પોતાનો અભ્યાસ વધારતા જાય છે અને બીજાઓને સુધારવા તથા પ્રભુના રસ્તામાં લાવવા તેઓ રાત દિવસ મચ્યા રહે છે. માટે યાદ રાખજો કે ગુરૂઓનું ગુરૂપણું છે તેનો આધાર એવા આસુર વૃત્તિવાળાઓના બોલવા ઉપર નથી, પણ એ ગુરૂપણાનો આધાર તો પ્રભુના નામની સાથે સંબંધ ધરાવે છે. માટે જ્યાં સુધી ગુરૂઓ સર્વ શક્તિમાન પ્રભુના પવિત્ર નામને પકડી રાખે ને પ્રભુના હુકમ પ્રમાણે દેશ કાળ વિચારીને ચાલે, ત્યાં સુધી શુભ કર્મ તેમને મદદ કરે છે, અને જ્યાં તેમની રહેણીકરણી સારી હોય ત્યાં સુધી તેમને ગુરૂ તરીકે માનવાને અને તેમને વાજબી મદદ કરવાને આપણે આપણા ધર્મથી બંધાયેલા છીએ.

દુર્જન માણસ માખીની જેમ પોતાના પ્રાણની દરકાર કર્યા વિના પણ પરનું અહિત આચરે છે.

आर्या (૧ થી ૫)

त्यक्त्वापि निजप्राणान्परहितविघ्नं खलः करोत्येव ।
कवले पतिता सद्यो, वमयति खलु मक्षिकान्नभोक्तारम् ॥ १ ॥

જેમ માક્ષકા (જમનારના) કોળીયામાં પડીને (પોતાનો પ્રાણ તજીને) ભોજન કરનારને વમન કરાવે છે તેમ ખળ પુરૂષ પોતાના પ્રાણના નાશનું જોખમ ખેડીને (પોતાનો નાશ નહીં ગણકારીને) બીજાના હિતમાં વિઘ્ન કરે છે. ૧

પારકાને ભેદનાર બાણ

ऋजुरेष पक्षवानिति काण्डे प्रीतिं खले च मा कार्षीः ।
प्रायेण हि त्यक्तगुणः, फलेन हृदयं विदारयति ॥ २ ॥

ખળ પક્ષે અર્થ

(હે મિત્ર !) આ પુરૂષ સરલ છે. અને સ્નેહ પક્ષવાળોછે એમ જાણી ખળ પુરૂષમાં તું પ્રેમ કર નહીં; કારણકે ઘણું કરી તે પુરૂષ ગુણનો ત્યાગ કરી પરીણામે હૃદયને ભેદી નાખે છે.

આણ પક્ષે અર્થ

(હે મિત્ર !) આ સરલ છે પીછાંવાળું છે એમ ધારી બાણમાં તું પ્રેમ કર નહીં, કારણકે તે ગુણ (ધનુષ્યની દોરીમાં) થી જુદું પડે છે કે તરત ફળ (ફળા) થી હૃદયને ભેદી નાખે છે. ૨

બીજા મનુષ્યોનો સંહાર કરતાં દુષ્ટનો થતો નાશ.

नैवात्मनो विनाशं, गणयति पिशुनः परव्यसनहृष्टः ।
प्राप्य सहस्रविनाशं, समरे नृत्यति कबन्ध इव ॥ ३ ॥

રણસંગ્રામમાં હજાર રીતથી પોતાનો નાશ થવા છતાં વીર પુરૂષનું ધડ નૃત્ય કરે છે તેમ બીજાના દુઃખને જોઇને આનંદ પામનાર દુષ્ટ મનુષ્ય પોતાના નાશના પ્રકારને ગણકારતો નથી, ૩

પરાયાને દુઃખ આપતાં પાપીને સંતોષ.

परपरितापनकुतुकी, गणयति नात्मीयमपि तापम् ।
परहतिहेतोः पिशुनः, सन्दंश इव स्वपीडनं सहते ॥ ४ ॥

પારકાના સંતાપમાં (દુઃખમાં) હોંશીલો એવો દુષ્ટ પુરૂષ (લોઢાની) સાંડશીની માફક પોતાના દુઃખને ગણકારતો નથી અને બીજાના નાશના હેતુથી પોતે પીડા સહન કરે છે. ૪

તુચ્છ મનુષ્ય ઉજ્વલ પુરૂષને દેખી શકતો નથી.

उज्वलगुणमभ्युदितं, क्षुद्रो द्रष्टुं न कथमपि क्षमते ।
हित्वा तनुमपि शलभः, शुभ्रं दीपार्चिरपहरति ॥ ५ ॥

જેમ પતંગીયો પોતાના શરીરને છોડીને પણ ઉજ્વલ એવી દીવાની કાન્તિનો નાશ કરવા જાય છે તેમ ઉજ્વલ ગુણવાળા ઉદય પામેલા પુરૂષને ક્ષુદ્ર (તુચ્છ મનુષ્ય કોઇ પણ રીતે દેખી શકતો નથી.

અર્થાત્ પતંગીઓ જેમ પરિણામે મૃત્યુ પામે છે તેમ દુર્જનની પણ અંતે એ સ્થિતિ થાય છે. ૫

પ્રશ્નોત્તરથી ખળ પુરૂષની ખળતા.

शार्दूल–विक्रीडित.

कस्त्वं भद्र ! खलेश्वरोऽहमिह किं घोरे वने स्थीयते,
शार्दूलादिभिरेव हिंस्रपशुभिः खाद्योऽहमित्याशया ।

कस्मात्कष्टमिदं त्वया व्यवसितं मद्देहमांसाशिनः,
प्रत्युत्पन्ननृमांसभक्षणधियस्ते घ्नन्तु सर्वान्नरान् ॥ ६ ॥

હે કલ્યાણ કારક ! તું કોણ છે ! હું ખગ પુરૂષનો અધિપતિ છું. શા માટે (આપ) ભયંકર વનમાં રહો છો ? સિંહ વિગેરે હિંસક પશુઓ મારૂ ભક્ષણ કરે એવી ઇચ્છાથી રહું છું. આવું દુઃખ શા કારણથી સહેવું પડે છે ? મારા દેહમાં રહેલ માંસ ખાવાથી મનુષ્યના માંસની (સિંહ વિગેરે હિંસક પ્રાણીઓને) ટેવ પડે ને (તે ટેવને લઇને) સર્વ મનુષ્યોને હણી નાખે (તો ઠીક એવા મનોરથથી આ દુઃખ સહન કરૂં છું.)

અન્યને દુઃખ થવા દુઃખ ઇચ્છતા દુર્જનો

स्रग्धरा.

दास्यत्यस्यैव किन्तु द्विगुणमणिसमग्रं परेभ्योऽभ्युदीर्य,
प्रत्तां जग्राह कश्चिन्नुतजलनिधिना शङ्खिनी याचयित्वा ।
चिन्ताक्रान्तः स्ववित्तद्विगुणमितरगं वीक्ष्य भिन्नैकचक्षु-
र्भूत्वा चक्रेऽक्षियुग्मोज्झितमितरजनं दुर्जनोऽन्यापदर्थः ॥ ७ ॥

કોઇ એક ગામમાં સોમ (ધનલોભી) મનુષ્ય રહેતો હતો, જો કે તે નિર્ધન ન હતો પણ બીજાની સમૃદ્ધિ જોઇ બળ્યા કરતો. અને વિચારવા લાગ્યો કે આ ગામમાં સર્વ મનુષ્યો કરતાં મારે વધારે ધન પ્રાપ્તિ કેમ થાય ? છેવટે એ વિચાર ઉપર આવ્યો કે સમુદ્ર રત્નની ખાણ છે, તે તે મારો મનોરથ પૂર્ણ કરશે, એમ ધારી સમુદ્ર ઉપર તપશ્ચર્યા કરી, ત્રણ દિવસમાં સમુદ્ર મૂર્તિમાન્ થઇ પ્રસન્ન થયોને બોલ્યો કે આપને શું જોઇએ છીએ ? જવાબમાં બહુ ધનની માગણી કરી. સમુદ્રે એક શંખિની આપી, ને કહ્યું કે હે ભાઇ આ શંખિની પાસે તું માગશે તે તને એકનેજ આપશે એમ નહીં પણ તારા આખા ગામમાં સર્વને તારાથી બેવડું ધન આપશે. એ સાંભળી પેલો લોભી તો હર્ષ સાથે શોક કરવા લાગ્યો, શંખીનીની પૂજા કરીને લાખ રૂપીઆ માગ્યા, એટલે શંખિનીએ લોભીને લાખ અને બીજા મનુષ્યોને બબ્બે લાખ રૂપીઆ આપ્યા, એ જોઇ તે બિચારો દુઃખી થઇ ગયો, કારણ બીજાઓ કરતાં પોતાને વધારે ધન ઉત્પન્ન થાય એવો ઉપાય રહ્યો નહીં, પછી પોતે એવો વિચાર કર્યો કે આખા ગામના મનુષ્યો જો આંધળા થઇ જાય તો સર્વની સમૃદ્ધિ ચોરી લઉં, એવો વિચાર કરી શંખિની સન્મુખ હાથ જોડી વિનતિ કરવા લાગ્યો કે હે માતાજી ! મારી એક આંખ ફોડી નાંખો તે સાંભળી સ્વભાવાનુસાર શંખિનીએ તેમની એક આંખ ફોડી નાખી અને બીજા મનુષ્યોની બન્ને આંખો ફોડી નાખી. અર્થાત્ દુષ્ટ પુરૂષ બીજાના દુઃખે સુખી હોય છે.

વિઘ્નસંતોષી દુર્જન

अनुष्टुप् (१-२)

परविघ्नेन संतोषं, भजते दुर्जनो जनः ।
कमेदग्निः परां दीप्तिं परमन्दिरदाहतः ॥ १ ॥

જેમ અગ્નિ બીજાનું ઘર બાળવાથી અત્યન્ત તેજને પ્રાપ્ત થાય છે. તેમ દુર્જન પુરૂષ બીજા મનુષ્યને વિઘ્ન કરીને તેથી (પોતે) સંતોષ માને છે. ૧

સુજનને દુઃખ આપવાથી પ્રસિદ્ધ થતા દુર્જનો.

प्रायः प्रकाशतां याति, मलिनः साधुबाधया ।
नाग्रसिष्यत चेदर्कं, कोऽज्ञास्यात्सिंहिकासुतम् ॥ २ ॥

રાહુ સૂર્યનું ગ્રહણ કરી પ્રસિદ્ધિને પામે છે તેમ મલીન પુરૂષ સત્પુરૂષોને પીડા કરવાથી ઘણું કરીને (જગતમાં) પ્રસિદ્ધિને પામે છે. ૨

કુકર્મમાં ખલ મનુષ્યની બુદ્ધિનો પ્રકાશ.

आर्या.

अतिमलिने कर्तव्ये, भवति खलानामतीव निपुणाधीः ।
तिमिरे हि कौशिकानां, रूपं प्रतिपद्यते दृष्टिः ॥ ३ ॥

જેમ અંધકારમાં ઘૂવડ પક્ષીઓની આંખ પ્રકાશ જોઇ શકે છે; તેમ ખલ પુરૂષોની બુદ્ધિ હલકા કાર્યમાં કુશળ બને છે. ૩

શક્તિહીન અધમ પુરૂષો બીજાથી કરતા કુકર્મો.

आर्या. (१-२)

प्रेरयति परमनार्यः शक्तिविहीनोऽपि जगदभिद्रोहे ।
तेजयति शस्त्रधारां स्वयमसमर्थः शिलां छेत्तुं ॥ १ ॥

આયુધધારી મનુષ્ય પોતે અસમર્થ છે છતાં તે પત્થરને કાપવા પોતાના શસ્ત્રની ધાર સજીને કાઢે છે તેમ દુષ્ટ પુરૂષ (પોતે બીજાને હણવાને) શક્તિ રહીત છે, તો પણ જગતના દ્રોહને માટે બીજાને પ્રેરણા કરે છે. ૧

અધિકારમાં અધમતા.

आर्या.

अन्यस्माल्लब्धपदो, नीचः प्रायेण दुःसहो भवति ।
रविरपि न दहति तादृग्यादृक् सन्दहति वालुकानिकरः ॥ १ ॥

સૂર્યના કરતાં સૂર્યથી તપેલી રેતી (મનુષ્યના પગમાં ફરફોલા પાડીને) દાહ ઉત્પન્ન કરે છે, તેવી રીતે દુષ્ટ સ્વભાવવાળાને બીજાએ (રાજાએ) અધિકાર (બીજાને દુઃખ આપવામાં) પોતે દુઃસહ (દુઃખે સહન કરી શકે એવો એટલે દુઃખ આપનારો) થાય છે. ૧ *

ઉત્કર્ષમાં અધમતા.

* रथोद्धता.

एवमेव न हि जीव्यते खलैः तत्र का नृपतिवल्लभे कथा ।
पूर्वमेव हि सुदुस्सहोऽनलः, किं पुनः प्रबलवायुनेरितः ॥ २ ॥

સત્ય કહું છું કે ખલ પુરૂષ કોઇને જીવવા દેતો નથી, તેમાં વળી રાજાનો તેના ઉપર પ્યાર થયો, તો હવે તો તેમની વાતજ શી કરવી ? કારણ કે જેમ અગ્નિનું સેવન કરવું એ પ્રથમથીજ દુઃસહ (સહન થઇ શકે નહિ તેવું) છે છતાં વળી તે અગ્નિને વધારે પ્રજ્વલિ થવા વાયુની મદદ મળે ત્યારે પછી તેનું વર્ણન શું કરવું ? અર્થાત અસહ્ય થાય છે. ૨

વળી—

वसन्ततिलका.

धूमं पयोधरपदं कथमप्यवाप्य, वर्षाम्बुभिः शमयति ज्वलनस्य तेजः
दैवादवाप्य कलुषप्रकृतिर्महत्त्वं, प्रायः स्वबन्धुजनमेव तिरस्करोति ॥ ३ ॥

જેમ ધૂમાડો અગ્નિમાંથી ઉત્પન્ન થયા છતાં (તેજ, પાણી, પવનની સાથે મળી) મહા મહેનતે વાદળાંરૂપે બનવા પછી અગ્નિની ઉષ્ણતાનેજ વર્ષાઋતુમાં પાણી વડે દાબી દીએ છે; તેમ નીચ મનુષ્ય પ્રારબ્ધ યોગે (પ્રધાનાધિક) મહાપદને મેળવે તો પોતાનાજ બંધુનો તિરસ્કાર (અપમાનની સાથે શકિત નાશ) કરે છે. ૩

---

* ૧ થી ૩ સુભાષિતરત્ન ભાંડાગાર.

* रान्नराविह रथोद्धता लगौ. ર ગણ, ન ગણ, ર ગણ, લઘુ તથા ગુરૂ એમ ૧૧ અક્ષરનું એક ચરણ, તેવાં ચાર ચરણ મળી રથોદ્ધતા છંદ કહેવાય છે.

મૂર્ખ મનુષ્યો અસાર ગ્રાહી હોય છે.

अनुष्टुप् (१२)

मूर्खो हि जल्पतां पुंसां, श्रुत्वा वाचः शुभाशुभाः ।
अशुभं वाक्यमादत्ते, पुरिषमिव शूकरः ॥ १ ॥

જેમ ડુક્કર સારી વસ્તુ છોડીને વિષ્ઠાને ગ્રહણ કરે છે તેમ મૂર્ખ મનુષ્ય, બોલનાર મનુષ્યોની શુભ અને અશુભ એવી વાણીને સાંભળીને (તેમાંથી) અશુભ વચનનેજ ગ્રહણ કરે છે. ૧

જેની પાસે જે હોય તેજ તે આપે.

यद्यदिष्टतमं तत्तद्देयं गुणवते किल ।
अत एव खलो दोषान् साधुभ्यः संप्रयच्छति ॥ २ ॥

"જેને જે ચીજ અગત્યની પ્રિય હોય તે તે ચીજ ગુણવાન્ પુરૂષને આપે છે." તે પ્રમાણે અધમ પુરૂષ (પોતાને દોષ અત્યન્ત પ્રિય છે તેથી) સાધુ પુરૂષોને દોષોનુંજ દાન કરે છે. ૨

દુર્જન કેવી રીતે ગુણને છોડીને દોષને ગ્રહણ કરે છે ?

आर्या.

त्यजति च गुणान्सुदूरं, तनुमपि दोषं निरीक्ष्य गृह्णाति ।
मुक्त्वालङ्कृतकेशान्, यूकामिव वानरः पिशुनः ॥ ३ ॥

જેમ નીચ એવો વાનર (વાંદરો) (મોતી વગેરેથી) સુશોભિત એવા કેશો. ત્યાગ કરીને જેમ જુંને ગ્રહણ કરે તેમ દુર્જન પુરૂષ ગુણોને છેટેથી ત્યાગ કરે છે. અને થોડા પણ દોષને દેખીને ગ્રહણ કરે છે. ૩

દોષ ગ્રહણ કરવામાં દુર્જન અને સાંઢીયાની સમાનતા.

उपजाति (४५)

कर्णामृतं सूक्तिरसं विमुच्य, दोषेषु यत्नः सुमहान्खलस्य
अवेक्षते केलिवनं प्रविष्टः, क्रमेलकः कण्टकजालमेव ॥ ४ ॥

ક્રીડાના વનમાં પેઠેલ એવો સાંઢીયો કાંટાના સમુહનેજ દેખે છે. (શોધેછે.) પણ શુભલતાઓને દેખી શકતો નથી તદ્વત્ દુર્જન કાનને અમૃત તુલ્ય એવા ઉત્તમ ભાષણના રસને છોડીને ખલ પુરૂષના દોષોમાં ઘણી મહેનત કરે છે. (દોષ ગ્રાહી થાય છે.) ૪

દોષોનું દાન કરવા છતાં દુર્જનો પાસે રહેલો દોષસંગ્રહ.

समर्पिताः कस्य न तेन दोषा हठाद्गुणा वा न हृता खलेन ।
तथापि दोषैर्न वियुज्यतेऽसौ, स्पृष्टोऽपि नैकेन गुणेन चित्रम् ॥ ५ ॥

નીચ પુરૂષે કયા મનુષ્યને દોષનું દાન નથી કર્યું ? અને બલાત્કારથી કોના ગુણનું હરણ નથી કર્યું (એટલે પોતાના સંબન્ધમાં આવવાથી કોને તે ગુણહીન નથી કરી મૂકતો ? છતાં જેમ ચોર બીજાનું દ્રવ્ય ચોરે છે તે પ્રથમ પોતાને પ્રાપ્ત થાય છે તેમ આ નીચ પુરૂષ દોષનું દાન આપ્યા કરે છે તો પણ તેના દોષ ખૂટતા નથી અને તેને પ્રાપ્ત થવા જોઇએ તે થતા નથી એ આશ્ચર્યની વાત છે ! ૫

દુર્જનને હલકી વસ્તુ પ્રાપ્ત કરવાનો પ્રેમ.

हरिणी.

कृमिकुलचितं लालाक्लिन्नं विगन्धि जुगुप्सितं,
निरुपमरसप्रीत्या खादन्नरास्थि निरामिषं ।
सुरपतिमपि श्वा पार्श्वस्थं विलोक्य न शङ्कते,
न हि गणयति क्षुद्रो जन्तुः परिग्रहफल्गुताम् ॥ ६ ॥

જ્યારે કૂતરો ઘણા કીડાથી વ્યાપ્ત, લાળોથી ભીનું દુર્ગંધીવાળું, નિંદવાલાયક સ્વાદ વિનાનું માંસ રહિત એવા મનુષ્યના હાડકાને સ્નેહથી ખાતો હોય છે ત્યારે કદાચ તેની પાસે દેવાધિરાજ (ઇંદ્ર) ઉભો હોય તો પણ પોતે શરમાતો નથી; તેજ પ્રમાણે હલકો માણસ પણ (સત્પુરૂષની સન્મુખ) હલકી વસ્તુ સ્વીકારવામાં શરમાતો નથી. ૬

ગુણ કરતાં દોષમાં દુર્જનને જણાતી મહત્તા.

शार्दूलविक्रीडित.

त्यक्त्वा मौक्तिकसंहतिं करटिनो गृह्णन्ति काकाः पलं,
त्यक्त्वा चन्दनमाश्रयन्ति कुपितेभ्योऽतिक्षयं मक्षिकाः ।

हित्वान्नं विविधं मनोहररसं श्वानो मलं भुञ्जते,
यद्वल्लान्ति गुणं विहाय सततं दोषं तथा दुर्जनाः ॥ ७ ॥

જેમ કાગડાઓ હાથીના (મસ્તક ઉપર રહેલ) મોતીના સમૂહને છોડીને (તેમાંથી) માંસ ગ્રહણ કરે છે, માખીઓ ચન્દનનો ત્યાગ કરીને દુઃખી થયેલાંઓના ચાંદાંનો આશ્રય કરે છે; કુતરાઓ મનોહર રસવાળા વિવિધ પ્રકારના અન્નનો ત્યાગ કરીને મળ (વિષ્ટા)નું ભક્ષણ કરે છે. તેમ દુર્જન પુરૂષો ગુણનો ત્યાગ કરીને હમેશાં દોષનું ગ્રહણ કરે છે.

દુર્જનો ક્યાં સુધી ગર્જના કરે છે.

अनुष्टुप्.

तावद्गर्जन्ति मण्डूकाः कूपमाश्रित्य निर्भयाः ।
यावत्करिकराकारः कृष्णसर्पो न विद्यते ॥ १ ॥

જ્યાં સુધી હાથીની સુંઢના આકાર જેવો કાળોત્રો (કાળીનાગ) સર્પ (પાસે) ન હોય ત્યાં સુધી કૂવામાં નિર્ભય રીતે રહેલા દેડકાઓ ડરાંઉં ડરાંઉં ગર્જના કરે છે. ૧

દુષ્ટના સ્વાર્થનું દર્શન.

मालिनी.

इह सरसि सहर्षं मञ्जुगुञ्जाभिरामं,
मधुकर कुरु केलिं सार्धमम्भोजिनीभिः ।
अनुपममकरंदामोददत्तप्रमोदा,
त्यजति बत न निंद्रां मालती यावदेषा ॥ २ ॥

હે ભમરા! જ્યાં સુધી અનુપમ મકરંદના સુગંધથી આનંદને આપનાર એવી આ માલતી (પુષ્પલતા) નિદ્રાનો ત્યાગ ન કરે (એટલે ન ઉડે) ત્યાં સુધી તું આ તળાવમાં હર્ષથી સુંદર ગુંજારવ કરતાં મનોહર રીતે કમલિનીઓ (કમળલતાઓ)ની સાથે ક્રીડા (રમણ) કર. ૨

સત્ય આગળ અસત્યની ઝાંખપ.

अनुष्टुप्.

खद्योतो द्योतते तावद्यावन्नोदयते शशी ।
उदिते तु सहस्रांशौ न खद्योतो न चन्द्रमाः ॥ १ ॥

જ્યાં સુધી ચંદ્રમા ઉદય પામતો નથી, ત્યાં સુધી પતંગીઓ પ્રકાશે છે; પણ જ્યારે સૂર્ય પ્રકાશે છે, ત્યારે ચંદ્રમા પ્રકાશી શકતો નથી ત્યારે પતંગીઓ તો કયાંથી પ્રકાશ કરે ? (અર્થાત્ પચંડ તેજના પ્રકાશમાં અલ્પ તેજ સ્વતંત્ર રીતે પ્રકાશી શકતું નથી.)

અહીં સૂર્યોક્તિ દ્વારા કોઇ સત્ય શાસ્ત્રોક્ત ધુરંધર ધર્મનિષ્ઠ આચાર્યના પરાક્રમનું વર્ણન છે. કે "હે કૃપાળુ ! આપના અનુમતી સિદ્ધાંતો આગળ આ પાખંડી ધર્મના સિદ્ધાંતો શા હિસાબમાં છે ? આપે જ્યાં સુધી સભા ભરી તેઓનો પરાજય નથી કર્યો, ત્યાં સુધી આ પાખંડી ધર્મનિષ્ઠ આડંબરી પુરૂષો આડંબર કરી રહ્યા છે. ૧

દુર્જનની બડાઇ.

निशीलनाय पद्मानामुदयायाल्पतेजसाम् ।
तमसामवकाशाय, व्रजत्यस्तमसौ रविः ॥ २ ॥

પદ્મોના વિચાવા માટે, થોડા તેજવાળા (ગ્રહનક્ષત્રાદિ)ના ઉદય માટે તથા (જગતમાં) અંધકાર પ્રસરે તેને માટે સૂર્યનો અસ્ત થાય છે.

સારાંશ—જ્યારે સત્પુરૂષો બીજાઓના સુખને માટે પોતે દુઃખમય સ્થિતિ ભોગવવાને તૈયાર થાય છે. ત્યારે દુષ્ટ જનો બડાઇ કરે છે. ૨

કોઇ વખત સ્ત્રી પણ નિંદ્ય છતાં પ્રશસ્ત છે.

स्त्रीणामपि वचः कालेऽनुकूलं मन्यते बुधैः ।
दुर्गा वामगता किं न शस्यते मार्गगामिभिः ॥ ३ ॥

કોઇ સમયે સ્ત્રીઓના વચનને પણ વિદ્વાન્ પુરૂષો અનુકૂલ માને છે. કારણ કે * દુર્ગા (ચીબરી) નામની પક્ષીણી ડાબે પડખે રહી હોય તો તે વટેમાર્ગુઓ વડે શું નથી વખણાતી ? અર્થાત્ તે શુકન મનાય છે. ૩

* દુર્ગા શબ્દનો આ શ્લોકમાં (ચીબરી નામે પક્ષી) એમ અર્થ કરવામાં આવ્યો છે પરંતુ ખરો અર્થ શું કરવો એ કઠીન છે કારણ કે આ શકુનનો વિષય છે એટલે શુકન જાણી લેવું એ વધારે સારૂં છે તો પણ મારાથી તે વિષે જેટલો શોધ થયો છે તે આપ મહાશયોની દૃષ્ટિગોચર કર્યું છે શાર્ંગધર પદ્ધત્તિમાં દુર્ગાના (૧૬) પર્યાય શબ્દો આ પ્રમાણે આપ્યા છેઃ—

श्यामा कृष्णा शकुनिः सितपक्षा पोतकी कुमारी त्वम् ।
दुर्गा देवी चटका धनुर्धरी पाण्डवी च वराही त्वम् ॥ २५४ ॥
पान्थजननी तथामा ब्रह्मसुता शकुनदेवता त्वमसि ।
प्रत्यक्षा भव भगवति नमोऽस्तु ते देहि मे सिद्धिम् ॥ २५५

કાળની બલીહારી.

वसन्ततिलका (४-५)

यस्यां स केसरियुवा पद्माबबन्ध, गन्धद्विपेन्द्ररुधिरारुणिताङ्गणायाम् ।
तामद्य पर्वतदरीं धुतधूमलोमा, गोमायुरेष वपुषा मलिनीकरोति ॥ ४ ॥

બહેકી ગયેલા અને મદવાળા હાથીઓના રૂધિરથી રાતા આંગણાવાળી જે ગુફામાં યુવક કેશરી વિહાર કરતો હતો; તે ગુફાને આજ વાળ ખંખેરનારો શીયાળ પોતાના શરીરથી મલીન કરે છે. ૪

અલ્પજ્ઞને ઉપાલંભ.

इन्दुः प्रायस्यति विनङ्क्ष्यति तारकश्रीः, स्थास्यन्ति लीढतिमिरा न मणिप्रदीपाः।
अन्धं समग्रमपि कीटमणे भविष्यत्युन्मेषमेष्यति भवानपि दूरमेतत् ॥ ५ ॥

હેકીટમણિ ! (પતંગીયા !) ચન્દ્રમા પલાયન કરી જશે. તારા મંડળની શોભા વિનાશને પામશે. અને અન્ધકારનું ભક્ષણ કરનારા મણિના દિવાઓ સ્થિર રહી શકશે નહિં એટલે તેનો પ્રકાશ નહિં ટકી શકે. તેથી સર્વ જગત અન્ધ થઈ જશે. તે વખતે તું " તેજ સ્વિપણાને પામીશ. આ વાત દૂર છે. કારણ કે આવા વખતમાં તો સૂર્યનો ઉદય થશે. તે વાતની તને ખબર જ નથી.

સજ્જનના અભાવે દુર્જનનું સામ્રાજ્ય.

शिखरिणी.

गते तस्मिन्भानौ त्रिभुवनसमुन्मेषविरह—
व्यथां चन्द्रो नेष्यत्यनुचितमितो नास्ति किमपि ।
इदं चेतस्तापं जनयतितरामत्र यदपि,
प्रदीपाः संजातास्तिमिरहतिबद्धोद्धुरशिखाः ॥ ६ ॥

જ્યારે સૂર્ય અસ્ત થાય છે ત્યારે ત્રણ જગતની વિરહ વેદના ચંદ્રને થતી નથી તેના જેવું અયોગ્ય બીજું શું કહેવું ! (અર્થાત્ સૂર્યાસ્ત પછી ચંદ્રોદય થાય છે.) તેમજ અંધકારનો નાશ કરવા સારૂં ઉંચી શિખાવાળા દીવાઓ ઉત્પન્ન થાય છે. તે ઉપરથી મન અતીશે સંતાપ પામે છે.

સારાંશ—સૂર્યના તેજથી ચંદ્રતેજ પ્રકાશે છે માટે સૂર્યાસ્ત પછી ચંદ્ર પોતે પ્રકાશિત થવું ન જોઈએ છતાં કૃતજ્ઞતા ભૂલી જઈ કૃતઘ્નતા બતાવવી એથી બીજું અયોગ્ય શું ? તેમજ જે મનુષ્ય જેમનાથી પોષાયો હોય તેમનું મહાત્મ્ય ખંડિત કરવા તૈયાર થવું એ ઘણુંજ અયોગ્ય છે.

નાયક વગરનું નિરંકુશ યંત્ર.

शार्दूलविक्रीडित.

एणः क्रीडति सूकरश्च खनति द्वीपी च गर्वायते,
क्रोष्टा क्रन्दति वल्गते च शशको वेगाद्रुरुर्धावति ।
निःशङ्कः करिपोतकस्तरुलतामुन्मोटते लीलया,
हंहो !सिंह विना त्वयाद्य विपिने कीदृग्दशा वर्तते ॥ ७ ॥

હહો (ખેદ સૂચક સંબોધન) હે સિંહ તારા વિના આજ આ વનમાં કેવી દશા વર્તી રહી છે. કે હરિણ (મૃગ) રમત કરી રહ્યા છે. ડુક્કર (ભૂમિને પોતાના દાતરડાથી) ખોદી રહ્યા છે. દીપડો મહા ગર્વમાં ગરકાબ થઇ ગયો છે. શીયાળ બરાડા પાડી રહ્યો છે. શશલો (જ્યાં ત્યાં) વળગી રહ્યો છે રૂરૂ નામનો મૃગલો (આમ તેમ) દોડી રહ્યો છે, અને હાથીનું બચ્ચુ લીલા (રમત) થી વૃક્ષની લતાને ઉખેડી રહ્યું છે. મતલબ કે સમર્થ નાયકના અભાવમાં ખલ પુરૂષો પોતાનું કેવું ચાતુર્ય ભિન્ન ભિન્ન રીતે દર્શાવે છે તેનું દિગ્દર્શન કરાવવા સારૂ આ અન્યોક્તિ છે.

અન્યાયોપાર્જિત ધન કરતાં નિર્ધનની કિંમત.

अनुष्टुप्

वरं दारिद्र्यमन्यायप्रभवाद्विभवादिह
कृशताभिमता देहे पीनता नतु शोफतः

જેમ સોજાના રોગથી શરીરમાં પુષ્ટતા (જાડાઇ) કરતાં નીરોગી શરીરની કૃશતા (પાતળાઈ) સારી છે તેમ આ જગતમાં અન્યાયથી ઉત્પન્ન કરેલ સમૃદ્ધિ કરતાં દરિદ્રતા સારી છે; ૧

કુટુંબીના આશ્રય કરતાં મરણમાં શાન્તિ.

वरं मृत्युर्वरं भिक्षा वरं सेवापि वैरिणाम् ।
दैवाद्विपदि जातायां स्वजनाभिगमो न तु ॥ २ ॥

દૈવથી કદી વિપત્તિ ઉત્પન્ન થાય તો મરણ પામવું સારૂં, ભીખ માગવી સારી અને દુશ્મનોની નોકરી કરવી પણ ઉત્તમ છે, પરંતુ સ્વજન (કુટુંબી) ના આશ્રયથી રહેવું એટલે સ્વજનની નોકરી કે યાચના કરવી સારી નથી.

સદાચારમાં શાંતિ

उपजाति. (३–४)

दुःखं वरं चैव वरं च भैक्ष्यं, वरं च मौर्ख्यं हि वरं रुजोऽपि ।
मृत्युः प्रवासोऽपि वरं नराणां, परं सदाचारविलङ्घनं नो ॥ ३ ॥

દુઃખ આવવું, ભિખ માગી આજીવિકા ચલાવવી, મૂર્ખતા (જડ બુદ્ધિ) કે અનેક પ્રકારના રોગો, મરણુ અને પ્રવાસ સંબન્ધી દુઃખ એ સર્વ મનુષ્યોને સારાં છે. પરંતુ સદાચાર (શુદ્ધ ચારિત્ર) નું ઉલ્લંઘન કરવું સારૂં નથી. ૩

નિર્ધન વિગેરેના સુખના સ્થાન.

गतार्थसार्थस्य वरं विदेशो, भ्रष्टप्रतिज्ञस्य वरं विनाशः ।
कुबुद्धिसंगाद्वरमेकताद्रौ, वरं दरिद्री बहुपापचित्तात् ॥ ४ ॥

જેના ધનનો જથો ચાલ્યો ગયો છે એવા મનુષ્યને વિદેશમાં વસવું સારૂં છે, પ્રતિજ્ઞા ભ્રષ્ટ એવા મનુષ્યનું મરણુ સારૂં છે, કુબુદ્ધિવાળા પુરૂષોના સંગ કરતાં પર્વતમાં એકતા કરી પત્થર જેવા બની રહેવું સારૂં છે. અને ઘણા પાપોમાં ચિત્ત રાખનારા (ધનાઢ્ય) કરતાં દીન (ગરીબ) મનુષ્ય ઉત્તમ છે. ૪

અગ્નિ કરતાં ક્રોધાગ્નિમાં ઉષ્ણુતા.

कोपस्य संगाद्वरमग्निसेवनं, मनोऽभिषङ्गाद्वरमद्रिलङ्घनम् ।
सच्छद्मबुद्धेरमल्पबुद्धिता, गर्तानिपातो वरमुग्रलोभतः ॥ ५ ॥

ક્રોધના સંગ કરતાં અગ્નિનુ સેવન કરવું (એટલે તેમાં બળી મરવું) સારૂં છે. મનને વશ કરવા કરતાં પર્વતનું ઉલ્લંઘન કરવું સારૂં છે, (એટલે મન વશ કરવું દુષ્કર છે.) કપટી બુદ્ધિવાળા મનુષ્ય કરતાં અલ્પબુદ્ધિવાળાપણું સારૂં છે, અને ઉગ્ર એવા લોભ કરતાં ગર્તા (ખાડા) માં પડવું સારૂં છે. ૫

ઉત્તમતાની કસોટી.

इन्द्रवज्रा.

गेही वरं नैव कुशीललिंगी, मूर्खो वरं मा विबुधः प्रमादी ।
अन्धो वरं मा परवित्तदृष्टि, मूको वरं मा बहुकूटभाषी ॥ ६ ॥

ગૃહસ્થાશ્રમી પુરૂષ ઉત્તમ છે પરંતુ કુત્સિત ચરિત્રવાળો યતિ ઉત્તમ નથી, મૂર્ખ પુરૂષ ઉત્તમ છે પણુ પ્રમાદરાખનાર વિદ્વાન્ પુરૂષ ઉત્તમ નથી, આંધળો મનુષ્ય ઉત્તમ છે, પણુ બીજાના ધનમાં દૃષ્ટિ (નજર) રાખનાર ઉત્તમ નથી, મુંગો મનુષ્ય ઉત્તમ છે, પરંતુ ઘણા કૂટ (અસત્ય) ભાષણુ કરનાર મનુષ્ય ઉત્તમ નથી. ૬

અનાચારથી બચવા ઉત્તમ માર્ગ.

वंशस्थ.

वरं च दास्यं विहितान्यमार्गणाद्वरं च शस्त्र्या न परस्त्रियां गमः ।
वरं विषं मा गुरुदेववञ्चनं, वरं विनाशो न कलङ्कि जीवितम् ॥ ७ ॥

વિહિત (શાસ્ત્રોમાં કહેલ એવા ધર્મ વગેરે) થી અન્ય વ્યવહારમાં શોધ કરવા કરતાં દાસપણું કરવું સારૂં છે. શસ્ત્રી (છુરી) સાથે ભેટવું સારૂં છે. પરંતુ પરસ્ત્રીને ભેટવું સારૂં નથી, ઝેરનું ભક્ષણ કરવું સારૂં છે, પરંતુ ગુરૂદેવને છેતરવાનું કાર્ય ઉત્તમ નથી. મરણ સારૂં છે. પણ કલંકિ જીવન સારૂં નથી. ૭

શું શું ગ્રાહ્ય છે ? અને શું શું ત્યાજ્ય છે?

शिखरिणी (૮-૯)

वरं मौनं कार्यं न च वचनमुक्तं यदनृतं,
वरं क्लैव्यं पुंसां न च परकलत्राभिगमनम् ।
वरं प्राणत्यागो न च पिशुनवाक्येष्वभिरुचि–
र्वरं भिक्षाशित्वं न च परधनास्वादनसुखम् ॥ ८ ॥

ચૂપ રહેવું એ સારૂં છે. પણ ખોટું બોલવું એ ઠીક નથી. પરસ્ત્રીના સમાગમ કરતાં મનુષ્યોને નપુંસક પણું શ્રેષ્ઠ છે. ચાડીયાના વચન ઉપર પ્રીતિ કર્યા કરતાં પોતે મરવું એ પ્રશંસનીય છે, અને અન્યના ધનથી મેળવેલ સુખ કરતાં ભિક્ષાથી નિર્વાહ ચલાવવો એ ઉત્તમ છે. ૮

અયોગ્ય આશ્રયથી બચવાના સ્થાનો.

वरं शून्या शाला न च खलु वरो दुष्टवृषभो,
वरं वेश्या पत्नी न पुनरविनीता कुलवधूः ।
वरं वासोऽरण्ये न पुनरविवेकाधिपपुरे,
वरं प्राणत्यागो न पुनरधमानामुपगमः ॥ ९ ॥

પશુશાળા (ઢોર બાંધવાની જગ્યા) ખાલી રહે એ સારૂં છે પણ મારકણો બળદ તેમાં બાંધવો એ સારૂં નથી, વેશ્યા સ્ત્રીને પોતાની સ્ત્રી બનાવવી એ યોગ્ય છે પણ ભ્રષ્ટ થયેલી કુલીનસ્ત્રીને ધર્મપત્નીનો હક આપવો એ યોગ્ય નથી, અરણ્યમાં નિવાસ કરવો એ શ્રેષ્ઠ છે પણ વિવેક રહિત રાજાના શહેરમાં રહેવું શ્રેષ્ઠ નથી, પ્રાણ ત્યાગ કરવો એ સુશોભિત છે પણ દુષ્ટ માણસના આશ્રય નીચે આજીવિકા ચલાવવી એ સુશોભિત નથી. ૯

વધારે સારૂં શું ?

મનહર છંદ

અતિ અપમાન કરી દયા વિના દીધું દાન, એવું દાન દીધાથી ન દીધું તેજ સારૂં છે;
આળસ ન કીધી પણ કપટનું કીધું કામ, એવું કામ કીધાથી ન કીધું તેજ સારૂં છે;

પાણીની તરશ લાગે નિંબ તણું પીધું પાન, એવું પાન પીધાથી ન પીધું તેજ સારૂં છે;
કહે દલપત્ત ઠગવા પ્રભુનું લીધું નામ, એવું નામ લીધાથી ન લીધું તેજ સારૂં છે. ૧

ખલ પુરૂષ પોતાનાં મોટાં પણો દૂષણ જોતો નથી.

अनुष्टुप्

खलः सर्षपमात्राणि परच्छिद्राणि पश्यति ।
आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति ॥ १ ॥

ખળ પુરૂષ બીજાનું નાનામાં નાના સર્ષપાના દાણા (એક જાતનું ધાન્ય) જેવડું છિદ્ર હોય તો પણ તેને જોઈને (જગતમાં જાહેર કરે છે) પણ પોતાના છિદ્રો બીલાં (એક જાતનાં ફળો) જેવડાં હોય તે તે જોયા કરે તો પણ જાણે જોતો જ નથી (એમ માને છે. ત્યારે જાહેર તો કયાંથી કરે?) ૧

કવિત.

મુર્ખ ઊંટની આત્મ શ્લાઘા.

ઉંટ કહે આ સમયમાં વાંકા અંગવાળા ભુંડા,
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;
બગલાની ડોક વાંકી પોપટની ચાંચ વાંકી.
કુતરાની પુંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સુંઢ વાંકી વાઘના છે નખ વાંકા,
ભેંશને તો શીર વાંકા શીંગડાનો ભાર છે;
સાંભળી શીયાળ બોલ્યો દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે. ૨

હંસ અને કાગડાનો સંવાદ.

મનહર છંદ

કાગ કહે રાગ મારો હંસથી રસિક રૂડો,
અંગતણો રંગ પણ જાણનાર જાણશે;
મરદની મુચ્છે રંગ હોય હંસ અંશ જેવો,
રંગ બાંધી, રંગ મુજ અંગ તુલ્ય આણશે;
પતિવ્રતા પતનિનો પતિ પરદેશ હોય,
પતિજથી તે તો મારા બોલને પ્રમાણશે;
શું કહું વિશેષ વાત સુણો દલપતરામ,
વિવેક વિનાના લોક હંસને વખાણશે.

હંસ કરે હાડીયાનું ચાડીયાની ચાલ છોડ,
બાડીયા તારા તે બોલ ચાહી કોણ ચાખશે;
આપનાં વખાણ આપો આપ કરે આપ મુખ.
દુનિયાં તો દેખશે તેવાજ ગુણ દાખશે;
માન મળે તને, તો હું નથી અપમાન દેતો,
માન અપમાન જોગ માનવીઓ ભાખશે;
દાઝે બળ્યો દ્વેષ કરે તેથી દલપત કહે,
રાગ રંગ રૂડો ગણી તને કોણ રાખશે. ૪

બાહ્ય આડંબર કરતા ઝેરી દુર્જન.

शार्दूलविक्रीडित (૧ થી ૩)

गाढं श्लिष्यति दूरतोऽपि कुरुतेऽभ्युत्थानमार्द्रेक्षणो,
दत्तेऽर्धासनमातनोति मधुरं वाक्यं प्रसन्नाननः ।
चित्तान्तर्गतवञ्चनो विनयवान् मिथ्यावधिर्दुष्टधी-
र्योदुःखामृतमर्मणाविषमयो मन्ये कृतो दुर्जनः ॥ १ ॥

દુર્જન મનુષ્ય બીજાને મળતાં એકદમ (મજબુત રીતે) ભેટી પડે છે, અને છેટેથી પણ આંસુ વાળી આંખ કરીને ઉભો થઇ જાય છે, અને પાસે જતાં પ્રસન્ન મુખ રાખીને અર્ધું આસન આપે છે તથા મધૂર વાકયને વિસ્તારે છે. પરંતુ ચિત્તમાં છેતરવાનું કામજ કર્યા કરે છે એટલે આ મનુષ્યને કેમ છેતરૂં ? એ વિચાર કર્યા કરે છે. પરંતુ ઉપરથી વિનયનો ડોળ કરે છે એટલે દુષ્ટબુદ્ધિવાળો દુર્જન મિથ્યા પણાની અવધિરૂપ છે. એટલે દુઃખ (વિખ) તથા અમૃતના સ્થાન રૂપ એવા બ્રહ્માએ ઝેર મય (ઝેરમાંથી) જ દુર્જનને ઉત્પન્ન કર્યો છે એમ હું માનું છું.

દુર્જનની પ્રપંચજાળ.

प्रत्युत्थाति समेति नौति नमति प्रह्लादते सेवते,
भुङ्क्ते भोजयते धिनोति वचनैर्गृह्णाति दत्ते पुनः ।
अङ्गं श्लिष्यति सन्तनोति वदनं विस्फारितार्द्रेक्षणं,
चित्तारोपितवक्रिमोऽनुकुरुते कृत्यं यदिष्टं खलः ॥ २ ॥

ચિત્તમાં વક્રપણાંને ધારણ કરનાર ખલપુરૂષ બીજાને જે ઠીક લાગે તેવું ઇચ્છિત આચરણ કરે છે તે કેવી રીતે ? કે બીજા મનુષ્યને આવતો દેખી ઉભો થઇ સામો જાય છે. વખાણ કરવા માંડે છે, નમસ્કાર કરે છે, હર્ષ બતાવે છે, સેવા કરવા લાગે છે.

પોતે જમે છે તેને જમાડે છે વિવિધ વર્તન કરે પ્રીતિ ઉત્પન્ન કરે છે, કાર્ય આવે કાંઇ વસ્તુ તેની પાસેથી ગ્રહણ કરે છે અને પાછી પણ આપી દેછે (ક્ષણ માત્રમાં) અંગને ભેટવા માંડે છે અને વિકસ્વર તથા આર્દ્ર નેત્રવાળા મુખને વિસ્તારે છે આ સર્વ ચેષ્ટાઓ બીજાને છેતરવાની બુદ્ધિથીજ કરે છે. ૨

દુષ્ટ મનુષ્યનો કૃત્રિમ સ્નેહ.

दूरादुच्छ्रितपाणिरार्द्रनयनः प्रोत्सारितार्धासनो,
गाढालिङ्गनतत्परः प्रियकथाप्रश्नेषु दत्तादरः ।
अन्तर्भूतविषो बहिर्मधुमयश्चातीव मायापटुः,
को नामायमपूर्वनाटकविधिर्यः शिक्षितो दुर्जनैः ॥ ३ ॥

દૂરથી કોઇ મનુષ્યને જોઇને ઉંચા હાથ કરવા, નેત્રમાં આંસુ લાવવાં, અર્ધું આસન બેસવા માટે ખાલી કરવું, ગાઢ આલિંગન કરવામાં તૈયાર રહેવું, સ્નેહીઓની કુશળ કથાના પ્રશ્નો પૂછવામાં ભાવ બતાવતો ચિત્તની અંદર ઝેર (શઠપણું) રાખવું અને બાહેર મીઠાશ (વિવેકની આડંબરતા) બતાવવી, આવી જે કપટની અપૂર્વ નાટકની રચના ખલ પુરૂષો શીખ્યા છે તે કેવી જાતની હોવી જોઇએ? ૩

મચ્છર મારવાના સાંચાનું દ્રષ્ટાંત.

ઇન્દ્રવિજય.

શીતળ શાંત સ્વભાવ સજે, ખળ માનવિ મચ્છર મારણ સાંચો;
વીશવસા વિશ્વાસ વસે, ઉપજે નહિ એહ પડે નહિ ખાંચો;
વાત વિશેષ કહે દલપત, સો બોધ વિષે વિગતે કરી વાંચો;
ઠંડક દેખી રહે ઠરી મચ્છર, ચંચળ થૈ પકડે પછી સાંચો. ૪

ખાખરાના ફળની સરખામણી.

જો ભરપૂર ભલાઇ દિસે પણ, ક્રૂર પછિ કાળ જ કાપે;
ખૂબ ખિલ્યો દરસે તરૂ ખાખર, ખાખર તો કડવાં ફળ[1] આપે,
તેમજ દુષ્ટ તમામ તણી ગતિ, મિત્ર થઇ મન આપણું આપે;
મિત્ર મટી દલપત કહે પછિ. શત્રુ સમાન સદૈવ સંતાપે. ૫

દોહો.

બાથ ભરી ભેટયા થકી, કરિયો નહિ વિશ્વાસ;
કોકળાને લે બાથમાં, સૂડી કરે વિનાશ. ૬

---

૧ ફળ–પીતપાપડો.

નીચ પુરૂષના ગુણોમાં ઝેર.

*अनुष्टुप् (૧ થી ૫)

चारुता परदारार्थं धनं लोकोपतप्तये ।
प्रभुत्वं साधुनाशाय खले खलतरा गुणाः ॥ १ ॥

નીચ પુરૂષની સુન્દરતા બીજાની સ્ત્રીયોને ભ્રષ્ટ કરવા સારૂ છે. અને ધન લોકોને સંતાપ કરવા સારૂ છે, તેમ તેની મોટાઇ સજ્જનોનો નાશ કરવા સારૂ છે. એમ ખલ પુરૂષમાં રહેલા ગુણો પણ અત્યન્ત ખલ થઇ જાય છે. ૧

દુર્જનની રેંટના ઘડા સાથેની તુલના.

जीवनग्रहणे नम्रा गृहीत्वा पुनरुन्नताः ।
किं कनिष्ठाः किमु ज्येष्ठा घटीयन्त्रस्य दुर्जनाः ॥ २ ॥

દુર્જનો (કોઇનો) જીવ લેવામાં પ્રથમ નમ્ર બની જાય છે, પછી જીવ ગ્રહણ કરીને ઉદ્ધત થાય છે. માટે રેંટના ઘડા જેવા છે. કેમકે જેમ રેંટના ઘડાઓ પ્રથમ જીવન (જળ) લેતી વખત નમી જાય છે ને પાછળથી ઉંચા મુખ રાખી ઉદ્ધત બન્યા જેવા દેખાય છે એ રીતે દુર્જન તથા રેંટના ઘડાઓ સરખા જ છે.

દુર્જન સાંબેલા જેવો છે.

कुर्वते स्वमुखेनैव, बहुधान्यस्य खण्डनम् ।
नमः पतनशीलाय, मुसलाय खलाय च ॥ ३ ।

ખળ પુરૂષ પોતાના મુખ વડે ઘણે પ્રકારે બીજાનું ખંડન કરે છે, એટલે પોતે પતન (પાપ) શીળવાળો સાંબેલા તુલ્ય છે તેને દૂરથી નમસ્કાર હો. મતલબ કે સાંબેલું પોતાના મુખ ભાગથી બહુ ધાન્યનું ખંડન કરનાર વારંવાર પડવાના સ્વભાવવાળું છે તેમ દુર્જનનો સ્વભાવ પણ છે. ૩

ધતુરાના ફળ સાથે દુષ્ટનો મુકાબલો.

अन्तर्मलिनदेहेन, बहिराह्लादकारिणा ।
महाकालफलेनेव, के खलेन न वञ्चिताः ॥ ४ ॥

અંદર મલિન દેહ (ચિત્ત) વાળો અને બહારથી સુંદર આકારવાળો એવો જે ખળ પુરૂષ તથા તેવું ધતુરાનું ફળ તેનાથી ક્યા પુરૂષો છેતરાયા નથી ? ૪

* ૧ થી ૫ સુભાષિત રત્ન ભાંડાગાર.

દુર્જન તથા મચ્છર બેઉ સદશ છે.

वसन्ततिलका.

प्राक् पादयोः पतति खादति पृष्ठमांसं,
कर्णे कलं किमपि रौति नैर्यिचित्रम् ।
छिद्रं निरूप्य सहसा प्रविशत्यशङ्कः
सर्वं खलस्य चरितं मशकः करोति ॥ ५ ॥

મચ્છર દુષ્ટ પુરૂષની માફક પગમાં પડે છે, વાંસાના ભાગમાં માંસમાંથી બટકાં ભરે છે, કાન પાસે વિચિત્ર પ્રકારનો સુંદર શબ્દ કરે છે. અને છિદ્ર જોઇને શંકા રહિત થઇ એકદમ તેમાં પ્રવેશ કરે છે, તેમ ખળ પુરૂષ પણ પ્રથમ પગમાં પડી નમન કરે છે, પાછળથી મારવાના ઉપાયો રચે છે, કાનને પ્રિય લાગે તેવી વિચિત્ર પ્રકારની વાર્તાઓ કહે છે ને પરિણામે છિદ્ર (દોષ) જોઇ નિઃશંક થઈ તેમાં પ્રવેશ કરે છે. અર્થાત્ દોષોને જાહેર કરી માન ખંડન કરે છે. ૫

વિષમય દુર્જન.

अनुष्टुप् (૧ થી ૫)

तक्षकस्य विषं दन्ते मक्षिकाया विषं शिरः ।
वृश्चिकस्य विषं पुच्छं सर्वाङ्गे दुर्जनो विषम् ॥ १ ॥

સર્પને દાઢમાં, માખીને માથામાં અને વીંછીને પૂછડામાં ઝેર હોય છે; પણ દુષ્ટ પુરૂષના તો સર્વ અંગમાં ઝેર રહેલું છે. ૧

કાંટા કરતાં ખલની દુષ્ટ ક્રિયાની પ્રબલતા

मुखेनैकेन विध्यन्ति, पादमेकस्य कण्टकाः
दूरान्मुखसहस्रेण, सर्वप्राणहराः खलाः ॥ २ ॥

કાંટાઓ એકજ મોઢેથી મનુષ્યના પગને વીંધી નાખે છે, પરંતુ ખલ પુરૂષો તો છેટે રહીને હજાર મ્હોઢેથી સર્વ મનુષ્યોના પ્રાણોનું હરણ કરી લે છે. ૨

કવિ વિધાતાની કૃતિમાં વિતર્ક કરે છે.

निर्माय खलजिह्वाग्रं, सर्वप्राणहरं नृणाम् ।
चकार किं वृथा शस्त्रविषवह्नीन्प्रजापतिः ॥ ३ ॥

* ૧ થી ૬ સુભાષિત રત્ન ભાંડાગાર.

પ્રજાપતિએ (કર્મે) મનુષ્યોના સર્વ પ્રાણને હરણ કરનાર એવા ખલ પુરૂષની જીભના અગ્ર ભાગને બનાવવા છતાં શસ્ત્રો, ઝેર, અને અગ્નિને ફોગટ શા વાસ્તે ઉત્પન્ન કર્યા હશે ! એટલે કે તે શસ્ત્રાદિ સર્વનું કાર્ય ખલની જીભનો અગ્રભાગ કરી રહયો છે.

કુતરાની અને દુર્જનની સમાનતા.

जिह्वादूषितसत्पात्रः, पिण्डार्थी कलहोत्कटः ।
तुल्यतामशुचिर्नित्यं, बिभर्ति पिशुनः शुनः ॥ ४ ॥

નીચ પુરૂષ હમેશાં કુતરાની સમાન એટલે કુતરો જેમ પોતાની જીભ ફેરવી બીજાના ઉત્તમ પાત્રોને દૂષિત કરી નાખે છે, તેમ દુર્જન પણ પોતાની જીભથી (વચન માત્રથી) સત્પાત્ર પુરૂષોને દૂષિત કરી નાંખે છે. કુતરો જેમ પિંડ (આહાર) નો અર્થી છે, તેમ ખલ પુરૂષ પણ કેવલ પેટભરો જ હોય છે. અને કુતરો જેમ કલહમાં તૈયાર હોય છે, તેમ દુર્જન પણ કલહ કરવા માટે તૈયાર હોય છે, એકંદરે કુતરો જેમ અપવિત્ર છે, તેમ ખલ પુરૂષ અપવિત્ર છે. ૪

અધમને અધીકાર.

खलेन धनमत्तेन नीचेन प्रभविष्णुना ।
पिशुनेन पदस्थेन हा प्रजे क्व गमिष्यसि ॥ ५ ॥

ખલ, ધનથી મત્ત નીચ અને સમર્થ એવો અધમ પુરૂષ અધિકારના પદ ઉપર આવ્યો છે. માટે હે પ્રજા ! હવે તું ક્યાં જઇશ ?

દુર્જનનો દૂષણ જોવામાં ઉત્સાહ.

आर्या

परवादे दशवदनः, पररन्ध्रनिरीक्षणे सहस्राक्षः ।
सद्वृत्तवित्तहरणे, बाहुसहस्रार्जुनः पिशुनः ॥ १ ॥

બીજાની નિન્દા કરવામાં દશમુખવાળો (રાવણ જેવો) બીજાના છિદ્રો જોવામાં હજાર નેત્રવાળો (ઇન્દ્ર સમાન) અને ઉત્તમ ચરિત્ર રૂપી બીજાના ધનનું હરણ કરવામાં હજાર હાથવાળા સહસ્રાર્જુન રાજા સમાન ખલ પુરૂષ હોય છે. ૬

દુરાત્માનું ચિત્ત કોઇ રીતે ભેદાતું નથી.

अनुष्टुप्

पाषाणो भिद्यते टङ्कैर्वज्रं वज्रेण भिद्यते ।
सर्पोऽपि भिद्यते मन्त्रैर्दुष्टात्मा नैव भिद्यते ॥ १ ॥

ટાંકણાથી પત્થર કપાય છે, હીરો હીરાથી કપાય છે, સર્પ મંત્રોથી ભેદાય છે (પરાજય પામી પાછો ફરે છે) પણ દુષ્ટ પુરૂષ કોઇ ઉપાયથી શાંત થતો નથી. ૧

ખળ પુરૂષને શાંત કરવાની મુશ્કેલી.

शार्दूलविक्रीडित.(२-३)

मानं मार्दवतः क्रुधं प्रशमतो लोभं तु सन्तोषतो,
मायामार्जवतो जनीमवमतेर्जिह्वाजयान्मन्मथम् ।
ध्वान्तं भास्करतोऽनलं सलिलतो मन्त्रात्समीराशनं,
नेतुं शान्तिमलंकृतोऽपि न खलं मर्त्यो निमित्ताद्भुवि ॥ २ ॥

કોમળપણાથી અભિમાનને, શાન્તિથી ક્રોધને, સંતોષથી લોભને, નમ્રતાથી કપટને, (સંસારના) તિરસ્કારથી જન્મને, જીભ (રસના ઇન્દ્રિય)ના જયથી કામદેવને, સૂર્યથી અન્ધકારને, પાણીથી અગ્નિને, મંત્રથી સર્પને, શાન્ત કરવાને સંપૂર્ણ રીતે મનુષ્ય સમર્થ છે, પરંતુ કોઇ પણ કારણથી ભૂતળમાં ખળ પુરૂષને શાન્ત કરવાને કોઈ પણ સમર્થ નથી. ૨

દુર્જનને સુજન કરવામાં વિધાતાની નિષ્ફળતા.

पोतोदुस्तरवारिराशितरणे दीपोऽन्धकारागमे,
निर्वाते व्यजनं मदान्धकरिणां दर्पोपशान्त्यै सृणिः ।
इत्थं तद्भुवि नास्ति यस्य विधिना नोपायचिन्ता कृता,
मन्ये दुर्जनचित्तवृत्तिहरणे धातापि भग्नोद्यमः ॥ ३ ॥

વિધાતાએ અગાધ સમુદ્ર તરવાને વહાણ બનાવ્યું. અંધકારના નાશ સારૂ દીવો બનાવ્યો, પવન રહિત સ્થાનમાં (પવન ઉત્પન્ન કરવાને) વિંજણો બનાવ્યો, બહેકી ગયેલા હાથીનું અભિમાન તોડવાને અંકુશ (કુંતણું) બનાવ્યું, માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે પૃથ્વીમાં એવી કોઇ વસ્તુ નથી કે જેનો ઉપાય બતાવવામાં વિધાતાએ વિચાર કર્યો ન હોય તો પણ મારી માન્યતા એવી છે કે દુષ્ટ મનુષ્યની ચિત્તવૃત્તિ હરણ કરવામાં વિધાતાનો ઉદ્યમ પણ નિષ્ફળ ગયો છે (અર્થાત્ વિધાતા પણ દુષ્ટને સજ્જન બનાવી શકે તેમ નથી.) ૩

નીચ મનુષ્યને નીચ મનુષ્યજ સેવે છે.

वसन्ततिलका.

नीचं समृद्धमपि सेवति नीच एव, तं दूरतः परिहरन्ति पुनर्महान्तः ।
शाखोटकं मधुरपक्वफलैरुपेतं, सेवन्ति वायसगणा न तु राजहंसाः ॥ १॥

જેમ પાકેલા મધુર ફળવાળું * શાખોટક નામનું વૃક્ષ છે, તેની સેવા કાગડાનો સમૂહજ કરે છે, પરંતુ રાજહંસો કરતા નથી, તેમ નીચ માણસ સમૃદ્ધિવાળો હોય તો પણ તેને નીચ માણસજ સેવે છે, જ્યારે મહાપુરૂષો તેને દૂરથીજ તજી દે છે;

દુર્જનથી દૂષિત મનવાળા પુરૂષોને સુજન પુરૂષમાં પણ શંકા રહે છે.

दुर्जनदूषितमनसां, पुंसां सुजनेऽपि नास्ति विश्वासः ।
बालः पयसा दग्धो, दध्यपि फूत्कृत्य भक्षयति ॥ १ ॥

જેમ દુધથી બળેલો બાળક દહિંને પણ ફુંકીને જમે છે, તેમ દુર્જન પુરૂષોએ જેના મનને દૂષિત કરી નાખ્યાં છે, એવા પુરૂષોને સુજન પુરૂષમાં પણ વિશ્વાસ હોતો નથી. ૧

કુળ દોષિત દુર્જનો.

अनुष्टुप्. (૧ થી ૩)

यस्मिन्वंशे समुत्पन्नास्तमेव निजचेष्टितैः ।
दूषयत्यचिरेणैव घुणकीट इवाधमः ॥ १ ॥

જેમ ઘુણ નામનો જીવડો જે વાંસડામાં ઉત્પન્ન થાય છે, તેજ વાંસડાને પોતાની ચેષ્ટા (ટોચવા) થી ટુંક વખતમાં દોષિત (પોલો) કરે છે તેમ દુષ્ટ પુરૂષ જે વંશ (કુળ)માં ઉત્પન્ન થાય છે, તેજ કુળને પોતાની ચેષ્ટા (કુકર્મ) થી ટુંક વખતમાં દોષિત (કલંકિત) કરે છે.

શેઠનો દ્રોહ કરનાર નીચ જનો.

आर्या. (૨–૩)

लब्धोच्छ्रायो नीचः, प्रथमतरं स्वामिनं पराभवति ।
भूमिरजोरथ्यादावुत्थापकमेव संवृणुते ॥ २ ॥

જેમ શેરી વગેરેમાં રહેલી પૃથ્વીની રજ ઉત્થાપક (એટલે તરતજ તે ઉંચી કરનાર) મનુષ્યનેજ પ્રથમ ઘેરી લે છે, તેમ નીચ પુરૂષને ઉચ્ચ અધિકાર મળતાં તે પ્રથમ પોતાના શેઠનોજ પરાભવ કરવા માંડે છે.

શાન્ત મનુષ્યની પાસે રહેતાં પણ દુર્જન શાન્ત થતો નથી.

उपकारिण्यपि सुजने, स्निग्धेऽपि खलास्त्यजन्ति न प्रकृतिम् ।
ज्वलति जलैरपि सिन्धोरङ्के निहितोऽपि वडवाग्निः ॥ ३ ॥

* શાખોટક, પીતફળ, રૂખાગી, ક્ષીરવિનાશન એ ચાર પર્યાય मदनपालनिघण्टु માં છે.

જેમ સમુદ્રના મધ્યમાં રહેલો વડવાનલ નામનો અગ્નિ સમુદ્રના પાણીથી જ્વાલાઓ કાઢી રહ્યો છે એટલે પાણીથી શાન્ત થવું જોઇએ ત્યાં તે ઉલટો પ્રજ્વલિત થઇ જાય છે એટલે સમુદ્રને તપાવી રહ્યો છે તેમ દુર્જન કદાચ ઉપકાર સ્નેહિ સુજનની પાસે રહેતા હોય તો પણ પોતાના નીચ સ્વભાવને છોડતા નથી. ૩

ઉત્તમ કુળમાં જન્મવા છતાં પણ ખલની અધમતા.

शार्दूलविक्रीडित (૪-૫)

यद्वच्चन्दनसम्भवोऽपि दहनो दाहात्मकः सर्वदा,
सम्पन्नोऽपि समुद्रवारिणि यथा प्राणान्तको डुंडुभिः(भः)।
दिव्याहारसमुद्भवोऽपि भवति व्याधिर्यथा बाधक-
स्तद्वद्दुःखकरः खलस्तनुमतां जातः कुलेऽप्युत्तमे ॥ ४ ॥

ચન્દનના કાષ્ટમાંથી ઉત્પન્ન થયેલ છે તો પણ અગ્નિ સર્વદા જેમ બાળવાવાળો છે, સમુદ્રના પાણીમાં સારી રીતે ઉત્પન્ન થયો છે તો પણ ડુંડુભિ નામનો સર્પ જેમ મનુષ્યના પ્રાણોનો નાશ કરે છે. દિવ્ય (મોદકાદિ) આહારથી ઉત્પન્ન થયેલો છે, તો પણ રોગ જેમ મનુષ્યને પીડા કરનારો થાય છે, તેવી રીતે ઉત્તમ કુળમાં જન્મ્યો હોય તો પણ ખળ પુરૂષ દેહધારી મનુષ્યોને દુઃખ કરનારોજ થાય છે. ૪

દુર્જનો પોતાના માતાપિતા વિગેરેનો પણ નાશ કરે છે.

लब्धं जन्म यतो यतः पृथुगुणा जीवन्ति यत्राश्रिता
ये तत्रापि जने वने फलवति प्लोषं पुलिन्दा इव ।
निस्त्रिंशा वितरन्ति धूतमतयः शश्वत्खलाः पापिन-
स्ते मुञ्चन्ति कथं विचाररहिता जीवन्तमन्यं जनम् ॥ ५ ॥

જ્યાં પોતે જન્મગ્રહણ કર્યો છે. જ્યાંથી પોતાને ઘણા ગુણોની પ્રાપ્તિ થઇ છે તેમ જેનો આશ્રય કરી આજીવિકાને કરે છે એવા ભિલ્લ લોકો જેમ તે ફળવાળા વનમાં દાવાનળ મુકી બાળી ભસ્મ કરે છે, તે પ્રમાણે જ્યાં જન્મ ગ્રહણ કર્યો છે, તેમ જેનાથી ઘણા ગુણો પ્રાપ્ત કર્યા છે અને જેનો આશ્રય કરીને પોતે સદા રહે છે, તેવા ફળવાળા મનુષ્યમાં પણ નષ્ટ મતિવાળા પાપી એવા ખળ પુરૂષો હમેશાં નિર્દય થઇને તેનો દાહ કરી નાખે છે. જ્યારે આ રીતે તેઓ પોતાના આશ્રયદાતા જન્મદાતા ફળદાતાનો નાશ કરી નાખે છે ત્યારે વિચાર રહિત એવા તે પુરૂષો બીજા પુરૂષને જીવતો કેમ મુકે ? ૫

દુષ્ટના ધર્માચરણથી અધર્મની વૃદ્ધિ.

अनुष्टुप्

व्याघ्रस्य चोपवासेन, पारणं पशुमारणम् ।
दुर्जनस्य विशिष्टत्वं परोपद्रवकारणम् ॥ १ ॥

વાઘ જો ઉપવાસ કરે તો તેના પારણામાં પશુ હિંસાજ થાય, તેમ ખળ પુરૂષની શ્રેષ્ઠતા બીજાને દુઃખનું કારણ થાય છે. ૧

ખલ પુરૂષના ધર્મમાં હિંસા.

आर्या (૨ થી ૪)

धर्मारम्भेऽप्यसतां परहिंसैव प्रयोजिका भवति ।
काकानामभिषेकेऽकारणतां वृष्टिरनुभवति ॥ २ ॥

જેમ કાગડાઓ સ્નાન કરે છે, ત્યારે વરસાદ થતો અટકી જાય છે.* તેમ ખળ પુરૂષો ધર્મ કરે, તોપણ તેમાં બીજાની હિંસાનું કારણ રહેલું હોય છે. ૨

જાળ અને ખળનું ચરિત્ર સમાન હોય છે.

वंशावलम्बनं यद्यो विस्तारो गुणस्य या च नतिः ।
तज्जालस्य खलस्य च निजाङ्कसुप्तप्रणाशाय ॥ ३ ॥

જેમ જાળ વંશ (વાંસ) ને અવલંબીને રહે છે, ગુણ (દોરડા) ના વિસ્તાર વાળી છે અને નમ્રતા બતાવે છે છતાં પોતાના અંક (મધ્ય ભાગ) માં સુતેલ પ્રાણીના પ્રાણનો નાશ કરે છે. તેમ દુર્જન પણ વંશ (સારા કુળ) વાળો હોય પુષ્કળ ગુણવાળો હોય, નમ્રતાવાળો હોય, છતાં પોતાના ઉપર વિશ્વાસ રાખીને રહેલા મનુષ્યોનો નાશજ કરે છે. ૩

ખલનો ગુણ પણ બીજાને બાધક થાય છે.

प्रकृतिखलत्वादसतां, दोष इव गुणोऽपि बाधते लोकान् ।
विषकुसुमानां गन्धः सुरभिरपि मनांसि मोहयति ॥ ४ ॥

ઝેરી પુષ્પોનો ગન્ધ સુન્દર (ખુશબોદાર) હોય તો પણ (સુંઘનાર મનુષ્યોના) મનમાં મોહ (મૂર્છા) ઉત્પન્ન કરે છે તેમ દુષ્ટ લોકો સ્વભાવથી જ ખલ છે માટે તેને ગુણ દોષની માફક લોકોને પીડા કરે છે. ૪

❀ ૧ થી ૪ સુભાષિત રત્ન ભાંડાગાર

* પરંપરાથી વૃદ્ધ લોકોની કહેવત છે કે જ્યારે કાગડો ન્હાય છે, ત્યારે વરસાદ થતો નથી.

મધુર વાણી પણ ખલના મુખમાં જતાં વિગુણ થઈ જાય છે.

आर्या (१–२)

सगुणापि हन्त विगुणा, भवति खलास्याद्विचित्रवर्णापि ।
आखुमुखादिव शाटी पदपरिपाटी कवेः कापि ॥ १ ॥

ગુણ (દોર) વાળી વિચિત્ર પ્રકારના રંગથી રંગિત સાડી ઉંદરના મુખ થકી (ઉંદરના કાપવાથો) વિગુણ (દોરા વગરની) જેમ થઇ જાય છે; તેમ કાવ્યના રસ તથા અલંકારવાળી ઝડઝમક અક્ષરવાળી કવિની કવિતા, દુર્જનના મુખથી (દુર્જનના બોલવાથી) વિગુણ વિરસ થાય છે. ૧

દુર્જનો સુજનના હૃદયમાં પણ પોતાના ખલત્વની અસર કરી દે છે.

सुजनानामपि हृदयं, पिशुनपरिष्वंगलिप्तमिह भवति ।
पवनः परागवाही, रथ्यासु वहन्रजस्वलो भवति ॥ २ ॥

જેમ પુષ્પની સુગંધીવાળો પવન (જો) શેરીઓમાં ફરે છે, તો રજવાળો (ધૂડની સુગંધીવાળો) થાય છે તેમ સત્પુરૂષોનું હૃદય પણ દુષ્ટ મનુષ્યના સમાગમથી લેપાયેલું (દુષ્ટ) થઇ જાય છે. ૨

આ પ્રમાણે દુર્જન પુરૂષોના વિવિધ ત્યાજ્ય લક્ષણો દર્શાવીને આ દુર્જન નિંદા અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

कुसंगति अधिकार.

જગતમાં જેમ સત્સંગથી ઉત્તમ ફલની પ્રાપ્તિ થાય છે તેમ કુસંગથી મનુષ્યને નરકાદિની પ્રાપ્તિ થાય છે માટે દરેક વ્યક્તિએ સર્વત્ર વ્યવહાર કરતાં તેમાં કુસંગતો નથી? આ બાબતનો પ્રથમ વિચાર કરી ને જો તે વ્યવહાર કુસંગ રહિત હોય તો તેમાં જોડાવું. તેમ નવ યુવકોને વેશ્યા સ્ત્રી તથા તેના સંગી પુરૂષના સંગથી મહા નરક પાત્ર થાય છે. માટે તેનાથી બરાબર ચેતીને ચાલવું. આ વિષયની વધારે સમજ માટે આ અધિકારમાં બતાવવામાં આવ્યું છે કે જડ પદાર્થને પણ સંગની અસર થાય છે, તો ચેતન પ્રાણી મનુષ્યને કેમ ન થાય? અત એવ પોતાનું હિત ઇચ્છનાર પુરૂષે સર્વત્ર કુસંગથી ડરી ચાલવું.

કુસંગને બીજા શબ્દોમાં કહીએ તો દુર્જનની સોબત કહી શકાય. પૂર્વે આપણે ગત અધિકારમાં દુર્જનના દુરાચરણો માટે બહુ વિસ્તારથી જાણી ગયા છીએ તેવા દુરાચરણીના અંગ કે સ્પર્શ માત્રથી કેવા અનર્થો થાય છે તે પણ જોયું છે કેમકે તેમના મન, વચન અને કાયા ત્રણે હળ હળ વિષથી ભરેલાં હોય છે. એટલું જ નહિ પણ તેની આસપાસનું વાતાવરણ પણ કેવળ દુર્ગંધમય હોય છે આટલા માટે તેવાઓથી છેક નિરાળા રહેવાની વિશેષ આવશ્યકતા સમજાવવા આ કુસંગતિ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

દુર્જન સમક્ષ રહેવાથી તાડનનો ભય.

अनुष्टुप्. (૧ થી ૭)

छिद्राणां निकटे वासो, न कर्तव्यः कदाचन ।
घटी पिबति पानीयं, ताड्यते पश्य झल्लरी ॥ १ ॥

કોઈ પણ વખતે છિદ્ર (કાણારૂપ એવા દુર્જન)ની સમીપે વાસ ન કરવો કારણ કે છિદ્રવાળી ત્રાંબાની વાટકીરૂપ ઘટી કે જે ઘડીયે ઘડીયે પાણીમાં ડુબીને પાણીનું પાન કરે છે છતાં તેનો આશ્રય કરવાથી ટકોરાની જાલર વારંવાર તાડનને પ્રાપ્ત થાય છે. ૧

રાવણના પાપે રાક્ષસોનો નાશ.

रावणेन कृते पापे, राक्षसानां तु कोटयः ।
हताः श्रीरामभक्तेन कुपितेन हनूमता ॥ २ ॥

રાવણ નામના રાક્ષસે પાપ કર્યું અને તેના પાપથી શ્રી રામચન્દ્રજીના ભક્ત કોપાયમાન થયેલ હનુમાનજીથી કરોડો રાક્ષસો હણી નખાણા. તેમ કુસંગીના સંગથી ઘણાને દુઃખ પ્રાપ્ત થાય છે માટે કુસંગ ન કરવો. ૨

ઉત્તમ કુળના મનુષ્યને કુસંગની અસર.

विकाराय भवत्येव, कुलजोऽपि कुसङ्गतः ।
जलजातोऽपि दाहाय, शङ्खो वह्निनिषेवणात् ॥ ३ ॥

મનુષ્ય ઉત્તમ કુલમાં જન્મ્યો હોય તો પણ કુસંગથી વિકારી થાય છે; જેમકે શંખ જલ (શીતળ પાણી)માં જન્મ્યો છે તો પણ તે અગ્નિના સંગથી દાહક થાય છે (અર્થાત્ શંખની કરેલી ભસ્મ ચુનો ગણાય છે ને તેમાં પાણી નાખવાથી હાથ દાઝે એવું ગરમ પાણી થાય છે.) ૩

કુસંગી પોતાના આશ્રય સ્થાનનો નાશ કરે છે.

यथा गजपतिः श्रान्तश्छायार्थी वृक्षमाश्रितः ।
विश्रम्य तं द्रुमं हन्ति, तथा नीचः स्वमाश्रयम् ॥ ४ ॥

જેમ થાકી ગયેલો હાથી છાયાને માટે વૃક્ષનો આશ્રય કરી તેજ વૃક્ષને હણી નાખે છે. તેમ નીચ મનુષ્ય પોતાને આશ્રય આપનારને હણી નાખે છે. ૪ *

કુસંગનું ફલ.

तेजोमयोऽपि पूज्योऽपि, घातिना नीचधातुभिः ।
लोहेन सङ्गतो वह्निः सहते घनताडनम् ॥ ५ ॥

અગ્નિ તેજોમય અને પૂજ્ય છે તો પણ નીચ ધાતુઓની સાથે મલવાથી હાથોડાવડે ઘાટા પ્રહરને સહન કરે છે તેમ સુજનને દુર્જનના સંગથી સંકટ સહન કરવું પડે છે. ૫

મૂર્ખનો સંગ ઈંદ્ર ભવનમાં પણ ઉત્તમ નથી.

वरं पर्वतदुर्गेषु, भ्रान्तं वनचरैः सह ।
न मूर्खजनसंसर्गः, सुरेन्द्रभवनेष्वपि ॥ ६ ॥

અરણ્ય તથા પર્વતને વિષે કે વનનાં પશુઓની સાથે ભટકવું સારૂં છે, પણ ઈંદ્ર ભુવન-સ્વર્ગમાં મૂર્ખ મનુષ્યનો સહવાસ સારો નથી. ૬

ઉચ્ચ પુરૂષને કુદરતી નીચ સંગની આપત્તિ.

महतामप्यहो दैवाद्, दुर्वारा नीचसङ्गतिः ।
कर्पूरस्य कथं न स्यादंगारेण समं रतिः ॥ ७ ॥

જેમ કપૂરને અગ્નિની સાથે રતિ (સંયોગ) થાય છે, એટલે કપૂરને આર્તિ કરવામાં અગ્નિથી સળગાવવામાં આવે છે તેમ મહાન્ પુરૂષોને પણ દૈવથી નીચ મનુષ્યની સંગત થાય છે તે દુર્વાર (દુઃખે કરી નિવારણ કરી શકાય તેવી) છે. ૭

ખળની મીત્રતાનું ફળ.

आर्या. (૮-૯)

पात्रमपात्रीकुरुते दहति गुणं स्नेहमाशु नाशयति ।
अमले मलं नियच्छति, दीपज्वालेव खलमैत्री ॥ ८ ॥

* ૪ થી ૭ સૂક્તિમુક્તાવલી,

ખળ પુરૂષની મૈત્રી અને દીવાની જવાલા સરખી છે. દીપકની જવાલા જેમ ચીમની વિગેરે શુદ્ધ પાત્રને કાળું કરી દે છે, તેમ દુર્જનની મૈત્રી પાત્ર (શુદ્ધ માણુસ) ને અપવિત્ર અયોગ્ય બનાવે છે. દીપકની જવાલા ગુણ (દીવાટ) ને બાળે છે તેમ દુર્જનની મૈત્રી સદ્દગુણનો નાશ કરે છે. જેમ દીપકની જવાલા તત્કાળ સ્નેહ (તેલ કે ઘી) નો નાશ કરે છે, તેમ દુષ્ટની મૈત્રી સ્નેહ (પ્રેમ) નો નાશ કરે છે. અને જેમ દીપકની જવાલા નિર્મળ વસ્તુમાં પણ મલ (મસ) લગાડે છે તેમ દુર્જનની મૈત્રી સત્પુરૂષને વિષે મલ(દોષ) નું આળ ચઢાવે છે. ૮

દુર્જનનો સંગ ન કરવો.

न परं फलति हि किंचित् खल एवानर्थमावहति यावत् ।
मारयति सपदि विषतरुराश्रयमाणं श्रमापनुदे ॥ ९ ॥

ખળ પુરૂષનો આશ્રય કર્યો હોય તો તે કાંઇ સારૂં ફળ આપતો નથી. પરંતુ ઉલટો જ્યાંસુધી પોતાનું ચાલે ત્યાંસુધી અનર્થનેજ આપે છે જેમકે પરિશ્રમ (થાક) ઉતારવા માટે પોતાનો આશ્રય કરતા મનુષ્યને વિષ (ઝેર) નું વૃક્ષ મરી નાખે છે. માટે કોઇપણ દિવસ દુર્જનનો સંગ ન કરવો. ૯

ખળ પુરૂષના સંબંધમાં અશાંતિ.

वसन्ततिलका (१०-११)

उद्भासिताखिलखलस्य विशृंखलस्य प्राग्जातविस्मृतनिजाधमकर्मवृत्तेः ।
दैवादवाप्तविभवस्य गुणद्विषोऽस्य नीचस्य गोचरगतैस्सुखमास्यते कैः ॥१०॥

જેણે તમામ ખળ પુરૂષને દીપાવ્યા છે તેવો મર્યાદાવગરનો ખળ પુરૂષ પોતાના પૂર્વે થએલા અધમ વર્તનને ભુલી જઇ દૈવયોગથી વૈભવને પામે છે. તેવા નીચ માણસના સંબંધમાં આવવાથી કોઇએ પણ સુખ મેળવ્યું છે ? મતલબ કે નહિ જ. ૧૦

દુર્જનના સંગીને થતું ફળ.

दुर्वृत्तसङ्गतिरनर्थपरंपराया, हेतुः सतां भवति किं वचनीयमेतत् ।
लङ्केश्वरो हरति दाशरथेः कलत्रं, प्राप्नोति बन्धमथदक्षिणसिन्धुनाथः ॥११॥

સત્પુરૂષોને પણ દુષ્ટની સોબત તે ઘણું નુકશાન થવાનું કારણ છે તેમાં કહેવાનું શું ? જુઓ તો રાવણે રામચંદ્રજીની સ્રી સીતાનું હરણ કર્યું તેથી દક્ષિણ દિશાના સમુદ્રને બંધન થયું. ૧૧

સરલને કુટિલના સંગથી હાનિ.

शिखरिणी. (૧૨–૧૩)

स्वपक्षच्छेदं वा समुचितफलभ्रंशमथवा,
समूर्तेर्भङ्गं वा पतनमशुचौ नाशमथवा ।
शरः माप्नोत्येतान् हृदयपथसंस्थोऽपि धनुष
ऋजोर्वक्राश्लेषाद्भवति खलु सुव्यक्तमशुभम् ॥ १२ ॥

વાંકા (કુટિલ) પદાર્થનો આશ્રય કરવાથી સરલ મનુષ્યને નક્કી પ્રસિદ્ધ રીતે અશુભ (અકલ્યાણ)ની પ્રાપ્તિ થાય છે. ત્યાં દૃષ્ટાન્ત આપે છે કે સરલ એવું બાણ વાંકા એવા ધનુષ્યના હૃદયમાં (મધ્ય ભાગમાં) રહેલ છે તો પણ તે તેનાથી ફેંકાતા પોતાની પાંખોના ભંગને (મનુષ્ય પક્ષે પોતાના પક્ષરૂપ એવા ભાઇ વગેરેના નાશને) યોગ્ય એવા ફલા (અગ્રભાગ) ના નાશને (મનુષ્યપક્ષે પોતાના પુણ્યકર્મના સંયોગથી પ્રાપ્ત થયેલ ઉત્તમ એવા ફલના નાશને) પોતાના શરીરના નાશને અથવા અપવિત્ર સ્થાનમાં પડવાને (મનુષ્યપક્ષે નરકમાં પડવાને) અથવા નાશને (મનુષ્યપક્ષે મૃત્યુને) પ્રાપ્ત થાય છે. ૧૨

કુસંગીના સંગથી ઉત્પન્ન થતી દુર્જનતા.

वरं क्षिप्तः पाणिः कुपितफणिनो वक्त्रकुहरे,
वरं झम्पापातो ज्वलदनलकुण्डे विरचितः ।
वरं प्रासप्रान्तः सपदि जठरान्तर्विनिहितो,
न जन्यं दौर्जन्यं तदपि विपदां सद्म विदुषा ॥ १३ ॥

કોપાયમાન થયેલા એવા સર્પના મુખ વિવરને વિષે હાથ નાખ્યો હોય તે સારૂં, પ્રજ્વલિત એવા અગ્નિ કુંડને વિષે ઝંપાપાત કર્યો હોય તે સારો, કૂંતાનો અગ્રભાગ તત્કાલ ઉદરના મધ્યભાગને વિષે નાખ્યો હોય તે સારો પણ પંડિતજને કુસંગીનો સંગ કરવો સારો નથી, કારણ કે તે આપત્તિનું ગૃહ છે. ૧૩

મોહક સ્ત્રીમાં ફસાયેલ કામાંધ પુરૂષને ભમરાની અન્યોક્તિ.

मन्दाक्रान्ता.

गन्धैराढ्या जगति विदिता केतकी स्वर्णवर्णा,
पद्मभ्रान्त्या क्षुधितमधुपः पुष्पमध्ये पपात ।
अन्धीभूतस्तदनु रजसा कण्टकैश्छिन्नपक्षः,
स्थातुं गन्तुं क्षणमपि सखे नैव शक्तो द्विरेफः ॥ १४ ॥

હે મિત્ર ! સુવર્ણના જેવી સુંદર કાંતિવાળી, જગતમાં સારી રીતે પ્રસિદ્ધ થયેલી, ઘણી ખુશબોદાર કેતકીના પુષ્પ ઉપર પદ્મની ભ્રાંતિથી (આ પદ્મ છે એમ માનીને) ભૂખ્યો ભમરો બેઠો. (પછી પોતાને લાભ એ મળ્યો કે) કેતકીની રજ-થી બેઉ આંખે આંધળો થયો, કાંટાથી પોતાની બેઉ પાંખ કપાઇ ગઈ, અને ત્યાં ક્ષણ વાર રહેવાને કે ત્યાંથી જવાને ભમરો અશક્ત થયો.

એટલે " લેને ગઈ પૂત ઓર ખોઈ આઈ ખસમ " જેવું થયું. ૧૪

કલ્યાણાર્થીએ કુસંગ ન કરવો.

हरिणी (૧૫ ૧૬)

हिमति महिमाम्भोजे चण्डानिलत्युदयाम्बुदे,
द्विरदति दयारामे क्षेमक्षमाभृति वज्रति ।
समिधति कुमत्यऽनौ कन्दत्यनीतिलतासु यः,
किमभिलषता श्रेयः श्रेयस्सनिर्गुणसङ्गमः ॥ १५ ॥

દુષ્ટનો સંગ એ મહિમા રૂપી કમળને હિમ તુલ્ય છે, આબાદી રૂપી મેઘને પ્રચંડ પવન તુલ્ય છે દયા રૂપી પુષ્પના બાગને હાથી જેવો છે, કલ્યાણરૂપી પર્વતને વજ્ર તુલ્ય છે. કુમતિ રૂપી અગ્નિને વિષે કાષ્ઠ તુલ્ય છે, અને અનીતિ રૂપી વેલાને કંદ (મૂળ) તુલ્ય છે, માટે કલ્યાણની ઇચ્છાવાળા મનુષ્યે દુષ્ટ સંગનો અવશ્ય ત્યાગ કરવો. ૧૫

ખલનો સંગ અતિ અનર્થકારી છે.

शमयति यशः क्लेशं सूते दिशत्यशिवां गतिं,
जनयति जनोद्वेगायासं नयत्युपहास्यताम् ।
भ्रमयति मतिं मानं हन्ति क्षिणोति च जीवितं
क्षिपति सकलं कल्याणानां कुलं खलसङ्गमः ॥ १६ ॥

નીચ મનુષ્યનો સંગ યશનો નાશ કરે છે. કલેશને જન્મ આપે છે. અમંગળ ગતિને (નારકી વગેરે ગતિને) આપે છે. જનસમાજને ઉદ્વેગ કરાવે છે, મનુષ્યને જગત્‌માં હાસ્યપાત્ર કરાવે છે, બુદ્ધિને ભમાવી દે છે, માનને હણી નાખે છે, જીવિત-નો નાશ કરે છે અને સમગ્ર એવા પુણ્યના સમૂહને ફેંકી દે છે. ઇત્યાદિ સર્વ પ્રકા-રનું અનિષ્ટ નીચ મનુષ્યનો સંગ કરે છે. ૧૬

જે અકલ્યાણ કુસંગતિથી થાય છે તે બીજી કોઇ રીતે થતું નથી.

शार्दूलविक्रीडित. (૧૭-૨૦)

न व्याघ्रः क्षुधयातुरोऽपि कुपितो नाशीविषः पन्नगो,
नारातिर्बलसत्त्वबुद्धिकलितो मत्तः करीन्द्रो न च ।
तं शक्नोति न कर्तुमत्र नृपतिः कण्ठीरवो नोद्धुरो,
दोषं दुर्जनसङ्गतिर्वितनुते यं देहिनां निन्दिता ॥ १७ ॥

નિન્દિત એવી દુર્જન પુરૂષોની સંગતિ મનુષ્યોના સંબન્ધમાં જે દોષ ઉત્પન્ન કરે છે તે દોષને કરવાને ક્ષુધાતુર એવો વાઘ, કોપાયમાન થયેલો ઝેરી સર્પ, બળ ધૈર્ય અને બુદ્ધિથી યુકત એવો શત્રુ, મદોન્મત્ત એવો હાથી, રાજા અને ફાટેલ એવો સિંહ પણ શકિતમાન થઇ શકતો નથી. ૧૭

અસાધુના સંગ કરતાં અન્ય સંકટની શ્રેષ્ઠતા.

व्याधव्यालभुजङ्गसङ्गभयकृच्छ्रेष्ठं वनं सेवितं,
कल्पान्तोद्धतभीमवीचिनिचितो वार्धिर्वरं गाहितः ।
विश्वप्लोषकरोद्धतोज्ज्वलशिखो वह्निर्वरं चाश्रित—
स्त्रैलोक्योदरवर्त्तिदोषजनके नासाधुमध्ये स्थितम् ॥ १८ ॥

પારાધિ, વાઘ, સર્પાદિના સંગથી ભય કરનારૂં (ઘોર) જંગલ સેવવું તે પણ સારૂં. કલ્પાન્ત (જગતના લય) વખતે ઉંચી થયેલી ભયંકર લહેરોથી ભરપૂર એવા સમુદ્રમાં ફરવું તે પણ સારૂં, આખા જગતને બાળનાર ઉદ્ધત પ્રજ્વલિત એવા અગ્નિનો આશ્રય કરવો સારો પરંતુ ત્રણ લોકના મધ્યમાં રહેનાર (પ્રાણીઓમાં) દોષને ઉત્પન્ન કરનાર એવા અસાધુ (દુષ્ટ પુરૂષો) ના મધ્યમાં રહેવું સારૂં નથી. ૧૮

દુર્ગુણી બાવળ પ્રતિ અન્યોક્તિ.

तुच्छं पत्रफलं कषायविरसं छायापि ते कर्बुरा,
शाखाकण्टककोटिभिः परिवृता मत्कोटकोटिस्थलम् ।
अन्यस्यापि तरोः फलानि ददतः त्यक्ताद्वृतिस्तिष्ठसे,
रे बब्बूल तरो सुसङ्गरहितः किं वर्ण्यते तेऽधुना ॥ १९ ॥

હે બાવળના વૃક્ષ ! તુરૂં અને રસ રહિત તુચ્છ એવું તારૂં પાંદડું તથા ફળ છે, અને તારી છાયા પણ કાબરચિતરી છે, એટલે ઘાટી નથી, તારી શાખા (ડાળ)

કાંટાઓના અગ્રભાગથી વીંટાઇ ગયેલ છે, અને તું કરોડો મકોડાના સ્થાનરૂપ છો. વળી જ્યારે તને કાપવામાં આવે છે ત્યારે તું ફળને આપનારા વૃક્ષની વાડરૂપ થઇ રહે છે એટલે બીજાના ફળ લેવા દેતો નથી એ રીતે તું સર્વથા સત્સંગથી રહિત છો તેથી તારૂં હમણાં શું વર્ણન કરી શકાય? ૧૯

ગુણી પુરૂષનો સંગ છોડવાથી કલ્યાણમાં હાની.

धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमान्
काव्यं निःप्रतिभस्तपः शमदयाशून्योऽल्पमेधाः श्रुतम् ।
वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वांछत्यसौ
यः संगं गुणिनां विमुच्य विमतिः कल्याणमाकांक्षति ॥ २० ॥

જેમ દયા રહિત પુરૂષ ધર્મને, ન્યાયરહિત યશને, આળસુ પૈસાને, બુદ્ધિહીન કાવ્યને, શમ–દયા રહિત તપને, અલ્પ બુધિવાળો શાસ્ત્રને, આંખ વિનાનો વસ્તુ જોવાને, અને ચંચળ મનવાળો ધ્યાનને ઇચ્છે છે પણ તેમ બનવું અશકય છે; તે પ્રમાણે ગુણવાન્ મનુષ્યનો ત્યાગ કરીને જે કલ્યાણની (મોક્ષની) ઇચ્છા રાખે છે તે વ્યર્થ છે. ૨૦

સત્સંગનું માહાત્મ્ય.

ઇંદ્ર વિજય

સર્પ ડસે સુ નહી કછુ તાલક, વીછુ લગે સુભલો કરી માનો;
સિંહ હુ ખાયતો નાહી કછુ ડર, જો ગજ મારતતો નહીં હાનો.
આગ જરો જલ બૂડિ મરો, ગિરજાય ગિરો કછુ ભૈમત આનોં;
સુંદર ઔર ભલે સબહીં પર, દુર્જન સંગ ભલો નાહી જાનોં. ૨૧

સિંહતણી કરિયે કદિ સોબત, મસ્ત થયે ન મહોબત રાખે,
લોપ કરે હિત કોપ કરી પછિ, નિર્દય થઇ પળમાં હણિ નાખે;
મિત્ર અમિત્ર ન તત્ર ગણે, તન ચામડી ચીરિ ચુપેચુપ ચાખે;
એ દલપત્ત ભલો પણ દુષ્ટ, કહાવત રાખી નડે ભત્ર આખે. ૨૨

દુષ્ટ થકી દુર જૈ વશિયે, ખસીયે ખળનો પરખી પડછાયો;
હેત નિહાળી થવું નહિ હર્ષિત, ગુણ ભલે બહુ વર્ણવિ ગાયો,
ગર્દભની કદિ થાય ન ગાય, ગમાર ભલે જમુના જલ નાહ્યો,
દુષ્ટની સોબતથી દલપત, નથી જગમાં સુખ કોઇ કમાયો. ૨૩

આપ્રમાણે કુસંગિના પરિણામ દર્શાવીને આ કુસંગતિ અધિકાર પૂર્ણ કરતાં તેવા દુર્જનોથી સમગ્ર આલમ બચે એમ ઈચ્છીશું

ગ્રંથ સંગ્રહિતા.

ગીતિ.

विनयविजयमुनिनायं, पंचमो परिच्छेद एवमत्रैव ।
ग्रथितश्च सुगमोंतु (मार्यो) व्याख्यातॄणां मुदे सदा भूयात् ॥

વિનયવિજય મુનિએ આ વ્યાખ્યાનસાહિત્ય સંગ્રહ નામના ગ્રંથનો તૃતીય પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓ અને શ્રોતાઓની સુગમતા માટે સંગ્રથિત કર્યો છે તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓ અને શ્રોતા વર્ગના આનંદને માટે થાઓ.

પાંચમો પરિચ્છેદ સંપૂર્ણ.

षष्ठ परिच्छेद.

પવિત્રઆત્મા (હલુકર્મી જીવ) નો સ્વભાવ વજનમાં હળવો છે. પરંતુ તેને અશુચિ અયોગ્ય પરિચય થવાથી વજન વધી જાય છે એજ ભવ ભ્રમણનું કારણ છે. કેમકે હળવી ચીજની ગતિ ઉંચે જવાના સ્વભાવવાળી છે. ત્યારે વજનદાર ચીજની ગતિ નીચે જવાના સ્વભાવવાળી છે. સર્વ ધર્મનો એજ વિચાર છે કે ઉંચે સ્વર્ગ છે. અને નીચે નર્ક છે એ હકીકતને ઉપરના કારણોથી પુષ્ટિ મળે છે કેમકે જેમ જેમ આત્મા કર્મ બંધ કરે છે તેમ તેમ વજન વધારવાથી નિચે (નર્કમાં) જવાનો અધિકારી થાય છે ત્યારે સત્કર્મથી હળવો થતાં ઉંચે (સ્વર્ગમાં) ચઢે છે. આટલી હકીકત જાણવા પછી એવો કયો ભવિઆત્મા હશે કે જે નિચે જવાને પસંદ કરે?

આત્માનો મુળસ્વભાવ નિર્મળ છે પરંતુ વિવિધ વાતાવરણના આચ્છાદનથી તે એવો તો મલીન થઇ જાય છે કે કેટલીક વખત તે સારૂં નરસું વિચારવાની શકિત પણ ગુમાવી દે છે. ભવ્યાત્માને આ શકિત પુનઃ પ્રાપ્ત થઈ શકે તેટલા માટે વ્યવહારમાં સંસારમાં રહેલાં ત્યાજ્ય આછાદનો નિરાલંબન વસ્તુઓ અને દુષ્ટ પ્રકૃતિના સ્વરૂપ માટે પૂર્વે વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે એટલે જો તેવા દરેક અહિતકર સંસર્ગથી બચવાને કાળજી રાખવામાં આવેતો આત્મા પોતાની મૂળસ્થિતિને સમજવાને હક્કદાર થઈ શકે છે.

પવિત્ર ભાવનાવાળા જીજ્ઞાસુ મુમુક્ષુ વર્ગ આ અવસ્થાને પ્રાપ્ત કરી શકે તે પછી આત્માની ઓળખ અને તેની શકિતનો અનુભવ થવાની જરૂર છે. તેથી આત્મ શકિત દર્શાવવાને આ પરિચછેદમાં પ્રયત્ન કરવામાં આવેલ છે અને આશા છે કે ભવ્યાત્મા તેથી પોતાના મૂળ સ્વરૂપને ઓળખી આત્મસત્તા તેજનો અનુભવ થતાં ઉચ્ચગતિને પ્રાપ્ત કરવાને પોતાનું આત્મ વીર્ય ફોરવશે.

धर्म स्वरूप अधिकार.

આ અધિકારમાં ધર્મનું સ્વરૂપ, ફળ અને તેનું સર્વોપરિપણું વિવિધ પદ્યો-થી બતાવવામાં આવ્યું છે. તે અક્ષરશઃ મનન કરવા યોગ્ય છે જગત્‌ના અનેક પ્રાણીઓમાં જે મનુષ્યનું શ્રેષ્ઠ પણું સ્વીકારવામાં આવે છે તો તે એક ધર્મથીજ. કહ્યું છે કે " आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत्पशुभिर्नराणां; धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः " અર્થાત્ આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર આચરણો માટે મનુષ્યો પશુઓ સાથે સરખા છે. જ્યારે માત્ર મનુષ્યોમાં ધર્મ એજ વિશેષ છે એટલે જે મનુષ્યો ધર્મથી હીન છે. તેઓ પશુ તુલ્ય છે.

ધર્મએ મનુષ્યને ઉચ્ચ સ્થાને પહોંચવાને મુખ્ય આલંબન છે. અને તેના સેવનથી જ મનની નિર્મળતા થતાં આત્માને આગળ વધવાને તક મળે છે માટે પ્રથમ ધર્મનું સ્વરૂપ સમજાવવા અધિકારનો આરંભ કરવામાં આવે છે.

ધર્મનું સ્વરૂપ.

अनुष्टुप्. (૧ થી ૭)

श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषा न समाचरेत् ॥ १ ॥

હે વાંચક મહાશયો! ધર્મનું સર્વસ્વ સાંભળો અને સાંભળીને નક્કી કરો કે જે કાર્યો પોતાને તથા બીજા પ્રાણીઓને પ્રતિકૂલ છે અર્થાત્ દુઃખ આપવાવાળાં છે તે કોઇએ પણ ન કરવાં. ૧ *

ધર્મના સ્થાન માટે પ્રશ્ન.

कथमुत्पद्यते धर्मः, कथं धर्मो विवर्धते ।
कथं च स्थाप्यते धर्मः कथं धर्मो विनश्यते ॥ २ ॥

ધર્મ શીરીતે ઉત્પન્ન થાય છે? શીરીતે વધે છે? શીરીતે સ્થાપન કરાય છે અને શીરીતે વિનાશ પામે છે? ૨

ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ, સ્થિરતા અને વિનાશનાં લક્ષણ.

सत्येनोत्पद्यते धर्मो, दयादानेन वर्धते ।
क्षमया स्थाप्यते धर्मः, क्रोधलोभाद्विनश्यति ॥ ३ ॥

* ૧-૫ મહાભારત શાંતિપર્વ પ્રથમપાદ.

સત્યથી ધર્મ ઉત્પન્ન થાય છે. દયા તથા દાનથી વધે છે. ક્ષમાથી ધર્મનું સ્થાપન કરાય છે અને ક્રોધ તથા લોભથી ધર્મ નાશ પામે છે. ૩

પાલન કરવા યોગ્ય મુખ્ય પાંચ ધર્મો.

अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्ज्जनम् ।
पञ्चस्वेतेषु धर्मेषु सर्वे धर्माः प्रतिष्ठिताः ॥ ४ ॥

અહિંસા–ભૂત પ્રાણી માત્રની હિંસા ન કરવી તે, સત્ય-સાચું બોલવું,ચોરી ન કરવી, પરિગ્રહનો ત્યાગ, દાન આપવું, અને મૈથુન–સ્ત્રી સંભોગનો ત્યાગ કરવો આ પાંચ ધર્મોમાં સર્વ ધર્મ તત્વો સમાઇ જાય છે. ૪

દયા ધર્મની મુખ્યતા.

सर्वे वेदा न तत् कुर्युः सर्वयज्ञाश्च भारत ।
सर्वे तीर्थाभिषेकाश्च यत्कुर्यात्प्राणिनां दया ॥ ५ ॥

હે ભારત ! ભૂત પ્રાણી ઉપર રાખેલી દયા જે કાર્ય કરે છે તે કાર્ય સર્વ વેદો, સર્વ યજ્ઞો અને સર્વ તીર્થોમાં કરેલા અભિષેકો કરી શકતા નથી. ૫

પૂર્વજન્મમાં કરેલ ધર્મનું અનુમાન.

धरान्तःस्थं तरोर्मूलमुच्छ्रयेणानुमीयते ।
तथा पूर्वकृतो धर्मोऽप्यनुमीयेत सम्पदा ॥ ६ ॥

પૃથ્વીમાં રહેલ વૃક્ષના મૂળનું તે વૃક્ષની ઉંચાઇથી અનુમાન કરાય છે. તેમ પૂર્વજન્મમાં કરેલો ધર્મ સંપદ–ધન ધાન્યાદિની સંપત્તિથી અનુમાન કરાય છે. એ સંભાવના છે. ૬*

ધર્મ પાપોનો નાશ કરે છે.

दीपो हन्ति तमः स्तोमं रसो रोगमहाभरम् ।
सुधाबिन्दुर्विषावेगं धर्मः पापभरं तथा ॥ ७ ॥

જેમ દીવો અન્ધકારના સમૂહનો નાશ કરે છે. રસાયન–શુદ્ધ ઔષધ રોગોના મ્હોટા ભારનો નાશ કરે છે. અને અમૃતનું બિન્દુ ઝેરના વેગનો નાશ કરે છે. તેમ ધર્મ પાપોના ભારનો નાશ કરે છે. ૭

માતા પિતા અને મિત્ર રૂપે ધર્મ

इन्द्रवज्रा,

धर्मो महामङ्गलमङ्गभाजां धर्मो जनन्युद्दलिताखिलार्त्तिः ।
धर्मः पिता पूरितचिन्तितार्थो धर्मः सुहृद्वर्धितनित्यहर्षः ॥ ८ ॥

---

* ૬ થી ૯ સૂક્તિ મુક્તાવલી.

ધર્મ દેહધારી પ્રાણીઓનું મહા કલ્યાણ છે. ધર્મ સમગ્ર પીડાને નાશ કરનારી માતા છે. ધર્મ ઇચ્છેલ અર્થને પૂર્ણ કરનાર પિતા છે. ધર્મ નિત્ય આનન્દને વધારનાર સુહૃદ્ મિત્ર—છે. ૮

ધર્મ કરનારને શું શું ફલ મળે છે?

उपजाति (૯ થી ૧૧)

दिने दिने मञ्जुलमंगलाली सुसम्पदः सौख्यपरंपरा च ।
इष्टार्थसिद्धिर्बहुला च बुद्धिः सर्वत्र सिद्धिः सृजतां सुधर्मम् ॥९॥

સદ્ ધર્મનું આચરણ કરનાર મનુષ્યોને સર્વ ઠેકાણે દિવસે દિવસે સુન્દર મંગલોની પંક્તિઓ, સારી સંપત્તિઓ, સુખની પરંપરા, ઇષ્ટ—ઇચ્છિત અર્થની સિદ્ધિ, ઘણી બુદ્ધિ, અને સર્વત્ર સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૯

ધર્મશીલ પુરૂષને સર્વત્ર નિર્ભયપણું.

यो धर्मशीलो जितमानरोषी विद्याविनीतो न परप्रतापी ।
स्वदारतुष्टः परदारवर्जी न तस्य लोके भयमस्ति किंचित् ॥ १० ॥

ધર્મશીલ, માન, ક્રોધનો જય કરનાર તથા વિદ્યાથી વિનીત—વિનયવાળો, બીજાને દુઃખ ન આપનાર, પોતાની સ્ત્રીમાં સંતોષ રાખનાર અને બીજાની સ્ત્રીઓનો ત્યાગકરનાર જે પુરૂષછે. તેને જગતમાં કાંઇ ભય—બીક નથી. ૧૦

ધર્મ હીન પુરૂષનું જીવન પશુ તુલ્ય છે.

त्रिवर्गसंसाधनमन्तरेण पशोरिवायुर्विफलं नरस्य ।
तत्रापि धर्मं प्रवरं वदन्ति न तं विना यद्भवतोऽर्थकामौ ॥११॥

હે ભવ્ય જનો ધર્મ અને કામાદિના સાધન વિના મનુષ્યનું આયુષ્ય છાગાદિકની પેઠે નિષ્ફળ જાણવું. અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર જે પુરૂષાર્થ છે. તેમાં મોક્ષનું સાધ્યપણું દુર્લભ છે. જ્યારે બાકીના ધર્મ, અર્થ અને કામ, એ ત્રણના ઉપાર્જન વિના મનુષ્યનું જીવિતવ્ય પશુની પેઠે વિફલ જાણવું. એ ત્રણ વર્ગમાં પણ ધર્મને શ્રેષ્ઠ કહે છે કેમકે ધર્મ વિના અર્થ અને કામ બેઉ હોય શકે નહીં, કારણકે જેણે પૂર્વ જન્મે ધર્મ કર્યો છે તેને જ અર્થ કામ આ જન્મમાં પ્રાપ્ત થાય છે. તે માટે ત્રણ વર્ગમાં પણ જે ધર્મ છે તેજ શ્રેષ્ઠ છે. તેથી હે ભવ્ય પ્રાણીઓ મનને વિષે વિવેક લાવીને શ્રી સર્વજ્ઞ પ્રણીત ધર્મજ આદરવો. ૧૧

ધર્મની પરીક્ષા.

वंशस्थ.

यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः
तथैव धर्मो विदुषा परीक्ष्यते श्रुतेन शीलेन तपोदयागुणैः ॥ १२॥

સોનાની પરીક્ષા કરવામાં સોનાને પથ્થર સાથે ઘસવું, તેને કાપવું અગ્નિમાં મેલવું તથા હથોડીથી ટીપવું એમ જેમ ચાર પ્રકારથી પરીક્ષા કરાય છે તેમ ધર્મની પરીક્ષા કરવામાં શાસ્ત્ર, શુભ આચરણ, તપ અને દયા ગુણો લોકમાં ઉપયોગી છે. ૧૨

ધર્મ રૂપી વૃક્ષનું ફલ

द्रुतविलम्बित.

सुकुलजन्मविभूतिरनेकधा प्रियसमागमसौख्यपरंपराः ।
नृपकुले गुरुता विमलं यशो भवति धर्म तरोः फलमीदृशम् ॥ १३ ॥

ઉત્તમ કુલમાં જન્મ, અનેક પ્રકારનું ઐશ્વર્ય, પ્રિય જનનો સમાગમ, સુખની પરંપરા, અર્થાત્ એક પછી એક એમ સુખનું આવવું તે તેમજ રાજકુલમાં ગુરૂપણું અથવા મ્હોટાઇ, નિર્મલ એવો યશ, એ ધર્મરૂપી વૃક્ષનું ફળ છે. ૧૩*

ખરે વખતે રક્ષણ કરનાર ધર્મ

मालिनी (૧૪ ૧૫)

सुचिरमपि उषित्वा स्यात्प्रियैर्विप्रयोगः
सुचिरमपि चरित्वा नास्ति भोगेषु तृप्तिः ।
सुचिरमपि हि पुष्टं याति नाशं शरीरम्
सुचिरमपि विचिन्त्यं त्राणमेको हि धर्मः ॥ १४ ॥

લાંબા વખત સુધી સાથે વસીને પણ પ્રિય સગાં વહાલાઓથી વિયોગ થાય છે. ઘણા વખત સુધી ભોગવવામાં આવે તો પણ વિષય ભોગોમાં મનુષ્યને તૃપ્તિ થતી નથી. શરીરને દીર્ઘ કાલ પર્યન્ત પુષ્ટ કરવામાં આવે તો પણ તે નક્કી નાશને પામે છે. જ્યારે લાંબો સમય વિચાર કરવામાં આવે તો પરિણામે એક ધર્મ જ રક્ષા કરનાર છે. ૧૪

સંસારથી પીડીત જન સમાજને સત્ય શરણ

व्यसनशतगतानां क्लेशरोगातुराणाम्
मरणभयहतानां दुःखशोकार्दितानां ।

---

* ૧૩ થી ૧૬ સૂક્ત મુક્તાવલી.

जगति बहुविधानां व्याकुलानां जनानां
शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥ १५ ॥

સેંકડો દુઃખને પામેલા, સંસારના ક્લેશ અને વ્યાધિથી પીડિત થયેલા, મરણના ભયથી મૃત તુલ્ય થયેલા, દુઃખ તથા શોકથી પીડાયેલા, આશ્રય વગરના એવા ઘણા વ્યાકુલ મનુષ્યોને જગત્માં નિત્ય એક ધર્મજ આશ્રય છે. ૧૫

ધર્મનાં વિવિધ ફલો

शिखरिणी.

कुलं विश्वश्लाघ्यं वपुरपगदं जातिरमला
सुरूपं सौभाग्यं ललितललना भोग्यकमला ।
चिरायुस्तारुण्यं बलमविकलं स्थानमतुलं
यदन्यश्च श्रेयो भवति भविनां धर्मत इदम् ॥ १६ ॥

જગત્માં વખાણવા યોગ્ય એવું કુલ, રોગ રહિત શરીર, નિર્મલ. ક્ષત્રિય વૈશ્ય, બ્રાહ્મણાદિ જાતિની પ્રાપ્તિ, સુન્દર રૂપ, સારૂં ભાગ્ય, ઉત્તમ સ્ત્રી, ભોગવી શકાય તેવું ધન, દીર્ઘ આયુષ્ય, યુવા વસ્થા, (જુવાની) દૃઢ એવું બળ, કૌવત, નમાવી શકાય તેવી પદવી, અને બીજું જે પારલૌકિક કલ્યાણ એ બધું સંસારી ભવ્ય જીવોને ધર્મથીજ થાય છે. ૧૬

સુયોગ એ ભાગ્યબળ છે.

मंदाक्रान्ता. (૧૭-૧૮)

जैनो धर्मः प्रकटविभवः सङ्गतिः साधुलोके
विद्वद्गोष्ठिर्वचनपटुता कौशलं सत्क्रियासु ।
साध्वी लक्ष्मीश्चरणकमलोपासनं सद्गुरूणाम्
शुद्धं शीलं सुमतिरमला प्राप्यते भाग्यवद्भिः ॥ १७ ॥

ઇન્દ્રિયોનો જેમાં નિગ્રહ છે એવો જૈન ધર્મ કે જેનો વૈભવ પ્રસિદ્ધ છે તે, સાધુ સમાજનો સત્સંગ, વિદ્વાનોની સાથે ગોષ્ઠિ-સત્સંગસભા-વચનોનું ચાતુર્ય, સુન્દર ક્રિયાઓમાં કુશલતા, શ્રેષ્ઠ એવું ધન, સદ્ગુરૂઓના ચરણકમલોનું ઉપાસન, પવિત્ર સ્વભાવ, અગર આચરણ, અને નિર્મલ એવી સુમતિ આ બધાં પદાર્થો ભાગ્યવાન્ પુરૂષોનેજ પ્રાપ્ત થાય છે. ૧૭

ધર્મલાભનાં લક્ષણો.

रूपं रम्यं करणपटुता रोग्यमायुर्विशालम्
कान्ता रूपानमितरतयः सूनवो भक्तिमन्तः
षट्खण्डोर्वीतलपरिवृढत्वं यशः क्षीरशुभ्रं
सौभाग्यश्रीरिति फलमहो धर्मवृक्षस्य सर्वम् ॥ १८ ॥

સુન્દરરૂપ, કાર્યમાં ચતુરતા, શરીરમાં આરોગ્ય-નિરોગીપણું-લાંબું આયુષ, રૂપથી રતિને નમાવનાર એવી સ્ત્રીઓ, પ્રેમી એવા પુત્રો, છ ખંડવાળી પૃથ્વીતલનું પરિવૃઢનપણું-રાજ્ય, ક્ષીરતુલ્ય ઉજ્વલ એવી કીર્તિ, સુન્દર ભાગ્યવાળું ધન, આ બધું ફળ ધર્મરૂપી વૃક્ષનું છે. ૧૮

ધર્મહીન પુરૂષના મનુષ્ય જન્મની વ્યર્થ સ્થિતિ.

शार्दूलविक्रीडित. (૧૯ થી ૨૪)

राज्यं निःसचिवं गतप्रहरणं, सैन्यं विनेत्रं मुखम्
वर्षा निर्जलदा धनी च कृपणो, भोज्यं तथाज्यं विना ।
दुःशीला गृहिणी सुहृन्न कृतिमान् राजा प्रतापोज्झितः
शिष्यो भक्तिविवर्जितो बत तथा, देही च धर्मं विना ॥ १९ ॥

ખેદ છે કે ! જેમ પ્રધાન વિનાનું રાજ્ય, હથીયાર વગરનું સૈન્ય, આંખહીન મુખ-મ્હોડું, વર્ષાદ વિનાની વર્ષાઋતુ, કૃપણ-અદાતા-એવો ધનાઢ્ય પુરૂષ, ઘી વિનાનું ભોજન, દુષ્ટ સ્વભાવ અથવા દુરાચરણવાળી સ્ત્રી, કંઇ પણ ન કરી શકનાર એવો મિત્ર, પ્રતાપથી હીન એવો રાજા, અને ભક્તિ રહિત એવો શિષ્ય, તેમ ધર્મ વિનાના મનુષ્યને જાણવો. ૧૯

ધર્મહીન મનુષ્યની નિસ્તેજતા.

निर्दन्तः करटी हयो गतजवश्चन्द्रं विना शर्वरी
निर्गन्धं कुसुमं सरो गतजलं, छायाविहीनस्तरुः ।
सूपो निर्लवणः सुतो गतगुणश्चारित्रहीनो यतिः
निर्देवं भवनं न राजति तथा धर्मं विना मानवः ॥ २० ॥

જેમ દંત રહિત એવો હાથી, વેગ વગરનો ઘોડો, ચન્દ્રવિનાની રાત્રિ, સુગન્ધ વિનાનું પુષ્પ, જળવિનાનું તળાવ, છાયા વિનાનું વૃક્ષ, લવણ મીઠાં વિનાનું શાક અથવા કઠોળ, ગુણ હીન પુત્ર, સત્ ચારિત્ર ઇન્દ્રિય વિજયાદિ થી હીન એવો યતિ, દેવ વિનાનું દેવાલય શોભતું નથી તેન ધર્મ વિના માનવ શોભતું નથી ૨૦

આડકતરી રીતે ધર્મારાધનનું ફળ.

लज्जातो भयतो वितर्कवशतो, मात्सर्यतः स्नेहतो
लोभादेव हठाभिमानविनयाच्छृङ्गारकीर्त्यादितः
दुःखात्कौतुकविस्मयात् विपरितो, भावात् कुलाचारतो
वैराग्याच्च भजन्ति धर्ममसमं, तेषाममेयं फलम् ॥ २१ ॥

લજ્જાથી, ભયથી, વિચારને વશ થઈને, અદેખાઈથી, સ્નેહથી, લોભથી, હઠ-અભિમાનથી, વિનયથી, શૃંગાર અને કીર્તિ વિગેરેથી, દુઃખથી, ચોતરફ અદ્‌ભૂતદર્શનના આશ્ચર્યથી, પ્રેમભાવથી, કુલાચારથી, વૈરાગ્યથી, એમ કોઇ પણ રીતે જેઓ અસાધારણ એવા ધર્મને સેવે છે તે મનુષ્યોને ઘણું ફળ થાય છે. ૨૧

ધર્મનું બળ.

धर्मो दुःखदवानलस्य जलदः, सौख्यैकचिन्तामणिः
धर्मो रोगमहोरगस्य गरुडो, धर्मो विपत्तापकः ।
धर्मः प्रौढपदप्रदो जिनपदो, धर्मो द्वितीयः सखा
धर्मो जन्मजरामृतिक्षयकरो धर्मो हि शर्मप्रदः ॥ २२ ॥

ધર્મ દુઃખરૂપી દાવાનલને વર્ષાદ તુલ્ય છે. ધર્મ સુખનો ચિન્તામણિ છે. અર્થાત્ ચિન્તામણિ વત્ ચિન્તિત સુખને આપવા વાળો છે. ધર્મ સંસારના રોગ રૂપી મહાન્ સર્પને ગરૂડ સમાન છે, ધર્મ દુઃખોનો નાશ કરનાર છે. ધર્મ મોટી પદવીયો (તીર્થંકર ચક્રવર્તિ આદિ મોક્ષ સુધીના પદ) ને આપવા વાળો છે. ધર્મ બીજો મિત્ર છે. ધર્મ જન્મ, જરા, મરણનો નાશ કરનાર છે અને ચોક્કસ ધર્મ કલ્યાણને આપવા વાળો છે ૨૨

ધર્માત્માને ઇંદ્રની સમૃદ્ધિ.

यन्नाम्ना मदवारिभिन्नकरटास्तिष्ठन्ति निद्रालसा
द्वारे हेमविभूषिताश्च तुरगा हेषंति यद्दर्पिताः ।
वीणावेणुमृदङ्गशङ्खपणवैः सुप्तश्च यद्बोधते
तत्सर्वं सुरलोकभूतिसदृशं धर्मस्य विष्फूर्जितम् ॥ २३ ॥

નામથી અને મદના જલથી જેઓના ગંડસ્થલ ભેદાયેલ છે, અને જેઓના નેત્રોમાં નિદ્રાનું આલસ આવી રહ્યું છે એવા હાથીઓ જેને ત્યાં ઉભા રહે છે. અને જેના દ્વારમાં હેમ–સુવર્ણથી વિભૂષિત અને ગર્વિષ્ઠ એવા ઘોડાઓ હણહણાટીના શબ્દો કરી રહ્યા છે. અને વીણા, વેણું, મૃદંગ, શંખ, અને પણવના શબ્દો વડે નિદ્રાથી જાગૃત કરવામાં આવે છે તેવી ઇન્દ્રલોકની સમૃદ્ધિ જેવું આ બધું ધર્મનું પ્રકટ સ્વરૂપ છે. ૨૩

પુણ્યના ઉદયના લક્ષણો.

पत्नी प्रेमवती सुतः सविनयो भ्राता गुणालङ्कृतः
स्निग्धो बन्धुजनः सखातिचतुरो नित्यं प्रसन्नः प्रभुः ।
निर्लोभोऽनुचरः स्वबन्धुसुमुनिप्रायोपयोग्यं धनम्
पुण्यानामुदयेन सन्ततमिदं कस्यापि सम्पद्यते ॥ २४ ॥

પ્રેમવાળી સ્ત્રી, વિનયવાળો પુત્ર, ગુણોથી શોભિત એવો ભાઇ, સ્નેહવાળો બન્ધુજન, અતિ ચતુર એવો મિત્ર, હમેશાં પ્રસન્ન એવો સ્વામી, શેઠ–, નિર્લોભ એવો નોકર, અને પોતાના બન્ધુઓ તથા શ્રેષ્ઠ યતિઓને ભોગવવા યોગ્ય ધન, હમેશાં આ બધું પુણ્યોના ઉદયથી કોઇકજ પુરૂષને પ્રાપ્ત થાય છે. ૨૪

ધર્મી અધર્મી ઉપર લલિતાંગ કુમારની કથા.

ભરત ક્ષેત્રને વિષે શ્રીવાલ નામે નગર છે. ત્યાં નરવાહન નામે રાજા રાજ્ય કરે છે, તેને રૂપ યૌવન નિધાન સર્વ ગુણે કરી પ્રધાન, અમૃત સમાન જેની વાણી છે એવી કમલા નામે સ્ત્રી છે. તેની કૂખે જેમ છીપને વિષે મુકતાફલ ઉપજે, તેવા રૂપે કરી અમર સમાન લલિતાંગ નામે કુમાર જન્મ્યો, તે અનુક્રમે સર્વ કલામાં પ્રવીણ થયો, સાક્ષાત્ કંદર્પાવતાર જેવો અને વિનય વિવેક વિચાર ચાતુર્યાદિ ગુણે સંપન્ન થયો, અને ધીમે ધીમે યુવાવસ્થાના સુખો ભોગવવા લાગ્યો કોઇક અવસરે તે કુમારને કોઇ સજ્જન એવે નામે મિત્ર આવી મળ્યો યદ્યપિ તેનું નામ તો સજ્જન છે પરંતુ પરિણામે કરી તે અતિ દુર્જન છે હવે તેની ઉપર કુમાર અત્યંત પ્રીતિ રાખે છે પણ તે પોતાનું દુર્જનપણું વધારતો જાય છે ॥ यतः ॥

शशिनि खलु कलंकः कण्टकः पद्मनाले जलधिजलमपेयं पण्डिते निर्धनत्वं ।
दयितजनवियोगो दुर्भगत्वं सुरूपे धनवति कृपणत्वं रत्नदोषी कृतान्तः ॥ १ ॥

મતલબ કે ચદ્રમાં કલંક છે. કમળમાં કાંટા છે, સમુદ્ર ખારો છે, પંડિત નિર્ધન હોય છે, વ્હાલાનો વિયોગ સંભવે છે સ્વરૂપમાં દુર્ભાગ્ય તેમજ ધનવાનમાં લોભ વૃત્તિ એ પ્રમાણે રત્નરૂપ સાધનોમાં દોષનો આવિર્ભાવ છે એ પણ કાળનો પ્રભાવ છે.

વળી જોવાય છે કે—

शशी दिवसधूसरो गलितयौवना कामिनी ।
सरो विगतवारिजं मुखमनक्षरं स्वाकृतेः ।
प्रभुर्धनपरायणः सततदुर्गतिः सज्जनो
नृपांगणगतः खलो मनसि सप्त शल्यानि मे ॥ २ ॥

દિવસે દેખાતો ઝાંખો ચંદ્ર, યૌવનાવસ્થા ગયેલી સ્ત્રી, કમળ વિનાનું સરોવર, નિરક્ષર સ્વરૂપવાન, ધન સંગ્રહમાં મચેલ શ્રીમંત, સજ્જન પુરૂષ છતાં નિર્ધન, અને રાજદરબારમાં રહેલો ખળ પુરૂષ એ સાત મારા મનમાં શલ્યરૂપે છે.

આ પ્રમાણે જેમ નાગરવેલીમાં નિષ્ફળતાનું કલંક ચંદનમાં કટુતાનું કલંક, લક્ષ્મીમાં ચપલતાનું કલંક, સુવર્ણને વિષે નિર્ગંધતાનું કલંક છે. તેમ લલિતાંગ કુમારને નામધારી સજ્જનની મિત્રતા કલંકરૂપ છે.

એક વખત લલિતાંગકુમાર રાજાને નમસ્કાર કરવા માટે ગયો, વિનય તથા ગુણવાળા કુમારને જોઈ રાજા સંતુષ્ટ થયો અને અમૂલ્ય હાર રાજાએ દીધો. કુમાર રાજાને નમસ્કાર કરી પાછો વળતાં તે કુમારની માર્ગમાં યાચક જનોએ જય થાઓ જય થાઓ એમ પ્રાર્થના કરી, તેથી કુમારે તરતજ તે હાર યાચકોને આપી દીધો તે સર્વ વાત સજ્જને જાણી અને તેણે આવી રાજાની આગળ ચાડી ખાધી. કહ્યું છે કે

परविघ्नेन सन्तोषं भजते दुर्जनो जनः ।
लभेदग्निः परां दीप्तिं परमंदिरदाहतः ॥ १ ॥

મતલબ કે જેમ અગ્નિ બીજાનું ઘર બાળીને વધારે દીપે છે તેમ દુર્જન માણસ બીજાને વીઘ્ન કરવાથીજ સંતોષ પામે છે.

રાજાએ તે વાત સાંભળી ક્રોધવંત થઇ કુમારને તેડાવી એકાંતે બેસાડી શીખામણ આપીને કહ્યું કે, હે પુત્ર! તું અત્યંત દાન દેવાના વ્યસનનો ત્યાગ કર ॥ यतः ॥

अतिदानाद्बलिर्बद्धो नष्टो मानात् सुयोधनः ।
विनष्टो रावणो लौल्यादति सर्वत्र वर्जयेत् ॥

એટલે કે અતિદાન કરવાથી બલીરાજા બંધાયો હતો, અભિમાનથી દુર્યોધન નાશ પામ્યો હતો, અતિ આસક્તિ રાવણ નાશ પામ્યો હતો માટે સર્વ બાબતમાં વધારે પડતું થાય તે ઠીક નહિ.

વળી કહ્યું છે કે—

महादुःखाय सम्पद्येदतिमेघस्य वर्षणम् ।
प्राणघाताय जायेत प्राणिनामतिभोजनम् ॥ २ ॥

એટલે વરસાદ બહુ વરસે તો તે દુઃખરૂપ થાય છે તેમ બહુ ભોજન કરવાથી પ્રાણનો નાશ થાય છે.

માટે હે પુત્ર! આવકથી અધિક વ્યય કરે તો સમુદ્ર પણ ખાલી થઇ જાય અને પછી નિર્ધન પુરૂષ કયાંય આદર પામતા નથી કહ્યું છે કે । यतः ।

आदरं लभते लोके न कापि धनवर्जितः ।
कान्तिहीनो यथा चन्द्रो वासरे न लभेत् प्रथां ॥ १ ॥

મતલબ કે જેમ દિવસે કાંતિ વિનાનો ચંદ્ર અનાદર પામે છે તેમ ધન વિનાનો દુનિયામાં સર્વત્ર અનાદર પામે છે

એ રીતે કુલ, શીલ, આચાર, વિદ્યા, ઇંદ્રિયનું પટુત્વ, એ સર્વ ધન વિના નિરર્થક જાણવાં. તો હવે હે વત્સ ! આજથી તારે આવક માફક ઉચિત ખર્ચ કરવો, દ્રવ્યનો સંગ્રહ કરવો, જે માટે રાજ્યને યોગ્ય તું છો, અને રાજ્ય પણ જો ભંડારમાં દ્રવ્ય સબળ હશે તોજ ચાલશે, અને વળી દ્રવ્ય હશે તોજ સર્વ સભા તારી આજ્ઞામાં રહેશે.

એવું પિતાનું વચન સાંભળી કુમાર મનમાં વિચાર કરવા લાગ્યો, કે જુઓ મ્હારા ઉપર કેટલું હેત છે ॥ यतः ॥

आकारैरिंगितैर्गत्या चेष्टया भाषणेन च ।
नेत्रवक्त्रविकारैश्च ज्ञायतेऽतर्गतं मनः ॥

મતલબ કે સામાના મનની પરીક્ષા ચહેરાથી, હૃદયના ઉમળકાથી, ચાલચલગતથી, ચેષ્ટાથી, ભાષણથી અને મોં તથા આંખોના વિકારોથી થાય છે.

આ પ્રમાણે કોઇક પુણ્યશાળી ઉપરજ માતા પિતાની સૌમ્ય દૃષ્ટિ પડે. માટે મારૂં અહોભાગ્ય છે.

હવે કુમાર પિતાની આજ્ઞા પામ્યા પછી સ્વલ્પ સ્વલ્પ દાન ધર્મ કરવા લાગ્યો, તે વારે યાચક જનો કહેવા લાગ્યા કે હે લલિતાંગ કુમાર પ્રથમ તમે હાથી સરખા દાતાર થઇને હવે ગર્દભ જેવા કૃપણ કેમ થયા ? અથવા પ્રથમ તમે કલ્પવૃક્ષ સમાન થઇને હવે ધતુરા પ્રાય કેમ થયા ! અથવા પહેલાં સિંહ સમાન થઇને હવે શીયાળીઆ જેવા કેમ થયા? એમ સ્વાર્થ નષ્ટ યાચક લોકો કહેવા લાગ્યા ॥ यतः ॥

तावत् प्रीतिर्भवेल्लोके यावद्दानं प्रदीयते ।
वत्सः क्षीरक्षयंदष्ट्वा स्वयं त्यजति मातरं ॥

એટલે કે જ્યાંસુધી કંઇ પણ દાન અપાય છે ત્યાંસુધી લોકમાં પ્રીતિ રહે છે, મતલબ કે ગાય દુધ આપતિ બંધ થાય છે એટલે તેનો પુત્ર વાછરડો પણ તેના ઉપરનો પ્રેમ છોડી દે છે.

તેમજ—

चलेच्च मेरुः प्रचलेत्तु मन्दरः चलेत्तु ताराग्रहचन्द्रभानुः ।
कदा प काले पृथिवी चलेद्धि तथापि वाक्यं न चलेद्धि साधोः ॥

કદાચ મેરૂ પર્વત ચલાયમાન થાય, મંદરાચલ (હિમાલય) ચલાયમાન થાય તારા, ગ્રહ, ચંદ્ર કે સૂર્ય પણ ચલાયમાન થાય, કે કદાપી પૃથ્વી પણ કોઇ કાળે ચલાયમાન થાય પરંતુ સજ્જન પુરૂષનું વચન કદી ફરતું નથી.

આવાં વચનો સાંભળી કુમાર દુઃખિત થયો, અને ચિંતામાં પડી ગયો, કે મને તો વાઘ નદીના ન્યાય સમાન કષ્ટ પ્રાપ્ત થયું છે. હવે જો હું દાનેશ્વર થાઉં છું, તો પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે, અને જો દાન નથી આપતો, તો કીર્તિ જાય છે. પણ રૂડું કરતાં મને શો દોષ છે ? એવું વિચારી કુમાર પૂર્વની પેઠે દાતાર થઇ દાન દેવા લાગ્યો; તે વાત રાજાએ સાંભળી કે તરત કોપાયમાન થઇ કુમારને દેશવટો દીધો એટલે કુમાર પણ માનપૂર્વક સાહસિકપણે માત્ર એક અશ્વ સહિત હથિયારો યુકત તત્કાલ પરદેશે ચાલ્યો, કેમકે તેજી તાજણો ખમે નહીં. પછી તે સમાચાર લોકોના મુખથી જાણીને સજ્જન પણ પાછળથી નીકળીને કુમારને જઇ મળ્યો. માર્ગમાં બેઉ જણ ચાલ્યા જાય છે, તે વખતે સજ્જન પ્રત્યે કુમાર પૂછવા લાગ્યો કે હે સજ્જન ! કાંઇ ચમત્કારિક વાત તો કહો. ત્યારે સજ્જન બોલ્યો કે હે કુમાર ! તમે કહો કે પુણ્ય અને પાપ એ બે માંહે કોણ રૂડું છે ? કે જેની પ્રશંસા કરીએ. તે વખતે લલિતાંગ કુમાર હસીને કહેવા લાગ્યો કે અરે ભુંડા મૂર્ખ ! એટલું તો સર્વ જાણે છે, કે “ જ્યાં ધર્મ છે ત્યાં જય છે. અને પાપ ત્યાં ક્ષય છે. ” તે સાંભળી અધર્મી સજ્જન બોલ્યો કે હે સ્વામી ! જો પુણ્ય રૂડું છે, તો તમે દાન પુણ્યાદિક કરતાં કરાવતાં અહીંઆ આવી અવસ્થા કેમ પામ્યા ? ત્યારે તેને કુમારે કહ્યું કે જે કષ્ટ પામીએ તે પૂર્વકૃત પાપ કર્મનો ઉદય જાણવો. અને જે શાતા પામીએ તે પૂર્વકૃત પુણ્યકર્મનો ઉદય જાણવો. તેથી ફરી સજ્જન બોલ્યો, કે તમારા ધર્મનું ફલ તો મેં પ્રત્યક્ષ દીઠું, માટે હવે તમે ચોરી વિગેરેથી ધન ઉપાર્જન કરી રાજ્ય પોતાને વશ કરો; તે સાંભળી લલિતાંગ કુમાર બોલ્યો કે—હે દાસ ! તું એવાં સપાપ વચન ન બોલ કારણ કે સ્વભાવે પણ પાપ વચન બોલવાથી જીવ દુઃખ પામે છે. માટે તારે એવા યદ્વા તદ્વા પ્રલાપ કરવા નહીં, છતાં તેનો નિર્ણય કરવો હોય તો ચાલો આપણે કોઇ મહાન્ પુરૂષને પૂછીએ. તે સાંભળી સજ્જન બોલ્યો કે–ભલે ધર્મથી જય છે એમ કોઈ કહે તો હું આ જન્મ પર્યંત તમારો દાસ થઇને રહીશ, અને જો એમ ન કહે તો આ જન્મ પર્યંત તમે મહારા દાસ થઇને રહો. બન્ને જણે એ વાત કબુલ કરી, આગલ ચાલતાં એક ગામ આવ્યું ત્યાં લોકોનાં ટોળામાં જઈ પૂછવા લાગ્યા કે–ભાઇઓ, સુખશ્રેય પામીએ તે પુણ્યથી કિંવા પાપથી ? એ પ્રશ્ન સાંભળીને લોકો બોલ્યા કે ભાઈ ? હમણાં તો પાપજ સુખ હેતુ છે, અને પુણ્યથી ક્ષય થાય છે, એવું સાંભળી બેઉ જણ આગળ ચાલ્યા માર્ગમાં લલિતાંગ કુમારને સજ્જન હાંસિ પૂર્વક કહેવા લાગ્યો કે અહો કુમાર ? હવે તમે ઘોડા ઉપરથી ઉતરી ચાકર થઇને મહારી આગળ ચાલો ને પોતાની

પ્રતિજ્ઞા પાળો. એવું વચન સાંભળી કુમાર ઘોડાથી નીચે ઉતરી સજ્જન પ્રત્યે કહેવા લાગ્યો કે હે મિત્ર! હું સર્વદા તારો સેવકજ છું. અસાર ધનની મને દરકાર નથી પણ કેવળ ધર્મનીજ અભિલાષા છે. એમ કહી સેવક થઇ આગળ ચાલ્યો, અને સજ્જન ઘોડા ઉપર ચઢયો; આગળ ચાલતાં વળી કુમાર પ્રત્યે કહેવા લાગ્યો કે હે કુમાર! ધર્મનાં ફળ ભોગવો કેવાં છે? હું તમોને હજી પણ કહું છું, કે તમે તમારો કદાગ્રહ મૂકીને પાપ ચોરાદિક કર્મ કરો, તે શિવાય બીજો કોઇ તમારે જીવવાનો ઉપાય મને ભાસતો નથી. જો એમ નહિં કરશો તો કષ્ટ પામશો. એવાં વચન સાંભળી રીશ ચઢાવીને કુમાર બોલ્યો કે અરે મૂર્ખ! તાહારામાં ગુણ તો સર્વ દુર્જનનાજ દેખાય છે છતાં તારી ફઇએ તારૂં નામ સજ્જન પાડયું છે તે મિથ્યા છે જે મિથ્યા ઉપદેશ આપે, તે મહા પાપી જાણવો તેની ઉપર એક દૃષ્ટાંત કહું છું તે સાંભળ.

કોઇ એક પારાધી નિરંતર જીવોનો વધ કરતો અટવીમાં વસે છે. એકદા પારાધીએ વનમાં એક હરણી જોઇ તેને મારવા માટે કાન પર્યંત બાણ સાંધીને તીર છોડવાને તૈયાર થયો તે વખતે હરણી બોલી કે હે વ્યાધ! હે બાંધવ! તું ક્ષણ એક સબૂર કર. એટલામાં હું મ્હારા ન્હાનાં બચ્ચાંઓને ધવરાવી પાછી આવું તે વખતે પારાધીએ કહ્યું—અરે પ્રપંચી! તું આ બાણથી છૂટી જા તો ફરી પાછી કયાંથી આવ? તે વખતે તેને હરણીએ કહ્યું કે જો હું ન આવું તો મ્હારે શીર ગોહત્યાદિકના પાપો છે તે વચન સાંભળી પારાધીએ કહ્યું કે કષ્ટમાંથી ઉગરવા માટે તું એવાં વચન બોલે છે; તે હું માનું નહી. છતાં તું કાલાંવાલાં કરે છે તો ઉપદેશ પૂછતાં કુઉપદેશ આપે, તેનું પાપ તારે શિર લે, તો હું જાવા દઉં, હરણી તે પ્રતિજ્ઞા કરીને ગઇ અને પોતાના બાલકોને ધવરાવી સંતોષીને પોતાનું વચન પાળવા માટે પાછી પારાધી પાસે આવીને કહેવા લાગી કે હે વધક! હું કઇ દિશાએ નાસી જાઉં તો તારા બાણથી છૂટું? તે સાંભળી વ્યાધ વિચારવા લાગ્યો કે હું એને કુશીખ આપીશ તો મને પાપ લાગશે, માટે ખરૂં કહેવું જોઇએ, એમ ચિંતવીને કહેવા લાગ્યો કે જો તું જમણી બાજુએ નાશી જા, તો છૂટે, એવું વચન સાંભળી હરણી જમણી બાજુ નાઠી તેથી છૂટી. માટે હે સજ્જન શીખ આપતાં કુશીખ આપે તો તે મહાપાપી કહેવાય, તો હવે તું મ્હારો મિત્ર છતાં મને કુશીખ કેમ આપે છે? જો કોઇ બાપડા પામર લોકોએ ધર્મ નહીં વખાણ્યો તો શું તેથી ધર્મ વ્યર્થ થઇ ગયો સમજવો?

જો આંધળે પુરૂષે સૂર્ય ન દીઠો, તો શું સૂર્ય નથી ઉગ્યો, એમ સમજવું? ખરૂં પુછે તો સંસારમાંહે સાર પદાર્થ સર્વ લોકનો આધાર, સર્વ સુખનો ભંડાર, સ્વર્ગાપવર્ગનો દાતાર અચિંત્ય ચિંતામણિ સમાન, સકલ કલા પ્રધાન એવો એક ધર્મજ છે.

સજ્જને આગળ ચાલતાં ફરી કહ્યું કે—અહો કુમાર તું તો મ્હોટા કદાગ્રહી દેખાય છે, કેમકે ધર્મનાં વિપરીત ફલ દેખતો છતો પણ હજી માનતો નથી. રાસભનું પૂંછ પકડયું તે મુકવુંજ નહી. એવો તારો ન્યાય છે. જેમ કોઇ ગ્રામીણ માતા પિતાએ પુત્રને શીખવ્યું જે પાંચ જણામાં બેશી જે વાત અંગીકાર કરીએ તે મુકીએ નહી, એવી શિક્ષા દીધી. એકદા તે મૂર્ખ શિરોમણિએ એક સાંઢ નાશી જતો હતો તેથી તેણે પાંચની સાક્ષિથી તેનું પૂંછ પકડયું પણ મૂકે નહી ત્યારે લોક કહેવા લાગ્યાં કે હે મૂર્ખ ! મૂકી આપ. પણ પેલો મૂકે નહીં. તેમ તેં પણ હઠ લીધો તે છોડતો નથી. હજી પણ જો મ્હારૂં કહ્યું ન માને તો ચાલ આગળ બીજા લોકોને પૂછીએ એમ વાદ કરતાં પરસ્પરે નેત્રની હોડ કરી. એટલે જે હારે તે પોતાના નેત્ર કાઢી આપે આગળ કોઈ ગામમાં જઇ લોકોને પૂછયું કે ધર્મ ઉત્તમ કે અધર્મ ? તે વખતે તે મૂર્ખાએ પણ અધર્મનીજ સ્થાપના કરી, તે વાણી સાંભળી સજ્જન હર્ષ પામ્યો. આગળ જતાં કુમારની પાસેથી હોડમાં હારેલાં નેત્ર માગ્યાં કુમારે પણ પોતાની ચક્ષુ છરી વડે કહાઢી આપી. તે વખતે સજ્જને કહ્યું કે કેમ કુમારજી ધર્મના ફળ દીઠાં કે ? આંધળા તો થયા ? એમ કહી જરાવાર ત્યાં બેસી પછી કુમારને મુકી ઘોડે ચડીને સજ્જન અન્ય દેશે જતો રહ્યો.

હવે પાછળથી કુમાર વિચારવા લાગ્યો કે આપદા રૂપ નદીનું પૂર, પૂર્વકૃત કર્મ પ્રમાણે મ્હારે વૃદ્ધિ પામ્યું છે, પણ તેથી શું ? ધર્મના પ્રસાદથી સર્વ સારૂંજ થશે. એમ ચિંતવી જ્ઞાન બળે ધર્મ ઉપર નિશ્ચળ મન કરી ઉભો રહ્યો. એવામાં સૂર્ય અસ્ત પામ્યો. ચારે દિશાએ અંધકાર પસર્યો, રાત્રિચર જીવો સંચાર કરવા લાગ્યા, એવા અવસરેં ત્યાં વડ ઉપર ભારંડ પક્ષીઓ મળી માંહોમાંહે વાર્તા કરવા લાગ્યા કે જેણે જે કૌતક દીઠું હોય તે કહો. તે વખતે એક બોલ્યો કે અહીંથી પૂર્વ દિશામાં ચંપા નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરે છે, તેને પુષ્પવતી નામે પુત્રી પ્રાણથી પણ વલ્લભ છે, તે મહારૂપ સૌંદર્યનું નિધાન યૌવનાવસ્થા પામી પણ કૃત કર્મને યોગે તેને અંધ પણું પ્રાપ્ત થયું છે. એક દિવસે રાજા પોતાની પુત્રીને ખોળામાં બેસાડી વિચારવા લાગ્યો કે એક તો દીકરી છે તે સ્વભાવે ચિંતાનુંજ કારણ છે અને વળી એ તો કર્મે કંલકિત છે અને વિવાહ યોગ્ય પણ થઇ છે. હવે શો ઉપાય કરવો ? એમ વિચારી નગરમાં ઢંઢેરો ફેરવાવ્યો કે રાજાની પુત્રીની આંખો જે સારી કરે તેને રાજા અર્ધું રાજ્ય તથા તેજ કન્યા આપે. એવી રીતે રાજપુરૂષો ત્યાં ચહુટે ચહુટે ઢંઢેરો ફેરવે છે. એ કૌતુક મેં દીઠું હવે આગળ શું થાશે ? તે હું જાણતો નથી.

એવું સાંભળી વળી ન્હાનો ભારંડ બોલ્યો કે હે તાત ! તમે જાણતા હો તો કહો કે નેત્ર સારાં થવાનો કોઇ ઉપાય છે ? તે સાંભળી વૃદ્ધ ભારંડ બોલ્યો કે હે

વત્સ ઉપાય તો ઘણાય છે, પણ ભાગ્ય વિના મળે નહીં. તે વખતે લઘુ ભારંડે તે કહેવા આગ્રહ કર્યો પણ વૃદ્ધ ભારંડ બોલ્યો કે હે વત્સ રાત્રિએ કહેવાય નહીં ॥ यतः ॥

दिवा निरीक्ष्य वक्तव्यं रात्रौ नैव च नैव च
संचरन्ति महाधूर्ता वटे वटरुचिर्यथा ॥

મતલબ કે દિવસે જોઇ તપાસીને બોલવું અને રાત્રે તો કદિ બોલવું નહિ, કેમકે તે વખતે ધુતારા લોકો ફરતા હોય તે સાંભળવાથી વડ ઉપર વરરૂચી એક રાત્રે વાત કરવાથી જેમ દુઃખી થયા તેમ દુઃખી થવું પડે છે.

વળી લઘુ ભારંડ બોલ્યો કે અહીં તો કોઇ સાંભળતો નથી માટે તમે કહો. તે વખતે વૃદ્ધ બોલ્યો કે આ વૃક્ષને જે વેલી વિંટાઇ રહી છે, તેને લઇને આંખે અંજન કરે, તો નવાં નેત્ર આવે, તે સાંભળી લઘુ ભારંડે તે કૌતુક જોવાને તેની સાથે ત્યાં જવાને આગ્રહ કરી હા પડાવી. કુમાર વડ હેઠળ બેઠો હતો તેથી તેમણે ઉપલું સર્વ વૃતાંત જાણ્યું, અને વિચારવા લાગ્યો કે પુણ્યનું પ્રમાણ અદ્યાપિ પ્રવર્તે છે. પછી તે વેલી હાથ ફેરવી શોધી લીધી તેના રસથી પોતાની આંખે અંજન કર્યું કે તુર્ત નવાં ચક્ષુ આવ્યાં પછી થોડી વેલ સાથે બાંધી વડ ઉપર ચઢયો અને પોતે ભારંડ પક્ષીની પાંખમાં બેસી રહ્યો. પ્રભાતે ભારંડ ઉડી ચંપા નગરે પહોંચતા જમીન પર ઉતર્યાં કે કુમાર પાંખમાંથી નીસરી રાજદ્વારે ગયો, દરવાને આવી રાજા આગળ હકીકત જાહેર કરી કે હે સ્વામી! કોઇક દેશાંતરી પુરૂષ આવી કહે છે, કે હું રાજકુમારીની આંખો સારી કરીશ. તે વાત સાંભળી રાજાએ તેને આદરથી તેડી વિનંતિ કરી કહ્યું કે હે મહાપુરૂષ! ઉપકાર કરો. પછી કુમારે તરતજ વેલીનો રસ કાઢી, કુંવરીની આંખે અંજન કર્યું કે રાજપુત્રીને દેખાવા લાગ્યું. તે વખતે રાજાએ પણ મ્હોટા ઉત્સવ પૂર્વક પોતાની પુત્રી કુમારને પરણાવી દીધી લગ્ન પ્રસંગમાં હાથી, ઘોડા, પાયદલ પ્રમુખ ઘણી લક્ષ્મી આપી અને અર્ધ રાજ્ય દીધું. એટલે કુમાર ત્યાં મનુષ્ય સંબંધી ભોગ ભોગવતો રહેવા લાગ્યો.

એક વખત પોતે ગવાક્ષમાં બેઠો છે, એવામાં જેની આંખમાંથી આંસુ ઝરે છે, રોગે કરી ગ્રસ્ત અને ફાટેલાં વસ્ત્ર, બીભત્સાંગ, દુર્નિરીક્ષ્ય, અતિ પીડિત એવા સજ્જનને આવતો દીઠો. તે વખતે પાપનાં પ્રત્યક્ષ ફળ જોઇને કુમારને દયા આવી તેથી ચાકર મોકલી તેડાવી બેસાડીને પૂછ્યું કે હે સજ્જન! તું મને ઓળખે છે? તે બોલ્યો અહો સત્પુરૂષ તમને કોણ નથી ઓળખતો. કુમારે સાચું પૂછ્યું તે વખતે ચૂપ રહ્યો. પછી રાજકુમારે પાછલું વૃતાંત કહી સર્વ પોતાની હકીકત સંભળાવી, તેથી તે સજ્જન લજ્જા પામ્યો. પછી તેનાં ફાટેલાં વસ્ત્ર ઉતરાવી નવાં પહેરાવી ભોજન કરાવીને કહ્યું કે હે મિત્ર! આ લક્ષ્મી સર્વ તારી છે, તું નિશ્ચિંત થઇ અહીં સુખ ભોગવ.

પોતાના અધર્મથી છુટો પડવા પછી જે દુઃખો ભોગવવાં પડયાં હતાં તે યાદ કરી રાજકુમાર પાસે માફી માગી. છતાં રાજકુમારે તો તેનો ઉપકાર માનતાં તેને પ્રધાન પદવી આપી,

એ ખબર કુમારની સ્ત્રી પુષ્પાવતીએ સાંભળ્યા તે વખતે ભર્ત્તાર પ્રત્યે કહેવા લાગી કે હે સ્વામીન્ ! એ તમારો બાલપણાનો મિત્ર છે. તો એને એકાદ ગામ આપી દ્યો. પણ તમારાથી દૂર રાખો, પરંતુ પાસે ન રાખો કેમકે ॥ यतः ॥

दुर्जनः परिहर्तव्यो विद्यया भूषितोऽपि सन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥

મતલબ કે સર્પ મણિથી ભૂષિત હોય છતાં ભય શું નથી કરતો ? માટે દુર્જનમાં વિદ્યા હોય છતાં તેનો વિશ્વાસ કરવો નહિં. દુર્જનને ઉપકાર કરતાં ઉલટું દુઃખ થાય છે.

જેમકે કોઇ એક કાગડો બગ આદિને તરતો જોઇ પોતે પણ તેમની પેઠે મત્સ્ય ભક્ષણ કરવા સારૂ પાણીમાં પડયો, પણ તરતાં આવડતું નથી તેથી પાણીમાં ડુબવા લાગ્યો, ત્યાં તેને કોઇ દયાળુ રાજહંસિણીએ જોયો, તેને દયા આવી તે વખતે રાજહંસને કહેવા લાગી કે હે સ્વામી ! બાપડો કાગડો ડુબે છે, માટે તમે ઉપકાર કરી એને કાઢો તે વખતે દંપતીએ મળી ચાંચે તાણી પકડીને બહાર કાઢયો. પછી કાગડો હંસ હંસિણીને પગે લાગી કહેવા લાગ્યો કે હે ભાગ્યવાનો ! હું જ્યાં સુધી જીવતો રહું ત્યાં સુધી તમારો ઉપકાર માનીશ. હવે કૃપા કરી તમે બેઉ જણ અમારા વનમાં આહાર ભક્ષણ કરવા આવો. તે વખતે હંસે હંસિણીને પૂછયું કે કેમ ત્હારી શી મરજી છે ? હંસિણી બોલી કે હે સ્વામી ! ઉપકાર સર્વને કરીએ પણ અજાણ્યાની સંગત ન કરીએ, એમ હંસિણીએ વાર્યો, તો પણ દાક્ષિણ્યતાને લીધે હંસ કાગડાની સાથે વનમાં ગયો તે બેઉ કોઇ લીંબડાના ઝાડ ઉપર બેઠા તે વૃક્ષની નીચે કોઇ રાજા આવી વિસામાને અર્થે ઉભો રહ્યો છે. તેના ઉપર કાગડો વિષ્ટા કરી ત્યાંથી ઉડી ગયો. રાજાએ ઉંચું જોઇને હંસની ઉપર બાણ મૂકયું તેથી હંસ તરફડતો ભૂમિ ઉપર પડયો, રાજાએ વિચાર્યું કે આ ધવલ કાગ એ કૌતુક જેવી વાત છે તે સાંભળી હંસ બોલ્યો—

नाहं काको महाराज ! हंसोऽहं विमले जले ।
नीचसंगप्रसंगेन मृत्युरेव न संशयः ॥

આપ્રમાણે દ્રષ્ટાંત આપી સ્ત્રીએ ઘણું કહ્યું પરંતુ કુમારે દાક્ષિણ્ય પણે તેનો સંસર્ગ રાખ્યો

૫૫

ઘણો વખત જવા પછી એક દિવસ રાજાએ સજ્જનને પૂછયું કે એ કુમારની સાથે તમારે માંહો માંહે ગાઢ સ્નેહનું કારણ શું છે? તે વખતે સજ્જને વિચાર્યું જે હું પ્રથમથી કુમારની ઉપર દૂષણ ચઢાવું, તો પછી મ્હારાં દૂષણ એ પ્રકાશી શકશે નહીં, એમ વિચારી રાજા પ્રત્યે બોલ્યો કે હે સ્વામિન્? એવાત કહેવા યોગ્ય નથી, કેમકે કુમારે મને સોગન ખવરાવ્યા છે. એવું સાંભળી રાજા વળી વિશેષ આગ્રહ કરી પૂછવા લાગ્યો, એટલે સજ્જને રાજાને સોગન આપી જણાવ્યું કે હે મહારાજા! હું વાસપુરી નગરીમાં નરવાહન રાજાનો પુત્ર છું અને એ મ્હારા ઘરની દાસીનો પુત્ર છે. કર્મયોગે દેશાંતરે ભમવાથી વિદ્યા પામ્યો, તે વખતે નીચ જાતિથી લજ્જા પામીને ઘરમાં રહે નહીં. દેશાંતરેજ ભમ્યા કરે, તે ભમતો ભમતો તમારે નગરે આવ્યો. વિદ્યાવંત માટે તમોએ આદર દીધો પૂર્વ કર્મના પ્રસાદથી અર્દ્ધ રાજ પદવી પામ્યો, અને હું પણ મ્હારા પિતાથી પરાભવ પામીને અહીં આવ્યો, મને એણે ઓળખ્યો કારણ કે મર્મનો જાણુજ મર્મ જાણે, તેથી એણે મને પોતાની પાસે રાખ્યો હે સ્વામી એની વાત મેં તમને કહી, પણ એ વાતમાં કાંઇ સાર નથી. એવી વાત સાંભળી રાજા વિચારમાં પડ્યો જે મેં અણ વિચાર્યું કામ કર્યું રાજ જાઓતો ભલે જાઓ પરંતુ મારાથી મહારો વંશ મલીન થયો તે અત્યંત અકાર્ય થયું. એમ વિચારી જમાઇને મારવા માટે રાજાએ અંતરંગ પુરૂષને તેડાવીને કહ્યું કે આજ રાત્રિએ ઘરની અંદરના રસ્તે જે આવે તેનું તરત સમાધાન કરી નાખજ્યો, સેવકે પણ તેવીજ રીતે રાજાની આજ્ઞા પ્રમાણ કીધી રાજાએ રાત્રિને સમયે ભલો પુરૂષ મોકલીને કુમારને મારવા માટે તેડાવ્યો, તેણે જઇ કુમારને વિનવ્યો, કે આપને રાજા અવશ્ય તેડાવે છે, કોઇ મ્હોટું કાર્ય છે. તેમાટે ઘરને રસ્તે થઇને આવો કુમાર પણ તેવીજ રીતે સજ્જ થઇને જવા લાગ્યો તેવખતે સ્ત્રી બોલી હે સ્વામી? ભોળા થઇ રાત્રે જાઓ છો પણ રાજ્ય સ્થિતિ મલીન છે. ॥ यतः ॥

काके शौचं द्युतकारेषु सत्यं सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशान्तिः
क्लीबे धैर्यं मद्यपे तत्वचिन्ता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा ॥

મતલબ કે કાગડામાં પવિત્રતા, જુગારીમાં સત્યતા, સર્પમાં ક્ષમા, સ્ત્રીઓમાં કામની શાંતિ, નપુંસકમાં ધૈર્ય, દારૂડીયાને તત્વનો વિચાર, અને રાજાને મિત્ર એ કોઇએ દીઠા કે સાંભળ્યા નથી.

તે સાંભળી કુમાર બોલ્યો હે સુભાગ્ય! તું કહે છે તે સત્ય છે, પરંતુ રાજાની આજ્ઞા લોપીએ તો મહા દોષ લાગે. ॥ यतः ।

आज्ञाभंगोनरेन्द्राणां गुरूणां मानमर्दनम् ।
पृथक्शय्या च नारीणामशस्त्रवध उच्यते ॥

મતલબ કે રાજાઓની આજ્ઞાનો ભંગ, ગુરૂના માનનો ભંગ અને સ્ત્રીઓને જુદી શય્યા એ તેમનો વગર હથિયારે વધ કરવા જેવા છે. તે સાંભળી સ્ત્રી બોલી. તમે કહો છો તે પણ સત્ય છે માટે હમણાં મિત્રને મોકલો, કુમારે પણ તેમજ કર્યું અને સજ્જનને મોકલ્યો. માર્ગે જાતાં રાજાના સેવકે પૂર્વ સંકેતથી તેને પેસતાંજ મારી નાંખ્યો મરણ પામીને દુર્ગતિએ ગયો. ॥ યતઃ ॥

मित्रद्रोही कृतघ्नाश्च ये च विश्वासघातकाः ।
ते नरा नरकं यान्ति यावच्चन्द्रदिवाकरौ ॥

મતલબ કે મીત્રનો દ્રોહ કરનાર, કૃતઘ્નિ અને વિશ્વાસ ઘાતકો તે બધા હમેશને માટે નર્કમાંજ જાય છે.

સજ્જનને મારતાં ત્યાં કોલાહલ થયો, તે વખતે રાજપુત્રી બોલી હે સ્વામી જો તમે ત્યાં જાત તો શા હવાલ થાત! માટે હવે તમે પ્રમાદ તજી સૈન્ય તૈયાર રાખી સાવધાન રહો કુમાર પણ તે પ્રમાણે તૈયાર રહ્યો. રાજા પણ સર્વ વાત જાણી સૈન્ય લઇ યુદ્ધ કરવાને સહામો આવ્યો. બેઉ સૈન્ય માંહે માંહે મળ્યાં એવામાં આ અનર્થ જોઇ રાજાનો મંત્રીશ્વર આવી રાજાને કહેવા લાગ્યો કે હે સ્વામી અણુવિચાર્યું યુદ્ધ ન કરીએ. કહ્યું છે કે—

अपरीक्षितं न कर्तव्यं कर्तव्यं सुपरीक्षितं ।
पश्चाद्भवति संतापो ब्राह्मणी नकुलं यथा ॥

હરેક કામ સારી પરીક્ષા કરીને કરવું પણ પરીક્ષા કર્યા વિના કંઇ કરવું નહી કારણ કે નકુળને મારી નાંખવાથી બ્રાહ્મણી જેમ પસ્તાઇ તેમ પાછળથી પશ્ચાત્તાપ થાય છે.

ઇત્યાદિ પ્રધાનનાં વચન સાંભળી રાજાએ યુદ્ધ નિવારણ કરી કુલ જાતિ પૂછવા માટે મંત્રીશ્વરને કુમાર પાસે મોકલ્યો, મંત્રીશ્વરે આવી કુમારને વિનવ્યો. કે તમારો કુલવંશ પ્રકાશ કરો. કુમાર બોલ્યો કે સત્પુરૂષ પોતાનું કુલ પોતાના મુખથી કહે નહીં. પ્રધાન બોલ્યાં કે તમારા સજ્જન મિત્રે આવીને રાજાની આગળ તમારા કુળને નિંદ્યું છે. પ્રાયઃ દુર્જન હોય તે પરવિઘ્ને સંતોષી થાય, તે વચન સાંભળી કુમારે પોતાનું સર્વ વૃતાંત પ્રધાન આગળ કહ્યું. મંત્રીએ જઇ રાજાની આગળ નિવેદન કર્યું તે સમાચાર જાણવા તત્કાળ કાગળ લખી રાજાએ કુમારના નગર તરફ સેવક મોકલ્યો. તે સેવક પણ લલિતાંગ કુમારના પિતા પાસે જઇ સર્વ હકીકત કહી. તે વખતે રાજા પોતાના પુત્રની ખબર સાંભળી ઘણો જ હર્ષવંત થયો. અને કહેવા લાગ્યો કે ઘણું જ સારૂં થયું. કે મારા પુત્રને તમોએ જીવની પેઠે સાચવ્યો. મેં મંદ ભાગીએ તો અતિદાનનું દૂષણ આપીને સજ્જનના કહેવાથી

પુત્રને પરદેશે કહાઢયો. એમ કહી તે રાજાના સેવકને વસ્ત્રાદિક આપી સંતોષીને વિસર્જન કર્યો. અને કુમારને તેડવા મંત્રી સાથે સૈન્ય રવાના કર્યું. સેવકે આવી રાજાની આગળ સર્વ સમાચાર કહ્યા. તેથી રાજા ઘણો જ પ્રમુદિત થયો. જમાઇ તથા પુત્રી પાસે જઇ થયેલા અપરાધની માફી માગી. અને કહ્યું કે હે લલિતાંગજી તમારા જેવા ગુણવંત કોઇ નથી. અને સજ્જન જેવો દુર્ગુણી કે પાપી પણ કોઇ નથી, માટે હે કુમાર તમો રાજ્યનો અંગિકાર કરો. એમ કહી કુમારને રાજ્ય આપી પોતે દીક્ષા લઇ દેવલોકે ગયો.

કુમારને તેડવા નીકળેલ મંત્રી સૈન્ય સાથે ત્યાં આવી વિનંતિ કવવાથી તે પિતાની પાસે ગયો ને તેમને સંતોષ પમાડયો. પિતાએ પોતાની ઉત્તર અવસ્થા જોઇ કુમારને ગાદી સોંપીને ચારિત્ર ગ્રહણ કર્યું ને કર્મ ખપાવી સદ્ગતિને પામ્યો. ને પછી પુત્ર ઘણા દિવસ બેઉ રાજ્ય ન્યાય પૂર્વક ભોગવી ચારિત્ર કરી ઉત્તમ પદવીને પામ્યો.

માટે હે ભવ્ય જનો ! તમો ધર્મને વિષે પ્રીતિ રાખો. અને દાનાદિક ચાર પ્રકારના ધર્મ પાલો; પ્રમાદ ટાલો, પાપ ગાલો, આઠ મદ ટાળો, આત્માને ઉજ્વલ કરો, તો સ્વર્ગ મોક્ષનાં સુખ અવશ્ય પામશો.

આ પ્રમાણે ધર્મની આવશ્યકતા અને તેમાં આદરવા યોગ્ય ફરજો માટે વિવેચન કરતાં તથા ધર્મોજ્જ્ય માટે દષ્ટાંત આપીઆ ધર્મ સ્વરૂપ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

स्याद्वाद–अधिकार,

ધર્મના જે જે મુખ્ય સંસ્કારો માટે પૂર્વ અધિકારમાં વર્ણન કરવામાં આવ્યું છે તે આજ્ઞાના એકાંત સ્વરૂપનો વિસ્તાર છે. પરંતુ ધર્મનું શુદ્ધ સ્વરૂપ તો સ્યાદ્વાદ શૈલી ઉપર રચાયું છે. કોઇ પણ વાતમાં એકાંતવાદ વાત હોય તે કેટલીક વખત ગુંચવણ ઉભી કરે છે. અને તેથી તેવા પ્રસંગે ઉભય વાદ દર્શક આજ્ઞા જે. ધર્મશાસ્ત્રોમાં મોજુદ છે તેજ ધર્મ સર્વોત્કૃષ્ટ સ્થાન ભોગવી શકે છે. દૃષ્ટાંત તરીકે જોઇશું તો "સત્ય બોલવું" એ ધર્મનું ફરમાન છે. પરંતુ જો તેનો અમલ કરવાથી કોઇ જીવનો ઘાત થતો હોય તો જાણવા છતાં મૌન રહેવું અગર મૂર્ખ, બહેરા કે અજ્ઞાત સ્થિતિમાં દેખાવું તે સત્ય વચનની આજ્ઞા પાલન કરવાનું સ્યાદ્વાદ સ્વરૂપ છે. વળી ધર્માચરણના એક ફરમાનને અવલંબવામાં બીજા ધર્માચરણને પણ સ્વીકારવું

જરૂરનું છે કેમકે તેવા અરસપરસના પુષ્ટિ આપતા ધર્મ તત્વના એકત્ર સેવનથીજ તે સ્વલ્પ સમયમાં લાભપ્રદ થાય છે. તેથી આવી રીતે ધર્મના મહાન ફરમાનો-આજ્ઞાને શિર્ષ વંદ્ય ગણતાં સ્યાદ્વાદ સ્વરૂપના પ્રસંગો જાણવાને આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

તપ અને શમનો સહયોગ.

अनुष्टुप् (૧ થી ૧૦)

नयतोऽभीप्सितं स्थानं प्राणिनस्तौ तपः शमौ ।
समनिश्चलविस्तारौ पक्षाविव विहङ्गमम् ॥ १ ॥

સમાન અને સ્થિર વિસ્તારવાળી બે પાંખો જેમ પક્ષીને તેના ઇચ્છિત સ્થાનમાં લઇ જાય છે, તેમ સમતા ઉપર સ્થિર વિસ્તારવાળા તે તપ અને શમ પ્રાણીઓને ઇચ્છિત સ્થાને લઇ જાય છે. ૧ ×

બ્રહ્મચર્યનું માહાત્મ્ય.

युक्तौ धुर्याविवोत्सर्गापवादौ वृषभाविभौ ।
शीलाङ्गरथमारूढं क्षणात्प्रापयतः शिवम् ॥ २ ॥

ભાર વહન કરી શકે તેવા જોડેલા બલદોની જેમ ઉત્સર્ગ અને અપવાદ શીલાંગ-સહસ્ર અંગવાળ બ્રહ્મચર્ય રૂપી રથ ઉપર ચડેલા પ્રાણીને ક્ષણવારમાં મોક્ષે લઇ જાય છે. ૨

નિશ્ચય અને વ્યવહાર ધર્મ.

निश्चयव्यवहारौ द्वौ सूर्याचन्द्रमसाविव ।
इहामुत्र दिवारात्रौ सदाद्योताय जाग्रतः ॥ ३ ॥

આ લોક તથા પરલોકમાં નિશ્ચય અને વ્યવહાર એ બંને સૂર્ય ચંદ્રની જેમ ઉદ્યોત-પ્રકાશ આપવાને અનુક્રમે રાત્રિ દિવસે સદા જાગ્રત રહેલા છે. ૩

મનઃશુદ્ધિ અને સંયમનો યોગ.

अन्तस्तत्वं मनःशुद्धिर्बहिस्तत्वं च संयमः ।
कैवल्यं द्वयसंयोगे तस्माद् द्वितयभाऽभव ॥ ४ ॥

મનની શુદ્ધિ રાખવી એ અંતર તત્વ છે અને સંયમ એ બાહેરનું તત્વ છે. તે બંને તત્વોનો સંયોગ થવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી હે ભવ્ય જીવ, તું તે મનઃશુદ્ધિ અને સંયમ બંનેને સેવનારો થા. ૪

× ૧ થી ૧૦ નમસ્કાર માહાત્મ્ય.

એકાંત પક્ષે અગવડ.

नैकचक्रो रथो याति नैकपक्षो विहङ्गमः ।
नैवमेकान्तमार्गस्थो नरो निर्वाणमृच्छति ॥ ५ ॥

એક ચક્રવાળો રથ ચાલી શકતો નથી અને એક પાંખવાળું પક્ષી ઉડી શકતું નથી, તેથી એકાંત માર્ગે વર્ત્તનારો એટલે સ્યાદ્વાદને નહીં માનનારો પુરૂષ નિર્વાણ મોક્ષને પ્રાપ્ત થતો નથી. ૫

સ્યાદ્વાદમાં રહેલ અનેકાંતવાદનું દર્શન.

दशार्कातर्नवास्तित्वन्यायादेकान्तमप्यहो ।
अनेकान्तसमुद्रेऽपि प्रलीनं सिन्धुपूरवत् ॥ ६ ॥

જેમ 'દશની સંખ્યાની અંદર નવની સંખ્યા હોયજ' એ ન્યાય વડે એકાંતવાદ પણ અનેકાંતવાદ–સ્યાદ્વાદરૂપ સમુદ્રની અંદર નદીના પૂરની જેમ સમાઇ ગયેલ છે. ૬

એકાંતવાદનું સાંકડાપણું.

एकान्ते तु न लीयन्ते तुच्छेऽनेकान्तसम्पदः ।
न दरिद्रगृहे मांति सार्वभौमसमृद्धयः ॥ ७ ॥

જેમ નિર્ધનના ઘરમાં ચક્રવર્તીની સમૃદ્ધિઓ કદિ પણ સમાતી નથી તેમ તુચ્છ એવા એકાંતવાદની અંદર અનેકાંત સ્યાદ્વાદની સમૃદ્ધિ સમાતી નથી.

એકાંતવાદને સ્યાદ્વાદનો છૂપો આશ્રય.

एकान्तभासो यः क्वापि सोऽनेकान्तप्रसत्तिजः ।
वर्त्तितैलादिसामग्री जन्मानं पश्य दीपकम् ॥ ८ ॥

જેમ દીવો વાટ અને તેલ વગેરેની સામગ્રીથીજ બનેલો છે, તેમ જે કોઇ ઠેકાણે એકાંતવાદનો આભાસ દેખાય છે, તે અનેકાંતવાદના પ્રસંગથી ઉત્પન્ન થયેલો સમજવો, એટલે તે અનેકાંતવાદની સામગ્રી છે, એમ સમજવું. ૮

ગુણાવગુણના જોડલાંથી જ્ઞાન પ્રાપ્તિ.

सत्वासत्वनित्यानित्यधर्माधर्मादयो गुणाः ।
एवं द्वये द्वये श्लिष्टाः सतां सिद्धिप्रदर्शिनः ॥ ९ ॥

સત્વ અને અસત્વ, નિત્ય અને અનિત્ય તથા ધર્મ અને અધર્મ ઇત્યાદિ ગુણો બે બેના જોડા સાથે મલીનેજ સત્પદાર્થોની સિદ્ધિને દર્શાવનારા થાય છે. ૯

સિદ્ધ સ્થાન મેળવવાનો માર્ગ.

तदेकान्तग्रहावेशमष्टधीगुणमन्त्रतः ।
मुक्त्वा यतध्वं तत्त्वाय सिद्धत्वे यदि कामना ॥ १० ॥

જો સિદ્ધપણું પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો આઠ પ્રકારની બુદ્ધિના ગુણોથી વિચાર કરી એકાંતવાદના આગ્રહનો આવેશ છોડી તત્વ મેળવવાને માટે યત્ન કરો. ૧૦

ઝડવાદનો પરાકર્ષ.

આદર જીવ ક્ષમા ગુણ આદર—એ દેશી. (૧૧ થી ૧૭)

મિથ્યા મતિના એ ષટ્ થાનક, જેહ ત્યજે ગુણવંતોજી;
સુધું સમકિત તેહજ પામે, ઇમ ભાંખે ભગવંતોજી,
નય પ્રમાણથી તેહને સૂજે, સઘળો મારગ સાચોજી;
લહે અંશ જિમ મિથ્યાદૃષ્ટિ, તેહમાં કો મત રાચોજી. ૧૧*

ગ્રહી એકેક અંશ જિમ અંધળ, કહે કુંજર એ પૂરોજી;
તેમ મિથ્યાત્વી વસ્તુ ન જાણે, જાણે અંશ અધૂરોજી;
લોચન જેના બિહું વિકસ્વર, તે પૂરો ગજ દેખેજી;
સમકિત દૃષ્ટિ તેમજ સકલનય, સંમત વસ્તુ વિશેષેજી. ૧૨+

---

* ૧ નાસ્તિકવાદ, ૨ અનિત્યવાદ, ૩ અકર્તૃવાદ, ૪ અભોક્તૃવાદ, ૫ મોક્ષાભાવવાદ, અને ૬ અનુપાયવાદ. એ મિથ્યા મતિના છ વાદને જે ગુણી જન ત્યજી દે છે, તે શુદ્ધ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે, એમ શ્રી જિન ભગવંત કહે છે.

સમ્યગ્દૃષ્ટિ તે અંશ અંશથી કેવળી છે, તેથી તેને નય પ્રમાણથી સઘળો સત્ય માર્ગ સૂઝે છે અને મિથ્યાદૃષ્ટિ તેને એક અંશે તત્વરૂપે સ્વીકારે છે અને બીજાનો દ્વેષ કરે છે તેથી તેમાં રાજી થશો નહીં. ૧૧+

+ જેમ કોઇ અંધા પુરૂષો હાથીનો કોઇએક અંશ ગ્રહીને (એ હાથી છે) એમ સદ્દહે. એટલે જે હાથીના દંત ગ્રહણ કરે તે હાથીને મૂલક પ્રમાણ કહે, જે સૂંઢ ગ્રહણ કરે તે દંડ પ્રમાણ કહે, અને જે કાન ગ્રહણ કરે તે સૂપડા પ્રમાણ કહે. તેવી રીતે મિથ્યાત્વી વસ્તુનો યાવત્કર્મ માને છે, તાવત્ કર્મ માનને પૂર્ણ જાણે નહીં, તે અધૂરો એક અંશ ભેદાદિક જાણે છે, પરંતુ જેના બંને લોચન વિકસ્વર છે, તે તો હાથીને હાથ, પગ, દાંત વગેરે અવયવો જોઇ તેને સંસ્થાન—રૂપાદિકે વિશિષ્ટ—પૂર્ણ દેખે છે. તેવી રીતે સમ્યગ્ દૃષ્ટિ સર્વ નય સંમત એવી વસ્તુને જાણી નયવાદમાં ઉદાસીન થઇ રહે છે, તેથી નિંદા કે સ્તુતિ કરતો નથી. ૧૨

+ ૧૧ થી ૧૭ જૈનકથા રત્નકોષ ભાગ ૫ મો ષટ્સ્થાનકની ચોપાઇ

અંશ ગ્રહી નય કુંવર ઉઠ્યા, વસ્તુ તત્વ તરૂ ભાંજેજી;
સ્યાદ્વાદ અંકુશથી તેહને, આણે ધીર મુલાજેજી;
તેહ નિરંકુશ હોય મતવાલા, ચાલા કરે અનેકોજિ;
અંકુશથી દરબારે છાજે, ગાજે ધરિય વિવેકોજિ. ૧૩ *

નૈયાયિક વૈશેષિક વિચર્યા, નૈગમ નય અનુસારેજી,
વેદાંતી સંગ્રહ નયરંગી, કપિલ શિષ્ય વ્યવહારેજી;
ઋજુ સૂત્રાદિક નયથી સૌગત, મીમાંસક નયભેલેજી;
પૂર્ણ વસ્તુ તે જૈન પ્રમાણે, ષટદર્શન એક મેલેજી. ૧૪ ÷

નિત્ય પક્ષમાં દૂષણ દાખે,નય અનિત્ય પક્ષપાતીજી;
નિત્યવાદમાંહે જે રાતા, તે અનિત્ય નય ઘાતીજી.
માંહોમાંહી લડે બે કુંજર, ભાંજે નિજકર દંતોજી.
સ્યાદ્ વાદ સાધક તે દેખે, પડે ન તિહાં ભગવંતોજી. ૧૫ ×

---

* અંશ ગ્રાહી નયરૂપી હાથી એક એક અંશ ગ્રહી ઉન્મત્ત થઈને વસ્તુતત્વરૂપી વૃક્ષને ભાંગી નાંખે છે તેને ધીર પુરૂષ સ્યાદ્વાદરૂપી અંકુશ વડે મર્યાદામાં રાખી શકે છે. જો તે નયરૂપી હાથી નિરંકુશ રહેતો વેદાંતાદિ વાદમાં પ્રવેશ કરીને અનેક પ્રકારના ચાળા કરે છે તેથી તેની ઉપર અંકુશ રાખવાની જરૂર છે. સ્યાદ્વાદરૂપી અંકુશથી તે નયરૂપી હાથી સ્વમર્યાદામાં રહે છે અને તે વિવેક રાખી ને ગાજે છે. એટલે સ્યાદ્વાદરૂપ અંકુશે શિક્ષિત થયેલ તે નય હાથી પદહસ્તી થઈ શ્રી જિનશાસનરૂપ રાજદ્વારમાં આત્મબળે ગર્જના કરે છે. ૧૩

÷ નૈયાયિક અને વૈશેષિક એ બે દર્શન નૈગમનયને અનુસરે છે એટલે તે પૃથક્ નિત્યાનિત્યાદિ દ્રવ્ય માને છે વેદાંતી સંગ્રહ નયના રંગી છે. એટલે તે શુદ્ધાત્મ દ્રવ્ય માને છે. કપિલ શિષ્ય–કપિલ મતવાળા વ્યવહાર નયે ચાલે છે એટલે તે પચવીશ તત્વોને માને છે. સૌગત—બૌદ્ધમતવાળા ઋજુસૂત્રાદિક નયથી થયેલા છે. એટલે ઋજુસૂત્ર નયને માને છે. સૌત્રાંતિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક એ અનુક્રમે ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયથી થયેલા છે. મીમાંસક ઉપલક્ષણથી વૈયાકરણાદિક નય ભેલે એટલે નયના સાંકર્ય–મિશ્રણથી થયેલા છે અને પૂર્ણ વસ્તુ એટલે પૂર્ણ નય ભંગ પ્રમાણે વસ્તુ ષટ્દર્શન નયે એક મેળવી જૈન પ્રમાણે છે ૧૪

× જે અનિત્ય નયના પક્ષપાતી ક્ષણિકવાદી બૌદ્ધાદિક છે, તે નિત્ય પક્ષમાં દૂષણ બતાવે છે, તે અંકુરાદિ જનક અજનકત્વ વગેરેના વિરોધથી ક્ષણિક બીજાદિ સ્થાપે છે અને સદૃશક્ષણનો દોષ બતાવી અભેદગ્રહાદિ ઉપપાદન કરે છે, તથા જે નિત્યવાદમાં રાતા છે એટલે નિત્યવાદને માનનાર છે, તે અનિત્ય નયના ઘાતક બની એકાંતે નિત્ય આત્માદિક માને છે, તે બંને હસ્તિ સમાન માંહોમાંહી લડે છે અને લડતા થકા પોતાના કર સૂંઢ તથા દાંત ભાંગે છે, અને જે સ્યાદ્વાદ સાધક છે, તેઓ તટસ્થ રહી તેમની લડાઈ દેખે છે. સ્યાદ્વાદ સાધક ભગવંત તેમાં પડતા નથી, ઉદાસીન રહે છે. ૧૫

છુટા રત્ન ન માલા કહિયે, માલા તેહ પરોયાંજી;
તિમ એકેક દર્શન નવિ સાચા, આપ હિ આપ વિગોયાં જી;
સ્યાદ્વાદ સૂત્રે તે ગુંથ્યા, સમકિત દર્શન કહિયેજિ;
સમુદ્ર અંશની સમુદ્ર તણિ પરે, પ્રગટ ભેદ ઇહાં લહિયે જી. ૧૬ *
વચન માત્ર શ્રુત જ્ઞાને હોવે, નિજ જિ મત આવેશોજી,
ચિંતા જ્ઞાને નય વિચારથી, તેહ ટળે સંકલેશોજી;
ચારા માંહે અજાણી જિમ કોઇ, સિદ્ધમૂલિકા ચારેજી,
ભાવન જ્ઞાને તિમ મુનિજનને, મારગમાં અવતારેજી. ૧૭ +

અરસપરસની સ્હાયની આવશ્યકતા.

દોહરા. (૧૯થીર૬)

÷ બે જણુ નીમ્યા હોય ત્યાં, એકે સરે ન અર્થ;
બે કમાડને બારણે, વાસ્યું એક તે વ્યર્થ. ૧૯
કશું ન નીપજે એકથી, ફોગટ મન ફુલાય;
કમાડ તાળું બે મળી, ઘરનું રક્ષણ થાય. ૨૦
જોઇએ તેમાં એક પણ, ઓછે નહિ નિભાય;
પાયા ઇંસો ઊંપળાં મળી ખાટલો થાય. ૨૧
એક રૂપીઓ સાંપડે, નાણાવટું ન થાય,
મળે સુંઠનો ગાંગડો, ગાંધિ નહિ કહેવાય. ૨૨

---

* જેમ છુટા છુટા રત્નો હોય તે માળા કહેવાતી નથી. પણ જ્યાં તે રત્નો પરોવ્યાં હોય, ત્યારે તે માળા કહેવાય છે, તેવી રીતે એક એક છુટા દર્શનો સાચાં કહેવાતા નથી; તે તો પોતે પોતાની મેળે વગોવાય છે. પણ જ્યારે તેમને સ્યાદ્વાદ રૂપી સૂત્રમાં ગુંથવામાં આવે, ત્યારે તે સમ્યકત્વ દર્શન રૂપે થાય છે, એટલે સ્યાત્કારે એકાંતાભિનિવેશ ટળી જાય છે. જેમ માલાકારને પુષ્પાદિક સિદ્ધ છે, તેની યોજના કરવા રૂપ વ્યાપાર માત્ર માલાકારને આધીન છે, તેમ સમ્યગ્ દૃષ્ટિને સિદ્ધ દર્શનને સ્યાદ્વાદ એ યોજના માત્ર વ્યાપાર છે. સમુદ્રના અંશને સમુદ્રમાં જેટલો ભેદ તેટલો અહિં નય પ્રમાણમાં પ્રગટ ભેદ જાણવો. ૧૬

\+ વચન માત્ર એવા શ્રુત જ્ઞાનથી જે પુરૂષને પોતપોતાના મતનો આવેશ-હઠ થઇ ગયો હોય, તે પુરૂષને નય જ્ઞાનના વિચારથી ચિંતમાન–વિચાર કરતાં તે હઠ ટળી જાય છે સંકલેશરૂપ વિચાર જન્ય સર્વ નય સમાવેશના જ્ઞાનનો પક્ષપાત ટળી જાય છે. જેમ પશુરૂપ થયેલા પુરૂષને તેની સ્ત્રીએ વ્યંતરના વચનથી છાયાનો ચારો ચરાવ્યો, ત્યારે સંજીવની ઔષધી મુખમાં આવી જવાથી તેનું સ્વરૂપ પ્રગટ થઇ આવ્યું હતું, તેમ ભાવના જ્ઞાનવંત સદ્દગુરૂ તે ભવ્ય પ્રાણીને અપુનર્બંધકારિક ક્રિયામાં તે રીતે પ્રવર્ત્તાવે છે. જે રીતે તેને સમ્યગ દર્શનરૂપ સંજીવની ઔષધી ચાવતાં તેનું નિશ્ચય રૂપ પ્રગટ થાય છે અને મિથ્યાત્વમય પશુરૂપ ટળી જાય છે. ૧૭

÷ દલપત કાવ્ય ભાગ બીજો.

કારજ સહાયતા વિના, કરી શકે નહિ કોય;
કહો હથોડો શું કરે, જો નહિ હાથો હોય. ૨૩
નિશ્ચે નિયમ પ્રમાણુમાં, કશર કરી ન શકાય;
રંગ જેટલો નાંખિયે, તેવું પટ રંગાય. ૨૪
ચાકર અલ્પ પગારનો, હોય ન ચોખી ચાલ;
જરૂર જાણો જગતમાં, મૂલ પ્રમાણે માલ. ૨૫
પોતે કરવા યોગ્ય તે, પર ને સોંપે કામ;
તે પણ પછી પસ્તાય છે, દિલમાં દલપતરામ ૨૬

धर्मोद्यम आवश्यक अधिकार.

ધર્મના સ્વરૂપને જાણીને તેને સ્યાદ્વાદ શૈલીથી ગ્રહણ કરવા પછી તેના ધર્મ ભાવનામાં દિન પ્રતિદિન વિશેષ સુદૃઢ થવાથી કર્મની નિર્જરા થતાં આત્મા નિર્મળ થાય છે. પરંતુ ધર્મ વસ્તુતઃ પ્રાપ્ત કરવા માટે ઉદ્યમની આવશ્યકતા છે.

કેટલીક વખત એવું જોવાય છે કે લોકો 'ધર્મ-ધર્મ' કહી બૂમો મારે છે ત્યારે ખરૂં કહીએ તો ધર્મને નામે અધર્મ થાય છે. જો ધર્મના નામે ધર્મજ થતો હોય તો ધર્મના ઝઘડા-વાદવિવાદ અને મારામારી સંભવી શકેજ નહિં. પરંતુ ખરૂં કહીએ તો લોકો ધર્મના ખરા અર્થને પીછાણી શક્યા નથી અને ફક્ત વૈષ્ણવનો પુત્ર તે વૈષ્ણવ અને જૈનનો પુત્ર તે જૈન થઈ પડ્યા છે.

અલબત એટલું ખરૂં છે કે ધર્મના સંસ્કાર વારસે ઉતરવા જોઇએ પરંતુ તે સંસ્કારો સંસ્કારીત ન રહેવાથી મોટા ભાગે વૈષ્ણવ કે જૈનની છાપથી પોતે ધર્મને પામી ગયા માની ધર્મને કલંકીત કરે છે અને પોતે ધર્મીનું બીરૂદ મેળવવા છતા અધોગતિમાં જાય છે. આવા કમનસિબ આત્મા પોતાને હસ્તગત થએલ રત્ન ગુમાવી ન બેસે તેટલા માટે ધર્મમાં ઉદ્યમ કરવાના કારણો સમજાવી એવા ધર્મના ઉપનામધારીને સ્વરૂપ અને શુદ્ધ માર્ગની ચેતવણી આપવાને આ ધર્મોદ્યમ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

ઉપાધીમાં પણ ધર્મારાધનની જરૂર.

अनुष्टुप्. (૧ થી ૧૭).

व्याकुलेनापि मनसा धर्मः कार्यो निरंतरम् ।
मेढीबद्धोऽपि हि भ्राम्यन् घासग्रासं करोति गौः ॥ १ ॥

મન વ્યાકુળ હોય તો પણ નિરન્તર ધર્માચરણ કરવું. ત્યાં દૃષ્ટાન્ત આપે છે કે—મેઢી, હાલરામાં જુતેલ એવો બળદ ભમતો હોય તો પણ ઘાસના ગ્રાસને કરે છે. અર્થાત્ ઘાસમાં મોઢું નાખી ખાવાનું કાર્ય કરે છે. ૧ +

ધર્મારાધન માટે અવકાશ લેવાની જરૂર.

चत्वारः प्रहरा यान्ति देहिनां गृहचेष्टितैः ।
तेषां पादे तदर्धे वा कर्तव्यो धर्मसंग्रहः ॥ २ ॥

મનુષ્યોને ઘરના કાર્યો કરવામાં દિવસના ચાર પહોરો ચાલ્યા જાય છે. માટે તમાંથી એક પહોરમાં અગર અર્ધા પહોરમાં પણ ધર્મ સંગ્રહ કરવો. ૨

ચાર પુરૂષાર્થ વગર જીવનની નિષ્ફળતા.

धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।
अजागलस्तनस्येव तस्य जन्म निरर्थकम् ॥ ३ ॥

જે મનુષ્યને ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર પુરૂષાર્થોમાંથી એક પણ ન હોય તેનો જન્મ બકરીના ગળાના સ્તનની માફક નિરર્થક છે. અર્થાત્ બકરીના ગળાના સ્તનોમાંથી દૂધ નિકળતું નથી તેમ આ પુરૂષનું જીવન પણ અર્થહીન છે. ૩

ધર્મના ફળ છતાં દ્રોહી વર્તનનું છેવટ.

धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहन्ति यः ।
कथं शुभगतिर्भावी स स्वामिद्रोहपातकी ॥ ४ ॥

ધર્મથી ઐશ્વર્યને પામીને એટલે જે ઐશ્વર્યાદિ પ્રાપ્ત થાય છે, તે ધર્મથીજ પ્રાપ્ત થાય છે. છતાં જે પુરૂષ ધર્મનોજ નાશ કરે છે. તે શુભ ગતિવાળો કેમ થાય ? અર્થાત્ તેની શુભ ગતિ કયાંથી થાય ? કારણ કે તે સ્વામીના દ્રોહનો પાતકી છે અર્થાત્ તે ખરો ધણી જે ધર્મ, એટલે ધર્મજ ઐશ્વર્યાદિનો દેનાર છે, તેના દ્રોહનું પાતક કરનાર થયો છે. ૪

ધર્માદિ ત્રિવર્ગહીન પુરૂષનું શુષ્ક જીવન.

यस्य त्रिवर्गशून्यानि दिनान्यायान्ति यान्ति च ।
स लोहकारभस्त्रेव श्वसन्नपि न जीवति ॥ ५ ॥

જે પુરૂષના ધર્મ અર્થ, કામ આ ત્રિવર્ગથી રહિત દિવસો આવે છે અને જાય છે. તે પુરૂષ લુહારની ધમણની માફક શ્વાસ લેતાં છતાં પણ જીવતો નથી અર્થાત્ મૃત તુલ્ય છે. ૫

+ ૧ થી ૨૮ સૂક્તિમુક્તાવલી.

કાળાદિક શત્રુઓ સામે ધર્મ રૂપી ઢાલ.

नान्तकस्य प्रियः कश्चिन्न लक्ष्म्याः कोऽपि वल्लभः ।
नाप्तो जरायाः कोऽप्यस्ति यूयं तदपि सुस्थिताः ॥ ६ ॥

કાલને કોઇ પ્રિય નથી. લક્ષ્મીને કોઇ પણ વ્હાલો નથી. વૃદ્ધાવસ્થાનો કોઇ મિત્ર નથી. તો પણ તમે સારી રીતે સ્થિર થઇને બેઠા છો. અર્થાત્ કાલને કોઇ પ્રિય નથી એટલે વખત આવે છોડનાર નથી. અને લક્ષ્મીને કોઇ પ્રિય નથી એટલે તે મરી જનારની સાથે નહિં ચાલે. અને જરા નો કોઇ મિત્ર નથી એટલે ઘડપણ પણ આવશે. તે જાણવા છતાં હે મૂર્ખ તેના સામે હથીયાર રૂપ ધર્મા ચરણ કરવામાં વિલંબ કેમ કરે છે ? ૬

ધર્મનું અંક સ્થાન

अङ्कस्थाने भवेद्धर्मः शून्यस्थानं ततः परम् ।
अङ्कस्थाने पुनर्भ्रष्टे सर्वं शून्यमिदं भवेत् ॥ ७ ॥

અંક, આંકડા ને ઠેકાણે ધર્મ છે અને ત્યાર પછી ધન પુત્રાદિ જે કાંઇ છે તે શૂન્ય મીંડાને ઠેકાણે છે તેમાં જો અંક રૂપી ધર્મ સ્થાન ભ્રષ્ટ થશે તો એટલે ધર્મ નષ્ટ થશે તો બધું આ સ્ત્રી પુત્ર ધનાદિ શૂન્ય (મીંડા) તુલ્ય છે. ૭

ક્ષણે ક્ષણે ધર્મ સંચય કરવાની જરૂર.

यथा बिन्दुनिपातेन क्रमशः पूर्यते सरः ।
सहेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥ ८ ॥

જેમ ટીપું ટીપું પાણી પડતાં ક્રમેથી તળાવ ભરાય જાય છે. તેમ સર્વ વિદ્યા ધર્મ અને ધનની વૃદ્ધિ માટે પણ એજ માર્ગ છે અર્થાત્ વિદ્યા પણ અક્ષરે અક્ષરે મેલવી શકાય છે અને ધર્મ પણ તેમજ પ્રાપ્ત કરી શકાય છે. ૮

ધર્મ સિવાય સર્વ વાસનાઓના યત્નની નિષ્ફળતા.

यत्नः कामार्थयशसां कृतोऽपि विफलो भवेत् ।
धर्मकर्मसमारम्भः सङ्कल्पोऽपि न निष्फलः ॥ ९ ॥

કામ, ઇચ્છાઓ ધન, અને કીર્તિ સારૂ યત્ન કર્યો હોય તો પણ તે નિષ્ફળ જાય છે. પણ સંકલ્પમાં માત્ર ધર્મ કાર્યોનો આરંભ કરવામાં આવ્યો હોય તો પણ તે નિષ્ફલ જતો નથી. ૯

ધર્મ કાર્યમાં વિલંબ ન કરવાના કારણ.

स्थैर्यं सर्वेषु कार्येषु शंसंति नयपण्डिताः ।
बह्वन्तरायविघ्नस्य धर्मस्य त्वरिता गतिः ॥ १० ॥

ન્યાય શાસ્ત્રમાં નિપુણ એવા વિદ્વાનો સર્વ કાર્યોમાં સ્થિરતા રાખવી એમ કહે છે. પરંતુ ધર્મ કાર્ય તુર્ત કરવું એમ કહે છે કારણ કે જેના મધ્યમાં ઘણા વિઘ્નો પડે છે એવા ધર્મની ગતિ ઉતાવળી છે. ૧૦

ધર્મારાધન સિવાયના જીવનની જવાબદારી.

प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनं ।
तृतीये नार्जितो धर्मश्चतुर्थे किं करिष्यति ॥ ११ ॥

જે પુરૂષે પ્રથમ ઉમરમાં વિદ્યા ન મેળવી હોય બીજી અવસ્થામાં ધન ન મેળવ્યું હોય અને ત્રીજી અવસ્થામાં ધર્મોપાર્જન ન કર્યું હોય તો તે પુરૂષ ચોથી વૃદ્ધાવસ્થામાં શું કરી શકશે ? અર્થાત્ કાંઇ કરી શકશે નહિ. ૧૧

ધર્મ હીન એવો ધનાઢય પુરૂષ કેટલું ટકી શકશે?

छिन्नमूलो यथा वृक्षो गतशीर्षो महाभटः ।
धर्महीनो धनी तद्वत्कियत्कालं ललिष्यति ॥ १२ ॥

જેનું મૂલ છેદાય ગયેલ છે એવું વૃક્ષ અને જેનું મસ્તક કપાય ગયેલ છે. એવો યોધો જેમ ટકી શકતો નથી. તેમ ધર્મથી હીન એવો ધનાઢ્ય પુરૂષ ક્યાં સુધી રહી શકશે. ૧૨

ધર્મપ્રિય અને અધર્મીઓની સ્થિતિમાં અંતર.

मूलभूतं ततो धर्मं सिक्त्वा भोगफलं बुधाः ।
गृह्णन्ति बहुशो मूढाः समुच्छिद्यैकदा पुनः ॥ १३ ॥

તેથી સર્વના મૂલ રૂપી એવા ધર્મનું સેચન કરી બુદ્ધિમાન્ પુરૂષો તેના ભોગ રૂપ મોક્ષાદિ ફલને પ્રાપ્ત થાય છે. પરંતુ ઘણા મૂઢ પુરૂષો તો એક વખતે ધર્મ વૃક્ષના મૂલને કાપીને દુઃખી થાય છે. ૧૩

ધર્મથી ઉભય લોકમાં આલ્હાદ.

यदि मोक्षफलं काले भविता धर्मशाखिनः ।
सिक्तस्तथापि संसारसौख्यच्छायां करोत्यसौ ॥ १४ ॥

જો કે ધર્મ રૂપી વૃક્ષનું મોક્ષ રૂપી ફલ કેટલાક સમય બાદ થશે, તો પણ તે ધર્મ વૃક્ષનું સેવન કરવામાં નિત્ય આવતું હશે તો આ ધર્મરૂપી વૃક્ષ સંસારના સુખ રૂપી છાયાને કરે જ છે. અર્થાત્ ધર્મ આ લોક અને પરલોક એમ બન્ને લોકના સુખને સિદ્ધ કરવાવાળો છે. ૧૪

સુભાગી અને નિર્ભાગીના વર્તનનો ભેદ.

अतः सिञ्चन्ति तं पुण्यक्रियानीरेण पण्डिताः ।
अनाचारकुठारेण पुनश्छिन्दन्ति बालिशाः ॥ १५ ॥

વિદ્વાન્ પુરૂષો પુણ્યની ક્રિયા રૂપી જળથી તે ધર્મવૃક્ષનું સેચન કરે છે. પરંતું મૂર્ખ લોકો તો અનાચાર રૂપી કુહાડાથી તેને કાપી રહ્યા છે. ૧૫

પ્રાણાંતે પણ ધર્મનું સેવન.

अकर्तव्यं न कर्तव्यं प्राणैः कण्ठगतैरपि ।
सुकर्तव्यं तु कर्तव्यं प्राणैः कण्ठगतैरपि ॥ १६ ॥

પ્રાણો કંઠગત થયા હોય અર્થાત્ મરણની છેલ્લી ઘડી હોય તો પણ જે કાર્ય કરવાનું નથી તે ન કરવું. અને જે ધર્મ કાર્ય શુભ કર્તવ્ય રૂપ છે તેને કંઠ ગત પ્રાણો હોય ત્યાંસુધીમાં પણ કરવું. ૧૬

અમૃતની આશાએ ઝેરનું સેવન કરતા મૂર્ખો.

धर्मस्य फलमिच्छन्ति धर्मं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति सादराः ॥ १७ ॥

મનુષ્યો ધર્મના ફળને ઇચ્છે છે એટલે ધન સુખ પુત્રાદિક જે ધર્મનું ફળ છે તેને ઇચ્છે છે પણ ધર્મને ઇચ્છતા નથી. અને દુઃખ રોગાદિક એવા પાપના ફળને ઇચ્છતા નથી છતાં પાપ કર્મ તો આદર સહિત કરી રહ્યા છે. ૧૭

જીવને ત્રણ શત્રુથી સાવધાન રહેવા માટે ઉપદેશ.

आर्या.

मा सुअह जग्गीअव्वं पलाइअव्वं न कीस वीसमह ।
तिन्नि जणा अणुलग्गा रोगो अ जरा य मच्चू अ ॥ १८ ॥ *

પછવાડે લાગેલા રોગ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ એ ત્રણ શત્રુ જ્યાંસુધી નજીક આવ્યા નથી ત્યાં સુધી તમો સુઓ નહી, સુતા હો તો જલદી જાગો, જાગતા હો તો ધર્મ ધ્યાન માટે જલદી દોડો (અર્થાત્ સર્વ સમયમાં ધર્મ ધ્યાન કરો.) ૧૮

---

* मा स्वपीहि जागरितव्यं पलायितव्यं मा कापि विश्रामय ।
त्रयो जना अनुलग्ना रोगश्च जरा च मृत्युश्च ॥

ત્રણે અવસ્થામાં આડકતરી ઉપાધિ.

पादाकुलकं.

बालः प्रायो रमणासक्तस्तरुणः प्रायो रमणीरक्तः ।
वृद्धः प्रायश्चिन्तामग्नस्तदहो धर्मे कोऽपि न लग्नः ॥ १९ ॥

મનુષ્ય બાળક હોય ત્યારે ઘણું કરી રમવામાં આસક્ત હોય છે. જુવાન હોય ત્યારે મ્હોટે ભાગે સ્ત્રીમાં આસક્ત રહેછે. અને વૃદ્ધથયા ત્યારે ઘણું કરી ચિન્તા (હાય મરી જઇશ! આબાલકોનું શું થશે?) વિગેરે, માં મગ્ન રહે છે. જ્યારે આ આશ્ચર્ય છે કે! ધર્મમાં કોઇ પણ મનુષ્ય કોઇ પણ અવસ્થામાં આસક્ત નથી. ૧૯

મૃત્યુને જાણવાછતાં ધર્મ તરફ અરૂચી

उपजातिः

जानाति यज्जीवति नैव देही सम्बन्धिनो वेत्ति च मृत्युमासान् ।
स्वं ग्रस्यमानाञ्जरसावगच्छेन्न दुर्मतिर्धर्ममतिस्तथापि ॥ २० ॥

દેહધારી કોઇ મનુષ્ય અમર નથી એમ જાણે છે. તેની સાથે સંબંધિ (સગા વ્હાલા) નામૃત્યુને પણ જાણે છે. અને વૃદ્ધાવસ્થાથી ગળાતા મિત્રજનોને જાણે છે તોપણ દુર્મતિ વાળો મનુષ્ય ધર્મમાં મતિ રાખતો નથી. અર્થાત્ જાણે છે બધું —કે ધર્મ શિવાયનાં અન્ય પદાર્થો સર્વ નશ્વર છે તોપણ ધર્મા ચરણ કરતો નથી. ૨૦

દૂધને બદલે ઝેરનું પાન

इन्द्रवज्रा, (૨૧–૨૨)

यत्नेन पापानि समाचरन्ति धर्मं प्रसङ्गादपि नाचरन्ति ।
आश्चर्यमेतद्धि मनुष्यलोके क्षीरं परित्यज्य विषं पिबन्ति ॥ २१ ॥

મનુષ્યો યત્નથી (મહેનત લઇ) પાપોને કરે છે અને પ્રસંગથી પણ ધર્મનું આચરણ કરતો નથી મનુષ્યલોકમાં આ નક્કી આશ્ચર્ય છે કે દુધને તજીને લોકો ઝેરનું પાન કરે છે. ૨૧

સ્વર્ગથી આવેલા પુણ્ય શાલી જીવોના ચાર લક્ષણો

स्वर्गच्युतानामिह जीवलोके चत्वारि नित्यं हृदये वसन्ति ।
दानप्रसङ्गो विमला च वाणी देवार्चनं सद्गुरुसेवनं च ॥ २२ ॥

આ જીવલોકમાં સ્વર્ગથી પડેલ (જન્મેલ) મનુષ્યોના હૃદયમાં હમેશાં ચાર સલ્લક્ષણો રહે છે, તે દાનપ્રસંગ એટલે પ્રસંગને અનુસરી દાન આપવું, નિર્મલ વાણી, દેવ (જીનેશ્વરદેવ)નું પૂજન, અને સદ્દગુરૂનું સેવન છે. ૨૨

ધર્મી પુરૂષનું ઉત્તમ પણું.

वंशस्थ.

वरं दरिद्रोऽपि सुधर्मवान्नरो न चाप्यधर्मी बहुरत्नमण्डितः ।
सुलोचनो जीर्णपटैश्च शोभते न नेत्रहीनः कनकैरलङ्कृतः ॥ २३ ॥

સુધર્મ વાળો પુરૂષ દરિદ્ર (ધનહીન) હોયતો પણ ઉત્તમ છે પણ ઘણા રત્નોથી મંડિત (શોભાયમાન) હોય તો પણ અધર્મી પુરૂષ ઉત્તમ નથી. દાખલા તરીકે સુંદર નેત્ર વાળો પુરૂષ જીર્ણ વસ્રોથી પણ શોભે છે. પરંતુ અન્ધ મનુષ્ય હેમના અલંકારોથી શણગારેલ હોય તો પણ શોભતો નથી ૨૩

પરલોકની મુસાફરીમાં ભાતાની જરૂર.

वसन्ततिलका.

ग्रामान्तरे विहितशम्बलकः प्रयाति सर्वोऽपि लोक इह रूढिरिति प्रसिद्धा ।
मूढस्तु दीर्घपरलोकपथप्रयाणे पाथेयमात्रमपि नो विदधात्यधन्यः ॥ २४ ॥

આ લોકમાં સર્વ જન સમાજ એક ગામથી બીજે ગામ જવું હોય તો પણ ભાતું સાથે લઇને જાય છે આ રૂઢી (રીવાજ) જગતમાં પ્રસિદ્ધ છે. ત્યારે લાંબા વખતના પરલોકના માર્ગના પ્રયાણમાં (જવામાં) મૂઢ પ્રાણી ભાતું માત્ર પણ લેતો નથી માટે તે અધન્ય છે એટલે ધિક્કારને પાત્ર છે. ૨૪

મનુષ્ય ધર્મથીજ શોભે છે.

शार्दूल (૨૫ થી ૨૮)

तोयेनेव सरः श्रियेव विभुता सेनेव सुस्वामिना
जीवेनेव कलेवरं जलधरश्रेणीव वृष्टिश्रिया ।
प्रासादस्त्रिदशार्चयेव सरसत्वेनेव काव्यं प्रिया
प्रेम्णेव प्रतिभासते न रहितो धर्मेण जन्तुः क्वचित् ॥ २५ ॥

જલથી જેમ તલાવ, લક્ષ્મી (ધન) થી જેમ પ્રભુતા, (મ્હોટાઇ) સારા નાયકથી જેમ સેના, જીવથી જેમ શરીર, વર્ષાવવાની શોભાથી જેમ મેઘવૃન્દ

દેવતાઓના પૂજનથી જેમ મંદિર, (મહેલ) રસોથી જેમ કાવ્ય અને પ્રેમથી જેમ પ્રિયા શોભે છે તેમ ધર્મથી જીવ શોભે છે પણ ક્યાંય ધર્મહીન જીવ શોભતો નથી. ૨૫

સ્વરૂપવતી સ્ત્રી અને નિર્ધન મનુષ્યને ધર્મરક્ષણની મુશ્કેલી.

किं चित्रं यदि राजनीतिकुशलो राजा भवेद्धार्मिकः
किं चित्रं यदि वेदशास्त्रनिपुणो विप्रो भवेत्पण्डितः ।
तच्चित्रं यदि रूपयौवनवती साध्वी भवेत्कामिनी
तच्चित्रं यदि निर्धनोऽपि पुरुषः पापं न कुर्यात्कचित् ॥ २६ ॥

રાજનીતિમાં કુશલ રાજા ધાર્મિક ગણાય એ આશ્ચર્યની વાત નથી; તેમ વેદશાસ્ત્રમાં કુશળ બ્રાહ્મણ વંદનીય ગણાય એ પણ આશ્ચર્ય પામ્યા જેવું નથી. પણ રૂપ યૌવનવાળી કામિની સ્ત્રી જો પતિવ્રતા ધર્મ પાળે તથા નિર્ધન મનુષ્ય ક્યારે પણ પાપ નજ કરે એ ખરૂં આશ્ચર્ય છે. ૨૬

ધર્મનિષ્ઠ પુરૂષોને ધન્યવાદ.

धन्यानामिह धर्मकर्मविषया वाञ्छापि सञ्जायते
धन्यानामिह तत्प्रवृत्तिरचना केषांचिदेवोद्भवेत् ।
धन्यास्तस्य च यान्ति पारमथवा धन्याःप्रशंसन्ति ये
धन्यास्तेऽपि च येऽन्यलोकविहितं धर्मं न निन्दन्ति ये ॥ २७ ॥

આ લોકમાં ધર્મ કર્મના વિષયવાળી ઇચ્છા ધન્ય પુરૂષોને ઉત્પન્ન થાય છે. તથા તે ધર્મ કાર્યની પ્રવૃત્તિ તેમજ રચના (ક્રિયા) કોઇક ધન્ય પુરૂષોનેજ ઉદ્ભવે છે. અને ધર્મના પારને પણ ધન્ય પુરૂષો પામે છે અથવા જેઓ ધર્મની પ્રશંસા કરે છે તે પુરૂષો પણ ધન્ય છે. તેમજ જેઓ પરલોકના મોક્ષ સુખને આપનાર એવા ધર્મને નિન્દતા નથી તે પુરૂષો પણ ધન્ય છે. ૨૭

સર્વજ્ઞ પ્રણિત ધર્મ રક્ષકોને ધન્યવાદ.

તથા—

धन्या भारतवर्षसम्भविजना येऽद्यापि काले कलौ
निस्तीर्थेश्वर—केवले निरवधौ नश्यन्मनःपर्यये
त्रुह्यत्सूत्रविशेषसम्पदि भवद्दौर्गत्यदुःखप्रदे
श्रीजैनेन्द्रवचोऽनुरागवशतः कुर्वन्ति धर्मोद्यमम् ॥ २८ ॥

જેમાં શ્રી તીર્થંકર ભગવાનનો વિરહ છે, જે કેવલ જ્ઞાન તથા અવધિજ્ઞાનથી શૂન્ય છે; જેમાંથી મનઃપર્યય નામનું જ્ઞાન નાશ પામી ગયું છે, જેમાં સૂત્રવિશેષ (દૃષ્ટિવાદાદિ) સંપદનો વિનાશ થઇ રહ્યો છે. અને ઉત્પન્ન થતી દુર્બુદ્ધિ તથા દુઃખોને આપનાર એવા આ કલિકાલમાં ભરતખંડમાં જન્મ ધારી જે કોઇ મનુષ્ય અદ્યાપિ સુધી શ્રી જિનેન્દ્ર ભગવાનના વચનોના સ્નેહને આધીન થઇ ધર્મ સંબન્ધી ઉદ્યમ કરી રહ્યા છે તે લોકોને પણ ધન્યવાદ છે. ૨૮

અર્હત ભક્તોની ઓળખાણ.

* જૈન એ શબ્દ 'ધર્મનું' વિશેષણ છે. એટલે જૈન ધર્મ એવા અર્થનો 'જૈન' શબ્દ બોધ કરે છે. ધર્મ એ કોઇ પણ વિભાવિક વસ્તુ નથી. પણ અહીં જૈનધર્મ એ શબ્દથી આત્મિક ધર્મ સમજવાનો છે. જેટલે અંશે રાગ દ્વેષ નિવૃત્તિ, તેટલે અંશે મોહનો નાશ, અને મોહ સાથે તથા પ્રકારના અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો પ્રકાશ થાય છે, જે પ્રકાશ આત્માનો ધર્મ છે. તેવા ધર્મને જે પ્રકટાવે અથવા તેવો ધર્મ જે પ્રાપ્ત કરે, તેજ જૈન કહી શકાય. તીર્થંકરોએ આત્મગુણની સ્થિતિના પ્રકાશ માટે ચૌદ સ્થાનક કહેલાં છે. જે સ્થાનકોને 'ગુણસ્થાન'ના નામથી ઓળખાવેલ છે; તેવા ગુણ સ્થાનકોને ક્રમશઃ પ્રાપ્ત કરવાં અને આગળ વધતા જવું તેને "ગુણસ્થાન ક્રમારોહણ" કહેવામાં આવે છે. જૈનપણાની શરૂઆત ચતુર્થ ગુણ સ્થાનકથી થાય છે.

જેઓ જૈનપણાનું અભિમાન ધરાવતા છતાં એક બીજા ઉપર વેર વિરોધ ઉભા કરે છે અને રાખે છે, અમુક વ્યક્તિએ મારૂં આ બધું એ બગાડયું માટે તે મારો કટ્ટો શત્રુ છે. આણે મારૂં ભલું કર્યું તે મારો મિત્ર છે; દ્રવ્યની પ્રાપ્તિથી અને પુત્રના જન્મથી પરમાનંદ પામવો, અને તેમ તે બન્નેના જવાથી પોક મુકવી, દીલગીર થવું, હાયપીટ કરવી વૈરી સાથે પ્રાણાંત સુધી પ્રયત્નો યોજવા અને જો પોતાનું ચાલી શકે તો તેને દુનિયાં પાર કરતાં મનમાં આંચકો ન ખાવો, ધર્મના નામથી ઝઘડા ઉભા કરવા અને તે નિમિત્તે હજારો રૂપીઆનો લડાઇઓમાં ધુમાડો કરવો, એ વગેરે મલિન ધીક્કારવા લાયક પ્રવૃત્તિ સેવવી અને 'અમો જૈન છીએ' એમ દુનિયામાં છાતી ઠોકીને પોતાને ઓળખાવવું એ શરમાવા જેવું નહિ તો બીજુ શું? વર્તમાન કાળમાં એટલા સુધી અનુભવ પુરૂષો અનુભવી શકયા છે. કે, કેટલાએક મિથ્યાભિમાનીઓના માનની ક્ષતિ કોઇ વ્યકિત તરફથી કે સમુદાય તરફથી સકારણ કરવામાં આવી હશે, તો તેનું વેર લેવા, સમાજિક, ધાર્મિક, કાર્યની ક્ષતિના ભોગે પણ. પોતાની વાત કેમ રાખવી, એજ કરવામાં જેમનું જીવન પુરૂં થતું

* શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ પુસ્તક—૯ અંક ૮–૯.

જોવાય છે. તેવાઓ પોતાને માત્ર જૈનના નામથી ન ચલાવી લેતાં જૈનોના અને જૈન શાસનના નેતા બની બેસે છે, અને અમારા ઉપર જૈન શાસનનો આધાર છે અમો જૈન શાસનના સ્થંભ છીએ એમ પોતે પોતામાં માની લે છે, અને હાજીઆઓ તેમને તે વિષયમાં અગ્ર ગણ્ય ગણવા તૈયાર થાય છે, આ દરેક જૈનો નથી ખુલ્લે ખુલ્લી રીતે કહેવું જોઇશે કે. તેઓ જૈનાભાસ છે. જો કે સમ્યક્ દૃષ્ટિ જૈન પ્રમાદ યોગે કદાચિત્ કષાયવશ બની ભૂલ કરે છે; પણ તે તરતજ પોતે પોતાથી અથવા બીજાથી જ્યારે પોતાની ભૂલને ભૂલ તરીકે સમજે કે તરત તે સંબંધમાં પશ્ચાત્તાપ સાથે "મિથ્યા દુષ્કૃત" દઇ પોતાની ભૂલથી પોતે શુદ્ધ થાય છે, જે मिथ्यादुष्कृत, વર્તમાન કાલિય જૈનોએ એક સાધારણ ઉપહાસ્યરૂપે બનાવી દીધું છે, વ્યવહાર અથવા પરંપરાથી ચાલી આવેલી પ્રણાલિકા સાચવવા, मिथ्यादुष्कृत, એક બીજાને દેશે છતાં હૃદય ગત કલુષતાને વિસ્મરી જશે નહીં. બીજે દિવસે, બલ્કે, તેજ દિવસે તે દોષને ક્રિયામાં મુકતાં અટકશે નહિ. આવા જૈનો ખરી રીતે જૈન શબ્દને અને પવિત્ર વીતરાગના માર્ગને લાંછન લગાડનારા છે, એટલુંજ નહિ, પણ બીજી રીતે કહીએ, તો વગોવનાર છે, અન્યની દૃષ્ટિમાં ઉચ્ચમાં ઉચ્ચ જૈન ધર્મને હલકો પાડનારા છે, આવા જૈનોથી જૈનપણું જળવાય છે, એમ કહેવા કરતાં, જૈનપણાનો વિલોપ થાય છે, એમ કહેવું વધારે સારૂં છે. અનેક ફીરકાઓ અને અનેક ભેદો જૈન નામથી જો જન્મ પામ્યા હોય, તો તે આવા જૈનોનેજ આભારી છે. જ્યાં ખરૂં જૈનત્વ છે, જેઓ ખરા જૈનો છે, એટલે કે જેઓની સમ્યક્ દૃષ્ટિ છે, ત્યાં ફીરકા કે ભેદ, એ શબ્દની ગંધજ ન હોય, એ સ્વાભાવિક છે. આવું જૈન પણુ જે છે, તે આત્મિક ગુણ છે અને તેવો આત્મિક ગુણ જે આત્મામાં પ્રકાશ પામ્યો હોય, તેનું-જ વર્તન યથાર્થ અને ઉચ્ચ પ્રકારનું, અંશે અથવા સર્વથા હોઇ શકે છે. જેટલે અંશે પોત પોતાનું વર્તન ઉચ્ચ સ્થિતિમાં રાખી શકતા નથી, તેટલે અંશે તેવા પોતાના અસદ્ વર્તનને નિંદે છે, ધિક્કાર છે. અસત્ માને છે અને તેના ત્યાગને માટે ભાવના ભાવે છે. સર્વથી સદ્ વર્તન સેવનારાઓ અપ્રમત્ત રહેવા આતુર—જાગૃત રહેવા પ્રયત્નશીલ રહે છે, અને તેથીજ અંશ સદ્વર્તનની સ્થિતિ, પંચમ ગુણ સ્થાનકવર્તિ જીવને હોય શકે છે અને સર્વથા સદ્વર્તનવાળા જીવની સ્થિતિ છઠ્ઠા ગુણ સ્થાનકમાં હોઇ શકે છે. એટલે છઠ્ઠું સાતમું ગુણ સ્થાનક એજ જીવને કહી શકાય છે આ ઉપરથી સ્ફુટ કરી સમજાવવાનું કે, જેઓ શ્રાવકનાં દ્વાદશ વ્રતને પાળનારા સામાયિક, પ્રતિક્રમણ, જીનપૂજા, તીર્થયાત્રા, વગેરે સુકૃતોને સેવનાર હોય તે પંચમ ગુણ સ્થાનક વર્તી કહેવાય, અને જેઓ સર્વથા સંસાર ત્યાગી, નિર્વદ્ય માર્ગમાં વર્તનારા પરમ યોગી મુનિવરો હોય છે તે છઠ્ઠા અને સાતમા ગુણ સ્થાનક વર્તિ કહેવાય છે.

ખરા જૈનોમાં બાહ્યાડંબર ઓછો હોય, કેમકે તેઓ આત્મહિત તરફ પોતાનું લક્ષ્ય વિશેષ રાખે છે, અને અભિમાનાદિકને અંતઃકરણથી ધિક્કારે છે; જ્યારે નામના જૈનોમાં બાહ્યાડંબરને વિશેષ માન અપાય છે માનાકાંક્ષિપણું પણ તેવાઓમાં ઉગ્ર હોય છે, અને તેઓને પોતાના માનની ક્ષતિમાં બહુ લાગી આવે છે, જેથી કૃત્ય અકૃત્ય ધર્માધર્મ, પાપ પુણ્યથી નિરપેક્ષ બની પોતાના માનને ખાતર ગમે તે કરવા તૈયાર થાય છે. આવા જૈનો જૈનો નથી પણ સંસાર પરિભ્રમણને લાયક પામર પ્રાણી છે. પછી તે શ્રાવક નામધારી કે સાધુ નામધારી કે ગમે તે હો, પણ સમ્યક્ત્વનો અભાવ અથવા સમ્યક્ત્વની ખામી મારામાં છે, એવા વિચારથી પોતાનું હૃદય પારખ્યું નથી પોતાની સ્થિતિ ઓળખી નથી. તેવાઓ બાહ્ય પ્રવૃત્તિથી પોતામાં સાધુ શ્રાવકપણાની પૂર્ણતા માની આગળ વધતા અટકે છે. અધુરાથી મનાઇ ગયેલી પૂર્ણતા અધુરાપણા માટે છે. હાલમાં સભાઓથી, મંડળોથી, મંડળીઓથી, અને સંસ્થાઓથી થતા સુધારા જૈન ધર્મની ઉન્નતિનાં કારણો છે, એમ માનવામાં આવે તે, ભલે બાહ્ય વ્યવહારની અમર્યાદામાંથી મર્યાદામાં લાવવા સમર્થ થાય, પણ જૈનત્વ તો કર્મમળને (મિથ્યાત્વને) દૂર કર્યા વિના, નવતત્વનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના, અને તેમાં યથાર્થ શ્રદ્ધા થયા વિના આવવાનું નથી. નવતત્વને અંતેજ લખ્યું છે કે, **जीवाइ नव पयथ्थे सो जाणइ तस्स होइ सम्मत्तं** એટલે જીવાદિક નવ પદાર્થને જે જાણે, તેને સમ્યક્ત્વવાન કહેવા એટલે નવતત્વની ગાથાઓ મુખ પાઠ કરવી, તેના અર્થ ભણી જઈ, અમો નવતત્વ શીખ્યા છીએ, એમ માનવું અગર બોલવું, તે જ્યાંસુધી તે નવતત્વથી થયેલું જ્ઞાન પોતામાં જોવાપણું નથી, એટલે હું જીવ છું, આ અજીવ છે, આ પાપ છે, આ પુન્ય છે, આ બંધ છે, આ આશ્રવ છે વગેરે પોતામાં નવ તત્વમાંથી ક્યાં ક્યાં ઉપલબ્ધ છે, પોતે કઇ પરિસીમામાં વર્તે છે, એવો ખ્યાલ નથી, એવું મનન નથી ત્યાંસુધી નવતત્વનું જે જ્ઞાન છે, તે ચંદન ભાર વાહી ગર્દભવત છે શાસ્ત્રોમાં સ્થળે સ્થળે શ્રાવકોના વર્ણનમાં ' જીવાજીવાદિક નવ પદાર્થના જાણ ' એવાં વિશેષણો પૂર્વ શ્રાવકોને માટે વાંચવામાં આવે છે. હાલમાં જુગારી પણ જૈન, અત્યાચાર સેવનાર પણ જૈન, વેપારમાં અનેક જાતના મૃષાવાદના ટોપલા ઉપાડનારા પણ જૈન, ચોરી કરનાર પણ જૈન, વિશ્વાસઘાત કરનાર પણ જૈન, કોમમાં–સંઘમાં–જ્ઞાતિમાં–કુટુંબમાં–મિત્રોમાં કલહ જગાડનાર પણ જૈન, એમ જૈનોના ઓઘેઓઘ ઉભરાઇ નીકળ્યા છે. જેઓ કંઇ બે અક્ષરનું જ્ઞાન સંપાદન કરી, જ્ઞાનીઓમાં ખપનાર છે, તેઓ પૈકી કેટલાએક ગચ્છાગ્રહી, મતાગ્રહી, અને કેટલાક સ્વમત સ્થાપન શૂરા જોવામાં આવે છે; બીજાઓના વિશ્વાસ પોતાઉપર બેસાડી, ઘણી વખતે તે વિશ્વાસનો ગેર ઉપયોગ કરતા દેખાય છે. જાણવું, બોલવું અને વર્તવું એ ત્રણે એક જાતના હોય એવું સહસ્રમાંથી એક બેમાંજ ભાગ્યે દેખાવા સંભવ છે.

જો કે કેટલાએકોમાં સામાન્ય રૂચિ, જૈન ધર્મના ફરમાનો ઉપર અથવા તો જૈનીય ક્રિયા ઉપર અંતઃકરણમાં સ્ફુરતી હોય અને તેને લઇને તેવાઓ એમ કહેતા હોય કે અમારામાં શ્રદ્ધા છે, તો તેવી સમજવાળા તે વિચારમાં કેટલોક વખત છેતરાવા સંભવ છે, કેમકે શ્રદ્ધા કાંઇ જુદીજ ચીજ છે, અને મોહ જુદી ચીજ છે. કુલ ધર્મને લઇને, લાંબા કાલના પરિચયને, અથવા તો તેવાં બીજા કારણોને લઇને કેટલાકોને અમુક ક્રિયા ઉપર, અમુક ધર્મ ઉપર, અને અમુક ધર્મના અંગ ઉપર, એક જાતનો મોહ થઇ જાય છે, જે મોહની કસોટી કેટલીક વાર સફળ, અને કેટલીકવાર નીષ્ફળ નીવડે છે. સત્ય શ્રદ્ધા તેથી જુદીજ ચીજ છે શ્રદ્ધામાં યથાર્થ દૃષ્ટિ છે, ત્યારે મોહમાં આગ્રહ પેદા થાય છે. આ હકિકત બહુ વિચાર કરવાથી, અને પોતાના અંતઃકરણને પૂછવાથી, વિચારશીલોને સમજાય તેવી છે, બીજી રીતે શાસ્ત્રમાં એમ પણ કહેલું છે કે વ્યવહારથી સમ્યકત્વ આરોપણ કરી જૈન બનાવવો, અને તે ક્રમશઃ શુદ્ધ વ્યવહાર સેવનથી, સત્સંગથી, સત્શાસ્ત્ર પરિચયથી ભાવજૈન થઇ શકે છે. આ વાકયને લેખક અંતઃકરણથી માન આપે છે પણ જેઓનો વ્યવહાર પણ તથાપ્રકારના પરિણામની સ્થિતિ પ્રાપ્ત કરનાર હોય તેવાઓને માટે સત્ય નીવડો; પણ જે આવાં વચનનો સ્વીકાર કરી, પોતામાં પૂર્ણતા માની બેસે છે, તેવાઓનો વ્યવહાર કદી પણ ભાવ જૈનતાને પ્રાપ્ત કરી આપતો નથી. બીજા ગુણો મનુષ્ય જાતમાં અને તેમાં પણ જૈનોમાં ભલે ક્રમશઃ પ્રાપ્ત થાઓ, પણ મનશુદ્ધિનો પ્રયત્ન તો પ્રથમ સેવવો જોઇએ. અંતઃકરણની શુદ્ધિ માટે જ્યાં સુધી બેપરવાઇ ભરેલી પ્રવૃતિ કરવામાં આવે છે, ત્યાં સુધી તેવા જૈનોમાં ભાવજૈનપણું પ્રાપ્ત થવું દુર્લભ છે; સમ્યકત્વની માફક અંતઃકરણની શુદ્ધિ પણ એક ઉત્તમ શરૂઆતનું સાધન છે.

વર્તમાન કાળના જૈનો પૈકી ઘણા જૈનો પોતે પોતાની જાત માટે પોતાના અંતઃકરણને પૂછશે, અને પોતાની જીંદગી દરમ્યાન કરેલાં સામાયિક, દેવપૂજા, તીર્થયાત્રા વગેરેનો સરવાળો મૂકશે, અને તેના પરિણામે માનસિક શુદ્ધિની સફળતા કેટલી મેળવી, એ તપાસશે તો બાળ અવસ્થામાં જે દશા હતી, તેજ યૌવનાવસ્થામાં અને યૌવનાવસ્થામાં જે સ્થિતિ હતી તેજ વૃદ્ધાવસ્થામાં, પોતાના અંતઃકરણમાં પ્રાયઃ કરીને નિહાળશે, જીવનનો ઘણો ભાગ શુભ ક્રિયાઓમાં નિર્ગમન કર્યા છતાં, અંતઃકરણ જેવું અને તેવું રહ્યું, મલિનતા દુર થઇ નહીં, કુવાસના ખસી નહીં, વૈરવિરોધને તિલાંજલિ અપાય નહીં, અત્યાચાર ભૂલાયા નહિ, ક્રોધાદિક મંદ પડયા નહિ, ધન, ધાન્ય પુત્ર પૌત્રાદિક કુટુંબ ઉપરથી મૂર્છા મંદ પડી નહીં, સ્વશરીરની હાજતો અને ઇંદ્રિય વેપારમાં ઉદાસીનતા આવી નહીં, તો પછી કરેલી શુભ ક્રિયાઓથી શું મેળવ્યું ? મમતા તૃષ્ણાની વૃદ્ધિ કરે છે; અને તૃષ્ણાવશવર્તિ જીવ રાગદ્વેષમાં વીંટલાઇ અનેક અનર્થો સેવે છે તેવા જીવો પ્રાયશઃ ધર્મ પરાઙ્મુખ બની જાય છે, શ્રાવક હોવા સાધુ હો. પણ મમતા ત્યાગ અથવા મમતાની નિર્બળતા જ્યાં સુધી કરી ન હોય, ત્યાંસુધી

ઉચ્ચ સ્થિતિએ ચડી શકતા નથી મહાન મુનિએ અનેક કષ્ટો સેવી, અનેક ગુણો પોતામાં પ્રાપ્ત કર્યાં હોય, પણ તેવા પુરૂષોમાં જ્યારે મમતા પ્રાપ્ત થાય છે ત્યારે તે મમતાના લોભથી પ્રાપ્ત કરેલા ગુણો ક્ષણમાં તેઓમાંથી નાશ પામી જાય છે મમતા ક્યાંથી અને શાથી પેદા થાય છે, તેને માટે અમુક સ્થળ કે અમુક કારણ નિર્મિત નથી; ગમે તે સ્થળમાં ગમે તે વિષયમાં મમતા પોતે પોતાનો દેખાવ દે છે અને જગતના જીવોને છેતરે છે પુત્ર ત્યજ્યા, અને શિષ્ય ઉપર મમતા થઈ; ઘર મૂકી અનગાર બન્યા, ત્યાં ઉપાશ્રયના વેશમાં મમતા જાગ્રત થઈ, ધન મૂક્યું, ત્યાં પુસ્તકના સ્વરૂપે મમતાએ દેખાવ આપ્યો, આ બધું એ સચવાયું તો છેવટ સ્વમતાગ્રહરૂપે મમતાએ પોતાનો વેશ ભજવ્યો, આમ અનેકધા અમુક વિષયમાં મમતા સબળોને નિર્બળ બનાવે છે. એક સાદી અને નાનામાં નાની ચીજ, જેને આપણે નકામી માનતા હોઈએ તેમાંથી પણ મમતા જન્મ પામે છે તેને માટે એક દાખલો છે કે:—

કોઈ તપસ્વી હતો, અને તે માત્ર એકજ લંગોટી મર્યાદા માટે રાખતો હતો. એક વખત તેના મનમાં સામાન્યતઃ એવી સ્ફુરણા થઈ કે, એકથી બીજી લંગોટી હોય તો અનુકુળતા ઠીક થઈ પડે. આ ઉપરથી એકની બે લંગોટી થઈ ત્યાર પછી લંગોટી મૂકવા માટે સ્થળ નિર્માણ કર્યું સ્થળમાં ઉંદર લંગોટી કાપવા લાગ્યા, એટલે બીલાડી રાખવાનું મન થયું. બિલાડી અને પછી તેનાં બચ્ચાં તેને દુગ્ધ પાન કરાવવા તે મહા તપસ્વીએ ગાય રાખી, તેમાંથી વાછડા થયા. એટલે ખેતીવાડી કરવા લાગ્યા. રાજાની જમીન વિના આજ્ઞાએ ખેડવાથી ગુનેગાર ઠર્યા. કેદ પકડાયા, રાજ્ય તરફથી શિક્ષા મળી કે આખો દિવસ વાંસા ઉપર પથ્થર મૂકી તડકામાં ઉભો રાખવો. મહાત્માની તરતજ તે પ્રમાણે સ્થિતિ કરવામાં આવી. તે વખતે મહાત્માને વિચાર થયો કે, મારી આ દશા કરનાર આ લંગોટી છે; જો એકની બે લંગોટી ન કરી હોત તો હું આ સ્થિતિએ પહોંચત નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે એક સાધારણ ચીજમાં મમતા પોતાનું સામ્રાજ્ય કેવી રીતે વધારે છે તે આવાં દૃષ્ટાંતોથી સમજી, તેથી વિમુખ કેમ રહેવું એ તરફ વિશેષ લક્ષ આપવા જરૂર છે. ત્યાગીઓ માટે જ્યારે આવી ફીકર રહે છે. તો પછી જે ગૃહસ્થાશ્રમમાં રહેનારા બહારથી એટલે વ્યવહારથી ભલે, અમુક જાતના નિયમો કે વ્રતો સ્વીકારે, પણ તેઓએ એટલું ખાસ યાદ રાખવું જોઈએ કે, જ્યાં સુધી હૃદયમાંથી મમતા તૃષ્ણા મંદ થઈ નથી, તથા તે મંદ કરવા પ્રયત્ન સેવાણો નથી, ત્યાં સુધી તેઓ ઉચ્ચ કોટિએ કદી પણ ચડી શકવાને અધિકારી બનવાના નથી. આ દરેક હકીકત ઉપરથી એમ સમજવાને સબળ કારણ મળે છે, કે ક્રિયાજૈનો કરતાં વિચારજૈનો તેજ ખરા અને શ્રેષ્ઠ જૈન કહી શકાય. વિચાર અને ક્રિયા બન્ને પક્ષે જેઓમાં જૈનત્વ ઉદ્ભવેલ છે. તેઓ શ્રેષ્ઠતમ જૈનો તરીકે માની શકાય. પણ વિચાર જૈન વિના ક્રિયાજૈનો

માત્ર નામના જૈનો છે, એમ ઘણે ભાગે માનવું પડશે. અને તેથીજ કેટલાએક ઠેકાણે લખ્યું છે કે, મેરૂ પર્વતના જેટલા ઓઘા મુહપત્તિ કેટલાએક જીવોએ કર્યા તો પણ પાર પામી શકયા નથી.

વિચાર જૈન, ક્રિયા જૈન, વિચાર ક્રિયા જૈન એમ ત્રણ જાતના જૈન કહેવાય તેવાં પાત્રો પૂર્વ કાળમાં કોણ કોણ હતા, તે તરફ આપણે આપણું લક્ષ ખેંચીએ શ્રેણિક અને કૃષ્ણ વાસુદેવ જેવા રાજાઓ માત્ર વિચાર જૈન હતા. અને તેઓએ ક્ષાયક સમ્યકત્વ પ્રાપ્ત કરેલ હતું, જેથી તેઓ માત્ર સમ્યકત્વના પ્રભાવે તીર્થંકર નામકર્મ બાંધવા ભાગ્યશાળી થયા છે. માત્ર ક્રિયા જૈનમાં કેટલાએક અભવી દુર્ભવી ગણવા પડશે. વિચાર ક્રિયા જૈનમાં આનંદ, કામદેવ વિગેરે પવિત્ર શ્રાવકોને ગણવા જોશે. કેમકે સમ્યકત્વવાન હતા અને શુદ્ધ ક્રિયા કરનાર પણ હતા. મુનિઓનો સમાવેશ પણ આજ ભેદમાં આવી જાય છે, કેમકે તેઓમાં પણ વિચાર ક્રિયા સાથે જૈનપણું હોય છે. અને તથાપ્રકારના ગુણવિના માત્ર વેષધારીનો સમાવેશ, વસ્તુતઃ ક્રિયા જૈનોમાં પણ કોઈ હોઇ શકતો નથી, કેમકે તેવા વેષ વિડંબકો ક્રિયામાં પણ અવ્યવસ્થિત હોય છે, અને તેથી તેઓને માટે નીચેનું વાકય લાગુ પડે છે કેઃ—

"હોળીનો રાજારે, ગુણ વિનાનો સંયમી."

ક્રિયા જૈનો માટે માત્ર એટલો અપવાદ સ્વીકારવો પડશે કે જેઓ પોતે સરલ છે, અને વિચાર જૈનોના આશ્રિત બનીને જેઓ ક્રિયા કરનારા છે, એટલે પોતામાં તથાપ્રકારની અજ્ઞાનતા છતાં તથાપ્રકારના જ્ઞાનીઓના કહ્યા મુજબ વદનુયાયી બની ક્રિયા કરનારાઓને જૈનપણામાંથી બાતલ કરવા જોઇતા નથી.

હાલમાં દ્રઢ પરંપરાથી મૂર્ખ સમૂહો અને અર્ધ દગ્ધોના સમૂહોમાં એમ સુદ્રઢ મનાઇ ગયું છે કે કોઇ પણ જૈન નામ ધારક હોય તેને અમુક અમુક જાતની ક્રિયા તો કરવીજ જોઇએ; જો કોઇ જાતની ક્રિયા ન કરે તો તે જૈન ન કેહેવાય. કોઇ વિચાર જૈન તેમને કહેકે 'હું જૈન છું' તો તેવાને હાલના જૈન મન્યો હસી કાઢશે, ધિક્કારશે, અને જૈન કહેવાને આંચકો ખાશે. એટલુંજ નહિ પણ તું જૈન નથી, જૈન હોય તો અમો જેમ કરીએ છઇએ તેમ તું કેમ કરતોનથી! એમ બોલી દેવાને તૈયાર થશે. આવી માન્યતાથી જૈનધર્મનો અમુક જ્ઞાતિએ જાણે ઇજારો લીધો હોય તેમ મનાઇ ગયું છે; ત્યાં કોઇ મુસલમાન, પારસી, કે અંગ્રેજ અગર યાહુદી, અંતઃકરણમાં જૈનતત્વોની સુદ્રઢ છાપ પડવાથી જૈનનાં તત્વો સત્ય અને તે પણ યથાર્થ છે એમ માનતા હોય, તે તત્વો ઉપર તેમને સંપૂર્ણ શ્રદ્ધા હોય, પણ કેટલા એક સંજોગોને લઇને અથવા તો જ્ઞાતિના કારણને લઇને, તેઓ જૈન ધર્મની બાહ્ય ક્રિયા ન કરી શકતા હોય, કંઇ ત્યાગ ન કરી શકતાહોય, તો તેવાઓને જૈન નજ કહેવા એમ હાલના જૈનો એકી અવાજે, ઘણા ભાગે, કહેવા તૈયાર થશે. અફસોસ! કે એવાઓએ વિચારની વિશુદ્ધિને ગૌણ ગણી, અને બાહ્ય વ્યવહારને મુખ્ય ગણ્યો છે. જોકે ઘણા ભાગે જેઓ વિચાર જૈ-

નતા પ્રગટે, તેમનો વ્યવહાર ક્રમશઃ પવિત્ર થવો જોઈએ, પણ ધારોકે તેમ કરવા તે અસમર્થ નીવડયો તેથી તે જૈનકોટિમાં ન ગણાય એમ જે કહેવું અગર માનવું તદ્દન ભૂલભરેલું છે જ્ઞાન, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ અથવા ક્ષયથી થાય છે; શ્રદ્ધા (યથાર્થ શ્રદ્ધા) સમ્યકત્વ, સમક્તિ મોહની કર્મના ક્ષયોપશમથી અથવા ક્ષયથી પ્રકટે છે; અને ત્યાગ વૃત્તિ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમ અગર ક્ષયથી પ્રાપ્ત થાય છે, આમ કર્મો એક બીજા ગુણોને આચ્છાદન કરવામાં ભિન્ન ભિન્ન છે, ત્યારે તે ગુણના પ્રકાશ કરવામાં આવે તે ગુણનો અભાવ પણ ભિન્ન ભિન્ન રીતે કારણ ભૂત છે. કોઇએ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો, તો તેને માત્ર જ્ઞાનજ પ્રાપ્ત થાય છે, પણ સમ્યકત્વના અભાવે અયથાર્થતા હોવાથી, અજ્ઞાન ના નામથી ઓળખાય છે. તો કોઈમાં માત્ર શ્રદ્ધા હોઇ શકે, કોઈમાં જ્ઞાન અને શ્રદ્ધા બન્ને હોઇ શકે, અને કોઈમાં ચારિત્ર સાથે ચારિત્ર મોહની કર્મનો ક્ષયોપશમ હોય તો ત્રણે પણ હોઇ શકે; એટલે કે કોઇ પણ જાતનો એમાં નિયમ જ્યાં નથી ત્યાં અમુક સ્થિતિ વાળાનેજ જૈનો કહેવા એમ માની લેવું તે પોતાનું ડહાપણ નહિ તો બીજું શું!

સત્ય એવી ચીજ છે, કે જે સર્વને પ્રિયજ હોય છે, અને તેની પ્રશંસા ગમે તે સ્થિતિમાં રહેલા મનુષ્યોથી થયા વિના રહેતી નથી. તમો જોઇ શકશો કે, નાટકમાં નાટકકારક પાત્રો અનેક જાતનાં નાટક ભજવે છે, પ્રેક્ષકો અનેક હેતુથી ત્યાં પ્રેક્ષક તરીકે પોતાની હાજરી આપે છે; તેઓમાં દરેક ગુણગ્રાહી હોતા નથી, તેમ સદ્વર્તનવાળા દરેક હોય તેવો નિયમ હોતો નથી, છતાં પણ જ્યારે સીતા અને રામચંદ્રજીનું નાટક ભજવાતું હોય, તેમાં રાવણ સીતાને હરી જઇ, અશોક વાટિકામાં રાખી પોતે પ્રેમભિક્ષા માગે છે, અને સીતા તે વખતે રાવણનો તિરસ્કાર કરે છે, તે વખતના દેખાવની અસર, જેઓ રાવણને ધિક્કારવા તૈયાર થઇ જાય છે તેઓના મનમાં સજ્જડ થઇ જાય છે, ભર્તૃહરિના નાટકમાં પીંગલા પ્રપંચ કરી ભર્તૃહરિને છેતરે છે, અને તેનું પોકળ જ્યારે જાહેરમાં આવે છે ત્યારે તે વખતમાં એક અવાજે પ્રેક્ષકો પીંગળાને ધિક્કારવા તૈયાર થાય છે, અને ભર્તૃહરિ તરફ દયાજનક સ્થિતિએ જોવા આતુર બને છે. આવી રીતે પ્રેક્ષકોના મનની સ્થિતિ અનેક નાટકોમાં ઘણે ભાગે નીતિના પાત્ર તરફજ આકર્ષાય છે, અને અનીતિનાં પાત્રો તરફ અપમાનની નજરથી જુએ છે. ભલેને પોતામાં તેવી નીતિ–પાત્રતા ન હોય, છતાં નીતિ સર્વ પ્રિય હોવાથી, અનીતિનાં પાત્રોને પણ નીતિ પ્રિયજ લાગે છે.

આ દૃષ્ટાંતથી એમ ખાત્રી થાય છે કે લોકમાં અનીતિ, અનાચાર કે અધર્મ તરફ અભાવ છે, વળી આત્માનો પણ મૂળ એજ સ્વભાવ છે, કેમકે કંઈપણ ખરાબ વિચાર કરતાં અથવા અયોગ્ય કાર્ય માટે પ્રવૃત્ત થતાં હૃદય કંપે છે, હાથ પગ ધ્રુજે છે અને જાણે કોઈ ના કહેતું હોય તેમ આઘાત થાય છે. આ સર્વ હકીકતનો વિચાર કરતાં ધર્મ એકજ શરણ છે. તે બતાવતાં આ ધર્મોદય અધિકાર પૂર્ણ કરવામાંઆવે છે.

तीर्थ माहात्म्य—अधिकार.

ધર્મમાં ઉદ્યમ કરનારને અવલંબન રૂપ પ્રભુ પ્રતિમા અને તીર્થાટન એ બે મુખ્ય છે, કેમકે આત્માની નિર્મળતા થવા માટે ધર્માચરણમાં દૃઢ શ્રદ્ધા પ્રાપ્ત કરાવવાને તેમના જેવું બીજું એકે ઉચ્ચ સ્થાન નથી. ઉપરોક્ત બે આલંબન પૈકી પ્રતિમા પૂજા કહો કે પ્રભુ પૂજા માટે પૂર્વે વિસ્તારથી કહેવાઇ ગયું છે, ત્યારે તીર્થયાત્રાથી શું લાભ છે, અને તે કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે, તે દર્શાવવાનો અત્રે પ્રયત્ન કરવામાં આવેલ છે. તીર્થ એ પવિત્ર મહા પુરૂષોના નિવાસસ્થાન રૂપ હોવાથી અને ત્યાં અનંત પુણ્યાત્માના આગમન થવાથી તે ભૂમિના રજકણો નિર્મળજ હોય છે જેથી તિર્થયાત્રા કરનારને તેનો સ્પર્શ થવાથી નિર્મળતા પ્રગટે તે નિઃશંક છે. વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો તીર્થયાત્રા એ પ્રાણાયામથી આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાનો પવિત્ર પ્રયોગ છે. કેમકે પ્રાણાયામમાં જેમ વાયુના રેચકપૂરકનો ઉપક્રમ છે તે રીતે તીર્થસ્થળો પ્રાયશઃ પર્વત ઉપર હોવાથી યાત્રાએ જતાં શ્વાસનો પ્રવાહ વધે છે ને તે રીતે અપવિત્ર ઉશ્વાસ નીકળી પવિત્ર રજકણોથી ભરપુરથો શ્વાસ પ્રવેશ કરી મનોભાવનાને નિર્મળ કરેછે. માટે તીર્થયાત્રા મહાત્મ્ય દર્શાવવા આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

તીર્થયાત્રાથી ફળ શું ?

उपजाति.

सदा शुभध्यानसुसारलक्ष्मीः फलं चतुर्धा सुकृतानि ह्युच्चैः ।
तीर्थोन्नतिस्तीर्थकृतां पदाप्तिर्गुणा हि यात्राप्रभवाः स्युरेते ॥ १ ॥

નિરંતર શુભ ધ્યાનની પ્રાપ્તિ સારભૂત લક્ષ્મીની વ્યવસ્થા ધર્માદિક ચાર પ્રકારનું ફળ, મોટાં પુણ્ય કાર્યો, તીર્થની ઉન્નતિ (પ્રભાવના) તથા તીર્થંકરપદની પ્રાપ્તિ, આટલા ગુણો યાત્રા કરવાથી ઉત્પન્ન થાય છે. ૧

આદરવા યોગ્ય ચાર કરણી.

वंशस्थ.

वपुः पवित्रीकुरु तीर्थयात्रया चित्तं पवित्रीकुरु धर्मवाञ्छया ।
वित्तं पवित्रीकुरु पात्रदानतः कुलं पवित्रीकुरु सच्चरित्रैः ॥ २ ॥

હે ભવ્ય ! તીર્થયાત્રા કરીને શરીરને પવિત્ર કર, ધર્મની ઇચ્છા વડે અન્તઃકરણને શુદ્ધ કર, સુપાત્રને દાન આપવાથી દ્રવ્યની (ધનની) શુદ્ધિ કર અને સદાચરણ વડે કુળને પવિત્ર કર. ૨

તીર્થ સેવનમાં મહત્તા.

वसन्ततिलका.

श्रीतीर्थपान्थरजसा विरजी भवन्ति तीर्थेषु विभ्रमणतो न भवे भ्रमन्ति ।
तीर्थव्ययादिह नराः स्थिरसम्पदः स्युस्तीर्थार्चनादिह भवेज्जनवन्दनीयः ॥ ३ ॥

પવિત્ર તીર્થના માર્ગની રજ–ધૂલી વડે (તેમનો સ્પર્શ થવાથીજ) નિષ્પાપ થવાય છે, તીર્થોમાં ભ્રમણ કરવાથી તેને સંસારમાં ભ્રમણ–ભટકવું રહેતું નથી, તીર્થોમાં દ્રવ્યનો વ્યય–ખર્ચથી (સત્પાત્રને દાન વગેરે આપનાથી) સમ્પત્તિની સ્થિરતા થાય છે અને તીર્થનું અર્ચન પૂજન કરવાથી આ સંસારમાં મનુષ્યોને વન્દન કરવા યોગ્ય થવાય છે. ૩

તીર્થયાત્રાના અનંત ફળ.

स्रग्धरा.

आरंभाणां निवृत्तिर्द्रविणसफलता सङ्घवात्सल्यमुच्चै-
र्नैर्मल्यं दर्शनस्य प्रणयिजनहितं जीर्णचैत्यादिकृत्यम् ।
तीर्थोन्नत्यं च सम्यक् जिनवचनकृतिस्तीर्थसत्कर्मकत्वं
सिद्धेरासन्नभावः सुरनरपदवी तीर्थयात्राफलानि ॥ ४ ॥

તીર્થયાત્રા કરવા જતાં વ્યવહારાર્થે આરંભેલા મોહાત્મક કાર્યોથી નિવૃત્તિ (શાંતિ) મળે છે, સદ્દમાર્ગે (સુપાત્રમાં) વપરાવાથી દ્રવ્યના વ્યયની સફળતા થાય છે, સ્વામી ભાઇઓનો જ્ઞાનગોષ્ઠિ તથા જમવા જમાડવામાં સંસર્ગ થવાથી સંઘસમુદાયમાં વાત્સલ્ય ભાવ (પ્રેમ) ઉદ્દભવે છે, દર્શનથી સમકિત નિર્મળ (શુદ્ધ થાય છે અને તેથી આપ્તવર્ગનું હિત કરવાની બુદ્ધિ પ્રગટે છે, તથા જીર્ણ ચૈત્યપરી પાટીના રક્ષણ (ઉદ્ધાર) માટે યોજના થાય છે. વળી તીર્થ મહાત્મ્યમાં વૃદ્ધિ થવાથી જીનેશ્વરના સમકિતબોધી બીજનું યથાર્થ પાલન થવા સાથે સત્કર્મમાં સ્વાભાવિક પ્રવૃત્તિ થાય છે, અને એ સર્વ સુયોગના ફળરૂપે આત્મસિદ્ધિ અથવા દેવલોકની પ્રાપ્તિ થવી એ તીર્થયાત્રાનું ફળ છે.

તિર્થોદ્ધારક મંત્રીની કથા.

+ એકદા શ્રી કુમારપાળ રાજાએ સોરઠ દેશના રાજા સમરને જીતવા માટે ઉદયન નામના પ્રધાનને મોકલ્યો તે પાદલિપ્ત (પાલીતાણા) નગરમાં શ્રીવીરને નમીને શ્રીઋષભદેવ ભગવાનને વાંદવાની ઇચ્છા થવાથી સામંતાદિકને આગળ પ્રયાણ કરવાનું કહીને પોતે શત્રુંજય પર્વતપર ચડયો. ત્યાં દ્રવ્યસ્તવ સંપૂર્ણ કરીને અવગ્રહની બહાર નીકળી ત્રીજી નિસહિ કરીને ચૈત્યવંદના કરવાની શરૂઆત કરે છે, તેટલામાં એક ઉંદર દીવાની સળગતી વાટ કાષ્ઠના પ્રાસાદમાં પોતાના દરને વિષે લઇ જવા લાગ્યો. દેરાના પૂજારીએ તેને જોયો, તેથી તે વાટ મૂકાવી. તે જોઇને મંત્રીની સમાધિનો ભંગ થયો, કાષ્ઠના પ્રાસાદનો આવી રીતે કોઇ વખત નાશ થવાનો સંભવ જણાવાથી દિલગીર થઇને તેણે વિચાર કર્યો કે "રાજાઓના અપાર વ્યાપારમાં ગુંથાએલા અમને ધિક્કાર છે કે જેથી અમે આવા જીર્ણ ચૈત્યનો ઉદ્ધાર કરી શકતા નથી? રાજાઓની પાપવ્યાપાર પ્રવૃત્તિ વડે ઉપાર્જન કરેલી લક્ષ્મી શા કામની છે? કે જે લક્ષ્મી તેના અધિકારીઓથી તીર્થાદિકમાં વાપરીને કૃતાર્થ કરાતી નથી." પછી જીર્ણોદ્ધાર કરવાની ઇચ્છાવાળા મંત્રીએ પ્રભુ સમક્ષ બ્રહ્મચર્ય, એકાસણું, પૃથ્વીપર શયન અને તાંબૂલનો ત્યાગ ઇત્યાદિ અભિગ્રહો ગ્રહણ કર્યા, અને સિદ્ધગિરિ પરથી ઉતરીને પ્રયાણ કરતાં પોતાના સ્કંધાવારની ભેળો થઇ ગયો. સમરસેન રાજા સાથે યુદ્ધ થતાં પોતાનું સૈન્ય ભાંગવાથી પોતે સંગ્રામમાં ઉતરીને શત્રુનું સૈન્ય કાપવા લાગ્યો. તેમાં પોતે જો કે શત્રુઓના બાણથી જર્જરિત થયો, તોપણ તેણે અનેક બાણો વડે સમરરાજાને મારી નાંખ્યો. પછી તેના દેશમાં પોતાના રાજાની આજ્ઞા ફેરવીને મંત્રી સ્વદેશ તરફ પાછો વળ્યો.

માર્ગમાં શત્રુના પ્રહારની પીડાથી મંત્રીની આંખે અંધારા આવવાથી તે મૂર્છા ખાઈને પૃથ્વીપર પડયો; તેને પવન વિગેરેના ઉપચારથી સજ્જ કર્યો, તેણે કરૂણસ્વરે સામંત વિગેરેને પોતાના મનના ચાર શલ્ય કહ્યાં. પોતાના નાના પુત્ર અંબડને સેનાપતિપણું અપાવવું, (૨) શત્રુંજય ગિરિપર પથ્થરમય પ્રાસાદનું ચૈત્ય બનાવવું, (૩) ગિરનાર પર્વત ઉપર નવાં પગથીયાં કરવાં અને (૪) મૃત્યુ સમયે નિર્ઝામણા કરનાર ગુરૂનો અભાવ, આ ચાર શલ્ય સાંભળીને સામંતાદિક બોલ્યા કે "હે મંત્રીશ્વર! પ્રથમના ત્રણ મનોરથ તો તમારો મોટો પુત્ર બાહડદેવ પૂર્ણ કરશે, તેમાં અમે સાક્ષીભૂત છીએ." એમ કહીને કોઇ વંઠ પુરૂષને સાધુનો વેષ પહેરાવીને મંત્રી પાસે લાવી કહ્યું કે "આ ગુરૂ આવ્યા." મંત્રી તેને ગૌતમ સ્વામીની જેમ નમી, સમગ્ર પ્રાણીઓને ખમાવી, કરેલા પાપને નિંદી તથા પુણ્ય કરણીનું અનુમોદન કરી સ્વર્ગે ગયો.

+ ઉપદેશપ્રાસાદ ભાગ ચોથો

તે સર્વ જોઈને પેલા વંઠે વિચાર્યું કે "અહો ? આ મુનિના વેષનો મહિમા કેવો છે ? હું ભિક્ષુક છતાં આ સર્વ લોકનો પરાભવ કરનાર અને જગત્ જેની વંદના કરે છે એવા મંત્રીએ મને વંદના કરી; તેથી આ જગત્વંદ્ય વેષને હું ભાવથી પણ શરણરૂપ કરૂં છું." એમ નિશ્ચય કરીને તે ગિરનાર પર્વતપર જઇ બે માસના અનશનથી કાળ કરીને દેવલોક ગયો. ઉદયન મંત્રીએ તથા સામંતાદિકે તે મુનિની શુદ્ધ પ્રશંસા કરી, જે સાંભળીને ભિક્ષુકની શ્રદ્ધા દૃઢ થઈ, તેથી તે ગિરનારપર જઇને સ્વર્ગે ગયો."

પછી સામંતાદિક સૈન્ય સહિત પાટણ આવ્યા, અને શ્રી ચૌલુક્ય [કુમારપાળ] રાજાને શત્રુની લક્ષ્મી વિગેરેનું પ્રાભૃત [ભેટણું] આપીને શ્રી ઉદયન પ્રધાનના શૌર્યની પ્રશંસા પૂર્વક તેનો સર્વ વૃત્તાંત કહ્યો. પછી રાજા, સામંત વિગેરે આહડ અને અંબડને ઘેર ગયા, અને તેમનો શોક ઉતરાવી બોલ્યા કે—

युवां यदि पितुर्भक्तौ, धर्ममर्मविदावपि ।
उदध्रियेथां तदा तीर्थे, गृहीत्वा तदभिग्रहान् ॥ १ ॥

ભાવાર્થ જો તમે બન્ને ભાઈઓ ખરેખરા પિતાના ભક્ત હો અને ધર્મના રહસ્યને જાણતા હો, તો તમારા પિતાએ ગ્રહણ કરેલા અભિગ્રહોને ગ્રહણ કરીને તે બન્ને તીર્થનો ઉદ્ધાર કરો."

ऋणमन्यदपि प्रायो, नृणां दुःखाय जायते ।
यद्देवस्य ऋणं तत्तु, महादुःखनिबंधनम् ॥ २ ।

ભાવાર્થ—બીજું [લૌકિક] ઋણ પણ ઘણું કરીને માણુસોને દુઃખદાયક થાય છે, તો દેવનું ઋણતો મહા દુઃખનું કારણભૂત છે."

स्तुत्याः सुतास्त एव स्युः, पितरं मोचयंति ये ।
ऋणाद्देवऋणात्तातं मोचयेथां युवां ततः ॥ ३ ॥

ભાવાર્થ—"જેઓ પોતાના પિતાને ઋણથી મુક્ત કરે છે, તે પુત્રો જ પ્રશંસા કરવા લાયક છે, તેથી તમે તમારા પિતાને દેવઋણથી મુક્ત કરો."

सवितर्यस्तमापन्ने, मनागपि हि तत्पदम् ।
अनुद्धरंतस्तनया, निंद्यंते शनिवज्जनैः ॥ ४ ॥

ભાવાર્થ—"સવિતા[1] અસ્ત પામ્યે સતે તેના પુત્રો જો તેના સ્થાનનો જરા પણ ઉદ્ધાર ન કરે, તો તેવા પુત્રો શનિની જેમ લોકો વડે નિંદાય છે."

---

૧ સવિતા એટલે સૂર્ય તથા પિતા એ બે અર્થ થવાથી—સુર્ય અસ્ત પામે ત્યારે જો તેના સ્થાનને શનિ નામનો ગ્રહ જુએ નહીં તો તે ઘણો રિષ્ટ ગણાય છે, એ વાત જ્યોતિષ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

આ પ્રમાણેનાં રાજા વિગેરેનાં અમૃત તુલ્ય વચનો સાંભળીને ઉત્સાહ પામેલા બાહડ તથા અંબડે એક એક અભિગ્રહ ગ્રહણ કર્યો. પછી બાહડે પોતાના ઓરમાન ભાઈ અંબડને સેનાપતિનું સ્થાન રાજા પાસે અપાવ્યું, અને પોતે રાજાની આજ્ઞા લઈને રૈવતક [ગિરનાર] ગયો. ત્યાં અંબિકા દેવીએ જે માર્ગે અક્ષત છાંટયા તે માર્ગે ત્રેસઠલાખ દ્રવ્યનો વ્યય કરીને નવાં સુગમ પગથીઆં કરાવ્યાં. પછી ત્યાંથી શત્રુંજયની તલેટીએ જઈને ત્યાં આવાસસ્થાન કરાવી સૈન્ય સહિત પડાવ નાખ્યો અને દેશપરદેશના કારીગરોને બોલાવ્યા. ચૈત્યોદ્ધારના સમાચાર સાંભળીને બીજા અનેક શ્રાવક ગૃહસ્થો પણ ત્યાં આવ્યા. તે વખતે ચટીમાણુક નામના ગામનો રહીશ ભીમ નામનો કુડલીઓ વણિક્ માત્ર છ રૂપીઆનીજ મુડીવડે ઘી લઈને ત્યાં આવ્યો, તે ઘી બાહડના સૈન્યમાં વેચીને શુદ્ધ વ્યાપારથી તેણે એક રૂપીયાથી અધિક નફો ઉપાર્જન ન કર્યો; પછી એક રૂપીયાનાં પુષ્પો લઈને તે વડે પ્રભુની પૂજા કરી તે સૈન્યમાં આવ્યો. ત્યાં આમ તેમ ફરતાં તેણે અનેક જનોથી સેવાતા બાહડ મંત્રીને જોયા. તે વખતે દ્વારપાળો તેને ધક્કા મારીને દૂર કરતા હતા, છતાં આજીજીથી તેણે અંદર પેસી જોઈને વિચાર કર્યો કે—

अहो मर्त्यतया तौल्यमस्य मेऽपि गुणैः पुनः ।
द्वयोरप्यंतरं रत्नोपलयोरिव हा कियत् ॥ १ ॥

ભાવાર્થ—"અહો! મનુષ્ય જાતિથી તો મારૂં તથા આ મંત્રીનું તુલ્યપણું છે, પણ ગુણથી તો અમારા બેમાં રત્ન તથા પાષાણુની જેમ કેટલું બધું અંતર છે?" ભીમવણિક એમ વિચારે છે તેટલામાં દ્વારપાળો ત્યાં આવી ગળે હાથ દઈને તેને કાઢી મૂકવા લાગ્યા તે મંત્રીએ જોયું, એટલે તેને પોતાની પાસે બોલાવીને પૂછયું. ભીમે ઘી વેચવાથી થયેલા લાભવડે પ્રભુની પૂજા કર્યાનું વૃત્તાંત કહ્યું ત્યારે મંત્રી બોલ્યા કે—

धन्यस्त्वं निर्धनोऽप्येवं, यज्जिनेंद्रमपूजयः ।
धर्मबंधुस्त्वमसि मे ततः साधर्मिकत्वतः ॥ १ ॥

ભાવાર્થ—"તને ધન્ય છે, કે તેં નિર્ધન છતાં પણ આ પ્રમાણે જિનેશ્વરની પૂજા કરી, તેથી સાધર્મિકપણાથી તું મારો ધર્મબંધુ છે."

આ પ્રમાણે સર્વ ગૃહસ્થોની સમક્ષ તે ભીમની પ્રશંસા કરીને તેને ઘણા આગ્રહથી પોતાના અર્ધ આસનપર બેસાડયો. તે વખતે ભીમને વિચાર થયો કે "અહો! જિનેશ્વરના ધર્મનો મહિમા કેવો છે અને જિનેશ્વરની પૂજાની લીલા પણ કેવી છે! કે જેથી હું દરિદ્ર શિરોમણી છતાં આવું સન્માન પામ્યો." તે વખતે મોટા લક્ષાધિપતિ ગૃહસ્થોએ મંત્રીને કહ્યું કે—

प्रभविष्णुस्त्वमेकोऽपि, तीर्थोद्धारेऽसि धीसख ।
बंधूनिव तथाप्यस्मान्, पुण्येऽस्मिन् योक्तुमर्हसि ॥ १ ॥

ભાવાર્થ—હે મંત્રીશ્વર! આ તીર્થનો ઉદ્ધાર કરવામાં તમે એકલા સમર્થ છો, તો પણ આ પુણ્યમાં બંધુની જેમ અમને પણ જોડવાને તમે યોગ્ય છો."

पित्रादयोऽपि वंच्यंते कदापि क्वापि धार्मिकैः ।
न तु सार्धर्मिका धर्मस्नेहपाशनियंत्रणात् ॥ २ ॥

ભાવાર્થ--"ધાર્મિક પુરૂષો કોઇ વખત કોઈ પ્રસંગે પિતા વિગેરેને પણ છેતરે છે, પરંતુ ધર્મ સ્નેહરૂપી પાસથી બંધાયેલા હોવાથી સાધર્મિકને કદિ પણ છેતરતા નથી." તેથી અમારૂં ધન પણ આ તીર્થના ઉદ્ધારમાં વાપરીને અમને કૃતાર્થ કરો."

આ પ્રમાણે કહીને તે ગૃહસ્થો સુવર્ણાદિ દ્રવ્ય આપવા લાગ્યા, એટલે મંત્રીએ ચોપડામાં તેઓનાં નામ લખવા માંડ્યાં, તે જોઇ ભીમે વિચાર્યું કે "મારી પાસે સાત રૂપીયા છે, પણ જો તીર્થમાં ઉપયોગી થાય તો હું કૃતાર્થ થાઉં, પરંતુ આટલી થોડી રકમ શી રીતે આપી શકાય?" ભીમ આ પ્રમાણે વિચારે છે તેવામાં મંત્રીએ તેના આકાર ઉપરથી કહ્યું કે "હે સાધર્મિક બંધુ! તમારી પણ ઇચ્છા હોય તો કાંઇક આપો. આ તીર્થના ઉદ્ધારમાં ભાગ લેવો તે મોટા પુણ્યથીજ બને તેમ છે." મંત્રીએ આ પ્રમાણે કહેવાથી ભીમે પોતાના સાતે રૂપીઆ આપી દીધા, તે લઇને ઉચિતપણામાં પ્રવીણ મંત્રીએ તેનું નામ સર્વ ગૃહસ્થોનાં નામની ઉપર લખ્યું. તે જોઇને ગૃહસ્થોએ તેમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે મંત્રી બોલ્યા કે "આણે તો પોતાનું સર્વસ્વ આપ્યું છે, અને તમે તો તમારી પુંજીનો શતાંશ પણ આપ્યો નથી; માટે તે તમારાથી અધિક છે." તે સાંભળી તે ગૃહસ્થો હર્ષ તથા લજ્જા પામ્યા.

પછી મંત્રીએ ભીમને પાંચસો રૂપીયા અને ત્રણ પટ્ટકુળ (વસ્ત્ર) આપવા માંડયાં. પણ ભીમે એક કોડીના લાભથી કોટી ધન ગુમાવવા જેવું માનીને તે લીધું નહીં અને પોતાને ઘેર ગયો. તેની સ્ત્રી પિશાચણી જેવી હતી, તેથી તેની પાસે વાત કરતાં ભય પામ્યો; તો પણ સર્વ વૃત્તાંત ધીરે ધીરે કહ્યો. તે સાંભળીને પુણ્યના ઉદયથી સ્ત્રીએ કહ્યું કે-"તીર્થના ઉદ્ધારમાં ભાગ લીધો તે સારૂં કર્યું, અને મંત્રી પાસેથી કાંઈ લીધું નહી તે તો ઘણુંજ સારૂં કર્યું." પછી તે સ્ત્રી પુરૂષ ગાયને બાંધવા માટે ખીલો નાંખતાં હતાં. ત્યાં પૃથ્વી ખોદતાં તેમાંથી ચાર હજાર સુવર્ણ દ્રવ્યનો કળશ નીકળ્યો તે જોઇ "અહો! કેવો પુણ્યનો ઉદય છે? આ કળશ પણ પુણ્ય કર્મમાંજ આપીએ તો ઠીક." એમ વિચારીને પોતાની સ્ત્રીની સંમતિથી કળશ લઈને

ભીમ મંત્રી પાસે આવ્યો. મંત્રીને તે કળશ સંબંધી વૃત્તાંત કહીને તીર્થોદ્ધારને માટે તે આપવા લાગ્યો. મંત્રીએ લેવાની ના કહી પણ ભીમ બળાત્કારે આપવા લાગ્યો, એમ ખેંચતાણ કરતાં રાત્રિ પડી. રાત્રિએ કપર્દી યક્ષે આવીને ભીમને કહ્યું કે "હે ભીમ! તેં એક રૂપીયાના પુષ્પ લઇને આદીશ્વરની પૂજા કરી, તેનાથી પ્રસન્ન થઇને મેં તને નિધિ આપ્યો છે, માટે તે તું સ્વેચ્છાથી ભોગવ." એમ કહીને યક્ષ અંતર્ધાન થયો. પ્રાતઃકાળે ભીમે મંત્રીને વાત કરી, પછી સુવર્ણ તથા રત્નનાં પુષ્પોથી આદીશ્વરની પૂજા કરીને તે કળશ લઇ ભીમ પોતાને ઘેર આવ્યો અને ગૃહસ્થની જેમ પુણ્યમાર્ગમાં પ્રવૃત્ત થયો.

અહીં મંત્રીએ શુભ મુહૂર્તે કાષ્ઠનું ચૈત્ય દૂર કરાવી સુવર્ણની વાસ્તુ મૂર્તિ વિધિ પૂર્વક પૃથ્વીમાં સ્થાપન કરી, તેની ઉપર મોટી શિલા મુકી ખાતમુહુર્ત કર્યું. પછી ચૈત્યનું કામ શરૂ કર્યું. તે પાષાણમય પ્રાસાદ બે વર્ષે સંપૂર્ણ થયો. તે પૂર્ણ થયાના સમાચાર આપનારને મંત્રીએ વધામણીમાં બત્રીશ સુવર્ણની જીહવા આપી. તે સંબંધી હર્ષોત્સવ ચાલે છે, તેવામાં બીજા માણસે આવીને કહ્યું કે "હે મંત્રી! કોઇ પણ કારણથી પ્રાસાદ ફાટી ગયો." તે સાંભળીને મંત્રીએ તેને બમણી વધામણી આપી. તે જોઇને પાસે બેઠેલા માણસોએ તેનું કારણ પૂછયું. ત્યારે મંત્રી બોલ્યો કે "મારા જીવતાં પ્રાસાદ ફાટયો તે ઠીક થયું, કેમકે હું ફરીથી બીજી વાર કરાવીશ." પછી મંત્રીએ સૂત્રધારો (સલાટો)ને બોલાવીને પ્રાસાદ ફાટવાનું કારણ પૂછયું. ત્યારે તેઓ બોલ્યા કે "હે મંત્રીરાજ! ભમતીવાળા પ્રાસાદની ભમતીમાં પવન પેઠો? તે નીકળી શકયો નહીં, એટલે તેના જોરથી પ્રાસાદ ફાટયો છે, અને જો ભમતી વિનાનો પ્રાસાદ કરીએ છીએ તો કરાવનારને સંતાન ન થાય એવો લેખ છે." તે સાંભળીને મંત્રીએ વિચાર્યું કે—

संतानः सुस्थिरः कस्य, स च भावी भवे भवे ।
सांप्रतं धर्मसंतान, एवास्तु मम वास्तवः ॥ १ ॥

ભાવાર્થ—"કોની સંતતિ અચળ રહી છે? તે તો દરેક ભવમાં થયા જ કરે છે, માટે હાલ તો મારે વાસ્તવિક એવી ધર્મસંતતિ જ હો."

એમ વિચારીને મંત્રીએ ફરતીની બન્ને ભીંતોના વચમાં મજબૂત શિલાઓ મુકાવીને તે પૂરી દીધી. તે પ્રાસાદ ત્રણ વર્ષે પૂર્ણ થયો. આ જીર્ણોદ્ધાર કરાવતાં મંત્રીને બે કરોડ ને સત્તાણું લાખ દ્રવ્યનો ખર્ચ કારીગરોને આપવામાં થયો છે, એમ પૂર્વ પુરૂષો કહે છે.

પછી તે પ્રાસાદની પ્રતિષ્ઠા કરવા માટે શ્રીસંઘ સહિત હેમચંદ્રાચાર્યને બોલાવીને મોટા ઉત્સવ પૂર્વક સંવત ૧૨૧૧ ની સાલમાં (શનીવારને દિવસે) સુવર્ણના દંડ, કળશ અને ધ્વજાની પ્રતિષ્ઠા કરીને તેને પ્રાસાદ ઉપર સ્થાપન કર્યાં ત્યાં દેવ

પૂજાને માટે ચોવીશ ઉદ્યાન તથા ચોવીશ ગામ આપીને તળેટીમાં બાહડપુર નામે ગામ વસાવ્યું. તે ગામમાં ત્રીભુવનપાળવિહાર નામનો પ્રાસાદ કરાવીને તેમાં શ્રીપાર્શ્વનાથનું બિંબ સ્થાપન કર્યું. તે મંત્રીના આવા લોકોત્તર ચરિત્રથી પ્રસન્ન થઈને શ્રી હેમચંદ્રાચાર્ય બોલ્યા કે—

जगद्धर्माधारः सगुरुतरतीर्थाधिकरण-
स्तदप्यर्हन्मूलं स पुनरधुना तत्प्रतिनिधिः ।
तदावासश्चैत्यं सचिव भवतोध्धृत्य तदिदं
समं स्वेनोद्दध्रे भुवनमपि मन्येऽहमखिलम् ॥ १ ॥

ભાવાર્થ—"જગતના ધર્મનો આધાર અને મોટા મોટા તીર્થોનું અધિકરણ અર્હત્ મૂલક છે. સાંપ્રત કાળમાં તે અરિહંતને બદલે તેની પ્રતિમા છે, તે પ્રતિમાના આવાસરૂપ ચૈત્યનો તેં ઉદ્ધાર કર્યો, તેથી હું માનું છું કે સચિવ ! તેં તારા આત્મા સહિત આખા ભુવનનો ઉદ્ધાર કર્યો.

એ પ્રમાણે સકળ સંઘે સ્તુતિ કરાયલા વાગ્ભટ (બાહડ) મંત્રી પાટણમાં આવ્યા, અને રાજાને પ્રસન્ન કર્યા.

હવે આમ્રભટે (અંબડે) પણ પિતાના શ્રેયને માટે શ્રી ભૃગુપુર (ભરૂચ)માં શકુનિકાવિહાર નામનો પ્રાસાદ કરાવવાનો આરંભ કર્યો. તેને માટે ખાડો ખોદતાં નર્મદા નદી પાસે હોવાથી તેનું પાણી અકસ્માત્ તેમાં ભરાઇ ગયું. તેથી સર્વ કારીગરો તેમાં ડૂબી ગયા. તે હકીકત સાંભળતાં અનુકંપાના સવિશેષપણાથી આમ્રભટે પોતાના આત્માની નિંદા કરતા સ્ત્રી પુત્ર સહિત તેમાં ઝંપાપાત કર્યો. એ પ્રમાણે પડયા છતાં પણ તેના અંગને કાંઇ પણ નુકશાન થયું નહીં. આવું તેનું નિઃસીમ સત્ત્વ જોઈને પ્રસન્ન થયેલી સ્ત્રીરૂપ કોઇ દેવીએ તેને બોલાવ્યો. એટલે તેણે તેને પૂછયું કે "તમે કોણ છો ?" તે બોલી કે "હું આ ક્ષેત્રની અધીષ્ટાત્રી દેવી છું. તારા સત્ત્વની પરીક્ષા કરવા માટે આ સર્વ મેં કર્યું છે. હે વીર ! તું ખરેખર પ્રશંસા કરવાને યોગ્ય છે. વીરપુરૂષોમાં અગ્રણી છે, તારૂં સત્ત્વ અતિ ઉત્કૃષ્ટ છે, નહીં તો બીજા ઘણા માણસો છતા થોડા માણસનું મરણ થવાથી તારી જેમ આ પ્રમાણે મરવાને કોણ તૈયાર થાય ? આ તારા સર્વે કારીગરો અક્ષતાંગજ છે તેના વિષે તું ચિંતા કરીશ નહીં. હવે તારૂં ધારેલું કાર્ય પૂર્ણ કર." ઈત્યાદિ કહીને દેવી અંતર્ધાન થઈ. મંત્રી કુટુંબ અને કારીગરો સહિત બહાર નીકળ્યો. પછી દેવીને યોગ્ય બળિદાન આપીને અઢાર હાથ ઉંચો શ્રી મુનિસુવ્રત સ્વામીને પ્રાસાદ કરાવ્યો, તથા શકુનિકા મુનિ અને ન્યગ્રોધ (વડ)ની લેપ્યમય મૂર્ત્તિઓ કરાવી. આ શકુનિકાવિહારનો ઉદ્ધાર સંવત ૧૨૨૦ની સાલમાં અંબડે હર્ષ પૂર્વક કરાવ્યો. પછી પ્રતિષ્ટાને

માટે રાજાને, હેમાચાર્યને તથા સકલ સંઘને બોલાવીને શ્રી સુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા કરી. પૂર્વે શ્રી મલ્લિકાર્જુનને જીતીને અખંડ મંત્રી તેનો દ્રવ્યકોશ લાવ્યો હતો, તે કુમારપાળ રાજાએ તેને જ આપ્યો હતો, તેમાંથી બત્રીશ ઘડી સુવર્ણ વડે કળશ, સુવર્ણદંડ તથા પટ્ટકુળમય ધ્વજા કરાવી તેની યથાવિધિ પ્રતિષ્ઠા કરીને તેને પ્રાસાદ ઉપર સ્થાપન કર્યા. પછી અતિ હર્ષના આવેશથી ચૈત્યના શિખરપર ચડીને તેણે સુવર્ણ અને રત્નની વૃષ્ટિ કરી.

પછી શિખર ઉપરથી ઉતરીને ચૌલુક્ય રાજાની પ્રેરણાથી આમ્રભટ મંત્રીએ આરતી વિગેરેનું કાર્ય શરૂ કર્યું. તે વખતે શ્રી સુવ્રતસ્વામીની પાસે કુમારપાળ રાજા વિધિ કરાવનાર તરીકે રહ્યા. બીજા સામંતો સુવર્ણના દંડવાળા ચામરને ધારણ કરીને ઉભા રહ્યા. અને વાગ્ભટ વિગેરે મંત્રીઓ સર્વ સાહિત્ય તૈયાર કરી આપનારા થયા પછી આરતી ઉતારીને મંગળદીપ પ્રગટ કર્યો. તે સમયે પ્રભુના ગુણ ગાનારાઓને બત્રીશલક્ષ દ્રવ્યનું દાન આપ્યું તેનું આવું લોકોત્તર ચરિત્રને જોઇને ચિત્તમાં આશ્ચર્ય ઉત્પન્ન થવાથી જન્મ પર્યંત મનુષ્યની સ્તુતિ ન કરવાનો નિયમ ભૂલી જઇને શ્રી હેમચંદ્રસૂરિ બોલ્યા કે—

> किं कृतेन हि यत्र त्वं, यत्र त्वं किमसौ कलिः ।
> कलौ चेद्भवतो जन्म कलिरस्तु कृतेन किम् ॥ १ ॥

ભાવાર્થ—"હે મંત્રી ! તું જ્યાં છે ત્યાં સત્યયુગે કરીને શું ? અર્થાત્ જ્યાં તું છે ત્યાં સત્યયુગજ છે; અને જ્યાં તું છે ત્યાં આ કળિયુગ શું છે ? અર્થાત્ કળિયુગનું કાંઇ ચાલતુંજ નથી. તેથી જો તારો જન્મ કળિયુગમાં હોય તો એવો કળિયુગજ સર્વ કાળ રહો, સત્યયુગનું કાંઇ કામ નથી." ૧

> कृते वर्ष सहस्रेण, त्रेतायां हायनेन च ।
> द्वापरे यच्च मासेन, अहोरात्रेण तत्कलौ ॥ २ ॥

ભાવાર્થ—"જે કાર્ય સત્યુગમાં હજાર વર્ષે સિદ્ધ થાય છે, ત્રેતાયુગમાં એક વર્ષે સિદ્ધ થાય છે અને દ્વાપરમાં એક માસે સિદ્ધ થાય છે, તે કળિયુગમાં માત્ર એક અહોરાત્રમાંજ સિદ્ધ થાય છે." ૨

આ પ્રમાણે આમ્રભટની પ્રશંસા કરીને ગુરૂ તથા રાજા પોતાને સ્થાનકે ગયા. (પાટણ ગયા.)

અહીં ગુરૂ તથા રાજાના ગયા પછી આમ્રભટ મંત્રીને અકસ્માત્ કોઇ દેવીના દોષથી મરણ તુલ્ય મૂર્છા આવી. તે વાત કોઇએ ગુરૂ પાસે જઇને વિનંતિ પૂર્વક નિવેદન કરી, ત્યારે ગુરૂએ તરતજ જાણ્યું કે "તે માહાત્માએ પ્રાસાદના શિખર ઉપર ચડીને હર્ષથી નાચ કર્યો તે વખતે કોઇ મિથ્યાદૃષ્ટિ દેવીઓનો દૃષ્ટિદોષ લાગવાથી આ થયું છે." એમ જાણીને સંધ્યાકાળે યશશ્ચંદ્ર નામના ઉપાધ્યાયને સાથે

લઈને ગુરૂ આકાશ ગતિથી અતિ અલ્પકાળમાંજ ભરૂચની પરિસર ભૂમિએ આવી પહોંચ્યા. ત્યાં સિંધુદેવીના અનુનય માટે ગુરૂએ કાર્યોત્સર્ગ કર્યો. તે દેવીએ જીહ્વા બંધ કરીને ગુરૂની અવગણના કરી, ત્યારે યશશ્ચંદ્ર ગણિએ ખારણીયામાં શાળ નાંખીને તેના મુશલના પ્રહાર કરવાનું શરૂ કર્યું. તેના પ્રથમ પ્રહારથીજ દેવીના પ્રાસાદનો પ્રકંપ થયો, બીજા પહોરે દેવીની મૂર્તિજ તેના સ્થાનથી ઉઠીને "વજ્રપ્રહારથી મારી રક્ષા કરો, રક્ષા કરો" એમ બોલતી પ્રભુના ચરણમાં આવીને પડી. આ પ્રમાણે નિરવદ્ય વિદ્યાના બળથી મિથ્યાદષ્ટિ વ્યંતર દેવીઓના દોષનો નિગ્રહ કરીને શ્રી આમ્રભટ મંત્રીને ઉદમાલ સ્નાનવડે સજ્જ કરીને ગુરૂ સ્વસ્થાને ગયા.

તીર્થયાત્રાથી દુર્ગતિનો નાશ.

तैरात्मा सुपवित्रितो निजकुलं तैर्निर्मलं निर्मितं
तैः संसारमहांधकूपपततां हस्तावलम्बो ददे ।
लब्धं जन्मफलं कृतं च कुगतिद्वारैकसंरोधनं
ये शत्रुंजयमुख्यतीर्थनिवहे यात्रासु क्लृप्तोद्यमाः ॥ ५॥

જે મનુષ્યોયે શત્રુંજય વગેરે મુખ્ય તીર્થયાત્રામાં વખાણવા યોગ્ય ઉદ્યમ કરેલો છે, તેઓએજ પોતાનો આત્મા પવિત્ર કરેલો છે, પોતાના કુળને નિર્મળ બનાવ્યું, તેમણેજ સંસારરૂપ મહાન્ અંધારા કુવામાં પડતાં પ્રાણીઓને હસ્તાવલમ્બ આપ્યો (ઉગાર્યા;) જન્મનું ફળ પણ તેઓએજ મેળવ્યું અને દુર્ગતિનાં બારણાનું ઢાંકણું પણ તેમણેજ કર્યું. અર્થાત્ દુર્ગતિ બંધ કરી છે. ૩

તીર્થયાત્રાનો પ્રભાવ.

तैश्चन्द्रे लिखितं स्वनाम विशदं धात्री पवित्रीकृता
ते वन्द्याः कृतिनः सतां सुकृतिनो वंशस्य ते भूषणं ।
ते जीवन्ति जयन्ति भूरिविभवास्ते श्रेयसां मन्दिरं
सर्वांगैरपि कुर्वते विधिपरा ये तीर्थयात्रामिमां ॥ ६ ॥

જેઓ સર્વ અંગો (કુટુમ્બ પરિવાર) સહિત વિધિ પરાયણ રહી તીર્થયાત્રા કરે છે, તેઓએજ ચન્દ્રમંડળમાં ચોખ્ખું પોતાનું નામ લખ્યું છે. તેઓએજ પોતાની માતાને અને ભૂમિને પવિત્ર કરી છે. સત્પુરૂષોને પણ તે કૃતાર્થ પુરૂષો વંદનીય છે, વંશનું ભૂષણ પણ તે સુકૃતિઓજ છે, મોટા વૈભવવાળા તેઓજ જીવે છે અને જય પામે છે અને સમસ્ત કલ્યાણોનું નિવાસસ્થાન પણ તેજ છે. ૪

આ પ્રમાણે તિર્થયાત્રા અને તેની સેવા કરવાની ફરજ તથા ફળ દર્શાવતાં આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सङ्घभक्ति–अधिकार.

नमो तित्थस्स એ પવિત્ર શબ્દનું ઉચ્ચારણ પરમાત્મા શ્રી તીર્થંકર પ્રભુના શ્રીમુખે સંઘના વિશેષણ રૂપે થયું હતું એ સ્પષ્ટ બતાવે છે કે જેટલા અંશે તીર્થ એ પવિત્ર અને પૂજ્ય સ્થાન છે તે પ્રમાણે શ્રી સંઘ (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) નો એકંદર સમૂહ એ પણ તીર્થના જેટલાંજ ગૌરવવાળાં છે. મતલબ કે હાલ આપણે જેને તીર્થ તરીકે પીછાણીએ છીએ તે સ્થાવર તીર્થ છે. જ્યારે શ્રી સંઘએ જંગમ તીર્થ છે.

આવી મહાન્ પાવર (શ્રી સંઘ) ના ગૌરવ માટે જ્યારે ખુદ પરમાત્મા શ્રી તીર્થંકર પ્રભુ આવા ઉચ્ચ ભાવથી જુએ છે તો પછી તેમનામાં પવિત્ર તેજ કેટલું હોવું જોઇએ તે સમજવાની જરૂર છે. દરેક જૈન શ્રી સંઘનું અંગ છે. એટલે પવિત્ર સમૂહનો અંશ પણ પવિત્રજ હોય તે ન્યાયે દરેક જૈન પણ પવિત્રજ હોઇ શકે તે નિર્વિવાદ છે. આવા સ્વ આત્મા તેજના જ્ઞાનને સમજી શ્રી સંઘના પવિત્ર નામને ઉજ્વળ કરી શકાય તેટલા માટે શ્રી સંઘના શુદ્ધ સ્વરૂપને ઓળખીને તેવા પવિત્ર ગુણથી અંકિત શ્રી સંઘની ભક્તિ કરવી તે ફરજ છે.

વ્યવહારમાં વસી દ્રવ્ય સંચય કરનારેં માટે પોતાની કમાણીનો અમુક હિસ્સો સદ્‌માર્ગે વાપરવાને જે ફરમાન છે તેમાં પણ મુખ્ય સાત માર્ગ દર્શાવ્યા છે. એ સાત પૈકી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારની સેવા શુશ્રૂષા અને હિત માટે વાપરવાને ફરમાન છે. આ પ્રમાણે સાત ક્ષેત્રમાંથી ચાર ક્ષેત્ર એટલે અર્ધ કરતાં વધારે હિસ્સો જેના માટે વાપરવાનો છે તેના એકંદર સમૂહ (શ્રી સંઘ, ની ભક્તિ કરવી તે મહત્ પુણ્યનું કાર્ય અને મુખ્ય ફરજ છે. તેમ જાણી સંઘભક્તિ માટે દરેક પ્રયત્ન આદરવા શ્રી સંઘની મહત્તા દર્શાવવાને આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

સંઘના ચરણ સ્પર્શની ભાવના.

+अनुष्टुप्.

कदा किल भविष्यन्ति मद्गृहांगणभूमयः ।
श्री संङ्घचरणाम्भोजरजोराजिपवित्रिताः ॥१॥

મારા ઘરના આંગણાની ભૂમિઓ શ્રી સંઘના ચરણ કમલના રજની પંક્તિઓથી પવિત્ર ક્યારે થાશે ૧

+ ૧–૨ સૂક્તિ મુક્તાવલી.

આગમનથી સિદ્ધિ.

માલિની.

रुचिरकनकधाराः प्राङ्गणे तस्य पेतुः प्रवरमणिनिधानं तद्गृहान्तः प्रविष्टम्‌ ।
अमरतरुलतानामुद्गमस्तस्यगेहे भवनमिह सहर्षं यस्य पस्पर्श सङ्घः ॥२॥

જેમના ઘર પ્રત્યે સંઘ આનંદ પૂર્વક જાય છે. (ઘરનો સ્પર્શ કરે છે) તેના આગણામાં સુંદર સુવર્ણની વૃષ્ટિ થાય છે. ઉત્તમ મણિઓનો ભંડાર તેમના ઘરમાં પેસે છે અને તેના ઘર સમીપ કલ્પવૃક્ષની વેલનો ઉદ્ભવ થાય છે. તેમ જાણવું. ૨

સર્વ ગુણનું સ્થાન શ્રી સંઘ.

शार्दूल—(૩-૮)

रत्नानामिह रोहणक्षितिधरः खन्तारकाणामिह
स्वर्गः कल्पमहीरुहामिव सरः पङ्केरुहाणामिव ।
पाथोधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा
वित्यालोच्य विरच्यतां भगवतः सङ्घस्य पूजाविधिः ॥ ३ ॥

જેમ રત્નોનું સ્થાન રોહણાચળ પર્વત છે, તારાઓનું સ્થાન આકાશ છે, કલ્પવૃક્ષનું સ્થાન સ્વર્ગ છે, કમળોનું સ્થાન સરોવર છે, ચંદ્રના તેજ સમાન પાણીનું સ્થાન સમુદ્ર છે, તેમ સર્વ ગુણોનું સ્થાન ચતુર્વિધ (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા,) સંઘ છે એમ જાણીને તે ઉત્તમ પ્રકારના સંઘની પૂજા (યોગ્ય સત્કારથી સેવા) કરવી. ૩ +

સંઘમાં રહેલી પવિત્રતા.

* यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते
यन्तीर्थं कथयन्ति पावनतया येनास्ति नान्यःसमः ।
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभञ्जायते
स्फूर्तिर्यस्य परा वसन्ति च गुणा यस्मिन्स सङ्घोऽर्च्यताम्‌ ॥ ४ ॥

જે સંઘ, સંસારની લાલસાનો ત્યાગ કરનારો છે અને મુક્તિ આપવાને તત્પર છે, પોતાની પવિત્રતાને લીધે પોતે તીર્થસ્વરૂપ છે, જે સંઘની બરોબર બીજો

+ ૩ થી ૬ સિંદૂર પ્રકર.

* આ શ્લોકમાં સાતે વિભક્તિનો સમાવેશ કર્યો છે. (यः) પદ લઈને શરૂ કર્યું છે તે (यस्मिन्‌) પદ બોલી સમાપ્તિ કરી છે એ પણ શ્લોક કર્તાની નિપુણતા છે.

કોઈ પદાર્થ નથી, જેને (સંઘને) તીર્થંકર પણ " नमोतित्थस्स " એમ કહી નમસ્કાર કરે છે, જે સંઘથી સત્પુરૂષોનું પણ કલ્યાણ થાય છે જેનો મહિમા સર્વોત્કૃષ્ટ છે, જે સંઘમાં અખૂટ ગુણો રહેલા છે, તે સંઘની અવશ્ય પૂજા કરવી. ૪

સંઘસેવાથી સ્વર્ગસિદ્ધિ.

लक्ष्मीस्तंस्वयमभ्युपैति रभसा कीर्त्तिस्तमालिङ्गति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते
यस्सङ्घङ्गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥ ५ ॥

જે મુમુક્ષુ પુરૂષ, સર્વ ગુણોનું સ્થાનકરૂપ (સર્વ ગુણથી યુક્ત) સંઘને સેવે છે; તેને લક્ષ્મી પોતાની મેળે વેગથી પ્રાપ્ત થાય છે, કીર્ત્તિ આલિંગન કરે છે, સ્નેહ તેની સેવા કરે છે, બુદ્ધિ તે પુરૂષને મેળવવાને ઉત્કંઠાથી પ્રયત્ન કરે છે, સ્વર્ગની લક્ષ્મી તેને ભેટવાની ઈચ્છા કરે છે, એટલુંજ નહિ પણ મુક્તિ તો તે પુરૂષને વારંવાર જોયા કરે છે. અર્થાત્ સંઘ સેવાથી સર્વસ્વ પ્રાપ્ત થાય છે. ૫

यद्भक्तेः फलमर्हदादिपदवीमुख्यङ्कृषेः सस्यवत्
चक्रित्वं त्रिदशेन्द्रतादितृणवत् प्रासङ्गिकं गीयते ।
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः
सङ्घः सोऽघहरः पुनातु चरणन्यासैस्सतां मन्दिरम् ॥ ६ ॥

સંઘની ભક્તિથી તીર્થંકર પદની પ્રાપ્તિનું ફળ મળે છે તીર્થંકર થયા પહેલાં જે ચક્રવર્તી રાજા કે ઈંદ્ર થાય છે તે પ્રાસંગિક ફળ કહેવાય છે, કારણ કે ખેડુત જેમ ખેડથી ઉત્તમ પ્રકારનો પાક (ડુંડા વિગેરે) મેળવે છે એ મુખ્ય ફળ કહેવાય, ને ઘાસ—ચારો વિગેરે ફળનો જે લાભ પ્રાપ્ત કરે છે તે પ્રાસંગિક ફળ કહેવાય, સંઘની મહત્તાનું વર્ણન કરવામાં બૃહસ્પતિની વાણી પણ સમર્થ નથી. માટે સર્વ પાપને હરનાર તે સંઘ સત્પુરૂષના મંદિરને પોતાના ચરણ સ્થાપવાથી પવિત્ર કરો.

સારાંશ—સંઘ સેવાથી મનુષ્ય ચક્રવર્તી રાજા થાય કે ઈંદ્ર થાય એ આશ્ચર્ય નથી કારણ કે તે મનુષ્ય તો તીર્થંકર પદને લાયક ગણાય છે. વળી સંઘનું માહાત્મ્ય એટલું બધું છે કે બૃહસ્પતિ જેવા સમર્થ વક્તા પણ જેનું વર્ણન કરી શકતા નથી ત્યારે બીજા તો ક્યાંથી વર્ણન કરી શકે ? ૬

સંઘ સેવાનો ફલિતાર્થ.

पूतं धाम निजं कुलं विमलितं जातिः समुद्योतिता
छिन्नं दुर्गतिदाम नाम लिखितं शीतद्युतेर्मण्डले ।

दत्तो दुःखजलाञ्जलिर्निरुपमं न्यासीकृतं स्वःसुखम्
येनेत्थं शिवशर्मकार्मणमणेः सङ्घस्य पूजा कृता ॥७॥

જેણે આવી રીતે કલ્યાણકારી કર્મના મણિરૂપ સંઘની પૂજા કરી તેણે પોતાનું ઘર પવિત્ર કર્યું, કુલ નિર્મળ બનાવ્યું, જાતિ (જ્ઞાતિ) દીપાવી, દુર્ગતિનું દોરડું કાપ્યું શીતદ્યુતિ (શાન્તિજનક મોક્ષમંડળમાં) નામ લખ્યું, દુઃખને હઠાડયું અને નિરૂપમ સ્વર્ગનું સુખ સંપાદન કર્યું. ૭ *

સંઘ આગમનથી સર્વ સંપત્તિની પ્રાપ્તિ.

कल्पोर्वीरुहसन्ततिस्तदजिरे चिन्तामणिस्तत्करे
श्लाघ्या कामदुघानघा च सुरभी तस्यावतीर्णा गृहे ।
त्रैलोक्याधिपतित्वसाधनसहाश्रीस्तन्मुखं वीक्षते
सङ्घो यस्य गृहाङ्गणं गुणयुतः पादैः समाक्रामति ॥८॥

જેના ઘર આંગણે ગુણ યુક્ત સંઘ પગથી ચાલીને ઘરનું આંગણું શોભાવે છે. (આવે છે.) તેના ઘરમાં કલ્પવૃક્ષની વેલનો સમૂહ (મંડપ) છવાયો. તેના હાથમાં ચિન્તામણિ આવ્યો. તેના ઘરમાં નિર્મળ વખાણવા યોગ્ય કામદુધા (ઇચ્છા પરિપૂર્ણ કરનારી) ગાય ઉતરી. ત્રૈલોકના આધિપત્યની સત્તાવાનના સમાન લક્ષ્મી તેનું મુખે દેખે છે. અર્થાત્ જેને ત્યાં સંઘ પધારે તેનાં અહોભાગ્ય સમજવા અને તેને ત્યાં સર્વ સંપત્તિઓયે વાસ કર્યો તેમ સમજવું. ૮

સંઘપતિ પદની દુર્લભતા.

શાર્દૂલ (૨ થી ૪)

संसारेऽधिगता नरामरभवाः प्राप्ताः श्रियोऽनेकशः
कीर्तिस्फूर्तिमदर्जितं च शतशः साम्राज्यमप्यूर्जितं ।
स्वाराज्यं बहुधा सुधाशनचयाराध्यं समासादितं
लेभे पुण्यमयं कदापि न पुनः संघाधिपत्यं परम् ॥ ९ ॥

સંસારમાં આવેલા પુરૂષોએ અનેક વખત મનુષ્ય અને દેવતાઓને લાયક સમૃદ્ધિઓ પણ મેળવી હશે. સેંકડોવાર કીર્તિથી ઝળહળતું (પ્રકાશતું) બળથી યુક્ત સામ્રાજ્ય પદ પણ મેળવ્યું હશે. ઘણો વખત દેવતાએ ને આરાધના કરવા લાયક ઇન્દ્રપદ પણ મેળવ્યું હશે પરંતુ કોઇ વખતે પણ સર્વોત્કૃષ્ટ-પુણ્યમય સંઘનું આધિપત્ય ફરીને નહિં મેળવ્યું હોય. અર્થાત્ સંઘેશ પદવી વારંવાર મળતી નથી. ૯

* ૭-૮ સૂક્ત મુક્તાવળી.

સંઘપતિના લક્ષણ.

स्रग्धरा.

भक्तो मातापितॄणां स्वजनपरजनानंददायी प्रशान्तः
श्रद्धालुः शुद्धबुद्धिर्गतमदकलहः शीलवान् दानवर्षी ।
अक्षोभ्यः सिद्धगामी परगुणविभवोत्कर्षहृष्टः कृपालुः
संघैश्वर्याधिकारी भवति किल नरो दैवतं मूर्त्तमेव ॥ १० ॥

માતાપિતાનો ભક્ત, પોતાના સંબંધીઓ તથા બીજાઓને આનંદ આપનાર અતિશય શાન્ત શ્રદ્ધાવાન, નિર્મલ બુદ્ધિયુક્ત, ક્લેશ તથા અભિમાનથી રહિત, સારાં આચરણવાળો, તથા શીયલયુક્ત, દાન આપનાર, કોઇ પણ પ્રકારે ક્ષોભ (મોહ) ન પામનાર, સિદ્ધોના માર્ગોને અનુસરી વર્તન કરનાર (સિદ્ધ માર્ગે જનાર) બીજાના ગુણ અને વૈભવોની વૃદ્ધિમાં આનન્દ માનનાર, (ખુશી રહેનાર) દયાળુ એવો જે પુરૂષ હોય તેજ સંઘના ઇશ્વરપણાનો (સંઘેશ પદવીનો) અધિકારી થાય અને તેને મૂર્તિમાન દેવજ સમજવો. ૧૦

સંઘભક્તિથી મોક્ષપ્રાપ્તિનું દષ્ટાંત.

* અયોધ્યા નગરીમાં ભરત ચક્રવર્તી ન્યાય રીતે રાજ્ય કરે છે. એકદા શ્રી આદિનાથને કેવલ જ્ઞાન ઉપને થકે ચોરાશી ગણધર સહિત વિહાર કરતા અયોધ્યાના ઉદ્યાનમાં સમોસર્યા. ઉદ્યાનપાલકે વધામણિ દીધી. તેને સાડીબાર ક્રોડનું દાન દીધું. પછી ભરત રાજાએ વિચાર્યું જે આજ ઋષભદેવ પધાર્યા છે, તેને સપરિકર ભોજન કરાવું? એમ ચિંતવી ઘણાં ગાડાં પકવાન્નાદિકે ભરી સમોસરણે આવી ભગવાનને વાંદીને વિનતિ કરી કે મહારાજ! આજ સર્વ સાધુઓ સહિત આપ મહારૂં ભોજન સ્વીકારો. તે વારે ભગવાન બોલ્યા કે હે ભરત! સાધુને રાજ્યપિંડ અગ્રાહ્ય છે. વળી આધાકર્મી–સાહામો આણ્યો તે આહાર પણ અગ્રાહ્ય છે. એવી વાણી સાંભળી ભરત પશ્ચાતાપ કરવા લાગ્યો. ત્યારે ભગવાન બોલ્યા કે હે રાજેન્દ્ર? તું અસંતોષ કર નહીં. પહેલું પાત્ર વીતરાગ, બીજું પાત્ર સાધુ, ત્રીજું પાત્ર અણુવ્રતધારી અને ચોથું પાત્ર દર્શનધર, માટે તું અણુવ્રત ધારી શ્રાવકની ભક્તિ કર, જે થકી સંસાર રૂપ સમુદ્ર ચુલુક સમાન થાય. એવું સાંભળી ભરત રાજા હર્ષ પામ્યો થકો સ્વસ્થાનકે આવ્યે. શ્રાવક માત્રને જમવા માટે નોતરાં દીધાં નિરંતર સર્વ લોક જમવા આવે.

* સિંદૂર પ્રકરની ટીકા.

કેમકે તે વખતે લોક સર્વ ઋજુ (સરળ) હતા. માટે હર હમેશ આવવા લાગ્યા, તે વારે રસોઇ કરનારાએ રાજાને વિનવ્યો કે મહારાજ ! પ્રજા સર્વ ઉલટી પડી છે, કોને જમાડીએ અને કોને ન જમાડીએ ? તેથી રાજાએ પરીક્ષા કરી શુદ્ધ શ્રાવકને જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ ત્રણ રેખા કાંકણી રત્નથી કીધી. એમ કરી પોતાનો અવતાર સફલ કરવા લાગ્યો. તથા શ્રી શત્રુંજયનો પ્રથમ ઉદ્ધાર કર્યો, સંઘવીની પદવી પામ્યો. અષ્ટાપદ પર્વત ઉપર ઋષભદેવ-પ્રમુખ આગામીકાલે થનારા ચોવીશ તીર્થંકરના પ્રાસાદ કરી માનોપેત પ્રતિમા ભરાવી. એ રીતે શ્રી સંઘની ભક્તિ કરી અનુક્રમે આરીસાભવનમાં રૂપ જોતાં અનિત્ય ભાવના ઉત્પન્ન થવાથી મનમાં વૈરાગ્ય વૃદ્ધિ કરતાં આ સંસારમાં સાર તે એક ધર્મ જ છે. એમ કહેતાં કહેતાં કેવલ જ્ઞાન પામ્યા. તેનો દેવતાઓએ મહોત્સવ કર્યો. ચોરાશી લાખપૂર્વનું આયુષ્ય ભોગવી મોક્ષે ગયા. તેમનો પુત્ર શ્રી સૂર્યયશા થયો તેણે પણ ભરતેશ્વરની પેઠે જ શ્રી સંઘની ભકિત કરી. ઉર્વશી પ્રમુખ દેવાંગનાઓએ પરીક્ષા કીધી પણ ચલાયમાન થયો નહી. તેમને પણ આરીસામાં રૂપ જોતાં કેવલ જ્ઞાન ઉપજ્યું અને મોક્ષે ગયો. તેમનો પુત્ર મહાશય, તેમનો પુત્ર અતિબલ તેમનો પુત્ર બલભદ્ર, તેમનો પુત્ર બલવીર્ય, તેમનો પુત્ર કુતવીર્ય. તેમનો પુત્ર જલવીર્ય, તેમનો પુત્ર આઠમે પાટે દંડવીર્ય. એ સર્વ ત્રણ ખંડના ભોકતા થયા. ચતુર્વિધ શ્રી સંઘની ભકિતના કરનાર થયાં. અહીં ભરતની પાછળ છ કોડી પૂર્વ વર્ષ ગયાં, તે વખતે સૌધર્મેંદ્રે અવધિજ્ઞાનને પ્રમાણે સ્તવના કરી પોતે અયોધ્યા માંહે આવી જ્ઞાનાદિક ગુણ જણાવવા માટે યજ્ઞોપવીત ધારી બાર વ્રતનાં બાર તિલક કર્યાં. ને અવસરે દંડવીર્ય રાજાએ ઇંદ્રને શ્રાવકરૂપે દીઠો. તે દેખીને હર્ષવંત થયો. પછી જમવાની નિમંત્રણા કીધી, રસોઇયાને કહ્યું કે સાધર્મિકને રૂડી રીતે ભોજન કરાવો. ઇંદ્ર પણ શ્રાવકરૂપ ધરતો ઘરમાંહે આવ્યો પચ્ચકખાણ પારી શ્રાવકોની પંકિતમાં જમવા બેઠો. એક ક્રોડ શ્રાવકને અર્થે જેટલું અન્ન નિપજાવ્યું હતું તેટલું તે એકલો જમ્યો. વલી રસોયાને કહ્યું. કે હું ભુખ્યો છું માટે અન્ન આપ, રસોયાએ રાજાની આગળ સર્વ વાત કહી. રાજા ત્યાં આવ્યો, તેનેશ્રાવકરૂપધારક ઇંદ્રે કહ્યું કે રસોઇ કરનાર સર્વને ભૂખ્યા રાખે છે. રાજાએ વલી સો મુડા અન્ન રંધાવી પીરસ્યું, તે તત્કાલ જમીને વલી કહેવા લાગ્યો કે મહારી ભૂખ ગઈ નથી. એ રીતે રાજાનું અપમાન કરવા લાગ્યો કે હું તૃપ્ત થતો નથી. તે વખતે રાજાએ મનમાં ખેદ કર્યો કે મારાથી સંઘની પૂર્ણ ભકિત થતી નથી માટે મને ધિક્કાર છે. સેવક બોલ્યા મહારાજ ! એ કોઇ દેવ સ્વરૂપી છે તે વખતે રાજાએ ધૂપાદિકે સંતોષી નમસ્કાર કરી પૂછ્યું કે હે સ્વામી ! પ્રસન્ન થાઓ, સાધર્મીની ભક્તિ મહારાથી કેમ થઈ શકે ? એવું સાંભળી ઇંદ્રે પોતાનું પ્રગટ રૂપ કીધું. દંડવીર્યની

પ્રશંસા કરવા લાગ્યો ને કહ્યું કે હે દંડવીર્ય ! સુગંધિ દેવનો વંશ ઉજાળ્યો, ધન્ય છે તુને જે તું આવીરીતે સાધર્મીની ભક્તિ કરે છે. ઉક્તંચ ।

> ते पुत्रा ये पितुर्भक्ताः स पिता यस्तु पोषकः ।
> तन्मित्रं यत्र विश्वासः सा भार्या यत्र निर्वृतिः ॥

પિતાની ભક્તિ કરનારાઓ પુત્રો ગણાય છે, અને પોષણ કરનાર પિતા ગણાય છે, જે વિશ્વાસુ હોય તે મિત્ર ગણાય છે, ને જેનાથી શાંતિ થાય છે તે સ્ત્રી કહેવાય છે.

ઇત્યાદિ સ્તવના કરી ઇંદ્ર દેવલોકે ગયો. દંડવીર્ય પણ સંઘભક્તિ કરી જન્મ સફલ કરી મોક્ષે પહોંચ્યો.

આ પ્રમાણે સંઘના ગુણ સમજાવવા સાથે સંઘપતિના લક્ષણ અને સંઘસેવાના ફળ સમજાવવા પછી સંઘની સેવાના માર્ગો માટે વિચાર કરશું તો સ્વામીવાત્સલ્ય, તીર્થયાત્રાના અપાતા લાભો અને સર્વના સામાન્ય હિત માટેના કાર્ય તરફ પવિત્ર ભાવથી કાળજી રાખવો તે સંઘભક્તિના લક્ષણો છે. એ દર્શાવતાં આ સંઘભક્તિ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सुश्रावक—अधिकार.

જીનાજ્ઞા આશ્રિત શ્રાવક શ્રાવિકા કે જે શ્રી સંઘનું અંગ છે. તેમનામાં તે શબ્દની લાક્ષણિકતા પ્રમાણે અનેક શુભ આચરણ સ્થિત હોય છે. તીર્થયાત્રા ઉપર પ્રીતિ, સંઘ ભક્તિ વગેરે જેમ શ્રાવકના મુખ્ય કર્તવ્યો આપણે પૂર્વે જોઇ ગયા તેમ શ્રાવક તરીકે સામાન્ય કર્મ અને ફરજો અનેક છે, કે જે સમજાવવા માટે " શ્રાદ્ધ વિધિ " વગેરે મહાનગ્રંથો પૂર્વ પુરૂષોએ ગુંથેલા છે. આ સર્વ કર્તવ્યના સાર રૂપ સદ્ગુણની કેટલીક અગત્યની ફરજો સમજાવવા આ સુશ્રાવક અધિકારનો આરંભ કરવામાં આવે છે.

શ્રાવકને કયું કાર્ય તાજ્ય છે ?

अनुष्टुप्.

> अयशः प्राप्यते येन येन चाधो गतिर्भवेत् ।
> स्वार्थाच्च भ्रश्यते येन न तत्कर्म समाचरेत् ॥ १ ॥

૧ થી ૧૫ સૂક્ત મુક્તાવલી

સુશ્રાવકોયે જેનાથી અપયશ મેળવાય, જેથી અધોગતિ થાય અને જેથી સ્વાર્થ ભ્રષ્ટ થવાય તેવું કર્મ આચરવું નહિ. ૧

દેશ વિરતિ ચારિત્રની જરૂર.

जिनशासनावतंसाः शङ्खाद्याः श्रावकाः पुरा जाताः ।
अधिगम्य देशविरतिं सन्तु भवन्तोऽपि तादृशाः ॥ २ ॥

શ્રી જીનશાસનના ભૂષણ રૂપ શંખ વગેરે શ્રાવકો પૂર્વે દેશવિરતિ ચારિત્ર મેળવીને શ્રી જિનશાસનના આભૂષણ રૂપ થયા છે માટે તમે પણ તેવા થાઓ. ૨

શ્રાવકના મુખ્ય કર્તવ્ય.

जिणपूआ मुणिदाणं इत्ति अमित्तं गिहीण सच्चरिअं ।
जइ एयाओ भट्ठो तो भट्ठो सयलसुक्खाणम् ॥ ३ ॥

જિનેશ્વર ભગવાનની પૂજા કરવી, મુનિઓને દાન દેવું એ ગૃહસ્થ શ્રાવકનું સચ્ચરિત્ર છે. જો તે (પૂજનાદિકથી) ભ્રષ્ટ થાય તો તે સર્વ સુખથી ભ્રષ્ટ થાય છે.૩

સંસારીના સાત સુખ.

इन्द्रवज्रा.

स्थाने निवासः सुकुलं कलत्रं पुत्रः पवित्रः स्वजनानुरागः ।
न्यायाप्तवित्तं स्वहितं च चित्तं निर्दम्भधर्मश्च सुखानि सप्त ॥४॥

સ્થાનમાં નિવાસ, કુળવાન સ્ત્રી, પવિત્ર પુત્ર, પોતાના કુટુમ્બી જનમાં પ્રીતિ, ન્યાયથી ઉપાર્જીત કરેલું દ્રવ્ય, પોતાનું હિતચાહનારૂં મન અને દંભ વગરનો ધર્મ આ સાત માનવ સુખો છે અને શ્રાવકોને તે સહજ છે કારણ કે ધર્મ રૂપિ વૃક્ષના તે અંકુરા છે. ૪

શ્રાવકોનું નિવાસ સ્થાન.

स्वागता.

तत्र धाम्नि वसेद्गृहमेधी सम्पतंति खलु यत्र मुनीन्द्राः ।
यत्र चैत्यगृहमस्ति जिनानां श्रावकाः परिवसन्ति च यत्र ॥५॥

ગૃહસ્થ શ્રમી શ્રાવકોએ જે સ્થાનમાં મુનીન્દ્રો પધારતા હોય, જ્યાં શ્રી જૈન ધર્મના પાસે મન્દિરો હોય અને જે જગ્યાનાં શ્રાવકો નિવાસ કરતા હોય તેવા સ્થાનમાં વાસ કરવો. ૫

ઉત્તમ શ્રાવકની ઓળખાણ.

श्रद्धालुतां श्राति जिनेन्द्रशासने धनानि क्षेत्रेषु वपत्यनारतं ।
करोति पुण्यानि सुसाधुसेवनं ततश्च तं श्रावकमाहुरुत्तमम् ॥६॥

જેઓ શ્રી જીનેન્દ્ર શાસ્ત્રોમાં શ્રદ્ધા ભાવ રાખે છે ક્ષેત્રોમાં (સુપાત્રોમાં) ખુશીથી ધન વાવે છે. (દાન આપે છે) સારી રીતે શુભ માર્ગમાં પુણ્ય કરે છે અને સુસાધુઓની ભકિત કરે છે તેને ઉત્તમ શ્રાવક કહે છે. ૬

શ્રાવકોનું આવશ્યક કર્તવ્ય.

कर्त्तव्यं जिनवन्दनं विधिपरैर्हर्षोल्लसन्मानसैः
सच्चारित्रविभूषिताः प्रतिदिनं सेव्याः सदा साधवः ।
श्रोतव्यं च दिनेदिने जिनवचो मिथ्यात्वनिर्नाशनं
दानादौ व्रतपालने च सततं कार्या रतिः श्रावकैः ॥७॥

હર્ષથી ઉલ્લસિતમને વિધિ પરાયણ શ્રાવકોએ શ્રી તીર્થંકરોને વંદના કરવી, નિત્ય પ્રતિ સુચરિત્રોથી વિભૂષિત સાધુઓની સેવા કરવી, હમેશાં મિથ્યાત્વનો નાશ કરનાર શ્રી જીનેન્દ્ર વાક્ય (સિદ્ધાન્ત) નું શ્રવણ કરવું અને નિરંતર દાન વગેરેમાં તથા વ્રતોનું પાલન કરવામાં (વ્રતો કરવામાં) પ્રીતિ કરવી. ૭

ચિત્ત શુદ્ધિના અવલંબન.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वन्दस्व गोविन्दव-
द्दानं शीलतपः प्रसङ्गसुभगां चान्यस्य सद्भावनाम् ।
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥८॥

શ્રેણિક રાજાની પેઠે દેવ (તીર્થંકર) ની પૂજા કરો. શ્રીકૃષ્ણ મહારાજની માફક ગુરૂનું વન્દન કરો. શ્રેયાંસની પેઠે દાનમાં અને સુદર્શન પેઠે શીલમાં તેમજ મહાવીર પ્રભુની જેમ તપમાં તથા ભરત રાજાની જેમ સદ્ભાવનામાં ચિરકાલ ચિત્તનું સ્થાપન કરો. અને ધર્મ કર્મમાં કામદેવ શ્રાવકની બરોબર ચિત્ત રોકો. ૮

પુણ્યશાળી શ્રાવકોનાં લક્ષણો.

सर्वज्ञो हृदि वाचि तद्गुणगणः कायेन देशव्रतं
धर्मे तत्परता परःपरिणतो बोधो बुधश्लाघ्यता ।

प्रीतिः साधुषु बन्धुता बुधजने जैने रतिः शासने
यस्यैवं भवभेदको गुणगणः सः श्रावकः पुण्यभाक् ॥९॥

હૃદયમાં સર્વ જાણનાર પ્રભુનો વાસ, વાણીમાં તે સર્વજ્ઞ પ્રભુના ગુણગણોનું ચિંતવન, શરીરથી દેશ વ્રતીપણું, ધર્મમાં તત્પરતા પરાયણ વૃત્તિ, નમવા યોગ્ય (વખાણવા લાયક) એધનું શ્રવણ, ડહ્યા માણસોમાં વખાણવા પણું, સત્પુરૂષોમાં પ્રીતિ, વિદ્વાનોમાં મિત્રતા, શ્રી જૈન શાસનમાં પ્રીતિ. આવી રીતના સંસારછેદક જેના ગુણગણો હોય તે શ્રાવક પુણ્યનો ભોક્તા જાણવો. ૯

ઉત્તમ શ્રાવકનો ધર્મ.

त्रैकाल्यं जिनपूजनं प्रतिदिनं संघस्य सन्मानन
स्वाध्यायो गुरुसेवनं च विधिना दानं तथावश्यकम् ।
शक्त्या च व्रतपालनं वरतपो ज्ञानस्य पाठस्तथा
सैष श्रावकपुङ्गवस्य कथितो धर्मो जिनेन्द्रागमे ॥१०॥

ત્રિકાલ. (પ્રાતઃ મધ્યાન્હ સાયં=સવાર. બપોર. સાંજ) શ્રી જીનેન્દ્ર ભગવાનનું નિત્ય પૂજન, સંઘનું સન્માન. શાસ્ત્રાભ્યાસ, ગુરૂનું સેવન, વિધિ પ્રમાણે દાન તથા આવશ્યક (પ્રતિક્રમણ) શકિત મુજબ વ્રતપાલન, ઉત્તમ તપ, તેમજ જ્ઞાનનો પાઠ વગેરેનું આચરવું તે આ શ્રી તીર્થંકર પ્રણીત શાસ્ત્રમાં ઉત્તમ શ્રાવકનો ધર્મ કહેલો છે. ૧૦

કર્તવ્ય નિષ્ઠ શ્રાવક.

हस्ते दानविधिर्मनो जिनमते वाचः सदा सूनृते
प्राणाः सर्वजनोपकारकरणे वित्तानि चैत्योत्सवे ।
येनैवं विनियोजितानि शतशो विश्वत्रयीमण्डनं
धन्यः कोऽपि स विष्टपैकतिलकं काले कलौ श्रावकः ॥११॥

હાથ દાન કાર્યમાં, મન શ્રી જૈન મતમાં, વાણી હમેશાં સત્યમાં, પ્રાણો સમસ્ત પ્રાણીઓના ઉપકાર કરવામાં અને દ્રવ્ય શ્રી જૈન મન્દિરોના ઉત્સવમાં જેમણે એમ સેંકડો વખત રોકેલા છે, તે ત્રણ લોકના મંડન, ભુવનમાં તિલકરૂપ, કલિકાલમાં ધન્ય શ્રાવક જાણવો. ૧૧

મોક્ષાભિલાષી શ્રાવકનો ધર્મ.

कर्तव्या देवपूजा शुभगुरुवचनं नित्यमाकर्णनीयं
दानं देयं सुपात्रे प्रतिदिनममलं पालनीयं च शीलम् ।

तप्यं शुद्धं स्वशक्त्या तप इह महती भावना भावनीया
श्राद्धानामेष धर्मो जिनपतिगदितः पूतनिर्वाणमार्गः ॥१२॥

નિત્ય દેવપૂજા કરવી, શુભકારી ગુરૂવાક્યોનું શ્રવણ કરવું, સુપાત્રને પ્રતિદિન દાન આપવું, નિર્મલ શીલનું પાલન કરવું, પોતાની શક્તિ પ્રમાણે શુદ્ધ તપનું આચરણ કરવું, અને આ સંસારમાં મોટી શુભ ભાવનાઓ ભાવવી (ઉત્તમ વિચારો કરવા.) આ પવિત્ર મોક્ષના માર્ગરૂપ શ્રદ્ધાળુ શ્રાવકોનો ધર્મ શ્રી જીનેન્દ્રભગવાને કહેલો છે. ૧૨

પુણ્યાનુબંધી શ્રાવકના ગુણ લક્ષણ.

सर्वज्ञार्चानुरक्तिर्विपुलतरधिया तीर्थयात्रानुषक्तिः
पापादाने विरक्तिर्मुनिवरचरणाराधनेऽगाधभक्तिः ।
दानासक्तिः समग्राग्रहविरतिरतिर्धर्मकर्मप्रसक्तिः
केषांचित् पुण्ययोगाद्भवति यदिपरं प्राणिनां प्राप्तिरेषा ॥१३॥

શ્રી સર્વજ્ઞભગવાનની પૂજામાં પ્રીતિ, અત્યંત ઉદાર બુદ્ધિથી તીર્થયાત્રામાં શ્રદ્ધા, પાપના કર્મોમાં વૈરાગ્ય, મુનિઓના ચરણ સેવનમાં અગાધ ભક્તિ, દાનમાં આસક્તિ સમગ્ર મિથ્યા આગ્રહોની શાન્તિમાં પ્રીતિ, ધર્મ કર્મમાં આસક્તિ વગેરે પ્રાણીઓને જો પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તો પ્રાપ્ત થાય છે ૧૩

શ્રાવકોના ૨૧ ગુણો.

अक्षुद्रो रूपसौम्यो विनयगुणयुतः क्रूरताशाठ्यमुक्तो
मध्यस्थो दीर्घदर्शी परहितनिरतो लब्धलक्षः कृतज्ञः ।
सदाक्षिण्योऽघभीरुः सदयगुणरुचिः सत्कथः पक्षयुक्तो
वृद्धार्हो लज्जयालुः शुभजनदयितो धर्मरत्नस्य योग्यः ॥१४॥

૧ અક્ષુદ્રતાવાન્ ૨ રૂપવાન્ ૩ પ્રકૃતિસૌમ્ય ૪ વિનયવાન્ ૫ ન્યાયી (લોકપ્રિય, ૬ અક્રૂર. ૭ શઠતારહિત. ૮ મધ્યસ્થ (તટસ્થ) ૯ દીર્ઘદર્શી ૧૦ પરહિતમાં તત્પર. ૧૧ લબ્ધલક્ષ. ૧૨ કૃતજ્ઞ. ૧૩ સુદાક્ષિણ્યવાન્. ૧૪ પાપભીરૂ, ૧૫ દયાળું. ૧૬ ગુણરાગી ૧૭ સત્કથાયુક્ત. ૧૮ સુપક્ષવાન્. ૧૯ વૃદ્ધગામી. ૨૦ લજ્જાળુ, (શરમાળ) ૨૧ પરહિત ચાહનાર આવા ૨૧ ગુણોથી યુક્ત શ્રાવક ધર્મ રત્નને લાયક છે. ૧૪

ગુરૂભક્તિ.

चिंतइ जइकज्जाइं नदिट्ठखलिओवि होइ निन्नेहो ।
एगंतवच्छलो जइजणस्स, जणणीसमो सड्ढो ॥ १५ ॥ *

જે યતિના કામની સંભાળ લ્યે, ભૂલ દેખે તોપણ પ્રીતિ ન મૂકે અને સાધુજનોનો એકાંત ભક્ત હોય તે માતા સમાન શ્રાવક જાણો. ૧૫

મુનિ પ્રેમ.

हियए ससिणेहोविय मुणीण मंदायरो विणयकम्मे ।
भाइसमो साहूणं पराभवे होइ सुसहाओ ॥ १६ ॥

જે હૃદયમાં સ્નેહવાન્ છતાં મુનિઓના વિનય કર્મમાં ઓછા આદરવાળો હોય તે ભાઈ સમાન જાણવો, તે મુનિને પરાભવ થતાં વરત સહાયકારી થાય છે. ૧૬

સાધુમૈત્રી.

मित्तसमाणो माणा ईसिं रूसइ अपुच्छिओ कज्जे ।
मनंतो अप्पाणं मुणीण सयणाउ अब्भहियं ॥ १७ ॥

જે માન ગુણી હોઇ કાર્યમાં નહિ પૂછાતાં જરા રીસ ધરે અને પોતાના મુનિઓને ખરેખરો સગો કરી ગણે તે મિત્ર સમાન જાણવો. ૧૭

ગુરૂ શ્રદ્ધા.

गुरुभणियो सुत्थो विंविज्जइ अवितहो मणे जस्स ।
सो आदस्ससमाणो सुसावओ वन्निओ समए ॥ १८ ॥

ગુરૂનો કહેલ સૂત્રાર્થ જેના મનમાં ખરેખરો પેસી જાય તે આરીસા સમાન સુશ્રાવક શાસ્ત્રમાં કહેલ છે. ૧૮

સાધુ ભાવના.

पडिवन्नमसग्गाहं नमुयइ गीयत्थसमणुसिट्ठो वि ।
थाणुसमाणो एसो अपओसो मुणि जणे नवरं ॥ १९॥

જે ગીતાર્થે સમજાવ્યા છતાં પણ લીધેલા હઠને નહિ છોડે તે થાણુ સમાન જાણવો, તે મુનિજનપર અદ્વેષી હોય છે. ૧૯

---

* ૧૫ થી ૧૮ ધર્મરત્ન પ્રકરણ ભાગ પહેલો.

આ પ્રમાણે ટુંકમાં શ્રાવક કર્તવ્ય અને ગુરૂભાવનાનો ભેદ બતાવી આ સુશ્રાવક અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

सुशास्त्र-अधिकार.

શાસ્ત્ર (પરમાત્માના વચન) ઉપર પ્રેમ તથા તેમાંની એકેક આજ્ઞા અને વચનો ઉપર સંપૂર્ણ શ્રધા એ પણ શ્રાવકનું કર્તવ્ય છે, પરંતુ તેવી ભાવના શ્રાવક તેમજ સાધુવર્ગમાં એક સરખી ઉત્કૃષ્ટ લાગણીવાળી હોવી જોઈએ તેથી આ અધિકારને જુદો પાડી શાસ્ત્રના લક્ષણ અને તેમાં સદ્ભાવની આવશ્યકતા સમજાવવા આ સુશાસ્ત્ર અધિકારનો આરંભ કરવામાં આવે છે.

શાસ્ત્રાધ્યયન.

चर्मचक्षुर्भृतः सर्वे देवाश्चावधिचक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धाः साधवः शास्त्रचक्षुषः ॥ १ ॥

શબ્દાર્થ—સર્વ પ્રાણી ચર્મચક્ષુએ દેખનાર છે, દેવો અવધિ ચક્ષુવાળા છે, સિદ્ધો કેવળદર્શન ચક્ષુવાળા છે, અને સાધુઓ શાસ્ત્રચક્ષુવાળા છે. ૧

વિવેચન—ચર્મ એટલે ત્વચા, તે ત્વચામય નેત્રવાળા સૌ ચતુર્ગતિગામી ચર્મચક્ષુવાળા છે. દેવો-ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક-રૂપી વિષયને આત્માથી સાક્ષાત્ જાણવા તે અવધિ રૂપી નેત્ર જેને છે એવા દેવ પણ છે. સિદ્ધ-કૃતકૃત્ય-ઉપર નીચે, અને બાજુએ ચારે તરફ કેવલજ્ઞાન દર્શનરૂપ નેત્રયુક્ત છે. સાધુ એટલે મુક્તિ માર્ગને જે સાધે છે તે મુનિઓ, હેયોપાદેય અને ઉત્સર્ગ, અપવાદ, વિભાગે કરીને સ્યાદ્વાદ નીતિથી મોક્ષનો ઉપાય બતાવે છે તેમાટે શાસ્ત્રરૂપી ચક્ષુ તેમને છે. માટે સાધુઓએ સર્વ સાધન શાસ્ત્ર દૃષ્ટિએ સાધવું એમ સિદ્ધ થાય છે. ૧ *

જ્ઞાનીયોનાં શાસ્ત્રચક્ષુ.

पुरःस्थितानिवोर्ध्वाधस्तिर्यग्लोकविवर्तिनः ।
सर्वान् भावानपेक्षन्ते ज्ञानिनः शास्त्रचक्षुषा ॥ २ ॥

* ૧ થી ૧૮ જ્ઞાનસાર.

શબ્દાર્થ—જ્ઞાનીઓ, ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોક વિવર્તી સર્વ ભાવને મુખાગ્રે વર્તમાન હોય તેમ, શાસ્ત્રનેત્રે કરીને જુએ છે. ૨

વિવેચન—શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન જેને થયેલું છે તે પૂર્વોક્ત શાસ્ત્રરૂપ નેત્રે કરીને, ઉર્ધ્વ એટલે દેવલોકાદિરૂપ, અધઃ એટલે નરકાદિરૂપ અને તિર્યગ્ જ્યોતિષ-ચક્ર દ્વીપ સમુદ્રાદિરૂપ જે લોક—સકલ વિશ્વ તેને વિષે ઉદ્વર્તન અપવર્તનરૂપ વિવિધ પરિણામનું પરિણમન જેને છે એવા ભૂત ભવિષ્યરૂપ સર્વ ભાવને પદાર્થોને અને તેના ધર્મને નજરની પાસે જાણે હોય તેમ દેખે છે, માટે શાસ્ત્રચક્ષુ પરમ ઉપકારી છે. ૨

વીતરાગનું વચન તેજ શાસ્ત્ર.

शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य तत्तु नान्यस्य कस्यचित् ॥ ३ ॥

શબ્દાર્થ—શીખવાથી અને રક્ષા કરવાથી પંડિતો શાસ્ત્ર કહે છે. તેવાં શાસ્ત્ર વીતરાગનાં વચન છે. બીજા કોઈનું વચન શાસ્ત્ર થતું નથી. ૩

વિવેચન—નિકૃષ્ટને હિતકારી સદ્ધર્મમાં અને યથાર્થ વસ્તુ સ્વરૂપના જ્ઞાનાદિ સાધનમાં જે પ્રવર્તે છે તે શાસન કહેવાય છે કે જે જીવોને ધર્મશિક્ષણ આપી ત્રાણ એટલે દુર્ગતિમાં પડનારાઓની પાપ પ્રવૃત્તિનો નિષેધ કરી રક્ષણ કરે છે, તે કાર્યમાં અનવદ્ય સામર્થ્ય, રાગાદિ ભેદનશક્તિ વગેરે જેના યોગથી થાય તેવા તત્વજ્ઞાનના પંડિતોના વચનને શાસ્ત્ર કહે છે. અને તે શાસ્ત્ર પૂર્વોક્ત લક્ષણથી વીતરાગના વચનરૂપ છે. વીતરાગ એટલે રાગ દ્વેષ, મોહ જેને નથી તે આવા નિરવદ્ય વીતરાગના વચનનું અનુયાયિત્વ જેને નથી એવા કોઇ પ્રાણી માત્રનું વચન પ્રમાણ નથી, કારણકે તેઓ રાગાદિએ સહિત છે અને રાગ-દ્વેષ એ મિથ્યા વચનનું ઉત્પત્તિસ્થાન છે. ૩

શાસ્ત્રસેવાથી સિદ્ધ.

शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्व सिद्धयः ॥ ४ ॥

શબ્દાર્થ—તે કારણથી શાસ્ત્ર પુરસ્કૃત કર્યે સતે, વીતરાગ પુરસ્કૃત થાય છે. અને વીતરાગ પુરસ્કૃતે સતે, નિશ્ચયથી સર્વ સિદ્ધિઓ થાય છે. ૪

વિવેચન—પૂર્વોક્ત કારણથી વીતરાગના વચન રૂપ શાસ્ત્ર પુરસ્કૃત અગ્રેસરી કરવાથી એટલે બહુમાન પૂજાએ કરીને પૂજિત કરવાથી વીતરાગ અગ્રેસરી કરાય છે. અને અર્હંત પરમાત્માની અગ્રેસરી હૃદયને વિષે નિવેશિત કર્યે સતે—જીવને નિશ્ચયે કરીને અશેષ કેવલ જ્ઞાનાદિ સંપતિ પ્રાપ્ત થાય છે. ૪

શાસ્ત્ર જ્યોતિષ સિવાય સ્ખલના.

अदृष्टार्थेऽनुधावन्तः शास्त्रदीपं विना जडाः ।
प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे ॥ ५ ॥

શાસ્ત્રરૂપી પ્રદીપ વિના, અદષ્ટ પદાર્થની પાછળ જનારા જડ પુરૂષો પગલે પગલે સ્ખલના પામતા ઘણો ખેદ પામે છે. ૫

વિવેચન—પૂર્વોક્ત લક્ષણ યુક્ત શાસ્ત્રરૂપી જ્યોતિષ સિવાય જડમતિ યથાર્થ મોક્ષ સ્વરૂપ અને તેના સાધનાદિ વસ્તુના બોધને પામવાથી અજ્ઞાન રૂપી અંધકારને વિષે મગ્ન હીનસત્વ હોઇને મોક્ષના અનુયાયીની સદશ દોડતા, સ્થાને સ્થાને સ્ખલના પામી દુર્ગતિમાં પડવાથી જેની મુક્તિ પ્રયાણની ગતિનો ભંગ થતાં પુનઃ પુનઃ સંતાપ પામે છે.

अज्ञानाहिमहामन्त्रं स्वाच्छंद्यज्वरलङ्घनम् ।
धर्मारामसुधाकुल्यां शास्त्रमाहुर्महर्षयः ॥ ६ ॥

શબ્દાર્થ—મહર્ષિઓ કહે છે કે શાસ્ત્ર છે તે અજ્ઞાન રૂપી સર્પનો મહામંત્ર છે. સ્વેચ્છાચારી તાવને લાંઘણ રૂપ છે, અને ધર્મ રૂપી આરામને વિષે સુધાનું ઝરણ છે. ૬

વિવેચન—જ્ઞાનાદિ ગુણોએ કરીને જે ગરિષ્ઠ છે એવા ઋષિઓ અનુષ્ટેય જ્ઞાપક શાસ્ત્રના કરનારા આચાર્યો, અજ્ઞાનરૂપી સર્પ શુદ્ધ શ્રદ્ધાનો નાશ રૂપ મૂર્છા ઉત્પન્ન કરનાર તેનાથી કરેલ કુવાસનારૂપી વિષવેગને ઉતારવાને માટે પૂર્વોક્ત શાસ્ત્રને મહામંત્ર કહે છે તથા સ્વચ્છંદ એટલે નિજ ઇચ્છાકારી પણું તે રૂપી જે જ્વર તેનો નાશ કરવાને લાંઘણ રૂપ કહે છે. ધર્મ એટલે નિજસ્વભાવ અને મોક્ષના ઉપાયનું સેવવું તે આરામ બગીચો. તેને વિષે અમૃતનું ઝરણ નીકળે છે.

શાસ્ત્રાભ્યાસથી પરમપદપ્રાપ્તિ.

शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदम् ॥ ७ ॥

શબ્દાર્થ—શાસ્ત્રોક્ત આચારના કર્તા, શાસ્ત્રના જાણનાર, શાસ્ત્રના ઉપદેશક, અને શાસ્ત્ર રૂપી એક દૃષ્ટિ છે જેની એવા મહાયોગી, પરમ પદ પ્રાપ્ત કરે છે. ૭

વિવેચન—મુમુક્ષુઓ માટે જે કર્તવ્ય શાસ્ત્રમાં કહ્યું છે તેને શાસ્ત્રાનુસાર કરવાવાળા સ્યાદ્વાદ દેશકપણાદિ લક્ષણો કરીને શાસ્ત્રને જાણે છે. અને શાસ્ત્રના અર્થોનો ભવ્ય પુરૂષોને ઉપદેશ કરે છે અને શાસ્ત્ર એકજ જેની દૃષ્ટિ છે, એવા મહા યોગી—મોક્ષના ઉપાય સેવનાર—સર્વોત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે. ૭

કુત્સિતશાસ્ત્રની પીછાણ.

आप्तोपज्ञमनुल्लङ्घ्यमदृष्टेष्टविरोधकम् ।
तत्त्वोपदेशकृत्सार्वं शास्त्रं कापथघट्टनम् ॥ ८ ॥

આપ્ત (સત્ય વકતા) એવા શ્રી જિનેન્દ્ર ભગવાનનું આદિજ્ઞાન કોઇ પણ શાસ્ત્રથી ઓળંગાય તેમ નથી છતાં પણ જે શાસ્ત્ર મોક્ષસુખના વિરોધ રૂપ છે અને તત્ત્વનો ઉપદેશ કરનાર તરીકે વર્તી રહ્યું છે, તે બધું શાસ્ત્ર કુત્સિત (ખરાબ) માર્ગનો ઉપદેશ (ઘટ્ટના) કરવાવાળું છે એમ જાણવું. ૮

મિથ્યા શાસ્ત્રથી સાવચેતી.

अहो सति जगत्पूज्ये लोकद्वयविशुद्धिदे ।
ज्ञानशास्त्रे सुधीः कः स्वमसच्छास्त्रैर्विडम्बयेत् ॥ ९ ॥

આશ્ચર્ય છે કે—જગત્‌માં પૂજ્ય (પૂજનને યોગ્ય) ઐહિક પારલૌકિક એમ બે લોકની શુદ્ધિનું દાન કરનાર જ્ઞાનશાસ્ત્ર વિદ્યમાન છે તો કયો ઉત્તમ ધ્યાન કરનારો પુરૂષ પોતાના આત્માને મિથ્યા શાસ્ત્રોથી છેતરે ? અર્થાત કોઇ પણ ન છેતરે. ૯

રક્ષણ માટે સાવચેતી.

भग्नपृष्टकटिग्रीवाबुद्धिदृष्टि स्त्वधोमुखम् ।
कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥ १० ॥

વાંસો, કડ, ડોક, બુદ્ધિ અને નજરને ભાંગીને હેઠું મુખ રાખી જે પુસ્તક (શાસ્ત્ર) કષ્ટથી લખ્યું છે, તેનું (સુજ્ઞપુરૂષે) યત્નથી પરિપાલન કરવું. ૧૦

શાસ્ત્ર રક્ષણ.

तैलाद्रक्ष्यं जलाद्रक्ष्यं रक्ष्यं शिथिलबन्धनात् ।
मूर्खहस्ते न दातव्यमेवं वदति पुस्तकम् ॥ ११ ॥

(પુસ્તકની) તેલથી રક્ષા કરવી, પાણીથી રક્ષા કરવી, શિથિલ (શિખળ વિખળ) એવા બન્ધનથી રક્ષા કરવી અને મૂર્ખ મનુષ્યના હાથમાં ન આપવું એમ પુસ્તક પોતે કહે છે. ૧૧

જિનવચનમાં શાંતિ.

वसन्ततिलका.

मोहं धियो हरति कापथमुच्छिनत्ति संवेगमुत्तमयति प्रशमं तनोति ।
सूतेऽनुरागमधिकं मुदमादधाति जैनं वचः श्रवणतः किमुनो विधत्ते ॥१२॥

બુદ્ધિના મોહ (અજ્ઞાન) ને હરણ કરે છે, કુત્સિત માર્ગને ઉખેડી નાખે છે, ચિત્તને ઉત્તમ બનાવે છે, શાન્તિને વિસ્તારે છે (ધર્મ કાર્યમાં) અધિક પ્રેમને ઉત્પન્ન કરે છે અને આનન્દને ધારણ કરે છે. એમ જિનેંદ્ર ભગવાનનું વચન શ્રવણ કરવાથી શું નથી કરી શકાતું ? અર્થાત્ સર્વ સુખને વિસ્તારે છે. ૧૨

જીનાજ્ઞારૂપ ચક્ષુહીનની સ્થિતિ.

शिखरिणी.

न देवं नादेवं न गुरुमकलंकं न कुगुरुं,
न धर्मं नाधर्मं न गुणपरिणद्धं न विगुणं ।
न सत्यं नासत्यं न हितमहितं नापि निपुणं
विलोकंते लोका जिनवचनचक्षुर्विरहिताः ॥ १३ ॥

જિનેશ્વર ભગવાનના વચનરૂપી નેત્રથી હીન એવા લોકો દેવને કે અદેવને, નિષ્કલંક એવા ગુરૂને કે કુત્સિત ગુરૂને ધર્મને કે અધર્મને, ગુણવાનને કે ગુણહીનને, સત્યને કે અસત્યને હિતને કે અહિતને અને વિદ્વાનને (કે મૂર્ખને) જોઈ (જાણી) શકતા નથી. ૧૩

શાસ્ત્રનું સરોવર સાથે ઐક્ય.

शार्दूल. (૧૪–૧૫)

यत्रानेककथानकद्रुकलितापाली च काव्यावली
सोपानानि च सर्गबन्धरचना सर्वोपकारः पयः ।
श्रीगेहं कमलानि धर्मविधयस्तत्पुण्यहंसप्रियं
शास्त्रं स्फारसरोवरं तनुभृतां निःशङ्कपङ्कापहम् ॥ १४ ॥

જ્યાં અનેક કથાના સુખરૂપી વૃક્ષોથી વ્યાપ્ત એવી કાવ્યોની પંક્તિરૂપી પાળ છે અને સર્ગના બન્ધનની જે રચનારૂપી પગથીયાં છે, સર્વ ઉપર ઉપકાર કરવારૂપી જેમાં પાણી છે, લક્ષ્મીના ઘરરૂપી જ્યાં કમળો છે, અને જ્યાં અનેક પ્રકારના ધર્મના વિધિયો થઇ રહ્યા છે. એવું પવિત્ર હંસ (શુદ્ધાંન્તઃ કરણવાળા મહાત્માઓ) ને પ્રિય મનુષ્યોના શંકા રહિત પાપ પંક (ગારા) ને નાશ કરવાવાળું શાસ્ત્ર વિશાલ સરોવર છે. ૧૪

જિનવચનની દુર્લભતા.

राज्यं वाजिविभूतिदन्तिनिवहं पादातिसद्विक्रमं
सङ्कल्पार्थदकल्पपादपलता धेनुर्वराकामदा ।

चिन्तामात्रविचिंतितप्रद इतश्चिन्तामणिः प्राप्यते
दुः प्रापं भववारिधौ जिनपतेः साहित्यकल्पं वचः ॥१५॥

જગત્માં ઘોડા, વિભૂતિ, (ઐશ્વર્ય,) અને દન્તિ (હાથી)ના સમૂહવાળું અને પરાક્રમી જેમાં પાળાઓ છે, એવું રાજ્ય પ્રાપ્ત કરી શકાય છે. સંકલ્પ (ધાર્યા) પ્રમાણે અર્થને આપનાર કલ્પવૃક્ષની લતા, કામ (ઇચ્છા)નું દાન કરનાર ઉત્તમ કામદુધા ગાય, અને ચિન્તન માત્રથી ચિન્તત પદાર્થને આપનાર એવો ચિન્તામણિ પણ અંહિ પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ સંસારરૂપી સમુદ્રમાં જગતનું હિત કરવામાં સમર્થ એવું વીતરાગ દેવનું વચન પ્રાપ્ત થવું દુર્લભ છે. ૧૫

કાવ્યશાસ્ત્રની મહત્તા.

अनुष्टुप्.

स्तोकापि वन्द्यते लोकैः कस्यापि सुकवेः कृतिः ।
कलेव हरिणाङ्कस्य स्फुरन्ती नवरेखया ॥ १६ ॥

નવીન એવી રેખાથી પ્રકાશમાન થતી (બીજના) ચન્દ્રમાની કળા જેમ વન્દાય છે, તેમ સુન્દર એવા કોઇ પણ કવિની થોડી કૃતિ પણ લોકોથી વન્દાય છે (એટલે લોકમાં પ્રશંસાપાત્ર થાય છે.) ૧૬

કાવ્ય ચમત્કાર.

મનહર.

* શિક્ષક સમાન સારી શિખામણની દેનારી,
વૃદ્ધ તુલ્ય જેમાં કહ્યો વિવિધ વિચાર છે;
મિત્ર તુલ્ય માનવીના મનમાં પ્રમોદ આપે,
તરૂણી સતી સમ સુભાષણ તૈયાર છે;
આનંદ સમે ધરો તો આનંદ અધિક આપે,
દુઃખ સમે દુઃખિયાને દિલાસો દેનાર છે;
સવિતા પ્રતાપે બને કવિતા તો કેવી કરૂં,
અધર રહેલા જન મનનો આધાર છે. ૧૭

આભૂષણરૂપ કાવ્ય.

હાથમાં ધરો તો વીંટી પોંચીથી વિશેષ શોભે,
કાને ધરો તો અમૂલ્ય કુંડલ આકાર છે;

* દલપતકાવ્ય ભાગ પહેલો.

મુખે ધરો તો તે મુખવાસથી સુવાસ આપે,
કંઠે ધરો તો તે હીરા મોતી તણો હાર છે;
મગજમાં ધરો તો મુગટથી સરસ શોભે,
ઘરમાં ધરો તો રૂડો ઘર શણગાર છે;
સવિતા પ્રતાપે બને કવિતા તો કેવી કરૂં,
અધર રહેલા જન મનનો આધાર છે. ૧૮

કાવ્યનો દિવ્ય ખોરાક.

બાલક પીએ તો તેને જ્ઞાન બલ બહુ વધે,
જુવાન પીએ તો છક ઉતરે જુવાનીનો;
વૃદ્ધ જો પીએ તો તેને હિંમત ને જોર વધે,
ઉપજાવે અંતરમાં રસ સોલે આનીનો;
સતીઓ પીએ તો તેને સંતનો મારગ સૂજે,
સુધા રસ સમ નારી મોટી બને નાનીનો;
સુકવિતા કોઈને ન હોય અવગુણ કારી,
દોષ ન દેખાય જેમાં જરીએ નાહાનીનો; ૧૯

ત્યાજ્ય કાવ્ય

કારણ કવિતાનું જે નીતિપર પ્રીતિ વધે, સરસ કે નરસ તો તે પર સંભાળીએ;
જે કવિતા વાંચીને અનીતિની અસર થાય,એવી કવિતાને ઉન્હા પાણીમાં ઉકાળીએ;
નીતિ ને અનીતિ મિશ્ર ભાવ જેનો ભાળીયે તો, બાવળના કોયલાની સાથે તેને બાળીએ;
બ્હેન કે બેટી પાસે બોલી ન શકાય બોલ, એવી કવિત.ને તો ઉકરડે ઉછાળીએ. ૨૦

અપવિત્ર કાવ્ય ઘટના.

બાલક વાંચે તો તેની બુધિમાં બિગાડ થાય, જુવાન વાંચે તો તે જરૂર વહિ જાય છે;
વૃદ્ધ જન વાંચે તો તે લાગે તેને વિષ જેવી, થૂ થૂ કહી જે કવિતા ઉપર થુંકાય છે;
ભગિનીઓ સાંભળતા ભારથી ભણાય નહિ, લાજવાળા માણસો તો વાંચતાં લજાય છે;
કોણ એવી કવિતાને કહેશે જે કવિતા છે, કવિતા તો સૌને સુખકારક ગણાય છે. ૨૧

કાવ્ય પરીક્ષા.

સુકવિની કવિતા તે નીતિનું પોષણ કરે, પોષણકારક જેવું માતૃ પય પાન છે;
મોટા માણસોને સુણી મનમાં મીઠાશ લાગે, મિષ્ટતા ભરેલું જેવું જગમાં મિષ્ટાન છે;
કુકવિની કવિતા વાંચ્યાથી કાળોકેર થાય, અનીતિ ભરેલી ઝાઝા ઝેરની સમાન છે;
કહે દલપતરામ કદી નહિ ધરો કાન, નરક નિવાસનો દેનારી તે નિદાન છે. ૨૨

આ પ્રમાણે શાસ્ત્ર અને કાવ્ય પરીક્ષા સંબંધે જણાવતાં આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

*पर्युषणपर्व–अधिकार.

ધર્મ આરાધન માટે દરેક દિવસ દરેક ઘડી દરેક પળ અને વિપળ ઉપયોગમાં લેવી જોઇએ, કેમકે આ ક્ષણ ભંગુર દેહનો સંબંધ કયારે છુટી જશે અને ચેતનરામની સફર કયારે શરૂ થશે તે ચોક્કસ નથી, માટેજ મનુષ્ય ભવની દુર્લભતા પ્રાપ્ત થવા પછી આત્માની નિર્મળતા અને મોક્ષ પ્રાપ્તિ અર્થે દરેક ક્ષણે આત્મ સાધનમાં તત્પર રહેવું જોઈએ; પરંતુ વ્યવહારિક ફરજોમાં ભંગ ન થવા સાથે આત્મહિત સાધી શકાય તેટલા માટે દિવસનો અમુક કાળ ધર્મારાધનનો નિર્માણ કરેલ છે. વિશેષ ક્રિયાને માટે તિથિઓ મુકરર કરી છે. અને તેથી અધિકતર ધર્મારાધન માટે પર્વોની યોજના થઇ છે. આવા પર્વોના રાજા (પર્વાધિરાજ પર્વ) શ્રી પર્યુષણ પર્વ અને તેમાં કરવાના કર્તવ્ય સમજાવવાને આ શ્રી પર્યુષણ પર્વ—અધિકારનો આરંભ કરવામાં આવે છે.

પર્યુષણ એટલે શું?

પર્યુષણ એટલે સ્થિરતા. મનની આત્માને વિષે વિલયતા થવાથી જે સ્થિરતા પ્રાપ્ત થાય છે તેનેજ પર્યુષણ કહેવામાં આવેલ છે. એટલે મનઃશાન્તિ, આત્મસ્થિરતા તે પર્યુષણા.

પર્યુષણ પર્વની પ્રવૃત્તિ થવાનું કારણ.

પર્યુષણ પર્વની પ્રવૃત્તિ એ એક જાતનું સંમેલન છે. આધુનિક સમયમાં જેમ ધર્મ કાર્યમાટે શ્રેયસ્સાધક અધિકારી વર્ગ, થીઓસોફિસ્ટો વગેરે સમુદાયવાળા, અમુક દિવસોએ એકઠા મળીને ધર્મ ધ્યાનને, તેમન પંથના રિવાજ અનુસાર સાધ્ય કરે છે, તેવિજ રીતે પ્રાચીન કાળમાં ધર્મ ધ્યાન કરવાના રિવાજને લઇને વર્ષમાં આઠ દિવસ પણ મનઃ શાંતિ અને આત્મસ્થિરતાની સંપ્રાપ્તિ માટે એકઠા મળીને ધર્મધ્યાનાદિ સાધ્ય કરવામાં આવતાં હતાં; એજ પ્રવૃત્તિ પર્યુષણપર્વ તરીકે અદ્યાપિ પર્યંત મોજુદ છે. અનાદિ કાળથી તે પ્રવૃત્તિ ચાલુ રહેશે.

દરેક માણસે અહર્નિશ આત્મસ્થિરતા ધારણ કરવી જોઇએ; આત્મસ્થિરતા ન રહેતી હોય તો તે પ્રાપ્ત કરવા માટે પ્રબલ પુરૂષાર્થ કરવો જોઇએ. જેઓ અહર્નિશ પ્રબળ પુરૂષાર્થ દ્વારા આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરી રહ્યા છે, તેઓને તો સદૈવ પર્યુષણ પર્વજ છે; પરંતુ એવા અધિકારીઓ તો જગત્‌માં અનાદિ કાળથી બહુજ અલ્પ જોવામાં આવે છે, સામાન્ય બુદ્ધિ જીવો હમેશાં આત્મસ્થિરતા રાખી શક્તા

* હેરલ્ડ. સને ૧૯૧૩ અગષ્ટ–સપ્ટેમ્બર. લખનાર ગોકુલદાસ નાનજીભાઇ ટંકારા.

નથી એટલુંજ નહીં પણ તેને માટે પ્રયાસ પણ કરી શકતા નથી; એવાઓને આખું વર્ષ ન બને તો દરેક મહિનામાં છ પરબો બે પક્ષે મળીને બાર દિવસ તો મનઃશાંતિ અને આત્મસ્થિરતા માટે પ્રયાસ કરવો જોઈએ; પરંતુ તે પણ ઘણા સાધ્ય કરી શકતા નથી, તેમને માટે દશ દિવસ છે. તેપણ ન કરી શકે તેમને માટે આઠમ અને ચૌદશ બન્ને પક્ષે મળી દરેક માસમાં ચાર દિવસ તો આત્મસ્થિરતા મેળવવાના પ્રયાસમાં ગાળવાજ જોઈએ. પરંતુ ઘણા એવા બીજા જીવો છે કે ત્રીસ દિવસમાં ચાર દિવસ પણ આત્મધ્યાન દ્વારા આત્મસ્થિરતા પ્રાપ્ત કરી શકતા નથી, તેમને માટે મહાન્ આત્મવેત્તા શ્રી તીર્થંકર ભગવાનના કલ્યાણકના દિવસો નક્કી કરાયેલા છે કે તે મહાન્ પુરૂષોની જયંતીના દિવસે તેઓશ્રીની આત્મસ્થિરતાની વાતોનું શ્રવણ કરી તે પ્રમાણે બનતો પ્રયાસ કરે, પરંતુ આવા અમુક દિવસોમાં પણ ઘણો સમુદાય સંપૂર્ણ ભાગ લઈ શકતો નથી. આત્મસ્થિરતા તો શી રીતે કરવી તે બાજુપર રહ્યું પણ સેંકડે નવાણું ટકાને તો આત્મધ્યાનની પણ ખબર હોતી નથી. જ્યાં આત્મધ્યાનની કુંચીનું અભાન છે, ત્યાં મનઃશાંતિ અને આત્મસ્થિરતા રૂપ પર્યુષણાની તો આશાજ શી રીતે રાખવી. આ બધું ધ્યાનમાં રાખીને જો ફરજીઆત રીતે અમુક દિવસો આત્મધ્યાન દ્વારા આત્મસ્થિરતા માટે નક્કી કરવામાં ન આવે તો અખિલ વિશ્વ આત્મજ્ઞાનની વિમુખ બની જાય અને સર્વત્ર અશાંતિ અને અસ્થિરતાનું જ સામ્રાજ્ય પ્રવર્તમાન થાય. આવું ન બને અને જગત્‌માં મનઃશાંતિ અને આત્મસ્થિરતા ચાલુ રહે એ ધ્યાનમાં રાખીને પ્રાચીન મહત્પુરૂષોએ ફરજીઆત રીતે વર્ષમાં આઠ દિવસ તો આત્મધ્યાન દ્વારા, મનઃશાંતિ અને આત્મસ્થિરતા મેળવવી જોઈએ એવો નિર્ણય કરીને સર્વ આત્મસ્થિરતા આરાધકો—ચતુર્વિધ સંઘને માટે પર્યુષણ પર્વની પ્રવૃત્તિ કરી છે—એટલે કે કાંઈ નહિ તો વર્ષમાં આઠ દિવસ તો આત્મોન્નતિ ઈચ્છક વર્ગે અવશ્ય ધ્યાનાદિક ધાર્મિક ક્રિયાઓ સામાયિક, પ્રતિક્રમણ, પૂજન, વ્રત, ઉપવાસ, પ્રત્યાખ્યાન વગેરે કરવાં જોઈએ. એ કરવાનો હેતુ ફક્ત આત્મસ્થિરતા—પર્યુષણાજ છે. સામાયિકમાં તો પ્રત્યક્ષ રીતે સમભાવમાં આવવુંજ જોઈએ. પ્રતિક્રમણમાં પણ આત્માભિમુખ પગલાં ભરવાંજ જોઈએ. પૂજનમાં પણ સૌંદર્ય દ્વારા મનઃશાંતિ પ્રાપ્ત કરી આત્મધ્યાન કરવું જોઈએ. ઉપવાસાદિના પ્રત્યાખ્યાનોનો હેતુ તો સ્પષ્ટ છે કે એથી શરીર સ્થિર થતાં મનઃશાંતિ સાંપડે છે. ઉપવાસાદિનો હેતુ મુખ્ય તો એવો છે કે આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે એટલો પુરૂષાર્થ કરવો કે ખાવું પણ નહીં, પીવું પણ નહિ, બોલવું પણ નહિ, પરંતુ કેવલ આત્મધ્યાન દ્વારા આત્મસ્થિરતાની પ્રાપ્તિ કરવી. આવી રીતે જો પ્રત્યાખ્યાનો થાય તો તે વિશેષ સફળતા વાળાં ગણી શકાય. અંધપરંપરાએ લોલેલોલ તો મિથ્યા મતિઓ એટલે આત્મજ્ઞાન વિમુખો કુટે છે. અંધપરંપરાએ

કરનારો પણ વખતે, કોઇ પણ વખતે નથી કરતા તેમના કરતાં ઠીક લાભ મેળવતા જણાય છે.

શરૂઆતમાં દેખાદેખીએ અનુકરણ કરતાં શીખે પછી તે સાધકને સ્વતઃ વિચારનું સ્ફુરણ થશે અને સુધરશે. જેઓ દેખાદેખીમાંથી સત્ય રસ્તા ઉપર આવે છે તેમની તો બલીહારી છે. જગતનો ઘણો ભાગ તો આખી જીંદગી દેખાદેખીમાંજ પૂર્ણ કરે છે, એટલે કે કેવળ અંધ પરંપરાએ ગાડુ ચલાવે છે કે ઠીક છે પર્યુષણ પર્વ આવ્યાં છે માટે લોકની દેખાદેખીએ નિયમ પ્રમાણે પ્રતિક્રમણાદિ કરવાં અને એકાદ બે ઉપવાસ કરી નાંખવા, વળી એકાદ વખત સાકરની લેણી કરવી અને બહુ તો એકાદ પૂજા ભણાવવી એટલે બસ પર્યુષણ પર્વની સમાપ્તિ થઇ, પર્યુષણપર્વનો હેતુ પૂર્ણ થયો. જો કે આવી પ્રવૃત્તિ પણ કેટલીક વખત લાભદાયક થાય છેતથા તેઓ તે રસ્તેથી પણ પરંપરાએ કેટલી ધર્મપ્રવૃત્તિના પુણ્ય પ્રતાપથીજ આગળ વધી શકે એ વાત સાચી છે. જીંદગીનો ભરોસો નહિ હોવાથી પરમ શાન્તિને આપનારી આત્મજ્ઞાનીઓની વાણીને તરત ગ્રહણ કરવી પણ તેમાં પ્રમાદ કરવો નહિ જોઇએ. કેટલાકની માન્યતા એવી છે કે આગળ ઉપર સમજાશે. એકડા પછી બગડો હોય, આ વાત સાચી છે પણ તેથી વિલંબ તો કરવો નહિ જોઇએ. ગૌત્તમ જેવા મહાત્પુરૂષને પણ શ્રી વીતરાગદેવ મહાવીરને ઉપદેશ દેવાની જરૂર જણાતાં શ્રી ઉત્તરાધ્યયનમાં ફરમાવ્યું છે કે,

"कुसग्गे जइ ओस बिंदुए थोवं चिट्ठइ लंबमाणए ।
एवं मण्हणाय जीवियं समयं गोयम मा पमायए" ॥

દર્ભને અગ્રે જેમ જલબિંદુ અલ્પકાળ રહી ખસી પડે છે, તેમ મનુષ્યોનું આયુષ્ય અસ્થિર છે માટે હે ગૌતમ (આત્મજ્ઞાન મેળવવામાં) ક્ષણ પણ પ્રમાદ કરવો નહિ. મતલબ કે અપ્રમત્ત થવું, અર્થાત્ આત્મધ્યાનની સુરતા તુટવા દેવી જ નહિ. ભાવાર્થ એવો છે કે આત્મધ્યાન દ્વારા વગર વિલંબે આત્મસ્થિરતા પ્રાપ્ત કરવી પરંતુ અંધ પરંપરાએ ચાલવું નહિ. જગતનો ઘણો ભાગ અંધપરંપરાએ એટલે કે સ્વાશ્રયે નહિ કિંતુ પરાશ્રયે ચાલતો જોઇને ભગવાન સૂત્રકારને પણ શ્રી સૂત્રકૃતાંગ-સૂયડાંગજીમાં ઉપદેશવું પડયું છે કેઃ—

अंधो अंधपहं णिंतो दूर मद्धाणु गच्छइ ।
आवज्जे उपहं जंतुं अदुवा पंथाणुगामिण ॥

જેમ કોઇ અંધ બીજા અંધોને દૂર લઇ જાય તો પણ તે અંધ ઉન્માર્ગે પડે અર્થાત્ અન્ય માર્ગે જાય પણ વાંછિત સ્થળે ન જાય એટલે કે પોતે અને બીજા

આંધળે માર્ગે જાય તેમ આત્મજ્ઞાન રહિત ક્રિયા કરનાર અજ્ઞાનીઓનો તો અંધપરંપરા માર્ગ છે. તે મુક્તિને અનુકૂળ થાય નહિ.

ભાવાર્થ એવો છે કે કાંઇ નહીં તો વર્ષમાં આઠ દિવસમાં અવશ્ય આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો જોઇએ.

આ હેતુ લક્ષમાં રાખીને જ પર્યુષણ પર્વની પ્રવૃત્તિ અનાદિ કાલથી ચાલી આવે છે અને અનંત કાલ સુધી દિગ્વિજય સાથે ચાલશે.

આઠ દિવસની આત્મસ્થિરતા માટે જ સમુદાય એકઠો થઈ, સવારમાં પ્રતિક્રમણ, સામાયિક, પૂજન કરે, પઠન પાઠન કરે કરાવે, ગાય, આનંદમાં નાચે, નૂતન વસ્ત્રાભૂષણ ધારણ કરે, આત્મધ્યાન ધરે, ગાવું, નાચવું, પૂજવું, ભણવું વગેરે આત્મધ્યાનનાં અંગભૂત છે. કારણ કે ગાવા વગેરેથી પ્રેમ ઉત્પન્ન થાય છે, પ્રેમ ઉત્પન્ન થયેથી આત્મધ્યાન થઈ શકે છે અને આત્મધ્યાન દ્વારા આત્મસ્થિરતા સંપ્રાપ્ત થાય છે. આત્મસ્થિરતાની પ્રાપ્તિ એજ પર્યુષણ જાણવું.

પર્યુષણને પર્વ કહેવાનું કારણઃ—પર્વ એટલે ઉત્સવ કે આનંદનો ખાસ દિવસ, આઠ દિવસો પણ ઉત્સાહપૂર્વક, આનંદપૂર્વક, સ્થિરતાપૂર્વક, ઉજવવાના હોઇ તેમને મહાન્ પર્વ તરીકે ગણવામાં આવે છે. એ આઠ દિવસો શ્રાવણ વદિ ૧૨ થી ભાદ્રપદ સુદિ ૪–૫ સુધી મુકરર કરેલા છે.

પર્યુષણ પર્વ માટે શ્રાવણ ભાદ્રપદ માસ પસંદ કરવાનો હેતુઃ—પ્રાચીન કાળથી આત્મસ્થિરતા—પર્યુષણ–માટે એટલે આત્મસ્થિરતા કરવા સારૂ તથા અગાઉ તેવા આત્મસ્થિરતાવંત થઈ ગયા તેમની યાદગિરિ સારૂ, એકઠા મળીને પરમાનંદમાં પર્યુષણ પર્વ ઉજવવા માટે શ્રાવણ વદિ **૧૨** થી ભાદ્રપદ સુદિ ૪–૫ સુધીના દિવસો નક્કી કરાયલા છે. એ દિવસો નક્કી કરવામાં પણ મહાન્ રહસ્ય રહેલું છે. એવો નિયમ છે કે આત્મસ્થિરતા સંપ્રાપ્ત કરવા માટે દેશકાલ ઉપર ખાસ લક્ષ આપવું જોઈએ. દેશ માટે ભરતક્ષેત્ર ઉત્તમ સાધન છે અને તેમાં પણ સિદ્ધક્ષેત્ર સમીપવર્તી સોરાષ્ઠ એટલે કાઠિયાવાડ ઉત્કૃષ્ટ દેશ છે. કાલ ઉપર દૃષ્ટિ કરતાં સ્પષ્ટ સમજાય છે કે શિઆલાની ઋતુ સારી છે પણ તેમાં અનહદ ઠંડી પડવાને લીધે મનુષ્યમન આત્મધ્યાનમાં સ્થિર નહિ થતાં, તે મનોમય ચક્રનું થંડી તરફ ખેંચાણ થશે એટલે કે ઠંડી છે તે પણ આત્મધ્યાનની સર્વોત્કૃષ્ટ સાધનામાં કેટલીક વખત અંતરાયભૂત થવા સંભવ રહે છે. ઉનાળામાં અતિ ઉષ્ણતાને લીધે લોહી ઉકળવાથી સ્વાભાવિક રીતે ચિત્તમાં વ્યગ્રતા રહ્યા કરે અને તેથી પણ આત્મધ્યાનમાં મનની વિલયતા થઇ શકવી દુર્લભ છે. જો શીત અને ઉષ્ણકાલ ન સમભાવમાં કાલ હોય તો તે યોગ્ય ગણાય. આષાઢ મહિનાથી ચોમાસું બેસે છે ત્યારથી જગતમાં શાંતિ થાય છે, ઠંડી અને ઉષ્ણતાનું સમ પ્રમાણ થવાથી મન પણ શાંત થાય છે. આ ઋતુનો

અતિ લાભ લેવા માટે મુનિરાજો અને મહાત્મા પુરૂષો તો ચાતુર્માસ—અષાઢ શુદિ ૧ પછી આત્મધ્યાન ધરવા એક સ્થળે મચ્યા રહે છે. પરંતુ ગૃહસ્થો કે જેઓની ઉપર પોતાના બાહુબલે કમાઇ પોતાના કુટુંબનું પોષણ કરવાનું તથા દેશનું કલ્યાણ કરવાનું જોખમ રહેલું છે. તેઓ ચોમાસાના ચારે માસ કાયમ રીતે આત્મધ્યાન ધરી શકે નહીં માટે તેવાઓ સારૂ ચોમાસાની લગભગ અરધી મોસમ જતાં એટલે શ્રાવણ ભાદ્રપદ માસની સંધિમાં—તદ્દન સમશીતોષ્ણ મોસમના દિવસો નક્કી કરેલા છે. આ દિવસો એવા છે કે વખતે ગૃહસ્થોને ઘણું કામ હોતું નથી. એટલે કે લગભગ નવરી મોસમ જેવું હોય છે. આ મોસમના મોલપાણી સારાં જોઇ લોકોનાં ચિત્ત વ્યવહારદૃષ્ટિએ પણ સ્થિર હોય છે, ઉલ્લાસમય હોય છે. પૂર્ણ વરસાદ-પાણીથી થયેલ સંતોષને પરિણામે તેઓ બે પૈસા ખર્ચવામાં પણ છુટ લઇ શકે છે. એ ઉપરાંત આ સમયે વાતાવરણ પણ સ્વચ્છ હોય છે, હવા નિરોગી હોય છે. આવાં કારણોને લીધે તે વખતે બાહ્યાભ્યંતર મનની સ્થિરતા સ્વાભાવિક હોય છે, અને તેમાં આવું સત્સંગાદિ નિમિત્ત દ્વારા આત્મધ્યાન કરવામાં આવે તો પછી મનઃશાંતિની અપૂર્વતા માલૂમ પડે અને આત્મસ્થિરતા સંપ્રાપ્ત થાય એમાં નવાઇ નથી, એવો હેતુ લક્ષમાં રાખીને જ શ્રાવણ—ભાદ્રપદ માસની સંધિમાં પર્યુષણ પર્વ ઉજવવા માટે પ્રાચીનકાળથી નિર્ણય કરાયેલો છે. જુઓ યોગ સાધક પુરૂષો અતિ ઉષ્ણ તેમ—અતિ શીતકાલમાં જોઇએ તેવો યોગ સાધી શકતા નથી, પણ સમશીતોષ્ણમાં જ સાધી શકે છે. આત્મસ્થિરતા-પર્યુષણ-એ પણ યોગજ છે, તો આત્મસ્થિરતા કે જે યોગનું ફલ કે પરિણામ છે તે તો સમશીતોષ્ણમાં સાધ્ય કરવું જોઇએ તેમાં નવાઇ નથી. માટે જ દેશકાળ ધ્યાનમાં રાખીને પર્યુષણ માટે શ્રાવણ—ભાદ્રપદ માસની સંધિ પસંદ કરેલી છે.

સાધુ અને પર્યુષણ કલ્પ.

શ્રી કલ્પસૂત્ર તથા સ્થાનાંગાદિને વિષે સાધુના મુખ્ય દશ કલ્પ એટલે આચાર કહ્યા છે, તે પૈકી દશમું પર્યુષણ કલ્પ કહેલું છે, જુઓ શ્રી સ્થાનાંગ સૂત્રમાં "पज्जोसवणा कप्पे" પર્યુષણ કલ્પ (ઠાણો દશમો) કહેલ છે, તેમાં પર્યુષણનો અર્થ સ્થિરતા બતાવ્યો છે. એક સ્થળે સ્થિર થવું તે પર્યુષણ કલ્પ. સાધુ લોકોએ ચતુર્માસમાં એક સ્થળે સ્થિર રહી આત્મસ્થિરતા સાધવી તે સાધુનો પર્યુષણકલ્પ છે. આત્મસાધક સાધુ મુનિરાજો ચાતુર્માસ રૂપ પર્યુષણમાં પૂર્ણ રીતે આત્મસાધન દ્વારા આત્મસ્થિરતાનો પ્રયાસ કરે છે તે એટલે સુધી કે એ સ્થળ છોડીને બીજે ગામ તેઓ ખાસ ઉપસર્ગ સિવાય જતાજ નથી. તેઓની ઇચ્છા અન્યગામ જવાની થાય તો તેમને માટે અધિકાર પરત્વે શાસ્ત્રકારોએ ના પાડેલી છે. આઠ દિવસમાં સાધુ મુનિરાજો પણ શ્રાવકોને પૂર્ણ મદદરૂપ થઇ પડે છે.

પર્યુષણપર્વ અને શ્રાવકો.

આઠ દિવસનું પર્યુષણપર્વ શ્રાવકોએ પરમ શાન્તિમાં વ્યતીત કરવું જોઇએ. પ્રાચીનકાળથી આ પર્વમાં શ્રાવકો વ્રત પ્રત્યાખ્યાન કરે છે. દાન, શિયલ, તપ અને ભાવના ભાવે છે તથા સાધુ મુનિરાજોની વૈયાવચ્ચ કરે છે, એટલું જ નહિ તપસ્વી શ્રાવકોનું પણ પૂર્ણ ભાવથી વૈયાવચ્ચ કરે છે. આ બધું ભ્રાતૃભક્તિ વધારવાનું ખાસ સાધન છે. જગતમાં ભાઇચારો થાય તોજ દેશોન્નતિ થઇ શકે છે.

પર્યુષણપર્વમાં શી રીતે વર્તવું જોઇએ ?

આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે અખિલ વિશ્વ તરફ આત્મભાવ રાખવો, સઘળા જીવ, ભૂત, પ્રાણ, સત્વ તરફ અભેદ દૃષ્ટિ રાખવી, હરેક તરફ પૂર્ણ પ્રેમની નજરે જોવું. એવી ભાવના રાખવી કે અખિલ વિશ્વમાં સઘળે આત્મસ્વરૂપ જ છે માટે કોની તરફ રાગદ્વેષ કરવો, સઘળે મારાંજ રૂપો છે. મારો, ઇશ્વરનો અને અખિલ વિશ્વના પ્રાણીઓનો અભેદ છે. કોઇ ભિન્ન નથી જ, એમ જાણી હરેક પ્રતિ પ્રેમ રાખવો. મનમાં આનંદમય રહેવું. ઝાઝું બોલવું નહિ, પણ આત્મધ્યાનજ કરવું. આત્મધ્યાનની અનુકૂળતા માટે થોડું ખાવું, ઉપવાસ કરવા, પ્રત્યાખ્યાન (નિયમ) કરવા અને બંન્ને વખતે પ્રતિક્રમણ (આસનજયાદિ માટે) કરવાં. જિનદેવદર્શન પૂજન કરવાં. મુનિરાજો પ્રતિ ઇશ્વર તુલ્ય ગુરૂભકિત અને ધર્મબંધુ તરફ ભ્રાતૃભાવ રાખીને અખિલ વિશ્વ તરફ આત્મભાવ રાખી વર્તવું. ટુંકામાં કહીએ તો પર્યુષણપર્વના આરાધકે પરમશાંતિ પૂર્વક હરેક ભૂત તરફ આત્મભાવ રાખીને વર્તવું અને આત્મધ્યાનનો દોર તૂટવા દેવો નહીં દોર ન તૂટે તેટલા માટે તેને મદદ કરનારા સામાયિક પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ અવશ્ય કરવી જોઇએ. જેને ન આવડતી હોય તેણે સમભાવથી બીજા પાસેથી શ્રવણ કરી તે પ્રમાણે વર્તન કરવું જોઇએ. ઉત્તમ અધિકારીએ અંતર્મુખ ઉપયોગ ન ભૂલવો જોઇએ અને સાધારણ અધિકારીએ અંતર્મુખ ઉપયોગ કરવા સતત પુરૂષાર્થ કરવો જોઇએ. ટુંકામાં કહીએ તો આત્માભિમુખવૃત્તિ રાખીને વર્તવું એ શ્રમણો અને શ્રમણોપાસકોનું પર્યુષણ પર્વમાં પ્રથમ અને મુખ્ય કર્તવ્ય છે. અર્થાત પર્યુષણ પર્વમાં કેવળ આત્માભિમુખ વૃત્તિ રાખીને વર્તવું જોઇએ.

પર્યુષણ પર્વના લાભ.

આ પર્વથી મનુષ્યમાં અધીનતાનો ગુણ પ્રાપ્ત થાય છે. જીવાયોનિ ખમાવાથી મનમાં દીનતા સાથે અંતઃકરણમાં નિર્મળતા આવે છે. જિનાલયો દ્વારા સૌંદર્યનું ભાન થતાં પ્રેમ પ્રકટ થાય છે. નિત્ય પ્રત્યે સામાયિકાદિકથી આસન જય થતાં પ્રાણજય, મનોજય કરી શકાય છે, અભેદ ભાવના ભાવતાં અખિલ વિશ્વમાં જ્ઞાનમય આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. તે ઉપરાંત શ્રી કલ્પસૂત્રાદિક દ્વારા મહાવીરાદિ

મહત્પુરૂષોના જીવનચરિત્રોનું શ્રવણ થતાં શી રીતે વર્ત્તન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે, તેપણ સમજી શકાય છે.

પર્યુષણ પર્વમાં સાંવત્સરિક પ્રતિક્રમણ.

પ્રતિક્રમણમાં પ્રતિ એટલે સામાં અને ક્રમણ એટલે પગલાં ભરવાં "આત્મા સામે કે આત્માભિમુખ પગલાં ભરવાં તે પ્રતિક્રમણ. પ્રતિ એટલે ઉલટાં અને ક્રમણ એટલે પગલાં ભરવાં અર્થાત્ બહિર્વૃત્તિથી ઉલટાં એટલે અંત ? મુખ પગલાં ભરવાં કે અંતર્દૃષ્ટિ રાખવા માટે પુરૂષાર્થ કરવો તે પ્રતિક્રમણ, પ્રતિનો અર્થ સામે (થવું) લેતાં આત્માવિમુખ વૃત્તિની સામે થઇ કે તેનો પરાજય કરીને આત્માભિમુખ પગલાં ભરવાં એનોજ ભાવાર્થ થઇ શકે છે. જેઓ આખા વર્ષમાં એક અઠવાડીઆના સવાર સાંજ મળી બે પહોર આત્માભિમુખ વૃત્તિ ન રાખી શકતા હોય, તેવા અધિકારીએ વર્ષમાં એક દિવસનો સાંજનો એક સમય તો અવશ્ય પ્રતિક્રમણ એટલે આત્માભિમુખ વૃત્તિ રાખવા પ્રયાસ કરવા સારૂ પ્રતિક્રમણ કરવું જોઇએ. આત્માભિમુખ વૃત્તિનો વર્ષ વર્ષ પ્રતિ એકજ વખતનો પ્રયાસ હોઇ આને સાંવત્સરીક પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ પ્રતિક્રમણ વખતે હમેશાં જેઓ પ્રતિક્રમણ કરે છે તેઓ તથા બીલકુલ જેઓ નથી કરતા તેઓ તમામ મળીને આત્મજ્ઞાનના પ્રકાશક પરમશાંત શ્રીસદ્ગુરૂની સાક્ષીએ આખા વર્ષના પાપોનો પશ્ચાત્તાપ કરીને હવે પછી તેવાં અપકૃત્યો નહિ કરવા મનમાં નિર્ણય કરવામાં આવે છે. આખા વર્ષમાં જગદભિમુખવૃત્તિ રાખવાથી જે કલ્પનામય સૃષ્ટિનો અનુભવ થયો હોય તે રૂપ જે પાપ લાગ્યાં હોય તે આત્માભિમુખવૃત્તિ દ્વારા વિલય કરીને હવે પછી જગદભિમુખ વૃત્તિ નહિં કરતાં બનતાં સુધી આત્માભિમુખવૃત્તિ રાખવાનો દૃઢ નિશ્ચય કરવામાં આવે છે એજ સાંવત્સરિક પ્રતિક્રમણનો હેતુ છે અને તે સર્વમાન્ય છે. જગદભિમુખવૃત્તિને રોકવી વિલય કરવી અને આત્માભિમુખવૃત્તિનો આદર કરવો તે પ્રતિક્રમણ. શ્રી સ્થાનાંગ સૂત્રમાં પણ આશ્રવદ્વારા કે જગદભિમુખવૃત્તિને રોકવી તે પ્રતિક્રમણ કહેલું છે જુઓ " **पंचविहे पडिक्कमणे** " પ્રતિક્રમણ પંચવિધ કહેલું છે. " **आसवदार पडिक्कमणे** " આશ્રવદ્વારબહિર્વૃત્તિ-રોકવા રૂપ પ્રતિક્રમણ **मिच्छत्त पडिक्कमणे.** " મિથ્યાત્વ—દેહ બુદ્ધિ પ્રતિક્રમણ કરવું, **कसाय पडिक्कमणे** કષાયને પ્રતિક્રમવાં, **जोगा पडिक्कमणे** મન, વચન અને કાય યોગને પ્રતિક્રમવાં, **भावपडिक्कमणे** ભાવપ્રતિક્રમણ કરવું.

ઉપર પ્રમાણે અને શ્રમણોપાસકોએ સાંવત્સરિક પ્રતિક્રમણ ફરજીઆત કરવાનું હોઇ, તે પ્રતિક્રમણ અવશ્ય પરમભાવ પૂર્વક કરવું અને સર્વ જીવોને શુદ્ધાંતઃકરણ પૂર્વક ગદગદ કંઠે થઇ ખમાવીને સર્વત્ર અભેદભાવને ભાવીને નિજસ્વરૂપમાં લીન થઇ જવું એજ સાંવત્સરિક પ્રતિક્રમણનો હેતુ છે.

પર્યુષણ પર્વની ભિન્નતા ઉપરથી ઉદ્‌ભવતા વિચારો.

જૈનમાં મુખ્ય દિગંબર અને શ્વેતાંબર એવા બે વર્ગ પૈકી દિગંબરો અને શ્વેતાંબરોના પર્યુષણો સાથે નહિ થતાં આગળ પાછળ—થાય છે પણ તેજ ઋતુમાં થાય છે. શ્વેતાંબરોમાં દેરાસર વાળા શ્વેતાંબરો અને સ્થાનકવાસી ઢુંઢક શ્વેતાંબરોને ચોથ, પાંચમનો તફાવત પડે છે. તપગચ્છ શ્વેતાંબરોમાં (દેરાસરવાળાઓમાં) પણ અંચલિક પાયચંદ, તપચ્છ, ખરતર ગચ્છ વગેરેમાં ચોથ પાંચમ વીગેરેની આ જૂજ તકરાર જોવામાં આવે છે (દિગંબર શ્વેતાંબરોમી પર્યુષણાદિ માટેની તથા શ્વેતાંબરોની અંદર અંદર ચોથ પાંચમ વગેરીની નકામી તકરારો ચાલ્યાજ કરે છે. આ તકરારોનો વાદથી અંત આવવાનો જ નથી. જુઓ પરમપૂજ્યતમ શ્રી આનંદઘનજી મહારાજ પણ આવી નકામી પણ પાયમાલ કરનારી તકરારો કરનારા પ્રતિ દયાભાવથી ઉપદેશે છે કે "વસ્તુ વિચારે વાદ પરમપરારે પાર ન પહોંચ્યો કોય" અત્રે સુજ્ઞોએ વિચારવું જોઈએ કે આત્મસ્થિરતા થાય ત્યારેજ પર્યુષણ જાણવું, ભલે ચોથ હોય વા પાંચમ હોય તેથી શું !!! પણ આત્મસ્થિરતા થવી જોઈએ. આત્મસ્થિરતાથી મુક્તિ છે પણ ચોથ પાંચમથી જ ખાસ મુક્તિ થાય છે એવું કશું નથી. મંડલના માણસો એકઠા થઈ ભલે પોતાની મુકરરતા પ્રમાણે કેટલાક ચોથે પ્રતિક્રમણ કરે, પાંચમે ભલે કરે, કે પંદર દિવસ આગળ પાછળ ભલે કરે, પણ ગમે તે ઉપાયે આત્મસ્થિરતા થવી જોઈએ. પ્રતિક્રમણ કરવાથી આત્મસ્થિરતા થાય છે કે કેમ એ જોવાનું છે કેટલેક સ્થળે તો ચોથ પાંચમના વાદવિવાદને તકરારનું રૂપ આપીને પર્યુષણ પર્વને અશાંતિમય બનાવી દે છે, કેટલેક સ્થળે તો આત્મસ્થિરતા મેળવવાને સમયે એટલે પર્યુષણપર્વમાં આખા વર્ષની નાત જાતની, દેરાસરની કે ઉપાશ્રયાદિની તકરારો, પ્રતિક્રમણ કરવાના સ્થાનમાં જાહેર રીતે ઉખેળીને નકામી ચોવટો કરવામાં આવે છે અને તેમાંથી છેવટે કજીઆ પણ થયા વગર ભાગ્યે જ રહેવા પામે એવું સ્વરૂપ પકડાય છે. જો કે વ્યવહાર સાચો છે પણ તે પર્યુષણમાં ઉખેળવાનો નથી. પર્યુષણમાં તો દરેક જીવોને ખમાવીને પરમશાંત બની આત્માભિમુખ ઉપયોગ રાખતા શીખવું જોઈએ. જો એ પ્રમાણે રાગદ્વેષના મૂલભુત તકરારો તજી દઈને કેવળ આત્માભિમુખ વૃત્તિ રાખીને શ્રી વીતરાગ દેવે પોતાના અભેદ માર્ગમાં પ્રરૂપેલ શ્રી પર્યુષણ પર્વનું પરમ પ્રેમ પૂર્વક ઉજવણું કરવામાં આવે તો જ પર્યુષણ પર્વની સફળતા થઈ અનુભવાશે. બાકી તકરારો માટે તો આખું વર્ષ તૈયારજ છે ને !!!

ચોથ પાંચમ કે બીજા વાર્ષિક ઝગડા તજીને શાંત ચિત્તે આત્માભિમુખ વૃત્તિ રાખી વર્તવું. ચોથ અને પાંચમ ભિન્ન થશે તો બે દિવસ ધર્મધ્યાનનું વાતાવરણ પ્રવર્તશે વળી પંદર દિવસ પછી પર્યુષણ થશે તો એ પણ એક શુભ—માંગલિક દિવસ તરીકે ગણાશે. એ દિવસ ધર્મધ્યાનનો ઉડાઈ સૃષ્ટિના સૌંદર્યમાં વૃદ્ધિ કરનારો

થશે. માટે એ નકામી તકરારો કોઈ પણ રીતે આત્મહિત કરનારી તો નથી જ. ભલે ચોથે, પાંચમે કે પંદર દિવસ પછી કરે પણ આત્મસ્થિરતા થશે તો જ તેમને પર્યુષણ પર્વનું ફળ સંપ્રાપ્ત સારા પ્રમાણમાં થયું જાણવું.

છેવટ બોધ.

આ વિષયમાં ઘણુ સમજવાનું છે તથા કહેવાનું છે તેનો સાર સંક્ષેપમાં સમજાવ્યો છે. આવું સર્વ પર્વાધિરાજ માંગલિક પર્વ વર્ષમાં એકજ વખત આવે છે. માટે તે સંપૂર્ણ ભાવથી ઉજવવું, ધાર્મિક ક્રિયાઓ ઉત્સાહ પૂર્વક કરવી અને ભાઈચારો વધે, અભેદ દ્રષ્ટિ થાય, સતત આત્માભિમુખ ઉપયોગ રહ્યા કરે તેમ વર્તન ચલાવવું. શ્રી વીતરાગનો અભેદ માર્ગ આત્મજ્ઞાનમય છે. પણ આ કાંઈ ભક્ષકીયા પંથ નથી.

સર્વની અભેદદ્રષ્ટિ થઈ શ્રી વીતરાગદેવે ભાખેલા અભેદ માર્ગદ્વારા સમાધિ માર્ગ પામીને પરમ શાન્તિમાં સકલ વિશ્વ વિરામો એજ ઇચ્છા. इत्यलम्

આ પ્રકરણે પર્યુષણા પર્વનું ગૌરવ અને તેમાં આચરવા યોગ્ય કર્તવ્ય દર્શાવતાં આ અધિકાર સંપૂર્ણ કરવામાં આવે છે.

द्रव्य शौच–अधिकार.

પર્વારાધનમાં થતી તપ ક્રિયાથી આંતરશુદ્ધિ થાય છે. પરંતુ આત્માની નિર્મળતા માટે બાહ્ય શુદ્ધિની પણ તેટલી જ જરૂર છે. કેમકે બાહ્ય વાતાવરણ અને રજકણોની અસર આત્મશુદ્ધિ ઉપર અસર કરી શકે છે. માટે જ કહ્યું છે કે— शौचे यत्नः सदा कार्यः અર્થાત્ હમેશાં શુદ્ધિમાં પ્રયત્નવાળા રહેવું જોઈએ. આટલા માટે બાહ્યશુદ્ધિ (શરીર શુદ્ધિ) ના લક્ષણ દર્શાવવા આ દ્રવ્ય શૌચ–અધિકારનો આરંભ કરવામાં આવે છે.

સ્નાન ક્યાં ન કરવું.

अनुष्टुप्.

कूपे स्यादधमं स्नानं नद्यां चैवतु मध्यमम् ।
वाप्यान्तु वर्जयेत्स्नानं तडागे नैव कारयेत् ॥१॥

કુવામાં સ્નાન કરવું તે અધમ, નદીમાં મધ્યમ, વાપી (વાવ) માં વર્જી દેવા યોગ્ય અને તળાવમાં તો સ્નાન કરવાની તદ્દન મના છે. *

* ૧ થી ૩ પુરાણ.

સ્નાન માટે અનુકૂળ સ્થળ.

गृहे चैवोत्तमं स्नानं वस्त्रपूतेन वारिणा ।
तस्मात्त्वं पाण्डवश्रेष्ठ गृहे स्नानं समाचर ॥२॥

વસ્ત્રથી ગાળેલા પાણી વડે ઘર આગળ જે સ્નાન કરવું તે ઉત્તમ છે, માટે હે ધર્મરાજા, તું ઘેર સ્નાન કર. ૨

સ્નાનમાં રાખવી જોઇતી સંભાળ.

पीड्यन्ते जन्तवो येन जलमध्ये व्यवस्थिताः ।
स्नानेन तेन किं पार्थ पुण्यं पापं समं भवेत् ॥३॥

હે ધર્મરાજ, જે સ્નાન કરવાથી જળમાં રહેલા જન્તુઓ પીડાય છે, તે સ્નાન કરવાથી શું ફળ? કેમકે તેમાં પુણ્ય અને પાપ બન્ને સરખાં થાય છે. ૩

સ્નાન કયારે અને કયાં ન કરવું?

न स्नानमाचरेद्भुक्त्वा नातुरो न महानिशि ।
न वस्त्रैः सहनाजस्रं नाविज्ञाते जलाशये ॥४॥

ભોજન કર્યા બાદ, રોગી અવસ્થામાં મધ્ય રાત્રિને સમયે, તમામ વસ્ત્રો પહેરીને વારંવાર એટલે દીવસમાં અનેકવાર, અને અજાણ્યા જળાશયમાં (વાવ–કુવા તળાવ–નદી) વગેરેમાં સ્નાન કરવું નહીં. ૪

સ્પર્શાસ્પર્શનો દોષ કયાં નથી.

देवयात्राविवाहेषु सम्भ्रमे राजदर्शने ।
सङ्ग्रामे हट्टमार्गे च स्पृष्टास्पृष्टि न दुष्यति ॥५॥

દેવયાત્રા, વરઘોડા, મેળા વગેરેમાં વિવાહમાં, ઉતાવળના સમયમાં, રાજદર્શનમાં, સભા વગેરેમાં. લડાઇમાં, બજારના માર્ગમાં, સ્પર્શાસ્પર્શનો દોષ નથી. ૫

ગળેલા પાણી વાપરવાની આજ્ઞા.

जलेन वस्त्रपूतेन यः स्नापयति माधवम् ।
सर्वपापविनिर्मुक्तो विष्णुना सह मोदते ॥७॥

વસ્ત્રથી ગળેલા જળવડે જે પુરૂષ માધવને સ્નાન કરાવે છે, તે તમામ પાપથી રહિત થઇને (વિષ્ણુલોકમાં) વિષ્ણુની સાથે આનંદ પામે છે. ૭*

---

* નારદીય પુરાણ.

भावशौच-अधिकार*

આગળ જોયું તેમ બાહ્યશુદ્ધિ મૃત્તિકા તથા પાણી આદિથી થાય છે અને સુજ્ઞાન, સદ્દર્શન, અને સચ્ચારિત્ર વગેરે સાધનોથી અન્તરની શુદ્ધિ થાય છે. આ પ્રમાણે બન્ને પ્રકારે શુદ્ધિની આવશ્યકતા છે છતાં કેટલાંક ટુંક દૃષ્ટિવાળા મનુષ્યો બીજી આન્તર શુદ્ધિ ઉપર લક્ષ્ય આપતા નથી અને પ્રથમની જલ વગેરેથી થતી શરીર શુદ્ધિમાં વધારે મગ્ન રહે છે અને તેથીજ પોતાના આત્માને શુદ્ધ થયેલો માને છે તેવા લોકોની એકપક્ષી પ્રવૃત્તિને સુધારવા બાહ્યશુદ્ધિનું કારણ પાણી છે એ વાત નિર્વિવાદ હોવા છતાં જો તેનું ખંડન કરવામાં નહિ આવે તો શમદમાદિથી થતી આન્તર શુદ્ધિ તરફ મનુષ્યોનું લક્ષ્યબિન્દુ ખેંચાશે નહિં તેમ ધારી કાવ્યકાર મહાશયે પાણીથી થતી શુદ્ધિના ખંડન પુરઃસર ભાવથી થતી શુદ્ધિને આ અધિકારમાં પ્રશંસનીય ગણેલ છે. બ્રહ્મચારિ તથા સંસારથી વિરક્ત એવા મહાત્માઓને ખાસ હિતકર છે તેમ જાણી ભાવશૌચ-અધિકારનો અત્રે આરંભ કરવામાં આવે છે.

નિર્મળ જ્ઞાનથી શુદ્ધિ.

वसन्ततिलका—(१-२२)

संसारसागरमपारमतीत्य पूतं मोक्षं यदि व्रजितुमिच्छत मुक्तबाधम् ।
तज्ज्ञानवारिणि विधूतमले मनुष्याः स्नानं कुरुध्वमपहाय जलाभिषेकम् ॥१॥

હે મનુષ્યો ! અપાર એવા સંસારરૂપી સમુદ્રને તરીને પીડા રહિત પવિત્ર એવા મોક્ષ (મુક્તિ)ને જો તમે પામવા ઇચ્છતા હો તો પાણીથી સ્નાન (ન્હાવા) નો ત્યાગ કરીને નિર્મળ જ્ઞાનરૂપી પાણીમાં સ્નાન કરો અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રયત્ન કરો. ૧÷

સમ્યક્ત્વજ્ઞાનાભિષેકની આવશ્યકતા.

तीर्थेषु शुध्यति जलैः शतशोऽपि धौतं नान्तर्गतं विविधपापमलावलिप्तम् ।
चित्तं विचिन्त्य मनसेति विशुद्धबोधाः सम्यक्त्वपूतसलिलैः कुरुताभिषेकम् ॥२॥

તીર્થનાં પાણીથી સેંકડો વખત ધોવામાં ન આવે તોપણ વિવિધ પ્રકારના પાપના મળથી લિંપાયેલું અન્તરનું ચિત્ત શુદ્ધ થતું નથી. આ પ્રમાણે મનથી

* આ ભાવશૌચ અધિકાર વીતરાગી એવા મહાત્માઓને માટે વિશેષે કરીને છે.

÷૧ થી ૨૨ સુભાષિત રત્નસંદોહ.

વિચાર કરીને હે શુદ્ધ જ્ઞાનવાળા પુરૂષો ! તમે સમકત્વ જ્ઞાનરૂપી પાણીથી અભિષેક (સ્નાન) કરો. ૨

ચારિત્રાભિષેકથી વિશેષ શુદ્ધિ.

तीर्थाभिषेककरणाभिरतस्य बाह्यो नश्यत्ययं सकलदेहमलो नरस्य ।
नान्तर्गतं कलिलमित्यवधार्य सन्तश्चारित्रवारिणि निमज्जत शुद्धिहेतोः ॥३॥

તીર્થના પાણીમાં સ્નાન કરનાર મનુષ્યનો બહારનો આ સમગ્ર દેહનો મલ નાશ પામે છે. પરંતુ અન્દર રહેલ (ચિત્તનો) મલ નાશ પામતો નથી, એમ નિશ્ચય કરી હે સજ્જનો ! પવિત્ર ચારિત્રરૂપી પાણીમાં શુદ્ધિ (પવિત્રતા) થવાના કારણથી તમે નિમજ્જન (સ્નાન) કરો. ૩

જીનવચનામૃત સ્નાન શુદ્ધિ.

सज्ज्ञानदर्शनचरित्रजलं क्षमोर्मि कुज्ञानदर्शनचरित्रमलावमुक्तम् ।
यत्सर्वकर्ममलमुज्जिनवाक्यतीर्थे स्नानं विदध्वमिह नास्ति जलेन शुद्धिः ॥४॥

(હે મનુષ્યો !) સત્ (સત્ય) એવાં જ્ઞાન, દર્શન, અને ચારિત્ર રૂપી જેમાં પાણી છે, જે ક્ષમા રૂપી ઉર્મિ (લહેર) વાળું અને જે (કુત્સિત) એવા જ્ઞાન, (કુજ્ઞાન) કુદર્શન અને કુચરિત્રરૂપી મલોથી રહિત છે, એવા સર્વ કર્મના મલને નાશ કરનાર શ્રી જિન ભગવાનના વચન રૂપી તીર્થમાં તમે સ્નાન કરો. કારણકે અહિં પાણીથી અન્તર શુદ્ધિ થતી નથી. ૪

પાણીની પ્રકૃતિ માટે શંકા.

तीर्थेषु चेत्क्षयमुपैति समस्तपापं स्नानेन तिष्ठति कथं पुरुषस्य पुण्यम् ।
नैकस्य गन्धमलयोर्धुतयोः शरीरं दृष्ट्वा स्थितिः सलिलशुद्धिविधौ समाने ॥५॥

તીર્થોમાં સ્નાન કરવાથી જો સમસ્ત પાપ નાશ પામતું હોય તો પુરૂષનું પુણ્ય કેમ ટકી શકે ? એટલે જે પાણીનો સ્વભાવ સુગંધી તેમજ દુર્ગંધી બન્ને પદાર્થને ધોઈ નાખે છે. તો પછી તેમાં સ્નાન કરનારના પુણ્ય તથા પાપનું પણ તેમજ થવું જોઇએ. ૫

કેવળ સ્નાનથી શુદ્ધિ નથી.

तीर्थाभिषेकवशतः सुगतिं जगत्यां पुण्यैर्विनापि यदि यान्ति नरास्तदेतः ।
नानाविधोदकसमुद्भवजन्तुवर्गा बालत्वचारुमरणान्न कथं व्रजन्ति ॥ ६ ॥

પૃથ્વીમાં પુણ્યકર્મો વિના પણ જો મનુષ્યો તીર્થોમાં સ્નાન કરવાથી શુભ ગતિને પામતા હોય, તો નાના પ્રકારના પાણીમાં ઉત્પન્ન થયેલ જન્તુઓના સમૂહો

બાલકપણાથી માંડી છેવટ મરણ પર્યન્ત તેમાં રહે છે, તેઓ શા વાસ્તે શુભ ગતિને પામતાં નથી ? ૬

તેનું કારણ શું ?

यच्छुक्रशोणितसमुत्थमनिष्टगन्धं नानाविधं कृमिकुलाकुलितं समन्तात् ।
व्याध्यादिदोषमलसद्मविनिन्दनीयं तद्वारितः कथमिहर्च्छति शुद्धिमङ्गम् ॥७॥

જે શરીર શુક્ર (પિતાનું વીર્ય) રુધિર (માતાનું શોણિત) આ બે તત્ત્વોમાંથી ઉત્પન્ન થયેલું છે અને ચોતરફ ભિન્ન ભિન્ન પ્રકારના કૃમિ (કરમીયા) નામના જન્તુઓથી આકુલ છે. તથા રોગ વગેરે દોષોથી મલના ઘરરૂપ નિન્દાને પાત્ર છે તે શરીર પાણીથી જ કેમ શુદ્ધિને પામે ? ૭

શરીરની અશુધ્ધિના કારણો.

गर्भेऽशुचौ कृमिकुलैर्निचिते शरीरं यद्वर्धितं मलरसेन नवेह मासान् ।
वर्चोगृहे कृमिरिवातिमलावलिप्ते शुद्धिः कथं भवति तस्य जलप्लुतस्य ॥ ८ ॥

અત્યન્ત મલથી લિપ્ત (લિંપાયેલ) એવા વિષ્ટાગૃહમાં અને કૃમિ નામના જન્તુઓના કુલથી ભરપૂર એવા અપવિત્ર ગર્ભસ્થાનમાં જે શરીર નવ માસ સુધી મલના રસથી વૃદ્ધિંગત (મ્હોટું) કરવામાં આવ્યું છે તે માત્ર પાણીમાં સ્નાન કરવાથી શુદ્ધ કેમ થાય ? ૮

શરીર શુદ્ધિ માટે પાણીની અશક્તિ.

निन्द्येन वागविषयेण विनिःसृतस्य न्यूनोन्नतेन कुथितादिभृतस्य गर्भे
मासान्नवाशुचिगृहे वपुषः स्थितस्य शुद्धिः प्लुतस्य न जलैः शतशोऽपि सर्वैः ॥९॥

નિન્દવાને પાત્ર વાણી પણ જેનું યથાર્થ કથન કરી શકે નહિં તેવા સાંકડા અને ઉંચાણ (ઉંડાણ) વાળા ગુહ્યસ્થાનમાંથી નિકળેલ, દુર્ગન્ધ યુક્ત વગેરે મળમૂત્રથી ભરપૂર, ગર્ભ રૂપી અપવિત્ર ઘરમાં નવમાસ સુધી રહેલ એવા શરીરને સર્વ પ્રકારના પાણીથી સેંકડો વખત સ્નાન કરાવવામાં આવે તો પણ તેની શુદ્ધિ થતી નથી. ૯

શરીર શુદ્ધિ માટે વિશેષ મુશ્કેલી.

यन्निर्मितं कुथिततः कुथितेन पूर्णं श्रोत्रैः सदा कुथितमेव विमुञ्चतेऽङ्गम् ।
प्रक्षाल्यमानमपि मुञ्चति रोमकूपैः प्रस्वेदवारि कथमस्य जलेन शुद्धिः ॥१०॥

જે શરીર દુર્ગંધયુક્ત પદાર્થોથી બનેલું છે, જે પોતે પણ દુર્ગન્ધ પદાર્થોથી પૂર્ણ છે, જે શ્રવણાદિ (કર્ણ વિગેરે) ઇંદ્રિયો વડે નિરંતર દુર્ગન્ધને જ મૂકે છે, તથા જે શરીર પાણીથી ધોયું છતું પણ રોમના છિદ્રમાંથી સ્વેદજળને મૂકે છે તેવા આ શરીરની પાણીથી કેમ શુદ્ધિ થાય ? અર્થાત્ નજ થાય. ૧૦

શરીર સ્પર્શથી જળની અશુદ્ધિ.

दुःखेन शुध्यति मशीवटिका यथा नो दुःखं तु जातु मलिनत्वमितिस्वरूपम् ।
नाङ्गं विशुध्यति तथा सलिलेन धौतं पानीयमेति नु मलीमसतां समस्तम् ॥११॥

વિતર્ક થાય છે કે—મશીવટિકા (કાજળ શાહીની ગોળી અથવા કોયલો) ઘણા શ્રમથી પાણી વડે ધોવામાં આવે તો પણ જેમ તે ઉજવલ થતો નથી, પરંતુ શ્રમ ફોકટ જાય છે તેમ પાણીથી ધોયેલું અંગ શુદ્ધ થતું નથી પરંતુ ધોવાથી બધું પાણી મલિનપણાને પ્રાપ્ત થાય છે. ૧૧

પાણીમાં રહેલ અશુદ્ધ તત્ત્વો.

आकाशतः पतितमेत्य नदादिमध्यं तत्रापि धावनसमुत्थमलावलिप्तम् ।
नानाविधावनिगताशुचिपूर्णमर्णो यत्तेन शुद्धिमुपयाति कथं शरीरम् ॥ १२ ॥

જે પાણી આકાશમાંથી પડેલું છે. તે નદી વગેરેના મધ્યમાં આવીને અને ત્યાં ઉત્પન્ન થયેલ મલોથી લીંપાઇ ગયેલું છે, તેમ પૃથ્વીમાં રહેલી નાના (ભિન્ન ભિન્ન) પ્રકારથી અપવિત્ર ચીજોથી પૂર્ણ છે. તે પાણીથી શરીર કેમ શુદ્ધ થઇ શકે?

સુંદર ગુણોમાં પણ શરીર સ્પર્શથી ખામી.

माल्याम्बराभरणभोजनमानिनीनां लोकातिशायिकमनीयगुणान्वितानाम् ।
हानिं गुणा झटिति यान्ति यमाश्रितानां देहस्य तस्य सलिलेन कथं विशुद्धिः ॥१३॥

જે શરીરનો આશ્રય કરવાથી પુષ્પમાળા, વસ્ત્રો, ભૂષણો, ભોજન અને માન· વાળી સ્ત્રીઓ આ લોકમાં સુન્દર ગુણવાળા ગણાવા છતાં પણ તેના તે ઉત્તમ ગુણો તુર્ત નાશને પામે છે, તે શરીરની પાણીથી કેમ શુદ્ધિ થઈ શકે ? ૧૩

પાપ પ્રક્ષાલન માટે જળની અશક્તિ.

जन्त्विन्द्रियालमिदमत्र जलेन शौचं केनापि दुष्टमतिना कथितं जनानाम् ।
यद्देहशुद्धिमपिकर्तुमलं जलं नो तत्पापकर्म विनिहन्ति कथं हि सन्तः ॥१४॥

અહિં પાણીથી કરેલું આ એક શૌચજ મનુષ્યોના મલિન (રોગોત્પાદક) જન્તુઓ તથા ઇન્દ્રિયજન્ય પાપ કર્મને નાશ કરે છે એટલે જન્તુઓને ઉત્પન્ન થવા દેતું નથી તેમ ઇન્દ્રિઓને વશ કરે છે, એમ પણ કોઇ પુરૂષે કહ્યું છે. પરંતુ પ્રથમ જણાવ્યા મુજબ જે જળ શરીરની શુદ્ધિ કરવાને સમર્થ નથી, તે હે સજ્જન મહાશયો ! પાપ કર્મને કેમ હણી શકે ? ૧૪

જળથી શરીરશુદ્ધિ માટે અસંભવ.

मेरूपमानमधुपव्रजसेवितान्तं चेज्जायते वियति कञ्जमनन्तपत्रम् ।
कायस्य जातु जलतो मलपूरितस्य शुद्धिस्तदा भवति निन्द्यमलोद्भवस्य ॥१५॥

મેરૂપર્વત સમાન ભ્રમરાઓના સમૂહથી જેનો એક છેડો સેવાયેલ છે એવું અનન્ત પત્રવાળું કમલ જો આકાશમાં ઉત્પન્ન થાય તો કદાપિ મલમૂત્રથી પૂર્ણ નિન્દાયુક્ત મળોથી ઉત્પન્ન થયેલ શરીરની પાણીથી શુદ્ધિ થાય ! ૧૫

જ્ઞાનજળથી આત્મશુદ્ધિ.

किं भाषितेन बहुना न जलेन शुद्धिर्जन्मान्तरेण भवतीति विचिन्त्य सन्तः ।
त्रेधा विमुच्य जलधौतकृताभिमानं कुर्वन्तु बोधसलिलेन शुचित्वमत्र ॥ १६ ॥

બહુ કહેવાથી શું, પાણીથી સ્નાન કરવાથી બીજે જન્મે પણ શરીરની શુદ્ધિ થતી નથી એમ વિચાર કરીને સન્ત મહાત્માઓ ત્રણ પ્રકારે (કર્તા, કાર્યતા, અનુમોદિતાએ) કરીને પાણીથી શુદ્ધ થવાના કરેલા અભિમાનને છોડીને અત્ર જ્ઞાન રૂપી જળથી સ્વકીય આત્મશુદ્ધિ કરો. ૧૬

અષ્ટકર્મની શુદ્ધિ માટે ત્રિપુટીમંત્ર.

दुष्टाष्टकर्ममलशुद्धिविधौ समर्थे निःशेषलोकभवतापविघातदक्षे ।
सज्ज्ञानदर्शनचरित्रजले विशालशौचं विदध्वमपि विध्यजलाभिषेकम् ॥१७॥

હે સજ્જનો ! પાણીમાં શૌચનો ત્યાગ કરીને દુષ્ટ એવા * આઠ પ્રકારના કર્મની શુદ્ધિ કરવાના વિધિમાં સમર્થ, સમગ્ર લોકના સંસારના તાપનો નાશ કરવામાં ચતુર એવા સત્ (સત્ય) જ્ઞાન, સદ્દર્શન, અને સચ્ચારિત્રરૂપી વિશાળ પાણીમાં શૌચને કરો. ૧૭

જ્ઞાનજળનું પ્રક્ષાલન.

निःशेषपापमलबाधनदक्षमर्च्यं ज्ञानोदकं विनयशीलतटद्वयाढ्यं
चारित्रवीचिनिचयं मुदितामलत्वं मिथ्यात्वमीनविकलं करुणाद्यगाधम् ॥ १८ ॥

સમગ્ર પાપના મલનો નાશ કરવામાં ચતુર, પૂજવા યોગ્ય, વિનય અને શીલ એ બે કાંઠા સુધી ભરેલું, ચારીત્ર રૂપી લહેરોના સમૂહવાળું, આનન્દ યુક્ત જેમાં નિર્મલપણું છે. અને મિથ્યાત્વ રૂપી માછલાંઓથી રહિત, કરૂણા વગેરે ઉત્તમ ગુણોથી અગાધ એવું જ્ઞાનરૂપી પાણી છે. ૧૮

---

* જ્ઞાનાવરણ ૧ દર્શનાવરણ ૨ વેદની ૩ મોહની ૪ આયુષ ૫ નામ ૬ ગોત્ર ૭ અને આઠમું અન્તરાય ૮

જીનશાસ્ત્રરૂપ સરીતામાં શરીર શુદ્ધિ.

सम्यक्त्वशीलमनघं जिनवाक्यतीर्थं यत्तत्रचारुधिषणाः कुरुताभिषेकम् ।
तीर्थाभिषेकवशतो मनसः कदाचिन्नान्तर्गतस्य हि मनागपि शुद्धबुद्धिः ॥ १९ ॥

હે ઉત્તમ બુદ્ધિવાળા પુરૂષો! જે જિન ભગવાનના વાક્યરૂપી તીર્થ સમ્યક્ત્વ અને શીલવાળું છે અને નિષ્પાપ છે તેમાં તમે સ્નાન કરો એટલે જ્ઞાનામૃતનું આદરથી શ્રવણ પાન કરો. કારણ કે પાણીના તીર્થોમાં ન્હાવાથી કોઇ પણ દિવસ અન્દર રહેલા મનની કાંઇપણ શુદ્ધતાની બુદ્ધિ થતી નથી. ૧૯

જળસ્નાન બાહ્ય શુદ્ધિ માટેજ છે.

चित्तं विशुध्यति जलेन मलावलिप्तं यो भाषतेऽनृतपरोऽस्ति जनो न तस्मात् ।
बाह्यं मलं तनुगतं व्यपहन्ति नीरं गन्धं शुभेतरमपीति वदन्ति सन्तः ॥ २० ॥

મળ(કામ)થી લીંપાયેલું ચિત્ત જળથી શુદ્ધ થાય છે, એમ જે માણુસ બોલેછે, તેનાથી બીજો કોઇ માણુસ અસત્યવાદી નથી પરંતુ સત્પરૂષો કહે છે કે જળ તો માત્ર શરીર પર રહેલા બાહ્ય મળને તથા અશુભ ગંધનેજ દૂર કરે છે. ૨૦

જ્ઞાન શીળાદિમાં સંપૂર્ણ શુદ્ધિનો પ્રભાવ.

वार्यग्निभस्मरविमन्त्रधरादिभेदाच्छुद्धिं वदन्ति बहुधा भुवि किन्तु पुंसाम् ।
सुज्ञानशीलशमसंयमशुद्धितोन्या नो पापलेपमपहन्तुमलं विशुद्धिः ॥ २१ ॥

પાણી, અગ્નિ, ભસ્મ, સૂર્ય, મન્ત્ર, પૃથ્વી વગેરે ભેદોથી પૃથ્વીમાં પુરૂષોની ઘણે પ્રકારે શુદ્ધિ કહેલ છે. પરંતુ સુન્દર એવું જ્ઞાન, શીલ, શમ, (ઇન્દ્રિયનિગ્રહ) અને સંયમ આ શુદ્ધિથી બીજા પ્રકારની વિશુદ્ધ(પવિત્રતા) મનુષ્યોના પાપના લેપને હણવાને જોઇએ તેટલા સમર્થ નથી. ૨૧

ત્રિરત્ન સેવનથી આંતર શુદ્ધિ.

रत्नत्रयामलजलेन करोति शुद्धिं श्रुत्वा जिनेंद्रमुखनिर्गतवाक्यतीर्थम् ।
योऽन्तर्गतं निखिलकर्ममलं दुरन्तं प्रक्षाल्य मोक्षसुखमप्रतिमं स याति ॥ २२ ॥

જે મનુષ્ય સુજ્ઞાન, સુદર્શન સુચારિત્ર આમ ત્રણ રત્નો રૂપી નિર્મળ જળથી શુદ્ધિ કરે છે. તે મનુષ્ય શ્રી જિનેન્દ્રભગવાનના મુખમાંથી નિકળેલ વાક્ય રૂપી તીર્થનું શ્રવણ કરીને અન્દર રહેલા તમામ કર્મના દુરન્ત એવા મળનું પ્રક્ષાલન કરીને અપ્રતિમ (અનુપમ) એવા મોક્ષ સુખને પામે છે. ૨૨

આ પ્રમાણે બાહ્ય અને આંતરશુદ્ધિના ભેદ તથા તે માટેના પ્રયોગો સમજાવવામાં આ ભાવ શૌચ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

आत्मविचार—अधिकार.

આત્માની અંતર તથા બાહ્ય શુદ્ધિ થયા પછી આત્મગુણ અને તેની સત્તાનો વિચાર કરવાનો છે, જે આત્મશક્તિ અનંત તેજોમય અને સર્વ શક્તિમાન છે તેની મહત્તા ન સમજવાથી લોકો મનુષ્ય જાતની પ્રાપ્તિ થયા છતાં આત્મવીર્ય ફોરવી શકતા નથી તેમને આત્મસત્તાનો અનુભવ કરાવવા નિબંધરૂપ કેટલીક બીના આ અધિકારમાં દર્શાવવાને શરૂ કરવામાં આવે છે.

આત્મસત્તા.

* તમે ઘરની બહાર ગયા હો અને તમારા ઇષ્ટ મિત્રથી તમને ખબર મળે કે તમારે ઘેર 'વાઇસરોય' તમને મળવા આવ્યા છે તો તમે હજાર કામ પડતાં મૂકી કેવા ધસમસ ઘરભણી વળો છો? હર્ષમાં તમે માર્ગમાં કેટલીવાર ઠોકરો ખાઓ છો? કોઇ માર્ગમાં એક ક્ષણવાર તમને રોકે તો તમે તેના ઉપર કેવા ચીડાઇ જાઓ છો? અને ઘરમાં પેસતાંજ તમે ફાટેલી આંખોથી કેવા આમતેમ જુઓ છો? પ્રવેશ કરતાં આગળના દિવાનખાનામાં "વાઇસરોય"ને ન જોતાં તમે કેવા, જે મળે તેને "વાઇસરોય" ક્યાં છે. "વાઇસરોય" ક્યાં છે, એ પ્રશ્નો પૂછો છો, અને મેડા ઉપર કે અન્ય ખંડમાં છે, એમ જાણતાં તમે કેવા તે ખંડમાં ગતિ વેગથી ધસો છો? અને એમ છતાં અસંખ્ય વાઇસરોયોનાં અસંખ્ય અક્ષૌહિણી સૈન્યો એકઠાં કરતાં પણ જેની તુલના સ્વલ્પ અંશમાં પણ થઈ શકવા સંભવ નથી, એવા અનંત જગદધિરાજ પરમેશ્વર, આ શરીરમાં, હૃદયમંદિરમાં, નિરંતર સમીપ સ્થિત છે, એવું સત્પુરૂષો તથા સત્શાસ્ત્રો મેઘગર્જનથી નિત્ય વદતાં છતાં પણ મનુષ્યો તે વચનને શ્રવણ કરતા નથી, શ્રવણ કરે છે તો તે વચનને સત્ય માનતા નથી, સત્ય માને છે તો તે પરમેશ્વરને જોવા અલ્પ પણ પ્રયત્ન કરતા નથી, અને પ્રયત્ન કરે છે તો પહેલા ઓરડામાં નહિ જણતાં નિરાશ થઇ, સત્પુરૂષો તથા સત્શાસ્ત્રોનાં યથાર્થ વચનમાં અશ્રદ્ધા ધરી, આખું ઘર શોધવાનો સત્ય દૃઢ પ્રયત્ન કરતા નથી પણ પરમેશ્વર હૃદયમંદિરમાંથી બહાર નીકળી આપોઆપ દર્શન આપશે, એવી દુરાશાને વશ થઇ આળસ તથા પ્રમાદમાં કાલ ગાળે છે. તમને પરમેશ્વર તમારી પાસે છતાં, તમારા હૃદયમાં છતાં, થોડા કાળના પ્રયત્નથી જણાવાનો સર્વ સંભવ છતાં, જોવાની ગરજ નથી, જોવાની નવરાશ નથી, તો પરમેશ્વરને પણ તમને દર્શન દેવાની ગરજ નથી અને દર્શન આપવાની નવરાશ પણ નથી. ખાવાપીવાની, ફરવાહરવાની, મિત્રાદિને હળવામળવાની, વ્યવહારનાં અસંખ્ય કામો કરવાની, અને અનેક પ્રસંગે દુસ્તર

* અધ્યાત્મબલ પોષક ગ્રંથમાળા પ્રથમ અક્ષ.

અને ક્રિકેટ જાણીતા વિવિધ વ્યવહારના કામો કરવાની તમને નવરાશ મળે છે, નાટકો જોવા જવાની અને રમત ગમત કરવાની તમને નવરાશ મળે છે, અને હૃદયમંદિરમાં પેસવાની તમને નવરાશ નથી મળતી. બહુ સારૂં બહાર ફર્યા કરો, બહાર સુખને શોધ્યા કરો. રત્નની ઉપેક્ષા કર્યા કરો, અને ધૂમાડાના બાચકા ભરીને ખુબ કમાણી કરી છે. એમ માનીને આનંદમાં મગ્ન રહો. આખરે પેટી ખાલીખમ્ રહ્યે, દરિદ્રતાનું દુઃખ જણાયે, હૃદયમંદિરમાં પધારજો !

હૃદયમંદિરમાં પરમેશ્વર વસે છે, એવું તમે શ્રદ્ધાપૂર્વક માનો છો, એની ખાતરી શી ? જો તમે માનતાજ હો કે હૃદયમાં તે છે, તો ત્યાં તમે તેમને શોધોજ. પણ તમે ત્યાં નથી શોધતા, એ શું દર્શાવે છે ? એજ કે તમને હૃદયમાં ઇશ્વર છે એની પૂર્ણ ખાતરી નથી, અથવા ખાતરી છે તો તમને ઈશ્વર મેળવવાની હજી અગત્ય જણાતી નથી. કૂવામાં જળ છે એવું જાણવા છતાં તૃષાતુર મનુષ્ય કૂવામાંથી જળ કાઢવાનો પ્રયત્ન ન કરે તો શું સમજવું ? એજ કે તેને હજી તૃષા લાગી નથી. તમે પણ હૃદયમંદિરમાં છે, એવું જાણતાં છતાં, જો હજી હૃદયમંદિર શોધતા નથી તો તમને પણ હજી ઇશ્વરને પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ નથી.

પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા અખંડ સ્ફુર્યા કરે છે, તેથી પ્રત્યેક મનુષ્યને ઇશ્વરને પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા છે, એ સિદ્ધ થાય છે. કારણકે ઈશ્વર અને સુખ એ બે કંઈ ભિન્ન પદાર્થ નથી. ઉભય એકજ છે, તેથી પ્રત્યેક મનુષ્ય સુખને ઇચ્છતો હોવાથી તે ઇશ્વરનેજ ઇચ્છે છે. પરંતુ વિચારવાન્ મનુષ્ય જ્યારે આ સુખ અથવા ઇશ્વર હૃદયમાં છે, એમ માને છે, અને તેથી તેને ત્યાં શોધે છે ત્યારે અજ્ઞાની મનુષ્ય આ સુખ અથવા ઈશ્વર હૃદયથી બહાર છે, એમ માને છે, અને તેથી તેને બહાર શોધે છે. અને આથી સુખની યથેચ્છ પ્રાપ્તિ કરવામા સર્વદા નિષ્ફળ રહે છે. સમુદ્ર પર્યંતની પૃથ્વી પ્રાપ્ત કરવા છતાં શું નૃપતિને હૃદયમાં યથેચ્છ સુખ મળ્યું હોય છે ? ના, કારણકે સુખ બહારના પૃથ્વી આદિ પદાર્થોમાં નથી, પણ અંતર છે. અનર્ગળ દ્રવ્યનો સંગ્રહ કરી શું શ્રીમાન્ પરમશાંતિનો અનુભવ કરે છે ? ચિંતા વગેરે સંતાપને ઉપજાવનારા વિકારોથી તે રહિત હોય છે ? ના, કારણકે પરમશાંતિ દ્રવ્ય વગેરે બાહ્ય પદાર્થોમાં નથી, પણ અંતર છે. દેવાદિને વશ વર્ત્તાવવા જેવું સામર્થ્ય તથા અલૌકિક ઐશ્વર્ય પ્રાપ્ત કરવાથી શું રાવણે અચલ તૃપ્તિનો અનુભવ કર્યો હતો ? ના, કારણ અચલ તૃપ્તિ બાહ્ય પદાર્થોમાં નથી પણ અંતર છે. જ્ઞાનવાન તથા અજ્ઞાનીનો ભેદ આ જગાએજ છે. જ્ઞાનવાન્ સુખને અંતરમાં—હૃદયમાં—પોતાનામાં—શોધે છે. ત્યારે અજ્ઞાની સુખ બહાર—જગત્માં—દૃશ્ય પદાર્થોમાં શોધે છે.

હોજમાં અથવા ટાંકીમાં બહારથી આણીને ભરેલું જળ થોડા દિવસમાં ખાલી

થઇ જાય છે પરંતુ પાતાલ ફોડીને કૂવામાં પ્રકટાવેલું જળ અખુટ રહે છે. બાર બાર કોસ રાત્રિ દિવસ ચાલુ રાખવા છતાં આવા પાતાળી કૂવાનાં પાણી ઓછા થતાં નથી. ચિતિશક્તિ એ પાતાળી કૂવો છે. એ પાતાળી કૂવામાંથી જળ પ્રાપ્ત કરવાનો અંતર પ્રયત્ન જેઓ સેવે છે, તેમને જળનો દુકાળ અનુભવવાનો પ્રસંગ કદી પણ આવતો નથી. બાહ્ય જગત્ એ હોજ અથવા ટાંકી છે, એમાંથી જળ પ્રાપ્ત કરવાનો બાહ્ય પ્રયત્ન જેઓ સેવે છે તેઓનું જળ નિત્ય ઓછું થાય છે, અને તેઓને નિત્ય અને નિત્ય નવું જળ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન સેવ્યા કરવો પડે છે.

આત્માની આત્મતા.

અસંખ્યાત પ્રદેશી', અનંત, જ્ઞાનમયી, અનંતદર્શનમયી, અનંત ચારિત્રમયી, અનંત વીર્યમયી, અનંત દાન - યી, અનંત લાભમયી, અનંત ભોગમયી, અનંત ઉપભોગમયી, અરૂપી, અખંડ. અગુરૂ લઘુ મયી, અક્ષયી અજર અમર અશરીરી અદ્વિતીય, અનાહારી, અલેશી, અનુપાધિ, અરાગી. અદ્વેષી, અક્રોહી(અક્રોધી) અમાની, અમાયી, અલોભી, અકલેશી, મિથ્યાત્વ રહિત' અવિરતિ રહિત.યોગ રહિત, અયોગી, સિદ્ધ સ્વરૂપ, સંસાર રહિત, સ્વઆત્મ સત્તાવંત, પર સત્તારહિત, પર ભાવનો અકર્તા, સ્વભાવનો કર્તા, પરભાવનો અભોક્તા, સ્વભાવનો ભોકતા જ્ઞેયવેતા, સ્વક્ષેત્રઅવગાહી, પરક્ષેત્ર સ્વપણે અનવગાહી, લોક પરમાણુઅવગાહનાવંત, ધર્માસ્તિકાયથી ભિન્ન અધર્માસ્તિકાયથીભિન્ન, આકાશથી ભિન્ન, પુદગલથી ભિન્ન. પરકાલથી ભિન્ન, સ્વદ્રવ્યવંત, સ્વક્ષેત્રવંત, સ્વકાલવંત, સ્વસ્વભાવવંત, દ્રવ્યાસ્તિકપણે નિત્ય, પર્યાસ્તિકપણે નિત્યાનિત્ય, દ્રવ્યપણેએક, ગુણપર્યાયે અનેક, દ્રવ્યાસ્તિક અનંતાધર્મ અનંતા પર્યાસ્તિકધર્મ એવી સ્વસંગ્રહામયી ચેતન લક્ષણેર્લક્ષિત, સ્વસંપદાએ સંપૂર્ણ છે, પરસંગ પ્રણમ્યો સંસાર કરે, સ્વજ્ઞાન દર્શન ચારિત્ર પ્રણમ્યો. સિદ્ધતા કરે, એહવા આત્મદ્રવ્યની ઓળખાણ અનંત નયે અનંત નિક્ષેપેજ થાય, એ રીતેજ આત્માની પ્રતીતિ કરવી એવા પ્રતીતવંત જીવને જૈનમાર્ગી માર્ગમાં ગણે છે, એવો આત્મા જૈન માને, અનેકાંત મત મય કહ્યો છે, એકાંતમાને તે મિથ્યાત્વી જાણવો, અનેકાંતે સ્યાદવાદ પ્રતીતે તે સમકિત દર્શન એ રીતે જ્ઞાન તે જ્ઞાન તથા એમાં રમવું તે ચારિત્ર, એ રત્ન ત્રયી વંતને આત્મજ્ઞાન દર્શન ચારિત્રાદિ અનંત ગુણ મયી છે, આત્માનું સ્વરૂપ સદા છે, સમકિત જીવને સદા આત્મામાં ભાવવું, આ પ્રમાણે ઇશ્વરનું સ્વરૂપ સમજાવી ખરૂં સુખ દરશ કરાવતાં આત્માની આત્મતા સમજાવનાર આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

आत्मसत्ता–अधिकार.

આત્માની શક્તિનો વિચાર થવાથી તેની સત્તાનું અનંતવીર્ય તેજ જાણુવામાં આવતાં તેવી સત્તા વડે આત્માના ખરા સ્વરૂપને ઓળખવા સાથે અનુક્રમે ગુણ શ્રેણી એ ચઢતાં અમર પદની પ્રાપ્તિ થઇ શકે છે. તે દર્શાવવા આત્મસત્તા—અધિકારનો અત્રે આરંભ કરવામાં આવે છે.

આત્માનું સિદ્ધ સ્વરૂપ.

अनुष्टुप्.

आत्मन्येवात्मनः कुर्यात्, यःषट्कारकसंगतिम् ।
काविवेकज्वरस्यास्य, वैषम्यं जडमज्जनात् ॥ १ ॥

શબ્દાર્થ—આત્માને વિષેજ આત્માનો છ કારક યોગ્યતા જે કરે છે તેને જડપણામાં ડૂબવાથી આવિવેક જવરની વિષમતા હોય ? ૧

વિવેચન—આત્માને વિષેજ આત્માની ષટ્ કારકપરિણમનયોગ્યતા જે કરે છે. તેને જડપણા રૂપ જ્ઞાનના અંધકાર મય અંધકૂપમાં ડૂબવારૂપ અવિવેકનામા તાવની તીવ્ર દારૂણ વિષમતા એટલે કટુક ભયંકર રોગ, શોક, વિયોગ, જન્મ, જરા, મરણાદિ અનંત કર્મ જનિત આધિરૂપ સંકલેશની બળત્રા કયાંથી હોય ? પરંતુ. સ્વરૂપ કાર્ય રૂચિભાસ થયે, સ્વસ્વરૂપ નિષ્પન્ન કરવાને સન્મુખ થયેલ સાધક આત્માને ષટ્કારક શુદ્ધ રત્નત્રયોની સાધનાં કરાવીને પોતાના સહજાનંદ સ્વરૂપને સિદ્ધ સ્વરૂપે પ્રવર્તે છે.

ષટ્કારક ચક્ર સ્વરૂપ.

* હવે વસ્તુ ધર્મ નિષ્પત્તિમાં છ કારક પણ અવશ્ય ઉપયોગી કારણો રૂપે કાર્ય ભજવે છે, તેનું કાંઇક સ્વરૂપ વિચારીએ છીએ; ત્યાં કારક એટલે આત્મામાના જે કર્તા દ્રવ્ય તેની પરિણતિ, તેને કારક કહે છે તે છ પ્રકારે છે; ૧ કર્તા, ૨ કર્મ અથવા કાર્ય, ૩ કારણ કે કરણ, ૪ સંપ્રદાન, ૫ અપાદાન, ૬ આધાર એ છ કારકો; જીવ કે અજીવ સમસ્ત પદાર્થો, સાથે સમવાય એટલે સહકારી સંબંધે નિરંતર બાધકપણે, સાધકપણે, કે સાધ્યપણે પ્રવર્તે છે; જેમ ઘટ એટલે ઘડાનું દૃષ્ટાંત લહીયે; તેમાં કુંભકાર તે કર્તા, ઘટ તે કાર્ય, મૃત્તિકા એટલે માટિના પિંડ તે ઉપાદાન, સ્વસ્વભાવ સાધ્ય યોગ્ય, મૂળ અવશ્ય સાધન કારણ, અને બીજું નિમિત્ત કારણ, તે ચક્ર દંડાદિક કરણ સાધન, માટિના પીંડને નવા પર્યાયની પ્રાપ્તિ તે સંપ્રદાન, પિંડ સ્થાસાદિ પૂર્વ પર્યાયને ચય, એટલે વ્યય, નાશ, તે અપાદાન, અને ઘટાદિ

* સજ્જન સન્મિત્ર.

પર્યાયનું આધારપણું તે આધાર; એમ ઘટરૂપ કાર્યમાં ખટકારક છે, તેમજ આત્માને અનાદિ કાલના એ છ કારક, બાધકરૂપે પરિણમ્યાં છે, તે દેખાડે છે; ૧ આત્મા, પરવિભાવ રાગાદિ, જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મનો કર્ત્તા થયો છે; ૨ રાગ, દ્વેષની પરણુતિરૂપ ભાવ કર્મે કરી, જ્ઞાનાવરણાદિ દ્રવ્ય પુદ્ગલને ગ્રહણ કરવારૂપ કાર્ય કરે, તે કાર્ય અથવા કર્મ નામા બીજું કારક; ૩ અશુદ્ધ વિભાવપરિણુતિરૂપ ભાવાશ્રવ તે ઉપાદાન, અને હિંસાદિ અઢારે પાપ સ્થાનકના સેવનરૂપ દ્રવ્યાશ્રવ તે નિમિત્ત તે બે કારણથી કર્મ બંધાય છે, માટે એ કરણ નામા ત્રીજું કારક જાણવું; ૪ અશુદ્ધ ક્ષયોપશમનો, તથા દ્રવ્ય કર્મનો લાભ, તે સંપ્રદાન નામા ચોથું કારક જાણવું; ૫ સ્વરૂપરોધ, શુદ્ધક્ષયોપશમની હાણી, અને પરભવાનુયાયિતા, તે અપાદાનનામા પાંચમું કારક; ૬ અનંત અશુદ્ધ વિભાવતા, તથા જ્ઞાનાવરણાદિ કર્મને રાખવારૂપ જે શક્તિ, એટલે તેને વિષેજ ચેતનાની વિશ્રામતા, સ્થિતિ, તે આધારનામા છઠું કારક જાણવું; એ રીતે એ છ કારકનું ચક્ર અનાદિનું અશુદ્ધપણે બાધકતારૂપે આત્માને પરિણમી રહ્યું છે, તે જે વખતે સાધક આત્મા, પોતાનો સ્વધર્મ નિપજાવવા પણે પરિણમાવે, તે પ્રસંગે એ છએ કારક સાધકપણે પ્રવૃત્યા થકા, સ્વગુણરૂપ આત્મધર્મની સાધના કરે; એ રીતે છ કારક સાધકપણે પરિણમ્યાથકા, કાર્ય નિપજે, શુદ્ધ સ્વરૂપ થાય; એ સ્વરૂપ પરિણામિકતારૂપ સ્વકાર્ય કારકપણું, કોને કોને, ક્યારે અને કેવી રીતે પરિણમે ? તે કહે છે, જે નિરાબાધ, શ્રી સિદ્ધ ભગવંત, તેહનો છ કારક, તે શુદ્ધ, સિદ્ધસ્વરૂપપણે પ્રવર્તે છે, અને બાધક જીવોના બાધકપણે પરિણમે છે, તથા સાધક જીવોને સમકિતિ ગુણ ઠાણાથી માંડીને ચૌદમા અયોગી ગુણ ઠાણા પર્યંત સાધકપણે પરિણમે છે, તથા સિદ્ધ ભગવંતના શુદ્ધ સ્વરૂપરૂપે પરિણમે છે; એમ એ ખટકારક ચક્ર, સાધકને સાધકરૂપે, બાધકને બાધકરૂપે, અને સિદ્ધને શુદ્ધ સાધ્ય સ્વરૂપે, યથાયોગ્યપણે ઉલટા સુલટા, જીવની રૂચિ અરૂચિની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, પણ જ્યાં સુધી જીવ અનાદિ કાળની ભવવાસનાએ પ્રેરાયેલો બાધકતાનો ત્યાગ કરીને સાધકતાને અવલંબે નહી, સ્વરૂ ચેભાસ થાય નહી, ત્યાં સુધી તેના સર્વ શુભ વ્યાપારો એટલે ધર્મકરણી પણ પરમાર્થે ભવ પ્રાપ્તિરૂપ કાર્ય કરવા તરફજ છે, એમ સમજવું; કેમજે શ્રીપૂજ્ય ભગવાને કહ્યું છે, કે આત્મા તત્ત્વ કર્ત્તાપણે થયા વિના સર્વ શુભ પ્રવર્તન તે બાળકની ચાલ છે, અર્થાત્, અજ્ઞાનમય બાળચેષ્ટાવત્ જાણવું; માટે કારક ચક્ર બાધકતાથી વારીને, સાધકતાને અવલંબીને તે કારક ચક્રને સમારવું, સ્વરૂપાનુયાયી કરવું, અને આત્માને એમ કહેવું જે હે ચેતન ! તું પરભવનો કર્ત્તા, તથા ભોક્તા, અને ગ્રાહકતા નહિ તું તો સંપૂર્ણ જ્ઞાનાનંદનો શુદ્ધ વિલાસી છે, અને તું જે પરભાવમાં રમી રહ્યો છે, તથા પરભાવનો ભોગ થઇ રહ્યો છે, એ તુજને ઘટે નહિ; તારૂં કાર્ય, તો અનંત ગુણ પરિણામિકરૂપ સ્વરૂપભોક્તાપણું છે, તે માટે હે ચૈતન્ય હંસ ! હવે તું ય-

થાય જિનવાણીરૂપ અમૃત પાન કરીને, અનાદિ વિભાવવિષ વામીને પોતાનું તત્વ સંભારી, સ્વપર વિવેચનકારી થઇને પોતાનુંજ સહજાનંદ પદ તેને પ્રાપ્ત કર; એહીજ તારૂં કાર્ય છે. તું તનુ ઉપાદાન કારણ શક્તિવંત છે, તેનો લેવાવાલો છે, તું તારી ગુણ સંપદા તારે પ્રદેશે પ્રગટ કરવારૂપ દાનનો સંપ્રદાની છે, માટે હે ચેતન! એ અનાદિ અશુદ્ધ પરિણામને તુંહીજ ત્યાગ કરીશ; અને તારી સત્તાનો આધાર પણ તુંહીજ છે, માટે તુંહીજ તારા તત્વને કર, તાહરૂં તત્વ તું નીપજાવીશ; એમ પોતે પોતાના આત્માને કહિને સાધકપણું આદરવું, તે આદરતાં કારક સમરવેથી અનુક્રમે આત્માનું સ્વકાર્ય નીપજે પછી એહીજ આત્મા સિદ્ધ થાય, માટે એહીજ સાધનનો માર્ગ છે, સાધન કીધેથી કાર્યની સિદ્ધિ થાય, એ ક્રમ છે.

સામર્થ્યોદધિ.

* સર્વ સામર્થ્ય મહાસાગરરૂપ પરમાત્મા છે, માટે જો તમારે સામર્થ્ય પ્રાપ્તિ કરવી હોય તો પરમાત્માભિમુખ થવું. તૃષા નિવારવાની ઇચ્છા રાખનાર વેરાનમાં જશે કે જળાશય તરફ જશે? જો તેને તૃષા લાગીજ હશે અને જળની જરૂર હશે તો તે વેરાનમાં નહિજ જાય પણ જળાશય તરફ જશે. જો તમારે સામર્થ્યની ઇચ્છા હોય, સામર્થ્યને મેળવવું હોય તો તમો પરમાત્માભિમુખ બનો પરમાત્માભિમુખ થવાથીજ તમારામાં સામર્થ્યની પ્રાપ્તિ થશે.

મુંબઇથી પુના જવા ઇચ્છનાર મનુષ્ય ગુજરાત મેલમાં બેસી અમદાવાદ તરફ જશે? પુના જવાને માટે તેણે તરફ જતી ગાડીમાં બેસવું જોઇએ, તેવીજ રીતે આપણે જે વસ્તુને મેળવવી જોઇતી હોય તે વસ્તુ મેળવવાને માટે તે વસ્તુ જ્યાં હોય ત્યાં જવું જોઇએ.

સૂર્યનું કામ પ્રકાશ આપવાનું છે. અંધકાર કરવાનું કામ સૂર્યનું નથી તે સદા તેજોમય છે. અંધકાર એવું કશુંજ સૂર્યમાં નથી. તેવીજ રીતે પરમાત્મા સુખમય છે, તેમનામાં દુઃખનો કેવળ અભાવ છે. જે સૂર્ય નારાયણ છે. પૂજા કરનારને તેમજ તેમના સામે ધુળ નાંખનારને, તમામને અધિક ન્યૂન નહિ પણ સરખાજ પ્રકારે પ્રકાશને આપે તેવીજ રીતે પરમાત્મા સર્વ પ્રાણી માત્રને સુખનાજ કારણ છે.

ત્યારે કેટલાક મનુષ્યને દુઃખી થતા જોવામાં આવે છે તેનું કારણ શું! તે એજ કે તે મનુષ્યો પોતે પોતાની મેળે દુઃખને પ્રાપ્ત કરે છે જેમ સૂર્યનો સ્વભાવ પ્રાણી માત્રને પ્રકાશ આપવાનો છે છતાં કેટલાક મનુષ્યો સૂર્યનાં કિરણોને પોતાના ઉપર પ્રકાશ આપતાં અટકાવવાની ખાતર કોઇ બંધ મકાનમાં બેસી રહે અને બહાર સૂર્યના પ્રકાશમાં ન પ્રવેશ કરે તો તેમાં સૂર્યનો વાંક કે પેલા મનુષ્યનો? આ-

* ભાગ્યોદય અંક ૮ મો સને ૧૯૧૩ અકટોબર.

વશ્ય તમે કહેવાનાજ કે તે વાંક સૂર્યને નહિં પણ પેલા મનુષ્યનો. સૂર્ય તો પોતાના કિરણદ્વારા જગતમાં પ્રકાશ આપ્યાજ કરે છે પણ તેને ગ્રહણ કરવો યા ન કરવો એ મનુષ્યનું કામ છે તેવીજ રીતે પરમાત્મા તો સદા સુખને માટે પ્રવર્તે છે પણ તેમના અભિમુખ રહી સુખને મેળવવું યા વિમુખરહી દુઃખને મેળવવું એ મનુષ્યનું કામછે

સામર્થ્યાદિ ક્યાં છે! એવો કોઇ પ્રશ્ન કરે અને કહે કે અમારે તો સુખ અને સામર્થ્ય મેળવવું તો ઘણુંય છે પણ કરીએ શું ? સમુદ્રના જળની ઇચ્છા તો હોય પણ જ્યાં સમુદ્રજ દીઠો ન હોય યા તો સમુદ્ર ક્યાં છે તેનું જ્ઞાનજ ન હોય તો પછી સમુદ્ર જળ ક્યાંથી મેળવવું ? આવો પ્રશ્ન ઉઠવો એ સ્વાભાવિક છે. આ સામર્થ્યોદધિ તમારીજ પાસે છે. તે સૂર્ય જેટલે ઉંચે કે સમુદ્ર જેટલે વેગળે નથી તે તમારી નજીકમાં નજીક છે. તે પહાડ પર્વતો કે ગુફામાં નથી, તે તમારી નિકટમાં નિકટ છે. તે તમો જાણો છો છતાં તે વચનો ઉપર અવિશ્વાસ રાખી તેને મેળવવાનો તમે કદી પણ પ્રયત્ન કર્યો નથી અને તેથીજ તે તમારી નિકટ હોવા છતાં તમને વેગળે અને વેગળે ભાસે છે.

પરમાત્મા તમારામાંજ છે તમારા હૃદયમાં સુખના કિરણોને પ્રસરાવતા તે સદાકાળ વિરાજમાન છે. તે કિરણોમાં પ્રવેશ કરી સુખને ગ્રહણ કરવું એ તમારૂં કામ છે. તે કિરણોમાં પ્રવેશ ન કરતાં, જેમ અંધારી કોટડીમાં રહી સૂર્યના પ્રકાશને કોઈ ગ્રહણ ન કરી સૂર્યને દોષ દે તો તે મૂર્ખ ગણાય, તેમ તમે જો, પરમાત્માભિમુખ થઈ સુખના કિરણોને ગ્રહણ કરી ન શકતાં દુઃખના રોદડાં રડયાં કરો તો તેમાં પરમાત્મા સુખ નથી આપતા એ કહેવું એ મૂર્ખતાભર્યું કહેવાય છે.

પરમાત્માભિમુખ થવાને માટે જે રસ્તે પરમાત્મા પાસે જવાય છે તે રસ્તાની વચ્ચે આડે આવેલી વસ્તુઓને આપણે ખસેડવી જોઈએ. જેમ ઘરનાં બારણાં ઉઘાડવાથી સૂર્ય પોતાની મેળે તેમાં પ્રકાશ નાખે છે, તેમ આપણે પણ પરમાત્માનાં સુખમય કિરણોને ગ્રહણ કરવાને માટે શુભ વિચારો રૂપી દરવાજાને ઉઘાડવા જોઈએ અને આ પ્રમાણે કામના, ક્રોધના, મોહના, ભયના ઉદ્વેગના, દ્વેષના અને એવાજ અશુભ વિચારોને દૂર ખસેડી પરમાત્માનાં સુખમય કિરણોને ગ્રહણ કરવાં જોઈએ.

ઉપરોક્ત હકીકતથી પરમાત્મા તમારામાંજ વિલસી રહ્યા છે, તે જાણી તમારા હૃદયમાંજ તેમનું નિવાસસ્થાન છે તે પ્રતિ અભિમુખ થાવ.

અભિમુખ શી રીતે થવું એવો પ્રશ્ન આ સ્થળે સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. પરમાત્માકાર વૃત્તિ કરો, પરમાત્મા જ્યારે તમારા હૃદયંગમ પ્રદેશમાં છે એવું તમે જાણ્યું તો પછી તેમના પ્રતિ એકાગ્ર વૃત્તિથી તેમના ગુણ અને સામર્થ્યનું ચિંતન કરતા તમારા વિચારોનાં કાકડાંને વેગળાં મૂકો અને માત્ર પરમાત્માના ગુણ ધર્મોના વિચારોનેજ ગ્રહણ કરી તેજ વિચારરૂપ દોરડે વળગ્યા વળગ્યા જાવ.

તે વિચાર જ્યાંથી ઉત્પન્ન થાય છે, ત્યાં જઇ વિરમો અને ત્યાં જઇ પરમાત્માના સ્વરૂપ સામર્થ્યને વિચાર કરતા પરમાત્માનું ધ્યાન કરો.

આમ કરવાથી તમારા હાથમાં પરમાત્મા આવી જશે એમ ન માનશો, આ તો એક અભ્યાસ કરવાનું સૂત્ર છે, પણ તેજ પ્રમાણે દરરોજ નિયમસર એકજ સૂત્ર—દોરડા વિચારને વળગી આગળ અને આગળ તેના મૂળ સ્થાને જવાની ટેવ પાડો.

વચ્ચે વિરોધિ વિચારોરૂપી વિઘ્નો ઉઠે તો તે તરફ લક્ષ ન આપતાં તમે જે પરમાત્માનું સંધાન કરાવનાર વિચારરૂપ દોરડાને ઝાલ્યું છે, તેજ દોરડે વળગી રહી આગળ અને આગળ ચાલ્યા કરો, જો દોરડું મુકી દઇ બીજા દોરડારૂપી વિચારમાં તણાયા તો પછી તરતજ પાછા રબ્બડનું દોરડું જેમ હાથમાંથી છટકે અને જ્યાં હોય ત્યાંનું ત્યાં જઇ બેસે તેમ તમે પાછા જ્યાં હશો ત્યાંના ત્યાંજ જશો, માટે આ પરમાત્માકાર કરાવનાર એકજ વિચારને વળગી રહેશો, તો અંતે સામર્થ્યોદધિમાં સ્નાન કરશો.

* તમારા આત્મામાં ત્હમેલીન થઇ જશો એટલે દૃશ્ય જગતનો સર્વ વિસ્તાર ત્હમારી આગળ છેક પાતળો થઇ જશે. ત્હમે ત્હેને ગમે તે આકાર આપી શકશો અથવા તે કપૂરની પેઠે ઉડી જશે. 'હું દેહ નથી' એમ સમજાતાંજ સર્વ શારીરિક વ્યાપાર, સંબંધ અને બંધનો કેવળ રમકડાં જેવાં ભાસશે. એ સર્વ નાટકની રંગભૂમિ ઉપરના પાત્રોનાં કામ છે. રંગભૂમિ ઉપરના પાત્ર તરીકે એક મનુષ્ય મ્હારો શત્રુ હોય છે, બીજો મ્હારો મિત્ર બને છે, કોઈ પિતા થાય છે તો કોઇ પુત્ર થાય છે. પરંતુ વસ્તુતઃ હું પુત્ર પણ નથી અને પિતાએ નથી. એ શત્રુ મિત્રો પણ ખરેખર શત્રુ મિત્રો નથી. હું કેવળ બ્રહ્મ છું, સંસારી બંધનો અથવા સંબંધ મ્હને બાંધી શકતાં નથી. સર્વ સંબંધ માયાવી છે. રંગભૂમિ ઉપર સર્વ પાત્રોએ પોતપોતાનો પાર્ટ બરાબર ભજવવો જોઇએ; પરંતુ જે નાટકમાંનો પ્રેમ અને દ્વેષ ખરાં ગણીને પોતાના શરીરપર તે વ્હોરી લે છે તે કેવળ મૂર્ખ છે. તેવીજ રીતે આખું જગત્ જ્યારે નાટકનો એક સીન–દેખાવ–જ છે તો કર્ત્તવ્યના બાહ્ય સ્વરૂપને બીન જરૂરી મહત્વ શા માટે આપવું ? એક રાજા હોય તો ત્હેની અદેખાઇ શા માટે કરવી ? કિંવા બીજો રંક હોય તો તેનો તિરસ્કાર કરવાનો આપણને શું અધિકાર છે ?

ધારો કે એક ન્યાયાધીશ છે તે ન્યાયમંદિરમાં આવે છે અને પોતાને સ્થાને બેસે છે. વાદી પ્રતિવાદીઓ, કારકુનો, વકીલો, નોકર ચાકર અને બીજા લોકો ક્યારનાએ ત્હેની રાહ જોતા ત્હેને માલુમ પડે છે. ન્યાયાધીશને સાક્ષીને બોલાવવા કે વકીલોને નિમંત્રણ આપવા જવું પડતું નથી. વાદી પ્રતિવાદીને લાવવા પડતા

* સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો.

નથી. તેને ઓરડાઓ વાળવા, સાફ કરવા, ટેબલ લુછવા, બેઠકો સાફ કરવી વગેરે કરવું પડતું નથી. તે આવતાંજ સર્વ કામ વ્યવસ્થિત રીતે શરૂ થાય છે. જેમ સૂર્યના ઉગવાથીજ સર્વ સૃષ્ટિ જાગૃત થાય છે. નદી, વનસ્પતિ, મનુષ્ય સર્વને આલ્હાદ થાય છે, તેવીજ રીતે જ્યારે ત્હમે સત્ય સ્વરૂપમાં ત્હમારૂં થાણું બેસાડશો ત્યારે ત્હમે નિષ્પક્ષપાતી વરિષ્ટ ન્યાયાધીશ તરીકે ત્હમારા આત્માનો જગ્યાએ અધિષ્ઠિત થશો. જ્યારે ત્હમારો દિવ્ય આત્મા સર્વ શક્તિથી પ્રકાશવા લાગશે, ત્યારે સર્વ પરિસ્થિતિ પોતાની મેળેજ પોતાનું કાર્ય કરવા લાગશે અને ત્હમારી સમીપતાના સુખકારક પ્રકાશથી સર્વ વસ્તુઓ આનંદિત અને સુવ્યવસ્થિત થશે.

દરેક મનુષ્ય બાળકની એટલી બધી ખુશામત શા માટે કરે છે? એ ન્હાનો સરખો બાળ રાજા મોટા મોટાઓને પ્રભે ચડી બેસે છે, અને તેમની મુંછો ખેંચે છે એ શાથી? એનું કારણ એજ કે બાળક પરિસ્થિતિથી અલિપ્ત અને અજાણતાં જ બ્રહ્મમય સ્થિતિમાં હોય છે.

ગામમાં રાજા આવતો હોય તો કેટલી સફાઇ રાખવી પડે છે? ત્યારે પ્રભુને હૃદયમાં લાવવા માટે કેટલું બધું પવિત્ર થવું જોઇએ? એ વિચાર તો કરો.

* કલકત્તાનો ગવર્નર જનરલ આવવાનો હતો, તેથી મુંબાઈ શહેરમાં સુધારાની મોટી ધામધુમ ચાલી રહી હતી. રસ્તાઓ સાફ થતા હતા; મકાનો ઉપર રંગ અને વારનીસ લાગી રહ્યાં હતાં; રસ્તાઓ ઉપર લોકો વાવટા અને તોરણો બાંધતા હતા, કોઇ કાગળનાં ફુલો ગોઠવતા હતા, કોઈ પોતાની દુકાન પાસે જરીના વસ્તાઓ લટકાવતા હતા; કોઇ ધજા પતાકા ફરકાવતા; કોઇ સોનેરી રૂપેરી મોટા અક્ષરે "ભલે પધારો નામદાર વાઈસરોય સાહેબ" એમ લખતા હતા; કોઇ સુશોભિત કાચઓની ભભકાદાર કમાનો બનાવતા હતા; કોઇ ફુલપાનનાં રોનકદાર આરકાંઓ ગોઠવતા હતા, અને કેટલાક ઝવેરીઓએ પોતાનાં ઘર પાસે મોતીઓની શેરો લટકાવી દીધી હતી. બંદર ઉપર લોકોનાં ટોળે ટોળાં મળતાં હતા, અને રસ્તાની બેઉ બાજુએ ભારે દબદબાથી લશ્કર ગોઠવાઇ ગયું હતું; તથા વાઇસરાય સાહેબના માનમાં તોપોના બહાર થઇ રહ્યા હતા.

મુંબઇમાં જ્યારે આવી ધામધુમ ચાલી રહી હતી, ત્યારે કાઠિયાવાડથી એક ભક્ત મુંબઇમાં આવેલા હતા, તે ભક્ત કોઇની ભલામણથી મુંબઇના એક સુધરેલા શેઠીઆને ત્યાં ઉતરેલા હતા; જે શેઠિયો અરધો વટલેલ જેવો હતો, તેથી તેને ભક્તની રીતભાત પસંદ પડતી નહોતી, એટલે વાતમાં વાતમાં તે ભક્તની ચેષ્ટા કર્યા કરતો હતો. ભક્ત દિવસમાં બે ત્રણ વખત નહાય, બહુ માલા–કંઠી રાખે, બહુ તિ

* સ્વર્ગનું વિમાન.

લક છાપા કરે, બહુ વ્રત—ઉપવાસ કરે, બહુ ધર્મની વાતો કર્યા કરે બીજા ભક્તોમાં ભળ્યા કરે, અને પોતાની સેવા—પૂજામાં બહુ વખત ગાળે, તે પેલા શેઠિયાને પસંદ પડતું નહિ. તેથી તે કહેતો કે ભક્ત તમે ભક્ત થયા પણ હજુ ઢોંગ ન મૂકયા. આ બધા ઢોંગ માંડ્યા છે ? એમાં કાંઇ નહીં વળે, પ્રભુ તો અંતરમાં જોઇએ. આ બહારના વગવા શું કામના ? આમ વાત ચાલે છે એટલામાં તો ફૂટી! તોપનો અવાજ સાંભળીને શેઠે કહ્યું કે, ભક્ત ! ચાલો ચાલો, જલદી કરો; આજની ધામધુમ જોવા જેવી છે. ભક્તે પૂછ્યું કે શું છે ? શેઠે કહ્યું કે અરે ભલા માણસ ! એટલી પણ ખબર નથી ? આજે વિલાયતથી કલકત્તાના ગવર્નર સાહેબ આવે છે. ભક્તે કહ્યું કે ગવર્નર આવે તેમાં શું થયું ? એમાં આટલી બધી ધામધુમ શેની ? શેઠે કહ્યું કે, એ કાંઇ સવાલ છે ? ગવર્નર આવે તેમાં શું થયું ? તમે ભગતડાઓ તે દુનિયાદારીમાં કાંઇ સમજો છો કે નહીંજ ? મોટો હાકેમ આવે તેને માન ન આપવું જોઇએ. જો એને એના દરજા પ્રમાણે માન ન આપીએ તો પછી રાજ તરફની આપણી વફાદારી કેવી રીતે બતાવી શકાય ? ભક્તે કહ્યું કે, પણ એવી વફાદારી બતાવવાની જરૂર શું ? આ સાંભળીને તે શેઠ ચીડાઇ ગયો. તેણે કહ્યું કે, ભગત ! તમે સાવ ઢોર જેવા છો. રાજ્ય તરફ વફાદારી બતાવવાની જરૂર શું એમ તમે કહો છો ? એમ કહેનારને તો મુશ્કેટાટ બાંધીને ખૂબ ફટકાવવા જોઇએ. જેના રાજ્યમાં આપણે સુખથી રહીએ, જે આપણું રૂડી રીતે રક્ષણ કરે, જે આપણને નવા નવા હક્કો આપે, જે આપણને ચોરથી લુટારાઓથી, ને પરદેશી લોકોના હુમલાઓથી બચાવે જે આપણે માટે રસ્તાઓ પુલો, દવાખાનાઓ ને નિશાળો વગેરે બંધાવે, જે આપણા ધંધા રોજગારને, ખેતીવાડીને તથા વેપારને ખીલવે, દુકાળ, રેલ, આગ વગેરે આફતોને વખતે જે આપણને મદદ કરે, અને જે આપણા ધર્મનું રક્ષણ કરે, તે રાજની તરફ વફાદાર ન રહે અને તેવા ભલા હાકેમોને માન ન આપે, એના જેવો નિમકહરામ બીજો કોણ !

ભક્તે કહ્યું કે, શેઠ ! તમારી બધી વાત ખરી છે પણ એ ઉપરથી તો સૌથી વધારે નિમકહરામ તમે લાગો છો. શેઠે કહ્યું કે, તમારૂં ભેજું જરા ચસકેલું લાગે છે. હું કેવી રીતે નિમકહરામ છું ? ભક્તે કહ્યું કે ગવર્નરો અને ગવર્નરોના રાજાના રાજા પણ જેના ચરણમાં હજારો હજારવાર માથું ઝુકાવી રહ્યા છે, તે સર્વ શક્તિમાન પ્રભુ તરફ તમે બેદરકારી રાખો છો, માટે તમે સર્વ નિમકહરામો કરતાં પણ વધારે નિમકહરામ છો. કારણ કે બીજા નિમકહરામો તો દુનીયાંની તરફ નિમકહરામ હોય છે, પણ તમો તો ખુદ પ્રભુની તરફ નિમકહરામ છો. હવે તમે વિચાર કરો કે એક હાકેમ આવવાનો હોય તેને માટે પણ જયારે એટલી બધી ધામધુમ કરવી પડે છે, ત્યારે અનંત બ્રહ્માંડના નાથને આપણા હૃદયમાં લાવવા માટે કાંઇ તૈયારી ન જોઈએ કે ?

ભાઇઓ ! ભક્તિનાં બહારનાં ચિન્હ તે પ્રભુ તરફની વફાદારીની નિશાનીઓ છે, અને પ્રભુને અંતરમાં લાવવાની તે તૈયારીઓ છે. માટે જો પૂર્ણ પ્રેમથી મહાન પ્રભુને અંતરમાં લાવવા હોય તો શરૂઆતમાં ભક્તિનાં બહારના ચિન્હોની પણ કેટલેક દરજ્જે જરૂર છે.

અંતઃકરણની શુદ્ધિ વિના આત્મશુદ્ધિ થવી અસંભવિત છે એમ સ્પષ્ટીકરણ કરી આત્મશુદ્ધિ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

आत्म प्रकाश-आधिकार.

આત્માની ગુણ શ્રેણી અનુક્રમે હૃદય પર કાબુ મેળવી, સર્વ વિકાર જે ભેદી શકે ત્યારેજ તેનો નિરમળ પ્રકાશ દૃષ્ટિમાં થઇ શકે છે. તે માટે આત્મપ્રકાશનું સ્વરૂપ સમજાવવાને આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

સ્વપ્રકાશ આત્મશક્તિ.

आर्या. (૧ થી ૩)

रविचन्द्रवह्निदीपप्रमुखाः स्वपरप्रकाशाः स्युः ।
यद्यपि तथाप्यमीभिः प्रकाश्यते क्वापि नैवात्मा ॥ १ ॥

સૂર્ય, ચંદ્ર, અગ્નિ, અને દીપક પ્રમુખ પદાર્થો જો કે પોતાને અને પર-બીજાને પ્રકાશ કરનારા છે. તથાપિ એ સૂર્યાદિ પદાર્થો ક્યારે પણ આત્માને પ્રકાશ કરી શકતા નથી. કારણ આત્મા સ્વપ્રકાશ છે. ૧

આત્માનો ઇંદ્રિયપર કાબુ.

सत्यात्मन्यपि किं नो ज्ञानं त्वचेन्द्रियान्तरेण स्यात् ।
अन्धे दृक्प्रतिबन्धे करसम्बन्धे पदार्थभानं हि ॥ २ ॥

જો આત્મા હોય તો બીજી ઇંદ્રિય વડે પણ શું જ્ઞાન નથી થતું અર્થાત્ થાય છે. કારણ કે દૃષ્ટિનો પ્રતિબંધ કર્યો હોય અર્થાત્ અંધ હોય, તો પણ હાથ વડે પદાર્થનું ભાન થાય છે. ૨

આત્માની સંપૂર્ણ શક્તિ.

जानाति येन सर्वं केन च तं वा विजानीयात् ।
इत्युपनिषदामुक्तिर्बध्यत आत्मात्मना तस्मात् ॥ ३ ॥

* ૧ થી ૩ કાવ્યમાલા ગુચ્છક આઠમો જૈનેતરોક્તિ છે.

ઉપનિષદો કહે છે કે, જે આત્માથી સર્વ પદાર્થો જણાય છે, તે આત્માને કોનાથી જાણવો ? મતલબ કે આત્મા આત્માથીજ બદ્ધ થયેલો છે. ૩

આત્મસ્વરૂપ કેમ ઓળખી શકાય તે સમજાવતાં આ **આત્મપ્રકાશનામા** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

आत्मभव्यता–अधिकार.

આત્મસ્વરૂપને ઓળખવાથી તથાભવ્યતા સ્વરૂપની પ્રાપ્તિ થવાને પ્રસંગ મળે છે. તેથી હવે તથાભવ્યતાનું સ્વરૂપ પ્રશ્નોત્તર રૂપે સમજાવવાને આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

* પ્રશ્ન—હે મહારાજ ! શુદ્ધ ધર્મની પ્રાપ્તિ શાથી થાય !

ઉત્તર—મિથ્યાત્વાદિ પાપ કર્મનો નાશ થવાથી થાય.

પ્રશ્ન—તેનો નાશ શાથી થાય ?

ઉત્તર—હે શુભેચ્છુ ! જીવોની અનાદિ "તથાભવ્યતા" જ્યારે પરિપક્વ થાય ત્યારે—એટલે તે વિશેષ શક્તિવાળી થાય ત્યારે મિથ્યાત્વાદિ પાપનો નાશ થાય.

પ્રશ્ન— હે મહારાજ ! તે "તથાભવ્યતા" શું છે ?

ઉત્તર—હે ભદ્ર ! તે "તથા ભવ્યતા" અનાદિના જીવોને મોક્ષ ગમનની યોગ્યતા રૂપ પારિણામિક ભાવ છે. તે મોક્ષની યોગ્યતા સર્વ ભવ્ય જીવોને સ્વરૂપ માત્રે તો તુલ્ય છે પણ સર્વ જીવની સમકાળે પરિપક્વ થતી નથી; જુદે જુદે કાળે પરિપાક પામે છે. તે કાળ ભેદે પાકવા રૂપ વિચિત્રતાવાળી હોવાથી તેને તથા-ભવ્યતા કહેલી છે. 'તથા' એટલે તે તે પોત પોતાના પાકવા યોગ્ય ક્રમાગત કાળને પામી પામીને પાકવાના સ્વભાવ વાળી એવી જે "ભવ્યતા" એટલે મોક્ષગમનની યોગ્યતા તે "તથા ભવ્યતા" તે જીવને જુદા જુદા વિચિત્ર પ્રકારના કાળાંતરે પાકે છે, તેથી સર્વ જીવોને સમ્યગ્ દર્શનાદિ ગુણોની તથા મોક્ષની પ્રાપ્તિ સમકાળે થતી નથી. જો સર્વ જીવોની યોગ્યતા સાથે પાકે તો ગુણપ્રાપ્તિ સર્વને એક સાથે થાય, પણ તેમ થતું નથી; માટે એ જ્યારે પાકે ત્યારે તેના જોરથી મિથ્યાત્વાદિ પાપ કર્મનું તથા અનાદિ કર્મ બંધની યોગ્યતાનું બળ ઘટી જવાથી જીવ શુદ્ધ ધર્મ પામી શકે, અને શુદ્ધ ધર્મ પામવાથી જન્મ જરા મરણાદિ દુ:ખોનો અંતકરી અજરામર પણું પામે.

પ્રશ્ન— હે મહારાજ ! તે "તથા ભવ્યતા" ક્યારે પાકે છે ! અને તે સ્વભાવેજ પાકે છે કે કોઇ સાધન સેવવાથી પાકે છે ?

*તત્ત્વ વાર્તા.

ઉત્તર—હે ભવ્ય જીવ, જ્યારે પોતાના ચરમ પુદ્ગલ પરાવર્તન રૂપ કાળમાં આવે ત્યારે કોઈ જીવની " તથાભવ્યતા " સ્વભાવેજ પાકે છે અને ઘણા જીવોની ઉપાયના સેવનથી પાકે છે.

પ્રશ્ન—આપે ચરમ એટલે છેલ્લું પુદ્ગળ પરાવર્તન કહ્યું તો "પુદ્ગળ પરાવર્તન" કેટલા હોય છે? ને તેનું શું સ્વરૂપ છે?

ઉત્તર—હે ભદ્ર! આત્મા અને કાળ બન્ને અનાદિ હોવાથી અતીતકાળ સંબંધી પુદ્ગળ પરાવર્તન સર્વ જીવોને-દરેકને અનંતાનંત વ્યતીત થયા છે-કોઈને ઓછા થયા નથી. અને અનાગતકાળે જ્યાંસુધી મોક્ષ નહી પામે ત્યાંસુધીમાં કોઈ જીવને અનંતાનંત થશે, કોઈને અનંતા, કોઈને અસંખ્યાતા, કોઈને સંખ્યાતા, કોઈને બે, કોઈને એક, કોઈને પોણું, કોઈને અરધું ને કોઈને પા થવાનું હોય છે. એમ ભાવી પુદ્ગળ પરાવર્તન અનંતાનંત જીવોને અનંતાનંત થવાના, તેમાંથી જેટલા જીવોને આ ચાલતું એકજ પુદ્ગળ પરાવર્તન બાકી રહ્યું હોય-આ પુદ્ગળ પરાવર્તનમાંજ જે જીવો મોક્ષે જવાના હોય, તેને છેલ્લા (ચરમ) પુદ્ગળ પરાવર્તન પ્રાપ્ત કહીએ. તેમાં એ તથાભવ્યતા પાકે છે.

પુદ્ગળ પરાવર્તન એ એક પ્રકારનું અતિ મહાન્ અનંતા વર્ષની સંખ્યાવાળું સર્વ પ્રકારના કાળમાનથી મોટું કાળમાન છે. તેનું પરિમાણ અનંતા વર્ષોનું હોવાથી તે ગણી શકાય નહીં તેથી સર્વજ્ઞ ભગવાને શાસ્ત્રમાં વ્યવહારી જીવોને સમજવા માટે કેટલાક દાખલા અને તેનું માન આપેલા છે. તેમાંથી એક દાખલો આ પ્રમાણે છે-આ ચૌદ રાજના પ્રમાણવાળો લોક અનંતાનંત છુટા પરમાણુઓથી તેમજ તેના દ્વિપ્રદેશી ત્રિપ્રદેશી યાવત્ અનંત પ્રદેશી સ્કંધોથી નિચિતપણે વ્યાપ્ત છે કે જે પરમાણુઓ ને સ્કંધો વર્તમાનમાં કોઈ જીવે ગ્રહણ કરેલા નથી. ઉપરાંત અનંતાનંત જીવોએ ઔદારિક ૧, વૈક્રિય ૨, આહારક ૩, તૈજસ ૪, અને કાર્મણ ૫, એ પાંચ શરીરપણે તથા એકેન્દ્રિયાદિ સર્વ જીવોએ શ્વાસોશ્વાસપણે અને દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય ને પંચેદ્રિય જીવોએ ભાષાપણે તેમજ પંચેદ્રિય એવા નારકી તીર્યંચ મનુષ્ય અને દેવતાઓએ મનપણે ગ્રહણ કરેલા એવા પણ અનંતાનંત સ્કંધો છે. તે સર્વ પુદ્ગળોને કોઈએક જીવ આહારક શિવાયના બાકીના ચાર શરીરમાંથી કોઈએક શરીરપણે, અથવા ભાષાપણે, અથવા શ્વાસોશ્વાસપણે, અથવા મનપણે પ્રથમ અપૂર્વપણે ગ્રહણ મોચન કરવાવડે જેટલા કાળે ગ્રહી મૂકી રહે તેટલા કાળને એક દ્રવ્ય પુદ્ગળ પરાવર્તન કહીએ. આવા પુદ્ગલ પરાવર્તન દરેક જીવને પૂર્વે અનંતા થયેલા છે.

પ્રશ્ન—હે મહારાજ! જીવ ચરમ પુદ્ગળ પરાવર્તનમાં શી રીતે આવી શકે?

ઉત્તર—અનાદિ સહજ પરિણામથી જીવ બે પ્રકારના સ્વભાવવાળા હોવાથી

બે જાતિના છે. એક ભવી જાતિના ને બીજા અભવી જાતિના, તેમાં જે ભવી જાતિના છે તેમનામાં મોક્ષે જવાની યોગ્યતારૂપ સ્વભાવની સત્તા અનાદિથી રહેલી છે, તેથી તેમની ભવપરિણતિ પલટાય છે; ને અભવીમાં મોક્ષે જવાની યોગ્યતા ન હોવાથી તેમની ભવપરિણતિ બદલાતી નથી; અનાદિથી જેવી છે તેવીને તેવીજ રહે છે. એટલે તેમના અનાગત પુદ્ગળ પરાવર્તન ઓછા થવાના નથી. ભવી જીવોની ભવપરિણતિ બદલાય છે, તેથી તેમના અનાગત પુદ્ગળ પરાવર્તન ઓછા ઓછા થતા જાય છે. તેમાં ભવીઓની પણ અનાદિથી તો કર્મ બંધની યોગ્યતા અતિશય ઉત્કૃષ્ટ સંકિલષ્ટ પરિણામમય ઘોર મિથ્યાત્વ અવિરતિ, રાગ દ્વેષાદિક પણે પરિણમેલી હતી તેથી જીવ અતિ સંકલેશ કારી કર્મ બંધ કરતા હતા. અને મહા મલિન પરિણામી થયા સતા ઘોર અજ્ઞાન અંધકાર મયી મહા સંકિલષ્ટ દુઃખ રાશિમાં વર્તતા હતા. તેવી રીતે અતિપ્રભુત કાળ—અનંતા કાળ ચક્રો પર્યંત તેવું દુઃખ ભોગવતાં જ્યારે અકસ્માત્ ઘુણાક્ષર ન્યાયે અકામ નિર્જરા કાંઇક સારી થાય ત્યારે તેમની અનાદિ સહજ કર્મ બંધ યોગ્યતા જે અતિશય તીવ્ર પરિણામ વાળી હતી તે કાંઈક અંશે (કિંચત્ માત્ર) પ્રથમ કરતાં મંદ પરિણામ વાળી થાય તેથી તેટલે અંશે કર્મ બંધ પણ ઓછો થાય, ત્યાંથી લઇને ભવી જીવોના અનાગત પુદ્ગળ પરાવર્તનમાં એક એક ઓછું થતું જાય. કર્મ બંધની યોગ્યતા પણ પ્રત્યેક પુદ્ગળ પરાવર્તે મંદમંદ થતી જાય. એવા ક્રમથી અકામ નિર્જરા વડે જીવ ઘણું કરીને ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવે, તે જીવને મોક્ષ પ્રાપ્તિ જે પ્રથમ અનેક પુદ્ગળ પરાવર્તનના અંતકાલે અતિદૂર હતી કે તે એક પુદ્ગળ પરાવર્તનના અંતકાળમાં—સમીપે આવે. મોક્ષ પ્રાપ્તિ સમીપ આવવાથી એની તથા ભવ્યતા પાકે એટલે તે યથાર્થ ધર્મ તત્વાદિકને જાણવાની ઇચ્છાને ઉત્પન્ન કરવાની શક્તિવાળી થાય.

ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવ્યા પહેલાં કેટલાક જીવો મનુષ્ય ભવ પામે છે અને જૈનધર્મની અથવા અન્ય ધર્મની તપજપ પૂજા સંયમ પ્રમુખ કરણી કરે છે અને તેના ફળ તરીકે રાજ્યભોગ અને સ્વર્ગાદિક પામે છે પરંતુ તત્વ ભૂત ધર્મમાર્ગ જાણવાની ઇચ્છા રૂચિને પામેલા ન હોવાથી તેમને ધર્મ સંબંધી સદનુષ્ઠાનની પ્રાપ્તિનો હેમજ સદ્જ્ઞાન ક્રિયાના ફળભૂત મોક્ષની પ્રાપ્તિનો હેતુ ભૂત તે ધર્મ થતો નથી. તથાભવ્યતા પાકેલી ન હોવાનો યથાર્થ તત્વ જીજ્ઞાસાનો તેમને અભાવ હોય છે. ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવેલ જીવજ સદ્ધર્મને યોગ્ય થાય છે.

પ્રશ્ન—હે મહારાજ! આપણે ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવ્યા છીએ કે નહીં? તે કેમ સમજાય?

ઉત્તર—હે ભવ્ય! તે સમજવા માટે આપણે જ્ઞાન દૃષ્ટિમાં પોતાનું અંતઃક-

રણ તપાસવું કે આપણને મોક્ષ પામવાનો અભિલાષ, ધર્મ કરવાનો અભિલાષ અને તત્વ જાણવાનો અભિલાષ નિર્બીજ પરિણામિક ભાનથી ઉત્પન્ન થયો છે કે ઉપર ચોટીઓ છળ પરિણામવાલો અભિલાષ છે? એમ સત્યપણે આત્મ સાક્ષિએ પોતાના હૃદયમાં વારંવાર તપાસતાં ત્રણે અભિલાષ પરમાર્થરૂપે છે એમ ભાસે તો જાણવું કે આપણે ચરમ પુદ્ગળ પરાવર્તનમાં વર્તીએ છીએ.

પ્રશ્ન—હે મહારાજ! આપે પ્રથમ કહ્યું કે 'તથાભવ્યતા કોઇકની સ્વભાવે પાકે ને ઘણાની તો ઉપાયસેવનથી પાકે છે' તો તેને પકાવવાનો ઉપાય શું છે?

ઉત્તર—તેને પકાવવાનો ઉપાય આ પ્રમાણે છે—પ્રથમ તો પોતાના હૃદયમાં એવો નિરધાર કરવો કે —મારો આત્મા નિરાધાર છે, અશરણ છે, અનાથ છે, કેમકે આ જન્મમાં પણ રોગાદિક કે રાગાદિકની આપદામાંથી ધન, સ્ત્રી, પુત્ર, જનની જનકાદિ કોઈ મારૂં રક્ષણ કરી શકે તેમ નથી, તેમ છતાં પણ તે આપદા આપ્યા કરે છે. જ્યારે આ જન્મમાં તે શરણભૂત થઈ શકતા નથી તો પછી પરભવની આપદામાં તો તે શરણભૂત કેમજ થઇ શકે? માટે વીતરાગ અરિહંતનું, સિદ્ધ નિરંજનનું, શુદ્ધ નિરારંભી તત્વજ્ઞાની મુનિઓનું તથા સર્વજ્ઞભાષિત તથા સ્થિત વસ્તુ સ્વરૂપ જ્ઞાપક આગમ ધર્મનું ધ્યાન સ્મરણરૂપે મારે શરણ હો. આ ચાર શરણની અહોનિશ રટના કરવાથી તથાભવ્યતા પાકે (૧) તથા આ ભવમાં કરેલા અને પૂર્વ જન્મમાં અજ્ઞાન પણે કરેલા પોતાના દુષ્કૃત—પાપોને સત્ય ભાવે સદા નિંદવાથી તથાભવ્યતા પાકે (૨) તથા યથાશકિત વૈરાગ્યભાવથી મોક્ષની અભિલાષા સહિત તપ સંયમ દાનાદિ સુકૃત કરવાથી, દેવગુરૂની પૂજા ભકિત કરવાથી, સદ્ધર્મ શ્રવણ કરવાથી ને ન્યાયમાર્ગના સેવનથી તેમજ સ્વપરની કરેલી સુકૃત કરણીના અનુમોદનથી તથાભવ્યતા પાકે. (૩)

પ્રશ્ન—આ પ્રમાણેના ઉપાયો સેવવાથી તથાભવ્યતા પાકે પણ ત્યારપછી શું થાય?

ઉત્તર—એ ઉપાયોના સેવનથી મિથ્યાત્વ પરિણામ દુર્બળ થાય, ભવ્યતા શકિત પ્રબળ થાય, મિથ્યાત્વાદિકનો પરાભવ આત્માને ઓછો થાય, તત્વ જીજ્ઞાસા પુષ્ટ થાય, એટલે જીવ માર્ગાનુસારી થાય તેના કરેલા સુકૃત સદનુષ્ઠાનની પ્રાપ્તિના હેતુ થાય, તેની કરેલી દેવ ગુરૂની ભકિત યોગ્યતાની પારમાર્થિક સેવા થાય, તે વીતરાગ નિરંજનનો ભકત થાય. તેને પ્રાયે ચરમ પુદ્ગળ પરાવર્તનના સાધક પ્રથમના અર્ધાભાગ સુધીજ અનાદિ મિથ્યાત્વનો ઉદય રહે. એવા માર્ગાનુસારીને તત્વ સમજવાની અતિ ઈચ્છાવાળાને મિથ્યાત્વાદિકનો ઘણે ભાગે પ્રલય થાય, પછી તત્વવાર્તા સાંભળતાં અથવા ચિંતવતાં તેને અપૂર્વકરણની પ્રાપ્તિ થાય છે. પૂર્વે અનાદિ કાળમાં કોઇ કાળે આ આત્માને તત્વજીજ્ઞાસાજન્ય પરમાનંદમય શુભ પરિમાણ

પ્રાપ્ત ન હોતા, તેવા પ્રાપ્ત થવાથી તેને " અપૂર્વકરણ " કહે છે. એ અપૂર્વકરણની પ્રાપ્તિ થવાથી જીવ તેના વડે ગ્રંથિનો ભેદ કરે. " ગ્રંથિ " ને અતિ નિબિડ ઘન કઠિન દુર્ભેદ્ય મોક્ષથી વિમુખ રાખનાર મિથ્યાત્વના મહા રાગ દ્વેષને અજ્ઞાનરૂપ પરિણામ જાણવા. તેનો ભેદ પ્રથમ કોઇ કાળે કર્યો નથી. માર્ગાનુસારી જીવ અપૂર્વકરણરૂપ તીવ્ર પરિણામની ધારાવડે ભેદે—વિદારે.

સંસારમાંથી મુક્ત થવાને તથા મોક્ષ પદવીની પ્રાપ્તિ માટે ઉપાય બતાવતાં આ આત્મભવ્યતા અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

आत्मसिद्धि—अधिकार.

આત્મશક્તિની ઓળખ થવા સાથે તેને પવિત્ર ભાવનાઓના સંસર્ગ સ્પર્શથી અનુક્રમે આત્માનું સ્થાન (સિદ્ધિ) આત્મા સ્વયમેવ પ્રાપ્ત કરી શકે છે. કેમકે આત્માનો મૂળ સ્વભાવ તો પવિત્ર અને તેજોમય છે પરંતુ તેના ઉપર અનેક પ્રકારના આચ્છાદન છવાઇ જવાથી આપણને તેના મૂળ સ્વરૂપ જાણવામાં મુશ્કેલી નડે છે પરંતુ જ્યારે આપણે પૂર્વે જોઇ ગયા તેમ આત્માની નિર્મળતા વધતી જવાથી અંતે આત્મસિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે તે દર્શાવવા આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

દેહમાં રહેલો આત્મા.

अनुष्टुप्—(१–२)

पाषाणेषु यथा हेम दुग्धमध्ये यथा घृतम् ।
तिलमध्ये यथा तैलं देहमध्ये तथा शिवं ॥१॥

જેમ પાષાણની અંદર સુવર્ણ રહેલું છે, જેમ દૂધની અંદર ઘી રહેલું છે અને જેમ તિલની અંદર તૈલ રહેલું છે, તેમ દેહની અંદર આત્મા રહેલો છે. ૧

આંગોપાંગમાં આત્મશક્તિનો વિસ્તાર.

काष्ठमध्ये यथा वह्निः शक्तिरूपेण तिष्ठति ।
अयमात्मा शरीरेषु यो जानाति स पण्डितः ॥२॥

જેમ કાષ્ટોમાં શક્તિરૂપે અગ્નિ રહેલો છે, તેમ આ આત્મા શરીરોની અંદર રહેલો છે. આ પ્રમાણે જે જાણે છે તે પંડિત કહેવાય છે. ૨

અભેદ્ય આત્મબળ.

आर्या.

निष्टुरकुठारघातैः काष्ठे संच्छेद्यमानेऽपि ।
अन्तर्वर्ती वह्निः किं घातैच्छेद्यते तद्वत् ।।३।।

દેહ અને આત્માની ભિન્નતા.

દોહા.

* ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસીને મ્યાન. ૪
જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ ૫
છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રીના વિષયનું, પણ આત્માને ભાન. ૬
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૭
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણે સદાય. ૮
ઘટપટ આદિ જાણતું, તેથી તેને માન;
જાણ નાર ને ભાન નહિ, કહિયે કેવું જ્ઞાન. ૯
પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂલ દેહ મતિ અલ્પ;
દેહ હોયજો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૧૦
જડ ચેતનનો ભિન્ન છે, કેવલ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણ કાલે દ્વય ભાવ. ૧૧

ચોપાઇ

† પ્રજ્ઞાદિક સ્થિતિ સરિખી નહિ, યુગલ જાતિ નરને પણ સહિ;
તો કિમ તે કાયાપરિણામ, જુઓ તેહમાં આતમરામ ૧૨
§ રૂપી પણ નવી દીસે વાત, લક્ષણથી લહિયે અવદાત
તો કીમ દીસે જીવ અરૂપ, તે તો કેવલ જ્ઞાન સ્વરૂપ. ૧૩

---

* ૪—૧૧ આત્મસિદ્ધિ

† યુગલી મનુષ્યોને પણ બુદ્ધિ વિગેરેની સ્થિતિ સરખી હોતી નથી, તો તે પ્રજ્ઞા, કાયાનું પરિણામ કેમ હોય શકે ? અર્થાત્ ન હોઇ શકે. તેમાં આત્મારામ એટલે જીવ જુદો છે, તેનું જે પરિણામ છે, તે તમે સમજો.

§ રૂપી એવા પદાર્થો પવનાદિક પણ એટલા સૂક્ષ્મ હોય છે કે આપણી દૃષ્ટિએ પડતા નથી, લક્ષણ વડેજ તેની હયાતી આપણે જાણી શકીએ છીએ, તો પછી અરૂપી એવો જીવ તો ચર્મ ચક્ષુએ દેખાયજ કેમ ? કેમકે તે તો કેવળ જ્ઞાન સ્વરૂપી છે.

જીવ અને આત્માનું અભેદપણું.

* પ્રશ્ન—હે મહારાજ ! આત્મા શી વસ્તુ છે ?

ઉત્તર—હે ભવ્ય ! જે ચેતનાવંત પદાર્થ છે, તેજ આત્મવસ્તુ છે. આત્મા શિવાય જે મન વચન કાયાદિક તે સર્વ અચેતન છે.

પ્રશ્ન—તે ચેતના શી વસ્તુ છે કે જેથી તમે ચેતનાવંત આત્મા જણાવો છો ?

ઉત્તર—સર્વ કાળે નિરંતર જે જીવોને 'જાણવાપણું' છે તે ચેતના છે, તે જાણવાપણું સર્વ જીવોને બે પ્રકારે વર્તે છે. ૧ **સામાન્ય** અને ૨ **વિશેષ.** સામાન્ય જાણપણું તે 'અવ્યક્ત ચેતના' જેમ સાધારણ નિદ્રાવશ મનુષ્ય ડાંસ, મચ્છર, માંકડ, પ્રમુખના ચટકાની પીડા અને પ્રહાર, મૂર્ચ્છિત જેમ દંડાદિકના પ્રહારની પીડાને જાણે છે તેમ અવ્યક્તપણે જાણે છે; એટલે કે તે સુપ્ત—મૂર્ચ્છિતને તે વખતે પોતાને થતી પીડાની પૂરી ગમ પડતી નથી, તે પ્રમાણે અવ્યક્તપણે જાણવું તે **સામાન્ય ચેતના.** તે સૂક્ષ્મ નિગોદીયાઓથી લઈને મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકી વિગેરે પંચેંદ્રિય પર્યંત સર્વ જીવોમાં વર્તી રહી છે, તેનાથી વિશેષ જે પ્રગટપણે ભેદપૂર્વક જાણપણું જાગતા અને સાવધાન માણસને ઘટાદિક પદાર્થોનું જ્ઞાન થાય છે, તેની જેમ જે થાય તે 'વ્યક્ત ચેતના' સ્પષ્ટ જ્ઞાન જાણવું. તે પણ સર્વ જીવોને તીવ્ર, મંદ, મંદતરપણે નિરંતર હોય છે.

પ્રશ્ન—આપે ચેતનાનો અર્થ 'સર્વકાળે નિરંતર જાણવાપણું' એવો કર્યો છે, પરંતુ સર્વ કાળે નિરંતર જાણનારા જીવો તો જણાતા નથી માટે તે નિરંતરપણું કેવી રીતે સમજવું ?

ઉત્તર—હે ભદ્ર ! તેનું નિરંતરપણું કાળ ભેદે થતા વ્યક્ત તથા અવ્યક્ત ઉભય જ્ઞાન સ્વભાવથી નિપજે છે. જે કાળે વ્યક્ત જ્ઞાન હોય તે કાળે 'હું જાણું છું' એમ જાણે અને જે કાળે અવ્યક્ત જ્ઞાન વર્તે તે કાળે 'હું જાણું છું.' એમ જાણતો નથી તો પણ તે વખતે અવ્યક્તરૂપ જાણે છે. જેમ નિદ્રાવશ મનુષ્ય જ્યાં માકડ કરડે ત્યાં હાથ ફેરવે છે તે જે પ્રકારે જાણે છે તે પ્રકારે જાગૃતાવસ્થામાં પણ શૂન્યપણે અવ્યક્ત બોધને વખતે જાણે છે, એ બે પ્રકારનું જાણપણું જુદે જુદે કાળે રહે છે તેથી જીવ નિરંતર (સદા) જાણે છે.

પ્રશ્ન—એવા જ્ઞાનથી શું જાણે ?

ઉત્તર—જેવો જેને ક્ષયોપશમ થયો હોય તે પ્રમાણે પોતાના સુખ દુઃખાદિક અંતરંગ ભાવોને અને ઘટ પટાદિક બહારના ભાવોને જાણે.

* તત્ત્વવાર્તા.

પ્રશ્ન—જીવને જાણવાની શકિત કેટલી છે? તે કયાં સુધી જાણવા સમર્થ છે?

ઉત્તર—હે ભવ્ય! તે પોતાનાજ ઘન સુખ દુઃખથી પ્રારંભીને સચેતન, રૂપી, અરૂપી, સૂક્ષ્મ, બાદર એવા સર્વ દ્રવ્યને-વિશ્વ વ્યાપી જ્ઞેય રાશિ તમામને "દ્રવ્યથી" જાણવા સમર્થ છે. "ક્ષેત્રથી" સર્વ લોક અલોકમાં રહેલા પદાર્થોનાં ભાવોને 'કાળથી' અતીત કાળે થઇ ગયેલા સર્વ ભાવોને, વર્તમાનમાં વર્તતા ત્રિભુવન વર્તી સર્વ ભાવોને, તેમજ 'ભાવથી' રૂપી, અરૂપી, જડ, ચેતન સર્વ વસ્તુના ગુણ પર્યાય-ઉત્પાદ, વ્યય, સ્થિતિ, વર્તનાદિક સર્વને જાણવાને સર્વ જીવોની ચેતના શકિતવાળી છે.

પ્રશ્ન—જો એટલી મહા જ્ઞાનશકિત સદા ચેતનમાં વિદ્યમાન છે તો તે ચેતના આપે કહ્યા પ્રમાણે સર્વદા કેમ જાણતી નથી?

ઉત્તર—હે ભવ્ય! ચેતનાની એ પ્રકારની જ્ઞાન શકિતને જ્ઞાનાવરણીય કર્મે સર્વ આવરી લીધી છે માત્ર કેવળ જ્ઞાની શિવાય સર્વ સંસારી છદ્મસ્થ જીવોને સંપૂર્ણ ચેતનાનો અનંતમો અંશ જ પ્રગટ છે, તેથી છદ્મસ્થોને સર્વ જ્ઞેય ભાવોનો અનંતમો ભાગજ જાણવામાં આવે છે. આમ હોવાથી ચેતના સર્વદા સર્વ જ્ઞેય રાશિને જાણતી નથી.

પ્રશ્ન—એ રૂપી ગુણ છે કે અરૂપી ગુણ છે?

ઉત્તર—અરૂપી ગુણ છે.

પ્રશ્ન—હે મહારાજ! આપ આત્માની વાતો જીવને લાગુ કરો છો અને જીવની આત્માને લાગુ કરો છો એમ કેમ કરો છો?

ઉત્તર—હે ભવ્ય! આત્મા, ચેતન, જીવ, પ્રાણી ઈત્યાદિક સર્વ એક વસ્તુના જ પર્યાયી નામ છે. વસ્તુ જુદી જુદી નથી; નામ જુદાં છે. જેમ સુવર્ણ, હેમ, હાટક, ચામીકર, કનક, કાંચનાદિક નામ જુદાં છે પણ વસ્તુ તો એક સુવર્ણજ છે. તે માટે આત્મા ને જીવ બન્ને એકજ વસ્તુ છે. નામ જુદાં કહેવાથી ભુલાવો ખાવાનો નથી.

આ પ્રમાણે જીવનું સ્વરૂપ સમજાવતાં આ **આત્મસિદ્ધિ** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

उपसंहार.

* આ સર્વ કહીને સિદ્ધ કરવાનું એજ છે કે વિચારનાં આંદોલનો અત્યંત સૂક્ષ્મ તથા અત્યંત વેગવાળાં હોવાથી સમગ્ર દૃશ્ય પ્રપંચ ઉપર તે સામ્રાજ્ય ભોગવે છે. પહાડ જેવું જણાતું શરીર, હૃદયને ભારે ધક્કો લાગે એવો વિચાર એક ક્ષણવાર ઉઠતાં શબ થઇ પૃથ્વી પર પડે છે; એ બનાવ વિચારનાં આંદોલનોનું સામર્થ્ય સૂચવે છે. મહાશોકથી એક રાત્રિમાં યુવાન મનુષ્યના શરીરમાં ફેરફાર થઇ પ્રાતઃકાળે તેના કેશ શ્વેત થઇ તે યુવાનનો વૃદ્ધ થઇ જાય છે, એ પ્રસંગ વિચારનાં આંદોલનોનું વિલક્ષણ બળ સૂચવે છે. મૃત્યુની પથારીએ પડેલા મનુષ્યનો વ્યાધી એક ક્ષણમાં નિવૃત્ત થઇ, તેનામાં વિલક્ષણ બળ જણાવાનાં ઉદાહરણો વિચારનાં આંદોલનોનું જડ ઉપર કેટલું સામ્રાજ્ય છે તે સ્પષ્ટ કરે છે. શ્રાપ તથા વર વગેરે સફળ થવામાં આ વિચારનાં આંદોલનો જ હેતુ છે. સ્વલ્પમાં વિચારનાં આંદોલનો સર્વ કરવાને સમર્થ થાય છે.

વિચારમાં સર્વ કાર્યોને સિદ્ધ કરનાર આંદોલનોને પ્રકટાવવાનું બળ ચિતિશક્તિના સામર્થ્ય વડેજ ઉત્પન્ન થઇ તે વિચાર કોઇ પણ કાર્ય કરવા સમર્થ થાય છે. ચિતિશક્તિરૂપ અખુટ ભંડારમાંથી વિચાર, ઇચ્છાનુકૂળ સામર્થ્યને પ્રાપ્ત કરી આ જગત્‌માં ઇચ્છાનુકૂળ કાર્યોને સાધે છે. મનુષ્ય જે પ્રકારનો વિચાર સેવે છે તે પ્રકારનું બળ ચિતિશક્તિમાંથી તેને પ્રાપ્ત થઇ તે વિચારાનુસાર ફળને તે પ્રત્યક્ષ કરે છે. તમે ચિંતાના વિચાર સેવો-અલ્પ સમયમાં તમને જ્યાં ત્યાંથી ચિંતાનાં જ કારણો ઉભાં થયેલાં જણાશે; કારણ વિચારનાં આંદોલનો પ્રકૃતિ પ્રદેશમાં વહીને તમારા વિચાર પ્રમાણે જ તમને ફળ દેખાડે છે. તમે ભયના વિચારને સેવ્યા કરો-અલ્પ સમયમાં તમને તમારું માગેલું મળશે જ. હું એક મહિનામાં મરી જઇશ, એવું તમે દૃઢપણે માન્યા કરો-મહિનો પૂરો થતાં તમે અવશ્ય મૃત્યુને પામવાના જ. વિચારનાં આંદોલનોનું સામર્થ્ય, મનુષ્યો જાણે છે તેના કરતાં અત્યન્ત મોટું છે.

દીપક ઉપર કાળી હાંડી ઢાંકતાં કાળો પ્રકાશ આવે તેમાં દીપકનો દોષ છે? અથવા તેના ઉપર ઘડો ઢાંકતાં બીલકુલ પ્રકાશ ન આવે તેમાં દીપકનો અપરાધ છે? કાળી હાંડીમાં દીપક મૂકો, તમને કાળો પ્રકાશ મળશે; લીલીમાં મૂકો, લીલો મળશે, અને ઘડામાં મૂકો, તમે અંધારામાં રહેશો. દીપકનો શુદ્ધ પ્રકાશ જોઇતો હોય તો તેના ઉપર સ્વચ્છ પારદર્શક આચ્છાદન મૂકો. તેનો પ્રકાશ આવી શકે તેવું આચ્છાદન મૂકો, અથવા કેવળ દીપકનો જ લાભ જોઇતો હોય તો આચ્છાદન માત્ર દૂર કરો.

* અધ્યાત્મબલ પોષક ગ્રંથમાલા પ્રથમ અક્ષ—

અશુદ્ધ વિચાર એ ચિતિશક્તિના ઉપર માટીના ઘડાનું ઢાંકણુ છે. શુદ્ધ વિચાર એ સ્વચ્છ, પારદર્શક કાચનું ઢાંકણુ છે. અવિદ્યા અને તેના કાર્યોનાં મલિન-નિંદ્ય વિચાર સેવતાં તમને ચિતિશક્તિનો શુદ્ધ પ્રકાશ–શુદ્ધ સામર્થ્ય નહિ જ મળે. વિદ્યા અને તેનાં કાર્યોનાં વિહિત શુદ્ધ વિચાર સેવવાથી જ ચિતિશક્તિનું સર્વ શક્તિમત્વ તથા સર્વજ્ઞત્વ પ્રકાશે છે. તમે અલ્પજ્ઞ છો! કારણકે તમે મલિન વિચાર સેવ્યા છે. તમે અલ્પ શક્ત છો! કારણકે તમે શુદ્ધ વિહિત વિચારવડે ચિતિશક્તિનું સર્વશક્તિમત્વ તમારામાં ગ્રહણ કરવા અનાદર કર્યો છે.

નજરમાં આવે તેવા વિચાર કરવાની હાનિ હવે તમને સમજાય છે; રાગના, દ્વેશના, કામના, લોભના, અસૂયાના? ઇર્ષ્યાના વગેરે વિવિધ નિંદ્ય વિચાર કરવાથી તમે પોતે પોતાને કેટલી હાનિ કરી છે, ચિતિશક્તિનું ઐશ્વર્ય તમારામાં પ્રગટ ન થવા દેવામાં તમે કેવા આડા પથરાઓ નાંખ્યા છે, તે હવે તમને સ્પષ્ટ થાય છે? કોઇએ જરા અપ્રિય વચન કહ્યું કે વાઘની પેઠે તહૂકો કરવાથી કોને હાનિ થઇ, એ તમારા લક્ષમાં આવે છે? અમુકના ઉપર દ્વેષ કરવાથી અમુકના ઉપર ઇર્ષ્યા કરવાથી, અમુકનું બગાડવાના વિચારો કરવાથી કોનું બગડે છે, એ હવે સમજાય છે? પાંચ દશ જણ ભેગા મળી, નકામી કુથલીઓ કરવાથી, માલ વિનાના ઝપાટા ઠોકવાથી, ઢંગધડાવિનાનું, ભસવાથી, અને એવાજ પ્રકારના બીજા હજારો નકામા વિચારો કરવાથી, કોનું બગડેછે, અને કોણ દુઃખી થાય છે, એ તમને આરસી જેવું સ્પષ્ટ ભાસે છે? જે જે મનુષ્યો દુઃખી જણાય છે, તે તેમના આગલા જન્મોના તથા આ જન્મના કરેલા અશુભ વિચારોનું પરિણામ છે. જે જે મનુષ્યો સુખી જણાય છે, તે તેમના આગલા જન્મોના તથા આ જન્મના કરેલા શુભ વિચારોનું પરિણામ છે. શુભ વિચાર ચિતિશક્તિ-માંથી સર્વ શુભને બહાર પ્રકટ કરી આદૃશ્ય જગત્‌માં આપણને દૃશ્યરૂપે પ્રત્યક્ષ દર્શાવનાર છે; અશુભ વિચાર આપણને પ્રાપ્ત થતા સર્વ શુભનો પ્રતિરોધ કરી અશુભની આપણને પ્રાપ્તિ કરાવનાર છે. શુદ્ધ વિચાર કલ્યાણને રચવાની શક્તિવાળો છે, અશુભ વિચાર પ્રાપ્ત કલ્યાણનો નાશ કરનાર તથા અકલ્યાણને ઉત્પન્ન કરનાર છે. શુભ વિચાર કલ્યાણનો પોષક છે, અશુભ વિચાર કલ્યાણનો શોષક છે.

ચિતિશક્તિનું અનન્ય ભાવે ચિંતન એ સર્વોત્તમ શુદ્ધ વિચાર છે. ચિતિશક્તિ એ મારૂં આત્મસ્વરૂપ છે, ચિતિશક્તિ એ હું જ છું, એવું ભાન સર્વકાળ જાગ્રત રાખવું, એ શુદ્ધ વિચારનો અવધિ છે. એ જ સર્વોત્તમ ભક્તિ છે. **स्वस्वरूपानुसंधानम् भक्तिरेवगरीयसो।** આ ચિતિશક્તિનું આત્મસ્વરૂપે અખંડ અનુસંધાન રાખવું, એજ સર્વોત્તમ ભક્તિ છે. અત્યંત પ્રેમથી ચિતિશક્તિરૂપ આ પોતાના સ્વસ્વરૂપને વારંવાર સ્મરવું, પુનઃ પુનઃ આ સ્વસ્વરૂપનાં લક્ષણોને હૃદયમાં સ્ફુરાવવાં,

જ્યાં જ્યાં મન જાય, જે જે વિચાર સ્ફુરે તે સર્વમાં આ ચિતિશક્તિના સ્વરૂપ ધર્મોને આગ્રહવડે જોવા, એટલુંજ નહિ, પણ તે ધર્મોને પોતાનામાં અનુભવવાં, ચિતિશક્તિનાં લક્ષણો વિના વિજાતીય એક પણ લક્ષણને અંતઃકરણમાં પ્રકટવા ન દેવું, ચિતિશક્તિનાં લક્ષણોમાં તન્મય થઇ જવું એજ ભક્તિનું શિખર છે. આવીજ અનન્ય ભક્તિ ઇપ્સિતાર્થને અર્પે છે.

વિચારરૂપી મહાધન તમને પ્રાપ્ત છે, તે રાત્રિદિવસ વપરાતાં ખુટે એવું નથી. વળી તે વાપરવાની જ્યારે કળા આવડે છે, ત્યારે તે એટલું બધું બળવાન્ સમજાય છે કે આ લૌકિક ધનનું બળ તેના આગળ અત્યંત તુચ્છ ભાસે છે. લૌકિક ધન ક્ષણિક હિત સાધે છે, ત્યારે આ વિચાર ધનનું દાન ચિરસ્થાયી હિતને સાધે છે. તેથી આ લૌકિક ધનનું દાન કરવાનો જીવ ન ચાલે તો ચિંતા નથી, પણ પ્રાણી માત્રના હિતના સંકલ્પોને હૃદયમાં પ્રકટાવતાં કદી કંજુસ થશો નહિં. એ સંકલ્પો પુનઃ પુનઃ થતાં તમારી કૃપણતા પણ ક્રમે ક્રમે નષ્ટ થશે જ.

પૂર્વોક્ત વિચારોથી તમને સ્પષ્ટ થયું હશે જ કે શુદ્ધ વિચારનું સતત સેવન કરવાથી ચિતિશક્તિની નિકટના પ્રદેશમાં આંદોલનો પ્રકટાવવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. શુદ્ધ વિચારો જ એ પ્રદેશમાં જઇ શકવા સમર્થ છે. અશુદ્ધ વિચારો સ્થૂલ હોવાથી તેમનો ત્યાં પ્રવેશ નથી. જેમ જેમ શુદ્ધવિચારોનું પ્રાબલ્ય અંતઃકરણમાં વધતું જાય છે તેમ તેમ ચિતિશક્તિના પ્રદેશમાં પ્રવેશ કરવાનું આપણું સામર્થ્ય વધતું જાય છે, અને જેમ જેમ અશુદ્ધ વિચારોની પ્રબળતા અંતઃકરણમાં થતી જાય છે, તેમ તેમ ચિતિશક્તિના પ્રદેશથી આપણે વધારે અને વધારે દૂર જતા જઇએ છીએ. ચિતિશક્તિનો પ્રદેશજ સર્વ સામર્થ્યનું ઉત્પત્તિ સ્થાન છે. તેથી સામર્થ્યની ઇચ્છાવાળાએ ચિતિશક્તિના પ્રદેશમાં પ્રવેશવાના નિયમોનું પાલન કરવું એ અવશ્ય કર્તવ્ય છે. અને શુદ્ધવિચાર અને શુદ્ધાચરણ એજ આ નિયમોનું પાલન છે.

આ જન્મમાં અવશ્ય મને ઇષ્ટ સાક્ષાત્કાર અથવા સ્વરૂપ સાક્ષાત્કાર થશે જ. એવી દૃઢ શ્રદ્ધાર્થ સ્વરૂપ સાક્ષાત્કારની વાટ જોયા કરવી, એ પણ શુદ્ધ વિચાર છે. આ આદિ અનેક પ્રકારોની શુદ્ધ વિચારમાં ગણના થાય છે. આવા વિચારોને નિરંતર સેવવા એજ ચિતિશક્તિના અનંત સામર્થ્યને હૃદયમાં પ્રકટાવવાની અમોઘ કળા છે. મનુષ્ય જેવા વિચાર કરે છે, તેવો તે અવશ્ય થાય જ છે. શુદ્ધવિચાર મનુષ્યને શુદ્ધ ચિતિશક્તિ સ્વરૂપ અવશ્ય કરી મૂકે જ છે. અખંડસુખનો—અનંત સામર્થ્યનો આ વિના અન્ય કોઇ ઉપાય પૂર્વે હતો નહિ, આજે છે નહિ, ભવિષ્યમાં હશે નહિ. સાધન માત્રનો ઉદ્દેશ—પછી તે ભક્તિ હોય, યોગ હોય, સાંખ્ય હોય કે ગમે તે હોય

પણ—વિચારની અત્યંત શુદ્ધિ સાધવી, વિચારને ચિતિશક્તિમય કરી દેવો એજ છે.

શુદ્ધવિચારને સેવો–શુદ્ધ વિચારનું જ સેવન કરો. **शुद्ध विचारने ज अंतःकरणमां सर्वदा प्रकट राखो.** અશુદ્ધ વિચાર તત્કાળ ત્યજી દો, હમણાં ત્યજો—આ ક્ષણમાં ત્યજો, તમે દેવ થશો, દેવના પણ દેવ થશો–ત્રિભુવનમાં તમારૂં સ્વામીત્વ પ્રવર્તશે. ધન, ઐશ્વર્ય, આરોગ્ય, બળ, વિદ્યા, જે જોઇશે તે સર્વ તમારે ચરણે પડશે. તમને કંઇ પણ દુર્લભ નહિ રહે, તમે સર્વાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ થશો.

શુદ્ધ વિચાર સેવવો કઠિન જણાય છે? શુદ્ધ આચરણનું પાલન અશક્ય જણાય છે? શામાટે મિથ્યા ભડકો છો? સરલને કઠિન ભ્રાંતિથી શામાટે માનો છો? તમારા અંતઃકરણમાં સર્વાધિપતિ ચિતિશક્તિ વિરાજે છે. સિંહની સમીપમાં રહીને સસલાથી બીહો છો? લજ્જા પામો. અસંખ્ય મહારથીઓને પૂરો પડે એવો અર્જુન સમાન ચિતિશક્તિરૂપ અતિરથી તમારા હૃદય રથમાં છતાં બીકણ ઉત્તર કુમારની પેઠે પાછે પગે નાસો છો શું? સ્થિર થાઓ, શ્રદ્ધા ધરો, ભયને પરિત્યજો. શુદ્ધવિચાર સેવવો, એ બહુજ સરલ છે. શુદ્ધવિચાર સ્વાભાવિક છે. અશુદ્ધ વિચાર અસ્વાભાવિક છે. સ્વાભાવિકને સેવવું એમાં કઠિન શું? ઇતિશમ્

ગ્રંથસંગ્રહિતા.

ગીતિ.

विनयविजयमुनिनायं षष्ठपरिच्छेद एवमत्रैव ।
सङ्ग्रथितः सुगमार्थं व्याख्यातॄणां मुदे सदा भूयात् ॥ १ ॥

વિનયવિજય મુનિએ આ (વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ) ગ્રંથનો છઠ્ઠો પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓ (સાધુ તથા સાધ્વીઓ) ની સુગમતા માટે રચ્યો છે, તે સદા વક્તા તથા શ્રોતાના કલ્યાણ માટે હો !

षष्ठ परिच्छेद परिपूर्ण

विज्ञप्ति.

अनुष्टुप्

दृष्टं किमपि लोकेऽस्मिन्न निर्दोषं न निर्गुणम् ।
आवृणुध्वमतो दोषान्विवृणुध्वं गुणान्बुधाः ॥

આ જગતમાં મેં જે કાંઇ જોયું, તે નિર્દોષ નથી, તેમ નિર્ગુણ પણ નથી, તેથી હે ડાહ્યા માણસો ! મનુષ્યના દોષો ઢાંકો અને ગુણોને જાહેર રીતે પ્રકટ કરો.

आशीर्वाद.

शार्दूलविक्रीडित.

लक्ष्मीर्वेश्मनि भारती च वदने शौर्यं च बाह्वोर्युतौ,
त्यागः पाणितले सुधीश्च हृदये सौभाग्यशोभा तनौ ।
कीर्त्तिर्दिक्षु सुपक्षता गुणिजने यस्माद्भवेदङ्गिनां,
सोऽयं वो विदधातु वाञ्छितफलं श्रीधर्मचिन्तामणिः ॥

જેનાથી (શ્રી ધર્મચિંતામણિથી) મનુષ્યોના ઘરમાં લક્ષ્મીજીનો નિવાસ, મુખમાં સરસ્વતી, બે બાહુમાં શૂરવીરતા, હથેળીમાં દાનદેવાપણું, હૃદયમાં સુબુદ્ધિ, શરીરમાં સુંદરતા, દિશાઓમાં કીર્તિ, ગુણીજન ઉપર સુપક્ષતા (પ્રીતિ) હોય તે આ શ્રીધર્મરૂપી ચિંતામણિ તમોને વાંછિત ફળ અર્પણ કરો.

ઇતિશ્રી વ્યાખ્યાન સાહિત્યસંગ્રહ પ્રથમ ભાગ સંપૂર્ણ.

અભિપ્રાયમાંનો એક.

પરમ દયાળુ મુનિમહારાજ શ્રી વિનયવિજયજી

મહારાજશ્રીની પવિત્ર સેવામાં—

આજ્ઞાનુસારી અરજૂનસિંહજીના સવિનય પ્રણામ સાથ વીનંતી કે-આપ કૃપાળુના પ્રાસાદ રૂપે આ અલ્પ પ્રાણીના ઉદ્ધાર જેવા આરંભેલા પુસ્તક (સાહિત્ય સંગ્રહ) નાં પાચ ફારમ દૃષ્ટિગોચર થવાં અતી આનંદ થયો છે. કંઇ પણ પ્રશંસા કરવી તે અતીશયોકતી યાને ખુશામત સમજાય, પરંતુ આ અલ્પજ્ઞ સેવકની બુદ્ધિ શકતી અનુસાર એજ વીનંતી છે કે આ ગ્રંથમાં નીતિ, વૈરાગ્ય અને વ્યવહારના દર્શન ઉપરાંત સમજી મનન કરી વર્તે તો મોક્ષદ્વાર સમજી શકાય તેમ છે તેથી હું તો આભારી છું અને ખરેખર સાધૂ ભુષણરૂપ પુસ્તક બનશે એમ માનું છું.

*　　　*　　　*

તા. ૨૭-૨-૧૫ મુ. ભાણવડ

લી. સે. અરજૂનસિંહજી વીજયસિંહજી

श्री

श्लोकोनी अक्षरानुक्रमणिका.

श्लोकोनुं आदिपद.	ग्रंथ.	पृष्ट.	अंक.
	अ.		
अंसस्थलीचिकुरकञ्चुकिता	पार्श्वचरित्र.	४	८
अकरुणत्वमकारण	भर्तृहरि नीतिशतक.	३३८	२२
अकर्त्तव्यं न कर्त्तव्यं	सूक्तिमुक्तावली.	४४६	१६
अकलितपरस्वरूप	,,	३३७	१८
अकिञ्चनाः काञ्चनलो	नरवर्मचरित्र.	६६	५३
अकृतबोधसुदिव्य	भाषापूजासंग्रह.	११	८
अक्षतान् ढौकयेद्योऽत्र	रूपसेनचरित्र.	१६	२
अक्षुद्रो रूपसौम्यो	सूक्तिमुक्तावली.	४७७	१४
अगस्तितुल्याश्च घृताब्धि	सुभाषितरत्नभांडागार.	३१७	२७
अग्निहोत्रं वने वासः	पुराण.	२१५	१
अङ्गस्थाने भवेद्धर्मः	सूक्तिमुक्तावली.	४४४	७
अंगुष्ठमानमपि यः	,,	१४	३
अज्ञानाहिमहामन्त्र	ज्ञानसार.	४८१	६
अणुरपि मणिः प्राण	सुभाषितरत्नभांडागार.	१९६	३
अतः सिञ्चन्ति तं पुण्य	सूक्तिमुक्तावली.	४४६	१५
अतिकुपिता अपि स्वजना	शार्ङ्गधरपद्धति.	१७२	१
अतिदानाद्बलिर्बद्धो	०	४२७	
अतिमलिने कर्त्तव्ये	सुभाषितरत्नभांडागार.	३८९	३
अतियत्नगृहीतोऽपि	सूक्तिमुक्तावली.	३६९	११
अत्युग्ररूपं यतिपालनीय	नरवर्मचरित्र.	६३	४२
अथमर्त्यलोकमेत्य	काव्यमाला प्रथम गुच्छक.	३६१	१७
अदृष्टार्थेऽनुधावन्तः	ज्ञानसार.	४८१	५
अद्य कष्टानि नष्टानि	नमस्कारमाहात्म्य. (सिद्धसेनदिवाकरकृत)	३०	१९

अधिगतपरमार्थान्पण्डितान्	शार्ङ्गधरपद्धति.	१२३	११
अधीतिनोऽर्चादिकृते	अध्यात्मकल्पद्रुम.	२९२	९
अधीतिमात्रेण फलन्ति	,,	२९३	१०
अधीत्य चतुरो वेदान्	पुराण.	३१३	७
अधीत्य शास्त्राणि	सूक्तिमुक्तावली.	३०८	५
अधृष्यभावेनमृगारि	नरवर्मचरित्र.	६५	५१
अनध्ययनविद्वांसो	सूक्तिमुक्तावली.	३८	२
अनवस्थितचित्तानां	सूक्तिमुक्तावली.	३५०	१
अनार्येऽपि वसन् देशे	नमस्कारमाहात्म्य.	४०	८
अनुकुरुतः खलसुजना	सुभाषितरत्नसंदोह.	१५७	१०
अन्तर्गतं महाशल्य	ज्ञानसार.	७७	४
अन्तर्मत्सरिणां बहिः शमवतां	काव्यमाला गुच्छक सातमो.	२८४	३
अन्तर्मलिनदेहेन	सुभाषितरत्नभांडागार.	४०२	४
अन्तस्तत्वं मनः शुद्धि	नमस्कारमाहात्म्य.	४३७	४
अन्धो अन्धपहंणिता	सूयगडांग	४८८	
अन्यत्र देवे विगतस्वरूपा	नरवर्मचरित्र.	६३	३९
अन्यस्माल्लब्धपदो	सुभाषितरत्नभांडागार.	३९०	१
अपकारिण्यपि प्रायः	सूक्तिमुक्तावली	१८७	३
अपथ्यसेवको रोगी	तत्वनिर्णयप्रासाद	२८२	२
अपराजितमन्त्रोऽयं	,,	२७	३
अपरीक्षितं न कर्त्तव्यं	,,	४३५	
अपवित्रः पवित्रो वा	,,	२७	१
अपवित्रः पवित्रो वा सर्वा	,,	२७	२
अपुव्वी कप्पतरु	सूक्तिमुक्तावली	३१	२६
अभिनवसेवकविनयैः	रूपसेनचरित्र.	३६३	७
अभूदम्भोराशेः सहवसति	सुभाषितरत्नभांडागार	३६६	९
अभ्यासेन क्रियाः सर्वा	,,	२५८	
अमीभिरष्टादशभि	नरवर्मचरित्र	४२	२२
अमृतानि यथाब्दस्य	नमस्कारमाहात्म्य	४२	१८
अमृतैः किमहं सिक्तः	,,	३०	१६

अयशः प्राप्यते येन	सूक्तिमुक्तावली	४७३	१
अयाचनकशीलानां	महाभारत	५७	११
अरिहन्त नमुक्कारो, जीवं	सूक्तिमुक्तावली	६	४
अरिहन्त नमुक्कारो, धन्नाणं	"	७	५
अर्थग्रहणे न तथा	सुभाषितरत्नभांडागार	३७०	१५
अर्थिनो धनमप्राप्य	आत्मानुशासन	६०	२८
अर्हच्चारित्रमाधुर्यं	नमस्कारमाहात्म्य	३९	६
अर्हमित्यक्षरं ब्रह्म	"	२७	४
अलकाश्च खलाश्चैव	सुभाषितरत्नभांडागार	३६८	४
अलङ्घ्यत्वाज्जनैरन्यैः	सुभाषितरत्नभांडागार.	१२२	६
अलिप्तो निश्चयेनात्मा	ज्ञानसार.	८६	६
अवन्ति ये जनकसमा	सुभाषितरत्नसंदोह.	१०७	२१
अवश्यं यातारश्चिरतर	भर्तृहरि.	२६२	
अधिकारिणमपि सज्जन	भर्तृहरिनीतिशतक.	३८१	६
अव्यये व्ययमायाति	सूक्तिमुक्तावली.	१३	२
अव्रती कितवः स्तेनः	निर्णयसिंधु.	३१६	२३
अशुचिः पापकर्मा यः	पुराण.	५७	१३
अशोकवृक्षः सुरपुष्प	हेमचंद्रसूरि.	४३	२६
असज्जनः सज्जनस	सुभाषितरत्नभांडागार.	२०४	१५
असम्भाव्यं न वक्तव्यं	शार्ङ्गधरपद्धति.	२९०	१
असिजीवी मषीजीवी	नारदीयपुराण.	३१५	१८
असुइठाणे पडिया	संघपट्टकनी टीका.	२१७	१२
अस्थिरो हृदये चित्रा	ज्ञानसार.	७६	३
अस्मान् विचित्रवपुष	सुभाषितरत्नभांडागार.	१९४	२
अस्यत्युच्चैः शकलितवपु	सुभाषितरत्नसंदोह.	११८	१९
अहिंसा सत्यमस्तेयं त्यागो	महाभारत.	४२०	४
अहिंसा सत्यमस्तेयं ब्रह्म	पुराण.	१३९	३
अहितविहितप्रीतिः प्रीतं	आत्मानुशासन.	२७७	३३
अहो खलभुजंगस्य	सूक्तिमुक्तावली.	३३५	१३
अहो गुणानां प्राप्त्यर्थं	सुभाषितरत्नभांडागार.	१६३	५
अहो दुर्लभलाभो मे	नमस्कारमाहात्म्य.	३०	१८

अहो प्रकृतिसादृश्यं	सुभाषितरत्नभांडागार.	३४७	२
अहो मर्त्यतया तौल्य	०	४६१	१
अहो राहुः कथं क्रूरश्चन्द्र	सूक्तिमुक्तावली.	३८०	४
अहो व्यसनविध्वस्तै	,,	२९१	२
अहो सति जगत्पूज्ये	ज्ञानार्णव.	४८२	९
अहो सात्विकमूर्धन्यो	नमस्कारमाहात्म्य.	४०	१०
अहो सुसदृशी वृत्तिस्तु	सूक्तिमुक्तावली.	३४६	४
	आ.		
आकारैरिंगितैर्गत्या	०	४२८	१
आकालिकरणोत्पाते	नमस्कारमाहात्म्य.	२९	१३
आकाशतः पतितमेत्य	सुभाषितरत्नसंदोह.	४९९	१२
आकृष्टुं मुग्धमीनान् बडिश	संघपट्टक.	२३१	५३
आक्रोशितोऽपि सुजनो न	सूक्तिमुक्तावली.	१५८	१३
आखुभ्यः किं खलैर्ज्ञातं	,,	३३६	१४
आजन्मसिद्धं कौटिल्यं	सुभाषितरत्नभांडागार.	३३४	५
आजीविकादि विविधार्ति	अध्यात्मकल्पद्रुम.	२७४	२६
आजीविकार्थमिह यद्यति	,,	२६९	२१
आज्ञाभङ्गो नरेन्द्राणां	,,	४३४	
आज्ञावर्तिषु मण्डलेषु	सूक्तिमुक्तावली.	१५	५
आणाइ तवो आणाइ	उपदेशसिद्धांतरत्नमाला.	३०५	५
आताम्रायतलोचना	काव्यमालागुच्छक सातमो.	७१	७१
आत्मन्येवात्मनः कुर्यात्	ज्ञानसार.	५०५	१
आदरं लभते लोके	०	४२८	१
आदिप्रभोरनिशमंसतटी	पार्श्वचरित्र.	२	२
आपत्स्वेव हि महतां	शार्ङ्गधरपद्धति.	११५	७
आप्तोपज्ञमनुल्लङ्घ्य	रत्नकरंडश्रावकाचार.	४८२	८
आयुष्कं यदि सागरोपम	सूक्तिमुक्तावली.	१९	१६
आरम्भाणां निवृत्तिर्द्वि	,,	४५८	४
आराधितो वा गुणवान् स्वयं	अध्यात्मकल्पद्रुम.	२६५	१५
आसतां गुणिनस्तावद्	सूक्तिमुक्तावली.	१६३	८

आस्तामौपाधिको दोषः	पार्श्वनाथचरित्र.	१९९	६
आस्तां सचेतसां सङ्गा	”	१९९	७
आहारनीहारविधि	अध्यात्मकल्पद्रुम.	४४	२८
	इ.		
इत्थं मिथ्यापथकथनया	संघपट्टकटीका.	२२३	३४
इत्याद्युद्धतसोपहासवच	संघपट्टक.	२२८	४५
इत्युक्तोविश्वसृजा	काव्यमालाप्रथम गुच्छक.	३६०	१५
इदमपट्टुकपाटं जर्जरः पञ्जरो	शार्ङ्गधरपद्धति.	३८२	१०
इदमीदृग्गुणोपेतं	सुभाषितरत्नभांडागार.	१२२	७
इन्दुः प्रयास्यति विन	शार्ङ्गधरपद्धति.	३९५	५
इयरजणसंसणाए	उपदेशसिद्धांतरत्नमाला.	३०२	३
इयराण चक्कुराण	”	३०४	१
इह लोकविधीन्कुरुते	रूपसेनचरित्र.	७४	७८
इह सरसि सहर्षं	शार्ङ्गधरपद्धतिं.	३९३	२
	उ.		
उच्चारयस्यनुदिनं न	अध्यात्मकल्पद्रुम.	२७३	२५
उच्चैरध्ययनं पुरातनकथा	सुभाषितरत्नभांडागार.	३१८	२९
उज्वलगुणमभ्युदितं	सूक्तिमुक्तावली.	३८७	५
उदकचन्दनतन्दुल	”	१७	११
उदीरयिष्यसि स्वान्ता	ज्ञानसार.	७८	७
उद्भासिताखिलखलस्य	भर्तृहरिनीतिशतक.	४१२	१०
उत्पद्योत्तमदेवेषु	नमस्कारमाहात्म्य.	३१	१३
उत्सूत्रोच्चयमूचुषः	संघपट्टक.	२२६	४१
उन्नतं पदमवाप्य	सुभाषितरत्नभांडागार.	३३७	२१
उपकारमेव तनुते	”	१८८	८
उपकारिणि विश्रब्धे	”	३७०	१२
उपकारिण्यपि सुजने	सूक्तिमुक्तावली	४०६	३
उपकारोऽपि नीचानां	सुभाषितरत्नभांडागार.	३६८	३
उपकृतिसाहसिकतया	”	१८८	९
उपचरितव्याः सन्तो	शार्ङ्गधरपद्धति.	२०९	२

उपदेष्टुं च वक्तुं च	सूक्तिमुक्तावली.	३०८	३
उपविश पुत्र ममाङ्के	काव्यमाला प्रथम गुच्छक.	३६०	१४
उपसर्गाः क्षयं यान्ति	शांतिस्तोत्र.	१६	४
उर्वशीगर्भसम्भूतो	पुराण.	५५	५
उल्लसन्मनसः सत्य	ज्ञानसार.	२५	७
उस्सूत्तभासियाणं	उपदेश सिद्धांत रत्नमाला.	३०२	४
ऊर्णां नैषदधाति नापि	सुभाषितरत्नभांडागार.	३७८	२

ऋ.

ऋजुरेष पक्षवानिति	सूक्तिमुक्तावली.	३८६	२
ऋणमन्यदपि प्रायो	०	४६०	२
ऋतूनामिन्द्रियार्थाना	अध्यात्मकल्पद्रुम.	४६	३४

ए.

एअं जम्मस्स फलं	सूक्तिमुक्तावली.	३५	९
एकरात्रं स्थितिर्ग्रामे	पुराण.	५९	२४
एकं ब्रह्मास्त्रमादाय	ज्ञानसार.	९१	४
एकं हि चक्षुरमलं सहजो	सूक्तिमुक्तावली.	२०५	१९
एकान्तभासो यः कापि	नमस्कारमाहात्म्य.	४३८	७
एकान्ते तु नलीयन्ते	,,	४३८	७
एके तुम्बा प्रतिकरगताः	सूक्तिमुक्तावली.	२११	८
एणः क्रीडति सूकरश्च	शार्ङ्गधरपद्धति.	३९६	७
एभिर्गुणौघैः परिवर्जिता ये	नरवर्मचरित्र.	२१९	१७
एवं नाशक्षणे सर्व	नमस्कारमाहात्म्य.	२९	१४
एवमेव नहि जीव्यते	सुभाषितरत्नभांडागार.	३९०	२
एवं शमरसोल्लास	नमस्कारमाहात्म्य.	३१	२२
एषा यदादिमजिनस्य	पार्श्वचरित्र.	३	४
एसो मङ्गलनिलओ	सूक्तिमुक्तावली.	३१	२५
ऐरावणेनैव सुरेन्द्र	नरवर्मचरित्र.	१४५	२

क

कव्यां चोळपटं तनौ सित	काव्यमाला गुच्छक सातमो	२८४	१
कथमुत्पद्यते धर्मः	महाभारत.	४१९	२

कदा किल भविष्यन्ति	सूक्तिमुक्तावली.	४६७	१
कदाचिन्नातङ्कःकुपित	भाषा पूजा संग्रह.	१८	१२
कमलिनि मलिनीकरोषि	सुभाषितरत्नभांडागार.	१९२	२
करे श्लाघ्यस्त्यागः शिरसि	भर्तृहरि नीतिशतक.	१४९	२
कर्णामृतं सूक्तिरसं	शार्ङ्गधरपद्धति.	३९१	४
कर्णे चामरचारुकम्बु	,,	२०७	२४
कर्तव्यं जिनवन्दनं	सूक्तिमुक्तावली.	४७५	७
कर्तव्या देवपूजा	,,	४७६	१२
कर्तुस्तथा कारयितुः	,,	१०८	२४
कर्माष्टकविनिर्मुक्तं	०	२७	५
कल्पोर्वीरुहसन्तति	सूक्तिमुक्तावली.	४७०	८
कवयः परितुष्यन्ति	शार्ङ्गधरपद्धति.	१८४	१
कश्चिद्ग्रामिण एकं	दृष्टांतपच्चीशी.	१९२	३
कष्टं नष्टदिशां नृणां	संघपट्टक	२२०	४७
कष्टे स्वकष्टे समचेतसो ये	०	६४	४६
कस्त्वं भद्र खलेश्वरो	सुभाषितरत्नभांडागार.	३८७	६
कस्यादेशात् क्षपयति	सूक्तिमुक्तावली.	१९०	१४
काके शौचं द्यूतकारेषु	सिंदूरप्रकर.	४३४	०
काके शौचं द्यूतकारे	,,	३३७	१९
का खलेन सह स्पर्धा	सूक्तिमुक्तावली.	३८०	३
काचः काञ्चनसंसर्गा	सुभाषितरत्नभांडागार.	१९९	५
कान्तारभूमिरुहमौलि	,,	२०५	१८
कापुरुषः कुकुरश्च	,,	३३४	९
कामरागमदोन्मत्ता	पुराण.	२१६	६
कारुण्यकेलीकलितांग	नरवर्मचरित्र.	६६	५६
कारुण्येन हता वधव्य	काव्यमाला गुच्छक सातमो.	७२	७२
कार्यो कार्याय कस्मैचित्	सूक्तिमुक्तावली.	१२५	२
कार्योपयोगकाले	काव्यमाला प्रथम गुच्छक.	३५८	४
काष्ठमध्ये यथावन्हिः	०	५१७	२
काष्ठे च काष्ठेऽन्तरता	०	२८२	३

किं कुलेन विशालेन	सुभाषितरत्नभांडागार.	१८०	५
किं कुलेनोपदिष्टेन	,,	१८०	४
किं कृतेन हि यत्र त्वं	०	४६५	१
किं चित्रं यदि राजनीति	सूक्तिमुक्तावली.	४४९	२६
किं जन्मना च महता	सुभाषितरत्नभांडागार.	१८१	१२
किन्दिङ्मोहमिताः किमन्ध	संघपट्टक.	२२६	४०
किमरण्यैरदान्तस्य	पुराण.	५७	१०
किमरण्यैरदान्तस्य	,,	२३६	३
किं भावी नारकोऽहं	काव्यमाला गुच्छक सातमो.	२८५	५
किं भाषितेन बहुना	सुभाषितरत्नसंदोह.	५००	१६
किं मोदसे पण्डितनाममात्रात्	सूक्तिमुक्तावली.	२९२	६
किरियाफडाडोवं	उपदेशसिद्धांत रत्नमाला.	३०४	३
किं लोकसत्कृतिनमस्कार	अध्यात्मकल्पद्रुम.	२७१	२३
किं वा परेण बहुना	सुभाषितरत्नभांडागार.	२०४	१७
किं वेदैः स्मृतिभिः पुराण	भर्तृहरिवैराग्यशतक.	२२९	४८
कीटोऽपि सुमनःसङ्गा	सुभाषितरत्नभांडागार.	१९९	४
क्रीडन्माणवकाङ्घ्रिताडन	सुभाषितरत्नभांडागार.	१४२	५
कुग्गहगहिआणं	सूक्तिमुक्तावली.	२९१	५
कुर्वते स्वमुखेनैव	सुभाषितरत्नभांडागार.	४०२	३
कुर्वन्त उच्चैर्द्विविधं	नरवर्मचरित्र.	६४	४४
कुलं विश्वश्लाघ्यं वपु	सूक्तिमुक्तावली.	४२३	१६
कुसग्गेजइओस	उत्तराध्ययन.	४८८	
कुसङ्गलीलाहतसङ्गशीलाः	नरवर्मचरित्र.	२१९	१८
कूपे पानमधोमुखस्य	शार्ङ्गधरपद्धति.	१७४	८
कूपे स्यादधमं स्नानं	पुराण.	४९४	१
कृतमोहास्त्रवैफल्यं	ज्ञानसार.	९२	६
कृते वर्षसहस्रेण	सूक्तिमुक्तावली.	४६५	२
कृत्वा पापसहस्राणि	,,	३३	२
कृमिकुलचितं लाला	भर्तृहरि नीतिशतक.	३९२	६
कृषिवाणिज्यगोरक्षा	पुराण.	३१२	१

केचित्काव्यकलाकलाप	सूक्तिमुक्तावली.	३०९	८
केतकीकुसुमं भृङ्गः	सुभाषितरत्नभांडागार.	१६३	४
कापस्य सङ्गाद्दूरमग्नि	नरवर्मचरित्र.	२२०	२१
,,	,,	३९७	५
कौशेयं कृमिजं	सुभाषितरत्नभांडागार.	१८२	१४
क्रूराश्चण्डाश्च पापाश्च	पुराण.	३१४	१२
क्व पिशुनस्य गतिः	सुभाषितरत्नभांडागार.	३६५	७
क्षमा दमो दया दानं	पुराण.	१३८	१
क्षमापुष्पस्रजंधर्म	ज्ञानसार.	२४	३
क्षितितलशयनं वा प्रान्त	सूक्तिमुक्तावली.	११८	१७
क्षुत्क्षामः किल कोऽपि रङ्कः	संघपट्टक.	२२९	३९
क्षेत्रेषु सस्यमतिभक्ष्य	सूक्तिसुधामासिक.	३१८	२८
	ख.		
खद्योतो द्योतते तावद्	सुभाषितरत्नभांडागार.	३९३	१
खरो द्वादश जन्मानि	मनुस्मृति.	३१३	८
खलः सत्क्रियमाणोऽपि	सुभाषितरत्नभांडागार.	३६९	८
खलानां कन्टकानां च	,,	३४६	१
खलानां धनुषां चापि	,,	३६८	५
खलेन धनमत्तेन	,,	४०४	५
खल्वाटः स्थूलवपुः	काव्यमाला प्रथम गुच्छक	३५९	१०
खे धर्मचक्रं चमराः सपाद	अध्यात्मकल्पद्रुम	४५	३१
	ग		
गजाश्वैर्भूपभवनं	ज्ञानसार.	९६	६
गणयन्ति नापशब्दं	अध्यात्मकल्पद्रुम.	२९१	४
गता ये पूज्यत्वं प्रकृति	सूक्तिमुक्तावली.	१६४	११
गतार्थसार्थस्य वरं	नरवर्मचरित्र.	२१९	२०
,,	,,	३९७	४
गते तस्मिन्भानौ त्रिभुवन	सुभाषितरत्नभांडागार.	३९५	६
गन्धांबुवर्षं बहुवर्ण	अध्यात्मकल्पद्रुम.	४५	३३
गन्धैराढ्या जगति	सुभाषितरत्नभांडागार.	४१२	१४

गर्भे विलीनं वरमत्र	सुभाषितरत्नसंदोह.	३२९	२
गर्भेऽशुचौ कृमिकुले	,,	४९८	८
गर्भो यथा दोहद	सूक्तिमुक्तावली.	३७	२
गवादीनां पयोऽन्येद्युः	सुभाषितरत्नभांडागार.	११४	१
गवाशिनां वै सगिरः	सूक्तिमुक्तावली.	२११	४
गात्रं कण्टकसङ्कटं	सुभाषितरत्नभांडागार.	३५४	४
गात्रं ते मलिनं तथा	,,	१६७	२
गाढं श्लिष्यति दूरतो	सुभाषितरत्नसंदोह.	४००	१
गायद्गन्धर्वनृत्यत्पण	संघपट्टक.	२३१	५२
गीतशास्त्रविनोदेन	सुभाषितरत्नभांडागार.	१५६	३
गीर्भिर्गुरूणां परुषा	,,	१२६	५
गुणवज्जनसंसर्गा	,,	१६२	२
गुणवन्तः क्लिश्यन्ते	,,	१६९	१
गुणवान् सुचिरस्थायी	,,	१७१	१
गुणहीणा जे पुरिसा	सूक्तिमुक्तावली.	१८१	११
गुणा गुणज्ञेषु गुणी भवन्ति	सुभाषितरत्नभांडागार.	१७१	१
गुणानर्चन्ति जन्तूनां	,,	१८१	८
गुणानामेव दौरात्म्याद्	सूक्तिमुक्तावली.	१६९	१
गुणा यत्र न पूज्यन्ते	,,	१७१	३
गुणांस्तवाश्रित्य नमन्त्यमी	अध्यात्मकल्पद्रुम.	२६३	१३
गुणाः कुर्वन्ति दूतत्वं	सुभाषितरत्नभाण्डागार	१६२	१
गुणाः सर्वत्र पूज्यन्ते	,,	१७९	२
गुणिनः समीपवर्ती	सूक्तिमुक्तावली.	२१०	३
गुणिनां निर्गुणानां च	,,	१६३	७
गुणिनि गुणज्ञो रमते	सुभाषितरत्नभाण्डागार.	१८४	४
गुणिनोऽपि हि सीदन्ति	,,	१७१	२
गुणेन स्पृहणीयः स्यान्न	,,	१६३	६
गुणेष्वनादरं भ्रातः	सूक्तिमुक्तावली.		
गुणैर्गौरवमायान्ति	,,	१६४	९
गुणैर्विहीनोऽपि जना	अध्यात्मकल्पद्रुम.	२६६	१७

गुणैस्सर्वज्ञकल्पोऽपि	सुभाषितरत्नभाण्डागार.	१८३	२
गुणो गुणान्तरापेक्षी	”	१८३	१
गुरु आ न गणन्ति गुणे	रूपसेनचरित्र.	१७६	१
गुरु भणियो सुत्थो	धर्मरत्नप्रकरण.	४७८	१८
गुरुं विना को न हि मुक्ति	महिपालचरित्र.	६७	६०
गुरूपदेशः श्रुतिमण्डनानि	०	१४६	३
गृहादिकर्माणि विहाय	सूक्तिमुक्तावली.	२७	८
गृहे गृहे सन्ति सुता	नरवर्मचरित्र.	१४५	१
गृहे चैवोत्तमं स्नानं	पुराण.	४९५	२
गेही वरं नैव कुशील	नरवर्म चरित्र.	३९७	६
”	”	२२०	२२
गोषिक्रियास्तु ये विप्रा	पुराण.	३१३	६
गौरवाय गुणा एव	सूक्तिमुक्तावली.	१८१	९
गौरी तनुर्नयनमायत	सुभाषितरत्नभाण्डागार.	३७८	१
ग्रामान्तरे विहित	सूक्तिमुक्तावली.	४४८	२४
ग्रामारामादि मोहाय	ज्ञानसार.	९५	३
ग्रीष्महेमन्तिकान्मासा	पुराण.	५९	२१

च

चक्रिविष्णु प्रतिविष्णु	नमस्कारमाहात्म्य.	२८	६
चणस्य पुत्रहीनस्य	नारदीयपुराण.	३१५	१८
चतुर्वेद्यपि यो भूत्वा	पुराण.	३१४	१०
चत्वारःप्रहरा यान्ति	सूक्तिमुक्तावली	४४३	२
चन्दनं शीतलं लोके	सूक्तिमुक्तावली.	२०३	१३
चन्द्रः किं स न यत्	कल्पसुबोधिका.	४७	३७
चन्द्रोपमानाः कृतसत्त्व	नरवर्मचरित्र.	६५	५०
चर्मचक्षुर्भृतः सर्वे	ज्ञानसार.	४७९	१
चलेच्च मेरुः प्रचलेत्तु	०	४२८	
चारित्रं स्थिरतारूप	ज्ञानसार.	७८	८
चारुता परदारार्थं	सुभाषितरत्नभांडागार.	४०२	१
चितइ जइ कज्जाइं	धर्मरत्नप्रकरण.	४७८	१५

चित्तमन्तर्गतन्दुष्टं	पुराण.	२१६	५
चित्तं रागादिभिः क्लिष्ट	,,	२१६	७
चित्तं विशुध्यति जलेन	सुभाषितरत्नसंदोह.	५०१	२०
चित्तं शमादिभिः शुद्धं	पुराण.	५८	१७
चित्ताह्लादि व्यसनविमुखः	सुभाषितरत्नसंदोह.	१५२	२२
चित्ते परिणतं यस्य	ज्ञानसार.	९३	८
चेतः सार्द्रतरं वचः सुमधुरं	सूक्तिमुक्तावली.	१५४	२८

छ.

छट्ठेणंभत्तेणंअपाण	सूक्तिमुक्तावली.	३५	१०
छायां प्रकुर्वन्ति नमन्ति	सुभाषितरत्नभांडागार.	३७१	१६
छिद्राणां निकटे वासो	रूपसेनचरित्र	४१०	१
छिन्नमूलो यथा वृक्षो	सूक्तिमुक्तावली.	४४५	१२
छिन्नः स निशितैः	सुभाषितरत्नभांडागार.	११४	४

ज.

जं वीरजिणस्स जिओ	उपदेश सिद्धांत रत्नमाला.	३०३	९
ज इते लिङ्गपपाणं	संघपट्टकनी टीका.	२१७	१०
जगगुरुजिणस्स वयणं	उपदेश सिद्धांत रत्नमाला.	३०४	२
जगद्धर्माधारः सगुरु	०	४६४	१
जडात्मको धारणया	अध्यात्मकल्पद्रुम.	२९२	८
जना घनाश्च वाचालाः	आत्मानुशासन.	१२१	१
जं तंवंसि पुज्जसि	उपदेश सिद्धांत रत्नमाला.	३०५	४
जन्त्विन्द्रियालमिद	सुभाषितरत्नसंदोह.	४९९	१४
जन्मस्थानं न खलु विमलं	सुभाषितरत्नभांडागार.	१८२	१३
जपन्ति ये नमस्कार	नमस्कारमाहात्म्य.	२९	११
जलेन वस्त्रपूतेन	नारदीयपुराण.	४९५	७
जाड्यं धियो हरति	भर्तृहरि नीतिशतक.	२०४	१६
जाड्यं ह्रीमति गण्यते	,,	३८४	१५
जानाति दज्जीवति नैव	सूक्तिमुक्तावली.	४४७	२०
जानाति येन सर्वं केन	काव्यमाला गुच्छक आठमो.	५१२	३
जानेऽस्ति संयमतपोभिरमी	अध्यात्मकल्पद्रुम.	२६९	२१

जिण आणअङ्गभयं	उपदेशसिद्धांतरत्नमाला.	३०२	६
जिणपूआ मुणिदाणं	सूक्तिमुक्तावली.	४७४	३
जिणवर आणाभङ्ग	उपदेशसिद्धांतरत्नमाला.	३०१	१
जिण सासणस्स सारो	सूक्तिमुक्तावली.	३१	२४
जितेन्द्रियः सर्वहितो	नारदीय पुराण.	१४१	१
जिनशासनावतंसाः	सूक्तिमुक्तावली.	४७४	२
जिनेश्वरक्रमयुगभक्ति	सुभाषितरत्नसंदोह.	१०२	१
जिनो दाता जिनो भोक्ता	नमस्कारमाहात्म्यं.	४२	२०
जिनोदिते वचसि रता	सुभाषितरत्नसंदोह.	१०७	२०
जिह्मो लोकः कथयति	सुभाषितरत्नभांडागार.	३६६	१०
जिह्वादूषितसत्पात्रः	,,	४०४	४
जीओ सुवन्नभूमी भूसण	सूक्तिमुक्तावली.	३६	११
जीवनग्रहणे नम्रा	सुभाषितरत्नभांडागार.	४०२	२
जैनो धर्मः प्रकटविभवः	०	४२३	१७
जो कारवेइ पडिमं	सूक्तिमुक्तावली.	१४	१
जो गुणइ लक्खमेगं	,,	३२	२८
जो न कुणइ तुह आणं	उपदेशसिद्धान्तरत्नमाला.	३०६	९
ज्ञानक्रिया समावेशः	ज्ञानसार.	८७	७
ज्ञानदर्शनचन्द्रार्क	,,	१००	६
ज्ञानदुग्धं विनश्येत	,,	७६	२
ज्ञानी क्रियापरः शान्तो	,,	३०७	१
ज्वालाभिश्शलभा जले	०	२२४	३५

ट—ण

टङ्कच्छेदे न मे दुःख	सूक्तिमुक्तावली.	३५०	२
ण सयं णपरं कोवा	उपदेशसिद्धांतरत्नमाला.	३०३	७

त

त इयाहिमाण अहमा	उपदेशसिद्धांतरत्नमाला.	३०३	८
त एव धन्या यशसां निकेतनं	नरवर्मचरित्र.	१४७	८
तक्षकस्य विषं दन्ते	सुभाषितरत्नभांडागार.	४०३	१
तत्र भ्रान्त्रि वसेद्गृह	सूक्तिमुक्तावली.	४७४	५

तथा च यत्किञ्चिदहं	"	१२२	८
तथ्यं पथ्यं सहेतु प्रिय	सुभाषितरत्नभांडागार.	१२४	१५
तदनु च गणकचिकित्सक	काव्यमाला प्रथम गुच्छक.	३६१	१८
तदेकान्ताग्रहावेश	नमस्कारमाहात्म्य.	४३९	१०
तद्वक्ता सदसि ब्रवीतु	सुभाषितरत्नभांडागार.	१२४	१४
तनूभृतां नियमतपो	सुभाषितरत्नसंदोह.	१०७	२३
तपश्शीलसमायुक्तं	पुराण.	५५	१
तपःश्रुतादिना मत्तः	ज्ञानसार.	८६	५
तरुमूलादिषु निहितं	सुभाषितरत्नभांडागार.	१७३	३
ना ज इ इमं पि वयणं	उपदेश सिद्धांत रत्नमाळा.	३०३	१०
ताण कहं जिणधम्मं	"	३०३	११
तावत् प्रीतिर्भवेल्लोके	०	४२८	
तावद्गर्जन्ति मण्डूकाः	सुभाषितरत्नभांडागार.	३९३	१
तास्तु वाचः सभायोग्या	"	१२१	२
तिर्यग्लोके चन्द्रमुख्याः	नमस्कारमाहात्म्य.	२८	८
तीक्ष्णा नारुन्तुदा बुद्धिः	सुभाषितरत्नभांडागार.	१२१	३
तीर्थाभिषेककरण	सुभाषितरत्नसंदोह.	४९७	३
तीर्थाभिषेकवशतः	"	४९७	६
तीर्थेषुचेत्क्षयमुपैति	"	४९७	५
तीर्थेषु शुध्यति जलैः	"	४९६	२
तुङ्गात्मनां तुङ्गतराः	सुभाषितरत्नभांडागार.	१८५	५
तुच्छं पत्रफलकषाय	०	४१५	१९
तुष्यन्ति भोजनैर्विप्रा	सूक्तिमुक्तावली.	१५६	४
तूलवल्लघवो मूढा	ज्ञानसार.	९२	७
ते गतास्ते गमिष्यन्ति	नमस्कारमाहात्म्य.	२८	१०
तेजोमयोऽपि पूज्योऽपि	सूक्तिमुक्तावली.	४११	५
ते पुत्रा ये पितुर्भक्ताः	"	४७३	
ते वै सत्पुरुषाः परार्थ	भर्तृहरि नीतिशतक.	१४९	१५
तेषां च देहाद्भुतरूप	अध्यात्मकल्पद्रुम.	४४	२७
तेषां सर्वाः श्रियः पञ्च	नमस्कारमाहात्म्य.	२८	९

तैरात्मा सुपरिक्षितो	सूक्तिमुक्तावली.	४६६	५
तैलाद्रक्ष्यं जलाद्रक्ष्यं	०	४८२	११
तैश्चन्द्रे लिखितं	सूक्तिमुक्तावली.	४६६	६
तोयेनेव सरः श्रियेव	,,	४४८	२५
त्यक्त्वा कुटुम्बं च धनं	सुभाषितरत्नभांडागार.	२२२	२९
त्यक्त्वा कुटुम्बवासं तु	पुराण.	५६	९
त्यक्त्वापि निजप्राणान्	सुभाषितरत्नभांडागार.	३८६	१
त्यक्त्वामौक्तिकसंहतिं	सुभाषितरत्नसंदोह.	३९२	७
त्यजति च गुणान्सुदूरं	सुभाषितरत्नभांडागार.	३९१	३
त्यजतु तपसे चक्रं चक्री	आत्मानुशासन.	२७७	३२
त्रयः स्थानं न मुञ्चन्ति	सूक्तिमुक्तावली.	१८५	१
त्रिधा स्त्रियः स्वसृजननी	सुभाषितरत्नसंदोह.	१०४	८
त्रिवर्गसंसाधनमन्त	सिंदूरप्रकरण.	४२१	११
त्रैकाल्यं जिनपूजनं	सूक्तिमुक्तावली.	४७६	१०

द.

दग्धं दग्धं पुनरपि	सुभाषितरत्नभांडागार.	११८	१८
दग्धा सा बकुलावली	सूक्तिमुक्तावली.	१८६	४
ददति तावदमी विषयाः	,,	११७	१५
दन्तिदन्तसमानं हि	सुभाषित रत्नभांडागार.	१७८	२
दम्भविकारः पुरतो	काव्यमाळा प्रथम गुच्छक.	३६२	२१
दयाम्भसा कृतस्नानः	ज्ञानसार.	२३	१
दयालवो मधुरमपैशुनं	सुभाषितरत्नसंदोह.	१०४	११
दर्शनाद् दुरितं हन्ति	अष्टाह्निका.	१५	१
दशकान्तर्नवास्तित्व	नमस्कारमाहात्म्य.	४३८	६
दशभिर्भोजितैर्विप्रै	पुराण.	५९	२३
दह्यमानाः सुतीव्रेण	शार्ङ्गधरपद्धति.	३७९	१
दानार्थिनो मधुकरा	सुभाषितरत्नभांडागार.	१९४	३
दानी स यः स्वल्पधनोऽपि दत्ते	नरवर्मचरित्र.	१४६	६
दाने तपसि शौर्ये च	सूक्तिमुक्तावली.	१४७	९
दारिद्दं दोहग्गं कु जाइ	,,	१४	२

दासत्वं विषयप्रभोर्गतवता	आत्मानुशासन.	२८१	३७
दास्यत्येषैव किन्तु द्विगुण	दृष्टांतपचीशी.	३८८	७
दिने दिने मञ्जुलमं	सूक्तिमुक्तावली.	४२१	९
दिवा निरीक्ष्य वक्तव्यं	०	४३२	
दिव्यं चूतरसं पीत्वा	सुभाषितरत्नभांडागार.	३४५	२
दीपो हन्ति तमःस्तोमं	सूक्तिमुक्तावली.	४२०	७
दुःखं वरं चैव वरं	,,	३९६	३
दुःखेन शुध्यति मषी	सुभाषितरत्नभांडागार.	४९९	११
दुर्जनजनसन्तप्तो	सूक्तिमुक्तावली.	११६	१०
दुर्जनदूषितमनसां	शार्ङ्गधरपद्धति.	४०६	१
दुर्जनवचनाङ्गारै	सूक्तिमुक्तावली.	११६	११
दुर्जनवदनविनिर्गत	रूपसेनचरित्र.	३३६	१६
दुर्जनः कालकूटं च	सूक्तिमुक्तावली.	३३५	११
दुर्जनः परिहर्तव्यो	सिंदूरप्रकरण.	३३२	१
,,	,,	४३३	
दुर्जनं प्रथमं वंदे	सुभाषितरत्नभांडागार.	३५५	१
दुर्जनेन समं सख्यं	,,	३३४	८
दुर्जनो दोषमादत्ते	,,	१५७	७
दूर्जनो नार्जवं याति	,,	३३४	७
दुर्भेदस्फुरदुग्रकुग्रहतमः	संघपट्टक.	२३०	५१
दुर्वृत्तसङ्गतिरनर्थ	सूक्तिमुक्तावली.	४१२	११
दूषणं मतिरुपैति नोत्तमी	,,	३८१	८
दूषयन्ति दुराचारा	ज्ञानार्णव.	३७९	२
दुष्टाष्टकर्ममलशु	सुभाषितरत्नसंदोह.	५००	१७
दुष्टो यो विदधाति दुःख	,,	३४०	२७
दूतो वाचिकविस्मारी	सूक्तिमुक्तावली.	३२५	१
दूरादुच्छ्रितपाणिरार्द्र	सुभाषितरत्नभांडागार.	४०१	३
दृश्यन्ते बहवः कलासु	काव्यमाला गुच्छक सातमो.	७३	७५
दुष्टं किमपि लोकेऽस्मिन्	सुभाषितरत्नभांडागार.	५२५	
दृष्ट्वा जनं व्रजसि किं	आत्मानुशासन.	२७६	३०

देवतत्वे गुरुतत्वे	नमस्कारमाहात्म्य.	४०	११
देवमानुष्यतिर्यक्षु	पुराण.	५८	१९
देवयात्राविवाहेषु	सूक्तिमुक्तावली.	४९५	५
देवः स वः शिवमसौ	पार्श्वचरित्र.	१	१
देवं श्रेणिकवत्प्रपूजय	सूक्तिमुक्तावली.	४७५	८
देवार्थव्ययतो यथारुचि	संघपट्टक.	२२७	४४
दोषप्लुषे पुण्यपुषे	नरवर्मचरित्र.	६२	३७
दोषाकरोऽपि कुटिलोऽपि	सुभाषितरत्नभांडागार.	१७७	३
दोषालोकनिपुणाः	,,	३६४	३
दोषेषु स्वयमेव	सुभाषितरत्नसंदोह.	३४१	२९
दोषो गुणाय गुणिनां	,,	१५८	११
दोषः सर्वगुणाकरस्य	आत्मानुशासन.	१७६	१
द्रव्यपूजोचिता भेदो	ज्ञानसार.	२६	८
द्रव्यादिसाफल्यमतुल्य	सूक्तिमुक्तावली.	१२२	९
	ध		
धत्तूरकण्टकफल	सुभाषितरत्नभांडागार.	३२६	२
धन्यस्त्वं निर्धनोऽप्येवं	०	४६१	१
धन्यः स मुग्धमतिरप्यु	अध्यात्मकल्पद्रुम.	२९७	१२
धन्यानां गिरिकन्दरे	भर्तृहरि वैराग्य.	७०	६७
धन्यानामिह धर्मकर्म	सूक्तिमुक्तावली.	४४९	२७
धन्याभारतवर्षसम्भवि	,,	४४९	२८
धन्याः केप्यनधीतिनोऽपि	अध्यात्मकल्पद्रुम.	२९९	१४
धरान्तःस्थं तरोर्मूल	सूक्तिमुक्तावली.	४२०	६
धर्मस्य फलमिच्छति	,,	४४६	१७
धर्मं ध्वस्तदयो यशो	सिंदूरप्रकरण.	४१६	२०
धर्मादधिगतैश्वर्यो	सूक्तिमुक्तावली.	४४३	४
धर्माधर्मविचारणाविर	सुभाषितरत्नसंदोह.	३४३	३५
धर्मारम्भेऽप्यसतां	सुभाषितरत्नभांडागार.	४०८	२
धर्मार्थकाममोक्षाणां	सूक्तिमुक्तावली.	४४३	३
धर्मो दुःखदवानलस्य	०	४२५	२२

धर्मो महामङ्गलमङ्ग	सूक्तिमुक्तावली.	४२०	८
धवलयति समग्रं चन्द्रमा	”	१९०	१३
धिगागमैर्माद्यसि रञ्जय	अध्यात्मकल्पद्रुम.	२९६	११
धूमं पयोधरपदं	सुभाषितरत्नभांडागार.	३९०	३
धृष्टो दुष्टोऽपि पापिष्ठो	रूपसेनचरित्र.	३६२	२
ध्रुवः प्रमादैर्भववारिधौ मुने	अध्यात्मकल्पद्रुम.	२६७	१९
ध्वान्तध्वंसपरः कलं	सुभाषितरत्नसंदोह.	३३९	२६

न.

न कापि सिद्धिर्न च ते	अध्यात्मकल्पद्रुम.	२५४	४
न कोपो न लोभो न मानो	०	४६	३५
न गोप्यं क्वापि नारोप्यं	ज्ञानसार.	९१	३
न देवं नादेवं न गुरु	सूक्तिमुक्तावली.	४८३	१३
नद्यः पयोधिं नयिनं	नरवर्मचरित्र.	६६	५५
न परं फलति हि किं	सुभाषितरत्नभांडागार.	४१२	९
न बान्धवस्वजनसुत	सुभाषितरत्नसंदोह.	१०३	४
न ब्रूते परदूषणं परगुणं	सिंदूरप्रकर.	१५३	२६
न भावी धर्मैरविधिप्रयु	अध्यात्मकल्पद्रुम.	२२१	२५
नमस्कारसमो मन्त्रः	सूक्तिमुक्तावली.	३३	१
न मुखेनोद्गिरत्यूर्ध्वं	”	११५	६
नम्रत्वेनोन्नमन्तः परगुण	भर्तृहरि नीतिशतक.	११५	३१
नयतोऽभीप्सितं	नमस्कारमाहात्म्य.	४३७	१
नयनाञ्चलैः सकोपै	काव्यमाला प्रथम गुच्छक.	३६०	१२
न यान्ति दास्यं न दरिद्र	सूक्तिमुक्तावली.	१७	१०
न रागिणः क्वचन न रोष	सुभाषितरत्नसंदोह.	१०६	१८
न लाति यः स्थितपतितादिकं	”	१०३	७
नवकारइक्क अक्कर	सूक्तिमुक्तावली.	३२	२७
नवब्रह्मसुधाकुण्ड	ज्ञानसार.	९९	४
नवापि तत्त्वानि विचा	नरवर्मचरित्र.	६४	४३
न विकाराय विश्वस्यो	ज्ञानसार.	९७	८
न विना परवादेन	सुभाषितरत्नभांडागार.	३३३	२

न वेत्ति यो यस्य गुणप्रकर्षं	,,	१९१	१
न व्याघ्रः क्षुधयातुरोऽपि	सुभाषितरत्नसंदोह.	४१५	१७
न शब्दशास्त्राभिरतस्य	पुराण.	६७	५९
नश्यत्तन्द्रो भुवन	सुभाषितरत्नसंदोह.	१५१	२०
न स्नानमाचरेद्भुक्त्वो	शार्ङ्गधरपद्धति.	४९५	४
न हि जन्मनि ज्येष्ठत्वं	सुभाषितरत्नभांडागार.	१८०	३
नहि मे पर्वता भारा	सूक्तिमुक्तावली.	३६७	२
नाजीविकाप्रणयिनीतनया	अध्यात्मकल्पद्रुम.	२७२	२४
नानापट्टपुराण	०	३	१
नान्तकस्यप्रियः कश्चिन्	सूक्तिमुक्तावली.	४४४	६
नाम्रं सुसिक्तोऽपि ददाति	अध्यात्मकल्पद्रुम.	२२२	३१
नालिकेरसमाकारा	सूक्तिमुक्तावली.	१५६	५
नाहं काको महाराज	०	४३३	०
नाहं पुद्गलभावानां	ज्ञानसार.	८४	२
निजकर्मकरणदक्षः	सूक्तिमुक्तावली.	११७	१४
निजगुणक्षयरूप	भाषापूजासंग्रह.	१२	१०
निजमनोमणिभाजन	,,	१०	४
निन्द्येन मांसखण्डेन	नमस्कारमाहात्म्य.	३९	५
निन्द्येन वागविषयेण	सुभाषितरत्न.	४९८	९
निमिषं निमिषार्द्धं वा	नारदीयपुराण.	१४१	२
निमीलनाय पद्मा	सुभाषितरत्नभांडागार.	३९४	२
निरस्तभूपोऽपि यथा	सुभाषितरत्नसंदोह.	३२९	३
निर्गुणलोकप्रणतः	काव्यमाला प्रथम गुच्छक.	३५७	३
निर्दन्तः करटी हयो	०	४२४	२०
निर्धनत्वं धनं येषां	आत्मानुशासन.	६०	२९
निर्ममो निरहङ्कारो	शिवपुराण.	३८	१
निर्माय खलजिह्वाग्रं	सुभाषितरत्नभांडागार.	४०३	३
निर्वाहार्थिनमुज्झितं	संघपट्टक.	२२५	३८
निवसन्नपि समप्रितरै	सूक्तिमुक्तावली.	१७२	२
निश्चयव्यवहारौ	नमस्कारमाहात्म्य.	४३७	३

निःशेषपापमलबाधन	सुभाषितरत्नसंदोह.	५००	१७
निष्कासिताविरतियोषिति	पार्श्वचरित्र.	२	३
निष्ठुरकुठारघातैः	०	५१८	३
निष्पेषोऽस्थिचयस्य	सुभाषितरत्नभांडागार.	१९१	१६
निःसारस्य पदार्थस्य	शार्ङ्गधरपद्धति.	३४६	३
निःस्वोऽपि सङ्गतः साधु	सूक्तिमुक्तावली.	१९६	१
नीचं समृद्धिमपि सेवति	सुभाषितरत्नभांडागार.	४०५	१
नीचाः शरीरसौख्यार्थं	पार्श्वनाथचरित्र.	१५६	१
नीचोच्चादिविवेकनाशकुशलो	सुभाषितरत्नसंदोह.	३३९	१५
नीरसान्यपि रोचन्ते	सुभाषितरत्नभांडागार.	१८६	१
नृणाम्मृत्युरपि श्रेयान्	पार्श्वनाथचरित्र.	२०१	९
नेत्रानन्दकरी भवोदधि	सूक्तिमुक्तावली.	२०	१८
नेत्रोन्मीलि विकाशभाव	अष्टाह्निका.	१९	१४
नैकचक्रो रथो याति	नमस्कारमाहात्म्य.	४३८	५
नैवात्मनो विनाशं	सुभाषितरत्नभांडागार.	३८७	३
नैवास्वाद्य रसायनस्य रसनात्	०	२११	६
नोच्चैर्वाच्यमवश्यं	काव्यमाला प्रथम गुच्छक.	३६०	१६
नोदकक्लिन्नगात्रोऽपि	पुराण.	५८	१६
नो निर्धूतविषं पिबन्नपि	सुभाषितरत्नसंदोह.	३७२	१९
नो मृत्तिका नैव जलं	पुराण.	५७	१२
नौरेषा भववारिधौ	सूक्तिमुक्तावली.	२०	१७
न्यस्ता मुक्तिपथस्य वाहकतया	अध्यात्मकल्पद्रुम.	२२९	४९
न्यायनिर्णीतसारत्वात्	सुभाषितरत्नभांडागार.	१२१	५
	प.		
पक्कणकुले वसन्तो	संघपट्टकनी टीका.	२१८	१३
पक्षपातो न मे वीरे	हरिभद्रसूरि.	३९	३
पङ्कान्वयमपि सरसिज	सूक्तिमुक्तावली.	१८१	१०
पञ्चविधाभिगमोऽसौ	,,	६	२
पठकः पाठकश्चैव	,,	३०८	४
पडिवज्जमसगाहं	धर्मरत्नप्रकरण.	४७८	१९

पण्याजीवस्तुकश्चित्	दृष्टांतपच्चीशी.	३८५	१७
पतितोऽपि राहुवदने	सुभाषितरत्नभांडागार.	१७७	२
पत्नी प्रेमवती सुतः	सुक्तिमुक्तावली.	४२७	२४
पद्माकरं दिनकरो	भर्तृहरिनीतिशतक.	१४८	११
परदारपरद्रोह	पुराण.	६०	२५
परदाररतस्यापि	नारदीयपुराण.	३१५	१६
परपरितापनकुतुकी	सुभाषितरत्नभांडागार.	३८७	४
परपरिवादे मूकः	पुराण.	६१	३१
परमभावफलावलि	भाषापूजासंग्रह.	१२	११
परवादे दशवदनः	सुभाषितरत्नभांडागार.	४०४	६
परविघ्नेन संतोषं	”	३८९	१
”	”	४२७	१
परस्यापदि जायन्ते	पार्श्वचरित्र खंड सातमो.	१८७	२
परं पुण्यं परं श्रेयः	नमस्कारमाहात्म्य.	३०	१७
परान्नं प्राप्य दुर्बुद्धे	सुभाषितरत्नभांडागार	३१५	१४
परिग्रहं चेद्व्यजहा	अध्यात्मकल्पद्रुम.	२५६	६
परिग्रहात्स्वीकृतधर्मसाधना	”	२६६	१८
परिग्रहं द्विविधं त्रि	सुभाषितरत्नसंदोह.	१०४	९
परिषहान्नो सहसे न	अध्यात्मकल्पद्रुम.	२५१	३
परोपकारप्रवणाः स्वसत्वा	नरवर्मचरित्र.	६४	४७
परोपकाराय फलन्ति वृक्षाः	भर्तृहरि नीतिशतक.	१८९	२१
पल्यङ्कमासंदिकमुज्जिहाना	नरवर्मचरित्र.	६३	४१
पल्योपमसहस्रन्तु	सूक्तिमुक्तावली.	३४	५
पश्य लक्ष्मण पंपायां	सिंदूरप्रकरणनी टीका.	३५७	१
पश्य सत्सङ्गमाहात्म्यं	पार्श्वनाथचरित्र.	२०२	११
पाणौ ताम्रघटी कुशः	सुभाषितरत्नभांडागार.	३१९	३१
पातु वो निकषग्रावा	”	१२	१
पात्रमपात्रीकुरुते	”	४११	८
पापकर्तुः परस्यार्थे	नारदीयपुराण.	३१६	१९
पापं लुम्पति दुर्गतिं दलयति	सूक्तिमुक्तावली.	२०	१९

पायखिणेण पावइ	अष्टाह्निका.	१६	६
पाषाणेषु यथा हेम	काव्यमाला गुच्छक आठमो.	५१७	१
पाषाणो भिद्यते टङ्कै	सुभाषितरत्नभांडागार.	४०४	१
पासत्थाइं वन्दमाणस्स	संघपट्टकनी टीका.	२१७	११
पिता माता भ्राता प्रिय	सिंदूरप्रकर.	६९	६५
पित्रादयोऽपि वञ्च्यन्ते	०	४६२	२
पिबन्ति नद्यः स्वयमेव	सुभाषितरत्नभांडागार.	१८९	१०
पिशुनः खलु सुजनानां	,,	३६५	४
पिशुनजनदूषिता	सूक्तिमुक्तावली.	११६	१२
पीठीप्रक्षालनेन क्षिति	सुभाषितरत्नभांडागार.	३१९	३२
पीड्यन्ते जन्तवो येन	पुराण.	४९५	३
पीतं यत्र हिमं पयः	शार्ङ्गधरपद्धति.	३७१	१८
पीत्वा ज्ञानामृतं भुक्त्वा	ज्ञानसार.	७९	१
पीयुषधारामिव दाम्भिकाः	संघपट्टटीका.	२१०	२४
पुद्गलैः पुद्गलास्तृप्तिं	ज्ञानसार.	८१	५
पुरःस्थितानिवोर्ध्वाध	,,	४७९	२
पुष्पाद्यर्चा तदाज्ञा च	सूक्तिमुक्तावली.	५	१
पूगीफलानि पात्राणि	,,	१८५	२
पूतं धाम निजं कुलं	,,	४६९	७
पूर्वं नवाङ्कं नवभिः	भाषापूजासंग्रह.	१७	९
पोतो दुस्तरवारितरणे	सुभाषितरत्नभांडागार.	४०५	३
प्रकटमपि न संवृणोति	,,	३६५	६
प्रकृतिखलत्वादमतां	,,	४०८	४
प्रक्षालयन्तं जनपापपङ्कं	नरवर्मचरित्र.	६२	३४
प्रच्छादयति दुरात्मा	सूक्तिमुक्तावली.	१५७	९
प्रतिग्रहरता ये च	नारदीयपुराण.	३१६	२२
प्रत्यक्षतो न भगवानृषभो	हरिभद्रसूरि.	४६	३६
प्रत्युत्थाति समेति नौति	सुभाषितरत्नसंदोह.	४००	२
प्रथमवयसि पीतं तोय	सुभाषितरत्नभांडागार.	१७४	७
प्रथमे नार्जिता विद्या	सूक्तिमुक्तावली.	४४५	११

प्रदानं प्रच्छन्नं गृह	भर्तृहरि नीतिशतक.	१४९	१६
प्रदीप्ते भुवने यद्वत्	नमस्कारमाहात्म्य.	२९	१२
प्रबोधयन्तो भविकां	नरवर्मचरित्र.	६५	४९
प्रभविष्णुस्त्वमेकोऽपि	०	४६२	१
प्रमाणीकृत्य शास्त्राणि	सूक्तिमुक्तावली.	२९१	३
प्रशमो देवगुर्वाज्ञा	नमस्कारमाहात्म्य.	३०	२०
प्रशान्तचित्तायभवाब्धि	नरवर्मचरित्र.	६२	३८
प्राकृत एव प्रायो	सूक्तिमुक्तावली.	३४६	६
प्राक् पादयोः पतति	सुभाषितरत्नभांडागार.	४०३	९
प्राग्धर्मलवणोत्तारं	ज्ञानसार.	२४	५
प्राज्ञः प्राप्तसमस्त	आत्मानुशासन.	१२४	१३
प्राणाघातान्निवृत्तिः	भर्तृहरिनीतिशतक.	१५४	३०
प्रातः क्षालितलोचनाः	सुभाषितरत्नभांडागार.	३१८	३०
प्रातः पुष्णो भवति महिमा	सूक्तिमुक्तावली.	२८२	४
प्राप्यापि चारित्रमिदं	अध्यात्मकल्पद्रुम.	२६१	११
प्रायः प्रकाशतां याति	सुभाषितरत्नभांडागार.	३८९	२
प्रायः स्वभावमलिनो	,,	३५५	१
प्रासादरम्यमोजस्वि	,,	१२१	४
प्रासादे कलशाधिरोपणसमं	सूक्तिमुक्तावली.	३७	४
प्रिया न्याय्या वृत्तिर्मलिन	भर्तृहरिनीतिशतक.	१४९	१५
प्रेरयति परमनार्यः	सुभाषितरत्नभांडागार.	३८९	१
	फ		
फलपूजाविधौ तु	सूक्तिमुक्तावली.	१६	३
	ब		
बहवो रथ्या गुरवो	काव्यमाला प्रथम गुच्छक.	३६३	४
बहुगुण विज्जाणिलओ	उपदेशसिद्धांत रत्नमाला.	३०१	२
बहुनिष्कपटद्रोहि	सुभाषितरत्नभांडागार.	३३३	३
बंधण मरण भयाइं	उपदेशसिद्धांत रत्नमाला.	३०५	६
बाधाविधायिनामपि	सूक्तिमुक्तावली.	१८८	७
बालः प्रायो रमणासक्तः	,,	४४७	१९

बाल्येऽपि मधुराः केऽपि	पार्श्वनाथचरित्र.	१५६	२
ब्रह्मचर्यतपोयुक्ता	पुराण.	१४०	८
ब्रह्मज्ञानविवेकनिर्मल	भर्तृहरि वैराग्यशतक.	२८५	४
ब्राह्मणो ब्रह्मचर्येण	पुराण.	१४०	९
बाह्यदृष्टिप्रचारेषु	ज्ञानसार.	९७	१
बाह्यदृष्टेः सुधासार.	,,	९५	४

भ

भक्तिश्रद्धानघुसृणो	ज्ञानसार.	२३	२
भक्तो मातापितॄणां	सूक्तिमुक्तावली.	४७१	१०
भग्नपृष्ठकटिग्रीवा	०	४८२	१०
भर्तारः कुलपर्वता	आत्मानुशासन.	७०	६८
भवति किल विनाशो	सूक्तिमुक्तावली.	११७	१६
भवति नियतमत्रासंयम	संघपट्टकटीका.	२२३	३३
भवन्ति नम्रास्तरवः	भर्तृहरिनीतिशतक.	१४७	७
भवभ्रमणविश्रान्ते	पुराण.	५८	१८
भवसौख्येन किं	ज्ञानसार.	९०	२
भस्मना केशलोचेन	ज्ञानसार.	९६	७
भिक्षा सूतकमन्दिरे	संघपट्टक.	२२८	४६
भूमिओ भवो अणन्तो	उपदेश सिद्धांतरत्नमाळा.	३०६	८
भ्रमवाटी बहिर्दृष्टि	ज्ञानसार.	९४	२

म

मक्षिकाः क्षतमिच्छन्ति	सूक्तिमुक्तावली.	१५७	८
मणिना वलयं वलयेन	सुभाषितरत्नभांडागार.	१८३	३
मणिः शाणोल्लिढः समर	पार्श्वनाथचरित्र.	१९७	३
मत्कुणानां च संयोगात्	सूक्तिमुक्तावली	२१०	१
मत्स्यार्थी चरति तपः	काव्यमालाप्रथमगुच्छक.	२६१	१९
मदस्थानभिदात्यागै	ज्ञानसार	२४	४
मधुरमिव वदन्ति	सुभाषितरत्नभांडागार.	१४२	४
मधुराज्यमहाशाका	ज्ञानसार.	८१	६
मनसि वचसि काये	भर्तृहरि नीतिशतकः	१४८	१३

मनः स्थिरं यस्य विना	रूपसेनचरित्र.	६८	६१
मनीषिणः सन्ति न ते	सुभाषितरत्नभांडागार.	१२७	७
मनो विशुद्धं पुरुषस्य	पुराण.	६१	३३
मन्दोऽप्यमन्दतामेति	सुभाषितरत्नभांडागार.	१९९	३
मन्ये विशोध्य विधिरेन्द	पार्श्वचरित्र.	४	७
ममत्वमायामदमान	नरवर्मचरित्र.	६५	४८
मयूरी ज्ञानदृष्टिश्चेत्	ज्ञानसार.	९२	५
मरुस्थली कल्पतरूपमानं	नरवर्मचरित्र.	६२	३६
मलयाचलगन्धेन	सुभाषितरत्नभांडागार.	१९८	२
महतामप्यहो दैवाद्	सूक्तिमुक्तावली.	४११	७
महतां पार्थनेनैव	शार्ङ्गधरपद्धति.	२०९	१
महर्षयः केऽपि सहन्त्यु	अध्यात्मकल्पद्रुम.	२५९	१०
महातपोध्यानपरीष	,,	२५८	८
महादुःखाय सम्पद्ये	०	४२७	२
महाव्रतधरा धीरा	हेमाचार्य.	६०	२७
महिमानं महीयांसं	सूक्तिमुक्तावली.	२०२	१२
माता पिता स्वः सुगुरु	अध्यात्मकल्पद्रुम.	६७	५६
माताप्येका पिताप्येको	सिंदूरप्रकरटीका.	२१०	३
मातृस्वामिस्वजनजनक	सुभाषितरत्नसंदोह.	१५२	२३
माध्यस्थ्यशुद्धैर्गुरुदेव	अध्यात्मकल्पद्रुम.	२२१	२७
मानं मार्दवतः क्रुधं	सुभाषितरत्नसंदोह.	४०५	२
मार्गे रुद्ध्वा सगर्वं कमपि	दृष्टांतपचीशी.	३४७	५
मालाम्बराभरणभोजन	सुभाषितरत्नसंदोह.	४९९	१३
मालिन्यमवलम्ब्येत	सुभाषितरत्नभांडागार.	३४७	३
मांसं मृगाणां दशनौ	शार्ङ्गधरपद्धति.	१६९	२
मासुअह जग्गीअव्वं	सूक्तिमुक्तावली.	४४६	१८
मास्वपोहि जागरिव्वं	,,	४४६ फुटनोटमां छे.	
मित्तसमाणो माणा	धर्मरत्नप्रकरण.	४७८	१७
मित्रद्रोही कृतघ्नश्च	०	४३९	

मिथ्यात्वगरलोद्गारः	सूक्तिमुक्तावली.	३४	७
मुक्त्वा स्वार्थं सकृपहृदया	सुभाषितरत्नसंदोह.	१५२	२४
मुखं पद्मदलाकारं	रूपसेनचरित्र.	३६२	१
मुखेनैकेन विध्यन्ति	सुभाषितरत्नभांडागार.	४०३	२
मुण्डनाच्छ्रमणो नैव	पुराण.	२१५	२
मुण्डी जटी वल्कलवो	सुभाषितरत्नभांडागार.	२२१	२८
मुण्डो जटिलो नग्न	काव्यमाला प्रथम गुच्छक.	३५९	९
मुद्धाण रंजयणत्थ	उपदेशसिद्धांत रत्नमाला.	३०२	५
मुनिरध्यात्मकैलासे	ज्ञानसार.	९९	५
मूर्खो हि जल्पतां पुंसां	शार्ङ्गधरपद्धति.	३९१	१
मूलभूतं ततो धर्मं	सूक्तिमुक्तावली.	४४५	१३
मूले भुजङ्गाः शिखरे	०	१७३	५
मृगमीनसज्जनानां	सूक्तिमुक्तावली.	३८१	६
मृदो भारसहस्रेण	पुराण.	२१६	४
मेरूपमानमधुपव्रज	सुभाषितरत्नसंदोह.	५००	१५
मेषं कोऽपि क्षरे पिबन्त	दृष्टांतपचीशी.	३८२	१२
मोक्षाश्रमं यश्चरते यथो	पुराण.	१४१	१२
मोदका यत्र लभ्यन्ते	,,	३१४	१३
मोदन्ते बहुतर्कतर्कणचणाः	अध्यात्मकल्पद्रुम.	२९८	१३
मो मा रा म मा दं द्वे		३९	४
मोहं धियो हरति	सूक्तिमुक्तावली.	४८२	१२

य

यच्छुक्रशोणितसमुत्प	सुभाषितरत्नसंदोह.	४९८	७
यत्किञ्चिद्वितथं यदप्य	संघपट्टक.	२२४	३७
यत्नः कामार्थयशसां	सूक्तिमुक्तावली.	४४४	९
यत्नेन पापानि समाचरन्ति	,,	४४७	२१
यत्प्राग्जन्मनि सञ्चितं	आत्मानुशासन.	७१	७०
यत्र विद्यागमो नास्ति	शार्ङ्गधरपद्धति.	१८६	३
यत्रानेककथानकद्र	०	४८३	१४
यत्रापि कुत्रापि भवन्ति	सुभाषितरत्नभांडागार.	१९३	१

यत्राब्जोऽपि विचित्र	काव्यमाला गुच्छक सातमो.	७२	७३
यत्साधूदितमन्त्रगोचर	सुभाषितरत्नसंदोह.	३४१	३१
यथा गजपतिश्श्रान्तः	सूक्तिमुक्तावली.	३६७	१
,,	,,	४११	४
यथाग्नितापः सुखदो	०	९	१
यथा चतुर्भिः कनकं	सुभाषितरत्नभांडागार.	४२२	१२
यथा चित्तं तथा वाचो	०	२७४	
यथा बिन्दुनिपातेन	सूक्तिमुक्तावली.	४४४	८
यथा यथैव स्नेहेन	सुभाषितरत्नभांडागार.	३६९	७
यदमी दशन्ति दशना	,,	१८८	५
यदमीषां महर्षीणां	पुराण.	५९	२२
यदा न कुरुते पापं	,,	५६	८
,,	,,	१३९	४
यदा सर्वं परित्यज्य	,,	५९	२०
यदा सर्वं परद्रव्यं	,,	१३९	४
यदा सर्वानृतं त्यक्त्वा	,,	१३९	५
यदि नाम सर्षपकणं	सूक्तिमुक्तावली.	१९६	२
यदि मोक्षफलं काले	,,	४४५	१४
यदि सन्ति गुणाः पुंसां	सुभाषितरत्नभांडागार.	१६२	३
यद्भक्तेः फलमर्हदादि	सिंदूरप्रकर.	४६९	६
यद्यदिष्टतमं तत्तत्	सूक्तिमुक्तावली.	३९१	२
यद्यपि खदिरारण्ये	सुभाषितरत्नभांडागार.	१७८	१
यद्यपि चन्दनविटपी	,,	१८७	४
यद्यपि स्वच्छभावेन	सूक्तिमुक्तावली.	१९५	१
यद्वच्चन्दनसम्भवोऽपि	सुभाषितरत्नसंदोह.	४०७	४
यद्वद्धातुर्वितरति	,,	१९०	१५
यन्नाम्ना मदवारि	०	४२५	२३
यन्निर्मित्तं क्षुधितत:	सुभाषितरत्नसंदोह.	४९८	१०
यमनियमनितान्तः	आत्मानुशासन.	६८	६२
यस्तु योगरतो विभो	नारदीयपुराण.	३१७	२५

यस्त्यक्त्वा गुणसंहतिं	सुभाषितरत्नसंदोह.	३४०	२८
यस्मिन्वंशे समुत्पन्ना	सुभाषितरत्नभांडागार.	४०६	१
यस्य क्षणोऽपि सुरधाम	अध्यात्मकल्पद्रुम.	२७५	२७
यस्य चित्तं द्रवीभूतं	पुराण.	५६	७
यस्य तस्य प्रसूतोऽत्र	पार्श्वनाथचरित्र.	१८०	६
यस्य त्रिवर्गशून्यानि	सूक्तिमुक्तावली.	४४३	५
यस्य नास्ति परापेक्षा	ज्ञानसार.	९०	१
यस्याकर्ण्य वचः सुधाकवलितं	शार्ङ्गधरपद्धति.	३८३	१३
यस्यां स केसरियुवा	सुभाषितरत्नभांडागार.	३९५	४
यः पुष्पैर्जिनमर्चति	सिंदूरप्रकर.	२१	२१
यः संसारनिरासलाल	,,	४६८	४
यात्राः प्रतीत्य पितरौ	संघपट्टकटीका.	२२२	३२
या शान्तैकरसास्वाद	ज्ञानसार.	८०	३
या सृष्टिर्ब्रह्मणो बाह्या	,,	१००	७
यास्याम्यायतनं जिनस्य	सूक्तिमुक्तावली.	१८	१३
युक्तौ धुर्याविवोत्सर्गा	नमस्कारमाहात्म्य.	४३७	२
युवां यदि पितुर्भक्तौ	०	४६०	१
ये जात्या लघवः सदैव	सुभाषितरत्नभांडागार.	२०२	२३
ये दीनेषु दयालवः स्पृशति	सूक्तिमुक्तावली.	१५४	२९
येऽनादिमुक्तौ किल		१०	२
ये शान्तदान्ताः श्रुतपूर्ण	पुराण.	१४०	११
येषां जपस्तपः शौचं	,,	१३९	७
येषां भूषणमङ्गसङ्गत	आत्मानुशासन.	७१	६९
येषां मनांसि करुणा	सूक्तिमुक्तावली.	१४८	१२
ये स्त्रीवशं गता नित्यं	महाभारत.	३१९	२
यो दृष्टो दुरितं हन्ति	सूक्तिमुक्तावली.	३४	३
यो धर्मशीलो जितमान	०	४२१	१०
यो नाक्षिप्य प्रवदति	सुभाषितरत्नसंदोह.	१५०	१७
योऽन्येषां भषणोद्यतः	,,	३४१	३०

यो वर्जितः पञ्चभिरन्तरायै	नरवर्मचरित्र.	४२	२१
यो विश्वं वेदवेद्यं जनन	अकलंकस्तोत्र.	४७	२८

र.

रक्षन्परसंस्पर्शं	काव्यमाला प्रथमगुच्छक.	३६०	१२
रक्षार्थं खलु संयमस्य गदिता	अध्यात्मकल्पद्रुम.	२७८	३५
ररकंतो जिणदव्वं	सुक्तिमुक्तावली.	६	३
रङ्कः कोऽपि जनाभिभूति	अध्यात्मकल्पद्रुम.	२७९	३६
रत्नत्रयामलजलेन	सुभाषितरत्नसंदोह.	५०१	२२
रत्नाकरः किं कुरुते	सुभाषितरत्नभांडागार.	१८९	१२
रत्नानामिह रोहण	सिन्दूरप्रकर०	४६०	३
रत्नैरापूरितस्यापि	सुभाषितरत्नभांडागार.	११४	२
रत्नैस्त्रिभिः पवित्राया	ज्ञानसार.	१००	८
रम्यं येन जिनालयं	सूक्तिमुक्तावली.	१४	४
रम्येषु वस्तुवनितादिषु	आत्मानुशासन.	२७७	३१
रविचन्द्रवन्हिदीप	काव्यमाला गुच्छक.	५१२	१
राजमान्यो धनाढयश्च	रूपसेनचरित्र.	१७९	१
राज्यं निःसचिवं गत	०	४२४	१८
राज्यं वाजिविभूतिदन्ति	सूक्तिमुक्तावली.	४८३	१५
रावणेन कृते पापे	रूपसेनचरित्र.	४४०	२
रुचिरकनकधाराः	सूक्तिमुक्तावली.	४६८	५
रूपे रूपवती दृष्टि	ज्ञानसार.	९४	१
रूपं रम्यं करणपटुता	सूक्तिमुक्तावली.	४२४	१८
रेणुकाजनयद्राम	पुराण.	५६	६
रोहणाद्रेरिवादाय	नमस्कारमाहात्म्य.	४१	१६

ल.

लक्ष्मीर्वेश्मनि भावती	०		
लक्ष्मीस्तं स्वयमभ्युपैति	सिंदूरप्रकर.	४६९	५
लक्ष्मीः कृतार्था सफलं	सूक्तिमुक्तावली.	३६	११
लङ्घयति भुवनमुदधे	,,	१८८	६

लज्जातो भयतो वितर्क	०	४२५	२१
लब्धं जन्म यतो यतः	सुभाषितरत्नसंदोह.	४०७	५
लब्धुं बुद्धिकलाप	सिंदूरप्रकर.	२०६	२२
लब्धोच्छ्रायो नीचः	सुभाषितरत्नसंदोह.	४०६	२
लावण्यलहरीपुण्यं	ज्ञानसार.	९६	५
लिप्यते पुद्गलस्कन्धो	,,	८५	३
लोएवि इमं सुणियं जं	उपदेशसिद्धांत रत्नमाला.	३०५	५
लोकाग्रमधिरूढस्य	नमस्कारमाहात्म्य.	४२	१९
लोभः पितातिवृद्धो	काव्यमाला प्रथम गुच्छक.	३५९	११

व

वंशभवो गुणवानपि	सुभाषितरत्नभांडागार.	२०३	१४
वंशावलम्बनं यद्यो	,,	४०८	३
वक्रतां बिभ्रतो यस्य	,,	३३३	४
वक्रोऽपि पङ्कजनितोऽपि	,,	१६७	१
वचनैरसतां महीयसो	,,	१७३	४
वचांसि ये शिवसुखदानि	सुभाषितरत्नसंदोह.	१०२	३
वच्मः किमस्य चोचैस्त्वं	सूक्तिमुक्तावली.	३४	४
वत्स किं चञ्चलस्वान्तो	ज्ञानसार.	७५	१
वदने विनिवेशिता	सुभाषितरत्नभांडागार.	३६५	९
वदन्ति ये जिनपतिभाषितं	सुभाषितरत्नसंदोह.	१०७	२२
वदन्ति ये वचनमनिन्दितं	,,	१०३	६
वनेऽपि दोषाः प्रभवन्ति	सुभाषितरत्नभांडागार.	६७	५८
वने रतिर्विरक्तानां	सूक्तिमुक्तावली.	२८२	१
वन्दामि तवं तहसंज	संघपट्टकनी टीका.	२१७	९
वन्ध्यानिन्दति दुःखि	सुभाषितरत्नभांडागार.	३४४	३७
वपुः पवित्रीकुरु तीर्थयात्रा	सूक्तिमुक्तावली.	४५७	२
वपुश्च पर्यंकशयं श्लथं	हेमचंद्रसूरि.	४३	२५
वप्रत्रयं चारुचतुर्मुखांगता	अध्यात्मकल्पद्रुम.	४५	३२
वरमग्गिमि पवेसो	सुबोधिका.	३२९	१
वरं क्षिप्तः पाणिः कुपित	सिंदूरप्रकर.	४१२	१३

वरं ग्राहेस्थ्यमेवाद्य	आत्मानुशासन.	२५०	१
वरं च दास्यं विहितान्य	नरवर्मचरित्र.	२२०	२३
,,	,,	२९७	७
वरं दरिद्रोऽपि सुधर्मवा	सूक्तिमुक्तावली.	४४८	२३
वरं दारिद्र्यमन्याय	सुभाषितरत्नभांडागार.	२९६	१
वरं पर्वतदुर्गेषु	सूक्तिमुक्तावली.	४११	६
वरं मृत्युर्वरं भिक्षा	पार्श्वचरित.	२९६	२
वरं मौनं कार्यं न च	सुभाषितरत्नभांडागार.	२९८	९
वरं शून्या शाला न च	,,	२९८	९
वरं शृंगोत्सङ्गाद्गुरु	भर्तृहरि नीतिशतक.	३२९	४
वरं सखे सत्पुरुषापमानितो	सुभाषितरत्नभांडागार.	१२६	६
वर्जनीयो मतिमता	,,	३५०	३
वर्ण्यः स यो नाधमकर्मकारी	नरवर्मचरित्र	१८६	९
वर्धनं वाथ सन्मानं	सुभाषितरत्नभांडागार.	३६९	९
वश्यविद्वेषणक्षोभ	नमस्कारमाहात्म्य.	२८	७
वस्त्रं पात्रमुपाश्रये बहुविधं	काव्यमाला गुच्छक सातमो	२८४	२
वस्त्रैर्वस्त्रविभूतयः	भाषापूजासंग्रह.	१९	१५
वन्हिर्ज्वाला इव जले	नमस्कारमाहात्म्य.	४१	१४
वाक्यं जल्पति कोमलं	सुभाषितरत्नसंदोह.	३३८	२४
वाञ्छा सज्जनसङ्गमे	भर्तृहरि नीतिशतक.	१५३	२५
वाणी नृतिर्यक्सुरलोके भाषा	अध्यात्मकल्पद्रुम.	४४	२९
वार्धषारसेवकाद्धैव	मनुस्मृति.	३१४	११
वार्धेश्चन्द्रः किमिह	सुभाषितभांडागार.	१५०	१८
वार्यग्निभस्मरवि	सुभाषितरत्नसंदोह.	५०१	२१
विकाराय भवत्येव	पार्श्वचरित्र.	५१०	५
विकाशयन्ति भव्यस्य	सुभाषितरत्नभांडागार.	१२६	४
विग्रहमिच्छन्ति भटा	सूक्तिमुक्तावली.	३१७	२६
विचारसारा अपि शास्त्र	अध्यात्मकल्पद्रुम.	२९५	५
विजन्तुके दिनकररश्मि	सुभाषितरत्नसंदोह.	१०४	१०
विद्यर्यं जोइसं चेव	संघपट्टकनी टीका.	५१६	१८

विद्यया विमलयाप्य	सुभाषितरत्नभांडागार.	३३७	२०
विद्या विवादाय धनं	,,	१५८	१२
विधिर्विधाता नियति	०	८	१
विना गुरुभ्यो गुणनीरदेभ्यो	०	६७	५७
विनिर्जिता हरिहर	सुभाषितरत्नसंदोह.	१०६	१७
विपदि धैर्यमथाभ्युदये	भर्तृहरि नीतिशतक.	१४२	१०
विपद्यपि गताः सन्तः	रूपसेनचरित्र.	१७७	१
विपुलजटावल्कलिनः	काव्यमाला प्रथम गुच्छक.	३६१	२०
विरला जाणन्ति गुणा	सूक्तिमुक्तावली.	१८४	३
विशिष्टकुलजातोऽपि	,,	१८०	७
विश्वाभिरामगुणगौरव	०	१२७	८
विश्वामित्रपराशर	सुभाषितरत्नभांडागार.	११९	२०
विश्वासघातिनां चैव	नारदीयपुराण.	३१६	२१
विषधरतोऽप्यतिविषमः	सुभाषितरत्नभांडागार.	३६४	१
विषभारसहस्रेण	,,	३४५	१
विषमस्थितोऽपि गुणवान्	शार्ङ्गधरपद्धति.	१९७	२
विषयगणः कापुरुषं	सूक्तिमुक्तावली.	१२०	२२
विषयविरतिःसंगः	आत्मानुशासन.	६९	६६
विषयोर्मिविषोद्गारः	ज्ञानसार.	८२	७
विस्तारितक्रियाज्ञान	,,	९८	३
वीक्ष्यात्मीयगुणैर्मृणाल	सुभाषितरत्नसंदोह.	३४४	३६
वृश्चिकानां भुजङ्गाना	सूक्तिमुक्तावली.	३३५	१२
वृषं चित्तं व्रतनियमैरनेकधा	सुभाषितरत्नसंदोह.	१०६	१६
वेदविक्रयिणश्चापि	नारदीयपुराण.	३१५	१७
वेश्याकर्षणयोगी	काव्यमाला प्रथम गुच्छक.	३६३	३
वेषेण माद्यसि यतेश्चरणं	अध्यात्मकल्पद्रुम.	२७०	२२
वेषोपदेशाद्युपधि	,,	२६४	१४
वैद्यो गुरुश्च मन्त्री च	सूक्तिमुक्तावली.	१२६	३
वैरं यः कुरुते निमि	सुभाषितरत्नसंदोह.	३४२	३२
व्यसनशतगतानां	सूक्तिमुक्तावली.	४२२	१५

व्याकुलेनापि मनसा	,,	४४२	१
व्याघ्रस्य चोपवासेन	सुभाषितरत्नभांडागार.	४०८	१
व्याजृम्भमाणवदनस्य	,,	१४२	३
व्याधव्यालभुजङ्ग	सुभाषितरत्नसंदोह.	४१५	१८
व्योमनि शम्वा कुरुते	सुभाषितरत्नभांडागार.	३७०	१३

श

शकटं पञ्चहस्तेन	सूक्तिमुक्तावली.	३३६	१५
शंके पुरः स्फुरति कोमल	पार्श्वचरित्र.	३	५
शतेषु जायते शूरः	०	२९०	०
शत्रुञ्जयाद्रियमादि	सूक्तिमुक्तावली.	३५	८
शत्रुञ्जये जिने दृष्टे	,,	३४	६
शनैः पुरा विकृतिपुरस्सरं	सुभाषितरत्नसंदोह.	१०५	१३
शमदमभक्तिविहीन	काव्यमाला प्रथम गुच्छक.	३६२	२२
शमयति यशः क्लेशं	सुभाषितरत्नभांडागार.	४१४	१६
शमो दमस्तपः शौचं	पुराण.	१४०	१०
शय्यातलादपि तु कोऽपि	आत्मानुशासन.	२७६	२८
शरीरिणः कुलगुरु	सुभाषितरत्नसंदोह.	१०३	५
शरीरिणामसुखशतस्य	,,	१०५	१५
शशिनि खलु कलंकः	०	४२६	१
शशी दिवसधूसरो	०	४२६	२
शासनात् त्राणशक्तेश्च	ज्ञानसार.	४८०	३
शास्त्रज्ञोऽपि धृतव्रतोऽपि	अध्यात्मकल्पद्रुम.	२७८	३४
शास्त्रावगाहपरिघट्टन	सूक्तिमुक्तावली.	३०८	६
शास्त्रे पुरस्कृते तस्माद्	ज्ञानसार.	४८०	४
शास्त्रोक्ताचारकर्ताच	,,	४८१	७
शिरसा सुमनस्सङ्गा	पार्श्वनाथचरित्र.	२०१	१०
शिष्यप्रशिष्यावलीढ	नरवर्मचरित्र.	६६	५२
शीतातपाद्यान्न मनागपीह	अध्यात्मकल्पद्रुम.	२५७	७
शीलं प्रधानं नकुलं	पुराण.	६१	३२
शुचिदम्भः शमदम्भ.	काव्यमाला प्रथम गुच्छक.	३५८	६

श्रुतसम्पदः कवीना	सूक्तिमुक्तावली.	१३	३
श्रुत्वोपदेशं विशदं	महीपालचरित्र.	६४	४५
शूद्रान्नभोजिनश्चैव	नारदीयपुराण.	३१६	२०
श्रूयतां धर्मसर्वस्वं	महाभारत.	४१९	१
श्रूयते चरमाम्भोधौ	नमस्कारमाहात्म्य.	४१	१३
शोकं मा कुरु कुक्कुर	सुभाषितरत्नभांडागार.	३७०	१४
शौक्ल्ये हंसबकोटयोः	काव्यमाला गुच्छक.	१५९	१४
शौचाचारविवादो	काव्यमाला प्रथम गुच्छक.	३५८	७
श्रद्धालुतां श्राति जिनेन्द्र	सूक्तिमुक्तावली.	४७५	६
श्रीतीर्थपान्थरजसा	”	४५८	३
श्रीवीतरागो भुवि भाति	नरवर्मचरित्र.	४३	२४
श्रीवीरं वन्दितुं भावाच्च	नमस्कारमाहात्म्य.	४०	१२
श्रुतमविकलं शुद्धा वृत्तिः	आत्मानुशासन.	१२३	१२
श्रोतंश्रुतेनैव न कुण्डलेन	भर्तृहरिनीतिशतक.	१४६	४
	ष.		
षट्कायानुपमृद्य	संघपट्टक.	२२४	३६
षड्भेदयुक्तं व्रतमा	नरवर्मचरित्र.	६३	४०
	स.		
संवर्धितोऽपि भुजगः	सुभाषितरत्नभांडागार.	३७१	१७
संविग्नाः सोपदेशाः	संघपट्टक.	७३	७६
संसर्गाद् भवति हि साधुता	०	१७४	६
संसारकं येन सुखं	सुभाषितरत्न.	२२२	३०
संसारसन्तापसुधाप्रकारो	नरवर्मचरित्र.	६२	३५
संसारसागरमपार	सुभाषितरत्नसंदोह.	४९६	१
संसारःस्वप्नवन्मिथ्या	ज्ञानसार.	८०	४
संसारेऽधिगता नरामरभवाः	सूक्तिमुक्तावली.	४७०	९
संसारे निवसन्	ज्ञानसार.	८४	१
संहृतबहुविधसत्त्वो	काव्यमाला प्रथम गुच्छक.	३५९	८
सकलविमलबोधो	आत्मानुशासन.	६९	६४
सगुणमपि हन्त विगुणा	सुभाषितरत्नभांडागार.	४०९	१

सङ्गतिर्यादृशी तादृक्	सिंदूरप्रकरटीका.	२११	२
सङ्ग्रामवारिधिकरीकरीन्द्र	रूपसेनचरित्र.	३१	२९
सज्ज्ञानं यदनुष्ठानं	ज्ञानसार.	८७	८
सज्ज्ञानदर्शनचारित्रं	सुभाषितरत्नसंदोह.	४९७	४
सत्यं तीर्थं तपस्तीर्थं	पुराण.	५७	१४
सत्यं नास्ति तपो नास्ति	,,	३१४	९
सत्यं ब्रह्म तपो ब्रह्म	,,	१३८	१
सत्यात्मन्यपि किं नो	काव्यमाला गुच्छक आठमो.	५११	२
सत्या योनिरुजं वदन्ति	सुभाषितरत्नसंदोह.	३८४	१६
सत्यार्जवदयायुक्तं	पुराण.	५५	३
सत्यां वाचं वदति कुरुते	सुभाषितरत्नसंदोह	१५०	१९
सत्येनोत्पद्यते धर्मो	महाभारत.	४१९	३
सत्वासत्वनित्यानित्य	नमस्कारमाहात्म्य.	४३८	९
सदा खण्डनयोग्याय	सुभाषितरत्नभांडागार.	३४७	४
सदा शुभध्यानसुसार	रूपसेनचरित्र.	४५७	१
सद्दर्शनज्ञानतपोदमाढ्या	सुभाषितरत्नसंदोह.	३०९	७
सद्भिस्तु लीलया प्रोक्तं	सुभाषितरत्नभांडागार.	१७५	१
सद्भिः संसेव्यमानोऽपि	सूक्तिमुक्तावली.	३६९	१०
सद्वंशजस्य परितापनुदः	सुभाषितरत्नभांडागार.	१७५	१
सन्त एव सतां नित्य	,,	१८४	२
सन्तानः सुस्थिरः	०	४६३	१
सन्तापितोऽपि साधुः	सूक्तिमुक्तावली.	११६	९
सन्तो न यान्ति वैवर्ण्यं	रूपसेनचरित्र.	११४	३
सन्त्यज्य शूर्पवद्दोषान्	सुभाषितरत्नभांडागार.	१५७	६
सन्त्येव कौतुकशतानि	आत्मानुशासन.	२७६	२९
सप्पो इक्कमरणं	उपदेशसिद्धांतरत्नमाला.	२१८	१६
समता सर्वभूतेषु	पुराण.	५८	१५
समाधिगतसमस्ताः	आत्मानुशासन.	६८	६३
समयसारसुपुष्प	भाषापूजासंग्रह.	११	७
समर्पिताः कस्य न तेन	सूक्तिमुक्तावली.	३९२	५

समस्तजीवे करुणा	नरवर्मचरित्र.	४३	२३
समाधिर्नंदनं धैर्य	ज्ञानसार.	९८	२
समाश्रितस्तारकबुद्धि	अध्यात्मकल्पद्रुम.	२२१	२६
समुद्यतास्तपसि जि	सुभाषितरत्नसंदोह.	१०२	२
समृद्धिवृद्धी प्रभुता	सूक्तिमुक्तावली.	१२३	१०
संपत्तो जिण भवणे	अष्टाह्निका.	१६	५
सम्यक्त्वशीलमनघं	सुभाषितरत्नसंदोह.	५०१	१९
सम्यग्धर्मव्यवसितपरः	,,	१५१	२१
सम्यग्मार्गपुषः प्रशान्तवपुषः	संघपट्टक.	३८३	१४
सयंपमज्जणेपुणो	अष्टाह्निका.	१७	७
सर्पदुर्जनयोर्मध्ये	सुभाषितरत्नभांडागार.	३३४	६
सर्वज्ञदेवस्य च नाम	०	१०	३
सर्वज्ञार्चानुरक्तिर्विपुल	सूक्तिमुक्तावली.	४७७	१३
सर्वज्ञो हृदि वाचि तद्	,,	४७५	९
सर्वत्रास्थगिताश्रवाः	संघपट्टक.	२९७	४१
सर्वथाप्यक्षमो देवा	नमस्कारमाहात्म्य.	११	१५
सर्वातिशयसम्पन्नां	,,	३९	७
सर्वाभिलाषिणस्सर्व	जैनतत्त्वादर्श.	२१७	८
सर्वारम्भपरिग्रहस्य	संघपट्टक.	२९७	४३
सर्वे वेदा न तत्कुर्यु	महाभारत.	४२०	५
सर्वैरुत्कटकालकूटपटलैः	संघपट्टक.	३३०	५०
सर्वोद्वेगविचक्षणः	सुभाषितरत्नसंदोह.	२४३	३४
सवितर्यस्तमापन्ने	०	४६०	४
सविस्तरे धरणीतले	सुभाषितरत्नसंदोह.	१०५	१४
सहजकर्मकलंक	भाषापूजासंग्रह.	११	५
सहजभावसुनिर्मळ	,,	११	६
सहजरत्नरुचिप्रतिदीपकै	,,	११	९
सह तपोयमसंयमयन्त्रणां	अध्यात्मकल्पद्रुम.	२६१	११
सहते कटुं न जल्पति	सूक्तिमुक्तावली.	११७	१३
सहवास्येव जानाति	सिंदूरप्रकरनीटीका.	३५७	२
साग्रे च गव्यूतिशतद्वय	अध्यात्मकल्पद्रुम.	४४	३०
साधयति यत्प्रयोजन	सुभाषितरत्नभांडागार.	३३६	१७

सिंहो बली द्विरदशोणित	०	११९	११
सुकुलजन्मविभूति	सूक्तिमुक्तावली.	४२२	१३
सुखासुखस्वपर	सुभाषितरत्नभांडागार.	१०६	१९
सुखिनो विषयातृप्ता	ज्ञानसार.	८३	८
सुचिरमपि उषित्वा	सूक्तिमुक्तावली.	४६२	१४
सुजनानामपि हृदयं	सुभाषितरत्नभांडागार.	४०९	१
सुबहुं पि सुयमहीयं	संघपट्टकनीटीका.	२१८	१४
सुभाषितस्याध्ययने	सुभाषितरत्नभांडागार.	३८१	९
सुलभाखिजगल्लक्ष्म्य.	नमस्कारमाहात्म्य.	४१	१५
सुलभाः पुरुषा राजन्	सुभाषितरत्नभांडागार.	१२५	१
सुवर्णभूषणान्याशु	नमस्कारमाहात्म्य.	४१	१७
सुसङ्गस्योपदेशोऽपि	पार्श्वनाथचरित्र.	२००	८
सूक्ष्मं विरौति परिकुप्यति	सुभाषितरत्नभांडागार.	३३८	२३
सूत्राणि सन्तः सुतपोभि	सूक्तिमुक्तावली.	३७	३
सैष प्रभुः कनकभंग	पार्श्वनाथचरित्र.	३	६
सौधोत्सङ्गे श्मशाने	०	५४	७७
सौम्यस्य दर्शने नून	पार्श्वनाथचरित्र खंड सातमो.	१९८	१
सौवर्णः कमलाकरः	सुभाषितरत्नभांडागार.	३५६	३
स्तम्भितविबुधसमृद्धि	काव्यमाला प्रथम गुच्छक.	३५८	५
स्तुत्याः सुतास्त एव	०	४६०	३
स्तोकापि वन्द्यते लोकैः	सूक्तिमुक्तावली.	४८४	१६
स्त्रीणामपि वचः काले	,,	३९४	३
स्थाने निवासः सुकुलं	,,	४७४	४
स्थिरता वाङ्मनः	ज्ञानसार.	७७	५
स्थैर्यरत्नप्रदीपश्चेद्दीप्तः	,,	७७	६
स्थैर्यं सर्वेषु कार्येषु	सूक्तिमुक्तावली.	४४४	१०
स्नानं मनोमलत्यागो	पुराण.	६०	२६
स्नानोपभोगरहितः	,,	५५	२
स्पर्द्धन्तां सुखमेव	सुभाषितरत्नभांडागार.	३८२	११
स्फुरन्मङ्गलदीपं च	ज्ञानसार.	९५	६
स्वगुणैरेव तृप्तिश्चेदा	,,	८०	२
स्वतोमनोवचनशरीर	सुभाषितरत्नसंदोह.	१०५	१९

स्वपक्षच्छेदं वा समुचित	सुभाषितरत्नभांडागार.	४१३	१५
स्वभावकठिनस्यास्य	”	३६८	६
स्वभावलाभात् किमपि	ज्ञानसार.	८९	१
स्वमपि भूरिच्छिद्रश्चा	सुभाषितरत्नभांडागार.	३६४	२
स्वयं प्रमादैर्निपतन्	अध्यात्मकल्पद्रुम.	३६५	१६
स्वर्गच्युतानामिह जीवलोके	सूक्तिमुक्तावली.	४४७	२२
स्वर्गस्तस्य गृहाङ्गणं	सिंदूरप्रकर.	२१	२०
स्वर्णस्येवाग्निसन्तापो	नमस्कारमाहात्म्य.	३७	५१
स्वलिङ्गिनो वा परलिङ्गि	नवपदचरित्र.	५१९	१९
स्वस्त्यस्तु सज्ज्ञानेभ्यो	सूक्तिमुक्तावली.	११५	८
स्वाध्यायमाधित्सति नो	अध्यात्मकल्पद्रुम.	२५०	२
स्वाध्यायहीना वृषलाः	पुराण.	३१३	३
स्वाध्यायोत्तमगीतिसङ्ग	काव्यमाला गुच्छक सातमो.	७२	७४
स्वानुकूलां क्रियां काले	ज्ञानसार.	३०७	२

ह

हतं मनस्ते कुविकल्प	अध्यात्मकल्पद्रुम.	२५९	९
हन्ति ध्वान्तं हरयति	सुभाषितरत्नसंदोह.	२०५	२०
हरति कुमतिं भिन्ते	सिंदूरप्रकर.	२०६	२१
हलकर्षणकार्ये तु	पुराण.	३१२	३
हस्तस्था धनरेखा	काव्यमाला प्रथम गुच्छक.	३६३	५
हस्ते दानविधिर्मनो	सूक्तिमुक्तावली.	४७६	११
हिताय नाहिताय	”	११९	५
हिमति महिमाम्भोजे	सिंदूरप्रकर.	४१५	१५
हिंसकोऽनृतवादी च	पुराण.	३१३	४
हिंसावाननृतप्रियः	सूक्तिमुक्तावली.	३२	३०
हियए ससिणेहोविय	धर्मरत्नप्रकरण.	४७८	१६
हिरण्ये वा सुवर्णे वा		५५	४
हीनोऽप्यरे भाग्यगुणै	अध्यात्मकल्पद्रुम.	२५५	५
हृदयं सदयं यस्य	काव्यमाला गुच्छक सातमो.	६१	३०
हे पक्षिन्नागतस्त्वं	सुभाषितरत्नभांडागार.	३६५	३८

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
१	३	मंगळा	मङ्गळा
१	१७	वंसततिलका	वसन्ततिलका
२	२	निवण्ण	निषण्ण
,,	३	सद्गध	सद्गन्ध
,,	૧૮	રણુ	તોરણુ
३	४	ब्रह्मरुप	ब्रह्मरूप
,,	४	मनुमय	मनुमेय
,,	૧૬	નીંચે	નીચે
,,	१९	कालिकेथम्	कालिकेयम्
૩	૨૩	અ	આ
,,	२९	लोक	र्लोक
६	५	आर्या	आर्या (૨થી૫)
,,	૮	કેવળ	કેવળી
૮	૯	તેવાં	०
,,	૩૧	ભક્તિ	ભક્તિથી
१०	२६	भाो	भरौ
११	३	पहिपूजये	परिपूजये
,,	૧૨	પૂષ્પ	પુષ્પ
૧૨	૭	કરનારા, મળનો	કરનારા, એવા મળનો
१४	१३	अङ्गष्ठमान	अङ्गुष्ठमान
,,	૧	કરવાનું	કરાવવાનું
१४	२३	स्वधनने	स्वधनेन
१५	२१	अनुष्टुप	अनुष्टुप्
૧૭	૧	જૈન	જિન
,,	३	जीअवाइए	जी अवाइए
,,	૭	વીતરાની	વીતરાગની
,,	૧૨	સત્ર	સત્તર
१८	५	*शिखरणी	*शिखरिणी
,,	६	कुप्पित	कुपित
,,	૨૩	બાહેર	પાસે
१९	१३	ऽलङ्कृतिः	ऽलङ्कृतिः
૨૦	૨	જેડલું	જેટલું
२०	१५	तहोमञ्जरी	तहोर्मञ्जरी
,,	२८	निर्वृति	निर्वृर्ति
૨૧	૧૬	નિકાંચિત	નિકાચિત
×२२	५	काउसम्मा	काउसग्ग
૨૨	૨૨	કવિર	વીર
२४	१०	सङ्कल्थ	सङ्कल्प
૨૪	૧૯	મગળ	મંગળ
૩૨	,,	ગ્રહો, રાક્ષસો	ગ્રહો ભ્રમ રાક્ષસો
३४	२१	दुर्गद्वितयं	दुर्गतिद्वितयं
૩૬	૧૫	લોભ	લાભ
૪૧	૧૧	નાશ	શાંત
,,	૧૮	જિનેશ્વના	જિનેશ્વરના
४२	१९	प्रमीला	प्रमाद
४५	९	ध्वजोऽङ्कि	ध्वजोऽङ्घ्रि
૪૬	૬	સમવસરણીમાં	સમવસરણમાં
૫૦	૧૧	તત્વજ્ઞાત	તત્ત્વજ્ઞાન
,,	૧૯	ઐદાર્ય	ઔદાર્ય
૫૧	૯	શોધા	શોધી
,,	,,	પ્રસૂાવ	પ્રસૂતિ
,,	૨૨	સતા	છતા
,,	૨૯	અશાતના	આશાતના
૫૨	૧૪	ન્યૂન	ન્યૂન્ય
,,	૧૮	તેની	તેવી
૫૪	૨૦	ઓળખ	ઓળખાણુ
५५	२०	तथैवच	तथैव च
૫૫	૧૭	૩૩	૧૭

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૬	૨૨	त्यत्क्वा	त्यक्त्वा
૫૭	૭	અજીવિકા	આજીવિકા
૫૯	૧૭	૦	૧૯ થી ૨૬
૬૧	૧૧	सजयति	स जयति
૬૧	૧૮	છે, કુળ	છે, પણ કુળ
૬૨	૧	કેવાં	કેવા
૬૨	૮	मकारो	मकारो
૬૨	૧૪	कल्तरू	कल्पतरू
૬૮	૧૧	यमानयम	यमनियम
૭૧	૭	मुाक्तिस्पृहा	मुक्तिस्पृहा
૭૫	૨	अनुष्टुप्	अनुष्टुप् (१ थी ८)
૭૬	૨	૦	×
,,	૩૧		૧ થી ૮ જ્ઞાનસાર
૭૭	૪	शैल्य	शाल्य
૭૭	૯	સિદ્ધ	સિદ્ધિ
,,	૨૧	અંગાગિત	અંગાંગિત
૭૮	૨૪	અવશ્ય	અવશ્ય પ્રસિદ્ધ
૭૯	૧૦	अनुष्टुप्	अनुष्टुप् (१ थी ८)
૭૯	૧૧	ज्ञानामृतं	ज्ञानामृतं
૮૨	૩	ક્ષુધાાહથી	ક્ષુધાદિથી
૮૪	૩	આપ્યો	આવ્યો
૮૫	૧૦	અંજનથા	અંજનથી
,,	૧૬	સમહ	સમૂહ
૮૬	૧૪	ાક્રયા	ક્રિયા
,,	૨૪	નિશ્ચય નયે કરીને	ખરેખર
૮૭	૧૫	રૂચિ	રૂચિ
,,	૨૨	ભૂમકા	ભૂમિકા
,,	૨૩	વિરવિને	વિરતિને
૮૮	૨	આશંસા	શંસા
૮૯	૧૬	ાનજ	નિજ
૯૦	૧૯	નિભય	નિર્ભય
૯૨	૮	પૂર્વોક્ત	પૂર્વોક્ત ભય
,,	,,	પોંનું	સર્પોનું
,,	૯	અવિન શી	અવિનાશી
,,	૧૧	સ્વભા ક	સ્વભાવિક
૯૩	૧૨	૦	નિર્ભયતાના સ્વરૂપનું દર્શન.
૯૩	૧૩		÷
,,	૩૧	૦	સ્વામી રામતીર્થ
૯૫	૧૨	तदेवातनीतं	तदेवांत्तनींतं
૯૬	૫	કગડાનું	કાગડાનું
,,	૯	તેની	જેની
૯૬	૧૨	भुवनं	भवनं
૯૬	૨૩	वपुधृते	वपुर्धृत
૧૦૬	૨૧	પામ નથો	પામતા નથી
૧૦૭	૪	જમાન	જ માન
,,	૨૮	આશ્રિતાને	આશ્રિતોને
૧૦૯	૨૫	વિત નો	વિતર્કને
૧૧૧	૧૨	સુંદીને	રૂંદીને
૧૧૫	૧૬	अगुरो	अगरो
૧૧૬	૨૨	ચુગળી	ચુગલી
૧૧૭	૮	दुरात्मा	दुरात्म
૧૨૧	૬	ઉઠી વાચાળ	ઉઠી (ઉત્પન્ન થઇ)
૧૨૨	૨૨	(ગારૂડી)	([1]ગારૂડી)
૧૨૩	૭	शास्ते	शास्त्रे
૧૨૩	૧૨	દેતા	દેતાં
૧૨૪	૯	गणी	गुणी
૧૨૫	૯	હેય	હોય
૧૨૫	૧૭	તેનો	તેના
૧૨૬	૧૭	गीर्भि	गीर्भि
,,	૧૧	સુધા	સુધી
૧૩૧	૪	થાંય	થાય
,,	૩૨	સધારણા	સુધારણા
૧૩૨	૭	અગેજો	અંગ્રેજો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩૪	૮	ખ્રિસ્તીઓ	ખ્રિસ્તીઓ
૭૭	૧૦	ઊદ્દશીને	ઉદ્દેશીને
૧૩૯	૧	ઇંદ્રયોનો	ઇંદ્રિયોનો
,,	૭	િનવૃત્ત	નિવૃત્ત
,,	૧૭	સર્વ અનંત અસત્યનો	સર્વ અસત્યનો
,,	२१	वहिर्वा	वहिर्वा
૧૪૦	૨૪	કરનશ	કરનારા
૧૪૨	૧૧	૩	૩ +
૧૪૩	૧૨	વ્યખ્યાન	વ્યાખ્યાન
,,	૧૩	વ્યખ્યાન	વ્યાખ્યાન
૧૪૫	૧૫	॥ ૧ ॥	॥ ૧ ॥ *
૧૪૫	૨૯	૦	૧-૨ નરવર્મ ચરિત્ર
१४९	३	प्रणयिता	प्रणमनं
,,	२२	प्रच्छनं	प्रच्छन्नं
,,	४	विजयी	विजयि
,,	२४	निरभिसाराः	निरभि भव साराः
૧૫૦	૧૬	અકાશમાં	આકાશમાં
१५२	४	व्ययगतमलं	व्यपगतमलं
१५३	५	भक्तिश्चार्हति	भक्तिश्शूलिनि
,,	૧૭	સંપતિ	સંપત્તિ
૧૫૫	૧	િહંસા	હિંસા
,,	૧૦	ગુણુના	ગુણુનાં
૧૫૯	૯	હુઅદર	હલદર
૧૬૦	૨૯	ઉપજ પોતાના	ઉપજથી પોતાના
૧૬૧	૪	નાહ ?	નહિ ?
,,	૧૧	દુજન	દુર્જન
૧૬૩	૧૯	રાહત	સહિત
,,	૨૯	સુક્તિ	સૂક્તિ
૧૬૬	૯	રે ભાઈ	અરે ભાઇ
,,	૧૩	ખીખ	ભીખ
१६७	८	दोषान	दोषान्
૧૬૮	૯	રમવા	રળવા
१६९	१२	मांस	मांसं
७७	१७	गुणन्वत	गुणवन्तः
૧૭૦	૭	િદલગીર	દિલગીર
૧૭૧	૭	ગુણુવાન	ગુણવાન્
,,	૨૩	સાહત	સહિત
१७३	१०	वरैरै	वैरैर
૧૭૬	૨	નાનો	નાના
,,	८	मिदोः	मिन्दोः
,,	૧૬	ટરનાર	થનાર
,,	१९	अनुष्ठुप्	अनुष्टुप्
,,	२१	कुकुट	कुक्कुट
૧૭૮	૯	તમ	તેમ
,,	૧૫	હથી	હાથી
१८१	९	जातिं केवलां	जातिं न केवलां
૧૮૨	૨૪	સંદ્રમુમાંથી	સમુદ્રમાંથી
૧૮૪	૬	ગુણી	ગુણીજ
,,	२२	दुरिकया	दुखिकया
१८७	७	सार्द्वलाः	साद्वलाः
૧૯૦	૫	ત	તે
,,	૬	કર્યમાં	કાર્યમાં
,,	१४	वैत	वैते
,,	૧૪	કમાલિની	કમલિની
૧૯૩	૪	ઉપરથી	ઉપરથી
૧૯૫	૭	મહિ	નહિ
,,	૧૩	ઉત્કૃર્ષ	‘ઉત્કર્ષ
१९७	१८	चन्द्रः	श्चन्द्रः
१९९	१७	सहजोपिऽपि	सहजोऽपि

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૦૩	૨	चन्दनापि	चन्दनदपि
,,	૪	ચંદનથી ચંદ્રમાં	ચંદનથી પણ ચંદ્રમા
૨૦૩	૮	सङ्गविशेषण	सङ्गविशेषण
,,	૧૨	વર્ષનાં	તર્ષનાં
૨૦૪	૨	ન હોય	પામ્યો ન હોય
૨૦૬	૫	મનુષ્યોમું	મનુષ્યોનું
,,	૧૪	ગુણશ્રણી	ગુણશ્રેણી
૨૦૭	૨૪	લો હુંજું	લોહજું
,,	૨૪	વિકાવે	બિકાવે
,,	૨૫	જગ	જલ
૨૦૮	૬	મુકતફલ	મુક્તાફલ
,,	૨૦	રાજપાટીકા	રાજવાટીકા
૨૦૯	૫	સશક	સશંક
,,	૭	ક્રાંઇ	કાંઇ
૨૧૦	૧૫	કુસંગ	કુસંગ
,,	૨૭	ક્રરનારા	કરનારા
૨૧૫	૨	તેઓતું	તેઓનું
,,	૨૪	મુંડાવવાથી યતિ	મુંડાવવાથીજ યતિ
૨૧૭	૫	અથાત	અર્થાત્
,,	૨૯	૧૧ થી ૧૬	૧૧ થી ૧૫
૨૧૮		ચાંપાના	ચંપાના
,,	૧૯	सोहू	साहूं
૨૧૯	૮	આ ગુણોના	આ (સુસાધુ અધિકારમાં વર્ણન કરેલા ગુણોના
૨૨૦	૨૮	सैवाशेते	सैवातिशेते
,,	૧૯	રગથી	રાગથી
,,	૨૮	૨૬,૨૭,૨૮,	૨૫,૨૬,૨૭,
૨૨૨	૨	૨૮	૨૮ *
,,	૨૮	૩૦થી૩૨	૨૮થી૩૨
૨૨૪	૨૫	૩૬	૩૬ *
,,	૨૮	પોતાનેઃ કોઇ સં-લ્ય બંધી હોય	પોતાને ઇંદ્રતુ-લ્ય માને છે. તેને ઇંદ્રતુલ્ય ધનાઢ્ય ઠરે છે.
૨૨૬	૧૩	કુર્માર્ગ	કુમાર્ગ
,,	૧૩	हदि	हृदि
,,	૨૧	ત પ્રતિજ્ઞાનો	તં પ્રતિ-જ્ઞાનો
૨૨૮	૨૬	અન	અને
૨૨૯	૧	कंष्ठ	कष्टं
,,	૧૨	कि	किं
,,	૧૬	રચનઓ	રચનાઓ
,,	૧૯	વ્યાપરીઓની	વ્યાપારી-ઓની
,,	૨૭	૫૦	૫૦ *
,,			૫૦થી૫૩ સંઘ પટ્ટક
૨૩૦	૩૦	ચિદાનંદજી	૦
,,	૧૫	કુલ્યો	* કુલ્યો
,,	૩૨	૦	*ચિદાનંદજી
૨૩૩	૮	૦	અંતકાળેસગું નહીં કોઇનું રે એ રાગ
,,	૯	બિઆયા	બિગોયા
	૧૩	ઑંકાર	ઑંકાર
,,	૧૪	ઑંક.ર	ઑંકાર
૨૩૫	૧૯	બ્રહ્માંનંદા	બ્રહ્માનંદા
,,	૨૨	ફ્રરત	ફિરત
૨૩૬	૧૬	સત્ય	સાચ
,,	૨૨	મારી	ભારી
,,	૬	સરપર	સિરપર

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
,,	૧૯	સિવા	સિવાય
૨૩૯	૧૪	સંબંધકા	સંબંધ
,,	૧૬	મોરી	મેરી
,,	૧૮	દીન	દાન
,,	૧૯	ઓ પર	પર
૨૪૧	૨	પૂર્ણાભિ-ષેકની	પૂર્ણાભિષેકના
,,	૧૨	શકિત	શાકત
૨૪૨	૨૪	ભઠતોને	ભઠતોને ઠ· ગીને
,,	૨૧	ઉપદેકો-ના	ઉપદેશકોના
,,	૨૨	અનુયાંયી	અનુયાયી
૨૪૫	૧	વીસરી	વીસારી
,,	૩	સ્વીકાર્યો	સ્વીકાર્યો
,,	૧૮	ઉપાધ	ઉપાધિ
૨૪૭	૧૬	પ્રીત	પ્રીતિ
૨૪૮	૩	સ્થંત	સ્થિતિ
,,	૨૦	કે કાંઠે	કે કાંઠે
૨૫૦	૧૩	અતિશિક્ષાના	યતિશિક્ષા ના-મના
૨૫૧	૨૨	સવિધ	સાવધ
,,	૩૦	જિનદિ	જિનાદિ
૨૫૨	[illegible]	શિળાય	શિયાળ
૨૫૪	૪	सिद्ध	सिद्धि
,,	૧૫	અણુમા	અણિમા
૨૫૭	૬	કોઇલાર	કોઈવાર
,,	૧૭	મૂર્છા	મૂર્છા
,,	૧૯	દારણ	દારૂણ
૨૫૮	૩	દમામાં	દશામાં
૨૫૯	૯	તરાં અસત્ય	તારાં વચનો અસત્ય
,,	૨૪	પ્રકારનો	પ્રકારનું

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
,,	૧૨	જવના	જવાના
૨૬૩	૪	विंभर्षि	बिंभर्षि
,,	૧૯	તે	તેનો
૨૬૪	૭	લેધેલા	લિધેલા
,,	૨૫	અને	તે
૨૬૫	૨૬	તે	તેં
૨૬૭	૧૧	મમુદ્રમાં	સમુદ્રમાં
,,	૨૬	પાછાં	પાછો
૨૬૮	૨	જાગૃાત	જાગૃતિ
૨૬૯	૧૭	પણે	પણ
,,	૨૪	કટલું	કેટલું
૨૭૦	૩૦	વસ્ર	વસ્ત્ર
,,	૨૩	સંતોષાદ	સંતોષાદિ
૨૭૨	૬	વર્તતનની	વર્તનની
,,	૨૪	બોધવાથી	બોલવાથી
૨૭૬	૨૧	सम्पाप्य	सम्माप्य
,,	૨૪	કોતુક	કૌતુક
,,	૨૩	કતુક	કૌતુક
૨૭૭	૨૮	बुद्धः	बुधः
૨૭૮	૨	સીનો	સ્રીનો
,,	૧૧	શાસ્રને	શાસ્ત્રને
,,	૧૨	વંશને	વશને
,,	૧૩	કોઇ	કોઇ
,,	૧૮	કે સ્રીના	કે સ્રીના
,,	૨૪	ભોગવ્ય	ભોગવ્યા
૨૭૯	૨૪	त्यत्यत्तवा	त्यक्त्वा
૨૮૧	૫	परितस्वं	परितस्त्वं
,,	૧૪	ભુલે	ભુલ્યો
,,	૩૫	સંતાપકુ	સંતાપકું
૨૮૨	૨	તાજય	ત્યાજય
૨૮૨	૨૯	यस्यन्ति	यास्यन्ति
૨૮૩	૧૦	છે ૪	એટલે થયું છે પણ

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
			માંથી અ- જ્ઞાન જતું નથી. ૪
૨૮૬	૨૦	શાસ્રમાં	શાસ્ત્રમાં
૨૮૮	૧૦	ધમમાં	ધર્મમાં
,,	૧૦	લક્ષણને	લક્ષણનો
,,	૨૭	પાંચમાં	પાંચમા
૨૯૦	૭	सहस्त्रेषु	सहस्रेषु
,,	૧૩	આડકતરા	આડકતરાં
૨૯૧	૨	बॅळात्	बलात्
,,	,,	पाषण्ड	पाखण्ड
,,	૫	કરનારા	કરનારાં
,,	૭	શક્તા	શક્તાં
૨૯૩	૧૩	જીઇએ	જોઇએ
૨૯૩	૨૪	પક્તિ	પંક્તિ
૨૯૪	૩	ગધેડો	ગધેડા
,,	૧૦	સહવર્તન	સદ્વર્તન
,,	૧૩	કેઇ	કાંઇ
,,	૧૪	પ્રમ ણે	પ્રમાણે
,,	૨૦	છેલ્લા	આ
૨૯૬	૧૭	कुक्षिम्मिरि	कुक्षिम्भरि
,,	૨૪	વે	તે
૨૯૮	૨૮	ભવમાં	ભવ માટે
૨૯૯	૨૯	આગમન	આગમના
૩૦૧	૬	મહાન	મહાન્
,,	૨૦	જીન ભગવા નની	જિન ભગ- વાનની
,,	૨૧	જીન ભગવા- નની	જિન ભગ- વ નની
,,	૨૩	૧	૧ ÷
૩૦૨	૧૦	જીવનને	જીવને
,,	૧૧	ભગવાન	ભગવાન્
,,	૧૬	છે'	છે,
૩૦૪	૨	મહાન	મહાન્
૩૦૮	૪	પામતા	પામતાં
૩૧૨	૨૩	અર્શાત્	અર્થાત્
૩૧૩	૧૯	સંવ	સર્વ
૩૧૩	૨૭	તાજ્ય	ત્યાજ્ય
૩૧૪	૨૮	મળતું તો	મળતું હોય તો
૩૧૫	૧૧	જુઠો	જુઠા
૩૧૫	૨૦	णो विप्र	णश्चापि
૩૧૫	૨૧	હે વેદા- ભ્યાસી !	૦
૩૧૬	૧૨	पौश्चला	पुंश्चल्य
૩૧૭	૧	વ્રત કરનાર	વ્રત નહીં કરનાર
૩૧૭	૧૦	ब्रह्महत्या	ब्रह्महत्या
૩૧૭	૧૭	निर्गन्थाः	निर्ग्रन्थाः
૩૧૯	૮	કુબ્રાહ્મણોના	કુબ્રાહ્મણોનાં
૩૧૯	૯	घोते	धौते
૩૨૦	૧૦	?	૦
૩૨૧	૧૭	કહેવત	કહેવતને
૩૨૨	૩	નાના	નાનાં
૩૨૨	૩	છોકરાને	છોકરાંને
૩૨૨	૪	ઘોડીયા	ઘોડીયાં
૩૨૪	૩૦૪	લેલેખવે	લેખવે
૩૨૪	૮	હાયકોરટમાં	હાઇકોર્ટમાં
૩૨૪	૧૧	આબરૂ	આબરૂ છે
૩૨૪	૧૨	મંદિમાં	મં[illegible]માં
૨૨૪	૧૬	ચાલ્યા	[illegible]
૩૨૪	૧૯	લા	[illegible]યાં
૩૨૫	૬	દિર્ઘદષી	દિર્ઘદર્શી
૩૨૫	૬	ઘડાય	ઘડાઇ
૩૨૬	૨૫	महोद्रग	महोद्वेग
૩૨૬	૨૭	જોઇએ	જોઇને
૩૨૯	૧૮	लक्ष्तो	लकृतो
.૨૯	૨૩	श्रृगो	श्रृंगो
૩૩૦	૧૨	व्यारव्यातृणां	व्याख्यातॄणां

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૩૧	૨	સાધુના	સાધુનાં
૩૩૨	૬	૨૭	૨૬
૩૩૨	૭	૩૭	૩૬
૩૩૨	૩૦	સર્પપ	સર્ષપ
૩૩૩	૮	૧૦ થી	૧ થી
३३३	१५	भुक्ते	भुक्त्वा
३३३	२७	विभ्रतो	बिभ्रतो
३३४	३	०	४
३३५	४	क	क
३३५	२२	श्रोत्रं	श्रोत्रं
३३७	८	मालिनी	शालिनी
३३९	२५	त्कस्तनाम	त्कस्तनाम
३५१	२७	वोन	वोढ्र
३५३	१७	निष्टापरा	त्रिष्टापरा
૩૪૩	૩૦	સુઅની	સુખની
३४५	३	हे पक्षि	१ हे पक्षि
,,	૧૧	અજ્ઞાન	અજ્ઞાની
૩૪૮	૩૦	ઠયાં	ઠયા
૩૪૯	૮	અર્થાત્	અર્થાત
૩૫૦	૨૦	ક્રોધીના	ચણોઠીના
૩૫૦	૨૦	સોનાની	સોનાને
૩૫૧	૨૯	રૂપીઆને	રૂપીયાની
૩૫૧	૩૧	લે	રે
૩૫૧	૩૧	બવાય	બોલાય
૩૫૨	[illegible]	[illegible] તો	તો
૩૫૨	[illegible]	[illegible]	ઐસા
૩૫૨	૨૦	બોલું કો	બોલું કે
૩૫૭	૨૨	એ કુળહીન	એનાથી હું કુળહીન
૩૫૭	૨૩	કરાણો છે	થએલો છું
३५८	१७	समाधि	समाधि
३५९	१८	खल्वाटः:	खल्वाटः
,,	१८	शुष्कतनु	शुष्कतनु
,,	૩૦	દંભનાં	દંભનું

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૬૦	૨૫	ખોળાનાં	ખોળાનું
३६०	२८	नौश्चे	नोश्चै
३६२	२४	पापिष्टो	पापिष्ठो
૩૬૪	૯	ઠયઠ	ઠાયઠ
,,	૧૧	નાળીયના	નાળીયાના
३६४	९	पुरुष	परुष
,,	૧૯	પક્ષીઓ છે	પક્ષીઓ બરાબર છે
,,	૨૮	+ થી ૧૧	+૧ થી ૧૧
૩૬૫	૨	પામેલો છે	ચતુર છે
૩૬૬	૧	ચાડીયો	ચાડીયા
३६६	२९	वारिणां	चारिणां
૩૬૭	૧૭	સુખકાર	ઉપકાર
,,	૧૮	પુરૂષનં	પુરૂષ
३६७	२७	विश्वाघातकाः	विश्वासघातकाः
૩૬૮	૧૮	વનુષ	ધનુષ
,,	૨૭	સુભાષિત	૬ થી ૧૨ સુભાષિત
૩૭૦	૫	(૧૨ થી ૧૬)	(૧૨થી૧૫)
૩૭૧	૧	કરતા	કરતાં
,,	૧૦	કેઇ	કોઇ
३७१	२६	कहीन्द्र	करीन्द्र
૩૭૨	૧૮	મધપૂડો પડયો	મધ્યે પાડી મૂકયો
,,	૧૮	અગે	તને
,,	૨૧	તેને	નહિ
,,	૨૭	રામગુઠ	રામધુન
૩૭૪	૧૫	કહેમા	કહેમાં
૩૭૫	૨૦	પાટીદાસની	પાટીદારની
૩૭૬	૨૬	દુઃખે છે	દુઃખે છે
३८१	२७	किस्त्नं	किरन्तं
३८२	१८	पालोमलै	पालीमलैः

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૮૫	२	स्रग्धरा	स्रग्धरा
,,	३	विग्रा समग्रा	विग्राः समग्रा
૩૮૭	૨૩	મૃત્યુ	મૃત્યુ
३८८	१२	शङ्खिनो	शङ्खिनी
,,	૨૫	કારણ	કારણ કે
૩૯૦	૬	અધિકાર	આપેલ અધિકારથી
૩૯૨	૧	ક્રીડા	જેમ
,,	૩	ખલ પુરુષ	૦
,,	૨૨	તેને	તેને ગુણ પ્રાપ્ત
३९३	२५	गृह्यन्ति	गृहणन्ति
३९५	९	प्रायस्यति	प्रयास्यति
૩૯૭	૪	સુખનાં	સુખનાં
३९७	२१	दृष्टि	दृष्टिः
૩૯૮	૫	ગ્રાહ્ય	ગ્રાહ્ય
૪૦૦	૧	કરે	કહે
,,	૯	બાહ્ય	બાહ્ય
,,	૯	કરતા	કરતો
४००	२५	विस्कारि	विस्फारि
૪૦૧	૨૨	ક્રૂર પછી	ક્રૂર થઇ પછી
,,	૨૨	કાળજ	કાળજું
,,	૨૭	કરિયો	કરિએ
४०२	३	पहदारा	परदारा
,,	२३	राह्म	राहला
४०३	४	रौतिनैर्थि-चित्रम्	रौतिशनैर्वि-चित्रम्
४०३	१५	शिरः	च के
,,	१६	पुच्छं	पुच्छे
,,	१६	दुर्जनो विषं	दुर्जनस्य च
,,	२६	पजापतिः	प्रजापतिः
૪૦૪	૨૨	૧	૬
४०६	२७	मदनपाळा	मदनपाल
૪૦૭	૩	ઉપકાર સ્નેહ	ઉપકાર કરનાર સ્નેહી
૪૦૮		૧	૧ *
,,	૬	સ્વભા	સ્વભાવ
,,	૨૫	તેને	તે આ
,,	૨૬	એ હલપત	તે હલપત
૪૧૧	૯	હાથોડા	હથોડા
૪૧૨	૧૩	મરી	મારી
४१४	११	त्यक्नौ	त्यग्नौ
૪૧૫	૨	(૧૭.૨૦)	(૧૭થી૨૦)
४१५	३	नाशीविषः	नाशीविषः
४१७	५	पचमो	पञ्चम
,,	६	ग्रथितश्च सुग मौंतु	सङ्ग्रथितः सुगमार्थं (मार्थो)
૪૨૧	૨૧	છાગાદિકની	છાગાદિક પશુની
૪૨૨	૭	અને	૦
,,	,,	દયાગુણો	દયા અને ગુણો
४२५	१३	बर्षा	वर्षा
,,	२९	तेन धर्म	तेमांधर्म
४२५	४	तविपरितो [illegible]	[illegible]गाद्
૪૨૨	૧૪	નાસે	[illegible]
૪૨૭	૧	સ્રી	સ્ત્રી
,,	૨૧	આસક્તિ	આસક્તિથી
૪૩૦	૧૮	કાલાં વાલાં	કાલાવાલા
૪૩૩	૨૯	સ્રી	સ્ત્રીએ
૪૩૭	૩	શિર્ષો	શિરઃપા
૪૩૭	૧૬	સહસ્ર	સહસ્ર
,,	૧૬	સ્થ	સ્થ
,,	२५	तस्माद् द्वयं	तस्माद्धि

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
		द्वितय भावय	भाऽवय
૪૩૮	૭	અનેકાંતે	એકાંત
૪૪૧	૫	જિમત	જિનમત
,,	૫	જિ	નિજ
,,	૬	રળે	ટળે
,,	૧૯	પણું	પણ
૪૪૩	૮	વમાંથી	તેમાંથી
૪૪૬	૫	તું	તુ
४४६	२६	रजेश्च	रोगश्च
૪૪૭	૬	વૃદ્ધ થવા	વૃદ્ધ થયા
,,	૭	જ્યારે	તેથી
४४७	२३	जीनेवेव	जीवेनेव
૪૫૧	૧૮	ફીક્કા	ફ્રી·કા
,,	૨૩	ધિક્કારમે	ધિક્કારે છે
૪૫૫	૧૩	કોઇ હોઇ	કોઇ રીતે હોય
૪૫૬	૩૩	ધર્મોદ્યય	ધર્મોદ્યમ
૪૫૭	૯	સ્પષ્ટ	સ્પર્શ
૪૫૯	૧	દ્ધારક	ઉદ્ધારક
,,	૨૯	સ્વામીને	સ્વામીનો
૪૬૫	૨	અખંડ	અંખડ
,,	૨૩	સત્યુગમાં	સત્ય યુગમાં
,,	૩૨	સધ્યાકાળે	સંધ્યાકાળે
૪૬૬	૨	કાર્યોત્સર્ગ	કાયોત્સર્ગ
४६७	[illegible]	नमो निश्वस्सं तिथ्थस्स	
,,	[illegible]	[illegible]ભ	આરંભ
,,	૨[illegible]	સ[illegible]ના	સંઘના
४६८	३	तद्गहान्तः	तदगृहान्तः
,,	४	भवनमिह	भवनमिह
,,	૫	આંગણામા	આંગણામાં
,,	૯	(૩–૮)	(૩થી ૧૦)
૪૬૯	૨૧	બ્રહસ્પતિ	બૃહસ્પતિ
૪૭૨	૧૭	થયાં	થયા
,,	૨૨	પારી	પાળી
૪૭૪	૪	૦	આર્યા (૨–૩)
,,	૧૩	સંસારીના	સંસારીનાં
४७४	१६	निर्दम्म	निर्दम्भ
૪૭૫	૨	૦	વંશસ્થ
४७५	८	०	शार्दूलविक्री-डित (७थी११)
,,	२७	श्लाध्यता	श्लाघ्यता
४७६	२८	०	स्रग्धरा (१२थी१४)
૪૭૭	૧૨	પાત્રામાં	યાત્રામાં
,,	१९	अघमीरुः	अघभीरुः
४७८	२	०	आर्या (१५री १९)
४७९	१०	०	अनुष्टुप्(१थी
४८०	११	वयनं	वचनं
,,	૧૨	શીખવાધો	શીખવવાની
,,	૩૦	અર્હંત	અર્હત
,,	,,	કર્યું	કર્યે
૪૮૧	૭	પામવાથી	ન પામવાથી
४८१	२४	शास्त्रोकदृग्	शास्त्रोक्तदृग्
,,	૩૦	સર્વેત્કૃષ્ટ	સર્વોત્કૃષ્ટ
४८२	३	तत्वोप	तत्त्वोप
૪૮૪	૬	ચિંતન	ચિંતિત
૪૮૫	૧૨	સંત	સત
૪૮૫	૨૪	ભારથી	ભાઇથી
૪૮૬	૬	રહેલું	રહેવું
,,	૧૯	તેમન	તેમના
૪૮૮	૧૫	મહત્પુરૂષ	મહત્પુરૂષ
૪૮૯	૨૨	સંપ્રમ	સંપ્રાસ
૪૯૦	૭	કે વખતે	કે તે વખતે
,,	૨૩	સ્થાનાંગદિને	સ્થાનાંગાદિને
૪૯૧	૪	નહિ	નહિ પણ
,,	૮	અખિલં	અખિલ

પૃષ્ઠ	પંક્તિ	અશુધ્ધ	શુધ્ધ
,,	૯	ખત્રી	રાખવી
,,	૨૦	પ્રતિક્રમણુદ્ધિ	પ્રતિક્રમણાદિ
૪૯૨	૬	અંત મુખ	અં.મુખ
,,	૮	લેતાં	કેતાં
,,	૩૧	ઠઠે	કેઠે
૪૯૩	૧૫	કેટલક	કેટલાક
,,	૧૮	તકરાર	તકરાર
४९५	३	तमाचर	समाचार
,,	१९	सङ्गामे	सङ्ग्रामे
,,	,,	हट्टमार्गे	हट्टमार्गे
૪=૬	૩	સધર્શન	સદ્દર્શન
४९६	१७	ममहाय	मपहाय
,,	૨૫	ધોવામાં ન આવે	ધોવામાં આવે
૪૯૭	૧	સમકત્વ	સમ્યક્ત્વ
४९७	५	त्यवधार्ये	त्यवधार्य
४९९	३	सालिलेन	सलिलेन
,,	૧૮	સીઓ	આઓ
५००	१५	विधात	विघात
,,	१६	सञ्ज्ञाम	सज्झाम
,,	१६	विशाल	विशाले
૫૦૩	૧૮	નિચારવાન્	વિચારવાન્
,,	૨૩	સુંખ	સુખ
,,	૨૪	અંતર છે.	અંતરમાં છે
,,	૨૫	અનુબવ	અનુભવ
૫૦૪	૧૫	ગોવવેતા	ગોઠવેલા
૫૦૫	૨૯	સ્થાભાસાદિ	સ્થાસાદિ
૫૦૭	૩	તનુ	તેનુ
,,	૧૮	તેણે તરફ	તેણે તે તરફ
૫૦૮	૨૦	ષસે	પાસે
૫૦૯	૧૩	સામર્થ્યોદધિ	સામર્થ્યોદધિ
,,	૨૩	પાર્ટ	પાઠ
,,	૩૨	રાજથીર્થ	રાજતીર્થ
૫૧૧	૫	તો કુટી	તોપ કુટી
૫૧૨	૬	આત્મશુદ્ધિ	આત્મસત્તા
,,	૧૦	મળજાવવાને	સમજાવવાને
,,	૧૫	પમુખ	પ્રમુખ
૫૧૩	૨૩	પ્રતિ	પ્રાપ્તિ
૫૧૪	૨	ધણા	ઘણા
,,	૯	કોઇને	કોઇને
,,	૧૮	આપેલા છે	આપેલ છે
૫૧૬	૭	પકાવવાંનો	પકાવવાનો

અગાઉથી ગ્રાહક થએલ મુબારક નામનું લીષ્ટ.

અમદાવાદ
૧ શા. નગીનદાસ ધરમચંદ

અમરાપુર
૧ દોશી જેચંદ કાનજી

અમરેલી
૧ વકીલ સુંદરજી ડાહ્યાભાઈ
૧ ટોલીઆ રામજી માધવજી
૧ ટોલીઆ કીરચંદ વીરજી
૧ જૈન શ્રાવિકા ઉપાશ્રય હ. બાઈ કાલી
૧ શા વીરચંદ જીવાભાઈ

અરજણ સુખ
૧ શા. કાળા રૂપશી

આંબા
૧ શા અમુલખ ત્રીકમજી મહાજન સમસ્ત

આરંભડા
૧ ગાંધી મોનજી ધનજી

ઉમતા
૧ શા વાડીલાલ હેમચંદ
૧ દોશી ફતેચંદ મોતીચંદ

ઉદેપુર
૨ શા રોશનલાલજી ચુત્ર
૧ શા નારસંગજી તલેસરા
૧ શા ફતેલાલજી ધુપ્યા
૧ શા સામંતમલજી દુગડ
૧ શા કેસરીચંદજી વનોરયા
૧ શા સાહેબલાલજી સીરોયા
૧ શા [illegible] મહેતા

[illegible] રાજપુર
૧ શા જેઠા[illegible]ચંદ

આકોલા
૧ શા બાંકુચંદ દલુચંદ

ઓઢણ
૧ શા વીરચંદ મોતીચંદ

અચ્છારી
૧ શા. દલીચંદ સંતોકજી

ઉસમાનાબાદ
૧ ગાંધી હીરાચંદ અમીચંદ

અનવરપુર
૧ રાવબહાદુર જવાહરલાલ જૈની

આગ્રા—બેલનગંજ
૧ લક્ષ્મીચંદજી જૈન લાઈબ્રેરી

એકલારૂ
૨ શા. નાનચંદ નાહાલચંદ
૧ શા. નાથાભાઈ કરમચંદ
૧ શા. ધરમચંદ જોઈતા

કલકતા
૫ બાબુ સુમેરમલજી સુરાણા
૧ દોશી નરભેરામ જીવન
૧ શ્રાવક રાયચંદ નારણજી
૧ શા. ભીલાધર હીરાચંદ
૧ શા. ત્રિભુવન ઈંદરજી
૧ દોશી ઈંદરજી લાલજી
૧ શા નેમીદાસ નાનજી
૧ કોઠારી હીરાચંદ કાનજી
૧ બાબુ હનુમાનસીંહજી લક્ષ્મીચંદજી
૧ સંઘવી મોતીચંદજી વીરચંદ

કુંડલા
૧ સંઘવી હંસરાજ મેઘજી
૧ સંઘવી કાળા મેઘજી
૧ સંઘવી જેઠાભાઈ દેવચંદ

કવેઠા
૧ જેઠાલાલ એન્ડ બ્રધર્સ

કાલંદ્રી
૧ મુની મોહન વિજયજી

કંથારીયા
૧ શ્રી નાનચંદજી જૈન લાયબ્રેરી

ખંડાલા
૧ શા. દેવચંદ લાલચંદ

ખાખરા
૧ શેઠ મકનજી ઝવેરચંદ

ખેરવા
૧ શા પુંજાભાઈ માનચંદ

ખારચીયા
૧ કોરડીયા શામજી દેવચંદ

૧ શેઠ તારાચંદ શામજી
૧ શા દેવજી વાલજી
૧ શા નાગજી દેવચંદ

ખાવડી

૧ શેઠ કલ્યાણજી તેજપાળ
૧ શેઠ નરશી પાસુ
૧ શા. પદમશી માણેકજી
૧ શા પુનશી મેઘજી વીરધીર
૧ શા હાકેમચંદ મથુરાદાસ

ખાખરેચી

૧ શંઘવી લાડકચંદ ચત્રભુજ

ખંડવા

૧ શા હરખચંદ ચુનીલાલ

ખારચીયા

૧ વોરા હરખચંદ સોમજી
૧ દોશી માધવજી રૂગનાથ

ગલથ

૧ ભાયાણી ગુલાબચંદ પાનાચંદ

ગાધકડા

૧ જૈન લાયબ્રેરી હા. વીરચંદ અમરશી

ગારીયાધાર

૧ શા આણંદજી ગોવિંદજી
૧ શા છોટાલાલ મગનલાલ

ગુંદા

૧ માઉ સુંદરજી પ્રેમજી હા. લક્ષ્મીચંદ સુંદરજી

ચારણીયા—વડીયા

૧ કામદાર લાલજી ગોપાળજી

ચેલા

૧ જૈન ઉપાશ્રય હા. હીરાચંદ પ્રેમચંદ

ચીતળ

૧ વીસાશ્રીમાળી શંઘ સમસ્ત હા. મુ જેઠા માવજી

છાણી

૧ શા સાકરચંદ દલપત
૧ શા કેશવલાલ હરગોવિંદ
૧ શા નગીનદાસ બાપુલાલ
૧ શા જીવચંદ ભોગીલાલ
૧ શા ત્રિભુવન રણછોડ
૧ શા સાકરચંદ લક્ષ્મીચંદ
૧ શા શીવલાલ ભગવાન
૧ શા મગનલાલ હીમચંદ
૧ શા લાલચંદ મોહોલાલ
૧ શા કેશવલાલ ગરબડદાસ

છાડવડી

૧ શા જીવા જાદવજી
૧ શા રૂગનાથ કુરજી
૧ શેઠ વાલજી કલ્યાણજી
૧ શા મીઠા પ્રેમજી

છોટીસાદરી

૧ શેઠ ચંદનમલનાગોરી

જયપુર

૩ શેઠ ગુલાબચંદજી ચિંતામણદાસ

જુનાગઢ

૨ જુનાગઢ જૈનશાળા હસ્તે ઓધવજીભાઇ
૧ શેઠ હરખચંદ જેચંદ
૧ શેઠ વીરચંદ જેચંદ
૨ શેઠ નથુભાઇ લક્ષ્મીચંદ
૧ શેઠ લવચંદ કરશન
૧ દડીયા પરમાણંદ હીરજી
૧ શા માણેકચંદ હંસરાજ
૧ શા મોહનલાલ અમીચંદ
૧ દડીયા મુલચંદ હીરજી
૧ જેસર મણીલાલ મનસુખરામ
૧ શા કચરા જીવણ
૨ શેઠ જગજીવન વેલજી
૩ શા ત્રીભોવનદાસ મોત
૧ પટવા ખુશાલ આણંદજી
૧ ડાકટર આણંદલાલ ગીરધરલાલ
૧ રા. મલાલચંદભાઇ જામનગરવાલા
૧ પટવા હીરાચંદ કલ્યાણજી
૧ શા ભગવાનદાસ મનોરદાસ
૧ શા મોહનલાલ અમુલખ
૧ શા આતમચંદ દામોદર
૧ રા. ડાહ્યાલાલ હરખચંદ
૨ શેઠ ઝવેરચંદ પુરૂષોતમ

૧ રા. પ્રેમચંદભાઇ વહીવટદાર

જેતપુર

૧ તપગચ્છ જૈનશાળા લાયબ્રેરી હા. ભીમજી પ્રાગજી

જાવરા

૧ મીસરીમલ કર્નાવટ

જામનગર

૧ શેઠ લાલજી રામજી

૨ મેતા વસરામ હીરાચંદ

૧ શ્રાવિકા દીવાલીબાઇ સુંદરજી

૧ શેઠ ગોવીંદજી ડોસાભાઇ

૧ શા નથુ ઝવેરચંદ

જાસકા

૧ મુનિ હીરવીજયજી

ટીકર

૧ મેતા મણીલાલ વખતચંદ

તોરી

૧ ભગવાનજી વનમાલી

તાસગામ

૧ શા કેશવલાલ ઉમેદ

થાણાગાલોળ

૧ શા ભગવાનજી ઝવેરચંદ

દેવગામ

૧ સંઘ સમસ્ત હા. મેતા મેઘજી શામજી

દેણપ

૧ શા. ાતરામ દેવચંદ

રાપરા

૧ ગાંધી કાલીદાસ

દાવનગીરી

૧ શા જેતસી રાજપાલ

દીલ્હી

૧ શ્રી સૌધર્મ લાયબ્રેરી

દેવસ્થરટા

૧ શા કેવલચંદ મોતીચંદ વહાલચંદ

ધારગણી

૧ શેઠ દામજી ભીમજી

ધોરાજી

૧ વકીલ મોહનલાલ નાગજી ચીનાઇ

૧ બખાય ભગવાનજી રવજી

૧ ધોરાજી જૈન કન્યાશાળાના શીક્ષક બાઇ કંકુ

નવાગામ

૧ શ્વેતાંબરી સંઘ હા. ચોવટીયા પાંચા તથા કાલા

પ્રભાસપાટણ

૧ શા નેમચંદ ગોવીંદજી

૧ શા હીરજી નાગજી

પાટણવાવ

૧ સંઘ સમસ્ત હા વાસણજી દામોદર

પાલનપુર

૫ રા. બાલુભાઇ લવજી

૧ જૈન વિદ્યોતેજક સભા

૧ પરેખ પ્રેમચંદ કેવલચંદ

પાટણ—ગુજરાત

૨ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જૈન સભા હ. શા. મયાચંદ ગુલાબચંદ

૧ શેઠ ચુનીલાલ સાકળચંદ જૈનશાળા

પાલી

૭ શા નવલચંદ સુવાસચંદ

પીંપલવંડી

૧ શા પરષોતમદાસ જયચંદ

પુના

૧ શા રતનચંદ કૃષ્ણાજી

૧ શા કૃષ્ણાજી વાલાજી

૧ શા ખેમચંદ રૂપાજી

૧ શા ભગવાનજી વાલાજી

૧ શા દેવચંદ હરખચંદ

૧ શા મોહનલાલ શોભાગ્યચંદ

૧ રા. શીવરામ કસ્તુરચંદ

૧ શા નેમચંદ વેણીચંદ

૧ મોદી પાનાચંદ દલછારામ

૧ શા માણેકચંદ કરમચંદ

૧ શા ગંગારામ સરૂપચંદ

પડાણા

૧ વોરા ગોપાળજી ચત્રભુજ

૧ શા પોપટલાલ ધરમશી

૧ રાણા સુરસીંહજી અદાભાઇ મહાલકારી

પોરબંદર

૪ ભણશાળી મેઘજી ચાંપશી

૧ ઝવેરભાઇ હરજીવન યુનિયન જૈનશાળા

૧ શા ધારશી મુળજી

૧ શા કેશવજી નેમચંદ

પ્રોમ

૨ શા માનશંગ કચરા

પાલડી મોટી

૧ મુનિ જયવિજયજી

બગસરા

૧ દોશી કરશનજી હેમચંદ

૧ વોરા વીરચંદ સુંદરજી

૧ શા મુલચંદ વીરચંદ

૧ દોશી ચત્રભુજ નરશી

૧ શા પોપટલાલ ઝવેરીલાલ

૧ શા કેસરીસંગ જેશંગલાલ

બામણીયા

૧ પટેલ ધનજી હીરજી

બીલીમોરા

૨ શેઠ લલુભાઇ કેશરીચંદ

બીકાનેર

૧ ભટારક દેવચંદ્રજી સુરીશ્વર

બીયાવર

૧ મહારાજ શ્રી હેમ મુનિ

ભમોદરા

૧ શેઠ આણંદજી ખુશાલ

ભાડેર

૧ દોશી કાળા લાધા

૧ ,, રામજી તથા રણછોડ

ભાણવડ

૧ શા. ગોકળચંદ ગોરધન

૧ શેઠ પ્રેમચંદ કચરાણી

૧ જૈન પાઠશાળા

૧ શા. મુળચંદ ભીમજી

૧ શા. હીરજી લાધા

૧ ઠકર નરશી જીણાભાઇ

૧ ઠકર કલ્યાણજી કાળીદાસ

૧ સોની ભાણજી મુળજી

૧ સોની સુંદરજી ભીમજી

ભેંસવડી

૧ મેતા પ્રાગજી મેઘજી

ભેંસાણ

૨ રા. સુખલલાલ કેવળદાસ વહીવટદાર

૧ શેઠ ઠ.કરશી તથા વકીલ પ્રાગજીભાઇ

૧ શા. રૂગનાથ તથા રૂપાણી અજરામર

૧ વકીલ જગજીવન પ્રેમજી

૧ રા. છોટાલાલ જીવણજી બી. એ. એલ. એલ. બી. મુનસફ

મોલગામડા

૧ વોરા ડાયાભાઇ ભીમજી

મોળાદ

૧ શા. ભુરાભાઇ લલુભાઇ

મઘરવાડ

૨ શા. જીવણ તુલસી

મજેવડી

૧ શેઠ મનજી ધરમશી

મહુવા

૧ જૈન દેરાસર જ્ઞાનભંડાર હા. શેઠ ગાંડાલાલ આણંદજી

૧ મેતા પરભુદાશ જેઠા

મંચર

૧ શા. છગનલાલ ધરમચંદ

માવજીંજવા

૩ વોરા દેવચંદ રામજી

૧ વોરા વીઠલ ડુંગરશી

માટે

૧ મુનિ મોહન વિજયજી

માંગરોળ

૧૨૫ શેઠ મકનજી કાનજી તે મુનીમહારાજ વિનય વિજયજી મારફત જ્ઞાન ખાતે વાપરવા

૨૫ શેઠ મકનજી કાનજી

૧૫ શેઠ મોરારજી ખીમજી

૧૧ શેઠ દેવીદાસ ફુલચંદ કચરા

૧૧ શેઠ મોતીચંદ દેવચંદ

૫ શેઠ છોટાલાલ પ્રેમજી
૫ શા. મોતીચંદ પરશોતમ
૫ શા. ઝવેરચંદ પરમાણંદ
૨ શા. છોટાલાલ અંદરજી
૨ પારેખ ઝવેરચંદ નાનજી
૨ પારેખ પાનચંદ નાનજી
૨ શેઠ લીલાધર પ્રેમજી
૨ શ્રી આત્મારામજી પાઠશાળા
૧ શા. હરીદાસ વીરજી
૧ શેઠ વનમાલાલ લીલાધર
૧ શા પરશોતમ લલુભાઈ મહેતાજી
૧ શા. દેવીદાસ મોનજી
૧ શેઠ સવચંદ જુઠા
૧ શા. જીવરાજ કચરા
૧ શા. કાળીદાસ વસનજી અખાઈ
૧ શા. ધારશી ગોવીંદજી
૧ શા. કચરા હરખચંદ
૧ શા રામજી ભગવાનદાસ
૧ શા. કચરા વાલજી
૧ શા. કલ્યાણજી રામજી
૧ શા. દુર્લભદાસ કાળીદાસ માસ્તર
૧ શા. મોતીચંદ શેશકરણ
૧ શા. ચત્રભજ ગોરધન
૧ શા. મોરારજી દયાળ
૧ શેઠ ભગવાનદાસ જેઠાભાઈ
૧ સુખડીયા મોરારજી જાદવજી
૧ સુખડીયા મોતીચંદ દેવજી
૧ પારેખ રૂપજી લીલાધર
૧ શા. [illegible]ાલ શેશકરણ
૧ શા[illegible] હરીદાસ
૧ શા[illegible]નારણ
૧ શા. વલભજી નથુ
૧ શા. ત્રીકમલાલ હેમચંદ-હાલ શીલ
૧ મોતીવાલા શેઠ પ્રેમજી કાનજી
૧ શા અમરચંદ કાનજી
૭ શેઠ ધરમશી ગોવીંદજી
~~૧ શેઠ કલ્યાણજી નેમચંદ~~
૧ બાઈ પારવતી તે મદનજી હરખચંદનાં વીધવા
૧ બાઈ રતન તે શા જાદવજી સુંદરજીની વીધવા
૧ બાઈ મણી શેઠ ભગવાનદાસ માણેકની પુત્રી

૧ બાઈ અવલ તે શા અંદરજી રણછોડની વીધવા
૧ બાઈ પ્રભાવતી વનરાવન હેમચંદ
૧ બાઈ સુંદર મુલજી રામજી
૧ બાઈ દેવકોર બાઈ
૧ બાઈ રૂપ નથુ વસનજીની વીધવા
૧ બાઈ ઝવેર નથુ કાનજીની વીધવા
૧ બાઈ માનકોર હરીદાસ રણછોડની વીધવા
૧ બાઈ દુધી પ્રેમજી જેઠા
૧ બાઈ જીકોર તારાચંદ વીરજીની વીધવા
૧ બાઈ કુંવર કપુરચંદ દીપચંદની વીધવા
૧ સૌભાગ્યવંતા બેન જડાવ કેશવજી દેવજી
૧ બેન મંજુલા શેઠ છોટાલાલ પ્રેમજીની દીકરી
૧ બાઈ રાજકોર સોભાગચંદ ગોતમચંદની વીધવા
૧ બાઈ કસ્તુર ત્રીભુવન અંદરજીની વીધવા
૧ બાઈ હેમકોર ઝવેરચંદ સુંદરજીની વીધવા
૧ બાઈ માણેક કલ્યાણજી જેઠાની વીધવા
૧ બાઈ હેમકોર પુંજા આણંદજીની વીધવા
૫ બાઈ કુંવરજી વનરાવન હેમચંદની વીધવા

મુંબઈ

૧ ભણશાલી પ્રેમજી ધરમશી શેશકરણ
૧ શા હેમરાજ મેઘજી
૧ શા ખુશાલ વીરજી

માંડવી

૧ પાટલીયા જાદવજી વેલજી
૧ જુની ધર્મશાળા માટે હા પાટલીયા જાદવજી વેલજી
૧ શા પરશોતમ અમરશી

માસરરોડ

૧ મુનિ કમળવિજયજી

મોટીમારડ

૧ શા ભુરા વેલજી
૧ તપગચ્છ સંઘ સમસ્ત

રાજકોટ

૧ રા૦ મોહનલાલ સાકલચંદ ફોજદાર

રાણપુર

૧ તપગચ્છ સંઘ હ. વશરામ રાયચંદ

રાપુરર

૧ શા મેઘજી અંદરજી

લલીપુર

૧ વોરા લાલજી કલ્યાણજી

લાલપુર

૧ જૈનશાળા હા. શા. શવજી કચરા

લાખાવદર

૧ પટેલ નારણ કાળા

લોણંદ

૧ શા કેશવલાલ નેમચંદ

લખનૌ

૧ શા ત્રીભુવનદાસ અમુલખ

વડોદરા

૨ શા. મોતીલાલ વીરચંદ

વાંકાનેર

૧ જૈનશાળા

વડનગર

૧ શા હરગોવીંદદાસ વીરચંદ
૧ શા નરોતમ લખમીચંદ
૧ શા અંબાલાલ લલુ
૧ શા હકમચંદ હાથી

વડાળ

૧ મેતા મોનજી ચત્રભુજ

વંથલી–સોરઠ

૨ જૈન વિદ્યાશાળા
૧ શ્રીમચ્ચારિત્રવિજયજી લાયબ્રેરી

વાગુદડ

૧ દોશી દેવચંદ માધવજી

વાડોદર

૩ દોશી ભાણજી કાળા

વીસાવદર

૧ શા ગોપાલજી ત્રીભોવન

વેરાવલ

૪ શેઠ કલ્યાણજી ખુશાલ
૧ શા૦ દેવચંદ કલ્યાણજી
૧ શા લાલજી દયાલ
૧ શા વલ્લભજી તારાચંદ
૧ શા. જમનાદાસ હરીદાસ
૧ શા. દેવીદાસ પરશોતમ
૧ શ્રી જૈન જ્ઞાન વર્ધકશાળા હ. ખુશાલ કરમચંદ

વડુ

૧ જ્ઞાનશાળા હ. દલસુખ ચીકાભાઈ

વલસાડ

૧ સોલંકી રાયચંદ નથુજી

વઢવાણ કાંપ

૧ શા અમીચંદ જીવણભાઈ

વઢાલી

૧ શા લલુભાઈ ગુલાબચંદ

વાવડી

૧ શા ચુનીલાલ હરીચંદ

વંથલી–હાલાર

૧ વોરા રૂપચંદ માણેકચંદ

શાહપુર

૧ શા. ત્રીભોવનદાસ ઉમેદરામ

શીવા

૧ શેઠ હીરા નાગજી

શાખપર

૧ શા ખેતસી મકનજી

સમઢીયાલા

૧ શા મોકલ ભવાનીશંકર
૧ શા રૂપચંદ પાનાચંદ

સાદરી

૧ જૈનસંઘ પાઠશાળા હ. ગંગારામ હંસરાજ

સાણંદ

૧ મુની મહારાજશ્રી હંસવિજયજી હા. ચતુરભાઈ કરશન

સીરપુ[illegible]

૧ ન્યાયરત્ન મુની શાંતીવિજય[illegible]

હડપસર

૧ શા ડાહ્યાલાલ વીરચંદ

હાલાનવા

૧ જૈન પાઠશાળા વૃદ્ધીચંદ રામચંદ

આનંદ પ્રીન્ટિંગ પ્રેસ.

એ

એકજ એવું પ્રેસ છે કે જેણે દશ વર્ષમાં પોતાના કાર્યથી છપાવનારને એક સરખો સંતોષ આપેલ છે. આ પ્રેસ તદન સુધરેલી ઢબની નવી મશીનરીથી મોટા વીસ્તારમાં ઉભું કરવામાં આવેલ છે. અને જ્વાબદાર માણસોથી કામ ચાલી રહ્યું છે, જેથી સંખ્યાબંધ ગ્રંથો તથા પોથીઓ છપાય છે. વળી તેમાં:— —

અંગ્રેજી—ગુજરાતી—હીંદી

એ

ત્રણે પ્રકારની લીપીનાં—અને વળી.

બુક વર્ક—જોબ વર્ક—ફોર્મો—કંકોત્રી—હુંડી—ચેક વગેરે હરેક જાતનાં એક રંગમાં અને ઘણા રંગમાં છપાય છે.

ફોટાનું કામ પણ થાય છે.

છાપવાને માટે જોઇતા રફ ગ્લેઝ ૩૨ રતલથી છેક ૮૦ રતલ સુધીના ડેમી—રોયલ—સુપરરોયલ—ક્રાઉન—ફુલેસ—ડબલફુલેસ—રંગીન વિવિધ ફેશનના—કાર્ડબોર્ડ—આર્ટ પેપર—કલરીંગ સ્ટ્રોબોર્ડ વગેરે હરેક જાતનાં કાગળો પ્રેસમાંજ મળે છે.

બાઇન્ડીંગ વર્ક.

પાકું—કાચું ઇમ્બોઝીંગ—ગીલ્ટીંગ અને પોર્ટેટ ફેશનનું હરેક થાય છે. અને તે માટેના સ્ટ્રો બોર્ડ—કપડાં—સોનેરી, રૂપેરી, અને રંગ બે રંગી સીંગલ ડબલ, પ્લાન, અને માર્બલ, બોડી પેપર એ સર્વે પ્રેસમાંજ રાખેલ છે. લખો—

શેઠ દેવચંદ અને ગુલાબચંદની કું૦

માલેક અને મેનેજર આનંદ પ્રેસ—ભાવનગર

જૈન જનરલ બુકડેપો.

જૈન ભાઇઓને પોતાના ખાનગી વાંચન માટે તેમજ જૈન લાયબ્રેરીઓ માટે તેમ[illegible]લ્હાણી—પ્રભાવના કરવા માટે જુદે જુદે સ્થળેથી પુસ્તકો મંગાવવાં પડતાં હોવ[illegible]વધવા સાથે વખત જવા છતાં પુરતી સગવડ થતી નથી. તેથી અમે અત્રે [illegible]નરલ બુકડેપો ખોલી છે તેમાં કોઈપણ સંસ્થા—મંડળ—સભા કે વ્યક્તિ તરફથી છપાએલ જૈન ધર્મને લગતું કોઇપણ પુસ્તક મળી શકશે.

અમારી ડેપોમાં પર્યુષણની હરેક જાતની કંકોત્રીઓ તથા દીવાળીના હરેક જાતના ફેશનેબલ મુબારક પત્રો પણ મળે છે.

જૈન તિર્થો—મુનિવર્યો—જૈન ગ્રહસ્થો વગેરે હરેક પ્રકારના ફોટા—નકશા અને ચિત્રો પણ રાખવામાં આવે છે.

પત્ર વ્યવહાર,

મેનેજર જૈન જનરલ બુકડેપો

ઠે. આનંદપ્રેસ—**ભાવનગર.**

જૈન.

જૈન પ્રજા માટે આ એકજ તેર વર્ષનું જુનું જાણીતું અને સ્વતંત્ર પત્ર છે, તે દર રવિવારે સવારમાં પ્રગટ થાય છે.

આ પત્રની મુખ્ય ઓફીસ ભાવનગરમાં છે જ્યારે મુંબઇમાં બ્રાંચ છે, અને અમદાવાદ તથા કલકત્તામાં એજન્સી છે. જૈન પત્રમાં અંગ્રેજી ગુજરાતી અને હીંદી લેખો આવે છે. નમુનો મફત મળે છે, ગમે ત્યારે ગ્રાહક થવાય છે.

જૈન પત્રની ભેટો.

ધર્મબિન્દુ
શ્રીપાળ
શ્રાધવિધિ
અર્હન્નતિ
શત્રુંજય મહાત્મ્ય
હરીવિક્રમ ચરિત્ર
શ્રીનોસાથી
પ્રદ્યુમ્ન ચરિત્ર
ગિરનાર મહાત્મ્ય
દિલ્હી દરબાર
દરેક કોન્ફરન્સના રીપોર્ટો
જૈન ચિત્રમાળા
રત્નમાળા
યાત્રા વર્ણન
વ્યાખ્યાનસંગ્રહ
જૈન દર્શન
તિર્થંકર ચરિત્ર
ધર્મ દેશના
વગેરે વગેરે

તેમાં આવતા વિષયો.

સ્વતંત્ર લીડીંગ
વર્ત્તમાન નોંધો
જૈન સમાચાર
મુનિ વિચાર
જૈન જીવન ચરિત્રો
હાસ્ય વિનોદ
વેપારી વિષયો
જૈન તિર્થની મુસાફરી
જૈન સંસ્થાના ઇતિહાસ
નીતિના વિષયો
વર્ત્તમાન ચર્ચા
વર્ત્તમાન સમાચાર
સંસારી નવલ કથા
વિવિધ પ્રશ્ન–સમાધાન
વગેરે વગેરે

અપ ટૂ ડેઇટ તાજા ખબરો આવે છે

વર્ષના રૂ. ૩-૦-૦ લખો :—અધિપતિ "જૈન"—ભાવનગર.